# નિયમસાર સાધના

## ભાગ - ૨

પૂ. ગુરુદેવશ્રી દ્વારા નિયમસાર શાસ્ત્ર પર (૧૯૭૧-૭૩)માં થયેલાં પ્રવચનોનું અક્ષરશ: શાસ્ત્ર



શ્રી સીમંધરસ્વામી



શ્રી કુંદકુંદઆચાર્યદેવ



શ્રી પદ્મપ્રભમલધારિદેવ



પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામી

## અધિકાર

જીવ | અજીવ | શુદ્ધભાવ | વ્યવહારચારિત્ર | પરમાર્થ-પ્રતિક્રમણ | નિશ્ચય-પ્રત્યાખ્યાન | પરમ-આલોચના

શુદ્ધનિશ્ચય -પ્રાયશ્ચિત | પરમ- સમાધિ | પરમ-ભક્તિ | નિશ્ચય-પરમાવશ્યક | શુદ્ધોપયોગ

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# નિયમસાર સાધના
# ભાગ-૨

( શ્રીમદ્ કુંદકુંદાચાર્યવર પ્રણીત શ્રી નિયમસાર
ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૭૧-૭૩ની સાલના પ્રવચન )


પ્રકાશક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

મુંબઈ

| વિક્રમ સંવત | વીર સંવત | ઈ. સન |
|---|---|---|
| ૨૦૮૦ | ૨૫૫૦ | ૨૦૨૪ |

: પ્રકાશન પ્રસંગ :
અષાઢ સુદ ૧૫, ૨૧-૦૭-૨૦૨૪;
૮મા નંદીશ્વર દ્વીપમાં આવેલ શાશ્વત જિનપ્રતિમાના પૂજનના
શાશ્વત પર્વ શ્રી અષ્ટાન્હિકા પર્વની પૂર્ણતા
(અષાઢ માસની અષ્ટાન્હિકા)

**પ્રાપ્તિ સ્થાન**
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ, સૌરાષ્ટ્ર-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન (૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com,
email : info@vitragvani.com

ટાઈપ સેટીંગ
નિજેશ જૈન
મો. : ૯૬૬૨૫૭૫૩૮૭



# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ સીમંધરભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે. તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પવિત્ર પરિણતિના ધારક તો હતા જ; પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધરભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતા–કરતા તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી. જેમાં શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવતત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે. તથા ''શ્રી અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે એની દૃઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરુપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવા યોગ્ય હોય તે અર્થાત્ રત્નત્રય. ''નિયમસાર'' એટલે નિયમનો સાર અર્થાત્ શુદ્ધ રત્નત્રય. આ શુદ્ધ રત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે. તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિક ભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અનાદિ કાળથી અનંત અનંત દુઃખને અનુભવતા જીવે એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં (દ્રવ્યલિંગી મુનિનાં વ્યવહાર-રત્નત્રય સુદ્ધાં) સર્વથા વ્યર્થ ગયા છે. માટે આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ પર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ શ્રી વીરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે અને વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારિદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતાં કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમ પારિણામિક ભાવની ખૂબ મહિમા ગાઈ છે. આખી ટીકા જાણે કે પરમ પારિણામિક ભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે. સંસાર દાવાનળ સમાન છે અને સિદ્ધદશા તથા મુનિદશા પરમ સહજાનંદમય છે--એવા ભાવનું એકધારું વાતાવરણ આખી ટીકામાં બ્રહ્મનિષ્ઠ મુનિવરે અલૌકિક રીતે સર્જ્યું છે અને સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે મુનિઓની વ્રત, નિયમ, તપ, બ્રહ્મચર્ય, ત્યાગ, પરિષહજય ઇત્યાદિરૂપે કોઈ પણ પરિણતિ હઠપૂર્વક, ખેદયુક્ત, કષ્ટજનક કે નરકાદિના ભયમૂલક હોતી નથી પણ અંતરંગ આત્મિક વેદનથી થતી પરમ પરિતૃપ્તિને લીધે સહજાનંદમય હોય છે.

શ્રી નિયમસારમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે ૧૮૭ ગાથાઓ પ્રાકૃતમાં રચી છે. તેના પર શ્રી પદ્મપ્રભમલધારિદેવે તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખી છે. બ્રહ્મચારી શ્રી શીતલપ્રસાદજીએ મૂળ ગાથાઓનો તથા ટીકાનો હિંદી અનુવાદ કર્યો છે. પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા આ શાસ્ત્રનો ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા આ નિયમસારની મૂળ ગાથાઓ, તેનો ગુજરાતી પદ્યાનુવાદ, સંસ્કૃત ટીકા અને તે ગાથા – ટીકાનો અક્ષરશઃ ગુજરાતી અનુવાદ પ્રગટ કરવામાં આવેલ છે. આ શાસ્ત્રજીમાં પ્રતિપાદિત વિષયવસ્તુને નીચે મુજબના બાર અધિકારોમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે.

(૧) જીવ અધિકાર, (૨) અજીવ અધિકાર, (૩) શુદ્ધભાવ અધિકાર, (૪) વ્યવહાર ચારિત્ર અધિકાર, (૫) પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર, (૬) નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર, (૭) પરમ આલોચના અધિકાર, (૮) શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર, (૯) પરમ સમાધિ અધિકાર, (૧૦) પરમ ભક્તિ અધિકાર, (૧૧) નિશ્ચય પરમ આવશ્યક અધિકાર, (૧૨) શુદ્ધોપયોગ અધિકાર.

આ નિયમસાર ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને અત્યંત પ્રિય હતો. આચાર્યદેવે નિજભાવના નિમિત્તે રચના કરેલ હોવાથી કારણપરમાત્માને ખૂબ જ ઘૂંટ્યો છે, જે ગુરુદેવશ્રી પોતાના આચાર્ય ગુરુવરની ઉત્કૃષ્ટ સાધના યાદ કરાવતું. તેમને તેની ઉપર ખૂબ જ ઊંડાણથી સ્વાધ્યાય કર્યો હતો અને જાહેરમાં ઘણીવાર તેની ઉપર પ્રવચન પણ કર્યા હતા. આ પ્રવચનોમાંથી આપણી પાસે છ વખતના પ્રવચન આખા ઉપલબ્ધ છે. અત્રે પ્રસ્તુત પ્રવચન તેમાંથી એક વારના પ્રવચનો છે, જે વી. સં. ૨૪૯૭ થી ૨૪૯૯ (ઈ. સ. ૧૯૭૧-૭૩) વર્ષ દરમ્યાનના નિયમસાર શાસ્ત્ર પરના ૨૧૫ પ્રવચનો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને નિરંતર એવી ભાવના રહેતી કે મુમુક્ષુઓ નીતરતા સતધર્મનું શ્રવણ કરી અને નિજ કલ્યાણના માર્ગમાં આગળ વધે. આ જ ઉત્કૃષ્ટભાવનાથી આવાં ગહન શાસ્ત્ર કે જે કુંદકુંદાચાર્યદેવે નિજ ભાવના અર્થે રચ્યું છે, તેને પૂજ્યશ્રીએ છ-છ વાર જાહેર સભામાં લીધું હતું. આ ગહન પ્રવચનો અત્રે અક્ષરશઃ શાસ્ત્રરૂપે પ્રસ્તુત કરવામાં આવે છે. આ રીતે આ શાસ્ત્ર ખરેખર પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રભાવનાનું જ ફળ છે. અધ્યાત્મનું ઊંડું રહસ્ય સમજાવીને પૂજ્ય ગુરુદેવશ્રીએ જે અપાર ઉપકાર કર્યો છે તેનું વર્ણન વાણીથી વ્યક્ત કરવામાં અમો અસમર્થ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબસાઈટ (www.vitragvani.com), એપ (Vitragvani App) તથા સોશ્યલ મીડિયા (www.youtube.com/c/vitragvani) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે, કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે નિયમસાર શાસ્ત્ર ઉપરના ૧૯૭૧-૭૩માં થયેલ ૨૧૫ પ્રવચનો અત્રે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. તેમાંથી નિયમસાર સાધના ભાગ-૨માં અત્રે (૩) શુદ્ધભાવ અધિકાર, (૪) વ્યવહાર ચારિત્ર અધિકાર અને (૫) પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર પરના સળંગ ૩૭ પ્રવચનો પ્રસ્તુત કરતાં હર્ષની લાગણી અનુભવી રહ્યા છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરતધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્ય રચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય શ્રી નિજેશ જૈન, સોનગઢ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી દિનેશભાઈ શાહ, વિલે પાર્લા, શ્રી અતુલભાઈ જૈન, મલાડ અને શ્રીમતી આરતીબેન જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે.

જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો (www.vitragvani.com અને Vitragvani App) ઉપર ઉપલબ્ધ છે.

પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્દ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને સાદર સમર્પિત કરીએ છીએ. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઇતિ શિવમ્.

ટ્રસ્ટીગણ,
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ




કળિકાળસર્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્યદેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદગુરુદેવ
# શ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ''ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં રુંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે. વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : ''શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...''

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં

સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ''જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : ''શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ''સ્ટાર ઓફ ઇન્ડિયા નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : ''હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

''સ્ટાર ઓફ ઇન્ડિયા''માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન ''શ્રી જૈન સ્વાધ્યાય મંદિર''નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું.

આ ''સ્વાધ્યાય મંદિર'' જીવન-પર્યન્ત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદ્રષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી ''આત્મધર્મ'' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ ''આત્મધર્મ'' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું ''શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ'' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તકરૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઇ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત

દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઇ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઇ. સ. ૧૯૪૧ થી ઇ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ (ગુજરાત) ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર ''અભિનંદન ગ્રંથ'' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૯ અને ઇ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ સાતમ, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં

એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરુપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છેઃ

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ - ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસનસ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો.

# અનુક્રમણિકા


| પ્ર. ક્રમાંક | તારીખ | તિથિ | વાર | ગાથા | શ્લોક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|---|---|---|
| (૩) શુદ્ધભાવ અધિકાર | | | | | | |
| ૩૦ | ૨૦-૦૧-૧૯૭૨ | મહા સુદ ૪ | ગુરુવાર | ૩૮ | - | ૧-૧૦ |
| ૩૧ | ૨૧-૦૧-૧૯૭૨ | મહા સુદ ૬ | શુક્રવાર | ૩૮ | - | ૧૧-૨૨ |
| ૩૨ | ૨૨-૦૧-૧૯૭૨ | મહા સુદ ૭ | શનિવાર | ૩૮-૩૯ | ૫૪ | ૨૩-૩૩ |
| ૩૩ | ૨૩-૦૧-૧૯૭૨ | મહા સુદ ૮ | રવિવાર | ૪૦ | ૫૫ | ૩૪-૪૫ |
| ૩૪ | ૨૪-૦૧-૧૯૭૨ | મહા સુદ ૯ | સોમવાર | ૪૦ | ૫૬ | ૪૬-૫૭ |
| ૩૫ | ૨૬-૦૧-૧૯૭૨ | મહા સુદ ૧૧ | બુધવાર | ૪૧ | ૫૭ | ૫૮-૭૦ |
| ૩૬ | ૨૭-૦૧-૧૯૭૨ | મહા સુદ ૧૨ | ગુરુવાર | ૪૧ | ૫૮-૫૯ | ૭૧-૮૧ |
| ૩૭ | ૨૮-૦૧-૧૯૭૨ | મહા સુદ ૧૩ | શુક્રવાર | ૪૨ | - | ૮૨-૯૨ |
| ૩૮ | ૨૯-૦૧-૧૯૭૨ | મહા સુદ ૧૪ | શનિવાર | ૪૩ | ૬૦-૬૧ | ૯૩-૧૦૩ |
| ૩૯ | ૩૦-૦૧-૧૯૭૨ | મહા સુદ ૧૫ | રવિવાર | ૪૩ | ૬૨ | ૧૦૪-૧૧૫ |
| ૪૦ | ૦૧-૦૨-૧૯૭૨ | મહા વદ ૨ | મંગળવાર | - | ૬૩-૬૫ | ૧૧૬-૧૨૫ |
| ૪૧ | ૦૩-૦૨-૧૯૭૨ | મહા વદ ૪ | ગુરુવાર | ૪૪ | ૬૬-૬૮ | ૧૨૬-૧૩૫ |
| ૪૨ | ૦૬-૦૨-૧૯૭૨ | મહા વદ ૭ | રવિવાર | ૪૪ | - | ૧૩૬-૧૪૬ |
| ૪૩ | ૦૮-૦૨-૧૯૭૨ | મહા વદ ૯ | મંગળવાર | ૪૫-૪૬ | ૬૯-૭૦ | ૧૪૭-૧૫૯ |
| ૪૪ | ૦૯-૦૨-૧૯૭૨ | મહા વદ ૧૦ | બુધવાર | ૪૭-૪૮ | ૭૧ | ૧૬૦-૧૭૦ |
| ૪૫ | ૧૦-૦૨-૧૯૭૨ | મહા વદ ૧૧ | ગુરુવાર | ૪૯-૫૦ | ૭૨-૭૩ | ૧૭૧-૧૭૪ |
| ૪૬ | ૧૧-૦૨-૧૯૭૨ | મહા વદ ૧૨ | શુક્રવાર | ૫૦ | ૭૪ | ૧૭૫-૧૮૫ |
| ૪૭ | ૧૫-૦૬-૧૯૭૨ | જ્યેષ્ઠ સુદ ૪ | ગુરુવાર | ૫૦ | - | ૧૮૬-૧૯૫ |
| ૪૮ | ૧૬-૦૬-૧૯૭૨ | જ્યેષ્ઠ સુદ ૫ | શુક્રવાર | ૫૦-૫૫ | ૭૪ | ૧૯૬-૨૦૬ |
| ૪૯ | ૧૮-૦૬-૧૯૭૨ | જ્યેષ્ઠ સુદ ૭ | રવિવાર | ૫૧-૫૫ | - | ૨૦૭-૨૧૮ |
| ૫૦ | ૨૦-૦૬-૧૯૭૨ | જ્યેષ્ઠ સુદ ૯ | મંગળવાર | ૫૧-૫૫ | ૭૫ | ૨૧૯-૨૨૯ |
| (૪) વ્યવહારચારિત્ર અધિકાર | | | | | | |
| ૫૧ | ૨૧-૦૬-૧૯૭૨ | જ્યેષ્ઠ સુદ ૧૦ | બુધવાર | ૫૬ | - | ૨૩૦-૨૪૦ |

| પ્ર. ક્રમાંક | તારીખ | તિથિ | વાર | ગાથા | શ્લોક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|---|---|---|
| ૫૨ | ૨૨-૦૬-૧૯૭૨ | જ્યેષ્ઠ સુદ ૧૧ | ગુરુવાર | ૫૭-૫૮ | ૭૬-૭૮ | ૨૪૧-૨૫૦ |
| ૫૩ | ૨૩-૦૬-૧૯૭૨ | જ્યેષ્ઠ સુદ ૧૨ | શુક્રવાર | ૫૯-૬૦ | ૭૯ | ૨૫૧-૨૬૧ |
| ૫૪ | ૨૪-૦૬-૧૯૭૨ | જ્યેષ્ઠ સુદ ૧૩ | શનિવાર | ૬૧ | ૮૦ | ૨૬૨-૨૭૨ |
| ૫૫ | ૨૫-૦૬-૧૯૭૨ | જ્યેષ્ઠ સુદ ૧૪ | રવિવાર | ૬૧ | ૮૧-૮૨ | ૨૭૩-૨૮૬ |
| ૫૬ | ૨૭-૦૬-૧૯૭૨ | જ્યેષ્ઠ વદ ૧ | મંગળવાર | ૬૨ | ૮૩-૮૪ | ૨૮૭-૨૯૯ |
| ૫૭ | ૨૮-૦૬-૧૯૭૨ | જ્યેષ્ઠ વદ ૨ | બુધવાર | ૬૨ | ૮૫ | ૩૦૦-૩૧૨ |
| ૫૮ | ૨૯-૦૬-૧૯૭૨ | જ્યેષ્ઠ વદ ૩ | ગુરુવાર | ૬૩ | - | ૩૧૩-૩૨૬ |
| ૫૯ | ૩૦-૦૬-૧૯૭૨ | જ્યેષ્ઠ વદ ૪ | શુક્રવાર | ૬૪ | ૮૬ | ૩૨૭-૩૩૯ |
| ૬૦ | ૦૨-૦૭-૧૯૭૨ | જ્યેષ્ઠ વદ ૫ | રવિવાર | ૬૫ | ૮૭-૮૮ | ૩૪૦-૩૫૦ |
| ૬૧ | ૦૩-૦૭-૧૯૭૨ | જ્યેષ્ઠ વદ ૭ | સોમવાર | ૬૬-૬૭ | ૮૯-૯૧ | ૩૫૧-૩૬૫ |
| ૬૨ | ૦૬-૦૮-૧૯૭૨ | જ્યેષ્ઠ વદ ૧૨ | રવિવાર | ૭૩ | - | ૩૬૬-૩૭૬ |
| ૬૩ | ૦૭-૦૮-૧૯૭૨ | જ્યેષ્ઠ વદ ૧૩ | સોમવાર | - | ૧૦૪ | ૩૭૭-૩૮૭ |
| ૬૪ | ૦૮-૦૮-૧૯૭૨ | જ્યેષ્ઠ વદ ૧૪ | મંગળવાર | ૭૪ | - | ૩૮૮-૩૯૮ |
| ૬૫ | ૧૦-૦૮-૧૯૭૨ | શ્રાવણ સુદ ૧ | ગુરુવાર | ૭૫ | ૧૦૫ | ૩૯૯-૪૦૯ |
| (૪) વ્યવહારચારિત્ર અધિકાર (૫) પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર | | | | | | |
| ૬૬ | ૧૧-૦૮-૧૯૭૨ | શ્રાવણ સુદ ૨ | શુક્રવાર | ૭૫-૭૬ | ૧૦૬-૧૦૮ | ૪૧૦-૪૨૧ |

**મહા સુદ ૪, ગુરુવાર, તા. ૨૦-૧-૧૯૭૨**
**ગાથા-૩૮, પ્રવચન નં. ૩૦**

(નિયમસાર), ત્રીજો અધિકાર. શુદ્ધભાવનો અધિકાર અહીં (વર્ણવ્યો છે). શુભ, અશુભ ને શુદ્ધ જે પર્યાય છે એ વાત નથી આમાં. શુદ્ધભાવનો અધિકાર એટલે ત્રિકાળી અંતઃતત્ત્વ ધ્રુવસ્વભાવ એને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવે છે. ઓલો શુદ્ધભાવ છે એ તો પરદ્રવ્યમાં જાય છે. શુભ ને અશુભ ને શુદ્ધ—એવી જે ત્રણ પર્યાય એ તો પરદ્રવ્યમાં જાય છે. આ શુદ્ધભાવમાં એ નથી. શુદ્ધભાવ અધિકાર, આડત્રીસમી ગાથા.

**जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा ।**
**कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो ।।३८।।**
**છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,**
**—જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮.**

**અન્વયાર્થ : જીવાદિ બાહ્યતત્ત્વ હેય છે...** એક સમયનો પર્યાય જીવનો કે સંવર-નિર્જરા-મોક્ષ આદિ એ બધું હેય છે. સમજાણું કાંઈ? પ્રગટ જેટલી પર્યાય છે એ બધાને અહીંયા બહિઃતત્ત્વ કહ્યું છે. સમજાણું કાંઈ? અંતઃતત્ત્વ જ્ઞાયકભાવ ધ્રુવ ત્રિકાળી એકરૂપ સ્વભાવ એને અહીંયા સ્વદ્રવ્ય કહેવામાં આવે છે. **જીવાદિ...** સંવર, નિર્જરા, મોક્ષ એ બધા બાહ્યતત્ત્વ છે. શું બરોબર? શરીર બાહ્યતત્ત્વ ને સંવર-નિર્જરા પણ બાહ્યતત્ત્વ? આત્મા.. આત્મા.. સંવર, નિર્જરા, મોક્ષ નહીં આત્મા? ધર્મ.. ધર્મ હૈ વહ ધર્મ આત્મા નહીં? મોક્ષનો માર્ગ લ્યો. એમ છે. જાદવજીભાઈ! શું કહે છે તમારો આ? એ પર્યાય છે માટે હેય કીધી, એમ કીધું. સમજાણું કાંઈ? એય! આ બધું લજવે એવું છે. મોટાને લજવે એવું છે, નાનો આવું કરે...

**જીવાદિ બાહ્યતત્ત્વ...** એ બધી પ્રગટ જેટલી પર્યાયો છે એ બધા બાહ્યતત્ત્વ છે. પ્રગટરૂપ છેને? અને અપ્રગટરૂપ ત્રિકાળી. આ પર્યાયની અપેક્ષાએ પ્રગટ હોં. વસ્તુ તો વ્યક્ત જ છે. જ્ઞાયકભાવ, ધ્રુવભાવ એ સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શન એ ત્રિકાળી ધ્રુવને આશ્રયે થાય છે. સમજાણું કાંઈ? કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને આશ્રયે મિથ્યાત્વ થાય, સુદેવ-સુગુરુ-સુશાસ્ત્રને આશ્રયે રાગ થાય અને આ સંવર-નિર્જરા-મોક્ષ આદિ પર્યાય એનું લક્ષ કરવા જાય તો વિકલ્પ થાય. અને આસ્રવ.. એ તો પ્રત્યક્ષ દેખાય છે. પુણ્ય ને પાપના ભાવ, શુભ-અશુભભાવ, એમાં અટક્યો એ ભાવબંધ. .... બધું આવી ગયું છે આપણે. એ તો બહિઃતત્ત્વ છે જ. સમજાણું કાંઈ? પણ અહીં તો જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ સાત પ્રકારની પ્રગટ પર્યાયો એ હેય છે.

**એ કર્મોપાધિજનિત ગુણપર્યાયોથી** પણ જુદો છે. કર્મના નિમિત્તે થતા ભાવો–ઉદયાદિ ચાર ભાવ એનાથી પણ રહિત છે. સમજાણું કાંઈ? નીચે સ્પષ્ટ કર્યું, નહીં તો એમાં તો એ આવી ગયું. પણ અહીં તો કર્મના નિમિત્તની અપેક્ષાવાળા ઔદયિકભાવ, ઔપશિમકભાવ, ક્ષાયોપશમિક ને ક્ષાયિક એ ભાવ જેમાં નથી. સમજાણું કાંઈ? **વ્યતિરિક્ત આત્મા આત્માને ઉપાદેય છે.** એવો જે આત્મા ત્રિકાળી એકરૂપ નિત્યાનંદ ધ્રુવસ્વરૂપ પરમપારિણામિકભાવ સહજ સ્વભાવરૂપ એવો જે આત્મા એ આત્માને... એમ કહ્યુંને પાછું? એવો **આત્મા આત્માને ઉપાદેય છે**. નિર્મળ વીતરાગીપર્યાયમાં એ જ આદરણીય છે. વળી કહ્યું કે સંવર ને નિર્જરા પરદ્રવ્ય. અરે! આત્માને આત્મા ઉપાદેય, તો આત્મદ્રવ્યને દ્રવ્ય ઉપાદેય? એ કઈ રીતે? સમજાણું કાંઈ? આહાહા!

**આત્મા આત્માને ઉપાદેય છે**. ઉપાદેય એ તો પર્યાયમાં થાય છે, કાંઈ ધ્રુવમાં થાતું નથી. ત્રિકાળીવસ્તુ ધ્રુવ નિત્યમાં અંતર્મુખ વળતાં, એ અંતર્મુખ વળવાવાળી પર્યાયનો અંશ પણ આત્મા કીધો. પહેલો કીધો હતો એ સંવર-નિર્જરા-મોક્ષ છે એ હેયમાં કહ્યું હતું. અગમનિગમની વાત છે આ. પંડિતજી! ૩૮ ગાથા હતીને ત્યારે ...... લાલભાઈ આવ્યા હતા. **આત્મા આત્માને ઉપાદેય છે**. સમજાણું કાંઈ? એ ઉપાદેય છે. નિજ આત્મા સિવાય કાંઈ ઉપાદેય નથી. ઉપાદેય (અર્થાત્) આ ગ્રહણ કરવાલાયક છે. .... સમજાણું કાંઈ? એકલો માખણનો પિંડો છે આ તો. મોક્ષનો માર્ગ—નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આનંદસ્વરૂપ છે અને મોક્ષ તો પરમ આનંદસ્વરૂપ છે. પર્યાય એ પણ જેના ત્રિકાળી સ્વભાવમાં નથી. આહાહા! પર્યાય પર્યાય તરીકે છે, વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? એવો આત્મા આત્માને એટલે નિર્મળ દશામાં અંગીકાર કરવાલાયક છે. આહાહા! સમજાણું કાંઈ?

**ટીકા : આ, હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે.** પાઠમાં છે ખરુંને. **हेयमुवादेयमप्पणो अप्पा**.. એ છેને પાઠમાં. **अप्पणो अप्पा**... આત્માને આત્મા ઉપાદેય છે એમ પાઠ છેને? પાઠમાં જ છે. **जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा**, એમ. સમજાણું કાંઈ? એના તરફ વળેલી પર્યાયમાં એ ઉપાદેય છે, એમ કહેવું છે. પૂર્ણ સ્વરૂપ ધ્રુવ નિત્ય દળ એકલો ચૈતન્યદળ, આનંદદળ જેમાં ભેદ નહીં–ભંગ નહીં, એમાં આ બધા સંવર, નિર્જરા, મોક્ષની પર્યાયોનો પણ અભાવ છે એવું જે એકરૂપ તત્ત્વ તે જ, આત્માને એ જ ઉપાદેય છે. સમજાણું કાંઈ? આહાહા! એને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન છે બહિ:તત્ત્વમાં. આહાહા! **भूदत्थमस्सिदो खलु** આવે છેને. ભૂતાર્થનો આશ્રય કરે એને સમકિત થાય. આશ્રય કરે છે પર્યાય. દ્રવ્ય તો આશ્રય કરતો નથી, આશ્રયયોગ્ય છે એ પર્યાય માને છે. સમજાણું કાંઈ?

ઓહોહો! ભગવાન મોટો.. અનંત-અનંત જ્ઞેયના ઢગલા હોયને જેમ, એવા એક-એક ગુણનો મોટો ઢગલો, એવા અનંત ગુણનો મોટો ઢગલો છે આત્મા. એ ધ્રુવ ભગવાન નિત્યાનંદ,

એક સમયની પર્યાય છોડી દઈને બાકી રહેલો પદાર્થ નિજસ્વરૂપ ભગવાન પરમ પારિણામિકસ્વભાવ એમાં દૃષ્ટિ દેવાલાયક છે. દૃષ્ટિમાંય દૃષ્ટિ દેવાલાયક નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ શેઠ! આવું ઝીણું છે. ટીકામાં હાજર થઈ ગયા છે આમાં. આહાહા! માર્ગ એવો છે ભાઈ! ..... એમ કાંઈ હાથ નહીં આવે. આ તો પાતાળકૂવા છે અંદર. આહાહા! જ્ઞેયનું તળીયું–એનું તળ તપાસે આત્મા મળે એવો છે. તળ તો પરમસ્વભાવભાવ ધ્રુવ એ એનું તળ છે એટલે કે એની સત્તા છે. મહાસત્તા એ એનું તળ છે. સમજાણું કાંઈ?

શ્રદ્ધામાં એક સમયની લાગણી.... અહીં તો સંવર, નિર્જરા ને મોક્ષને હેય કહે છે. દયા-દાન, વ્રતના પરિણામને હેય કહે એ હજી આકરું પડે છે માણસને. અપવાસ કરે, પાણી ઉના પીવે, ઉપધાન કરે એ તો થોથા જેવું હતું, પણ આ તો...... તપસ્યા, વ્રત કરે. જુઓને! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય કરે.... ગજબ વાત છે. અહીં તો હજી દયા, દાન વ્રતના પરિણામ હેય કીધા, ભગવાનની (ભક્તના) પરિણામ હેય છે એ એને બેસતું નથી. વ્યવહારનયે વ્યવહાર કથંચિત્ ઉપાદેય છે, એ કઈ અપેક્ષાએ? વ્યવહારે વ્યવહાર જાણીને વ્યવહારે આદરણીય કહેવામાં આવે છે. ભગવાનનો આત્મા, દેવ-ગુરુનો આત્મા, સંવર-નિર્જરા-મોક્ષની પર્યાય વિગેરે. સમજાણું કાંઈ? એ વ્યવહારે વ્યવહાર કહેવાય આ બધો. વ્યવહાર પોતે જ અભૂતાર્થ છે. સમજાણું કાંઈ? એ પર્યાય છે, હેય છે. એ સ્વીકાર ક્યાં હતો?

એ વાત (કળશ ૩૫માં) આવી ગઈને. બુધપુરુષનો એ નિર્ણય છે કે જીવમાં સિદ્ધપદેય નથી અને સંસારની પર્યાય નથી. એ બુધપુરુષોનો નિર્ણય છે, જ્ઞાનીઓનો એ અભિપ્રાય છે, એમ કહે છે. આહાહા! અરે! આવો માર્ગ. મહાપ્રભુ ચૈતન્ય મહા ભગવાન બિરાજે છે એમ કહે છે. એક જ પર્યાયમાં એ આદરવાલાયક છે. પર્યાય પર્યાયને આદરવાલાયક નથી. પર્યાયને પર્યાય આદરવાલાયક નથી, એમ અહીં કહેવું છે, પર્યાયને આ દ્રવ્ય આદરણીય છે. આહાહા! સમજાણું કાંઈ? **આ, હેય-ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે. જીવાદિ સાતેય તત્ત્વનો સમૂહ પરદ્રવ્ય** છે. દેખો! આહાહા! ૫૦ (ગાથા)માં એ કહ્યું હતું છે. નિર્મળ પર્યાય આદિ બધા પરદ્રવ્ય છે, પરભાવ છે, સ્વ ત્રિકાળીભાવની અપેક્ષાએ પરભાવ છે. ત્રિકાળી સ્વદ્રવ્યની અપેક્ષાએ એ પરદ્રવ્ય છે અને હેય છે. આમાં ૫૦માં. આહાહા! સંવરને બહિઃતત્ત્વ કહ્યું છેને કુંદકુંદાચાર્યે. સંવર બહિઃતત્ત્વ છે. .... બાહ્ય છે, સંવર બહાર છે, આત્મામાં છે નહીં. પરમાત્મામાં છે નહીં. એય!

ધર્મ એવો જે આત્માનો આનંદસ્વભાવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—વીતરાગી પર્યાય, કહે છે કે એ વીતરાગી પર્યાય(રૂપ) ધર્મ એ ધર્મી–આત્મામાં નથી. ત્યારે ક્યાંક હશે? એની પર્યાયમાં છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? ક્ષાયિકભાવ પણ જ્યાં અંદરમાં નથી. સિદ્ધને ક્ષાયિકભાવ છે પર્યાયમાં, દ્રવ્યમાં એનેય નથી. કોઈને નથી, એને શું? દ્રવ્યમાં ક્યાંથી

આવ્યો? આહાહા! કેવળજ્ઞાન, કેવળદર્શન.. આવે છેને નવ નિધિ. આહાહા! જ્ઞાનલાભ હો ક્ષાયિકભાવે. કહે છે, એ પણ બહિઃતત્ત્વ છે. એક અંશરૂપ બાહ્ય, પ્રગટરૂપ છેને એ તો. વસ્તુ પોતે પર્યાયની અપેક્ષાએ તો આ પર્યાય વ્યક્ત છે, વસ્તુ અવ્યક્ત છે. એ આવી ગયું છે ૪૯ ગાથા, સમયસાર.

અહીં **જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ...** એ પહેલાં એમ આવી ગયું છે પાંચમી ગાથામાં કે બહિઃતત્ત્વ ને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ બેયની શ્રદ્ધા વ્યવહાર સમકિત છે એમ આવ્યું છે. પાંચમી. આહાહા! બહિઃતત્ત્વ આ સાત અને અંતઃતત્ત્વ—પરમાત્મા બેયની શ્રદ્ધા તે વ્યવહાર સમકિત છે. ... એ રાગ છે, એ વિકલ્પ છે, એમ કહે છે. અહીં કહે છે, **જીવાદિ સાત તત્ત્વનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે** એ સમ્યગ્દર્શનનો વિષય નથી. આહાહા! એકકોર (કહે કે) નવ તત્ત્વની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન. લ્યો, આ મોક્ષમાર્ગપ્રકાશમાં એ આવી વાત. આખું એ વર્ણન છે. એ અભેદથી વર્ણન છે.

હા, આવેને. **जीवादिसद्दहणं**... (દ્રવ્યસંગ્રહ ગાથા ૪૧). સમકિતનું જ્ઞાનરૂપ પરિણમન તે સમકિત છે. એ પ્રશ્ન કર્યો હતોને તે દિ' વિદ્યાનંદજીએ દિલ્હીમાં. પ્રશ્ન કર્યો હતો. વિદ્યાનંદજી હૈં ન? હા, એ. એમ કે આ **जीवादिसद्दहणं** છેને આમાં? આ શું અર્થ છે? એમ પૂછ્યું હતું ખાનગી હોં. બધા નીકળી ગયા હતા. એ નહોતા ....આવ્યા હતા શાહુજી, ફૂલચંદજી, કૈલાસચંદજી બધા હતા. મનોહર વર્ણી એ તો અંદર બેઠા હતા. મનોહર વર્ણી.... .....નીકળી ગયા બહાર. મારે સ્વામીજીને..... આ પૂછ્યું, **जीवादिसद्दहणं**... એ **जीवादिसद्दहणं**નો અર્થ શું છે? 'જીવાદિ' શબ્દ છે ત્યાં. એટલે એની શ્રદ્ધાનું અંદર જ્ઞાનરૂપ પરિણમન એનું નામ સમકિત છે. સમજાણું કાંઈ? 'જીવાદિ' શબ્દ છે. અહીં શબ્દ છેને જુઓ આ! 'જીવાદિ' શબ્દ જુઓ અહીં. પહેલો શબ્દ છેને? એવો શબ્દ ક્યાં છે? લ્યો.

**जीवादिसद्दहणं सम्मत्तं**... પણ એનું જ્ઞાન થઈ ગયું છે ખરેખર તો. જીવનું–જ્ઞાયકનું જ્ઞાન થતાં 'આમાં આ નથી' એવું જ્ઞાન થઈ ગયું છે, એવી જ અંદરની પ્રતીતિ છે. પાઠ એમ છેને જુઓને! **મોક્ષનું કારણ** છે **તેમાં સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું–પરિણમવું તે છે.** જ્ઞાનમાં જ્ઞાનનું પરિણમવું, ચારિત્રમાંય જ્ઞાનનું પરિણમવું. એનો અર્થ એ છે કે એકલો જ્ઞાયકભાવ છે એનું જ્યાં ભાન થયું તો એ જ્ઞાનમાં 'આ પર્યાય નથી' એવું જ્ઞાન અસ્તિ-નાસ્તિનું જ્ઞાન ભેગું થઈ જાય છે. એમ વાત છે ભાઈ! પણ એ પરિણમન જ્ઞાનનું થાય એમાં આવે છે, એકલું ધારણાજ્ઞાનમાં નહીં. સમજાણું કાંઈ? વાત થઈ હતી..... ભઈ, આમ કહ્યું છે, **जीवादिसद्दहणं**...... જ્ઞાનનું પરિણમન થાય છે જ્ઞાનમાં.... એનો વિષય છે. તેથી પર છે ભલે, પણ એનું જ્ઞાન થઈ જાય છે. પર છે એ માટે નહીં. જ્ઞાયકનું જ્ઞાન થતાં સ્વ-પરપ્રકાશનું જ્ઞાન અંદર સ્વતઃ થાય છે. સમજાણું કાંઈ? એ ઝીણું બહુ પણ, માર્ગ એવો ઝીણો છે. આહાહા!

જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું, રાગાદિના ત્યાગસ્વભાવે જ્ઞાનનું થવું. જ્ઞાન શબ્દે આત્મા વસ્તુ એનું પરિણમન થવું. આ માર્ગ તો આવો છે. અહીં 'જીવાદિ' શબ્દ પડ્યો છે, ત્યાંય 'જીવાદિ' શબ્દ પડ્યો છે. ત્યાં જીવાદિની શ્રદ્ધાને સમકિત કહ્યું છે, અહીં જીવાદિની શ્રદ્ધાને વ્યવહાર કહ્યો છે. સમજાણું કાંઈ? ઉઠતા-ઉઠતા આવી ગઈ વાત. વ્યવહાર કહે છે. અહીં વ્યવહાર કહ્યો, ત્યાં નિશ્ચય કહે છે. કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએને. આ તો ભેદની પર્યાયની વાત છે. ઓલામાં તો જીવાદિમાં એકલું જીવનું જ્ઞાન થયું એટલે એમાં આ નથી એવું જ્ઞાન ભેગું આવી જાય છે. કારણ કે જ્ઞાનનો એવો જ સ્વભાવ છે કે અખંડ અભેદજ્ઞાન ચૈતન્યનું જ્ઞાન થતાં એ વખતે એની પર્યાય જે ભેદ છે એમાં એનો અભાવ છે, એવું જ સ્વ-પરપ્રકાશક જ્ઞાન સ્વતઃ સ્વનું થતાં થાય છે. સ્વનું થતાં થાય છે, પરનું થતાં થાય છે એમ નહીં. આહાહા! સમજાણું કાંઈ? કહો, વસંતીલાલજી! આવો માર્ગ છે. આહા!

**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે...** એમ પાછું કારણ આપે છે. એ તો પરદ્રવ્ય હોવાને લીધે **ખરેખર ઉપાદેય નથી**. સમજાય છે કાંઈ? વ્યવહારે ભલે ઉપાદેય કહેવામાં આવે સંવરની...., પણ ખરેખર ઉપાદેય નથી. આહાહા! આવો માર્ગ! **જીવાદિ સાત તત્ત્વો**.. પાછા તત્ત્વો છે એ. અભાવરૂપ નથી. પર્યાય પણ છેને. એને તત્ત્વ કહ્યું જુઓને! જીવાદિ સાત તત્ત્વો એટલે છે વસ્તુ. એનો સમૂહ એ પરદ્રવ્ય હોવાને લીધે એટલે ત્રિકાળી સ્વદ્રવ્યથી ભિન્ન હોવાને લીધે, ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ધ્રુવ એનાથી અન્ય હોવાને લીધે, તેને પરદ્રવ્ય કહેવામાં આવે છે. **ખરેખર ઉપાદેય નથી**. પાઠમાં **हेयम्** છે. અહીં, ઉપાદેય નથી એમ નાખ્યું નાસ્તિથી. કેમકે **हेयमुवादेयमप्पणो अप्पा** છે ખરુંને. **उवादेयमप्पणो अप्पा** એટલે આ ઉપાદેય નથી એવો અર્થ કર્યો છે ટીકાકારે. શું કીધું સમજાણું? પાઠ તો એવો છે **जीवादिबहित्तच्चं हेयम्**.. પણ 'હેય' શબ્દ ન વાપરતાં ઉપાદેય નથી એમ કહ્યું. ઓલું ઉપાદેય છે તો આ ઉપાદેય નથી એમ વાત છે, લ્યો. સમજાણું કાંઈ?

**ખરેખર ઉપાદેય નથી**. આહા! ઓલું ઉપાદેય છે, તો આ ઉપાદેય નથી. વસ્તુ જે ત્રિકાળ ભગવાન તેના ઉપર નજર કરવાલાયક છે, ત્યારે આ ભેદ ઉપર નજર કરવાલાયક નથી, તેથી તેને ઉપાદેય નથી એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણિ છે...** પોતાની-મુનિની વાત નાખે છે. એટલે કોઈ કહે કે આ મુનિને માટે જ છે એમ નહીં. પણ મુનિ પોતાની વાત કરીને નાખે છે. આ તો સમ્યગ્દર્શનના વિષયની વાત છે. મુનિને જ આવું સમ્યગ્દર્શન થાય એમ છે કાંઈ? એવી વાત... તેથી કહ્યું હતુંને, આમાં આ વાત આમ આવી એટલે કોઈને એમ (થાય) કે આવું સમકિત તો મુનિને હોય. એમ નથી. વાત તો મુનિ પોતે પોતાની ભૂમિકામાં રહીને વાત કરે છે. સમજાય છે? એટલે કે આ ઉપાદેય કોને છે? આવા મુનિને ઉપાદેય છે. ત્યારે સમકિતીને નીચે એ ઉપાદેય નથી? એમાંથી કાઢે છે.

જુઓ! એમાં એમ કહ્યું કે વીતરાગભાવવાળાને આ ઉપાદેય છે, (તેથી) નિશ્ચય સમકિત એને હોય છે.—એમ નથી. સમજાણું કાંઈ?

અહો! **સહજ વૈરાગ્યરૂપી**... આ બાજુથી છે. ..... આ બાજુ છેને પૂર્ણાનંદ પ્રભુ એની અંતર્મુખ ઉપાદેય છે એમ કહેવું છે, ત્યારે આ બાજુથી વૈરાગ્ય શબ્દ લ્યે છે. અહીંથી હઠી ગયો છે એ. આહા! હઠી ગયું છે અહીંથી. **સહજ**–સ્વભાવિક **વૈરાગ્યરૂપી મહેલના શિખરનો**... આહા! જેને પર્યાય પ્રત્યે પણ ઉદાસભાવ છે. સમજાણું કાંઈ? આની કોર ઉપાદેય છે તો આ બાજુથી ઉદાસ છે. ઓહોહો! વાત તે પણ વાત. દિગંબર મુનિઓએ ચારિત્રના અનુભવ સહિતની વાતમાં મોટી વાત અલૌકિક વાત (કરી) છે. કહે છે કે ભગવાન આત્મા વસ્તુ.... ઉપાદેય નથી એમ પહેલી વાત કરી. હવે, ઉપાદેય ક્યાં છે, કોને છે એમ કહે છે. એમ તો પાઠ કીધો **उवादेयमप्पणो अप्पा**.. પાઠમાં પહેલાં આવ્યુંને? એની વ્યાખ્યા કરે છે. આ ત્રિકાળી દ્રવ્ય–વસ્તુ એ સિવાય સાતે તત્ત્વ સંવર, નિર્જરા, મોક્ષ જ્યારે ઉપાદેય નથી, ત્યારે ઉપાદેય શું છે? કોને છે? સમજાણું કાંઈ?

**સહજ વૈરાગ્યરૂપી મહેલ**... મહેલ એટલે મોટો બંગલો. આહાહા! ઉપાડી ઉપાડીને મકાન થાય છેને. **સહજ વૈરાગ્યરૂપી**... આહાહા! આખી દુનિયા પ્રત્યે જેને અંતરમાં ઉદાસભાવ છે. ઉચ્ચ આસને રહ્યો છે, પરથી ખસીને સ્વભાવના આસનમાં પડ્યો છે. આહા! એ સહજ વૈરાગ્યરૂપી મહેલ–મોટો બંગલો. બંગલો એ આપણી સમજણની વાત છે. શિખરનો... મોટો બંગલારૂપી મહેલ, એનું શિખર, એનો શિખામણિ (એટલે) **ટોચ ઉપરનું રતન, ચૂડામણી, કલગીનું રત્ન.** કલગી.. કલગી નથી પહેરતા? આ રાજકુમારને લગ્નમાં..... અત્યારે તો સાધારણ પ્રાણી નાખે છે. કલગી નાખે, એમાં રતન મૂકે અંદર. આહાહા! કહે છે, આખી દુનિયા પ્રત્યે એને ઉદાસ–વૈરાગ્યભાવ છે. ઓહો! પર્યાયને પકડવા પ્રત્યે પણ જે ઉદાસ છે. સમજાણું કાંઈ?

સહજ વૈરાગ્યરૂપી મહેલનો શિખર, એનું શિખર, એનો શિખામણિ–ટોચનું રતન. એવો જે ધર્માત્મા આવી અસ્તિને પકડવા જાય છે તે બહારથી ઉદાસ થાય છે. સમજાણું કાંઈ? નીચે કર્યું છે, **ચૂડામણિ, કલગીનું રતન. પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે...** પરદ્રવ્ય કીધાને આ સાતેય આદિ, એનાથી પરાઙ્મુખ છે. ભગવાન ત્રિકાળી દ્રવ્યની સન્મુખ છે, ત્યારે સાત પર્યાયો આદિ પરદ્રવ્ય એનાથી પરાઙ્મુખ છે. આહાહા! હજી આવો માર્ગ લોકોને (સાંભળવા મળે નહીં). એકવાર સાંભળે બે-ચાર દિ', આઠ દિ' તો ખબર પડે. સાંભળે નહીં ને કહે, એ એકાંત છે. એમ કહે છેને? પૂજા-ભક્તિમાં (ધર્મ) નથી કહેતા. એ લોકો પૂજા-ભક્તિ કહેતા જ નથી. ભાઈ! કહે છે, નથી કહેતા એમ કોણે કીધું? પણ છે એ રાગ ને હેય, એમ કહે છે. આહાહા! એમાં કાંઈ લાભ મનાવે તો એ અનેકાંત કહેવાય? હેય હૈ. રાજકુમારસિંહની બુદ્ધિ સારી છે હોં. આહા! શાહુજી કરતાં એની લાઈન બીજી છે. શાહુજી...... એની સામાજિક લાઈન છે. પણ આ વસ્તુ

એને આવી નથીને, નહીંતર બહુ બુદ્ધિવાળો છે. આની–શાહુજીની સામાજિક લાઈન છે. આણે પહેલેથી... અંદર. આમ બહાર નહોતો. માણસને હજી એકાદવાર આ વાત બેસી જાય પછી... ચાલે એવું છે. એની પ્રકૃતિ એવી છે. આહા! ભવિતવ્ય એવું છે. આહાહા! પ્રભુ! આ તો હિતની વાતું છે ભાઈ! આહાહા!

કહે છે કે **પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે**... આહાહા! ભગવાન આત્મા ત્રિકાળી પરમ ચિદ્‌-બિંબ, જિનબિંબ ભગવાન આત્મા વીતરાગીમૂર્તિ ત્રિકાળી એની સન્મુખ થયેલો એ પરથી વિમુખ છે. જુઓને! અસ્તિ-નાસ્તિ (કરીને) અનેકાંત કર્યું છે. આમ અનેકાંત છે. આની પણ સન્મુખ છે અને પર્યાયની પણ સન્મુખ છે—એનું નામ અનેકાંત નહીં એમ કહે છે. સમજાણું કાંઈ? ઓહોહો! કુંદકુંદાચાર્ય, એના શાસ્ત્રો અમૃતની ધારા વહે છે. ભાઈ! તું અમૃતનો સાગર છોને પ્રભુ! તારા અતીન્દ્રિય અમૃતના એક અંશના સ્વાદ આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો ને ઇન્દ્રાણીના સુખ ઝેર જેવા લાગે. એવા અતીન્દ્રિય આનંદથી, ભગવાન! તું ભરેલો છો. સમજાણું કાંઈ? તારો સ્વભાવ, પ્રભુ! અતીન્દ્રિય આનંદની લહેજતવાળો છે હોં. એના સ્વાદમાં જનાર, કહે છે કે પરથી વિમુખ થઈ જાય છે. સમજાણું કાંઈ? એ જગતના માનેલા–કલ્પેલા સુખો એનાથી ધર્મી હઠી જાય છે. આહાહા! વૈરાગ્ય મહેલના શિખરનો શિખામણિ. ઓહોહો!

**પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે...** પોતાની ભૂમિકાથી વાત કરે છેને. સમજાણું કાંઈ? સમયસાર, છઠ્ઠી ગાથામાં પણ પોતે મુનિએ પોતાની ભૂમિકાથી વાત કરી છેને. **ण वि होदि अप्पमत्तो ण पमत्तो**.. એ પોતાની ભૂમિકાથી વાત કરી છે. પ્રમત્ત-અપ્રમત્તદશા આત્મામાં નથી. ... આ પ્રમત્ત-અપ્રમત્ત થાય છે, (પણ) વસ્તુમાં નથી. જ્યારે પ્રમત્ત-અપ્રમત્ત થાય છે એ વસ્તુમાં નથી, તો સંયત-અસંયતપર્યાય વસ્તુમાં હશે? પણ એ તો ભૂમિકામાં ઉભેલા હતા પર્યાયમાં એટલે ત્યાંથી વાત કરે છે કે આ નહીં. સમજાણું કાંઈ? એમ અહીં મુનિ પોતે ઉભા છેને ચારિત્રમાં એટલે પરથી ઉદાસ થઈને વાત કરે છે. પરાઙ્મુખ છે. **પંચેન્દ્રિયના ફેલાવ રહિત દેહમાત્ર જેનો પરિગ્રહ છે**... એટલે? આ દેહમાત્ર રહ્યો છે, પણ પાંચે ઇન્દ્રિયનો ફેલાવ નથી, ત્યાં વિષયો તરફનું વલણ નથી. આહાહા! જેનો વિષય દ્રવ્ય તરફ ઢળ્યો છે અને તે પણ આ તો ઉત્કૃષ્ટ ચારિત્રવંત છે. એની પાંચ ઇન્દ્રિયનો વિસ્તાર આમ જાય છે એ અટકી ગયો છે. તેથી એને દેહમાત્ર નગ્નદશા રહી ગઈ છે. સમજાણું કાંઈ? ઇન્દ્રિયોનો ફેલાવ અને વિસ્તાર આમ જાતો નથી એને. આહાહા! વસ્તુ જે રીતે હોય એ રીતે હોય. સમજાણું કાંઈ?

નગ્નદશા કેમ થઈ જાય છે? હજી પાંચ ઇન્દ્રિયોના જે વલણનો... ઇન્દ્રિયો છેને એના વલણનો ભાવ જ અટકી ગયો છે આખો. આહાહા! ભાવેન્દ્રિય તરફનું વલણ અને દ્રવ્યેન્દ્રિયનું વલણ જ રોકાઈ ગયું છે એમ કહે છે. તેથી એને નગ્નદશા એકલી રહી ગઈ છે. સમજાણું કાંઈ? એકલી નગ્નદશા એમ નહીં, દેહમાત્ર એકલો પરિગ્રહ આમ નહીં, પણ એ દેહના સ્થાન આ બધા ઇન્દ્રિયોના એ તરફના વલણ જ અટકી ગયા છે. સમજાણું કાંઈ? જેમ વસ્ત્ર વિનાની દશા થઈ ગઈ છે, એમ ઇન્દ્રિયના ફેલાવ રહિત દશા થઈ ગઈ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

આહાહા! (શ્રોતા : ....). મોક્ષ જ છે, પણ અહીં તો વાત, વિકલ્પ છે ને ઉપદેશ કરવો છેને એટલે જરી... વિકલ્પ ઉઠ્યો છે એમાં મારી તો નાસ્તિ જ છે. આહાહા! સ્વરૂપનું અસ્તિપણાનું પરિણમન છે, ત્યાં પરનું નાસ્તિપણાનું સાથે પરિણમન છે. નિર્જરા અધિકાર. જ્ઞાન ને વૈરાગ્યની શક્તિ સાથે હોય છે. સમજાણું કાંઈ? ત્રિકાળી ભગવાન આત્મા એનું જ્યાં જ્ઞાન થયું એટલે પરથી ઉદાસ એવો વૈરાગ્ય ભેગો જ હોય છે, એમ કહે છે. બાકી મુનિની અપેક્ષાએ ઘણો વૈરાગ્ય લીધો છે.

પાંચ ઇન્દ્રિયનો ફેલાવ જ જ્યાં નથી. આહાહા! દ્રવ્યેન્દ્રિયના ફાંકારૂપ શરીર રહી ગયું. ભાવેન્દ્રિય જ્યાં અટકી ગઈ છે ત્યાં દ્રવ્યેન્દ્રિયની વાત શું કરવી? એ તો પર છે. આહાહા! સમજાણું કાંઈ? આ શરીરમાં ઇન્દ્રિયો પાંચ જડ, એ તો જડ છે, પણ અંદર નિમિત્ત ભાવેન્દ્રિયનું થાય છે, એ ભાવેન્દ્રિયનો વિસ્તાર જ જ્યાં અટકી ગયો છે કહે છે. એનો વિસ્તાર–ફેલાવ જ રોકાઈ ગયો છે. આહાહા! તેથી શરીર–અચેતનરૂપ શરીર (-મડદું) હોય એમ રહી ગયું છે એકલું. સમજાણું કાંઈ? **ઇન્દ્રિયોના ફેલાવ રહિત**... અજ્ઞાનીઓને ઇન્દ્રિયનો ફેલાવ હોય છે. એને ઇન્દ્રિય તરફ જ ઝુકાવ એનો હોય છે. સમજાણું કાંઈ? આહાહા!

શ્રોતા : શરીરને મડદું જ ભાળી રહ્યા છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : મડદું પણ ભાળવું નથી, એ તો જ્ઞાન ભાળી રહ્યા છે. એ તો જ્ઞાન ભાળી રહ્યા છે. એમ છે ભાઈ!

એવો **દેહમાત્ર જેને પરિગ્રહ છે**... આહાહા! મુનિને તો આ હોય છે. મુનિને વસ્ત્ર ને પાત્ર રાખીને એને મુનિ માનવા.... પણ એકલા નગ્નની વાત ક્યાં છે? આમાં કીધુંને. આખા વિકલ્પની પર્યાયથી જેનો ઉદાસભાવ છે, પછી એને દેહના ઇન્દ્રિયનો ફેલાવ આમ અટકી ગયો છે બધો. આમ અટકી ગયો છે, આમ અટકી ગયો છે ને આમ ગયો છે, અતીન્દ્રિય તરફ ગયો છે એમ કહે છે. સમજાણું કાંઈ? શ્રીમદે એમ કહ્યું, 'દેહ માત્ર તે સંયમ હેતુ હોય જો..' શ્રીમદે એમ કહ્યું છે અપૂર્વ અવસરમાં. 'માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો, માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે, ક્યારે થઈશું બાહ્યાંતર..' જુઓ આવ્યું આમાં. અંતર ને બાહ્ય. એકલા બાહ્ય નહીં. 'ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો..' આહાહા! એવો દેહમાત્ર પરિગ્રહ કહ્યો, એને.... મુનિ... કહે, નહીં. બધાને સાધુ કહેવા, ફલાણાને સાધુ કહેવા.

ઓલો કાગળ છે એમાં એમ લખ્યું છે. કાગળ લખાણનો પત્ર છેને. .... જોકે આ પરિગ્રહ રહિતની વાત નથી. ...... અહીં તો માત્ર દેહમાત્ર પરિગ્રહ... એકલો આત્માના આનંદની રમતમાં રમતો હોય છે એને અહીંયા સાધુ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જૈનદર્શનમાં એને સાધુ, છઠ્ઠા, સાતમા ગુણસ્થાનમાં ઝૂલતાને સાધુ કહેવાય. સમજાણું કાંઈ? **ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે**... એમ કહીને એમ કહેવા માગે છે કે ઇન્દ્રિયો પાંચ અટકી ગઈ છે. આહાહા! એને નિમિત્ત બનાવીને ભાવેન્દ્રિય કામ કરતી એ પણ અટકી ગઈ છે, એમ કહે છે. એકત્વ-વિભક્ત એ છે. સમજાણું કાંઈ? **ઇન્દ્રિયોના ફેલાવ રહિત**... નગ્નપણું એટલે

આમ કહે છે. નગ્નપણું એને કહેવાય કે જેને પાંચ ઇન્દ્રિયોની ભાવેન્દ્રિય અટકી ગઈ, વિસ્તાર અટક્યો એને અહીં છોડ્યું કહેવાય. આહાહા! નહીંતર અટકી ગયો એ તો નિમિત્ત અપેક્ષાએ વાત છે. આ ઉપાદાન જ જ્યાં ભાવેન્દ્રિય અટકી ગઈ ત્યાં ઓલું છે જ નહીં. આહાહા! જ્યાં અણીન્દ્રિયથી જ કામ કરે છે. સમજાણું કાંઈ?

અલિંગ્રહણમાં ન આવ્યું? (૧) ઇન્દ્રિયથી જાણતો આવતો નથી, (૨) ઇન્દ્રિયથી જણાય એવો આત્મા નથી, લ્યો. ઇન્દ્રિયથી જાણવામાં આવતો નથી, ઇન્દ્રિયથી જણાય એવો નથી, (૩) ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી. અલિંગગ્રહણમાં ત્રણ બોલ છે પહેલા. એમાં ત્રણ બોલ આ છે. ઇન્દ્રિયથી જણાય એવો નથી, એ તો અતીન્દ્રિયથી જણાય એવો છે. સદાય અતીન્દ્રિયથી જણાય એવો છે એમ કહે છે. આહાહા! સદાય પાછો, એમ. ધ્યાનમાં છે ત્યારે છે, એમ નહીં.... સમજાણું કાંઈ? એ તો સદા અતીન્દ્રિયથી જ જાણે છે. સમજાણું કાંઈ? અને (૫) પરને પણ એકલા અનુમાનથી જાણે એવો નથી. સમજાણું કાંઈ? (૪) પર અનુમાન કરીને એને જાણે એવો આત્મા નથી. સમજાણું કાંઈ? બીજાઓ અનુમાન વડે એને જાણે એવો એ આત્મા નથી. આહાહા! ઇન્દ્રિય તો કાઢી નાખી, અનુમાન કાઢી નાખ્યું. સમજાણું કાંઈ? 'એ આત્મા જ પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે.' આ છઠ્ઠો બોલ છે. સમજાણું કાંઈ? ગજબ વાત છે. ચારે પડખેથી કોઈપણ શાસ્ત્રથી જુઓ તો વાત એક ઊભી થાય છે. પૂર્વાપર વિરોધ રહિત કોઈપણ શૈલીની કથન પદ્ધતિ.

દેહમાત્ર જેને પરિગ્રહ છે, **જે પરમ જિનયોગીશ્વર છે...** છે એમ કહે છે. જે પરમ જિનયોગીશ્વર છે. જેણે વીતરાગીયોગ નામ ઈશ્વરપણું જેણે સાધ્યું છે, અંતરમાં વીતરાગભાવનું જોડાણ કરીને ઈશ્વર થયો છે એ. આહાહા! સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિ યોગી છે, પણ અંશે છે. આ મુનિ છે, ઓહો! યોગીશ્વર છે અને પરમ જિનયોગીશ્વર છે. ઓહોહો! સ્વરૂપમાં જેનું જોડાણ થઈને વીતરાગી ઇશ્વરતા એને પ્રગટ થઈ છે. **સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે...** સ્વદ્રવ્ય જે ધ્રુવ ત્રિકાળ એમાં જેની તીક્ષ્ણ.. તીક્ષ્ણ–ઝીણી બુદ્ધિ છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? જે સ્વદ્રવ્યને પકડે એને તીક્ષ્ણબુદ્ધિ કીધી. આહાહા! બહારના કામ કરે એને બુદ્ધિ જ કહેતા નથી. આહાહા! ભગવાન આત્મા સ્વદ્રવ્ય જે પર્યાય વિનાનો છે, આમથી ખસ્યો છે ને અહીં સ્વદ્રવ્યને પકડવાની બુદ્ધિ તીક્ષ્ણ થઈ છે એને, એમ કહે છે. **સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણબુદ્ધિ છે**... સ્વદ્રવ્યમાં તીખી બુદ્ધિ છે પકડવાની. સમજાણું કાંઈ? જેની જ્ઞાનની પર્યાય સ્વદ્રવ્યને માટે તીક્ષ્ણ છે. સમજાણું કાંઈ?

**–એવા આત્માને...** ....આવાને આવું મૂક્યું છે... પોતાના અસ્તિની વાત છે. 'એવા આત્માને' શબ્દ વાપર્યો છેને. એ તો ...સ્વરૂપથી વાત છેને. **એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે.** આવા આત્માને આ આત્મા અંતરના વલણની દશામાં એ આદરણીય છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? 'એવા આત્માને' શબ્દ છે ખરોને. **'આત્મા' ખરેખર ઉપાદેય છે**. વસ્તુ ધ્રુવ ચૈતન્ય ભગવાન પૂર્ણમાં જેનો આદરભાવ.. પૂર્ણમાં જેનો આદરભાવ છે. **ઔદયિક આદિ**

**ચાર ભાવાંતરોને અગોચર હોવાથી...** શું કહે છે? કે ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક... નીચે છે. **ભાવાંતરો = અન્ય ભાવો.** જે ધ્રુવભાવ છે, પારિણામિકસ્વભાવ પરમભાવ ધ્રુવભાવ છે એ આત્મા. એનાથી અનેરા, ચાર પર્યાયના ભાવ અનેરા ભાવ છે. ધ્રુવભાવ નિત્યભાવ ભગવાન જે ખરેખર આત્મા, પરમપારિણામિક સ્વભાવરૂપ આત્મા, એ નિજભાવ. એનાથી આ ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક એ અન્ય ભાવ. આ નિજભાવ, તો આ અન્યભાવ. આહાહા!

ક્ષાયિકભાવ એ પારિણામિકભાવથી અન્ય ભાવ. ઉદયભાવ અન્ય ભાવ એ તો ઠીક. સમજાણું કાંઈ? એક ઠેકાણે પરદ્રવ્ય કીધું છે, અહીં અન્ય ભાવ કહ્યું. જુદા-જુદા પ્રકારથી એનું સ્પષ્ટીકરણ થાય ત્યારે આ બધા ભાવો શાસ્ત્રના હોય, એ બધા વ્યવહારના ખ્યાલમાં આવી જાય. એ બધા ભાવોથી રહિત છે આ અને આનાથી એ રહિત છે. પરમસ્વભાવભાવથી ચાર ભાવ રહિત છે અને ચાર ભાવથી પરમભાવ રહિત છે. સમજાણું કાંઈ? નીચે છે, **અન્ય ભાવો**. 'ભાવાંતર' એ શબ્દ છેને. ભાવાંતર એટલે આ ભાવથી અનેરા ભાવ. ત્રિકાળી ભગવાનભાવ, એનાથી અનેરા ભાવ. ભલે પર્યાય ક્ષાયિક હોય, પણ છે અનેરો ભાવ. આ ભાવથી અનેરો ભાવ છે. એનું અસ્તિત્વ બીજી જાતનું છે, આનું અસ્તિત્વ બીજી જાતનું છે. સમજાણું કાંઈ?

**ઔદયિક**... છેને નીચે. પુણ્ય-પાપના વિકલ્પો છે એ ઔદયિકભાવ છે. એ પરમપારિણામિક સ્વદ્રવ્યથી અનેરો ભાવ છે. ઔપશમિક સમકિત-ચારિત્ર ધર્મપર્યાય ઉપશમ ને ક્ષાયોપશિમક એ પણ પરમપારિણામિકભાવથી અન્ય ભાવ છે. ચોખ્ખું જ્ઞાન, સમકિત, ચારિત્ર વિગેરે એ પણ અન્ય ભાવ છે. ત્રિકાળીભાવથી અન્ય ભાવ છે. અને ક્ષાયિક કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત વીર્ય આદિ. **એ ચાર ભાવો પરમપારિણામિકભાવથી અન્ય હોવાને લીધે...** પરમપારિણામિક સહજસ્વરૂપ. આ તો પ્રગટેલી એવી વસ્તુ છે. ઓલી તો ત્રિકાળી સહજસ્વરૂપ છે. **પરમપારિણામિકભાવથી અન્ય હોવાને લીધે તેમને ભાવાંતરો કહ્યા છે**. ચારને અનેરા ભાવ તરીકે ભાવાંતર કહ્યા છે.

**પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ છે એવો કારણપરમાત્મા આ ચાર ભાવાંતરોને અગોચર છે**. એટલે કે ચાર ભાવને આશ્રયે એ જણાય એવો નથી. એનો (સ્વનો) આશ્રય કરે તો જણાય એમ કહે છે. અગોચર છે તો ક્ષાયિક, ઉપશમ, ક્ષયોપશમ બધું છે, પણ એ ભાવનો આશ્રયથી એ ગમ્ય થાય (એમ નથી). સમજાણું કાંઈ? આહાહા! **આદિ ચાર ભાવાંતરોને અગમ્ય હોવાથી જે (કારણપરમાત્મા)**—ત્રિકાળી ભગવાન **દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપ ઉપાધિથી જનિત...** જડદ્રવ્યકર્મથી (એ) વ્યવહાર, ભાવકર્મ વિકલ્પ આદિ, નોકર્મ શરીર, વાણી—એનાથી જનિત **વિભાવગુણપર્યાયો વિનાનો છે...** એવા વિભાવગુણની અવસ્થા વિનાનો છે. એવા ગુણની વિશેષ દશાઓના જે પ્રકાર એ બધા કારણપરમાત્મામાં નથી. સમજાણું કાંઈ? પાઠમાં છેને. ત્રીજું પદ છેને. **कम्मोपाधिसमुब्भवगुण-पज्जाएहिं वदिरित्तो**.. એટલું છે. હવે છે કેવો એની વ્યાખ્યા આવશે. (પ્રમાણ વચન ગુરુદેવ)

## મહા સુદ ૬, શુક્રવાર, તા. ૨૧-૧-૧૯૭૨
## ગાથા-૩૮, પ્રવચન નં. ૩૧

ફરીને.

**जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा ।**
**कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो ।।३८।।**
**છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,**
**—જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮.**

**ટીકા : આ, હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે.** હેયનો અર્થ કરશે કે ઉપાદેય નથી. શું આદરણીય નથી ને શું આદરણીય છે—એનું કથન છે. **જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ...** અહીં 'જીવાદિ' શબ્દ છે, પણ એમાં જીવની એક સમયની પર્યાય લેવી છે. પર્યાયનયનો જીવ. સમજાણું કાંઈ? એક સમયનો પર્યાય, એમ પુણ્ય-પાપ, આસ્રવ, ભાવબંધ, સંવર, નિર્જરા ને મોક્ષ. એમાં સાતમાં પુણ્ય-પાપ આસ્રવમાં આવી ગયા. એ સાત તત્ત્વો-પર્યાયો જે છે એ **પરદ્રવ્ય હોવાને લીધે...** એ ત્રિકાળી સ્વદ્રવ્ય નહીં. એક સમયમાં ત્રિકાળી દ્રવ્યસ્વભાવ... જ્ઞાયકભાવ દ્રવ્યસ્વભાવ કહ્યોને? એકરૂપ ત્રિકાળભાવ એ સ્વદ્રવ્ય. એ સિવાયના આ પર્યાય સંવર, નિર્જરા, મોક્ષ આદિ પણ (ત્રિકાળભાવ) નહીં માટે એને પરદ્રવ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ...** બીજી તો કહી હતી વાત એક કે પાંચમી ગાથામાં એમ પણ આવે છે કે બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વ એવો જે પરમાત્મા (એવા) બેની શ્રદ્ધા કરવી એ વ્યવહાર સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? એમ કોઈ લેવા માગે તો આમાં એમ નથી. અહીં પર્યાયનયના ભાગ બધાય છે. સમજાણું કાંઈ?

શ્રોતા : અહીં ધ્રુવની વાત છે, ધ્રુવની અપેક્ષા છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધ્રુવની અપેક્ષા નહીં, જીવની પર્યાય-એક સમયની પર્યાયની અપેક્ષાએ, એમ. જીવ, એક સમયના પર્યાયને વ્યવહારજીવ કહેવો છે. બધો વ્યવહાર લેવો છેને. વ્યવહારના પ્રકાર. તારા બાપને સમજાય છે આ બધું? ઝીણું પડે. (શ્રોતા : પ્રભુ! આપના મુખથી વાણી નીકળે એ કોને ન સમજાય?)

કહે છે કે વ્યવહારુ જીવ-પર્યાય છેને બધા? એ જીવ આખો આત્મા એનો એક સમયનો પર્યાય ક્ષયોપશમભાવનો... ક્ષયોપશમભાવ છેને? નિગોદમાંય છે. ઔદયિકભાવ એ આ આસ્રવ ને પુણ્ય-પાપમાં જાશે. સમજાણું કાંઈ? ક્ષયોપશમભાવ છેને, વિકાસનો અંશ પ્રગટ.

એને વ્યવહારજીવ કહી, પર્યાયને જીવ કહી, જીવતત્ત્વ આદિ, પુણ્ય ને પાપરૂપી આસ્રવભાવ, અટકવું (એટલે) બંધભાવ, અબંધસ્વભાવની અપેક્ષાએ આ બંધભાવ અને સંવર-નિર્જરા ને મોક્ષ, મોક્ષનો માર્ગ ને મોક્ષ—એ બધી પર્યાય છે–અવસ્થા છે. એથી ત્રિકાળીદ્રવ્યની અપેક્ષાએ એને પરદ્રવ્ય કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? લ્યો, શશીભાઈ! તમારી બોણી કરી છે. શશીભાઈ આવ્યા છે તો. અહીં બાબુભાઈ આવ્યા છે... આવું તત્ત્વ ઝીણું છે. સમજાણું કાંઈ? આહાહા!

એકકોર રામ ને એકકોર ગામ. એકકોર આત્મારામ ધ્રુવ ત્રિકાળી એકરૂપ જ્ઞાયકભાવ અને એકરૂપ સાત પર્યાયનો સમૂહ તે ગામ. સમજાણું કાંઈ? સમૂહ કહ્યો છેને. આહાહા! વીતરાગમાર્ગ એવો ઝીણો છે. તીર્થંકર સર્વજ્ઞ પરમેશ્વરે ત્રણ કાળ, ત્રણ લોક જોયા અને એની વાણીમાં આવ્યું એવું જે આ જીવતત્ત્વ (અને) દ્રવ્ય–વસ્તુ. અને આ પર્યાયોને એમણે પરદ્રવ્ય કીધા. ભગવાનની વાણીમાં એમ આવ્યું છે. સમજાણું કાંઈ? આહાહા!

કહે છે કે **જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે...** આ કારણ આપે છે. એ પર્યાયો બધા અંશ.. અંશ.. અંશ છે. મોક્ષ–કેવળજ્ઞાન, મોક્ષ–સિદ્ધ અવસ્થા પણ એક સમયની અવસ્થા છે. એ કાંઈ ત્રિકાળી ગુણ ને ત્રિકાળી દ્રવ્ય નથી. સમજાણું કાંઈ? જેટલા પર્યાયોના ભેદો એ બધાને અહીં પરદ્રવ્ય કહ્યા અને પરદ્રવ્ય હોવાને કારણે ખરેખર ઉપાદેય નથી, એમ. કેમ ઉપાદેય નથી? કે સ્વદ્રવ્ય એમાં આવતું નથી. આહાહા! સ્વદ્રવ્ય શું ને પરદ્રવ્ય શું? ભગવાન આત્મા ધ્રુવ ચૈતન્યદળ એકલો પરમ સ્વભાવભાવ એ એક સમયની દશામાં આવતો નથી. એ સ્વદ્રવ્યની અપેક્ષાએ આ સાત પર્યાયોને પરદ્રવ્ય કહેવામાં આવે છે. આહાહા! આ તમારા બધા કલકત્તાના ભેગા થયા છે. કહો, સમજાણું આમાં?

મુનિરાજે એમ કહ્યું... પાઠમાં તો હેય છે એટલે શરૂઆત કરતાં તો કીધું કે હેય-ઉપાદેયના તત્ત્વનું સ્વરૂપ છે. પણ હેય છે એમ ન કહેતાં, સાત પર્યાયોનો સમૂહ તે ઉપાદેય નથી, નજર કરવા લાયક નથી, આદરણીય નથી. સમજાણું કાંઈ? નજરનું નિધાન અખંડાનંદ પ્રભુ એ ઉપાદેય છે, એ અપેક્ષાએ આ સાત પર્યાયો ધર્મી જીવને આદરણીય, અંગીકાર કરવાલાયક નથી. મોક્ષમાર્ગ (પ્રકાશક)માં તો એમ કહે કે સંવર હિતકર છે, સંવર ઉપાદેય છે, નિર્જરા હિતકર છે, બંધ અહિતકર છે, મોક્ષ પરમ હિતકર છે. આરે! સમજાણું કાંઈ? લ્યો, એ આવ્યું. ક્યાં કોને ખબર ક્યાંથી આવ્યું? એમ કે આની સામે ન્યાં તો આવું કહ્યું છે? ત્યાં બીજી અપેક્ષા છે. ભિન્ન-ભિન્ન ગ્રહણ કરવાલાયક ને પ્રગટ કરવાલાયક ચીજ કઈ છે એ અપેક્ષાએ એને સંવરને ઉપાદેય, નિર્જરાને હિતકર, મોક્ષને પરમ હિતકર (કહ્યા), એને અહીંયા પરદ્રવ્ય કીધા છે. સમજાણું કાંઈ? એને સાતમાં હેય ને ઉપાદેય નાખીને... સમજાણું કાંઈ? ઉત્પન્ન કરવાલાયક છે ને વ્યય કરવાલાયક છે એ અપેક્ષાએ આ વાત કરી. અહીં તો ઉત્પન્ન થયેલા

હો, સંવર-નિર્જરા આદિ, સમજાય છે કાંઈ? એને આશ્રયે નવી ધર્મદશા પ્રગટ થતી નથી. બરાબર છે?

(શ્રોતા : આશ્રય એનો નથી કેમકે એ એક સમયની પર્યાય છે). પર્યાય છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અંતર્મુખ વસ્તુ... અંતઃતત્ત્વ કહ્યુંને. આમ **जीवादिबहित्तच्चं**.. તો એનો અર્થ થયો કે આત્મા અંતઃતત્ત્વં. આ તો માખણની વાતું છે. વીતરાગના જૈનદર્શન, તીર્થંકરના પેટ ખોલ્યા છે આમાં તો. આહાહા! અહીં તો હજી દયા, દાન, વ્રત ને ભક્તિના શુભભાવ એ પણ ઉપાદેય માનીને અટક્યા છે. આહાહા! એને તો ક્યાંય આઘું હવે જાવું પડશે, એને આ આકરું પડે. વ્રત, નિયમ, અપવાસ આ બધું કરે, એમાં રાગની મંદતા હોય, એને એ ઉપાદેય માને. અહીં તો કહે છે કે સંવર, નિર્જરા(રૂપ) મોક્ષનો માર્ગ પ્રગટ્યો એ પણ આશ્રય કરવાલાયક નથી માટે તેને પરદ્રવ્ય કહેવામાં આવે છે. અરે! જન્મ-મરણના આંટા મૂકવા છે ભાઈ! આહાહા! સવારે કહ્યું હતુંને છોકરાને, રજકણ તારા રખડશે..

રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત,
પછી નર તન પામીશ ક્યાં, ચેત ચેત નર ચેત.

છોકરાને પૂછ્યું, આ ‘ચેત ચેત’ ભણવા માટે ચેત એમ કહ્યું છે આમાં? ભણવામાં ચેત? આહા! ભાઈ! તારી મહા ચીજ એ પર્યાય ને રાગની રુચિમાં રહી જાય છે. સમજાય છે કાંઈ? સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ જૈન પરમેશ્વરે જે જ્ઞાનમાં જોયું અને કહ્યું કે ભગવાન! તારી એક સમયની પર્યાય અને એક સમયનો જે રાગાદિ સુખ એની આડમાં, એની રુચિમાં ભગવાનનો એકલો અનાદર થઈ જાય છે. તારા ભગવાનનો તને અનાદર થાય છે અને પામરને તેં પ્રભુતા આપી દીધી છે. સમજાણું કાંઈ? આહાહા! અરે! સંતો... ભગવાનની વાણીમાં જ્યારે આવતું હશે સમવસરણમાં, જ્યાં ઇન્દ્રો એકાવતારી સાંભળતા હશે. આહાહા! સમજાણું કાંઈ?

શ્રોતા : આપ પણ સાંભળવા જતા હતા.

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, પણ વિરહ પડી ગયાને એના. એની અહીં તો વાત ચાલે છે. આહાહા! સમજાણું કાંઈ? એ ઇન્દ્રો એકાવતારી હોં, અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર ને ઇશાનેન્દ્ર. ૩૨ લાખ વિમાન જેને ઘરે, એક-એક વિમાનમાં અસંખ્ય દેવ, કરોડો અપ્સરાઓ, શરીર મણિરતનના પૂતળા તે વૈક્રેયિક શરીર. આ ધાનના ઢીંગલાથી બન્યું એ નહીં. અહીં તો એક દિવસ જ્યાં તાવ આવે સરખાઈનો ૧૦૬ ડિગ્રી... શેઠ! એને ન મળે એવા શરીર. અરે! આ નહીં, નહીં. અરે! અમે ક્યાં છીએ એને સાંભળવા ભગવાન પાસે જઈએ છીએ. ખબરવાળાય જાય છે સાંભળવા. સમજાણું કાંઈ? આહાહા!

આને તો પોતાને કાંઈક મળતું હોય આઠ આના-રૂપિયો, ઘરાક આવ્યો હોય તો સાંભળવાનું ચૂકી જાય. સાંભળવાનું તો દરરોજ મળશે, કાલેય મળશે. જયંતિભાઈ! કોઈક એક રૂપિયો, પા કલાકમાં એક રૂપિયો આપનારો મળે વ્યાજનો, ફલાણું. આ નવ વાગ્યે વ્યાખ્યાન પૂરું થશે અને તમે નવ વાગ્યે તો ... માંડી. કાઢ વ્યવહાર. આહાહા! એટલે દૂરથી–ઉપરથી ઇન્દ્રો હેઠે ઉતરે. આહાહા! એ ભગવાનની વાણીમાં એમ આવ્યું અને એમ આવે છે. ભગવાન પાસે છેને જીવ... ભાઈ! પર્યાયનો પ્રગટ તારો અંશ હોં ક્ષયોપશમનો, ભાઈ! ક્ષયોપશમનો લીધો છે અહીં, ઓલો ઉદયનો આસ્રવમાં જાય છે. જીવનો પર્યાય.

ત્રણ ભાવ છેને નિગોદમાંય. પારિણામિકભાવ, ક્ષયોપશમભાવ, ઉદયભાવ—ત્રણ ભાવ છે. સમજાણું કાંઈ? ત્યારે ઔદયિકભાવ એ તો વિભાવમાં જાય છે, એ તો આસ્રવ, પુણ્ય-પાપ, બંધમાં જાય છે. સમજાણું કાંઈ? અને ક્ષયોપશમનો અંશ જે છે જ્ઞાનનો, સમજાણું? એ એની એક સમયની પર્યાયનો ભાવ છે. એ એક સમયની પર્યાય–અવસ્થા, આસ્રવનો વિકાર, તે સમયે બંધ–અટકવું, એનો અભાવ થઈને સંવર-નિર્જરા થાય, એનો વ્યય થઈને આ સંવર-નિર્જરા ઉત્પાદ થાય. આ ઉત્પાદ ને ઓલો વ્યય. સમજાણું કાંઈ? આસ્રવ-બંધનો વ્યય, સંવર-નિર્જરા અને મોક્ષનો ઉત્પાદ જીવની એક સમયની પર્યાયમાં આ બધું થાય. ભગવાન! તારી પૂંજી મોટી છે. મહાપ્રભુની પૂંજી આગળ સાત પર્યાયનો સમૂહ એને પરદ્રવ્ય કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

અહીં તો મતિ ને શ્રુતજ્ઞાનનો અંશ હોય લ્યોને. મતિ-શ્રુતનો સમ્યગ્જ્ઞાનનો અંશ. મગજમાં તો આવ્યું હતું કે આ ભણેલું-ફણેલું જે જ્ઞાન ક્ષયોપશમનો અંશ છે એને પરદ્રવ્ય કીધું. આહાહા! ગજબ વાત છે. જે સ્વને અવલંબે પ્રગટેલું સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાન કે કેવળજ્ઞાન છે એને, અંશ તરીકે છે માટે પરદ્રવ્ય તરીકે કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? આ તમારા માટે લેવડાવ્યું હોં. વીરચંદભાઈએ કહ્યું હતું, પછી આણે દલાલી કરી થોડી. આહાહા! આવો માર્ગ ભગવાન! 'ધ્યાનમાં તો રાખ' એમ નથી કહેતા? એ લક્ષ ઉપર તો લે. નથી કહેતા? એલા! આ વાત કહું છે એ લક્ષ ઉપર તો લે. એમ નથી કહેતા? એમને એમ કાઢી નાખે છે તું? આ સંસારની વાત... કોઈ એવું હોય, પણ હું કહું એ લક્ષ ઉપર તો લે. એમ નથી કહેતા? એમ ભગવાન કહે છે કે અમે કહીએ એ જરી તારા જ્ઞાનની પર્યાયમાં લક્ષરૂપ તો લે. સમજાણું કાંઈ?

**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે...** પાઠમાં હેય છે, ટીકામાં પણ પહેલો એનો અર્થ એવો જ કર્યો. પણ હેય જરીક ચીજ એવી છે કે આ હેય છે.. હેય છે.. એમ (કહેવા) કરતાં ઉપાદેય નથી, આદરણીય નથી એમ અર્થ કર્યો. સંવર-નિર્જરા ને મોક્ષ આદરણીય નથી. 'એક સમયની પર્યાય' કહીને બે વાર. એક સમયની પર્યાય બધી પર્યાયો.

એક સમયની પર્યાયને જીવતત્ત્વ કહ્યું. આ આખું જીવદ્રવ્ય છે એ જુદું. એ સ્વદ્રવ્યમાં આવશે. સમજાણું કાંઈ? આહાહા! **ખરેખર ઉપાદેય નથી**. એમ જાણને. **परद्रव्यत्वान्न** છેને? **जीवादिसप्ततत्त्वजातं परद्रव्यत्वान्न ह्युपादेयम्... न उपादेयम्...** 'ખરેખર' ક્યાંથી કાઢ્યું? **ही**.. હા, એ. **परद्रव्यत्वान्न ही उपादेयम्...** સંધિ કરી. **परद्रव्यत्वान्न ही उपादेयम्..** બરાબર છે. સમજાણું કાંઈ? **ही**–ખરેખર જીવનો એક સમયનો ક્ષયોપશમ પર્યાય... પાછા ભાવ વધારે જુદા પાડે છે. અને એક સમયનો પુણ્યનો વિકલ્પ કે પાપનો વિકલ્પ કે બેય થઈને આસ્રવ એ ઔદયિકભાવ લેવો અને સંવર-નિર્જરા એ ક્ષયોપશમભાવ આદિ અને કેવળજ્ઞાન ક્ષાયિકભાવ આદિ લેવો. સમજાણું કાંઈ?

એ બધી પર્યાયોનો સમૂહ પરદ્રવ્ય હોવાને કારણે ખરેખર આદરણીય નથી. આહા! હવે, આદરણીય કોણ છે? હવે આ બાજુથી લેશે. ઇન્દ્રિયના ફેલાવની વ્યાખ્યા કરી હતીને કાલ. એ વિચાર તો ઘણા વખત પહેલા આ ૩૧મી ગાથાની સિવાયમાં આવેલો. ભઈ, આ નગ્નપણું કહ્યું એ શું? એમ આવ્યું. નગ્ન કોણ થઈ શકે? સમજાણું કાંઈ? કે જેને ઇન્દ્રિયનિગ્રહ દૃષ્ટિમાં તો છે, પણ જેને અસ્થિરતા છૂટીને નિગ્રહ થઈ ગયો છે એને નગ્નપણું હોય. પાંચેય ઇન્દ્રિયનો વિસ્તાર અસ્થિરતાનો ઘટી ગયો છે એટલે એની દશા જ એવી હોય છે. પછી વળી કાલ એની ૩૧થી વાત કરી. ૩૧ ગાથા છેને. આ આવ્યો હતો વિચાર ઘણા વર્ષો પહેલાં. નગ્નપણું એટલે શું? કે જેને પાંચ ઇન્દ્રિયનો નિરોધ દૃષ્ટિની અપેક્ષાએ તો થઈ ગયો છે. એ તો સમ્યગ્દૃષ્ટિને પણ છે. સમજાણું કાંઈ?

પાંચ ઇન્દ્રિય જે ખંડ-ઇન્દ્રિય છે અને આ તો જડ એ તો પર. એનો નિગ્રહ થઈને અણીન્દ્રિય દૃષ્ટિ થઈ ત્યારે એને સમ્યગ્દર્શન થાય છે. એ તો ચોથે ગુણસ્થાને હોય છે. પણ મુનિને? આ 'ફેલાવ' શબ્દ હતો એ ઉપરથી વિચાર આવ્યો હતો ઘણા વર્ષ પહેલા. શું કહે છે આ? આમ પાંચ ઇન્દ્રિય તરફની અસ્થિરતાનો જે ભાવ છે, જે જ્ઞેય તરીકે ચોથે હતો, સમજાણું કાંઈ? એ પણ ટળ્યો છે જેને, ત્યારે એને નગ્નદશા થઈ જાય છે આમ. કાંઈ રહેતું નથી. સમજાણું કાંઈ? આવી સ્થિતિ છે હોં, વસ્તુની સ્થિતિ આવી છે. એથી કહે છે, એ ક્યાંથી હઠ્યો છે? મુનિથી વાત કરે છે. પોતે મુનિ છેને એટલે મુનિપણાથી વાત કરે છે. એથી કરીને સમ્યગ્દૃષ્ટિનો પણ આમાંથી ભેદ (-પ્રકાર) બીજો હોય એમ નથી અને આવું સમકિત મુનિને જ થાય એમ નથી. પણ મુનિની દશામાં છે તેથી મુનિથી વાત કરી રહ્યા છે. એ કાલ કહ્યુ હતું છઠ્ઠી ગાથાનું. સમજાણું કાંઈ? અહીંયા જ્યારે ઉપાદેય નથી ત્યારે હવે આમ ઉદાસ થઈ જાય છે પરથી એકદમ–આખું.

**સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણિ છે...** એક તો સ્વભાવિક વૈરાગ્ય, એવો જે મહેલ... મોટો શું કહેવાય? ચક્રવર્તીને પાંચ હોય છેને મોટા. ચક્રવર્તીને પાંચ મોટા હોય

છે દેવે બનાવેલા મોટા. બંગલા. બંગલા શબ્દ અત્યારે છે. અહીંની ભાષા એ. પ્રાસાદ.. પ્રાસાદ. મોટા પ્રાસાદ છે. ચક્રવર્તીને દેવ બનાવી આપે મોટા પાંચ. એ તો અલૌકિક હોય. એના એક-એકમાં હીરા મૂક્યા હોય એની અબજો રૂપિયાની કિંમત. એક-એક હીરો મૂક્યો હોય. એની આખાની તો બહુ જબ્બર (કિંમત). પાંચ થાય આમ પાંચ બાજુ પાંચ, ચક્રવર્તીને. એ વૈરાગ્યરૂપી મહેલ–પ્રાસાદ મોટો, એનું શિખર, એનું શિખામણિ. રતન ઉપર હોય. છેને નીચે (અર્થ) કર્યો જુઓ! **ટોચ ઉપરનું રતન, ચૂડામણિ** કર્યું છે. એ શિખામણિ છે.

**પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે...** આ પરદ્રવ્ય કીધાને એનાથી પરાઙ્મુખ છે. સમજાણું કાંઈ? **પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત...** જેને પાંચ ઇન્દ્રિયની એકતાબુદ્ધિ ખંડ-ઇન્દ્રિયથી તો ગઈ છે, પણ પાંચ ઇન્દ્રિયની અસ્થિરતાનો ભાગ જે હતો એ જ્ઞેય તરીકે સમકિતીને છે, એ પણ એને (-મુનિને) અહીં ટળી ગયો છે. સમજાણું કાંઈ? કોઈ વસ્તુનો એક અંશ વસ્ત્રથી એને ઢાંકવો પડે એ ચીજની સ્થિતિમાં જ એ હોતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? **પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત...** પાંચ ઇન્દ્રિય વિસ્તાર જ પામતી નથી અસ્થિરતામાં. અતીન્દ્રિયમાં અંદર સમાઈ ગયો છે અંદર. મુનિ કોને કહે? આહાહા! સમજાણું કાંઈ? જૈનના મુનિ આવા હોય. સમજાણું કાંઈ? આહાહા!

**દેહમાત્ર જેને પરિગ્રહ છે...** એક શરીર જ હોય એને. વસ્ત્રનો એક ધાગો પણ ન હોય. ન હોય એનું કારણ આ. પાંચે ઇન્દ્રિયોની ચળાચળની અસ્થિરતા પણ ટળી ગઈ છે, એટલે આખા આત્મામાં અણીન્દ્રિયપણું પ્રગટ થઈ ગયું છે આખું. સમજાણું કાંઈ? આહાહા! એનું નામ મુનિ છે. એકલા નાગા ફરે અને અંદર ભાન ન મળે એ મુનિ નહીં, એમ કહે છે. કાલ રામજીભાઈ બોલ્યા હતાને ૩૧ ગાથા. પણ ૩૧ ગાથા એણે સંભારી હતી એટલે નહીંતર મારો આ કહેવાનો (ભાવ) ૩૧ ગાથાથી નહીં. સમજાણું કાંઈ? મારે તો અંદરથી આવ્યું હતું આ. આ શું પણ? એક કટકોય નહીં... ઓલી અણીન્દ્રિય દશા થઈ ગઈ છે એટલે કોઈ પણ ઇન્દ્રિયના ભાગને ઢાંકવું એ એને હોઈ શકે જ નહીં. ખુલી ગયું બધું એને અણીન્દ્રિયપણું. સમજાણું કાંઈ? આહાહા! આવા જૈનના સાધુ હોય એમ કહે છે. નવનીતભાઈ!

પાછલી પહોરે.. નથી આવતું? 'પિછલી રૈનીમેં..' છઢાળા (ઢાળ ૬, પદ ૫)માં. હા, એ. 'કછુ શયન એકાસન કરન.' આહાહા! રાત્રિના પાછલા ભાગમાં થોડું એકાસન આમ જરી પોણી સેકંડની અંદર નિદ્રા હોય. મુનિ છે એને પોણી સેકંડની અંદર નિદ્રા હોય. એક સેકંડની જો નિદ્રા આવી જાય તો મુનિનું ગુણસ્થાન ન રહી શકે. સમજાય છે કાંઈ? અહીં કહે છે, આવા મુનિઓને આવો આત્મા ઉપાદેય છે. એમ કહેવું છે એને. સમજાણું કાંઈ? આહાહા! દેહમાત્ર જેને પરિગ્રહ છે. કાલે કહ્યું હતુંને. શ્રીમદ્‌માં છે. 'દેહમાત્ર સંયમ હેતુ હોય જો..' શ્રીમદે પોતે કહ્યું છે. દેહમાત્ર નિમિત્ત હોય છે, બસ. છતાં ઓલા પહેલાના શબ્દો હોયને એમાં વળગાડ્યું

આ લોકોએ–શ્રીમદ્‌ના અનુયાયીઓએ. સમજે નહીં. ઓલા.... જુઓ! 'જાતિ વેષનો ભેદ નહીં કહ્યો માર્ગ જો હોય..' ન્યાં વળગે. જુઓ! આમાં જાતિ-વેષ ગમે તે હો, વસ્ત્રાદિ પણ હો, તો પણ એ મુનિ છે. અરે! એમ નથી, ભાઈ! સાંભળને! સમજાણું કાંઈ? દેહમાત્ર જેને નિમિત્ત પરિગ્રહ રહી જાય છે. એ આયુષ્ય પૂર્ણ થયા વિના છૂટતું નથી એટલે. બાકી બધું છૂટી જાય છે.

**જે પરમ જિનયોગીશ્વર છે...** પરમ જિન... વસ્તુસ્વરૂપ જે ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદનો નાથ એમાં જેની જોડાણ દશા પરમ ઉગ્ર થઈ ગઈ છે. સમજાણું કાંઈ? પરમ જિનયોગીશ્વર છે એ. આ સંત, આ જૈનના સંત. જૈનના સંત એટલે જ સંત, બાકી સંત હોઈ શકે નહીં ક્યાંય. જૈન પરમેશ્વરની વિધિની રીત સિવાય કોઈ ઠેકાણે મુનિ સાચા હોઈ શકે નહીં. કેટલાક કહે છેને, ણમો લોએ સવ્વ સાહૂણં. ન્યાં એમ કહ્યું ક્યાં કહ્યું છે કે જૈનના સાધુ? ત્યાં તો 'લોએ સવ્વ સાહૂણં' (કહ્યું છે). એ માવાણી! અરે ભગવાન! તને ખબર નથી પ્રભુ! જૈન એટલે આવું વસ્તુનું સ્વરૂપ જે છે પરમાનંદનો ધામ, ભગવાન સર્વજ્ઞે કહ્યો એવો જેણે દૃષ્ટિમાં લીધો છે અને જ્યાં જિન નામ થંભી ગયો છે એ દશા આને જ હોય, એ દશા બીજાને હોય નહીં. સમજાણું કાંઈ?

સંવર-નિર્જરાની દશાવાળો મુનિ કેવો હોય એની વાત કરે છે. સમજાણું? એની ઓળખાણ આપે છે. એ આત્મા આવા આત્માને ઉપાદેય માને છે, એમ કહે છે. આહાહા! વીતરાગનો માર્ગ ઝીણો બહુ. લોકોને બિચારાને મળ્યો નથી સાંભળવા. અન્ય માર્ગને જૈનમાર્ગ માની બેઠા છે. સમજાણું કાંઈ? શ્રીમદ્‌માં આવે છેને ભાઈ! 'અન્ય માર્ગને જૈનમાર્ગ માને, એ જ પરમ સત્ય બહાર આવતાં માથું કપાઈ જાય એવું થઈ જાય છે'. હા, બોલ લીધા છે એમાં લખ્યું છે. આહાહા! કંઈક એક પણ પરમસત્ય બહાર આવતાં એને થાય કે હાય.. હાય.. અરર! આ તો આપણે છૂટી ગયું બધું. ભાઈ! પ્રભુ! એમ નથી હોં. તને સ્વરૂપની સ્થિતિ શું છે (એ ખબર નથી).

સર્વજ્ઞ પરમેશ્વરે જેવો ભાવ જોયો છે એવો છે એ. એવા ભાવમાં જેને... પરમાનંદનું ધામ ભગવાન પોતે ભગવાન હોં, બીજો ભગવાન એની પાસે રહ્યા. બીજો ભગવાન તો પરદ્રવ્ય છે. આહાહા! પોતાનો.. આવશે આમાં હોં આગળ. સમજાણું? પોતાનો નિજ આત્મા, એમ આવશે. નિજ પરમાત્મા સિવાય, બસ એ. નિજ પરમાત્મા.. જુઓ! છે એમાં. નિજ પરમાત્મા–આ પરમાત્મા. બીજો ભગવાન થઈ ગયા એ તો એના થયા. એમાં આને શું? સમજાણું કાંઈ? નિજ–પોતાનો પરમાત્મા અખંડ આનંદનું ધામ, પૂર્ણ જ્ઞાન, વીતરાગની મૂર્તિ અદર સ્વરૂપ પોતાનું, એવા નિજ પરમાત્મા સિવાય... એ પરમાત્મામાં જિન–પરમજિન... જેણે અંતરમાં જોડી દીધી છે દૃષ્ટિને એકતાએ.

એવા પરમ યોગીશ્વર... પરમ જિનયોગીશ્વર... યોગ એટલે સ્વરૂપમાં અંતર પૂર્ણાનંદ પ્રભુ એમાં જેણે યોગ જોડી દીધો છે એને યોગી કહેવામાં આવે છે. ઓલા બાવા-બાવાને યોગી

કહે એ નહીં. સમજાણું કાંઈ? આહાહા! એવા યોગીમાં પણ ઈશ્વર છે એમ કહે છે. કેમ? કે ચોથા ગુણસ્થાનવાળા સમકિતિ પણ યોગી છે. જેણે આત્માનો યોગ સાધ્યો છે અંદરથી. સમજાણું કાંઈ? પંચમ ગુણસ્થાનવાળા શ્રાવક સાચા હોં. આ વાડાના એ કાંઈ શ્રાવક નથી. એ કોથળીમાં કરિયાતું ને ઉપર લખે સાકર, એથી કરિયાતા કાંઈ મીઠા થઈ જાય? સમજાણું કાંઈ? અમે શ્રાવક છીએ. બાપા! શ્રાવકના મોઢા મોટા છે બાપુ! એ શ્રાવક કોઈ વાડાની રીત નથી. પરમાનંદની મૂર્તિ ભગવાનમાં જેણે યોગ જોડી દીધો છે વિશેષ અને જેણે ઘણો જોગ જોડી દીધો એ મુનિ જિન યોગીશ્વર છે–યોગીમાં ઈશ્વર છે. સમજાણું કાંઈ? આહાહા!

**સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે...** દેખો! ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, જિન પરમેશ્વર વીતરાગે જે કેવળજ્ઞાનમાં જોયો એવો. **સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે**... તીક્ષ્ણ બુદ્ધિ પકડવાની છે એમ કહે છે. સમજાય છે કાંઈ? એ સમાણીએ મોતી પકડાય, સાણસે મોતી ન પકડાય. સાણસે સર્પ પકડાય, પણ સાણસે મોતી પકડાય નહીં. આ છોડીયું નથી કરતી? શું કરે છે? આ તોરણ કરે. આ ... વડે. સાણસો લેતા હશે? એમ ભગવાનને પકડવા માટે તીક્ષ્ણ બુદ્ધિ જોઈએ. ભગવાન કોણ? પોતે. સમજાણું કાંઈ? 'સ્વદ્રવ્ય' આવ્યુંને. સ્વદ્રવ્ય એટલે ભગવાન પોતે આત્મા પૂર્ણાનંદનો નાથ અખંડ વીતરાગમૂર્તિ પ્રભુ. એવું જે સ્વદ્રવ્ય એટલે પોતે આત્મા એમાં જેની.. જેની તીક્ષ્ણ બુદ્ધિ એવો આત્મા, એમ. જેની તીક્ષ્ણ બુદ્ધિ છે એવા આત્માને જ્ઞાનની તીક્ષ્ણબુદ્ધિથી જેણે આત્મામાં જોડાણ કરી નાખ્યું છે. આત્માને આખો પકડ્યો છે જેણે. સમજાણું કાંઈ?

**જેની તીક્ષ્ણબુદ્ધિ છે—એવા આત્માને...** આવા આત્માને '**આત્મા**'... એવો આત્મા **ખરેખર ઉપાદેય છે.** ઉપાદેય તો પર્યાય થઈ પાછી. પર્યાય દ્વારા ઉપાદેય થાય છેને? પર્યાય ઉપાદેય નહીં, પણ પર્યાય દ્વારા આવો આત્મા ઉપાદેય છે. આહાહા! વળી જેને–પર્યાયને પરદ્રવ્ય કીધું હતું. સમજાણું કાંઈ? બાપુ! આ તો અંતરના પ્યાલા છે. સમજાણું કાંઈ? અરે! ભગવાન પોતે સ્વદ્રવ્ય એમાં જેની તીક્ષ્ણબુદ્ધિ છે એવા આત્માને.. એવા આત્માને આ આત્મા ઉપાદેય છે. સમજાણું કાંઈ? એટલે આમાંથી કોઈ કાઢે કે જુઓ! આવાને–આવા આત્માને (એમાં) ચોથા ગુણસ્થાનની ક્યાં વાત છે અહીં? અરે ભાઈ! સાંભળને પ્રભુ! આ તો પોતે મુનિની દશામાં ઊભા છે એટલે ત્યાંથી વાત કરે છે. સમજાણું કાંઈ?

બાકી સમ્યગ્દર્શનમાં પણ ચોથા ગુણસ્થાનની દશા કે શ્રાવક ને મુનિ થવા પહેલા, જૈન પહેલો થાય ત્યારે, જૈન એટલે વસ્તુનો જિતનાર (અર્થાત્) રાગ-અજ્ઞાનને જિતીને સ્વરૂપમાં જોડાણ કર્યું છે. આહાહા! એવો સમ્યગ્દૃષ્ટિ તીક્ષ્ણ બુદ્ધિથી આત્માને જ પકડે છે. એને આત્મા જ ઉપાદેય છે, બીજો ઉપાદેય છે નહીં. ભારે વાતું ભાઈ આકરી! ઓલું તો કહે, દયા પાળવી, કંદમૂળ ન ખાવા, ચોવિહાર કરવો, અપવાસ કરવા, આઠમ-પાંખીના કરવા—એવી વાત તો

આવી નહીં આમાં. અરે! એ તો બધી રાગની મંદતાની વાતું છે, સાંભળને! એ કાંઈ ધર્મ-બર્મ નથી. આહાહા! સમજાણું કાંઈ? ચીમનભાઈ! લ્યો, ચીમનભાઈ તાકડે આવી ગયા છે. ધંધામાં થોડો વખત મળે તો આવી જાય વચમાં.

આવા આત્માને આવો આત્મા... આહાહા! આવા આત્માને... એ આત્મા કેવો એ પછી કહેશે. સામાન્ય વાત કરી જે આ સ્વદ્રવ્ય. સમજાય છે? એવા તીક્ષ્ણ બુદ્ધિવાળા આત્માને આ સ્વદ્રવ્ય એટલે આવો આત્મા ખરેખર ઉપાદેય છે, એ જ આદરણીય છે, તેમાં જ દૃષ્ટિ મૂકવા જેવી છે, તેમાં દૃષ્ટિનો પ્રસાર કરવા જેવો છે. આહાહા! ભારે ભાઈ આ! આમાં સમજવું બહુ ભારે. આહાહા! પછી કહ્યું.. હવે ઓલું ત્રીજું પદ છેને. **जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा..** એ સાધારણ વ્યાખ્યા હતી, પછી આત્માની વિશેષ. **कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं.. गुणपज्जाए.** એટલે ગુણનો અર્થ જ ગુણની પર્યાય. કર્મના ઉપાધિથી ઉત્પન્ન થયેલી અવસ્થા, એમ. એને ચારે ભાવમાં નાખે છે. ઔદયિક, પુણ્ય-પાપના દયા, દાન પૂજા ભક્તિનો ભાવ વિકલ્પ–રાગ એ ઔદયિકભાવ છે. સમજાણું કાંઈ?

છેને? **ઔદયિક આદિ** એટલે ચાર. નીચે છે જુઓ! **ભાવાંતરો** છેને? એટલે શુદ્ધ પરમસ્વભાવભાવ ત્રિકાળ એ સ્વ-ભાવ, એની અપેક્ષાએ આ ચાર ભાવ અનેરા ભાવ છે. એ પર્યાયના ભાવ એ અનેરા ભાવ છે. દ્રવ્યના ભાવથી પર્યાયનો ભાવ અનેરા ભાવ છે. **(ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક—એ** પર્યાયના ભાવ છે. અને પરમપારિણામિક એ સ્વદ્રવ્યનો ત્રિકાળી ભાવ છે. સમજાણું કાંઈ? આહાહા! અહીં તો દેવ-ગુરુથી ધર્મ થાય એ વાતેય આમાં રહી નહીં. દેવ-ગુરુની ભક્તિ કરીએ તો ધર્મ થાય એ વાત પણ રહી નહીં. આહાહા! આ તો ભારે કામ ભાઈ! ઓલા કહે કે ગુરુને પકડો. આપણે ગુરુને પકડો, એને માનતા આપણો મોક્ષ થઈ જશે. ભગવાન કહે છે કે એ તારી વાત (ખોટી છે). તું ગુરુ કહે એ ગુરુ તારો આત્મા. સુજાનમલજી! એ ગુરુ તારો. બહારના ગુરુ તો પછી વ્યવહારે કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

**ઔદયિક, ઔપશમિક**... નીચે છેને. ઉપશમ કોને કહીએ? કે જેમ પાણીમાં કાદવ હોય ને કાદવ બેસી જાય રજકણ ને પાણી ઠરે, એમ અંદર કર્મનો ઉદય મંદ પડી જાય, ઠરે અને ઉપશમભાવ થાય. છે એ ધર્મની પર્યાય, પણ છે અવસ્થા. એથી ત્રિકાળી જ્ઞાયકભાવનો ભાવ એનાથી ઉપશમભાવ પણ અનેરો ભાવ છે. **ક્ષાયોપશમિક** ભાવ... ભલે સમ્યગ્જ્ઞાન-દર્શનાદિ હો, પણ એ ક્ષયોપશમ અવસ્થા, એ ત્રિકાળી જ્ઞાયકભાવ અંતઃતત્ત્વ પ્રભુ સ્વદ્રવ્ય પરમાત્મા નિજસ્વરૂપ એનાથી આ ક્ષયોપશમભાવ પણ અનેરો ભાવ છે. ભાવાંતર—અનેરો ભાવ, ભાવથી અનેરો ભાવ. ત્રિકાળભાવ ભગવાન આત્મા એનાથી આ અનેરો ભાવ છે. સમજાણું કાંઈ? આહાહા! ભારે ભાઈ! પહેલાં તો શું કહે છે એ પકડવું કઠણ પડે અને બહારના લાકડા

ગરી ગયા હોય ઘણાને. વાત સાચી. ગજથી ન પકડ્યા હોય એને સહેલું પડે ઝટ. આહાહા! મોટા માને, મોટા બાદશાહ છીએ, બેરીસ્ટર છીએ, અમે આવા છીએ, ભાષણ કરનારા છીએ. પણ અરે ભગવાન! સાંભળને ભાઈ!

અહીં તો કહે છે કે સ્વદ્રવ્ય એવો પરમ નિજ પરમાત્મા આનંદકંદ ધ્રુવ, એની અપેક્ષાએ આ ક્ષયોપશમજ્ઞાન, સમકિત, ચારિત્રાદિ અનેરો ભાવ છે. અને **ક્ષાયિક**. એ અનેરો ભાવ છે. એક સમયની પર્યાય છેને. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત વીર્ય, અનંત સુખ, પોતાના સ્વરૂપનું દાન, લાભ, ભોગ, ઉપભોગ આવે છેને? નવ બોલમાં. પોતાની પર્યાયમાં પોતાનું સંપૂર્ણ દાન, આનંદનું દાન, આનંદનો લાભ, આનંદનો અનુભવ, વારંવાર એનો અનુભવ અને વીર્ય.—એ બધી પર્યાયો ક્ષાયિકની એક સમયની દશા છે, એ ત્રિકાળી ભગવાનની અપેક્ષાએ એને પરભાવ કહ્યો છે. સમજાણું કાંઈ?

**ઔદયિક આદિ ચાર ભાવાંતરોને...** ભાવાંતરોને એટલે અનેરા ભાવને. અનેરા કોનાથી? કે ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવભાવથી અનેરી પર્યાય-અનેરા ભાવ. એનાથી **અગોચર** છે. કહે છે કે એ ચાર પર્યાયને આશ્રયે તે આત્મા અનુભવમાં આવતો નથી. ગોચર તો ક્ષયોપશમ, ઉપશમ ને ક્ષાયિકને (આત્મા) ગમ્ય જ છે. પણ અહીં તો સિદ્ધ એમ કરવું છે કે જે પર્યાય છે એને આશ્રયે પારિણામિકભાવનો અનુભવ થાય નહીં, એટલી વાત છે. ત્રિકાળી ભગવાન આત્મામાં અંતર ઢળતાં અંતર આત્માનો અનુભવ થાય. ફરીને. આત્મા અંતર વસ્તુ છે. આ (શરીર) તો હાડકાં, પર, જડ છે, આ તો અજીવ છે, આ કાંઈ આત્મા નથી. વાણી અજીવ છે, આત્મા નથી, કર્મ અજીવ છે, આત્મા નથી.

હવે પુણ્ય-પાપના વિકલ્પ એ આત્મા નથી, એ ઔદયિકભાવમાં ગયા. હવે અહીં એની અંદર પર્યાય પ્રગટ થઈ છે—ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક એ પણ એક સમયની દશા છે. ભગવાન ત્રિકાળ અખંડ આનંદનો પુંજ ધ્રુવ પ્રભુ છે. એની અપેક્ષાએ એને અનેરો ભાવ કહેવામાં આવે છે. એને અગમ્ય છે એમ કીધું. એનો અર્થ, ગમ્ય તો છે, પણ ચાર પ્રકારની પર્યાયને આશ્રયે પારિણામિકભાવનો અનુભવ થતો નથી. એમ કહેવું છે અહીં. આરે, ભારે અટપટી ભાષા આવી. જવાહરલાલજી! આહાહા! આ તો લોજીકથી વાત ચાલે છે હોં. એમને એમ નહીં. હવે કોઈ દિ' એને પડખે ચડ્યો નથી, સત્યને પડખે કોઈ દિ' આવ્યો જ નથી. એમને એમ અસત્યના પડખા ફેરવી જીંદગી પૂરી કરીને જાય ચોરાશીની ગતિમાં. આહાહા!

કહે છે કે ભગવાન આત્મા, એના બે અંશો. એક ત્રિકાળી ધ્રુવ અંશ અનાદિ-અનંત, એક વર્તમાન પર્યાયનો અંશ, જે સાત પર્યાય છે આ ભાવ. એ પર્યાયને આશ્રયે આત્માનો અનુભવ ન થાય. ત્રિકાળીને આશ્રયે થાય માટે ચાર ભાવથી અગમ્ય કહેવામાં આવ્યો છે. બાકી ગમ્ય તો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકને છે, પણ ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશને આશ્રયે એનો અનુભવ ન થાય. એનો આશ્રય કરવા જાય ને આત્માનો અનુભવ થાય એમ નહીં. સમજાણું

કાંઈ? વળી કહે, આ તો નિશ્ચયની વાતું આવે છે. એમ છે. એને પામવાના કોઈ સાધન-ફાધન હશે કે નહીં? આ સાધન છે, સાંભળને! આહાહા! ભાઈ! તને ખબર નથી. ... ઘણા છે. બપોરે વ્યાખ્યાન થયું, રાત્રે એક મારવાડી આવ્યો. આપ વાત કરો છો, પણ એનું સાધન? એમ કે આ ભક્તિ કરવી, આ ગુરુને માનવા, ગુરુ પાસે બખબખિયા કરીને ભૂલી જવું આત્માને—એવું કાંઈ સાધન ખરું? એ ભૂલી જાય આમ-આમ કરીને. તન્મય થઈ જાય રાગમાં, તો આત્મા શું છે એ ભૂલી જાય છે. સમજાણું કાંઈ? એ શેઠ! ખબર છેને?

એક ઓલો આમ-આમ કરતો હતો તમારે ત્યાં મલ્હારગઢ. ઉપર હતું ને હેઠે માણસ હતો. આમ હાથમાં... એક ઢોલ વગાડતો... ઓલા તાબુતમાં કરેને એવું કરતો. એ શેઠ! આ શું કરો છો? ઓલો ભૂતથી ન માનેને એટલે આપણે જાણે, આહાહા! આ કહે, બહુ સરસ થઈ ગયા. ... આખું ધોતીયું. આહાહા! અહીં તો કહે છે કે યતિનો સ્વાંગ પણ આત્માના સ્વભાવમાં નથી. આવે છેને. કેટલામો? સાતમો, આઠમો, અલિંગગ્રહણ. યતિનો બાહ્ય વેશ, વિકલ્પ આદિ, નગ્નપણું એ સ્વરૂપમાં નથી. અહીં કહ્યું હતું. યતિનો બાહ્યવેશ અને બાહ્ય ક્રિયાઓ કે પંચમહાવ્રતના વિકલ્પો આદિ એ વસ્તુમાં નથી. એ તો રાગ છે બધો. સમજાણું કાંઈ? અલિંગગ્રહણમાં આવે છે. સમજાણું?

એ ચાર ભાવથી અગમ્ય છે. અગમ્યનો અર્થ આશ્રય હોં. ચાર પર્યાયના આશ્રયે આત્માનું જ્ઞાન ન થાય. આત્માને આશ્રયે આત્માનું જ્ઞાન થાય એ અપેક્ષાએ અગોચર. બાકી તો ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકને તો ગમ્ય છે. સમજાણું કાંઈ? આવો માર્ગ બહુ ઝીણો પડેને એટલે લોકોએ પછી એકલી દયા પાળો.. દયા પાળો એમાં ખૂંચી જાય માણસ. આ લોકોને મૂર્તિપૂજા કરો ને જાત્રા કરો અને સિદ્ધક્ષેત્ર ચલાવો, શું કહેવાય પૂજા? શાંતિસ્નાત્ર. દિગંબરમાં આ ખાવું, ન ખાવું, નગ્ન થાવું, લૂગડાં ન રાખવા. એલા! મૂળ માર્ગ વિના? આહાહા! આ દેશની સેવાવાળાને વળી દેશસેવા. મરી જાઓ દેશની સેવા માટે. ન્યાં અમરપણું, દેવી વાટ જુએ છે તમારી. શહીદ દુનિયા કહેને. શહીદ ક્યાં હતું? અરે! ભ્રમણા જગતને પાર ન મળે.

ત્રણ લોકનો નાથ એક સમયમાં પોતે બિરાજે છે એની સામું જોવું નથી અને પર સામું જોઈને એનું કલ્યાણ કરવું છે. આહાહા! અહીં તો કીધુંને, આ પરદ્રવ્ય છે પર્યાય, એની સામું જોઈને કલ્યાણ નહીં થાય એમ કહે છે. આહાહા! એ આત્મા કહો, કારણપરમાત્મા કહો, કારણજીવ કહો—બધું એક જ છે. અહીં જુઓ! **(કારણપરમાત્મા)** પોતે ત્રિકાળી **દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપ...** દ્રવ્યકર્મ આઠ કર્મ જ્ઞાનાવરણાદિ જડ અજીવ, ભાવકર્મ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા વિકલ્પ ઉઠે એ ભાવકર્મ એ પણ ઉપાધિ છે. આહાહા! **નોકર્મરૂપ ઉપાધિ...** જુઓ! ઉપાધિ કીધીને. ત્રણે ઉપાધિ છે. જડકર્મ આઠ એ ઉપાધિ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા (આદિ) વિકલ્પનું ઉઠવું, પરોપકાર આદિની વૃત્તિ—એ પણ ઔપાધિક ભાવકર્મ વિકારીભાવ ઉપાધિ છે. અને નોકર્મ એટલે શરીર. આ શરીરની ક્રિયા થાય આમ જુઓ! એ બધી નોકર્મ છે.

શરીર જડ છે આ. આમ હાલે-ચાલે એ બધી જડની ક્રિયા છે, આત્માની નહીં. આત્મા કરી શકતો નથી.

એવી **ઉપાધિથી...** દેખો! ત્રણે ઉપાધિ. જડકર્મ ઉપાધિ, શરીર ઉપાધિ ને ભાવકર્મ ઉપાધિ. આહાહા! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ઉપાધિ. આરે, ગજબ કરે છે! સમજાણું કાંઈ? એવા **ઉપાધિથી જનિત વિભાવ** એટલે વિશેષે વિકારાદિ કે વિશેષે પર્યાયો આદિ. **ગુણપર્યાયો વિનાનો છે...** એવા વિકારી અને અવિકારી પર્યાય એ વિનાનું દ્રવ્ય છે ત્રિકાળી. સમજાણું કાંઈ? અહીં સુધી કાલ આવ્યું હતું, નહીં? હવે આત્મા **અનાદિ-અનંત...** વસ્તુ ભગવાન એ તો આદિ વિનાની ચીજ છે. છે.. છે ને છે. વસ્તુ હોય એની ઉત્પત્તિ હોય? સત્.. સત્ એને ઉત્પત્તિ હોય? સત્ આત્મા અનાદિનો છે. એને કોઈ ઉત્પન્ન કરનારો છે ઈશ્વરાદિ, એમ છે નહીં. હોય નહીં ત્રણ કાળમાં. વસ્તુ છે એ સત્ છે. સત્ છે એ અનાદિ છે એટલે આદિ વિનાનું એ સત્ છે. ભગવાન આત્મા અંદર અનાદિ–આદિ નહીં, અનંત–જેનો ભવિષ્યમાં નાશ નહીં. સત્ ઉત્પન્ન કેમ થાય અને સત્ નાશ કેમ થાય? સત્ તો સત્ જ રહે ત્રિકાળ. સમજાણું કાંઈ?

ભગવાન અંદર આત્મા એક સમયની પર્યાય ને વિકાર વિનાનો છે એની વાત ચાલે છે. અનાદિ-અનંત—અન-આદિ, અન-અંત. ત્યારે કેટલાક કહે, આદિ ન જોઈ ત્યારે એટલું જ્ઞાન અપૂર્ણ (રહે). અરે ભગવાન! પણ સાંભળને! જે છે.. છે.. છે.. છે.. છે.. છે.. છે.. છે.. છે. એની આદિ નથી તો વળી આદિ લાવવી ક્યાંથી? કે દિ' એ નહોતો? ક્યે કાળે–ક્યે સમયે નહોતો? પહેલો થયો? એના પહેલા નહોતો? સમજાણું કાંઈ? **અનાદિ-અનંત અમૂર્ત** છે ભગવાન આત્મા. જેમાં રૂપ, રંગ, ગંધ, સ્પર્શ નથી. એવો આ આત્મા **અતીન્દ્રિય સ્વભાવવાળો...** દેખો! એનો તો અતીન્દ્રિય સ્વભાવ છે. ઇન્દ્રિય ને વિકલ્પથી પકડાય એવો એ નથી, અતીન્દ્રિય છે. અતીન્દ્રિય સ્વભાવવાળો એમ કીધુંને.

**શુદ્ધ સહજ...** શુદ્ધ પિંડ પ્રભુ છે. **સહજ**–સ્વભાવિક છે. **પરમ-પારિણામિકભાવ...** એટલે કંઈપણ એને નિમિત્તની હાજરી કે નિમિત્તનો અભાવ એવી અપેક્ષા નથી એવું ત્રિકાળી તત્ત્વ છે. પુણ્ય-પાપના ઉદયભાવમાં કર્મનું નિમિત્ત છે અને સંવર-નિર્જરામાં નિમિત્તનો અભાવ છે, મોક્ષમાં પણ એટલી અપેક્ષા છે નિમિત્તના અભાવની. આ તો અપેક્ષા વિનાનું ત્રિકાળી તત્ત્વ છે, છે ને છે. એવો **અનાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળો શુદ્ધ સહજ પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે...** પરમ-પારિણામિક એટલે સત્-સ્વરૂપ જ, એમ. સહજસ્વભાવની હયાતી, ત્રિકાળી સહજ સ્વભાવની હયાતી એ એનો સ્વભાવ છે. આહાહા! આત્મા કેવો છે? સમજાણું કાંઈ? **–એવો કારણપરમાત્મા...** લ્યો! એવો કારણપરમાત્મા ત્રિકાળી **તે ખરેખર 'આત્મા' છે.** એને ખરેખર આત્મા, નિશ્ચય આત્મા કહીએ. એક સમયનો પર્યાય વ્યવહાર આત્મા કહીએ. આ ખરેખર આત્મા એ આત્મા ઉપાદેય છે. વિશેષ થોડી લીધી હોં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## મહા સુદ ૭, શનિવાર, તા. ૨૨-૧-૧૯૭૨
## ગાથા-૩૮-૩૯, શ્લોક-૫૪, પ્રવચન નં. ૩૨

૩૮મી ગાથા ચાલે છે. અહીં સુધી આવ્યું છે. એવો આત્મા આદરણીય છે અને અનુભવવાલાયક છે. જીવ અનાદિ-અનંત છે, ધ્રુવવસ્તુ છે એ આદિ ને અંત વિનાની ચીજ છે. એ અનાદિ-અનંત, અમૂર્ત છે. એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી. એ અતીન્દ્રિય સ્વભાવવાળો છે. અતીન્દ્રિય સ્વભાવ છે, ઇન્દ્રિય સ્વભાવથી જણાય એવો નથી. ઇન્દ્રિયસ્વભાવ એમાં છે નહીં. **શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે...** શુદ્ધ નામ પવિત્ર સ્વભાવિક પરમ.. વસ્તુની સ્થિતિ હયાતીરૂપ ભાવ **પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ છે—એવો કારણપરમાત્મા તે ખરેખર 'આત્મા' છે.** કહો, શેઠ! આવું છે. પર્યાયો એ ખરેખર આત્મા નહીં એમ કહે છે. પર્યાય કોની છે? એની નથી? (શ્રોતા : ના, અત્યારે ધ્રુવની અપેક્ષા છે. ધ્રુવની સામે જોતા પર્યાય ગૌણ છે). એમ? પર્યાય છે, પણ પર્યાય આમાં નથી. સમજાણું કાંઈ?

સાતે પ્રકાર ભલે અજીવને કહ્યા. (એમાં) અજીવ પણ નથી અને અજીવ સંબંધી જ્ઞાનનો વિકલ્પ એનામાં નથી. વસ્તુ અખંડ આનંદકંદ પ્રભુ ધ્રુવ એકલો નિત્યરસકંદ, એકલો સત્ત્વ–સ્વભાવ ત્રિકાળ.. ત્રિકાળ.. ત્રિકાળ.. ત્રિકાળ.. એવો જેનો સ્વભાવ છે એવો કારણપરમાત્મા, એને કારણપરમાત્મા કહીએ. **તે ખરેખર 'આત્મા' છે.** નિશ્ચયથી એ આત્મા છે. પર્યાય એ તો વ્યવહાર-આત્મા છે. આહાહા! મોક્ષની પર્યાય એ વ્યવહાર. એવી વાત છે. શુદ્ધભાવ અધિકાર છેને એટલે શુદ્ધભાવ આ. શુદ્ધભાવ પર્યાય, શુદ્ધોપયોગ, કાલ આવ્યું હતું કે જેને જૈનશાસન (કહીએ) એ આ નહીં.

શ્રોતા : આ બધું જૈનશાસન બહારનું છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : જૈનશાસનની પર્યાય વિનાનું આ તત્ત્વ છે. એને આશ્રયે જૈનશાસન પ્રગટ થાય છે. આરે ભારે! કહો, સમજાણું કાંઈ? શુદ્ધ ઉપયોગ(રૂપ) ભાવશ્રુતજ્ઞાન જેને જૈનશાસન કહ્યું, એ પર્યાયથી પણ આ વસ્તુ ત્રિકાળી સ્વભાવ એ તો રહિત છે. સમજાણું કાંઈ? અને એને આશ્રયે જૈનશાસન પ્રગટ થાય છે. આહાહા!

**તે ખરેખર 'આત્મા' છે. અતિ-આસન્ન ભવ્યજીવોને...** ઓહો! જેની મુક્તિ નજીક છે, સંસારનો જેને કાંઠો આવ્યો છે. એવા અતિ-આસન્ન (એટલે) નજીક જેની છે મુક્તિ. આસન્ન એટલે નજીક. એવા ભવ્યજીવોને **એવા નિજ પરમાત્મા સિવાય...** ઓહોહો! નિજ પરમાત્મા જેને કારણપરમાત્મા કહ્યો, જેને ખરેખર આત્મા કહ્યો, જેને શુદ્ધ સહજ પરમપારિણામિકભાવ અને અતીન્દ્રિય સ્વભાવવાળો કહ્યો, એ સિવાય **(બીજું) કાંઈ ઉપાદેય નથી.** આહાહા! જૈનશાસનની

પર્યાય ઉપાદેય નથી અહીંયા તો. મોક્ષમાર્ગેય ઉપાદેય નથી. જે પર્યાય ઉપાદેય કરે છે એને, એ પર્યાય ઉપાદેય નથી, વસ્તુ ઉપાદેય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**અતિ-આસન્ન ભવ્યજીવોને એવા નિજ પરમાત્મા સિવાય...** અરે! બીજું કાંઈ ઉપાદેય નથી. અજીવતત્ત્વની વ્યાખ્યા આવી હતી કાલ. વીરચંદભાઈ! અજીવતત્ત્વ લેવા હોય તો આ બાહ્ય, નહીંતર એના જ્ઞાનમાં અજીવતત્ત્વ ખ્યાલમાં આવે છે એવો જે વિકલ્પ ઉઠે એને પણ અજીવ કહેવાય છે. શાસ્ત્રમાં આવે છે ધર્માસ્તિકાયનું ભાઈ! કાલ આવ્યું હતું. ધર્માદિના વિકલ્પને.., એમ કહે છે. પ્રશ્ન ઉઠ્યો છે. ધર્માસ્તિ મારું છે એવું કેમ થાય અજ્ઞાનીને? ધર્માસ્તિકાય તો દેખતો નથી. ૯૫ (ગાથા, સમયસાર). **करेदि धम्मादि...** જયસેનચાર્યની ટીકામાં છેને. ત્યારે કહે, ધર્માસ્તિકાય સંબંધીનો જે વિકલ્પ ને એનું પરિચિહ્ન જ્ઞાન એને પણ ધર્માસ્તિકાય કહેવાય. ઉપચારથી વાત છેને. જેમ ઘટાકારે પરિણમેલું જ્ઞાન ઘટાકાર જ્ઞાન એમ કહેવાયને. એ દાખલો આપ્યો છે. જ્ઞાન તો જ્ઞાન છે, પણ ઓલું ઘટને જાણવાવાળું જ્ઞાન એને પણ ઘટનું જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**અતિ-આસન્ન** (એટલે) અલ્પ કાળમાં (પૂર્ણ) થઈ જશે, અલ્પ કાળમાં મુક્તિ છે જેની. એનો વળી પાછો કોઈ બીજો ઉપાદેય છે એમ નહીં. અજ્ઞાનીને બીજું ઉપાદેય છે, અનાદિથી એમ માને છે. રાગ ઉપાદેય છે, એક સમયની પર્યાય આદિ ઉપાદેય છે, નિમિત્ત ઉપાદેય છે. એ તો અજ્ઞાનીને છે, એની અહીં વાત નથી. અતિ-આસન્ન—અલ્પકાળમાં જેને મુક્તિ તૈયાર છે. આહાહા! આસન્નભવ્ય છે. સમજાણું કાંઈ? શેઠ! બે-ચાર ભવમાં જેની મુક્તિ છે એમ કહે છે. એ (ભવ્યમાં) બધા સમાઈ જાય છે, પણ અહીં તો બહુ ટૂંકુ લેવું છે. આ ઉપાદેય જેને આવું છે એ અતિ-આસન્નભવ્ય છે, એમ લ્યો. સમજાણું કાંઈ? ઓહો! **અતિ-આસન્ન ભવ્યજીવોને એવા નિજ પરમાત્મા સિવાય...** એટલે નિજ પરમાત્મા ત્રિકાળી ધ્રુવ તે અંગીકાર (કરવાલાયક), ઉપાદેય છે, એનો જ આશ્રય કરવા જેવો છે અને એ જ આત્મા છે. અતિ-આસન્ન (એટલે) એને નજીક જ છે મુક્તિ, કહે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ તો અતિ-આસન્નભવ્ય જ છે. સમજાણું કાંઈ?

મુક્ત જ છે આત્મા. એવું મુક્તનું ભાન થયું તો પર્યાયમાં અલ્પ કાળે મુક્તિ થયા વિના રહે નહીં. મુક્તિનું... શું કહે છે આ? જયંતિભાઈ! મુક્તપર્યાયવાળું તત્ત્વ આખું અનંત પર્યાયનો પિંડ મુક્તસ્વરૂપ એને જેણે અંગીકાર કર્યો, એને તો મુક્તિ અલ્પ કાળમાં આવ્યા વિના છૂટકો નથી. જાય ક્યાં? સમજાણું કાંઈ? એને કેવળજ્ઞાન અલ્પ કાળમાં થશે જ. આહાહા! ભવ-ફવ કેવા? એમ કહે છે. મૂળ તો એમ કહે છે. જેમાં ભવ નથી એવાને ઉપાદેય કર્યો, એને ભવ કેવા હવે? સમજાણું કાંઈ? ઝીણી વાતું ભાઈ! (શ્રોતાઃ સમજવું હોય તો સમજાય. સમજવાની અત્યંત જિજ્ઞાસા હોય તો કેમ ન સમજાય?) કહો, સમજાણું કાંઈ? છેને? ટૈંટૈં છે એવું નથી

આમને આમ. આહાહા! આ સમજવા માગે, આદરવા માગે અને ન બને એમ ત્રણ કાળમાં બને નહીં. સમજાણું કાંઈ? આહાહા!

**કાંઈ ઉપાદેય નથી**, એમ પાછું. એમ શબ્દ છેને? **न किंचिदुपादेयमस्ती**.. સંસ્કૃતમાં છે. કંઈ ઉપાદેય, એક પર્યાય પણ ઉપાદેય નથી. આહાહા! ઉપાદેય કરનારી પર્યાય–દ્રવ્યને ઉપાદેય કરનારી એ પર્યાય (ઉપાદેય નથી). સમજાણું કાંઈ? આવો માર્ગ છે ભાઈ! વીતરાગમાર્ગનો આવો માર્ગ. કાલ પ્રશ્ન થયો હતો. આ બધું કહે છે કે ચોવિહાર કરવા, કંદમૂળ ન ખાવા એ બધું ન કરવું? એ ચોવિહાર કરવાનો છે એ વિકલ્પ છે. વિકલ્પ છે એ રાગ છે, એટલી વાત છે. હોય ભલે. રાગ છે એ વિકલ્પ છે. ચાર આહાર ન કરું રાત્રિમાં, આજ એક અપવાસ કરું, કંદમૂળ ન ખાઉં એવો એક વિકલ્પ છે એ ભૂમિકાએ. એ તો ઠીક છે. એ કાંઈ ખાતો નહોતો ને પીતો પણ નહોતો. એ ક્રિયા આત્મા કરી શકતો નથી, એ છોડી શકતો નથી ને ગ્રહી શકતો નથી. ફક્ત એમાં જે વિકલ્પ હતો રાગ, એ નિશ્ચયથી સ્વભાવનો આશ્રય કરતાં તે હેય છે. સમજાણું કાંઈ?

માળે આવો ધર્મ ભારે ભાઈ! વીતરાગધર્મ આવો સમજવો હોય તો બહાર સમજાય લ્યો. છપરબી બ્રહ્મચર્ય પાળવું, છપરબી અપવાસ કરવા. ભગવાન તો કહે છે, ભાઈ! જેનો સ્વભાવ પૂર્ણ અપરિમિત, એકરૂપ અનાદિ-અનંત છે, એ ચીજને અંગીકાર કરી એને હવે શું બાકી રહ્યું? કહે છે. દૃષ્ટિમાં એને આદર્યો, ભગવાનને આદર્યો, એને તો ભગવાન પરમાત્માનો ભેટો થયો અંદર. સમજાણું કાંઈ? એને શું જોઈએ છે? આ જ છે, અહીં વસ્તુ એ જ છે. આહાહા! ધર્મીજીવને તો આ એક જ ઉપાદેય છે. કોઈ ચીજમાત્ર જગતની અનુકૂળતા, પ્રતિકૂળતા એવી કોઈ આદરણીય છે નહીં. શાંતિભાઈ!

શ્રોતા : અનુકૂળતા, પ્રતિકૂળતા માની રાખી છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : માની છે. છે જુદી. એ તો જ્ઞેય છે. જ્ઞેયના ભાગ પાડ્યા મિથ્યાદૃષ્ટિએ બે. આ અનુકૂળ ને પ્રતિકૂળ (એમ) બે ભાગ પાડ્યા, એકના બે (ભાગ) પાડ્યા.. સમજાણું કાંઈ? આવી સગવડતા હોય તો ઠીક. સેવા કરનારની અનુકૂળતા હોય તો પોરો ચડે કે નહીં જીવને? તમારે તો શું, આ બે જણા છે. છોકરા પરણાવ્યા... રોટલા ખવરાવી દે કોઈ? આ સુજાનલમજી લ્યો ડોસા. મોટા છોકરા બબ્બે હજારના પગારદાર. અહીં રોટલા ઘડીને ખાય હાથે. ઓલું તો વહુરું કરી દે. આમ બેઠા હોય, થાળીમાં વહુરું નાખે ઉની-ઉની રોટલી ને પૂડલો ને આહાહા... પાધરો તાવડામાંથી તો આવે. આહાહા! ઉનો-ઉનો ખાજો હોં તમે. એ સગવડતા કેટલી? એ ધૂળેય નથી, સાંભળને હવે! આહાહા! માવાણી!

આ તો બૈરા સાથે હોય તો રોટલી તૈયાર કરી દે. ન હોય એણે શું કરવું? આ સુજાનમલ પૈસાવાળા, એના દીકરા મોટા બે-બે હજારનો પગાર મહિને, અમદાવાદ. બૈરા મરી ગયા. રોટલી કરવી પડે છે હાથે. પણ એ કહે, અમારે અહીં મજા છે ઓલા બંગલા કરતાં. આમ

ન્યાં સાંભળવાનું મળે આવું કાંઈ? આહાહા! ધૂળમાં હોય નહીં કાંઈ. આ રામજીભાઈને આઠ હજારનો પગારવાળો છોકરો, લ્યો એક જ છોકરો. પૈસા ખર્ચ્યાં, પાપ કર્યાં, નાખ્યા એને ભણાવવામાં. અહીં રોટલા ખુદ ઘડીને ખાય છે. પોતે હાથે કરે. એ હાથે કરે કે કોઈક કરે. આત્મા ક્યાં કરે છે? પણ ઓલા બૈરાને રોટલો કરતા આવડે એવું આદમીને ન આવડે. કારણકે સરખો કરીને આમ-આમ.. સરખો આમ થાય, ચારેકોર સરખું થતું જાય. આ હાથ હલાવે ત્યાં આમ નીકળી જાય. એ જાદવજીભાઈ!

વાંઢા કરે એનું મેં એક ફેરી જોયું હતું હોં. ઉમરાળા....... રોટલી એવી આવી એક આમ ખૂણો, આમ ખૂણો... વાંઢાના ઘરેથી આવી છે. આ બૈરા હુશિયાર માણસ હોય ગોયણું લઈ ચારેકોર આમ સરખું કરે, સરખું ચાલે. ઓલું નીકળે આમ એક ખૂણો ને એક આમ નીકળે ખૂણો. ન આવડે એણે શું કરવું? આહાહા! રોટલી સરખી થાય એ મીઠી કે ઓલાવાળી મીઠી? ધૂળેય નથી. આહાહા! માન્યું છેને, ભ્રમણામાં ગરી ગયો. આહાહા! અહીં તો સગવડતા–ઇષ્ટ તો ભગવાન આત્મા પોતે છે. (પરમાં) સગવડતા (માનવી) એ તેનો વિકારીભાવ છે. એ સિવાય ક્યાંય સગવડતા-અગવડતા વીતરાગ કહેતા નથી. કહો, 'ઇષ્ટ-અનિષ્ટ' કીધું છેને પ્રવચનસારમાં. ... શક્તિ ભગવાન આત્મા. આહાહા! વહાલામાં વહાલી ચીજ મળી ગઈ, એને બધું મળ્યું. આહાહા! અને અનિષ્ટ તે મિથ્યાત્વ ને અજ્ઞાન ને રાગ-દ્વેષભાવ. એ સિવાય કોઈ ત્રીજી અનિષ્ટેય નથી ને ઇષ્ટેય નથી. આહાહા! ઇષ્ટ એવો ભગવાન આત્મા ત્રિકાળી એ જ આત્માને–મોક્ષગામી જીવને.. આહાહા! અતિ-આસન્ન ભવ્યજીવને–જ્ઞાનીને એ સિવાય ક્યાંય પ્રસન્નતા બીજે ક્યાંય વર્તતી નથી. આહાહા! સમજાણું કાંઈ? એ **સિવાય કાંઈ ઉપાદેય નથી**.

**(હવે ૩૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :)** લ્યો. **जयति समयसारः** (કળશ) ૫૪. જેતપુરમાં પહેલા આ બોલ્યા હતા. દસ હજાર માણસ પહેલે (દિવસે) સ્વાગતમાં. ગામમાં કર્યું હતુંને સ્વાગત. ....

**जयति समयसारः सर्वतत्त्वैकसारः**
**सकलविलयदूरः प्रास्तदुर्वारमारः ।**
**दुरिततरुकुठारः शुद्धबोधावतारः**
**सुखजलनिधिपूरः क्लेशवाराशिपारः ।।५४।।**

બેય '૨' '૨' ભેગા. **क्लेशवाराशि...** ક્લેશનો દરિયો. આહાહા! **શ્લોકાર્થ : સર્વ તત્ત્વોમાં જે એક સાર છે...** પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, મોક્ષ—એ બધા તત્ત્વમાં એક સાર છે આત્મા. આહાહા! આમ સાત લીધા છેને. કહો, સમજાણું કાંઈ? એ સાતેય તત્ત્વમાં–સર્વે તત્ત્વો બધા એમાં સાર ભગવાન ત્રિકાળી ચૈતન્ય એ સાર છે. કહો, સમજાણું કાંઈ? સાત તત્ત્વનો સમૂહ કહ્યો.... મૂળ પાઠ.... એમાંથી લખશે. પુણ્ય-પાપ નાખી દીધા આસ્રવમાં, ભેદ નથી

રાખ્યા. સમજાણું કાંઈ? અહીં કહે છે કે સર્વ તત્ત્વમાં જે એક સાર છે. પર્યાયતત્ત્વ, રાગતત્ત્વ, અજીવતત્ત્વ, સંવર-નિર્જરા-મોક્ષતત્ત્વ એમાં પણ ભગવાન ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુ એક જ સાર છે. કહો, બાકી બધું કોઈ સાર છે નહીં. આહાહા! અહીં તો જ્યાં બે-ચાર-દસ લાખ રૂપિયા થાય તો બાદશાહી થઈ, એમ કહે લ્યો. ધૂળેય નથી, સાંભળને માળા! અને દુનિયામાં વખાણ થાય, પ્રશંસા થાય ઓહો! આના જેવો કોઈ કર્મી નથી હોં. રળાઉ.. રળાઉ.

એક વસ્તુ, સર્વ તત્ત્વમાં જે એક સાર છે. આ ત્યાં જયપુરમાં શરૂઆતમાં કહ્યું હતું, પણ સાંભળતા હોતા લોકો. પહેલેવહેલે મૂક્યું હતું આ સ્વાગતમાં, મંગળાચરણમાં. ઘણું માણસ હતું દસ હજાર માણસ. શું કહેવાય? રામલીલા. રામલીલા મેદાન. **જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે...** શું કહે છે? પુણ્ય-પાપના ભાવ નાશ પામવાયોગ્ય, સંવર નાશ પામવાયોગ્ય, મોક્ષ નાશ પામવાયોગ્ય, નિર્જરા નાશ પામવાયોગ્ય છે. પર્યાય છેને. આહાહા! ચારેય ભાવ નાશ પામવાયોગ્ય છે. ક્ષાયિકભાવ હો કેવળજ્ઞાન એ પણ એક સમય રહે છે, નાશ પામવાયોગ્ય છે. આહા! સમજાણું કાંઈ? **જે સમસ્ત**, એમ. જેટલા બદલવાયોગ્ય પર્યાયો છે બધા નાશ પામવાયોગ્ય છે. એવા પામવાયોગ્ય ભાવોથી દૂર છે એમ કહે છે. મોક્ષ સિદ્ધપર્યાય, સંવર-નિર્જરાની પર્યાય નાશ પામવાયોગ્ય છે, એનાથી દ્રવ્ય દૂર છે. આહાહા! સમજાણું કાંઈ? **सकलविलयदूरः** એનો અર્થ કર્યો. નાશ પામવાયોગ્યથી દૂર છે. બહુ ઊંચો છે આ કળશ ૫૪. જૈનશાસનનું માખણ છે. ઓહોહો!

કેવળજ્ઞાન જેવી પર્યાય, કહે છે, એ પણ નાશવાન છેને. બીજે સમયે એ રહે છે ક્યાં? આહાહા! સમજાણું કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પો એ પણ નાશવાન છે, બીજે સમયે વ્યય થઈ જાય છે. સિદ્ધ જેવી પર્યાય એક સમયે રહીને બીજે સમયે નાશ. **विलयदूरः** વિલય થવાયોગ્ય એવા ભાવો એનાથી ભગવાન ધ્રુવ તો દૂર છે. અવિનાશી છે, આ નાશવાન છે તો આ અવિનાશી છે. ત્રિકાળ એવોને એવો ભગવાન રહે છે. સમજાણું કાંઈ? જેમાં શુભ-અશુભભાવો ઘણા થાય, તોપણ જેમાં અંતરમાં નુકશાન નથી. એવોને એવો જ રહે છે અને કેવળજ્ઞાનાદિની પર્યાય પ્રગટ થાય તોપણ ન્યાં પુષ્ટિ થાતી નથી, એ તો એવોને એવો છે. આહાહા! સમજાણું કાંઈ? ‘દૂર’ કીધુંને? આહાહા! આસ્રવ, બંધ વિકાર નાશ પામવાયોગ્ય છે. જ્યારે સંવર, નિર્જરા, મોક્ષ નિર્મળપર્યાય નાશ પામવાયોગ્ય છે. સમજાણું? એનાથી દૂર છે. એટલે ગમે તેવો આસ્રવભાવ હોય, પણ વસ્તુ તો એનાથી દૂર જ છે. ગમે એવો બંધભાવ રાગ હોય આમ મિથ્યાત્વાદિ, પણ વસ્તુ તો એનાથી દૂર છે. ગમે એવો સંવર-નિર્જરા, કેવળજ્ઞાનાદિ પર્યાય ઉત્પન્ન થયો હોય, પણ વસ્તુ તો એનાથી દૂર છે. આહાહા! ભારે તત્ત્વ!

**સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવો**–પર્યાયો... ભાવો (એટલે) પર્યાય લેવું છેને. દ્રવ્ય નાશ થાય એવું તો છે નહીં. **સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવો** નામ પર્યાયથી **દૂર છે...** એવો જે

ભગવાન આત્મા સમ્યગ્દર્શનનો જે ધ્યેય, વિષય છે, એ નાશ પામવાયોગ્ય પર્યાયથી દૂર વર્તે છે. એને કાંઈ સંબંધ છે નહીં. લે! આહાહા! આવો માર્ગ ભગવાનનો. આવું તો સાંભળ્યુંય ન હોય કોઈ દિ'. (શ્રોતા : ..ભાવ દૂર છે એ ક્યાંથી સાંભળ્યું હોય?) એક સમયનું અસ્તિત્વ છે અને આ તો ત્રિકાળી અસ્તિત્વ છે. ક્ષેત્રેય ભિન્ન છે ખરેખર તો. નવરંગભાઈ! એ પર્યાયનું ક્ષેત્રેય નિશ્ચયથી તો ભિન્ન છે. આહાહા! ભાવ ભિન્ન, ક્ષેત્ર ભિન્ન, સત્ત્વ ભિન્ન એનું બધું, કાળ એક સમય. આહાહા! એવી વાત છે.

**સર્વ તત્ત્વોમાં જે એક...** એક.. આહા! **સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે, જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે...** અરે! દુર્વાર કામવાસના (કે જે) નાશ ન કરી શકાય, એવી વસ્તુમાં છે જ નહીં. સમજાણું કાંઈ? નષ્ટ કર્યો છે એનો અર્થ કે એમાં છે નહીં, એમ. કામની વાસના, ભોગની વાસના, ઇન્દ્ર-ઇન્દ્રાણી આદિની વાસના, છ ખંડના રાજની વાસના, આહાહા! એનાથી તો દૂર છે. દુર્વાર કામને નષ્ટ કરી દીધો છે એટલે એમાં છે નહીં. સમજાણું કાંઈ? 'દુર્વાર' એમ છેને. વારિ ન શકાય, એને ટાળી ન શકાય હીન પુરુષાર્થીઓ વડે, એવી એક કામવાસના વસ્તુમાં છે નહીં. ત્રિકાળીમાં એ નથી અને ત્રિકાળીનો આશ્રય લે તો વાસના રહેતી નથી. સમજાણું કાંઈ? આનંદકંદ પ્રભુ એનો આશ્રય લેતાં કામવાસના તો ક્યાંય ઉત્પન્ન થતી નથી, વિલય થઈ જાય છે. આહાહા!

**જે પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે...** વૃક્ષના મૂળને કુહાડો છેદેને આમ. કુહાડા કહતે હૈં ન? કુલ્હાડી. પાછા વૃક્ષને, **પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે** એટલે કે એમાં એ છે નહીં અને એનો આશ્રય કરતા પાપ નાશ થઈ જાય છે, એમ કહે છે. આહાહા! **પાપરૂપી વૃક્ષને છેદનાર કુહાડો છે, જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે...** જે શુદ્ધજ્ઞાનનો જન્મ છે, એની ઉત્પત્તિ શુદ્ધજ્ઞાનમય છે, એકલો શુદ્ધજ્ઞાનમય જ એનો અવતાર છે. આહાહા! એ શુદ્ધજ્ઞાન જ ઉપજેલું છે એકલું એમાં. બીજું છે નહીં આહાહા! ભગવાન આત્મા શુદ્ધજ્ઞાનનો અવતાર, જાણે શુદ્ધજ્ઞાન જ જન્મ્યું હોય, જેને શુદ્ધજ્ઞાન જ થયું હોય, એક શુદ્ધજ્ઞાન જ રહ્યું હોય એવો એ છે. વાત એ છે કે એક સમયની પર્યાયની રમતુંમાં રમ્યો છેને. એથી પર્યાયની પાછળ આખી એકરૂપ દ્રવ્ય–વસ્તુ છે એ શું છે એ એને સાંભળવાને મળ્યું નથી. આહાહા! તમારે તો અહીં થઈ ગયું ઘર. અહીં થયું છેને. એને સાગરની વાત છે એને. આહાહા!

**પાપરૂપી વૃક્ષને છેદનાર કુહાડો છે, જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે, જે સુખસાગરનું પૂર છે...** મોટો પ્રવાહ ચાલ્યો આવતો હોય દરિયાનું પૂર, એમ આનંદનું પૂર છે એ તો, અતીન્દ્રિય આનંદનો જથ્થો છે. એનો આશ્રય કરે તો અતીન્દ્રિય આનંદનો પ્રવાહ વહે એવો એ આત્મા છે. ભારે વાત ભાઈ! મૂળ વસ્તુ શું છે એની ખબર નથી. ભગવાન તીર્થંકરદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરે કોને આત્મા કહ્યો એની વાતું ન મળે (અને) બધી વાતું બહારની. આ કરો ને આ

કરો, આ ખાઓ, આ ન ખાઓ. આ ભગવાન આવો આત્મા ભગવાન કેવળીએ તીર્થંકરોએ જોયો ને કહ્યો. આહાહા! કહે છે કે એ તો **સુખસાગરનું પૂર છે**... લ્યો, સાગર આવ્યું. અહીં સાગર છે એમ કહે છે. સુખનો સાગરનું પૂર પ્રભુ છે. અરે! કેમ બેસે? ધ્રુવ.. ધ્રુવ વસ્તુ છે. એક સમયની પર્યાય ને વિકલ્પથી રહિત છે, શુભ-અશુભરાગ ને એક સમયની પર્યાયથી રહિત વસ્તુ આખી એ સુખસાગરનું પૂર, પાછું એમ. નદી ન લીધી. મોટો સુખસાગરનો દરિયો છે. આહાહા!

એકલો અતીન્દ્રિય આનંદરસકંદ એનું સત્, ભગવાન સત્ એનું સત્ત્વ તો એકલું સુખસાગરનું પૂર છે. એનો સ્વભાવ જ સુખસાગરનો દરિયો છે. આહાહા! સમજાણું કાંઈ? એવા ભગવાનનો આશ્રય લે એ સુખી થાય, બાકી કોઈ બીજાનો આશ્રય લે તો સુખી થાય નહીં. આહાહા! આ જૈનમાં આત્મા જે ચીજ હતી એ વાત પડી રહી આખી. માવાણી! ... દયા પાળો, વ્રત પાળો, ઇચ્છામિ પડિક્કમણું ... તસ્સ મિચ્છામિ દુક્કડમ્. જીવિઆ વવરોવિઆ તસ્સ મિચ્છામિ દુક્કડમ્. તાવ કાય ઠાણેણં જાણેણં અપ્પાણં વોસિરામિ. પણ અપ્પાણં કોને કહેવું? આત્માને વોસરાવી દીધો. તસ્સઉત્તરીમાં આવેને કાયોત્સર્ગમાં. મૂળ ચીજની જ ખબર ન મળે. એ પ્રણાલિકા જ આખી તૂટી ગઈ. વીતરાગનો માર્ગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર ફરમાવે છે (અને) સંતો આ કહે છે. ભગવાન કહે છે એવું સંતો કહે છે, એવું તારું સ્વરૂપ છે. સુખસાગરનું પૂર, એમ. જોરદાર પૂર આવેને. આહાહા!

અમારા ઉમરાળામાં નદીમાં ઘોડાપૂર આવે ઘોડાપૂર. નાના છોકરા હોયને.. નદી મોટી લાંબી.. વચમાં રમતા હોય. ઉપર વરસાદ હોય વીસ ગાઉ છેટે. અહીં કાંઈ ન હોય, તડકો હોય. કરિયાના ને ન્યાંથી... ઘોડાપૂર સમજતે હો? ઘોડાપૂર. જૈસા ઘોડા આયે ન, એવા પાણીકા દલ ચાલ્યા આવે. ત્રણ-ત્રણ હાથ, ચચ્ચાર હાથ ઊંચું. વરસાદ ઉપર થયો હોય, મહેરામણ આવ્યા હોય ને નદી .. થઈ ગઈ હોય. આ નદી મોટી છે. કરિયાના ક્યાંય રહી ગયું કેટલા ગાઉ છેટે. કાળુભાર ન્યાંથી નીકળી છે એનાથી આગે... છોકરા રમે તે રાડ્યું પાડે. માથે માણસો બેઠા હોય. એ છોકરાઓ! નીકળી જાઓ. પૂર આવે છે, ઘોડાપૂર આવે છે. છોકરા પહેલા સમજે નહીં. ઘોડાપૂર એટલે શું ઘોડો ક્યાં છે? ઘોડાપૂર એટલે ઘોડો દોડે એમ પાણીનું પૂર દોડીને આવે છે, એમ. નીકળી જાઓ બહાર. એમ આનંદનું પૂર આવે છે આમાં. આહાહા! સમાઈ જાય એમાં, એમ કહે છે. ઓલામાં ભાગી જાય છે, આમાં કહે, તું જા ત્યાં.

એમ ભગવાન તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા.. 'કેવળી પણ્ણત્તો ધમ્મો' આ. મંગળિકમાં બોલે છે આ ગડિયા. 'કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં.' 'અરિહંતા શરણં' આવે છે કે નહીં? અર્થની ખબર ન મળે. 'અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહુ મંગલં, કેવલી પણ્ણત્તો ધમ્મો મંગલં.' આ ધર્મ. ધર્મ આનંદસાગર ભગવાન છે. એની અંતર નજર ને એકતા થતાં

પ્રવાહ વહે, આવે બહાર, એને ધર્મ ભગવાન કહે છે. આહાહા! સમજાણું કાંઈ? ભારે ટીકાકારે પણ! લડાવ્યો છે આત્માને કે છે એવો કહ્યો છે? આ શું કહે ભાષા તે કેટલું કહે? આહાહા! કેવળીની વાણીમાં પણ એનું પુરું રૂપ ન આવે. આહાહા! જેનો સ્વભાવ છે... ક્ષેત્ર ભલે નાનું, એનો કંઈ અર્થ નથી, એનું કંઈ પ્રયોજન નહીં. જેનો સ્વભાવ છે, જેનો ભાવરૂપ ભાવ છે, એની શક્તિ અપાર છે. આ એકેક ગુણની (શક્તિ), એવો અનંત ગુણનો સુખપૂર છે એ તો. આ સુખસાગરનું પૂર છે, એમ જ્ઞાનનું પૂર છે, દર્શનનું પૂર છે, સ્વચ્છતાનું, પ્રભુતાનું, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન આદિના પૂર છે એ તો. આહાહા! કહો, સમજાણું આમાં?

આમ મુંબઈમાં તો ધમાધમ ચાલે. એય ચીમનભાઈ! આખો દિ' ટ્રામ ચાલે ને ઢીંકણા ને ફીંકણા. ટ્રામ નીકળી ગઈ? પહેલા ચાલતી હતી માથે તારને અડીને. તે દિ' હતી અમે પહેલા જતા હતાને. ખેંચે તો ઉભી રહે, અડાડે તો ચાલે. ઇલેક્ટ્રીક થઈ ગયું. જ્યારે હતા એ રીતે ચાલતું. ૬૬-૬૭-૬૮. આહાહા! ધમાધમ... એમ અહીં એમ કહે છે, પર્યાયમાં વિકલ્પની ઝાળું ધમાધમ છે. એમાં એ નથી એવું એ આનંદનું પૂર છે, જ્ઞાનનો સાગર છે, દર્શનનો મોટો પ્રવાહ વહે છે. આહાહા! શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ એટલે ચારિત્ર ને વીતરાગતા. વીતરાગતાનો એ તો કંદ છે. આહાહા! **અને જે ક્લેશોદધિનો કિનારો છે...** છેને? **ક્લેશવારાશિ** છે. **વારાશિ** એટલે દરિયો. વા એટલે પાણી, વા એટલે પાણી, રાશિ એટલે દરિયો. વારાશિ. ક્લેશરૂપી ઉદધિ... આહાહા! હા, વારાશિ. વા-રાશિ છે. વા એટલે પાણી, રાશિ એટલે ઢગલો. એનો ઉદધિ. વા એટલે પાણી છે. તે દિ' વાત થઈ હતી. આ પ્રશ્ન પૂછ્યો હતો હિંમતભાઈને. કીધું, વારાશિ એટલે શું? વા એટલે પાણી, રાશિ એટલે એનો ઢગલો. ઉદધિ. રાશિ એટલે ઉદધિ. ક્લેશનો ઉદધિ એનો કિનારો છે. આહાહા! કિનારા આવ્યા ક્લેશના પૂરા. આ પદ ...મુક્તિમાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા!

વિકલ્પરૂપી ક્લેશ એવો જે દરિયો મોટો, એ પર્યાયનો હોં. એનો તો આ કિનારો છે, કહે છે. ખલાસ, ત્યાં અંત આવી ગયો ત્યાં. આહાહા! એનામાં એ નથી ક્લેશ, પણ એનો આશ્રય લે એને ક્લેશનો કિનારો આવી ગયો છે. સમજાણું કાંઈ? ભીખાભાઈ! આવી વાતું ભારે. આવો આત્મા કોઈ દિ' સાંભળ્યો નહીં હોય. સાંભળ્યો હતો? ચોટીલા. આ તો જૈન છે, પણ જૈનમાં સાંભળવાનું છે ક્યાં? જૈન પરમેશ્વર શું કહે છે એની વાત ક્યાં છે? આ બધી બહારની વાતું થઈ ગઈ. એય ગુલાબચંદભાઈ! આહાહા! ત્રણ લોકના નાથ પરમાત્માની વાણીમાં ઇન્દ્રોની સમક્ષમાં, ગણધરોની સમક્ષમાં, સંતોના ટોળામાં, સિંહ ને વાઘ સભામાં બેઠેલા એમાં આવી ભગવાનની વાણી આવી હતી. સમજાણું કાંઈ? અરે ભગવાન! તું તો ક્લેશનો કિનારો છોને! આહાહા! સમજાણું કાંઈ? કહે છે, ક્લેશ કેવો તારામાં? સમજાણું કાંઈ? અને એવો ભગવાન આત્મા એનો જે આશ્રય લે એને ક્લેશ કેવો? એને તો અતીન્દ્રિય આનંદની છોળું ઉઠતી હોય છે. આહાહા!

**તે સમયસાર (શુદ્ધ આત્મા) જયવંત વર્તે છે,** કહે છે. છે એને એમને એમ, કહે છે. આહા! કહો, જયંતિભાઈ! સમજાય છે? આ બધું સમજવા જેવું છે. ધૂળમાં કાંઈ નથી. પૈસા-બૈસામાં રોકાય ન્યાં. એમાં માલ નથી. રળીએ છીએ ને આ બધા સુખી છીએ. ધૂળેય નથી. આહાહા! જાદવજીભાઈ! એવો ભગવાન આત્મા, કહે છે કે જયવંત વર્તે છે. ... જય હો એનો. એનો આશ્રય કરે એને જય હો, એમ કહે છે. સમજાણું કાંઈ? એવો અંતર ભગવાન આત્મા કેવળી પરમાત્મા તીર્થંકરદેવોએ જોયો, એમણે કહ્યો, એનો જે આશ્રય લે એને, વસ્તુ જયવંત વર્તે છે અને એનો આશ્રય કરનારનો જય વર્તે છે કહે છે. એનો પરાજય કોઈ દિ' થાય નહીં. આહાહા! મંગળિક કર્યું ૩૮ ગાથામાં. એ ૫૪ કળશ થયો. ગાથા એક થઈ. હવે (ગાથા) ૩૯.

**णो खलु सहावठाणा णो माणवमाणभावठाणा वा ।**
**णो हरिसभावठाणा णो जीवस्साहरिस्सठाणा वा ।।३९।।**
**જીવને ન સ્થાન સ્વભાવનાં, માનાપમાન તણાં નહીં,**
**જીવને ન સ્થાનો હર્ષનાં, સ્થાનો અહર્ષ તણાં નહીં. ૩૯**

**ટીકા : આ, નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે.** એ જે આત્મા કહ્યોને એનું આ કથન છે, બીજી રીતે કહીએ તો નિર્વિકલ્પ. શુદ્ધભાવ.. શુદ્ધભાવ કહો, નિર્વિકલ્પતત્ત્વ કહો, કારણ-પરમાત્મા કહો, નિજ કારણજીવ કહો. આહા! **ત્રિકાળ-નિરુપાધિ જેનું સ્વરૂપ છે...** ભગવાન આત્માનું ત્રિકાળ નિરુપાધિ, એનું એ સ્વરૂપ જ છે નિરુપાધિ. ઉપાધિ એમાં છે નહીં. આહાહા! **ત્રિકાળ-નિરુપાધિ જેનું સ્વરૂપ છે...** જેનું એવા શુદ્ધજીવાસ્તિકાયને... જુઓ! પાછા એવા શુદ્ધજીવને ન કહેતાં, જીવાસ્તિકાય (કહ્યો). કેમકે જીવ અસ્તિ છે ને કાય છે–અસંખ્યપ્રદેશી છે. સર્વજ્ઞ ભગવાન સિવાય અસંખ્યપ્રદેશી કોઈ મતમાં હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? એ એનો દેશ છે. **ત્રિકાળ-નિરુપાધિ જેનું સ્વરૂપ છે...** દ્રવ્યની વાત છેને આ. પર્યાયમાં ઉપાધિ છે એ તો રાગ-દ્વેષ છે, એ એના ઘરે રહ્યા. અહીં આમાં ક્યાં (આવ્યા)?

**ત્રિકાળ નિરુપાધિ જેનું સ્વરૂપ છે એવા શુદ્ધ જીવાસ્તિકાયને...** શુદ્ધ–પવિત્ર જીવ છે અસ્તિકાય–સમૂહ... અસંખ્ય પ્રદેશનું અસ્તિત્વ એવો સમૂહ (એવા) ત્રિકાળ નિરુપાધિ જીવને **ખરેખર વિભાવ-સ્વભાવસ્થાનો (-વિભાવરૂપ સ્વભાવનાં સ્થાનો) નથી...** શુભ-અશુભ રાગના વિભાવ પ્રકાર એનામાં છે નહીં. આહાહા! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, શુભ-અશુભભાવ એ બધા વિભાવ છે. એ વિભાવસ્વભાવના ભેદો એમાં નથી. એ નિર્વિકલ્પ છે. એમાં આ કેવા? પર્યાયમાં છે એ દ્રવ્યમાં નથી, દ્રવ્યમાં છે એ પર્યાયમાં નથી. બેની અંદર છે વાત. એની દશામાં છે પુણ્ય ને પાપ, રાગ ને દ્વેષ, સંકલ્પ-વિકલ્પ વિભાવ, પણ વસ્તુમાં નથી. ત્રિકાળ નિરુપાધિ ભગવાન આત્મા એમાં વિભાવ કેવો?

**વિભાવરૂપ સ્વભાવના...** 'વિભાવરૂપ સ્વભાવ' કીધું, જોયું! **णो खलु सहावठाणा** લીધું છેને પાઠમાં? એને સ્વભાવ કહેવાય, જોયું! પાઠમાં 'સ્વભાવ' છે, સ્વભાવનો અર્થ અહીં કરવો

છે 'વિભાવ'. એ જાતનો ભાવ છેને, પર્યાયનો સ્વભાવ છેને. મિથ્યાત્વભાવ, રાગ-દ્વેષ આદિ એ સ્વભાવ છેને, એ પર્યાયનો (ભાવ છે), પર્યાય એટલે અવસ્થા. વસ્તુમાં નથી. વસ્તુ નિર્વિકલ્પ-તત્ત્વ છે એને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવે છે. ગાથા દીઠ આવી વાત છે લ્યો. ઓલા આટલા સાંભળ્યા તો કોઈ દિ' સાંભળ્યું હતું આવી કડીયું. મહેનત ઘણી કરી છે એણે પૈસા કરવા. આહાહા! 'વિભાવસ્વભાવ' એમ ભાષા છેને. વિભાવ એવો સ્વભાવ, એમ. એવા પ્રકારો. સ્થાન એટલે ભેદો. અસંખ્ય પ્રકારના શુભભાવ—દયા, દાન, પૂજા, ભક્તિ આદિ એ બધા વિભાવભાવ છે. આ અપવાસ કરવું, ફલાણું કરવું એ વિકલ્પ જે ઉઠે છે એ બધો વિભાવભાવ છે. એવા વિભાવસ્વભાવના ભેદો નિર્વિકલ્પ ચૈતન્યમૂર્તિ અભેદમાં નથી.

હવે, **(શુદ્ધ જીવાસ્તિકાયને)...** શુદ્ધ જીવ અસ્તિકાયને... માથે જીવાસ્તિકાય આવ્યું એટલે પછી બધે નાખ્યું એ. પવિત્ર ભગવાન હોવાવાળો અસંખ્યપ્રદેશી પ્રભુ એને **પ્રશસ્ત કે અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી...** શુભરાગ નથી, અશુભરાગ નથી, શુભનો ... નથી–એનો અભાવ છે. **માન-અપમાનના હેતુભૂત કર્મોદયના સ્થાનો નથી...** માન-અપમાનના કર્મોદયના સ્થાનો જ નથી. એવો માન-અપમાનનો ભાવ નથી. બહુ અનુકૂળ હોય તે આમ થઈ જાય આહાહા.. અભિનંદન પત્ર આપે એને. બહારથી મોટો કહે એને એ માન. એમાં પ્રતિકૂળતા અપમાન કરી નાખે લોકો. સમજાણું? જુઓને! ઓલો મોટો.. મારી નાખ્યા ઘણાને મિયાખાને. એને પછી કેદમાં નાખ્યો નજરકેદમાં. અપમાન કર્યું. આ મોટું માન એમાં અપમાન. માન આપે છે આખો દેશ..... બધા ખમ્મા-ખમ્મા કરતા. મહારાજ! મેં દગો દીધો. એ.. બીજી પળે અપમાન. અહીં તો કહેવું છે કે માન-અપમાન થાય છે એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? આહાહા! કોના માન ને કોના અપમાન? આહાહા! માન-અપમાનના હેતુ કર્મનો ઉદય એના ભેદો (સ્વભાવમાં) નથી.

**(શુદ્ધ જીવાસ્તિકાયને) શુભ પરિણતિનો અભાવ હોવાથી...** ભગવાન આત્મામાં તો શુભપર્યાય દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ છે જ નહીં. આહાહા! આ કહે, કરતું કોણ હશે ત્યારે? એ પ્રશ્ન આવ્યો છેને, કળશટીકામાં આવ્યો છે. કળશટીકામાં પ્રશ્ન કર્યો છે. આ નથી ત્યારે આ થાય છેને? ભઈ! કરે છે ત્યાં સુધી જીવ અજ્ઞાનભાવમાં એની પર્યાયમાં એનું છે. એમ આવે છે. કળશટીકામાં ક્યાંક છે ખરું. પહેલામાં છે એ. કર્તાકર્મ અધિકારમાં હેઠે છે. કરે છે ત્યાં સુધી એ કરે છે. પર્યાયમાં હોં, વસ્તુમાં નથી. આ બાજુના પાને છે ક્યાંક હેઠે. ઘણું વાચ્યું હોય ક્યાંક... કહે છે કે **શુભપરિણતિનો અભાવ હોવાથી...** ભગવાન આત્મામાં જે ભાવ શુભ તીર્થંકરગોત્રનો આવે, એ ભાવનો પણ સ્વભાવમાં અભાવ છે. તીર્થંકર થતો જ નથી આત્મા. આ તો કેવળજ્ઞાન પામે છે. સમવસરણમય થઈ જાય છે? તો તો કેવળજ્ઞાનમય થઈ જાય. કહો, સમજાણું કાંઈ?

'પુણ્યફલા અરહંતા' એ તો સંયોગની વાત છે. હોય છે પુણ્ય ઘણા, પણ એ પર્યાય થઈ છે એની? એ તો સંયોગની વાત છે. સંયોગમાં આત્મા આવ્યો છે કે દિ'? સંયોગમાં

આત્મા છે કે દિ'? આહાહા! એ પુણ્યની અપેક્ષાએ વાત કરી છે. પુણ્યમાં નથી..... પ્રકૃતિની અપેક્ષાએ ૪૨ પુણ્યપ્રકૃતિમાં ઊંચામાં ઊંચી એ છે. ત્યારે કહે, તીર્થંકર સિવાય બધા કેવળ પામે એ બધા ગુણે સરખા છે. ગુણનો શું ફેર છે? કેવળજ્ઞાન પામે એ તો આનંદમાં–પૂર્ણાનંદમાં છે અહીં. તીર્થંકર પૂર્ણાનંદમાં છે... અહીં સમવસરણ છે ને આને સમવસરણ નથી એથી કાંઈ સુખમાં ફેર છે? ગુણની દશામાં ફેર છે? એવું જ ચાલે છે.

કહે છે કે શુભપરિણતિનો અભાવ હોવાથી એ **શુભ કર્મ નથી...** પરિણતિ શુભ હોય તો શુભકર્મ થાયને? અને **શુભ કર્મનો અભાવ હોવાથી સંસારસુખ નથી,** લ્યો. સંસારના માનેલા પૈસા ને બાયડી, છોકરા ને કુટુંબ, બાદશાહી એવી કલ્પનાનું સુખ સ્વરૂપમાં છે નહીં. એ તો દુઃખની દશા કલ્પનાની છે. આહાહા! સુખી છીએ હમણાં. લ્યો અહીં રાડા હોય, પાંચ-પચાસ લાખ પેદા થયા હોય, કરોડ-બે કરોડમાં ભળતા હોય થોડાક, આહાહા.. ઓણ તો બહુ ફાલ આવ્યો. શેનો? પાપનો. પૈસાનો અર્થ કર્યોને અમારે હિંમતભાઈએ. ૫+ઈસો = પૈસો. ૫ એટલે પરમેશ્વર, ઈસો એટલે પરમેશ્વર પાંચ. પાંચ પરમેશ્વર પૈસામાં આવી ગયા. 'પૈસો મારો પરમેશ્વર' આવે છેને? ૫+ઈસો એટલે ઈશ, ઈશ્વર. ૫ એટલે પાંચ. અરિહંત, સિદ્ધ... પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ. આહાહા! પૈસો.. એ શેઠ! માન મળે, ભગવાનદાસ શેઠ મોઢા આગળ આમ બેસે.... એ તો પહેલા વાત કરી કે માન-અપમાન જીવમેં હૈ હી નહીં. આહાહા! તમે ન જાણ્યું માટે સાંભળવું, સમજવું. આહાહા!

સંસારસુખ આત્મામેં હૈ હી નહીં. સંસારમાં સુખની કલ્પના છે તો દુઃખ, પણ લોકો એને સુખ કહે છે એ અપેક્ષાએ વાત કરી છે. સુખ નથી. **સંસારસુખનો અભાવ હોવાથી હર્ષસ્થાનો નથી...** હરખ આવી જાય. આહાહા! સમજાણું કાંઈ? પાંચ-પચ્ચીસ લાખની મૂડી હોય, લાખ-બે લાખનો ખરચવા હોય ને એકને એક દીકરો હોય અને એના લગ્ન હોય ને મખમલના પહેર્યા હોય ઓલા માથે.. શું કહેવાય? કલગી. આહાહા! એમાં મૂછું-બૂછું સરખી હોય આમ લીંબુ રહે એવી. આ જાણે શું હશે આમાં? હરખ કેટલો હશે? આહાહા! કહે છે કે એવો હરખ આત્મામાં નથી. સુખનો અભાવ હોવાથી હરખસ્થાન જ નથી. આહાહા!

**વળી (શુદ્ધ જીવાસ્તિકાયને) અશુભ પરિણતિનો અભાવ હોવાથી...** ભગવાન આત્મામાં તો મિથ્યાત્વાદિ અશુભભાવનો અભાવ છે. અશુભ પરિણતિ તો પર્યાયમાં છે, દ્રવ્યમાં–વસ્તુમાં ક્યાં છે? તેથી ટળે છેને. **અશુભ કર્મ નથી, અશુભ કર્મનો અભાવ હોવાથી દુઃખ નથી...** કહો, સમજાણું કાંઈ? **દુઃખનો અભાવ હોવાથી અહર્ષસ્થાનો નથી.** શોક.. શોક આત્મામાં–વસ્તુમાં નથી. શોક તો એની પર્યાયમાં ઉત્પન્ન કરે છે. વસ્તુમાં ક્યાં છે? વસ્તુ તો વસ્તુ છે. હર્ષ ને અહર્ષસ્થાનો એનામાં નથી. એવું નિર્વિકલ્પ ચૈતન્યતત્ત્વ એ જ ઉપાદેય અને અનુભવ કરવાલાયક છે એમ અહીંયા કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**મહા સુદ ૮, રવિવાર, તા. ૨૩-૧-૧૯૭૨**
**શ્લોક-૫૫, ગાથા-૪૦, પ્રવચન નં. ૩૩**

નિયમસાર, ૩૯મી ગાથા (એનો) ૫૫મો કળશ છે.

**प्रीत्यप्रीतिविमुक्तशाश्वतपदे निःशेषतोऽन्तर्मुख-**
**निर्भेदोदितशर्मनिर्मितवियद्बिम्बाकृतावात्मनि ।**
**चैतन्यामृतपूरपूर्णवपुषे प्रेक्षावतां गोचरे**
**बुद्धिं किं न करोषि वाञ्छसि सुखं त्वं संसृतेर्दुष्कृतेः ॥५५॥**

શું કહે છે? **શ્લોકાર્થ : જે પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વત પદ છે** ભગવાન આત્મા. આત્મા નિત્યાનંદસ્વરૂપ ધ્રુવ છે એમાં પ્રીતિ-અપ્રીતિ કાંઈ છે નહીં. પ્રીતિ-(અપ્રીતિ) એટલે રાગ-દ્વેષ. વસ્તુ જે ધ્રુવ ચૈતન્યબિંબ અનાદિ-અનંત એક સમયની પર્યાય વિનાનો... ભાષા સમજતે હો? એક સમયકી પર્યાય હૈ ન ઉસસે રહિત. ત્રિકાળ ધ્રુવ ચૈતન્યબિંબ ધ્રુવ ઉત્પાદ-વ્યય વિનાનું... 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્' એમ ત્રણ છેને? આ વસ્તુ એવી છે આત્મા કે જે ઉત્પાદ-વ્યયની પર્યાય વિનાનો છે. સમજાય છે કાંઈ? ઉત્પાદ-વ્યય તો નાશવાન છે. એ આવી ગયું છેને. ઉત્પાદ-વ્યય જે પર્યાય છે એ તો નાશવાન, એક સમયની છે. એ વિનાનું ત્રિકાળી શાશ્વત પદ.. ધ્રુવ અવિનાશી નિત્યસ્વભાવભાવ એવો આત્મસ્વભાવ એ રાગ અને દ્વેષ રહિત શાશ્વત પદ છે. એમાં દૃષ્ટિ કરવા જેવી છે એમ કહે છે. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય, ધર્મ જેને પ્રગટ કરવો હોય, એણે આ શાશ્વતપદમાં દૃષ્ટિ મૂકવા જેવી છે એમ કહે છે. સમજાય છે કાંઈ?

એણે નિમિત્તની બુદ્ધિ છોડી, રાગની બુદ્ધિ છોડી, એક સમયની પર્યાયની બુદ્ધિ છોડી ત્રિકાળબુદ્ધિ કરવા જેવી છે, એનું નામ ભગવાન સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાય છે કાંઈ? **પ્રીતિ-અપ્રીતિ રહિત**... એનો અર્થ કે વીતરાગબિંબસ્વરૂપ આત્મા જિનસ્વરૂપ છે. આત્મા જિનસ્વરૂપ જ છે. એ શાશ્વત પદ કે જે સર્વથા અંતર્મુખ.. સર્વથા અંતર્મુખ છે. બાહ્યપર્યાયમાં એ ચીજ આવતી નથી. સમજાય છે કાંઈ? પહેલાં એમ કહ્યું કે પુણ્ય-પાપના પ્રીતિ-અપ્રીતિ રહિત છે, પછી કહ્યું કે સર્વથા અંતર્મુખ છે. એક સમયની પર્યાયમાં પણ એ દ્રવ્ય–ધ્રુવ આવતું નથી. આહાહા! આવી વસ્તુ છે. કહો, શેઠ! પછી બાયડી-છોકરામાં ક્યાં જાતું હશે આ....? બૈરા-છોકરા, પૈસા, ધૂળ, પાંચ-પચાસ લાખની પૂંજી ધૂળમાં જાતો હશે આત્મા? પર્યાયેય ન જાય ને દ્રવ્યેય ન જાય. આહાહા! અહીં તો, બહુ તો જાય તો એની પર્યાય–એક સમયની અવસ્થાનું એનું પરિણમન, પણ ત્રિકાળી ચીજ તો એમાંય આવતી નથી. આહાહા! સમજાણું કાંઈ?

પછી ચેકી નાખવાનું છે. વચમાં એક લીટી છેને. 'અને પ્રગટ પ્રકાશમાન એવા સુખનો બનેલો નભમંડળ સમાન' એ ચેકી નાખવાનું છે. આખી લીટી ચેકી નાખવાની. ચેકી નાખવી સમજતે હો? નિકાલ દેના. એનો અર્થ કરવો આ. ભેદ નથી પ્રગટ થતા એવા સુખનો બનેલો છે. ભેદ નથી..? હા, સમજી ગયો. ભેદનથી પ્રગટ થયા. ઠીક, ..... આ અક્ષર ભેગા કરી નાખ્યા હતાને. (શ્રોતા : ભેદ, ભેદન દોનોં...) ના, પણ અહીં અલગ કરીને 'ભેદનથી' એમ જોઈએને. ભેદનથી પ્રગટ થતા એવા સુખનો બનેલો, એમ. આ તો 'ભેદ નથી' કીધુંને. 'ભેદનથી' એમ નહીં. ભેદનથી બનેલું પ્રગટ થતા સુખનો બનેલો છે એમ ક્યાં છે? ભેદ નથી એવા પ્રગટ થતા સુખનો, એમ જોઈએ એનો અર્થ. શું ભેદ નથી એટલે?

શ્રોતા : ભેદનથી એટલે અંતર્મુખ ભેદ પાડવાના પ્રયત્નથી...

પૂજ્ય ગુરૂદેવશ્રી : ભેદનથી પ્રગટ થતાં એવા સુખનો બનેલો, એમ કીધુંને?

શ્રોતા : અંતર્મુખ ભેદનથી જે સુખ પ્રગટ થાય છે એ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : અંતર્મુખ લ્યોને ત્યારે. સમજી ગયો. આ આવ્યું, હેઠે કર્યો એ. ભેદન એનો નીચે અર્થ કરવો. **ભેદવું તે, વીંધવું તે, ઊંડા ઉતરવું તે**. એમ નીચે અર્થ છે. ઊંડા ઉતરવું એ વધારે ઠીક છે. કેવો છે શાશ્વત પદ? કે અંતર્મુખ છે ને અંતરમાં જતાં, એમ. અંતરમાં જતાં જે સુખ પ્રગટ થાય એવો છે. સમજાણું કાંઈ?

ભેદનથી, નહીંતર આમ તો શબ્દ એવો નાખ્યો કે ભેદથી. ભેદનથી એટલે પ્રગટ થતાં, અંદરમાં ઉંડા ઉતરતા પ્રગટ થતા એમ જોઈએ એનો અર્થ. એ વધારે બેસે છે. એ વધારે બેસે એવું છે. ભેદવું, વીંધવું એ તો સાધારણ શબ્દ થઈ જાય છે. ભેદવું એટલે અંદરમાં ઉતરવું. ચૈતન્યમૂર્તિ શાશ્વત પદ જે અંતર્મુખ એમાં ઊંડા ઉતરતાં... આરે! એવા ઊંડા ઉતરતાં, પ્રગટ થતાં, એવા સુખનો બનેલો એવો છે. એવા સુખનો બનેલો છે એટલે છે (અર્થાત) અનાદિનો સુખસ્વરૂપ છે. આહાહા! ભેદનથી પ્રગટ થતાં (એમ અર્થ કરતા) તો સામાને મુંઝવણ થાય. ભેદનથી પ્રગટ થતાં એટલે શું? ભેદવાથી પ્રગટ થતાં, ભેદ કરવાથી પ્રગટ થતાં એવો અર્થ આવેને શબ્દનો. આ છેલ્લો શબ્દ ઠીક છે. ભેદતાં પ્રગટ થતા, વીંધતાં પ્રગટ થતાં, ઊંડા ઉતરતાં પ્રગટ થતાં એટલે કે અંદરમાં જતાં.

વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન એવું શાશ્વતપદ પર્યાય વિનાનું, એક સમયની પર્યાય પણ જેમાં નથી. એવું શાશ્વત... એમાં ઊંડા ઉતરતાં, એથી પ્રગટ થતાં સુખનો બનેલો છે. આનંદમૂર્તિ છે એ. આહાહા! ભગવાન શાશ્વત વસ્તુ અંદર પોતે આત્મા હોં. એ સુખસ્વરૂપ અનાદિ-અનંત શાશ્વત છે. એની દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય. આહાહા! સમજાણું કાંઈ? ભેદવું, વીંધવું એવો શબ્દાર્થ એ કહે છે એવો થાતો હશે, પણ શબ્દાર્થ સીધો ન લાગે એવો. ભેદવું એટલે અંદર જાવું. **સુખનો બનેલો છે, જે નભમંડળ સમાન આકૃતિવાળો (અર્થાત્ નિરાકાર-અરૂપી) છે...**

ઓલામાં એમ લખ્યું છે. આમાંય છે. 'નિરાકાર' શીતલપ્રસાદે (લખ્યું છે). જોયું હમણાં. નભમંડળ સમાન આકૃતિવાળો નિરાકાર અરૂપી છે. આકાશને જેમ આકાર નથી અને અરૂપી છે, એમ ભગવાન ધ્રુવ નિત્ય જેમાં અંતર જતાં એકલો આનંદ સિદ્ધ ભરેલો છે એવો આત્મા અરૂપી અને આકાર વિનાનો છે–નિરાકાર છે. આહાહા!

વળી, **ચૈતન્યામૃતના પૂરથી ભરેલું જેનું સ્વરૂપ છે...** વસ્તુ–દ્રવ્ય.. દ્રવ્ય–વસ્તુ શાશ્વત પદાર્થ પર્યાય સિવાયનો. પર્યાય–અવસ્થા... અવસ્થા સમજતે હો? એક સમયકી પર્યાય હોતી હૈ ન. પર્યાય એક સમયકી દશા ઉસકે સિવાકી પૂરી ચીજ આહાહા! ચૈતન્યામૃતના પૂરથી ભરેલું—ચૈતન્યરૂપી અમૃતનું પૂર એનાથી ભરેલું જેનું સ્વરૂપ છે સમજાણું કાંઈ? પહેલું સુખથી તો કહ્યું. આ તો ચૈતન્ય અમૃતના પૂરથી... એકલું અમૃત, ચૈતન્ય અમૃત. ઓલું ઝેર જડ અમૃત નહીં. એવું **ચૈતન્યામૃતના પૂર...** જોરવાળું અંદર પૂર સ્વભાવ જેનું સ્વરૂપ છે. **પ્રેક્ષાવ્તાં ગોચરે..** લ્યો, આ જવાબ આવ્યો, વીરચંદભાઈ! કહે છે, જોનારને ગોચર છે. આહાહા! સમજાણું કાંઈ? પ્રશ્ન હતોને કે આવો આત્મા છે, પણ આ અનાદિથી રખડ્યો કેમ? એ વળી બીજો શબ્દ. બે શબ્દ હતાને. કેમકે આવું સ્વરૂપ છે છતાં એ રખડે છે કેમ? એવું સ્વરૂપ છે એવું એને માનતો નથી માટે રખડે છે. માને તો એવું સ્વરૂપ છેને અંદરમાં. માન્યા વિના એવું સ્વરૂપ ક્યાંથી આવ્યું?

અહીં કીધું, **પ્રેક્ષાવ્તાં...** જે વિચારવંતને ગમ્ય છે. જે એને જોવા માગે તેને એ જોઈ શકાય એવી ચીજ છે એમ કહે છે. આહાહા! કહો, ભીખાભાઈ! કહે છે... બહુ સરસ ગોઠવ્યું છે. **પ્રેક્ષાવ્તાં** છેને. **ગોચરે...** પહેલું એમ કહ્યું હતું કે ચાર ભાવને ગમ્ય નથી. ઉદયભાવ, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એનાથી અગોચર છે એમ આવ્યું હતું. અહીં કહે છે કે જ્ઞાનીને ગમ્ય છે. એ જોવા માગે એને દેખાય, જોવાય છે. અનુભવવા માગે એને અનુભવમાં આવી શકે છે એમ કહે છે. સમજાણું કાંઈ આહાહા! કારણપરમાત્માનો કર્યો હતોને પ્રશ્ન. કારણપરમાત્મા છે તો કાર્ય કેમ ન આવે? કારણપરમાત્મા છે તો કાર્ય કેમ ન થાય? પણ કારણપરમાત્મા છે એવો સ્વીકાર કરે એને કારણપરમાત્મા છે કે પર્યાયને સ્વીકાર કરે એને કારણપરમાત્મા છે?

શ્રોતા : ન સ્વીકારે એનો કારણપરમાત્મા ક્યાં વયો ગયો?

પૂજ્ય ગુરુદેવશ્રી : વયો ગયો, એને નથી. શેઠ! એક સમયની પર્યાયનો સ્વીકાર કરનાર ત્રિકાળીદ્રવ્યનો સ્વીકાર કરતો જ નથી, માટે એને છે જ નહીં. ઝીણું તત્ત્વ છે ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમણે કહેલો આ આત્મા આવો છે. એ એવો છે, પણ એવો છે એ માન્યતા કરે એને છે ને? માન્યતા ન કરે... માન્યતામાં તો એક સમયની પર્યાય ને રાગ છે. એને આ ત્રિકાળી કારણપરમાત્મા ક્યાં આવ્યો? સમજાણું કાંઈ? શું કીધું? એ સમજાણું કે નહીં?

આત્મા વસ્તુ ધ્રુવ ત્રિકાળી, એક વાત અને એક સમયની પર્યાય, બે વાત. બે થઈને આખું તત્ત્વ. સમજાણું કાંઈ? પણ જેનો સ્વીકાર અનાદિથી પ્રગટ અંશ ઉપર છે. અવસ્થા તે પ્રગટ છે અને પ્રગટ ઉપર જ્યાં એનો વિશ્વાસ ને તેની રુચિ ને દૃષ્ટિ છે એને આ કારણપરમાત્મા છે જ ક્યાં? એને તો આ છે. સમજાણું કાંઈ? ચંદુભાઈ! સમજાણું કે નહીં આમાં? બે પ્રશ્ન થયા હતા. એક કહે, આવો છે છતાં અનાદિથી કેમ જણાતો નથી? કેમ રખડે છે? એક. અને આ કારણપરમાત્મા છે, એને કારણ છે તો કાર્ય આવવું જોઈએ. પણ કોને? આહાહા! સમજાણું કાંઈ? કારણપરમાત્મા ત્રિકાળી શાશ્વત છે એવું જે વર્તમાન એક સમયની અવસ્થાની રુચિ છોડી અને દ્રષ્ટિ ત્રિકાળીની રુચિ કરે એને ગોચર છે. એને કીધું... એ કહે છે. સમજાણું કાંઈ? જે છે એને સમજવા માગે, વિચારે, એ તરફ ઢળે તો સમજવા યોગ્ય છે. આહાહા! શેઠ!

શ્રોતા : એક સમયકી ભી ગુંજાઇશ નહીં હૈ

પૂજ્ય ગુરુદેવશ્રી : એક સમયકી ગુંજાઇશ કહાં હૈ? એક સમયકી રુચિ હૈ ઉસમેં ગુંજાઇશ તો સારા ઢંક ગયા, સામાન્ય ઢંક ગયા, વિશેષ એક રહા દૃષ્ટિમેં. આહાહા! ઝીણી વાત ભાઈ! આ તો અપૂર્વ અનંત કાળનો જન્મ-મરણ કેમ મટે, ચોરાસીના અવતાર કેમ ટળે એ વાત છે. સમજાણું કાંઈ? એ કાંઈ નાનીસૂની વાત નથી. નાની અને સૂની એમ. મોટી અને શૂન્યવાળી નથી, પણ અશૂન્ય છે, મોટી ચીજ છે. આહાહા! શૂન્યવાળી નથી, મોટી ચીજ છે. સમજાણું કાંઈ? આ નાનીસૂની કહે છેને આપણે? આહાહા! ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં એક સમયની પર્યાય વિનાની ચીજ એ અખંડાનંદ અભેદ-નિર્ભેદ છે. આહાહા! શાશ્વત છે. 'છે' એની દૃષ્ટિ કરે અને સ્વીકારે એને છે. ન સ્વીકારે ને પર્યાયને સ્વીકારે એને એ ક્યાં છે? બીજો એમ કહે કે આ છે, પણ એને ક્યાં આવ્યું? સમજાણું કાંઈ? શેઠ!

એમ ભગવાન આત્મા નિજ કારણપરમાત્મા.. નિજ કારણપરમાત્મા સ્વરૂપ એનું ધ્રુવ ચૈતન્યપ્રભુ નિજ કારણજીવ, નિજ કારણપરમાત્મા. પણ કોને? જેને એનો સ્વીકાર થયો એને. આહાહા! સમજાણું કાંઈ? જેણે વર્તમાન જ્ઞાનની દશામાં, વર્તમાન જ્ઞાનની દશા–અવસ્થામાં અંદર જઈને એનો સ્વીકાર કર્યો એને. એ માવાણી! આવી વાત છે. એક સમયની પર્યાય (સ્વીકાર) કરે, પણ એ પોતે ઢળે ત્યારે, ત્યારે એને આ છે. નહીંતર એને તો 'હું છું' એટલો ... થયો. સમજાણું કાંઈ? આહાહા! એક સમયની પ્રગટ દશા છે તેનો વ્યક્તનો–પર્યાયનો અનુભવ તો અનાદિનો છે. એ પર્યાયદૃષ્ટિ તો અનાદિની છે. કારણ કે એક સમયની દશા એ સિવાયની આખી ચીજ જે છે એ તો એની દૃષ્ટિમાં આવી નથી. દૃષ્ટિમાં આવી નથી ને કરી નથી કોઈ દિ' દૃષ્ટિ. આહા! સમજાણું કાંઈ?

કહે છે કે **ચૈતન્યામૃતના પૂરથી ભરેલું જેનું સ્વરૂપ છે, જે વિચારવંત ડાહ્યા પુરુષોને... પ્રેક્ષાવ્તાં..** એ તો એક જ શબ્દ થયો. **પ્રેક્ષાવ્તાં**—વિચારવંત ડાહ્યા–બે. ડાહ્યા ને વિચારવંત બે

પડ્યા આમાંથી? એ જુદું, આ તો વિચારવંત પણે થાય ને ડાહ્યા પણ થાય. વિચારવંતને તે ગમ્ય છે, ડાહ્યાને તે ગમ્ય છે. ડાહ્યા સમજે? ડહાપણ. સમજનારને તે ગમ્ય છે. આહાહા! સમજાણું કાંઈ? એવું જે શાશ્વત પદ છે ચૈતન્યામૃતથી ભરેલું, એ વિચારવંત એટલે કે સમકિતીને ગમ્ય છે. સમ્યગ્દષ્ટિને એ ત્રિકાળી વસ્તુ ગમ્ય છે. કેમકે સમ્યગ્દર્શનમાં પૂર્ણ સ્વરૂપ ભગવાન આત્માનો સ્વીકાર કર્યો છે, ત્યારે એને સમ્યગ્દર્શન થયું છે. સમ્યગ્દષ્ટિને તે ગમ્ય છે. આહાહા! અનુભવમાં આવે છે, એ વસ્તુ આવી છે. સમજાણું કાંઈ? એવું અસ્તિત્વ છે આવડું મોટું. એ મોટા અસ્તિત્વની તરફ દૃષ્ટિ ગયા વિના અને એ પર્યાયનો વર્તમાન પ્રગટ અંશ એ તરફ ઢળ્યા વિના 'આ છે' એમ જાણે કોણ? સમજાણું કાંઈ? એટલે અંદરના અંતર તરફ જનારને તે ગમ્ય છે. તે તેને માને છે, તે તેને શ્રદ્ધે છે, એમ કહે છે.

**વિચારવંત ડાહ્યા પુરુષોને ગમ્ય છે–એવા આત્મા...** દેખો! વિચારવંત ડાહ્યા પુરુષને ગમ્ય છે એવો આત્મા, એમ. 'એવો આત્મા' એમ કીધુંને! **એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી?** આહાહા! કહો, શેઠ! એક સમયકી પર્યાયકી રુચિ ઔર દયા, દાન, વિકલ્પ રાગકી રુચિ કરતે હો ઔર ત્રિકાલીકી રુચિ ક્યોં નહીં કરતે? તુમ ક્યોં નહીં કરતે? કર્મ-બર્મ કોઈ નડતા હૈ ઇસલિયે નહીં કરતે, ઐસા હૈ નહીં. સમજાય છે કાંઈ? આવી વાત છે. પાછી ભાષા શું છે? આવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી? આહાહા! **बुद्धि कि न करोषि** એમ છેને? ભાઈસાહેબ! શું કરીએ? કર્મ નડે છે. અનાદિકાળથી આ કોઈ કર્મ નડતું હશે માટે નહીં થાય એમ હશે? તારી દૃષ્ટિ તને નડે છે. આહાહા! એને ભેદ પાડવાની તારી શક્તિ વિનાની તારી દૃષ્ટિ એ તને નડે છે. એ કર્મ-બર્મ નડતું નથી. આહાહા! સમજાણું કાંઈ?

ઓલામાં કહ્યુંને, **भेदविज्ञानतः सिद्धा सिद्धाः ये किल केचनम्...** અમૃતચંદ્રાચાર્યનો, આધારનો સમયસારનો કળશ છે. જે કોઈ અત્યાર સુધી સિદ્ધપદને પામ્યા એ બધા ભેદવિજ્ઞાનથી પામ્યા. નિમિત્ત-રાગથી પણ જુદા પડી અને પર્યાયને અંતરમાં વાળી એવા ભેદજ્ઞાની જીવો સિદ્ધને પામ્યા. એને કર્મનો અભાવ થયો માટે ભેદજ્ઞાન થયું અને સિદ્ધ(પદ) પામ્યા એમ નહીં, પોતાના પુરુષાર્થથી પામ્યા છે. સમજાણું કાંઈ? પરથી ભેદ પાડીને પામ્યા છે. અને **अस्येव अभावतो बद्धा...** એ પરથી ભેદ પાડતો નથી એ કારણે બંધાયેલા છે. આહાહા! કોઈ દર્શનમોહ ને ચારિત્રમોહનું જોર છે કર્મનું, માટે બંધાયેલા છે એમ નથી. વીરચંદભાઈ! આવી વાત છે. આ બાજુ ઢળવાનું કરતો નથી તે બંધાયેલા છે. આ બાજુ ઢળવાનું કરે છે તે સિદ્ધપદને પામે છે.

'અપનેકો આપ ભૂલકે હેરાન હો ગયા.' કોઈથી છે? કર્મ કરે છે ક્યાં? 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ' વહ આતા હૈ. ચંદ્રનાથ ભગવાનકી સ્તુતિમાં આવે છે. 'અગ્નિ સહૈ ઘનઘાત લોહકી સંગતિ પાયી.' એ તો અગ્નિએ લોઢાનો સંગ કર્યો, તો ઘણ.. ઘણ પડતે હૈં ઘણ.

અગ્નિ ઉપર ઘણ, એ અગ્નિએ લોઢાનો સંગ કર્યો તો પડી. લોઢાનો સંગ ન કરે તો ઘણ કોઈ ન મારે. એમ આત્મા કર્મના સંગમાં જોડાઈ ગયો એના ઉલટા પુરુષાર્થથી. આહાહા! 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાઈ.' કર્મ નિમિત્ત છે તો આમ મિથ્યાત્વ થાય છે એમ કોણે કહ્યું તને? તું ઉલટી દૃષ્ટિ કરતા હૈ તો મિથ્યાત્વ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

બેય વાત કરી અસ્તિ-નાસ્તિ. એવા આત્મામાં... જે સમજી શકાય છે એવા આત્માની તું રુચિ કેમ કરતો નથી. આહાહા! આચાર્યે તો એમ કહ્યું. એમ ન કહ્યું કે તને કર્મ નડે છે માટે રુચિ કરતો નથી. સમજમેં આયા? આહાહા! તને ખબર નથી ભગવાન! શરીર આ તો માટી, આ તો ચામડા છે, જડ છે, અજીવતત્ત્વ છે. આમાં ક્યાં આત્મા છે? આ આત્મા છે? અને અંદર પુણ્ય-પાપના ભાવ થાય એ ક્યાં આત્મા છે? એ તો આસ્રવ છે. શુભ-અશુભભાવ વહ તો આસ્રવતત્ત્વ હૈ. વહ કહાં તેરા તત્ત્વ હૈ? ઔર આસ્રવતત્ત્વને જાણવાની વર્તમાન પ્રગટ અવસ્થા એક સમયની દશા છે. ઉસમેં કહાં પૂર્ણ (વસ્તુ) હૈ? આહાહા! શેઠ! આહાહા!

ભગવાન! તું ત્યાં ક્યાં છો? શરીર, વાણી, મન આ તો બધા જડ અજીવતત્ત્વ છે, એ તો અજીવ થઈને રહેલા છે, અજીવ થઈને રહ્યા છે. એ કાંઈ તારા થઈને રહ્યા છે? આત્મા તો અરૂપી છે તો આ અરૂપી થઈને રહ્યા છે? રૂપી થઈને રહ્યા છે. અને તું કહે છે કે મારા. મૂઢ છો. સમજાણું કાંઈ? આહાહા! એક સમયનો રાગ છે એને મારો માને છે. રાગ તો રાગ થઈને રહેલો છે. આત્મા થઈને ક્યાં રહેલો છે રાગ? એ રાગના વિકલ્પને પોતાનો માનનારો મૂઢજીવ છે. અને એ રાગને જાણવાની જે પ્રગટ થઈને અવસ્થા એ અંશ થઈને રહેલી છે. એ ત્રિકાળી થઈને ક્યાં રહેલી છે? આહાહા!

બાપુ! આવો વીતરાગમાર્ગ બીજે ક્યાંય ન હોય હોં. સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર પરમેશ્વર સિવાય આવી ચીજની રીત ને પદ્ધતિ ક્યાંય હોઈ શકે નહીં. આ વસ્તુ આવી છે. જેવું છે એવું કથન આવ્યું ભગવાનની દિવ્યધ્વનિ દ્વારા. ભાઈ! તું એક સમયની દશામાં નથી આવ્યો હોં. આહાહા! એમ કીધુંને કે આવા આત્મામાં રુચિ કેમ કરતો નથી? એમ કીધુંને. જે શાશ્વત પદ છે, જે ઊંડે ઉતરતા એકલો સુખનો અંદર બનેલો એટલે સુખસ્વરૂપી છે, જે નિરાકાર છે, જ્ઞાનીઓને ગમ્ય છે, જે એને ગમ્ય કરવા માગે એને ગમ્ય છે. આહાહા! ભાઈ કહે છે કે સમજાવે કોણ? પણ આ આવ્યાને સમજવા માટે અહીંયા. પાછું સાગર લઈ જશે. આહાહા! ભારે વાત હોં. આ મુનિઓના–દિગંબર સંતોના કળશો, ગાથા, ટીકા અદ્ભૂત વસ્તુ અદ્ભૂત! એકેક કળશમાં કેટલી વાત ભરી દીધી છે! શબ્દો થોડા પણ ભાવ ઘણા. ગાગરમાં સાગર ભરી દીધું છે આમ આખું.

કહે છે કે ભગવાન! એ તો ભગવાન તરીકે બોલાવે છે આત્માને. આહા! ભગવાન! તું તો ત્રિકાળી આનંદકંદ છોને નાથ! તારું સ્વરૂપ તો અકૃત્રિમ, નિરાકાર, શુદ્ધ, શાશ્વત, સુખથી બનેલું, ચૈતન્યના અમૃતથી ભરપૂર ભરેલું છે. આહાહા! એવી ચીજ તે તું છો. એવી ચીજની રુચિ કેમ કરતો નથી? આહાહા અને તને રાગ કેમ રુચે છે, નિમિત્ત કેમ રુચે છે, એક સમયની પર્યાય તને કેમ રુચે છે? એમ કહે છે. કહો! અરેરે! **એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી?** નિર્વિકલ્પ તત્ત્વ છેને. ઓલું મથાળામાં છે. **આ નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે**, એમ એમની પોતાની ટીકામાં નાખ્યુંને. નિર્વિકલ્પ તત્ત્વ સ્વરૂપની વ્યાખ્યા છે, એમ. અભેદ.. અભેદ-સ્વરૂપનું કથન છે. માથે પહેલું. આહાહા! આવો ભગવાન આત્મા પૂર્ણ આનંદ ને ચૈતન્ય અમૃતથી ભરેલો સાગર પ્રભુ અને તે શાશ્વત. અરે! અને તે જ્ઞાનના ભાવમાં જણાય એવો છે. ન જણાય એવો નથી. કારણ કે એનામાં પ્રમેય નામનો ગુણ છે. તો એ જ્ઞાનમાં પ્રમેય (થાય)–જણાય એવો છે એ. આહાહા! સમજાણું કાંઈ?

ભગવાન આત્મામાં પ્રમેય.. પ્રમેય છેને, ગુણ છેને એક. પ્રમેયગુણ(ને કારણે) કોઈપણ (જ્ઞાન)ગુણના પર્યાયમાં ચેતવામાં (-જાણવામાં) આવે છે. તારો પર્યાય એવો છે કે એમાં એ પ્રમેય થઈ શકે. પર્યાય પણ પ્રમેય છે અને વસ્તુ પણ પ્રમેય છે. આહાહા! સમજાણું કાંઈ? એક સમયની પર્યાય પણ પ્રમેયનો ભાગ છે અને ત્રિકાળી પ્રમેય છે. એક સમયની પર્યાયને અનાદિથી પ્રમેય કરીને તું બેઠો છો. અને પ્રમેય તો આખું તત્ત્વ છે આખું બીજું આ બધું... સમજાણું કાંઈ? એને જો સમજવા માગ તો સમજી શકાય એવી એ ચીજ છે. ન સમજાય, ન બેસે એવી વાત નથી. ચીજ જ એવી છે. આહાહા! ભગવાન આનંદનો સાગર પ્રભુ છેને તું, કહે છે લ્યો. એવા આત્માની રુચિ કેમ કરતો નથી? અને તને આ રાગ રુચે છે, આ સ્ત્રી રુચે છે, આબરૂ રુચે છે, પૈસા રુચે છે. શું થયું છે તને આ? શેઠ! ભૂતડા લગા હૈ. આહાહા!

આ રુચિ છોડીને, આ છોકરો અમારો ડોક્ટર અને આઠ લાખનું મકાન, મોટી ચાલીસ મોટરું—એ રુચિ કેમ તું કરે છે? એમ કહે છે. રુચિ કરે છેને એ. વહ હોતા હૈ પરસે, પણ રુચિ તો એ કરે છેને કે આ મારા છે, એમ કહે છે. આ ત્રિકાળ ભગવાન મારો છે એમ રુચિ કેમ કરતો નથી? એની માથે નાખ્યું છે. કોઈકની માથે નથી. આહાહા! **એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી અને**... આહાહા! લ્યો, જુઓ આવ્યું એની સામે. **દુષ્કૃતરૂપ સંસારના સુખને કેમ વાંછે છે?** અરે! તને ઇચ્છાની ઇચ્છા, રાગની ઇચ્છા, ભોગની ઇચ્છા, આબરૂની ઇચ્છા (કે) જે ચીજ દુષ્કૃત છે... આ તો મહા સુકૃતનો ભંડાર ભગવાન છે. આ તો બધા દુષ્કૃત છે. આહાહા!

સ્ત્રી, કુટુંબ, પરિવાર, આબરૂ, પૈસો, પુણ્ય-પાપના ભાવ—જે દુષ્કૃતરૂપ સંસાર છે. આહાહા! એના સુખને કેમ વાંછે છે? અરે! તને બહારની ચીજમાં પ્રસન્નતા કેમ આવે છે? કહે છે. સમજાય છે કાંઈ? આત્માના ધ્રુવસ્વભાવ સિવાય બહારની પર્યાય, રાગાદિની ચીજમાં તને

પ્રસન્નતા (આવે), તારું વીર્ય ઉલ્લસે છે ને ત્યાં મજા માને છે—આ શું થયું તને? આહાહા! સમજાણું કાંઈ? અરેરે! દુષ્કૃતરૂપ સંસારનું સુખ... એ આબરૂ ને પૈસા ને શરીર સુવાળું, રૂપાળું, ભગવાન! એ તો બધા દુષ્કૃતના નિમિત્ત છે અને એ દુષ્કૃતરૂપ સંસારનું કારણ છે. આહાહા! એવા દુષ્કૃતરૂપ સંસાર એમાં સુખને કેમ ઇચ્છે છે? માને છે, હતું કે દિ' ધૂળમાં? ઉઠાવગીરે માન્યું છે. અહીં છે એમાં માનતો નથી (અને) નથી એમાં કેમ માને છે? એમ કહે છે. એ જયંતિભાઈ! આવી વાત છે અહીં તો. અહીં તો બાવા કરવાની વાત છે. એક જણો કહેતો હતો નહીં આપણે ભાઈ? નારદ, પ્રશ્નનારદ. હું તો બાવો થઈશ. પણ બાવો જ છો, સાંભળને! ભગવાન હૈ હી. હૈ વહ બનના હૈ, પર્યાયમેં એન્લાર્જ હોતા હૈ. ભગવાનદાસજી! ભગવાન તો હૈ હી. અહીં એ જ કહે છેને. એ (પોતે) જ છે ભગવાન. આહાહા!

શાશ્વત છે અને વિચારવંતને તો ગમ્ય થઈ શકે એવી ચીજ છે, એમ કહે છે. ન જણાય, ન મનાય, ન અનુભવાય એવી એ ચીજ નથી. આહાહા! મુનિના કળશ તો જુઓ! દિગંબર મુનિ પદ્મપ્રભમલધારિદેવ ૯૦૦ વર્ષ પહેલા થયા, દિગંબર સંત, આ કુંદકુંદાચાર્યની ટીકા કરનાર. ત્રણની ટીકા અમૃતચંદ્રાચાર્યે કરી—સમયસાર, પ્રવચનસાર ને પંચાસ્તિકાય. આની ટીકા (પદ્મપ્રભમલધારિદેવે) કરી. આમની વાત-મુનિની ટીકા ગોઠતી નથી કેટલાકને. આમણે તો ઉઘાડું પાડી દીધું છે, ચોખ્ખું કરી નાખ્યું છે એટલે ઓલાને ગોઠતું નથી. નહીં, નહીં, ટીકા નહીં. મુનિ છે, એમ કે આચાર્ય ક્યાં છે? અરે! મુનિ ને આચાર્ય, સમકિતી બધા એક જ છે, સાંભળને! તિર્યંચનું અને સિદ્ધનું સમકિત એમાં કાંઈ ફેર હશે? સમ્યગ્દર્શન એ તિર્યંચનું હોય કે સિદ્ધનું હોય—બેયનું એક સરખું છે. સમ્યગ્દર્શનનો વિષય પણ બેયનો સરખો છે. આહાહા! સમજાણું કાંઈ?

અરે! આવા આત્માની કેમ રુચિ કરતો નથી? એમ જરી મુનિરાજ ઓલંભો આપે છે. દિગંબર સંત છે વનવાસી. આહાહા! છઠવેં-સાતવેં ગુણસ્થાનમેં ઝૂલનેવાલે મુનિ ભાવલિંગી સંત. પંચ પરમેષ્ઠીમાં જેનો સમાવેશ છે. એ કહે છે, અરે પ્રભુ! આવો આત્મા છેને ભાઈ! શાશ્વત છે, ઊંડો ઉતરતાં એકલો સુખથી ભરેલો છે. અંદર જાતાં, બહારમાં ક્યાં સુખ છે? અને અરૂપી, નિરાકાર છે, ચૈતન્ય અમૃતથી ભરપૂર ભરેલો છે, જ્ઞાનીઓને ગોચર છે, એને સમજવા માગે એને સમજાય એવો છે. અરે! એવો આત્મા એની રુચિ કેમ કરતો નથી? આ બધી માંડી પરની ચિંતા, એમાં કાંઈ સુખ છે એમ માનીને. આહાહા! સમજાણું કાંઈ? મકાન ને પૈસા, હુંડી ને વ્યાજવટું ને. એય! નથી કાંઈ? તારો બાપ તો કરે છે. (શ્રોતા : બહાર કોણ કરે? એ એક સંકલ્પ-વિકલ્પ કરતા હોય તો ભલે). બસ. કહો, સમજાણું કાંઈ? આહાહા!

અરેરે! **દુષ્કૃતરૂપ સંસારના સુખને**... પહેલું દુષ્કૃત તો વિશેષણ વાપરી દીધું. દુષ્કૃતરૂપ સંસાર એનું સુખ, આ ધૂળનું સુખ. પુણ્યના પરિણામમાં સુખ છે, હિત છે, અરેરે! એ તો દુષ્કૃત

છે, એમાં સુખની વાત શું કરે છે આ? કેમ વાંછે છે? એ કળશ થયો પંચાવન-પચપન. બે પાંચ છેને. રાતે કાંઈક આવ્યું હતુંને. 'પચપન' કાંઈક રાતે શબ્દ આવ્યો હતો. એ કાંઈ..... છે? પંચાવન.... નહોતું આવ્યું ન્યાંથી? મંદસોર ને રતલામ. રાતે શબ્દ આવ્યો હતો પચપન. ખબર છે? હા, પંચાવન માઈલનો... એ રતલામસે મંદસોર પંચાવન મીલ થાય? પચપન મીલ. રાત્રે પ્રશ્ન આવ્યો હતો. યહાં પંચાવન કળશ આયા. રાત્રિકો આયા થા. ચાલીસ ગાથા.

**णो ठिदिबंधट्ठाणा पयडिट्ठाणा पदेसठाणा वा।**

**णो अणुभागट्ठाणा जीवस्स ण उदयठाणा वा॥४०॥**

આ બધા કર્મના પ્રકૃતિ, પ્રદેશ, અનુભાગની વાત ચાલે છે, ગોમ્મટસારની. વહ આત્મામેં નહીં હૈ, કહે છે. વહ તો જડમેં હૈ. આહાહા! નીચે એનું હરિગીત.

**સ્થિતિબંધસ્થાનો, પ્રકૃતિસ્થાન, પ્રદેશનાં સ્થાનો નહીં,**

**અનુભાગનાં નહિ સ્થાન જીવને, ઉદયનાં સ્થાનો નહીં. ૪૦.**

**ટીકા : અહીં (આ ગાથામાં) પ્રકૃતિબંધ...** આઠ કર્મ હૈં ન આઠ કર્મ, એની પ્રકૃતિ-એનો સ્વભાવ, **સ્થિતિબંધ**-એની મુદત, **અનુભાગબંધ**-રસ, **પ્રદેશબંધ...** અહીં સ્વ-આકાર કહેશે પ્રકૃતિબંધમાં. સ્વરૂપ કહેવું છેને. **ઉદયનાં સ્થાનોનો સમૂહ જીવને નથી એમ કહ્યું છે.** આહાહા! ભગવાન નિત્યાનંદ પ્રભુ એમાં પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ કર્મના... કર્મ ચીજ જ જીવમાં નથી. કર્મ તો જડ છે. જડના પ્રકૃતિબંધ, સ્થિતિબંધ એ બધું જડ છે. આહાહા! ભગવાન આત્મામાં એ જડ છે જ નહીં. આહાહા! સમજાણું કાંઈ? વિશેષ લીધું કે એ જડ નથી ત્યારે? પછી એના નિમિત્તે વિકારના ભંગ ઉદયના પડે એ? એ ઉદયના સ્થાનોનો સમૂહ જીવને નથી. ઓલું જડ લીધું કે જડ નથી, પછી જડના નિમિત્તે થતા અંદર ઉદયભાવ એ જીવમાં નથી. જ્ઞાયકભાવ ચિદાનંદ પ્રભુ એમાં ઉદયભાવ ક્યાંથી આવ્યા? સમજાણું કાંઈ?

બે વાત લીધીને. **अणुभागट्ठाणा जीवस्स ण उदयठाणा**, એમ. જડ નથી. જડ તો નથી, ઠીક, પણ હવે પાછા વિકાર છેને નિમિત્તના સંબંધમાં. ના, એ વિકાર વસ્તુમાં છે નહીં. એક સમયની પર્યાયમાં છે. પર્યાય વસ્તુમાં છે નહીં. સમજાણું કાંઈ? આહા! આ પ્રકૃતિ, સ્થિતિ આદિ તો આત્માની એક સમયની પર્યાયમાં પણ નથી. એ તો પર છે. પણ એના સંબંધમાં, બેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ થતાં જે વિકાર ઉત્પન્ન થાય શુભ-અશુભભાવના ઉદયના પ્રકાર, એ એની પર્યાયના અસ્તિત્વમાં છે, વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ..

'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહાહા! આવે છેને એ. બનારસીદાસ, સમયસાર નાટક. (ઉત્થાનિકા, પદ ૧૧). 'સિદ્ધ સમાન સદા પદ મેરો. ચેતનરૂપ અનૂપ અમૂરત.. ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો, મોહ મહાતમ આતમ અંગ..' મૈં પોતે

મોહ ઉત્પન્ન કર્યો છે કર્મના સંયોગે. 'કિયો પરસંગ..' પરનો સંગ કર્યો. 'જ્ઞાનકલા ઉપજી અબ મોહિ, કહૌં ગુણ નાટક આગમ કેરૌ, જાસુ પ્રસાદ સધૈ શિવમારગ, વેગે મિટે ભવવાસ બસેરો.' આહાહા! અરે! એને મનુષ્યનો ભવ મળ્યો આવો, એ ભવના અભાવ માટે ભવ છે. સમજાણું કાંઈ? ભવનો અભાવ કરવા માટેનો આ ભવ છે. આહાહા! ભવમાં રહેવા અને ભવને વધારવા માટે આ ભવ નહીં. આહાહા! શું કીધું? કર્મનું નિમિત્તપણું જે છે એ તો એનામાં નથી, પણ કર્મના નિમિત્તના સંબંધે ઉત્પન્ન થયેલા વિકૃતભાવો એ ભગવાન ત્રિકાળી વસ્તુમાં છે નહીં. જેમાં નથી તેની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. ભારે વાતું ભાઈ! આવી.

**સદા નિરુપરાગ જેનું સ્વરૂપ છે...** લ્યો, કેવો છે ભગવાન ત્રિકાળી? **સદા નિરુપરાગ જેનું સ્વરૂપ છે એવા નિરંજન નિજ પરમાત્મતત્ત્વને ખરેખર દ્રવ્યકર્મના જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્થાનો નથી.** શું કહે છે? નીચે નિરુપરાગનો અર્થ કર્યો છે. **નિરુપરાગ = ઉપરાગ વિનાનું (ઉપરાગ-કોઈ પદાર્થમાં, અન્ય ઉપાધિની સમીપતાના નિમિત્તે..** અન્ય ઉપાધિના સમીપતાના નિમિત્તે **થતો ઉપાધિને અનુરૂપ..** ઉપાધિ જે ચીજ છે નિમિત્ત એને અનુરૂપ **વિકારીભાવ; ઔપાધિક ભાવ; વિકાર; મલિનતા.** એ (વિનાના)ને નિરુપરાગ કહેવામાં આવે છે. વધારે સમજવું પડશે આમાં જરીક.

કહે છે કે નિરુપરાગ વિનાનું આત્માનું સ્વરૂપ છે. નિરુપરાગ–ઉપરાગ વિનાનું જેનું સ્વરૂપ છે. હવે નિરુપરાગ એટલે શું? કે ઉપરાગ વિનાનું. 'નિ' છેને. નિ-ઉપરાગ વિના. ઉપરાગ એટલે શું? **કોઈ પદાર્થમાં અન્ય ઉપાધિની સમીપતાના નિમિત્તે...** જેમ સ્ફટિકમાં ફૂલના **નિમિત્તે થતો ઉપાધિને અનુરૂપ**–એ ફૂલને અનુરૂપ અંદર વિકાર. સ્ફટિકમાં થાયને લાલ (ઝાંય). એ અનુરૂપ વિકારીભાવ. નિમિત્તને અનુરૂપ ભાવ તેને ઉપરાગભાવ–વિકારભાવ કહે છે. એ ઔપાધિકભાવ છે. કર્મના નિમિત્તના અનુકૂળમાં... એ નિમિત્ત અનુકૂળ છે અને એને અનુરૂપ.. એને અનુરૂપ થતો જીવમાં વિકાર એને અહીં ઉપરાગ કહે છે. એ નિમિત્ત તો નથી, પણ નિમિત્તને અનુરૂપ થતો વિકાર એથી (ભિન્ન) નિરુપરાગ આત્મા છે. એવા ઉપરાગ વિનાનો છે. સમજાણું કાંઈ? ભારે.

સ્ફટિકમણિ છે સ્ફટિક. અને ફૂલ હોય લાલ-પીળા એ નિમિત્ત છે, એ ઉપાધિ છે. એને અનુરૂપ અંદર લાલ-પીળો રંગ થાય તે. એ લાલ-પીળો (રંગ) ઉપરાગ કહેવાય. એના વિનાનું સ્ફટિક છે. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા.., કર્મનું નિમિત્ત તે ઉપાધિ છે, એને અનુરૂપ... ઉપાધિ તે નિમિત્ત છે એને અનુરૂપ વિકારભાવ... એને અનુરૂપ વિકારીભાવ એને અહીં ઉપરાગ, મેલ, વિકાર, ઉદયભાવ કહે છે. એ ત્રિકાળીમાં નથી. સમજાણું કાંઈ? બે-ત્રણ બોલ ફેરવ્યા. એક તો નિમિત્ત, ઉપાધિ. કર્મ જડ છેને એ નિમિત્ત છે, ઉપાધિ છે. જેમ સ્ફટિકને લાલ-પીળા ફૂલ એ ઉપાધિ છે. અને ઉપાધિને અનુરૂપ... ઉપાધિ નિમિત્ત છે, નિમિત્તને અનુરૂપ લાલ-પીળો રંગ થાય અંદર, એ ઉપરાગ, મેલ કહેવાય છે. એ ઉપરાગ વિનાની સ્ફટિક ચીજ છે.

એમ ચૈતન્ય સ્ફટિક ભગવાન આત્મા, આહા! કહે છે કે એની પર્યાયમાં કર્મના નિમિત્તની ઉપાધિના સંગે એને અનુરૂપ થતો પુણ્ય ને પાપનો, શુભ ને અશુભનો વિકાર એની પર્યાયમાં નૈમિત્તિક એટલે કે અનુરૂપ છે. અનુકૂળ નિમિત્ત, અનુરૂપ આ. એ વિકાર જેમાં નથી. ત્રિકાળી ચૈતન્યમાં એ છે નહીં. આહાહા! કહો, સમજાણું કાંઈ? એવું એ શાશ્વત સત્ છે. ત્યાં નજર કરવાની છે એમ કહે છે. તારું નિધાન તો આ છે. આહા! ભારે કામ ભાઈ!

સદા નિરુપરાગ જેનું સ્વરૂપ છે **એવા નિરંજન...** નિર્-અંજન–**(નિર્દોષ) નિજ પરમાત્મતત્ત્વ...** દેખો! પોતાનું નિજ પરમાત્મતત્ત્વ. ભગવાનનો આત્મા એ નહીં. નિજ પરમસ્વરૂપ, પરમાત્મસ્વરૂપ એટલે પરમસ્વરૂપ તત્ત્વ, ત્રિકાળી જ્ઞાયકભાવ પરમપારિણામિકભાવ, વસ્તુના સ્વરૂપની ત્રિકાળી હયાતી એવો જે નિજ પરમાત્મતત્ત્વ.. એવા **પરમાત્મતત્ત્વને ખરેખર દ્રવ્યકર્મના...** જડકર્મની સ્થિતિ એવો **જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિબંધનાં સ્થાનો નથી.** સ્થિતિ જ નથી, એને સ્થિતિ કેવી? એ તો અનાદિ-અનંત ભગવાન છે. એમાં એ કર્મબંધના સ્થિતિ... જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ હોય છેને. જઘન્ય અંતર્મુહૂર્ત હોય, ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ ક્રોડાક્રોડી સ્થિતિ. કર્મની મુદત જઘન્ય–થોડી અંતર્મુહૂર્ત, વિશેષ ૭૦ ક્રોડાક્રોડી, મધ્યમાં બધી (બેની) અંદરની. બધી સ્થિતિના સ્થાનો, એ વિકાર વિનાનું ચૈતન્ય ભગવાન તત્ત્વ નિજ કારણપ્રભુ પરમાત્મતત્ત્વમાં છે નહીં. આહાહા!

અરેરે! અમારા આત્મસ્વભાવમાં વિભાવ નથી તો અમને એની શી ચિંતા? એમ નથી આવ્યું? ભાન કર્યું એની વાત છેને. અરે! અમારો ભગવાન, અમારો આત્મસ્વભાવ... આત્મસ્વભાવમાં વિભાવ છે નહીં, તો પછી શી ચિંતા અમારે? એમાં નથી એની ચિંતા અમારે શું? કોને? જેને આત્મસ્વભાવ જણાયો છે એને. સમજાણું કાંઈ? આમાં નથી એવું જણાણું છેને. આમાં છે નહીં, એ અહીં કહે છે. સ્થિતિ આટલી બંધાણી કર્મની, એના નિમિત્તને અનુરૂપ દશાની યોગ્યતા થવી ઉપાદાનમાં. સમજાણું કાંઈ? જેવી ત્યાં સ્થિતિ, પ્રદેશ હોય છે, એવી જ અહીં અંદર પર્યાયમાં એટલું સ્થિતિનું ઉપાદાનપણું, અનુરૂપપણું હોય છે. સમજાણું કાંઈ? ન્યાં નિમિત્તની સ્થિતિ છે, અહીં અનુરૂપ સ્થિતિ છે, કહે છે, એવું સ્વરૂપમાં છે નહીં. સમજાણું કાંઈ? આહાહા!

**જ્ઞાનાવરણાદિ અષ્ટવિધ કર્મોમાંના તે તે કર્મને યોગ્ય એવો જે પુદ્ગલદ્રવ્યનો સ્વ-આકાર તે પ્રકૃતિબંધ છે...** લ્યો ઠીક. સ્વ-આકાર (અર્થાત્) એનું સ્વરૂપ. પ્રકૃતિ સ્વરૂપ–સ્વભાવ છેને એનું. પુદ્ગલનું સ્વરૂપ છે. પ્રકૃતિ એનો સ્વભાવ છે એટલે એને સ્વ-આકાર કીધો. જ્ઞાનાવરણાદિ છેને આઠ જડકર્મ, એ અષ્ટવિધ–આઠ પ્રકારના કર્મોમાંના તે તે કર્મને યોગ્ય એવો પ્રકૃતિ, એવો જે પુદ્ગલદ્રવ્યનો સ્વ-આકાર તે પ્રકૃતિબંધ છે. પુદ્ગલનો સ્વભાવ એને પ્રકૃતિબંધ કહે છે. પુદ્ગલનો સ્વભાવ છેને પ્રકૃતિ. ન્યાં ... એને સ્વ-આકાર કીધો. સમજાય છે?

તે પ્રકૃતિબંધ એના સ્થાનો–એના ભેદો **(નિરંજન નિજ પરમાત્મતત્ત્વને) નથી.** માથેથી લીધુંને એ. 'નિરંજન નિજ પરમાત્મતત્ત્વ' માથે પહેલું લીધું એ બધે લીધું છે. નિજ

પરમાત્મતત્ત્વ એમાં એ પ્રકૃતિ.. પ્રકૃતિનો સ્વભાવ છે નહીં. ભગવાન આત્માના ત્રિકાળી સ્વભાવમાં પ્રકૃતિનો સ્વભાવ છે નહીં, એમ કહે છે. આહાહા! પણ શાસ્ત્રમાં તો બહુ આવ્યું કે આટલા કર્મ હોય ને આટલા કર્મ હોય. આઠ કર્મ હોય, ચાર કર્મ બાકી કેવળીને રહ્યા. એ બધું નિમિત્તપણાનું જ્ઞાન કરાવે છે. વસ્તુમાં ક્યાં છે? અહીં તો એને અનુરૂપ એવી દશા... પ્રકૃતિ તો ત્યાં છે, સમજાણું કાંઈ? પણ એને અનુરૂપ જ્યાં યોગ્યતાનો જે સ્વભાવ વિકૃત(ભાવ), સમજાણું? એ પણ જેમાં નથી. શું કીધું સમજાણું કાંઈ?

પ્રકૃતિ આ તો નિમિત્તની વાત કરી, એટલું. ઓલા ઉદયસ્થાન પછી લે છેને. એ આ. એ નથી, પણ એને અનુરૂપ સ્થિતિની યોગ્યતાની પર્યાય લીધી છેને આમાં? એવી સ્થિતિ પડે એ તો ત્યાં રહે છે એમાં, પણ એને અનુરૂપ ન્યાં નિમિત્તતાની યોગ્યતા છે કે નહીં જીવની પર્યાયમાં? ઓલું તો એનામાં છે. એમાં આને શું સંબંધ છે? સમજાણું કાંઈ? આત્માની પર્યાયમાં પણ નિમિત્ત પ્રકૃતિને અનુરૂપ યોગ્યતાની સ્થિતિનો ભાગ જોઈએ, એ પણ ભગવાન નિજ પરમાત્મતત્ત્વમાં નથી. સમજાણું કાંઈ? એ રીતે તેના સ્થાનો-ભેદો નિજ પરમાત્મતત્ત્વને નથી. આહાહા!

**અશુદ્ધ અંતઃતત્ત્વના (-અશુદ્ધ આત્માના) અને કર્મ પુદ્‌ગલના પ્રદેશોનો પરસ્પર પ્રવેશ તે પ્રદેશબંધ છે; આ બંધના સ્થાનો પણ** ભગવાનને નથી આહા! અશુદ્ધ અંતઃતત્ત્વ... જોયું! પર્યાય છેને અશુદ્ધ અંતર. અને કર્મપુદ્‌ગલનો પ્રદેશ. (પરસ્પર) પ્રવેશ (અર્થાત્) નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છેને. એની સાથે સંબંધ છેને. શુદ્ધ સાથે કાંઈ નથી. અશુદ્ધ છેને... જેમ કીધુંને જેવો ત્યાં આગળ... સમજાય છે? કર્મ પુદ્‌ગલનો પ્રદેશ (એટલે) જેટલા પરમાણુની સંખ્યા (હોય), તેટલી જ અહીં આત્માની પર્યાયમાં એ જાતની યોગ્યતા છે એવી. નૈમિત્તિકમાં પોતાના કારણે છેને. એ એને કારણે છે. સમજાણું કાંઈ?

આ પ્રશ્ન ૮૪માં થયો હતો, વીરજીભાઈએ પ્રશ્ન કર્યો હતો. ત્યારે નિગોદમાં.... આટલા કર્મ, કર્મફળ એ તો જડમાં છે. આમાં શું લેવું? કીધું, જેવી ત્યાં યોગ્યતા એવી યોગ્યતાને અનુકૂળ... અહીં એને અનુકૂળ અથવા આને અનુરૂપ, એમ. એને નિમિત્ત છે એ અનુકૂળ છે, આને એ નિમિત્ત છે એ અનુકૂળ છે. પોતાને કારણે એ આઠેય કર્મની પ્રકૃતિ આદિ એ પોતાની પર્યાયની એવી યોગ્યતા છે એ એનું કામ-વસ્તુ છે. નિમિત્ત તો નિમિત્તમાં રહી ગયું. એમાં આત્મામાં શું...? પણ એવી યોગ્યતાનો સ્વભાવ એ પણ જીવમાં નથી. આહાહા! એવો ભગવાન નિજ પરમાત્મતત્ત્વ તેની દૃષ્ટિ કરવા જેવી છે, તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**મહા સુદ ૯, સોમવાર, તા. ૨૪-૧-૧૯૭૨**
**ગાથા-૪૦, શ્લોક-૫૬, પ્રવચન નં. ૩૪ (હિન્દી)**

આ નિયમસાર, શુદ્ધભાવ અધિકાર. શુદ્ધભાવ કિસકો કહતે હૈં વહ બાત ચલતી હૈ. જો આત્માકા ત્રિકાલી શુદ્ધ દ્રવ્યસ્વભાવ નિત્યાનંદ, જિસમેં પુણ્ય-પાપકા ભાવ ભી નહીં, સંયોગી ચીજ નહીં, પણ એક સમયકી પ્રગટ અવસ્થા વ્યક્ત હૈ વહ ભી ઉસમેં નહીં. ઐસા જો અપના નિજ પરમાત્મસ્વભાવ ઉસકો યહાં શુદ્ધભાવ કહનેમેં આતા હૈ. યે શુદ્ધભાવ સમ્યગ્દર્શનકા વિષય હૈ. સમજમેં આયા? સમ્યગ્દર્શન જો પ્રથમ ધર્મકી સીઢી હૈ, વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરકે પંથમેં પહલી સમ્યગ્દર્શનકી સીઢી, ત્રિકાલી દ્રવ્યસ્વભાવ નિજ પરમાત્મ નિરંજનતત્ત્વ ઉસકી અંતરદૃષ્ટિ કરનેસે શ્રદ્ધામેં પૂર્ણાનંદકી પ્રાપ્તિ હો, ઉસ શ્રદ્ધાકો સમ્યગ્દર્શન કહતે હૈં. આવી વાત છે. સમજમેં આયા? યહાં કહતે હૈં દેખો! શુદ્ધભાવ હૈ ન ઉપર. યે શુદ્ધભાવ વહ નહીં. જો પુણ્ય-પાપકા ભાવ હોતા હૈ વહ અશુદ્ધ હૈ ઔર ઉસસે રહિત આત્માકે અવલંબનસે નિર્મલદશા શુદ્ધભાવકી હો યે પર્યાયકા શુદ્ધભાવ વહ યહાં નહીં. સમજમેં આયા?

ભગવાન આત્મા એક સેકંડકે અસંખ્યવે ભાગમેં પૂર્ણ નિજ–અપના પરમાત્મ ધ્રુવસ્વરૂપ ઉસકો યહાં શુદ્ધભાવ કહનેમેં આતા હૈ. સમજમેં આયા? વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથને જો દેખા આત્મા, ઐસા ઉન્હોંને પ્રાપ્ત કિયા, વહ બાત ઉસકી દિવ્યધ્વનિમેં આયી. પ્રભુ! યે તેરી ચીજ હૈ. તું સંસારકા જન્મમરણ–ચોરાશીકા અવતાર(રૂપ) દુઃખકી ઘાણીમેં પિલાતા હૈ. સમજમેં આયા? ચોર્યાસી લાખ (જીવયોનીમેં) સ્વર્ગકાભવ હો કિ યે અબજોપતિ શેઠકા ભવ હો, સબ પ્રાણી દુઃખી હૈં. અપને શુદ્ધભાવકા આશ્રય લિયે બિના જિતના ઉસમેં પુણ્ય ને પાપકા વિકલ્પકા ભાવ હોતા હૈ યે દુઃખકા અંગારા હૈ. પ્રોફેસરજી! દુઃખ હૈ. આકૂલતા.... કહો, શેઠ! આકૂલતા હૈ, ભાન નહીં ઉસે, મૂઢ હૈ ઉસકી ખબર નહીં ઉસે. મેરી દશામેં ક્યા હૈ ઔર મેરે સ્વભાવમેં ક્યા હૈ—દોનોંકા ઉસકો પતા નહીં.

અપની પર્યાયમેં શરીર, વાણી ને પરચીજ તો હૈ હી નહીં ઔર અપની પર્યાયમેં ત્રિકાલી શુદ્ધભાવ વહ આયા નહીં. ઉસકી અવસ્થામેં જિતના દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાકા ભાવ કિ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગકા ભાવ હૈ, દોનોં હી આકૂલતા ને દુઃખ હૈં. આરે ભારે! સમજમેં આયા? ઉસકી ખબર નહીં, કહાં દુઃખ કૈસે હોતા હૈ ઔર દુઃખકા નાશ કૈસે કરના (ઉસકા) પતા નહીં. સમજમેં આયા? બાહરકી પ્રવૃત્તિ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ઉસ પ્રવૃત્તિસે દુઃખ મિલતા હૈ, વહ પ્રવૃત્તિ દુઃખરૂપ હૈ. લાલચંદ શેઠ! બરોબર હૈ? આહાહા! યે તો દુનિયાકો માલુમ નહીં. અરે! દુનિયાકા માર્ગ દૂસરા હૈ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવને સો ઇન્દ્રકે સમક્ષ ને ગણધરોંકે સમક્ષ જો દિવ્યધ્વનિ દ્વારા તત્ત્વ કહા વહ તો દૂસરી ચીજ હૈ.

સમજમેં આયા? કહતે હૈં.... આપણે અહીંયા સુધી આવ્યું છે. ચોથી લીટી છેને નીચે ૪૦ ગાથાની.

**શુભાશુભ કર્મકી નિર્જરાકે સમય...** અંદર હૈ. **સુખ-દુઃખરૂપ ફલ દેનેકી શક્તિવાલા વહ અનુભાગબંધ હૈ, ઇસકે સ્થાનોંકા ભી અવકાશ (નિરંજન નિજ પરમાત્મતત્ત્વમેં) નહીં હૈ.** આહાહા! ભગવાન આત્મા નિજ પરમાત્મ ધ્રુવસ્વરૂપ વહાં દૃષ્ટિ કરનેસે અપના સમ્યગ્દર્શન પ્રાપ્ત હોતા હૈ. અપના નિજ પરમાત્મા નિધાન આનંદકંદ શુદ્ધ ધ્રુવ ઐસે નિજ પરમાત્મતત્ત્વમેં કર્મકા અનુભાગ–રસ દેનેકી શક્તિ જો હૈ ઐસા સ્થાન–ભાગ ઉસમેં હૈ નહીં. દેવીલાલજી! બરાબર હૈ? યે તો કહતે હૈં, કર્મ આત્મામેં હૈં. યે તો વ્યવહારકા કથન હૈ. હૈ નહીં અંદરમેં. ભગવાન આત્મા... એક સેકંડકે અસંખ્યવે ભાગમેં કર્મકા અનુભાગ જો હોતા હૈ–ફલ દેનેકી શક્તિ, વહ અપની ચીજમેં હૈ હી નહીં. સમજમેં આયા? નિજપરમાત્મ... હૈ ન નીચે? **(નિરંજન નિજ પરમાત્મતત્ત્વમેં) નહીં હૈ**. આહાહા!

અપના સ્વરૂપ નિજ–અપના, નિરંજન–નિર્દોષ પરમાત્મસ્વભાવ આનંદકંદ જિનસ્વરૂપ વીતરાગમૂર્તિ આત્મા હૈ. આહાહા! ઉસકા સ્વભાવ તો વીતરાગી જિનબિંબ હૈ. યે જિનબિંબ હૈ વહ તો વ્યવહાર હૈ. સમજમેં આયા? અપના નિજ ધ્રુવસ્વરૂપ જિનબિંબ નામ વીતરાગી મૂર્તિ આત્મા હૈ. ઐસે નિજપરમાત્મતત્ત્વમેં દૃષ્ટિ દેનેસે ઉસમેં અનુભાગકા સ્થાન હૈ નહીં. આહાહા! સમજમેં આયા? આ વાતની ખબર નહીં અને ધર્મ હો જાય બાહરસે. અનાદિ કાલ ઐસે ગંવાયા. સમજમેં આયા? ઐસા મનુષ્યભવ ભી અનંતબૈર મિલા, અરે! મુનિવ્રત ભી અનંતબૈર ધારણ કિયા. આતા હૈ કિ નહીં છઢાળામેં? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયૌ, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયૌ.' ઉસકા ક્યા અર્થ હૈ?

કે મુનિવ્રત (અર્થાત્) નગ્નપના, પંચમહાવ્રતકા પરિણામ ભી અનંતબૈર લિયા. સચ્ચા પંચમહાવ્રત હોં, શુભરાગ. યે ભી દુઃખ હૈ. આહાહા! ઐસા અનંતબૈર કિયા, પણ આત્મજ્ઞાન બિના લેશ સુખ નહીં પાયા. ઉસકા ક્યા અર્થ હુઆ? કિ શુભભાવ, પંચમહાવ્રતકી ક્રિયા ભી સુખ નહીં, દુઃખ હૈ. આયા થા ન ઉસમેં? આહાહા! 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક..' છઢાળામેં આતા હૈ છઢાળામેં. દૌલતરામ. આહાહા! ભગવાન! યહાં તો ભગવાન કહકર બુલાતે હૈં આત્માકો. ભગવાન હૈ ન અંદર? ઉસકા સ્વરૂપ હી ભગવાન હૈ. વચ્ચે આવ્યુંને, નિજ પરમાત્મતત્વ. નિરંજન નિજ પરમાત્મતત્ત્વ ઉસકા સ્વાદ દૃષ્ટિમેં આયે બિના, કહતે હૈં કિ ઇતના-ઇતના પંચમહાવ્રત, ૨૮ મૂલગુણ અનંતબૈર લિયા, પણ આતમજ્ઞાન બિના લેશ સુખ ન પાયા. ઉસકા અર્થ ક્યા હુઆ? કિ ઉસમેં સુખ નહીં, દુઃખ હૈ. વૃત્તિકા ઉત્થાન હૈ વહ તો. ઐસા કરું, ઐસા કરું, ઐસા.. ઉત્થાન, વૃત્તિકા ઉત્થાન હૈ, રાગ હૈ. સમજમેં આયા? આહાહા! આવો માર્ગ છે બાપુ!

જન્મ-મરણના ચોરાશીની ઘાણીમાં પિલાય છે એની એને ખબર નથી. મૂઢ તરીકે માને છે કે અમે સુખી છીએ. સમજાણું કાંઈ? કહે છે, આતમજ્ઞાન... નિજ પરમાત્મતત્ત્વ ઉસકો સ્વજ્ઞેય બનાકર જ્ઞાન હો, ઉસકી દૃષ્ટિ કરકે સમ્યગ્દર્શન હો, ઉસમેં સુખ હૈ. યે મોક્ષકા માર્ગ હુઆ ઉસમેં સુખ હૈ. પંચમહાવ્રતકી ક્રિયાકા રાગ વહ તો બંધમાર્ગ હૈ, ઉસમેં દુઃખ હૈ. આહાહા! ભારે આકરું કામ. હૈ ન, બાકી માર્ગ તો ઐસા હૈ. દુનિયા માને કે ન માને એથી કાંઈ ચીજ ફરી જતી નથી. સત્ય હૈ (વહ) સત્ય ત્રિકાલ રહેગા. સમજમેં આયા? કહો, શેઠ! પાંચ મહાવ્રતના પરિણામ દુઃખ છે. રાડ નાખે. વિકલ્પ હૈ ન, વહ તો વૃત્તિ હૈ. આહાહા! પરાશ્રયભાવ હૈ, વહ તો વિકાર હૈ, આસ્રવ હૈ, આસ્રવ તો દુઃખરૂપ હૈ, ભગવાન! તુજે ખબર નહીં. તેરે આનંદમેં ઐસી ઉલટી દશા ઉત્પન્ન હોતી હૈ વહ તેરી ચીજ નહીં, તેરી ચીજમેં નહીં, તું વહ ચીજમેં નહીં. બરાબર હૈ? ન્યાયસે તો સમજના પડેગા ન. ન્યાય ક્યા ચીજ હૈ? આહાહા!

ભગવાન નિજ પરમાત્મતત્ત્વમેં યે ભાગ–અનુભાગકા સ્થાન ભી નહીં. આહાહા! **ઔર દ્રવ્યકર્મ તથા ભાવકર્મકે ઉદયકે સ્થાનોંકા ભી અવકાશ નહીં હૈ**. આહાહા! ભગવાન નિજ પરમાત્મતત્ત્વ ઉસમેં આઠ જડકર્મ ઉસકા ઉદયકા પ્રકાર–ભેદ વહ ભી નહીં ઔર અપની પર્યાયમેં કર્મકે નિમિત્તકે સંગસે જો શુભ-અશુભ વિકલ્પ ઉઠતે હૈં વહ ભાવકર્મ હૈ, વહ ભી આત્મામેં નહીં. આહાહા! હૈ આખિરકી લીટી. ચાલીસ ગાથા. ચાલીસ ગાથા હૈ ન. **ઔર દ્રવ્યકર્મ તથા ભાવકર્મકે ઉદયકે સ્થાનોંકા ભી અવકાશ (નિરંજન નિજ પરમાત્મતત્ત્વમેં) નહીં હૈ.** જહાં દૃષ્ટિ દેનેસે સમ્યગ્દર્શન હોતા હૈ ઐસી ચીજમેં આઠ દ્રવ્યકર્મ જડ ઔર ભાવકર્મ પુણ્ય ને પાપકી લાગણી–વિકલ્પ વહ વસ્તુમેં હૈ હી નહીં. સમજમેં આયા?

ક્યોં? કિ દ્રવ્યકર્મ હૈ યે તો અજીવતત્ત્વ હૈ, અજીવ હોકર રહા હૈ દ્રવ્ય જડકર્મ. યે જીવમેં હૈ નહીં. ઔર દયા, દાન, વ્રતાદિકા પરિણામ હૈ વહ તો આસ્રવતત્ત્વ હૈ. વહ આત્મતત્ત્વ નહીં. બરાબર હૈ? આહાહા! ભારે વાત ભાઈ! ઓહો! ભગવાન આત્મામેં.... પુણ્ય ને પાપકા વિકલ્પ, જિસ ભાવસે તીર્થંકરગોત્ર બંધે ઐસા ભાવ વહ ભી આસ્રવ હૈ. માર્ગ કઠીન હૈ પ્રભુકા. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાણા, ઉસ જ્ઞાનસે દિવ્યધ્વનિ–વાણીમેં આયા. એ માર્ગ અલૌકિક છે. લૌકિકકે સાથ તો મિલાન હો સકે નહીં. આહાહા! રતનલાલજી! આહાહા! એમ કહે છે દેખો! દ્રવ્યકર્મ અને ભાવકર્મ... ભાવકર્મ નામ શુભ-અશુભ પરિણામ, વ્રત-અવ્રતકા પરિણામ વહ ભાવકર્મ હૈ. આહાહા! એ ભાવકર્મના સ્થાન, સ્થાન એટલે પ્રકાર, શુભ-અશુભના અસંખ્ય પ્રકાર એ સ્થાન, વહ નિજપરમાત્મા આનંદ–અખંડાનંદ ઉસમેં હૈ નહીં. સમજમેં આયા?

અવકાશ નહીં, અહીં તો એમ કહે છે. છેને? ..... અવકાશ–રહનેકા સ્થાન ભી નહીં ઉસમેં. આહાહા! ભગવાન અનાદિ-અનંત નિત્યાનંદ ધ્રુવ ઉસમેં, ભાવકર્મકા વિકલ્પ, વ્રત-

અવ્રતકા વિકલ્પ, શુભાશુભ રાગકી વાસના વહ ભગવાન નિજ પરમતત્ત્વ આત્મતત્ત્વ ધ્રુવ ઉસમેં હૈ નહીં. ઐસી ચીજકી અંતર દૃષ્ટિ કરના ને અનુભવ કરના ઉસકા નામ ધર્મ હૈ. આહાહા! ભગવાન! માર્ગ તો ઐસા હૈ. દુનિયાકો રુચે-ન રુચે, સ્વતંત્ર હૈ. ક્યા કહતે હૈં? જુઓ! આખિરકા શબ્દ હૈ ન. **દ્રવ્યકર્મ ને ભાવકર્મકે ઉદયકા સ્થાનોંકા અવકાશ નહીં**, નિરંજન નિજપરમાત્મતત્ત્વમેં નહીં. ક્યા કહતે હૈં? કિ અપના સ્વરૂપ જો ભગવાન નિજ અનાદિ-અનંત નિત્યાનંદ ધ્રુવ, ઉસમેં પુણ્ય-પાપ, વ્રત-અવ્રત, દયા-દાનકા વિકલ્પ જો ભાવકર્મ હૈ વહ વસ્તુમેં નહીં. ક્યોંકિ વસ્તુ હૈ વહ તો નિર્વિકારી હૈ અને યે પુણ્ય-પાપકા ભાવ તો વિકાર હૈ, ઉપાધિ હૈ, મૈલ હૈ, મલિન હૈ, દુઃખ હૈ. ભગવાન આનંદસ્વરૂપ હૈ. સમજમેં આયા? નિજાનંદ હૈ.

દુનિયા યે પૈસા ને શેઠાઈ ને સ્વર્ગમેં સુખ માનતી હૈ, વહ તો મૂઢ હૈ. ધૂલમેં ભી સુખ નહીં. સમજમેં આયા? શેઠી! અબજોપતિ માણસ એટલે કે અમે સુખી છીએ. ધૂલમેં સુખ નહીં. સુખ તો આત્મામેં હૈ. પરમેં, જડમેં સુખ હૈ? ઔર જડકી વિકલ્પ–વૃત્તિ ઉઠી હૈ ઉસ વૃત્તિમેં સુખ હૈ? વહ તો રાગ હૈ. યહાં તો ભગવાન... ભાવકર્મ—દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, શુભવિકલ્પ ઉસમેં દુઃખ હૈ, સુખ નહીં. આહાહા! ભારે કામ આકરું. ક્યાં અટક્યા છે ને ક્યાં (ઉભા છે એની) ખબર નથી એને. પ્રોફેસરજી! આહાહા! કહતે હૈં, નિરંજન નિજ પરમાત્મા સચ્ચિદાનંદ પ્રભુ આત્મા ધ્રુવ ઉસમેં ભાવકર્મ ને દ્રવ્યકર્મકા અવકાશ નહીં. આહાહા! હૈ હી નહીં અંદર. વહ તો પરમાત્મા આનંદકંદ સચ્ચિદાનંદસ્વરૂપ હૈ. સિદ્ધસ્વરૂપ હી અપના નિજ સ્વરૂપ હૈ. ઐસી અંતર દૃષ્ટિ કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ, તબ ધર્મકી પર્યાય હોતી હૈ, નહીં તો ધર્મ હોતા નહીં. સમજમેં આયા?

વહ છઢાળામેં આતા હૈ કિ નહીં? 'લાખ બાતકી બાત નિશ્ચય ઉર આનો..' વહ આતા હૈ. 'છોડી સકલ જગ દંદ ફંદ નિજ આતમ ધ્યાવો.' વહ કહતે હૈ યહાં. ભગવાન કુંદકુંદાચાર્ય... સીમંધર ભગવાન બિરાજતે હૈં, મહાવિદેહમેં મૌજૂદ હૈ પરમાત્મા. સર્વજ્ઞ તીર્થંકરદેવ ત્રિલોકનાથ કેવલી બિરાજતે હૈં, સમવસરણમેં ધ્વનિ ઉઠતી હૈ. આમ આંગળી કરીએ ત્યાં એમ છે આકાશમાં. અહીં નજીક નથી. સમજમેં આયા? દૂર હૈ દૂર. ત્યાં આગળ ભગવાન પાસે કુંદકુંદાચાર્ય ગયા હતા. સંવત ૪૯. આઠ દિન રહે થે. (વાપસ) આકર યે શાસ્ત્ર બનાયા હૈ. સમજમેં આયા? કહતે હૈં, તેરી ચીજ–ભગવાન (આત્મા)કા સંદેશ લાયે. આહાહા!

પ્રભુ! તું કૈસા હૈ? તેરી ચીજ તો ઠસોઠસ–છલાછલ આનંદસે ભરી હૈ. અતીન્દ્રિય આનંદ હોં. (બાહરમેં) સુખ માનતે હૈ વહ તો દુઃખ હૈ. તેરા સ્વભાવ તો અતીન્દ્રિય આનંદસે ભરા હૈ. ઐસી ચીજમેં પુણ્ય-પાપકે વિકલ્પકી વાસના ઉસમેં હૈ નહીં. હૈ નીચે? દેખો! દ્રવ્યકર્મ ઔર ભાવકર્મકા ઉદય... ઉદય ક્યોં કહતે હૈ? કિ ઉત્પન્ન હોતા હૈ. ઉત્પન્ન હોતે હુએ ભી વસ્તુમેં નહીં. આહાહા! જિસકો યહાં આત્મા કહો ઉસમેં યે નહીં. આહાહા! ઉદયસ્થાન નહીં,

નિરંજન નિજ પરમાત્મતત્ત્વમેં નહીં. એ અમૃતચંદ્રસૂરિનો શ્લોક છે એના આધારમાં. અમૃતચંદ્રસૂરિકા શ્લોક હૈ. ઉપર હૈ.

**न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी**
**स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।**
**अनुभवतु तमेव द्योतमानं समन्तात्**
**जगदपगतमोहीभूय सम्यक्स्वभावम् ॥**

આ બાજુ અર્થ. અમૃતચંદ્ર મહારાજ હજાર વર્ષ પહલે દિગંબર સંત આત્મજ્ઞાની ધ્યાની હુએ. કુંદકુંદાચાર્ય ભગવાન વે તો સંવત ૪૯મેં હુએ, દો હજાર વર્ષ પહલે. આત્મધ્યાની જ્ઞાની, આનંદમેં મસ્ત, અતીન્દ્રિય આનંદમેં મસ્ત હોં. આ તમારા ધૂળના સુખમાં મસ્ત નહીં. આહાહા! ઉસકે પીછે અમૃતચંદ્રાચાર્ય આજસે ૯૦૦ વર્ષ પહલે હુએ. યે ઉનકા કલશ હૈ. દિગંબર મુનિ વનવાસી થે. આત્માના અનુભવ આનંદના પ્યાલા પીતા હતાં, નિર્વિકલ્પરસ પીતે થે. સમજમેં આયા? વહ કહતે હૈં દેખો!

**શ્લોકાર્થ : જગત મોહરહિત હોકર સર્વ ઓરસે...** આપણે ભાઈ આવી ગયું. ૧૪મી ગાથાનો શ્લોક છે. ૧૪વીં ગાથા ચલ ગઈ. સમયસારકી ૧૫વીં ચલતી હૈ. **જગત**.. જગકા અર્થ– જગતકે પ્રાણી. હે જગતકે જીવોં! આહાહા! **મોહરહિત હોકર** (અર્થાત્) પરકી સાવધાનીકા વિકલ્પ છોડકર. આહાહા! મિથ્યાભ્રાંતિ છોડકર... પરમેં ધર્મ હૈ, પરમેં સુખ હૈ, પુણ્યભાવમેં ધર્મ હૈ–યે ભ્રાંતિ છોડ દે. આહાહા! ભારે આકરું કામ જગતને. સમજમેં આયા? **મોહરહિત હોકર**... ભગવાન આત્મામેં–પર્યાયમેં મોહ રાગ-દ્વેષ દિખતે હૈં, હૈં ઉપર-ઉપર. ઉત્પન્ન હોતા હૈ તો હૈ, વસ્તુમેં નહીં. આહાહા! **મોહરહિત હોકર સર્વ ઓરસે પ્રકાશમાન...** ભગવાન ચૈતન્યજ્યોત આનંદકા પૂર ઔર જ્ઞાનકા નૂર ઐસા આત્મા હૈ, એમ કહતે હૈં. જ્ઞાનકા નૂર.. તેજમય જ્ઞાનકા નૂર ઐસા... શું કહેવાય? બત્તી... સર્ચલાઈટ નથી ઉપર? આપણે ત્યાં બાહુબલી બે સર્ચલાઈટ છેને મોટી હજાર-હજારની આમ. યે તો અનંત-અનંત પ્રકાશકી સર્ચલાઈટ હૈ આત્મા. આહાહા!

યે તો જ્ઞાનકા નૂર–તેજ હૈ ઔર આનંદકા પૂર હૈ. અતીન્દ્રિય આનંદકા ઢિગ પૂરા આત્મા હૈ. ઐસે આત્માકો મોહરહિત હોકર... પ્રભુ! તારે શાંતિ જોઈતી હોય તો, તુજે આનંદ(રૂપ) હોના હો તો, તુજે જન્મ-મરણકા દુઃખકા ચક્કર મિટાના હો તો... આહાહા! પ્રભુ પ્રાણીઓને કહે છે કે હે જગતકે પ્રાણીયોં! **સર્વ ઓરસે પ્રકાશમાન** પ્રભુ તો અંદર હૈ. જિસમેં પુણ્ય-પાપકે વિકલ્પકી ગંધ નહીં. વહ તો આનંદ ને જ્ઞાનકા પુંજ પ્રભુ હૈ. ઐસે પ્રકાશમાન પ્રભુકો—**ઐસે ઉસ સમ્યક્ સ્વભાવકા હી...** દેખો! યે સમ્યક્ સ્વભાવ, શાશ્વત સ્વભાવ ત્રિકાલી આનંદકંદ વહી સમ્યક્ સત્ સ્વભાવ હૈ. પુણ્ય-પાપકા ભાવ તો વિકાર હૈ, દુઃખરૂપ, અનિત્ય, નાશવાન હોનેવાલી ચીજ

હૈ. બાહરકી ચીજકી બાત નહીં. બાહર(કી ચીજ) તો ધૂલ, પર હૈ. અંદરમેં જો શુભ-અશુભરાગ હોતા હૈ વહ નાશવાન, વિકાર, દુઃખરૂપ હૈ. આહાહા!

ભગવાન કહતે હૈં વહ સંત કહતે હૈં બીચમેં આડતીયા હોકર. ... કહતે હૈં, ભાઈ! ભગવાન ઐસે કહતે હૈં. ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગ સર્વજ્ઞપ્રભુ તીર્થંકરકી દિવ્યધ્વનિમેં ઐસા આયા હૈ, ઐસા હમ કહતે હૈં. સમજમેં આયા? આહાહા! ગાથા આપણે આવી ગઈ છે. સમ્યગ્દર્શન ચોથું ગુણસ્થાન હજી તો હોં, શ્રાવક તો ક્યાંય ને મુનિ ક્યાંય. બાપા! એ દશા તો જુદી ચીજ છે. દુનિયાને ખબર નથી. સમ્યગ્દર્શન કિસકો કહે, યે ચીજ ક્યા હૈ ઉસકી ખબર નહીં. શ્રેણિકરાજા મોટા રાજા હતા. હજારો રાજાઓ, સેના ચામર ઢાળતા અને હીરાના સિંહાસન ઉપર (બિરાજે). એક-એક હીરાની કરોડ અબજની કિંમત. .... ફિર ભી વે સમ્યગ્દૃષ્ટિ થે. વિકલ્પ ને રાગાદિ ને પરથી મોહ મેરેમેં નહીં, મેં ઉસમેં નહીં, મેરેમેં આનંદ ને જ્ઞાન હૈ, રાગાદિ મેરેમેં નહીં. સમજમેં આયા? ઐસી અંતરમેં અનુભવ દૃષ્ટિ થી. પ્રોફેસરજી! અનુભૂતિ. પ્રોફેસરજીકો પસંદ હૈ અનુભૂતિ. આહાહા!

અનુભૂતિકા અર્થ? અનાદિકાલસે જો પુણ્ય-પાપકા ભાવ હોતા હૈ વહ અણ-અનુભૂતિ, વિકાર, દુઃખરૂપ હૈ. નિજાનંદ ભગવાન આત્મા ઉસકો અનુસરકર.. અનુસરકર.. ભૂતિ નામ હોના, આનંદરૂપી દશાકા પ્રગટ કરના ઉસકા નામ અનુભૂતિ ને ધર્મ કહતે હૈં. આહાહા! રતનલાલજી! આહા! આવો માર્ગ છે ભગવાન! માર્ગની રીત તો પરમેશ્વરે આ કહી છે. અજ્ઞાની અપની કલ્પનાસે સ્વચ્છંદસે કહે વહ તો દુઃખ હોનેકા ઉપાય હૈ. આહાહા! કહતે હૈં, પ્રભુ! તું તો સર્વ ઓરસે પ્રકાશમાન હૈ ન. અનંત-અનંત ચૈતન્યનો ગાંગડો–ચૈતન્યકા બિંબ પ્રભુ, અનંતી ચૈતન્ય પ્રકાશકી જ્વાલા ઉસમેંસે ઉત્પન્ન હોતી હૈ ઐસા તું ચૈતન્ય હૈ.

**પ્રકાશમાન ઐસે ઉસ સમ્યક્ સ્વભાવ...** દેખો! પુણ્ય-પાપકા મિથ્યા સ્વભાવ હૈ. આહાહા! શરીર તો ક્યાંય રહી ગયું, માટી–ધૂળ છે આ તો. પૈસા-બૈસા કાંઈ ધૂળ રહી ગઈ બહાર. યે તો અજીવ હોકર રહા હૈ. પૈસા ને શરીર વહ તો અજીવ હોકર રહે હૈં. તેરી ચીજ હોકર રહી હૈ વહ? તેરી ચીજ હોકર રહે તો સબ અરૂપી હો જાય. યે તો રૂપી ચીજ અપનેસે અપને કારણસે અપનેમેં રહી હૈ. તેરેમેં હૈ હી નહીં. સમજમેં આયા? ન્યાયસે–લોજીકસે તો સમજના પડેગા કિ નહીં? આહાહા! ભગવાનકા માર્ગ તો સીધા સરલ હૈ, પણ લોગોંકો ખ્યાલમેં આયા નહીં. આહાહા! અમારા શેઠ કહે છે, આવું ક્યાંય સાંભળ્યું નથી. માર્ગ તો ઐસા હૈ પ્રભુ!

જબ લગ વહ અપને સ્વભાવકા ભાન નહીં કરેગા, તબ લગ દુઃખી.. દુઃખી.. દુઃખી હૈ, દુઃખકે ડુંગરમેં ઘૂસ ગયા હૈ. ભાન નહીં. ભગવાન આત્મા સમ્યક્ સ્વભાવ... ઐસી ભાષા લી હૈ ન? ઉસકે સિવા પુણ્ય-પાપકા ભાવ, મિથ્યાત્વ કૃત્રિમ ઉત્પન્ન હુઆ મિથ્યાભાવ. ઉસકે ફલરૂપ

સંયોગ યે તો બાહ્યભાવ હૈ. યે સંયોગી ચીજ તો સંયોગ હોકર રહી હૈ. પર તેરી પર્યાયમેં ઉત્પન્ન હોતા હૈ પુણ્ય ને પાપભાવ વહ ભી..... આમાં કહ્યું છે, આવ્યું છેને. પુણ્ય-પાપભાવ આદિ..... વહ હૈ ન. વહ કલશમેં કહા હૈ. કિ અજ્ઞાન જબ લગ હૈ તબ લગ ઉત્પન્ન કરતા હૈ. ... કલશમેં લિયા હૈ. .... સમજમેં આયા? જબલગ આત્માકો અપને સ્વભાવકા ભાન ન હો તબલગ અજ્ઞાનભાવસે પુણ્યકા-પાપકા ભાવ કરતા હૈ, ઉસમેં રાચતા હૈ ઔર ઉસમેં લીન હોતા હૈ, વહ દુઃખી હૈ. આહા! સમજમેં આયા? એમાં છે એના કળશમાં. ૧૪માનો છેને. કળશ છે અગિયાર.

ઉસમેં (કળશ ટીકા)મેં હૈ દેખો! **समन्तात् द्योतमानं**... એ છેને. પ્રકાશમાન, એ ચાલે છે. એ શ્લોકનો અર્થ છે. ચૈતન્યપ્રકાશમાન ભગવાન **અનુભવગોચર થતા કાંઈ ભ્રાંતિ રહેતી નથી**. આહાહા! શુદ્ધ આનંદસ્વરૂપ પ્રભુ ઉસકા અનુભવ હોકર સમ્યગ્દર્શન હોતા હૈ તો કુછ ભ્રાંતિ રહતી નહીં. પુણ્યકે પરિણામમેં સુખ હૈ, પુણ્યપરિણામ ધર્મ હૈ, સબકી સગવડતા હો તો ધર્મ હોતા હૈ—ઐસી મિથ્યાભ્રાંતિ રહતી નહીં. સમજમેં આયા? બૈરા-છોકરા, પૈસા-બૈસા સરખા હો, શરીર-બરીર નિરોગ હોય તો આપણને ઠીક પડે ધર્મમાં. ધૂળેય નથી, સાંભળને માળા? આ તો પરદ્રવ્ય છે, માટી છે. અજીવ ઠીક હૈ ઉસસે તુજે ક્યાં આયા? ઠીક-અઠીક વહ માનતા હૈ ન. નિરોગ હો તો ઐસા હૈ, સરોગ હો તો ઐસા હૈ. અરે! નિરોગ-સરોગ તો જડકી દશા હૈ. આત્મા ક્યાં આ ગયા હૈ, ઉસમેં ઘૂસ ગયા હૈ? ઉસને રાગ-દ્વેષ કિયા વહ ભી નિકલ જાયેગા હોં, ઉત્પન્ન હોતે હી. વહ કહતે હૈં દેખો!

**અહીં કોઈ પ્રશ્ન કરે છે કે જીવ તો શુદ્ધસ્વરૂપ કહ્યો**... તમે આત્મા તો શુદ્ધસ્વરૂપ કહ્યો. **અને તે એવો જ છે, પરંતુ રાગ-દ્વેષ-મોહરૂપ પરિણામોને અથવા સુખ-દુઃખાદિરૂપ પરિણામોને કોણ કરે છે?** કલશ હૈ, રાજમલ ટીકા. છે કે નહીં તમારે ત્યાં? કલશટીકા હૈ. હિંદી.. હિંદી હોં. યહાં તો હિંદી ચલતી હૈ, ગુજરાતી તો અભી કિયા હૈ. પહલે હિંદી હી થી ન? રાજમલજી હુએ બડે દિગંબર. **કોણ ભોગવે છે? ઉત્તર આમ છે કે આ પરિણામોને કરે તો જીવ કરે છે**... રાગ કાંઈ જડ કરે? અજ્ઞાની પુણ્ય ને પાપકા ભાવ પર્યાયમેં અજ્ઞાની હોકર કરતા હૈ અને અજ્ઞાની હોતા હૈ વહ પુણ્ય-પાપકે ભાવ ને હર્ષ-શોકકા ભોગ.. હર્ષ-શોકકા ભોગ કરતા હૈ, દુઃખકા. સમજમેં આયા? કરે તો એનો એ.

**પરંતુ આ પરિણતિ વિભાવરૂપ છે**... શુભ-અશુભ પરિણામ ને ઉસકા ભોગના સબ દુઃખરૂપ ઉપાધિ હૈ, અપના સ્વરૂપ હૈ નહીં. **તેથી નિજ સ્વરૂપ વિચારતાં તે જીવનું સ્વરૂપ નથી એમ કહેવાય છે**. કહો, સમજાય છે કાંઈ? આહાહા! હે પ્રાણી! સમ્યક્-સ્વભાવકા અનુભવ કરના ચાહિયે. ભગવાન આત્મા ત્રિકાલી જ્ઞાન ને આનંદકા પૂર, નૂર ઐસા તેજમય પ્રભુ, જિસમેં પુણ્ય ને પાપકા વિકલ્પ નહીં ઐસી ચીજકા અનુભવ કરના ચાહિયે, તબ ઉસકો ધર્મ

હોતા હૈ. આહાહા! ભારે ધર્મ ભઈ આ તો. પ્રોફેસરજી! ઝીણી કથની. આહાહા! અરે! એની પોતાને દયા આવી નથી હોં. અપની દયા નહીં. એને ખબર નથી કે દયા નથી એમ. પરની દયા કરવા ચાલી નીકળ્યો. ધૂળેય પરની દયા તું પાળી શકતો નથી-કર સકતા નહીં. ઉસકા આયુષ્ય હો તો જીયે, ન હો તો મર જાય. ક્યા તેરેસે જિતા હૈ વહ? પણ તેરે અંદર તેરી દયા નહીં તુજે. મૈં આનંદઘન શુદ્ધ ચૈતન્ય હૂં ઐસી પ્રતીત ને અનુભવ બિના, રાગ ને પુણ્ય મેરા હૈ ઐસી માન્યતામેં તેરે જીવકી દયાકા નાશ હોતા હૈ. સમજમેં આયા?

અપના જીવન સુખપ્રકાશમય આનંદમય ઉસકો નહીં સ્વીકાર કરકે અર્થાત્ યે નહીં, મૈં તો પુણ્ય ને પાપકા ભાવ હૈ વહ હૂં. ઉસકા અર્થ વહ હુઆ કિ ત્રિકાલી ચૈતન્ય આનંદકા જીવન (અર્થાત્) આનંદકંદકા સ્વીકાર નહીં કિયા. નહીં હૈ (ઐસા માના), બસ વહી હિંસા હુઈ. લોજીકસે, ન્યાયસે સમજના પડેગા. ભગવાનકા માર્ગ તો ન્યાય હૈ. સમજમેં આયા? આ 'અહિંસા પરમો ધર્મ'. રાગકી ઉત્પત્તિ નહીં હોના. પરકી દયાકા ભાવ ભી રાગ ને હિંસા હૈ. રાગ હૈ ન. આ છંછેડ્યો હતો ૯૬માં. ગાંધીજી વ્યાખ્યાનમાં આવ્યા હતા. આ ગાંધીજી, નહીં? મોહનલાલ ગાંધી. વ્યાખ્યાનમાં આયે થે. ૯૬-૯૬ જેતપુર. .... પરકી દયાકા ભાવ... પરકી દયા તો કર સકતા તો નહીં, ક્યોંકિ પરદ્રવ્ય સ્વતંત્ર તત્ત્વ હૈ. પણ તુજે ભાવ હો વહ શુભરાગ હૈ, શુભરાગ વહ હિંસા હૈ. અપને ચૈતન્યકી વીતરાગીદશાકી હિંસા હોતી હૈ. એ ..દાસજી! અજર માર્ગ. સમજમેં આયા? આહાહા!

અરે! **સમ્યક્ સ્વભાવકા હી...** ઐસા શબ્દ પડા હૈ ન? અભી સમજમેં તો લે, જ્ઞાનમેં-ખ્યાલમેં તો લે કિ ચીજ યે હૈ. ખ્યાલ ભી નહીં, ખબર ભી નહીં, પિછાન નહીં ઔર ધર્મ હો જાયેગા ઉસકો. ધૂલમેં ભી ધર્મ નહીં હોગા. પૈસા પાંચ-દસ લાખ ખર્ચી નાખે અને ધર્મ હો ગયા, ધૂલમેં ભી નહીં હોગા. સુન તો સહી! પૈસા તેરી ચીજ કહાં હૈ? વહ તો અજીવ હૈ. અજીવ મૈં વાપરતા હૂં ઐસી માન્યતા મિથ્યાદૃષ્ટિકી હૈ. અજીવકા ધની હૈ તું? સમજમેં આયા? એ શેઠ! ક્યા કહતે હૈં? વહ તો કહતે હૈં, સમ્યક્ સ્વભાવકા અનુભવ કરો. યે ચીજ મૈં દેતા હૂં ને લેતા હૂં વહ તેરેમેં હૈ હી નહીં. તેરેમેં વિકલ્પ ઉઠતે હૈં. વિકલ્પ રાગ હૈ, વહ વિભાવ હૈ, વહ સમ્યક્ સ્વભાવ નહીં. સમજમેં આયા? આહાહા! અરે! '**સમ્યક્ સ્વભાવકા હી**' એમ કેમ કહ્યું? એકાંત ક્યોં કહતે હો? થોડા વિભાવકા ભી અનુભવ કરો ઐસા ક્યોં નહીં કહતે? ભગવાનકા માર્ગ તો અનેકાંત હૈ ભૈયા! પુણ્યસે ભી ધર્મ હોતા હૈ, સ્વભાવસે ભી ધર્મ હોતા હૈ. અરે! હાલ.. હાલ. પાગલ હૈ. એય! વહ તો પાગલ હૈ. તુમ્હારે શબ્દોંમેં પાગલ કહતે હૈં. અરે! તેરી તુજે ખબર નહીં. પ્રભુ! તું કૌન હૈ, કહાં હૈ, કૈસા હૈ, કહાં તુને માન રખા હૈ.

કહતે હૈં, છોડ દે પરકી ભ્રાંતિ સબ. પુણ્યકે પરિણામસે ધર્મ હોગા, શુભભાવ કરતે-કરતે ધર્મ હોગા, શુભભાવમેં કિંચિત્ ધર્મકા અંશ હૈ—(ઐસી) ભ્રાંતિ છોડ દે. સમજમેં આયા?

યે મિથ્યાત્વભાવ હૈ. આહાહા! આકરૂં કામ ભાઈ! શેઠ! આટલા બધા પૈસા-બૈસા તમે ઘો છો, એનું કાંઈ કામ છે જ નહીં એમ કહે છે. '**સમ્યક્ સ્વભાવકા હી**' ઐસા કહતે હૈં ન? ભગવાન! તારી ચીજ તો ચૈતન્યના પ્રકાશથી ભરેલી છેને! ઉસમેં પુણ્ય-પાપ તો અંધેરા, શુભભાવ-અશુભભાવ તો અંધેરા હૈ. જિસમેં જ્ઞાનકે તેજકા અભાવ હૈ. શુભ-અશુભભાવમેં જ્ઞાનકે તેજકા અભાવ હૈ, અંધેરા હૈ. આહાહા! સમજમેં આયા? છોડ દે દૃષ્ટિ, કહે છે. ભ્રાંતિ છોડ. સમ્યક્ સ્વભાવ ભગવાન ચૈતન્યકે પ્રકાશકો હી અનુસરકે અનુભવ કરો, અનુભૂતિ, પ્રોફેસરજી! આ અનુભૂતિ. યે અનુભૂતિ ધર્મ હૈ. માણસને બેસે નહીં વાત. દુનિયા રાજી ન થાય આમાં. દુનિયા તો અજ્ઞાની હૈ તો રાજી હો જાય રાગસે. સમજમેં આયા? આહાહા! .... યથાર્થમેં રાજી તો વહ હોતા હૈ...

અપની ચીજ સમ્યક્ સ્વભાવ... ભાષા દેખો! આત્માનો સમ્યક્-સ્વભાવ... સત્ય ત્રિકાલી ધ્રુવ આનંદ પ્રકાશસ્વભાવકો હી જીવ કહનેમેં આતા હૈ. સમ્યક્-સ્વભાવ ત્રિકાલીકો જીવ કહનેમેં આતા હૈ. ઐસે જીવકા અનુભવ કરો. આહાહા! ઉપર હૈ ન, શુદ્ધભાવ. યે શુદ્ધભાવ (અર્થાત્) સમ્યક્-સ્વભાવ. ભારે! હજી તો પહેલું સમજવું કઠણ છે. ક્યાં કહતે હૈં, ક્યા વિધિ હૈ? અરે! ઉસે મનુષ્યકા ભવ મિલા, ઐસે ને ઐસે પામરવૃત્તિમેં નિકાલા. સમજમેં આયા? કોઈ કિંમત નહીં ઐસી ચીજમેં નિકાલ દિયા. કિંમતી ચીજ જો ભગવાન આત્મા ઉસકી કિંમત કી નહીં. જિસકી કિંમત નહીં ઉસકી કિંમત કી. પુણ્ય-પાપકા ભાવ જો હોતા હૈ ઉસકી કિંમત કુછ નહીં હૈ, દુઃખકી કિંમત હૈ ઉસકી. ઉસકી કિંમત કૈસી? આહાહા! અને પુણ્યકા ફલ મિલા ધૂલ બાહ્ય પાંચ, પચાસ લાખ, કરોડ-બે કરોડ કે અબજ. ઓહોહો.. ધૂલમેં ભી નહીં, સુન તો સહી! તેરી મુર્ખાઇસે ઉસમેં તું સુખ માનતા હૈ. છોડ દે મૂર્ખાઇ એકબાર, એમ કહતે હૈ યહાં. આહાહા! ઝવેરચંદભાઈ! આવો માર્ગ છે આ.

સ્વભાવકા હી અનુભવ કરના ચાહિયે. **કિ જિસમેં યહ બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવ—** શુભ-અશુભ **ઉત્પન્ન હોકર સ્પષ્ટરૂપસે ઉપર તૈરતે હોને પર ભી...** ક્યા કહતે હૈં? પુણ્ય-પાપકા ભાવ ઉત્પન્ન હોતા તો હૈ, પણ પર્યાયમેં હૈ, ત્રિકાલીમેં નહીં. ઉત્પન્ન હોતે હૈં તો સહી. નહીં (ઉત્પન્ન હોતે) ઐસા નહીં. **જિસમેં યહ બદ્ધસ્પૃષ્ટાદિભાવ (ઉત્પન્ન હોકર) સ્પષ્ટરૂપસે ઉપર તૈરતે** હૈં. હૈં, પણ જૈસે જલકે ઉપર તેલકા બિંદુ હો, પર તેલકી ચિકાશ જલમેં પ્રવેશ કરતી નહીં. ઐસે ભગવાન ચિદાનંદ અમૃતકા ભરા હુઆ જલ, ઉસમેં પુણ્ય-પાપકા ભાવ તેલ સમાન ચીકનાઈ હૈ, યે અંદરમેં પ્રવેશ કરતા નહીં. સમજમેં આયા? આરે! એને એની દયા નથી હોં. મારું શું થશે, હું ક્યાં જઈશ, આ આંખ્યું મીંચીને ક્યાં જઈશ—પડાવ નાખીશ?

ભગવાન કહતે હૈં, હે ભાઈ! હે પ્રભુ! તેરી સમ્યક્-સ્વભાવ ચીજ હૈ ન, ઉસકા અનુભવ કર પ્રભુ! આહાહા! પુણ્ય-પાપકે ભાવકે અનુભવમેં લીન હૈ, (ઉસે) છોડ દે. દુઃખમેં લીન હૈ. લાલચંદજી! ઐસી બાત હૈ ભૈયા! આહાહા! તીન લોકકે નાથ તીર્થંકરદેવ પરમેશ્વરકી વાણીમેં તો ઐસા આયા હૈ. ભગવાન બિરાજતે હૈં મહાવિદેહમેં. સાક્ષાત્ તીર્થંકર બિરાજતે હૈં. પાંચસો

ધનુષકા દેહ હૈ, કરોડ પૂર્વકા આયુષ્ય હૈ. સંવત ૪૯મેં મહાવિદેહમેં જબ કુંદકુંદાચાર્ય ગયે થે, તબ થે, અભી ભી હૈં. ક્યોંકિ કરોડ પૂર્વકા આયુષ્ય હૈ. એક પૂર્વમેં ૭૦ લાખ કરોડ ૫૬ હજાર કરોડ વર્ષ જાતે હૈં. રૂપિયામાં ધૂળમાં.... વાણિયામાં તો આ બે ઠેકાણે સાંભળ્યું અબજપતિ. આપણે શાંતિલાલ ખુશાલ છેને ગોવામાં, શાંતિલાલ ખુશાલ. દો અબજ ચાલીસ કરોડ. એક દશાશ્રીમાળી વાણીયા હૈ.

ઔર એક અભી યહાં સુના. ગયે થે ન જયપુર. તો આયા થા. કહે, પગલા કરો મહારાજ! વહ અબજપતિ હૈ. મોરબીકા હૈ. દુર્લભજી ત્રિભુવન ઝવેરી. ઉસકા લડકા હૈ છેલશંકર. એક બડા લકડા ગુજર ગયા. હમારે મોરબીકા હૈ. લોકો તો બે અબજ કહે છે. એક અબજ તો છે. ઘરે પગલા કર્યા હતા. સ્થાનકવાસી હૈ, પણ હમારે ઉપર તો પ્રેમ સબકો હૈ ન, ઉસમેં–સ્થાનકવાસીમેં થે તબસે. કીધું, બાપા! દુઃખી છે આ અબજપતિ ને ધૂળપતિ બધાય. એ શેઠ! દસ મિનિટ ગયે થે, દસ મિનિટ બૈઠે થે. એક હજાર રૂપિયા મૂક્યા જ્ઞાન ખાતે. એ તો ગૃહસ્થ માણસ છે. દસ મિનિટ બૈઠે. હમારે ઘરપે પગલા કરો. કીધું, આત્મા (જ્ઞાની) સિવા સબ દુઃખી હૈં. હમણાં હજીરા લાગે ચાલીસ-ચાલીસ લાખના બંગલા ને. સમજાય છે કાંઈ? અહીં તો કહે છે કે એ બધી વિકલ્પની વૃત્તિઓ હો, પણ એ તો દુઃખરૂપ છે. આહાહા! હૈ સહી, નહીં હૈ ઐસા નહીં. ઓલા વેદાંતની જેમ નહીં. પુણ્ય-પાપના ભાવ હૈ નહીં, અકેલા શુદ્ધ આત્મા હૈ— ઐસા નહીં. બ્રહ્મ સત્ય ને જગત મિથ્યા. અપને સ્વરૂપકી અપેક્ષાસે મિથ્યા હૈ, પણ ઉસ વસ્તુ અપેક્ષાસે હૈ. સમજમેં આયા? આહાહા!

વહ કહતે હૈં દેખો! ઉપર તૈરતે હૈં. ઐસી અસ્તિ સિદ્ધ કી. જૈસે જલ ઉપર તેલકા બિંદુ તૈરતા હૈ. ઉસકી અસ્તિ હૈ કિ નહીં? અંદરમેં નહીં. ઐસે ભગવાન આત્મા... શરીરાદિ તો પર હૈ. શરીર જડ હોકર રહા હૈ, આત્મામેં હૈ હી કહાં? યે માટી હૈ. પણ ઉસકી પર્યાયમેં–અવસ્થામેં ઉત્પન્ન હોતા હૈ શુભ-અશુભભાવ (વહ) ઉપર તિરતે હૈં, અસ્તિ હૈ પર્યાયમેં, વસ્તુમેં હૈ નહીં. જિસકો સમ્યગ્દર્શન–ધર્મકી પહલી સીઢી–જન્મ-મરણકા અંત લાનેકી ચીજ કરના હો, તો ઇસ સ્વભાવમેં પુણ્ય-પાપ હૈ નહીં ઐસા સમ્યક્-સ્વભાવકા અંતરમેં અનુભવ (અર્થાત્) સ્વભાવકો અનુસરકે આનંદકા હોના, સમ્યગ્દર્શનકા હોના, ધર્મકી પહેલી સીઢીકા હોના વહ મુક્તિકા ઉપાય હૈ. સમજમેં આયા? બાકી બધા થોથેથોથા છે. આહાહા! આવી વાત જગતની.

**જિસમેં યહ અબદ્ધસ્પૃષ્ટ આદિ ભાવ**... ભાવ કીધુંને? ભાઈ! **સ્પષ્ટરૂપસે ઉપર તૈરતે** હૈં. બરાબર હૈ ઉપર.. ઉપર. આહાહા! સંસાર એટલે? સંસારકા અર્થ ક્યા? સ્વરૂપ શુદ્ધ આનંદકંદ હૈ ઉસમેં સંસરણં ઇતિ સંસાર. યહાંયે હઠકર વિકારમેં આના વહ વિકાર હી સંસાર હૈ. સમજમેં આયા? સ્ત્રી-કુટુંબ, પૈસા સંસાર યે તો અજીવતત્ત્વ હૈ. વહાં સંસાર કહાંસે આ ગયા? સંસાર તો આત્માકી પર્યાયમેં ભૂલ વહ સંસાર હૈ. સમજમેં આયા? સ્ત્રી, કુટુમ્બ, વેપાર-ધંધા ...કા ધંધા.. શેઠી! વહ સંસાર નહીં. .... વહ તો અજીવ હૈ. વહાં સંસાર કહાંસે આયા? યે અજીવ મેરા ઔર રાગ-દ્વેષ મેરા—ઐસી માન્યતાકા ભાવ ઉસકો ભગવાન સંસાર કહતે હૈં. 'સંસરણં ઇતિ

સંસાર'. ભગવાન આનંદકંદ સંસરણ (અર્થાત્) ખસી ગયો–હટ ગયા ઔર વિકારકો અપના માના ઉસકા નામ સંસાર હૈ. સમજમેં આયા?

કહતે હૈં, ઓહો! **તૈરતે હોને પર ભી વાસ્તવમેં સ્થિતિકો પ્રાપ્ત નહીં હોતે.** સ્થિતિ... અધિકાર આવ્યોને. પ્રતિષ્ઠા નહીં પાતે. વસ્તુ ભગવાન આત્મા શુદ્ધ આનંદઘન શુદ્ધભાવ કહા વહ ધ્રુવ, ઐસા સમ્યક્-સ્વભાવ ઉસમેં પુણ્ય-પાપકે ભાવ શોભા નહી પાતે. અંદર પ્રતિષ્ઠા નહીં મિલતી, શુભાશુભભાવકો આધાર આત્મામેં નહીં મિલતા. ભારે વાત ભાઈ! સમજમેં આયા? **વાસ્તવમેં સ્થિતિકો પ્રાપ્ત નહીં હોતે**. અંતરમેં ઉસકા પ્રવેશ કરના ઐસા હોતા નહીં. ભગવાન ચિદ્ઘન.. ઓહોહો! જૈસે... આ શિયાળાના દિ'ને શું કહે? જાડેકા દિન. જાડેકે દિનકા ઘી હોતા હૈ ન ઘી. જમ જાતા હૈ મજબૂત. પહલેકા ઘી દેખા હૈ ન, પચાસ વર્ષ પહલેકા. અભી તો બહોત દગા હો ગયા–કાલાબજાર હો ગયા. વાણીયામાં કાળાબજાર, ઘીમાં કાળાબજાર, દવામાં કાળાબજાર. દવામાંય કાળાબજાર. આહાહા! ધર્મમાંય કાળાબજાર. આહાહા!

પચાસ વર્ષ પહેલા જીવન હતું નીતિનું જીવન. બધું બદલાઈ ગયું–બહોત બદલ ગયા. ઘી હોતા થા.. ચેલા કરીને ગામ છેને જામનગર પાસે. એ લોકોને ઘરે તાજા કપાસિયાની આખી વખારું ભરી હોય કપાસિયાની. ભેંસને છૂટી મૂકે કપાસિયા ખાવા. અત્યારે કપાસિયા મોંઘા છે એટલે કોણ ખવડાવે. ખડના સરખા ઠેકાણા ન મળે ત્યાં. ઓલાને કપાસિયા.. 'કપાસિયા' સમજતે હો? હા, એ. ઉસકા દૂધ ને ઉસકા દહીં ને ઉસકા ઘી. અને આમ ઠરેલું ઘી. આંગળીમાં ફાંસ લાગે. ઐસે ઘીમેં અંગુલી તો પ્રવેશ (કરે) નહીં, પણ તાવેથા–ખુરપેકા પ્રવેશ નહીં (હોતા). ઐસા ભગવાન ઠંડા ઘન આત્મા હૈ, સમ્યક્-સ્વભાવ ઘન હૈ ઉસમેં શરીરકા તો પ્રવેશ નહીં, પણ પુણ્ય-પાપ વિકલ્પકા પ્રવેશ અંદર નહીં. આહાહા! જુઓ! કેમ માને? આવડો હું? બીડી શું, સિગરેટ બે પીવે ત્યારે દસ્ત ઉતરે એને પાયખાનામાં. આહાહા! મૂર્ખાઈના તે કાંઈ ઘર જુદા હશે? પાયખાનામાં જાયને બે સિગરેટ પીવે ત્યારે માંડ-માંડ દસ્ત ઉતરે. આવા કાળા કેર લોકોને. હવે એને આવો આત્મા બેસે કઈ રીતે? આહાહા!

ભગવાન! તારામાં તો પુણ્યના પરિણામ, જિસ ભાવસે તીર્થંકરગોત્ર બંધે વહ ભાવ ઉપર-ઉપર તિરતા હૈ. આહાહા! ભાઈ! મૈલ હૈ વહ તો. તને ખબર નથી પ્રભુ! તું નિર્મળાનંદ પ્રભુ છો. તારા પ્રકાશના તેજ આગળ એ બધા અંધારા અચેતભાવ છે. આહાહા! શુભ-અશુભભાવ યે ભી અચેત હૈ. ચેતનમેં અચેતકા પ્રવેશ નહીં હોતા. સમજમેં આયા? સમજમેં આતા હૈ કિ નહીં? એય! દાહોદ. બે હદ છેને બે હદ. આમ મારવાડ ને આમ ગુજરાત, વચ્ચે દાહોદ છે. દો હદ.. દો હદ હૈ. અહીં એકકોર આત્મા ને એકકોર રાગ. એની વચ્ચે આ છે. આહાહા! કહે છે કે અરેરે! **સ્થિતિકો પ્રાપ્ત નહીં હોતે**. મુનિરાજ દો શ્લોક કહતે હૈં. દૂસરા ૫૬.

**नित्यशुद्धचिदानन्दसंपदामाकरं परम् ।**
**विपदामिदमेवोच्चैरपदं चेतये पदम् ।।५६।।**

૫૬ હૈ ૫૬. કૈસા હૈ તું? ભગવાન! **શ્લોકાર્થ : જો નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપી સંપદાઓંકી ઉત્કૃષ્ટ ખાન હૈ...** આહાહા! તેરેમેં ચિંતાકા સ્થાન તો હૈ નહીં. તબ હૈ કૈસા તું? આહાહા! **નિત્ય શુદ્ધ ચિદાનંદરૂપી**–જ્ઞાનાનંદરૂપી **સંપદા...** યે તેરી સંપદા હૈ. **સંપદાઓંકી ઉત્કૃષ્ટ ખાન...** આહાહા! અંદરમેંસે આનંદ નિકાલે તો અનંત કાલ તક આનંદ ખૂટે નહીં ઐસી ખાન હૈ. આ પૈસા તો અબજ-બે અબજ, પાંચ અબજ હોય તો ખૂટી જાય ફટ દઈને. અહીં તો ખૂટે નહીં. આહાહા! કહતે હૈં, ભગવાન! તું કૈસા હૈ? ત્રિકાલી નિત્ય શુદ્ધ કાયમ–ત્રિકાલ શુદ્ધ ચિદાનંદ ઔર જ્ઞાનાનંદરૂપી સંપદા તેરી તો હૈ પ્રભુ! યે ધૂલકી સંપદા તેરી નહીં. આહાહા! શરીર જરી રૂપાળું મળે તો કહે આહાહા.. હવે આ તો ધૂળ–માંસ છે. ઈયળું પડશે એમાં. અગ્નિમાં સળગશે હડ.. હડ.. હડ. અગ્નિના તણખા પડશે ત્યાં ફૂટશે. આ તો જડ, માટી છે. આમાં ક્યાં હતો? આ તારી સંપદા કે દિ' છે? આહાહા!

**નિત્ય શુદ્ધ ચિદાનંદરૂપી સંપદાઓંકી ઉત્કૃષ્ટ ખાન...** દેખો! આ ખાણ તો ખૂટી જાય. આહાહા! ખાન... ઝવેરીએ ખાણ લીધી છે ત્યાં આફ્રિકામાં. અબજપતિ થયાને, જયપુરના દુર્લભજી ઝવેરીકા લડકા. પન્નાની ખાણ નીકળી હતી. એને શું કહેવાય? ઠેકા. એમ કાંઈ કહે છે. ઠેકા લિયા. કોન્ટ્રાક્ટ. એમાંથી–ખાણમાંથી નીકળ્યા બહુ પન્ના. અબજપતિ થઈ ગયા. પૈસા સાધારણ હતા. અમે તો એની બાને ઓળખતા. સાધારણ હતા. અત્યારે તો અબજ–સો કરોડ, બસ્સે કરોડ. ઓલા પાસે વળી બસ્સો ને ચાલીસ.. બસ્સો ને ચાલીસ કરોડ. શાંતિલાલ ખુશાલ. એ ધૂળની સંપદા છે ઝેરની, એમ કહે છે.

આ તો અનંત-અનંત સંપદા. વહ સંપદા તો દુઃખકા નિમિત્ત હૈ–દુઃખનું નિમિત્ત છે. સુખનું તો કે દિ' હતું? ધૂળ. આહાહા! કહો, ઝવેરભાઈ! શું હશે? આ બધા પૈસાવાળાને સુખી કહે છેને માણસો. પાગલની હોસ્પિટલમાં બધા પાગલ જ હોય. સમજાણું કાંઈ? પાગલ પાગલને સુખી કહે. આહાહા! ભગવાન! તેરી તો ચિદાનંદરૂપી સંપદા તેરેમેં પડી હૈ. આહાહા! ચિદાનંદરૂપી સંપદાઓંકા ઉત્કૃષ્ટ સ્થાન હૈ. **તથા જો વિપદાઓંકા અત્યન્તરૂપસે અપદ હૈ...** આહા! પુણ્ય-પાપકી વિપદા યે તો અપદ હૈ, તેરેમેં હૈ હી નહીં. **(અર્થાત્ જહાં વિપદા બિલકુલ નહીં હૈ) ઐસે ઇસી પદકા મૈં અનુભવ કરતા હૂં.** મુનિ કહતે હૈં, ઐસી મેરી નિજસંપદાકા મૈં તો અનુભવ કરતા હૂં. મૈં પુણ્ય-પાપકે વિકલ્પકા, વ્રત-વિકલ્પકા મૈં અનુભવ નહીં કરતા. વહ તો રાગ હૈ. ઐસે દુનિયાકો સમજાતે હૈં કિ ઐસા તુમ કરો તો સુખી હોઓગે, નહીંતર દુઃખી હૈ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**મહા સુદ ૧૧, બુધવાર, તા. ૨૬-૧-૧૯૭૨**
**શ્લોક-૫૭, ગાથા-૪૧, પ્રવચન નં. ૩૫**

૫૭ કળશ છે, ૪૦ ગાથાનો છેને.

**यः सर्वकर्मविषभूरुहसंभवानि**
**मुक्त्वा फलानि निजरूपविलक्षणानि।**
**भुंक्तेऽधुना सहजचिन्मयमात्मतत्त्वं**
**प्राप्नोति मुक्तिमचिरादिति संशयः कः ॥५७॥**

કહે છે... **શ્લોકાર્થ : (અશુભ તેમ જ શુભ) સર્વ કર્મરૂપી વિષવૃક્ષોથી ઉત્પન્ન થતાં...** જે કંઈ આઠ કર્મ છે એ વિષવૃક્ષ છે–ઝેરના ઝાડ છે. ભગવાન આત્મા અમૃત–અતીન્દ્રિય અમૃતનું ઝાડ છે. કહે છે કે **સર્વ કર્મરૂપી વિષવૃક્ષો**–ઝેરના વૃક્ષોથી **ઉત્પન્ન થતાં...** સુખ-દુઃખની કલ્પના, દેવનું સુખ ને પૈસાવાળાનું સુખ ને વિષયનું સુખ ને આબરૂનું સુખ—એવી જે કલ્પના એ તો કર્મરૂપી ઝેરના ફળ છે, ઝેરના ફળ છે. આહાહા! એ શેઠ! ક્યા પૈસા-બૈસા હૈ ન તુમ્હારા? કહે છે કે એ કર્મરૂપી ઝેરના ફળ છે.

શ્રોતા : પૈસા કાંઈ નદીમાં નાખે દે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નાખી ક્યાં દે. ક્યાં લીધા છે કે રાખ્યા છે કે નાખી દે? એની પાસે હતા કે દિ' તે નાખી દે? એ જડના હતા. પૈસા તો જડના જડ થઈને રહ્યા છે. એ આત્માના થઈને રહ્યા છે કે આત્મા એને રાખે ને નાખે? મજા હોય તો રાખે એમ? પૈસા તો જડની અવસ્થા છે, જડરૂપ છે. એને આત્મા રાખે શું, ટાળે શું, રક્ષણ કરે શું, ઉપજાવે શું? મિથ્યાભ્રમ છે અજ્ઞાનીનો. એ શેઠ! આવી વાત છે. ઝીણી છે. ઝીણીકા મૂળ ક્યા હૈ સમજે ન વહ. હજી તો એવી વાત લેશે બહુ ટૂંકી.

કે કર્મ ઝેરરૂપી ઝાડના ફળમાં જે કલ્પના થાય છે... છેને, **વિષવૃક્ષોથી ઉત્પન્ન થતાં, નિજરૂપથી વિલક્ષણ એવાં ફળોને,** એમ. ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે, એનું ફળ પણ પર્યાયમાં અતીન્દ્રિય આનંદસ્વરૂપનો ભોગવટો ધર્મીને હોય છે. જેણે આત્મા માન્યો એને આનંદનો અનુભવ હોય છે એમ કહે છે. સમજાણું કાંઈ? જેણે આત્મા માન્યો એટલે આત્મા આનંદનું સ્વરૂપ એકલું છે, અતીન્દ્રિય આનંદનો નાથ છે એવો જેણે માન્યો એ અતીન્દ્રિય આનંદના ફળનો ભોગ કરનાર–ભોગવનાર છે. આહાહા! આ ઝેરના ફળને ભોગવનાર એ ધર્મી નથી, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? કહો, કાંતિભાઈ! શું કરવું? આ

બધા લાખો રૂપિયા ને કરોડો રૂપિયા.. એ મલૂકચંદભાઈ! શું કહે છે આ? એની પાસે એની પ્રમાણમાં છેને. એણે ભાગ રાખ્યો છે ફલાણા દીકરાનો. કહો, સમજાણું કાંઈ?

એક જણો બાપ કહેતો હતો કે મારા છોકરાએ.... રળી દીધું મેં. હવે મારો ભાગેય નહીં ને મારા નામનું પૂછે પણ નહીં. .... પણ મેં રળીને દીધું, મારે હવે કાંઈ નહીં? (શ્રોતા : પણ દીધું શું કરવા?) પોતાના ભાવને માટે પાપ કરે...બીજું શુ? . મહારાજ! હું અહીં હતો ત્યાં પાછળ મારું નામેય કાઢી નાખ્યું. ધંધામાંથી, વેપારમાંથી, બધેથી મારું નામ કાઢી નાખ્યું છે. એય મલૂકચંદભાઈ! આ તો દાખલો હતો. કાંઈ નામ અપાય કોઈના? સમજાણું? એમ બધું એમ જ છે. સહુ સહુના પોતાના પરિણામ સ્વતંત્ર કરે છે. એ કાંઈ પરને માટે કરે છે એમ છે નહીં. અહીં તો એક જ વાત કે અનુભવમાં જેને ઝેરવૃક્ષના ફળ છે એને સંસાર છે ને એ દુઃખી છે. એના ફળમાં ચાર ગતિમાં રખડશે એમ કહે છે. સમજાણું કાંઈ?

જેને પૂર્વના પુણ્યને કારણે પાંચ-પચ્ચીસ કરોડ મળ્યા હોય અને એમાં કલ્પના કરતો હોય કે મને સુખ છે, એ મૂઢ જીવ વર્તમાન પણ દુઃખી છે અને ચોરાશીના દુઃખમાં દોડ્યો જાય છે. જાદવજીભાઈ! ભારે! પૈસામાં પાગલ થઈ ગઈ દુનિયા. દુનિયા પાગલ જ છે. પૈસા જરી થોડાક આવે ત્યાં હું છું પૈસાવાળો. મૂઢ છો. જડવાળો તું છો? એ તો જડ છે. કહો, ગુલાબચંદભાઈ! શું કરવું આ બધું? એને તો એક છોકરો રળે છે. અહીં આવે, ખાઈ-પીને રહે છે. ભારે ભાઈ! આવી ચીજ ત્રિલોકનાથ વીતરાગ પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાનમાં જોઈને, જાણીને કહે છે. કે આ જગતમાં જે જીવો કર્મરૂપી ઝેરના ફળને ભોગવે છે હરખ-શોકને, એ દુઃખી છે. એણે આત્માને છોડી દીધો છે, એણે આત્માનો અનાદર કર્યો છે. એય મૂલચંદભાઈ! આહાહા! એ વર્તમાન દુઃખી છે અને એ દુઃખની ગતિમાં જાશે. ચાર ગતિમાં રખડશે એ એનું ફળ છે.

અને ધર્મીનું ફળ. જે ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ એનું સ્વરૂપ–નિજલક્ષણ, એ નિજસ્વરૂપ છે. એને માનનાર, એને જાણનાર, એનો સ્વીકાર કરનાર, એને તો અતીન્દ્રિય આનંદના અનુભવનો ભોગવટો હોય. ભલે ચક્રવર્તીના રાજમાં એ દેખાય, પણ ધર્મીને અતીન્દ્રિય આનંદ નિજસ્વરૂપના આનંદનો અનુભવ હોય. સમજાણું કાંઈ? આહાહા! **નિજરૂપથી વિલક્ષણ એવા ફળોને છોડીને...** જોયું! ચાહે તો દેવપદ મળો, સર્વાર્થસિદ્ધિનું પદ હો, ચક્રવર્તી, તીર્થંકરનું પદ હો, પણ એના જે ભાવ એ ઝેરના ફળ છે. શુભ-અશુભભાવ, હર્ષ-શોકભાવ એને ધર્મી છોડી દે છે. એ તો ઝેરના સાપોલિયા છે. સાપોલિયા સમજતે હો? સાપકા છોટા બચ્ચા હોતા હૈ ન. ઇતના કણા.. કણા હોતા હૈ ન છોટા. કડક હોય બહુ કડક, આમ કુદે. એમ પુણ્ય ને પાપના ફળ સર્પના ઝેર છે. આહાહા! એ વસંતીલાલજી! તમારે જેવાને પૈસાવાળાને એકલા કોઈ ન મળે તો પછી સુખી કહે લ્યો. ....... ઘણા રાખે, ધૂળેય રાખે.

ઇસમેં હૈ દેખો! **(અશુભ તેમ જ શુભ) સર્વ કર્મરૂપી વિષવૃક્ષ**... એમ કીધુંને. આહાહા! શાતાવેદનીયના ફળમાં એવી સામગ્રી—અનુકૂળ શરીર, અનુકૂળ ગામ, ગામનો ધણી રાજા હોય ઘણા ગામોનો. એ સગવડતા.. સગવડતા.. સગવડતા. આહાહા! કહે છે કે એના ફળને જે ભોગવે છે એ દુઃખી પ્રાણી પાપના ફળને–દુઃખને ભોગવે છે. એને આત્માની ખબર નથી. હું એક અમૃતનો સાગર–દરિયો છું. મારામાં અતીન્દ્રિય અમૃત ભર્યું છે એવી અજ્ઞાનીને ખબર નથી. આહાહા! એવી વાત છે ઝીણી ભાઈ! સમજાણું કાંઈ? એવા ફળ નિજરૂપથી તે વિલક્ષણ છે એમ કહે છે. હર્ષ-શોકના ભાવ એ તો ઝેરના ફળ છે. નિજસ્વરૂપ જે આત્મા આનંદમૂર્તિ પ્રભુ એનાથી તો વિપરીત લક્ષણવાળા એ સુખ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! કરોડોપતિ ને અબજોપતિ અત્યારે હવે થઈ ગયા. પહેલાં તો લાખોપતિ તો બહુ કહેવાતું. અરે! દસ હજાર. બાપના બાપ પાસે દસ હજાર (હતા), મોટા આબરૂદાર (કહેવાતા) મોટા આબરૂદાર. ગીગા કુરા. લાખોપતિ તો તે દિ' હતા ક્યાં? કોઈક હશે.

અમારા બાપના બાપ હતા (એની) દસ હજાર મૂડી. દસ હજાર. આબરૂ એવી મોટી. ગીગા કુરા નામ. આમ પુરૂષોત્તમ કુંવરજી નામ હતું. આહાહા! જુઓને! ૮૧માં .... મુસલમાન બાઈ નીકળી, વૃદ્ધ હતી. તે દિ' જોયેલું મારા બાપના બાપને. અરે! ગીગા કુરાના પગમાં પગરખા.... એ કોણ હતા! એ તો મોટા રાજા હતા. આવી મોટી..... રૂપાળા અને ધંધો કાંઈ કરે નહીં. શેઠિયા માણસ. ધોલેરામાં માણસ મોકલે. રૂની ગાંસડી. રૂની ગાંસડી આવેને, માણસ મોકલે. તે દિ' ચાલીને જાતાને. પચાસ-પચાસ ગાઉ સુધી ચાલતા. બે રૂપિયા આપે એને. બે રૂપિયા આપે તો ઓહોહો.. લેવા મોકલે. જાઓ, ગાંસડી લઈ આવો પચ્ચીસ. એ આવે થાકીને, ઊંચા પગ કરીને બેસે. એ બે મહિનામાં બે હજાર પેદા કરતા. પણ એવા સંતોષી હતા બહારથી. પણ આ ધર્મની વાતું હતી નહીં કાંઈ. આહાહા! કાંઈ વાતેય નહીં ધર્મની. આ સામાયિક કરો ને આ પોષા કરો ને.. વીરચંદભાઈ! કાનજીભાઈ વખતે ક્યાં હતું આ? પોષા કરતાં. પોષા કરે, સામાયિક કરે. બહુ નરમ માણસ. અને સંપ્રદાય તરીકેની લાઈનમાં બહુ... કાયમ પૂનમ ને અમાસના પોષા... પણ આ વાત જ નહોતી ક્યાંય. આહાહા! પૈસા હતા ... શેઠ પાસે, પણ આ વાત નહોતી.

એમાં તો ભગવાન આચાર્યે કહી એ જ વાત છે. કહતે હૈં... આહાહા! એ ઝવેરચંદભાઈ! આ બધા તમને સુખી કહેને. એ છ ભાઈઓમાં મોટા હતા. ..ભાઈ ને .... ત્રણ તો મરી ગયા ને ત્રણ રહ્યા હવે. પહેલાં છ ભાઈઓ, એમાં ઝવેરચંદભાઈ... ધર્મમાં પણ આવો આવો એમ કરીને આદર આપે, ભલે હોય ઝેર ત્યાં. આહાહા! કહે છે કે પ્રભુ! તારો આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર છે, એમાંથી ફણગાં ફૂટે તો અતીન્દ્રય આનંદના ફણગાં ફૂટે. અને આ ઝેરના ફળમાંથી તો દુઃખના ફણગાં ફૂટે. એ સુખ કે દુઃખ માનેલું–કલ્પના એ બધું દુઃખ છે. આહાહા!

શ્રોતા : દુઃખ ખરેખર છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : ખરેખર શું? ઝેર છે એકલું. આહાહા!,

શ્રોતા : દુઃખ ન હોય ને દુઃખની કલ્પના કરે એમ તો કહે...

પૂજ્ય ગુરુદેવશ્રી : કલ્પના નથી, એ ઝેર છે એને (સુખ) માને છે. માને છે, પણ એ તો ઝેર છે, હળાહળ ઝેર છે. આહાહા! વિષયના સુખ, પૈસાના સુખ, બાયડીના સુખ, કુટુંબના સુખ—હળાહળ ઝેર છે. ભાન ન મળે એને. આહાહા! કહો, સમજાણું કે નહીં મલૂકચંદભાઈ? પૈસાનો રસ ચાખ્યો નથી એના બાપે, એમ કહેતા હતા. એણે પૈસાનો રસ રાખ્યો છે. ધૂળનો હશે? ઝેરનો હશે. આહાહા! આવ્યુંને? નિજરૂપથી વિલક્ષણ... આહાહા!

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર છે. એની ખબર નથી કે હું કોણ છું, ક્યાં છું, કેમ છું. બેભાન તરીકે, જેમ પાગલ ફરે એમ પાગલ ફરે છે અનાદિથી. આહાહા! કહે છે કે જેને આત્મા સ્વરૂપે શું છે એનું ભાન થયું, એ ધર્મી જીવ તો આત્માનો જ માનનારો છે. એ આ ઝળાહળ ઝેરના ફળ(રૂપી) પરિણામ તો છોડી દે છે, એ આદરતો નથી. આહાહા! સમજાણું કાંઈ? **જે જીવ હમણાં સહજચૈતન્યમય આત્મતત્ત્વને ભોગવે છે...** લ્યો. હમણાં (એટલે) **અધુના** છેને? **અધુના**-અત્યારે વર્તમાન. આહાહા! ભગવાન આત્મા સુખ-દુઃખની કલ્પના ને પુણ્ય-પાપના કલ્પનાથી પાર પ્રભુ છે. એવો આત્મા જેને માનવામાં અને અનુભવવામાં, સ્વીકારમાં આવ્યો, એ જેમ છે એમ સ્વીકારવામાં આવ્યો એમ કહે છે. પુણ્ય-પાપ અને હર્ષ-શોકના ભાવરૂપે નથી આત્મા. સમજાણું કાંઈ? આહાહા! કહો, અજિતભાઈ! શું હશે? તમને બધા પૈસાવાળાને (કહે છે કે) બહુ સુખી છે. હવે છોકરાનું, છોડીયું ન હોય, ઉપાધિ નથી એટલે સુખી છે એમ કહે છે. આ દુનિયા કહે છે એમ.

આપ્ત તો આત્મા–અપ્પા. એમાંથી તો અતીન્દ્રિય આનંદ આવે. આહાહા! એને સ્વીકારે, એને માને અને પુણ્ય-પાપના ફળનું આરૂઢપણું છોડી દઈને આત્મામાં જે આરૂઢ થાય... સુરેન્દ્રજી! ભારે વાત આ! હમણાં... સહજ ચૈતન્યમય અકૃત્રિમ સ્વભાવમય પ્રભુ આત્મા.. છેને? સહજ ચૈતન્યમય આત્મતત્ત્વ, સ્વભાવિક ચૈતન્યમય, આનંદમય આદિનું આખું તત્ત્વ એને ભોગવે છે–ધર્મી તો એને ભોગવે છે. આહાહા! ભારે વાત ભાઈ! અધર્મી હર્ષ-શોક ઝેરને ભોગવે છે. બસ આટલી વાત છે. સમજાણું કાંઈ? એવા જીવ... જુઓ! ખૂબી કેવી કરી છે! **તે જીવ અલ્પ કાળમાં...** આ માર્ગ ને આ માર્ગનું ફળ બે સાથેને સાથે નાખે છે અંદર. 'મગ્ગ' કહ્યું હતુંને પહેલે. અલ્પકાળમાં મુક્તિને પામે છે. એટલે કે જે આત્માનો આનંદનો અનુભવ કરે છે એ મોક્ષમાર્ગમાં છે અને એની મુક્તિ મળે છે. આહાહા! સમજાણું કાંઈ?

આમ બહારમાં સાહ્યબી—મોટા બંગલા ને હજીરા ને બાગબગીચા ને ફર્નિચર બે-પાંચ કરોડનું નાખ્યું હોય, અબજોપતિને બે-પાંચ કરોડનું ફર્નિચર હોય લ્યો. ઓહોહો.. મોટો સુખી

છે. દુઃખના ઝેરમાં પડ્યો છે. માવાણી! આ તો બધું ઊંધું પડે છે જગતથી. આહાહા! એક જણાએ કહ્યું હતું, આ તમારા અબજોપતિ કહેવાય છેને.. બે અબજ તો કોને કહેવાય? ઘણું કહેવાય. પણ પૈસા છે ખરા. કારણકે છોકરાના લગન કરવા આવ્યા અમારા ઘરે, તો દોઢ કરોડનો તો દાગીનો લાવ્યા હતા. આ હમણાની વાત છે. સમજાણું કાંઈ? લગ્ન કરવા આવ્યાને છોકરાના, એ છોકરી માટે–વહુ માટે દોઢ કરોડ રૂપિયાનો દાગીનો. દોઢ કરોડનો દાગીનો જે લાવે એને પ્રમાણમાં પૈસા હશે કે નહીં કાંઈક? બે-ચાર કરોડમાં દોઢ કરોડ ન લાવે. મૂલચંદભાઈ!

આ હમણાં બનેલું છે આ તો. આની પાસે બે અબજ કહેવાય છેને. બે અબજ અમારે ઘણા.... બે અબજ ઘણું કહેવાય. વાત એટલી છે. અમારે ત્યાં લગન કરવા આવ્યા ત્યાં દોઢ કરોડનો દાગીનો લાવ્યા હતા. એટલે પૈસા તો હશે ઘણા, એમ લાગે છે. એ બધા એ વખતે તો આમ લાગે બધા આહાહા.. વળી છોડીયું એને આહાહા... દોઢ કરોડનો દાગીનો. સોના મડદા ઉપર નાખ્યા. અને બાપ જાણે કે આહા.. કન્યા સારે ઠેકાણે નાખી. વર જાણે કે આહાહા.. દોઢ કરોડ આપીને આપણે તો નામ કાઢ્યું. એનો બાપ જાણે કે આવું તો કોઈ લગનમાં દોઢ કરોડનો દાગીનો લઈને ગયા નહીં હોય. કુટુંબને કોણ આપે એને? આહા! સમજવા જેવું છે આહાહા! ભગવાન દાગીનો તો અંદર ચૈતન્ય હીરો છે. એ અનંત આનંદનો નાથ, ચૈતન્યહીરાનો જે અનુભવ કરે એ સુખી છે. સુખને પંથે જતા એ મુક્તિને પામશે. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! આહાહા! ભારે આવા માર્ગ.

જુઓ! **તે જીવ અલ્પ કાળમાં મુક્તિને પામે છે.** અલ્પ કાળમાં સિદ્ધ થશે. જેને આત્માનો અનુભવ જાગ્યો, એ હર્ષ-શોકના અનુભવને છોડી દઈને આત્માની અનુભૂતિ કરે છે. આહાહા! જુઓ! આ સ્વાતંત્રદિન. ૨૬મી છેને. આ ધૂળેય સ્વતંત્ર નથી, હેરાનનો પાર ન મળે. ૨૬મી તારીખ છેને સ્વાતંત્ર દિન. આ સ્વતંત્રદિન છે. અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ પોતે પૂર્ણાનંદથી બિરાજમાન છે, એનો જેણે અંતર્મુખ થઈને સ્વીકાર કર્યો, એને પુણ્ય-પાપના ફળનો અસ્વીકાર છે. છ ખંડના રાજના ભરતચક્રવર્તી જેને ઘરે ૯૬૦૦૦ પદ્મણી જેવી રાણીયું. સમજાણું કાંઈ? એક (મુખ્ય) રાણીની એક હજાર દેવ સેવા કરે. એક રાણી મોટી જેની હજાર દેવ સેવા કરે. એના ભોગના વાસનામાં ધર્મીને ઝેર દેખાય છે, કાળો નાગ. આહાહા! આનંદની ખાણ આગળ એને ઝેર દેખીને છોડી દેશે. સમજાણું કાંઈ?

અમૃતનો સાગર અંદરમાં ડોલી રહ્યો છે, ભરથી ભરેલો છે. એવો જેને આત્માનો સ્વીકાર, સમ્યક્ અનુભવ, સમ્યક્ શ્રદ્ધા થયું, એ આત્માના આનંદને વેદે છે. પુણ્ય-પાપના ફળને વેદતો નથી. અહીં તો અધ્યાત્મ છેને. એક જ પ્રકારના ભોગવવાનો આ અધિકાર છે. ભોગવવાનું છોડો એમ પણ નહીં, એમ. એ જીવ અલ્પ કાળમાં **મુક્તિને પામે છે—એમાં શો**

**સંશય છે?** આહાહા! આ જીવ અલ્પ કાળમાં સિદ્ધપદને પામે (એમાં) સંશય શો? આહાહા! સમજાણું કાંઈ? અહીં બધા રાતાં-પીળાં થતા હોય અને ૫-૨૫ લાખ, કરોડ-બે કરોડ દેખાતા હોય. એ સંધ્યાના રંગ છે. ધબો નમઃ થઈ જવાના. એ રંગ ગયા ભેગું અંધારું. સમજાણું કાંઈ? ચૈતન્યના તેજ જ્યાં જાગ્યા, ત્યાં આવા અંધારાના ફળને ભોગવે કોણ? એમ કહે છે. આહાહા! હર્ષ-શોકનો ભાવ પણ અચેતન, દુઃખરૂપ છે. એ ચૈતન્યની જાતનો નહીં હોં. સમજાણું કાંઈ?

એવું એક સમયમાં ધારી રાખ્યું. જેણે આત્માનો અનુભવ, અતીન્દ્રિય આનંદની જાગૃતિ થઈ, રાગની એકતાથી જે આનંદનો ખજાનો બંધ હતો એ રાગની એકતા છોડીને ખજાનો ખોલ્યો.. આહાહા! એવો સમકિતી જીવ તે આનંદની અનુભૂતિથી મુક્તિને પામશે, લ્યો. એમ કહીને એમેય કહ્યું કે વચમાં વ્યવહારરત્નત્રયનો રાગ વિકલ્પ આવે, એનાથી મુક્તિ નહીં પામે. સમજાણું કાંઈ? એનાથી મોક્ષ નહીં જાય. એ તો આત્માના આનંદના અનુભવથી મોક્ષ જશે. સુજાનમલજી! આહાહા! આ .. ચાર-પાંચ ભાઈયુંને ..... ઘણો છે. આહાહા! અરે ભાઈ! જેણે ભગવાનના ભેટા કર્યા નથી એ બધા રાંકા રાગમાં રોળાઈ ગયા છે. સમજાય છે કાંઈ? અને જેણે આત્મા ભગવાન સ્વરૂપ એનું જેણે ભાન કર્યું, એ તો આત્માના આનંદમાં મસ્તી માણતા હોય છે. એને બીજી કોઈ ચીજ હોતી નથી. આહાહા! એ અલ્પ કાળમાં મુક્તિ પામે એમાં સંશય શો તને? કહે છે. સમજાણું કાંઈ? જુઓ! આ મોક્ષનો માર્ગ ને મોક્ષ બેય વાત કરી. આહાહ! મોક્ષનો માર્ગ, ભગવાન આનંદમૂર્તિનો અનુભવ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર નિર્વિકલ્પ તે આત્માનો મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? વ્યવહાર રત્નત્રય વચ્ચે આવે, એ તો બંધનો માર્ગ છે, મોક્ષનો માર્ગ નહીં. એક ગાથાનો કળશ પૂરો થયો. હવે (ગાથા) ૪૧.

**णो खइयभावठाणा णो खयउवसमसहावठाणा वा।**
**ओदइयभावठाणा णो उवसमणे सहावठाणा वा॥४१॥**
**સ્થાનો ન ક્ષાયિકભાવનાં, ક્ષાયોપશમિક તણાં નહીં;**
**સ્થાનો ન ઉપશમભાવનાં કે ઉદયભાવ તણાં નહીં. ૪૧.**

ટીકા છેને. **ટીકા : ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા પંચમભાવના સ્વરૂપનું આ કથન છે.** ભગવાન આત્મા ત્રિકાળી સ્વરૂપ પંચમભાવસ્વરૂપ છે. પરમપારિણામિક સ્વભાવરૂપ આત્મા છે. આ ચાર ભાવ દ્વારા એનું સ્વરૂપ વર્ણવે છે. એ ચાર ભાવ એમાં નથી. આહાહા! કહો, સમજાણું કાંઈ? આમાં ક્ષાયિકભાવને પણ વિભાવસ્વભાવ કહ્યો છે. શું ક્ષાયિકભાવ? કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ જે ભાવ–પર્યાય એ ક્ષાયિકભાવે છે. એને અહીંયા વિભાવમાં નાખ્યો છે. પહેલા આવ્યું હતું કે કેવળજ્ઞાનને સ્વભાવમાં નાખ્યો છે ઉપયોગમાં. અને ચાર જ્ઞાનને વિભાવમાં નાખ્યા છે. ૧૦-૧૧-૧૨ (ગાથા), નહીં? કેવળજ્ઞાન, કેવળદર્શન એ સ્વભાવ-

જ્ઞાન છે, પણ વર્તમાનમાં એને કર્મની અપેક્ષાનું નિમિત્ત છે હજી એવું સ્વભાવજ્ઞાન. ને ચાર જ્ઞાન છે એ વિભાવજ્ઞાન, એમ કહ્યું.

કેવળજ્ઞાનાદિ ગુણોને સદ્ભૂત કહ્યા હતા. મતિજ્ઞાનને વિભાવગુણ કહ્યા હતા. વળી કેવળજ્ઞાનને નિરપેક્ષ સ્વભાવ કહ્યો હતો પહેલાં. અહીં કેવળજ્ઞાનની પર્યાયને સાપેક્ષ કહેશે. શું કહ્યું એ? ચૌદમી ગાથામાં, કેવળજ્ઞાન ને કેવળદર્શન તે નિરપેક્ષ છે એમ કીધું. આહાહા! એકલો પરમાનંદનો નાથ પૂર્ણ પ્રકાશમાન ઝળહળ જ્યોતિએ પ્રગટ્યો છે. કહે છે, એને કોઈની અપેક્ષા નથી. એનું કેવળજ્ઞાન કે મુક્તિ એને પરની અપેક્ષા નથી, એમ કહ્યું. અહીં કહે છે કે કેવળજ્ઞાન આદિ પર્યાયને વિભાવભાવ કહીએ છીએ. કેમ કે એ વિશેષ દશાઓ છે. સામાન્યભાવ ત્રિકાળી નથી એ અપેક્ષાએ એને વિશેષમાં નાખીને વિશેષ–વિ-ભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા! ઝીણી વાત છે થોડી. આહાહા! નિયમસાર છેને!

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ, મનઃપર્યયને વિભાવજ્ઞાન કહ્યું હતું, વિભાવગુણપર્યાય કીધું, વિભાવ ગુણ કહ્યા હતા ત્યાં. અહીં તો કેવળજ્ઞાનને વિભાવપર્યાય કીધી છે. ત્યાં, ચાર જ્ઞાનનો અભાવ થઈને એકલું કેવળજ્ઞાન થાય એટલે એ પર્યાયની અપેક્ષાએ એને સ્વભાવજ્ઞાન કહ્યું. અહીં ત્રિકાળીભાવની અપેક્ષાએ કેવળજ્ઞાનનો પર્યાય વિશેષભાવ છે. વિભાવ–વિશેષભાવ છે તેથી એને એમાં નાખ્યું. આ વિભાવ..... એમાં કાંઈ ઉપર-ઉપર ચાલે એવું નથી. આહાહા! એક કોર કહે, કેવલલબ્ધિ, ઓહો! ક્ષાયિકભાવ. એ ક્ષાયિકભાવ છે એ નિરપેક્ષ છે એમ કહ્યું. એકકોર કહ્યું કે કેવળજ્ઞાન સ્વભાવભાવ છે. એ સ્વભાવભાવની નિરપેક્ષ પર્યાય છે એને સ્વભાવભાવ (કહ્યું). અહીં કહે છે, કેવળજ્ઞાન તે વિભાવસ્વભાવ છે. એવા ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ, વિશેષભાવની અપેક્ષાએ કહ્યું. આ ચાર જ્ઞાનની અપેક્ષાએ એને–કેવળજ્ઞાનની પર્યાયને સ્વભાવ કહ્યું અને ચાર જ્ઞાનની અપેક્ષાએ, પરની નિમિત્તની અપેક્ષા કેવળજ્ઞાનને નથી એટલે કેવળજ્ઞાનની પર્યાય નિરપેક્ષ પર્યાય કીધી. સમજાણું કાંઈ?

શ્રોતા : આટલું બધું પર્યાયનું જ્ઞાન શું કરવા કરે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : એય ભાઈ! આને તો છે ને.

શ્રોતા : એમાં તો આત્મા ઉપરથી લક્ષ છૂટી જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : કોણે કહ્યું છૂટી જાય છે? પર્યાયનું જ્ઞાન થતાં–જ્ઞાન કરતાં છૂટી જાય છે? એ તો એનો સ્વભાવ છે. પર્યાયનો આશ્રય કરે તો છૂટી જાય છે. સમજાણું કાંઈ? પર્યાયનું આવ્યું છે, નહીં? કાલ બધું જૈનશાસનમાં. પર્યાય.. પર્યાય. ..... દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય એ આત્મા છે એમ કીધું ત્યાં. એની સેવા એ જ આત્માની સેવા છે એમ કીધું છે. રાગની સેવા એ અણાત્માની સેવા છે એમ કહેવું છે ત્યાં. આહાહા! સમજાણું કાંઈ?

એક કેવળજ્ઞાનને ત્રણ અપેક્ષાથી વાત કરી છે. અને બીજી અપેક્ષાએ વળી કેવળજ્ઞાનને પારિણામિકભાવ પણ કહ્યો છે. કર્મની અપેક્ષાએ એને પારિણામિકભાવ કહ્યો, લ્યો. બીજી અપેક્ષાએ પાછું પંચાસ્તિકાયમાં, ચાર ભાવ કર્મની અપેક્ષાવાળા છે માટે હેય છે. કર્મકૃત છે એમ કીધું છે જુઓ! ઠીક. સુજાનમલજી! આહાહા! એવી વાત છે. આ તો સર્વજ્ઞનો પંથ અનેકાંતની અપેક્ષાએ કેવું સ્વરૂપ છે એમ જણાવે છે. એને એમાં લાગુ પડે ને હોય તે રીતે હોં. લાગુ ન પડે એ રીતે અનેકાંત સિદ્ધ કરવો છે? ચાર વિભાવસ્વભાવના... ચાર વિભાવસ્વભાવ એટલે? ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક—ચાર વિભાવસ્વભાવ કહ્યા છે અને એને આવરણવાળા કહેશે નીચે ઓલીકોર.

**ચાર ભાવ આવરણ સંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી** એમ કહેશે. કઈ અપેક્ષા છે એ જાણવું જોઈએને. અહીં મુક્તિનું કારણ ત્રિકાળી દ્રવ્યસ્વભાવ સિદ્ધ કરવો છે. પરમપારિણામિક ત્રિકાળીભાવ તે મુક્તિનું કારણ છે એમ બતાવવું છે એટલે આ પર્યાય છે એનો આશ્રય કરવા જાય તો મુક્તિનું કારણ ઉત્પન્ન થતું નથી. તેથી એને આવરણવાળા કહ્યા. ચાર ભાવને આવરણવાળા કહ્યા, સાપેક્ષ કહ્યા, વિશેષભાવ કહ્યા. આહાહા! એ ત્રિકાળીની અપેક્ષાએ. સમજાણું કાંઈ? એ પ્રભુની લીલા છે, આત્માની લીલા છે. ઓલા ઇશ્વરલીલા કહે એ લીલા નથી, આ તો આત્માની લીલાની વાત છે. **ચાર વિભાવસ્વભાવના સ્વરૂપ કથન દ્વારા...** તમારો (છોકરો) હોત તો ખુશી થાત બહુ. એમ કહે હોં આહાહા... ગમે એવી ઝીણી વાત આવે આહા.. એમ કહે માળો. આત્મા છેને ભાઈ! અવ્યક્તપણે પણ પ્રેમ થાય છેને.

અહીં કહે છે કે **ચાર વિભાવસ્વભાવ...** એટલે કોઈ વિઘ્ન ન આવે એટલે એની સ્પષ્ટતા થાય છે. કેવળજ્ઞાનને અહીંયા વિભાવસ્વભાવ કહ્યો. એ વળી કેમ? કે સામાન્ય ત્રિકાળની અપેક્ષા વિશેષભાવ છે માટે વિભાવસ્વભાવ કહ્યો. પહેલા એને સ્વભાવભાવ કહ્યો હતો. એ કેમ? કે ચાર જ્ઞાન છે એને વિભાવ કહ્યો, ત્યારે આને સ્વભાવ કહ્યો. ત્યાં કેવળજ્ઞાનને નિરપેક્ષ પર્યાય કીધી સ્વભાવની. કેમકે વર્તમાનમાં કોઈ નિમિત્તની અપેક્ષા છે નહીં. નિમિત્તનો અભાવ થઈ ગયો, હવે અત્યારે ક્યાં છે? એ અપેક્ષાએ એને નિરપેક્ષ પર્યાય કીધી હતી, (ત્રણ)ને સાપેક્ષ પર્યાય કીધી હતી. વિભાવને તો સ્વ-પર... કહ્યું હતુંને પંચાસ્તિકાયમાં. ઉપાદાન પોતાનું છે ને નિમિત્ત કર્મનું છે એટલે સ્વ-પર (નિમિત્ત) છે એને વિભાવપર્યાય છે એમ કહ્યું. છે સમજાણું કાંઈ? અનેક પ્રકાર છે ઘણા. કહો, પંડિતજી! એક વાતમાં કેટલા પડખા પડે છે લ્યો.

એ ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા બતાવવું છે પંચમભાવનું સ્વરૂપ, એમ પંચમભાવનું સ્વરૂપ. પંચમભાવનું સ્વરૂપ બતાવવું છે. ભગવાન આત્મા અનાદિ-અનંત અણ-ઉત્પન્ન, અવિનાશી, ત્રિકાળ, ધ્રુવસ્વરૂપ એ પરમપારિણામિકભાવ છે. બતાવવો છે એને, પણ આ કહીને કે આ એમાં નથી. આ એમાં નથી કહીને એ બતાવવો છે. સમજાણું કાંઈ? આવી

સમજણ કરીને કરવું છે શું? એકલી સમજણ કરવું જ આવે છે આમાં. આ તો હજી બાહ્યલક્ષી (વાત છે). આ તો બાહ્યલક્ષીના ઠેકાણા નથી. ..... એ તો બહિર્લક્ષીજ્ઞાન છે. એ વાત આવી હતી. સવારમાં ઉઠીને જ આવી હતી પહેલી. હજી બાહ્યલક્ષીના ઠેકાણા નથી જેને. એલા! પણ હજી આ વસ્તુ શું છે એના બાહ્યલક્ષીના ઠેકાણા નથી એ અંતરમાં જાય શી રીતે? આહા! ધ્રુવ ક્યાંથી આવશે? ખોટા આવા હોય તો ધ્રુવનો આશ્રય ક્યાંથી આવતો હતો એને? સમજણ જ્યાં ખોટી છે ને દ્રવ્યનો આશ્રય આવે ક્યાંથી? સમજાણું કાંઈ? આહાહા!

**કર્મોના ક્ષયે જે ભાવ હોય તે ક્ષાયિકભાવ છે.** જુઓ! હમણાં ઓલા કહેતા હતાને, કર્મોના ક્ષયે જે ભાવ હોય એ ક્ષાયિકભાવ. ખરેખર તો આત્મા ક્ષાયિકસ્વભાવરૂપ (પરિણમન) કરે તો કર્મનો ક્ષય થઈ જાય. આમ તો કર્મનો ક્ષય થાય તો કેવળજ્ઞાન થાય. અહીં તો અપેક્ષા જેમાં... નીચે કર્યો છે જુઓ! **કર્મોના ક્ષયે = કર્મોના ક્ષયમાં**—કર્મોના ક્ષયની હયાતીમાં **(વ્યવહારે કર્મોના ક્ષયની અપેક્ષા જીવના જે ભાવમાં આવે તે** ભાવને **ક્ષાયિકભાવ** કહેવામાં આવે **છે.)** આહાહા! નિમિત્તનો અભાવ થયોને એટલી અપેક્ષાથી એને ક્ષાયિકભાવ કહ્યો. ક્ષાયિક, એમ. ક્ષાયિકના બીજા ... ઉઠે ત્યાંથી, એમ કહે છે. ક્ષાયિક–કર્મનો ક્ષય કર્યો અને થયો ક્ષાયિકમાં. લ્યો, ઓલા કહે ક્ષાયિક (એટલે) ક્ષય કર્યો, ઓ કહે ક્ષય થયો. અહીં તો કહે છે... કરે કોણ? કર્મને કોણ ક્ષય કરે? એ તો એની પર્યાય સ્વતંત્ર છે. પણ અહીંયા પોતાની દશા પ્રાપ્ત થવામાં એ કર્મના અભાવનું નિમિત્તપણું હતું, એથી એને સાપેક્ષભાવ કહેવામાં આવે છે. આહાહા! ભારે વાતું ભાઈ!

ઓલા તો એકેન્દિયા, બેઇન્દિયા, ત્રિઇન્દિયા, ચોઇન્દિયા, પંચેન્દિયા, જાઓ તસ્સ મિચ્છામિ દુક્કડમ્. કાંઈ હતું એમાં? તસ્સ ઉત્તરી કરણેણં તાવ કાય ઠાણેણં મોણેણં.. અપ્પાણં વોસરામિ. આઠ-આઠ વર્ષની છોડીયું પાંચ-પાંચ સામાયિક કરે–પંચરંગી કરે. ... ધર્મ થઈ જાય. ઓલાને આપ્યાના અનુમોદનમાં ધર્મ થઈ જાય. ધૂળે ન થાય. ધર્મ ક્યાં? બાપા! ધર્મ તો જુદી ચીજ છે. આહાહા! કહે છે કે જે ભાવમાં કર્મના અભાવની અપેક્ષા આવે છે તેને કેવળજ્ઞાનાદિને ક્ષાયિક (કહે છે). નવ બોલ આવશે આગળ. એમ જેમાં **કર્મોના ક્ષયોપશમે...** કર્મના ક્ષયોપશમની અપેક્ષા આવે છે તેને **ક્ષાયોપશમિકભાવ** કહે છે. **કર્મોના ઉદયે જે ભાવ હોય...** જે ભાવમાં કર્મના ઉદયની સાપેક્ષતા હોય એને **ઔદયિકભાવ** કહે **છે.** પુણ્ય-પાપ, દયા, દાન, વિકાર એ બધો ઔદયિકભાવ છે. કેવળજ્ઞાનાદિ ક્ષાયિકભાવ છે, મતિજ્ઞાનાદિ ક્ષાયોપશમભાવ છે. ખુલાસો આવશે બધો.

**કર્મોના ઉપશમે જે ભાવ હોય તે ઔપશમિકભાવ છે.** સમકિત ને ચારિત્ર વગેરે ઉપશમભાવ છે. **સકળ કર્મોપાધિથી વિમુક્ત...** એવા કર્મના ઉપાધિના નિમિત્ત કે નિમિત્તની હયાતીનો અભાવથી વિમુક્ત એવા **પરિણામે જે ભાવ હોય...** દેખો! સહજભાવે જે ભાવ હોય

પારિણામિકનો... પરિણામ એટલે આ પર્યાયની વાત નથી. પરિણામ એટલે આ પર્યાયની વાત નથી. પરિણામ એટલે સહજભાવે જે ભાવ હોય તે **પારિણામિકભાવ** કહેવામાં આવે **છે.** સમજાણું કાંઈ? **આ પાંચ ભાવોમાં, ઔપશમિકભાવના બે ભેદ છે...** ભેદની વાત કરે છે. ઓલા નામ આપ્યા. કેટલા એ પછી કહેશે. **ક્ષાયિકભાવના નવ ભેદ છે, ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ છે, ઔદયિકભાવના એકવીશ ભેદ છે, પારિણામિકભાવના ત્રણ ભેદ છે.**

**હવે, ઔપશમિકભાવના બે ભેદ આ પ્રમાણે છે : ઉપશમસમ્યક્ત્વ અને ઉપશમચારિત્ર.** ચોથે ગુણસ્થાને ઉપશમસમકિત થાય. એ અગિયાર... સમજાણું કાંઈ? અને ઉપશમચારિત્ર અગિયારમે ગુણસ્થાને (હોય). કર્મ ઠર્યું હોય, ફળ ન દેતું હોય એવી પુરુષાર્થની જાગૃતિ એને અહીં ઉપશમ સમકિત ને ઉપશમ ચારિત્ર (કહે છે). એ બધા વિભાવભાવમાં જાય છે. વિશેષભાવ છેને બધા. વિશેષ પર્યાય છેને, સામાન્ય દ્રવ્ય નહીં. સામાન્ય જે ત્રિકાળી પરમપારિણામિકભાવ એ નહીં. અને સમ્યગ્દર્શનનો વિષય તો પરમ પારિણામિકભાવ છે. સમ્યગ્દર્શન પરમપારિણામિકભાવને આશ્રયે થાય છે. પ્રથમ ધર્મની શરૂઆત ત્રિકાળ પરમ સ્વભાવભાવ તેને આશ્રયે થાય છે. તેથી આ ચાર ભાવને અપેક્ષિતભાવ કહીને આશ્રય કરવાલાયક નથી (એમ કહ્યું).

**ક્ષાયિકભાવના નવ ભેદ આ પ્રમાણે છે : ક્ષાયિકસમ્યક્ત્વ...** લ્યો, ક્ષાયિક સમકિત થયું એ જાય નહીં, ઠેઠ સિદ્ધમાં આવે સાથે. પણ એને અહીંયા વિભાવસ્વભાવ કહેવામાં આવે છે. પર્યાય છેને. ત્રિકાળીભાવ જ્ઞાયકભાવ વસ્તુ પુંજ પ્રભુ, આનંદ ને જ્ઞાનનો પુંજ ધ્રુવ એની અપેક્ષાએ આ ક્ષાયિક-સમકિત પણ પર્યાય છે, એથી એને વિભાવપર્યાય, વિભાવ કહેવામાં આવે છે. વિભાવભાવ કહ્યો આને. વિભાવનો અર્થ કે વિકાર એમ નહીં, વિશેષભાવ. ત્રિકાળી દ્રવ્યસ્વભાવના આશ્રય અપેક્ષાએ વિશેષભાવ છે અને વિશેષભાવ એ પર્યાયનો વિષય છે. એ દ્રવ્યાર્થિકનો વિષય નથી. દ્રવ્યાર્થિકનો વિષય ત્રિકાળી વસ્તુ છે, એને આશ્રયે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન, સમ્યક્-ચારિત્ર, આનંદાદિ પ્રગટ થાય છે. આને (-પર્યાયને) આશ્રયે પ્રગટ થાય નહીં.

**યથાખ્યાતચારિત્ર...** લ્યો, એ પણ વિશેષભાવ છે. ૧૧મે, ૧૨મે, ૧૩મે, ૧૪મે યથાખ્યાત ચારિત્ર (હોય). યથાખ્યાત—જેવું સ્વરૂપ છે તેવી પ્રસિદ્ધિ થઈ ગઈ સ્થિરતાની. એ પણ પર્યાય છે, વિશેષભાવ છે, ક્ષાયિકભાવ છે. એ વિશેષભાવ છે માટે વિભાવસ્વભાવ કહેવામાં આવે છે. આહાહા! હજી તો પુણ્યના ભાવને વિભાવ કહેવો એને બેસતું નથી. પુણ્યના ભાવથી પણ પવિત્રતા પ્રગટ થાય. અહીં તો કહે છે કે ક્ષાયિકચારિત્રને આશ્રયે પવિત્રતા પ્રગટ ન થાય. આહાહા! આવી વાત છે. જગતને... શું થાય? **કેવળજ્ઞાન ને કેવળદર્શન...** એ વિભાવભાવ છે–વિશેષભાવ છે, પર્યાય છેને એ અપેક્ષાએ. **તથા અંતરાયકર્મના ક્ષયજનિત...**

અંતરાયના નાશથી ઉત્પન્ન થતાં **દાન...** સ્વરૂપનું દાન. પોતાના આનંદનું દાન પોતે આપે છે. લ્યો શેઠ! પૈસા-બૈસાનું દાન કોઈ આપી શકતું નથી એમ કહે છે. ક્યા કહતે હૈં?

શ્રોતા : જિનકો ભેદ-પ્રભેદ નહીં આયે વહ ક્યા કરે?

પૂજ્ય ગુરુદેવશ્રી : આ શીખવું, નથી આવડતા તો. બીડીના તમાકુમાં નથી ભેદ-પ્રભેદ શીખતા બધા? કે આવી બીડી, આવી તમાકુ ઊંચી કહેવાય, આવી તમાકુ ઊંચી કહેવાય, ઢીકણું કહેવાય.

શ્રોતા : એ તો સંસારનું કામ છે. ધર્મનું કામ તો નિરપેક્ષ....

પૂજ્ય ગુરુદેવશ્રી : સંસારના કામમાં બધી સમજણ જોઈએ, અહીં બધી અણસમજણ જોઈએ—એમ હશે? તમાકુ-બમાકુ સૂંઘીને આવે તે કેવી અહીં ગંધ મારે બીજી જાતની. માટે સમજવું. એમ કે એ તો શરૂથી જ આવ્યું હતું. આહાહા! વાત તો સાચી. અનાદિથી એ જ છેને. આ નથી કર્યું માટે એને આકરું લાગે છે. ઘરની વાત છે ઘરની. આહાહા!

**દાન**... પોતાના સ્વરૂપનું દાન પોતે પર્યાયમાં આપે છે. એ પણ વિશેષભાવ છે, પર્યાય છેને એ. અનંત જ્ઞાન, દર્શન, આનંદનું દાન આપે પોતે પોતાને. પોતે લે અને પોતે દે. એવી જે દાનની અવસ્થા એ પણ વિશેષભાવ કહેવામાં આવે છે. ત્રિકાળ સામાન્યની અપેક્ષાએ, એમ કહે છે. આહાહા! એમ **લાભ...** એ સ્વરૂપનો લાભ. 'લાભ સવાયા' લખેને બારણે બધા પૈસાવાળા. ધૂળના સવાયા છે લાભ. ત્યાં ક્યાં ધૂળ હતી? ગાંડા છે પાગલ. અંતર આનંદ ને જ્ઞાનની પર્યાયનો લાભ થાય એને લાભ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદની પર્યાયની પ્રાપ્તિ એનું નામ લાભ.. એનું નામ લાભ. છતાં એ વિશેષભાવ છે. વિભાવ એટલે વિશેષ છે, સામાન્ય ત્રિકાળ નહીં આહાહા! પર્યાયનયનો વિષય છે. પર્યાયનયનો વિષય છે. દાન દેવાનો વિકલ્પ એ વિભાવ છે. દાનની ચીજ જડ છે એ તો અજીવ છે. વિકલ્પથી રહિત અંતરસ્વરૂપની નિર્વિકલ્પદશા તે દાન એ પણ વિશેષભાવ છે. સામાન્ય ત્રિકાળભાવ નહીં. આહાહા!

**ભોગ...** અનંત આનંદનો અનુભવ. આત્મામાં અનંત અતીન્દ્રિય આનંદનો ભોગ એ વિશેષ પર્યાય છે. તેથી એને વિભાવભાવ કહ્યો છે. **ઉપભોગ...** વારંવાર આનંદનો ભોગવટો. અતીન્દ્રિય આનંદ વારંવાર એનો ને એનો ભોગવટો, એ પણ એક વિશેષભાવ છે. સામાન્યભાવની અપેક્ષાએ વિભાવભાવ છે. આહાહા! **અને વીર્ય...** અનંત વીર્ય તૃપ્ત. આત્મામાંથી પુરુષાર્થ–અનંતુ વીર્ય પ્રગટ્યું ભગવાનને. એ અનંત વીર્ય પણ પર્યાય છે. વસ્તુ ત્રિકાળી દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ તેને વિશેષ(ભાવ)–વિભાવ કહેવામાં આવે છે. અલૌકિક હૈ. આહાહા! વાતું આવી છે, ભાઈ! તારો મોટો ભંડાર ભર્યો પોતામાં. અનંત ગુણનો દરિયો એનો આશ્રય કરવાલાયક છે. મોક્ષમાર્ગની વ્યાખ્યા છેને. મોક્ષમાર્ગ પ્રગટે કોને આશ્રયે? ત્રિકાળી

દ્રવ્યને આશ્રયે. પર્યાયને આશ્રયે પર્યાય પ્રગટ ન થાય. આહાહા! એ નવ થયા લ્યો. ક્ષાયિકભાવના નવ ભેદ છે, નવ લબ્ધિ.

**ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ છે.** કંઈક અંદર હજી વિભાવ નથી ને વિભાવ છે એવા ભાવને ક્ષયોપશમ કહીએ. **આ પ્રમાણે છે : મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન ને મનઃપર્યયજ્ઞાન એમ જ્ઞાન ચાર** એ પણ ક્ષયોપશમભાવ છે. પરમ અવધિજ્ઞાન... જેમાં એક-એક રજકણ જણાય અને એના અનંત ભાગ હોય તો અનંતમા ભાગે જણાય એવું અવધિજ્ઞાન. એ પરમ અવધિજ્ઞાન પણ પર્યાય છે, વિશેષ છે, અંશ–ભેદ છે, ત્રિકાળની અપેક્ષાએ તે વિભાવભાવ છે. આહાહા! ભારે વાત ભાઈ! આવું તો ઝવેરચંદભાઈ ત્યાં ક્યાંય સાંભળ્યુંય ન હોય. મોઢા આગળ થઈને આમ કરો ને આ કરો, પોષા કરો, સામાયિક કરો ને અપવાસ કરો, મરી જાઓ પછી. એ શેઠીયા છે ત્યાંના મોટા. હવે ખસી ગયા. તમે ખસી ગયા? તમારે ... છે અમારે નહીં છોડવું? તમારું ત્યાં ચાલતું એમ પૂછ્યું ઓલાએ. મોઢા આગળના માણસ હતા ખરાને. આને કાંઈ એવી સમજણ નહીં. શું કરે? કે દાંત કાઢે. પણ એમ નહીં. અમે જે આ માર્ગમાં આવ્યા છીએ તે માર્ગે જ મોક્ષ થશે. તમે માર્ગે જે મોક્ષ થશે નહીં. એ શેઠ!

અહીં આવ્યા છે તો વાડો બાંધવા નથી આવ્યા. આ તો સત્ય છે એમ શરણ માટે અહીં છે. આહાહા! સમજાણું કાંઈ? દિગંબર મુનિઓએ જે પંથ કહ્યો છે એ સત્ય વસ્તુ છે. અનાદિ તીર્થંકરોએ કહી તે ચીજ છે. બીજામાં ભગવાને કહેલી ચીજ રહી નથી. પોતાની કલ્પનાએ બધું ઊભું કર્યું છે. સમજાણું કાંઈ? આ તો અનંતા તીર્થંકરો સર્વજ્ઞ ભગવાનનો અનાદિનો ધોક માર્ગ ચાલે છે ત્યાં મહાવિદેહમાં. દિગંબર ધર્મ એ સનાતન ધર્મ છે, નિર્ગ્રંથ પંથ. 'નિર્ગ્રંથનો પંથ ભવ-અંતનો ઉપાય છે'. સમજાણું કાંઈ? એ માટે આનું શરણ લેવાનું છે એમ કહે છે. આ કાંઈ પક્ષ નથી, વસ્તુની સ્થિતિ આવી છે. ચાર જ્ઞાન ક્ષયોપશમભાવ છે. સમ્યગ્જ્ઞાન એ પણ વિભાવસ્વભાવ છે.

**કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન ને વિભંગજ્ઞાન...** મિથ્યાદૃષ્ટિને હોય છેને ત્રણ. એ ક્ષયોપશમભાવે છે. **એવા ભેદને લીધે અજ્ઞાન ત્રણ; ચક્ષુદર્શન, અચક્ષુદર્શન ને અવધિદર્શન એવા ભેદને લીધે દર્શન ત્રણ...** એ ક્ષયોપશમભાવે છે. કેવળદર્શન ક્ષાયિકભાવે છે. પહેલામાં આવી ગયું. **કાળલબ્ધિ...** લ્યો, ક્ષાયોપશમિકભાવ. કાળલબ્ધિ એટલે ક્ષાયોપશમિકભાવ. એ કાળલબ્ધિમાં નાખ્યું અહીં. ઓલા પાંચ લબ્ધિના બોલ ક્ષયોપશમમાં નાખ્યું. લબ્ધિમાં એ રીતે, અહીં આ નાખ્યું. કાળલબ્ધિ, આ ન ગોઠ્યું ઓલાને. હવે ટીકામાં વાંધો આવે છે. કાળલબ્ધિ નાખ્યું આમાં? જે સમયે જે પર્યાયની પ્રગટ દશા છે એ કાળલબ્ધિ છે. એ કાળલબ્ધિનો ક્ષયોપશમભાવ એ વિશેષભાવ છે. કાળલબ્ધિ હેય છે. લ્યો, ઠીક. આહાહા! છે, પણ હેય છે.

દ્રવ્યસંગ્રહમાં આવે છે. કાળ છે, નિમિત્ત છે, પણ ... હેય છે. ૮૪ની સાલમાં મોટી ચર્ચા થઈ હતી આ કાળલબ્ધિ ઉપર. દામનગર. કાળલબ્ધિ. કાળ પ્રમાણે થાય. કાળલબ્ધિ હેય છે કે ઉપાદેય? ઉપાદેય તો ભગવાન આત્માનો સ્વભાવ તે ઉપાદેય છે. દ્રવ્યસંગ્રહમાં એ આવે છે લ્યો. એ વાંચતો હતો. બરાબર (ત્યારે) એની સાથે વાત કાઢી. એ કહે, ના, એમ છે. મહારાજ પુરુષાર્થ.. પુરુષાર્થ કરે છે... અરે! કાળલબ્ધિમાં પુરુષાર્થ છે. કાળલબ્ધિનું જ્ઞાન ક્યારે થાય? સમજાણું કાંઈ? આ તો ૮૪ની વાત છે. કેટલા વર્ષ થયા? ૪૪. આ ૪૪ વર્ષ પહેલાની વાત છે. દામનગરના અપાસરામાં. એ વીરચંદભાઈ! આહાહા! કહેતા એ. અહીં કહેતા હતા ખાનગીમાં. બારણું છેને બે બારણા મોઢા આગળ આને કહેતા હતા ને હું ઓલા બારણે વાંચતો હતો અંદર. અહીં જુઓ! આ શું કહે છે? બરાબર દ્રવ્યસંગ્રહની ગાથા આવી હતી. કાળ હો જાયે..... હેય હૈ. યે કેવળજ્ઞાન પર્યાય ભી હેય હૈ, ચાર ભાવ હેય હૈ. આહાહા! સમજાણું કાંઈ? કાળલબ્ધિનું જ્ઞાન જેને કરવું હોય યથાર્થ, એ તો સામાન્યનો આશ્રય લે ત્યારે એનું જ્ઞાન થાય. તે વિના યથાર્થ થશે નહીં.

**કરણલબ્ધિ...** લ્યો. કરણ આવે છેને ત્રણ કરણ. અપૂર્વકરણ ને અનિવૃત્તિકરણ (આદિ) એ બધો ક્ષયોપશમભાવ છે. **ઉપદેશલબ્ધિ...** દેશના. ભગવાનની દેશના, ગુરુની દેશના એ ક્ષયોપશમભાવ છે. ઓલો ખ્યાલ રહી જાયને એ અપેક્ષાએ. **ઉપશમલબ્ધિ**–વિશુદ્ધિલબ્ધિ. ઓલામાં આવે કષાયની મંદતા. લ્યો, અહીં કષાયની મંદતાને ક્ષયોપશમભાવમાં નાખ્યો છે. ઓલો ઘટ્યો છેને કેટલોક. ક્ષયોપશમભાવમાં નાખ્યો છે. રાગ અશુભ ઘટે છેને. દ્રવ્યનિક્ષેપે... કીધું છેને પંચાસ્તિકાયમાં. **પ્રાયોગ્યતાલબ્ધિ...** કર્મની સ્થિતિ બહુ થોડી–અંતઃક્રોડાક્રોડીની રહી ગઈ એવી એક લબ્ધિ છે.

**એવા ભેદને લીધે લબ્ધિ પાંચ...** એ ક્ષયોપશમભાવ છે, એ વિભાવભાવ છે, એ આશ્રય કરવાલાયક નથી. લ્યો, ઠીક! અહીં તો કાળલબ્ધિને આશ્રય કરવાલાયક (નથી એમ કહ્યું). આશ્રય કરવાલાયક તો સામાન્ય છે. આહાહા! **વેદકસમ્યક્ત્વ...** ક્ષયોપશમ સમકિત. **વેદકચારિત્ર...** ક્ષયોપશમ ચારિત્ર. **અને સંયમાસંયમ-પરિણતિ.** મુનિ, શ્રાવકપણું એ બધા ક્ષયોપશમભાવે છે. એને વિભાવભાવ કહેવામાં આવે છે. એનું જ્ઞાન કરવાલાયક છે, પણ આદરવાલાયક નહીં. આદરવાલાયક, પંચમ પારિણામિકભાવ આદરવાલાયક છે. એથી આ દશા બધી પ્રગટે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## મહા સુદ ૧૨, ગુરુવાર, તા. ૨૭-૧-૧૯૭૨
## ગાથા-૪૧, શ્લોક-૫૮-૫૯, પ્રવચન નં. ૩૬

આ ૪૧મી ગાથા છે. વાત જરી અહીંયા સૂક્ષ્મ છે. શુદ્ધભાવ અધિકાર છેને. આત્માનો, જે આત્મા છે એમાં, એક નિત્ય ત્રિકાળી ધ્રુવભાગ છે, એક વર્તમાન અવસ્થાનો ભાગ છે—બે ચીજ. પરની સાથે કાંઈ સંબંધ નથી. પોતે આત્મા ધ્રુવ ચિદાનંદ અખંડ આનંદનું ધામ છે. પરમસ્વભાવ કહો, ધ્રુવ કહો, સદૃશ કહો, કારણપરમાત્મા કહો, કારણજીવ કહો, જ્ઞાયકભાવ કહો. એકરૂપ ત્રિકાળ વસ્તુ જે છે એને અહીંયા શુદ્ધભાવ કહે છે. આ શુદ્ધભાવ અધિકાર ચાલે છેને. અને એ સિવાય એની પર્યાયમાં–હાલતમાં ચાર ભાવ હોય છે. ત્રિકાળીભાવ એ પરમસ્વભાવભાવ વસ્તુ ટકતી ત્રિકાળી ચીજનું સત્ત્વ–વસ્તુ એને અહીંયા શુદ્ધભાવ અથવા પરમપારિણામિકભાવ કહે છે. એની દશામાં પુણ્ય-પાપના વિકલ્પો છે એ વિકાર, ઉદયભાવ આદિ છે. કંઈક અંદર ઉપશમ થાય, પાણીમાં મેલ જેમ ઠરે ને પાણી ઉપર નિર્મળ દેખાય, એમ એ કર્મના મંદપણાનું (અથવા) અભાવનું થવું અને ઉપશમ નામ આત્મામાં શાંતિની દશાનું પ્રગટ થવું, એ ઉપશમભાવ પણ પર્યાય છે. નવી દશા થાય છેને.

અને ક્ષયોપશમ (એટલે) કંઈક ઉદય છે ને કંઈક વિકાસ છે એવી એક જ્ઞાનાદિની દશા એ ક્ષયોપશમ પણ અવસ્થા છે. અને ક્ષાયિક કેવળજ્ઞાન ને કેવળદર્શન એ પણ નવી અવસ્થા છેને. એ ક્ષાયિક અવસ્થા છે–પર્યાય છે. એમાં એમ સિદ્ધ કરવું છે કે ચાર ભાવ આશ્રય કરવાલાયક નથી. આહા! ઝીણી વાત છે. પૂર્ણ બ્રહ્મ ધ્રુવ ચૈતન્યબિંબ એવો આત્મભાવ, હિતાર્થીને–આત્માર્થીને–મોક્ષના અભિલાષીને એવો ત્રિકાળી સ્વભાવ આદેય–ઉપાદેય છે, ત્યાં દૃષ્ટિ દેવાની છે એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? તેની અવસ્થા છે એ તો નવી થયેલી છે અથવા બદલતી અવસ્થા છે અને વસ્તુ જે છે એ તો કાયમ નિત્ય ધ્રુવસ્વરૂપ છે. એથી ધ્રુવસ્વરૂપને અહીંયા શુદ્ધભાવ કહ્યો અને એનો આશ્રય લેવો, અંતર્દૃષ્ટિ મૂકવી, એના અવલંબે જે આત્મામાં દશા થાય એને અહીંયા ધર્મદશા, સુખરૂપદશા, હિતકરદશા અને મુક્તિની કારણદશા કહે છે. શું સમજવું આમાં? માણસને આ વસ્તુનો અભ્યાસ ન હોય તો એને એમ લાગે કે આ બધું શું છે? ભગવાનજીભાઈ! આહાહા!

એક પ્રશ્ન એવો આવ્યો હતો મગજમાં. ધનાર્થી તે આત્માર્થી નહીં ને આત્માર્થી તે ધનાર્થી નહીં. ધનાર્થીમાં આબરૂ-અર્થી (આદિ) બધું આવી જાય છે. આહાહા! એ લક્ષ્મી, આબરૂ, કીર્તિ, સ્ત્રી, કુટુંબ એ બધું ધન.. ધન કહેવાય છે. ગૌધન.. ગૌધન... એ બધું ધન જ કહેવાય છે. એનો જે અર્થી છે એ આત્માર્થી નહીં અને આત્માર્થી છે એ ધનાર્થી નહીં એટલે કે પરવસ્તુનો કામી નહીં. ધર્મી જીવને તો... પોતાનો આનંદસ્વભાવ જે ધ્રુવ નિત્ય સત્–શાશ્વત

જ્ઞાન ને આનંદ છે એનો જે કામી છે એ તો અંદરમાં એકાગ્ર થાય. આહાહા! સમજાણું કાંઈ? એને તો, કહે છે કે પરનું અર્થીપણું તો નથી, પણ આ ચાર પર્યાયો છે એનું એને અર્થીપણું નથી. શેઠ! એવી વાત છે જરી. વીતરાગમાર્ગને સમજવા મહાપ્રયત્ન હોય છે. જોનાર જોવે એને ખબર પડેને. આહાહા! અહીં કહે છે કે પરનો અર્થી છે એને તો આત્મા શું ચીજ છે એના તરફ એનું વલણ નથી. પણ અહીં તો (જ્ઞાની) ચાર પ્રકારની દશાઓ કેવળજ્ઞાન, ઉદય–રાગાદિ પર્યાયબુદ્ધિનો એ અર્થી નથી કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

પર્યાય જે અવસ્થા છે એમાંથી નવી અવસ્થા તો પ્રગટ થાય નહીં અને વસ્તુ જે ત્રિકાળી ધ્રુવસ્વભાવ છે એના ઉપર દૃષ્ટિ આપતાં નવી દશા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, આનંદની દશા થાય છે. ધર્મી શુદ્ધભાવનો અર્થી છે. આહાહા! કહો, જેઠાભાઈ! આવી વાતું છે. હજી તો શું કહે છે એ પકડાવું કઠણ પડે છે. આ વસ્તુ છે આ તો દેહ છે, જડ છે, આ માટી છે. એનો જાણનાર અને પોતાનો જાણનાર એવું જે જાણકતત્ત્વ–જ્ઞાયકભાવવાળું તત્ત્વ, સત્ત્વ એ ત્રિકાળી જ્ઞાયકભાવ એ આત્મા છે. એ જ્ઞાયકભાવ કાંઈ ઉત્પન્ન થાય છે નવો? સત્ છે એની ઉત્પત્તિ શી? સત્ છે જ્ઞાયકભાવ એનું નાશપણું શું? સત્ જ્ઞાયકભાવ છે એમાં અપૂર્ણતા ને વિપરીતતા શી? સમજાણું કાંઈ?

આ શુદ્ધભાવ અધિકાર ઝીણો છે. પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ જે વીતરાગીદશા પ્રગટ થાય એને શુદ્ધભાવ કહે છે, પણ એ પર્યાયનો શુદ્ધભાવ છે. એ આ નહીં. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ એ અશુદ્ધ મલિનભાવ છે જેને અહીં ઉદયભાવ કહે છે. અંતરમાં હતો નહીં, નવો પ્રગટ થયો છે. આહાહા! શુભ-અશુભ વિકલ્પો.. પાપના રળવાના, ભોગના ને વિષયના, રક્ષાના, કુટુંબનું રક્ષણ કરું, પૈસાનું રક્ષણ કરું, પૈસાને વ્યવસ્થિતમાં મૂકું, વ્યાજ સરખું ઉપજાવું—એ બધા ભાવ એકલા પાપના છે અને દયા, દાન, વ્રત, ભક્તિ પૂજા, કોમળતા એવો વિકલ્પ જે છે એ પુણ્યભાવરૂપી મેલ છે. આહાહા! બેય મેલ છે, એને અહીં ઔદયિકભાવ તરીકે કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

અને અંતરને આશ્રયે કંઈક–અંશે શાંતિ મળે ધર્મની અને કંઈક ક્ષયોપશમ એટલે વિકાસ ને વિઘ્ન હો અને કંઈક પૂર્ણ નિર્મળતા હો—એને અહીંયા ઔપશમિક, ક્ષાયોપમશિક ને ક્ષાયિક એમ ત્રણ દશાથી વર્ણન કર્યું છે. એ ત્રણ દશા અને ઉદય—ચારેય આશ્રય કરવાલાયક નથી. સમજાણું કાંઈ? એને પડખે ઊભા રહેવા જેવું નથી એમ કહે છે. પરમસ્વભાવભાવ વસ્તુ છેને, અસ્તિ છેને. ભાષા નહીં. એનું તત્ત્વ છેને એ વસ્તુ. અસ્તિ છે, સત્ છે, અનાદિ-અનંત છે. એકલી પરિપૂર્ણતા સ્વભાવનો ભાગ છે એવી એ ચીજ આશ્રય કરવાલાયક છે. બાકી ચાર દશાઓ પણ આશ્રય કરવાલાયક નથી, તો બહારની ચીજ આશ્રય કરવાલાયક છે (એમ ક્યાંથી હોય)? આહાહા! ભારે વાતું. કહો, સમજાણું આમાં?

હવે આપણે ઉદયભાવના બોલ છે આ. જરી કાલ કહ્યું હતું. કેવળજ્ઞાનની પર્યાય છેને એને ઘણા પ્રકારે વર્ણવ્યો છે. કેવળજ્ઞાન હોં, આત્માની મુક્તદશા. કેવળજ્ઞાન એને અહીં વિભાવભાવ કહેશે કેમકે એ વિશેષ દશા છે. એ સામાન્ય ત્રિકાળીરૂપ નથી. એને સ્વભાવિક પર્યાય પણ કહી છે, એને ચાર જ્ઞાનની અપેક્ષાએ કેવળજ્ઞાનને નિરપેક્ષ પર્યાય પણ કહી છે અને એને કર્મના નિમિત્તની અપેક્ષાએ કર્મકૃત કેવળજ્ઞાન છે એમ પણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવી વાતું બહુ ઝીણી પણ ભાઈ! આત્મા અંતર શું ચીજ છે અને એ પટારો ખોલતા એમાં શું ખીલે છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ?

અનાદિના પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત, ભક્તિ ને કામ, ક્રોધ—એવા વિકલ્પમાં અટકી દુઃખી થઈ રખડી રહ્યો છે. સમજાણું કાંઈ? દુઃખી છે. ભગવાનજીભાઈ! તમે પૈસાવાળાય દુઃખી? પૈસાવાળો ક્યાં આત્મા છે? રાગવાળોય નથી. આ ધ્રુવ તો પર્યાયવાળોય નથી. આહાહા! પર્યાય બધી આવીને પાછી. આહાહા! વીતરાગ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્માને ત્રિકાળ જ્ઞાન થઈને દિવ્યધ્વનિમાં જે માર્ગ આવ્યો એ અલૌકિક છે. એવો ક્યાંય બીજે છે નહીં. એવી ચીજ છે પણ હવે એને... આહાહા! અરે! ચોરાશીના રખડતા પ્રાણી ગરીબની જેમ, ભિખારીની જેમ રખડે પામર થઈને હોં. કંઈક આપો, કંઈક આપો, આ આપો. આ આત્મા એ મારે જોઈએ એવી એણે ગરજ કોઈ દિ' કરી નહીં. સમજાણું કાંઈ? આહાહા!

એ શરીર રોગના ઘર (અને) ભગવાન આનંદનું ઘર, આહાહા! ભગવાન એટલે આ આત્મા એમ. જેનું અતીન્દ્રિયનું મકાન છે, જેનું તાળું ખોલતા એકલો અતીન્દ્રિય પ્રવાહ ચાલ્યો આવે. આહાહા! સમજાણું કાંઈ? એવો આત્મા ત્રિકાળી ચીજમાં, કહે છે કે આ ક્ષાયિકભાવ, ઔપશિમકભાવ ને ક્ષાયોપશમિકભાવ નથી. એ પર્યાય પર્યાયમાં છે, પર્યાયમાં પર્યાય છે, વસ્તુમાં એ પર્યાય નથી. સમજાણું કાંઈ? ઔદયિકભાવ આવ્યો લ્યો.

**ઔદયિકભાવના એકવીશ ભેદ આ પ્રમાણે છે : નારકગતિ...** નરકગતિ છેને નીચે, એ ધ્રુવ આત્મામાં નથી, એ તો પર્યાયમાં છે, કારણકે પલટી જાય છે. સમજાણું કાંઈ? **તિર્યંચગતિ...** આ પશુની ગતિ, નિગોદથી માંડીને. બટાટા, શક્કરકંદ એ બધા તિર્યંચ કહેવાય છે. એક કણીમાં અનંતા જીવ એ બધા તિર્યંચગતિના જીવ છે. પણ એ તિર્યંચપણાની પર્યાય ધ્રુવમાં નથી. સમજાણું કાંઈ? એમ **મનુષ્યગતિ...** આ મનુષ્યગતિ છે એની પર્યાયમાં. શરીર નહીં હોં. આ કાંઈ મનુષ્યગતિ નથી, આ તો માટી જડ છે. અંદરમાં મનુષ્યગતિને યોગ્ય જે ભાવ છે એને અહીંયા ઉદયભાવ મનુષ્યગતિનો કહ્યો છે. એ આત્મામાં નથી, ત્રિકાળીમાં એ ગતિ નથી. આહા! સમજાણું કાંઈ? અને ધર્મ કરનારને એ મનુષ્યની ગતિ મદદગાર નથી એમ કહે છે.

(શ્રોતા : નિમિત્ત તો થાયને?) નિમિત્ત કોને કહેવું? અહીં આત્મા ત્રિકાળીના આશ્રયે કરે... નિમિત્ત એટલે કોઈ ચીજ છે એમ જ્ઞાન કરવું. એને આશ્રયે કાંઈ થાય નહીં. એનાથી કાર્ય

થાય એ વાત છે નહીં. મનુષ્યગતિ એ કાંઈ આત્માને કારણ (થતી) નથી, આત્માને લાભદાયક નથી. (શ્રોતાઃ અપેક્ષા લાગુ પડેને?) ના, બિલકુલ નહીં. અપેક્ષા કેવી? અંદર ત્રિકાળી ધ્રુવને આશ્રયે લાભ થાય. મનુષ્યગતિને આશ્રયે લાભ થાય નહીં. સમ્યગ્દર્શનનો લાભ મનુષ્યગતિ છે માટે થાય (નહીં), એમ મનુષ્યગતિ સ્વરૂપમાં છે નહીં. આહાહા! એય! ઝીણી વાત છે. કોઈ દિ' એણે આ બહારના કડાકૂટા આડે (વિચાર કર્યો નથી). એક તો સંસારથી નવરો ન થાય પાપના રખડવાના ભાવથી, એમાં આવે તો પાછી વાતું એને એ બહારની પ્રવૃત્તિ. પુણ્ય કરવું ને આ કરો ને આ કરો ને આ કરો.

શ્રોતા : એ તો પંડિતે ગોટાળા કર્યા...

પૂજ્ય ગુરુદેવશ્રી : એ પંડિતે ગોટાળા કર્યા એમ તમારે ન કહેવાય. યોગ્યતા નહીં માટે એવું (મળ્યું). એ શું કરે બિચારા? એને એમ બેઠું છે એમ કહે. સમજાણું કાંઈ?

એ વાત થઈ હતી ત્યાં ખંડવામાં. શેઠ મળ્યા હતાને શેઠ ફૂલચંદજી. ખંડવામાં, નહીં વહ પ્રેમચંદજી ને ધરમચંદજી? રાવસાહેબ બહાદુર. રાવસાહેબ એમ કાંઈક છે. શેઠને ત્યાં ગયા હતા. એને ત્યાં ઉતારો હતો, ખંડવામાં ઉતારો એ હતો. પ્રેમચંદજી છેને. પ્રેમચંદજી શેઠને કહે કે અમને તો અત્યાર સુધી પંડિતે ઊંધે રસ્તે ચડાવી દીધા છે. પ્રેમચંદજી કહે. આ ધરમચંદભાઈના.... પ્રેમચંદને અભ્યાસ છે. દીકરો નથી, દીકરી છે. પછી એણે કીધું, શેઠ! અમને તો અત્યાર સુધી પંડિતોએ બીજે રસ્તે ચડાવી દીધા, માર્ગ બીજો છે. એમ કહેતા હતા. એ વાત આવી હતી. અમને સોનગઢથી મળ્યું એવું બીજે ક્યાંયથી મળતું નથી. કબૂલ્યું એણે. શેઠે હા પાડી. શેઠને તો પ્રેમ હતોને અહીંનો. ઓઘે ઓઘે પ્રેમ હતો, નિર્ણય નહોતો. અહીં તો જેમ હોય એમ કહેવાયને. પણ ઓઘે પ્રેમ અહીં હતો. નહીં, સ્વામીજીકી બાત કબૂલ કરના પડેગા. સમજાણું કાંઈ? ..... ખંડવામાં એ લોકો.... આહાહા!

ક્યાં પંથનો આધાર ને ક્યાં પંથને ગોતવા માગે છે પરમાં? ભગવાન શુદ્ધ ચૈતન્યઘન એને જોવે, એને માને ને એમાં ઠરે એને મોક્ષનો પંથ પ્રગટ થાય. એને બીજાની કંઈની જરૂર નથી. આહાહા! એ મનુષ્યગતિ નહીં, **દેવગતિ** નહી લ્યો. એ દેવગતિ થાય, ભગવાન પાસે જવાય, કંઈ ધર્મનો લાભ થાય. બિલકુલ નહીં. ગતિથી લાભ આત્માને થાય નહીં એમ કહે છે. ભગવાન આત્મા ચૈતન્યધ્રુવ એને આશ્રયે લાભ થાય. કહો, સમજાણું? **એવા ભેદને લીધે ગતિ ચાર. ક્રોધકષાય**... ઔદયિકભાવ એ સ્વભાવમાં નથી. **માનકષાય, માયાકષાય**–કપટ **ને લોભકષાય એવા ભેદને લીધે કષાય ચાર.** ચાર ભેદ છે.

**સ્ત્રીલિંગ, પુંલિંગ અને નપુંસકલિંગ** ત્રણે આત્મામાં નથી. આ ભાવવેદની અપેક્ષા છે હોં. સ્ત્રીના શરીરનો ઉદય અને શરીર જડ છે. આ તો અહીં ઉદયભાવ છે. સ્ત્રીલિંગ, પુલિંગ ને નપુંસકલિંગ એ બધા ઔદયિકભાવ છે. ભાવલિંગ આત્મામાં નથી, એ પર્યાય–અવસ્થા–

હાલત-દશામાં છે. ત્રિકાળીમાં નથી. **એવા ભેદને લીધે લિંગ ત્રણ; સામાન્યસંગ્રહનયની અપેક્ષાએ મિથ્યાદર્શન...** વિપરીત માન્યતા એ આત્મામાં-દ્રવ્યમાં નથી, પર્યાયમાં છે. સંસારનું મૂળ કારણ મિથ્યાત્વ-વિપરીત માન્યતા છે. પુણ્યમાં ધર્મ, પાપમાં મજા, અનુકૂળતાને દેખીને પ્રસન્નતા, પ્રતિકૂળતા દેખીને શોક—એ બધા મિથ્યાત્વના લક્ષણ છે. સમજાણું કાંઈ? અહીં સામાન્યસંગ્રહનયે... મિથ્યાત્વના ભેદ અસંખ્ય છે એમ કહે છે. પેટાભેદ અનંત છે, સામાન્યભેદ તે એક છે. **અજ્ઞાન એક...** વસ્તુનું અભાન **ને અસંયમતા એક...** અસંયતભાવ. રાગ-દ્વેષનો અભાવ થયો ન હોય એને અવિરતભાવ છે, એ ઉદયભાવ છે, એ સ્વભાવમાં નથી.

**અસિદ્ધત્વ...** આખો અસિદ્ધભાવ. ચૌદમા ગુણસ્થાન સુધીનો અસિદ્ધ-સિદ્ધપણાનો અભાવરૂપી ભાવ એ ઔદયિકભાવ છે. આત્મામાં નથી. **શુક્લલેશ્યા...** અહીથી લીધું છે. કૃષ્ણ નીલ, કાપોત એ ન લેતાં, સારામાં સારી લેશ્યા એ પણ જીવમાં નથી એમ સિદ્ધ કરવા (લીધી). **શુક્લલેશ્યા...** દયા, દાન, એવા સારા પરિણામ હોયને શુભના એ પણ આત્મામાં નથી, દ્રવ્યમાં નથી, એની પર્યાયમાં મલિનતા છે. શુક્લલેશ્યા એ મલિન છે. **પદ્મલેશ્યા...** એનાથી જરીક ન્યૂન. **પીતલેશ્યા...** છે શુભ ત્રણેય. **કાપોતલેશ્યા, નીલલેશ્યા ને કૃષ્ણલેશ્યા** એ અશુભ છે. **એવા ભેદને લીધે લેશ્યા છ** છે. આત્મામાં-દ્રવ્યમાં નથી, શુદ્ધભાવ જે ધ્રુવ છે એમાં એ નથી, પર્યાયમાં છે.

**પારિણામિકભાવના ત્રણ ભેદ આ પ્રમાણે છે : જીવત્વપારિણામિક...** ત્રિકાળી જીવ જીવપણે રહે એવો પારિણામિકભાવ. **ભવ્યત્વ-પારિણામિક...** મોક્ષ જવાને લાયકવાળો જે જીવ ભવ્યત્વપરિણામવાળો. **અને અભવ્યત્વપારિણામિક...** કોઈ દિવસ મોક્ષ જવાને લાયક નથી. **આ જીવત્વપારિણામિકભાવ ભવ્યોને તેમ જ અભવ્યોને સમાન હોય છે...** બેયને સરખો હોય છેને. **ભવ્યત્વપારિણામિકભાવ ભવ્યોને જ હોય છે, અભવ્યત્વ-પારિણામિકભાવ અભવ્યોને જ હોય છે. આ રીતે પાંચ ભાવોનું કથન કર્યું.** પર્યાય છે. એવી પર્યાયની યોગ્યતા છે. એ રીતે પાંચ ભાવોનું કથન કર્યું.

હવે **પાંચ ભાવો મધ્યે ક્ષાયિકભાવ...** કેવળજ્ઞાન, કેવળદર્શન પરમાત્માને થાય એ **કાર્યસમયસારસ્વરૂપ છે**. કાર્ય થયુંને, એ પર્યાય છે. આહાહા! કેવળજ્ઞાન, કેવળદર્શન, પૂર્ણ વીતરાગતા, પૂર્ણ આનંદ ને પૂર્ણ વીર્ય—એવી જે દશા એ કાર્યસમયસારસ્વરૂપ છે. એ શુદ્ધભાવ જે ત્રિકાળ હતો એ કારણપરમાત્મા, એ કારણસમયસાર છે, એને આશ્રયે આ કાર્યસમયસાર પ્રગટ થાય છે. શું કહ્યું સમજાણું કાંઈ? ભગવાન આત્મા ત્રિકાળી ધ્રુવ કારણસ્વરૂપ એના આશ્રયથી કેવળજ્ઞાન અને મુક્તિ, એની જે આત્માની આનંદની પ્રાપ્તિ, એ કારણ-સમયસારમાંથી કાર્યસમયસાર થાય છે. સમજાણું કાંઈ?

**તે (ક્ષાયિકભાવ) ત્રિલોકમાં પ્રક્ષોભના હેતુભૂત...** તીર્થંકરની વ્યાખ્યા આવી. **પ્રક્ષોભ = ખળભળાટ. (તીર્થંકરના જન્મકલ્યાણક આદિ પ્રસંગે ત્રણ લોકમાં આનંદમય ખળભળાટ આનંદ થાય છે).** આનંદ એટલે શાતા હોં. ઓલો અતીન્દ્રિય આનંદ એમ નહીં. અતીન્દ્રિય આનંદ એક સમય આવી જાય તો થઈ રહ્યું. એવા અનંતા જન્મકલ્યાણક આદિ ભગવાનના થયા. અનંતવાર આવું થઈ ગયું છે. (આનંદ) એટલે જરી શાતાવેદનીયનો ક્ષયોપશમ. ભગવાન જન્મે ત્યાં જરી આખા લોકમાં જરી શાતા (થાય). નરકમાં પણ ઘડીક શાતા થાય સહેજ. દીક્ષા લે, કેવળ પામે, મોક્ષ જાય, ગર્ભમાં આવે તો. જન્મકલ્યાણ આદિ કહ્યું છેને? **ત્રિલોકમાં પ્રક્ષોભના હેતુભૂત...** ત્રણ લોકમાં ખળભળાટ (થઈ જાય), ભગવાનનો જન્માદિ થાય ત્યારે. એવો જગતને અને ભગવાનની પ્રકૃતિને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

**તીર્થંકરપણા વડે પ્રાપ્ત થતા સકળ-વિમળ કેવળજ્ઞાનથી યુક્ત તીર્થનાથને (તેમ જ ઉપલક્ષણથી સામાન્ય કેવળીને) અથવા સિદ્ધભગવાનને હોય છે.** આ ભાવ સિદ્ધભગવાનને હોય છે, તીર્થંકરને, અરિહંતને કેવળીને હોય છે. **ઔદયિક** એટલે રાગદ્વેષાદિ, **ઔપશમિક** એટલે સમકિત આદિ **અને ક્ષાયોપશમિક** જ્ઞાનાદિ—એ **ભાવો સંસારીઓને જ હોય છે, મુક્ત જીવોને નહિ.** આ પાંચ ભાવનું જરી જાણપણું કરે એને ઊંચું-નીચું થાય. હવે સાર આવે છે.

**પૂર્વોક્ત ચાર ભાવો...** (પૂર્વોક્ત)–પૂર્વ–ઉક્ત... પૂર્વે કહ્યા જે ક્ષાયિક કેવળજ્ઞાનાદિ, ક્ષાયોપશમ મતિજ્ઞાનાદિ, ઔદયિક રાગાદિ, ઔપશમિક સમકિત ને ચારિત્રાદિ—એ ચાર ભાવો **આવરણસંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી.** કઈ અપેક્ષાએ કહ્યું સમજાણું? પર્યાયમાં કર્મના નિમિત્તનો અભાવ થયો હતોને એ અપેક્ષાએ એને આવરણસંયુક્ત કહ્યું છે. કેવળીને પણ હોં. અહીં તો પંચમસ્વભાવ ધ્રુવનો આશ્રય લેવા, એને ઉપાદેય માનવા, આ ચાર ભાવ આવરણવાળા કહેવામાં આવે છે. કેવળજ્ઞાન તો હોતું નથી સાધકને, પણ કેવળજ્ઞાનનું લક્ષ કરવા જાય ત્યાં તો વિકલ્પ ઉઠે છે. દયા-દાનનો ભાવ એ આવરણવાળો છે, એ મલિન પોતે છે મલિન. ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક નિર્મળ છે, પણ એનો આશ્રય કરવા જાય, લક્ષ કરવા જાય તો રાગ થાય છે માટે એને આવરણવાળા કહેવામાં આવે છે. આહાહા! ટીકા કડક પડે માણસને. ..... પણ અભ્યાસ કે દિ' કર્યો છે તમે? બીડીઓનો કેટલો અભ્યાસ અંદરથી? ....... નાનપણથી આ ભવનો. ઓલા ભવમાં ક્યાં હતો? બીડીનો હતો?

મુક્તિનું કારણ નથી, અહીં તો એ સિદ્ધ કરવું છે. પર્યાય જે મુક્તિ પૂર્ણાનંદનું કારણ નથી. દ્રવ્ય ત્રિકાળી ધ્રુવ તે મુક્તિનું કારણ છે એમ સિદ્ધ કરવું છે. આહાહા! અહીં કહે છે કે એની પ્રગટ થયેલી પર્યાય ક્ષયોપશમ, સમકિત, ચારિત્રાદિ એ પણ મુક્તિનું કારણ નથી. તો પછી રાગ મુક્તિનું કારણ થાય, સંહનન ને મનુષ્યની ગતિ ને મુક્તિનું કારણ થાય, આહાહા! આ પૈસા-બૈસા મુક્તિનું કારણ, ધર્મનું કારણ થાય(એમ બને નહીં). પણ પૈસાવાળા વિના

રથયાત્રા કોણ કાઢે? ગરીબ માણસ કાઢી શકે? એ તો જડની પર્યાય જડથી થાય કરે. કોણ કરે? શેઠ! અહીં તો એવું છે ચોખ્ખું. એય! આ શિક્ષણ-શિબિરની ક્રિયા કોણ કરે છે? કોણ કરતો હતો? એ તો થવાની એ વખતે થાય. આહાહા! આવી વાત છે. વાત એવી, ભગવાનનો માર્ગ એવો છે, તદ્દન નિવૃત્તસ્વરૂપ છે. પર્યાયથી પણ નવરો થઈ જા ને ધ્રુવમાં અવલંબન લે એમ કહે છે. આહાહા!

આમ માણસ કહેને કે જુઓ! કાંઈ પૈસા-બૈસા હોય, વળી બાયડી-છોકરા સગવડતા કરતા હોય, સેવા-બેવા સરખી હોય તો ઠીક પડે એને. ઠીક હશે કે નહીં? સગવડતા થોડી હોય, બાયડી, છોકરા, છોકરાની વહુ એને બધાને એવી કાંઈ સગવડતા હોય તો નભાય પણ ખરું. મૂઢ છો, કહે છે અહીં તો. આહાહા! શેની સગવડતા? બહારની જડની પર્યાયની સગવડતા? આહાહા! અહીં તો મોક્ષના માર્ગની પર્યાય પણ આશ્રય કરવાલાયક નથી. એય નેમિચંદભાઈ! શું છે આ? આહાહા! **પૂર્વોક્ત ચાર પર્યાયો**, ભાવો એટલે પર્યાય છે ચાર, **આવરણસંયુક્ત હોવાથી**... કારણ કે એને લક્ષે તો રાગ જ ઉત્પન્ન થાય. માટે એ મુક્તિનું કારણ નથી.

**ત્રિકાળનિરુપાધિ જેનું સ્વરૂપ છે...** ભગવાન સત્-સ્વરૂપ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એવો જે નિત્યભાવ એ ત્રિકાળી નિરુપાધિ છે (અર્થાત્) એને કોઈ ઉપાધિ છે નહીં. અને જેને **નિરંજન**–અંજન નથી. આહાહા! **નિજ પરમ પંચમભાવની...** નિરંજન નિજ પંચમ, એમ પાછું. ભગવાનનો ભાવ પણ નહીં, ભગવાનનો એની પાસે રહી ગયો. કાંઈ નથી. **નિરંજન નિજ પરમ પંચમભાવ**... ત્રિકાળી ધ્રુવભાવ, ત્રિકાળી પરમસ્વભાવની હયાતીનું સ્વરૂપ—એવો જે પંચમભાવ. ચાર પર્યાયોથી ભિન્ન–ચાર પર્યાયોથી રહિત **નિજ પરમ પંચમભાવની (-પારિણામિકભાવની) ભાવનાથી...** જુઓ! ભાવનાથી. એની ભાવનાથી (અર્થાત્) એમાં સન્મુખ. આ ભાવના છે તો સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્ર, પણ એની સન્મુખથી થયેલું છે, એથી કહે છે કે એની ભાવનાથી મુક્તિ છે. પર્યાયની ભાવનાથી મુક્તિ છે એમ છે નહીં. આહાહા! ભારે વાત. ...... પણ કોઈ દિ' સાંભળ્યું નથી. કેમકે એ કહે છે.... અહીં રહોને નિરાંતે. તમારે શું કામ પડતું હતું? અહીં પોતાનું કરવું. બીજાનું થાય-ન થાય એને આધીન. આવી વાત છે. સમજાણું કાંઈ?

આહાહા! ભગવાન આત્મા સત્ નિજ ત્રિકાળી પરમ પંચમભાવ—દ્રવ્યનો હયાતીવાળો સ્વભાવ ત્રિકાળી એકરૂપ એવો આત્મા એ જ મુક્તિનું કારણ છે. આહાહા! મુક્તિની પર્યાયો અનંતી.. અનંતી.. અનંતી.. અનંતી જેમાં પડી છે. એમાં એકાગ્ર થતાં એ પર્યાય પ્રગટ થાય છે. ક્ષયોપશમભાવમાં એકાગ્ર થતાં ક્ષાયિકભાવ આવતો નથી, એમ કહે છે. અને નીચે ક્ષાયિક સમકિત હોય એમાં પણ એકાગ્ર થયે કાંઈ કેવળજ્ઞાન થાતું નથી. ક્ષાયિક સમકિત, સમજાણું કાંઈ? એમાં એકાગ્ર થયે કાંઈ કેવળજ્ઞાન થાતું નથી.

વસ્તુ જે ત્રિકાળી એની સત્તાનો સ્વીકાર તે કેવડો મોટો! એક સમયમાં પૂર્ણ સ્વરૂપ. એક સમયની કેવળજ્ઞાનની પર્યાયમાં પણ જે આવે નહીં અને કેવળજ્ઞાનની પર્યાય થઈ તો ત્યાં કોઈ ઘટાડો થયો નહીં. આહાહા! જ્યાં ઘટવધ નહીં એવું જે ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ ભગવાન આત્માનું. વધઘટ તો એની દશામાં છે. દશામાં વધઘટ થયે અંદરમાં વધઘટ છે નહીં. આહાહા! રૌદ્રધ્યાનના ક્રૂર પરિણામ વખતે પણ ધ્રુવસ્વરૂપ તો એવો ને એવો છે. એમાં કાંઈ બગાડ કે સુધાર છે નહીં. આહાહા! નિરુપાધિ કહ્યુંને? એને પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય કેવળજ્ઞાનની, તોપણ તેમાં–વસ્તુમાં કાંઈ ઘટાડો થયો છે (એમ છે નહીં). વસ્તુ તો વસ્તુ ધ્રુવરૂપ એકરૂપ પડી છે. આવું તત્ત્વ પણ! એવો જે નિરંજન નિજ પરમ પંચમભાવ એની ભાવના (એટલે) એની એકાગ્રતા, એમ. પંચમભાવની એકાગ્રતા. છે એકાગ્રતા પર્યાય, પણ પર્યાયની એકાગ્રતા નહીં, પંચમભાવની એકાગ્રતા એમ. આહાહા! સમજાણું કાંઈ?

**પંચમગતિએ મુમુક્ષુઓ...** આની ભાવનાથી... પરમસ્વરૂપ ભગવાન આત્મા ધ્રુવ તે હું છું, પર્યાય પણ મારામાં નથી—એ નિર્ણય કરનાર પર્યાય છે. સમજાણું કાંઈ? કારણકે ભાવના એ પર્યાય છેને? સમ્યક્ નિશ્ચય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્-ચારિત્ર એ ભાવના છે. પણ ભાવના પંચમભાવની ભાવના છે એમ. એ પર્યાયની ભાવના નહીં, રાગની નહીં, નિમિત્તની નહીં, ત્રિકાળીદ્રવ્યની ભાવના છે. એવા પંચમસ્વભાવ કાયમનું એકરૂપ જેનું એના ભાવનાથી પંચમગતિએ એટલે મુક્તિ–સિદ્ધગતિએ મુમુક્ષુઓ–મોક્ષના અભિલાષી જીવો **(વર્તમાન કાળે) જાય છે...** અત્યારે પણ જાય છે મહાવિદેહમાંથી. સમજાણું કાંઈ? ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. ત્યાં અત્યારે પણ મુક્તિને પામનારા જીવો છે. **(ભવિષ્ય કાળે)** પણ એથી **જશે.** ત્રિકાળી ભગવાન આત્માની ભાવના કરતા ભવિષ્યમાં પણ એ રીતે જશે. મુક્તિનો પંથ એક છે. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ..'

ભવિષ્ય કાળે જશે **અને (ભૂતકાળે) જતા.** અનંત કાળ ગયો એમાં જેટલા મુક્તિને પામ્યા, સિદ્ધપદને પામ્યા, 'ણમો સિદ્ધાણં' એવી સિદ્ધદશાને પામ્યા, એ બધા ત્રિકાળી ધ્રુવની ભાવનાથી પામ્યા છે. સમજાણું કાંઈ? એ ત્રણ કાળમાં એક પંથ છે એમ કહે છે, એક જ માર્ગ છે. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ..' આહા! જે માણસે પકડ્યું હોયને વ્યવહારનયને, એ (કહે), એ.. આવી ટીકા? આ મુનિની ટીકા પાસ નથી. આચાર્યની જોઈએ. મુનિ પોતે આચાર્ય (સમાન છે). સમકિતી તો સિદ્ધ જેવા છે સમકિતી. જેવું સમકિત તિર્યંચનું, એવું સમકિત સિદ્ધનું. બેમાં ફેર છે કાંઈ? સ્થિરતામાં ફેર એ બીજી વાત છે. સમ્યગ્દર્શનમાં ફેર જરીએ નથી. સમ્યગ્દૃષ્ટિના કથનો, કેવળી કહે તે જ કહે છે. સ્થિરતામાં ફેર છે. મુનિઓ કહે છે તે જ કહે, કેવળી કહે છે તે જ કહે (અને) તે (સમકિતી) કહે તે કેવળી કહે. સમજાણું કાંઈ?

ચાર ભાવ પર્યાયરૂપ છે તેથી તેનો આશ્રય કરવા જેવો નથી માટે એને આવરણવાળા કહ્યા. આ ત્રિકાળી નિરાવરણ છે. **નિરુપાધિ જેનું સ્વરૂપ એવા નિજ પરમ સ્વભાવ...** અરે! વિશ્વાસ તો લાવે હજી. સમજાણું કાંઈ? આવી ચીજ છું હું (એમ) અનુમાનથી, વિકલ્પથી પહેલી

(નક્કી કરે). આહાહા! આવો સ્વભાવ છે, આવી વસ્તુ. સત્તાનું હોવાપણું, પૂર્ણ ભાવ ને સ્વભાવનું હોવાપણું—એવો વિકલ્પથી નિર્ણય કર્યા પછી નિર્વિકલ્પની ભાવનાથી નિર્ણય કરે, ત્યારે એને સાચો નિર્ણય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ક્યાં જવાનું ને ક્યાં માળો રખડે છે? આહાહા! ત્રણ કાળમાં એક માર્ગ છે એમ કીધું. ગયા કાળમાં પણ ત્રિકાળી ધ્રુવસ્વરૂપ એની ભાવનાથી મુક્તિને પામ્યા, વર્તમાનમાં પણ ત્રિકાળી ધ્રુવસ્વરૂપ એટલે શુદ્ધભાવ એની ભાવનાથી પામ્યા, ભવિષ્યમાં પણ એ જ ભાવનાથી પામશે, બીજો કોઈ માર્ગ નથી. સમજાણું કાંઈ?

**હવે ૪૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોકો કહે છે :**

**અંચિતપંચમગતયે પંચમભાવં સ્મરન્તિ વિદ્વાન્સઃ।**
**સંચિતપંચાચારાઃ કિંચનભાવપ્રપંચપરિહીણાઃ ॥૫૮॥**

કહે છે કે, **શ્લોકાર્થ : (જ્ઞાન,** સમ્યક્ **દર્શન,** સમ્યક્ **ચારિત્ર,** સમ્યક્ **તપ અને** સમ્યક્ **વીર્યરૂપ) પાંચ આચારોથી યુક્ત...** પર્યાયમાં–અવસ્થામાં–વર્તમાન હાલતમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ ને વીર્ય—એ પાંચ આચારોથી યુક્ત... આચારોમાં પહેલું જ્ઞાન લીધું. એટલે અહીં લીધું. પાંચ આચાર જ્યાં આવેને ત્યાં પહેલું જ્ઞાન આવે, પછી દર્શન લે. પ્રવચનસારમાં છે. એવા પાંચ આચારો એટલે નિર્વિકલ્પ આચાર હોં. આમ ભણવું ને વિનય કરીને વાંચવું, ફલાણું—એ બધા વિકલ્પની અહીં વાત નથી. પાંચ આચારો—સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ ને વીર્ય જે અંતર ધ્રુવને આશ્રયે પ્રગટ થયેલી દશા એથી યુક્ત–એનાથી સહિત...

**અને કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત...** એક રાગનો પણ જ્યાં પકડ નથી. **કાંઈ પણ પરિગ્રહપ્રપંચ...** આહાહા! એક સમયની પર્યાયનો પણ જ્યાં પકડ નથી. અંશ હોવા છતાં અંશ ઉપર બુદ્ધિ નથી એમ કહે છે. એની પકડ નથી, પકડ છે ધ્રુવની. સમજાણું કાંઈ? માર્ગ એવો લાગે માણસને. માંડ કલાક-બે કલાક નવરા થઈને આવ્યા હોય એમાં આવું માંડે. ઘરે પૂછે કે શું સાંભળ્યું હતું? કોણ જાણે? એમ કહેતા હતા કે પાંચ ભાવ ને એક ભાવ આવો ત્રિકાળી ને ચાર પર્યાય. માર્ગ તો ત્રણે કાળે આ પ્રવાહ ચાલ્યો આવે છે. ત્રણે કાળ, કીધુંને જુઓને! .. ક્યાં છે? છે એમ દેખે છે. વર્તમાન કાળમાં જોવું. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.' એ તો પ્રેરે એટલે નિમિત્તપણાનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા!

પાંચ આચારોથી સહિત હોય છે અને **કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી રહિત** હોય છે, એમ. અહીંથી સહિત ને અહીંથી રહિત. સર્વથા રહિત. મુનિની વાત છેને! જ્ઞાનીને પરિગ્રહ નથી. પર્યાયનો નથી પરિગ્રહ. સકળ નથી. આહાહા! પર્યાય.. પર્યાય. પર્યાયની એકતાબુદ્ધિ એ પરિગ્રહ. પૈસા-બૈસાની ધૂળ ક્યાંય રહી ગઈ. ...પકડ થઈ.... એનો કાગળ નથી આપ્યો કાગળ? એણે કાંઈક....... આમાં નથી. આમાં હતો. પાછળ છે. નાખી દીધો અંદર. કહો, સમજાણું? આ પાંચ આચારોને શું કામ યાદ કર્યા? ઓલો પંચમભાવ છેને. ધ્રુવ પંચમભાવ, પંચમગતિ ને પંચ

આચાર સહિત.—બધા પાંચ. **अंचित** શબ્દ અહીં આવ્યો ન્યાં પંદર (ગાથા)માં હતોને એવો. કારણપર્યાય–કારણપણે પૂજ્ય. કારણપર્યાયમાં **अंचित** હતું. પંચમભાવની કારણપર્યાય પૂજિત છે.

**કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત...** કથંચિત રહિત ને કથંચિત સહિત એમ કહો. ભગવાનનો માર્ગ અનેકાંત છે. આનું નામ જ અનેકાંત છે. કિંચિત્ પરિગ્રહ... વિકલ્પનો પરિગ્રહ નથી, પર્યાયનો પકડ નથી જ્યાં, એમ કહે છે. સમજાણું કાંઈ? **એવા વિદ્વાનો...** ભાષા જુઓ! આને વિદ્વાન કહીએ. એય! આહાહા! પંચ—સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ ને વીર્ય એવી નિર્વિકલ્પદશા–વીતરાગીદશા સહિત અને પરના પરિગ્રહથી રહિત એવા વિદ્વાનો... એને વિદ્વાન કહીએ. આહાહા! એને પંડિત કહીએ કે જે પોતાનું કામ પૂર્ણ કરવાને તત્પર છે. **પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે...** દેખો! પૂજનીય પંચમગતિ. સિદ્ધગતિ પૂજનીય છે. પૂજનીય તો છેને. સમજાણું કાંઈ?

**વિદ્વાનો પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા...** સિદ્ધપણું પ્રાપ્ત કરવા માટે **પંચમભાવને સ્મરે છે.** પંચમભાવને યાદમાં રાખે છે. એના સ્મરણમાં એ આવે છે એમ કહે છે. આહાહા! પહેલો અવગ્રહ, ઇહા, અવાય, ધારણાથી પકડ્યો છે એને, પછી સ્મરણ એનું રહેશે. પંચમભાવ.. ધ્રુવભાવ.. ધ્રુવભાવ.. ધ્રુવભાવ.. ધ્રુવભાવ. સમજાણું કાંઈ? છેને એમાં? **स्मरन्ति** છે. અજ્ઞાની એનું પૂર્વનું યાદ કરે છે, ફલાણું ને ઢીકણું. કહે છે, એ તો બધું પાપનું છે. રાગને યાદ કરે કે અમે આવા પદ કર્યા હતા, અમે આવા પૈસાવાળા હતા અને મોટા બાપના દીકરા હતા, મોટી માના દીકરા છીએ. એ બધા પાપના પોટલાને ક્યાં યાદ કરે છે? આને યાદ કરને! પર્યાયને યાદ શું કરવા કરે છે? આને યાદ કર.

ધ્રુવસ્વભાવ અનાદિ-અનંત નિત્યાનંદ પ્રભુ એવો પંચમભાવ ચાર પર્યાયથી ભિન્ન એને વિદ્વાન કહીએ, એને વિદ્વાન કહીએ.. આહાહા! વિદ્–પોતાના સ્વરૂપની લક્ષ્મીવાળો થયો છે એને વિદ્વાન કહીએ. વિદ્ એટલે જ્ઞાન પણ છે. અહીં તો જ્ઞાનસ્વરૂપ. જ્ઞાનસ્વરૂપ લક્ષ્મી પોતાની પડી છે. એ જ્ઞાનસ્વરૂપી ભગવાન ત્રિકાળી જ્ઞાનનો ગાંગડો એને જે યાદ કરે તેને પંડિત કહીએ, કહે છે. આહાહા! ત્રિકાળ.. ત્રિકાળ જ્ઞાનલક્ષ્મી હોં. પર્યાયની નહીં. **વિદ્વાનો પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે પંચમભાવને (સ્મરે છે)**–યાદ કરે છે એટલે પંચમભાવની ભાવના ભાવે છે. આહાહા! ૫૯ કળશ. કળશ.

**सुकृतमपि समस्तं भोगिनां भोगमूलं**
**त्यजतु परमतत्त्वाभ्यासनिष्णातचित्तः**
**उभयसमयसारं सारतत्त्वस्वरूपं**
**भजतु भवविमुक्त्यै कोऽत्र दोषों मुनीशः ॥५९॥**

**શ્લોકાર્થ : સઘળુંય સુકૃત (શુભ કર્મ) ભોગીઓના ભોગનું મૂળ છે...** આહાહા! શુભભાવ ને શુભકર્મ એ ભોગીના ભોગનું મૂળ છે, યોગીઓના યોગનું એ મૂળ નહીં. આહાહા! સર્વ સુકૃત નામ શુભકર્મ, ભોગીઓ (એટલે) રાગના ભોગવાવાળા, દુઃખના ભોગવાવાળા એનું એ શુભકર્મ મૂળ છે. આત્માના ધર્મના ભોગવવાવાળાને એ કોઈ કારણ છે નહીં એમ કહે છે. શુભકર્મ ને શુભભાવ બેય–બધું ભેગું લીધું. **પરમ તત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા મુનીશ્વર...** પરમ તત્ત્વ એવો જે ભગવાન આત્મસ્વભાવ ત્રિકાળી, એના અભ્યાસમાં નિષ્ણાંત–નિપુણ... પંચમ પારિણામિકભાવમાં એકાગ્ર થવાને નિપુણ ચિત્તવાળા મુનિશ્વર... મુનિશ્વરની મુખ્યતાથી વાત કરે છેને.

**ભવથી વિમુક્ત થવા અર્થે...** અરે! ચોરાશીના અવતારથી મૂકાવા માટે, સંસારથી મૂકાવા માટે, જન્મથી મૂકાવા માટે **તે સઘળાય શુભ કર્મને છોડો...** શુભભાવ આવે, હોય, પણ દૃષ્ટિમાં છોડ્યા વિના એને સમ્યગ્દર્શન થાય નહીં. આહાહા! **સઘળાય શુભકર્મને છોડો અને સારતત્ત્વસ્વરૂપ...** સમયસાર સારભૂત તત્ત્વ છે. કારણસમયસાર ત્રિકાળી અને કાર્યસમયસાર **એવા ઉભય સમયસારને ભજો**. લ્યો, પ્રગટ કરવા જેવું સમયસાર કાર્યસમયસાર છે. કારણસમયસાર પોતે છે. ત્રિકાળી ભગવાનસ્વરૂપને કારણસમયસાર કહીએ, પ્રગટ તત્ત્વ કેવળજ્ઞાનાદિ કાર્યસમયસાર કહીએ.

**એવા ઉભય સમયસારને ભજો.** ભજો એ મોક્ષનો માર્ગ થયો. સમજાણું કાંઈ? શું કીધું એ? ત્રણે આવી ગયા. ત્રિકાળી કારણસમયસાર ધ્રુવ એને ભજો અને કેવળજ્ઞાનની મુક્તિનો પર્યાય કાર્યસમયસાર એને ભજો. ભજો એ માર્ગ થઈ ગયો. સમજાણું કાંઈ? પોતાનો સ્વભાવ ધ્રુવ ચૈતન્ય મહા અસ્તિનું દળ એને ભજો, એકાગ્ર થાઓ. અને મુક્તિ પ્રગટ કરવી છે માટે એને પણ ભજો એમ. એનો અર્થ એ. આનું ભજન એટલે એમાં આવી ગયું. **એમાં શો દોષ છે?** કહે છે. આહાહા! બધું મૂકીને આમાં રમે એમાં વાંધો શું? કહે છે.

અરે! આ બધા બહારના પ્રવચન અટકી જાશે, આ ફલાણું અટકી ગયું, આ ફલાણું અટકી ગયું, મૌન કરીને ધ્યાન કરશે તો આ બહારનું પ્રવચન, જૈનશાસનની પ્રભાવના નહીં થાય. અરે સાંભળને હવે! એને કારણે થાય તો એમાં દોષ શું છે? એમ કહે છે. એ અટકે તો તારે શું છે પણ? એ તો એને કારણે થાય છે. એને કારણે થાય છે માટે તારે અહીં (લક્ષ) કરવા જેવું છે. એ ન કર તો એમાં દોષ શું છે? એમ કહે છે. શુભવિકલ્પ પણ ન કરે, એનાથી જિનશાસનની વ્યવહાર પ્રભાવના થાય, એમાં દોષ શું છે? આહાહા! સમજાણું કાંઈ? કરવા જેવું તો આ છે. **એમાં શો દોષ છે?** એમ કહીને એ કહે છે હોં. આ બધી સંભાળ કરવી તીર્થની, સાધુની, ફલાણું કરવું જાત્રા, આ ફલાણા શાસ્ત્રો રચવા, ફલાણા... આને ભજે તો ઓલું બધું અટકી જાશે. તારા શેઢામાં નહીં થાય. પણ એમાં દોષ શો છે? એ તો અહીં ઠરવું એ જ કામ છે. એનું કરવું કોણ કરતો હતો? એ ગાથા પૂરી થઈ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**મહા સુદ ૧૩, શુક્રવાર, તા. ૨૮-૧-૧૯૭૨**
**ગાથા-૪૨, પ્રવચન નં. ૩૭**

નિયમસાર.

**चउगइभवसंभमणं जाइजरामरणरोगसोगा य।**
**कुलजोणिजीवमग्गणठाणा जीवस्स णो संति॥४२॥**
**ચઉગતિભ્રમણ નહિ, જન્મ મરણ ન, રોગ શોક જરા નહીં,**
**કુળ, યોનિ કે જીવસ્થાન માર્ગણસ્થાન જીવને છે નહીં. ૪૨.**

જીવને નથી એટલે જડને હશે આ? શુદ્ધ જે ધ્રુવસ્વરૂપ છે... આ શુદ્ધભાવ અધિકાર છેને. શુદ્ધભાવ જે ત્રિકાળ ધ્રુવ જ્ઞાયકભાવ એમાં આ બધા ભેદો નથી. પર્યાયનયે એ છે. પર્યાયનયે સત્ છે. વેદાંતની પેઠે અસત્ય છે નહીં. ક્યાંય છે જ નહીં એમ નથી. પર્યાયનયે આ બધા ભાગો છે. વસ્તુદૃષ્ટિએ ત્રિકાળ દ્રવ્યસ્વભાવ એમાં એ નથી, એથી એ દૃષ્ટિનો વિષય નથી.

**ટીકા : શુદ્ધ નિશ્ચયનયે...** શુદ્ધ નિશ્ચય સ્વના સ્વભાવની દૃષ્ટિવાળી નયે **શુદ્ધ જીવને** એટલે શુદ્ધભાવસ્વરૂપને **સમસ્ત સંસારવિકારનો સમુદાય નથી...** સંસારના જેટલા ભેદો-વિશેષભાવો કે વિકારો એ બધું વિશેષ છે, એ સમસ્ત સમુદાય જીવના ધ્રુવ શુદ્ધભાવમાં નથી. એથી શુદ્ધભાવની દૃષ્ટિ કરવાલાયક છે એમ કહે છે. **એમ અહીં (આ ગાથામાં) કહ્યું છે. દ્રવ્યકર્મ**—જડકર્મ જે જ્ઞાનાવરણાદિ આઠ, **ભાવકર્મ** એ પુણ્યપાપના વિકલ્પ એનો **સ્વીકાર નહિ હોવાથી...** શુદ્ધભાવમાં એનો સ્વીકાર નથી. આનું ગજું નથી કે ત્રિકાળી ધ્રુવસ્વભાવમાં અંદર પ્રવેશ કરે. એટલે એમાં સ્વીકાર નહીં એવા **જીવને નારકત્વ, તિર્યંચત્વ, મનુષ્યત્વ અને દેવત્વસ્વરૂપ ચાર ગતિઓનું પરિભ્રમણ નથી.** કહો, સમજાણું કાંઈ?

શુદ્ધભાવ એવો ત્રિકાળી સ્વભાવ એમાં ચાર ગતિનું પરિભ્રમણ છે નહીં. આ ચાર ગતિનું પરિભ્રમણ ટાળવું હોય એણે શુદ્ધભાવનો આશ્રય કરવો, એમ કહે છે. એને આ કારણે ચાર ગતિનું પરિભ્રમણ નથી લ્યો. મનુષ્યપણું જ દ્રવ્યમાં નથી એમ કહે છે. મનુષ્યપણાથી કેવળ થાય અને મનુષ્યપણાથી લાભ થાય—એવું છે નહીં. એના સ્વભાવમાં તો પૂર્ણ જ્ઞાન ને આનંદ છે, એનાથી જીવને લાભ થાય શાંતિ ને આનંદનો. આ ચાર ગતિથી થાય નહીં, કેમકે એમાં નથી તો એનાથી કેમ લાભ થાય? વળી **નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપ કારણપરમાત્મસ્વરૂપ જીવને...** આહાહા! **નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપ કારણપરમાત્મસ્વરૂપ જીવને...** એટલે એ લેવું છે. નિત્ય શુદ્ધ ચિદાનંદરૂપ સહજાનંદરૂપ એવો ભગવાન પૂર્ણ સ્વરૂપ કારણપરમાત્મસ્વરૂપ જે

ત્રિકાળ દ્રવ્યસ્વભાવ, પવિત્ર કારણસ્વભાવ એવા જીવને, એવા સ્વરૂપ જીવને, એમ. શુદ્ધભાવસ્વરૂપ જીવને, એમ કહેવું છે.

**દ્રવ્યકર્મ** જડ **તથા ભાવકર્મના ગ્રહણને યોગ્ય વિભાવપરિણતિનો અભાવ હોવાથી...** ભગવાન આત્માના સ્વભાવમાં વિભાવ અવસ્થાનો અભાવ હોવાથી એને જાતિ નથી. જાતિ એટલે **જન્મ**. એને જન્મ છે નહીં. ભગવાન આત્મા જન્મે નહીં. **જરા** નથી. શરીરની ઝીર્ણતા, વૃદ્ધવસ્થા વસ્તુમાં નથી. એ તો શરીરની દશા છે. **મરણ** નથી. આત્માના સ્વભાવમાં મરણ કેવું? દેહનું છૂટવું એને મરણ કહે, પણ વસ્તુમાં કંઈ છે જ નહીં. આહા! આત્મા જન્મતોય નથી ને મરતોય નથી એમ કહેવું છે. જન્મ, જરા ને મરણ આત્મામાં નથી. એવો જે ત્રિકાળી શુદ્ધ કારણપરમાત્મા એનો આશ્રય કરવા જેવો છે, એને ધ્યેય બનાવીને ધ્યાનમાં પકડવાનો છે, એમ કહે છે.

**રોગ** નથી. નિરોગ આનંદકંદ પ્રભુ નિત્ય શુદ્ધ એવો કારણપ્રભુ આત્મા, જેમાંથી કાર્ય–પરમાત્મદશા પ્રગટ–વ્યક્ત થાય એવું જે કારણસ્વરૂપ ત્રિકાળી એમાં રોગ નથી. **શોક નથી.** વળી **ચતુર્ગતિ (ચાર ગતિના) જીવોનાં કુળ** એટલે શરીરની ઉત્પત્તિની ભિન્ન-ભિન્નતા **તથા યોનિ**–એને ઉપજવાના સ્થાનોની ભિન્ન-ભિન્નતા એવા **ભેદ જીવમાં નથી.** પર્યાયનયે, વ્યવહારનયે એ છે, વસ્તુની દૃષ્ટિએ એમાં છે નહીં. સમજાણું કાંઈ? **એમ (હવે) કહેવામાં આવે છે. તે આ પ્રમાણે : પૃથ્વીકાયિક જીવોનાં બાવીશ લાખ કરોડ કુળ છે...** કરોડ ત્યાં લેવું. કુળ એટલે શરીરની ભિન્ન-ભિન્નતા વર્ણ-ગંધ-રસ-સ્પર્શની, એવા શરીર ઉત્પન્ન થાય એને કુળ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ છાણમાં, બગડેલા ઘીમાં ભિન્ન-ભિન્ન જાતિની ઇયળું થાય છેને. એ ઇયળનો આકાર જુદો, એની લંબાઈ, એનું અવગાહન વગેરે એ બધા કુળ કહેવાય છે. સમજાણું કાંઈ? એવા પૃથ્વીના કુળ એ આત્મામાં નથી.

**અપ્કાયિક જીવોનાં સાત લાખ કરોડ કુળ છે...** ક્રોડ છેને એને ઠેકાણે કરોડ લખવું. પાણીના જીવના... પાણીમાં પાણીના જીવો (એટલે) શરીર એના હોં. ભિન્ન-ભિન્ન જાતના ઉપજે એને કુળ કહેવામાં આવે છે. વર્ણ-રસ-ગંધ-સ્પર્શના ભેદે શરીરમાં એ જાતની વિભિન્નતા ભાસે એને કુળ કહેવામાં આવે છે. **તેજકાયિક જીવોનાં ત્રણ લાખ કરોડ કુળ છે, વાયુકાયિક જીવોનાં સાત લાખ કરોડ કુળ છે, વનસ્પતિકાયિક જીવોનાં અઠ્ઠાવીશ લાખ કરોડ કુળ છે...** નિગોદ ને પ્રત્યેક બેય ભેગી થઈને. સમજાણું? નિગોદના કુળો ને પ્રત્યેકના બેય ભેગા થઈને આ છે. **દ્વીંદ્રિય જીવોનાં સાત લાખ કરોડ કુળ છે...** દ્વિન્દ્રિય. ઓલું એકેન્દ્રિય આવ્યું પહેલું. દ્વિન્દ્રિયના સાત લાખ કરોડ.

**ત્રીંદ્રિય જીવોનાં આઠ લાખ કરોડ કુળ છે, ચતુરિંદ્રિય જીવોનાં નવ લાખ કરોડ કુળ છે, પંચેન્દ્રિય જીવોને વિષે જળચર જીવોના...** જુઓ! જેટલા વ્યવહારના પ્રકાર છે, જૈનદર્શનમાં

વ્યવહારનો વિષય, એ બધાય ભિન્ન-ભિન્ન પ્રકારે વર્ણવ્યું છે અને પછી નિષેધ કર્યો છે કે એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? એની અસ્તિ સિદ્ધ કરે છે. આત્મા એક જ છે, બીજી વસ્તુ કાંઈ છે જ નહીં, બધો ભ્રમ છે આ એકેન્દ્રિય, બેન્દ્રિય, ત્રિઇન્દ્રિય, ચૌન્દ્રિય ને કુળ (આદિ) બધું—એમ નથી. પર્યાયનયે, વ્યવહારનયે છે. વ્યવહારથી વ્યવહારનય સત્ છે. સમજાણું કાંઈ? પણ અંતર વસ્તુના નયે–દૃષ્ટિએ એ અસત્ય નામ જૂઠા છે.

પંચેન્દ્રિયને વિષે વિશે જળચર જીવો (એટલે) પાણીમાં ઉપજે એ, એના **સાડા બાર લાખ કરોડ કુળ છે, ખેચર**–ઉપર પંખી એ **જીવોનાં બાર લાખ કરોડ કુળ છે, ચાર પગવાળા જીવોનાં દશ લાખ કરોડ કુળ છે...** આ ચાર પગવાળા પશુના. **સર્પાદિક પેટે ચાલનારા જીવોનાં નવ લાખ કરોડ કુળ છે, નારકોનાં પચીસ લાખ કરોડ કુળ છે...** નારકીના શરીરની ભિન્નતા એના વર્ણ-ગંધ-રસ-સ્પર્શની જાત હોં એની. **મનુષ્યોનાં બાર લાખ કરોડ કુળ છે અને દેવોનાં છવ્વીશ લાખ કરોડ કુળ છે. બધાં થઈને એક સો સાડી સત્તાણું લાખ કરોડ (૧૯૭૫૦૦૦૦૦૦૦૦૦૦) કુળ છે.** આ દરેક કુળમાં અનંતવાર જન્મ્યો છે. આ કુળ નહીં, પણ આ કુળ–શરીરની જાતનું કુળ એમ કહે છે. સમજાણું કાંઈ?

એકેક કુળે આવા વર્ણ-ગંધ-રસ-સ્પર્શનો એક ભાગ, એવો બીજો વર્ણ-ગંધ-રસ-સ્પર્શનો, એવો ત્રીજો—એવા એવા આટલા એકસો સાડી સત્તાણું લાખ કરોડ કુળ છે. આ પારેખ કુળ ને ફલાણું કુળ એ નહીં. એ તો ઉપચારથી કહેવાણા. આ વાસ્તવિક છે પર્યાયમાં. છતાં એની ચીજમાં નથી. પર્યાયદૃષ્ટિએ જીવની પર્યાયમાં ઊભા થયેલા છે. જીવની યોગ્યતા છેને એ પ્રકારના શરીરે ઉપજે એવું. કહો, સમજાણું કાંઈ? જીવોના કહ્યા છેને આ? પણ જીવના શરીર એવા વર્ણ-ગંધ-રસ-સ્પર્શના આકારે એવો જીવ ત્યાં પ્રકારે ભિન્ન પડે એને કુળ કહેવામાં આવે છે. હવે એના ઉત્પત્તિસ્થાન.

**પૃથ્વીકાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ** એટલે ઉત્પત્તિસ્થાન **છે...** નીચે ઉપજવાના એના ભેદો આટલા. ઓલા શરીરની જાત એમાં ઉપજે જીવ એને જીવના કુળ કહેવાય છે. **અપ્કાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ છે, તેજકાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ છે, વાયુકાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ છે, નિત્ય નિગોદી જીવોનાં સાત લાખ યોનિમુખ છે, ચતુર્ગતિ (-ચાર ગતિમાં પરિભ્રમણ કરનારા અર્થાત્ ઈતર) નિગોદી જીવોનાં...** એના અહીં ભેદ પાડ્યા આમાં. નિત્યનિગોદના જીવોના **સાત લાખ યોનિમુખ છે, વનસ્પતિકાયિક જીવોનાં દશ લાખ યોનિમુખ છે..** અને પ્રત્યેકના પાછા જુદા પાડ્યા પાછા. નિત્યનિગોદ ને બીજા (-ઇતર)—આ બે ને ઓલા (પ્રત્યેક) એમ ત્રણ ભેદ પાડ્યા. ઓલા કુળમાં એક જ હતું. **દ્વીંદ્રિય જીવોનાં બે લાખ યોનિમુખ છે...** બે ઇન્દ્રિયને ઉપજવાના સ્થાન હોં નીચે.

**ત્રીંદ્રિય જીવોનાં બે લાખ યોનિમુખ છે, ચતુરિંદ્રિય જીવોનાં બે લાખ યોનિમુખ છે, દેવોનાં ચાર લાખ યોનિમુખ છે, નારકોનાં ચાર લાખ યોનિમુખ છે, તિર્યંચ જીવોનાં ચાર લાખ યોનિમુખ છે, મનુષ્યોનાં ચૌદ લાખ યોનિમુખ છે.** એકની એક માતાથી ઉત્પન્ન થતાં એના ઉપજવાના સ્થાનભેદ હોય. સમજાણું કાંઈ? એકની એક માતાથી ઉત્પન્ન થનારા જીવો, છતાં પણ એક માતાનું જ્યારે ઉત્પત્તિસ્થાન હોય એવું બીજાને ન હોય, ત્રીજાને ન હોય, એમ ભિન્ન-ભિન્ન હોય. એવી આ ઝીણી વાત છે બધી. ચોર્યાસી લાખ તો એ લોકોય કહે છે અન્યમતિ. કહે પણ, ચોર્યાસી લાખ શું વસ્તુ છે, કેમ છે, સર્વજ્ઞ સિવાય એ વસ્તુ હોઈ શકે નહીં. થઈ રહ્યું. ચોર્યાસી લાખ... ભેદ થઈ જાય, વિકાર થઈ જાય, વિકારનું નિમિત્ત સિદ્ધ થાય, બધું વ્યવહાર સિદ્ધ થઈ જાય, નિશ્ચય જુદો રહે, બધું વાત થઈ જાય. આવી વાત... એક-એક શૈલીથી સમયસાર ને નિયમસારમાં છે.

**(બધાં થઈને ૮૪૦૦૦૦૦ યોનિમુખ છે).** સ્થાન છે ઉપજવાના. જીવ અનંતા અને એને ઉપજવાના સ્થાન ચોર્યાસી લાખ છે. **સૂક્ષ્મ એકેંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત** જીવના સ્થાન વર્ણવે છે. જીવના સ્થાન છે, પણ શુદ્ધભાવમાં નથી એમ કહે છે. જીવના સ્થાન જીવને નથી. ભેદો નથી. ભેદ પર્યાયનયે છે, વસ્તુદૃષ્ટિએ એવા શુદ્ધભાવમાં આવા ભેદો છે નહીં. આહાહા! **સ્થૂલ એકેંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, દ્વીંદ્રિય પર્યાપ્ત અપર્યાપ્ત, ત્રીંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, ચતુરિંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, અસંજ્ઞી પંચેદ્રિય પર્યાપ્ત અપર્યાપ્ત, સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત—એવા ભેદોવાળાં ચૌદ જીવસ્થાનો છે.** એ આત્માના શુદ્ધભાવ ત્રિકાળમાં નથી.

**ગતિ...** લ્યો, માર્ગણાની ગતિ. એ ગતિના ભેદોમાં શોધવું એ દ્રવ્યમાં નથી, પર્યાયમાં છે. **ઇન્દ્રિય** પાંચ એ દ્રવ્યસ્વભાવ શુદ્ધ ધ્રુવસ્વભાવ એમાં નથી. શુદ્ધભાવસ્વભાવ એમાં નથી, પર્યાયમાં છે. **કાય...** મન-વચન ને કાયા એના ભેદો, પંદર ભેદ છેને. કાયના અમુક પ્રકાર, યોગના પંદર ભેદ એ પણ આત્મામાં નથી. પંદર ભેદ પર્યાયમાં છે. મનના ચાર, વચનના ચાર—આઠ ને કાય એના સાત. એવા **યોગ**—પર્યાયની યોગ્યતા પર્યાયમાં છે, વસ્તુમાં નથી. માળું આવું બધું! **વેદ**... ભાવવેદ પર્યાયમાં છે, વસ્તુમાં નથી. સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદનો જે વિકારનો વિકલ્પ એ ત્રિકાળીમાં નથી. પર્યાયમાં છે, વ્યવહારનયે છે. આહાહા! માટે ત્રિકાળીનો આશ્રય લે તો એ ટળી શકે. એનો ને એનો આશ્રય લે તો ટળે નહીં.

નિયમસાર (એટલે) મોક્ષમાર્ગ છેને અહીંયા. ત્રિકાળીનો આશ્રય લે તો મોક્ષમાર્ગ પ્રગટે. પર્યાયનો આશ્રય લે તો બંધ માર્ગ જે અનાદિનો છે એનો એ રહે. આહાહા! આવી ભિન્ન-ભિન્ન, જિનેન્દ્રદેવ વીતરાગમાર્ગ સિવાય આવા વ્યવહારની વિધિની રીતેય ક્યાં છે બીજે? વ્યવહાર વર્ણવે છે. વ્યવહાર છે, ત્રિકાળી વસ્તુમાં નથી, પર્યાયમાં છે. વેદાંત કહે છે, બ્રહ્મ સત્ય ને જગત મિથ્યા. એમ નથી. જગત જગતના સ્થાનમાં છે, પર્યાય પર્યાયના સ્થાનમાં છે.

આહાહા! સમજાણું કાંઈ? પોતાનો ત્રિકાળી ધ્રુવ ચૈતન્યઘન પ્રભુ એમાં નજર નાખે આનંદ આવે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. એવી અંતરની ચીજ એમાં આ બધા ભેદો નથી. વેદ નથી, **કષાય** નથી. લ્યો, ક્રોધ, માન, માયા, લોભ આદિના ભેદો અંદરમાં નથી–વસ્તુમાં નથી, પર્યાયમાં છે.

**જ્ઞાન**ના ભેદો, લ્યો. જ્ઞાન મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ, ત્રણ અજ્ઞાન પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી. આહાહા! કહો, સમજાણું કાંઈ? કેવળજ્ઞાન પણ પર્યાયમાં છે. કાંઈ દ્રવ્યમાં–શુદ્ધભાવ ત્રિકાળમાં નથી. એ તો પારિણામિકભાવે વસ્તુ છે અને આ તો ક્ષાયિકભાવે છે. સમજાણું કાંઈ? એ આઠ બોલ. **સંયમ...** સામાયિક, ..., અસંયમ ને સંયમાસંયમ આદિ એ બધા ભેદો દ્રવ્યમાં નથી. પર્યાયના ભેદ છે એ બધા. **દર્શન...** લ્યો. ચક્ષુ, અચક્ષુ, અવધિ, કેવળ દર્શન છેને ચાર, એ પર્યાયમાં છે, શુદ્ધભાવ ધ્રુવમાં નથી. આહાહા! **લેશ્યા...** છ લેશ્યાઓ પર્યાયમાં છે, વસ્તુમાં નથી. અહીં પર્યાયમાં છે ને વસ્તુમાં નથી? આહાહા! ત્રિકાળી ધ્રુવતત્ત્વનું સત્ત્વ આખું એકરૂપ ચૈતન્ય બિરાજે છે એમાં આ છે નહીં. એના ભેદ–પર્યાયમાં છે એ બધું. **ભવ્યત્વ..** અભવ્યત્વ લ્યો, ઠીક. એ છોટાભાઈ! શું આવ્યું આ? ભવ્યત્વ-અભવ્યત્વ દ્રવ્યમાં નથી, પર્યાયના ભેદ છે એ બધા, એમ કહે છે.

આ કાલ પ્રશ્ન હતો કે નહીં? આ આવ્યું તાકડે. એ ગુણની એ પર્યાય. આ પ્રશ્ન ઉઠે. પણ પર્યાય છે એ જાતની યોગ્યતા. એટલે પર્યાયની અંદર ગુણ ન હોય ને પર્યાય હોય. સાંભળ્યું છે? એ આવ્યું નથી? ઓલામાં આવ્યું છે ચિદ્વિલાસમાં. ચિદ્વિલાસમાં આવ્યું છે. કર્મની પર્યાય છે એનો ક્યો ગુણ? એ બે બોલ આવ્યા છે. એ કાઢ્યું હતું, કહ્યું હતું. શબ્દની પર્યાય. શબ્દની પર્યાય, લ્યો એ ક્યા ગુણની છે? એ પર્યાયની સ્થિતિ છે. કર્મની પર્યાય, લ્યોને વિકારી થાય પરમાણુ. ક્યો ગુણ છે એનો? એમાં આવે છે, ચિદ્વિલાસમાં આવે છે. દીપચંદજી. ભવ્યત્વ-અભવ્યત્વ... હવે ભવ્ય-અભવ્ય શોધવાનું (છોડી) આત્મા પોતે છે એને શોધ ને! એમ કહે છે. ભવિ હશે કે અભવિ હશે એ તો પર્યાયબુદ્ધિની વાત છે એમ કહે છે. સમજાણું કાંઈ? ત્રિકાળ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એમાં એ ભવ્ય-અભવ્યપણું બેય છે નહીં. લાયકાત અને અલાયકાત એ પર્યાયની વાત છે, વસ્તુમાં નથી એમ કહે છે. **સમકિત...** ઉપશમ ને ક્ષાયિક ને ક્ષયોપશમ ને મિથ્યાત્વ ને સાસાદન—એ બધા પ્રકારો એ બધી પર્યાયોમાં છે, વસ્તુમાં નથી. ક્ષાયિકસમકિત દ્રવ્યમાં નથી એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

**સંજ્ઞિત્વ...** સંજ્ઞી-અસંજ્ઞીપણું નથી. વસ્તુમાં સંજ્ઞીપણું, આ ક્ષયોપશમભાવે ... ઓલો ઓછો થવો એમાં એ છે નહીં. **આહાર**-અનાહાર આત્મામાં નથી. આહાહા! **એવા ભેદસ્વરૂપ (ચૌદ) માર્ગણાસ્થાનો છે. આ બધા, તે ભગવાન પરમાત્માને**... પરમાત્મા ક્યો? આ આત્મા હોં. આહાહા! **તે ભગવાન પરમાત્માને શુદ્ધનિશ્ચયનયના બળે**–નિશ્ચયનયના બળે એટલે (-

**શુદ્ધનિશ્ચયનયે) નથી,** એમ. શુદ્ધનિશ્ચય.. શુદ્ધનિશ્ચય યથાર્થદૃષ્ટિના વિષયમાં એ નથી. **એમ ભગવાન સૂત્રકર્તાનો (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવનો) અભિપ્રાય છે.** પદ્મપ્રભમલધારિદેવ મુનિ પણ એમ કહે છે. પદ્મપ્રભમલધારિદેવ મુનિ છે, પંચમહાવ્રતના વિકલ્પ વ્યવહારે છે, છઠ્ઠું ગુણસ્થાન છે, નિશ્ચયે સ્વરૂપનું સાતમું આવે છે. એ કહે છે કે આમ ભગવાન સૂત્રકર્તા... મહિમા એમની લાવીને...

ટીકામાં છેને? **भगवतां सूत्रकृतामभिप्रायः** પોતે મુનિ કહે છે. ઓહો! ભગવંત કુંદકુંદાચાર્ય એમનો આ અભિપ્રાય છે કે શુદ્ધભાવ પરમાત્મસ્વરૂપ ત્રિકાળી, જેનો આશ્રય લેવાયોગ્ય છે, જેનું અવલંબન કરવાલાયક છે, જેનું ધ્યાન કરવાલાયક છે એવી ચીજમાં આ નથી. એમ ભગવાન કુંદકુંદાચાર્યનો અભિપ્રાય છે એમ કહ્યુંને. કહો, પદ્મપ્રભમલધારિદેવને પણ (એમ કહેવું પડ્યું કે) કુંદકુંદાચાર્ય એમ કહે છે, લ્યો. હવે અત્યારે કેટલાક કુંદકુંદાચાર્યને..... એના કરતાં ફલાણું ઠીક છે. અમૃતચંદ્રાચાર્યે ટીકા કરી એ કરતાં જયસેનાચાર્યની ઠીક છે. અમૃતચંદ્રાચાર્ય કરતાં કુંદકુંદાચાર્યે ઘણું ગંભીર કહ્યું છે પાઠમાં. ઓહો! 'હુએ ન હોવેંગે કુંદકુંદાચાર્ય..' એવી ચીજ છે. જે રીતે ચાર શાસ્ત્રો ને બીજા અષ્ટપાહુડ (આદિમાં) અલૌકિક રીતે ભરતક્ષેત્રમાં કેવળજ્ઞાનનો વિરહ ભૂલાવે એવી વાત મૂકી છે બધી. કહો, આત્મા આપે ત્યારે સમજે. એવું છે. આહાહા!

**એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૩૫-૩૬મા બે શ્લોકો દ્વારા) કહ્યું છે કે..** આધાર આપે છે.

**सकलमपि विहायाह्नाय विच्छक्तिरिक्तिं**
**स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम् ।**
**इममुपरि चरंतं चारू विश्वस्य साक्षात्**
**कलयतु परमात्मात्मानमात्मन्यनन्तम् ॥**

**શ્લોકાર્થ :** અહો! **ચિત્શક્તિથી રહિત...** જેમાં જ્ઞાનતત્ત્વ ભર્યું છે એવો જે ભગવાન આત્મા... 'શક્તિ' વાપર્યો છે અહીં શબ્દ. સમજાણું કાંઈ? એ શક્તિરૂપ છે, ગુણરૂપ છે, ભાવરૂપ છે, સત્‌ના સત્વરૂપ છે. સત્ એવો ભગવાન આત્મા એનું સત્ત્વ ચિત્શક્તિરૂપ છે. એ **ચિત્શક્તિથી રહિત...** જ્ઞાનભાવ સ્વભાવભાવ એનાથી રહિત **અન્ય સકળ ભાવોને મૂળથી છોડીને...** એના સિવાય બધાય ભાવો-સકળ ભાવો-બધી પર્યાયોને મૂળથી છોડીને **અને ચિત્શક્તિમાત્ર એવા નિજ આત્માનું...** દેખો! આત્માની પર્યાયોમાં આ બધા ભાવો હો, છે, પણ એ ચિત્શક્તિથી તો રહિત છે અને ચિત્શક્તિ આનાથી રહિત છે. આહાહા! સમજાણું કાંઈ? ચિત્શક્તિ-જ્ઞાનશક્તિ.. શક્તિ, જેમાંથી વ્યક્ત પર્યાય કેવળજ્ઞાનાદિ થાય એવું જે આત્માનું

નિજ ચિત્શક્તિ કારણસ્વરૂપ પરમાત્મા એ શક્તિથી રહિત... શું કીધું? જેટલા ભેદ છે એ ચિત્શક્તિથી રહિત છે.

**અન્ય સકળ ભાવોને**... ચિત્શક્તિમાં નથી એ વાત ન કરતા, અહીં તો ચિત્શક્તિથી ભાવો રહિત છે એટલે ચિત્શક્તિમાં એ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આ વાત તો, હજી આત્મા કેવડો ને કેવો એ વાત ચાલે છે. ચિદ્-જ્ઞાન એકલો જેનો સ્વભાવ છે, એને ક્ષેત્રની જરૂર નથી, એને કાળની જરૂર નથી કે આમ ત્રણ કાળ રહે તો આવડો હોય. એ તો એક સમયમાં જ આવડું ચિત્શક્તિનું આખું રૂપ છે. સમજાણું કાંઈ? એવી જ્ઞાનની શક્તિસ્વરૂપ જે ભગવાન આત્મા તેનાથી તો આ બધું રહિત છે. અખંડ જ્ઞાનસ્વભાવ... આ બધા કુળ, યોનિ, માર્ગણાભેદો, માર્ગણા આદિ કીધુંને, એ ચિત્શક્તિથી બધી રહિત છે. ભેદો બધા છેને જ્ઞાનના પાંચ ભેદ, અજ્ઞાનના (ત્રણ), ગતિ ને વેદ વિગેરે, વિગેરે એ ચિત્શક્તિથી રહિત છે. લે! આહાહા! આમાં ના પાડીને. શુદ્ધનિશ્ચયના કારણે આમાં આ નથી. અહીં કહે છે કે એ ચિત્શક્તિ એમાં નથી. આહાહા!

**અન્ય સકળ ભાવોને મૂળથી છોડીને અને ચિત્શક્તિમાત્ર એવો નિજ આત્મા**... લ્યો, બે ભાવ કહ્યા. એક પર્યાયનો ભાગ એ ચિત્શક્તિરહિત અને આત્માનો ભાવ એ ત્રિકાળ ચિત્શક્તિ સહિત. સમજાણું કાંઈ? જ્ઞાનસ્વભાવ-એકલો જ્ઞાનસ્વભાવ.. એવી જ્ઞાનશક્તિ કહો, જ્ઞાનગુણ કહો, જ્ઞાયકભાવ કહો, ચિત્શક્તિ કહો—એવા માત્ર **નિજ આત્માનું**... કારણ કે એ બધા ભાવો છે એ ચિત્શક્તિ રહિત છે, માટે ચિત્શક્તિ સહિત એવા આત્માનું **અતિ સ્ફુટપણે અવગાહન કરીને...** આહાહા! પ્રત્યક્ષ જ્ઞાનને અંદર પકડીને, પ્રત્યક્ષજ્ઞાન દ્વારા અંદર અવગાહન દઈને... આહાહા! સ્ફુટ એટલે પ્રત્યક્ષ, અવગાહન કરીને... અંદર મતિ અને શ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ... જેને નિમિત્ત ને વિકલ્પનો આશ્રય નહીં એવા મતિ અને શ્રુતજ્ઞાન દ્વારા અવગાહન કરીને... આહાહા! વળી કહ્યું કે મતિ ને શ્રુત એ ચિત્શક્તિ રહિત છે, વળી કહ્યું કે મતિ ને શ્રુત એ ચિત્શક્તિમાં નથી. અનેકાંત છેને. સમજાણું કાંઈ?

મતિ ને શ્રુત સમ્યગ્જ્ઞાન એ પણ ચિત્શક્તિ રહિત છે અને ચિત્શક્તિ મતિ-શ્રુતજ્ઞાનથી રહિત છે. છતાં એ ચિત્શક્તિને વર્તમાન પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા અવગાહન-પ્રવેશ કરીને, એમ. અતિ (સ્ફુટપણે) અવગાહન કરીને... આ મૂળ સ્વભાવ એવો છે કે માણસને પહેલો સમજવો જ કઠણ પડે. આવડું મોટું તત્ત્વ ક્યાં પણ? જેમાં પાંચ પર્યાયોય નહીં, મતિ-શ્રુત, કેવળજ્ઞાન-કેવળદર્શનેય નહીં, જેમાં ક્ષાયિક સમકિત નહીં, જેમાં ગતિ આદિ કાંઈ નહીં. આહાહા! ચારિત્ર પાંચ, છ, સાતમે (ગુણસ્થાને) લીધું છે ભાઈએ. સામાયિક ને ચોવીસ..... સામાયિક અને છેદોપસ્થાપના, પરિહાર, ક્ષયોપશમ, યથાખ્યાત, અસંયમ, સંયમાસંયમ... કહે છે કે એ પર્યાયમાં હો, પણ ચિત્શક્તિથી રહિત છે અને ચિત્શક્તિમાં એ ભેદ નથી. કહો, સમજાણું

કાંઈ? ભવ્યત્વ-અભવ્યત્વના ભેદો ચિત્શક્તિથી રહિત છે. એ છોટાભાઈ! ભવિ-અભવિની પર્યાય ચિત્શક્તિ રહિત છે. ભવિ-અભવિની પર્યાય ચિત્શક્તિમાં નથી (અને) ભવિ-અભવિ પર્યાયમાં ચિત્શક્તિ નથી. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! ભંડાર ખોલ્યો છે એકલો. પર્યાયની એકતાબુદ્ધિએ તાળું માર્યું છે દ્રવ્યમાં. પર્યાયની એકતાબુદ્ધિ છોડીને અંતર અવગાહન કરે, એમ કહે છે.

**આત્મા સમસ્ત વિશ્વના ઉપર** તરતો દેખાય, એમ કહે. દેખાય પાછો પર્યાયમાં. સમજાણું કાંઈ? પણ આ તદ્દન જુદો છે.. તદ્દન જુદો છે. **આત્મા સમસ્ત વિશ્વના ઉપર**... સમસ્ત વિશ્વ છે. આ અનેક પ્રકાર એને પણ વિશ્વ કહેવામાં આવે છે. આ બધા પ્રકાર કીધાને—ચૌદ માર્ગણાસ્થાન, જીવસ્થાન ને યોનિ, કુળ ને જાતિ ને શોક ને રોગ, એ બધું વિશ્વ એટલે અનેકરૂપ છે. એ અનેકરૂપના ઉપર **પ્રવર્તતો** એટલે એનાથી જુદો, એમ. **એવા આ કેવળ (એક) અવિનાશી આત્માને આત્મામાં સાક્ષાત્ અનુભવો.** આહાહા! કહો, સમજાણું કાંઈ? **સમસ્ત વિશ્વના ઉપર પ્રવર્તતા એવા (કેવળ) એક અવિનાશી આત્માને આત્મામાં**-નિર્મળ પર્યાયમાં સાક્ષાત્ અનુભવો. આહાહા! પ્રત્યક્ષ કરો, એમ કહે છે. જ્ઞાનમાં એને પ્રત્યક્ષ કરો. ત્રિકાળી સ્વભાવનું ધ્યેય કરીને એને પ્રત્યક્ષ કરો. ભારે! આ શું કહેવાય છે? જુઓ!

**ઉપર પ્રવર્તતા... વિશ્વના ઉપર પ્રવર્તતા** એટલે ભેદથી જુદો રહેતો, એમ કહે છે. એ વિશ્વ એટલે પર્યાયના ભેદોમાં એ આવતો નથી એમ કહે છે. આહાહા! આવો જૈનધર્મ. ઓલા બહારની તકરારમાં પડ્યા હજી. વીસપંથી ને તેરાપંથી. ગુજરાતમાં મંદિરમાં લગાવો વીસપંથીનો હવે. ભઈ, તમારા તેરાપંથીનું થઈ ગયું છે. અરે ભગવાન! સાંભળને બાપા! વ્યવહારના ઝઘડામાં ક્યાં પડ્યો? ભગવાન આત્મા પૂર્ણ બ્રહ્મસ્વરૂપ એના ભેદોમાં આવતો નથી અને એ ભેદોમાં આ ચિત્શક્તિરહિત ભેદપણું છે. આહાહા! 'કેવળ' શબ્દ વાપર્યો છેને. **આ (કેવળ) એક અવિનાશી આત્માને આત્મામાં** નિર્મળ પર્યાય દ્વારા **સાક્ષાત્ અનુભવો**. એના આનંદનું વેદન કરો તો ખબર પડે કે આ આત્મા પૂર્ણ શુદ્ધ ધ્રુવ છે, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

ભારે મોંઘું, માણસ કહે છે. આવું પહોંચે નહીં એટલે પછી (કહે), એ કહે છે ખરું, પણ પમાય કઈ રીતે? એનું સાધન શું? વળી પાછું એમ કહે. શ્રીમદ્માંય પૂછ્યું હતું. વાત બધી નિશ્ચયની છે, પણ એનું સાધન શું? એનું સાધન એ કે એના સ્વભાવની દૃષ્ટિ કરવી. એ સાધન અંદરમાં પડ્યું છે. સમજાણું કાંઈ? બહારનું સાધન છે, એ ચિત્શક્તિ એમાં નથી અને બહારના સાધનનો ભાવ એ ચિત્શક્તિમાં નથી. હવે તારે શું સાધન કરવું છે? સમજાણું કાંઈ? સાધન કહ્યું, પણ સાધકપર્યાય કીધી સાધન લ્યોને. ત્યાં ૧૬મી (ગાથા, સમયસાર)માં. અહીં તો (કહ્યું કે) સાધનપણું દ્રવ્યમાં છે. એનો અનુભવ કરવો એ મોક્ષનો માર્ગ કહેવાય છે. કોનું સાધન એ? મોક્ષનું. સમજાણું કાંઈ? સોળમી ગાથામાં એમ આવ્યું કે નહીં? મોક્ષનું સાધન તો એની નિર્મળ

પર્યાય છે. સાધક-સાધ્ય તો એ કહ્યું ત્યાં. કંઈ વાતેય કરી નથી બીજી. વ્યવહાર સાધન છે, હેતુ છે–નિયતનો હેતુ છે. આહાહા! સત્ એ સત્‌ની પર્યાયનો હેતુ, પૂર્ણ સત્‌નું કારણ, એમ. આ રાગ તો અસત્ છે.

એટલે કહે છે કે અવિનાશી ભગવાન આત્માને આત્મામાં સાક્ષાત્ અનુભવો. બપોરે પણ આવ્યું હતુંને 'આત્મનં'. ભાઈ પંડિતજીએ ખુલાસો કર્યો. આવ્યું હતું **अलं**. એક આત્માને સેવો. એનો અર્થ કે મેચક-અમેચક બેય પર્યાયના ભેદ છે. મેચક છે એ ત્રણ પ્રકારે છે. અમેચક છે એ પર્યાયનું એકરૂપ.. પર્યાયનું એકરૂપ. સમજાણું કાંઈ? શુદ્ધ દ્રવ્યાર્થિકનયમાં ત્યાં પર્યાયની એકરૂપતા (લીધી), ત્રણતા (-ત્રણ રૂપે) નહીં, એક પર્યાય એકરૂપ એને શુદ્ધદ્રવ્ય કીધું. ઓલાને પર્યાય કીધી. પર્યાયના બે ભાગ. એક શુદ્ધ પરિણમનનું એકરૂપ એ નિશ્ચય અને ત્રણરૂપ વ્યવહાર. પછી મૂક્યું ખરુંને. ઓલો શ્લોક આવ્યોને. **अलं मेचकामेचक त्वयो...** (શ્લોક ૧૯). એકરૂપ આત્માનું સેવન કરો, એમ છે એનો અર્થ. આત્માને સેવો. આહાહા! પણ અભેદ પર્યાયનો ભેખ એકરૂપનો છેને. આ આત્મા ભગવાન પૂર્ણ આત્મા, બસ એકની દૃષ્ટિ કરીને અનુભવો. કહો, સમજાણું કાંઈ? અહીં એકલા આત્માની વાત છે. ત્યાં **आत्म.. अलं** આવ્યુંને એટલે આ આત્મા... આરે, ભારે ઊંડા ભાઈ! બીજો શ્લોક. સમયસારનો બીજો શ્લોક.

**चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयम्।**
**अतोऽतिरिक्ताः सर्वेऽपि भावाः पौद्गलिका अमी॥**

ઓહોહો! પુદ્‌ગલના ભેદ. અનુભૂતિથી ભિન્ન, ત્યાં એમ લીધું છેને. અનુભૂતિથી ભિન્ન. આ બાજુ અનુભૂતિ થઈ એથી સહિત, તો આ ભિન્ન. **શ્લોકાર્થ : ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ-સાર છે એવો આ જીવ એટલો જ માત્ર છે...** એકલો શક્તિમાત્ર વસ્તુ એકલી પૂર્ણ. જુઓ! પર્યાયમાત્રનો જીવ કાઢી નાખ્યો, વ્યવહારનો. **ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ**.. સર્વસ્વ.. સર્વ પોતાનો એ સાર છે. એકલો જ્ઞાયકભાવ, ચૈતન્યભાવ, ધ્રુવભાવ, શુદ્ધભાવ એનાથી વ્યાપ્ત–એનાથી પ્રસરેલો–રહેલો જેનું સર્વસ્વ.. સર્વસ્વ.. બધું પોતાનું એ છે. સમજાણું કાંઈ? સરવાળા હો ગયા. ચૈતન્યશક્તિ ધ્રુવ જ્ઞાયકભાવ, એક સમયની પર્યાય વિનાનો, જેમાં સર્વસ્વ.. સ્વ.. સ્વ–પોતાનો સાર તે ચૈતન્યશક્તિમાત્ર છે, એવો આ જીવ. ચૈતન્યભાવ સ્વભાવરૂપ એવો આ જીવ, એમ. પર્યાયના ભેદભાવરૂપ એ નહીં. **એટલો જ માત્ર છે**... ભાષા દેખો! 'એટલો જ' પાછું. **इयान**.. આહાહા! 'એટલો જ' એમ ને? **इयान**–એટલો.

'એટલો જ'.. પણ એ થયુંને. એ તો બરાબર છે. વસ્તુની સિદ્ધિ એટલી કરવી છેને. એમાં આવી ગયુંને એ તો. 'સર્વસ્વ સાર એવો જીવ', એમ કીધુંને. એ જ પોતે એટલો, બસ. ચૈતન્યશક્તિથી પ્રસરેલું એવું સર્વસ્વ.. સર્વસ્વ.. પોતાનું સ્વ એ જીવ, એમ. એટલો જ માત્ર છે, એટલો જ એને જીવ (કહ્યો). એ તો 'ખરેખર આત્મા' કહ્યોને ૩૮ ગાથામાં. ખરેખર.. ખરેખર આત્મા તો એ જ છે, એમ કીધું. પારિણામિકભાવ-સ્વભાવસ્વરૂપ ચિત્શક્તિરૂપ ધ્રુવસ્વરૂપ કારણરૂપ કારણપરમાત્મારૂપ એ જીવ, ખરેખર એ આત્મા છે. આત્મામાં વળી પાછા બે ભેદ.

એક ખરેખર આત્મા અને એક વ્યવહારુ આત્મા (એટલે) પર્યાય. ત્રિકાળની અપેક્ષાએ જૂઠો. એની અપેક્ષાએ સાચો. યે તો વાત ચલતી હૈ. વ્યવહાર વ્યવહારની અપેક્ષાએ સત્ય છે, વ્યવહાર વ્યવહારની અપેક્ષાએ વસ્તુ નથી એમ નહીં. આહાહા! નય વિચાર જૈનદર્શનનો ઘણો ગંભીર છે. ઇન્દ્રજાળ જેવો કહ્યોને એક ઠેકાણે. ભગવાન! તમારી નય તો ઇન્દ્રજાળ જેવી છે. આહાહા!

**આ ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો છે...** દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ એ બધા ચૈતન્યશક્તિથી શૂન્ય–ખાલી છે. આહાહા! સમજાણું કાંઈ? બાપુ! વીતરાગમાર્ગ, સર્વજ્ઞ તીર્થંકરનો એ માર્ગ સમજવો ઘણો જ દુર્લભ છે, છતાં અલભ્ય નથી, અશક્ય નથી. એવા ચૈતન્યશક્તિથી ખાલી... દયા, વ્રતો.. વ્રતનો વિકલ્પ, અપવાસનો વિકલ્પ, ફલાણો વિકલ્પ એ ચૈતન્યશક્તિથી ખાલી છે કહે છે. આહાહા! આ તો ટૂંકી.... એવા જે આ ભાવો છે **તે બધાય પૌદ્ગલિક છે.** ચૈતન્યના જ્ઞાનશક્તિનું સત્ત્વ જેમાં નથી એવો રાગાદિ, દયા, દાન, વ્રતાદિના પરિણામ બધા પૌદ્ગલિક છે. ભગવાનજીભાઈ!

કહો, હવે આ, આહાહા! દસ-દસ લાખનું મંદિર કરાવ્યું હોય. મોમ્બાસામાં? ક્યાં કર્યું? નાઈરોબી.. મોમ્બાસામાં. હવે એ ત્યાં જઈને એમ કહે કે એલા! તેં કર્યું નથી હોં અને તારો જે ભાવ હતો એ પુદ્ગલનો છે. એમાં લાખ-બબ્બે લાખ, બિચારાએ આપ્યા છે (એનું) પાણી ઉતરી જાય. આપ્યા છેને તમારા ભાઈએ કાંઈક. લાલજીભાઈએ આપ્યા છે નહીં કાંઈ? હા, ખબર છે. વાત સાંભળી હતી. ૪૨૦૦૦ આપ્યા નાના લાલજીએ ત્યાં. એમાં રૂપિયા આપ્યા, આ મંદિર થયું, હવે ધર્મ થાય, ત્યાં જેટલા ધર્મ કરે એનો આપણને લાભ મળે. વાંચે છે ત્યાં? એમ ઠીક. આહાહા! માર્ગ તો, બાપા! આવો છે હોં. છતાં એ એના સ્થાને હો અને એને સ્થાને ભક્તિનો કાળ હોય, વિકલ્પ તે હો, પણ એ ચૈતન્યશક્તિથી શૂન્ય છે. ત્યારે કહે છે કે કરવો શું કરવા? કરે ક્યાં? આવે એ. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

વ્યવહારભાવને તો અચેતન કહ્યો છેલ્લે. હવે અચેતનથી ચેતનને લાભ થાય. તો પછી મૂર્તિથી લાભ ક્યાંથી થાય? રાગને અચેતન કહ્યો તો મૂર્તિ તો અચેતન બાહ્ય, સ્થૂળ છે. તો શું કરવા સ્થાપી બધી? પાંચ-પાંચ લાખ.... રામજીભાઈ ત્યાં તો તે દિ' હતા. એય! આ ફતેપુરમાં પાંચ-પાંચ લાખ રૂપિયામાં... ઓલો લખે છે. પાંચ-પાંચ લાખનું... નાનું ગામ ને આ શું કરે છે માળા? ભઈ, કોઈ કરે નહીં. એવો થવાનો કાળ હોય છે પરમાણુનો, (તે પ્રમાણે) થાય છે (અને) ઓલાનો ભાવ શુભ હોય છે, બસ એટલી વાત. એ કાંઈ ધર્મનું રૂપ નથી, સાધનેય નથી. પ્રભાવના આત્મામાં થાય કે બહાર થાય? વ્યવહાર, પણ કેવો વ્યવહાર? અંદર વિકલ્પ આવે એ વ્યવહાર. બહાર થાય એમાં આને શું છે? વિકલ્પ આવ્યો શુભ એ અચેતન છે. ચૈતન્યશક્તિથી શૂન્ય છે. એને તમારે વ્યવહાર વૈભવ, પ્રભાવ કહો. બસ એટલી હદ છે. આકરો માર્ગ છે. સમજાણું કાંઈ?

આ પુસ્તક બનાવવા, આ વાંચન કરવા—આ બધા ભાવ શું છે? અરે પ્રભુ! એ ભાવ એના સ્થાને હો, પણ એ બધા ભાવો ભગવાન ચૈતન્યસ્વભાવથી તો ખાલી છે હોં. આહાહા! એ ચૈતન્યસ્વભાવને મદદ કરે પર્યાય પ્રગટ કરવામાં, ધર્મપર્યાય પ્રગટ કરવામાં અચેતન મદદ કરે એમ નથી ભાઈ! ત્યારે કહ્યું છેને ઘણે ઠેકાણે કે વ્યવહારને નિમિત્ત, હેતુ, કારણ. નથી કહ્યું? એમાં પંડિતજીએ લખ્યું પંચાસ્તિકાયમાં, હળવે-હળવે લાભ થાય. 'શનૈઃ શનૈઃ' નથી લખ્યું? એય! ૧૭૨ (ગાથા). આ ગુજરાતી અર્થ તો આમણે કર્યોને? કે દિ' કર્યો હતો આ ભરતક્ષેત્રમાં? ૨૦૦૦ વર્ષમાં નહોતો ગુજરાતી અર્થ. કહો, સમજાણું કાંઈ? એમને પસંદ ન પડ્યો હોય તો કરે શું કરવા એવો અર્થ? કોણ કરે? એ વખતે એવો વિકલ્પ હોય તો એ જાતનું ટીકાનું લખાણ થઈ જાય. આહાહા! ગજબ વાતું છે. જૈનદર્શન એટલે મહા પરમાત્મસ્વરૂપ એને ઓળખવો એટલે જૈનદર્શન ઓળખવો. બેય મુશ્કેલ છે.

ચિત્શક્તિથી શૂન્ય એવા ભાવો... ત્યાં કહ્યાને ૨૯ બોલ (ગાથા ૫૧ થી ૫૫, સમયસાર). ૨૯ નથી કહ્યા? એના પેટાભેદ તો ઘણાં. ઘણા ભેદો-પેટાભેદો. અહીં ૪૯ ભેદ છે હોં. અહીં આ બધા ભેદ છેને? ફલાણું નહીં.. ફલાણું નહીં.. ફલાણું નહીં. એના ૪૯ લીધા છે, અહીં છે. ક્યાંક નાખ્યું છે, એક ઠેકાણે નાખ્યું છે, ઓલામાં નાખ્યું છે. આવે છેને આ? **णिग्गंथो** ને **णीरागो** (આદિ) બધા. આ નથી.. આ નથી.. એ બધા બોલોનો આંકડો ૪૯ ગણ્યા છે. પછી અરૂપ, અરસ, અગંધ એ કાઢી નાખ્યા. એ તો અસ્તિ કરી એટલે...... આહાહા!

ભગવાન આત્મા ચૈતન્યશક્તિથી ભરેલો પ્રભુ પૂર્ણ ચૈતન્યના સ્વભાવથી છલોછલ-લબાલબ ભરેલું તત્ત્વ એ 'ખરેખર આત્મા' છે અને એનો આશ્રય કરતાં ધર્મ થાય. આવા ભેદો બધા રાગના પૌદ્‌ગલિક છે, એનો આશ્રય કરતાં તો રાગ ને વિકલ્પ ઊઠે છે. પોતે પુદ્‌ગલ છે ને એને આશ્રયે પુદ્‌ગલ ઉત્પન્ન થાય, એમ કહે છે. કેમકે શુભભાવથી એના ફળ તરીકે પરમાણુ બંધાય છે. પરમાણુ બંધાયને? (તેથી) પુદ્‌ગલમાં નાખ્યું. એ પોતે પુદ્‌ગલ તો પુદ્‌ગલના કારણે પુદ્‌ગલ બંધાય અને એને કારણે પુદ્‌ગલના ધૂળ આદિ સંયોગ મળે.—બધું પુદ્‌ગલ. બધો પુદ્‌ગલનો આશરો. કહો, શેઠ! અને બીડી પુદ્‌ગલ ને પૈસો પુદ્‌ગલ.

શ્રોતા : ...... કરે તો ઠપકો, ન કરે તો ઠપકો.

પૂજ્ય ગુરૂદેવશ્રી : કૌન કરતા હૈ? એમ કે દાન કરે તો ઠપકો (અને ન કરે તો ઠપકો). કરે કોણ? આહાહા! આ તો એને ભાવ જે હોય છે એનું સ્વરૂપ શું છે એ વાત ચાલે છે. પૈસા આદિ રાખવાનો ભાવ એ પાપ ને અચેતન, જડ છે અને વાપરવાના ભાવમાં રાગની મંદતા એ પણ પુણ્ય, અચેતન ને જડ છે. પૌદ્‌ગલિક કહ્યાને અહીંયા? સમજાણું કાંઈ? લ્યો, આ બે શ્લોક તો સમયસારના આધાર આપ્યા. પોતે બે શ્લોક કહે છે મુનિરાજ પોતે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## મહા સુદ ૧૪, શનિવાર, તા. ૨૯-૧-૧૯૭૨
## શ્લોક-૬૦-૬૧, ગાથા-૪૩, પ્રવચન નં. ૩૮

આ નિયમસાર, ૬૦મો કળશ છે. ૪૨ ગાથાનો ૬૦મો કળશ.

**अनवरतमखण्डज्ञानसद्भावनात्मा**
**व्रजति न च विकल्पं संसृतेर्घोररूपम् ।**
**अतुलमनघमात्मा निर्विकल्पः समाधिः**
**परपरिणतिदूरं याति चिन्मात्रमेषः ॥६०॥**

**શ્લોકાર્થ : સતતપણે અખંડ જ્ઞાનની સદ્ભાવનાવાળો આત્મા (અર્થાત્ 'હું અખંડ જ્ઞાન છું' એવી સાચી ભાવના જેને નિરંતર વર્તે છે તે આત્મા)...** નિરંતર અખંડ જેને જ્ઞાનસ્વભાવ ધ્રુવ શુદ્ધ એવું જે અખંડ જ્ઞાનની સદ્ભાવનાવાળો આત્મા, એવી જેને સાચી ભાવના વર્તે છે. (શ્રોતા : ભાવનાનો શું અર્થ?) એકાગ્રતા. (શ્રોતા : દ્રવ્ય છે કે ગુણ?) પર્યાય. શું હશે? એ ચેતનજી! **સતતપણે અખંડ જ્ઞાનની...** એ દ્રવ્ય-વસ્તુ અખંડ ત્રિકાળ. સતતપણે નિરંતર જેની દૃષ્ટિમાં અખંડ જ્ઞાન વર્તે છે એવી સદ્ભાવનાવાળો—સાચી ભાવનાવાળો એટલે કે સ્વરૂપમાં એકાગ્ર થનારો. કહો, ચીમનભાઈ! શું આવ્યું આ ભાવનામાં? પર્યાય કે દ્રવ્ય? પર્યાય. કામ તો પર્યાયમાં થાય છે, દ્રવ્ય તો વસ્તુ છે એ છે. દૃષ્ટિ તો દ્રવ્યની હોય, પણ કામ થાય છે શેમાં? પર્યાય કામ કરે છે. દ્રવ્યનો આશ્રય લીધો, અખંડ જ્ઞાન એકરૂપ છે એવી જે ભાવના નામ એકાગ્રતા, એમાં અખંડ જ્ઞાન એકરૂપ છે એવું ભાન થાય છે. અખંડ જ્ઞાનમાં અખંડ જ્ઞાનનું ભાન થાય છે? સમજાણું કાંઈ?

એકરૂપ ત્રિકાળ અખંડ-ખંડ વિનાનું, ભેદ વિનાનું, પર્યાય વિનાનું એવું જે જ્ઞાન એટલે ત્રિકાળી સ્વભાવ એની સદ્ભાવનાવાળો, એમાં એકાગ્ર થઈને સાચી ભાવના એટલે એકાગ્ર થનારો... '**હું અખંડ જ્ઞાન છું**'... ખુલાસો કૌંસમાં કર્યો છે. એવી સાચી ભાવના.. ઓહો! આ વસ્તુ. કરવાનું જીવને આ. **જેને નિરંતર વર્તે છે તે આત્મા)...** વસ્તુનો ત્રિકાળી સ્વભાવ ધ્રુવસ્વભાવ, અખંડ અભેદ એકરૂપ સ્વભાવ એની ભાવનાવાળો આત્મા.. એની ભાવનાવાળો.. ધ્રુવની એકાગ્રતાવાળો આત્મા.. એ નિરંતર વર્તે છે, પાછું એમ. કેમકે દૃષ્ટિમાં દ્રવ્યસ્વભાવ, જ્ઞાયકભાવ નિરંતર વર્તે છે. આહાહા!

એ આત્મા **સંસારના ઘોર વિકલ્પને પામતો નથી...** શુભ-અશુભનો વિકલ્પ જે છે એ સંસારનું ઘોર મૂળ છે. આત્માના ત્રિકાળી અખંડ ભાવની ભાવનાવાળો એવા વિકલ્પના એકપણાને પામતો નથી (અર્થાત્) વિકલ્પને પામતો નથી. સંપૂર્ણ વિકલ્પ (રહિત) તો પૂર્ણ

વીતરાગ થાય ત્યારે, પણ અહીં વિકલ્પ હોય છતાં એકત્વને પામતો નથી. અહીં (સ્વરૂપમાં) એકત્વ છે તો અહીં એકત્વને પામતો નથી. સમજાણું કાંઈ? આ તો ચોથા ગુણસ્થાનથી વાત છે. સર્વથા વિકલ્પ ન હોય એ તો આગળ જાય ત્યારે. પણ નીચલી દશામાં પણ નિરંતર દ્રવ્યસ્વભાવમાં જેને એકાગ્રતા વર્તે છે, એવી અંતરની એકાગ્રતાની ભાવનાવાળો, ત્રિકાળી-ભાવની એકાગ્રતાવાળો એને એ વિકલ્પની એકાગ્રતા થતી નથી. ઘોર સંસારનું મૂળ એ રાગ છે. સમજાણું કાંઈ?

**સંસારના ઘોર વિકલ્પને પામતો નથી**... આકરો વિકલ્પ એટલે મહામિથ્યાત્વભાવ કે રાગની એકતા એને પામતો નથી. સમજાણું કાંઈ? રાડ નાખે કે આ વિકલ્પ પુણ્યપરિણામ એ ઘોર સંસારનું મૂળિયું? સુકૃત ને દુષ્કૃત બેય દુષ્કૃત છે. એ તો આવી ગયુંને પહેલાં. એ તો ગાથા દીઠ છે. આહાહા! શુભ ને અશુભ બેય વિકલ્પો રાગની વૃત્તિનું ઉત્થાન છે. સ્વભાવદૃષ્ટિવંતને એ હોતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એના અંતર એકાગ્રતામાં એ આવતું નથી એટલે એને નથી, એનામાં નથી. તેથી ઘોર સંસારને પામતો નથી. આહાહા! સમજાણું કાંઈ? ભારે આવો પાધરો માર્ગ. આ માર્ગ તો એ છે, પાધરો ને સીધો. વસ્તુ અખંડ પદાર્થ છે સચ્ચિદાનંદસ્વરૂપ અભેદ એકરૂપ, એની જ્યાં અંતર્મુખ સતત–નિરંતર એકાગ્રતા છે એને ઘોર સંસારના મૂળનો વિકલ્પ થતો નથી. કહો, સમજાણું કાંઈ? એ વિકલ્પને પામતો નથી. આહાહા!

**પરંતુ નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત કરતો થકો**... અહીંયા આત્મામાં રાગરહિત વીતરાગી શાંતિ ને સ્વભાવની એકાગ્રતા પામતો થકો... આવો માર્ગ બહુ... નિર્વિકલ્પ સમાધિ–શાંતિ... રાગ છે એ તો અશાંતિ છે. ચાહે તો શુભરાગ હોય કે અશુભરાગ હોય, એ અશાંતિ, આકુળતા છે. આ નિર્વિકલ્પ સ્વભાવ આનંદસ્વરૂપ એમાં એકાગ્રતા એ તો સમાધિને પ્રાપ્ત થાય છે. શાંતિને, સમાધાનને, વીતરાગભાવને પ્રાપ્ત થાય છે. વીતરાગભાવને પ્રાપ્ત કરતો થકો **પરપરિણતિથી દૂર**... લ્યો, આવ્યું. સમજાણું કાંઈ? રાગાદિ પરિણતિથી તો દૂર વર્તે છે. આહાહા! પરપરિણતિ નામ શુભભાવનો વિકલ્પ છે એ પણ પરપરિણતિ, વિકારભાવ છે. અખંડ જ્ઞાનની નિરંતર દૃષ્ટિમાં વર્તતો, એવો સ્વભાવની ભાવનાવાળો પરપરિણતિથી દૂર છે. પોતાના સ્વભાવની એકાગ્રતાના શુદ્ધ પરિણામ–પરિણતિથી પ્રાપ્ત છે. શુદ્ધપરિણતિને પ્રાપ્ત છે, પરપરિણતિથી દૂર છે. ભારે માર્ગ આવો ભાઈ! ઓલા સાધારણ સમાજને બેસે નહીં એટલે પછી... માર્ગ તો આ છે. એમ જ હોયને.

વસ્તુ આખી પડી છે મોટી. મહાસ્વરૂપ ચૈતન્યભગવાન પરમાત્મા નિજ સ્વરૂપ એની અંતરમાં સમ્યગ્દર્શન સહિતની એકાગ્રતા એ નિરંતર હોય છે. એ ઘોર સંસારના વિકલ્પને પામતો નથી, નિર્વિકલ્પ સમાધિને પામે છે, પરપરિણતિથી દૂર છે. વિશેષ સ્પષ્ટ કરે છે. પરપરિણતિ નામ રાગાદિનો ભાવ એનાથી, સ્વભાવની એકાગ્રતા એ પરપરિણતિથી દૂર વર્તે

છે. સ્વભાવમાં એકાગ્રતા છે એટલે રાગની પરિણતિથી દૂર વર્તે છે. સમજાણું કાંઈ? **અનુપમ**—જેની કોઈ ઉપમા નથી એવા **અનઘ**—દોષ રહિત, નિષ્પાપ, મળ રહિત. એ ભાવપાપ (એટલે) પુણ્ય-પાપના ભાવ બેયથી રહિત. **ચિન્માત્રને (ચૈતન્યમાત્ર આત્માને) પામે છે.** જ્ઞાનસ્વભાવ–એકલો જ્ઞાનભાવ રાગની પરિણતિથી પર્યાયથી દૂર વર્તતો થકો, સ્વભાવની સમીપમાં એકાગ્રતાની ભાવનાવાળો જીવ એકલા જ્ઞાનમાત્ર ભાવને પામે છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! આવું ભારે ભાઈ! શેઠ! આ માર્ગ છે. આહાહા!

**અનુપમ, અનઘ**... પુણ્ય-પાપના અઘ–પાપના સમૂહથી રહિત, ચિન્માત્ર–એકલો જ્ઞાયકમાત્ર આત્મા એને પરિણતિને પામે છે. બહુ સરસ કહ્યું. એક કળશમાં તો કેટલું સમાડી દીધું! ઓહોહો! મુનિઓની કથની! અનેકાંત આને કહીએ. પરપરિણતિથી દૂર, સ્વભાવની એકાગ્રતાના સમીપમાં, વિકલ્પને પામે નહિ, નિર્વિકલ્પ સમાધિને પામે, તે ચિન્માત્ર એક આત્માને પામે. એને એ રાગનું પામવું, સ્વર્ગનું પામવું એ છે નહીં એમ કહે છે. આહાહા! આ એનું આચરણ છે. ત્રિકાળ સ્વભાવમાં અંતર્મુખ એકાગ્રતા એ આત્માનું આચરણ છે અને એ આચરણ તે સમાધિસ્વરૂપ છે અને એકલું જ્ઞાન ત્યાં પ્રાપ્ત થઈ જશે, પછી એને રાગનો વિકલ્પ રહેશે નહીં. ભારે કામ ભાઈ! ૬૧.

**इत्थं बुद्धवोपदेशं**... લ્યો. જ્ઞાનીઓનો આ ઉપદેશ છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

**इत्थं बुद्धवोपदेशं जननमृतिहरं यं जरानाशहेतुं**
**भक्तिप्रह्वामरेन्द्रप्रकटमुकुटसद्रत्नमालार्चितांघ्रेः ।**
**वीरात्तीर्थाधिनाथाद्दुरितमलकुलध्वांतविध्वंसदक्षं**
**एते संतो भवाब्धेरपरतटममी यांति सच्छीलपोताः ॥ ६१ ॥**

આહાહા! **શ્લોકાર્થ : ભક્તિથી નમેલા દેવેંદ્રો મુગટની સુંદર રત્નમાળા વડે...** આ શું કહેવા માગે છે? આવા ઉપદેશ કરનાર ભગવાન છે અને એનો ઉપદેશ આ છે એમ કહે છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ ભગવાન તીર્થંકર પરમાત્માએ આ ઉપદેશ કહ્યો છે. એ કેવા છે? **ભક્તિથી નમેલા દેવેન્દ્રો**... દેવના ઇન્દ્રો જેના મુગુટમાં રતનની માળાઓ અને રતનના હાર હોય છે એવી મુગટની સુંદર રત્નમાળા વડે **જેમનાં ચરણોને પ્રગટ રીતે પૂજે છે...** સાક્ષાત્ અરિહંતપદને યાદ કર્યા. સમજાણું કાંઈ? સિદ્ધ થયેલા તો અહીં છે નહીં, એની તો પરોક્ષ ભક્તિ (થાય). આ તો ઓહોહો! ભક્તિથી નમેલા મુગટ... મોટા લોકના સ્વામી એવા ઇન્દ્રો, એના મુગટની રત્નમાળા એ આમ નમી ગઈ છે. શરીર નમ્યું છે એમ નમી ગયું છે બધું. એવા દેવેન્દ્રો મુગટની **સુંદર રત્નમાળા વડે જેમના ચરણોને પ્રગટ રીતે પૂજે છે એવા મહાવીર તીર્થાધિનાથ...** કહે છે, આ ઉપદેશ મહાવીર ભગવાને કહેલો છે. આહાહા! સમજાણું કાંઈ?

સતત-નિરંતર દ્રવ્યસ્વભાવની એકાગ્રતા કરવી અને પરપરિણતિથી દૂર રહેવું, એ સમાધિરૂપ અથવા જ્ઞાનની પૂર્ણ દશાને પ્રાપ્ત થાય છે. એમ મહાવીર ભગવાન, જેને ઇન્દ્રો નમતા હતા એવા ભગવાને આવો ઉપદેશ કર્યો છે એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આવો ઉપદેશ હોય તે જ ભગવાનનો ઉપદેશ છે એમ કહે છે. રાગની ક્રિયાથી લાભ થાય, રાગથી આ થાય એ ભગવાનનો ઉપદેશ નહીં. આહાહા! બહુ આકરું ભારે સમાજને ઝીલવું. એકલો પ્રભુ આત્મા અનાકુળ શાંતિની મૂર્તિ પ્રભુ આત્મા છે. એમાં એકાગ્રતા અને રાગની પરિણતિથી, વ્યવહારના વિકલ્પથી દૂર છે, એમ કહે છે. સમજાણું કાંઈ? એવો જીવ સમાધિ ને શાંતિને પ્રાપ્ત થયો થકો એકલો જ્ઞાનમાત્ર રહી જશે એવા ચૈતન્યને પામશે. આહાહા! કહો, ભગવાનભાઈ! આમાં પોષા ને પડીકમણા બધું ક્યાં ગયું? નહીં. આવું ખબર પડે કે પોષા કરીએ છીએ. અપવાસ કરીએ, એકવાર સામાયિક કરીએ, પોષા કરીએ, ચોવિહાર કરીએ. એ તો બધો વિકલ્પ છે, સાંભળને! આહાહા!

અહીં તો કહે છે કે વિકલ્પને ધર્મી પામતો નથી. એમ કહે છે. આહાહા! કહો, અમરચંદભાઈ! આવો માર્ગ બહુ કઠણ સમાજને. એના માટે ભગવાને તો બધું એ કહ્યું, પણ અત્યારે સમાજમાં એવી શૈલી થઈ ગઈ છે કે સત્યનો ઉપદેશ એટલે જાણે એ નિશ્ચયાભાસ. એ નિશ્ચયાભાસ થઈ ગયા. વ્યવહાર કરો.. વ્યવહાર કરો.. તો થાય કે એ વ્યવહારાભાસ નહીં. શું થાય? જેવું એને બેઠું હોય. સ્વતંત્ર ભગવાન આત્મા ચૈતન્યની મૂર્તિ છે. એનો જ આશ્રય ને એકાગ્રતા એ જ મોક્ષનો માર્ગ છે. બીજો કોઈ છે જ નહીં ત્રણ કાળમાં. એમ બુદ્ધ-ભગવાનોએ ભગવાને કહ્યું છે. મુનિ તો એમ કહે છે કે જેનું શાસન વર્તે છે એ ભગવાને આમ કહ્યું છે, એમ. ભગવાન મહાવીરનું શાસન વર્તે છે તો ભગવાનની આ શીખામણ ને આ ઉપદેશ હતો. કહો, શેઠ!

એ તો તમારું એકલું નિશ્ચય થઈ ગયું નિશ્ચય. એ તો સોનગઢનું નિશ્ચય, વળી એમ કહે છે. અરે ભગવાન! આ શું કહે છે? એમ કહીને ઓલું કરવું. અમે જૂના દિગંબર પાકા છીએ, એવા પાકા કરો આ લોકોને, એમ કહે છે. આવ્યું હતું, નહીં? આહાહા! એને બેસે નહીં. એમ કે આ બધા જૈનની સંસ્કૃતિ છે વ્યવહાર પુણ્ય ને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, અપવાસ, મુનિભક્તિ આદિ બધું જૈનસંસ્કૃતિ છે. અહીં કહે છે, જૈનસંસ્કૃતિ એ નહીં.

શ્રોતા : ઐસા ઉપદેશ સબ જગહ નહીં મિલતા.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ... પોતાને મળે નહીં. આહાહા! **એવા મહાવીર તીર્થાધિનાથ દ્વારા...** દેખો! તીર્થના નાથ છે અત્યારે એ ભગવાન.... પ્રવાહ અત્યારનો.... આ તો મહાવીરનું શાસન છે.

એવા **દ્વારા આ સંતો...** એવા ઉપદેશ દ્વારા સંતો **જન્મ-જરા-મૃત્યુનો નાશક...** આહાહા! જન્મવું, વૃદ્ધાવસ્થા, મૃત્યુ—એનો નાશક **અને દુષ્ટ મળસમૂહરૂપી અંધકારનો ધ્વંસ કરવામાં ચતુર** આ ઉપદેશ. દુષ્ટ પાપ સમૂહરૂપી અંધકાર... આહાહા! અહીં તો, પુણ્ય ને પાપના વિકલ્પો બેય અંધકાર છે, અચેતન છે, આંધળા છે. ચૈતન્ય જાગતી જ્યોત ભગવાન એની એકાગ્રતા એ પ્રકાશમય છે. બાકી પુણ્યના પરિણામ પણ અંધારા-અંધકાર, અચેતન છે, ચૈતન્યના પ્રકાશના તેજથી રહિત છે. આહાહા! દુષ્ટ પાપસમૂહરૂપી અંધકાર, અચેતન વિકલ્પોનો ધ્વંસ કરવામાં ચતુર એવો આ પ્રકારનો ઉપદેશ છે. જોયું! આહાહા!

**ચતુર એવો આ પ્રકારનો ઉપદેશ...** આ ચતુર ઉપદેશ છે કહે છે. સમજાણું કાંઈ? આ ડહાપણવાળો ઉપદેશ છે, જ્ઞાનવાળો ઉપદેશ છે, યથાર્થ ઉપદેશ છે એમ કહે છે. આ ઉપદેશ જેને રુચે નહીં એને ભગવાનનો માર્ગ રુચતો નથી, એમ કહે છે. આહાહા! વ્યવહારનો બધો ઉપદેશ એ તો જાણવા માટે બતાવે છે કે શું હોય છે એમ. કરવાનો તો આ ઉપદેશ છે. આવા ઉપદેશને જ ડહાપણવાળો, ચતુરવાળો, તીક્ષ્ણ ઉપદેશ કહેવામાં આવે છે. આહાહા! નિશ્ચયનયના આશ્રયે-આત્માને આશ્રયે લાભ થાય અને એમાં એકાગ્ર થવાથી જ આત્માને શાંતિ ને સમાધિ મળે—એવા એ ઉપદેશને ચતુર ઉપદેશ કહે છે. એકાંતિક ઉપદેશ કહે છેને લોકો? ભાઈ! એની સામે આ નાખ્યું છે. આહાહા! એકાંત છે. અરે ભગવાન! સાંભળને ભાઈ! સ્વભાવમાં સમ્યક્ એકાંત ઢળવું એ એકાંત જ છે. રાગમાં ન આવવું એનું નામ જ અનેકાંત છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

આવો ચતુર ઉપદેશ... દેખો! **એવો આ પ્રકારનો (પૂર્વોક્ત) ઉપદેશ સમજીને...** આવો ઉપદેશને કાઢી ન નાખીશ એમ કહે છે. એ તો નિશ્ચયનો ઉપદેશ છે, નિશ્ચયનો ઉપદેશ છે, એમ કરીને (કાઢીશ નહીં). વર્ણીજીએ એક ફેરી લખ્યું હતું હોં કે ગૃહસ્થોનો માટે તો જાણે નિશ્ચયનો ઉપદેશ જરૂર જ ન હોય એવું લોકોમાં થઈ પડ્યું છે. શ્રાવકને કે બીજાને આગળ તો જાણે ... નિશ્ચયનય હોય. એમ લખ્યું છે એક ઠેકાણે. ગૃહસ્થાશ્રમવાળાને તો જાણે નિશ્ચયના ઉપદેશની જરૂર નહીં. એને તો વ્યવહાર જ હોય. એવી, એમ કે પ્રથા થઈ પડી છે. માર્ગ તો આ જ માર્ગ છે ચોથે ગુણસ્થાનથી. આહાહા! સમજાણું કાંઈ? કેવી રીતે વાત કરી? જુઓને! આ જન્મ-જરા ને મરણનો નાશક.. નાશક એવો ઉપદેશ એમ કહે છે. આહાહા! જેમાં જન્મ-જરા-મરણ મળે, ગતિ મળે એ વીતરાગનો ઉપદેશ જ નહીં. આહાહા! સમજાણું કાંઈ? **ચતુર એવો આ પ્રકારનો ઉપદેશ સમજીને...** પાછો ઉપદેશ એવો છે, પણ એને સમજીને, એમ કહેવું છેને પાછું. ઉપદેશ ઉપદેશમાં ન રહે. આવો ઉપદેશ સાંભળીને, સમજીને...

શ્રોતા : બગૈર સમજે ક્યા કરે?

પૂજ્ય ગુરુદેવશ્રી : ક્યા કરે? સમજીને અંદરમાં... આ ઉપદેશ એ જ સત્ય છે એમ અંતર્મુખ થઈને બરાબર સમજવું, એમ કહે છે. એ ઉપદેશ તો ઉપદેશમાં રહ્યો. ઉપદેશ આવો હોય તીર્થાધિનાથનો અને એને સાંભળીને એ સમજે, એમ કહે છે. ઉપદેશનો ઉપદેશ છે એ માટે છેને. **(પૂર્વોક્ત) ઉપદેશ સમજીને**... આવા ઉપદેશને સમજીને... આહાહા! સમજાણું કાંઈ?

નિશ્ચયનું કથન કે જ્ઞાનધારામાં નિરંતર એકાગ્ર થાવું, રાગથી દૂર રહેવું એવો ભગવાનનો જે ઉપદેશ એને સમજ. વ્યવહારના ઉપદેશને તો ઠીક.... આહાહા! સમજાણું કાંઈ? ભારે. આ ઉપદેશ સિદ્ધ કર્યો અને ઓલાને (કહ્યું કે) સમજણ આ પ્રકારની તું કરજે. એવો નિશ્ચયનો ઉપદેશ છે એવી જ સમજણ તું કર પહેલી. આહાહા! સમજાણું કાંઈ? અને એ જીવ સમજીને એટલે એનું જ્ઞાન કરીને **સત્શીલરૂપી નૌકા વડે...** સત્શીલ આચરણ... સાચું શીલ એટલે આચરણ–અંદર એકાગ્રતા. એ સત્શીલરૂપી નૌકા. આહાહા! સ્વભાવ.. સ્વભાવ સન્મુખની એકાગ્રતારૂપી શીલ... સત્શીલરૂપી નૌકા વડે **ભવાબ્ધિના સામા કિનારે પહોંચી જાય છે.** આહાહા! મોક્ષનો માર્ગ ને મોક્ષ બેય લીધું. સમજાણું કાંઈ? બહુ ટૂંકામાં, ટૂંકા શ્લોકમાં ઘણું સમાડી દીધું છે. આ છે ભાઈ! કરવું હોય તો. ધર્મ કરવો હોય, મોક્ષ કરવો હોય તો આ છે, બાકી બધી વાતું છે. આહાહા!

આ તો ... માણસ રહ્યા. ઓલું તો સમજવાની ધમધમાટ, મંદિરો, એની રથયાત્રાઓ, એમાં હાથી, એમાં ઘોડાઓ.. શેઠ! પૈસા.... એ તો હો શુભ વિકલ્પ ત્યારે એ બનવાનું હોય તો બને છે, પણ એ વસ્તુસ્થિતિ નહીં એમ કહે છે. ધર્મ નહીં. સત્શીલરૂપી નૌકા વડે ભવાબ્ધિનો પાર પમાય છે. આહાહા! રાગાદિ સત્શીલ નથી. આહાહા! ભારે કામ ભાઈ આકરું હોં. બહાર આવી વાત ત્યારે એને ઉડાડી દીધી કેટલાકે. એ ગરી ગઈ છે ઘણાને. એ કંઈ નીકળે એવું નથી. નહીં, એકાંત છે. અરે ભગવાન! માર્ગ આ છે. કહે છે કે ભગવાનનો આવો ઉપદેશ છે પૂર્વે કીધેલું બધું. એ કેવો છે? જન્મ-જરા-મરણનો નાશક છે, દુષ્ટ પાપ સમૂહરૂપી અંધકારનો ધ્વંસ કરવામાં ચતુર છે, એવો આ પ્રકારનો ઉપદેશ. આહાહા! આ ઉપદેશ એ જ વીતરાગનો ઉપદેશ છે કહે છે. તરવાનો ઉપદેશ છે. બૂડવાનો ઉપદેશ ભગવાનનો હોય? ... આહાહા!

**સમજીને, સત્શીલરૂપી નૌકા**, એમ. સમ્યગ્જ્ઞાન કરી અને સત્શીલરૂપી નૌકા... સત્ આચરણ અંદરનું સ્વરૂપમાં લીનતા એવી નૌકા વડે ભવાબ્ધિ—ભવરૂપી અબ્ધિ–મોટો દરિયો સંસાર... ભવરૂપી દરિયાના સામા કિનારે.. સામા કિનારે સંસાર પાર થઈ ગયો, ખલાસ થઈ ગયું. મોક્ષનો વિજય થયો, એમ કહે છે. આહાહા! ભારે કામ. આવી મોટી-મોટી વાતું કરે, પણ કેમ પહેલે ચડવું એ વાતું (કરતા) નથી, એમ માળા કહે છે કેટલાક. એય ચેતનજી! આવો ઉપદેશ કોનો છો એને સમજવો અને સમજીને અંતરમાં એકાગ્રતા કરવી. એ કરવાનું નથી? વસ્તુ માટે ધર્મ તો આ છે. શું થાય?

ભવાબ્ધિ—ભવરૂપી મોટો દરિયો ઓહોહો! ચોરાશીના અવતારની ખાણ એને કિનારે (આવ્યો), થઈ રહ્યું, પાર થઈ ગયો એ મોક્ષ. ભવાબ્ધિનો છેડો ને મોક્ષની શરૂઆત. આહા! આવા જીવો પામે છે એમ કહે છે. જુઓને! ઉસમેં હૈ કિ નહીં? દરકાર હોય નહીં, આત્માની જરૂર હોય નહીં. એ શેઠ! સાગરનું આમંત્રણ આપે છે. હવે શરીરનું... આ તો અત્યારે ચાર મહિના ઘણા આકરા પડે એવું છે. લ્યો ૪૨ (ગાથા) થઈ ગઈ, ૪૨ ગાથા. હવે ૪૩. ૩૯ ગાથાથી એકડો લખ્યો છે ભાઈએ. ૩૯ ગાથા છેને પહેલી, ત્યાંથી એકડેથી લખ્યું છે. અહીં આવી ગયું. ૨૩ સુધી આવ્યું છે. '**णिद्दंडो**' ૨૪મો આંકડો. એક આંકડા ગણ્યા હતા. એક ફેરી ગણ્યો હતો. અહીંથી આવ્યુંને ૩૯થી આવે છેને. હા, એ. સહાવઠાણા ત્યાંથી ઉપાડ્યું છે. '**णिद्दंडो**' ૨૪મું છે. અહીં લખાવ્યું છે થોડું. કેવો છે આત્મા, હવે કહે છે જુઓ!

**णिद्दंडो णिद्दंद्दो णिम्ममो णिक्कलो णिरालंबो ।**
**णीरागो णिद्दोसो णिम्मूढो णिब्भयो अप्पा ॥ ४३ ॥**
**નિર્દંડ ને નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નીરાગ છે,**
**નિર્દોષ, નિર્ભય, નિરવલંબન, આતમા નિર્મૂઢ છે. ૪૩.**

એની **ટીકા : અહીં (આ ગાથામાં) ખરેખર શુદ્ધ આત્માને સમસ્ત વિભાવનો અભાવ છે એમ કહ્યું છે.** સમસ્ત વિભાવ એમાં નથી. એ તો એકલો સ્વભાવનો પિંડલો છે. આનંદ ને જ્ઞાનનો એકલો પિંડ છે. પહેલેથી ઉપાડ્યું આ. આવે છેને ઓલામાં શ્રમણસૂત્રમાં. તિવિણદંડે મનદંડે પડિક્કમામી.... પહેલેથી શરૂ કર્યું. ઓલા ત્રગડામાં છે. અહીં પણ ત્યાંથી શરૂ કર્યું છે. **મનદંડ, વચનદંડ અને કાયદંડને યોગ્ય દ્રવ્યકર્મો તથા ભાવકર્મોનો અભાવ હોવાથી...** લ્યો, ઠીક. મન-વચન-કાયાનો દંડ આ આત્મામાં નથી—વસ્તુમાં નથી. આહાહા! મનનો શુભાશુભ વિકલ્પ એ પણ દંડ છે. સમજાણું કાંઈ? ચોથા શ્રમણસૂત્રમાં આવે છે શ્વેતામ્બરમાં. પડિક્કમામી તિવિણેદંડે, મનદંડેહી, વયદંડેહી, કાયદંડેહી. ...... એવું બધું આવે છે. અહીં તો મનદંડ (એટલે) મનના સંબંધે પુણ્યનો વિકલ્પ ઉઠે એ પણ દંડ છે. દંડાય છે આત્મા. વચનદંડ (એટલે) વચનનો વિકલ્પ છે એ પણ એક દંડ છે, નુકશાનકારક છે. કાયદંડ (એટલે) કાયનો વિકલ્પ. એને યોગ્ય, દંડને યોગ્ય એવો હોં ભાવ બીજો. દ્રવ્યકર્મ આવેને અને એનો ભાવ. દંડને યોગ્ય એવો જે ભાવ વિકારી પરિણામ બેયનો અભાવ હોવાથી... બેયનો ભગવાન આત્માને અભાવ છે. કહો, સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, મન-વચન-કાયથી કાંઈક કરો, કાંઈક તો કરો, કાયાથી કરો તો થાય. કરે શું? કહે છે. આહાહા! એ તો બધો વિકલ્પ છે. મન ને વચન ને કાયામાં દંડરૂપી પરિણામ જે છે એ તો રાગ છે અને એ આત્મા એનાથી દંડાય છે. એવો ભાવ આત્મામાં નથી. ત્રિકાળી શુદ્ધ ભગવાન આત્મા એમાં આવા ત્રણ યોગથી દંડાવાના ભાવ જે દ્રવ્યકર્મ ને ભાવકર્મરૂપ

સંબંધ કરીને (થયા એનો) આત્મામાં અભાવ છે. સમજાણું કાંઈ? આહાહા! વીતરાગનો માર્ગ એવો લાગે લોકોને લુખ્ખો. સામાયિક કરી ને પડિકમણા કર્યા ને. ધૂળેય નથી. સામાયિકમાં મનનો વિકલ્પ ઉઠે એ દંડ છે અને એને તેં સામાયિક માન્યું. મિથ્યાત્વ છે. ખબર નહોતી? તમારા જેવા ચોપડાના નામા લખનારને હુશિયાર કહેવાયને. ન સમજાય....

એવો માર્ગ, ઓહો! નિર્લેપ શુદ્ધ. મન, વચન ને કાયાનો ભાવ, કહે છે કે દંડ છે. આહાહા! દ્રવ્યકર્મ ને ભાવ પોતે-ભાવકર્મ એ બેયનો જીવમાં અભાવ છે. ભગવાન! આ શુદ્ધભાવ અધિકાર છેને. શુદ્ધભાવ એટલે ત્રિકાળીભાવ એ આશ્રય કરવાલાયક છે, એના સમીપમાં જઈને એકાગ્ર થવાલાયક છે એવો જે ત્રિકાળીભાવ એમાં આ ત્રણ દંડ નથી. આહાહા! નથી એવા મન-વચન-કાયાથી કરવાથી એનું કલ્યાણ થાય? દંડાવાથી કલ્યાણ થાય એમ હશે? ભાર પડ્યો એમાં. આહાહા! કરે અને શું ખોટું કરીએ છીએ? એમ કહે. સારું કરીએ છીએને અમે. મોટી મિથ્યાત્વની ભૂલ છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

**મનદંડ, વચનદંડ ને કાયદંડને યોગ્ય દ્રવ્યકર્મો...** એને યોગ્ય પરમાણુ અને એને યોગ્ય વર્તમાન ભાવકર્મ—એનો અભાવ હોવાથી **આત્મા નિર્દંડ છે.** નિર્દંડ છે (અર્થાત્) દંડ વિનાનો છે. આ તો વેદાંત કહે છેને, આ નહીં, આ નહીં, આ નહીં, આ નહીં. 'આ નહીં' એ વસ્તુ તો છે. આહાહા! આમાં નથી. સમજાણું કાંઈ? પર્યાયમાં આ છે, એ વસ્તુમાં નથી એમ સિદ્ધ કરવું છે. આહાહા! દંડ નથી, નથી કહેવું છે, પણ એમાં તો છે કે નહીં? આમાં નથી. એવું સિદ્ધ કર્યું છે. એવી શૈલી કોઈ છે કુંદકુંદાચાર્યની! જેટલો વ્યવહાર જૈનશાસનનો કહેવાય, વ્યવહારનો વિષય, બધું વર્ણન કરીને નિષેધ કરી નાખે પછી. છે ખરો વ્યવહારનયનો વિષય, (પણ સર્વથા) અસત્ય છે એની (જેમ) વ્યવહાર છે એમ નથી. ત્રિકાળની અપેક્ષાએ તે અસત્ય છે. સમજાણું કાંઈ?

નિર્દ્વંદ્વ. **નિશ્ચયથી...** ભગવાન આત્મા પરમ પદાર્થ ધ્રુવ શુદ્ધભાવ છે. એવા **પરમ પદાર્થ સિવાયના સમસ્ત પદાર્થસમૂહનો (આત્મામાં) અભાવ હોવાથી આત્મા નિર્દ્વંદ્વ (દ્વૈત રહિત) છે**. દ્વંદ્વ રહિત છે. વિકલ્પ આદિ દ્વંદ્વ એ સ્વરૂપમાં નથી. એક શુદ્ધભાવ ભગવાન આત્મા એમાં **પરમ પદાર્થ સિવાયના સમસ્ત પદાર્થસમૂહનો...** વિકલ્પથી માંડી આખી દુનિયા એનો એમાં અભાવ હોવાથી નિર્દ્વંદ્વ છે. દ્વંદ્વ નથી એમાં. નિર્દ્વંદ્વ એકલો છે. સમજાણું કાંઈ? દ્વૈતરહિત છે. દ્વૈતરહિત છે? એટલે ઓલા અદ્વૈત કહે છે એમ નહીં. દ્વંદ્વપણું પર્યાયમાં, વિકલ્પમાં આદિ બધામાં છે, એમ બીજા પદાર્થો પણ છે, (પણ) વસ્તુમાં નથી. શુદ્ધભાવ ત્રિકાળી જે દૃષ્ટિનો વિષય, જેનો આશ્રય કરવાલાયક છે, જેનું અવલંબન લેવાલાયક છે, જેને પહેલો જ સ્વીકાર કરવાલાયક છે—એવો જે શુદ્ધભાવ એમાં દ્વૈતપણું (એટલે એના) એક સિવાય બીજી ચીજ એમાં છે જ નહીં. બીજી

(ચીજ) બીજામાં છે. રાગ રાગમાં છે, બીજા દ્રવ્યો દ્રવ્યમાં છે, ક્ષેત્ર ક્ષેત્રમાં છે, ભાવ ભાવમાં છે. અહીંયા એકરૂપમાં એ દ્વંદ્વ નથી–બેપણું નથી. આહાહા!

એવો નિર્દ્વંદ્વ ભગવાન આત્મા એની દૃષ્ટિ કરતાં એ વ્યવહાર પણ એનામાં નથી, એમ કહે છે. વ્યવહારના વિકલ્પનો દ્વંદ્વ એનામાં નથી. સમજાણું કાંઈ? એનામાં નથી તો એની દૃષ્ટિ કરનારને પણ દ્વંદ્વ નથી. શું કહ્યું એ? અહીં વસ્તુમાં દ્વંદ્વ નથી, પણ એનો જેણે આશ્રય લીધો સમકિતીએ એને (પણ) દ્વંદ્વ નથી. એમ વસ્તુ નિર્દ્વંદ્વ છે. વસ્તુ એવી છે. તો એવી જેને દૃષ્ટિ થઈ એ પણ નિર્દ્વંદ્વ છે. એને વ્યવહારનો દ્વંદ્વ એની જોડે નથી. એમાં એકતાપણે નથી, ભિન્નપણે છે, એનો આમાં અભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? આ બધા વ્યવહાર કરો. શ્વેતામ્બરમાં તો બે વાત મુખ્ય કરી—મૂર્તિ ને આગમ. ત્રણ કાળમાં ધર્મીને એનો આધાર કોઈ દિવસ નથી, લે! ભગવાનજીભાઈ! આહાહા! દસ-દસ લાખના મોટા મંદિર કરે, એનો આધાર હશેને....? એ તો શુભભાવ હોય ત્યારે ત્યાં હાજર થઈ જાય. છતાં શુભભાવ ને બેય ચીજનો વસ્તુમાં અભાવ છે. આહાહા! સમજાણું કાંઈ?

શ્રોતા : અજ્ઞાનીને આમાં આધાર ખરો?

પૂજ્ય ગુરુદેવશ્રી : અજ્ઞાની પછી આધાર માને, આધાર છે નહીં. અજ્ઞાની માને. પરનો આધાર હોય આત્માને?

શ્રોતા : અજ્ઞાની આત્માને હોયને?

પૂજ્ય ગુરુદેવશ્રી : અજ્ઞાની આત્મા એટલે મૂઢ આત્મા. એ તો આત્મા જ નથી, એ તો અણાત્મા છે. એ માને. એ આત્મા જ ક્યાં છે અજ્ઞાની? એ આત્મા જ નથી. મૂઢ થયેલો અણાત્મા છે. રાગથી લાભ માનનાર, પરને આધારે હું છું—એ માનનાર મૂઢ છે. આહાહા!

એના અનંત-અનંત ગુણો તે આધેય છે ને વસ્તુ તે આધાર છે, ભેદથી વિચારે તો. બાકી તો એક જ વસ્તુ છે. આહાહા! આવે છેને. ત્રિકાળી આનંદાદિ જે સ્વભાવ એ આધેય (અને) આધાર દ્રવ્ય. એને રાગનો કે નિમિત્તનો આધાર તો છે જ નહીં. આવું છે. વળી પાછા..... મંદિર. બોરીવલીમાં હમણાં થાશેને. વૈશાખ સુદ બીજનું છે. વૈશાખ સુદ બીજ. એ..ય પંચકલ્યાણક મોટા. ઓહોહો! થવાકાળ હોય ત્યાં બહારમાં થાય. બહારનો થવાનો હોય ત્યાં થાય. (શ્રોતાઃ ...આધાર તો રહ્યોને અમારે?) એ ના પાડે છે અહીં. એનો તો નહીં, પણ એના પ્રત્યે થતો ભક્તિનો ભાવ વિકલ્પ એનોય આત્માને આધાર નહીં. અને એ વિકલ્પથી રહિત નિર્દ્વંદ્વ છે. ભારે કામ ભાઈ!

એકડે એક ને બગડે બે. ..... મિથ્યાત્વભાવ છે. દ્વંદ્વ આવ્યો. ભારે કામ બાપુ! આ તો બહારથી રાજી-રાજી થઈ જાય. થોડા મંદિર કરે, લાખ-બે લાખ ખરચે. એક જણો કહે... કોઈકની બાને કરાવ્યું હતું. મહારાજ કહે તો અહીં પાંચ લાખનું મંદિર કરાવું. હું કોઈને (કહેતો

નથી). આપણે ઉપદેશમાં આવે એ સમજો. વ્યક્તિગત અહીં કહેતા નથી અમે. એમ કરીને તારે કરવું હોય તો હું કહું તો કરું એનો અર્થ શું? નહીં કરવાના લક્ષણ. પણ વ્યક્તિને કહે કે તું આ કર, એવું હોય? એનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ હોય એને...... આહાહા! નિર્દ્વંદ્વ. ત્રીજું. નિર્મમ છે ભગવાન. મમ–રાગાદિ મારા એવું એમાં છે નહીં. આહાહા! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ મારો એવું પણ વસ્તુમાં નથી. આહા! વસ્તુમાં ક્યાં છે? આહાહા! શુદ્ધભાવ અધિકારે રેલમછેલ કરી નાખી છે.

**પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી...** લ્યો, પ્રશસ્ત-અપ્રશસ્ત મોહ ને પ્રશસ્ત-અપ્રશસ્ત રાગ-દ્વેષ બધાનો અભાવ હોવાથી... જુઓ! પ્રશસ્ત પણ લીધું હોં શુભરાગ. મોહમાં પ્રશસ્ત તે ભગવાનનો પ્રેમ અને એ બધો પ્રશસ્ત રાગ એ બધું સ્વરૂપમાં નથી. આહાહા! કહો, સમજાણું કાંઈ? ભગવાનનો પ્રેમ એવો જે પ્રશસ્ત રાગ એ સ્વરૂપમાં નથી. અપ્રશસ્ત નહીં તો... સમસ્ત, એમ. એથી પ્રશસ્ત પહેલું લીધું. **સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી**... એક પણ શુભવિકલ્પનો પણ અંદર અભાવ હોવાથી **આત્મા નિર્મમ (મમતા રહિત) છે.** વિકલ્પ પણ મમ–મારું એ છે નહીં. આહાહા! આ મકાનો ને આ મંદિરો ને આ પુસ્તકોના .... કોઈ આત્માના નથી. આહાહા!

મમ રહિત છે. લ્યો, નિર્મમ છેને, મમ. નાના છોકરાને મમ્ કરે તો ખાય. મમ્ લે, મમ્ લે. રાગનો ખોરાક જ આત્મામાં નથી. આ છોકરાને ન કહે? મમ્ આવ્યું મમ્. ખાવું એ શબ્દ માટે જોર પડે. ખા..વું. મમ્ આવ્યું. હોઠ.... મમ્.. મમ્. એટલે ઓલું છોકરો બોલી શકે ને સમજી શકે. લે મમ્.. લે મમ્. એમ આ રાગ ને પુણ્યના પરિણામનું મમ્ આત્મામાં નથી. આહાહા! હોઠમાંથી અવાજ નીકળે પાધરો (તેથી) એને મમ્ કહે. બા, ભૂ, પા એમ આવે છેને બધું. પહેલા અક્ષર હોય ત્યાં આ બેમાંથી નીકળે. નાના છોકરાને પહેલા સમજાવે તો એવીં રીતે... એકાક્ષરી. આહાહા! નિર્મમ.

વળી **(નિશ્ચયથી)**–ખરેખર ભગવાન આત્માને **ઔદારિક** શરીર નથી. શરીરે ધર્મ થાય, જીવિત શરીરે ધર્મ થાય. કહો, શેઠ! તમે હતા કે નહીં ત્યાં ખાનિયામાં? તમે નહીં? ક્યા કહા? ...... કોઈ કરતું નથી. આ જીવિત શરીરથી ધર્મ થાય કે નહીં? અહીં તો શરીર જ આત્મામાં નથી તો જીવિત શરીર ક્યાંથી આવ્યું? આવા પ્રશ્ન. વાત જ જુદી. મૂળ સમજ્યા નથી અને પોતે પંડિત નામ ધરાવવા છે. એ મોટી વાતું સંસ્કૃત ને વ્યાકરણ ને ઢીકણું, ફલાણામાં આમ છે, ઢીકણામાં આમ છે. તારી દૃષ્ટિમાં ફેર છે (તેથી) એ વાંચ તો બધું ઊંધું જ નીકળશે. આહાહા! સમજાણું કાંઈ? ઓહો! ઔદારિક શરીર નથી આત્મામાં, **વૈક્રિયક** શરીર નથી. નારકી અને દેવને હોયને. **આહારક** નથી. લ્યો ઠીક. મુનિને આહારક (શરીર હોય) છેને એ આહારક શરીર આત્મામાં નથી. એ તો એ વખતે બની જાય છે એને કારણે. આહાહા!

**આહારક, તૈજસ...** ગરમી લાગેને આ શરીરમાં. અંદર તૈજસ શરીર છેને એ આત્માને નથી. **કાર્મણ** શરીર આત્માને નથી. લ્યો, જાઓ. આઠે કર્મનો કોઠો. આઠે કર્મનો એ કોઠો.. કોઠો કહે છેને. આ રોટલાને નથી મૂકતા કોઠારમાં? આ બધા કર્મો આવે છે... શાસ્ત્રમાં આવે છેને. એ કાર્મણશરીર આત્મામાં નથી. કાર્મણશરીર જ આત્માને નથી. ત્યારે જડને હશે? એ પોતે જડ છે, એ ચૈતન્યમાં નથી. આહાહા! અરે! કહેવાય છેને આઠ કર્મ સહિત આત્મા, આઠ કર્મથી બંધાયેલો આત્મા, આઠ કર્મથી ફલાણું. એ તો બધો વ્યવહાર નિમિત્ત-નૈમિત્તિક સંબંધની વ્યાખ્યા છે. વસ્તુમાં છે નહીં. નિમિત્ત-નૈમિત્તિક સંબંધે છે. સમજાણું કાંઈ?

એ **પાંચ શરીરોના સમૂહનો અભાવ હોવાથી આત્મા નિઃશરીર છે.** ક્યારે? શરીર ધીમું પડે ત્યારે, ઓલા કહે છે, અત્યારે નહીં. અહીં તો કહે કે ત્રણે કાળે આત્મા નિઃશરીર છે. આહાહા! સમજાણું કાંઈ? **નિશ્ચયથી પરમાત્માને પરદ્રવ્યનું અવલંબન નહિ હોવાથી...** પરમાત્માને એટલે આત્માને હોં, પાછો ઓલો પરમાત્મા ભગવાનને નહીં. પરમ આત્મા એટલે પરમસ્વરૂપ ત્રિકાળી શુદ્ધભાવને પરમસ્વરૂપ પરમાત્મા કહેવાય છે. પોતાનો ત્રિકાળી સ્વભાવ શુદ્ધ પરમસ્વરૂપ એને અહીંયા પરમાત્મા (કહે છે). પરમ–ઉત્કૃષ્ટ આત્મા એટલે એનું સ્વરૂપ આખું. **નિશ્ચયથી પરમાત્માને પરદ્રવ્યનું આલંબન નહીં હોવાથી...** એને પરદ્રવ્યનો આધાર ને આલંબન નથી, લ્યો. આલંબન નથી. દેવ-ગુરુ-શાસ્ત્રનું આલંબન આત્મામાં નથી. અભી નહીં હૈ, એમ કહતે હૈં. આલંબન નથી. વસ્તુમાં કેવું? વિકલ્પ જ્યાં નથી, ત્યાં વિકલ્પના નિમિત્તો એમાં ક્યાંથી આવ્યા? આહાહા!

પાછા મોટા મંદિર બનાવે ખાડિયામાં, મોટી પ્રતિમા–ભગવાન. એ તો બનવાકાળે એ બને છે. બનાવે કોણ? જોડે હોય એને શુભ વિકલ્પ કહેવાય. એ પણ સ્વરૂપમાં નથી. ત્યારે શું કરવા કરો છો? કરે કોણ? એ આવે અને હોય ત્યારે જાણે. સમજાણું કાંઈ? નિશ્ચયથી પરમાત્મા.. પરમાત્મા એટલે પરમસ્વરૂપ એવો આત્મા ધ્રુવ ત્રિકાળી શુદ્ધભાવ, પર્યાય વિનાનો ભગવાન. એને પરદ્રવ્યનું આલંબન નહીં હોવાથી **આત્મા નિરાલંબ છે.** કહો, ભીખાભાઈ! આમાં દેવ-ગુરુ-શાસ્ત્રનું આલંબન નથી એમ કહે છે.

શ્રોતા : એ તો દ્રવ્યને નથી, પર્યાયને તો છેને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : પર્યાયમાંય નથી. જેણે નિરાલંબી દ્રવ્યની દૃષ્ટિ કરી એને પર્યાયમાં પણ આલંબન નથી. એવી વાત છે. આ તો વસ્તુ કહે છે, પણ વસ્તુના દૃષ્ટિવંતને આમ જ છે બધું. આહાહા! એ એની મેળે નીકળે? પુરુષાર્થ કરે તો નીકળેને. એની મેળાએ નીકળે, તો થઈ રહ્યું. કહો, સમજાણું? નિરાલંબ છે. નીરાગ છે એની વ્યાખ્યા છે લ્યો. ... છેને.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**મહા સુદ ૧૫, રવિવાર, તા. ૩૦-૧-૧૯૭૨**
**ગાથા-૪૩, શ્લોક-૬૨, પ્રવચન નં. ૩૯**

'નિરાલંબ' ત્યાં સુધી આવ્યું છે. ભગવાન આત્મા નિરાલંબ છે. એને કોઈ વિકલ્પ કે પરનું આલંબન નથી એવી એ ચીજ છે. વસ્તુ શુદ્ધભાવ જે જીવસ્વભાવ ધ્રુવ એને કોઈનું આલંબન નથી, નિરાલંબી ચીજ છે. એવી દૃષ્ટિ કરનારને પણ પર્યાયમાં કોઈનું આલંબન નથી. તો આ બધા આલંબન છેને આ મુર્તિ ને દેરાસરના? એ તો શુભભાવ હોય છે ત્યારે ત્યાં લક્ષ જાય છે, પણ વસ્તુમાં એ નથી. વસ્તુમાં એ આલંબન નથી, નિરાલંબન ચીજ છે. સમજાણું કાંઈ? **નીરાગ...** ૨૮મો બોલ છે. નીરાગ. **મિથ્યાત્વ**–વિપરીત માન્યતા એ પર્યાયમાં છે, વસ્તુમાં છે નહીં. **વેદ**–વાસના. સ્ત્રી, પુરુષ, નપુંસકની વાસના પર્યાયમાં છે, વસ્તુમાં નથી. વસ્તુ તો નિર્મળ, વાસના વિનાની અખંડ પરમબ્રહ્મસ્વરૂપ છે. એને દૃષ્ટિમાં લેતાં સમ્યગ્દર્શન થાય છે.

**રાગ, દ્વેષ, હાસ્ય** એમાં નથી. **રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા**–દુર્ગંછા, **ક્રોધ, માન, માયા અને લોભ નામનાં ચૌદ અભ્યંતર પરિગ્રહોનો અભાવ હોવાથી આત્મા નીરાગ છે.** રાગના સ્થાનના પ્રકાર બધા વસ્તુમાં નથી. દ્રવ્ય શુદ્ધભાવ ત્રિકાળી શુદ્ધભાવ તદ્દન ત્રિકાળ નિરાગી–વીતરાગી છે એમ કહે છે. સમજાણું કાંઈ? નિરાગી નામ વીતરાગની મૂર્તિ છે એ તો આત્મા. અરૂપી ચૈતન્યઘન એવો આત્મા એને–ખરેખર આત્માને શુદ્ધભાવ કહેવામાં આવે છે. એનું શરણ લેતાં, એને આશ્રયે જતાં જે દશા થાય તેને ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? નીરાગ છે–વીતરાગ છે. વીતરાગ ન હોય તો વીતરાગી પર્યાય આવે ક્યાંથી? વીતરાગી પૂર્ણ પર્યાય.

શ્રોતા : દ્રવ્યમાં તો પર્યાય નથી?

પૂજ્ય ગુરૂદેવશ્રી : દ્રવ્યમાં પર્યાય નથી, દ્રવ્યમાં શક્તિરૂપે છે બધું. ભેદની અપેક્ષાએ શક્તિરૂપે બધું છે. નિશ્ચયથી નીરાગ છે તે નીરાગ છે, પર્યાયમાં વીતરાગ થાય છે એ પર્યાયથી થાય છે. એ વળી જુદી વસ્તુ છે. તદ્દન વીતરાગમૂર્તિ જ આત્મા છે. અકષાયસ્વભાવનું સ્વરૂપ જ છે એ. ભલે ક્ષેત્ર નાનું હોય, પણ એના સ્વભાવની અપરિમિતતા–બેહદતા છે–જેને હદ નથી. એવો જેનો વીતરાગસ્વભાવ પરિપૂર્ણ પડ્યો છે. એને આશ્રયે વીતરાગતા આવે. સમજાણું કાંઈ? વ્યવહારની ક્રિયાકાંડનો આશ્રય એ તો રાગ છે, એને આશ્રયે વીતરાગતા ન થાય. (શ્રોતા : વીતરાગકી સહાયતા લે નહીં?) વીતરાગની સહાય લે નહીં વીતરાગ આત્માની? આત્મા વીતરાગ એ સહાય. હા. આ વીતરાગી જિનબિંબ પર છે. તમને દઈ દેવું (એવું) ક્યાં છે એમાં? નિઃસહાય તમે ક્યાં હતા કે તમને આપે એવું? વીતરાગ સ્વરૂપ પોતાનું છે એની સહાયથી

વીતરાગતા પ્રગટે એમ કહે છે. વીતરાગદેવના સહાયથી વીતરાગતા પ્રગટે છે એમ નહીં. વીતરાગદેવ આત્મા છે. આહાહા! સમજાણું કાંઈ?

અરે! વસ્તુ તે... એકલા શુદ્ધભાવમાં કુંદકુંદાચાર્યે બધું કાઢીને એકલો વીતરાગમૂર્તિ છું (એમ સ્થાપ્યું). અકષાયરસ–અકષાયસ્વભાવભાવ એ નિશ્ચયથી જીવ અને ખરેખર એ જ આત્મા. (શ્રોતાઃ ...) શુભભાવ છે, ધર્મ-બર્મ નહીં. એવી વાતું જુદી છે. અમરચંદભાઈ! શુભભાવ હોય એ ધર્મ-બર્મ નહીં. એય સુરેન્દ્રભાઈ! એ તો એમ કહે છે કે કરવા-ન કરવા... એવો ભાવ હોય ત્યારે થાય. છે હેય. એવું છે આ. ભારે ભાઈ! આત્માને ધર્મ–સમ્યગ્દર્શનનું કારણ એ પરચીજ નહીં, બિલકુલ નહીં. કીધુંને, નિરાલંબન. દેવ-ગુરુ-શાસ્ત્ર તો નહીં, પણ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ પણ આત્માને સમ્યગ્દર્શનનું કારણ નહીં. બહુ વાંધા એવા ભારે ભાઈ!

શ્રોતા : આવું બીજો કોઈ કહી શકે નહીં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : બીજો શું કહી શકે? આમાં શું કહે? કહો, શેઠ! એવો વિકલ્પ છે કે નહીં? મૂળચંદભાઈ કહે છે કે બીજું કોઈ ન કહી શકે. પણ એમાં છે કે નહીં? અનંત તીર્થંકરો, અનંત સંતો, અનંત મુનિઓ, અનંત સમકિતીઓ કહેતા આવ્યા છે કે સિદ્ધ ને પંચપરમેષ્ઠીને આશ્રયે પણ તને સમકિત ન થાય. આહાહા! પરદ્રવ્ય છેને. પરદ્રવ્યને આશ્રયે તો વિકલ્પ થાય. હોય એ જુદી વાત છે, પણ ધર્મ થાય એનાથી (એમ) બિલકુલ નહીં– કિંચિત્ નહીં.

આ બધી ધમાલ શેની ત્યારે એની? પાંચ-પાંચ લાખ, દસ-દસ લાખ. એ દેવશીભાઈ! ન્યાં ક્યાં બેઠા છો દેવશીભાઈ? સાક્ષાત્ ત્રણ લોકના નાથ વીતરાગદેવ પણ સમકિતનું કારણ નથી. મૂર્તિ ને મંદિરની તો વાત જ ક્યાં? ગોટાલા હૈ? હોય છે .. શુભભાવ, વ્યવહાર. એ વ્યવહારમાં આલંબન પરનું છે એમ કહેવાય. બેને વાંધા ઉઠેને સ્થાનકવાસી ને દેરાવાસીને. સ્થાનકવાસી કહે, આલંબન ન હોય બિલકુલ. ઓલો કહે આલંબન હોય. એ બેયની અપેક્ષા ખોટી છે. શુભભાવ આવે ત્યારે એ હોય એ પણ બરાબર છે અને એનાથી આત્માને સમ્યગ્દર્શન થાય એ વાત ખોટી છે. ભારે કામ બાપા! આવો માર્ગ છે. છતાં સંતો એમ કહે કે ઓહો! ગિરનાર પર્વત ઉપર મુનિઓ પણ ગયા હતા. ગિરનાર મુનિઓને પણ પૂજ્ય છે. એવું આવે છેને સ્તુતિમાં. એ શુભભાવ હોય એ વખતે 'પૂજ્ય છે' કહેવામાં આવે છે. નિશ્ચયથી તો ભગવાન આત્મા ગિરનાર, શત્રુંજય એ પોતે છે, એ પૂજ્ય છે. સમજાણું કાંઈ? એવું છે ભાઈ! આહાહા! અંતરની નજરુંમાં પડે એવો ભગવાન એ શરણ છે. બહારની નજરે પડે એ ભગવાન શરણ નથી.

**નિશ્ચયથી સમસ્ત પાપમળકલંકરૂપી કાદવને ધોઈ નાખવામાં સમર્થ...** નિર્દોષની વ્યાખ્યા ચાલે છે. કેવો છે? કે નિર્દોષ છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન શુદ્ધભાવ ધ્રુવ, એ

તો સમસ્ત પાપમળકલંક કાદવને ધોઈ નાખવામાં... પાપ શબ્દે પાપ ને પુણ્ય બેય. પુણ્ય ને પાપના ભાવ બેય પાપ છે. અરેરે! **પાપમળકલંકરૂપી કાદવને ધોઈ નાખવામાં સમર્થ, સહજ પરમ વીતરાગ સુખસમુદ્રમાં મગ્ન...** વસ્તુ હોં. સ્વભાવિક પરમ વીતરાગ સુખસમુદ્રમાં ડૂબેલું તત્ત્વ છે. આહાહા! **પ્રગટ સહજાવસ્થાસ્વરૂપ જે સહજજ્ઞાનશરીર...** પ્રગટ એટલે ધ્રુવસ્વરૂપ સહજ–સ્વભાવિક અવસ્થા નિશ્ચયસ્વરૂપ સહજજ્ઞાનશરીર **તેના વડે પવિત્ર હોવાને લીધે...** લ્યો, ઠીક. માટે **આત્મા નિર્દોષ છે.** આહાહા! પ્રગટ સહજ અવસ્થાસ્વરૂપ એ ત્રિકાળીની વાત છે હોં. અવસ્થા નહીં. સહજ અવ-સ્થ.. સહજ અવ–નિશ્ચય, (સ્થ)–સ્થાનરૂપ એવું જે સહજજ્ઞાનસ્વરૂપ ત્રિકાળ જ્ઞાનની મૂર્તિ અરૂપી ઘન એવી પવિત્રતાને કારણે તે આત્મા નિર્દોષ છે. આહાહા! ત્રણે કાળ નિર્દોષ છે. દોષાદિની વાત એ પર્યાયની અંદરમાં છે.

પર્યાયમાં વ્યવહારે પર્યાય દોષવાળી છે એ વ્યવહારે વ્યવહાર સત્ય છે, પણ ત્રિકાળી આત્માની અપેક્ષાએ એ અસત્ય–જૂઠું છે. નિર્દોષ ભગવાન આત્મા ત્રિકાળી છે. નિર્દોષ ન હોત તો નિર્દોષતા આવે ક્યાંથી? રાગમાંથી આવે? રાગ ટળવામાંથી આવે? રાગ ટળે એમાંથી નિર્દોષતા આવે? (રાગ) જાય એમાંથી? નિર્દોષ પ્રભુ આત્મસ્વરૂપ છે. ત્રિકાળ પવિત્રતાનો પિંડ હોવાને લીધે નિર્દોષ છે. આહાહા! અરે! એની પોતાની મોટપની વાત સાંભળી નહીં એણે. એટલે શું? કે મારી મોટપ મારાથી પ્રગટે એમ ન માનતાં, કંઈક બીજું જોઈએ એટલે સાંભળી નહીં વાત પોતાની. મારી મોટપ પ્રગટાવવામાં પરદ્રવ્ય હોય તો પ્રગટે એ વસ્તુનો સ્વભાવ નથી, છતાં એ વાત એને ગોઠતી નથી. આ હોય, આ હોય, આ હોય. આ એવી ચીજ છે મલૂકચંદભાઈ! શેઠીયાઓએ સાંભળેલું બધું ઊંધું. વસ્તુ તો આ છે. કઠણ પણ... હવે કહેશે. આહાહા!

નિર્દોષ ભગવાન આત્મા છે. કોણ આત્મા? એક સમયની પર્યાય વિનાનું તત્ત્વ એ પોતાનો આત્મા. એવો નિર્દોષ આત્મા છે. ધ્રુવ.. ધ્રુવ.. શુદ્ધભાવ. આહાહા! **નિર્મૂઢ** છે. **સહજ નિશ્ચયનયથી...** સ્વભાવિક નિશ્ચય જ્ઞાનના વિષયથી જોઈએ તો તે સ્વભાવિકજ્ઞાન.. સ્વભાવિકજ્ઞાન છે, પ્રગટ પર્યાય નહીં. ત્રિકાળ **જ્ઞાન**સ્વભાવ, ત્રિકાળ **દર્શન**સ્વભાવ, **સહજ** વીતરાગસ્વભાવ–**ચારિત્ર**સ્વભાવ, ચારિત્રસ્વભાવ, ત્રિકાળ ચારિત્રસ્વભાવ આત્માનો ત્રિકાળ પડ્યો જ છે. સમજાણું કાંઈ? **સહજ પરમવીતરાગ સુખ...** સ્વભાવિક પરમ વીતરાગી આનંદ આત્મામાં છે. આ રાગવાળું જે સુખ કલ્પના છે એ તો ઝેર છે. સમજાણું કાંઈ? આહાહા! બે-પાંચ કરોડની મૂડી હોય, એકનો એક દીકરો હોય, લગ્ન થાતા હોય, કાંઈક પાંચ-પચ્ચીસલાખ ખર્ચવાના હોય, વરઘોડે ચડ્યો હોય, ભેગા હાથી પણ જાનમાં એક-બે લાવ્યા હોય, લૂગડાં-બૂગડાં પહેર્યાં હોય ઊંચા ને ઘોડા ઉપર બેઠો હોય, આહાહા.. એને એવું લાગે કે આહાહા.. ક્યાં જાઈએ છીએ? એમ કહે છે અહીં. એ સુખની કલ્પના ઝેર છે. આહાહા!

અમૃતસાગર ભગવાન આત્મા વીતરાગી સુખની તો એ મૂર્તિ છે. પરમાં સુખની જે આવી કલ્પના એ વીતરાગી પર્યાય ઉત્પન્ન થવા દેતી નથી. સમજાણું કાંઈ? પરમાં કંઈપણ સુખની પ્રસન્નતા કોઈપણ ચીજમાં આવે એ બધો મિથ્યા ભ્રમભાવ છે. આત્મા વીતરાગી સુખનો દરિયો છે. વસ્તુ છેને, સ્વભાવ છેને એનો, ત્રિકાળી છેને, અનુત્પન્ન-અવિનાશી છેને, એ વીતરાગ આનંદમય છે. આહાહા! કહો, સમજાણું આમાં? અહીં કહ્યું, વીતરાગ સુખ **વગેરે અનેક પરમ ધર્મો**—અનેક પરમસ્વભાવ એનો **આધારભૂત...** ઠીક! **નિજ પરમતત્ત્વને જાણવામાં સમર્થ...** પોતાનું પરમતત્ત્વ જે ત્રિકાળી એને જાણવા સમર્થ **હોવાથી આત્મા** ત્રિકાળ **નિર્મૂઢ (મૂઢતા રહિત) છે**. ત્રિકાળીને જાણવાને માટે સમર્થ હોવાથી ત્રિકાળ નિર્મૂઢ છે. સમજાણું કાંઈ? અથવા વર્તમાન કહે છે કેવળજ્ઞાનની વાત. ઓલો તો ત્રિકાળ નિર્મમ, ત્રિકાળી વસ્તુને જાણવામાં ત્રિકાળ શક્તિવંત એ નિર્મમ છે.

**અથવા, સાદિ-અનંત...** જ્યારથી કેવળજ્ઞાન પ્રગટે ત્યારથી આદિ છે. પૂર્ણ આનંદની સાથે પ્રગટેલું કેવળજ્ઞાન એ આદિ–શરૂઆત છે. પર્યાય છેને. પર્યાયને આદિ હોય. ગુણને આદિ ન હોય. ત્રિકાળી દ્રવ્યને, ગુણને આદિ-અંત ન હોય. પર્યાય કેવળજ્ઞાન સાદિ છે. સાદિ એટલે શરૂઆત થઈ છે, પણ અનંત છે. એનો કાંઈ નાશ હવે નથી. **અમૂર્ત** છે. કેવળજ્ઞાન પર્યાય આત્માની પ્રગટ દશા... પ્રગટ દશાની વાત છે આ. **અતીંદ્રિયસ્વભાવવાળા** છે એ. કેવળજ્ઞાન અતીન્દ્રિય સ્વભાવ છે. એને કોઈ ઇન્દ્રિયનું નિમિત્ત કે અવલંબન છે નહીં. અતીન્દ્રિય સ્વભાવ છે, કેવળજ્ઞાન હોં. વસ્તુ તો અતીન્દ્રિય સ્વભાવ છે, પણ કેવળજ્ઞાનની પર્યાય પણ અતીન્દ્રિય સ્વભાવ છે.

**શુદ્ધસદ્ભૂત વ્યવહારનયથી...** કેમકે કેવળજ્ઞાનપર્યાય શુદ્ધ છે, સદ્ભૂત એનો પર્યાય-અંશ છે, એમાં છે. સદ્ભૂત (કેમકે) એમાં છે અને વ્યવહાર (કેમકે) એનામાં ભેદ છે. તેથી વ્યવહારનયથી **ત્રણ કાળના અને ત્રણ લોકના સ્થાવર-જંગમસ્વરૂપ...** ત્રણ કાળના, ત્રણ લોકના સ્થાવર–સ્થિર અને જંગમ–ત્રસ જે ગતિ કરનારા **સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયોને...** ત્રણ કાળના દ્રવ્ય-ગુણ પર્યાયોને **એક સમયે..** આહાહા! **જાણવામાં સમર્થ સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાનરૂપે અવસ્થિત થવાથી...** પોતાની દશા કેવળજ્ઞાનરૂપે અવસ્થિત થવાથી **આત્મા નિર્મૂઢ છે.** ત્રિકાળ નિર્મૂઢ છે, કેવળજ્ઞાનની પર્યાયથી પણ એ નિર્મૂઢ છે. આહાહા!

ત્રણ કાળ, ત્રણ લોકના ત્રસ, સ્થાવર, જંગમ, બધાને એક સમયમાં જાણે. 'ક' બોલતા અસંખ્ય સમય જાય, એનો એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવી એની પર્યાયની તાકાત છે. આહાહા! એથી અનંતગુણો હોય તો જાણી શકે એવી એની તાકાત છે. આહાહા! આવો આત્મા જેને દૃષ્ટિમાં બેસે અને એની દોલત જેને નજરમાં દેખાય, એ ન્યાલ થઈ ગયો. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! આ ધૂળ-બૂળ દેખાય... કાંઈ ન મળે. હેરાન-હેરાન થશે.

મરતાં, આનું આમ કરજો, આનું આમ કરજો, આનું આમ કરજો. તારું કરજો એમ લેને હવે! મરતાય એ બધું કરજો.. કરજો કરતો જાય. આનું આમ કરજો, આ બે છોકરા માટે આમ કરજો, ત્રણને માટે આમ કરજો, ફલાણા માટે આમ કરજો, પાછળ કારજ કરજો સારું. પણ તારે જાવું છે ત્યાં કારજ કરવું એની તેં અહીં શું માંડી આ? આરે ભારે! આહાહા!

ભગવાન આત્મા... નિર્મૂઢના બે અર્થ કર્યા. ત્રિકાળી પોતાનું સ્વરૂપ છે જે અનંત જ્ઞાન-દર્શન-આનંદાદિના આધારભૂત વસ્તુ છે એને જાણવાને સમર્થ છે ત્રિકાળી નિર્મૂઢ અને પ્રગટ અવસ્થારૂપ પર્યાય પ્રગટેલી છે એ ત્રણ કાળ, ત્રણ લોકના દ્રવ્ય-ગુણ-પર્યાયને એક સમયે જાણે માટે એ નિર્મૂઢ છે. એને કાંઈ જાણવું બાકી નથી (માટે) નિર્મૂઢ છે. કેટલાક કહે, કેવળજ્ઞાનીએ સદા અનાદિ જાણ્યું, આદિ કેમ ન જાણ્યું? લ્યો, ઠીક. કેવળજ્ઞાને, છેલ્લી પર્યાય મારી કઈ એ જાણી છે ભગવાને? કહો, આવા ને આવા. છેલ્લી પર્યાય તારી કઈ? પછી તું દ્રવ્ય નહીં રહે? ખબર જ નથી એકેય તત્ત્વની. આહાહા! અહીંયા તો કેવળજ્ઞાન ત્રણ કાળ, ત્રણ લોક, એના દ્રવ્ય-ગુણ ને પર્યાય એક સમયમાં (જાણે).

એક સમયમાં જાણ્યુંને? જાણ્યું ત્યારે અંત આવી ગયો કે નહીં? છેલ્લી પર્યાય જાણી કે નહીં આમાં? કહો, સુજાનમલજી! બધી આવી એટલે છેલ્લી આવી ગઈ ને પહેલી આવી ગઈ. છેલ્લા કેવા ને પહેલા કેવા? જે છે એ છે. એમ ને એમ છે.. છે.. છે.. છે.. છે.. છે.. છે. આહાહા! જૈનનો એકેક ભાગ, એકેક ભાવ પકડવો સૂક્ષ્મ છે. જાણવું... કીધુંને? ન આવ્યું એમાં? શું આવ્યું? સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયને એક સમયે જાણે. બધી પર્યાયને એક સમયમાં જાણે. ભૂત-ભવિષ્ય-વર્તમાન બધી પર્યાયને એક સમયે જાણે. બધી પર્યાય આવી ગઈને જ્ઞાનમાં. પર્યાય આવી ગઈ કે નહીં જ્ઞાનમાં? કેમ પર્યાય નથી આવી જ્ઞાનમાં? પર્યાય જ્ઞાનમાં આવી, પણ કેવી પર્યાય? જે અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત કાળ રહેશે એવી અને અનંત કાળમાં આમ થઈ.. થઈ.. એવી જ્ઞાનમાં આવી. આહાહા! હજી તો જ્ઞાનનો પર્યાય આવડો એની હજી ખબર ન મળે, એને આત્માની શ્રદ્ધા ને આત્માનું જ્ઞાન ક્યાંથી લાવવું? આહાહા!

અત્યારે કેવળજ્ઞાનમાં ગોટા બહુ ઉઠે છે. કોઈક તો કહે, ભવિષ્યનું થાય ત્યારે જાણે, કોઈક કહે, વળી વર્તમાન પર્યાયપૂર્વક ભવિષ્યને જાણે. કોઈ કહે, વળી કેવળજ્ઞાની જાણે એ બરાબર જાણે, પણ શ્રુતજ્ઞાની એમ નહીં. શ્રુતજ્ઞાની એમ... કેટલાય ગોટા ઉઠ્યા અહીંથી નીકળ્યા પછી હોં. આહાહા! બાપુ! તારું સ્વરૂપ છે ભાઈ! એકલો જ્ઞાનસ્વભાવ છે એવી જ્યાં દશા પૂર્ણ પ્રગટી એને બાકી શું હોય?

શ્રોતા : આવું પ્રગટ સામર્થ્ય દ્રવ્યમાં છે....

પૂજ્ય ગુરુદેવશ્રી : નહીં, અહીં તો પ્રગટ પર્યાયની–કેવળજ્ઞાનની વાત છે. ઓલું સામર્થ્ય નિર્મળ એ દ્રવ્યમાં ગયું. આ તો પ્રગટ પર્યાય થાય એની વાત છે. એ શુદ્ધભાવ, આ (ત્રિકાળી)

શુદ્ધભાવ એની વાત છે. શુદ્ધભાવ પહેલો અંદરમાં ગયો એ. આ તો પ્રગટ પર્યાય આવી છે. આહાહા! આ પ્રગટ પર્યાયની વાત છે. સદ્ભૂત વ્યવહારનયથી છે. વ્યવહારનયથી ક્યારે કહેવાય? વર્તમાનને છે. અંદરમાં દ્રવ્યમાં છે એ વ્યવહાર નથી? એમ વ્યવહારનયથી હોય નહીં. પ્રગટ પર્યાયને વ્યવહાર કહેવાય. એ તો કીધું પહેલું. **શુદ્ધસદ્ભૂત**.. શુદ્ધ નામ પવિત્ર છે, સદ્ભૂત નામ પોતામાં છે, વ્યવહાર નામ ભેદરૂપ છે. માટે એણે ત્રણ કાળ, ત્રણ લોક જાણ્યા એમ કહીએ. શક્તિની વાત નથી અહીંયા. શક્તિની પહેલા આવી ગઈ. એ દ્રવ્યની શક્તિ. સમજાણું કાંઈ?

કેવળજ્ઞાન, આહાહા! જેના લોચન ખીલ્યા-આંખ્યું ખીલી ગઈ, કહે છે, બધું એક સમયમાં (જાણે). આવડો આત્મા પર્યાયની શક્તિવાળો છે. દ્રવ્ય-ગુણની તો શું વાત કરવી? એવા આત્માને આત્મા તરીકે જાણે, માને ત્યારે એણે આત્મા જાણ્યો, માન્યો કહેવાય. આહાહા! નહીં તો આત્મા જ એણે જાણ્યો નથી. **સમસ્ત પાપરૂપી શૂરવીર શત્રુઓની સેના જેમાં પ્રવેશી શકતી નથી...** લ્યો, ધ્રુવ કિલ્લો છે ભગવાન, એમ કહે છે. નિત્ય રસકંદ, એક સમયની પર્યાય વિનાનું તત્ત્વ આખું નિજરસકંદ ધ્રુવતત્ત્વ, સત્ત્વ. સ**મસ્ત પાપરૂપી શૂરવીર શત્રુઓની સેના**... શૂરવીર શત્રુની સેના મિથ્યાત્વ, રાગ-દ્વેષ આદિ.. આહાહા! **જેમાં પ્રવેશી શકતી નથી**... એ ધ્રુવરૂપી કિલ્લામાં જેનો પ્રવેશ નથી.

**એવા નિજ શુદ્ધ અંતઃતત્ત્વરૂપ મહા દુર્ગમાં (કિલ્લામાં)...** એવું નિજ-પોતાનું અંતઃતત્ત્વસ્વરૂપ.. અંતઃતત્ત્વસ્વરૂપ.. પોતે અંતઃતત્ત્વ ત્રિકાળી નિજ સત્. મહા દુર્ગ-મોટો કિલ્લો એમાં **વસતો હોવાથી...** ભગવાન તો એવા ધ્રુવ કિલ્લામાં વસે છે. આહાહા! પ્રવેશ નહીં, દુશ્મનનો પ્રવેશ નહીં. બારી-બારણા પાકા લોઢાના કર્યા હોય, એમાં અંદર બેઠો હોય, ભલે સિંહ સામો આવ્યો હોય, પણ પ્રવેશ કરી શકે? સમજાણું કાંઈ? આહા! આફ્રિકામાં સિંહો બહુ હોય છેને તો એનો ફોટો લેવા જાય. ફોટો શું, ફિલ્મ.. ફિલ્મ. બસ્સો-બસ્સો સિંહો સાથે હોય. એ મોટરું મોટી ઊંચી હોય, પાંચ-પાંચ લાખની મોટી ઊંચી, લોઢાના સળિયા ને. નહીં તો સિંહ આવીને થાપ મારે અંદર. એના ફોટા લેવા... લોઢાના સળિયા મોઢા આગળ હોય, કાચ અંદર હોય, એનો હાથ ન પહોંચે એવી મોટરું હોય. બસ્સો-બસ્સો સિંહ..... એકાદ ત્રાડ મારતા આવે ખરા મોટર ઉપર. એને કંઈ કરી શકે નહીં. એને બીક જરીએ ન હોય. ચારેકોર... એમ આ ધ્રુવ કિલ્લો છે ભગવાન આત્મા, એમ કહે છે. આ મિથ્યાત્વાદિ સિંહનો એમાં પ્રવેશ થઈ શકે નહીં એવો કિલ્લો છે. આહાહા!

શ્રોતા : ઇતની જલ્દી પ્રાપ્તિ નહીં હોતી. બડી ગહરી ચલી અંદર...

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ ક્યાં વાત કરી? લે! અહીં તો કહે છે કે ધ્રુવ કિલ્લામાં બીજાનો પ્રવેશ નથી માટે પ્રાપ્ત થઈ શકે છે, એમ કહે છે. એમાં આ બીજી ચીજ નથી. કેમકે

મહાકિલ્લામાં પડ્યો છેને. આહાહા! અહીં તો કહેવું છે કે નિત્યપ્રભુ રાગ-દ્વેષ વિનાની ચીજ, એક સમયની જે પ્રગટ પર્યાય છે એ વિનાની ચીજ છે, એમાં જ્યાં પર્યાયનો પ્રવેશ નથી તો આવા શત્રુઓનો પ્રવેશ ક્યાંથી હોય? આહાહા! જુઓને! એક વર્ણન આત્માનું. આહાહા! એની જાતને સાંભળી નથી. આહાહા! સારા ઘરની કન્યા હોય ને એને વળાવવી હોયને જ્યારે... શું કહેવાય એ? કરિયાવર.. કરિયાવર. કરિયાવર મૂકે, ત્યાં બતાવે બધાને ઢોલીયા આમ પાથરીને. બધા જોવા આવે કુટુંબી. આટલું આ છે, આટલું આ છે, આટલું આ છે. એ ખુલ્લું.. ખુલ્લું કરે. હોય... એને ...... આ બધો માલ આપીએ છીએ. છેને આપણે રીવાજ છે કે નહીં?

અહીં ભગવાન આત્માને મોક્ષમાં વળાવવા, તારી કિંમત આવી છે, એમ કહે છે આહાહા! હેતુ તો મોક્ષનો છે કે નહીં આમાં? કે વાત કરવાનો છે? આહાહા! સમજાણું કાંઈ? ભગવાન! તારામાં આટલી-આટલી કિંમતું છે. તારું મૂલ્યાંકન થઈ શકે નહીં. આહાહા! શ્રીમદ્‌માં આવે છેને વાણીનું, નહીં? છેલ્લું મોક્ષમાળામાં. 'અનંત અનંત ભાવભેદથી ભરેલી એવી, અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે..' એ આવે છે. ભૂલી ગયા. 'જાણી એણે જાણી છે.' એમ હદ કરવા જાય છે એની વાત છે. 'ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ..' આહાહા! નિજમતિ મપાણી છે. મતિ મપાણી, એમ. વાણીનું–વીતરાગવાણીનું માપ કરવા જાય તો એની મતિ મપાઈ જાય છે. એ વસ્તુનું આ માપ છે? તો આત્માના સ્વભાવની તો શું વાત કરવી? સમજાણું કાંઈ? 'ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ..' કહો, સમજાણું કાંઈ? આહાહા!

વસતો હોવાથી, દુર્ગમ કિલ્લામાં વસતો હોવાથી એને કોઈ વિઘ્ન નથી, એમ કહેવું છે. ત્યારે શેઠ શું કહે? કે દુર્ગમ કિલ્લામાં વસતો હોવાથી અંદર અમે પ્રવેશ કરી શકીએ નહીં. ન્યાં તો અંદર ચોખ્ખું પડ્યું છે એમને એમ. નજર કરવાની વાત આવી. નજરને આળસે રે મેં નયણે ન દીઠ્યા હરી. 'મારી નજરને આળસે રે મેં નિરખ્યા ન નયણે હરિ..' આવે છે એ લોકોમાં. સમજાણું કાંઈ? હરિ તો હરિ છે ભગવાન પોતે. એને હરિ કીધો છે પંચાધ્યાયીમાં. 'પાપં ઓઘં હરતિ ઇતિ હરિ'. પાપની સામે આવ્યુંને, એ આવ્યુંને બધું. પાપને ટાળનાર મહા હરિ પોતે છે. બીજો હરિ ક્યો? બીજો હરિ એની પાસે રહ્યો. આહાહા! પુણ્ય ને પાપના સંસારના બખેડાનો નાશ કરનારો એવો ભગવાન આત્મા પોતે હરિ છે. આહાહા! પંચાધ્યાયીમાં એ લેખ છે. પાપં ઓઘં. પાપના ઓઘ, પુણ્ય-પાપના ઓઘ. મોટા ઓઘા–ઝઘડા એને નાશ કરવા માટે આત્મા હરિ છે. એવો આત્મા મજબૂત કિલ્લામાં રહેલો છે એટલે એને કોઈનો ઉપદ્રવ નથી એમ કહે છે.

**આત્મા નિર્ભય છે.** જોયું! આત્મા નિર્ભય, ત્રિકાળ નિર્ભય. **આવો આ આત્મા ખરેખર ઉપાદેય છે.** લ્યો, આ આવ્યું જુઓ! શેઠ! એ કિલ્લો જ એવો છે તે આદરણીય છે એમ કહે છે. એ દરવાજા તોડેલા જ પડ્યા છે. અંદર જવા માટે આમાં કાંઈ છે જ નહીં, એમ કહે છે. આહાહા!

**આવો આ આત્મા**... કહ્યોને માથે બધો. **એવો આ આત્મા ખરેખર ઉપાદેય છે**. એને આદરણીય હોય તો એ આદરણીય છે. આહાહા! માળે એના આત્માની વાતુંય સાંભળી નથી. ઘરમાં વખાણ કરવા જાય તો, એ વળી કપડું આવ્યું હોય, દાગીનો આવ્યો હોય, ઓહોહો.. ઘરના બધા ભેગા થાય જોવા. પાંચ હજારનો, દસ હજારનો દાગીનો લાવ્યા હોય સોનાનો, વળી આપણે તો ઓણ બે લાખ પેદા કર્યા છે અને પચ્ચીસ લાખ તો છે, તો આપણે એક લાવો. પચ્ચીસ હજારનો એક દાગીનો લાવ્યા છે સારો. રામજી ભગવાનજી સોનીની દુકાનેથી. એ સાચું. મુંબઈમાં દુકાન હતી. રામજી ભગવાનજી લાઠીવાળા. રામજી ભગવાનજીની હતી દુકાન, મોટી દુકાન. એ દુકાન હતી. આહાહા! કહે છે કે એ દાગીનો જોવા બધા ભેગા થાય. પણ આ ચૈતન્ય હીરો.. આહાહા! અરે! જોવાને નવરો થયો નહીં, કહે છે, નવરાશ મળી નહીં તને. આહાહા! એવી નિર્ભય વસ્તુ પડી છેને. એ તને ઉપાદેય, જોવા માટે ઉપાદેય છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ જાણવા જેવો છે, નજર નાખવા જેવો છે, ખરેખર એ ઉપાદેય છે, આદરણીય છે.

**એવી રીતે (શ્રી યોગીદ્રદેવકૃત) અમૃતાશીતિમાં (૫૭મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–**

**स्वरनिकरविसर्गव्यंजनाद्यक्षरैर्यद्**
**रहितमहितहीनं शाश्वतं मुक्तसंख्यम् ।**
**अरसतिमिररूपस्पर्शगंधाम्बुवायु-**
**क्षितिपवनसखाणुस्थूलदिक् चक्रवालम्॥**

કેવો છે ભગવાન ધ્રુવ ભગવાન અંદર? **શ્લોકાર્થ : આત્મતત્ત્વ સ્વરસમૂહ**... સ્વર અ, ક, ખ. એ સ્વર એમાં નથી. 'અ, ક' ઉઠે એ આત્મામાં ક્યાં છે? એ તો જડમાં છે. આહાહા! કહો, સમજાય છે કાંઈ? આહાહા! એવો અવાજ ઉઠે છે. એ અવાજ ક્યાં છે અંદર? વસ્તુમાં છે? એ જડની પર્યાય છે. આહાહા! સ્વરસમૂહ... અ, ક આદિ. **વિસર્ગ**... લ્યો. ઓલા સ્વર એટલે ક, ખ, નહીં? (સ્વર) એટલે અ, આ, ઈ. અને વ્યંજન. વ્યંજન એટલે શું? ક, ખ, ગ. એ એમાં નથી. **વિસર્ગ**... વિસર્ગ નથી આવતું? દો બિંદુ. હા, એ. આત્મામાં વિસર્ગ-ફિસર્ગ નથી. એ તો આનંદઘન ચૈતન્યમૂર્તિ છે. આહાહા! એમાં ક, ખ, ગ, ઘ, ઙ, ચ, છ, જ, ઝ, ઞ એ એમાં નથી. એ તો અક્ષરાવલી જડની છે. **અક્ષરો રહિત છે**, લ્યો. એ અક્ષર વિનાનો છે. છે અ-ક્ષર, પણ આ અક્ષર વિનાનો છે.

**સંખ્યા**... સંખ્યા એમાં નથી. ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯. કરે છેને આ ૧, ૨, ૩, ૪? એ આત્મામાં નથી, એ તો જડની પર્યાય છે. આ કરે છેને ગુરુકુળમાં ઓલા છોકરાઓ ચલવવા માટે? ૧, ૨, ૩ ચાલે, વળી ઊભા રહે. એ બધા જડના પર્યાયો છે ભગવાન! આહાહા! ચૈતન્ય અમૃતનો સાગર અરૂપી પ્રભુ એમાં એ છે નહીં. આહાહા! કહો, સમજાણું કાંઈ? અહીં કહે છે કે મૂળ અર્થો આવડે નહીં ને ત્યાં ઓલું આવે તો આહાહા.. એમ થઈ જાય. એ તો જડની પર્યાય

છે. આત્મામાં ક્યાં છે? એ અક્ષર અને અંકનો આત્મતત્ત્વમાં, એમ. ભેગું કરી નાખ્યું ઓલું વિસર્ગ, વ્યંજન ને સ્વર (આદિ) અક્ષર અને અંક–ઓલી સંખ્યા. **(અર્થાત્ અક્ષર અને અંકનો આત્મતત્ત્વમાં પ્રવેશ નથી).** એ **અહિત વિનાનું છે...** આહાહા! અહિત હોય તો એની પર્યાયમાં છે રાગ-દ્વેષ અજ્ઞાન. વસ્તુમાં અહિત કેવું? (હિતરૂપ) વસ્તુ છે તો (હિતપણું) પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

**શાશ્વત છે...** ભગવાન આત્મા એમને એમ શાશ્વત છે, કાયમ છે. અનાદિનો અને અનંત સુધી એમને એમ છે. **અંધકાર તેમ જ સ્પર્શ, રસ, ગંધ અને રૂપ વિનાનું છે** એ તત્ત્વ. અંધકાર એમાં નથી, એ તો ચૈતન્યપ્રકાશનું નૂરનું પૂર છે. આહાહા! જોવાલાયકને જોયો નહીં, જોવાલાયક નથી એને જોયો. એ તો અંધકાર ને સ્પર્શ, રસ, ગંધ, રૂપ વિનાનું તત્ત્વ છે. **પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુના અણુઓ રહિત છે...** પૃથ્વીના પરમાણુ, અગ્નિના ને વાયુના એના અણુઓ રહિત છે એ તો અરૂપી ઘન છે. એમાં આવા રજકણો નથી. **તથા સ્થૂલ દિક્ચક્ર (દિશાઓના સમૂહ) રહિત છે.** પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ આવેને બધી દિશાઓ—એ એમાં છે નહીં. આહાહા! આ બધા પ્રકાર નાખ્યા. વ્યવહાર આવા હોય છે બાહ્ય, (પણ) એની ચીજમાં નથી. એ તો પ્રકાર વર્ણવીને વ્યવહારનું સ્વરૂપ પણ બતાવ્યું છે.

**વળી (૪૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ સાત શ્લોક કહે છે)..** ૬૨.

**दुरघवनकुठारः प्राप्तदुष्कर्मपारः**
**परपरिणतिदूरः प्रास्तरागाब्धिपूरः।**
**हतविविधविकारः सत्यशर्माब्धिनीरः**
**सपदि समयसारः पातु मामस्तमारः॥६२॥**

ભગવાન આત્મા... આ ભગવાનનું ભાગવત વંચાય છે. આવો ભગવાન.. આવો ભગવાન.. આવો ભગવાન.. બાપુ! તને તારી ખબર નથી હોં. કેવડો, ક્યાં, કેમ, કઈ રીતે છે એની તને તારી ખબર નથી. આહાહા! અને દુનિયાનું ડહાપણ માંડે બધું. આહાહા! બીડીયુંની લપ (લઈને) બેઠો હોય ત્યારે એવી માંડે જાણે આહાહા... ભગવાન આત્મા...

**શ્લોકાર્થ : જે (સમયસાર)** એટલે ... **દુષ્ટ પાપોના વનને છેદવાનો કુહાડો છે...** દુષ્ટ પુણ્ય ને પાપનું વન મોટું ઓલું છે, આહાહા! એને છેદવાનો કુહાડો છે એટલે એનામાં છે નહીં. અને એનો આશ્રય લે તો એ પુણ્ય ને પાપનો નાશ થયા વિના રહે નહીં, એમ કહે છે. **જે દુષ્ટ કર્મોના પારને પહોંચ્યો છે (અર્થાત્ જેણે કર્મોનો અંત આણ્યો છે)...** એટલે એમાં કર્મ છે નહીં. વસ્તુમાં કર્મ કેવું? ચીજ ભગવાન સત્.. સત્.. સત્.. એનો આશ્રય લે એને કર્મ રહે નહીં. એનામાં નથી અને એનો આશ્રય લે એને કર્મ રહેતા નથી. અંત છે એને. વસ્તુમાં નથી અને વસ્તુનો આશ્રય લે એને કર્મનો અંત જ છે એમ કહે છે. આહાહા!

**જે પરપરિણતિથી દૂર છે...** આહાહા! કહો, સમજાણું કાંઈ? રાગ-દ્વેષની પરિણતિ અથવા એ પર્યાયની પરિણતિથી પણ એ વસ્તુ તો દૂર છે. નાશ થવાયોગ્ય પર્યાયથી દૂર... આવી ગયુંને પહેલું ૩૮ ગાથામાં. નાશ પામવાયોગ્ય બધી પર્યાયો છે એનાથી દૂર છે એ ચીજ. પર્યાય બદલે, એ બદલે નહીં, એ તો એવું ને એવું તત્ત્વ ત્રિકાળ રહે છે. અરે! એની નજરમાં ધ્યેય તો કરે. એને દૃષ્ટિમાં લેવાલાયક એ ચીજ છે. કહો, સમજાણું કાંઈ? **પરપરિણતિથી દૂર છે**... ૩૮ ગાથામાં આવ્યું હતું. **સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે**, એમ હતું. સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવ એટલે પર્યાયો. અહીં જોયું! પાપરૂપી વૃક્ષને છેદનારો કુહાડો છે. ત્યાંય આવ્યું છે. સમજાણું કાંઈ?

**જેણે રાગરૂપી સમુદ્રના પૂરને નષ્ટ કર્યું છે...** ભગવાન આત્માનો સ્વભાવ રાગરૂપી પૂર (અર્થાત્) રાગના અનેક પ્રકારો, રાગના વિકલ્પો. એવા જે રાગરૂપી સમુદ્રનું પૂર નષ્ટ કર્યું છે (એટલે) એમાં છે નહીં. અને એનો આશ્રય લે એનો રાગનું પૂર નષ્ટ થયા વિના રહે નહીં, એમ. આવું વ્યાખ્યાન... ભારે. અમે તો એકેન્દ્રિયની દયા પાળવી, બે ઇન્દ્રિયની, ત્રણ ઇન્દ્રિયની ચૌઇન્દ્રિયની, પંચેન્દ્રિયની, ભગવાનના દર્શન કરવા, દેરાસરના... આઠ દેવ નથી કીધા? કેટલા દેવ છે? નવ. નવ દેવ કહ્યા છે લ્યો. દેરાસર, પ્રતિમા, વાણી, પાંચ પદ—એ બધા દેવ છે. એ બધા વ્યવહાર (દેવ). ભારે કામ બાપુ!

ઓલો કહેતો હતો એક જણો. મુન્નાલાલજી હતાને મુન્નાલાલજી. જ્યારે છઠ્ઠી સાલમાં મંદિર થયુંને રાજકોટનું બે લાખ-અઢી લાખમાં. નાનાલાભાઈ ને બધા ભાઈઓએ ભેગા થઈને કર્યું. સોનાના માથે કળશો કર્યા. એને કહે... મુન્નાલાલ પંડિત હતાને ઇન્દોરના. મુન્નાલાલ. બહુ વહેમી હતા. આમ થશે તો આમ થશે, એ આમ થાશે તો મારો દીકરો મરી જશે. એ કહે કે શેઠ! તમને આઠ ભવે મોક્ષ થશે. નાનાલાલભાઈને કહે. આવું મંદિર મોટું, સોનાના કળશ એના કુટુંબે કરાવ્યા છે. (બીજાનો) અમથો ભાગ હશે થોડોઘણો. પણ એ બધું મોટું... આહાહા! નાનાલાલભાઈ કહે, મહારાજ એમ કહેતા નથી અને અમે એમ માનતા નથી. છઠ્ઠી સાલની વાત છે. ૨૨ વર્ષ પહલે. મંદિર હુઆ રાજકોટ મંદિર. ત્યારે મુન્નાલાલજી આવ્યા હતા. નહીં, ઇન્દોરવાળા મુન્નાલાલ. એ એણે કરાવ્યું ત્યાં. નાથુલાલ આવતા, પણ એ (વખતે) નહોતા આવી શક્યા. આઠ ભવે મોક્ષ થાશે શેઠ! આહાહા.. આવું મંદિર ને આ. ભાઈ! મહારાજ કહેતા નથી અને અમે માનતાય નથી, કહે. એ શુભભાવ છે પુણ્ય, મંદ રાગને કારણે, બસ એટલું. મૂલચંદભાઈ! નાનાલાલભાઈ જેવા કોઈ હોય તો. અમે માનતા નથી અને મહારાજ એમ કહેતા નથી. તમે મંદિર બનાવ્યું માટે આઠ ભવે મોક્ષ જશો.

આ સમ્મેદશિખરના દર્શનથી મોક્ષ જાય, એ નથી કહેતા? આ મહાવીરકીર્તિ આવ્યા હતા પહેલા, ત્યારે એમ બોલ્યા હતા. આ મહાવીરકીર્તિ વધી ગયાને હમણાં. પહેલાં આવ્યા

હતા પહેલા, ઘણા વર્ષ પહેલાં એકલા. જે સમ્મેદશિખરના દર્શન કરે એ ઓગણપચાસ ભવે મોક્ષ જાય. ઝાઝા હોય ઝાઝા. એવું સમ્મેદશિખરનું માહાત્મ્યનું પુસ્તક છે મારી પાસે. કીધું, એ વીતરાગીની વાણી નહીં. જે પરદર્શનથી ભવનો નાશ કહે એ વાણી વીતરાગીની નહીં. ... શાંતિથી. પછી કહે, ના, આ તો અમારે આમ છે ને તેમ છે. કીધું, એ અહીંયા નહીં. આત્માના આશ્રય વિના ભવનો નાશ ત્રણ કાળ, ત્રણ લોકમાં કોઈ દિ' ન થાય.

(શ્રોતા : એકવાર વંદે જો કોઈ...) હા, એ. મનુષ્ય ને (દેવ) થાય. પશુ ને નરકમાં પછી જશે. 'એકવાર વંદે જો કોઈ, નરકપશુ ન હોઈ.' એમ છેને? માણસ ને દેવ તો થાશેને. મરીને પાછો પછી જાશે. ધૂળેય નહીં થાય મોક્ષ. એ શેઠ! વાત તો એવી છે. એ તો આત્માના જેણે દર્શન કર્યા છે, આત્માનો આશ્રય લીધો છે એનો મોક્ષ થાય છે. સમ્મેદશિખર શું, સાક્ષાત્ સમવસરણનો આશ્રય લે, અનંત વાર પૂજા કરી ભગવાનની સાક્ષાત્ સમવસરણમાં. મણિરતનના દીવા, કલ્પવૃક્ષના ફૂલ. જય નાથ.. જય નાથ.. સમવસરણમાં અનંતવાર. પરમાત્મપ્રકાશમાં કહ્યું છે, 'ભવોભવ જિનવર પૂજિયો'. ભવ-ભવમાં જિનવરની પૂજા કરી અનંતવાર. શુભભાવ છે, અધર્મના નાશનું કારણ પણ નથી. અધર્મના નાશનું કારણ નથી, ધર્મની ઉત્પત્તિનું કારણ નથી. આહાહા! આ ખસે નહીં માળા ન્યાંથી. ન્યાં ને ન્યાં ચોંટ્યા. માર્ગ આવો છે બાપુ! આમાં કોઈની સિફારીશ ચાલે નહીં કાંઈ. એને ઝાઝા માનનારા છે. ઝાઝા માનનારા કીડીયું ઘણી હોય. તે શું માણસ થઈ જાય છે? માર્ગ તો છે આ છે જુઓ!

રાગરૂપી દરિયાના પૂરને નષ્ટ કરનારું એ તત્ત્વ છે. ભગવાનના દર્શન એ રાગના પૂરને નષ્ટ કરનારું નથી, એ તો પુણ્યબંધનું કારણ છે. આહાહા! આવી વાતો આકરી પડે હોં. વાડામાં તો રહેવા ન દે એને. **જેણે વિવિધ વિકારોને હણી નાખ્યા છે...** વિવિધ પ્રકારના પુણ્ય-પાપના વિકલ્પો એને હણી નાખ્યા છે (એટલે) એનામાં એ છે નહીં. આત્મા ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ એનો જેને આશ્રય થાય એને વિવિધ વિકારો રહે નહીં. સમજાણું કાંઈ? **જે સાચા સુખસાગરનું નીર છે...** આહાહા! સાચો સુખસાગર હોં. આ બધા ખોટા સાગર છે. ભગવાન અંદર સત્ય સુખ.. સુખ.. સાચું સુખ, અતીન્દ્રિય સુખ એવા સાચા સુખસાગરનું નીર છે. સુખસાગરનું પાણી છે એ તો અંદર. આહાહા! પીધા જ કરો નિર્વિકલ્પરસ, એમ કહે છે.

'નિરુપમ રસ પીજીયે..' કાલ આવ્યું હતુંને ભજન–ભક્તિમાં. છોકરાને પૂછ્યું હતું, એલા! આ નિરુપમ શું? કોઈકને આવડ્યું ને કોઈકને ન આવડ્યું, એવું કાંઈક હતું. નહીં કાલ પૂછ્યું હતુંને? 'નિરુપમ રસ પીજીએ..' ખબર નથી અર્થ. નિરુપમ રસ પીજીએ અને નિર્વિકલ્પ આનંદનો રસ પીઓ. રાગના ઝેરના પ્યાલા તો પીધા અનંતવાર. ભક્તિમાં આવ્યું હતું. પૂજા કરતા હતા કોઈક. સુખ, સાચા સુખસાગર, બસ એમ. સત્ય આનંદના સાગરનું તો એ નીર–જળ છે. આહા! માર ડૂબકી, એમાં તને આનંદ આવશે. બીજે ક્યાંય આનંદ છે નહીં. આહાહા!

આવો આત્મા સાંભળવા મળ્યો નહીં ભગવાનજીભાઈ! ખોટેખોટી બધી વાતું. આહાહા! ઊંધું થાય છે, પણ લોકોને આકરું લાગે. ... આ પંડિતોને માટે છે એમ કહે. આહાહા!

સાચા આનંદના સાગરનું પાણી–નીર છે. ભગવાન સાચા આનંદના સાગરનું પાણી છે. મોતીમાં જેમ પાણી ભર્યું હોય છેને, પાણી શબ્દે શક્તિ, એમ આત્મામાં સુખસાગરની શક્તિ–પાણી ભર્યું છે એકલું, કહે છે. ચમકતું નીર, આનંદથી ચમકતું નીર આત્મા છે. **અને જેણે કામને અસ્ત કર્યો છે...** એવા આનંદના સાગરને આશ્રયે કામનો નાશ થાય છે અથવા એ આનંદસાગરમાં કામનો વાસ છે નહીં. આહાહા! **કામને અસ્ત કર્યો છે**... વિષયની વાસના જેમાં નાશ થઈ ગઈ છે એટલે એમાં–એ વસ્તુમાં નથી અને એ વસ્તુનો આશ્રય કરે તેને કામવાસના ઉત્પન્ન થાય નહીં, નાશ થઈ જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**તે સમયસાર...** આવો જે સમયસાર... આવો જે આ આત્મા ત્રિકાળી એ **મારું શીઘ્ર રક્ષણ કરો.** આવું મારું તત્ત્વ એ મને શીઘ્ર રક્ષણ.. આ રક્ષણ કરો. એમાં હું જાઉં છું એ મારું રક્ષણ થાય છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? સાંભળતા મીણો ચડી જાય એવું છે. આહાહા! એવો જે ભગવાન ચૈતન્યરત્ન હીરો સમયસાર એ મારું શીઘ્ર રક્ષણ કરો, એમ. એકદમ અલ્પકાળમાં મારી પૂર્ણ પ્રાપ્તિ થઈ જાઓ, એમ કહે છે. એવી વસ્તુ મને નજરમાં આવી છે તો અલ્પકાળમાં મારી પૂર્ણ પ્રાપ્તિ થઈ જાઓ, એમ અહીં પ્રાર્થના (અર્થાત્) ભાવની ઉગ્રતા બતાવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**મહા વદ ૨, મંગળવાર, તા. ૧-૨-૧૯૭૨**
**શ્લોક-૬૩-૬૫, પ્રવચન નં. ૪૦**

આ નિયમસાર, શુદ્ધભાવ અધિકાર, ૬૩ કળશ છે. મોક્ષનો માર્ગ. અનાદિથી દુઃખમાં પડ્યો છે, દુઃખી પ્રાણી છે. એની જ્ઞાનની દશામાં રાગ-દ્વેષ ને ભ્રમ પડ્યો છે ભ્રમ, એ દુઃખ છે. એને જ્ઞાનની દશામાં આત્માને લાવવો, સ્થાપવો, એમાં સ્થિત કરવો એ મુક્તિનો ઉપાય ને દુઃખથી છૂટવાનો ઉપાય છે. સમજાણું કાંઈ? એ કહે છે,

**जयति परमतत्त्वं तत्त्वनिष्णातपद्म-**
**प्रभमुनिहृदयाब्जे संस्थितं निर्विकारम्।**
**हतविविधविकल्पं कल्पनामात्ररम्याद्**
**भवभवसुखदुःखान्मुक्तमुक्तं बुधैर्यत् ॥६३॥**

**શ્લોકાર્થ : જે તત્ત્વનિષ્ણાત (વસ્તુસ્વરૂપમાં નિપુણ)** એવા **પદ્મપ્રભમુનિના હૃદયકમળમાં સુસ્થિત છે...** પોતાનું નામ આપ્યું છે. ખરેખર ધર્મીને—સુખી થનારને એના જ્ઞાનરૂપી ખીલેલ કમળમાં આત્મા સ્થિત છે. અજ્ઞાનીને અનાદિથી એની જ્ઞાનરૂપી પર્યાય ખીલેલ નથી. જ્ઞાનની અવસ્થા એમાં અનાદિથી મિથ્યાત્વ ને રાગ-દ્વેષ સ્થિત છે. એ સંસારનું કારણ, એ પરિભ્રમણનું કારણ છે. જેના જ્ઞાનમાં—પોતાની જ્ઞાનરૂપી કમળ ખીલેલી દશામાં—જેણે વસ્તુને સ્થાપી છે, વસ્તુ જેમાં સિદ્ધ છે. આહાહા! સમજાય છે કાંઈ? માર્ગ ઝીણો છે ભાઈ! વીતરાગનો માર્ગ અપૂર્વ છે. અત્યારે સાંભળવા મળવો મુશ્કેલ છે. અહીં તો કહે છે કે ધર્મી જે થાય, ધર્મી એને કહેવાય, મોક્ષના માર્ગમાં એ રહ્યો એમ કહેવાય કે જેની વર્તમાન જ્ઞાનરૂપી ખીલેલી કમળદશામાં આત્મા સ્થિત છે. આહાહા! એ સુસ્થિત છે. સમજાય છે કાંઈ?

વસ્તુ પોતે ચૈતન્ય ભગવાન સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ છે, જ્ઞાનાનંદનો ભંડાર ભગવાન આનંદનો ભંડાર છે. એ ચીજ જેણે પોતાની વર્તમાન જ્ઞાનદશામાં સુસ્થિત કરી છે એ ધર્મી છે. ભગવાનજીભાઈ! આહાહા! જેણે જ્ઞાનની વર્તમાન... વસ્તુ પોતે જ્ઞાનસ્વરૂપ છે. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથે, આત્મા એકલો જ્ઞાનનો પિંડ છે એમ જોયો અને પ્રગટ કર્યો. એ પરમાત્માનું ફરમાન છે કે ભાઈ! જેને આત્માનું કલ્યાણ કરવું હોય એટલે કે જેને આત્માનો ધર્મ કરવો હોય એટલે કે જેને સંસારનો નાશ કરીને મુક્તિ કરવી હોય તો એણે પોતાની જ્ઞાનદશામાં આખા આત્માને સ્થાપિત કરવો પડશે. આહાહા! સમજાણું કાંઈ? શરીર, વાણી, મન આદિ તો પર છે, એમાં તો આત્મા છે નહીં અને આત્માની પર્યાયમાં સ્થિત થઈ શકે એવી એ ચીજેય નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જેની જ્ઞાનની વર્તમાન દશામાં શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ-પરિવારાદિ ચીજો તો એમાં એક સમય રહી શકે એવું છે જ નહીં. ફક્ત એક સમય રહે શું? કે પરમાં સુખ છે, પરમાં હું છું, મારું સ્વરૂપ પરમાં છે, પુણ્યના ભાવથી મને ધર્મ થાય, પાપના ભાવમાં મને મજા પડે—એવો જે મિથ્યાત્વભાવ એ એણે જ્ઞાનની પર્યાયમાં સ્થાપ્યો છે. આહાહા! એ છે, એની જ્ઞાનની અવસ્થામાં એ છે, બીજી કોઈ ચીજ છે નહીં. એ તો પર છે. આહાહા! સમજાણું કાંઈ? તત્ત્વ ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ, અતીન્દ્રિય આનંદનો સ્વભાવ એમાં જે નિષ્ણાંત છે–પ્રવીણ છે, જાણ્યો છે, એ તત્ત્વ ભગવાન રાગ ને દ્વેષ ને પુણ્ય-પાપના વિકલ્પ રહિત છે, એમ એક સમયની પર્યાયને અડ્યો નથી એવું એ તત્ત્વ છે.

એવા તત્ત્વમાં જે નિપુણ છે... આહાહા! જગતના ડાહ્યા અને એની બધી જ્ઞાનની પર્યાય એ તો ભ્રમણા, પાગલ(પણું) છે. શેઠ! આહાહા! જેને જ્ઞાનની વર્તમાનદશામાં... પરચીજ તો આવતી નથી, પરચીજમાં એ જતો નથી. ફક્ત એણે પોતાની પર્યાયમાં માન્યું છે કે હું રાગી છું, દ્વેષી છું, હું દુઃખી છું, વિકારી છું—એવી જે માન્યતા એણે જ્ઞાનની દશામાં સ્થાપી છે ભ્રમણાથી. સમજાણું કાંઈ? જેને સુખી થવું હોય, જન્મ-મરણના ભયથી, દુઃખથી (હટી) જેને સ્વભાવ તરફ વળવું હોય, એ જીવે તો તત્ત્વનું નિષ્ણાંતપણું કરવું પડશે. ભગવાન જ્ઞાનસ્વરૂપ આનંદ એને પોતાના જ્ઞાનકમળની ખીલેલી દશામાં... સર્વજ્ઞ એટલે એ. બીજું શું? આહાહા!

જે જ્ઞાન સંકોચપણે રાગ ને પુણ્ય ને મિથ્યાત્વમાં અટકેલું પડ્યું હતું એને છોડીને, એ તો નાસ્તિથી વાત (થઈ). પણ સ્વભાવમાં સન્મુખ થઈને વર્તમાન જ્ઞાનની ખીલેલી દશામાં જેનો આત્મા નિષ્ણાત છે, સુસ્થિત છે. આહાહા! મુનિ પોતાની વાત કરે છે, પણ આ (સ્થિતિ) આમ છે. જે કોઈ ધર્મીના જ્ઞાનની દશામાં–વર્તમાન હાલતમાં પરિપૂર્ણ પ્રભુ છે એ તત્ત્વમાં નિષ્ણાત છે અને એની દશામાં આખો આત્મા સુસ્થિત છે. આહાહા! કહો, મૂલચંદભાઈ! આવું ધર્મનું સ્વરૂપ છે ભારે આકરું. સાંભળ્યુંય ન હોય આ. આહાહા! એની દશામાં શું છે અને સ્વભાવ સન્મુખ થતાં એની દશામાં શું રહે છે (એની એને ખબર નથી). આહાહા! ગજબ વાત છે! અલ્પ શબ્દોમાં પણ ઘણું-ઘણું ગંભીર ભર્યું છે.

તારી ચીજ, ભગવાન! એ તો પુણ્ય ને પાપના રાગથી પણ રહિત છે, તો શરીર, વાણી, મન, કુટુંબ-કબીલા, ધૂળ, દેશ એની તો વાત શું કરવી? ભગવાનજીભાઈ! ....... પૈસા કાંઈક થાય, બાયડી સારી હોય, છોકરા ઠીક થાય, તો એ જાણે કે આ મારામાં છે, એ મારા છે. ભગવાન! તારામાં એ આવી જાય પરદ્રવ્ય? એ પરદ્રવ્ય તારા થઈ જાય? તો તો તારું દ્રવ્ય જ નાશ થઈ જાય. આહાહા! સમજાણું કાંઈ? થાય ફક્ત એટલું કે પોતાનો સ્વભાવ–દ્રવ્યસ્વભાવ ત્રિકાળીને પર્યાયમાં ન રાખતાં, આ મારા એવી મમતા, પુણ્ય ને પાપના વિકલ્પો મારા એવી ભ્રમણામાં એ રહે. બાકી બીજે પરમાં રહેતો નથી. આહાહા!

**જે નિર્વિકાર છે...** ધર્મી એને કહીએ કે જેને ધર્મી એવો જે આત્મા ત્રિકાળી આનંદકંદ પ્રભુ, આદિ વિનાનો, અંત વિનાનો અનંત ગુણનો પિંડ પ્રભુ છે. જેની વર્તમાન જ્ઞાનની દશામાં જેણે સ્થાપ્યો છે એ નિર્વિકાર છે, એ વસ્તુ નિર્વિકાર છે. સમજાણું કાંઈ? આરે, આવો ધર્મ હશે? અહીં તો કહે, દયા પાળવી, વ્રત કરવા, તપ કરવા એવી વાતું સાંભળીએ છીએ. જૈનમાં તો એવું હોય. અરે બાપુ! તમને ખબર નથી ભાઈ! જૈન તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્માએ જૈનધર્મ કહ્યો એ કોઈ અલૌકિક છે. એ પામરને પરખતા આવડતી નથી. આહાહા! સમજાણું કાંઈ? કહે છે કે જે ભગવાન આત્મા વસ્તુસ્વભાવ.... આનું નામ, ભાઈ! દ્રવ્યપ્રકાશ કાઢ્યું છે નયચક્રનું. દ્રવ્યપ્રકાશ છે. આ નય છે...... એનો અર્થ એ કે પોતાની જ્ઞાનપર્યાયમાં–નિશ્ચયનય જ્ઞાન એમાં આત્માનો પ્રકાશ આવે એટલે આત્મા આવે, એને નિશ્ચયનયનો દ્રવ્યપ્રકાશક કહેવાય છે. સમજાણું કાંઈ? હજી તો સમજવામાં કઠણ પડે. મૂલચંદભાઈ! આહાહા!

**જેણે વિવિધ વિકલ્પોને હણી નાખ્યા છે...** આહાહા! ભગવાન આત્મા પૂર્ણ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ એને જેણે જ્ઞાનની વર્તમાનદશામાં વસાવ્યો, એ વસ્તુમાં વસ્તુએ વિકલ્પને હણી નાખ્યા છે અને દૃષ્ટિવંત જેણે આમાં (દ્રષ્ટિમાં) રાખ્યો છે એણે પણ વિકલ્પ હણી નાખ્યા છે. સમજાણું કાંઈ? વિવિધ પ્રકારની વૃત્તિઓ શુભ ને અશુભ—દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ બધા વિકલ્પો–રાગ છે. એ વસ્તુએ તો જેમાં છે જ નહીં અને જેણે વસ્તુને જ્ઞાનમાં વસાવી એને જ્ઞાનની પર્યાયમાં એ નથી. આહાહા! ભારે માર્ગ ભાઈ આવો.

**અને જેને બુધપુરુષોએ કલ્પનામાત્ર-રમ્ય એવાં ભવભવનાં સુખોથી તેમ જ દુઃખોથી મુક્ત (રહિત) કહ્યું છે...** કેવું છે આત્માનું સ્વરૂપ? ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ. **બુધપુરુષોએ કલ્પનામાત્રરમ્ય**... આ ઇન્દ્રિયોના સુખ ને પૈસાના સુખ ને ભોગના સુખ ને આ ખાવા-પીવાના સુખ ને સ્ત્રીના માંસના સુખ ને, આહાહા! એ કલ્પનામાત્ર રમ્ય છે. કલ્પનામાત્ર રમવા જેવો એમ જ્ઞાની એને માને છે. એવા ભવભયના સુખો... ભવભવના સુખ સ્વર્ગાદિ, ચક્રવર્તીના આદિ કે અબજોપતિએ માનેલી કલ્પના.. કલ્પનાથી રમ્ય માની છે એણે. છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? તેમ જ દુઃખો... દુઃખ એટલે આ દુનિયાની કલ્પનાનું સુખ હોં. કલ્પના કરે છેને કે અમે સુખી છીએ. કાંઈ પાંચ-પચ્ચીસ લાખની પેદાશ હોય, બે-પાંચ-દસ કરોડની મૂડી હોય, તો મૂઢ એમ માને કે અમે સુખી છીએ. ક્યા હૈ? ક્યાં દેખાય છે? બહારમાં દેખાતું નથી કાંઈ. એ તો માને છે. આહાહા! એ તો કલ્પનાથી રમ્ય માન્યું છે, કહે છે. છે નહીં. આહાહા!

ગૃહસ્થનો દીકરો હોય, બે-પાંચ-દસ કરોડ રૂપિયા હોય, લગ્નમાં પચ્ચીસ-પચાસ લાખ ખર્ચવા હોય અને એ શણગાર પહેર્યા હોય અને પાછી કન્યા આવતી હોય એ પણ બે પાંચ-દસ કરોડવાળી હોય, એને બીજો ભાઈ પણ ન હોય, એ વખતના લગ્નમાં એ માને કે આહાહા.. અમે

સુખી છીએ. મૂઢ છો કહે છે. કલ્પનામાત્ર રમ્ય છે. આહાહા! અજ્ઞાનીઓએ માન્યું છે. મૂઢ જીવોએ પરમાં સુખની કલ્પના કરી છે. એ તો આકુળતા છે. ધૂળેય (સુખ) નથી ન્યાં. **ભવભવના સુખોથી**... જુઓ! એમેય કહ્યું, ઘણા-ઘણા ભવમાં એ કલ્પનારમ્ય સુખ માન્યું હતુંને અને તેના દુઃખોથી (એટલે) નરકાદિના કલ્પનાથી, એથી રહિત કહ્યું છે. ભગવાન આત્માનું તત્ત્વ એથી રહિત છે અને જેણે આત્માને દશામાં વસાવ્યો, એ પણ ભવભવના સુખ-દુઃખની કલ્પનાથી રહિત છે. આહાહા! સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ જીવે, ભગવાન આત્મા પૂર્ણ આનંદનું ઘનસ્વરૂપ છે એવું જેણે વર્તમાન-દશામાં વસાવ્યું, કહે છે કે એ ભવભવના રમ્ય સુખ-દુઃખથી મુક્ત છે. વસ્તુ મુક્ત છે અને વસ્તુને પર્યાયમાં વસાવી એ પણ મુક્ત છે. ભારે આકરું ભાઈ! આ તો. બધું આવું સહેલું પડે લ્યો. ઇચ્છામિ પડિક્કમામી ઇરિયા વિરીઆ.... તસ્સ મિચ્છામિ દુક્કડમ્. લ્યો, એ સામાયિક થઈ ગઈ. તસ્સ ઉત્તરીકરણ તાવ કાય માણેણં ઠાણેણં... અપ્પાણં વોસિરામિ. બે ઘડી બેઠો ને સામાયિક. અરે બાપુ! સામાયિકના મોઢા મોટા છે ભાઈ! એ સામાયિક નથી, એ તો બધા રાગના રોણા છે. આહાહા!

સામાયિક તો એને કહીએ કે જેની જ્ઞાનદશામાં પ્રભુ આત્મા આવીને વસ્યો છે, જેમાંથી પુણ્ય-પાપના રાગ ખસી ગયા છે. સમજાણું કાંઈ? એવી દશામાં સમતા–વીતરાગતામાં વસેલો હોય અને વીતરાગી પર્યાયમાં આત્મા વસ્યો છે. એ વિકલ્પ જે દયા, દાનનો એ પણ એમાં છે નહીં. એવી દશાના ભાવને ભગવાન સામાયિક કહે છે. જાદવજીભાઈ! કેટલી કરી હશે પહેલી? આહાહા! અરેરે! લોકો ઠગાઈ ગયા છે બિચારા હોં. ઠગાણા છે. અરે! ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એને દશામાં લાવ્યા વિના તું કોને લાવીશ અને ક્યાંથી એ ધર્મ થશે તને? સમજાણું કાંઈ?

એવું સુખ-દુઃખોથી રહિત કહ્યું છે, એમ છેને? **भवभवसुखदुःखान्मुक्तमुक्तं**... મુક્તં ઉક્તં, એમ. આવું મુક્ત છે એમ કહ્યું છે પરમેશ્વરે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા... 'કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં' આવે છેને મંગળિકમાં. કાંઈ ખબર ન મળે શબ્દની, ગાડાં હાંક્યે રાખે. આહાહા! ભાઈ! કેવળીએ આમ કહ્યું છે. જેને આત્મા દૃષ્ટિમાં આવતાં, જેની દૃષ્ટિમાં ભગવાન વસ્યા છે, જેની દૃષ્ટિમાં વિકલ્પો ખસી ગયા છે, મુક્ત થઈ ગયા છે. આહાહા! એવું એ તત્ત્વ છે અને દૃષ્ટિવંતને પણ એ જ રીતે મુક્તિ છે. રાગથી મુક્ત જ તત્ત્વ છે. આહાહા! સમજાણું કાંઈ? આવી વાત સાચી આવેને એટલે બીજા એમ કરી મૂકે, એ બહુ ઊંચી વાત છે. અમારી હેઠલી વાત પહેલી કરવી. ભગવાન! હેઠલી તારી નથી, ઊંધી છે. આહાહા! આ જ પહેલા શરૂઆતની વસ્તુ છે વીતરાગમાર્ગમાં. બીજે તો ક્યાંય છે જ નહીં. આહા!

અરે! **તે પરમતત્ત્વ જયવંત છે.** શું કહે છે મુનિરાજ? એવો ભગવાન આનંદકંદ મારી પર્યાયમાં બિરાજે છે એ જયવંત વર્તે છે. મારો આત્મા પણ જયવંત છે અને મારી પર્યાય પણ જયવંત વર્તે છે. જેમાં એ ભાન થયા એ પર્યાય જયવંત વર્તે છે. સમજાણું કાંઈ? આહાહા! જુઓને! કેવા કળશ બનાવ્યા છે! એક લીટીમાં માણસ પ્રસન્ન થઈ જાય! માળા ડાહ્યાના દીકરા ...... બાપા! પણ સત્ય આ જ છે, ભાઈ! તારે લક્ષમાં લેવા જેવું છે હોં. આ લક્ષમાં લીધા વિના તારા આરા નહીં આવે ભાઈ! દુનિયા માનશે, મનાવી લેશે, એથી કાંઈ આરા નહીં આવે. આહાહા! એ પરમતત્ત્વ જયવંત છે. કઈ પર્યાય આ કહે છે? જે દશામાં આત્મા આવ્યો છે એ દશા કહે છે કે આ તત્ત્વ જયવંત વર્તે છે. મારી પર્યાય પણ જયવંત એમને એમ છે. મારી પર્યાયનો જ જય છે, રાગાદિનો જય હવે નથી. સમજાણું કાંઈ? કહો, ઝવેરચંદભાઈ! આવું કે દિ' ન્યાં સાંભળ્યું હતું કલકત્તામાં? બધા ઢસરડા કર્યા. શેઠિયો મોઢાનો થાય, બે-પાંચ હજાર ખરચે કે ઓહોહો... નહીં? તમારે મામાએ શું ન્યાં કર્યું?

આહાહા! ભારે કળશ પણ ગજબ કર્યા છે હોં! આહાહા! પ્રભુને પધરાવ્યો છેને પર્યાયમાં. વસ્તુ.. વસ્તુ છે એમાં તો કોઈ ચીજ અંદર આવતી નથી. પર્યાયમાં પણ પર તો આવતું નથી. ફક્ત પર્યાયમાં કલ્પનાથી માને કે હું સુખી છું, દુઃખી છું, આવું છે. એ કલ્પના એની પર્યાયમાં–એની વર્તમાનદશામાં આવે છે. આહાહા! એ દશામાં ગુલાટ ખાઈને, એ રાગાદિની વસ્તુ મારામાં નહીં, મારામાં તો આખો આત્મા વસે છે. એ આત્મા અને એની પર્યાય જયવંત વર્તે છે અને એનાથી ક્રમે મુક્તિ થશે. ચોસઠ. અડધો કલાક થઈ ગયો. આમાં જ ઘણું છે. એની ક્યાં વાત... એની વાતું...! આહાહા! ૬૪.

**अनिशमतुलबोधाधीनमात्मानमात्मा**
**सहजगुणमणीनामाकरं तत्त्वसारम्।**
**निजपरिणतिशर्माम्भोधिमजन्तमेनं**
**भजतु भवविमुक्त्यै भव्यताप्रेरितो यः ॥६४॥**

ઓહો! **શ્લોકાર્થ : જે આત્મા ભવ્યતા વડે પ્રેરિત હોય...** ભાષા જુઓ! જે ધર્મ થવાની લાયકાતથી પ્રેરિત થયો છે, કહે છે. આહાહા! ભલે ગૃહસ્થાશ્રમમાં દેખાય, પણ દૃષ્ટિમાં ધર્મ થવાને આખો પ્રેરણામય થઈ ગયો એ. આહા! ભવ્યતા તો છે, પણ ભવ્યતા વડે નિર્મળ યોગ્યતાની પ્રેરણા થઈ ગઈ અંદરથી. આહાહા! **તે આત્મા ભવથી વિમુક્ત થવા અર્થે...** અહીં તો એક જ વાત છે. ભવથી મુક્ત થવું ને કાં ભવમાં રખડવું—બે વાત છે. ત્રીજું શું છે બાપા? આહાહા! કાં મુક્તિ ને કાં સંસાર. બીજું શું હોય? એ કહે છે. એથી કહે છે કે જેને ભવથી વિમુક્ત થવું હોય. એનો અર્થ કે ભવ ને ભવના કારણો પુણ્ય-પાપનો ભાવ એનાથી જેને મુક્ત થવું હોય એના અર્થે **નિરંતર આ આત્માને ભજો.** આહાહા!

ભગવાનને ભજવો એ તો રાગ છે. આહાહા! તારો નાથ અંદર બિરાજે એને ભજ. કેમ બેસે પામરને? નાનું હૃદય અને આત્મા કેવડો છે એની માપની એને ખબર ન મળે. ગજ નાના, આંકડા-આંક આવડે નહીં અને એ આત્માનું માપ કરવા જાય, આવડે નહીં એને. આહાહા! એવો જે ભગવાન આત્મા, કહે છે કે ચિદાનંદ, સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપી છે. સચ્ચિદાનંદ એટલે સત્-શાશ્વત, જ્ઞાન ને આનંદના સ્વભાવવાળો. એવો જે આ ભગવાન તત્ત્વ, મહિમાવાળો તારો આત્મા એને ભજ એટલે એમાં એકાગ્ર થાઓ. આહાહા! સમજાણું કાંઈ?

ભગવાનની માળા જપે 'ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં..' એ વિકલ્પ છે-રાગ છે. પાપથી બચવા એક શુભભાવ એવો હોય છે, પણ એ ધર્મ નહીં. લાખ માળા ગણે. ઓલા આનુપૂર્વી ગણે છેને આનુપૂર્વી. 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો લોએ સવ્વસાહૂણં, ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં..' (એમ) આડાઅવળા (ગણે). આનુપૂર્વી આવે છેને? આ તો પાંચ પદ ગણવા છે. એ તો શુભભાવ હોય, પુણ્યનો વિકલ્પ છે. એ કાંઈ ધર્મ નથી. આહાહા! ધર્મ તો સચ્ચિદાનંદ પ્રભુ એને ભજ, એમાં એકાગ્ર થા, એ ધર્મ છે. એનું ભજન કર. મણકા એના-પર્યાયના ફેરવ. આહાહા! મણકા હોતા હૈ ન. અંદરના પર્યાયના મણકા ફેરવ ને દ્રવ્ય તરફમાં ઢાળ એમ કહે છે. આહાહા!

નિરંતર આત્માને ભજો, એમ કહે છે. છેને? **अनिशा.. अनिश** છે? **अनिशम्**—નિરંતર. અરે ભગવાન! કરવા જેવું તો આ છે. બાકી બધા થોથેથોથા છે. એ સોજા ચડીને મોટા ઉઠાવ દેખાય. સોજા.. સોજા ચડેને શરીરમાં? સૂજન. સૂજન નહીં હોતી હૈ? સૂજન. યે નિરોગતા હૈ કિ નહીં? કુછ નિરોગી હૈ કિ નહીં ઇતના? સોજામાં મોટો જાડો દેખાય. સોજા સમાશે તો રાડ નાખી જાઈશ, સાંભળને! આ બધા બાયડી, છોકરા ને શરીર ને પૈસા—મોટા સોજા ચડ્યા છે. એ મારા માનવાના સોજા હોં. આહાહા! મારો ભગવાન એ તો રહી ગયો અંદર. નહોતા તારા એને મારા માન્યા. સમજાણું કાંઈ? આહાહા!

**નિરંતર આ**... ...બતાવ્યો છે... **अनिशम्**... ભગવાન આચાર્યદેવ મતલબ મુનિ કહે છે કે તારો પ્રભુ અંદર બિરાજે છે પૂર્ણાનંદ, એનું ભજન કર, એમાં એકાગ્ર થા. એનું નામ ધર્મ છે. વીતરાગનો ધર્મ આને કહેવાય છે. 'કેવલી પણ્ણત્તો ધમ્મો' આ. આહા! ઓલા કહે, દયા પાળો, દયા જેવો કોઈ ધર્મ નથી. વાત સાચી, પણ કોની દયા? તારી કે પરની? પરની દયા તો પાળી શકતો નથી. વહાલામાં વહાલી સ્ત્રી મરતી હોય ચાલીસ વર્ષની ઉંમરે અને પોતાની પિસ્તાલીસ હોય, બચાવવાનો ઘણો ભાવ હોય, પણ થાય છે ન્યાં? બચાવવાનો ભાવ હોય કે આ ન મરે. હવે પાછું પિસ્તાલીસ વર્ષની ઉંમર થઈ, બીજી આપશે કે નહીં કોઈ? શું થાય? ઘણી ચિંતાઓ થાય. જીવાડવાનો ભાવ છે કે નહીં? બચાવી શકે છે? એને બચાવી શકતો નથી ને દુનિયાને બચાવવા ગયો. બીજાને બચાવું ને બીજાને રાખું. ભ્રમણા છે. આને જોને. આહાહા! ઉજળો નાથ અંદર ચિદાનંદ પ્રકાશનો પુંજ છે, એને ભજ. નિરંતર અને આ આત્મા એને પ્રત્યક્ષ છે એમ કહે છે. આહાહા! માળે શ્લોકો બનાવ્યા છેને.

**–કે જે (આત્મા) અનુપમ જ્ઞાનને આધીન છે...** ભગવાન ચિદાનંદસ્વરૂપ પ્રભુ એ જ્ઞાનને આધીન છે. રાગ ને પુણ્યને આધીન છે નહીં. આહાહા! માણસને એવું લાગે, આ તો બહુ ઊંચી વાત છે. આ તો હજી ઘરની સમ્યગ્દર્શનની વાત છે. આહાહા! સમજાણું કાંઈ? **અનુપમ જ્ઞાનને આધીન છે...** સમ્યક્ સ્વસંવેદનજ્ઞાનને આધીન આત્મા છે. કોઈ વિકલ્પથી, દયા-દાનના વિકલ્પથી પકડાય એવો નથી. આહાહા! **અનુપમ જ્ઞાનને આધીન છે, જે સહજગુણમણિની ખાણ છે...** આહાહા! સ્વભાવિક જ્ઞાનાદિ ગુણમણિની ખાણ છે. ગુણમણિ, અનંતા ગુણની–રત્નની ખાણ છે ભગવાન. ભગવાન આત્મા અંદર, એક સમયની પ્રગટ અવસ્થાની પાછળ અનંત સ્વભાવિક ગુણમણિની ખાણ છે. તારા મણિની કિંમતુ શું? લાખ-લાખ રૂપિયાનું એક મણિરત્ન હોય કે કરોડ-પાંચ કરોડ, અબજ (કિંમત) હોય. કેટલી હોય? આ તો અનંત સહજગુણમણિની ખાણ છે.

કોન્ટ્રેક્ટ લે છેને આ ખાણના, નહીં? પન્નાના. પન્ના.. પન્ના આવે છેને? ખાણમાં અબજપતિ થઈ જાય લ્યો. સાધારણ માણસ અબજપતિ થઈ ગયો ખાણમાંથી. આમ થઈ જાય કે આહાહા.. આપણે કેટલા વધી ગયા જાણે, આ રખડવામાં. આ સહજગુણમણિની ખાણ છે. કોન્ટ્રેક્ટ લે બરાબર. આહાહા! હિન્દીમાં શું કહે? ઠેકો. ઠેકા.. ઠેકા કહે. કોન્ટ્રેક્ટ અંગ્રેજી હૈ? કોન્ટ્રેક્ટ. આપણે શું કહે ગુજરાતીમાં? ઈજારો.. ઈજારો. એ આત્માનો ઇજારો લે. આહાહા! મોટી ખાણ છે. અનંત સહજગુણમણિની ખાણ છે. કાઢ્યા જ કરે અંદરથી. શાંતિ, આનંદ કાઢ્યા જ કરે તોય ખૂટે એવું નથી. દ્રવ્ય ખૂટે તો પર્યાય ખૂટે કાઢવાની. આહાહા! આવો આત્મા બાપુ! તારી ક્યાં જાય છે રુચિ? તને ક્યાં લાગ્યા છે પ્રેમ? આવા ભગવાનને મૂકીને તારો પ્રેમ ક્યાં ગયો છે? લૂંટાઈ જા છો ભાઈ! એમ કહે છે.

**સહજગુણમણિની ખાણ...** એ જ્ઞાનગુણમણિ, દર્શનગુણમણિ—એવા અનંતા ગુણમણિની ખાણ છે એ. એવો પ્રભુ તારો સત્તાસ્વરૂપે બિરાજે છે. **જે (સર્વ) તત્ત્વોમાં સાર છે...** આહા! બધા તત્ત્વોમાં એ સારતત્ત્વ છે. સંવર, નિર્જરા, મોક્ષ તત્ત્વ હો, પણ સારતત્ત્વ તો આ છે. સમજાણું કાંઈ? **અને જે નિજ પરિણતિના સુખસાગરમાં મગ્ન થાય છે** એ તત્ત્વ. એ તત્ત્વને જેણે દૃષ્ટિમાં સ્વીકાર કર્યો, એ તત્ત્વ નિજપરિણતિના સુખસાગરમાં આવી જાય છે આમ. આહાહા! મુનિરાજે પણ કામ કર્યા છેને! આહા! બધા ભેગું જુદું-જુદું... થઈ જશે.

શ્રોતા : આ ત્રિકાળીની વાત છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નહીં, આ વર્તમાન પર્યાયની વાત છે. નિજ પરિણતિના સુખસાગરમાં અત્યારે જે તત્ત્વ મગ્ન થાય છે. 'ભજ' એ આત્માની અસ્તિ થઈ. જે નિજ પરિણતિ નામ એ તત્ત્વ જ એવું છે, પૂર્ણાનંદનો નાથ સર્વજ્ઞ પરમેશ્વરે જોયો એ આત્મા હોં. અજ્ઞાનીઓ આત્મા કહે કે આવો આત્મા-ફાત્મા, એ બધી વાતું નહીં. તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્માએ જે આત્મા કહ્યો તે આત્મા. બાકી બીજાએ આત્મા જોયો જ નથી. સર્વજ્ઞ પરમાત્મા

તીર્થંકર સિવાય કોઈએ આત્મા શું (છે એ) જોયો નથી. આત્મા એવો સૂક્ષ્મ ને અલૌકિક છે. એવા ભગવાન તીર્થંકરે જોયેલો એવો આત્મા એ આત્મા આવો છે. સમજાણું કાંઈ?

બીજા એમ કહે, આપણેય આત્મા કહીએ ને ઓલાય આત્મા કહે છે. બાપુ! ક્યાંય મેળ નથી. ભાઈ! તને ખબર નથી. બીજા કહે કે આત્મા કાં વ્યાપક છે, કાં એક જ ગુણરૂપ છે, વિજ્ઞાનસ્વરૂપ છે, કાં આટલો નાનો છે. એમ કરીને અનેક પ્રકારે કલ્પના કરી છે. ભગવાન સિવાય કોઈએ આત્મા જોયો નથી. આહાહા! સમજાણું કાંઈ? અને સમકિતી એને જોવે છે. એ જોતાં, કહે છે કે એ તત્ત્વ જ એવું છે કે જેના સ્વીકારથી એ પોતે નિજપરિણતિના સુખસાગરમાં પૂર્ણ આવી જાય છે, મગ્ન-લીન થઈ જાય છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! નિજ પરિણતિ વર્તમાનદશા આનંદની છે ત્યાં સુખસાગર ઉછળ્યો છે પર્યાયમાં, કહે છે. છે તો ત્રિકાળી, પણ પર્યાયમાં આવીને ... થઈ ગયો છે. આહાહા! લ્યો, એ પા કલાક ચાલ્યો. એ પાંસઠ.

**भवभोगपराङ्मुख हे यते**
**पदमिदं भवहेतुविनाशनम् ।**
**भज निजात्मनिमग्नमते पुन-**
**स्तव किमध्रुववस्तुनि चिन्तया ॥६५॥**

આહાહા! એની સાથે શું કામ છે તારે? **શ્લોકાર્થ : નિજ આત્મામાં લીન બુદ્ધિવાળા...** છેને? આહાહા! **નિજ આત્મામાં લીન બુદ્ધિવાળા...** આહા! (લીનપણું) પર્યાયમાં છેને. લીન તો ત્યાં (આત્મામાં) છેને. આહાહા! લીન બુદ્ધિવાળા... આહાહા! અરે! આમાં ક્યાં રહ્યું ક્ષેત્રપાલ ને પદ્માવતી ને? મારી નાખ્યા બિચારાને. અરેરે! ઉગરવાના કાળે આવા... માંડ મનુષ્યનો ભવ અનંતે કાળે મળે છે. એને ક્યાં ખબર છે કે હું ક્યાં હતો? અનાદિ.. અનાદિ.. અનાદિ છે. ભગવાન! તું (ક્યારે) નહોતો? અનંત ભવમાં ક્યાં નહોતો તું? અનંત ભવમાં હતો જ્યાં-ત્યાં. ગયા અનંતભવમાં ક્યાં નહોતો તું? બધે હતો ભાઈ!

એ દુઃખમાંથી માંડ નીકળીને... છે તો દુઃખ, પણ માંડ નીકળીને મનુષ્યભવ થયો એને. આહાહા! એકેન્દ્રિય જીવ, બેઇન્દ્રિય, આ લીલોતરી, ત્રિન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય—એમાંથી ક્યાં આનો આરો..? એવા નીકળેલાને નીકળવાનો રસ્તો જોઈએ કે આવામાંથી નીકળેલો એ બંધાવાને રસ્તે પડે? તો નવીન શું એણે કર્યું? અનંત કાળના પરિભ્રમણમાં મનુષ્યપણું અનંતે કાળે મળવું મુશ્કેલ. એમાં આવ્યો તો હવે એમાંથી-સંસારમાંથી નીકળવાનો રસ્તો લેવો જોઈએ. એને માટે મનુષ્યભવ છે. આહાહા! સમજાણું કાંઈ?

**નિજ આત્મામાં લીન બુદ્ધિવાળા તથા ભવથી ને ભોગથી...** આહાહા! **પરાઙ્મુખ થયેલા હે યતિ!...** મુનિ, પોતે મુનિ છેને (તેથી) મુનિથી વાત કરે છે. ભવભોગતન આવે છેને? શું છે? (શ્રોતાઃ ભવભોગનતૈ વૈરાગી). હા, વહ. શરીર, ભોગવાસના, આ ચાર ગતિના ભવ એના ભાવો એનાથી પરાઙ્મુખ છે, પ્રભુ! તું તો. આહાહા! એનાથી તો વિમુખ થયો છો. તું ધર્મી છો કે

નહીં? તું ધર્મી છો કે અધર્મી છો? ધર્મી છે એ તો ભવ, તન, ભોગથી વિમુક્ત થયો છે. એના સન્મુખ હોય તો ભોગી એ તો અધર્મી છે. આહાહા! સમજાણું કાંઈ? પરાઙ્મુખ થયેલા હે આત્મા! **તું ભવહેતુનો વિનાશ કરનારા એવા**... ભવના હેતુઓ મિથ્યાદર્શન-જ્ઞાન, રાગ-દ્વેષાદિ એનો **વિનાશ કરનારા એવા આ (ધ્રુવ) પદને ભજ.** અહીં તો, આત્માને ભજ કહ્યું. આહાહા!

નિત્ય.. નિત્ય.. નિત્ય પ્રભુ ધ્રુવ છે એનું ભજન કર. 'ભજન' પર્યાય છે–અવસ્થા છે. ત્રિકાળીને ભજ. ત્રિકાળીની સન્મુખતામાં રહે એ એનું ભજન છે. આહાહા! માળો આવો પણ ઉપદેશ કેવો? કહે છે. એમાં કાંઈ હાથ આવે નહીં. ત્યારે કહે, બાપુ! હાથ આવે એવો આ એક જ છે. નથી કીધું? નિજ પરિણતિમાં મગ્ન થઈને રહે એવો જ એ આત્મા છે. આહાહા! વિકારમાં ક્યાં...? એ તો અનિત્ય છે, ક્ષણિક છે, ઘડીકમાં ફર્યાફર ફર્યાફર કર્યા કરે છે. આહાહા! ક્ષણ પહેલાં કાંઈક માન્યું હોય ને ક્ષણ પછી કાંઈ ન મળે.

આ વીસ વર્ષનો દીકરો ને છ મહિનાના લગ્ન ને આહાહા... સાંભળ્યો કે એ કચરાઈ ગયો છે. હાય.. હાય.. મુંબઈમાં તો ઘણું થાય છેને જુઓ! જોયું જાય નહીં હોં. આહાહા! અહીં કચરાઈ ગયો હતોને ભાઈ. બૈરા ને માણસ જોવા ગયા તો જોવાય નહીં. ..... હા, ખલાસ. ગંભીરસિંહ, જુવાન માણસ. બસ ને બીજો નીકળ્યો ખટારો એમાં વચ્ચે વણાઈ ગયો. બસમાં બેઠો હતો આમ બહાર રાખીને, ત્યાં અહીંથી આવ્યો એક ખટારો મોટો. બારણામાં હાથ બહાર હતો ને બારણું ખુલ્લું. બારણું ખેંચ્યું ને હાથ ખેંચાઈને પછી બે વચ્ચે વણાઈ ગયો. હમણાં થયું હોં. ખબર પડી એની બૈરા ને એની માને. જોવા ગયા. ઉપાડી તો શકાય નહીં. સરકાર પાછું બધું કરેને. કોણ શરણ ને કોણ ધણી? આહાહા!

અરે! આમાં આવ્યું છેને? કાલ આવ્યું હતું શૂરવીર સાધકમાં. સિંહ ને વાઘની દાઢમાં પડેલા જેણે આત્માનું આરાધન કર્યું. ગજબ છે! આહાહા! સિંહ ને વાઘની દાઢમાં પકડાયેલા.. મુનિ હોય, સંત હોય. એથી કરીને એમ નહીં કે પંચમહાવ્રતધારી .... છે માટે સામસામા વેર ન થાય. એ બધી વાતું અતિશયની છે. એમ કે મહાવ્રતધારી, અહિંસા, વ્યવહારત્યાગ હોય. મુનિને અહિંસા નથી પ્રગટી? આહાહા! બાપુ! એ તો પૂર્વના કર્મનો યોગ એવો હોય, એ સંતો તો વાઘ ને સિંહના મોઢામાં આવે આમ. અજગરના મોઢામાં ઓલી બાઈ, નહીં? ચક્રવર્તીની દીકરી વિશલ્યા. એને કોઈ ઉપાડી ગયું જંગલમાં. ચક્રવર્તીની દીકરી. ... આમાંય મૂક્યું છે ભાઈએ–હરિભાઈએ. ચોપડીમાં એક અજગર છેલ્લે. આમ મોઢું અજગરનું... અંદર બેઠો છે.

પકડી બાઈને. બાઈએ તો સંથારો કરી લીધો પહેલો. કોઈ જંગલ હતું... વાઘ... અહીં કોઈ છે નહીં. હવે તો આપણે ભોગવ્યે છૂટકો. ત્યાં એનો બાપ આવ્યો ચક્રવર્તી, એને ખબર પડી. અજગરે પકડેલી. અડધું બહાર ને અડધું અંદર. મારું અજગરને, એનો બાપ કહે. પિતાજી! રહેવા દ્યો હોં. કેમ કે મેં તો ત્યાગ કર્યો છે. હું બહાર આવું તો મારે આહાર-પાણી ખપતો નથી. ... કર્યું છે. મને હવે રજા આપો. (બીજા ભવની) વિશલ્યા. વિશલ્યાએ (અડેલું) પાણી છાંટે તો રોગ ઉતરી જાય ઓલાનો. આ તો જ્ઞાનજળ છાંટે ને નિરોગતા થાય આત્માની—એની વાત છે.

ઓલું તો ધૂળમાંય કાંઈ નથી. વિશલ્યા.. વિશલ્યા. શલ્યરહિત ભગવાન આત્મા. આહાહા! સમજાણું કાંઈ?

અરે યતિ! હે મુનિ! ધર્માત્મા! આહાહા! પ્રભુ! તું ધર્મી હો તો ભવ ને ભોગથી પરાઙ્મુખ હો તું. સન્મુખ જે છે એ તો અનાદિનો છે. એમાં તેં શું કર્યું નવું? એમ કહે છે. આહાહા! રાગના પ્રેમમાં અને પુણ્યના પ્રેમમાં ને પાપની વૃત્તિમાં સન્મુખ એ તો અનાદિનો છો. એ તો દુઃખ ને મિથ્યાત્વના સમુદ્રે દોરાઈ ગયો છો તું. આહાહા! સિંહ મોઢામાં પકડે મુનિને, ધ્યાનમાં હોય, આરાધન થઈ જાય અંદર. આત્મા ઉપર એકાગ્ર થતાં, જાઓ, એકાવતારી થઈ જાય..... બહારનું શું છે? બાહ્ય(ચીજ) ક્યાંથી એને અડે છે અંદર? રાગ-દ્વેષ કરતો હતો, એને–બહારની ચીજને નિમિત્ત કહેવામાં આવતું.

હે મુનિ! ભવહેતુનો વિનાશ કરનાર એવા એ ધ્રુવપદને ભજ. આનંદદાતા તારું ધ્રુવ તત્ત્વ એને ભજ. આહાહા! જુઓ! આ ધર્મ. ભારે ભાઈ! ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ એને ભજ. એ આનંદનો દાતા છે. એ આનંદ આપશે હોં. ખાલી નહીં રહે એ આનંદથી. આહાહા! ભજ, એને ભજને. સુખ જોઈએ છેને તારે. તારે શું કરવું છે? વાત એવી છે કે આ મહાપુરુષાર્થ કામ કરે. એ કાંઈ વાતે વળે એવું નથી. આહાહા! ભવહેતુનો (વિનાશ કરનાર) એ ધ્રુવને ભજ. આહાહા! ઓલામાં આવે છેને પ્રવચનસારમાં? ધ્રુવ.. ધ્રુવ આવે છે. આવે છે.

**અધ્રુવ વસ્તુની ચિંતાથી તારે શું પ્રયોજન છે?** આ શરીર, વાણી, મન એ તો બધા નાશવાન પદાર્થ છે. એ કાંઈ તારા નથી, તારામાં નથી, તારે લઈને આવ્યા નથી ને તારા થઈને રહ્યા નથી. આહાહા! આ પદને ભજ. કેટલામું? સાંઈઠ. ઠીક, એની સામે નાખ્યું ઓલું, અધ્રુવ છેને છેલ્લો શબ્દ એટલે એમાંથી કાઢ્યું. અધ્રુવ શબ્દ પડ્યો છેને? ઓલો અધ્રુવ છેને? **किमध्रुववस्तुनि चिन्तया...** માટે ધ્રુવની ભાવના કર. એ અંદર શબ્દ નથી એમાં. હા, પણ ઓલા પાઠમાં છે. આ પદ છેને શબ્દમાં. આ ધ્રુવપદ.. ધ્રુવપદ.... એમ આવે છેને ક્યાંક, નહીં? આનંદઘનમાં આવે છે.

**અધ્રુવ વસ્તુની ચિંતાથી તારે શું પ્રયોજન છે**? નાશવાન પદાર્થથી તારે શું કામ છે? પુણ્ય-પાપના વિકલ્પો એ પણ નાશવાન અંધારા છે. આહાહા! તારે એની સાથે શું કામ છે? કામ તો અહીં કરને. એની સાથે આડતીયા બાંધ્યા આનંદના (તો) આનંદના વેપાર થાય. અહીં આવ, માળા! મૂકને પડતું હવે, (જે) કર્યું છે આ. આહા! ખોટના ધંધા માંડ્યા તેં. સમજાણું કાંઈ? તારે શું પ્રયોજન છે? તારે પ્રયોજન તો ધ્રુવનું ભજવું એ પ્રયોજન છે કે જેમાંથી ધ્રુવદશા પૂર્ણ થાય. એ પાંસઠ (શ્લોક) થયો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**મહા વદ ૪, ગુરુવાર, તા. ૩-૨-૧૯૭૨**
**શ્લોક-૬૬-૬૮, ગાથા-૪૪, પ્રવચન નં. ૪૧**

નિયમસાર, શુદ્ધભાવ અધિકાર, એનો શ્લોક ૬૬ છે.

**समयसारमनाकुलमच्युतं**
**जननमृत्युरुजादिविवर्जितम्।**
**सहजनिर्मलशर्मसुधामयं**
**समरसेन सदा परिपूजये ॥६६॥**

કહે છે કે આ ભગવાન આત્મા જે છેને અંદર, એ **અનાકુળ છે...** આનંદનું રૂપ એનું છે. એમાં આકુળતા નથી. વસ્તુનો–આત્માનો પોતાનો સ્વભાવ એ અનાકુળ આનંદસ્વરૂપ છે. તેને અહીંયા સમયસાર, આત્મા કહેવામાં આવે છે. **અચ્યુત છે...** વસ્તુ છે ધ્રુવસ્વરૂપે, એ કાંઈ ધ્રુવમાંથી ખસીને નાશવાન છે નહીં. અસ્ખલિત છે એવી ચીજ ધ્રુવ ચૈતન્ય ભગવાન એમને એમ અનાદિ કાયમ છે. **જન્મ-મૃત્યુ-રોગાદિ રહિત છે...** વસ્તુ આત્મા જેને કહીએ, અંદર વસ્તુ આનંદ ને અનાકુળ શાંતિનો રસકંદ છે, એ તો જન્મ, જરા અને મૃત્યુ આદિથી રહિત છે. એમાં જન્મેય નથી, મૃત્યુ પણ નથી, રોગાદિ જરા પણ નથી.

**સહજ નિર્મળ સુખામૃતમય છે...** આહાહા! કેવો છે આત્મા ત્રિકાળી અંતર વસ્તુ? ધ્રુવ નિત્યાનંદ સ્વભાવિક નિર્મળ સુખામૃતમય છે. સ્વભાવ જ એનો ત્રિકાળી સહજ સુખરૂપી અમૃતમય આત્મા છે. સમજાણું કાંઈ? અનાકુળમાં આકુળતા નથી એટલું કહીને અસ્તિ કરી. એવો જે આત્મા.. એવો **તે સમયસારને** એટલે આત્મા તેને **હું...** એવા આત્માને હું **સમરસ (સમતાભાવ) વડે સદા પૂજું છું.** એવો આત્મા એને આશ્રયે થતી વીતરાગદશા એનાથી પૂજવાલાયક છે. હવે આ શું? સમભાવ... પુણ્ય ને પાપના વિકલ્પો તો વિષમભાવ–અસમભાવ છે, આ સમભાવ છે. એનાથી રહિત આત્માની, આવા આત્માની હું સમતાભાવે અર્થાત્ પોતાની નિર્વિકારી પર્યાય દ્વારા એમાં એકાગ્ર છું એ એની પૂજા છે. કહો, શેઠ! આ પૂજા.

ભગવાનની પૂજા તો રાગભાવ હોય ત્યારે હોય. એ આત્માની પૂજા નહીં. આત્મા જેને તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા (કહે) એ આત્મા તો અનાકુળ, અચ્યુત, જન્મ-મૃત્યુ-રોગાદિ રહિત અને સ્વભાવિક, અકૃત્રિમ નિર્મળ સુખ અમૃતમય જ છે. આહાહા! એવી દૃષ્ટિ થવી અને એનું જ્ઞાન થાય, એમાં જે સમતા પ્રગટ થાય એ વડે હું આત્માને પૂજું છું, એકાગ્ર થાઉં છું. આહાહા! કહો, સમજાણું કાંઈ? આ આત્માની પૂજા. ભગવાન દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજા એ શુભભાવ છે.

એમાં (-આત્મામાં) ઠરી શકતો ન હોય અને જ્યારે અશુભભાવથી બચવાનો પ્રસંગ હોય ત્યારે એવો ભાવ હો, પણ એ આત્મપૂજા નહીં, એ તો પરપૂજા છે. આહાહા! સમજાણું કાંઈ?

હું એવો જે સમયસાર આત્મા હું મને સમતાભાવ એટલે કે સ્વભાવનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને એમાં લીનતા એવી સમતાદશા એ વડે હું એને પૂજું છું, એ વડે હું એનો આદર કરું છું. શેઠ! કહો, આ પૂજા. વીતરાગભાવે પૂજા થાય આત્માની એ પૂજા કહેવાય. વીતરાગભાવ નીચે ક્યાંથી લાવવો? નીચાની તો વાત ચાલે છે. આહાહા! રાતે કડી આખી યાદ આવી હતી. પછી ... હશે ધ્યાન. 'ધીરજ ધર ને અરે અધીરા, અધીરનું નહીં કામ જો.' એવી એક કડી ક્યાંક છે. સજ્ઝાયમાળામાં આવે છે. એ વળી વાંચેલું ઘણું એમાંથી. 'ધીરજ ધર ને અરે અધીરા, અધીરનું નહીં કામ જોને..' કાયરનું કામ. સાચી વાત. એ શબ્દ બરાબર હતો નહીં ત્યાં સુધી. કાયરનું નહીં કામ. એ સજ્ઝાયમાળામાં... આહાહા!

ધીરજનો અર્થ જ એ છે સમતા. ધી નામ બુદ્ધિ, એનો જે સમતાનો ભાવ, ચૈતન્ય ભગવાન સન્મુખનો વીતરાગીભાવ એને હું પૂજું છું કે જે ભાવ મુક્તિનું કારણ છે. આહાહા! આ તો નિશ્ચયની વાત છે. પણ એ પમાય કેમ? એની તો વાત છે અહીં સીધી. પમાય એના સન્મુખની સમતાની સમકિતદૃષ્ટિ, સમતારૂપ જ્ઞાન ને સમતારૂપ વીતરાગતા. એ વડે જ એ પમાય છે, એ વડે જ પૂજાય છે. આહાહા! જેમાં વિકલ્પની જરૂર નથી, પૈસાની જરૂર નથી. સમજાણું કાંઈ? જેમાં આઠ દ્રવ્યની જરૂર નથી. આઠ દ્રવ્યની પૂજા... ક્યાં લેવા જાય આઠ દ્રવ્ય ત્યાં? આ દ્રવ્ય છે એની પૂજા કરેને. એ આઠ દ્રવ્ય લેવા ક્યાં જાય ને શું કરે? સમજાણું કાંઈ?

શ્રોતા : પૂજાકે સંસ્કાર તો પડતે હૈં?

પૂજ્ય ગુરુદેવશ્રી : રાગકા સંસ્કાર પડતા હૈ. વહ શુભરાગ હૈ. એથી આગળ લઈ જાય તો વસ્તુની સ્થિતિ નહીં. ... રાગની, પુણ્યની, શુભભાવની... એથી આગળ લઈ જાય તો... પુણ્ય થાય છે. પુણ્ય છે... રાગ હોય છે જુદી વાત છે, પણ એને ધર્મની પૂજા અને સંવર ને નિર્જરાનું કારણ એમ માને એ તો નાસ્તિક, મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? કહો, પંડિતજી! આહા! ભગવાન આત્મા...

એક રીતે એમ કહેવું છે કે તારે દુઃખરહિત થવું છેને અને તારે જન્મ-મૃત્યુ-રોગાદિ રહિત થવું છેને. તો એ ચીજ તો અંદર આત્મા છે. સમજાણું કાંઈ? ... તારે આનંદ જોઈએ છેને? આનંદસ્વરૂપ તો ભગવાન આત્મા પોતે છે એમ કહે છે. તારે એકરૂપ અચેત ન થાય એવું જોઈએ છેને? એ તો આત્મા પોતે (સ)ચેત છે ત્રિકાળીસ્વરૂપ. જન્મ, મૃત્યુ, રોગાદિ રહિત થવું છેને? તો એ વસ્તુ એથી રહિત છે. આહાહા! નિર્મળ સ્વભાવિક સુખનો અમૃતનો દરિયો છે. સમજાણું કાંઈ? એ સમયસારને... કહો, સમજાણું કાંઈ? કહે છે કે આ આત્મા પૂજવાયોગ્ય

હોય તો વીતરાગભાવે પૂજવાયોગ્ય છે. દયા, દાન, વ્રતના વિકલ્પથી પૂજવાલાયક નથી એમ કહે છે. શુભરાગથી પૂજવાલાયક એ વસ્તુ નથી. આહાહા! સમજાણું કાંઈ?

જેના જ્ઞાતા-દ્રષ્ટાના પરિણામ (અને) શુભ-અશુભ વિકલ્પથી રહિત એવા ભાવ દ્વારા જે આત્મા પૂજવાલાયક છે. અને એમાં જ એ ઉપાદેય તરીકે પ્રગટ થાય છે એમ કહે છે. આહાહા! હું પોતે પોતાનો... મુનિ છેને? સમરસ, ચારિત્રભાવ, વીતરાગીભાવ, અકષાયભાવ એવો પ્રગટેલો છે, એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન પણ આવી જાય છે. એ **વડે સદા પૂજું છું**. ઓલા તો વળી અમુક વખતે જ પૂજે ભગવાનને. ભઈ! ...... આહાહા! મારો નાથ પૂજવાલાયકને તો હું સદાય પૂજું છું એમ કહે છે. મારું ત્રિકાળી આનંદસ્વરૂપ એમાં–ત્રિકાળીમાં મારું એકાગ્રપણું સદાય છે. એ એકાગ્રપણું એ સમતાભાવ છે. એનાથી આત્માને પૂજું છું. એ ભગવાનજીભાઈ! ભારે વાતું આવી. આ બધા દેરાસરમાં પૂજા... એ હોય છે, જ્યાં સુધી વીતરાગતા પૂર્ણ ન થાય ત્યાં સુધી એવા ભાવો મનના સંબંધ હોય ત્યાં સુધી હોય છે. એ કંઈ આત્મપૂજા ને ધર્મપૂજા નહીં. આહાહા! સમજાણું કાંઈ? ઘણા પ્રકાર છે પૂજાના. આહાહા!

**સમરસ (સમતાભાવ)**... કેમકે પોતે ભગવાન આત્મા અંતરમાં અંતર્મુખ દ્રષ્ટિ કરતાં એ વસ્તુ વીતરાગમૂર્તિ જ છે અને વીતરાગમૂર્તિની દ્રષ્ટિ કરતાં જે એકાગ્રતાનો ભાવ ઉત્પન્ન થાય એ સમતા છે, એ પુણ્ય-પાપના વિકલ્પ રહિત છે. એના વડે એનો આદર ને એકાગ્રતા થાય છે. આહાહા! કહો, મૂલચંદભાઈ! આવી વાત સાંભળી નથી. એમને એમ બધા મોઢા આગળ કાઢી... આહાહા! ભાષા જુઓને! **परिपूजये**... પાછું એમ છેને? **परिपूजये सदा समरसेन**... આહા! જેને હજી ખ્યાલમાં આવવું મુશ્કેલ એવી ચીજ ભગવાન આત્મા... એ બહેનો બહાર બેઠા છે, આવી શકે નહીં. એ બિચારા સાંભળવા માગતા હશે. કહો, સમજાણું આમા?

ઓહોહો! એકેક કળશ અમૃતના કળશ ભર્યા છે! ભાઈ! તારું સ્વરૂપ તો વીતરાગભાવથી ભરેલું તારું સ્વરૂપ છે અને અમૃતનો સાગર તું છો ભાઈ! તને તારી કિંમત ને બહુમાન નથી. તને કિંમત પૈસાની, કાં બાયડી-છોકરાની, કાં આબરૂની, કાં પાપના ભાવ ને કાં પુણ્યના ભાવ એની કિંમત કરવા ગયો, તારી કિંમત હણાઈ ગઈ. સમજાણું કાંઈ? તારી કિંમત કરવા માટે તો, ઓહોહો! બહુમાનથી સ્વભાવમાં અંતર એકાગ્ર થવું. જેમાં વીતરાગતા ભાવ આવે એ ભાવે આત્મા પૂજવાને લાયક છે અને કિંમત કરવાને લાયક છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? ૬૬ કળશ થયો. (હવે) ૬૭.

**इत्थं निजज्ञेन निजात्मतत्त्व-**
**मुक्तं पुरा सूत्रकृता विशुद्धम्।**
**बुद्ध्वा च यन्मुक्तिमुपैति भव्य-**
**स्तद्भावयाम्युत्तमशर्मणेऽहम् ॥६७॥**

**શ્લોકાર્થ : એ રીતે પૂર્વે નિજજ્ઞ સૂત્રકારે...** નિજજ્ઞ નામ **(આત્મજ્ઞાની સૂત્રકર્તા શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવે)... નિજજ્ઞ...** નિજ ભગવાન આત્મા અતીન્દ્રિય અમૃતનું પૂર એનું જેને અંતર જ્ઞાન થયું છે, એવા નિજજ્ઞ સૂત્રકાર **(આત્મજ્ઞાની સૂત્રકર્તા શ્રીમદ્‌-ભગવત્કુંદકુંદાચાર્યદેવે)...** આહા! જેને મુનિઓ નિજજ્ઞ સૂત્રકાર તરીકે બોલાવે છે. સમજાણું કાંઈ? ખાતરી આપે છે મુનિઓ, પંચમહાવ્રતધારી મુનિઓ વ્યવહારે. નિશ્ચયે પંચમહાવ્રત આત્મામાં એકાકાર તે. એ એમ કહે છે, ઓહો! કુંદકુંદાચાર્ય નિજજ્ઞ છે. એ પોતાના આત્માના જાણનાર, અનુભવનાર હતા. એમણે આ સૂત્ર રચ્યું છે. સમજાણું કાંઈ? પણ આ તો... એ વાત જુદી. અહીં તો મુનિ એમને આમ કહે છે. મુનિ એમને સ્વીકારે છે. બીજા મુનિ ધર્મજ્ઞાની એમને એમ કહે છે કે તમે નિજજ્ઞ સૂત્રકાર છો. તમને અનુસરીને અમે આ કહીએ છીએ. બીજા મુનિઓની સાક્ષી આવે છે. સમજાણું કાંઈ?

**એ રીતે પૂર્વે નિજજ્ઞ...** નિજ નામ પોતાનો સ્વભાવ આનંદ ને જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે. આહાહા! અરે! રાગમાં રોળાઈ ગયો એને આત્મા વીતરાગ એ કેમ બેસે? સમજાય છે કાંઈ? જે રાગ-દ્વેષના પરિણામમાં પીસાઈ ગયો છે, અરે! એને આવો આત્મા કેમ બેસે? એવી મોટપ એને કેમ લાગે? સમજાણું કાંઈ? જેને બહારમાં ક્ષણે ને પળે કંઈક અનુકૂળતા હોય તો હરખ આવે, પ્રતિકૂળતા હોય તો ખેદાઈ જાય, હણાઈ જાય. અરર! મારું અપમાન, મારું માન. આહાહા! આવા વિષમભાવથી હણાયેલો (હોય) એને આવો આત્મા કેમ બેસે? કહે છે. સમજાણું કાંઈ? એ **નિજજ્ઞ સૂત્રકારે...** જુઓ! ખુબી શું કહે છે? **જે વિશુદ્ધ નિજાત્મતત્ત્વનું વર્ણન કર્યું...** એનું વર્ણન એણે કર્યું ભગવાને, એમ કહે છે. આહાહા! **વિશુદ્ધ નિજાત્મતત્ત્વ...** આ વિશુદ્ધ નિર્મળતાના અર્થમાં છે. આ વિશુદ્ધ વિકલ્પ–શુભભાવના અર્થમાં નથી. નિજાત્મતત્ત્વ... જેનો પાતાળકૂવો ફાટી ગયો છે અંદરથી, આત્માના ભાનમાં જેને ઉગ્ર આનંદના રસમાં રેલમછેલ છે. આહાહા!

એવા સૂત્રકારે **જે વિશુદ્ધ નિજાત્મતત્ત્વનું વર્ણન કર્યું** એમ કહીને. મૂળ પાઠની અપેક્ષાએ કહે છેને. ટીકા તો પોતે કરે છે, પણ પાઠમાં આવું ભગવાન કહે છે.. આવું કહે છે, ભગવાન આમ કહે છે. જેણે આત્માના પરચા લીધા છે ચારિત્ર સહિત હોં. સમ્યગ્દર્શન તો જુદી વાત છે. આહા! જેના રમણતાના દરિયા ઉછળી ગયા છે. વીતરાગતા જેની દશામાં છોલમછોલ મારે છે. આહાહા! જેને વીતરાગતાની પર્યાયમાં ભરતી આવી છે. સમજાણું કાંઈ? સમભાવે પૂજું છું એમ કહ્યું છેને એટલે આ પણ પાછું નાખ્યું એમાં. આહાહા! એવા ભગવાન કુંદકુંદાચાર્યદેવ સૂત્રકર્તા, આ ગ્રંથના કર્તા. નિમિત્ત તરીકે એમ જ કહેને. એમણે વર્ણન કર્યું છે. એને અનુસરીને મેં કહ્યું છે એમ કહે છે. હવે એટલી વાત કરીને એટલું કહે છે ટૂંકું પાછું.

**અને જેને જાણીને..** બસ, એટલી વાત. જેને જાણીને **ભવ્ય જીવ મુક્તિને પામે છે...** આટલું વજન છે. આહાહા! જાણીને જ અહીંયા વાત લીધી છે ફક્ત. **જેને જાણીને...** એવો ભગવાન આત્મા પરમ અમૃત અતીન્દ્રિય રસનો કંદ એવો જે ભગવાન કુંદકુંદાચાર્યે વર્ણવ્યો એને જે જીવ... **बुद्धवा...** છેને **बुद्धवा** છેને? ત્રીજી લીટી, પહેલો શબ્દ. બસ જેને જાણીને... આહાહા! જેણે એની કિંમત કરી છે. કહો, આ સંસ્કૃત જાણીને એમ નથી કહ્યું આમાં. આહાહા! **જેને જાણીને...** કુંદકુંદાચાર્યે જે રીતે આત્માનું વર્ણન કર્યું એ આત્મજ્ઞે... એણે જે કર્યું એને જાણીને, એમ કહે છે. અજ્ઞાનીઓ આત્માના નામે ઘણી વાતું કર્યા કરે એ વસ્તુ નહીં. સમજાણું કાંઈ?

ઓલામાં આવે છે, મિત્ર ને અમિત્ર પ્રત્યે સમભાવ છે. નહીં? કુંદકુંદાચાર્યની શૈલી. પ્રવચનસાર. એને સમભાવ થઈ ગયો છે. આહાહા! અમૃતચંદ્રાચાર્ય કહે છે. લ્યો, બીજા મુનિ ટીકાકાર જે ગણધર જેવા એ કહે છે, 'આ અમારા સાધર્મી છે ને આ અમારા વિરોધી છે' એવો બધો ભાવ જેને છે જ નહીં. એકલો સમભાવ જેને... પ્રવચનસારમાં (ગાથા ૧ થી ૫ની ઉત્થાનિકા) છેને? આહાહા! સમભાવ એની વાત છેને જરી. **સંસારસમુદ્રનો કિનારો જેમને નિકટ છે...** અમૃતચંદ્રાચાર્ય પોકારે છે. બીજા મુનિઓની પણ એમાં સાક્ષી છે એમ કહેવું છે. એકલો કોઈ કહે કે હું... આ તો બીજા મુનિઓની પણ ભેગી સાક્ષી છે. **સાતિશય વિવેકજ્યોતિ જેમને પ્રગટ થઈ છે...** એવા આસન્નભવ્ય મહાત્મા જેમને સાતિશય વિવેક... વિકલ્પથી રહિત ચારિત્રની રમણતા જેને પ્રગટી છે અને **સમસ્ત એકાંતવાદની વિદ્યાનો અભિનિવેશ** તેમને છૂટી ગયો છે.. સમજાય છે કાંઈ? **અસ્ત થયો છે.**

**પારમેશ્વરી (જિનભગવાનની) અનેકાંતવિદ્યાને** પામ્યા છે. આહાહા! **સમસ્ત પક્ષનો પરિગ્રહ..** એક વાત. **(શત્રુ-મિત્રાદિ સમસ્ત) પક્ષપાત છોડ્યો હોવાથી...** આ અમારા પક્ષવાળા ને આ અમારા પક્ષવાળા નહીં—એ બધી છૂટી ગયું છે. વીતરાગતા આવી છે. આહાહા! સમજાણું કાંઈ? **સમસ્ત પક્ષનો પરિગ્રહ છોડ્યો હોવાથી અત્યંત મધ્યસ્થ...** જેને અંતરમાં શુભાશુભ રહિત મધ્યસ્થ વીતરાગદશા પ્રગટી છે.... આ છદ્મસ્થ મુનિની વાત ચાલે છે હોં. બીજા મુનિઓ એમને માટે આમ કહે છે. એ અમૃતચંદ્ર તો આચાર્ય છે.

**અત્યંત મધ્યસ્થ થઈને સર્વ પુરુષાર્થમાં સારભૂત હોવાથી જે આત્માને અત્યંત હિતતમ છે એવી, ભગવંત પંચપરમેષ્ઠીના પ્રસાદથી પૂજવાયોગ્ય...** આહાહા! **પરમાર્થ સત્ય (પારમાર્થિક રીતે સાચી) અવિનાશી મોક્ષલક્ષ્મીને ઉપાદેયપણે નક્કી કરતાં થકા** કુંદકુંદાચાર્ય પોતે **પ્રવર્તમાન તીર્થના નાયક શ્રી મહાવીરસ્વામીપૂર્વક ભગવંત પંચપરમેષ્ઠીને પ્રણમન અને વંદનથી થતાં નમસ્કાર વડે સંભાવીને સર્વ આરંભથી મોક્ષમાર્ગનો આશ્રય કરતાં થકા પ્રતિજ્ઞા કરે છે...** એમ કુંદકુંદાચાર્ય માટે અમૃતચંદ્રાચાર્ય કહે છે. આહાહા! સમજાણું કાંઈ? આ પ્રવચનસારમાં છે.

**જેણે જાણીને**... ભગવાન કુંદકુંદાચાર્ય પોતે સમયસારસ્વરૂપ થઈને જેમણે આ સમયસાર નામ આત્માનું વર્ણન કર્યું અને **જેને જાણીને ભવ્ય જીવ મુક્તિને પામે છે**... એવું આત્માનું સ્વરૂપ જેવું વર્ણવ્યું એવું જાણીને, એકલું સાંભળીને નહીં. અંદર જાણીને એટલે અનુભવીને, જાણીને (એટલે) એકલું જ્ઞાન એમ નહીં. આહાહા! અંતરમાં અતીન્દ્રિય આનંદના વેદનથી અનુભવીને જે કોઈ ભવ્ય જીવ મુક્તિને પામે છે. આ રીતે મુક્તિને પામે છે. આહાહા! કોઈ કહે કે મુક્તિ તો અત્યારે નથી, ત્યારે અમારે બીજું કરવું કે નહીં? અરે! પણ સાંભળને ભગવાન! જેટલે અંશે મિથ્યાત્વ ને રાગથી નીકળી ગયો એટલી મુક્તિ છે. આહાહા! સમજાણું કાંઈ? ઓલાને મુક્તિ, પર્યાયમાં રાગરહિત થઈ ગયો, શરીર રહિત થઈ જશે, પણ શરૂઆત થઈ ગઈ છેને. પરાયણ.. પરાયણ.. ન્યાં ઉપર પરાયણ છેને. આહાહા! કહે છે કે એવા આત્માને જાણી ભવ્ય જીવ-લાયક જીવ મુક્તિને પામે છે.

**તે નિજાત્મતત્ત્વને** સુખની પ્રાપ્તિ અર્થે... ઉત્તમ છેને? **નિજાત્મતત્ત્વને ઉત્તમ સુખની પ્રાપ્તિ...** અતીન્દ્રિય આનંદ, મુક્તિ. ... નાખી. જાણે છે, એમ અનુભવે છે, એમ માર્ગ છે, એના ફળ તરીકે આ પ્રાપ્તિ છે. **નિજાત્મતત્ત્વને ઉત્તમ સુખની પ્રાપ્તિ અર્થે હું ભાવું છું.** હું મારા નિજાત્મસુખની-પૂર્ણ આનંદની પ્રાપ્તિ માટે મારા આત્મામાં એકાગ્રતા કરું છું. એ મારી ભાવના અને એ મારો ભાવ છે. સમજાણું કાંઈ? આ લખવા વખતનો વિકલ્પ છે એ પણ હું નહીં. એ બીજી વાતું. વિકલ્પ બીજું કહે છે, વાણી બીજું કહે છે, હું બીજો છું. સમજાણું કાંઈ? આહાહા! અરે! એણે આવા મનુષ્યપણામાં આવીને જે કરવા જેવું (હતું એના) માટે વખત લીધો નહીં અને નહીં કરવા જેવામાં વખત ગાળ્યા. મજૂરીયું કરી અને ફળ તરીકે પાછા દુઃખ. વર્તમાન દુઃખ ને ફળમાં દુઃખ. આહાહા! એમ હશે? આ બધા પૈસાવાળા કહેવાય છેને? ધૂળેય નથી. ધૂળવાળા કોને કહેવા? આ પૈસા એટલે ધૂળ. ધૂળવાળા આત્મા? દુઃખી છે બિચારા એ. સમજાણું કાંઈ? એય શેઠ!

આને સાચવવા, છોકરાને સાચવવા, એના મોભા પ્રમાણે મકાન જોઈએ, મોભા પ્રમાણે કન્યાનું ઘર જોઈએ, મોભા પ્રમાણે સારા ઘરની કન્યા જોઈએ. કેટલી અંદર ચડી ગઈ છે માયા? હીરા જેવા બિચારા દુઃખી છે અત્યારે. સમજાણું કાંઈ? 'સુખિયા જગતમાં સંત દુરિજન દુઃખિયા..' જેણે આત્માની ભાવના ભાવી એ સુખિયા. જેણે પરની ભાવના ભાવી એ દુઃખિયા. સમજાણું કાંઈ? આહાહા! માણસ એવું કહે, બધું આવું ઊંચું ક્યારે થાય? પહેલું થોડુંઘણું કાંઈ બીજો રસ્તો હશે કે નહીં? આહાહા! બીજે ઊંધે રસ્તે જાય ને પછી સવળે આવે એમ હશે? ઉગમણું જાવું હોય ને દોડે આથમણે, પછી ઉગમણું આવે એમ હશે? બાપુ! માર્ગ તો આ છે. એના જ્ઞાનમાં એ ભાવ રુચવો જોઈએ. હું તો નિવૃત્તમય છું. એમાં સમાવું, એ સમજીને

સમાવવામાં સાર છે. સમજાણું કાંઈ? એને માટે હું એકાગ્ર થાઉં છું. મારા આત્માની હું ભાવના ભાવું છું. આહાહા! ત્રીજો શ્લોક.

**आद्यन्तमुक्तमनघं परमात्मतत्त्वं**
**निर्द्वन्द्वमक्षयविशालवरप्रबोधम्।**
**तद्भावनापरिणतो भुवि भव्यलोकः**
**सिद्धिं प्रयाति भवसंभवदुःखदूराम्॥ ९८॥**

**શ્લોકાર્થ : પરમાત્મતત્ત્વ આદિ-અંત વિનાનું છે...** અંતર પરમાત્મા પોતે નિજસ્વરૂપ પરમતત્ત્વ.. પરમતત્ત્વ આ નિજાનંદ ધ્રુવ એવું પોતાનું સ્વરૂપ આદિ-અંત વિનાનું છે. એવા તત્ત્વને કોઈ આદિ નથી. છે અનાદિથી એને આદિ શું? એના અંત શા? **દોષ રહિત છે...** એમાં દોષ નથી, નિર્દોષ આનંદકંદ પ્રભુ છે. આહાહા! દોષમાં ડૂબેલાને દોષરહિતનું કેમ બેસે? રાગમાં લેપાયેલાને આવી નિર્લેપ ચીજની કેમ પ્રતીતિ થાય? એના ભાન વિના ચોરાશીના અવતાર કોઈ દિ' મટે એવા નથી. આ પાંચ-પચ્ચીસ વરસ રહે માણસમાં, કેટલું? ૫૦-૬૦ વર્ષ. અને પાછો જાય મરીને ઢોર, કાગડે, કૂતરે. ન્યાં પછી માંસાદિ ખાય ને મરીને જાય નરકે. આહાહા! કારણ કે ત્યાં તો પછી કાંઈ ભાન હોય નહીં. અહીં તો હજી થોડું આયુષ્ય છે એટલું મિથ્યાત્વ સેવ્યું છે, અનાર્ય દૃષ્ટિ સેવી છે. આહાહા! એટલે એમાંથી આવા અવતાર થાય. પછી માંસ ને હાડકાં... આહાહા! એવું પણ જેને ભાન નહીં રહે પછી. એને અજ્ઞાનદશાના ફળ તરીકે તો ચાર ગતિ આવી છે. અહીંયા ભાનના ફળમાં મુક્તિને પામે છે, એમ કહ્યુંને.

અહીં, **પરમાત્મતત્ત્વ આદિ-અંત વિનાનું છે, દોષ રહિત છે, નિર્દ્વંદ્વ છે...** બે (નથી એટલે) વિકલ્પનું જોડાણ જ જેમાં નથી. અખંડાનંદ પ્રભુ આત્મા એ દ્વંદ્વ નામ બે સહિત નથી, બે રહિત છે. એકલો ચૈતન્યપિંડ પ્રભુ છે. આહાહા! જે કાંઈ નિર્દોષતા કાઢવા માગે છે એ બધી નિર્દોષતાથી ભરેલું એ તત્ત્વ જ છે. સમજાણું કાંઈ? **અને અક્ષય વિશાળ ઉત્તમ જ્ઞાનસ્વરૂપ છે.** એ જ્ઞાન કેવું છે? અક્ષય. જેનો જ્ઞાનસ્વભાવ ક્ષય ન થાય, વિશાળ–અનંત અને તે ઉત્તમ જ્ઞાનસ્વરૂપ છે. આહાહા! એકલા મણિરત્નથી ભરેલું તત્ત્વ છે. **જગતમાં જે ભવ્ય જનો...** જગતમાં જે ભવ્ય જનો **તેની ભાવનારૂપે પરિણમે છે...** એવો આત્મા અંદર શરીર, વાણી, મન વિનાનો, પુણ્ય-પાપના રાગ વિનાનો છે એવા આત્માની ભાવના એટલે એકાગ્રતા... ભાવના એટલે ચિંતવના ને વિકલ્પ નહીં. એની ભાવનારૂપે, ત્રિકાળીભાવની ભાવનારૂપે, ત્રિકાળી સ્વભાવભાવ એની એકાગ્રતારૂપે પરિણમે છે, આહાહા! એવી દશાને પ્રગટ કરે છે.

**તેઓ ભવજનિત દુઃખોથી દૂર...** ભવથી ઉત્પન્ન થતાં... દેખો! અહીં તો (કહ્યું કે) ભવમાં ઉત્પન્ન થવું દુઃખ જ છે, ભવ ગમે તે હો. આહાહા! શેઠનો ભવ હો, રાંકનો હો, રાજનો કે દેવનો હો, ભવજનિત દુઃખ છે બધું. સમજાય છે કાંઈ? **ભવજનિત દુઃખોથી દૂર એવી**

**સિદ્ધિને પામે છે.** ભવજનિત દુઃખનો નાશ કરી અને આનંદમય મુક્તિ એવો આત્મા એ પૂર્ણ આનંદની પર્યાયને પામે છે. આહાહા! આવો તે કેવો ધર્મ–જૈનધર્મ? આહાહા! લ્યો, આ ૪૩ થઈ. (હવે) ૪૪ ગાથા.

**णिग्गंथो णीरागो णिस्सल्लो सयलदोसणिम्मुक्को।**
**णिक्कामो णिक्कोहो णिम्माणो णिम्मदो अप्पा॥४४॥**
**નિર્ગ્રંથ છે, નિષ્કામ છે, નિઃક્રોધ, જીવ નિર્માન છે,**
**નિઃશલ્ય તેમ નીરાગ, નિર્મદ, સર્વદોષવિમુક્ત છે. ૪૪.**

**ટીકા : અહીં (આ ગાથામાં) પણ શુદ્ધ જીવનું સ્વરૂપ કહ્યું છે.** આત્મા ત્રિકાળ પવિત્ર શુદ્ધ છે એના સ્વરૂપનું વર્ણન છે. શુદ્ધભાવ છેને માથે? કેવો છે અંદર ભગવાન આત્મા? નિર્ગ્રંથ છે કહે છે. વસ્તુ પોતે નિર્ગ્રંથ છે. **શુદ્ધ જીવાસ્તિકાય...** જોયું! શુદ્ધ-જીવ-અસ્તિકાય (એટલે) શુદ્ધ–પવિત્ર જીવનું હોવાપણું અસંખ્યપ્રદેશી સમૂહ. જે વીતરાગ સિવાયમાં કાય એની વાત હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? આહાહા! **શુદ્ધ જીવાસ્તિકાય**... શુદ્ધ-જીવ-અસ્તિકાય અસંખ્ય પ્રદેશી, અનંત ગુણનો પિંડ એવું નિજ સ્વરૂપ એ **બાહ્ય-અભ્યંતર ચોવીશ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ હોવાથી...** એને બાહ્ય ને અભ્યંતર ચોવીસ પરિગ્રહ છે નહીં. પરિત્યાગ છે–ત્યાગ જ છે વસ્તુમાં. આહાહા! પરિ નામ સમસ્ત પ્રકારે ત્યાગસ્વરૂપ હોવાથી તે **નિર્ગ્રંથ જ છે**. આહા! આવા નિર્ગ્રંથ આત્માને જે ઉગ્રપણે અવલંબે એની પર્યાયમાં નિર્ગ્રંથદશા પ્રગટ થાય, એને નિર્ગ્રંથ ને મુનિ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

જેને પુણ્ય-પાપ એવા ભાવ એ તો ગાંઠ છે. ગ્રંથરહિત તો આ છે. એવો આત્મા નિર્ગ્રંથ છે. આત્માનું ભાન થતાં સમ્યગ્દૃષ્ટિ દૃષ્ટિની અપેક્ષાએ તો નિર્ગ્રંથ જ છે. આહાહા! સમજાણું કાંઈ? આત્મા નિર્ગ્રંથ છેને. એની દૃષ્ટિવાળો નિર્ગ્રંથ જ છે. બાહ્ય-અભ્યંતર પરિગ્રહ એની પર્યાયમાં છે નહીં. આહાહા! ભારે કામ ભાઈ આવું! બે ઘડી માંડ વખત મળે સાંભળવાનો કોઈ દિ', એમાં આવી આવે વાત. સાંભળવા જેવું એ જ છે, એ કરવા (જેવું છે). બાકી બધી ધૂળધાણી છે. આ સાધુ થાય ને મહાવ્રતના પરિણામ કહે ખોટા, એને ધર્મ-બર્મ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? જુઓ! ચોવીસ પરિગ્રહના નામ છે નીચે. **ક્ષેત્ર...** ક્ષેત્ર–જમીન. એ આત્મા જમીન રહિત છે. આત્માને પરનું ક્ષેત્ર છે નહીં. 'અમારો દેશ' આત્મામાં એ છે નહીં. સમ્યગ્દૃષ્ટિને, અમારો દેશ આ છે એમ છે જ નહીં. અસંખ્ય પ્રદેશી દેશ છે. આહાહા! જેમાં અનંત ગુણ મણિરતનથી ભરેલો એવો સાગર ભગવાન એ એનો દેશ છે. આહાહા!

આવે છેને શ્રીમદ્માં, નહીં? 'હમ પરદેશી પંખી સાધુ.. હમ પરદેશી પંખી સાધુ.. આ રે દેશના નાહિ રે, હમ પરદેશી પંખી સાધુ, આ રે દેશના નાહિ રે..' આ દેશના અમે નહીં. રાજ, ક્ષેત્ર ને મકાન એના અમે નહીં. અમારો દેશ તો, અનંત આનંદમય આત્મા છે એ અમારો દેશ

છે. સમજાણું કાંઈ? અહીં તો ક્ષેત્ર માટે મરે. બે ભાઈયું જોવા ગયા હતા. ગરાસિયા હતા ત્યાં. ઘીનું એ શું કહે એને? આની કોર ગામ છે. કુંડળી નહીં. ભંડારિયા નહીં? આણંદપરા. આણંદપરા પાસે બે ભાઈઓ મરી ગયા. અમે ઉતર્યા હતા ત્યાં જ. ત્યાં જોવા ગયા હતા. આ ઠેકાણે બે ભાઈ જોવા ગયા, એક બીજાને કાપી નાખ્યા. એકે કાપ્યું તો બીજો કહે, અરર! બેય મરી ગયા એ ખેતરમાં. ત્યાં શંકરનું દેવળ હતું ત્યાં ઉતર્યા હતા. આણંદપર પાસે. આણંદપર નહોતા? .... ગરાસિયા હોં. ગરાસિયા અહીં આવે છે ક્યારેક. આહાહા! અરે! કોના ખેતર, કોના પાદર? બાપા! બે ભાઈઓ વચ્ચે લડાઈ થઈ ખેતર વહેંચવાની.

**મકાન...** ઓલું ક્ષેત્ર હતું, આ મકાન. દસ લાખના મકાનમાં અડધો મારો ભાગ, અડધો તારો ભાગ. સૌને એ જ જોઈએ. થાંભલા પહેલેથી રાખ્યા હોય. આનીકોરનો ભાગ આ, આનીકોરનો ભાગ. ભાઈઓ રાખે છેને ઓસરીમાં. ઓસરી હોયને મોટી તો બે થાંભલા રાખે. વચ્ચે જગ્યા હોય તો આ થાંભલાનો ભાગ આમ ને આ થાંભલાનો આમ. શેના મકાન? શેની વાતું? ભાઈ! એ તો બધો પરિગ્રહ છેને. આત્મામાં તો એ નથી અને આત્માનું જેને ભાન થાય એને પણ એ નથી. આહાહા! મમતા... માને છેને. અમારા દેશને કાજે અમે મરવા પડ્યા છીએ. શું કહેવાય? શહીદ.. શહીદ. આહાહા! કોના દેશ ને કોના મકાન? ભાઈ! ભગવાન તો દેશ ને મકાન રહિત છે. એના સ્વરૂપમાં તો એ ચીજ છે નહીં.

**ચાંદી...** લ્યો. ચાંદી.. ચાંદી–રૂપું. **સોનું, ધન**–લક્ષ્મી, **ધાન્ય**–અનાજ ઘઉં ને બાજરા કરોડો મણ ને લાખો મણ. **દાસી, દાસ...** નોકર જોઈએ આટલા કામ કરનારા, રોટલી કરવા માટે દાસી જોઈએ, આવા દાસ જોઈએ. આવા **કપડાં...** દેખો! કપડાં પરિગ્રહ છે. સમજાણું કાંઈ? કપડાં પરિગ્રહમાં આવ્યા છે કે નહીં? કપડાં રાખે એ મુનિ નહીં, એમ કહે છે. (શ્રોતાઃ ....) બિલકુલ નહીં, અલ્પ-ફલ્પ કેવા? વહ પરિગ્રહ હૈ. એ કપડા પણ પરિગ્રહ છે, આત્મામાં નથી, આત્મદૃષ્ટિવંતને નથી દૃષ્ટિની અપેક્ષાએ. અસ્થિરતાની અપેક્ષાએ એને અસ્થિરતામાં પણ એ છે નહીં. આહાહા! ભારે માર્ગ ભાઈ!

**અને વાસણ...** આ તમારી, શું કહેવાય? અભરાઈયું ભરે છેને અભરાઈ. થાળ હોય ને આમ મૂકે... ..... આહાહા! અહીં તો કહે છે, વાસણ.. વાસણ. એક વાસણનો–પાત્રાનો કટકો એ પણ પરિગ્રહ છે. કોને જોઈએ? એ છે જ ક્યાં એની ચીજ તે આપે ને દે? બહારમાં હરણિયાના હોય મોઢા. એવા બધા રાખે. મોટર–ગાડી આવી ગઈ. એ બધું (ધન)માં આવી ગયું. એ બધું ધન કહેવાયને. **એમ દસ પ્રકારનો બાહ્ય પરિગ્રહ છે...** આત્મામાં નથી. સમજાણું કાંઈ?

**એક મિથ્યાત્વ** પરિગ્રહ મોટો. છે અભ્યંતર પરિગ્રહ. આહાહા! જેણે પુણ્યના રાગના કણને પણ પોતાનો માન્યો, એ મોટો મિથ્યાત્વ પરિગ્રહ છે. આની ખબર ન મળે, પરિગ્રહના ત્યાગની ખબર ન મળે અને બહારથી બાયડી-છોકરા છોડીને સાધુ નામ ધરાવે. સમજાણું

કાંઈ? આહાહા! મિથ્યાત્વ પરિગ્રહ અંતરમાં ચૌદ પ્રકારના છે. પહેલો મિથ્યાત્વ પરિગ્રહ છે. દર્શનમોહ(કર્મ) નહીં હોં, મિથ્યાત્વભાવ. આહાહા! ચૈતન્યસ્વભાવ આનંદપ્રભુ એનાથી (વિરુદ્ધ) વિકલ્પને પણ પોતાનો માનવો એ મિથ્યાત્વરૂપી પરિગ્રહ છે. એ પરિગ્રહનો ત્યાગ નથી ત્યાં સુધી એને સમ્યગ્દર્શન પણ નથી. આહાહા! કેમકે આત્મા તો પરિગ્રહ વિનાનો છે. એવી દૃષ્ટિમાં રાગના એકત્વ તૂટ્યા વિના સ્વભાવનું એકત્વ થાય નહીં. આહાહા!

**ચાર કષાય**—ક્રોધ, માન, માયા લોભ—એ પરિગ્રહ છે. એટલો તો અમારે કષાય કરવો જ પડે. આટલું તો માન, અમારી પદવી પ્રમાણે માન એટલું તો હોય. ધૂળેય ન હોય, સાંભળને! માયા ને લોભ એ પરિગ્રહ છે. આ અંદર ગરી ગયો છે. બહારનું છોડીને બેસે, પણ અંદર ન છોડે એ ત્યાગી નથી. સમજાણું કાંઈ? **અને નવ નોકષાય...** સ્ત્રી, પુરુષ, નપુંસક ત્રણ (વેદ) અને હાસ્ય, રતિ-અરતિ (આદિ) **એમ ચૌદ પ્રકારનો અભ્યંતર પરિગ્રહ** આત્મામાં નથી. ભગવાન આત્મા પૂર્ણસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે. પણ આવો કેમ બેસે? કેમ કે એની વર્તમાનદશામાં એની દૃષ્ટિ અને દૃષ્ટિવાળો ... કરે તો આમ રાગ ને પર ઉપર જાય. અંદર મોટી વસ્તુ પડી છે એની તો ખબર નથી. ત્રિકાળ રહેનારું તત્ત્વ એ તો નિર્ગ્રંથસ્વરૂપ છે. આહાહા! સમજાણું કાંઈ?

નિર્ગ્રંથતાથી તો એની મોટપ છે. એની પૈસાવાળા ને આબરૂવાળાથી એની મોટપ નથી એમ કહે છે. નીરાગ છે. પહેલાં આવી ગયું હતું એકવાર. **સકળ મોહ-રાગ-દ્વેષાત્મક ચેતન કર્મના અભાવને લીધે નીરાગ છે.** પર્યાયમાં જે રાગ-દ્વેષ થાય કે મોહ થાય એ બધાનો અભાવ હોવાને લીધે નીરાગ છે. ભગવાન આત્મા તો નીરાગ છે—રાગ વિનાની ચીજ છે. એની પર્યાયમાં હો, વસ્તુમાં નથી. વસ્તુ જ એને કહીએ કે એની દ્રષ્ટિમાં ને વસ્તુમાં એ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? એ નીરાગ છે. વિશેષ પછી કહેશે લ્યો નિઃશલ્યગુણની વાત.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## મહા વદ ૭, રવિવાર, તા. ૬-૨-૧૯૭૨
## ગાથા-૪૪, પ્રવચન નં. ૪૨

આ નિયમસાર સિદ્ધાંત છે. ૪૪મી ગાથા. બે બોલ ચાલ્યા છે, ફરીને.

**णिग्गंथो णीरागो णिस्सल्लो सयलदोसणिम्मुक्को।**
**णिक्कामो णिक्कोहो णिम्माणो णिम्मदो अप्पा॥४४॥**

નીચે હરિગીત.

**નિર્ગ્રંથ છે, નિષ્કામ છે, નિઃક્રોધ, જીવ નિર્માન છે,**
**નિઃશલ્ય તેમ નીરાગ, નિર્મદ, સર્વદોષવિમુક્ત છે. ૪૪.**

**ટીકા : અહીં (આ ગાથામાં) પણ શુદ્ધ જીવનું સ્વરૂપ કહ્યું છે.** શું કહે છે? કે અહીંયા **अप्पा** શબ્દ વાપર્યો છે ૪૪માં, (એટલે) આ આત્મા. આત્મા એને કહીએ, એને શુદ્ધભાવ કહીએ, એને શુદ્ધ જીવાસ્તિ કહીએ, એને સમયસાર કહીએ, એને પરમતત્ત્વ કહીએ—એની વ્યાખ્યા છે. **આ (ગાથામાં પણ) શુદ્ધજીવનું સ્વરૂપ...** ત્રિકાળી આનંદધામ ધ્રુવ.. ધ્રુવ એનું સ્વરૂપ કહ્યું છે. કે જેને વિષય બનાવતાં, ધ્યેય બનાવતાં, ધ્યાનનું જેને લક્ષ બનાવતાં, સમ્યગ્દર્શન થાય, ધર્મની પ્રથમ શાંતિની શ્રેણી પ્રગટ થાય. એવો જે ધ્યેયરૂપ આત્મા કોને કહેવો એની વ્યાખ્યા છે.

**શુદ્ધ જીવાસ્તિકાય...** પહેલો શબ્દ 'શુદ્ધ જીવ' વાપર્યો, શુદ્ધભાવ નહીં. ત્રિકાળી શુદ્ધભાવ. કર્મ, શરીર, વાણીથી તો રહિત, પણ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત, એક સમયની પર્યાયથી પણ રહિત છે. પર્યાય એટલે અવસ્થા. ત્રિકાળી ચૈતન્ય ભગવાન અનાદિ-અનંત એવા શુદ્ધજીવાસ્તિકાય... શુદ્ધ-જીવ-અસ્તિ. શુદ્ધ–પવિત્ર, જીવ, અસ્તિ–છે, કાય–અસંખ્યપ્રદેશી વસ્તુ છે. એને શુદ્ધજીવાસ્તિકાય કહેવામાં આવે છે (કે જે) ત્રિકાળી તત્ત્વ દરેક આત્માનું છે. એ **ચોવીશ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ હોવાથી નિર્ગ્રંથ છે...** અંતર સ્વરૂપ તો આત્મા ભગવાનનું નિર્ગ્રંથ સ્વરૂપ છે. જેમાં મિથ્યાત્વાદિ કે ક્ષેત્ર, મકાનાદિ પરિગ્રહનો એમાં અભાવ છે. એક સમયની પર્યાયનો અભાવ છે, તો પછી આનો તો અભાવ હોય જ. ક્ષેત્રમાં આવી ગયું એ બધું. ચોવીશ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ હોવાથી ભગવાન આત્માનો સ્વભાવ નિત્યાનંદ સચ્ચિદાનંદ પ્રભુ એ નિર્ગ્રંથ છે. આહાહા!

અને જેની દૃષ્ટિ સમ્યક્ થઈ, એવા ચૈતન્ય ભગવાન નિત્યાનંદ પ્રભુ એનો જેનો અનુભવ થયો, એનો જેને શ્રદ્ધામાં, જ્ઞાનમાં સ્વીકાર થયો, એ પણ નિર્ગ્રંથ જ છે. સમજાણું કાંઈ? ભારે વાત બાપુ! એ શું છે વસ્તુ? સત્-ચિદાનંદ. સત નામ શાશ્વત છે, ચિદ્ નામ જ્ઞાન,

અને આનંદનો પૂર્ણ ભંડાર છે. આહાહા! એવો જીવાસ્તિકાય એમાં ચોવીસ પરિગ્રહ નામ મમતાનું કારણ અથવા મમતા—બેય એમાં નથી, તેથી નિર્ગ્રંથ છે. જેમાં પુણ્ય ને પાપના રાગ એની ગાંઠ પણ નથી. નિર્મળાનંદ પ્રભુ.. આહાહા! એવો ભગવાન નિર્ગ્રંથસ્વરૂપ એની દૃષ્ટિ કરનારો પર્યાયમાં નિર્ગ્રંથ થાય છે અને વિશેષ સ્થિરતા કરનારો ચારિત્રની દશામાં નિર્ગ્રંથ થાય છે. **નીરાગ**. પહેલાં નીરાગ આવી ગયું છે, ત્યાં આગળ એને અભ્યંતર પરિગ્રહ રહિત કહ્યો છે. ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહ રહિત. અહીં ટૂંકામાં કહ્યું છે.

**સકળ મોહ-રાગ-દ્વેષાત્મક ચેતન કર્મ...** એટલું જણાવવું છે. જે આત્મા પોતાના સ્વરૂપને ભૂલીને એની દશામાં મિથ્યાત્વભાવ-ભ્રમભાવ કે રાગ-દ્વેષભાવ એ બધા ચૈતન્યના વિકારી, અશુદ્ધ—મલિન પરિણામ છે. એ પરિણામનો વસ્તુમાં અભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? ત્રણે કાળે નીરાગ છે એ વસ્તુ. સચ્ચિદાનંદસ્વરૂપ ત્રિકાળી ધ્રુવ એ ત્રિકાળ નિરાવરણ અને નીરાગ છે. એનો અંતરમાં સ્વીકાર થતાં એની દશામાં પણ નીરાગતાનું પરિણમન થાય છે, એને ધર્મ કહેવામાં આવે છે. આહાહા! ભારે ભાઈ વ્યાખ્યા. સમજાણું કાંઈ? ત્યાં બે બોલ તો આવ્યા હતા.

હવે, ત્રણ શલ્ય રહિત છે ભગવાન. ભગવાન એટલે? ભગ એટલે જ્ઞાન ને આનંદનો વાન—જેનું સ્વરૂપ આત્માનું છે. એવો ભગવાન નિઃશલ્ય છે. શલ્ય.. જેમ લોઢાનું બાણ વાગ્યું હોય ને શલ્ય નડે, એમ આ ત્રણ શલ્ય એ એની દશામાં હો—વર્તમાન હાલતમાં હો, (પણ) વસ્તુમાં નથી. જેથી વસ્તુમાં શલ્યરહિતપણું છે, તેથી શલ્યરહિત દશામાં થઈ શકાય છે. **નિદાન...** કંઈ પણ શુભક્રિયા કરીને હેતુ બાંધવો કે કંઈ સ્વર્ગ મળે, પૈસા મળે. એ બધું નિદાન એ આત્માના નિજસ્વરૂપમાં નથી. કંઈક પુણ્ય કરીએ તો અમને સ્વર્ગ મળે, આ પૈસા, આ ધૂળના શેઠિયા કહેવાયને એવી શેઠાઈ મળે—એ બધી ક્રિયાઓના ફળમાં હેતુ બાંધવો એ નિદાન છે. એ વસ્તુમાં નથી. વસ્તુ નિર્મળાનંદ પ્રભુ, આહાહા! નિદાન રહિત છે.

**માયા** રહિત છે. માયા નામ કપટ. એ શલ્ય છે માયા. એ શલ્ય રહિત છે ભગવાન. અને મિથ્યાત્વ-વિપરીત માન્યતારૂપી શલ્ય. પુણ્યમાં ધર્મ છે, પાપમાં મજા છે એવી જે મિથ્યાભ્રાંતિ એ મિથ્યાત્વનું મોટું શલ્ય છે, એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? આહાહા! અરે! એવી જાત પોતાની પરમાત્મસ્વરૂપ જ પોતે છે, પણ એને ભાન નથી. ભાન વિનાનો ભગવાન ચોરાશીમાં રખડે, અવતારમાં રખડે છે. સમજાણું કાંઈ? કહે છે કે ત્રણ શલ્ય રહિત છે. **નિઃશલ્ય** છે. આમ તો તત્ત્વાર્થસૂત્રમાં વ્રતીઓને નિઃશલ્ય કહ્યા છે. જે વ્રતધારી હોય સાચા એ તો મિથ્યાત્વ, નિદાન, માયા—શલ્યરહિત હોય તો એને સાચા વ્રત હોય. આમ વ્રત લઈને બેસે, તપસ્યાઓ કરે, અપવાસ કરે, પણ આત્મા અખંડાનંદ પૂર્ણ શુદ્ધ આનંદનું ધામ એની જેને દૃષ્ટિ ને અનુભવની ખબર નથી, એ બધા ક્રિયાકાંડીઓને વ્રત ને તપ સાચા હોતા નથી.

અપવાસ કરે, વ્રત લે, સંથારા કરે બબ્બે મહિનાના, આહાર-પાણી છોડી દે, સમાધિમરણ કરીએ છીએ, પણ જેને આત્માનુભવ, આનંદનો નાથ એવો સ્વરૂપ ભગવાન એની જેને અનુભવ દૃષ્ટિ નથી, એ બધા ક્રિયાકાંડના થોથા કરનારા, એ ચાર ગતિમાં રખડનારા છે. સમજાણું કાંઈ? જેના ઘર જોયા નથી, મારું ઘર શું છે એ ઘરને જાણ્યા વિના એ બધી પ્રવૃત્તિઓ ક્રિયાકાંડની એને ચાર ગતિમાં રખડાવનારી છે. આહાહા! કહો, શેઠ! ભારે કામ આકરું. જગતને અંદર આત્મા કોણ છે, શું ચીજ છે (એની ખબર નથી). કહે છે કે નિઃશલ્ય છે. આહાહા! એવી ચીજનો આશ્રય લેતાં એને શલ્ય રહેતું નથી, કેમ કે નિઃશલ્ય ચીજ છે. એકલો જ્ઞાન ને આનંદનો ભંડાર, અનંત જ્ઞાન ને અનંત આનંદ એવું જેનું સ્વરૂપ છે, એવો જેનો સ્વભાવ છે એવા સ્વભાવની વીણા વાગે છે ત્યાં. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા... દરેકનો આત્મા અંદર હોં. વસ્તુ પૂર્ણાનંદસ્વરૂપ એમાં શલ્ય કેવું? અને એવા પૂર્ણાનંદનો સ્વીકાર જેને થયો એને શલ્ય કેવા? આહાહા! સમજાણું કાંઈ?

જેને પરમ આનંદની બાદશાહી પ્રગટ થઈ. આહાહા! આ તો રાગ કરું ને પુણ્ય થાય, દેવ થાઉં, સ્વર્ગમાં જાઉં, શેઠાઈ મળે—એ બધા મિથ્યાત્વના ભિખારીઓ રાંકા.. રાંકા છે જગતના. સમજાય છે કાંઈ? ભગવાનજીભાઈ! આત્મા બાદશાહ અંદર ચિદાનંદની મૂર્તિ એવું જેને અંતરમાં ભાન થયું, કાંઈ રહ્યું જ નથી. નિદાન શા, માયા કેવી? એવી ચીજને જ્યાં જ્ઞાતા-દૃષ્ટાપણે અનુભવમાં આવે એ બાદશાહ છે, એ જગતમાં સુખી છે. સમજાણું કાંઈ? 'સુખિયા જગતમાં સંત દુરિજન દુઃખિયા..' આ હોં. સંત એટલે બાવા થઈને બહાર નીકળે, ટીલાટપકાં કરીને ફરે, ઓલા ચિપીયા રાખે એ બાવા નથી, એ તો બધા જોગીડા, ધૂતારા છે. આહાહા! ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ અંદર પૂર્ણ સ્વભાવથી ભરેલો પદાર્થ, એનું જ્યાં અંતર ભાન થાય ત્યારે એને શલ્ય રહે નહીં. એવી દશા (કે) એને એક વિકલ્પ ઉઠે રાગનો, એ પણ ઝેર દેખાય. દયા, દાન, વ્રતનો વિકલ્પ—રાગ વાસના ઉઠે એ પણ જ્યાં ઝેર દેખાય. આહાહા! એવું જેણે આત્માનું સ્વરૂપ અંતર્મુખ થઈને શોધ્યું ને ગોત્યું ને ઘોળ્યું... સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! નિઃશલ્ય થઈ ગયો. આહાહા!

**શુદ્ધ નિશ્ચયનયથી...** ભગવાન આત્માનો અંતરના સત્ત્વનો મૂળ સ્વભાવ સત્ત્વની દૃષ્ટિએ જોવાથી, એ સત્ ભગવાન એનું સત્ત્વ જ્ઞાન આનંદાદિ એને જોનારી દૃષ્ટિથી જોઈએ તો.. આહાહા! શુદ્ધ—પવિત્ર, નિશ્ચય—સત્ય, નય એટલે જ્ઞાન. પવિત્રતાના પૂર્ણ પ્રભુને જે જ્ઞાનથી જોઈએ તે નયને શુદ્ધનિશ્ચય કહેવાય છે. એવા **શુદ્ધ જીવાસ્તિકાયને...** શુદ્ધ-જીવ-અસ્તિ... પવિત્ર આત્મા.. જીવ કહો કે આત્મા કહો. અંતઃકરણ વિશેષેથી જીવ મલિન કે મલિનરહિત આત્મા—એ બધી એક જ ચીજ છે. એ આત્મા જ પોતે ભૂલ્યો અને રાગ-દ્વેષ કરે, એને જીવ અંતઃકરણ વિશેષ કહેવામાં આવે. એને જ આત્મા અશુદ્ધ પણ કહેવામાં આવે, પણ વસ્તુ તરીકે અશુદ્ધ છે

નહીં. એને **દ્રવ્યકર્મ–**જડકર્મ નથી. ભગવાન પ્રભુ આત્મા પૂર્ણ સ્વભાવી પ્રભુ એને જડકર્મ અડ્યાય નથી. જડકર્મ એમાં છે જ નહીં. આહાહા! દ્રવ્યકર્મ એટલે જડકર્મ.

**ભાવકર્મ—**પુણ્ય-પાપના વિકલ્પો, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ વસ્તુમાં નથી, એ તો વિકલ્પની વૃત્તિઓનું ઉત્થાન છે. વસ્તુમાં નથી. આહાહા! કહો, સમજાણું કાંઈ? આવો આત્મા છે એને એવી રીતે અંતરમાં અનુભવ્યા વિના એના જન્મ-મરણની ગાંઠ ગળે એવી નથી, એના જન્મ-મરણ મટે એવા નથી. સમજાણું કાંઈ? માળું તે આવું સ્વરૂપ હશે? જૈનમાં તો એમ આવે કે વ્રત કરવા, તપ કરના, અપવાસ કરવા. આવું ક્યાંથી કાઢ્યું? કહે છે. ભગવાનજીભાઈ! બાપુ! એને ખબર નથી. એના ઘરમાં તું છો, બધું છે. વીતરાગમાર્ગમાં આ સ્વરૂપ છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ?

**અને નોકર્મનો અભાવ...** નોકર્મ એટલે શરીર. આ શરીર ને આ વાણી એને નોકર્મ કહીએ. જ્ઞાનાવરણાદિ જે રજકણો જે ... કહીએ એને દ્રવ્યકર્મ કહીએ અને પુણ્ય-પાપના વિકલ્પો ઉઠે એને ભાવકર્મ કહીએ. એ ત્રણે વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? નથી તો 'નથી' થઈ શકે છે. એ શું કીધું? વસ્તુમાં ત્રણ નથી તો પર્યાયમાં–દશામાં ત્રણ રહિત થઈ શકે છે. આહાહા! અરે! એની મૂડી–પુંજી.. ઘરમાં કેટલી પુંજી નિધાન છે એની એને ખબર નથી. આ બહારમાં ગોતવા જાય. ઘરમાં ભર્યા ભંડાર એની એને ખબર નથી. અહીંથી મળશે, શેત્રુંજયથી મળશે, સમ્મેદશિખરથી મળશે. ડુંગરે ચડી-ચડી.. ન્યાં ભગવાન જાણે હશે. ભગવાન અહીં બેઠો છે અંદર. સમજાણું કાંઈ? આહાહા!

**સર્વદોષવિમુક્ત છે...** લ્યો, **सयलदोसणिम्मुक्को** એની વ્યાખ્યા કરી. 'નિર્દોષ' એક શબ્દ આવી ગયો હતો પહેલા. સર્વ દોષથી વિમુક્ત પ્રભુ છે. એવો નિર્મળાનંદ પ્રભુ એનો આશ્રય લેવાથી, એને અવલંબવાથી વર્તમાનદશામાં સર્વ દોષ રહિત થઈ શકે છે. કહો, સમજાણું કાંઈ? પણ આ બધો નિશ્ચયમાર્ગ આવ્યો. વ્યવહાર, કંઈ વ્યવહાર? એને ખબર ક્યાં છે? આ તો પર્યાય થાય એ જ વ્યવહાર છે. જે નિર્મળપર્યાય નિર્મળવસ્તુને આશ્રયે થાય છે એ જ વ્યવહાર છે. પણ એને આ વ્યવહારને... આ ને તે. એ બધું આમાં કાંઈ ન આવ્યું. એ વિકલ્પ હોય તો હોય, એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી, તેમ એનાથી આત્માની પ્રાપ્તિ થતી નથી. લાખ જાત્રા કરવા જાય સમ્મેદશિખરની ને શત્રુંજયની. શેઠ! આહાહા!

કહે છે કે એ તો સર્વ દોષ વિ-મુક્ત છે. એવો નિર્મળાનંદ પ્રભુ ધ્રુવસ્વરૂપ નિત્યાનંદ અવિચળ સ્વભાવ એ સર્વ દોષથી મુક્ત છે. એની નજરું કરતાં એને સંસાર રહેતો નથી. સંસાર શબ્દે રાગ-દ્વેષ ને અજ્ઞાન. સમજાણું કાંઈ? બહારના બાયડી-છોકરા છોડીને બેઠા ને કહે, અમે સંસાર છોડ્યો છે. ધૂળેય છોડ્યો નથી. સમજાણું કાંઈ? આ દોષવાળી ચીજ એને માની તે આખો સંસાર માન્યો છે એણે. 'હું તો સર્વદોષ મુક્ત છું' એવી ચીજનું અવલંબન લેતાં ભ્રાંતિ ને

અજ્ઞાન ને રાગ-દ્વેષનો નાશ થઈ જાય, એનો સંસાર નાશ થયો કહેવામાં આવે છે. એણે સંસાર છોડ્યો. બાકી બાયડી-છોકરા છોડીને બાવા થઈ ગયા, સંસાર છોડ્યા. ધૂળેય નથી છોડ્યો, સાંભળને! સમજાણું કાંઈ? આવું છે સ્વરૂપ. આહાહા! હવે શબ્દ નિઃકામનો અર્થ કરે છે.

**શુદ્ધ નિશ્ચયનયથી...** ભગવાન આત્મા જે પરમતત્ત્વ ધ્રુવ નિત્યાનંદ એને તો ખરેખર–સાચી દૃષ્ટિથી જોઈએ તો નિજ પરમતત્ત્વની પણ વાંછા છે નહીં. હું મને મળું–પ્રાપ્ત થાઉં એવી ઇચ્છા પણ વસ્તુમાં છે નહીં. આહાહા! **નિજ પરમતત્ત્વની વાંછા...** વાંછા તે ઇચ્છા છે, રાગ છે, એ તો વૃત્તિનું ઉત્થાન છે, સ્વરૂપમાં એ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? **નિજ પરમતત્ત્વ...** પોતાનો પરમભાવ સ્વભાવ, પરમતત્ત્વ પોતાનું હોં, ભગવાનનું ભગવાન પાસે રહ્યું. આહાહા! આ તો નિજ પરમતત્ત્વ... પોતાનો પરમ ભગવાન સ્વભાવ એવું પરમતત્ત્વ એની પણ વાંછા નહીં, એની પણ ઇચ્છા નથી. ઇચ્છા ક્યાં? છે એને વળી ઇચ્છા શી? છે જ પરમતત્ત્વસ્વરૂપ. એને ઇચ્છા શું? આવું મારું તત્ત્વ છે એવી ઇચ્છા હોય એને? આહાહા! નિર્વિકલ્પ તત્ત્વ છે એ તો. એને આવી વાંછા હોતી નથી. **નિષ્કામ છે.**

**નિશ્ચયનયથી**—સાચી દૃષ્ટિથી વસ્તુને જોતાં **પ્રશસ્ત-અપ્રશસ્ત પરદ્રવ્ય પરિણતિનો અભાવ હોવાને લીધે...** શુભરાગ ને અશુભરાગ એવી પરદ્રવ્યની પરિણતિનો ભાવ એનો અભાવ હોવાને લીધે **નિઃક્રોધ છે...** એકલો ક્ષમાનો ભંડાર છે. નિઃક્રોધ તો નાસ્તિથી વાત કરી કે ક્રોધ નથી, એમ. છે એકલો શાંત.. શાંત.. શાંત. પૂર્ણ શાંતરસનો ભંડાર. આહાહા! એને નિશ્ચયથી જોઈએ તો એને આવો ક્રોધનો વિભાવ છે જ નહીં વસ્તુમાં. આહા! **નિશ્ચયનયથી...** નિશ્ચય નામ સત્ય, નય નામ જ્ઞાન, સાચા જ્ઞાનની દૃષ્ટિથી જોઈએ તો **સદા પરમ સમરસીભાવસ્વરૂપ હોવાને લીધે...** એ ભગવાન તો ત્રિકાળ પરમ સમતારસ.. આનંદરસ ને સમતારસનો પિંડ છે. આહાહા! એને ધર્મના ગાણા કોઈ દિ' સાંભળ્યા નથી. પૈસાના સાંભળ્યા, બાયડીના, આવાના, ઢોરના, બાયડી રૂપાળી મળી, પૈસા દસ લાખ મળ્યા, બંગલો પાંચ લાખનો કરાવ્યો. હોળી છે, સ્મશાન બધા છે. સમજાણું કાંઈ?

નિધાન તો અહીં રહી ગયું અંદર. અરે! જેને નિધાનની ખબરું ન મળે, ક્યાં નિધાન છે એની ખબર ન મળે, ખોદે ક્યાં? સમજાણું કાંઈ? ભગવાન! તારા અંતરમાં નિધાન પડ્યું તારું સ્વરૂપ. પૂર્ણ શાંત ને આનંદરસથી ભરેલો આવો હોવાને લીધે **નિર્માન છે...** સમરસથી ભરેલો એમાં માન કેવા? નિર્માનની પૂતળી આત્મા છે. આહાહા! સમજાણું કાંઈ? અહીં તો જરીક વખાણે ને આદર કરે, જરીક ઠીક ગણવામાં આવે એટલે ફૂલાય. અરેરે! માનમાં મરી ગયો. સમજાણું કાંઈ? જેના માન કરવા જોઈએ એના માન કર્યા નહીં. નિર્માન છે, બસ. એનું માન કરવું જોઈએ. એને દુનિયાની માન-અપમાનની પડી નથી. જશ ને અપજશ એ તો જગતના પૂર્વના પુણ્ય-પાપના ચાળા–રમતું છે. ભગવાન આત્મામાં એ છે નહીં કાંઈ.

શું કીધું એ પાછું ફરીને કહો. આ માન-અપમાન બહારની ભ્રમણા છે બધી. પૂર્વના પુણ્ય-પાપ બંધાયેલા પડ્યા હોય એના ફળ તરીકે આ ઝંઝાળ દેખાય બધી, માન ને સન્માન. એ શેઠ! આ શેઠને બહુ ઝંઝાળ એવી હોય છે. બેસાડે મોઢા આગળ. પૈસાવાળા માણસ. પૈસા પાંચ-દસ હજાર જોઈતા હોય, બેસાડે મોઢા આગળ મોટા કરીને. આહાહા! એ તો પૂર્વના પુણ્ય-પાપના ફળના બધી ઝંઝાળું છે બાપુ! આહાહા! માન-અપમાન વસ્તુમાં ક્યાં છે? એ તો સચ્ચિદાનંદ જ્ઞાતા-દૃષ્ટા જ્ઞાન ને આનંદનો ભંડાર છે. આહાહા! સહેજ પ્રતિકૂળતા, એક નામે બોલાવે ત્યાં ખેદાઈ જાય, બે નામે બોલાવે ત્યાં હસાઈ જાય–હરખ થઈ જાય. કે આમ કેમ કહે છે? હમણાં ઘણીવાર તો બે નામે બોલાવતા હતા, આજ એક નામે કેમ? એ વાંધા. માન ભર્યું છે અંદર. અહીં કહે છે, માન-ફાન તારા સ્વરૂપમાં નથી. આહાહા!

એ તો જ્ઞાન ન આનંદનો સાગર છે. જ્ઞાન ને આનંદના સાગર નામ ભરેલો છે આખો. એમાં ડૂબકી માર તો આનંદ આવશે. કહો, સમજાણું કાંઈ? આહાહા! દિશા ફેરવી નાખ. આમ દૃષ્ટિ છે, એ દૃષ્ટિ અંદરમાં મૂક, આનંદ ઉછળશે તને. આહાહા! સમજાણું કાંઈ? તારે કોઈ જરૂર માનની નથી. આહાહા! કહો, જયકુમારજી! ત્યાં તમારે ઇન્જેક્શનમાં, દવાખાનામાં આવું આવે નહીં કાંઈ. ત્યાંય તાવ હતો અને પાંચ વર્ષે આવ્યા ને અહીં તાવ. એ કહે, મહારાજ સાહેબ! તાવ રહ્યા કરે છે. કલકત્તે ગયા હતાને તે દિ' તાવ હતો. અહીં આવ્યા ને તાવ. ...... બે-ત્રણ મહિના પહેલા આવ્યો હતો. વળી કોઈક વખતે આવી જાય. કહો, સમજાણું કાંઈ? એ આત્મામાં તાવ-ફાવ નથી. ભગવાન આત્મા નિરોગી તત્ત્વ પડ્યું છે. રોગના ચાળા બધા જડમાં, માટીમાં છે આમાં. સમજાણું કાંઈ? આહાહા!

નિરોગતા ને સરોગતા એવી વિવિધતા જડમાં છે. આ શરીર તો માટી છે, માંસનો પિંડલો, હાડકાં, ચામડાં છે. આ કાંઈ આત્મા નથી. આત્મા તો એનો જાણનાર છે. આ તો એનું જ્ઞેય છે, આત્મા જ્ઞાતા છે, આ તો એનું દૃષ્ય છે, આત્મા દૃષ્ટા છે, આત્મા અરૂપી છે, આ રૂપી છે જડ. ભિન્ને-ભિન્ન ચીજ છે. આહાહા! **નિશ્ચયનયથી નિઃશેષપણે અંતર્મુખ હોવાને લીધે...** શું કહે છે? વસ્તુ છે એ તો અંતર્મુખ છે. રાગ અને પુણ્ય ને પરમાં તો નથી, પણ એક સમયની પર્યાયની પ્રગટ દશા જણાય છે એ બહિર્મુખ છે, વસ્તુ અંતર્મુખ છે. આહાહા! **નિઃશેષપણે** (એટલે) બાકી રાખ્યા વિના, એમ. **અંતર્મુખ હોવાને લીધે...** વસ્તુ તો અંતર્મુખ છે. એક સમયની દશા ને રાગ એ બહિર્મુખ છે. વસ્તુનું તત્ત્વ એક સમયની દશા પાછળ અંતર્મુખ છે. આ શું છે આ તે? સમજાણું કાંઈ? **નિર્મદ છે.**–એમાં મદ છે નહીં.

**ઉક્ત પ્રકારનું (ઉપર કહેલા પ્રકારનું), વિશુદ્ધ સહજસિદ્ધ...** વિશુદ્ધ નામ વિશેષે નિર્મળાનંદ પ્રભુ, સહજ નામ સ્વભાવિક–કોઈએ નહીં કરેલું–અકૃત્રિમ અનાદિ સત્, સિદ્ધ સહજ સિદ્ધ–સ્વભાવિક જ સિદ્ધ છે. એની સાબિતી કોઈ કર્તા-હર્તા એનો છે એવું કોઈ છે નહીં.

એવો સત્સ્વરૂપ સહજ સિદ્ધ **નિત્ય-નિરાવરણ...** ત્રિકાળ પ્રભુ આત્માનો સ્વભાવ તો નિરાવરણ છે. એ તો એક સમયની દશામાં રાગાદિ દેખાય છે, અંતર વસ્તુમાં એ છે નહીં. આહાહા! નિઃશેષપણે... નિઃશેષ એટલે (કાંઈ) બાકી રાખ્યા વિના પૂર્ણ અંતર્મુખ છે. અંતર્મુખ દૃષ્ટિ કરે તો એ જણાય એવો છે. આહાહા! પર્યાયદૃષ્ટિથી પણ એ જણાય નહીં. વિકલ્પદૃષ્ટિથી રાગથી પણ જણાય નહીં. આહાહા! ભારે આકરું ભાઈ!

**વિશુદ્ધ સહજસિદ્ધ નિત્ય-નિરાવરણ નિજ કારણસમયસાર...** લ્યો, બીજું નામ આવ્યું. જે અહીં શુદ્ધભાવ કહે છેને માથે? શુદ્ધભાવ કહો, નિજ કારણસમયસાર કહો, શુદ્ધ જીવાસ્તિકાય કહો, આત્મા ત્રિકાળી નિત્યાનંદ કહો. એ **સ્વરૂપ ઉપાદેય છે.** આત્માને એ જ આદરણીય છે, બાકી કાંઈ આદરવાલાયક છે નહીં. હજી તો અહીં વ્યવહારના પરિણામ એ આદરણીય છે ત્યાં સુધી અટક્યો. અરે! એ તો વિકારની વૃત્તિઓ ઉઠે છે, સાંભળને! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનનું સ્મરણ—એ બધો વિકલ્પની વાસનાની વાતું છે. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન કહે છે કે હું તારા વિકલ્પમાં ક્યાં આવું છું? અંદર છે, વસ્તુ તો અંદરમાં છે. આહાહા!

**નિજ કારણસમયસારનું સ્વરૂપ**... આ જે આખું ૪૪માં કહ્યું એ ઉપાદેય છે એટલે ત્યાં દૃષ્ટિ મૂકવી ને અનુભવ કરવાલાયક છે. આહાહા! ધર્મીને ધર્મ કરવો હોય તો અહીંથી થાય છે. બાકી બધે ફાંફેફાંફા છે. સમજાણું કાંઈ? આહાહા! પ્રેમચંદભાઈ ગુજરી ગયા લાઠીવાળા, નહીં? ...... હતોને? આહાહા! માંદા હતા. પ્રવીણભાઈની જેમ.... આહા! આવું સંસાર, દેહનું સ્વરૂપ છે માટી ધૂળનું. આહાહા! એક ક્ષણમાં સ્મશાનની રાખ. પણ સ્મશાનની રાખ થવાને લાયક હતી એ થઈ. આત્મા રાખ થાય? આત્મા અનાદિ-અનંત સનાતન ચૈતન્યમૂર્તિ છે. આહાહા! એ જન્મે નહીં, મરે નહીં, એને રોગ થાય નહીં. એવો ભગવાન આત્મા દરેક શરીર ને રાગની આડમાં અંદર બિરાજે છે. એ આત્મા આદરણીય છે એમ કહે છે. કહો!

**વિશુદ્ધ સહજસિદ્ધ નિત્ય નિરાવરણ** નિજ કારણપ્રભુ **કારણસમયસાર...** સમય એટલે આત્મા, સાર એટલે રાગ-દ્વેષ આદિ વિનાનું એકલું ચિદાનંદ નિર્મળપિંડ. એ જ **સ્વરૂપ ઉપાદેય છે**. એમાં નજર કરવાલાયક છે, એ અંતર્મુખ જોવાલાયક છે. આહાહા! એમ કહે છે. જ્યાં ચીજ છે ત્યાં નજર ન નાખે તો નજરમાં ચીજ ક્યાં આવે? ચીજ તો એક સમયની અવસ્થા પાછળ આખી અખંડાનંદ પડી છે. પણ એ શું છે, કેમ છે એની ખબર ન મળે. બહાર ગોતાગોત કરે. આહાહા! કંઈ વ્રત કરીએ ને મળશે, અપવાસ-બપવાસ કરીને બિચારા સુકાઈ જાય છેને, જુઓને! મહિના-મહિનાના અપવાસ કરે ને લાંઘણું કરે.. શું કહેવાય એ? નકોરડા. પાણી વિનાના ચોવિહારા. ધૂળેય મળે એવું નથી, સાંભળને! એ તો બધી લાંઘણું છે.

ઉપવાસ... આત્મા આવો છે એની ઉપ નામ સમીપમાં વાસ કરે એને સાચો ઉપવાસ થાય. બાકી બધા અપવાસ છે–માઠા વાસ છે. વાડાવાળાને આકરું પડે હોં. એય! અહીં વાડો નથી, અહીં તો આત્મા છે આ. આવો આત્મા છે ને વસ્તુનું અનાદિ આવું સ્વરૂપ છે. સર્વજ્ઞે કહ્યું છે, જાણ્યું છે ને પ્રગટ કર્યું છે. સમજાણું કાંઈ? આહાહા! આ કાંઈ વાડાની ચીજ નથી, આ તો આત્માની ચીજ છે. આહાહા! લ્યો, આ એક જ ઉપાદેય કહ્યું. પુણ્યના ભાવેય આદરણીય નહીં, પુણ્યભાવ. એથી પછી કહે, એ..ય એકાંત છે રે એકાંત છે. રાડ્યું પાડે. પણ આ કહે આને રાડ પાડને, એની પાસે જાને. સોનગઢવાળા એકાંત કરે છે, ઓલો વ્યવહારને ઉડાવી દે છે. પણ હતો કે દિ' આત્મામાં વ્યવહાર? સાંભળને! એ તો વિકલ્પ છે–રાગ છે. સમજાણું કાંઈ?

'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે..' આ કરું ને આ કરું એ વિકલ્પની વૃત્તિઓનું ઉત્થાન છે, એ તો રાગ છે. ભગવાન સ્વરૂપમાં એ છે નહીં. આહાહા! **એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી પ્રવચનસારની ટીકામાં ૮મા શ્લોક દ્વારા) કહ્યું છે કે...** કળશ છેને. પાનું ૨૨૦, શ્લોક ૮. લખ્યું છે આમાં. ૨૨૦ છે પાનું. એ છેલ્લે એક શ્લોક બાકી, એના પહેલાનો આ. છેલ્લે એક શ્લોક નાનો બાકી છે બસ. એણે પછી કાંઈ સુધાર્યું નથી.

**इत्युच्छेदात्परपरिणतेः कर्तृकर्मादिभेद-**
**भ्रान्तिध्वंसादपि च सुचिराल्लब्धशुद्धात्मतत्त्वः ।**
**सञ्चिन्मात्रे महसि विशदे मूर्छितश्चेतनोऽयं**
**स्थास्यत्युद्यत्सहजमहिमा सर्वदा मुक्त एव॥**

આહાહા! મૂર્છિત શબ્દ વાપર્યો છે. લીન થઈ ગયા લીન, મૂર્છાઈ ગયા. આત્મા આત્માના આનંદમાં લીન છે. લ્યો ઠીક! એ આવ્યો શ્લોક. પ્રવચનસારનો મૂક્યો છે. ઓલું પર્યાયનું છે.

**શ્લોકાર્થ : એ રીતે પરપરિણતિના ઉચ્છેદ દ્વારા (અર્થાત્ પરદ્રવ્યરૂપ પરિણમનના નાશ દ્વારા)...** ભગવાન આત્મા શુભ-અશુભ વિકલ્પ, જે વાસના પુણ્ય-પાપની એને ઉચ્છેદ કરીને ભગવાન પ્રગટ થાય છે. અરે! અનંત કાળના અજાણ્યા માર્ગ, ચોરાશીના પરિભ્રમણ અનંત કર્યા. જેની આદિ નહીં એટલા ભવો, એમાં આ રહી ગયો અંધારે. એક રહી ગયો અંધારે, બાકી થઈ ગયા અજવાળા બધાયના રખડવાના. એમાં શેઠાઈ-બેઠાઈ મળે, પાંચ-પચ્ચીસ લાખ, શેઠ! કરોડ-બે કરોડ રૂપિયા મળે તો જાણે હું પહોળો ને શેરી સાંકડી. ભિખારા છે, સાંભળને માળા! આહાહા! ચૈતન્ય બાદશાહ પરમાત્મા જેની લક્ષ્મીનો પાર નથી અંદર, ઓહોહો! કહે છે કે એવી લક્ષ્મીનો ભંડાર જેને પ્રગટ થયો, એ પરિણતિના ઉચ્છેદ દ્વારા પ્રગટ થાય છે. આહાહા! શુભ ને અશુભ વિકલ્પ જે રાગક્રિયા–પરિણામ એનો નાશ કરીને ઉત્પન્ન થાય. સ્વભાવમાં એ ક્યાં છે?

**તેમ જ કર્તા, કર્મ વગેરે ભેદો હોવાની જે ભ્રાંતિ...** લ્યો, આત્મા પર્યાયનો કર્તા ને પર્યાય એનું કર્મ અને પર્યાય એનું સાધન વગેરે ભેદ, એ ભેદેય નથી જેનામાં. અભેદ ચિદાનંદ ભગવાન છે. આહાહા! કર્તા, કર્મ... ઝીણી વાત છે. વિજયભાઈ! આહાહા! કોઈ દિ' સાંભળવા મળે, માંડ પાંચ વરસે આવ્યા. દવાખાનું સારું ચાલેને ત્યાં, મોટા ડોક્ટર થઈ ગયા. ઓહો! દવાખાના તો અહીં ચાલે છે અંદરમાં, કહે છે. શુદ્ધસ્વરૂપ આનંદકંદ એનું ઇંજેક્શન લગાવ, ભવભવના રોગ મટી જાય. શરીર જ મળે નહીં પછી (રોગ ક્યાં)? આ વળી ધૂળ મળે ને પછી રોગ થાય, પછી ડોક્ટરને ગોતવો. હવે ડોક્ટર પણ હોય તો આમ મારે ને આમ કરે ને આયુષ્ય ન હોય તો વળી ઇન્જેક્શન મારતા વળી ફૂલી જાય, .... થાય. આહાહા! આ ડોક્ટર બેઠા જુઓ! બેય.

અરે! અમૃતસ્વરૂપ ભગવાન એને મરવું કેવું? મરે કોણ? કોના સ્નાન કાઢવા? આહાહા! અમૃતસ્વરૂપ મરે કોણ? ત્રિકાળી અમૃતનો નાથ છેને! એવો ભગવાન, કહે છે કે એમાં કર્તા-કર્મના ભેદની ભ્રાંતિનો નાશ છે. સમજાણું કાંઈ? રાગ-દ્વેષની પરિણતિ... રાગ વિકલ્પ છે એનો તો નિષેધ છે, પણ એની એક સમયની પર્યાય છે એ કર્તા ને પર્યાય કર્મ ને એવા છ ભેદો ઉઠે, એ ભ્રાંતિ છે કહે છે. વસ્તુ અભેદ ચિદાનંદ ભગવાનમાં એ ભ્રાંતિ કર્તા-કર્મની કેવી? આહાહા! ક્યાં લઈ ગયા? દેખો! કહે છે કે શરીર, વાણી, મન આ તો બધા જડ છે, એના અસ્તિત્વમાં તો જડપણું છે. એમાં કાંઈ આત્મા નથી. પુણ્ય ને પાપના અસ્તિત્વમાં વિકાર છે, એમાં આત્મા નથી. એની એક સમયની પર્યાયમાં ભેદ ષટ્કારક પડે એમાંય આત્મા નથી કહે છે. આહાહા! આકરું... આ વાત સાંભળનાર વિરલા હોય છે. આહાહા! એટલે આ વાત બેસવી (કઠણ). મોટા સમાજમાં ઉઠતા હોય આમ, ધમાલ ધમાલ મોટા, રથયાત્રાઓ મોટી, પંચકલ્યાણક, પાંચ-પાંચ દસ લાખના ખર્ચ લ્યો. એમાં ધર્મ.. ધર્મ.. ધૂળેય ધર્મ નથી. આહાહા! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે ભગવાન આત્મા એ પર્યાયને કરે અને પર્યાય એનું કાર્ય ને પર્યાય એનું સાધન એવા ષટ્કારક પર્યાયમાં ઊભા થાય એ પણ, કહે છે કે ભ્રાંતિ છે. એ વસ્તુમાં કેવા? વસ્તુમાં પર્યાય નથી ત્યાં આવા ભેદ કેવા? આહાહા! **જે ભ્રાંતિ તેના પણ નાશ દ્વારા...** વસ્તુ ભગવાન આત્મા પરમાત્માનું સ્વરૂપ જ એનું પૂર્ણ છે. કહે છે કે એમાં પુણ્ય ને પાપની લાગણીઓનો તો અભાવ છે, એનો તો જેણે (આત્માનો) આશ્રય કર્યો તો એણે નાશ કર્યો. પણ જેણે અભેદનો આશ્રય કર્યો એણે તો ભેદની ભ્રાંતિનો પણ નાશ કર્યો. શું કહે છે માળો આવો ધર્મ? કંઈ પકડાય નહીં આવો ધર્મ. આટલા માણસના સમૂહ–લોકસમૂહ, આવા લાખો-કરોડો માણસોને આવો ધર્મ બેસે? ધર્મ તો એવો... બાપુ! પણ ધર્મ તો આવો છે. બેસે-ન બેસે એને

ઘરે રહ્યું, માર્ગ તો આ છે. એને કાંઈ સંખ્યાની જરૂર નથી એને સત્યની જરૂર છે. આહાહા! બે બોલ કહીને ઘણું કહી દીધું હોં.

**પરપરિણતિના ઉચ્છેદ દ્વારા...** એમ કર્તા-કર્મ ભેદ હો અંદર. પર્યાયમાં ભેદ પડે કે પર્યાય કર્તા અથવા દ્રવ્ય કર્તા ને પર્યાય કર્મ (આદિ) બધા ભેદો એનામાં કાંઈ છે જ નહીં. એ તો અંદર અખંડાનંદ અભેદસ્વરૂપ પ્રભુ એનો જ્યાં આશ્રય ને અવલંબન થતાં આ બધાના ભૂકા ઉડી જાય છે. સમજાણું કાંઈ? સાધારણ સમાજને તો (લાગે કે) આવું હશે? સાધારણ સમાજ જ નથી, બધા આત્મા ભગવાન છે. દેહના દેવળમાં પાધરો પરમાત્મા પોતે પૂરો પડ્યો છે. ભગવાન પરમાત્મા છે બધા. આહાહા! સમજાણું કાંઈ? એને ઓછો ન માન, એને વિકારી ન માન, એને પામર ન માન. આહાહા! એને પ્રભુ તરીકે સ્વીકાર.

કહે છે કે જેને આવો સ્વીકાર થયો, એને ભ્રાંતિના ને પરપરિણતિના વિચ્છેદ દ્વારા **આખરે જેણે શુદ્ધ આત્મતત્ત્વને ઉપલબ્ધ કર્યું છે...** સરવાળે તો અભેદ આત્મા છે એનો અનુભવ થયો છે. આહાહા! નાશ દ્વારા... વસ્તુસ્વરૂપ ચૈતન્યમૂર્તિ અભેદ એકરૂપ એની અંતર્દૃષ્ટિ થતાં જેણે રાગ-દ્વેષનો તો નાશ કર્યો છે, કર્તા-કર્મનું સ્વરૂપ જાણે મારામાં આવું હોય એવી ભ્રાંતિનો પણ જેણે નાશ કર્યો છે, આખરે તો જે સ્વરૂપ છે એની પ્રાપ્તિ કરી છે. અભેદ ચિદાનંદ પ્રભુ એનો અનુભવ થવો એમાં આત્માની પ્રાપ્તિ છે. કહો, મલૂકચંદભાઈ! આ બધું અત્યાર સુધી કરતા હતા એ ક્યાં ગયું? આ અપવાસ કરવા ને અપવાસ કરવા, આમ કરવું, વ્રત પાળવા ને લીલોતરી ન ખાવી, ફલાણું આ કરવું—એ બધી વાતું વિકલ્પની છે. આહાહા! વસ્તુ તો આ છે. એમાં ધર્મ માન્યો છે એણે.

ધર્મ, બાપુ! અપૂર્વ ચીજ છે. અનંત કાળમાં એક સેકંડમાત્ર પણ જે થઈ નથી એ ચીજ તો અપૂર્વ જ હોયને અને એના ફળ પણ અપૂર્વ હોયને. આહાહા! કહે છે કે જેણે ભગવાન આત્મા... આ ફેરે તો જે અભેદસ્વરૂપ હતું એ મળ્યું એમ કહે છે. અંતર એકરૂપ વસ્તુ છે એણે શુભ-અશુભની વિકલ્પની વાસના છેદી નાખી છે. 'ઉચ્છેદ દ્વારા' અર્થ તો એમ આવેને. અહીં ગયો એટલે એ ઉત્પન્ન થઈ નહીં. એટલે શું કહ્યું? અંતર વસ્તુ ભગવાન પૂર્ણાનંદ ઉપર જ્યાં નજર પડી, ત્યાં વિકારી પરિણામ ઉત્પન્ન થયા નહીં, એને વિકારી પરિણામ છેદ્યા કહેવામાં આવે છે. આહાહા! એમ આત્મામાં અભેદ જતાં, અભેદનો અનુભવ થતાં, પર્યાયમાં આવા ભેદોના વિકલ્પની ઉત્પત્તિ થતી નથી, એને 'ભ્રાંતિનો નાશ કર્યો' એમ કહેવામાં આવે છે. આહાહા!

લુખાલસ જેવી વાતું લાગે. ઓલું તો આમ કરજો, પછી તમે દેવમાં જાશો, પછી ત્યાંથી મરીને રાજા થાશો, ન્યાંથી મરીને.... ખુશી થઈ જાય કે રાજા! અરે! પણ રાજા એટલે શું? સાંભળને માળા! રાજાના શરીર જડ માટી, ધૂળ-માટી આ. ચેતનરાજા ભગવાન રાજાનો રાજા.

એવો પરમાત્મા પોતે, અરે! એવા સ્વભાવની એકરૂપ દૃષ્ટિ થતાં, કહે છે કે ત્યાં ભેદનો ભાવ પણ રહેતો નથી. તો વિકાર તો હોય જ ક્યાંથી? એવો જે ભગવાન આત્મા... જેણે આખરે એટલે સરવાળે અભેદ આત્મા છે એને પ્રાપ્ત કર્યો અંદરમાં અનુભવમાં. સમજાણું કાંઈ? આહાહા! **એવો આ આત્મા...** શુદ્ધ આત્મતત્ત્વને જેણે અનુભવ્યો, અંતર દૃષ્ટિ ને પરિણતિમાં પ્રાપ્તિ કરી, **ચૈતન્યમાત્રરૂપ વિશદ (નિર્મળ) તેજમાં લીન રહ્યો થકો...** મૂર્ચ્છા શબ્દનો અર્થ છેને લીન. મૂર્છાઈ ગયો પછી અંદર આત્મામાં, લીન થઈ ગયો લીન અંદર. અનાદિનો જે પુણ્ય-પાપના રાગ એમાં લીન હતો એ સંસાર, મૂઢદશા, પરિભ્રમણદશા હતી. એ છૂટીને અંદરમાં લીન થઈ ગયો, મૂર્છાઈ ગયો. અખંડ આનંદ પૂર્ણાનંદ અભેદસ્વરૂપમાં લીન થઈ ગયો.

વિશદ... **ચૈતન્યમાત્રરૂપ વિશદ તેજ**, એમ કહે છે એકલા ચૈતન્યમાત્રનું નિર્મળ તેજ એ તો છે. ચૈતન્યનું પૂર પ્રભુ આત્મા. આહા! સમજાણું કાંઈ? **તેજમાં લીન રહ્યો થકો, પોતાના સહજ (સ્વાભાવિક) મહિમાના પ્રકાશમાનપણે...** કહે છે, જેણે આવું અંદર પ્રાપ્ત કર્યું, સમજાણું કાંઈ? જેવી ચીજ છે એવી અંતર અનુભવ દૃષ્ટિથી પ્રાપ્ત કરી, એ પોતામાં સહજ મહિમાના પ્રકાશમાનપણે... પોતાના મહિમાના પ્રકાશપણે **સર્વદા મુક્ત જ રહેશે.** એ મુક્ત થયો એ મુક્ત રહેશે. પછી એને અવતાર કે જન્મ-મરણ છે નહીં. આહાહા! બીજ બળી ગયું એ પછી ઊગે નહીં. એમ ભગવાન આત્મા અખંડાનંદ અભેદ ચૈતન્ય એની પ્રાપ્તિ અંદરમાં થઈ, આત્મા મુક્ત થઈ ગયો એમ કહે છે.

મુક્તદશા જ્યાં પ્રાપ્ત થઈ ગઈ પછી એને ફરીને અવતાર હોય નહીં. અવતરવું હોય નહીં. એ તો પોતાના **મહિમાના પ્રકાશમાનપણે સર્વદા મુક્ત જ રહેશે**. આનંદના લહેરમાં સાદિ-અનંત આનંદમાં લહેર કરશે. આહાહા! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં..' એનું નામ મુક્તિ. મુક્તિ કાંઈ લટકતી નથી બીજે. આહાહા! આત્માની પૂર્ણ આનંદની દશા પ્રાપ્ત થવી એનું નામ મુક્તિ અને દુઃખની પર્યાયની અવસ્થાથી છૂટી જવું એનું નામ મુક્તિ. સમજાણું કાંઈ? એ એમ જ રહેશે હવે, કહે છે. આહાહા! એવી એની મહિમાનું પ્રકાશમાન સ્વરૂપ છે એમાંને એમાં રહેશે. બહાર નીકળશે નહીં ને અવતાર ધારણ કરશે નહીં. પહેલેથી સાધક ને સાધ્ય બેય વર્ણવ્યું છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**મહા વદ ૯, મંગળવાર, તા. ૮-૨-૧૯૭૨**
**શ્લોક-૬૯-૭૦, ગાથા-૪૫-૪૬, પ્રવચન નં. ૪૩**

આ ૪૪મી ગાથાનો ૬૯ કળશ છે.

**ज्ञानज्योतिःप्रहतदुरितिध्वान्तसंघातकात्मा**
**नित्यानन्दाद्यतुलमहिमा सर्वदा मूर्तिमुक्तः ।**
**स्वस्मिन्नुच्चैरविचलतया जातशीलस्य मूलं**
**यस्तं वन्दे भवभयहरं मोक्षलक्ष्मीशमीशम् ॥६९॥**

આ આત્મા કેવો છે? શુદ્ધભાવની વાત છેને? **શ્લોકાર્થ : જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપરૂપી અંધકારસમૂહનો નાશ કર્યો છે...** એટલે જેની જ્ઞાનજ્યોતિમાં સંસાર છે નહીં. પાપ શબ્દે સંસાર–પુણ્ય ને પાપના ભાવ. એ સંસાર જ જ્યાં સ્વરૂપમાં નથી. સ્વરૂપના પ્રકાશે એમાં સંસારનો અંધકાર છે નહીં. અથવા એ સ્વરૂપ ત્રિકાળી પ્રકાશમૂર્તિ છે એનો આશ્રય કરતાં સંસારનો નાશ થાય છે. **જે નિત્ય આનંદ આદિ અતુલ મહિમાનો ધરનાર છે...** ભગવાન આત્મા જે નિત્ય–ત્રિકાળી આનંદનો ભંડાર છે. **નિત્ય આનંદ આદિ અતુલ મહિમા...** જેની મહિમા સાથે બીજાનો મેળ નથી, તુલના નથી બીજા સાથે. એવું અતીન્દ્રિયસ્વરૂપ આનંદનું ધામ એવી મહિમાનો ધરનાર છે. **જે સર્વદા અમૂર્ત છે...** ત્રિકાળ તે અમૂર્ત જ છે. દ્રવ્યસ્વભાવ, શુદ્ધભાવ, શુદ્ધ જીવાસ્તિકાય ત્રિકાળ અમૂર્ત જ છે. જેની દૃષ્ટિ કરે સમ્યગ્દર્શન થાય એવું આ તત્ત્વ સદા અમૂર્ત જ છે.

**જે પોતામાં અત્યંત અવિચળપણા વડે...** પોતામાં ચળે નહીં એવું દ્રવ્ય ધ્રુવ વજ્રબિંબ છે. **અવિચળપણા વડે ઉત્તમ શીલનું મૂળ છે...** જાત... જાત છેને ઉત્તમ. જાત.. **જાતશીલ...** ઉત્તમ શીલ... બ્રહ્માનંદ એવો શીલસ્વભાવ એનું એ આત્મા મૂળ છે. આહાહા! **પોતામાં અત્યંત અવિચળપણા વડે...** પોતામાંથી—ધ્રુવ ચૈતન્ય ભગવાન અનાદિ-અનંત એમાંથી—નહીં ચળવા વડે ઉત્તમ આનંદસ્વભાવનું ને શીલસ્વભાવનું મૂળ છે. અથવા ઉત્તમ શીલ બ્રહ્મચર્ય આદિ એ ઉત્તમ સ્વભાવ એને આશ્રયે પ્રગટ થાય છે. એવો ભગવાન ત્રિકાળ ધ્રુવ બિરાજમાન છે. **તે ભવભયને હરનારા...** એ ભવના ભયને હરનાર એવા **મોક્ષલક્ષ્મીના ઐશ્વર્યવાન સ્વામીને હું વંદું છું.** મુનિરાજ કહે છે કે અહો! એવો જે આત્મા ભવભયને હરનાર છે, જેમાં ભવભય છે નહીં. ચોરાશીના અવતાર એવો જે ભવ એનો ભય એ સ્વરૂપમાં નથી. એ તો મોક્ષલક્ષ્મીનો સ્વામી છે. ભવના ભયનો હરનાર અને મોક્ષલક્ષ્મીનો સ્વામી છે. આહાહા! મોક્ષલક્ષ્મીના

ઐશ્વર્યવાન એવો ત્રિકાળી ચિદાનંદ પ્રભુ, એવા મોક્ષલક્ષ્મીના સ્વામીને–એને જ હું આદરું છું એમ કહે છે. સમજાણું કાંઈ?

ત્રિકાળ ધ્રુવસ્વરૂપ નિત્યાનંદ ભગવાન આત્મા પોતે જે ભવના ભયથી અભાવસ્વભાવે છે અને મોક્ષલક્ષ્મીનો સ્વામી છે. એવા ચૈતન્યદ્રવ્યને હું વંદન નામ આદર કરું છું. જુઓ! કરવા જેવું આ છે. સમજાણું કાંઈ? ત્રિકાળી જ્ઞાયકભાવ ચિદાનંદ સહજાનંદ... કારણસમયસાર કહો, શુદ્ધભાવ કહો, કારણપરમાત્મા કહો, શુદ્ધજીવાસ્તિકાય કહો—એવી જે ચીજ એક સમયની પર્યાયથી પાર છે. એવી ચીજને હું, કહે છે કે આદર કરું છું. વંદન, એને આદર મારો છે. કહો, સમજાણું કાંઈ? ધર્મી જીવોને પણ એ આદરવાલાયક છે એમ કહે છે. એક સમયની પર્યાય પણ આદરવાલાયક નથી એમ કહે છે. એક સમયની પર્યાય આદર કરે છે ત્રિકાળીનો. મોક્ષલક્ષ્મીનો સ્વામી છે. પૂર્ણ મુક્તસ્વરૂપ છે અને એનો આશ્રય કરતાં મોક્ષલક્ષ્મી પ્રગટ થાય છે. તેવા ભગવાનને હું નમું છું. એ ૪૪મી ગાથા થઈ. ૪૫-૪૬.

**वण्णरसगंधफासा थीपुंसणउंसयादिपज्जाया ।**
**संठाणा संहणणा सव्वे जीवस्स णो संति ॥ ४५ ॥**
**अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।**
**जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं ॥ ४६ ॥**

**સ્ત્રી-પુરુષ આદિક પર્યયો, રસવર્ણગંધસ્પર્શ ને**
**સંસ્થાન તેમ જ સંહનન સૌ છે નહીં જીવદ્રવ્યને. ૪૫.**
**જીવ ચેતનાગુણ, અરસરૂપ, અગંધશબ્દ, અવ્યક્ત છે,**
**વળી લિંગગ્રહણવિહીન છે, સંસ્થાન ભાખ્યું ન તેહને. ૪૬.**

આ ગાથા ઘણે ઠેકાણે આવે છે. સમયસાર, પ્રવચનસાર, અષ્ટપાહુડ. આ ૪૬મી છે. ત્યાં (સમયસારમાં) ૪૯ છે. એની **ટીકા : અહીં (આ બે ગાથાઓમાં) પરમસ્વભાવભૂત એવું જે કારણપરમાત્માનું સ્વરૂપ...** પરમસ્વભાવભૂત એવો કારણપરમાત્મા પોતે. જેમાંથી કેવળજ્ઞાનનું કાર્ય પ્રગટ થાય એવો કારણભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? ત્યારે પ્રશ્ન થયો હતોને? કારણપરમાત્મા છે તો કાર્ય આવવું જોઈએ. સમય-સમયમાં આવવું જોઈએ. ક્યા કહા? કારણ હૈ ન કારણ? વસ્તુ અનાદિ-અનંત ચૈતન્ય ધ્રુવ કારણપરમાત્મા. તો કારણ હોય એનું કાર્ય આવવું જોઈએ. કારણપરમાત્મા તો અનાદિનો છે, છતાં કાર્ય કેમ થાતું નથી. સમજાણું કાંઈ? એમ બે પ્રશ્ન હતાને. કાંઈ બીજો હતો, નહીં? પહેલા વાત થઈ ગઈ છેને.

**કારણપરમાત્માનું સ્વરૂપ તેને સમસ્ત પૌદ્ગલિક વિકારસમૂહ નથી એમ કહ્યું છે.** એનો અર્થ એ કે વસ્તુ જે ત્રિકાળ ધ્રુવ ચૈતન્ય કારણપ્રભુ છે, એનો 'છે' એવો સ્વીકાર કરે એને કારણપરમાત્મા છેને. સ્વીકાર ન કરે એને કારણપરમાત્મા છે જ ક્યાં?

શ્રોતા : એ ક્યાં ગયો?

પૂજ્ય ગુરૂદેવશ્રી : વયો ગયો એની દૃષ્ટિમાંથી.

શ્રોતા : ઘરમાં તો રહ્યો છેને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ઘરમાંય રહ્યો નથી. એને ક્યાં છે? એને ઘરમાં ક્યાં છે?

શ્રોતા : એના ઘરમાં છે, એને દેખતો નથી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એનો અર્થ કે એના ઘરમાં નથી. ભાળે ત્યારે ઘરમાં છે. એના ઘરમાં તો રાગ ને પર્યાય છે. એક સમયની અવસ્થા ને રાગભાવ એટલો એ છે. એને વળી એની શ્રદ્ધા બહારમાં બીજો રહી ગયો છે એમ છે જ નહીં, શ્રદ્ધામાં છે જ નહીં ને. સમજાણું કાંઈ? બીજો કહે એ જુદી વાત છે, એને ક્યાં છે? ખબર નથી કે આ છે વસ્તુ ત્રિકાળ. પુણ્ય-પાપના વિકલ્પથી પાર ને એક સમયનું જ્ઞાન જે છે એનાથી પાર છે. એવો કારણપરમાત્મા જેને સ્વીકારમાં, 'છે' એવું સ્વીકારમાં આવ્યું એને કારણપરમાત્માનું કાર્ય આવ્યા વિના રહે નહીં. સમજાણું કાંઈ? બે બોલ હતાને. કાંઈક બીજો બોલ નહોતો આવ્યો એ વખતે? હમણા આવ્યું હતુંને બે બોલ, નહીં? કારણપરમાત્મા ને બીજું કાંઈક હતું, ચાલતું હતું એ વખતે.

શ્રોતા : આત્મા અનાદિનો છે તો પછી.....

પૂજ્ય ગુરુદેવશ્રી : આહાહા! એમ કે અનાદિનો છે આવો, તો કેમ પ્રગટ થતો નથી? વીરચંદભાઈ... આવો છે આવો આત્મા, તો કેમ એ અનાદિથી રખડે છે? એમ કહ્યું. આવો આત્મા છે તો રખડે છે કેમ? પણ આવો છે એમ જાણ્યું છે કોણે? સમજાણું? આ કારણપરમાત્મા. એણે એમ પૂછ્યું, આવો આત્મા છે તો અનાદિથી રખડે છે કેમ? જેવો આત્મા છે આનંદધામ અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ, એવો જેણે સ્વીકાર કર્યો એને છે. નથી સ્વીકાર કર્યો એને છે જ ક્યાં? એને તો એ રાગ ને પર્યાય છે એ હું છું. એક સમયની પર્યાય ને એક સમયનો રાગ એ હું છું. એને છે જ નહીં. સમજાણું કાંઈ? આહાહા!

એ સાચી વાત. .... વીરચંદભાઈ તો વાંચનારા છેને કલકત્તામાં. આવા આત્માના... આવો આત્મા. અમારે ભગવાનજીભાઈએ એમ કહ્યું હતુંને, રોજ આવો બધો આત્મા કહો છો, તો ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં? એણે વળી એમ કહ્યું હતું. કહો, તમારા ભગવાનજી. એના બાપના કાકા થાયને. એણે એવું કીધું હતું ૯૯માં. મહારાજ આવા આત્માના વખાણ કરે, પણ ધોયેલો મૂળા જેવો ગયો ક્યાં? આવાને આવા, વકીલ આવાને આવા બધા. બધા એવા હોય નહીં હોં કાંઈ. આહા! આહાહા!

પણ વસ્તુ છે, ઘરમાં નિધાન છે, પણ એ નિધાનની એને ખબર નથી ત્યારે તો ભીખ માગે છે. એમ કહે કે રૂપિયો આપો, બે રૂપિયા આપો, ફલાણું આપો. ભીખ માગે છે એને નિધાન ક્યાં છે? કહો, શેઠ! આહા! આત્મા અંદર અખંડાનંદ પ્રભુ નિત્યાનંદ ધ્રુવ છે. એક સમયની વર્તમાન પ્રગટ (પર્યાય)માં જ એના ખેલ છે અનાદિથી. અને એ પર્યાયની દૃષ્ટિવંતનો આદર જાય તો રાગ ને નિમિત્ત ઉપર જાય, વલણ આમ જાય. અંતરમાં કોણ છે વસ્તુ ત્રિકાળી? એની દૃષ્ટિ ત્યાં જતી નથી. દૃષ્ટિ ગઈ નથી માટે એને સ્વીકાર જ નથી. એનો સ્વીકાર એટલો કે એક અંશ ને રાગ તે જ હું છું અને કાં રાગના નિમિત્ત... સમજાણું કાંઈ? **પરમસ્વભાવભૂત એવું**, એમ પાછું. **કારણપરમાત્મા...** જોયું! પરમસ્વભાવભૂત ત્રિકાળી પરમપારિણામિક સ્વભાવભૂત એવું જે કારણપરમાત્મા... કારણપરમાત્મા એટલે કોઈ ઈશ્વર કર્તા બીજો છે ને આ કાર્ય—એમ અહીં નથી. સમજાણું કાંઈ?

પર્યાયાદિ અને ગુણભેદો આદિનું જે અધિષ્ઠાન... અધિષ્ઠાન, શ્રીમદ્‌માં એમ આવે છે. ત્રિકાળ વસ્તુ છે એ પોતે અધિષ્ઠાન છે, એ પોતે ઈશ્વર છે. સમજાણું કાંઈ? સમય-સમયની દશા, એ તો એક સમયની વર્તમાન પ્રગટ અવસ્થા છે. પણ અવસ્થાની પાછળ ધ્રુવ ચીજ જે છે એ તો અનાદિ પરમ સ્વભાવભૂત પરમાત્મા છે, નિધાન છે મોટું. એ સ્વીકારે એને છે. સમજાણું કાંઈ? જેને સ્વીકાર જ નથી એને નથી. એને તો રાગ ને આ હું છું. કારણ કે એણે ખેલ અનાદિથી પર્યાયમાં ખેલ્યા છે. એક સમયની દશામાં ખેલ ખેલ્યો છે. અંતરમાં કોણ ચીજ ઊંડી છે એમાં તો ગયો નથી. સમજાણું કાંઈ? આહાહા!

**પરમસ્વભાવભૂત**, એમ. ઓલામાં આવ્યુંને 'સ્વભાવભૂતતયા' ધ્રુવ. પહેલા... પરમસ્વભાવભૂત એવું.. એક સમયની વર્તમાન પ્રગટ દશા સિવાયનું પરમસ્વભાવભૂત... પરમસ્વભાવવાળું એમેય નહીં. 'વાળું' કહો તો ભેદ પડી જાય. આ તો પરમસ્વભાવભૂત, એ ત્રિકાળી જ્ઞાયકભાવભૂત એવો કારણપરમાત્મા, પોતાનો ત્રિકાળી સ્વભાવ એવો ભગવાન આત્મા તેને **સમસ્ત પૌદ્‌ગલિક વિકારસમૂહ નથી...** એને કોઈ પણ પુદ્‌ગલના રાગાદિ કે કાંઈ છે નહીં **એમ કહ્યું છે**.

**નિશ્ચયથી પાંચ વર્ણ** ભગવાન આત્મામાં નથી. 'વ્યવહારથી છે' એનો અર્થ? વ્યવહારથી છે એટલે કહેવાય કે આ શરીરમાં છે, શરીર એનું છે એમ કહેવાય. (ખરેખર) છે નહીં. જીવને પાંચ શરીર છે, એમ કહેવાય છે કે નહીં? બધે આવે છે. આવે તો શું છે? એ તો નિમિત્તથી કથન છે. આત્મા વસ્તુ પોતે અરૂપી, ભિન્ન જ્ઞાનઘન, આનંદકંદ સમાધાન આનંદસ્વરૂપ એમાં આ પાંચ વર્ણ આદિ કે પાંચ રસ ખાટો, મીઠો આદિ નથી. પાંચ વર્ણ નથી. આત્મા ધોળો નથી, રાતો નથી, પીળો નથી, લીલો નથી, કાળો નથી. લે! પ્રકાશ દેખાયને કાંઈ? જુઓ! ... લાલ આ આત્મા. લાલ એ તો રંગ–વર્ણ જડ છે. આત્મામાં એ લાલપ ક્યાં છે? એ તો

અરૂપી છે. કોઈ દિ' એની ખબર એણે (કરી) નથી. **પાંચ રસ** નથી. ખાટો, મીઠો રસ નથી. લ્યો, મીઠો રસ તો હોય કે નહીં આત્મામાં? ગોળનો મીઠો.

શ્રોતા : મધુરરસ એમ તો આવે છેને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ તો બીજી રીતે વાત કરાય છે. આ કષાયના રસથી બીજો મધુર રસ આત્મામાં છે, એમ. મીઠો આનંદરસ, અતીન્દ્રિય આનંદરસ. વસ્તુ છેને? અને પદાર્થ છે તેનો સ્વભાવ છેને? તો આનંદસ્વભાવ એનો મીઠો–મધુર આનંદસ્વભાવ છે. જેના આનંદના સ્વભાવની એક સમયની મીઠાશ આગળ આખી દુનિયા તરણા–સડેલા તરણા જેવી લાગે. કહો, સમજાણું આમાં? એવો આનંદરસ. કહો, શેઠ! તમારા બધા આઠ-આઠ લાખના મકાન ને છોકરાઓ બધા ડાલચંદજી ને ફલાણા, ઢીંકણા ને ફીંકણા ઓહોહો... ધૂળ લાગે એમાં, એમ કહે છે. આહાહા!

ભગવાન આત્મામાં મીઠો અતીન્દ્રિય આનંદ પડ્યો છે. કેમ બેસે? કોઈ દિ'... આ વસ્તુ અંદર છે આખી, જેમાંથી પરિણામ ઉઠે છે પરિણામ–વર્તમાનદશા. એ દશા ઉઠ્યા જ કરે છે, પણ એનો આધાર કોણ? ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુ પોતાનું સ્વરૂપ એમાં પરમ આનંદ છે. આ ખાટો-મીઠો રસ એમાં નથી. **બે ગંધ** નથી. સુગંધ-દુર્ગંધ આત્મામાં કેવી? એ જડમાં છે. **આઠ સ્પર્શ...** સુંવાળો આત્મા હશે? માખણ જેવો હશે? કર્કશ હશે? કોઈ સ્પર્શ-સ્પર્શ એમાં છે નહીં. **સ્ત્રી-પુરુષ-નપુંસકાદિ વિજાતીય વિભાવવ્યંજનપર્યાયો...** એ શરીરની વાત છે હોં. સ્ત્રીનું શરીર જડ, પુરુષનું શરીર જડ, પાવૈયાનું શરીર જડ—વિજાતીય છે, એ આત્માથી વિજાત છે. એવો વિભાવવ્યંજન પર્યાય જડ છે, આત્મામાં નથી. સમજાણું કાંઈ?

**સ્ત્રી-પુરુષ-નપુંસકાદિ વિજાતીય વિભાવવ્યંજનપર્યાયો...** શરીરની પર્યાય લેવી છે, પુદ્ગલની, માટી. સ્ત્રીના શરીરનો આકાર, પુરુષના શરીરનો આકાર એ તો જડ છે, માટી છે, ધૂળ છે, પુદ્ગલ છે. એનાથી રહિત ભગવાન અંદર આત્મા છે. વિભાવ એટલે વિકારી, વ્યંજન એટલે શરીરની આકૃતિ, પર્યાય એટલે વ્યવસ્થા. **કુબ્જાદિ સંસ્થાનો...** ન્યાંથી વળી એમ લીધું છે. છેલ્લેથી ઉપાડ્યું. સમચતુરસ્રસંસ્થાન ન લેતા, 'કુબ્જાદિ' શબ્દ પડ્યો છે. કુબ્જાદિ સંસ્થાનાદિ છ સંસ્થાન નથી. સંસ્થાન છેને? સમચતુરસ્ર, વામનાદિ એ આત્મામાં નથી. હા, એ. ન્યાંથી ન ઉપાડતા 'કુબ્જાદિ' લીધું. આ સંહનનમાં પહેલું લીધું. **વજ્રર્ષભનારાચાદિ સંહનનો...** હાડકાની મજબૂતાઈ. છ પ્રકારના હાડકાની મજબૂતાઈ છે. એ આત્મામાં નથી. **પુદ્ગલોને જ છે,** લ્યો. એ બધા પુદ્ગલ જડ અજીવને છે. આહાહા! આ શરીરની અવસ્થા અજીવપણે થઈને રહેલી છે. પુરુષનો આકાર જે આ દેહનો એ અજીવપણે થઈને રહેલ છે. આત્મામાં એ નથી.

**સંસાર-અવસ્થામાં..** હવે ચેતનાગુણ સાબિત કરવો છે બીજી રીતે. **સ્થાવરનામકર્મયુક્ત સંસારી જીવને કર્મફળચેતના હોય છે...** શું કહે છે? સંસારી દશામાં... અહીં એકેન્દ્રિય જીવ

છેને, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એને સ્થાવર કહે છે. એવી સ્થાવર અવસ્થામાં સંસારી જીવને કર્મફળચેતના હોય છે. એને કર્મફળ એટલે સુખ-દુઃખનું વેદન હોય છે. કલ્પનાના સુખ ને કલ્પનાનું દુઃખ એને એનું વેદન હોય છે એટલે કર્મફળચેતના એને હોય છે. પંચાસ્તિકાયમાં છેને આ. **ત્રસનામકર્મયુક્ત સંસારી જીવને કાર્ય સહિત કર્મફળચેતના હોય છે...** જે ત્રસનામકર્મ છે—દ્વિન્દ્રિય, ત્રિન્દ્રિય ચૌન્દ્રિય, પંચેન્દ્રિય–મનુષ્ય ઢોર આદિ એને કાયસહિત–કર્મચેતના સહિત... રાગ કરું એવી કર્મચેતના સહિત કર્મફળ હર્ષ-શોકને ભોગવે. એ ત્રસને હોય છે.

**કાર્યપરમાત્માને અને કારણપરમાત્માને શુદ્ધજ્ઞાનચેતના હોય છે.** લ્યો, કાર્યપરમાત્મા એટલે કેવળજ્ઞાની પરમાત્મા, કારણપરમાત્મા એટલે આ ત્રિકાળી દ્રવ્યસ્વભાવ, ધ્રુવસ્વભાવ નિત્યાનંદ.—એને શુદ્ધજ્ઞાનચેતના હોય છે. એ પંચાસ્તિકાયની શૈલી છે. સમજાણું કાંઈ? એકેન્દ્રિયને કર્મફળચેતના અને ત્રસને કર્મ–કાર્યસહિતની ફળચેતના (હોય છે). કર્મચેતના સહિત કર્મફળચેતના. પરમાત્માને જ્ઞાનચેતના એકલો જ્ઞાનસ્વભાવ છે. પૂર્ણની અપેક્ષાએ વાત છે. બાકી જ્ઞાનચેતના ચોથે ગુણસ્થાનથી, ચોથે ગુણસ્થાને સમકિતથી જ્ઞાનચેતના એ જ એનું સ્વરૂપ છે. જ્ઞાનાનંદમાં એકાગ્ર થવું એવી જે દશા એ ચોથેથી શરૂ થાય છે, પણ પૂર્ણ જ્ઞાનચેતનાની અપેક્ષાએ કેવળીને હોય એમ સિદ્ધ કર્યું છે. કહો, સમજાણું કાંઈ?

**અને કારણપરમાત્માને** પણ ત્રિકાળ **શુદ્ધજ્ઞાનચેતના હોય છે**. એ પહેલા આવી ગયું છે ઉપયોગના અધિકારમાં. સમજાણું કાંઈ? શુદ્ધજ્ઞાનચેતના... ત્રિકાળીજ્ઞાનમાં રમી રહેલું સ્વરૂપ જ ત્રિકાળ આત્મામાં છે. જ્ઞાનમાં જ આત્મા છે એકલો એને શુદ્ધજ્ઞાનચેતના ત્રિકાળી (કહી) અને એમાંથી કેવળજ્ઞાન થાય એને કાર્યચેતના કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એને કાર્યસહિત કહ્યું છે જીવને–ત્રસને, એ કાંઈ પરના કાર્ય કરે છે એથી સહિત છે એમ નથી અહીં. પોતાના રાગરૂપી કાર્યને કરે અને એના ફળને ભોગવે એવું કર્મફળચેતના છે. સમજાણું કાંઈ? મનવાળો થયો, સંજ્ઞી થયો અને ત્રસ થયો માટે એ પરના કાર્ય કરી શકે–એમ નથી. પરના કાર્ય તો કરી શકતો નથી. શું શેઠ? આ મકાન-મકાન ને આ તમારી મોટરું ફરે ને બીડીયું ફરે, કહે છે, એ આત્મા કરી શકતો નથી એમ કહે છે. અહીં નહીં ને સાગરમાં પણ નહીં. અહીં ક્યાં બીડીયું છે? કહો, સમજાણું કાંઈ? આહાહા!

કંઈક મનવાળો થાય એટલે બીડીને વાળી શકે. આમ પાંદડામાં તમાકુ નાખીને આમ કરીને. કેમ પાંદડું હોયને ટીમરુનું મોટું? વાળે ને નાખે ને અહીં દોરો વાળે, અહીં મોઢીયું વાળે મોઢીયું. મોઢું હોયને? એની સામે બાંધે... તોડી નાખે પછી આમ કરીને. .... કહે છે કે એ કરી શકતો નથી આત્મા. અજ્ઞાનભાવે પણ એ કરી શકતો નથી એમ કહે છે. એ અજ્ઞાનભાવે કરે તો રાગને કરે અને રાગના ફળને ભોગવે. બાકી કાંઈ સ્ત્રીને ભોગવે, પૈસાને ભોગવે, મકાનને

ભોગવે કે દાળ-ભાત-પકવાનને ભોગવે, મોસંબીને પી શકે (એમ છે નહીં). કહો, પંડિતજી! આહા! ક્યા દિખાઈ દેતા હૈ? અંદર પર્યાયમેં ક્યા હોતા હૈ આત્મા દેખતા હૈ? એણે આત્મા જોયો છે–જાણ્યો છે? દેખાય જ નહીં અંદર. આ જ્ઞાનસ્વરૂપ છે એમ દેખાય કે નહીં? જ્ઞાનસ્વરૂપ જે આત્મા છે એમ જાણે, એને ખબર પડે કે આ પર્યાયમાં મારામાં થાય છે. મારામાં તો પર્યાયમાં થાય છે. મારી પર્યાયથી પરમાં થાય છે એમ છે જ ક્યાં? સમજાણું કાંઈ?

શ્રોતા : કોઈ સહજ મંત્ર નહીં હૈ ક્યા?

પૂજ્ય ગુરુદેવશ્રી : ક્યા? સહજમંત્ર તો યે હૈ. એ તો 'સહજાત્મસ્વરૂપ' મહામંત્ર છે લ્યો. શ્રીમદ્નો છે. સહજાત્મસ્વરૂપ. બોલે, પાછું સમજે નહીં કે સહજાત્મસ્વરૂપ મારાથી થાશે. ગુરુથી થાશે ને આપણને કલ્યાણ કરી દેશે. સહજાત્મસ્વરૂપ. એ ચેતનજી! મંત્ર છે કે નહીં? પહેલો આપે, ખાનગી આપે. સહજાત્મસ્વરૂપ પરમગુરુ. માળા ફેરવે. માળા તે અંદર ફેરવે કે બહાર? અંતર સહજાત્મસ્વરૂપ એવી અંતર્દૃષ્ટિ કરીને પરિણમન કરે એનું નામ સહજાત્મસ્વરૂપની માળા છે. બાકી માળા તો મણકા જડના છે. સમજાણું કાંઈ? એવું છે.

કારણપરમાત્મા ને કાર્યપરમાત્મા. કારણપરમાત્મા એટલે કોણ? આ જગતનો કર્તા એ કારણપરમાત્મા હશે? કર્તા-બર્તા કોઈ છે જ નહીં. છે વસ્તુ સત્ એને કરે કોણ? આ તો પોતે આત્મા જે ત્રિકાળીસ્વરૂપ છે એને અહીંયા કારણપરમાત્મા કહેવામાં આવે છે અને એની વર્તમાનદશામાં, પૂર્ણ દશા પ્રગટ થાય તેને કાર્યપરમાત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા! કારણપરમાત્મા એટલે વળી કોઈ આ જગતનું કારણ હશે, જગત એનું કાર્ય હશે, સમજાણું કાંઈ? એમ ત્રણ કાળમાં નથી. પોતે જ ભગવાન અનાદિ સનાતન સત્ય એ કારણ-પરમાત્મા અને એનો આશ્રય કરીને દશા પ્રગટ થાય તેને કાર્યપરમાત્મા (કહે). એકમાં બે હોય. સમજાણું કાંઈ? પોતે જ કારણ ને પોતે કાર્ય. પોતે કારણ ને જગતનું કાર્ય એમ છે નહીં. એ શુદ્ધજ્ઞાનચેતના...

**તેથી જ કાર્યસમયસારને કે કારણસમયસારને...** પહેલા 'પરમાત્મા' શબ્દ હતો, કાર્યપરમાત્મા અને કારણપરમાત્મા. તેથી જે કાર્યસમયસારને, એમ જે કાર્યપરમાત્મા હતો એને કાર્યસમયસાર કહ્યો. કેવળજ્ઞાની પરમાત્મા તેરમે ગુણસ્થાને કે સિદ્ધ એ કાર્યસમયસાર અને કારણસમયસાર એટલે ત્રિકાળી વસ્તુ—એ બેયને **સહજફળરૂપ શુદ્ધજ્ઞાનચેતના હોય છે.** સ્વભાવિક આનંદફળરૂપ શુદ્ધજ્ઞાનચેતના હોય છે. ત્રિકાળમાં પણ સહજ જ્ઞાન, આનંદ ફળ અને કાર્યમાં સહજ જ્ઞાન, આનંદ ફળ. સહજ આનંદનું આનંદરૂપ ફળ તો સહજ કારણસમયસાર ભગવાન આત્મા કારણપરમાત્મામાં ત્રિકાળ પડ્યું છે અને કેવળજ્ઞાન થાય ત્યારે તેને કાર્યરૂપે જ્ઞાનનું ફળ શુદ્ધજ્ઞાનચેતના પૂર્ણરૂપે થાય.

**આથી, સહજશુદ્ધ-જ્ઞાનચેતનાસ્વરૂપ નિજ કારણપરમાત્મા...** લ્યો, આથી સહજ–સ્વભાવિક **શુદ્ધ-જ્ઞાનચેતનાસ્વરૂપ નિજ કારણપરમાત્મા સંસારાવસ્થામાં કે મુક્તાવસ્થામાં સર્વદા એકરૂપ હોવાથી ઉપાદેય છે...** જુઓ! એ નાખ્યું આમાં. **એમ, હે શિષ્ય! તું જાણ.** છેને એમાં? (સમયસાર, ગાથા) ૪૯માં '**चेदणागुणसद्दं जाण**' એમાંથી આ કાઢ્યું છે. ભારે માર્ગ ભાઈ! દયા પાળવી, ફલાણું કરવું, ઢીકણું કરવું, વ્રત પાળવા—એ તો કાંઈ આમાં આવતું નથી. કોણ પાળે? એ તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? જે વિકલ્પ છે એ તો પુદ્‌ગલના પરિણામ છે, જીવમાં છે જ નહીં. એ તો એકલો જ્ઞાનચેતનાનો ભંડાર છે અને એનું ફળ આનંદનો ભંડાર છે એ તો. કારણરૂપે શુદ્ધજ્ઞાનચેતના, ફળરૂપે પણ શુદ્ધજ્ઞાનચેતના ત્રિકાળ છે. કાર્યરૂપે કેવળજ્ઞાન થાય ત્યાં હોય છે.

અહીં તો કહે છે કે એ બેય—સંસારદશા ને મુક્ત અવસ્થા... સર્વદા એકરૂપ અંદર ત્રિકાળી વસ્તુ. ઓલી તો બે પર્યાય થઈ. જીવની સંસારદશા એક અવસ્થા અને મુક્ત પણ એક અવસ્થા–પર્યાય છે. એમાં ત્રિકાળી **સર્વદા એકરૂપ હોવાથી**... નિત્યાનંદ ભગવાન ધ્રુવ તો **સર્વદા એકરૂપ હોવાથી**... ઓલી તો એક સમયની દશા છે. **ઉપાદેય છે**... ઓલો આત્મા ત્રિકાળી છે તે ઉપાદેય છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? મોક્ષ અવસ્થામાં કે સંસાર અવસ્થામાં... એ તો બે પર્યાયો છે–દશાઓ છે–હાલત છે. એમાં ત્રિકાળ રહેનારો ભગવાન સર્વદા એકરૂપ વસ્તુ એ આદરણીય છે. એ પરમાત્મા પોતે જ આદરણીય ને આચરવાલાયક છે. આહા! એના ઉપર દૃષ્ટિ કરીને એમાં સ્થિર થવા જેવું છે એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

આમાં આ જ આદરણીય હોય તો પછી ભગવાનની મૂર્તિ ને મંદિર એ બધું શું છે? એ તો શુભરાગ હોય છે ત્યારે એવું દેખાય, પણ શુભરાગ ને એ બધું હેય છે. ઓલા તો કહે, આગમ ને મૂર્તિ બેય અત્યારે આધાર છે. 'ભવ્ય જીવનકો દો આધાર..' બનાવો મંદિર દસ-દસ લાખના, પંદર લાખના, પછી આગમ બનાવો, આગમને તાંબાના પતરામાં કોતરો, આરસપહાણમાં કોતરો. બેય આધાર છે અત્યારે. અહીં કહે છે કે એ બેયમાંથી એકેય આત્માને આધાર નથી.

શ્રોતા : આપણેય અહીં કોતરાવીએ છીએ

પૂજ્ય ગુરૂદેવશ્રી : કોણ કોતરાવે? ઘણા વખતથી ભાવ છે. કેમ થતું નથી? વજુભાઈ ક્યાં ગયા? વજુભાઈ મુંઝાઈ ગયા. સોંપ્યું રામજીભાઈને. રામજીભાઈ જેવા પણ કોઈ નહીં મળ્યા હોય. ભાઈસાહેબ! હવે કરી દો. પ્રમુખ... એમ હતું કાલ હોં. કોઈકે વાત કરી હશે. ....... એ સાચી વાત. એ આવે ત્યારે આવે છેને અહીં. દસ મિનિટ વાત કરી હતી. આહાહા! કાલે આવ્યા હતા અહીં હોં મારી પાસે. હમણાં સાત-આઠ મહિનાથી નહોતા આવ્યા. પુરૂં થયું હશે

પરમાગમ... ઓહો! કીધું, ઘણે કાળે? પણ ઠીક હવે પૂરું થયુંને આ? અમારે બહાર જાવું છે ચાર મહિના, પુરું કરી દેજો ત્યાર સુધી. એ તો હા જ પાડેને, કે દિ' ના પાડે છે? આહાહા!

ખરેખર તો એના પરમાણુની પર્યાય એ કાળે એ પણ કરી શકે નહીં, રામજીભાઈ કરી શકે નહીં, વજુભાઈ કરી શકે નહીં, કોઈ કરી શકે નહીં. કહો, શેઠ! આહાહા! એવી વાત છે. વિકલ્પ આવે, એથી કાંઈ ન્યાં એ સમયે કાર્ય થાય તરત? આહાહા! એક રજકણનું પણ ઉપર ખડકાવું એને કાળે હોય. એક રજકણ નીચેથી ત્યાં ખડકાય એ એને કાળે. આહાહા! સમજાણું કાંઈ? વિકલ્પ હોય, છદ્મસ્થ છે તે આવે. જુઓ! ક્ષાયિક સમકિતી ખાવા બેઠો હોય, ટાઢી રોટલી હોય તો કહે, ટાઢી નહીં, ઉની લાવો. એમ કહે. ઉની ફેરવે છે એ? એ માટે તો કીધું કે જુઓ! આમ થાય છે. એ તો એવો વિકલ્પ હોય ને એવી વાણી નીકળે. એને શું? એ તો જાણનાર છે. આવી વાત છે.

(શ્રોતાઃ ....) કોણ જમે? લે કોણ? જડની ક્રિયા જડમાં થાય. કાંઈ આત્મા (કરી શકે)? હોઠ પણ હલાવી શકે નહીં આત્મા. આહાહા! આ તો રજકણ છે, જડ છે. એનું હલવાનું થવું એ તો જડને કારણે છે, આત્માને કારણે નહીં. એ તો માટી છે, અજીવતત્ત્વ છે. અજીવતત્ત્વની હલવા-ચલવાની ક્રિયા અજીવથી થાય. આત્માથી થાય? મરવા વખતે જુઓને, વાચા બંધ થઈ જાય. ઘણું બોલવા માગે છે. એં.. એં.. થઈ જાય. જડની અવસ્થાને કાળે જડ થવું હોય તો થાય. આત્મા એનો કર્તા-હર્તા છે નહીં. આહાહા! આ એના માટે થઈ ગયુંને મોમ્બાસામાં... આહાહા!

અહીંયા તો કહે છે કે સંસાર અવસ્થા એ તારી મલિન દશા અને મોક્ષદશા એ તારી પૂર્ણ નિર્મળદશા—બેયમાં પણ સર્વદા રહેનારો આત્મા ત્રિકાળી ધ્રુવ તે આદરણીય છે. સમજાણું કાંઈ? આહાહા! એનામાં છે એની વાત કરી. એનામાં નથી એની વાત ન કરી. સમજાણું? આ અવસ્થા છે, પણ એમાં આદરણીય એવો ત્રિકાળી દ્રવ્ય છે. શરીર, બાયડી, છોકરા, કુટુંબ, પૈસો, ખેતર, મકાન એના હતા જ કે દિ'? એ તો પરમાં છે. મફતનો મારા.. મારા (માનીને) મૂઢ થઈને ફરે છે પાગલ. સનેપાતિયો છે. આહાહા! ભગવાનજીભાઈ! વાત સાચી. આમ બધું, લ્યો ત્યાં હોય થાણામાં મોટું કારખાનું, મોમ્બાસામાં મકાન, નાઈરોબીમાં ફલાણું-ઢીકણું હોય. એવું બધું હોય તો પહોળો.. પહોળો થઈને ફર્યા હોય. અહીં કહે કે એકેય તારું નથી, મફતનો શેનો હેરાન થાય છે? પૈસા માટે હેરાન મફતનો નથી, પાપ કરીને હેરાન થાય છે.

દેરાણી-જેઠાણીને તકરાર થઈ. જેઠાણી હતી એ પૈસા લઈને આવેલી. જેઠાણી સમજતે હો ન? બડી-છોટી. જો બડી થી ઉસકો ઉસકે ભાઈને, પિતાજીને પૈસા દિયા થા પાંચ-દસ હજાર. અને છોટી મફત (-કાંઈ લીધા વગર) આવી હતી. બેયને થઈ તકરાર. તકરાર કરતાં કરતાં કહે, મફતની તું આ? નાનીએ કહ્યું મોટીને, મફતની આવી છો? મફતની નથી આવી, હું પૈસા લઈને આવી છું, તું મફતની આવી છો. મફતની હું નથી આવી. મારા બાપે દસ હજાર

રૂપિયા દીધા છે. તારા બાપાએ કાંઈ દીધું નથી. મફતની તું આવી છો. ગાળને પણ ફેરવી નાખી. આવા જગતના ગાંડા માણસ છે. શું બોલું છું એનું ભાન નથી. પોતાની ફજેતી કરે. કહો, મફતની હું નથી આવી. મારા બાપે દસ હજાર રૂપિયા દીધા છે. તું મફતની, પાઈ લીધા વિના મફતની આવી છો. લ્યો, પણ શું કહે છે તું આ? આવાને આવા અક્કલના ખાં દુનિયા છે. આહાહા!

અમે મહેનત કરીને ભેગું કર્યું, મફતનું નથી કર્યું,એમ કહે. સમજ્યાને. મફતનું નથી ભેગું કર્યું, મહેનત કરીને કર્યું છે. મફતની બાઈ જેવો છે તું. પૈસા દીધા ને બાઈ જેવો છો. મહેનત કરીને અમે ભેગું કર્યું છે. ધૂળેય કર્યું નથી, સાંભળને હવે! અમે કમાણા છીએ. શું કમાણા? પાપ. પાપ કમાણો છો. પરવસ્તુને કરી શકે છે કે દિ' તું? સમજાણું કાંઈ? આહાહા! ભારે કામ ભાઈ આવું આંધળું. જાણતા નથી. આ સાંભળવા મળ્યું નથીને. ખબર નથી. છે એમને એમ હૂપે હૂપે ચાલ્યો જાય છે. સરવાળા નીકળે પાગલના. આહાહા!

હે શિષ્ય! તું જાણ, એમ કાઢ્યું ૪૯ ગાથામાંથી. જાણં અલિંગ્રહણ, જાણં ચેદણા એમ આવ્યુંને? તું જ્ઞાનચેતના ત્રિકાળ છો એમ જાણ. જુઓ! આમાંથી કાઢ્યું. તારું સ્વરૂપ તો જ્ઞાનાનંદ છે. તારા સિવાયની ત્રણ કાળ, ત્રણ લોકની બધી ચીજો એને (પરજ્ઞેય) જાણ. તને જાણ મારા તરીકે ને પરને જાણ પર તરીકે, બસ એટલું. તને જાણ એ મારા તરીકે, પરને જાણ એ પર તરીકે—એવું ચેતનાસ્વરૂપ છે તારું છે. આહાહા! આવો જ્યાં સ્વીકાર નથી, એને ચેતના જ્ઞાનમય એકલી છે એવો સ્વીકાર છે નહીં. એને તો રાગનો કર્તા, રાગનું કરું, આને કરું એવું છે એને. આહાહા! ભગવાન કુંદકુંદાચાર્યે કહ્યું છે હોં. હે શિષ્ય! તું આમ જાણ. આહાહા! ત્રિકાળી ભગવાન આત્મામાં શુદ્ધ જ્ઞાનચેતના છે અને શુદ્ધ આનંદચેતના ફળરૂપે છે. એક સમયે બધું ભેગું છે અનાદિ. એવો આત્મા એક જાણવાલાયક છે, આદરવાલાયક છે, ઉપાદેય છે, એમાં નજર કરીને ઠરવા જેવું છે. બાકી બધું છોડવા જોવું છે એમ કહે છે.

**એવી રીતે એકત્વસપ્તતિમાં (શ્રીપદ્મનંદી-આચાર્યદેવકૃત પદ્મનંદિપંચવિંશતિકા નામના શાસ્ત્રને વિષે એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૭૯મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-**

**आत्मा भिन्न स्तदनुगतिमत्कर्म भिन्नं तयोर्या**
**प्रत्यासत्तेभवति विकृतिः साऽपि भिन्ना तथैव।**
**कालक्षेत्रप्रमुखमपि यत्तच्च भिन्न मतं मे**
**भिन्नं भिन्नं निजगुणकलालंकृतं सर्वमेतत् ॥**

પદ્મનંદી આચાર્ય મહારાજ મુનિ દિગંબર જંગલવાસી હતા. એ કહે છે કે, **શ્લોકાર્થ : મારું એમ મંતવ્ય છે કે...** મારી તો એવી માન્યતા છે કે **આત્મા જુદો છે અને તેની પાછળ**

**પાછળ જનારું કર્મ જુદું છે...** આત્મા કર્મને લઈ જાય છે એમ નહીં. કર્મ પોતે પાછળ-પાછળ માળો જાય છે.

શ્રોતા : બેય સાથે જાય છે એમાં આ પાછળ-પાછળ ક્યાં છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ કીધુંને, પાછળ એટલે એની સાથે છે એમ. એની સાથે એ જાય એટલે પોતે પોતાને કારણે જાય છે એમ કહે છે. આત્મા પોતે આમ જાય છે–ગતિ કરે છે, ત્યારે કર્મ પણ એને કારણે આમ જાય છે. આત્માને કારણે નહીં, એમ કહે છે. પૂર્વનો ત્યાં પ્રશ્ન નથી. આ તો જે જાય છે એ એને પોતાને કારણે જાય છે એમ. ભગવાન આત્મા અરૂપી જુદો અને રજકણો અજીવતત્ત્વ ભિન્ન છે. એ તત્ત્વ છે. એ તત્ત્વ પોતાને કારણે આમ જાય છે. આત્માને કારણે જાય છે એમ છે નહીં અને આત્મા કર્મને કારણે આમ ગતિ કરે છે એમેય નથી. સમજાણું કાંઈ? આહાહા!

જુઓ! આ હાથ છે એ આમ થાય છે તો, કહે છે, એ આત્મા પોતાના કારણે આમ ગતિ કરે છે અંદર અને આ શરીરના રજકણ એને કારણે ગતિ કરે છે. શરીરને કારણે, આત્માના કારણે નહીં. એમ અંદર કર્મના રજકણો એની મેળાએ ગતિ પોતાથી કરે છે. આત્મા પાછળ એટલે આત્માની સાથે. પણ આત્માથી ગતિ નથી કરતા, પોતાથી ગતિ કરે છે. આહાહા! એની પાછળ... અનુગતિ છેને. અનુગતિ (એટલે) એની અનુસરીને, સાથે-સાથે, એમ. આહાહા! તત્ત્વે તત્ત્વ જુદા, એને કોની સાથે સંબંધ છે? દરેક તત્ત્વ પોતાના ગુણ ને પર્યાયથી અલંકૃત છે. એનાથી જ એની શોભા છે, પરને લઈને છે એવું છે નહીં. આહાહા!

લ્યો, અહીંથી હવે ઓલા શ્રેણિક રાજાને નરકમાં જવું પડ્યું. નરકનું આયુષ્ય બંધાણું એટલે જવું પડ્યું. પછી ક્ષાયિક સમકિત થયું, તીર્થંકરગોત્ર બાંધ્યું. એને ખબર છે કે હું તીર્થંકરનો જીવ છું, મારે તીર્થંકર થવાનું છે. લ્યો, એ નરકમાં જાય? કર્મ ખસી જાય. આવે છેને આનુપૂર્વી. આનુપૂર્વીનો અર્થ અહીં બીજો છે. ઓલું છૂટી જાય છે ત્યાં પૂર્વનો આકાર હોય છે, છેલ્લા શરીરનો આકાર એને આનુપૂર્વી કહે છેને. શ્વેતામ્બર કાંઈક જુદો અર્થ કરે છે. અહીં તો કહે છે કે આત્મા અંદર જુદી ચીજ અરૂપી અસ્તિ છે અને તેની અનુગતિને કારણ કરનારું કર્મ પણ જુદું છે.

**આત્મા અને કર્મની અતિ નિકટતાથી...** ત્રીજી વાત. આત્મા ને કર્મની નજીકતાથી **જે વિકૃતિ થાય...** મિથ્યાભ્રાંતિ, રાગ-દ્વેષ આદિ ભાવ **તે પણ તેવી જ રીતે (આત્માથી) જુદી છે...** આહાહા! ત્રણ થઈ. એક આત્મા, એક કર્મ અને (આત્મા) કર્મના સંબંધે–નિકટ છે એમ કહે છે. સંબંધ કરે ને વિકાર થાય એ પણ જુદી ચીજ છે. આત્મા નિર્મળાનંદ ભિન્ન છે, વિકાર ભિન્ન છે, કર્મ ભિન્ન છે. આહાહા! ક્યારથી આવો ખીચડો મનાણો હશે? ક્યારથી આ જુદા હશે? અનાદિથી જુદા છે અને અનાદિથી ખીચડો માન્યો છે. આહાહા!

જયચંદભાઈ રળીને આવ્યા હતાને એડનથી. પોણોક લાખ રૂપિયો હશે. પણ એના બાપ સામે... જામનગરથી આવ્યા. ..... એ વખતે પણ પોણો લાખ ઘણા કહેવાયને. અહીં એના બાપા.... આવ બેટા! .... આહાહા.. પ્રેમ ઉછળ્યો પ્રેમ. કહે! તે દિ' પૈસા પોણો લાખ ઘણા કહેવાતા. હવે અહીંયા ૫૦ લાખ, કરોડ ને બે કરોડ હવે ગણવામાં આવે છે. તે દિ' તો પોણો લાખ.. પહેલું કીધુંને, દસ હજારની મૂડી હતી અમારા બાપના બાપ પાસે. મોટા ગૃહસ્થ કહેવાતા આબરૂદાર. તે દિ' ક્યાં પૈસા હતા? હવે પૈસા વધ્યા ને મમતાય વધી ને પૈસાની કિંમતેય ઘટી.

ચાલીસ થાય તો પણ એમાં પણ કિંમત નથી, કિંમત અત્યારે ઘટી ગઈ. આહાહા! પહેલાના એક લાખ ને અત્યારના વીસ લાખ બેય સરખા. ગણતરી ગણવી છેને. ધૂળેય નથી, કહે છે. આહાહા! તારે લઈને પૈસા આવ્યા નથી, તારે લઈને પૈસા રહ્યા નથી અને તારે લઈને પૈસા વપરાતા નથી એમ કહે છે. એને કારણે આવ્યા ને એને કારણે રહ્યા ને એને કારણે જાવાના. કહે છે કે ત્યાં કર્મને બંધમાં નિમિત્ત હતુંને. કર્મ તો એને કારણે પાછું ... જાય છે. આત્મા કર્મને લઈ જાય છે, કર્મ આત્માને લઈ જાય છે એમ છે નહીં. આહાહા! ભારે વાત ભાઈ! એ તો આ નિશ્ચયની વાત, પણ વ્યવહારનું કાંઈ બીજું હશે કે નહીં? વ્યવહારનું બોલાય કે વ્યવહારનું, પણ એમ છે નહીં. આહાહા! બોલાય કે આત્માએ કર્મ બાંધ્યા, જેવા બાંધ્યા એવા એણે ભોગવવા. એ બધી વ્યવહારની વાતું છે. કર્મ કોણ બાંધે? વિકારને કરે ને વિકારને ભોગવે. એની દશામાં, અસ્તિત્વમાં કરવું, થવું થાય. બીજાના અસ્તિત્વમાં એનો ક્યાં પ્રવેશ છે કે કર્મને ભોગવે? આહાહા!

**વળી કાળ-ક્ષેત્રાદિક જે છે તે પણ (આત્માથી) જુદા છે.** બધું જુદેજુદું. કાળ પદાર્થ, ક્ષેત્ર પદાર્થ જુઓને! આદિ બધું. જેટલા રજકણો–પરમાણુ, ધર્માસ્તિ, અધર્માસ્તિ આદિ ચીજ બધા તે પણ આત્માથી જુદા છે. કાળ, ક્ષેત્ર, ધર્માસ્તિ, અધર્માસ્તિ બધું. **નિજ નિજ ગુણકળાથી અલંકૃત...** ઠીક! દરેક દ્રવ્ય પોતાની શક્તિરૂપ ગુણ અને એની પર્યાય, બસ એનાથી અલંકૃત છે. પરની પર્યાયથી આવતો નથી, પરની પર્યાયમાં જતો નથી. આહાહા! દરેક **નિજ-નિજ ગુણકળા...** ગુણ અને કળા એટલે પર્યાય. દરેક આત્મા અને દરેક રજકણ ને દરેક કાળાદિ પદાર્થ પોતાની શક્તિની પર્યાયથી **અલંકૃત આ બધુંય જુદે જુદું છે.** આહાહા! કહો, સમજાણું કાંઈ?

**(અર્થાત્ પોતપોતાના ગુણો અને પર્યાયોથી યુક્ત** છે, એમ. અલંકૃતનો અર્થ યુક્ત. ગુણ ને કળા.. કળાનો અર્થ પર્યાય કર્યો. અલંકૃત–સહિત છે, એમ. દરેક પદાર્થ પોતાના ગુણ ને પર્યાયથી સહિત છે. **સર્વ દ્રવ્યો અત્યંત જુદે જુદાં છે).** મોક્ષમાર્ગ (પ્રકાશક)માં આવે છેને કે કર્મ ને આત્મા બેય સાથે.. સૌના કર્મ સૌ (ભોગવે) એટલો નિમિત્ત સંબંધ છે, બાકી કાંઈ છે નહીં.

આત્મા કર્મને બદલાવે ને કર્મ આત્માને બદલાવે એવું કાંઈ કોઈ કોઈના કર્તા-હર્તા છે નહીં. ભલે સાથે કર્મ હોય. આહાહા! **સર્વ દ્રવ્યો અત્યંત જુદે જુદા છે**). બાપ-દીકરો જુદા હશે? એનાથી થતી વિકૃત અવસ્થાનો અંશ છે એ પણ જુદી ચીજ છે. આ તો નિર્વિકારી ચિદાનંદ છે, એમાં આ કેવા કર્મ ને વિકાર કેવા? એ તો જુદી ચીજ છે.

**વળી (આ બે ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–** લ્યો.

**असति च सति बन्धे शुद्धजीवस्य रूपाद्**
**रहितमखिलमूर्तद्रव्यजालं विचित्रम् ।**
**इति जिनपतिवाक्यं वक्ति शुद्धं बुधानां**
**भुवनविदितमेतद्भव्य जानीहि नित्यम् ॥७०॥**

**શ્લોકાર્થ : 'બંધ હો કે ન હો, (અર્થાત્** આત્મા **બંધાવસ્થામાં કે મોક્ષાવસ્થામાં), સમસ્ત વિચિત્ર મૂર્તદ્રવ્યજાળ (અનેકવિધ મૂર્તદ્રવ્યોનો સમૂહ) શુદ્ધ જીવના રૂપથી વ્યતિરિક્ત છે'.** સમસ્ત વિચિત્ર રજકણ આદિ મૂર્તદ્રવ્યજાળ... આહાહા! **શુદ્ધ જીવના રૂપથી**–ભગવાન આત્મા એના સ્વરૂપથી અતિરિક્ત છે, વ્યતિરિક્ત છે–જુદા છે. **એમ જિનદેવનું શુદ્ધ વચન...** એમ કેમ કહ્યું? કે ભગવાને જ અનંત દ્રવ્ય ભિન્ન-ભિન્ન છે એમ જોયા છે. ભગવાને જ, દરેક (દ્રવ્ય) ગુણ-પર્યાયથી સહિત છે એમ ભગવાને જોયું છે. એનું વચન આવું છે. **જિનદેવનું શુદ્ધ વચન...** આહાહા! **બુધપુરુષોને કહે છે.** જ્ઞાનીને કહે છે કે બાપુ! રજકણે રજકણ જુદા, આત્માએ આત્મા જુદો, વિકાર વિકાર જુદો, અવિકારી ભગવાન જુદો. આહાહા! સમજાણું કાંઈ? **એમ જિનદેવનું શુદ્ધવચન બુધપુરુષોને કહે છે.**

**આ ભુવનવિદિતને (–આ જગતપ્રસિદ્ધ** છે કહે છે. જ્યાં અનંતા દ્રવ્ય કહ્યા ભગવાને, એ તો પ્રસિદ્ધ જ છે કે દરેક દ્રવ્ય ને ગુણ-પર્યાયો પોતાથી છે. નહીંતર અનંતતા રહેતી નથી. જગત... ભુવનવિદિતને–જગતપ્રસિદ્ધ **સત્યને, હે ભવ્ય!** લ્યો, **તું સદા જાણ.** સદા જાણ. કોઈ વખતે વિભિન્ન જાણ, કોઈ વખતે એક છે એમ છે નહીં. આહાહા! એકેક રજકણે રજકણ, આત્માએ આત્મા જુદે જુદા છે. દરેક આત્મા પણ જુદો, નિગોદમાં એક શરીરમાં અનંતા હોવા છતાં. એક શરીરમાં અનંતા ને એકેક શરીરમાં બીજા જીવ ને બે શરીર–તેજસ ને કાર્મણ, એકેક કાર્મણ ને તેજસમાં અનંતા સ્કંધ ને એકેક સ્કંધમાં અનંતા પરમાણુ, દરેક પરમાણુ પોતાના ગુણ-પર્યાયથી છે. આહાહા! દરેક જીવ અનંતા એકસાથે રહેલા (હોવા છતાં) પોતાના ગુણની અવસ્થાથી છે, પરને લઈને કાંઈ છે નહીં. આવું ભગવાનનું જે વચન–શુદ્ધ વચન છે એમ કહે છે, સાચું વચન છે એમ કહે છે. આહાહા! **હે ભવ્ય! તું સદા જાણ**. આવું ભેદજ્ઞાનથી જાણ, તને કલ્યાણ થશે અને એનાથી તને મુક્તિ થશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**મહા વદ ૧૦, બુધવાર, તા. ૯-૨-૧૯૭૨**
**ગાથા-૪૭-૪૮, શ્લોક-૭૧, પ્રવચન નં. ૪૪**

નિયમસાર, શુદ્ધભાવ અધિકાર, ગાથા ૪૭.

**जारिसिया सिद्धप्पा भवमल्लिय जीव तारिसा होंति।**
**जरमरणजम्ममुक्का अट्ठगुणालंकिया जेण॥४७॥**
**જેવા જીવો છે સિદ્ધિગત તેવા જીવો સંસારી છે,**
**જેથી જનમમરણાદિહીન ને અષ્ટગુણસંયુક્ત છે. ૪૭.**

**અન્વયાર્થ : જેવા સિદ્ધ આત્માઓ છે...** પરમાત્મા થયેલા **તેવા... भवम् आलीनाः जीवाः** શબ્દ આમ મૂક્યો છે. ભવમાં–પર્યાયમાં લીન છે. ચાર ગતિ આદિ ઉદયભાવ એમાં એ સંસારીજીવ લીન છે. છતાં એ જીવો સંસારી જીવો છે એમ સિદ્ધ કર્યું. પર્યાયમાં સંસારીજીવ રાગમાં લીન છે. રાગ કહો કે સંસાર કહો કે ભવ કહો. **જેથી સંસારી આત્મા (તે સંસારી જીવો સિદ્ધાત્માઓની માફક)** [जरामरणजन्ममुक्ताः] **જન્મ-જરા-મરણથી રહિત...** રહિત એ નાસ્તિથી કહ્યું. **અને આઠ ગુણોથી અલંકૃત છે.** સંસારી જીવ રાગમાં, પર્યાયમાં, ભવમાં લીન હોવા છતાં વસ્તુએ સિદ્ધસમાન છે. સમજાણું કાંઈ? આહાહા! જેવા સિદ્ધભગવાન છે એવા જ સંસારી આત્મા છે. ભાષા એમ વાપરી છે કે એ ભવમાં લીન છે પર્યાયમાં, એમ. વ્યવહારનયે રાગમાં એકત્વ છે, છતાં એના સ્વભાવની દૃષ્ટિએ સિદ્ધ સમાન છે. સંસારી આત્મદ્રવ્ય અને સિદ્ધમાં કાંઈપણ ફેર નથી. સમજાણું કાંઈ? પર્યાયમાં રાગમાં મિથ્યાત્વનું એકત્વ હોવા છતાં, ભવમાં પર્યાયે લીન હોવા છતાં, વસ્તુ તરીકે એ સિદ્ધ સમાન જ છે. સમજાણું કાંઈ? પર્યાયદૃષ્ટિએ સંસાર છે, વસ્તુદૃષ્ટિએ સિદ્ધ છે એમ સિદ્ધ કરે છે.

**ટીકા : શુદ્ધદ્રવ્યાર્થિક નયના અભિપ્રાયે...** ખુલાસો કરવો પડ્યો ટીકામાં. **શુદ્ધદ્રવ્યાર્થિક નયના અભિપ્રાયે...** ભગવાન આત્મા એક સમયની પર્યાય, રાગ ને મિથ્યાત્વ સિવાય આખી ચીજ જો જોઈએ તો શુદ્ધ દ્રવ્યાર્થિકનય એના અભિપ્રાય વડે **સંસારી જીવોમાં અને મુક્ત જીવોમાં તફાવત નહિ હોવાનું આ કથન છે.** સમજાણું કાંઈ? હવે સિદ્ધની વ્યાખ્યા કરે છે. **જે કોઈ અતિ-આસન્ન-ભવ્ય જીવો થયા...** આ સંસારમાં અતિ-આસન્ન (અર્થાત્) નિકટ જેની મુક્તિની યોગ્યતા છે એવા ભવ્યજીવો થયા, **તેઓ પૂર્વે સંસારાવસ્થામાં...** સંસાર અવસ્થામાં **સંસારક્લેશથી થાકેલા ચિત્તવાળા થયા થકા...** એ સંસારદશામાં પણ સંસારથી થાકેલા ચિત્તવાળા (હતા). સમજાણું કાંઈ? એવા...

આહાહા! આ શું? આ રાગ ને સંસાર ને વિકાર એનાથી જેનું ચિત્ત થાક્યું છે હવે. સમજાણું કાંઈ? જેને હવે એ થાક લાગ્યો છે રાગનો, એને ઉતારવાની જેને ભાવના છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! સંસાર અવસ્થામાં, એમ. 'ભવલીન' હતુંને? **સંસારક્લેશથી થાકેલા ચિત્તવાળા**... જ્ઞાનમાં એનો થાક લાગ્યો છે, બહારની વસ્તુ એમ નહીં કે આ બોજો છે આ બધું બાયડી, છોકરા, કુટુંબ. એ નહીં. અંદરમાં રાગ-દ્વેષનો બોજો (એનો) થાક લાગ્યો છે. આ ઉપાધિ વિકારની અગ્નિ સળગે છે. સમજાણું કાંઈ? પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં કષાયની અગ્નિ સળગે છે, એનાથી થાક લાગ્યો છે. સમજાણું કાંઈ? એવા **ચિત્તવાળા થયા થકા**... પોતાના પુરુષાર્થથી એવા થયા થકા, એમ. સમજાણું કાંઈ?

**સહજવૈરાગ્યપરાયણ થવાથી**... રાગાદિથી સ્વભાવિક વૈરાગ્ય થવાથી... સ્વભાવિક વૈરાગ્યવાળા.. વૈરાગ્યમાં પરાયણ-તત્પર, આહાહા! પહેલામાં ભવમલીન કહ્યું હતુંને, ભવમાં લીન, ત્યારે અહીં કહે છે કે રાગના પરિણામ, મિથ્યાત્વના પરિણામ એ સંસારભાવ-ઉદયભાવ છે, તેનાથી થાક લાગ્યો હવે. એવા સ્વભાવિક વૈરાગ્યવાળા થવાથી... રાગ ને સંસારનો ભાવ-ઉદય એનાથી સ્વભાવિક વૈરાગ્ય થયો. એમાંથી હઠ્યા (અને) જ્યાં ભગવાન પોતાના સ્વરૂપમાં બિરાજે છે ત્યાં નજરું નાખી. આહાહા! સમજાણું કાંઈ? આ સિદ્ધ કેમ થયા એની વ્યાખ્યા કરે છે. સિદ્ધ પરમાત્મા થયા એવા જ આ આત્મા છે, પણ એ સિદ્ધ કેમ થયા એની સાથે વાત કરે છે. સહજ વૈરાગ્યમાં તત્પર થવાથી, આખી દુનિયાના સુખ-દુઃખની કલ્પના એનાથી વૈરાગ્ય થયો છે. સમજાણું કાંઈ? એટલે જેને સમ્યગ્દર્શન થયું છે એમ કહે છે. પરથી ખસી ગયા છે ને સ્વભાવમાં દૃષ્ટિએ આવ્યા છે. આહાહા!

**દ્રવ્ય-ભાવ લિંગને ધારણ કરીને**... અને પછી મુનિનું નગ્ન દ્રવ્યલિંગ ને ૨૮ મૂળગુણ એણે ધારણ કર્યા છે. વ્યવહારનય સમજાવે છેને. વ્યવહારનયને આશ્રયે એ ચીજ હોય છે. સિદ્ધ થવાના ઉપાયની રીત આ કે સંસાર-ઉદયભાવ એનાથી હઠીને.. હઠ્યો એટલે સહજ વૈરાગ્ય થયો એટલે આમાં આવ્યો. ચૈતન્યસ્વભાવ મારો આ છે એમ જેની દૃષ્ટિમાં આત્માનો અનુભવ થયો, સમજાણું કાંઈ? પછી દ્રવ્ય-ભાવલિંગ ધારીને... નિમિત્તપણે પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ આદિ વિકલ્પ એ દ્રવ્યલિંગ છે, નગ્નપણું એ પણ દ્રવ્યલિંગ છે અને ભાવલિંગ—અંતરમાં અતીન્દ્રિય આનંદનું ઉગ્ર સ્વસંવેદન એ ભાવલિંગ. પર્યાયમાં ત્રણ કષાયના અભાવની જે દશા એને અહીંયા ભાવલિંગ કહે છે. કહો, સમજાણું કાંઈ? અને આ ભાવલિંગની સાથે ૨૮ મૂળગુણ ને નગ્નપણું એવું દ્રવ્યલિંગ સાથે હોય છે.

જુઓ! આ રીતે સિદ્ધ થયા એમ કહે છે. અન્ય લિંગમાં સિદ્ધ થાય, ગૃહસ્થલિંગે સિદ્ધ થાય—એનો અહીં નિષેધ કરે છે. શેનો? અપવાદ..... ઝેર ન પીવું એના અપવાદમાં થોડું પીવું? એ દવા... નહીં. કહો, સમજાણું કાંઈ? ભાવ ને દ્રવ્યલિંગ ધારણ કરે, પણ ક્યારે? પરથી હઠ્યો

છે ને સ્વમાં આવ્યો છે. ઉદયભાવથી હઠ્યો છે અને પારિણામિકભાવમાં થાપ મારી છે. હજી આવશે, હજી છે એ તો. આવે એનું તો.... બરાબર. કહો, સમજાણું કાંઈ? આમાં ધ્યાન નથી તમારું, આ શું કહેવાય છે એમાં. ઉદયભાવ આખો સંસાર છે એનાથી હઠી ગયો છે, એટલે અહીં પરમસ્વભાવભાવમાં આવ્યો છે, થાપ મારી છે, આમ પકડ્યો છે એને. પરમ પારિણામિક સ્વભાવભાવ ચિદાનંદ એવો ભગવાન આત્મા એને અંતરમાં અનુભવ્યો, એને પકડ્યો છે, ત્યારે ઉદયથી સહજ વૈરાગ્ય થઈ ગયો છે. આહાહા! ચાહે તો પંચમહાવ્રતના વિકલ્પ હો, પણ એનાથી તો ઉદાસ છે સમકિતમાં. સમજાણું કાંઈ?

પછી **દ્રવ્ય-ભાવલિંગ ધારણ કરીને...** સિદ્ધ કરતાં એમ સિદ્ધ કરે છે. એકલું દ્રવ્યલિંગ હોય તો પણ નગ્નપણું ને પંચમહાવ્રત આદિ વિકલ્પ એ જ દ્રવ્યલિંગ હોય, બીજું દ્રવ્યલિંગ હોય નહીં. સમજાણું કાંઈ? બીજા મતમાં એમ કહે છેને કે જે આ ગૃહસ્થ હોય, ગૃહસ્થના ...થી કેવળ થાય. (શ્રોતા : ભરત મહારાજને થયું હતું). ભરત મહારાજને થયું નથી. ભરત મહારાજે પહેલી દીક્ષા લીધી હતી, નવ-નવ કોટિએ ત્યાગ કર્યો હતો અંદર. પછી ધ્યાનમાં બેઠા ને કેવળ થયું. સમજાણું કાંઈ? બે ઘડી મન-વચન ને કાયા, કરણ, કરાવણ, અનુમોદન પરિગ્રહનો ત્યાગ થઈ ગયો હતો, નગ્ન થયા હતા. આહાહા! પછી કેવળ થયું છે. સમજાણું કાંઈ?

દીક્ષામાં એ ગવાણું હતું, અમારી દીક્ષા થઈને ત્યારે. મોટી દીક્ષા ને ઘણા માણસ બે હજાર નાના ગામમાં... ભરતજી એમ કે ઘરમાં વૈરાગી.... ..... પછી કેવળી થયા, પછી દીવો રાખ્યો. ઉમરાળાના ઉતારામાં, બહાર ઉતારામાં દીક્ષા થઈ હતી. તે દિ' તો માણસ ઘણું હોયને, સાંજે પડિકમણું કરાવે બેસે..... પછી (ભરતને) ઓઘો, મુહપત્તિ દીધા દેવે. ઓઘો, મુહપત્તિ સમજતે હો? મુહપત્તિ સાથે ઓઘા. ઓઘો–પીંછી, ઉનની પીંછી ઉનની. કેવળજ્ઞાન હો ગયા ગૃહસ્થાશ્રમમેં. ... ગૃહસ્થમેં. પીછે આપી મોરપીંછી... ત્યારે મુનિ ખરા થયા. કેવળી થયા પછી મુનિ થયા. ગપ્પેગપ્પ છે કે નહીં? પછી પગે લાગે. એ તો એમ જ હોયને. ...... ૫૯ વર્ષ થઈ ગયા ઉમરાળામાં દીક્ષિત થયે. એમ મોઢે હતું. પછી કેવળજ્ઞાન પામ્યા, દેવે આપ્યા ઓઘો ને મુહપત્તિ. ઉનનો ઓઘો. .... જ્યારે .... ત્યારે ઇન્દ્રે વંદન કર્યું. નહીં તો ઇન્દ્ર વંદન ન કરે. ભેદ પાડે. આવું ને આવું છે.

અહીં કહે છે કે જેને આત્મદર્શન થયું, એને ઉદયભાવથી વૈરાગ્ય થઈ ગયો. એને પછી દ્રવ્યલિંગમાં નગ્ન(દશા) અને પંચમહાવ્રત કે ૨૮ મૂળગુણના વિકલ્પ, ભાવલિંગમાં ત્રણ કષાયનો અભાવ—એ દશા પામ્યા વિના કોઈ દિ' જીવ કેવળ પામે નહીં. આ ભરત ચક્રવર્તીએ કર્યું. ના, ના, એવા નહોતા, એ માનતા હતા એ લોકો શ્વેતામ્બરમાં. ..... અહીં તો દ્રવ્ય-ભાવલિંગ (ધારીને) કોઈપણ મુનિ થયા એની વાત છે. કોઈપણ મુનિ હો, એને દ્રવ્ય(લિંગ)માં નગ્ન(દશા) ને પંચમહાવ્રત ૨૮ મૂળગુણ વિકલ્પ હોય, ભાવ(લિંગ)માં ત્રણ કષાયના અભાવનો

આનંદ હોય. એવા દ્રવ્યલિંગને ધારણ કરી **પરમગુરુના પ્રસાદથી...** મુનિ તો થયા એ. ભાવલિંગી થયા છે. **પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલા...** કેવળજ્ઞાની પરમાત્મા અને સંત ગુરુ(થી પ્રાપ્ત થયેલા) **પરમાગમના અભ્યાસ વડે...** પરમાગમનો અંતર એટલે જ્ઞાનનો અભ્યાસ કર્યો એકાગ્રતાનો. અંતરમાં જ્ઞાનમાં એકાગ્ર. કેમ કે પરમાગમમાં એ કહ્યું છે કે જેવું સ્વરૂપ છે તેમાં લીન થા. લીન થા, એનો અભ્યાસ કર—એવું પરમાગમમાં એવું કહેવામાં આવ્યું છે.

**પરમાગમના અભ્યાસ વડે સિદ્ધક્ષેત્રને પામીને...** લ્યો, અહીં તો 'સિદ્ધક્ષેત્રને પામીને' એ વ્યવહારે જણાવે છે. સિદ્ધક્ષેત્રને... કારણ કે સિદ્ધક્ષેત્ર ઉપર છે. સિદ્ધ અહીં થયા, વ્યવહારે (કહ્યું કે) ત્યાં પામ્યા. **અવ્યાબાધ (બાધા રહિત)** દશા થઈ. સિદ્ધ પરમાત્માને કોઈ જાતનો યોગ ને બાધા રહી નથી. **સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ...** જુઓ! કેવળસુખ–એકલો આનંદ આહાહા! અને **કેવળવીર્ય**—પૂર્ણબળ. એવા **યુક્ત સિદ્ધાત્માઓ થઈ ગયા.** જુઓ! સિદ્ધ થવાની રીત ને ઉપાયની વાત કરી પહેલી. સમજાણું કાંઈ? જે કોઈ સિદ્ધ થયા ને થાય છે ને થશે (એની) આ રીત છે, બીજી કોઈ રીત છે નહીં. સમજાણું કાંઈ?

શ્વેતામ્બરમાં એમ કહે છે કે પંદર ભેદે સિદ્ધ થાય. એય! આવે છે કે નહીં? પછી એમાં વેષ હોય એમ કેવળ પામીને મોક્ષ જાય. ગૃહસ્થનો વેષ હોય ને મોક્ષ જાય. પંદર ભેદ–પંદર પ્રકાર. સ્ત્રીને લિંગે એ કેવળ પામે, પુરુષ પામે, હીજડો પામે કેવળજ્ઞાન અને આ બધા એમ કે ગૃહસ્થવેષમાં પામે, અન્ય લિંગના બાવા વેષ હોય ને પામે. એવા બધા પંદર ભેદ છે. અહીં તો કહે છે, એક જ ભેદ હોય આ. સમજાણું કાંઈ? દ્રવ્ય ને ભાવે... ભાવલિંગ જે ભગવાને કહ્યું એવું હોય. બીજા ભેખે કેવળજ્ઞાન થાય નહીં. આહાહા! ભારે ફેર ભાઈ! કાલે પ્રશ્ન કર્યો હતોને કોઈકે રાત્રે. અધ્યાપકો.....

**—કે જે સિદ્ધાત્માઓ કાર્યસમયસારરૂપ છે...** એ સિદ્ધ આત્માઓ કાર્ય એટલે પર્યાયે સિદ્ધસ્વરૂપ છે. પર્યાયે આત્મસ્વરૂપે પૂર્ણ થઈ ગયા છે એ કાર્યશુદ્ધ છે. કાર્યશુદ્ધ (એટલે) કાર્ય અપેક્ષાએ શુદ્ધ છે. કાર્ય–પૂર્ણ દશા થઈ ગઈ. કેવળજ્ઞાન, કેવળદર્શન, આનંદાદિ પૂર્ણદશાએ કાર્યશુદ્ધ છે એમ. કાર્ય આ પર્યાયનું હોં. બહારનું કાર્ય અહીં કાંઈ છે નહીં. બીજો કરી શકે છે કે દિ'? નીચે(ના ગુણસ્થાને) કારણસમયસાર ભગવાનને પકડી અને અંદર કેવળજ્ઞાનાદિ પ્રગટ થયા, એ કાર્યસમયસાર થઈ ગયા, કાર્યરૂપદશા થઈ ગઈ. **જે આ સિદ્ધાત્માઓ છે તે આ શુદ્ધ નિશ્ચયનયથી ભવવાળા...** ભવમાં હોવા છતાં, ગતિમાં હોવા છતાં, ઉદયભાવમાં રહેલા છતાં, **સંસારી જીવો** તે સિદ્ધ સમાન પૂરા છે. આહાહા! જિન ને જિનવરમાં ફેર નથી, કારણપરમાત્મા અને કાર્યપરમાત્મા બેમાં ફેર નથી. કહો, સમજાણું કાંઈ?

જુઓ! અહીં તો બધાને લીધા હોં. એ અભવિ હોય કે ભવિ હોય. અંદર તો શુદ્ધનયે તો સિદ્ધ સમાન જ છે બધા. 'સિદ્ધ સમાન સદા પદ મેરો..' આવે છે કે નહીં? અભવિ હો કે ભવિ હો, અનંત સંસારી કોઈ હો કે એકાવતારી હો, વસ્તુએ તો સિદ્ધ સમાન છે બધા. કહો, સમજાણું આમાં? એનો સ્વીકાર કર, એમ કહેવું છે. પર્યાયબુદ્ધિમાં જે સંસાર દેખાય છે એ બુદ્ધિ છોડ અને ત્રિકાળી પરમાત્મા છું એ બુદ્ધિ કર, એ માટે આ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા! અનંત આનંદ છે સિદ્ધને, એવો જ અનંત આનંદ તારામાં છે. આહાહા! બાહ્યમાં સુખ માનવું એ મિથ્યાત્વ છે, છતાં એ મિથ્યાત્વીને પણ અનંતો આનંદ પડયો છે. આહાહા!

સર્વજ્ઞ ભગવાન તીર્થંકરદેવ ત્રિલોકનાથ દરેક આત્માને સિદ્ધ સમાન ફરમાવે છે. સમજાણું કાંઈ? આહાહા! એટલે કે તારું પૂર્ણ પદ કાંઈ બહારથી આવે એવું નથી. તું છો જ, એમ કહે છે. છે.. 'છે'ની પ્રાપ્તિ છે–પ્રાપ્તની પ્રાપ્તિ છે. આહાહા! આસન્નભવ્ય (એટલે) નજીકમાં મુક્તિ થવાને લાયક હોય એ. કહો, સમજાણું કાંઈ? એને સિદ્ધદશા થાયને. એને સિદ્ધદશા થાય, એમ કહે છે. પણ સંસારી પ્રાણી પછી ભવિ હોય કે અભવિ, બધા સિદ્ધ સમાન જ છે વસ્તુએ. આ તો સિદ્ધ થાય કોણ એની વ્યાખ્યા છે. અતિ આસન્નભવ્ય–નિકટ જેને કેવળજ્ઞાન છે, ભવનો અંત જેને નજીક છે. એવાઓ સમ્યગ્દર્શન પામી, વૈરાગ્ય પામીને દ્રવ્યલિંગ-ભાવલિંગ ધારણ કરે છે એમ વાત કરે છે.

આ વસ્તુ છે એ તો ગમે એ આસન્નભવ્ય હોય કે અભવિ હોય... સમજાણું કાંઈ? એ કહ્યુંને કે અનંત ભવ હોય કે એક ભવ હોય, એ બધા અંતરમાં તો વસ્તુએ તો કાર્યસમયસાર–સિદ્ધ સમાન જ છે. જેવા કાર્યસમયસાર સિદ્ધ છે એવો જ એ છે. પર્યાયની અપેક્ષા નથી, આ દ્રવ્યની અપેક્ષાએ છે હોં. આઠ ગુણથી અલંકૃત છે એટલે કે પ્રગટ છે એમ નહીં. એના દ્રવ્યસ્વભાવમાં એવું ત્રિકાળી સ્વરૂપ છે, એમ. એમાં છે એમાંથી આવે છે. એની દૃષ્ટિ કરી, અનુભવ કરી અને પછી ઠરે છે અંતરમાં, એને સિદ્ધપદ પ્રાપ્ત થાય છે. અહીં તો કહે છે કે ન થયેલા પણ સિદ્ધસ્વરૂપ જ છે અંદર. સમજાણું કાંઈ? આહાહા!

**જેવા તે સિદ્ધાત્માઓ છે તેવા જ...** એમ શબ્દ છેને. **શુદ્ધનિશ્ચયનયથી ભવવાળા (સંસારી) જીવો છે.** ભવવાળા જીવો છે. અહીં ભવવાળા કહ્યા અને એકકોર સિદ્ધ કહ્યા. પર્યાયમાં–અવસ્થામાં મિથ્યાત્વ ને રાગ-દ્વેષ હોવા છતાં, વસ્તુએ તો સિદ્ધસમાન છે એમ કહે છે. બેય વાત સિદ્ધ કરી. પર્યાયમાં ભવ છે એટલે ગતિ છે, વસ્તુમાં ગતિ છે નહીં. કહો, સમજાણું આમાં? **જે કારણે તે સંસારી જીવો સિદ્ધાત્માઓ જેવા છે...** લ્યો. જે કારણે તે સંસારીજીવો... ઓહોહો! નિગોદથી માંડીને બધા હોં. લીલફૂગ–કાઈ, બટાટા, શક્કરકંદ, એક કટકીમાં અસંખ્ય તો શરીર, એક શરીરમાં સિદ્ધથી અનંતગુણા જીવ, એ બધા સિદ્ધ સમાન જ છે. કહો, અનંતા ભગવાન બિરાજે છે. વસ્તુએ તો બધા ભગવાન જ છે એમ કહે છે. પર્યાયમાં

ભલે ભવ, ઉદય હો, વસ્તુમાં એ કાંઈ છે નહીં. આખી દુનિયા–ચૌદ બ્રહ્માંડ ભગવાનથી ભરેલું છે. આહાહા!

એ થોર.. થોર.. જુઓને! આ થોર હોય છેને? થોર ક્યા કહતે હૈં? થોર. કેટલા થોર પડ્યા હોય છે રસ્તામાં મોટા. એ કાપી નાખે ને પડ્યા હોય એમ. આહાહા! એમાં એક કટકીમાં અસંખ્ય શરીર, એક શરીરમાં અનંત જીવો, એમાં કેટલાક ભવિ ને અભવિ બધું હોય. છતાં એ બધા પરમાત્મા છે કહે છે. નિશ્ચયનયથી તો ભગવાન પરમાત્મા છે. આહાહા! ઓલા વેદાંત કહે છેને, એક આત્મા.—એમ નહીં, પણ એક જેવા બધા, સિદ્ધ જેવા બધા આત્મા છે. આહાહા! વસ્તુ છેને. વસ્તુ છેને. એક સમયની પર્યાય તો એક સમયની દશા છે. સંસાર તો એક સમયનો છે, સંસાર બે સમયનો હોય નહીં. સિદ્ધેય એક સમયની પર્યાય છે, બે સમયની હોય નહીં. આહાહા! આખી વસ્તુ જુઓ તો સિદ્ધ સમાન જ છે. જેટલા ગુણો પ્રગટ્યા છે સિદ્ધ ભગવાનને, એટલા બધા ગુણોનો સમૂહ .... જગત છે. સમજાણું કાંઈ?

**તે કારણે તે સંસારી જીવો...** જે કારણે સંસારી સિદ્ધાત્મા (જેવા છે), જે કારણે સંસારી જીવો સિદ્ધાત્માઓ જેવા છે, **તે કારણે તે સંસારી જીવો જન્મજરામરણથી રહિત** છે. વસ્તુને જન્મ કેવો? દ્રવ્યસ્વભાવ જન્મે શું, મરે શું, જરા શું? આહાહા! **જરા-મરણથી રહિત અને સમ્યક્ત્વાદિ આઠ ગુણોની પુષ્ટિથી તુષ્ટ છે...** સમકિત આદિ આઠ ગુણો સિદ્ધને છેને પ્રગટ વ્યવહારે. નિશ્ચયથી તો અનંત છે. એવા આઠ ગુણોની પુષ્ટિ... કહો! **(-સમ્યક્ત્વ** શક્તિરૂપ–દ્રવ્યરૂપ, **અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહન, અગુરુલઘુ અને અવ્યાબાધ એ આઠ ગુણોની સમૃદ્ધિથી...** તુષ્ટિથી પુષ્ટ એટલે **આનંદમય છે).** આઠ ગુણોની સમૃદ્ધિથી આનંદમય છે. આહાહા! દરેક જીવ અતીન્દ્રિય આનંદમય છે. દુઃખ ને સંસાર તો એક સમયની પર્યાય છે. સમજાણું કાંઈ?

દુઃખનો કાળ એક સમય, આનંદનો કાળ અનાદિ-અનંત. આહાહા! ક્યો આનંદ? પૈસાનો? એ પૈસાનું તો દુઃખ કીધું. એ તો એક સમયનું દુઃખ છે. આહાહા! ત્રિકાળી એનો સ્વભાવ તો આઠ ગુણથી પુષ્ટ નામ સમૃદ્ધિથી આનંદમય છે. આઠેય ગુણો પોતાના પુષ્ટિથી આનંદમય છે. આહાહા! સમકિતની ઋદ્ધિ-સમૃદ્ધિથી આનંદમય છે. કહો, સમજાણું કાંઈ? અનંત જ્ઞાન આનંદમય છે, અનંત દર્શન, અનંત વીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહન, અગુરુલઘુ અને અવ્યાબાધ—એ આઠ ગુણોની પુષ્ટિ એટલે સમૃદ્ધિથી તુષ્ટ આનંદમય છે. આહાહા! કોણ? સંસારી જીવ. કોના જેવો? કે અભવિ ને ભવિ બેય જેવો. દ્રવ્યને ક્યાં ફેર હોય? સમજાય છે કાંઈ? વસ્તુમાં ક્યાં ફેર છે? પર્યાયમાં લાયકાત-અલાયકાત પ્રગટવાની અપેક્ષાએ ફેર છે. સમજાણું કાંઈ?

સિદ્ધનું સુખ છે સંસારીને એમ નથી કહ્યું હોં, પણ પર્યાયમાં ભવમાં લીન જુદું. પર્યાયમાં તો ભવમાં લીન છે સંસારી. વસ્તુમાં આઠ પ્રકારે છે એમ કહેવું છે. દ્રવ્યસ્વભાવ આઠ ગુણથી આનંદમય છે. એવો કારણસમયસાર કાર્યસમયસાર જેવો જ છે, એમાં કાંઈ ફેર નથી. આહાહા! આવો સ્વીકાર થાય તેને આવો છે એમ કહેવું છે હોં. ઔદયિકભાવ હોવા છતાં, પહેલાં આવી ગયું છે કે અમને વિભાવ હોવા છતાં એની ચિંતા અમારામાં એ છે જ નહીં. અમારામાં એ છે નહીં. અમારામાં તો અનંત આનંદ, જ્ઞાન સ્વભાવ છે, સ્વભાવ છે એનું સામર્થ્ય છે, જેની સૂક્ષ્મતા અનંત ગુણોથી ભરેલી છે, એમાં તો અનંત આનંદ ને અનંત જ્ઞાનાદિ છે એ હું છું. એવી દૃષ્ટિ થવી એને અહીંયા ધર્મીનું લક્ષણ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આહાહા!

દૃષ્ટિએ આખી સૃષ્ટિ ફરી જાય છે એમ કહે છે. રાગની એકતાવાળો જ છું ત્યાં સૃષ્ટિ બધી મિથ્યાત્વની ને અજ્ઞાનની જ ઉત્પત્તિ થાય છે. હું તો સિદ્ધસમાન છું. એક સમયની પર્યાય હોવા છતાં એ દૃષ્ટિને કાઢી નાખી અને વ્યક્તરૂપ મારો ભગવાન આત્મા ત્રિકાળી આનંદ સિદ્ધ-સ્વરૂપ જ છે એવી જે અંતરમાં દૃષ્ટિ થવી, સમજાણું કાંઈ? એના ફળ તરીકે સિદ્ધપદ પ્રાપ્ત થાય. સમજાણું કાંઈ? આહાહા! આમાં કોઈનો કરનારો છું એમ ન આવ્યું. હું અનંત જ્ઞાનમય અનંતને જાણવાવાળો જ્ઞાનમય છું. કોઈ જીવનું સારું કરી દઉં, સુધારી દઉં.

આ બધા પરોપકારી નીકળે છેને. મંડળ બનાવો, પછી એના સભ્યો બનાવ, સભ્યોમાં એવા ગોતો કે કોણ કાર્યકર છે, આ ... જેવા કેટલા છે એમ બધાને તારવો એમાંથી. કેટલાક ... આવ્યા છે કે નહીં? લ્યો, કરો એના કામ. કેટલાક .... અમે પણ આમાં કંઈ કામ કરીએ છીએ એમ બતાવવા અમથા આગે પડવા મોઢા આગળ... કાર્યકર કોણ છે. અહીં તો કહે છે કે પરનો કાર્યકર કોઈ છે જ નહીં. આહાહા! ભગવાનજીભાઈ! .... થાય ન્યાં. પૈસાનું બધું એવું હોય. પછી મૂકે તમારા જેવા શેઠીયાને મોઢા આગળ. નાખો અહીંયા અમારે નાખો. પૈસાની જરૂર પડે, વળી ત્યાં જાય તો ઓલી .... લાગે. ભગવાનજીભાઈ આવ્યા છે એમ લાગે ને. મોટા શેઠિયાને મૂકો એક, તો કાર્ય થાય. બરાબર હશે? કાંઈ થાતું નથી. થાવું તો એને કારણે થાય છે. આહાહા!

ઓલા ડોક્ટર ભેગા થાય. ડોક્ટરનું થાતું હશે કે નહીં? વિજયભાઈ! શું કહેવાય એ? સંમેલન. કોન્ફરન્સ ડોક્ટરની. એકબીજામાં આમ વાતું કરે, ડંફાસ મારે. ..... આપણે આમ કરવું, સુધારો કરવો, ફલાણું કરવું, ઇન્જેક્શનમાં આવી જાત રાખવી, ફલાણું આમ કરવું. મારે ગપેગપ્પ. કરે છે એ ગપ્પ. આહાહા! અહીં તો કહે છે, પ્રભુ! તું આત્મા આનંદનું ધામ છો. તારામાં ગુણ જેવા છે એવા ગુણો બીજે ક્યાંય છે નહીં. આહાહા! એવો ગુણવાન પરમાત્મા પોતે, આહાહા! જેને જ્ઞાનમાં જ્ઞેય તરીકે આવ્યો, ટળ્યું, એ છૂટ્યો. એ સંસારથી છૂટ્યો. એ

સંસારથી છૂટ્યો. આમ બાયડી-છોકરાને, ફલાણાને મૂકીને બાવા થાય, સાધુ થાય (અને માને કે) સંસાર છૂટ્યા. ધૂળેય નથી છૂટ્યા. આહાહા!

પંચમહાવ્રતના પરિણામ પણ રાગ એનાથી પણ જે ભિન્ન પડ્યો છે. આ તો કહે, રાગ એ મારું કર્તવ્ય ને રાગથી મારું કલ્યાણ થાય. એ ભવલીન છે. અને એમાંથી છૂટવાની એને દરકાર નથી. કેમકે જેનાથી લાભ માને એનાથી કેમ છૂટે? આહાહા! ભગવાન આત્મા... જેવા સિદ્ધ ભગવાનમાં આઠ ગુણો છે... નિશ્ચયથી અનંત ગુણો છે. આઠ કર્મનો અભાવ થઈને થાય છેને આઠ, એથી એમ કહ્યું. એના જેવા આત્મામાં છે. ક્યારના? અનાદિ-અનંત છે. આહાહા! એ ગુણો કાંઈ બહારથી આવતા નથી. ગુણો છે એનું પર્યાયમાં પરિણમન થાય એને સિદ્ધ કહીએ છીએ. આહાહા! ભારે વાત ભાઈ!

**હવે ૪૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :**

**प्रागेव शुद्धता येषां सुधियां कुधियामपि ।**
**नयेन केनचित्तेषां भिदां कामपि वेद्म्यहम् ॥७१॥**

કેમ હું જાણું? **શ્લોકાર્થ : જે સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને...** મિથ્યાદૃષ્ટિને કે સમ્યગ્દૃષ્ટિને **પ્રથમથી જ શુદ્ધતા છે...** આહાહા! ત્રિકાળ શુદ્ધતા તો અનાદિથી છે એમ કહે છે. સમજાણું કાંઈ? સુબુદ્ધિઓને કે કુબુદ્ધિઓને... પર્યાયમાં સમ્યગ્જ્ઞાનીઓને કે મિથ્યાજ્ઞાનીઓને શુદ્ધતા તો પહેલેથી અનાદિથી પડી છે અંદર. સમજાણું કાંઈ? આહાહા! પ્રથમથી જ શુદ્ધતા છે. એવા શુદ્ધ ઉપર નજર પડતાં એનો સ્વીકાર થાય છે. એ તો શુદ્ધતા તો અનાદિની છે, એ તો હતી આ. હતી એ ભાનમાં આવી. ન હોય એ ભાનમાં આવે નહીં એમ કહે છે. **શુદ્ધતા છે તેમનામાં કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું?** સમ્યગ્જ્ઞાનીને કે મિથ્યાદૃષ્ટિને વસ્તુ તરીકે શુદ્ધતા તો અનાદિની છે, તો કઈ નયે ભેદ હું જાણું? વ્યવહારનયે ભેદ છે, તે વ્યવહારનય કાંઈ વાસ્તવિક નથી. આહા! એમ કહે છે. એ તો અભૂતાર્થ છે. સમજાણું કાંઈ?

મહા અભવિ, મિથ્યાત્વી, અજ્ઞાની, મૂઢ છે, પણ કહે છે કે અંદર શુદ્ધતા તો પડી છે પૂર્ણ હોં. એ શુદ્ધતાને સમજવાને લાયક નથી પર્યાયમાં. વસ્તુ તો શુદ્ધ છે. આહાહા! આ સ્વીકાર થયો એ પુરુષાર્થ અનંતો છે. અપવાસ કરવો કે ફલાણું કરવું કે ઢીકણું કરવું એ તો સહેલુંસટ છે, બધા કરી શકે. આઠ વર્ષના છોકરાય કરે છે લ્યો. આ કેટલો પુરુષાર્થ છે! ભગવાનજીભાઈ! આ છે. આહાહા! પ્રગટ નથી તેને પ્રગટ તરીકે પ્રસિદ્ધિમાં, શ્રદ્ધામાં લાવવો એ કાંઈ ઓછી વાત છે! પર્યાયમાં–અવસ્થામાં પ્રગટ નથી છતાં, વસ્તુ આખી પ્રગટ સિદ્ધસમાન છે એમ પ્રસિદ્ધમાં લાવવું, આવવું એ અનંત પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? એવી શુદ્ધતા.... માનવું કે મિથ્યાદૃષ્ટિમાં અશુદ્ધતા છે. ઓલા કહે છે કેટલાક કે જ્યારે અશુદ્ધતા છે તો આખું દ્રવ્ય અશુદ્ધપણે પરિણમ્યું છે. દ્રવ્ય શું પરિણમે? 'આખો'નો અર્થ એવો કે એની પર્યાય આખા દ્રવ્ય ઉપર છે, એટલું.

આખું દ્રવ્ય પરિણમ્યું એનો અર્થ કે પર્યાય આખા દ્રવ્ય ઉપર છે. પણ આખી વસ્તુ છે એ તો તદ્દન ભિન્ન છે. આહાહા! સમજાણું કાંઈ?

રાગ ને અજ્ઞાનપણે પરિણમન છે એ આખા દ્રવ્ય ઉપર પર્યાય છે. કે દ્રવ્યની અમુક પર્યાયમાં અશુદ્ધતા ને દ્રવ્યની અમુક પર્યાયમાં અશુદ્ધતા—એમ બે ભાગ છે અંદર? પણ એ તો પર્યાયની અપેક્ષાએ અશુદ્ધતાની વાત કરી, વસ્તુ તરીકે તો ત્રિકાળ (શુદ્ધ છે). અહીં શું સિદ્ધ કરે છે? જુઓને! ઓલા રતનચંદ કહે, ના, એમ નહીં, તન્મય થાય છે. પ્રવચનસારમાં આવે છેને. પણ એ તો પર્યાયની અપેક્ષાએ વાત છે શુભ અશુભ. નવમી (ગાથામાં) આવે છેને? પરિણમેલ તે ભાવે તન્મય છે. પણ કઈ અપેક્ષા? પર્યાયની અપેક્ષા. રાગ ભિન્ન રહી જાય છે, રાગની પર્યાયનું પરિણમન અહીં નથી—એમ છે? એમ કહે છે. આહા! એ તો બધી પર્યાયની રમતું છે. આત્મામાં–દ્રવ્યમાં એ કાંઈ છે જ નહીં. કઈ નયે એને અશુદ્ધ કહું? એમ કહે છે. કઈ નયે હું ભેદ માનું? સાચી નય જે છે એ નયે તો ભેદ મનાતો નથી. તેથી વ્યવહારનયે ભેદ માન્યો એ તો સાચી છે જ નહીં. આહાહા! ભારે વાત.

**તેમનામાં કાંઈ પણ ભેદ હું ક્યા નયથી જાણું?** આહાહા! **(તેમનામાં ખરેખર કાંઈ પણ ભેદ અર્થાત્ તફાવત નથી.)** આહાહા! અશુદ્ધતાના પર્યાયમાં પણ નીચે તળ એનું આખું શુદ્ધ ભર્યું છે. સમજાણું કાંઈ? જેને તળિયું નીચે આખું તળ શુદ્ધ ભર્યું છે. એવા શુદ્ધમાં કઈ નયે હું ભેદ કરું? એમ કહે છે. અહીં તો વ્યવહારનય (એટલે) જાણે કાંઈ નહીં, એમ કહે છે. એય! વ્યવહારનય જાણે નય જ ન હોય. અભૂતાર્થ છે. આહાહા! છતી ચીજને બતાવનાર નથી એ નય કેવી? એમ કહે છે. ત્રિકાળ બતાવનાર છે તે જ્ઞાનને નય કહીએ, એમ કહે છે જુઓ! સમજાણું કાંઈ?

એક સમયની અવસ્થાને બતાવે એ કેટલો ભાગ? અનંતના.. અનંતના.. અનંતના.. અનંતના અનંતમા ભાગમાં એક સમય એ શું વસ્તુ? મલિનતા કઈ નયે કહું? પૂર્ણાનંદનો નાથ ભગવાન બિરાજે છે દરેક આત્મા. કોઈ આત્મામાં સુખ સમાનતામાં કાંઈ ફેર નથી. આહાહા! ભારે આકરું કામ, કહે છે. સંસારી, અનંતી સંસારમાં ... જાય. ભલે પર્યાય હોય અનંત સંસારવાળી, વસ્તુ તો શુદ્ધ છે કહે છે. વસ્તુ તો વસ્તુ છે. કઈ નયે હું એમાં ભેદ પાડું? આહાહા! ભગવાન મોટો નાથ સ્વભાવથી બિરાજમાન છેને! આહાહા! એ ૪૭ ગાથા થઈ લ્યો. હવે ૪૮.

**असरीरा अविणासा अणिंदिया णिम्मला विसुद्धप्पा ।**
**जह लोयग्गे सिद्धा तह जीवा संसिदी णेया ॥४८॥**

હરિગીત.

**અશરીર ને અવિનાશ છે, નિર્મળ, અતીંદ્રિય, શુદ્ધ છે,**
**જ્યમ લોક-અગ્રે સિદ્ધ, તે રીત જાણ સૌ સંસારીને. ૪૮.**

આહાહા! **ટીકા : વળી આ, કાર્યસમયસારમાં...** કાર્યસમયસાર એટલે સિદ્ધ ભગવાન. **અને કારણસમયસાર** એટલે ત્રિકાળી દ્રવ્ય. ધ્રુવ શુદ્ધભાવ... શુદ્ધભાવ છેને અધિકાર. શુદ્ધભાવ એટલે ત્રિકાળીભાવ, એ કારણસમયસાર. આપણે છેને શુદ્ધભાવ (અધિકાર). અને કાર્યસમયસાર એટલે સિદ્ધ. એમાં **તફાવત નહિ હોવાનું કથન છે.** આહાહા! કુંદકુંદાચાર્યની વાણીમાં એકલું માખણ ભર્યું છે. આહાહા! સંસારનો રાગાદિ ભાવ એ રહે એવો ક્યાં છે? એક સમય રહે છે, બાકી કાંઈ કાયમ રહેતો નથી. અને આ તો કાયમ રહેનારું તત્ત્વ છે. શુદ્ધ આનંદઘન એની દૃષ્ટિમાં એ કારણસમયસાર ને કાર્યસમયસારમાં કાંઈ ફેર નથી.

**જેવી રીતે લોકાગ્રે સિદ્ધપરમેષ્ઠી ભગવંતો...** લોકને અગ્ર... જેવી રીતે લોકને અગ્રે (એટલે) ચૌદ બ્રહ્માંડ ઉપર-અગ્રે. **સિદ્ધપરમેષ્ઠી ભગવંતો નિશ્ચયથી પાંચ શરીરના પ્રપંચના અભાવને લીધે...** એને પાંચ શરીરનો વિસ્તાર છે નહીં. **'અશરીરી' છે...** એવો આ આત્મા અશરીરી છે. ગોમ્મટસારમાં બીજે આવે છે. પાંચ શરીર છે, આટલી પર્યાપ્તિ છે, આટલા પ્રાણ છે, લ્યો. એ વ્યવહારનયનો વિષય બતાવ્યો છે. વસ્તુમાં છે નહીં. નારકીને આટલા શરીર— વૈક્રિયિક, તૈજસ ને કાર્મણ. મનુષ્યને ઔદારિક, તેજસ ને કાર્મણ. મુનિને ઔદારિક, તેજસ, કાર્મણ ને આહારક. આ વૈક્રિયિક ને બધું આવ્યુંને લખાણ શાસ્ત્રમાં? એ તો બધા વર્તમાન પર્યાયને ઓળખાવવા નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. વસ્તુમાં એ છે નહીં. અશરીરી, સિદ્ધ સમાન આત્મા અશરીરી છે.

**નિશ્ચયથી નર-નારકાદિ પર્યાયોના ત્યાગગ્રહણના...** એટલે કે મનુષ્યનો ત્યાગ ને દેવનું ગ્રહણ કરવું એવા જે **અભાવને લીધે...** એ દ્રવ્યમાં છે નહીં. મનુષ્યનું વ્યય થઈ જાય ને દેવની ઉત્પત્તિ થાય એવું વસ્તુમાં નથી. એ તો પર્યાયમાં છે. સમજાણું કાંઈ? **નરનારકાદિ** છેને? મનુષ્ય, નારક, દેવ આદિ પર્યાયોના ત્યાગગ્રહણ એટલે કે એક ગતિનો ત્યાગ ને બીજી ગતિનું ગ્રહણ એનો વસ્તુના સ્વભાવમાં અભાવ છે. એ તો પર્યાયમાં છે. એક ગતિએ ઉપજે ને બીજી ગતિથી નાશ થાય છે. ત્યાગ-ગ્રહણના અભાવને લીધે **'અવિનાશી' છે...** ગતિનું ત્યાગ-ગ્રહણ એ તો નાશવાન છે. વસ્તુ ત્રિકાળી અવિનાશી છે. સિદ્ધ એવો આત્મા, એમ કહે છે.

**પરમ તત્ત્વમાં સ્થિત...** પરમ તત્ત્વમાં સ્થિત **સહજદર્શનાદિરૂપ કારણશુદ્ધસ્વરૂપને યુગપદ્ જાણવામાં સમર્થ...** પરમ તત્ત્વમાં સ્થિત સ્વભાવિક દર્શન આદિ કારણશુદ્ધસ્વરૂપ ત્રિકાળી, એને યુગપદ જાણવામાં સમર્થ **એવી સહજજ્ઞાનજ્યોતિ વડે જેમાંથી સમસ્ત સંશયો દૂર કરવામાં આવ્યા છે એવા સ્વરૂપવાળા હોવાને લીધે 'અતીન્દ્રિય' છે...** એ તો અતીન્દ્રિય છે કહે છે. સિદ્ધ ભગવાન અતીન્દ્રિય છે, એમ આ આત્મા પણ અતીન્દ્રિય છે. આહાહા! આત્મા

પોતે અતીન્દ્રિયસ્વરૂપ જ છે. સમજાય છે કાંઈ? ઇન્દ્રિયથી જ્ઞાન કરવું એ આત્માનો સ્વભાવ જ નથી. લ્યો. સમજાણું કાંઈ?

આવે છેને અલિંગ્રહણમાં? ઇન્દ્રિયથી જ્ઞાન-ગ્રહણ કરવું. ઇન્દ્રિયથી જાણવામાં આવે એવો નથી અને ઇન્દ્રિયથી જણાય એવો નથી. અને ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય, ઇન્દ્રિયપ્રત્યક્ષમાં વિષય (થાય)-જણાય એવો પણ નથી. આહાહા! અનુમાન પછી આવે છે. આ ત્રીજો બોલ છે. પહેલો બોલ છે કે ઇન્દ્રિયથી જાણતો નથી, (બીજો) ઇન્દ્રિયથી જણાય નહીં, (ત્રીજો) ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નહીં. ચોથું છે કે બીજાઓ દ્વારા અનુમાનથી જણાય એવો નથી. એ ચોથો બોલ છે. પાંચમો છે કે પોતે એકલો અનુમાન કરનારો નથી. છઠ્ઠો છે કે એ પોતે તો સ્વભાવથી જાણવામાં આવે એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહાહા! ભારે. એને આત્મા કહીએ, એમ કહે છે. સમજાણું કાંઈ?

ઇન્દ્રિયના જ્ઞાનથી આત્મા જણાય નહીં. એનો અર્થ કે સાંભળવાથી જે ઇન્દ્રિયજ્ઞાન થયું એનાથી જણાય નહીં એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? આવી વાત છે પ્રત્યક્ષ, પણ હવે.... ઇન્દ્રિયનું નિમિત્ત થઈને જે જાણવામાં ઉપાદાનમાં આવ્યું એનાથી પણ આત્મા જણાય એવો નથી. એ તો અતીન્દ્રિય છે. કહો, સમજાણું કાંઈ? એ ચીજ અતીન્દ્રિય છે એમ સિદ્ધ કરવું છે. એવો જ આત્મા અતીન્દ્રિય છે. આહાહા!

**મળજનક ક્ષાયોપશમિકાદિ વિભાવસ્વભાવોના અભાવને લીધે...** ક્ષયોપશમાદિ ભાવો એ બધા મળજનક છે. એ વિભાવસ્વભાવ છે. એનો અભાવ થઈને એ નિર્મળ સિદ્ધ છે. ક્ષયોપશમાદિ ભાવ પણ સિદ્ધમાં નથી, એમ આત્મદ્રવ્યમાં પણ નથી. આહાહા! ઔદયિક, ક્ષયોપશમ આદિ ભાવ વસ્તુમાં ક્યાં છે? સિદ્ધમાં નથી, એવો આત્મામાં નથી. દરેક જીવો (એવા) છે એમ કહે છે.

**અને દ્રવ્યકર્મો તથા ભાવકર્મોના અભાવને લીધે 'વિશુદ્ધાત્મા' છે...** સિદ્ધ આત્મા વિશુદ્ધ આત્મા છે, એમ આ આત્મા પણ દ્રવ્યકર્મ ને ભાવકર્મ રહિત હોવાને લીધે વિશુદ્ધ આત્મા જ છે. આહાહા! **તેવી જ રીતે સંસારમાં પણ આ સંસારી જીવો કોઈ નયના બળે** (એટલે) નિશ્ચયનયના બળે **શુદ્ધ છે.** એને નય નથી. કોઈ નયના બળે એને નય કીધી. 'કોઈ' છેને. ક્યે નયે ભેદ પાડું? એક જણે વ્યવહારનયે.... અહીં દ્રવ્ય.... એ દ્રવ્ય છે સાચું. આહાહા! પૂર્ણ શુદ્ધ પ્રરૂપે અને પૂર્ણ શુદ્ધ જણાવે એને જ અહીં નય કહેવામાં આવે છે. સંસારી જીવો કોઈ નયના બળે-કોઈ નયથી શુદ્ધ જ છે. બધા સંસારીજીવો પણ પરમાત્મા જેવા જ છે. એમાં અને આત્મામાં કાંઈ ફેર નથી. કળશ કહેશે લ્યો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**મહા વદ ૧૧, ગુરુવાર, તા. ૧૦-૨-૧૯૭૨**
**શ્લોક-૭૨-૭૩, ગાથા-૪૯-૫૦, પ્રવચન નં. ૪૫**

૪૮ ગાથા એનો કળશ છે. ૭૨. ૭૨ કલશ હૈ. હૈ ન ઉપર?

**शुद्धाशुद्धविकल्पना भवति सा मिथ्यादृशि प्रत्यहं**
**शुद्धं कारणकार्यतत्त्वयुगलं सम्यग्दृशि प्रत्यहम् ।**
**इत्थं यः परमागमार्थमतुलं जानाति सद्दृक स्वयं**
**सारासारविचारचारुधिषणा वन्दामहे तं वयम् ॥७२॥**

ક્યા કહતે હૈં? દેખો! **શ્લોકાર્થ : શુદ્ધ-અશુદ્ધકી જો વિકલ્પના...** આત્મા ત્રિકાલ શુદ્ધ છે અને અશુદ્ધ પણ છે એવી **માન્યતા મિથ્યાદૃષ્ટિને હોય છે.** શું કહે છે? કે રાગાદિ અશુદ્ધ છે તો દ્રવ્ય પણ અશુદ્ધ છે. શુદ્ધ ને અશુદ્ધ બેય વસ્તુ છે એમ કહે છે. વસ્તુ શુદ્ધ પણ છે અને વસ્તુ અશુદ્ધ પણ છે એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની હોય છે. સમજાણું કાંઈ? છેને, નીચે અર્થ કર્યો છે. **વિકલ્પના—વિપરીત કલ્પના, મિથ્યા માન્યતા, અનિશ્ચય, શંકા, ભેદ કરના.** બીજી રીતે કહીએ તો, આત્મા શુદ્ધ ત્રિકાળી આનંદસ્વરૂપ એ શુદ્ધ છે અને એનું પ્રાપ્ત કરવાનું કારણ પણ અશુદ્ધ છે, શુદ્ધથી થાય અને અશુદ્ધથી પણ ... થાય—એ મિથ્યાદૃષ્ટિની માન્યતા છે. એ સંશય છેને. રાગાદિ પર્યાયમાં થાય તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય છે. શેઠ! એમ નથી. આની વાત કરે છે. પર્યાયમેં જો પુણ્ય-પાપકા ભાવ હૈ વહ મલિન હૈ, તો દ્રવ્ય ભી મલિન હો ગયા. ઐસી માન્યતા જિસકી હૈ વહ મિથ્યાદૃષ્ટિ હૈ. સમજમેં આયા? ઝીણી વાત છે.

શરીર, વાણી તો પરવસ્તુ છે, આ તો અજીવ છે. આત્મામેં દો પ્રકાર. જો પર્યાયમેં અશુદ્ધતા—મલિનતા હૈ, ઉસ મલિનતાકે કારણ દ્રવ્ય ભી મલિન હો ગયા—વસ્તુ મલિન હો ગઈ—ઐસી માન્યતા મિથ્યાદૃષ્ટિકી હૈ. સમજમેં આયા? **વિકલ્પના મિથ્યાદૃષ્ટિકો સદૈવ હોતી હૈ...** પર્યાયમેં મલિનતા—પુણ્ય-પાપકા મલિનભાવ દેખકર સારી ચીજ મલિન હો ગઈ ઐસી દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિકી હૈ. સમજમેં આયા? પર્યાયમેં મલિનતા તો એક સમયકી અવસ્થા હૈ, ત્રિકાલી દ્રવ્યમેં મલિનતાને પ્રવેશ કિયા નહીં. વહ તો શુદ્ધ—ત્રિકાલ શુદ્ધ હૈ. અજ્ઞાનીકો ખબર નહીં, શુદ્ધ ચીજ ક્યા હૈ ઉસકી ખબર નહીં. ઇસલિયે વર્તમાન પુણ્ય-પાપકા ભાવ મલિન દેખકર સારા દ્રવ્ય ભી મલિન હો ગયા ઐસી માન્યતા મિથ્યાદૃષ્ટિકી હૈ. સમજમેં આયા?

ઔર **સમ્યગ્દૃષ્ટિકો...** ધર્મી સચ્ચા સમ્યગ્દૃષ્ટિ હી હોતા હૈ, વહ તો કારણ ભી ત્રિકાલ શુદ્ધ અને કાર્ય સિદ્ધપદ ભી શુદ્ધ (ઐસા માનતા હૈ). કારણ શુદ્ધાશુદ્ધ હૈ ઐસે માનતા નહીં. સમજમેં આયા? આ ભારે ઝીણું. વસ્તુ ત્રિકાલી જ્ઞાયકભાવ પરમાનંદમૂર્તિ વહ શુદ્ધ હી હૈ ઐસે

સમ્યગ્દષ્ટિ ધર્મી ચૌથે ગુણસ્થાનસે આત્માકો ઐસા માનતા હૈ. મેરી ચીજ તો ત્રિકાલ શુદ્ધ હૈ ઔર મેરી પર્યાયમેં કાર્ય શુદ્ધ હો વહ ભી શુદ્ધ હૈ. સમજમેં આયા?

**કારણતત્ત્વ ઔર કાર્યતત્ત્વ દોનોં શુદ્ધ હૈં.** કાર્યતત્ત્વ નામ સિદ્ધ પરમાત્મદશા વહ કાર્ય હૈ ઔર ત્રિકાલી શુદ્ધ આત્મા વહ કારણ હૈ. સમ્યગ્દષ્ટિ દોનોંકો શુદ્ધ માનતા હૈ. સમજમેં આયા? ચેતનજી! ક્યા હુઆ? તન્મય હૈ ન. આઠવીં ગાથા નહીં આયી થી? પ્રવચનસાર. દ્રવ્ય એ રૂપે પરિણમી જાય છે કે નહીં? દ્રવ્ય પર્યાયરૂપસે અશુદ્ધ હોતા હૈ. પુણ્ય-પાપકા ભાવ મલિનરૂપ પર્યાયમેં હોતા હૈ, ત્રિકાલીમેં નહીં. યે સિદ્ધ કરના હૈ યહાં. ભીખાભાઈ! એ જુદી વાત છે. એક સમયની ભૂલ છે. ત્રિકાલ જ્ઞાયક ચિદાનંદ ધ્રુવ આનંદકંદ પ્રભુ વહ તો ત્રિકાલ શુદ્ધ હૈ. પર્યાયમેં અશુદ્ધતા હો કિ પર્યાયમેં શુદ્ધતા હો, વસ્તુ તો શુદ્ધ હી હૈ ત્રિકાલ. આહાહા! સમજમેં આયા?

અહીં કહે છે પંડિત કેટલાક. જબ પર્યાયમેં રાગાદિ આયા, શુભાશુભ મલિન હુઆ, તો દ્રવ્ય ઉસ રૂપ પરિણમ જાતા હૈ, દ્રવ્ય ભી અશુદ્ધ હો જાતા હૈ. દ્રવ્ય અશુદ્ધ કહાં હોતા હૈ? એ તો પર્યાયની અપેક્ષાએ. દ્રવ્ય ક્યાં અશુદ્ધ છે? દ્રવ્ય તો જો ત્રિકાલ હૈ ઉસકી એક સમયકી પર્યાયમેં મલિનતા સંસારકા ભાવ હોતા હૈ ઉસ અપેક્ષાએ અશુદ્ધદ્રવ્યાર્થિક કહા. અશુદ્ધ દ્રવ્યાર્થિકકા અર્થ હી વ્યવહારનય હૈ, પર્યાયાર્થિક હૈ. સમજાણું કાંઈ? ધર્મી સમ્યગ્દષ્ટિકી ઐસી શ્રદ્ધા હોતી હૈ કિ મૈં તો ત્રિકાલ શુદ્ધ હૂં, પર્યાયમેં અશુદ્ધતા હોને પર ભી મેરી ચીજમેં અશુદ્ધતા નહીં. આહાહા! સમજમેં આયા?

આમાં એક કળશ લીધો. વાંચ્યું છેને એમને એમ ઘણા વખતથી. શરીર, વાણી, મન તો જડ હૈ, અજીવ હૈ. એ તો કાંઈ આત્મા નથી. પુણ્ય-પાપકા ભાવ—દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાકા ભાવ, હિંસા, જૂઠ, ચોરીકા ભાવ વહ મલિન હૈ. દોનોં ભાવ મલિન–અશુદ્ધ હૈ. તો અશુદ્ધતા ઉસકી દશામેં હો, ત્રિકાલમેં અશુદ્ધતા નહીં. અજ્ઞાની ઐસે માનતા હૈ. ક્યોંકિ ઉસે શુદ્ધકી ખબર નહીં. ત્રિકાલ શુદ્ધ હૈ ઉસકા તો ભાન હુઆ નહીં. ઇસલિયે દ્રવ્ય ભી અશુદ્ધ હૈ ઔર પર્યાય ભી અશુદ્ધ હૈ (ઐસા માનતા હૈ). ભારે ઝીણું આવું. **કારણતત્ત્વ ઔર કાર્યતત્ત્વ દોનોં શુદ્ધ હૈં...** જિસમેંસે સિદ્ધપર્યાય પ્રગટ હોતી હૈ, જિસમેંસે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી દશા પ્રગટ હોતી હૈ ઐસી ત્રિકાલી ચીજ વહી આશ્રય કરનેલાયક હૈ ને વહી શાસ્ત્રકા સાર હૈ.

(વચ્ચેનો પ્રવચનનો ભાગ ઉપલબ્ધ નથી).

(કળશ ૭૩). **ઐસા હી વાસ્તવમેં, તત્ત્વ વિચારને પર...** દેખો! **(વાસ્તવિક પરમાર્થ વસ્તુસ્વરૂપકા વિચાર અથવા નિરૂપણ કરને પર) શુદ્ધતત્ત્વકે રસિક પુરુષ કહતે હૈં.** પરમાત્મા સ્વયં નિજસ્વરૂપ હૈ ઉસકા રસિક હુઆ સમકિતી, જૈનધર્મી, એને જૈનધર્મી કહીએ. ત્રિકાલી આત્મા વીતરાગસ્વરૂપ, વીતરાગકી મૂર્તિ આત્મા ત્રિકાલ હૈ ઉસકે જો રસિક જીવ હૈં, ઐસે કહતે

હૈ કે પર્યાયમેં ફેરના.... અંતર્મુહૂર્ત.... કારણ કે એ પર્યાય આશ્રય કરવાને લાયક નથી. સંસાર આશ્રય કરનેલાયક નથી એમ કહે છે. આહાહા!

ભલે સિદ્ધપર્યાય હો, તો આત્મામેં–દ્રવ્યમેં કુછ વિશેષ શુદ્ધિ હોતી હૈ ઐસા હૈ? અને સંસારપર્યાય હો તો આત્મામેં કમી હૈ, અશુદ્ધતા હોતી હૈ, કુછ કમી હૈ—ઐસા હૈ? ચાહે તો અશુભ મિથ્યાત્વ ને તીવ્ર ગૃહીત (મિથ્યાત્વ) ભાવ હો તો ભી દ્રવ્ય તો હૈ ઐસા હૈ. આહાહા! ચાહે તો કેવલજ્ઞાન પ્રગટ હો તો ભી દ્રવ્ય તો જૈસા હૈ ઐસા હૈ. આહા! ઐસે દ્રવ્યકા આશ્રય કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. ઉસકે બિના સમ્યગ્દર્શનકી ઉત્પત્તિ પરકે આશ્રયસે હોતી નહીં. તત્ત્વના રસિક જીવો એમ કહે છે. તત્ત્વના રસિક નથી એ બીજી રીતે કહે છે, એમ કહે છે. આહાહા! જેને ભાન નથી આત્મા... આહાહા!

સદવ્વાદો સુગ્ગઈ... પરદવ્વાદો દુગ્ગઇ... અષ્ટપાહુડ. સદવ્વાદો સુગ્ગઇ... વસ્તુ ત્રિકાલી આનંદકંદ પ્રભુ ઉસકે આશ્રય કરનેસે સુગતિ, મોક્ષકા માર્ગ ને મોક્ષ હોતા હૈ. પરદવ્વાદો દુગ્ગઇ... ભગવાન તીન લોકકે નાથ તીર્થંકર વે પરદ્રવ્ય હૈં. પરદ્રવ્યકા લક્ષ કરનેસે તો રાગ હી હોતા હૈ. આહાહા! ભગવાનને બાદ રાખ્યો આ ભગવાન. ભગવાન તો પરદ્રવ્ય હૈં. આલંબન લેવામાં રાગ થાય છે. ઉસકે આલંબનમેં રાગ હોતા હૈ.

કહો, ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ સમવસરણમેં બિરાજતે હો, પણ ઉસકા આલંબન લેને જાતા હૈ તો રાગ હોતા હૈ. વીતરાગી પ્રભુકા આલંબન લેનેસે રાગ હોતા હૈ. એ વીતરાગી છે, આલંબન લેનારો ક્યાં વીતરાગી છે? વીતરાગ પરમાત્માકા લક્ષ કરકે પૂજા કરનેકા ભાવ, આલંબન લેનેકા ભાવ—યે સબ રાગ હૈ, શુભરાગ હૈ, પુણ્ય હૈ, ધર્મ નહીં. એવી વાત છે ભાઈ! અહીં તો. બિલકુલ નહીં. લહસુન ખાતે-ખાતે કસ્તૂરીકા ડકાર આતા હૈ? એવી વાત છે. દુનિયાથી વીતરાગનો માર્ગ (જુદો છે). સર્વજ્ઞ પરમેશ્વર એમાંય દિગંબર સંતો. યે માર્ગ એક હી હૈ, ઇસકે સિવા કોઈ માર્ગ હૈ નહીં. સમજમેં આયા? આહાહા!

જુઓને! મુક્તિ ને સંસારમાં કાંઈ અંતર નથી. આ કહે, શું કહેવું છે તમારે? એ પણ પર્યાય છે ને આ પણ પર્યાય છે. આહાહા! પર્યાય શું હજી ખબર ન મળે. આખો આત્મા... પર્યાય તો એક સમયકી હૈ. સિદ્ધપર્યાય ભી એક સમયકી હૈ, સંસારપર્યાય ભી એક સમયકી હૈ. ત્રિકાળી ભગવાન એની દૃષ્ટિની અપેક્ષાએ મુક્તિ અને સંસાર પર્યાયમાં અંતર છે નહીં. બેય પર્યાય છે એમ કહે છે. આહાહા! ઐસે **શુદ્ધતત્ત્વકે રસિક પુરૂષ કહતે હૈં**.

હવે એમ કહે છે કે આવું કોણ કહે છે? કોણ કહેનાર છે આવી વાત? જે ધર્મી જીવ શુદ્ધ ભગવાન આત્માનો અર્થી છે એ એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા! પૂર્ણાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપી હી આત્મા હૈ. ઉસકા આશ્રય કરનેસે હી ધર્મ હોતા હૈ. બસ વહી ચીજ. પર્યાયકી ઉસમેં કિંમત હૈ નહીં, ઐસે કહતે હૈં. આહાહા! દ્રવ્યને આશ્રયે ચારિત્ર પ્રગટ્યું હોય એની

કિંમત (નથી). કેમ કે એ પર્યાય છે લ્યો. અચારિત્ર ને ચારિત્ર દોનોં પર્યાય હૈં. આહાહા! સમજમેં આયા?

સંસાર પણ એક સમયકી પર્યાય હૈ–અવસ્થા હૈ. યે સંસાર કોઈ દૂસરી ચીજ નહીં પરમેં સંસાર રહતા નહીં, દ્રવ્યમેં સંસાર હૈ નહીં. એક સમયકી અવસ્થા સંસાર હૈ. સિદ્ધ એક સમયકી અવસ્થા હૈ. દૂસરે સમય દૂસરી, તીસરે સમય તીસરી. એક સિદ્ધપર્યાય એક સમય રહતી હૈ. સાદિ-અનંત રહતી હૈ વહ દૂસરી-દૂસરી હોકર રહતી હૈ. આત્મા તો ત્રિકાલ દ્રવ્યસ્વભાવ ધ્રુવ એકાકાર હૈ. રસિકજીવો–તત્ત્વના રસિકજીવો ઐસે કહતે હૈં કે દો પર્યાયમેં અંતરભેદ નહીં દેખના. આહાહા! સમજમેં આયા? કહો, પર્યાયને ન જોવી એમ કહે છે. સમ્યગ્દર્શન.... પર્યાય છે કે દ્રવ્ય? એ તો ક્યાંય રહી ગયું. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, મુક્તિની અવસ્થામાં ને સંસારમાં—બેમાં ભેદ ન જાણવો. બેય પર્યાય છે. આહાહા! માટે આશ્રય કરવાલાયક નથી. માટે એક સમયની છે, જા. વસ્તુ તો વસ્તુ હૈ. ધ્રુવ અનાદિ-અનંત ચૈતન્યઘન... આહાહા! જેના આશ્રયમાં.... શુદ્ધાત્માનો આશ્રય ગ્રહણ કરવાલાયક છે ને પર્યાયનો આશ્રય ગ્રહણ કરવાલાયક નથી. પર્યાયનો આશ્રય ત્યાજ્ય છે એ જીવનું જ્ઞાન સમ્યક્ છે. પહેલા આવી ગઈ છે વાત. આહાહા! જિસકે જ્ઞાનમેં, વર્તમાન પર્યાયકા આશ્રય ત્યાજ્ય હૈ અને દ્રવ્યકા આશ્રય યથાર્થ ગ્રહણ કરનેલાયક હૈ—ઐસા જ્ઞાન હો ઉસકો પર્યાય ને દ્રવ્યકા યથાર્થ જ્ઞાન હૈ. ઉસકો પર્યાયકા જ્ઞાન યથાર્થ હૈ. પર્યાયકા આશ્રય ત્યાજ્ય હૈ ઐસે દૃષ્ટિવંતકો પર્યાયકા જ્ઞાન યથાર્થ હોતા હૈ. કહો, સમજાણું કાંઈ? આહાહા! પચાસ.

**पुव्वुत्तयलभावा परदव्वं परसहावमिदि हेयं ।**
**सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा ॥५०॥**

નીચે હરિગીત.

**પરદ્રવ્ય હૈ પરભાવ હૈં પૂર્વોક્ત સારે ભાવ હી,**
**અતએવ હૈં યે ત્યાજ્ય, અન્તરસ્તત્ત્વ હૈ આદેય હી. ૫૦.**

આહાહા!

**(આગળ પ્રવચન ઉપલબ્ધ નથી.)**

## મહા વદ ૧૨, શુક્રવાર, તા. ૧૧-૨-૧૯૭૨
## ગાથા-૫૦, શ્લોક-૭૪, પ્રવચન નં. ૪૬

નિયમસાર, શુદ્ધભાવ અધિકાર, ૫૦મી ગાથા. ટીકા એની છેને.

**ટીકા : આ, હેય-ઉપાદેય અથવા ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે.** ધર્મી જીવને છોડવાયોગ્ય શું છે અને ગ્રહણ કરવાયોગ્ય શું છે એનું આ કથન છે. હેય એટલે છોડવાયોગ્ય, ઉપાદેય એટલે ગ્રહણ કરવાયોગ્ય એનો અર્થ કર્યો. હેય એટલે ત્યાજ્ય, ઉપાદેય એટલે ગ્રહવું. જરીક ઝીણી વાત છે આ. **જે કોઈ વિભાવગુણપર્યાયો છે...** આત્મા વસ્તુ છે ત્રિકાળી એની વર્તમાનદશામાં વિભાવની અવસ્થાઓ બધી છે... એ ૪૯માં કહેવાઈ ગયું છે. **તેઓ પૂર્વે (૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા...** એટલે કે વ્યવહારનયથી જીવમાં–ત્રિકાળી દ્રવ્યમાં પર્યાયપણે વિકારાદિ અનેક ભાવો હોય એ જાણવાલાયક છે. સમજાણું કાંઈ? વ્યવહારનય દ્વારા...

શ્રોતા : વ્યવહારનયને જાણવાનું શું કામ છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : અસ્તિ છે કે નહીં? જ્ઞેય છે કે નહીં? જ્ઞેય છે કે નહીં? પર્યાયમાં અનેક પ્રકારના વિકારભાવો આદિ જ્ઞેય છે એમ જાણવું જોઈએ કે છે. નથી એમ નહીં, પણ છે એ હેય. આહાહા! ઝીણી વાત છે.

**પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે...** એકલો ભગવાન પૂર્ણ આનંદ શુદ્ધ ચૈતન્યઘન એના આશ્રયે–નિશ્ચયનયના જોરે એ બધા હેય છે. પર્યાયમાં થતાં રાગ-દ્વેષાદિ... અહીં તો સમુચ્ચય બધી પર્યાયો ગણી છે. બધી, શુદ્ધપર્યાય પણ હેય છે. ધર્મીને પોતાનો સચ્ચિદાનંદ સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન અનાદિ-અનંત, અકૃત્રિમ, અવિનાશી એવી જે ચીજ એની અપેક્ષાએ એની દશામાં થતાં વિવિધ પ્રકારના ઉદય-ઉપશમ આદિ ભાવો બધા હેય છે, આશ્રય કરવાલાયક નથી. આહાહા! સમજાણું કાંઈ? અહીં તો બધી ચારે ભાવની પર્યાય હેય છે એમ કહેવું છે. ઉપાદેય તો એક ભગવાન આત્મા છે. જેને સુખી થવું હોય અને સત્યને પંથે જેને દોરાવું હોય એને તો ત્રિકાળી ચૈતન્યઘન એ જ આદરણીય છે. સમજાણું કાંઈ? એની અવસ્થામાં થતાં ભાવ છે ખરા, વસ્તુ છે, છતાં એ હેય છે. બે ભાવ (એટલે) ત્રિકાળી અને વર્તમાન (પર્યાયમાં), વર્તમાન પર્યાય હેય છે ને ત્રિકાળી તે ઉપાદેય છે એમ કહેવું છે. કહો, સમજાય છે કાંઈ?

**તેઓ હેય છે.** જે વ્યવહારનયે ઉપાદેય કહ્યા હતા એ જ નિશ્ચયનયે હેય છે એમ કહે છે. ઉપાદેય કહ્યા હતાને ત્યાં? ઉપાદેયનો અર્થ કર્યો હતો કે જાણવાલાયક છે. જાણવાલાયક તો છેને પર્યાયમાં. પર્યાય છેને. નથી? એક સમયની દશા છે, પણ ત્રિકાળી દ્રવ્યમાં એ નથી અને

તે પર્યાયને આશ્રયે નવી પર્યાય પ્રગટ થતી નથી. તેથી ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લેતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને આનંદ પ્રગટે અને એ પ્રગટેલી વધે એ ત્રિકાળીને આશ્રયે. આહાહા! સમજાણું કાંઈ? કહે છે કે વ્યવહારથી જે કહ્યા હતા વસ્તુના બે અંશો, એક ત્રિકાળી અંશ અને એક વર્તમાન અંશ. વર્તમાન અંશને પર્યાય કહીએ, ત્રિકાળી અંશને દ્રવ્ય કહીએ. છે તો એના ઘરની વાત, પણ કોઈ દિ' સાંભળી નથી, વિચારી નથી. આ શરીરાદિ તો પર જડ છે. અહીંયા તો એની દશામાં થતાં વિકારીભાવ કે અવિકારીભાવ બેય હેય છે. આહાહા! ધર્મની પર્યાય પ્રગટ થાય એ પણ હેય છે. જેમાંથી પ્રગટ થાય એ ઉપાદેય છે. સમજાણું કાંઈ?

અરે! એને ખબર નથી કે હું એક કોણ છું. વસ્તુ છે અને વસ્તુમાં અનંત-અનંત–બેહદ શક્તિ–ગુણો વસેલી છે. એવું એ એક-એક આત્મતત્ત્વ રાગ ને શરીરથી ભિન્ન એવો જે ત્રિકાળીભાવ, હિતના કરનારને હિતકર એ ત્રિકાળીભાવ છે. એના આત્મા વિના જ્ઞાન ક્યાં છે? એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા! કેમ હેય છે? કે પર્યાયમાં થતાં પ્રગટ ભાવો.. ગુણ તો પ્રગટ છે ત્રિકાળ, પણ જે પ્રગટ થાય છે અવસ્થાઓ—વિકારી કે ધર્મ આદિ દશા એ બધા હેય છે. આહાહા!

**શા કારણથી? કારણ કે તેઓ પરસ્વભાવો છે...** આહાહા! ભગવાન આત્મા ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ધ્રુવસ્વભાવ છે અને એક સમયની પર્યાય એ એની અપેક્ષાએ પરસ્વભાવ છે. સમજાણું કાંઈ? **તેઓ પરસ્વભાવો છે**... એ ચારેય પર્યાયો પરસ્વભાવ છે. ઉદય પુણ્ય-પાપના ભાવ, ઉપશમભાવ... પાણીમાં જેમ મેલ હોય અને ઠરે ને ઉપર નીતરેલું પાણી દેખાય, તેમ આત્મામાં રાગ-દ્વેષના અનુદયમાં અંદર શાંતિનો ભાવ ઉપશમ પ્રગટ થાય, એ પણ હેય છે. ક્ષાયિક સમકિત પ્રગટ થાય... પ્રગટ થાય એમ કીધુંને? સમજાણું કાંઈ? એ ઓલામાં આવશે, વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે. પહેલા સમયસારનો આધાર આપે છે.

કહે છે કે ભગવાન પૂર્ણાનંદનો નાથ, વસ્તુસ્વભાવ ત્રિકાળ સ્વસ્વભાવ, એની અપેક્ષાએ વર્તમાનદશાના ભાવો, ચાહે તો ક્ષાયિક હો, ઉપશમ હો, ઉદય હો—એ બધા પરસ્વભાવ છે. સ્વસ્વભાવની અપેક્ષાએ પરસ્વભાવ છે. એક સમયમાં ત્રિકાળી સ્વભાવ એ સ્વસ્વભાવ, ત્યારે એની અપેક્ષાએ પર્યાયમાં ઉપશમાદિ ભાવો એ સ્વ-ભાવની અપેક્ષાએ પરસ્વભાવ છે. માટે હેય છે એમ કહેવું છે. સમજાય છે કાંઈ? આહાહા! ભગવાન સત્-સ્વરૂપ ત્રિકાળી ધ્રુવસ્વરૂપ સત્.. સત્.. જેને પર્યાય પણ અડતી નથી. આહાહા! સમજાય છે કાંઈ? એવો સત્-સાહેબ, સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ વસ્તુ પોતાની, એને અહીંયા સ્વ-ભાવ કહીએ, તો એની પર્યાય–કેવળજ્ઞાનાદિ પર્યાયને પણ અહીં સ્વ-ભાવની અપેક્ષાએ પરભાવ કહ્યો છે, પરસ્વભાવ કહ્યો છે. આહાહા!

કેવડો મોટો છે એ એનું એને માહાત્મ્ય આવતું નથી. હજી તો પુણ્ય-પાપના ભાવ... એમાં પુણ્યને હેય કહે તો ઠીક પડતું નથી. હમણાં અમારે વાત થઈ હતી સમયસારની. ધીરુભાઈ, નહીં? કેટલા વર્ષ પહેલા? ૪૨ની સાલમાં કોઈ આપ્યું હશે લ્યો. સુરત.. સુરતમાં? કે આ પુણ્ય-પાપના ભાવ બે, એમ કે એક સરખા, કાઢી નાખવા જેવા. શેઠ! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અને એનો જે રાગ એ પણ હેય છે એ હજી ગળે ઉતરતું નથી. એ તો હજી ઠીક, અહી તો ઉપશમ ને ક્ષાયિકભાવ થાય પર્યાયમાં એ પણ હેય છે. કારણ કે એક સમયની દશા છે, દશા છે એ પરસ્વભાવ છે, સ્વસ્વભાવની અપેક્ષાએ પરસ્વભાવ છે. આહાહા!

જ્યાં નજર નાખવાની છે ત્યાં એ પર્યાય નથી અને પર્યાયમાં દ્રવ્ય નથી. આહાહા! શું કહે છે આ? મૂળ રસ્તે ચડ્યો નથી કોઈ દિ', પગથિયાં જોયા નથી. કોર્ટમાં નવા માણસને જાવું હોય તો રાડ નાખે કે જાણે શું હશે. કોને પૈસા દેવા પડતા હશે ચા-પાણીના, કોની પાસે રીપોર્ટ લખાતો હશે? આમ ઘણીવાર ગયા હોય એને તો કાંઈ નહીં, ફલાણો પોલિસ છે ને આમ છે ને... આઠ આના આપે, લખી લો રિપોર્ટ. આહાહા!

ભગવાન આત્મા કર્મ ને શરીર ને વાણી ને કુટુંબકબીલા એ તો પર છે. એ તો એના અંશમાં પણ નથી. આત્માના અંશમાં–પર્યાયમાં પણ એ ચીજ તો નથી. એ ચીજ તો દૂર છે. એની પર્યાય એટલે વર્તમાન હાલતમાં જે કાંઈ પુણ્ય ને પાપના વિકલ્પો અને એમાં (આત્મામાં) ઠરીને ધર્મની દશા થાય એ બધી વર્તમાન અંશરૂપ છે. એથી તે ત્રિકાળી સ્વભાવમાં એનો પ્રવેશ નથી અને ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ એને પરસ્વભાવ કહેવામાં આવે છે અને પરસ્વભાવ છે માટે તે હેય છે, એમ. આહાહા! લ્યો, ક્ષાયિકભાવ હેય છે એમ કહે છે. અહીં તો પુણ્યભાવ હેય કહે ત્યાં રાડ પાડી જાય છે. સમજાણું કાંઈ?

આ તો ત્રણ લોકના નાથ... કેવળજ્ઞાનને પામવું જેને હોય એના ઉપાયની વાત છે આ તો. પરમાત્મા થાવું હોય, સિદ્ધપદે પ્રાપ્ત થવું હોય એની વાત છે. બાકી રખડતા રામ અનાદિથી રખડે છે, દેવ ને સ્વર્ગ ને શેઠિયા બધા દુઃખીના દાળિયા છે. ભગવાનજીભાઈ! દુઃખિયા છે બિચારા હોં બધાય. આહા! આકુળતા—રાગ ને દ્વેષ ને મિથ્યાત્વની આકુળતામાં પડ્યા છે બધા. એ માવાણી! સુખી હશે? સુખી હશે... આહાહા! સુખ તો ત્રિકાળી પડ્યું છે આત્મામાં. એ ત્રિકાળી આનંદસ્વરૂપ આત્મા છે, એ જ આદરણીય છે અને પ્રગટેલી પર્યાયનો આશ્રય કરવાલાયક નથી માટે હેય છે. સમજાણું કાંઈ?

**પરસ્વભાવો છે, અને તેથી જ પરદ્રવ્ય છે,** એમ કહ્યું. પાઠમાં હતું પરદ્રવ્ય ને પછી પરસ્વભાવ. અને અન્વયાર્થમાં પહેલો પરસ્વભાવ અને પછી પરદ્રવ્ય. કેમકે ભગવાન આત્મા પૂર્ણ સ્વભાવનો પિંડ પ્રભુ એની અપેક્ષાએ એક સમયની પર્યાય પરસ્વભાવ છે, માટે તે સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય છે. આહાહા! ભારે. સમજાણું કાંઈ? ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ

એમ કહે છે કે અમે પણ તારે માટે આદરણીય નથી, લે. અમારી શ્રદ્ધાથી જે રાગાદિ થાય એ પણ તારે આદરણીય નથી, લે. આહાહા! સમજાણું કાંઈ? તીર્થંકર એમ કહે. ત્રણ લોકના નાથે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા છે, એવા અરિહંત પરમાત્મા કહે છે કે અમે તો તારે માટે હેય છીએ, પણ અમારી માન્યતાનો તને વિકલ્પ થાય એ પણ તારે તો હેય છે હોં. અમારી ભક્તિમાં તને રાગ થાય એ પણ તારે તો હેય છે હોં. આહાહા! ભારે કામ ભાઈ આકરું. સમજાણું કાંઈ?

અને ત્રિકાળી સ્વભાવનો આશ્રય લઈને જે અવસ્થામાં ધર્મ નહોતો એ ધર્મ પ્રગટ થયો અને વિકારનો, મિથ્યાત્વનો વ્યય થયો, એ પર્યાય પ્રગટ થઈ એ પણ પરસ્વભાવ છે. પ્રગટીને એ. ત્રિકાળ ક્યાં હતી? એ પણ પ્રગટી. પ્રગટ અને વ્યય, એમ. ઉત્પાદ અને વ્યય એમ કહેવું છે. આહાહા! ધર્મની પર્યાય પ્રગટ થાય છે અને અધર્મની પર્યાય વ્યય થાય છે. એ બેય હેય છે. આહાહા! કારણ કે તેઓ પરસ્વભાવો છે અને તેથી જ પરદ્રવ્ય છે, એમ પાછું. **अत एव परद्रव्यं भवति** છેને? **अत एव** છે. **कुतः? परस्वभावत्वात्, अत एव परद्रव्यं भवति...** પરદ્રવ્ય છે. ત્રિકાળીદ્રવ્ય, દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ પર્યાયનો જે અંશ પ્રગટ (થાય) એ બધો પરદ્રવ્ય કહેવામાં આવે છે. વિકારી પર્યાયને પરદ્રવ્ય કહે છે, અવિકારી ધર્મદશાને પરદ્રવ્ય કહે છે. આહાહા! અને સાધકને કેવળજ્ઞાન તો છે નહીં. સમજાણું કાંઈ? ચાર જ્ઞાનની પર્યાય પ્રગટ થાય, ક્ષાયિક સમકિત પ્રગટ થાય, ચારિત્રની વીતરાગતા પ્રગટ થાય, એ પણ ત્રિકાળ સ્વભાવની અપેક્ષાએ પરસ્વભાવ છે. આહાહા! લોકો ક્યાં પડ્યા ને ક્યાં માને છે અને ક્યાં શું થાય છે એની ખબર ન મળે અને અમે ધર્મ કરીએ છીએ. સમજાણું કાંઈ?

**સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત... सगदव्वमुवादेयं** એનો અર્થ કરે છે. ત્રીજું પદ **सगदव्वमुवादेयं... अंतरतच्चं हवे अप्पा..** પછી ચોથાની કરશે. આહાહા! કહે છે કે **સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત...** પર્યાયની દશામાં જેટલા પ્રકાર ઊભા થાય—ઉદયના, ઉપશમના, ક્ષયોપશમના ને ક્ષાયિકના, એનાથી રહિત તત્ત્વ છે અંદર. સમજાણું કાંઈ? પાણીમાં તેલના બિંદુ હોય એ પાણીના દળમાં પ્રવેશ કરતા નથી. એ ચીકાશ ઉપર-ઉપર તરે છે, અંદરમાં પ્રવેશ કરતી નથી. એમ ભગવાન આત્મા પૂર્ણ સ્વભાવનો પિંડ–દળ એમાં પર્યાયનો પ્રવેશ નથી. આ શું કહે છે? આવો તે વીતરાગનો ધર્મ હશે? અહીંયા તો દયા પાળવી, વ્રત પાળવા, પૂજા કરવી, ભક્તિ કરવી, જાત્રા કરવી શેત્રુંજયની-સમ્મેદશિખરની.

અરે ભગવાન! એ તો શુભરાગ છે. આહાહા! કેમકે પરદ્રવ્ય અનુસારી વૃત્તિ છે, એ તો રાગ છે. એ તો ધર્મ નથી, પણ રાગને આશ્રયે કંઈ વિકલ્પ ઉઠે એ ધર્મ નથી, પણ નિર્મળ પર્યાય થાય એને આશ્રયે વિકલ્પ ઉઠે એ પણ ધર્મ નથી. ધર્મની પર્યાય તો ત્રિકાળને આશ્રયે ઉત્પન્ન થાય છે. જેની ખાણમાં અનંત કેવળજ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત દર્શન,

અનંત સ્વચ્છતા, પ્રભુતા, અનંત-અનંત જેના સ્વભાવમાં અનંત પરમેશ્વરતા પડી છે એવા સ્વભાવની અપેક્ષાએ રાગાદિ એવા વિભાવગુણો એ રહિત એ તત્ત્વ છે. કહો! આહાહા! હજી તો શરીર, વાણી, કર્મ, બાયડી, છોકરા પરદ્રવ્ય છે એ બેસતું નથી. શરીરને આશ્રયે ધર્મ થાય એવું આ પંડિતોમાં આવે છે.

ન્યાં પ્રશ્ન ઉઠ્યો હતોને ખાણિયા ચર્ચા. જીવિત શરીર... જીવિત શરીરને આશ્રયે ધર્મ થાય છે. આહાહા! અરેરે! ક્યાં ગયા? અહીં તો શુદ્ધપર્યાય ક્ષાયિક સમકિતને આશ્રયે ધર્મ ન થાય. ચોથે, પાંચમે, છઠ્ઠે ક્ષાયિક સમકિત છેને? આહાહા! એને ઠેકાણે શરીર–આ જીવિત શરીર છે એનાથી કાંઈક ધર્મ થાય. માળા ક્યાંના ક્યાં? પંડિતો પણ ક્યાં મુંઝાઈ ગયા? પંડ્યા પંડ્યા ફોતરા ખંડ્યા. .... વસ્તુની ખબર નહીં, એમાં આ આવ્યું એટલે નવું લાગ્યું એને. આહાહા! આ તો એકલી નિશ્ચયની–સત્યની જ વાત છે. ખોટી વાત એમાં આવતી નથી. આહા! સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્મા પરમેશ્વર કેવળજ્ઞાન પામ્યા એની વાણીમાં આ આવ્યું. એ સંતો અહીંયા બતાવે છે. સમજાણું કાંઈ? ગણધરો અને ઇન્દ્રોની વચ્ચે ભગવાનની વાણી–દિવ્યધ્વનિ (આવી). વર્તમાન મહાવિદેહમાં બિરાજે છે પરમાત્મા સીમંધર ભગવાન. એવા વીસ વિહરમાન ભગવાન, એવા અનંત તીર્થંકરોનું આ ફરમાન છે. આહાહા!

કે એક સમયની દશા એનાથી રહિત... આહાહા! **સર્વ વિભાવગુણપર્યાયોથી (રહિત) શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...** શુદ્ધ-અંતઃતત્ત્વ... અંતર સ્વભાવભાવ એકલું ત્રિકાળી એવું જે સ્વદ્રવ્ય એ જ ઉપાદેય છે, આદરણીય ને અંગીકાર કરવાલાયક એ સ્વદ્રવ્ય છે. આહાહા! ભારે છે વાત. એકકોર મૂર્તિ, મંદિર અને એકકોર કહે કે સ્વદ્રવ્ય ઉપાદેય, બાકી કોઈ નહીં. ક્યાં મેળ ખાય એમાં? એ બધું હોય છે. શુભભાવ વખતે એનું લક્ષ ત્યાં જાય છે, પણ દૃષ્ટિના વિષયમાં તો એ છોડવાલાયક છે. સમજાણું કાંઈ? વ્યવહારશ્રદ્ધા, વ્યવહારજ્ઞાન એનો વિષય પર છે. આવે છેને પંચાસ્તિકાયમાં. વ્યવહારરત્નત્રયનો વિષય એ તો પર છે. આવે છે. એ નાખ્યું છે જુઓ! થોડું. થોડું-થોડું નાખ્યું છે. પાછળ ગોટો બીજે ઠેકાણે વાળશે.

એને પરવિષય કીધો છે. નિશ્ચય સમ્યગ્દર્શન--ચારિત્ર એનો વિષય સ્વ છે. રાગાદિ થાય એનો વિષય પર છે. ભગવાનની શ્રદ્ધા, એ ભગવાન વિષય થયા. એ તો પર છે. દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન એ બધું પર છે, કહે છે. વ્યવહાર રત્નત્રય તો પરને આશ્રયે છે, એનો વિષય પર છે. નિશ્ચયનો વિષય સ્વ છે. સમજાણું કાંઈ? આહાહા! સમ્યગ્દર્શનના વિષયમાં, કહે છે કે એની પર્યાય પણ એનો વિષય નથી. આહાહા! સમ્યગ્દર્શનની પર્યાય પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. ગજબ વાત છે કે નહીં? સમજાણું કાંઈ?

**સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત શુદ્ધ-અંતઃતત્ત્વ...** એ ત્રિકાળ શુદ્ધ-અંતઃતત્ત્વ તો શુદ્ધ જ છે એમ કહે છે. પર્યાય વિનાનું ત્રિકાળ શુદ્ધ જ છે એમ કહે છે. પર્યાયમાં અમારે વિકાર હો,

પણ અંતઃતત્ત્વ તો ત્રિકાળ શુદ્ધ જ છે. સમજાણું કાંઈ? એવું **શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય...** ચૈતન્ય ભગવાન ધ્રુવસ્વભાવ, પરમસ્વભાવભાવ, વસ્તુની હયાતીનો ભાવ એ સ્વદ્રવ્ય એ જ ઉપાદેય છે. ત્યાં નજરમાં આદરણીય એ ચીજ છે. કહો, સમજાણું કાંઈ? ભારે ભાઈ! હજી તો પૈસા પરદ્રવ્ય, શરીર પરદ્રવ્ય, વાણી પરદ્રવ્ય એ બેસે નહીં. ભગવાન પરદ્રવ્ય. કીધું હતુંને દસની સાલમાં, ત્યાં બોટાદ. જુઓ! દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પર છે, એને આશ્રયે તો રાગ થાય. અરે! શુદ્ધ પરદ્રવ્ય? એ તો શુદ્ધ છે. વીરચંદભાઈ કેટલા વખતથી શ્રીમદ્‌ની ભક્તિ કરે, શ્રીમદ્‌નું વાંચે. આ પ્રશ્ન પૂછ્યો. દેવ, ગુરુ ને શાસ્ત્ર તો શુદ્ધ છે. શુદ્ધ એ પરદ્રવ્ય કહેવાય? અરે! એના (પોતાના માટે) શુદ્ધ છે, આને માટે તો પરદ્રવ્ય છે. જેને પરદ્રવ્ય બેસતું નથી હજી, એને અહીંયા પર્યાયને પરદ્રવ્ય બેસાડવું છે. આહાહા! કેટલા વરસથી હોં ભક્તિ કરતાને. છેલ્લે તો મોળા પડી ગયા. ... માળું આ કંઈક બીજું કહે છે.

ભગવાન પરદ્રવ્ય છે, દેવ-ગુરુ, ગણધરગુરુ એ પરદ્રવ્ય છે. આ કુંદકુંદાચાર્ય પોતે કહે છે કે હું તો તારા માટે પરદ્રવ્ય છું. નિશ્ચયથી હું તારા માટે આદરણીય નથી, લે. આહાહા! વ્યવહારથી તો જાણવાલાયક છે. ક્યા હૈ યે? પર્યાય પરદ્રવ્ય હૈ. ત્રિકાળી દ્રવ્યસ્વભાવ જ્ઞાનનો પિંડ એકલો, જ્ઞાન ને આનંદનું એકલું સત્‌નું સત્ત્વ, સત્‌નું એકલું સત્ત્વ એ સ્વભાવ. એવા સ્વભાવની અપેક્ષાએ પુણ્ય ને પાપ વિષમભાવ એ પરભાવ, પરસ્વભાવ અને એને લઈને પરદ્રવ્ય. પરસ્વભાવ છે માટે પરદ્રવ્ય, એમ. સમજાણું કાંઈ? આહાહા!

હજી તો કહે, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કરીએ તો સમકિત થાય, નવ તત્ત્વની શ્રદ્ધા કરીએ તો સમકિત થાય. એ આવે છે એ તો વ્યવહારની વાતું છે. એકસ્વરૂપ ભગવાન આત્મા એનો આશ્રય લીધા વિના સમકિત ત્રણ કાળમાં ન થાય. ધર્મની શરૂઆત ત્યાંથી થાય. સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગે કહ્યો છે. બીજે તો હોય નહીં, વીતરાગ સિવાય બીજે તો ક્યાંય આ છે જ નહીં. તો વળી પર્યાય ને પર્યાયમાં રાગ ને ઉપશમ ને ક્ષાયિક ને ક્ષયોપશમ કે દિ' હતું એ? ચાર ભાવ.. ચાર ભાવ પર્યાયરૂપ ને એક ભાવ પારિણામિકરૂપ. સર્વજ્ઞના પંથમાં એ માર્ગ છે, બીજે ક્યાંય નથી. ભારે આકરું પડે. એવો **શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે.**

**ખરેખર...** હવે, **अंतरतच्चं हवे अप्पा** એની વાત કરે છે જુઓ! ત્રણ પદની વ્યાખ્યા થઈ ગઈ. **ખરેખર સહજજ્ઞાન...** ત્રિકાળી જ્ઞાનભાવ, ત્રિકાળી જ્ઞાનસ્વભાવ, **સહજદર્શન...** ત્રિકાળી સ્વભાવિકદર્શન, **સહજચારિત્ર...** ત્રિકાળી વીતરાગતા, ચારિત્ર એટલે વીતરાગતા, ત્રિકાળી વસ્તુ. **સહજપરમવીતરાગ-સુખાત્મક...** સ્વભાવિક પરમ વીતરાગ સુખસ્વરૂપ. એવો જે ગુણ... એવા જે ગુણો આ બધા. **શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ...** એને અહીં શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ કહ્યું છે. સમજાણું કાંઈ? સ્વભાવિકજ્ઞાન ત્રિકાળી, સ્વભાવિકદર્શન ત્રિકાળી.. અંદર ત્રિકાળ પડ્યું એ.

સહજચારિત્ર ત્રિકાળી, સહજ પરમસુખ એવું **શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ આ સ્વદ્રવ્યનો આધાર...** આહાહા! એ તો એનું એ છે. સમજાણું?

એવું સ્વદ્રવ્યનો આધાર **સહજપરમપારિણામિક-ભાવલક્ષણ...** એવા શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ જે આ સ્વદ્રવ્ય એનો આધાર ત્રિકાળ. આધેય ગુણો અને આધાર પરિપારિણામિકભાવ એમ કરીને ભેદ કરીને સમજાવ્યું છે. વસ્તુ તો અભેદ છે. સમજાણું કાંઈ? સ્વભાવિકજ્ઞાન ત્રિકાળી.. વસ્તુ પોતે છેને ત્રિકાળી, તો એનામાં જ્ઞાન પણ ત્રિકાળ છે કે નહીં? ત્રિકાળી જ્ઞાન, ત્રિકાળી દર્શન, ત્રિકાળી આનંદ ને ત્રિકાળી ચારિત્ર–વીતરાગતા—એવું જે શુદ્ધ-અંતઃતત્ત્વ, જે અંતઃભાવ, એવું જે અંતઃભાવ, એ અંતઃસ્વભાવ એનો આધાર.. એવો આ સ્વદ્રવ્યનો આધાર.. એ અંતઃતત્ત્વ એટલે સ્વદ્રવ્ય એનો આધાર.. આહાહા! ત્રિકાળી ગુણરૂપ પારિણામિકભાવ એનો આધાર પરમપારિણામિકભાવ એમ કહે છે. સમજાણું કાંઈ?

સુખસ્વરૂપ ભગવાન આત્મા પોતે, અતીન્દ્રિય આનંદ એવું જે શુદ્ધ-અંતઃભાવ, અંતઃ સ્વભાવસ્વરૂપ એવું જે સ્વદ્રવ્ય. એવા ભાવને સ્વદ્રવ્ય કીધું. સમજાણું કાંઈ? ઓલાને પરસ્વભાવ એટલે પરદ્રવ્ય, ત્યારે આને સ્વદ્રવ્ય. એ સ્વદ્રવ્યનો આધાર, ત્રિકાળી ગુણનો આધાર એ ગુણી પરમપારિણામિકસ્વભાવ. સમજાણું કાંઈ? ૫૦મી ગાથા ઝીણી બહુ છે. સમજાણું કાંઈ? પર્યાય-બર્યાય ક્યાંય રહી ગયા. કાંતિભાઈ! મુંબઈમાં તમારે તકરાર ચાલતી હશેને. પર્યાય આવવી જોઈએ, સમકિત જે પર્યાય છે એનો વિષય દ્રવ્ય. અહીં કહે છે કે પર્યાય તો પરદ્રવ્ય છે. સાંભળને હવે! આહાહા! સમજાણું કાંઈ? બહુ ઝીણું.

આવો માર્ગ સમજવો કઠણ પડેને એટલે લોકોને પછી બહારમાં વાળી લીધા. પૂજા કરો ને ભક્તિ કરો, સિદ્ધચક્ર કરો ને શાંતિવિધાન કરો ને ઢીકણું કરો, એની માનેલી સામાયિક કરો, પોષા કરો. હજી વસ્તુની ખબર વિના શેની સામાયિક-પોષા? જેમાં ઠરવું છે એ ચીજ કેવી છે એની તો ખબર ન મળે. ખબર વિના ક્યા સામાયિક ને પોષા થાતા હતા? અજ્ઞાન છે બધું. ભગવાનભાઈ! સામાયિક ને પોષા કર્યા હશેને ઘણા? ઘણા કર્યા અજ્ઞાનના. આહાહા! અહીં તો એ કહે છે... જે પર્યાય છેને રાગાદિ કે નિર્મળ એનો આધાર દ્રવ્ય પરિણામિકભાવ નથી. ભાઈ! શું કીધું? જે પર્યાયમાં ચાર ભાવ થાય એનો આધાર આ નથી, એમ કહે છે. શુદ્ધ અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્યનો આધાર એ પરમપારિણામિકભાવ છે. આહાહા! સમજાણું કાંઈ?

એ માટે લીધો છે, પાઠ છે ખરોને. **अंतरतच्चं हवे अप्पा...** 'આત્મા' છેને એમાંથી કાઢ્યું છે. પર્યાયનો આધાર દ્રવ્ય નહીં એમ કહે છે. આવા ત્રિકાળી ગુણનો આધાર તે ગુણી પરમપારિણામિકભાવ છે એમ કહે છે. વીતરાગમાર્ગ છે એ અલૌકિક માર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વર... આહાહા! અરે! એના માર્ગની હવા પણ એને ક્યાં છે? શું માર્ગ છે, શું રીત છે એની ખબર નથી. કહે છે કે આહાહા! સ્વભાવિક ત્રિકાળી જ્ઞાન, સ્વભાવિક ત્રિકાળી દર્શન,

સ્વભાવિક ત્રિકાળી ચારિત્ર, સ્વભાવિક વીતરાગી સુખ—એવું શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ, એવો જે આખો દ્રવ્ય એને સ્વદ્રવ્ય કીધું. જ્યારે સહજ સ્વભાવની અપેક્ષાએ પર્યાયને પરદ્રવ્ય કીધું, ત્યારે આ સ્વસ્વભાવને સ્વદ્રવ્ય કીધું. અને એ સ્વદ્રવ્યનો આધાર... આહાહા! ભારે ગજબ વાત છે! એવા ગુણ જે સ્વભાવિક ધ્રુવ ત્રિકાળ એનું એકરૂપ તે પરમપારિણામિકભાવ તે ત્રિકાળ. આહાહા! સમજાણું કાંઈ?

હવે આવો ધર્મ ક્યાં...? પાંચ-પાંચ દસ હજાર માણસ ભેગા થયા હોય એમાં આવું કહે તો (કહે), શું માંડી છે? આ શું કહે છે? આવો હોય ધર્મ? એ બધી વાતું નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચયની છે એમ કહે. નિશ્ચય એટલે સાચી, બધી સાચી. એનો અર્થ ક્યાં કરે છે એ? નિશ્ચય એટલે હમણાં નહીં, એમ. હમણાં આ કરવા જેવું છે બધું. ઊંચી બાત હૈ. ઊંચી કહો કે નીચી કહો, માર્ગ આ છે. આહા! આ દુઃખના પંથે પડ્યો છે ચાર ગતિ... આહાહા! કહે છે... એ નવું આવ્યું પાછું મગજમાં. એના ગુણનો આધાર પરમપારિણામિકભાવ છે, એમ. ધ્રુવ ગુણનો આધાર પરમપારિણામિકભાવ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

શ્રોતા : ક્ષાયિકભાવનો આધાર પરમપારિણામિકભાવ નથી?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નહીં, નહીં, ક્ષાયિકભાવનો આધાર દ્રવ્ય નહીં. પર્યાયનો આધાર પર્યાય. આહાહા! ગજબ વાત છેને! અનાદિનો સ્વભાવ એનો અનાદિનો દ્રવ્ય એ આધાર, બસ. ક્ષણિક નહીં. સમજાણું કાંઈ? એ વાત મળવી, કાને પડવી, એ મહાભાગ્ય હોય તો પડે એવી છે. આહાહા! એ ભગવાને કર્યું છે યાદ. ભગવાનનું મળ્યું છે સીધું. કહો, સમજાણું કાંઈ? આહાહા!

વળી એક સમયની પર્યાય છેને આ ક્ષાયિક ને ઉપશમ બધી ધર્મની, એ તો આને આધારે છેને? આનો આધાર છે કે નહીં એને? કહે, ના. આહાહા! ગજબ વાત છે. એનો જે ત્રિકાળી ગુણ જ્ઞાન, દર્શન, આનંદ–સુખ, વીતરાગતા એ બધા ત્રિકાળી અનંત ગુણોનો આધાર એકરૂપ પરમપારિણામિકભાવ. આહાહા! એને આત્મા કહીએ એમ કહે છે. એને આત્મા કહીએ. એને અહીં કારણસમયસાર કહ્યું. આહાહા! શું કહ્યું સમજાણું કાંઈ? એક સમયની પર્યાયમાં... પર્યાય એટલે વર્તમાન પ્રગટ દશા, ભેદ પડેલી અવસ્થા. ત્રિકાળી અભેદ, ગુણ ને દ્રવ્ય બે અભેદ. એનો અંશ ભેદરૂપ વર્તમાન અંશ એવો જે પર્યાય એ તો આશ્રય કરવાલાયક નથી. એ પર્યાયનો આધાર એ ગુણ ને દ્રવ્યેય નથી, એમ કહે છે. આહાહા! જુદી જ પર્યાય છે એ તો. સમજાણું કાંઈ?

એના જે ત્રિકાળી આનંદાદિ ગુણો એનો આધાર એકરૂપ પરમપારિણામિક નામ આત્મા, એને આત્મા કહીએ. આહાહા! પર્યાયને આત્મા ન કહીએ એમ કહે છે. આહાહા! એ વ્યવહાર આત્મા છે. એની કેવળજ્ઞાન આદિ ક્ષાયિક પર્યાય થાય એ વ્યવહાર આત્મા છે. કેવળજ્ઞાન એ

સદ્‌ભૂત વ્યવહાર છે, વ્યવહાર છે. નિશ્ચય આત્મા આને કહીએ. આહાહા! આમાં આફ્રિકામાં ક્યાં સાંભળવા મળે એવું છે? ભગવાનજીભાઈ! આહાહા! ભગવાન! એકવાર સાંભળ તો ખરો! આહાહા! એક સમયની પર્યાયના જેટલા પ્રકાર વર્ણવ્યા, ઉદયના કેટલા? એકવીસ. ક્ષયોપશમના અઢાર, ઉપશમના બે, ક્ષાયિકના નવ. આહાહા! કહે છે, એ તો બધા પર્યાય અંશ છે. અંશ છે તે હેય છે હોં. ઉપાદેય ત્રિકાળી દ્રવ્ય જે છે... પહેલું સાધારણ કહ્યું હતુંને?

**શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય** એમ કહ્યું હતું. શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય, એમ. ત્રિકાળી જ્ઞાન, દર્શન આનંદાદિ જે સ્વભાવ એ સ્વદ્રવ્ય, એમ કહ્યું. અહીં તો પાછો સ્વદ્રવ્યનો આધાર... આહાહા! એકરૂપ એ. સમજાણું કાંઈ? એ આધાર-આધેયનું સમજાવ્યું છે. આધાર(-આધેય) એવા ભેદેય નથી અત્યારે. વાત એ કે ગુણો જે ત્રિકાળ છે... એની આ એકલી વાત, બસ. આધાર-આધેય ભેદ ક્યાં છે? આગળ છે આગળ. આગળ આવી ગયા છે ક્યાંક. આધાર-આધેયનો ભેદ નથી. પાનાં લખ્યા છે આમાં. ક્યાંક હશે. પાનું ૭૭ પરદ્રવ્ય.., ૧૯૯ નવપદાર્થરૂપ પરદ્રવ્ય, નવ અર્થમાં ઉત્તમ અર્થ આત્મા.. એ બધા આવે છે. આહાહા!

આધાર-આધેય આવે છેને ક્યાંક આમાં? આમાં આવે છે. આધેય-આધાર પણ નહીં, ભેદ નહીં. આવે છે ક્યાંક. આ તો સમજાવે છે. કેટલામાં? ૧૮૨ પાને. બસ એ. નિરંજન... શું ગાથા છે? **णियभावं णवि मुच्चई परभावं णेव गेण्हए केइं...** (ગાથા ૯૭) **નિરંજન સહજજ્ઞાન-સહજદૃષ્ટિ-સહજચારિત્રાદિ સ્વભાવધર્મોના આધાર-આધેય સંબંધી વિકલ્પો રહિત...** લ્યો, એ કહેવું છે આ. આ લખ્યું છે, ૧૬૫ પાનું લખ્યું છે. ૧૮૨. નિરંજન ત્રિકાળ સહજજ્ઞાન સ્વભાવિક, સહજદૃષ્ટિ સ્વભાવિક ત્રિકાળ હોં, સહજ ચારિત્રાદિ સ્વભાવધર્મોના આધાર અને આધેય એવો ભેદનો વિકલ્પ નથી એમાં. સમજાણું કાંઈ? ૨૮૬માંય છે. એવા નિજ કારણસમયસાર... ૨૮૬. ત્રિકાળ નિરાવરણ નિત્યાનંદ... છેને ઓલું? **दव्वगुणपज्जाय...** ..જોડે છે. ૨૮૬ની છેલ્લી લીટી છે.

**ત્રિકાળ-નિરાવરણ નિત્યાનંદ જેનું લક્ષણ છે એવા નિજકારણસમયસારના સ્વરૂપમાં લીન સહજજ્ઞાનાદિ શુદ્ધગુણપર્યાયનો આધારભૂત...** (ગાથા ૧૪૫) જુઓ! એમાં આવ્યું છે. **નિજ આત્મતત્ત્વમાં ચિત્ત ક્યારેય જોડતો નથી.** ૨૮૬. ત્રિકાળ નિરાવરણ નિત્યાનંદ ભગવાન જેનું લક્ષણ છે એવો સ્વભાવ, **એવા નિજ કારણસમયસારના સ્વરૂપમાં લીન...** શું? **સહજજ્ઞાનાદિ શુદ્ધગુણપર્યાયોનો આધારભૂત નિજ આત્મતત્ત્વ...** લ્યો. એમાં **ચિત્ત ક્યારેય જોડતો નથી.** આહાહા! ગજબ ટીકા કરી છેને! સમજાણું કાંઈ?

એવા **સ્વદ્રવ્યનો આધાર સહજપરમપારિણામિકભાવલક્ષણ (-સહજ પરમ પારિણામિકભાવ જેનું લક્ષણ છે એવો) કારણસમયસાર છે.** એવો **અપ્પા** નામ આત્મા છે, એને આત્મા કહીએ. આહાહા! આવ્યું હતુંને ૩૮મી ગાથામાં 'ખરેખર આત્મા'. એને આત્મા ખરેખર કહીએ. પર્યાયને આત્મા નહીં. ૩૮, નહીં? (શુદ્ધભાવ અધિકારની) પહેલી ગાથા છે. **તે ખરેખર 'આત્મા' છે.** ૩૮ ગાથા. **કારણપરમાત્મા તે ખરેખર 'આત્મા' છે.** આહાહા! શુદ્ધભાવ, એ

શુદ્ધભાવ ત્રિકાળી તે આત્મા. એના શુદ્ધભાવ(રૂપ) જે ગુણો એનો આધાર એ આત્મા. આહાહા! પર્યાય આત્મા નહીં, એકલા ગુણોનું ભેદરૂપ એ આત્મા નહીં. એ ગુણનો એકરૂપ આધાર એને અહીંયા આત્મા કહેવામાં આવે છે. આહાહા! અહીં તો, આત્મા–જીવ કોને કહેવો? કે હાલે-ચાલે એ જીવ. આત્મા કોને (કહે)? હાલે-ચાલે એ જીવ, બોલે એ જીવ. આહાહા! એવું આવતુંને ભગવાનભાઈ? જીવ કોને કહેવું? કે હાલે–ચાલે એ જીવ. બધે ચાલે છે ન્યાં.

અહીં તો કહે છે, હાલે-ચાલે એ તો જડની ક્રિયા છે, એ તો જીવ નહીં, પણ અંદર ચાલવાનો વિકલ્પ ઉઠે એ જીવ નહીં, એ તો રાગ છે. એને જાણવાની જ્ઞાનની પર્યાય એ પણ જીવ–ખરેખર આત્મા નહીં. આહાહા! સમજાણું કાંઈ? આવો શું માર્ગ? આને સાંભળે..... એના કરતાં વ્રત પાળવા, દયા પાળવી, અહિંસા પાળવી, બ્રહ્મચર્ય પાળવું એ સમજાય ઝટ. આ શું માથાકૂટ? એમાં શું સમજવું? એ તો વિકલ્પ છે રાગ. સમજાણું કાંઈ? આહાહા! શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું એ તો વિકલ્પ–રાગ છે. એ રાગ આત્મામાં નથી, એ તો આત્માનો સ્વભાવ જ નથી. આહાહા! પરભાવ છે. એ તો પરભાવ છે. સમજાણું કાંઈ? જુઓ! વસંતીલાલજી! આ તમારી ૫૦મી ગાથા આવી ગઈ. એને ૫૦મી ગાથા જોઈતી હતી.

એને આત્મા કહીએ. છેલ્લો શબ્દ છેને ‘આત્મા’ ૫૦માં. **अंतरतच्चं हवे अप्पा...** આહાહા! અંતઃતત્ત્વ એટલે અનંત ગુણો, જ્ઞાનદર્શનાદિ ગુણો. એનું એકરૂપ એ આત્મા, એમ. ઓલામાં એમ કીધુંને **सगदव्वमुवादेयं.. अंतरतच्चं हवे अप्पा,** એમ. તત્ત્વનો અર્થ ભાવ. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ (આદિ) ભાવ એનો આધાર એ આત્મા. આહાહા! ગજબ વાત છેને. કેવી શૈલીએ ટીકા છે! એને આત્મા કહીએ, એને કારણપરમાત્મા કહીએ, એને કારણજીવ કહીએ, એને કારણસમયસાર કહીએ. એનો આશ્રય કરતાં એમાં કાર્ય સમ્યગ્દર્શન, જ્ઞાન ને કેવળજ્ઞાનું થાય. સમજાણું કાંઈ? એની વ્યાખ્યા આપે છે સમયસારની ટીકા.

**सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां**
**शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम्।**
**एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा-**
**स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि॥**

**શ્લોકાર્થ : જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત છે...** એટલે જેને જ્ઞાનમાં નિર્મળતા પ્રગટ થઈ છે. આહાહા! **(ઉદાર, ઊંચું, ઉજ્જ્વળ છે) એવા મોક્ષાર્થીઓ...** જેને જ્ઞાનસ્વભાવ જ નિર્મળ પ્રગટ થઈ ગયો છે **એવા મોક્ષાર્થીઓ...** જે પરમ સુખનો જ અભિલાષી છે. **આ સિદ્ધાંતનું સેવન કરો...** આ સિદ્ધાંતને અનુભવો એમ કહે છે. **‘હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું...** લ્યો. હું તો શુદ્ધચૈતન્યમય જ્ઞાનમય અભેદ, કીધુંને. એક પરમ જ્યોતિ જ સદાય છું. ત્રિકાળ પરમ જ્યોતિ ચૈતન્યમય છું એવું અનુભવો (અર્થાત્) એનું સેવન કરો. આહાહા! સમજાણું કાંઈ? **જ્યોતિ જ સદાય છું...** એ તો ત્રણે કાળે એક પદાર્થ છે. ત્રિકાળ જ્ઞાનસ્વભાવ,

ત્રિકાળ જ્ઞાનમય જ્યોતિ ત્રિકાળ સદાય તું છો, આહાહા! એને અનુભવો. આ સિદ્ધાંતનું સેવન કરો કે હું તો આ છું.

**અને આ જે ભિન્ન લક્ષણવાળા**–જુદા જુદા લક્ષણવાળા **વિવિધ પ્રકારના ભાવો...** આમાં વિભાવ લીધો છે એકલો. **વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે...** દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ને કામ ને ક્રોધ (આદિ) વિકલ્પ ઉઠે છે એ બધા **તે હું નથી...** કહો, સમજાણું કાંઈ? આહાહા! **કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે.'** મારે માટે તો બધા પરદ્રવ્ય છે. આહાહા! હવે કળશ લઈ લ્યો. ૫૦મી ગાથા થઈ જાયને પૂરી.

**વળી (આ ૫૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–**

**न ह्यस्माकं शुद्धजीवास्तिकाया-**
**दन्ये सर्वे पुद्गलद्रव्यभावाः ।**
**इत्थं व्यक्तं वक्ति यस्तत्त्ववेदी**
**सिद्धिं सोऽयं याति तामत्यपूर्वाम् ॥७४॥**

**શ્લોકાર્થ : 'શુદ્ધ જીવાસ્તિકાયથી...** જુઓ! ભાષા વાપરી જુદી. કારણસમયસાર કહો, આત્મા કહો, શુદ્ધ જીવાસ્તિકાય કહો, કારણપરમાત્મા કહો—એ બધું એક છે. શુદ્ધ-જીવ-અસ્તિ-અસંખ્યપ્રદેશી કાયવાળું તત્ત્વ એનાથી **અન્ય એવા બધાય પુદ્ગલદ્રવ્યના ભાવો...** લ્યો, એનાથી બીજા બધા પુદ્ગલદ્રવ્યના ભાવો **તે ખરેખર અમારા નથી'...** આહાહા! અરે! બાયડી, છોકરા ને પૈસા ક્યાં નાખવા? એ શેઠ! બાલક બીડી, મોટા.... મલ્હારગઢ, નહીં? ત્યાં લઈ ગયા હતાને શેઠ. જીપમાં જોવા માટે લઈ ગયા હતા. ધર્મી તો એમ સમજે છે કે હું એક શુદ્ધજીવાસ્તિકાય ત્રિકાળી જ્ઞાયકભાવ છું. અન્ય એવા પુદ્ગલના (ભાવો) એ ખરેખર અમારા નથી. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ અમારો નથી એમ કહે છે. હવે ઓલા કહે, વ્યવહારરત્નત્રયથી નિશ્ચયરત્નત્રય થાય. આરે, ગજબ વાત છેને. કારણ કે શાસ્ત્રમાં લખ્યું છે જુઓને! પણ કઈ અપેક્ષાએ? વ્યવહારનયનું વચન છે. એમ નથી, પણ નિમિત્તથી જ્ઞાન કરાવ્યું છે. આહાહા! **ખરેખર અમારા નથી...**

**આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે...** લ્યો. **व्यक्तं वक्ति...** પ્રગટપણે જે આમ અનુભવે છે, એમ 'કહે છે' એનો અર્થ. કહે એટલે શું? ન્યાં ભાષામાં (એમ આવે). આમ જ્યાં... લાલચંદભાઈએ આ પ્રશ્ન મૂક્યો છે. એ તત્ત્વવેદી આ પ્રમાણે કહે... 'કહે' એનો અર્થ કથન નથી, એમ અનુભવે છે. **આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે** અનુભવે છે **તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે.** આવું તત્ત્વ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એને જે જાણીને અનુભવે ને વેદે... પ્રગટ વ્યક્ત વેદે, એમ. પ્રત્યક્ષ વેદે, તે ખરેખર અપૂર્વ સિદ્ધિને પામે છે. મોક્ષમાર્ગેય કહ્યો અને મોક્ષેય કહ્યો. મગ્ગ મગ્ગફલં... **અપૂર્વ સિદ્ધિ...** કોઈ દિ' મુક્તિ થઈ નથી એવી મુક્તિને એ પામે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**જ્યેષ્ઠ સુદ ૪, ગુરુવાર, તા. ૧૫-૬-૧૯૭૨**
**ગાથા-૫૦, પ્રવચન નં. ૪૭**

**અન્વયાર્થ : [पूर्वोक्तसकलभावाः] પૂર્વોક્ત સર્વ ભાવો...** ક્ષાયિક પર્યાયથી માંડીને બધી દશાઓ. ઉદયભાવ–દયા-દાનાદિ વિકલ્પ, ઉપશમભાવ, ક્ષાયિકભાવ, ક્ષયોપશમભાવ આદિ સર્વ ભાવો **પરસ્વભાવો છે...** એથી **પરદ્રવ્ય છે...** સાતમું દ્રવ્ય ભિન્ન. અખંડ દ્રવ્યસ્વભાવ એક સમયમાં ધ્રુવ ચૈતન્ય અભેદ એ સ્વદ્રવ્ય. પછી એના ભેદ પાડશે. અને એ સિવાય જેટલી પર્યાયોના ભેદ ક્ષાયિકસમકિત, ક્ષાયિકચારિત્ર, ઉપશમસમકિત, ક્ષયોપશમસમકિત, ઉદયભાવ, ક્ષયોપશમજ્ઞાન—એ બધી પર્યાયોને અહીં પરસ્વભાવ કહ્યા છે. કેમકે એ આદરણીય નથી. તેથી એ પરદ્રવ્ય છે. પાઠમાં **परदव्वं परसहावं** છે, પણ એનો અર્થ આ રીતે છે.

**તેથી હેય છે...** આહાહા! હજી તો વ્યવહારનયનો વિષય રાગ એ હેય માનવો મુશ્કેલ પડે છે. અહીં તો કહે છે કે પર્યાયના ચારે ભાવ હેય છે. કેમકે એનો આશ્રય કરવાલાયક નથી. એનો આશ્રય કરવા જાય તો રાગ થાય છે. તે પરસ્વભાવો... એકકોર ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ અંતઃતત્ત્વ કહીને એનો આધાર આત્મા ત્રિકાળી (કહ્યો). એ સ્વદ્રવ્ય અથવા એ સ્વદ્રવ્યનો આધાર આત્મા. એ સિવાય ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, જીવસ્થાન, માર્ગણાસ્થાન, ગુણસ્થાન વિગેરે બધા પરદ્રવ્ય છે. પરભાવ છે એ પરદ્રવ્ય છે. આ તો વેદાંત જેવું થઈ ગયું, કહે. પણ વેદાંતમાં આ 'પરદ્રવ્ય પરદ્રવ્યપણે છે' એવું ક્યાં છે એનામાં? એ પરદ્રવ્ય પરદ્રવ્યપણે છે, સ્વદ્રવ્યપણે એ નથી. આહાહા! એ તો પરદ્રવ્ય નથી જ, એમ કહે છે. પર્યાય નથી, પરવસ્તુ નથી. એ ક્યાં એની સાથે મેળ ખાય એવું છે?

સર્વજ્ઞ પરમાત્માએ કહેલો એક સમયનો પર્યાય આદિ ભાવ એ બધા પરસ્વભાવ છે. દયા, દાન, વ્રત, ભક્તિના, પૂજાના વિકલ્પ તો પરભાવ છે જ, ઉદયભાવ છે, પણ ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક ધર્મની પર્યાય જે ત્રિકાળી દ્રવ્યને આશ્રયે પ્રગટ થાય એ હેય છે. કેમકે સ્વદ્રવ્ય ત્રિકાળી એનાથી અન્ય છે માટે પરદ્રવ્ય એમ કહ્યું છે. આહાહા! તેથી તે હેય છે. ધર્મી જીવને એક સમયની પર્યાય પણ હેય છે એમ કહે છે. કહો! અંતઃતત્ત્વ, એ અંતઃતત્ત્વ ત્રિકાળીસ્વભાવભાવ એવું જે સ્વદ્રવ્ય, એનો આધાર એવો જે પારિણામિકભાવ ત્રિકાળ... એવું સ્વદ્રવ્ય અંતઃતત્ત્વ સ્વદ્રવ્ય... ત્રિકાળી જ્ઞાયકભાવ આદિ એવું અંતઃતત્ત્વ સ્વદ્રવ્ય, એવો જે આત્મા, એ સ્વદ્રવ્યનો આધાર એવો જે આત્મા પારિણામિકભાવ, તે જ ઉપાદેય છે. સમ્યગ્દૃષ્ટિને આ એક જ આદરણીય છે.

જે અનંત-અનંત અપરિમિત ગુણની શક્તિનો ભંડાર, એ શક્તિઓ તેને અંતઃતત્ત્વ કહીને સ્વદ્રવ્ય કીધું અને એનો ધરનાર ત્રિકાળી એને આત્મા કહ્યો. ભારે. અહીં તો હજી વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ શુભ છે, એ આદરણીય નથી. (તો કહે), ના, ના, એ તો નહીં. વર્તમાનકાળમાં શુદ્ધ-ઉપયોગ હોઈ શકે નહીં માટે એ આદરણીય છે એમ. એમ આવ્યું. કાલ આવ્યું ખૂબ જૈન ગેઝેટમાં. શુભોપયોગ તો રાગ છે. ધર્મના સ્વરૂપથી વિરુદ્ધભાવ છે. ધર્મ તો અંતર શુદ્ધ ઉપયોગ છે. રાગથી રહિત, શુભાશુભ પરિણામથી રહિત શુદ્ધ પરિણામ થાય એ ધર્મ. એને પણ અહીં તો હેય કહ્યો છે. કારણ કે પર્યાયને આશ્રયે નવી પર્યાય પ્રગટ થતી નથી. બહુ આકરું કામ. એ **આત્મા ઉપાદેય છે.** ત્રિકાળી પરમસ્વભાવભાવ એવું આત્મતત્ત્વ–વસ્તુ, અનંત સ્વભાવનું રૂપ એવું તત્ત્વ એ જ જીવને અંગીકાર કરવાયોગ્ય એટલે ઉપાદેય તે એક જ છે.

**ટીકા : આ, હેય-ઉપાદેય અથવા ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે.** એક બાજુ કહે કે આત્મા ત્યાગ-ગ્રહણ રહિત છે. એ પરવસ્તુ (માટે કહ્યું). આ તો વિકલ્પ ને પર્યાય ત્યાજ્ય છે, હેય છે, ત્રિકાળી ઉપાદેય છે—એમ અંદર બે વચ્ચેની વાત છે. પરવસ્તુનું ત્યાગ-ગ્રહણ આત્મામાં નથી. આને છોડું, કપડા છોડું, આહાર છોડું, ફલાણું છોડું. એ તો છૂટેલા જ પડ્યા છે, જુદા જ છે. એને ગ્રહી શકાય નહીં તેમ છોડી શકાય નહીં. એ તો પરવસ્તુ છે. પરવસ્તુના ગ્રહણ-ત્યાગ રહિત જ આત્માનું સ્વરૂપ ત્રિકાળ છે. આ વાત છે એ બીજી વાત છે. એની પર્યાયનો ભાગ તે ત્યાજ્ય છે અને ત્રિકાળી દ્રવ્ય તે ગ્રહણ(યોગ્ય) છે, ઉપાદેય છે. એ વાત અહીં કરવી છે. આહા! બહુ ઝીણું આવ્યું. **આ હેય...** પર્યાયને હેય, દ્રવ્યને ઉપાદેય. અથવા હેય એટલે ત્યાજ્ય અને ઉપાદેય એટલે ગ્રહણ એના સ્વરૂપનું કથન છે.

**જે કોઈ વિભાવગુણપર્યાયો છે...** જેટલા વિભાવભાવ... એ પર્યાયો બધા વિભાવભાવ છે. ક્ષાયિકભાવ હો, ઉપશમ હો—બધો વિભાવભાવ છે (અર્થાત્) વિશેષભાવ છે. સામાન્ય ત્રિકાળ સ્વભાવ નહીં. **જે કોઈ વિભાવગુણપર્યાયો તેઓ પૂર્વે (૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા...** વ્યવહારથી 'છે' એમ જાણવાલાયક છે. જાણવાલાયક છે, અસ્તિ છે. વ્યવહારનયનો વિષય... નય છે એ વિષયી છે (તો) એનો વિષય છે, પણ જાણવાલાયક છે, જાણવાલાયકની અપેક્ષાએ ઉપાદેય કહ્યા હતા.

**પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે...** ત્રિકાળી શુદ્ધ ધ્રુવ જે વસ્તુનું સત્ત્વ એકલું, જે વસ્તુનું તત્ત્વ, એકરૂપ સ્વભાવ, એની દૃષ્ટિએ તેઓ હેય છે. ઉપાદેય છે એટલે જાણવાલાયક છે. છે એમ જાણવાલાયક છે. નથી એમ નહીં એ અપેક્ષાએ ઉપાદેય કહ્યા. ચાર ભાવ આદિ પર્યાય નથી એમ નહીં. છે માટે ઉપાદેય, ઉપાદેય એટલે જાણવાલાયક છે. વેદાંતની પેઠે 'નથી' એમ નહીં. 'બ્રહ્મ સત્ય ને જગત મિથ્યા' એમ નથી. બ્રહ્મની અપેક્ષાએ જગત મિથ્યા છે. જગતની

અપેક્ષાએ જગત સત્ય છે. ત્રિકાળી વસ્તુ જે ધ્રુવ ચૈતન્યપ્રભુ એકલો સ્વભાવ–શક્તિ, એકલું શક્તિરૂપ તત્ત્વ એવું જે ધ્રુવ, એની અપેક્ષાએ પર્યાયો હેય છે એમ કહેવું છે. એની અપેક્ષાએ.

કહો, એક બાજુ મોક્ષમાર્ગને એમ કહે કે સંવર ઉપાદેય છે, નિર્જરા હિતકર છે, મોક્ષ પરમ હિતકર છે. એય! ભાઈ! વાત તો બધી લેવી જોઈએને પાછી. મોક્ષમાર્ગને એમ કહ્યો. એ તો જ્ઞાનપ્રધાન કથનથી પ્રગટ કરવાલાયક સંવર, નિર્જરા ને મોક્ષ છે એ અપેક્ષાએ ઉપાદેય ને હિતકર કહ્યું છે. પણ અહીં તો આશ્રય કરવાલાયક એ નથી. ધર્મપર્યાય પ્રગટ થઈ વીતરાગીદશા નિશ્ચય સમ્યગ્દર્શન, એ આશ્રય કરવાલાયક નથી. પર્યાયનો આશ્રય કરવા જાય તો રાગ થઈ જાય. અને પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી એથી એને હેય આ અપેક્ષાએ કહ્યું છે. અને ન્યાં ઉત્પન્ન થાય છે શુદ્ધતા, એ અપેક્ષાએ ઉપાદેય ને હિતકર કહ્યું છે.

શ્રોતા : એમાંથી કઈ અપેક્ષા સાચી છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : બેય અપેક્ષા છે એમ બરાબર જાણવું જોઈએને. જ્ઞાનપ્રધાન કથનમાં એ વાત લીધી છે. દર્શનપ્રધાન કથનમાં એકલો ભગવાન ઉપાદેય છે. એની ધર્મપર્યાય એ આદરણીય નહીં. એ હેય છે, પરભાવ છે, એમ કહ્યું છે અહીં તો. લોકોએ તત્ત્વની વાત સાંભળી નથી અને એમને એમ બાહ્યથી ત્યાગધર્મ માની અને આપણા વ્રતી છીએ, મહાવ્રત (પાળ્યા) છે. ધૂળેય છોડ્યું નથી. મિથ્યાત્વના ત્યાગ વિના બીજો ત્યાગ રાગનો હોઈ શકે નહીં. રાગનો હોં. પરનો તો ક્યાં ત્યાગ છે?

મિથ્યાત્વનો ત્યાગ તો ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવનો આશ્રય લે તો થાય છે. એ વિના મિથ્યાત્વનો ત્યાગ થાય નહીં. સમજાણું કાંઈ? મિથ્યા, અવ્રત, પ્રમાદ, કષાય—ચાર પાપ છે. એમાં મિથ્યાત્વને છોડવું એનો અર્થ શું? મિથ્યાત્વનો ત્યાગ એટલે શું? ત્રિકાળી જ્ઞાયકભાવ જે પ્રગટ પર્યાયમાં દેખવામાં આવતો નથી. અને એ પર્યાય..., ત્રિકાળી અવ્યક્ત પદાર્થ જે તત્ત્વ આખું, તત્ત્વ તરીકે અસ્તિ છે પણ પર્યાયમાં વ્યક્ત નથી, એને એ પર્યાય સ્વીકારે કે આ ઉપાદેય છે. પર્યાય એમ જાણે છે કે આ ધ્રુવ તે ઉપાદેય છે. હું ઉપાદેય નથી. આહાહા! વાત જ આખો ફેરફાર છે. ધર્મનું મૂળ સ્વરૂપ જ સમ્યગ્દર્શનથી થાય શરૂ. એ સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબર ન મળે. એ ઊંધું. એનો અર્થ કે ઊંધું, માન્યતા જ ઊંધી. શ્રદ્ધા ઊંધી અને માને કે અમે સમકિતી છીએ, વ્રતધારી છીએ.

અહીં તો પહેલી ચોંટે શરૂઆતમાં કહે છે કે ભાવ જેને ક્ષયોપશમ... ક્ષાયિક નથી, ક્ષયોપશમ છે, ઉદય છે. બે ભાવ છે (અને) એક તો પારિણામિક ત્રિકાળભાવ છે. ત્રણ ભાવ છે અનાદિના. સમ્યગ્જ્ઞાન ક્ષયોપશમ નહીં, પણ ક્ષયોપશમભાવ છે, ઔદયિકભાવ છે ને ત્રિકાળી પારિણામિકભાવ છે. એને ઉદય ને ક્ષયોપશમ હેય છે. પ્રથમની વાત છે. અને ત્રિકાળી પારિણામિકસ્વભાવ એ ઉપાદેય છે. અંતર્દૃષ્ટિ કરતાં, સ્વસન્મુખ થતાં એ ત્રિકાળી ગ્રહણ થાય

એ ઉપાદેય, એમાં એને સમ્યગ્દર્શન થાય છે અને મિથ્યાદર્શનનો નાશ થાય છે. આ રીત વિના મિથ્યાત્વનો થાય નહીં, સમકિત ઉત્પન્ન થાય નહીં. સમજાણું કાંઈ?

કેટલાક કહે, જ્ઞાન એકલું નહીં, એમાં (બાહ્ય) ચારિત્ર ભળે તો (યથાર્થ કહેવાય). નહીંતર એ જ્ઞાન વ્યભિચાર છે. આહાહા! શું ચારિત્ર? સ્વરૂપની એકાગ્રતાનું ચારિત્ર તો સમકિતમાં હોય જ તે. કેમકે ત્રિકાળી પારિણામિકસ્વભાવ એમાં તો અનંતગુણ છે શક્તિ. પણ એનું ભેદરૂપ લક્ષ ન કરતાં, અભેદ એકાકાર ચીજ છે એની દૃષ્ટિ કરતાં જેટલા ગુણો છે એનો અંશ પ્રગટ પર્યાયમાં આવે છે. તો ચારિત્રગુણનો પણ અંશ ભેગો આવે છે. આનંદનો અંશ, ચારિત્રનો અંશ, શ્રદ્ધાનો અંશ, સમકિત, વીર્યનો અંશ–સ્વરૂપની રચનાનું સમ્યક્ વીર્ય (આદિ) અનંતા ગુણોનો અંશ બહાર પ્રગટ થાય છે. ઓલું અંતર થઈ ને આ બહાર થાય છે. એ પર્યાય જ બહિઃતત્ત્વ છે.

એ તો પહેલાં ૩૮ ગાથામાં આવી ગયું છે. અહીં એ છે. સંવર, નિર્જરા, મોક્ષ, પુણ્ય-પાપ, આસ્રવ એ બધા બહિઃતત્ત્વ છે. પર્યાય પ્રગટ છે એટલે બહિઃતત્ત્વ છે. આખું તત્ત્વ મૂળ એ અંતઃતત્ત્વ છે. આહાહા! ભગવાનજીભાઈ! આવું ક્યાંય સાંભળ્યુંય નહીં હોય. આહાહા! વીતરાગ ત્રિલોકનાથ પરમાત્માનો ઢંઢેરો આ છે. છે ખરી વસ્તુ, પર્યાય પર્યાય તરીકે છે, રાગ રાગ તરીકે છે, નિમિત્ત નિમિત્ત તરીકે વસ્તુ છે. આશ્રય કરવાલાયક નિમિત્ત, રાગ ને પર્યાય નહીં. આહાહા! કહો, આમાં દેવ-ગુરુ-શાસ્ત્રનો આશ્રય કરવાલાયક નહીં એમ આવ્યું. એય!

એના બાપ કહેતા. અરે! દેવ-ગુરુ-શાસ્ત્ર શુદ્ધ એ પરદ્રવ્ય? એ તો શુદ્ધ છે. આ બધા ટોકરા વગાડી વગાડીને આખો દિ' ભજન કરે સવારમાં. આ વાત સાંભળી હતી કે નહીં મ્યુનિસીપાલિટીમાં? વીરચંદભાઈ બોલ્યા હતા. હા, એ. મ્યુનિસિપાલિટીમાં કહ્યું, દેવ-ગુરુ-શાસ્ત્ર તો શુભ છે. એ પરદ્રવ્ય? અરે! એ તો અનંતવાર પરદ્રવ્ય, પણ અહીં તો ધર્મની પર્યાય પ્રગટી એને પરદ્રવ્ય કહેવું છે. આહાહા! રાડ નાખે માણસ. એ અહીં કહે છે.

દેવ-ગુરુ-શાસ્ત્ર તો પરદ્રવ્ય છે. એનું લક્ષ કરવા જશે તો રાગ જ થશે, એમાંથી કાંઈ ધર્મ થાય એમ છે નહીં. પણ અહીં તો પર્યાય જે છે પોતાની પર્યાય–અવસ્થા, એનો આશ્રય કરવા જાશે તો વિકલ્પ–રાગ ઉત્પન્ન થાશે. નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન, નિર્વિકલ્પ શાંતિ એની ઉત્પત્તિ તો ત્રિકાળી દ્રવ્યને આશ્રયે થાય છે. છતાં જે ઉત્પન્ન થયું એનો આશ્રય કરવાલાયક નથી. જેઠાલાલભાઈ! આવું ઝીણું છે. જૈનદર્શન શું છે એ લોકોને કાને પડ્યું નથી, અજૈનને જૈન માન્યું છે. એ ત્રિકાળી ભગવાન એક સમયમાં વસ્તુ છેને. તો એનું તત્ત્વ હોયને. એ સત્ છે તો એનું સત્ત્વ શું? સત્ છે આત્મા, તો એનું સત્ત્વ–ભાવ અનંત જ્ઞાનાદિ એકરૂપ જે સત્. એવા અનંત સ્વભાવના સત્ત્વરૂપ એક સત્ એ એક જ ઉપાદેય છે. શુદ્ધનયના બળે તો **તેઓ હેય છે** બધા. આહાહા! કાને પડ્યું ન હોય, એ વિચારે કે દિ', બેસે કે દિ' એને?

**શા કારણથી?** શા કારણે આમ કહ્યું? એકકોર રામ ને એકકોર ગામ. એકકોર એક સમયમાં ભગવાન પૂર્ણ અને એક બાજુ એક સમયની પર્યાયથી માંડીને રાગ ને નિમિત્ત. બધા પરદ્રવ્ય છે. કેમ? **કારણ કે તેઓ પરસ્વભાવો છે...** એમ ઉપાડ્યું. ઓલામાં એમ હતું કે **परदव्वं परसहावमिदि हेयं**.. અર્થમાં (કહ્યું કે) પરસ્વભાવ ને પરદ્રવ્ય છે તેથી હેય છે. અહીં પહેલેથી એમ ઉપાડ્યું કે એ હેય છે, શા કારણથી? એમ. કારણકે ગદ્યની બીજી રીત હોય. શું કીધું એ? પાઠમાં **परदव्वं परसहावमिदि हेयं**.. હતું. અર્થમાં **परस्वभाव परद्रव्य हेयं**.. ટીકામાં **हेयं परस्वभावं परद्रव्यं**.. સમજાણું કાંઈ? એ હેય છે એમ પહેલું લીધું. **શા કારણથી? કારણ કે તેઓ પરસ્વભાવો છે**. આહા!

હજી તો પુણ્યના ભાવ, દયા, દાન, વ્રતને પરભાવ માનવા (કઠણ). એ નહીં, એ નહીં. પ્રશસ્ત રાગ છેને. પ્રશસ્ત રાગ છે તે શું? અધર્મ છે, સાંભળને! સમજાણું કાંઈ? એય! વ્રતના પરિણામ તો વિકલ્પ છે–રાગ છે, શુભરાગ છે. અહીં તો (કહ્યું), એ તો પરભાવ છે જ, પણ એની નિર્મળ પર્યાય આદિને અહીં પરસ્વભાવ કીધા છે. આહાહા! હેય કેમ કહ્યા? કે એ પરસ્વભાવ છે, ત્રિકાળી ભગવાનસ્વરૂપ એ નહીં. આહાહા! આવી વાતેય કાને પડી ન હોય. પછી માણસને એમ થઈ જાય કે આ શું એવું? આ હિન્દુસ્તાનમાં તો ભડકે માળા. સાંભળ્યું ન હોય. એકલા સાધુપણું, બહારની ક્રિયા ને વહોરવું ને ખાવું, નગ્નપણે રહેવું, લૂગડાં છોડવા એ સાધુ.

ધૂળેય નથી સાધુ. મિથ્યાત્વ હજી છોડ્યું નથી. કર્તાબુદ્ધિમાં બધું પડ્યું છે, વિકલ્પ શુભરાગ ઉઠે એનો કર્તા થાય છે. શેના મુનિપણા છે? રાગ ઉઠે છે એ કરવાલાયક છે એમ બુદ્ધિ છે એ મિથ્યાત્વ છે. વ્રતનો વિકલ્પ છે એ શુભરાગ છે, એ કરવાલાયક છે એ માન્યતા મિથ્યાત્વ છે. એય દેવીચંદજી! એ તો ક્યાંય રહી ગયું, પણ એને–રાગને જાણનારી પર્યાય જે છે એ પર્યાય પોતે હોય છે. રાગ તો હેય છે, પણ રાગને જાણનારી જ્ઞાનની પર્યાય એ હેય છે. કેમ? તેઓ પરસ્વભાવો છે, ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ નહીં, પરસ્વભાવ છે. આહાહા!

**અને તેથી જ પરદ્રવ્ય છે.** જોયું! આમ. એક સમયની પર્યાય, શુદ્ધોપયોગરૂપી પર્યાય પણ હેય છે. કેમકે તેઓ પરસ્વભાવ છે. ત્રિકાળ સ્વભાવની ધ્રુવતા ચૈતન્યરસ એકલું સત્ત્વ.. એકલું સત્ત્વ એટલે છે.. છે.. છે.. છે.. છે.. છે.. અસ્તિનું સત્ત્વ. એવું એકરૂપ સ્વરૂપ એને સ્વ-ભાવ કહ્યો, ત્યારે એના સિવાયની વર્તમાન પર્યાયને (પરભાવ કહી). એ અંશ એમાં આવતો નથી અને આ વસ્તુ એ અંશમાં આવતી નથી, તેથી તે અંશને હેય કહી, પરસ્વભાવો કહ્યા, તેથી તે પરદ્રવ્ય છે. **તેથી જ પરદ્રવ્ય છે**, એમ. આહાહા! પૈસો, બાયડી (આદિ) પરદ્રવ્ય તો ક્યાંય રહી ગયા. શરીર પરદ્રવ્ય. શરીરથી ધર્મ થાય. આહાહા! શરીર સારું હોય તો ધર્મ થાય, એમ. ધૂળેય ન થાય, સાંભળને! અધર્મ થાય. શરીર સારું હોય તો ધર્મ (થાય) એ માન્યતા જ

અધર્મ છે. આ તો જડ છે, અજીવ છે. એને પરદ્રવ્યની પર્યાય કબૂલવી કઠણ પડે. અંદર આત્મા છે ત્યાં સુધી ચાલે છે એમ કહે, લ્યો. માટે સચેત પરદ્રવ્ય છે. આહાહા! જીવિત શરીર...

ભ્રમણા.. ભ્રમણા.. જગતને મિથ્યાત્વની ભ્રમણા. (વ્યવહારના કથનોને નિશ્ચય) માની લીધા. આહાહા! ઘીનો ઘડો કીધો તો માની લીધો ઘીનો. આહાહા! અહીં કહે છે... સંસ્કૃત ટીકા છે, કુંદકુંદાચાર્યનો શ્લોક છે. ટીકા છે, પદ્મપ્રભમલધારિદેવ મુનિ દિગંબર સંત વનવાસી એની આ ટીકા છે. એ પર્યાયનો ભાવ હેય છે. **શા કારણે? કેમકે તેઓ પરસ્વભાવો છે, અને તેથી જ પરદ્રવ્ય છે**, એમ. સ્વસ્વભાવથી બીજી જાત પરસ્વભાવ છે માટે તેને 'પરદ્રવ્ય છે' એમ કહ્યું. ભારે નાખી વાત. એ કેવળજ્ઞાન પરદ્રવ્ય છે એમ કહતે હૈં. પંડિતજી! એક સમયની પર્યાય છેને. ત્રિકાળીની અપેક્ષાએ એ હેય છે, કેમકે એ પરસ્વભાવ છે. આ સ્વભાવ નહીં તેથી પરસ્વભાવ. તેથી એ પરદ્રવ્ય છે. આહાહા! ગજબ વાત છે! આવી શૈલી દિગંબર સંત સિવાય ક્યાંય ન મળે. જૈનના ફિરકાઓમાં ન મળે, તો અન્યમાં તો છે જ નહીં ક્યાંય. એ સત્ય વાત આવી ક્યાંય નથી. સમજાણું કાંઈ?

શ્રોતા : એવી ટીકા કઠણ પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી : વસ્તુસ્થિતિ છે. અનંત કાળમાં એ વાત બેઠી નથી. સહેલું બીજું લાગે ત્યાં જાય છે, આ વસ્તુ આકરી લાગે છે. વસ્તુ પરમ સત્ય તો આ છે.

વ્યવહારના વિષયો બધા, શુદ્ધનિશ્ચયના જોરથી ત્રિકાળીમાં આશ્રય કરવાલાયક છે એના જોરથી, એ વસ્તુ લક્ષમાં લેવા લાયક નથી માટે હેય છે. શા કારણે? કે પરસ્વભાવ છે. સ્વદ્રવ્ય ત્રિકાળીનું લક્ષ કરવા જાય છે ત્યારે એ પર્યાય હેય થઈ જાય એટલે આશ્રય રહેતો નથી, અને તેથી તે પરસ્વભાવ છે અને તેથી તે પરદ્રવ્ય છે. આ સ્વદ્રવ્યની અપેક્ષાએ પરસ્વભાવ હેય છે, કારણ કે પરસ્વભાવ છે તેથી તે પરદ્રવ્ય છે. આહાહા! ઓલા વીરચંદભાઈ કહે, દેવ-ગુરુ-શાસ્ત્ર પર? શિવલાલભાઈ! કહો! કેટલી વાર ત્યાં અગાસમાં રહે. દેવ-ગુરુ તો પર છે, સિદ્ધ પર છે, અરિહંત પર છે, પણ અહીં તો કેવળજ્ઞાનની પર્યાય, ક્ષાયિક સમકિત, ક્ષયોપશમ સમ્યક્ ચાર જ્ઞાન એ પણ હેય છે.

શા કારણે? એ કાયમી સ્વભાવ નથી, એથી એ કાયમી સ્વભાવની અપેક્ષાએ પરસ્વભાવ છે, તેથી તેને પરદ્રવ્ય કહેવામાં આવે છે. આ હેતુ. પરદ્રવ્ય કેમ કીધો એનું હેતુ કહ્યો. હેય તો કહ્યા, કેમકે પરસ્વભાવ છે. ત્રિકાળ જ્ઞાયક ચિદાનંદ પ્રભુ પરમસ્વભાવ ધ્રુવ એકરૂપ સત્ત્વ જે અનાદિ-અનંત દ્રવ્યની હયાતીનો સ્વભાવ એની અપેક્ષાએ એની (-ક્ષણિક ભાવની) હયાતી નથી. આહાહા! એમ કહ્યુંને ૫૬મી ગાથા, પંચાસ્તિકાય. 'દ્રવ્ય આત્મલાભ હેતુ.' વસ્તુના સ્વરૂપની હયાતીવાળું આ તત્ત્વ. પર્યાય એ દ્રવ્યના સ્વરૂપની હયાતી નહીં. વસ્તુની–આત્માના સ્વરૂપની હયાતી–મોજૂદગી એ દ્રવ્ય–વસ્તુ, એ સ્વસ્વભાવ વસ્તુ.

કહો, એ સંસ્કૃત ટીકા છે હોં. **शुद्धनिश्चयनयबलेन हेया भवन्ति। कुतः? परस्वभावत्वात्, अत एव परद्रव्यं भवति।** એ કારણે જ, આ કારણે પરદ્રવ્ય કીધા એમ કહે છે. હેતુ નથી, કારણ નથી. સમજાણું આમાં? હવે આ વાત મોટી સભામાં ગોઠે કોને? આ શું કહે છે? હવે તો બધું પાંચ-પાંચ હજાર માણસમાં મૂકતા. ઇન્દોરમાંય વાત ચાલતી. બહુ સૂક્ષ્મ આવતા થોડીક-થોડીક.... માર્ગ તો આ છે ભાઈ! સમજાણું કાંઈ? **સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત...** લ્યો, એ બધા વિભાવગુણપર્યાયોથી રહિત... એક સમયની ક્ષાયિકપર્યાય, ઉપશમ આદિ વિભાવપર્યાય એનાથી રહિત **શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ**... શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ ત્રિકાળ. સ્વભાવભાવમાં છે હોં હજી. શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...

શુદ્ધ આવ્યું હતુંને આપણે ૩૮મી ગાથામાં. શુદ્ધ.. શુદ્ધ.. ત્રિકાળ તે શુદ્ધ, પર્યાયના ભાવથી રહિત તે શુદ્ધ, એમ આવ્યું હતું. આ નવ તત્ત્વ... નવ તત્ત્વની સંવર-નિર્જરા પર્યાય એનાથી અત્યંત ભિન્ન એ શુદ્ધ. ..... વહાં ભી ચલા થા. છઠ્ઠી ગાથા, અગિયારમી ગાથા, આડત્રીસમી, એકસો બાણુ. શુદ્ધ.... ૭૨, કર્તાકર્મ. શુદ્ધ... આની આ વાત છે. કર્તા-કર્મ છે, એક પર્યાયમાં ષટ્કારકના કર્તૃત્વ એક સમયની પર્યાય. પર્યાય કર્તા, પર્યાય કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન—એવી એક સમયનો ષટકારક એનાથી રહિત, આહાહા! એને શુદ્ધ કહેવામાં આવે છે. અહીંયા પણ એ. વિભાવગુણપર્યાયથી રહિત, એનો અર્થ કે વિભાવગુણપર્યાય તે અશુદ્ધ. આની (દ્રવ્યની) અપેક્ષાએ હોં.

**શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે.** શુદ્ધ-અંતઃતત્ત્વ... અંતઃતત્ત્વભાવ-સ્વરૂપ સ્વદ્રવ્ય... શુદ્ધ-અંતઃતત્ત્વભાવ એવું સ્વદ્રવ્ય એ ઉપાદેય છે. સમ્યગ્દૃષ્ટિને શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય જ આદરણીય, અંગીકાર કરવાલાયક છે. આહાહા! નાસ્તિ કરીને અસ્તિ કરી. 'સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત' એ તો નાસ્તિ કરી. સહિત શું? શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ. અંતઃતત્ત્વસ્વરૂપ છેને ભાવ.. ભાવ હોં એનો. અંતરનો સ્વભાવભાવ કાયમી, એવો અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય, એને સ્વદ્રવ્ય કીધું. એ ભાવ છે ત્રિકાળી એને સ્વદ્રવ્ય કીધું. ઓલો પરભાવ છે એને પરદ્રવ્ય કીધું. હવે પછી અહીં ભાવને આધાર લઈને આત્મા કહી દીધો. આ ભાવ છે ખરોને. **अंतरतच्चं हवे अप्पा..** આહાહા! ભારે વાત ભાઈ! ગાથા તે પણ ગાથા!

અનંત જ્ઞાન-દર્શન આનંદાદિ જે સત્ત્વ ત્રિકાળીભાવ એવો જે ત્રિકાળી સ્વભાવ, એ સ્વભાવરૂપ અંતઃતત્ત્વ એ સ્વદ્રવ્ય. જ્યારે અંતઃતત્ત્વરૂપભાવ એને સ્વદ્રવ્ય કીધુંને, ત્યારે એની અપેક્ષાએ ઓલી પર્યાયને પરસ્વભાવ કહીને પરદ્રવ્ય કીધું. બરાબર ન્યાયથી જુઓ! સ્વદ્રવ્ય એટલે ઓલો ભાવ હોં. વસ્તુ એ નહીં, વસ્તુનો ત્રિકાળી ભાવ. એકકોર આની પર્યાયનો ભાવ, એકકોર ત્રિકાળીભાવ. ત્રિકાળીભાવ એને જ્યારે સ્વદ્રવ્ય કહ્યું, અંતઃતત્ત્વરૂપ સ્વદ્રવ્ય એ ઉપાદેય અને એની અપેક્ષાએ એક સમયની પર્યાય (હેય). છે બેય ભાવો—આ ત્રિકાળીભાવ, આ

ક્ષણિકભાવ. ભાવનો કરનાર અપ્પા–આત્મા, એ પછી લેશે. ભાવની અંદરની પહેલી વાત છે. આહાહા!

જ્ઞાન-દર્શન-ચારિત્ર-આનંદ-શાંતિ આદિ જે ત્રિકાળીભાવ.. ત્રિકાળી સ્વભાવ. એ ત્રિકાળી સ્વભાવ એ શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ.. અંતઃતત્ત્વસ્વભાવભાવ.. તત્ત્વ છેને? અંતઃસ્વભાવભાવરૂપ સ્વદ્રવ્ય. એ ઉપાદેય છે. કહો, સમજાણું આમાં? બહુ ઝીણું આ. વીતરાગનો માર્ગ કોઈ અલૌકિક છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જેણે એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણ્યા, એની વાણી ઇન્દ્રો ને ગણધરોની સમક્ષમાં આવી નીકળતી હતી. સાધારણ વાતું (હોય)? આ વસ્તુ જે ત્રિકાળી સ્વભાવભાવ, વસ્તુનો જે ત્રિકાળી સ્વભાવભાવ એ ઉપાદેય છે અને વસ્તુનો જે પર્યાયભાવ એ હેય છે. આહાહા!

શ્રોતા : એ પર્યાય પોતે કહે છેને કે હું હેય છું?

પૂજ્ય ગુરુદેવશ્રી : પોતે કહે છે કે આ ત્રિકાળી સ્વભાવભાવ એ ઉપાદેય છે. પર્યાય જાણે છેને? આ ભાવ, હું જે છું એવો ભાવ, એ ભાવ પરસ્વભાવ છે. જ્યારે આ ત્રિકાળી સ્વભાવભાવને સ્વદ્રવ્ય કહીએ છીએ, પર્યાય કહે છે આને, ત્યારે એની અપેક્ષાએ પર્યાયને પરભાવ ગણી, આ ભાવથી પરભાવ ગણી પરદ્રવ્ય કીધું. આહાહા! વીતરાગ કેવળી સિવાય આ વાત ક્યાંય નથી. આહાહા! આવું વસ્તુનું સ્વરૂપ જ પણ આ હોય. બીજી રીતે હોઈ શકે નહીં. લોજીક–ન્યાયથી, યુક્તિથી... મૂળ ભાવ. 'મૂળ માર્ગ સાંભળો જિનનો રે' એ આ. બીજે ઠેકાણે વ્યવહારના કથન આવે ત્યાં ..... કે લ્યો આવ્યું. પણ એ તો જાણવા માટે આવ્યું, સાંભળને! જાણીને જ્ઞાનીને છોડવાલાયક છે એમ જણાવે છે. આહાહા!

અરે! **સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત...** પર્યાયોના જેટલા ભાવો એ બધા વિભાવ ગુણપર્યાય. ત્યારે ત્રિકાળી શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ... ઓલું વિભાવભાવથી રહિત છેને? એટલે અહીં શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ.. અંતઃભાવસ્વરૂપ.. અંતઃભાવસ્વરૂપ સ્વદ્રવ્ય.. એને સ્વદ્રવ્ય કહીને ઉપાદેય કહ્યું. ત્રિકાળી સ્વભાવભાવને સ્વદ્રવ્ય કીધું. એનો આધાર વળી પછી. ..... લેશે. આહાહા! બીજું શું, જરીક એટલો ભેદ પાડે છે જુઓ! છે તો એનો એ, પણ છતાં ભેદ પાડે છે. હવે કહે છે જુઓ!

**ખરેખર સહજજ્ઞાન...** જુઓ! ત્રિકાળીભાવ અંતઃતત્ત્વ એ. શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ જે સ્વદ્રવ્ય કહ્યું હતું એ શું? કે સહજજ્ઞાન (એટલે) ત્રિકાળી જ્ઞાન, ત્રિકાળી દર્શન, ત્રિકાળી ચારિત્ર, ત્રિકાળી સહજપરમવીતરાગસુખસ્વરૂપ. શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ એ ભાવ જે હતો એ. આ સ્વદ્રવ્ય. આહાહા! ભાવ લઈને પરભાવ કહીને હેય કીધા. હવે એ ભાવનો આધાર? આહાહા! એટલું છેને અંદરમાં. **अंतरतच्चं हवे अप्पा** એમાંથી કાઢ્યું છે. આહાહા! ભારે ટીકા ગજબ ટીકા! પહેલું શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય કહ્યું હતું, એ શું? એમાં શું આવ્યું અંતઃતત્ત્વમાં–

સ્વદ્રવ્યમાં? કે સહજજ્ઞાન–સ્વભાવિકજ્ઞાન પારિણામિકભાવરૂપ ત્રિકાળી, **સહજદર્શન–**ત્રિકાળી દર્શન, ત્રિકાળી **સહજચારિત્ર–**વીતરાગતા અંદર, **સહજપરમવીતરાગ-સુખાત્મક...** સુખ લીધું. જ્ઞાન, દર્શન, ચારિત્ર ને સુખ.

એવું **શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...** શુદ્ધ-અંતઃતત્ત્વભાવસ્વરૂપ... શુદ્ધ-અંતઃતત્ત્વભાવ-સ્વભાવસ્વરૂપ **આ સ્વદ્રવ્ય...** એવું જે સ્વદ્રવ્ય. ઠીક! એનો **આધાર...** આહાહા! **સહજપરમપારિણામિકભાવલક્ષણ (-સહજ પરમ પારિણામિક ભાવ જેનું લક્ષણ છે એવો) કારણસમયસાર છે.** ત્રિકાળી દ્રવ્ય લીધું. આને (સ્વભાવને) દ્રવ્ય કહીને એનો આધારને કારણસમયસાર કીધું. આહાહા! ભાવ... જ્ઞાયકભાવ લીધો છેને, આમ ઓલામાં છઠ્ઠીમાં પણ તે જ્ઞાયકભાવ. એ ભાવ તે દ્રવ્ય છે. પણ એ આટલું જરી... ભાવ—ત્રિકાળીભાવ અને પર્યાયભાવ. એમાં એ ત્રિકાળીભાવ એનો આધાર દ્રવ્ય છે, એકરૂપ છે. આહાહા!

આ ૫૦મી ગાથા વંચાઈ ગઈ હતી. ફરીને શરૂઆતથી મુહૂર્ત કર્યું આ તો. એ જ્યારે-જ્યારે વાંચે ત્યારે તેમાં કાંઈ નવું લાગે. વસ્તુ એવી છેને એ. ઊંડે-ઊંડે ઉતરો આઘે. **આ સ્વદ્રવ્યનો આધાર**... સ્વદ્રવ્ય કોને કહ્યું? ભાવને, અંતઃતત્ત્વસ્વરૂપભાવ. એકકોર પર્યાયભાવ, એકકોર સ્વભાવભાવ. આમ બે (ભેદ) પાડીને સ્વભાવભાવને સ્વદ્રવ્ય કીધું, ત્યારે પર્યાયને પરદ્રવ્ય કીધું. એને હેય કહ્યું, ત્યારે આને ઉપાદેય કહ્યું. એને પરદ્રવ્ય કહ્યું, તો આને સ્વદ્રવ્ય કહ્યું. એને પરસ્વભાવ કહ્યો, તો આને સ્વસ્વભાવ (કહ્યો). ભાવ–સ્વભાવ હોં. આહાહા! માણસો સ્વાધ્યાય કરતા નથી અને વાંચે આવું, એ .... જાઓ. એ તો નિશ્ચયથી આમ કહ્યું. પણ નિશ્ચય એટલે સત્ય.

**આ સ્વદ્રવ્યનો આધાર**... ઓલા ભાવને આધેય કીધો, વસ્તુ તરીકે તેને આધાર કીધો. વસ્તુ તો અભેદ છે, પણ આ રીતે એને સિદ્ધ કર્યો છે. ભાવથી વાત કરી છે આમ. આ પર્યાયરૂપી ભાવ છે ખરોને. આ બાજુ ત્રિકાળીભાવ. ત્રિકાળીભાવ તે સ્વદ્રવ્ય અંતઃતત્ત્વ, ઓલા પરદ્રવ્ય. એ હેય, આ ઉપાદેય. કેમકે આ સ્વદ્રવ્યથી ભિન્ન માટે પરદ્રવ્ય, એમ. હવે એ સ્વદ્રવ્યનો આધાર... આહાહા! એ શું? **સહજપરમપારિણામિકભાવલક્ષણ**... સ્વભાવિક પરમપારિણામિક જેનું લક્ષણ... **સહજ પરમપારિણામિકભાવ જેનું લક્ષણ**... ઓલા ભાવ પણ પારિણામિકભાવ જ હતા. પણ ભાવની વ્યાખ્યા હતી. આ હવે કારણસમયસાર ત્રિકાળી. આહાહા!

પરમ.. **સહજપરમપારિણામિકભાવલક્ષણ**... સ્વભાવિક પરમપારિણામિકભાવ જેનું લક્ષણ **એવો કારણસમયસાર,** કારણપરમાત્મા, કારણજીવ. આહાહા! લ્યો, એને કારણ-સમયસાર કહીએ, ત્રિકાળી ચીજને કારણસમયસાર કહીએ, ત્રિકાળીભાવને સ્વદ્રવ્ય કહીએ. સ્વદ્રવ્યનો આધાર તેને ત્રિકાળી પારિણામિકભાવે કારણસમયસાર કહીએ. અહીં તો ૧૧મી

ગાથા ચાલતી હતી ફતેપુર. શેઠિયા આવ્યા એટલે ફુલચંદજી કહે, ઝીણું પડશે. ઝીણું પડશે એમ બોલ્યા નહોતા. ૭૨મી લ્યો. તે દિ' એમ હતું જયપુર. શાહુજી આવ્યા ત્યારે ભાઈએ કહ્યું હતું. તે દિ' ત્યાં ૭૩ કહ્યું હતું. શાહુજી આવ્યા હતા જયપુર પોર, ત્યારે કૈલાસચંદજીએ કહ્યું હતું. ૭૧ સુધી આવી હતી, ૭૨ લેવી હતી. એ કહે, ૭૩ લ્યો. પછી ૭૩ લીધી.

આ કારણસમયસાર. કારણસમયસાર છે તો કાર્ય આવવું જોઈએ. કારણસમયસાર આવું ત્રિકાળ અંતઃતત્ત્વસ્વરૂપ જ્ઞાન-દર્શન-આનંદ-વીતરાગ સ્વભાવ એવું જે સ્વદ્રવ્ય, એનો આધાર જે ત્રિકાળી કારણસમયસાર આમ છે એમ જેને સ્વીકાર થાય તેણે કારણસમયસાર માન્યું કહેવાય. અને આમ છે એ માન્યતામાં આવે ત્યારે કાર્ય સમ્યગ્દર્શન થયા વિના રહે નહીં. આવો કારણસમયસાર છે (એમ) એને ભાવમાં, શ્રદ્ધામાં આવવું જોઈએ કે નહીં? એ છે.. છે.. પણ છે એ પોતાના ખ્યાલમાં આવ્યા વિના 'છે' ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ?

અંતઃતત્ત્વસ્વભાવભાવ એવું સ્વદ્રવ્ય, એનો આધાર પરમપારિણામિકલક્ષણ કારણસમયસાર.. કારણસમયસાર. આવું કારણસમયસારસ્વરૂપ છે એ 'છે' એવું પ્રતીતમાં આવે એને છે. એનો અર્થ એ થયોને. પ્રતીતમાં ન આવે એને છે.. છે.. એમ શી રીતે પણ? એ ક્યાં છે, કોણ છે એની ખબર છે? ખબર કરને. ખબર વિના 'છે' ક્યાંથી આવ્યું? એ ખબરવાળા કહે છે અને ખબર કરે એને કહે છે. એ તો છે.. છે કારણસમયસાર. એનો અર્થ કે કાંઈ નથી. છે એટલે જાણે કોઈકની વાતું કરતો હોય.

સ્વભાવિક પરમપારિણામિકભાવ જેનું લક્ષણ છે... ઓહોહો! આ તે ટીકા. એ ગાથા ને ટીકામાં બાર અંગ ને ચૌદ પૂર્વનો સાર ભરી દીધો છે. આહા! લ્યો, આ એક કલાક તો થયો આ એક ગાથામાં. ઘૂંટી-ઘૂંટીને તો કહેવાણું છે. એમ આવ્યુંને છેલ્લું જુઓને! **भावलक्षणकारणसमयसार इति**. પર્યાયના ભાવ (એને) પરસ્વભાવ લઈને... કેમ? કે અંતઃતત્ત્વ એ સ્વસ્વભાવ, એ સ્વદ્રવ્ય. (તેથી) પર્યાય પરસ્વભાવ, તેથી પરદ્રવ્ય. તેથી હેય પાઠમાં લીધું. અહીં કીધું કે હેય કેમ? એ પરસ્વભાવ છે. સ્વસ્વભાવ ત્રિકાળી નહીં એ માટે પરસ્વભાવ અને પરસ્વભાવ માટે પરદ્રવ્ય. જ્યારે આ સ્વસ્વભાવ માટે સ્વદ્રવ્ય. આહાહા! સ્વદ્રવ્ય એનો આધાર વસ્તુ પોતે કારણસમયસાર. ભાવ ને ભાવનો આધાર બેયની વ્યાખ્યા કરી. ગજબ કર્યું છેને આ. આહાહા! અસ્તિતત્ત્વનું આવું સ્વરૂપ છે. સ્વરૂપ જ આવું છે. બાબુભાઈ! ન્યાં ફતેપુરમાં ક્યાં આવું મંડાય? કહો, સમજાણું? ન્યાં ૧૧મી ગાથા લીધી તો ફૂલચંદજીએ ચાલવા દીધી નહીં. ૭૨ લ્યો ૭૨. એ સરળ પડે. હવે એના આધાર માટે સમયસારનો કળશ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**જ્યેષ્ઠ સુદ ૫, શુક્રવાર, તા. ૧૬-૬-૧૯૭૨**
**ગાથા-૫૦-૫૫, શ્લોક-૭૪, પ્રવચન નં. ૪૮**

નિયમસાર, શુદ્ધભાવ અધિકાર. ૫૦ ગાથા થઈ ગઈ. કળશ છેને કળશ.

**એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૮૫મા શ્લોક દ્વારા) કહ્યું છે કે...** કુંદકુંદાચાર્યના જ્ઞાનને જ યાદ થાય છેને આ. જ્ઞાનપંચમી છેને આજ શ્રુતપંચમી.. શ્રુતપંચમી. શ્રુતપંચમીનો અર્થ આ. સમ્યગ્જ્ઞાન અંતરમાંથી પ્રગટ કરવું એ શ્રુતપંચમી. એ જ કામ ચાલે છે અહીં જુઓ! એ આવશે અહીંયા. **चित्तचरितै..** જ્ઞાનનું આચરણ જેનું ઉદાત્ત છે એ જ આવે છે પહેલું. શ્રુતપંચમી છેને જુઓ!

**सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां**
**शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम्।**
**एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा-**
**स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि॥**

આ જ્ઞાન-શ્રુતપંચમી છે એ મૂળ તો ષટ્ખંડાગમની રચના થઈ એનો આ મહોત્સવ હતો. એની આ શ્રુતપંચમી છે. ભગવાનની વાણી પરંપરાએ હતી, સંતોએ શાસ્ત્રમાં રચી અને એનો અંકલેશ્વરમાં જેઠ સુદ પાંચમનો મહોત્સવ (થયો). ધરસેન આચાર્યે, પુષ્પદંત ને ભૂતબલી બન્ને વીતરાગી સંત હતા એમને આપ્યા ષટ્ખંડાગમ, એમણે ત્યાં રચના કરી. અંકલેશ્વરની આસપાસ તાડપત્ર બહુ છે. એમાં ધરસેન આચાર્યે... આજનો એનો મહોત્સવ છે. જ્ઞાનની પરંપરા ટકી રહે એ માટે શાસ્ત્રની રચના કરી હતી. આચાર્યોને પણ એમ ધરસેન આચાર્યે.... અરેરે! શાસ્ત્રનો ઉચ્છેદ થશે. પછી મુનિઓને શાસ્ત્ર આપું એવો વિકલ્પ આવ્યો અને એ શાસ્ત્ર સમજનારા પાત્રો પણ પુષ્પદંત અને ભૂતબલિ હતા. એમણે શાસ્ત્રો ઝીલ્યા અને રચ્યા. એ આ શ્રુતપંચમીનો દિવસ છે. ષટ્ખંડાગમની મોટો મહોત્સવ (કરી)ને પૂજા કરી હતી અંકલેશ્વરમાં. સનાતન દિગંબર ધર્મનો શાસ્ત્રો... ષટ્ખંડાગમની રચનાનો મહોત્સવનો આ દિવસ છે આજ. આ તો આત્મામાં છે એને થાય, અહીં તો એવી વાત છે.

**શ્લોકાર્થ : જેમના ચિત્તનું ચરિત્ર...** ચિત્ત શબ્દે જ્ઞાન છે અહીંયા. જેના જ્ઞાનનું આચરણ-જ્ઞાનમાં જેને ઊંચો અભિપ્રાય છે, જેમના ચિત્તનું-જ્ઞાનનું ચરિત્ર એટલે અભિપ્રાય.. જ્ઞાનમાં જેનો અભિપ્રાય ઊંચો છે, **ઉદાત્ત** છે, **(-ઉદાર** છે, **ઉચ્ચ** છે, **ઉજ્જ્વળ) છે...** એવો જે આ ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ એની જેને અંતર્દૃષ્ટિ થઈ છે અને જ્ઞાનાચરણ થયું છે, એમ કહે છે. પુણ્ય-પાપ વિકલ્પની વાત અહીં નથી. એ આચરણ એ જીવનું આચરણ નહીં.

ગાથા ૩૦૦નો કળશ છેને આ. પુણ્ય ને પુણ્યક્રિયાનું આચરણ એ આત્માનું આચરણ નથી, એ જ્ઞાનસ્વરૂપ ભગવાન એનું આચરણ નથી. એ જ્ઞાનસ્વભાવી વસ્તુ એનું ચરિત્ર નામ અભિપ્રાય, જ્ઞાનસ્વભાવના આચરણનો અભિપ્રાય ઉદાર છે, ઉચ્ચ છે, ઉજ્જ્વળ છે.

**એવા મોક્ષાર્થીઓ...** એવા આત્માના આનંદના સુખના અનુભવીઓ... એમ કહે છે. સમજાણું? **એવા મોક્ષાર્થીઓ**–મોક્ષના પ્રયોજનવાળા. એનો અર્થ કે મોક્ષમાં પરમ આનંદ છે એનું અહીંયા આનંદના વેદનમાં એને ભાન છે કે મોક્ષ આવો છે. સમજાણું કાંઈ? પૂર્ણ આનંદના પ્રયોજનવાળો એને મોક્ષાર્થી કહીએ. એને સ્વ-આનંદનો–અતીન્દ્રિય આનંદનો અનુભવ છે, જે જાત મોક્ષમાં છે એની જાતનું વેદન છે. સમજાણું કાંઈ? એને મોક્ષાર્થી કહીએ. પૂર્ણ આનંદની પ્રાપ્તિના પ્રયોજનવાળો એનો અર્થ એ કે એનો નમૂનો, પૂર્ણ આનંદનો જે સ્વભાવ એનો નમૂનો, એને વર્તમાનમાં અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન એના સન્મુખથી અતીન્દ્રિય આનંદનું અંશે વેદન છે એને અહીંયા મોક્ષાર્થી કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એવી વાત છે આ. આ જ્ઞાન–શ્રુતપંચમી છે. આહાહા!

ભગવાન જ્ઞાનસ્વરૂપી છે એમ અંતરના અભિપ્રાયથી જ્યાં આચરણ અંદર થયું ત્યારે એને સાથે અતીન્દ્રિય જાતનો અનુભવ થયો, એ મોક્ષાર્થી. હવે એ પૂર્ણ આનંદનો અભિલાષી (થયો). પુણ્યની રુચિવાળો એ તો વિકારના ભાવનો, દુઃખના ભાવનો રુચિવાળો છે. આહાહા! જેને શુભરાગ અને પુણ્યનું આચરણ પ્રિય છે એ તો દુઃખના સાધનવાળો છે. ઘણા દુઃખની પ્રાપ્તિનું કારણ એવું દુઃખ એને સાધે છે. મોક્ષાર્થી... આહાહા! ભારે વાતું ભાઈ! જેના ચિત્તનો–જ્ઞાનનો–જેના મનનો અભિપ્રાય અથવા સ્વભાવમાં અભિપ્રાય ઊંચો, ઉદાર, ઉજ્જ્વળ છે, પુણ્ય-પાપના ભાવ રહિત જે પૂર્ણ પવિત્રતાની પ્રાપ્તિના નમૂનામાં આવેલો છે. એનો અભિપ્રાય... એવા મોક્ષાર્થીઓ **આ સિદ્ધાંતનું સેવન કરો...** આ નિશ્ચય સત્–તત્ત્વ એનું સેવન કરો. શું?

કે **'હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું...** લ્યો, આ સાર. **હું...** અસ્તિ પોતાની બતાવે છે પોતાની ભિન્ન. **શુદ્ધ ચૈતન્યમય...** હું તો આ છું. રાગાદિ હું નહીં. હું તો રાગાદિ નહીં, હું તો શુદ્ધ ચૈતન્યમય છું. શુદ્ધ ચૈતન્યમય એકલો નિર્મળ જ્ઞાનસ્વભાવ, જે ત્રિકાળ સ્વભાવભાવ, પવિત્રભાવ. એવું એક... દ્રવ્ય બતાવવું છે. પરમ જ્યોતિ... **પરમ જ્યોતિ જ સદાય છું...** હું તો ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું. ત્રણે કાળ મારી ચીજ જ આવી છે. રાગવાળી ને કર્મવાળી એ નહીં. ગૌણપણે એમ જ આવ્યું કે અલ્પજ્ઞપણે પણ હું નહીં. **હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું,** એમાં આખું સ્વદ્રવ્ય આવી જાય છે. સમજાણું કાંઈ?

'સદાય' લેવું છેને અહીં. અલ્પજ્ઞપણું લેવું નથી. રાગ પણ લેવો નથી, અલ્પજ્ઞતા લેવું નથી એનામાં. હું તો સદાય શુદ્ધ ચૈતન્યમય-પવિત્ર જ્ઞાનમય એક પરમ જ્યોતિ... ભેદ નહીં, એમ પાછું કહે છેને. જ્ઞાનની પર્યાયના ભેદેય નહીં. એમાં આવી જાય છે આમ. આમાં (ગાથામાં) જે પરદ્રવ્ય કીધું છે એ બીજી અપેક્ષાએ. કહો, સમજાણું કાંઈ? હું તો ધર્માર્થી-મોક્ષાર્થી છું. સંસારનો અર્થી તો છે અનાદિથી, હવે એમાં શું એને? એની શું વાત કરવી? એ તો રખડવાનો અર્થી છે. એની સામે કાંઈ વાત નથી. મોક્ષાર્થીએ... પૂર્ણ દુઃખથી મુક્ત એવી પરમ આનંદદશા એના પ્રયોજનવાળો (એટલે) જેનું પ્રયોજન એ છે એવો જીવ એણે આવા સિદ્ધાંતનું સેવન કરવું.

'સિદ્ધાંતનું સેવન કરવું' એટલે? એણે, 'શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું' એવી પરમ જ્યોતિની સેવા કરવી (અર્થાત્) એમાં એકાગ્ર થવું. લ્યો. આહાહા! આવી વાત ને આવો પદાર્થ! નિરાલંબન માર્ગ છે આ. એના સ્વભાવની પ્રાપ્તિ માટે કોઈ રાગની, નિમિત્તની અપેક્ષા નથી એવું સ્વરૂપ જ એનું છે. આહાહા! સુમનભાઈ! આવો છે માર્ગ. હવે આમાં.... એમાં કોઈક દિ' આવું સાંભળવા મળે ને આવી મોટી વાતો. આવો માર્ગ તો આ છે. **હું... હું તો...** હું એટલે? આમ જે માન્યું હતું રાગ ને નિમિત્ત ને અલ્પજ્ઞપણે, એ નહીં. હું તે આ છું. (શ્રોતા : પર્યાય...) હા, જાણે તો (પર્યાય) ને? હું તો આ છું. ચૈતન્યમય સદા પરમ જ્યોતિ વસ્તુ ધ્રુવ એક સામાન્ય... એકરૂપ કહો કે ધ્રુવ કહો કે સામાન્ય કહો. જેમાં પર્યાયનો પણ ભેળસેળ નથી. આહાહા! કહો, સમજાણું કાંઈ?

મૂળ એમાં આવી જાય છે એ વાત. પછી પરદ્રવ્યના લક્ષણમાં, અહીં જે પરદ્રવ્ય કીધું એવું અહીં નથી. આમાં-સ્વદ્રવ્યમાં આ વાત આવી જાય છે. આહાહા! હું એક... આમાં આવી ગયું. સ્વદ્રવ્યનું આવ્યું. પરદ્રવ્યપર્યાય એનું આમાં ન આવે. પણ આમાં મળતું આટલું છે એટલે લીધું અહીંયા. પહેલો ભાગ... એક પરમ જ્યોતિ ચૈતન્યમય, જેમાં નિમિત્ત તો નથી, શુભરાગ નથી, એક સમયની પર્યાયની અનેકતા પણ જેમાં નથી. એકરૂપ છું, સદાય છું, સદાય છું. કોઈ સમયમાં પરમ જ્યોતિ સદાય એ અપૂર્ણતામાં આવતું નથી. આહાહા!

**અને આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો...** આમાં એક ફેર પડે છે જરી. **આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના... समुल्लसन्ति** છેને. પ્રગટ થાય છે. પુણ્ય ને પાપ વિકલ્પ આદિ વિકારીભાવો, રાગાદિભાવો. **આ જે ભિન્ન લક્ષણવાળા...** 'આ' એટલે અસ્તિ સિદ્ધ કરી. શુભરાગાદિ ઉત્પન્ન છે.. છે.. આ છે. **આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના...** ઓલો 'એક' છેને? આની સામે વિવિધ પ્રકારના... અરે! શુભરાગની જાત... અશુભાદિ તો ગૌણ છે. શુભના અનેક પ્રકારના ભાવો **પ્રગટ થાય છે.** પર્યાયમાં **समुल्लसन्ति... उल्लसन्ति**

(એટલે) પ્રગટ થાય છે, આવે છે, હોય છે. **તે હું નથી...** હું તે આ છું, આ તે હું નથી. ભારે વાત ભાઈ!

જૈનદર્શનનું તત્ત્વ લોકોને સમજવું બહુ પુરુષાર્થ માગે. એ કાંઈ સાધારણ વાત નથી. વસ્તુ એવી છે. આ કાંઈ સંપ્રદાય છે નહીં. દિગંબર સંપ્રદાય છે એમ નથી, એ તો વસ્તુની સ્થિતિ જ એવી છે. વસ્તુ જ આવી રીતે પોકાર કરે છે. ઉપદેશ આપે છે મુનિઓ, એ ખરેખર તો પોતાના શુદ્ધતાનો પોકાર છે. પ્રસિદ્ધિ જે શુદ્ધની થઈ છે, ત્રિકાળ શુદ્ધસ્વરૂપ પરમાનંદ એનું જે ભાન થયું છે એનો એ પોકાર છે. આવો આત્મા છે, આવો નથી, આવો છે, આવો નથી. સમજાણું કાંઈ? જગત પાસે એવી જાતની પ્રસિદ્ધિને પ્રસિદ્ધ કરે છે. જે આ પોતાને પ્રિય વસ્તુ છે, શુદ્ધ આનંદઘન પરમ ચૈતન્યજ્યોતિ એ પ્રિય છે, તેથી તે પ્રિયતા જગતને પ્રિય કરાવવા પ્રસિદ્ધ કરે છે. ભાઈ! આવો તું છો હોં. જાણનારને વાત છેને. આહાહા!

એ **વિવિધ પ્રકારના ભાવો**... કેવી શૈલી મીઠી! આહાહા! અમૃતનો સાગર એકકોર ભગવાન ડોલે છે. એ પૂર્ણાનંદનો સાગર, અમૃતથી ભરેલો અતીન્દ્રિય આનંદના જ્ઞાનવાળો.. અતીન્દ્રિય આનંદ સહિત જ્ઞાનવાળો, એ પરમ ... જ્યોતિ છે—હું આવડો છું, હું આવો છું, હું આ છું, ભારે પણ વાત. આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ વિકલ્પો જેટલા ઉઠે છે રાગાદિ શુભ... ચાહે તો તીર્થંકરગોત્ર બાંધે એવા ભાવ કે પંચમહાવ્રતના ભાવ... આહાહા! માણસ તેથી કહે છેને કે આ નિશ્ચય.. નિશ્ચય.. અરે ભગવાન! નિશ્ચય એટલે પરમ સત્ય. પરમ સત્ય પ્રભુ... વિકલ્પો હો, કહે છે. આ છે, હો, (પણ) એ હું નહીં, એ હું નહીં. આ તો પ્રથમ સમ્યગ્દૃષ્ટિવંતને મોક્ષાર્થી કહીને... એના નમૂનાનો અનુભવવાળો (થયો) ત્યારે એ મોક્ષનો અર્થી થયો છેને. અહો! આવો અતીન્દ્રિય આનંદ, મહા સુખનો દરિયો, એનો નમૂનો આવ્યો એટલે મોક્ષનો અર્થી થઈ ગયો, પૂર્ણ સુખની પ્રાપ્તિનો અભિલાષી થયો. સમજાણું?

એ એમ માને છે કે **આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો**... એ વિકારોને અહીં ભાવ કહ્યા છે. કોઈ વખતે દ્રવ્યને ભાવ કહે, ગુણને ભાવ કહે, નિર્મળ પર્યાયને ભાવ કહે અને વિકારીને પણ ભાવ કહે. ભવવું (-થવું) છે ખરુંને. એ **ભાવો પ્રગટ થાય છે તે હું નથી**. લ્યો, આ ધર્મીનો વિવેક, આ ધર્મીનું જ્ઞાન. એમાં કરવાનું શું આવ્યું? એમ માણસને થઈ જાય. આ ન આવ્યું? 'આખો મોટો પ્રભુ પરમ સત્યનો પિંડ પ્રભુ એ હું' એવો જે સ્વીકાર એ આચરણ આવ્યું નહીં? શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતાનું આચરણ આવ્યું એ તો. સમજાણું કાંઈ? 'જ્યોતિ' શબ્દ વાપર્યો છે 'પરમ જ્યોતિ'. ઓલામાં શબ્દ પડ્યો રહ્યો છે એક ઠેકાણે. 'પરમ' શબ્દ પડ્યો રહ્યો છે અર્થમાં. ..... 'પરમ' (શબ્દ) પડ્યો રહ્યો છે. .... 'પરમ જ્યોતિ' ન્યાં નાખ્યું છે. આમાં આવશે પરમ અધ્યાત્મ તરંગિણીમાં.

**વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી**. અસ્તિ ને નાસ્તિ કરી. લ્યો, આ અનેકાંત. પરમ જ્યોતિ ચૈતન્યસ્વરૂપ એકરૂપ તે હું (અને) વિવિધ પ્રકારના વિકલ્પો એ હું નહીં. એમ એની પર્યાય, એ જાણનારી પર્યાય એમ કહે છે કે હું આ એક છું અને આ રાગાદિ હું નથી. **કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે**. અહીં ગાથામાં પરદ્રવ્યની અપેક્ષા બીજી છે. આ (કળશમાં) પરદ્રવ્યની અપેક્ષા બીજી છે. ઓલું પરદ્રવ્ય આવ્યુંને એટલે જરી મેળવ્યું. આ પરદ્રવ્ય છે એ તો શુભ-અશુભરાગ એ પરદ્રવ્ય. ગાથામાં તો નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય (કહી). તો પરદ્રવ્ય કેમ? કે પરસ્વભાવ છે (અને) આ સ્વ-સ્વભાવ. ત્રિકાળ તે સ્વ-સ્વભાવ, પર્યાય તે પરસ્વભાવ. આ નહીં ને એ. આ નહીં ને એ પરસ્વભાવ. એ પરસ્વભાવ છે તેથી, આ સ્વ-સ્વભાવ તે સ્વદ્રવ્ય, ત્યારે પરસ્વભાવ તે પરદ્રવ્ય. સ્વ-સ્વભાવ તે ઉપાદેય, પરસ્વભાવ તે હેય, પરદ્રવ્ય તરીકે હેય. આહાહા! આવી વાત દિગંબર સંતો સિવાય ક્યાંય નથી. આ તો વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુ જ એવી છે. લાવો વાત આવી એક કાંઈ. અને તે પણ કેવી રીતે? કે અંતરમા બેસે એવી રીતે.

એક સમયમાં પૂર્ણ પ્રભુ અસ્તિ છેને, સત્તા છેને, હોવાપણે છેને. અને પર્યાયભાવ પણ હોવાપણે છે. એક સમયનો હોવાપણાનો ભાવ ત્રિકાળી સ્વભાવભાવના હોવાપણાથી અન્ય ગણીને.. છે અન્ય ને? પરસ્વભાવ કીધો. આને સ્વ-સ્વભાવ કીધો. સ્વ-સ્વભાવ તે પોતાનું દ્રવ્ય કીધું, પરસ્વભાવ તે પરદ્રવ્ય કીધું. સ્વ-સ્વભાવ તે ઉપાદેય કીધો, પરસ્વભાવ તે હેય કહ્યો. સ્વ-સ્વભાવનો ધરનાર તે પરમ કારણસમયસાર કહ્યો. સ્વ-સ્વભાવનો ધરનાર તે કારણસમયસાર આત્મા લ્યો. આહાહા! ગજબ વાત કરી છે. સ્વદ્રવ્યનો આધાર કારણસમયસાર, એમ. દ્રવ્ય... સ્વ-સ્વભાવને દ્રવ્ય કીધુંને એટલે એનો આધાર કારણસમયસાર. આહાહા! ગજબ વાત છે હોં. વસ્તુની સ્થિતિ જ આ છે. આવું જ સ્વરૂપ છે, બીજી રીતે હોઈ શકે કેમ? સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! આહા!

**કારણ કે તે બધાય મને...** ભિન્નલક્ષણવાળા પુણ્યના વ્યવહારના વિકલ્પો જેટલા થાય એ બધાય મને તો **પરદ્રવ્ય છે.** મારે માટે તો એ પરદ્રવ્ય છે. વ્યવહારરત્નત્રયનો રાગ એ પરદ્રવ્ય છે. મારું દ્રવ્ય દ્રવે છે એમાંથી નિર્મળતા આવે છે. રાગ એ પરદ્રવ્ય છે એ દ્રવે એમાંથી નિર્મળતા આવે નહીં. એ પરિણમન તો વિકાર છે. આહાહા! લ્યો, આ શ્રુતપંચમી. શ્રુતપંચમી કાંઈ બહાર હોતી નથી. અંતર જ્ઞાનાનંદસ્વરૂપ પ્રભુ એક સમયમાં પૂર્ણસ્વરૂપ એવો જ્ઞાનનો (પિંડ) એકલો હું એવો જે સ્વીકાર, બસ એ જ સમ્યગ્જ્ઞાન છે. આટલો આવડો પૂર્ણ આ, એટલો હું એવો સ્વીકાર તો પર્યાયમાં છેને? એ પર્યાયજ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહીએ. એ શ્રુતપંચમી થઈ, ભાવશ્રુતપંચમી. ભાવશ્રુતપંચમી કહો કે ભાવ-ઉપયોગ કહો કે જિનશાસન કહો. આહાહા!

અંદર ભેજામાં કામ કરે નહીંને ઓલું નિશ્ચય સત્યનું એટલે દોરાઈ ગયા એકલા વ્યવહારમાં, એકલા હોં. પછી વ્યવહાર હોય પછી જુદી વાત છે. નિશ્ચયના યથાર્થ ભાનની ભૂમિકામાં વીતરાગ પૂર્ણ ન હોય એટલે એને શુભભાવ તો આવે જ. અશુભથી બચવા કહીએ, તે કાળે તે આવે એમ કહીએ. એના ક્રમના નિયમમાં આવવાનો કાળ હોય તે આવ્યા વિના રહે નહીં. વ્યવહાર કેમ કહેવાય? અશુભવંચનાર્થે. એ તો એક અપેક્ષા... આ થાય... એવું કાંઈ નથી. અશુભ વંચનાર્થે એ આવે છે, પણ એ શુભ છે એ બંધનું કારણ છે. ચાહે તો જ્ઞાની હોય કે ગણધર હો કે સંત હો. કહો, પ્રકાશદાસજી! કરો સાહેબકી બંદગી.... તમારા નસીબમાં બે વાત લખી લ્યો. સાહેબની બંદગી ને, શું કીધું? ભૂખ્યાને અન્ન દેવું. બેય જૂઠી વાત છે. સાહેબની બંદગી.. ક્યો સાહેબ છે? બીજો? એની બંદગી રાગ છે. અને ભૂખ્યાને અન્ન દેવાનો ભાવ પણ એક અનુકંપાનો શુભરાગ છે. એ કાંઈ વસ્તુ નહીં, ધર્મ નહીં. આહાહા!

કોઈક આવ્યું હતુંને કબીરનો, નહીં? પ્રવચનમાં આવ્યા હતા. લ્યો, આ શ્લોક છે સમયસારનો, આમાં આધારરૂપે આપ્યો છે. આહા! રતલામ.. રતલામ નહીં? રતલામ. નહોતો કબીરનો રાત્રે પ્રશ્ન? બે દિવસ.. નહીં? પ્રશ્ન કર્યો હતો. આવ્યો હતો, રાત્રે પ્રશ્ન કર્યો હતો. વ્યાખ્યાનમાં આવ્યો હતો રતલામમાં. કબીર.... એ આવી વાત આવે તો સારી લાગે. પણ કાંઈ મેળવતા નથી એટલે કાંઈ ખબર પડે નહીં. રતલામમાં રાતે પ્રશ્ન કર્યા હતા. સવારના વ્યાખ્યાનમાં બેઠો એ. આનું પાછું બહુ સ્પષ્ટીકરણ કરવા જાય, ત્યાં એને એમ થઈ જાય કે ઓય માળું! આ તો કાંઈક બીજું લાગે છે. એટલે અમુક વાત ... વાત નિશ્ચયની આવે ત્યારે સારી લાગે. ઓહો! આવો આત્મા. પાછો એનો અનુભવ એ પર્યાય છે, એ પર્યાય એનો સ્વીકાર કરે છે, એ પર્યાય છે.... પર્યાય-બર્યાય આવતી નથી. એ કળશ થઈ ગયો. હવે પોતે પદ્મપ્રભમલધારિદેવ મૂકે છે કળશ.

**વળી (આ ૫૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :-**

**न ह्यस्माकं शुद्धजीवास्तिकाया-**
**दन्यो सर्वे पुद्गलद्रव्यभावा: ।**
**इत्थं व्यक्तं वक्ति यस्तत्त्ववेदी**
**सिद्धिं सोऽयं याति तामत्यपूर्वाम् ॥७४॥**

**શ્લોકાર્થ : 'શુદ્ધ જીવાસ્તિકાયથી...** શબ્દ આમ 'શુદ્ધ જીવ' ન વાપરતા 'શુદ્ધ અસ્તિકાય' (વાપર્યો). સર્વજ્ઞે જોયેલો અસંખ્યપ્રદેશી જીવ છે તેથી 'કાય' શબ્દ વાપર્યો. પણ એવું બીજે જૈન સિવાય, અસંખ્ય પ્રદેશની અસ્તિ છે, પણ કાય અસંખ્યપ્રદેશી એ વાત જૈન સિવાય ક્યાંય નથી. કારણ કે સર્વજ્ઞે જોયેલો આત્મા આવો છે. આત્મા.. આત્મા.. તો આમ કહે. આ આત્મા એક જીવ છે, અસંખ્યપ્રદેશી છે, કાય છે (એટલે) એને અસંખ્યપ્રદેશનો સમૂહ છે.

એ એનું કાય-શરીર છે. છે? શુદ્ધજીવાસ્તિકાય. આહાહા! શ્રીમદ્‌માંય એમ આવ્યું છેને? 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન...' ઘન જે કીધો ચૈતન્યઘન, એ અસંખ્યપ્રદેશી કીધો છે ત્યાં. ઘન.. 'શુદ્ધ, બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.' એનું જ્ઞાન કર તો પામ એમ કહે છે. બીજું ભક્તિ કર તો પામ, એમ અહીંયા નથી કહ્યું.

અહીં કહે છે, **શુદ્ધ જીવાસ્તિકાયથી...** શુદ્ધ-પવિત્ર જીવ છે, અસંખ્યપ્રદેશી કાય એને અહીંયા જીવ કહીએ, એને જીવાસ્તિકાય કહીએ, એને આત્મા કહીએ, એનાથી **અન્ય એવા જે બધા પુદ્‌ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી**'... અહીં .... નાખ્યું છે. સિદ્ધાંતની ગાથા સાથે મેળવવા. નહીંતર અહીં તો પાઠમાં તો પર્યાયને પરદ્રવ્ય કીધો છે. પરદ્રવ્ય પુદ્‌ગલ છે એમ નહીં. પરદ્રવ્ય કહેવાય, એ પુદ્‌ગલ છે એમ નહીં. પર્યાય... શું કહ્યું સમજાણું? અહીં અન્યમાં 'પુદ્‌ગલ' લીધા છે. **શુદ્ધજીવાસ્તિકાયથી અન્ય એવા જે બધા પુદ્‌ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી...** એમ જ્ઞાની પોતાના જ્ઞાનમાં જાણે છે. **આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે** જાણે છે... '**કહે છે**' શબ્દ છે **वक्ति**, પણ એનો અર્થ જાણે છે. કહે છે એનો અર્થ કે અંદરમાં એ રીતનું જ્ઞાન છે, એમ.

**શુદ્ધજીવાસ્તિકાયથી અન્ય એવા જે બધા પુદ્‌ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી...** આહાહા! અમારા નથી (એમ) કોણ જાણે છે? પર્યાય એમ જાણે છે કે આ પુદ્‌ગલદ્રવ્યના ભાવ અમારા નથી, હું તો આ છું. હું તો શુદ્ધજીવાસ્તિકાય તે હું છું. આહાહા! પર્યાય એમ જાણે છે કે શુદ્ધજીવાસ્તિકાય દ્રવ્ય ત્રિકાળી તે હું. **આમ જે તત્ત્વવેદી...** છેને 'તત્ત્વ' શબ્દ? તત્ત્વનો જાણનાર સ્પષ્ટપણે જાણે છે, એમ. એમ પ્રરૂપે છે એ પ્રમાણે એ તો પછી કથન. બંધકથા આવે છેને? એ ભાવ.. ભાવની વાત છે. આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે જાણે છે, સ્પષ્ટ નામ પ્રત્યક્ષપણે, એમ. સમજાણું કાંઈ?

**व्यक्तं** છેને? **व्यक्तं**નો અર્થ સ્પષ્ટ કર્યો છેને? એમ તત્ત્વને વ્યક્તપણે જાણે છે. આહાહા! પ્રગટપણે જાણે છે. તત્ત્વ તત્ત્વ તો છે, પણ પર્યાયમાં પ્રત્યક્ષ સ્પષ્ટપણે આ આત્મા છે, એમ જોરથી વાત કરી. એમ જે જાણે છે **તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે.** તે અલ્પકાળમાં અપૂર્વ (એટલે) કોઈ દિ' સિદ્ધિ-મુક્તિ થઈ નથી એવી મુક્તિને પામે છે લ્યો. માર્ગ ને માર્ગનું ફળ બેય કહ્યું. ચૈતન્યમૂર્તિ તત્ત્વવેદી એવા ચૈતન્ય જીવાસ્તિકાયને વેદનારો, વેદનારો (એટલે) જાણનારો, અનુભવનારો, એ એમ જાણે છે કે હું તો આ છું. વિવિધ પ્રકારના પુદ્‌ગલદ્રવ્યભાવો એ અમારા નથી. **अन्यो सर्वे पुद्गलद्रव्यभावाः न ह्यस्माकं...** એ ને? **न ह्यस्माकं...** અમારા નથી. મારા નથી ને અમારા નથી—એમ ભેદ પાડ્યો. અમારા નથી. મારા નથી, અમારા નથી. **न ह्यस्माकं**— અમારા નથી. બહુવચન છે. આ અમારા નથી. હું તો એક છું. એ અમારામાં નથી. આમ જે

તત્ત્વવેદી સ્પષ્ટપણે-પ્રત્યક્ષપણે વેદતો જાણે છે, **તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે**. એ અલ્પકાળમાં મુક્તિને પામે છે. એ ગાથા થઈ ૫૦. હવે આવી પાંચ ગાથા.

**विवरीयाभिणिवेसविवज्जियसद्दहणमेव सम्मत्तं ।**
**संसयविमोहविब्भमविवज्जियं होदि सण्णाणं ।।५१।।**
**चलमणिणमगाढत्तविवज्जियसद्दहणमेव सम्मत्तं ।**
**अधिगमभावो णाणं हेयोवादेयतच्चाणं ।।५२।।**
**सम्मत्तस्स णिमित्तं जिणसुत्तं तस्स जाणया पुरिसा ।**
**अंतरहेऊ भणिदा दंसणमोहस्स खयपहुदी ।।५३।।**
**सम्मत्तं सण्णाणं विज्जदि मोक्खस्स होदि सुण चरणं ।**
**ववहारणिच्छएण दु तम्हा चरणं पवक्खामि ।।५४।।**
**ववहारणयचरित्ते ववहारणयस्स होदि तवचरणं ।**
**णिच्छयणयचारित्ते तवचरणं होदि णिच्छयदो ।।५५।।**

એનું હરિગીત

**શ્રદ્ધાન વિપરીત-અભિનિવેશવિહીન તે સમ્યક્ત્વ છે;**
**સંશય-વિમોહ-વિભ્રાંતિ વિરહિત જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. ૫૧.**
**ચલ મલ-અગાઢપણા રહિત શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે;**
**આદેય-હેય પદાર્થનો અવબોધ સમ્યગ્જ્ઞાન છે. ૫૨.**
**જિનસૂત્ર સમકિતહેતુ છે, ને સૂત્રજ્ઞાતા પુરુષ જે**
**તે જાણ અંતર્હેતુ, દગ્મોહક્ષયાદિક જેમને. ૫૩.**
**સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન તેમજ ચરણ મુક્તિપંથ છે;**
**તેથી કહીશ હું ચરણને વ્યવહાર ને નિશ્ચય વડે. ૫૪.**
**વ્યવહારનયચારિત્રમાં વ્યવહારનું તપ હોય છે;**
**તપ હોય છે નિશ્ચય થકી, ચારિત્ર જ્યાં નિશ્ચયનયે. ૫૫.**

એની **ટીકા : આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.** આ શુદ્ધભાવ અધિકારની છેલ્લી ગાથા છે. **પ્રથમ, ભેદોપચાર-રત્નત્રય આ પ્રમાણે છે...** વ્યવહારરત્નત્રય-શુભરાગ. ભગવાનની શ્રદ્ધા, દેવ-ગુરુની શ્રદ્ધા એવો જે શુભરાગ એને અહીંયા રત્નો વ્યવહારરત્નત્રયનું સમકિત કહેવામાં (આવ્યું છે, એટલે) એનો એક અંશ. ભેદોપચાર-રત્નત્રય એટલે વ્યવહારરત્નત્રય આ પ્રમાણે છે. વ્યવહારરત્નત્રય હોય છે, પણ એનો અર્થ એવો નથી કે વ્યવહારરત્નત્રય નિશ્ચયરત્નત્રયનું

કારણ છે. એ મોટી ન્યાં પ્રરૂપણા કરી હતી એ લોકોએ. ચરણાનુયોગના આચરણથી નિશ્ચય પમાય છે. પહેલું વ્યવહાર ચરણાનુયોગનું આચરણ બરાબર કરે તો નિશ્ચય પમાય. અહીં તો સહકારી હોય છે એની વાત છે. સાથે હોય છે, એથી એને કારણ, હેતુ વિગેરે કહેવામાં આવ્યું. વ્યવહારકારણ, વ્યવહારહેતુ, ઉપચારિક કારણ. એ વ્યવહાર છે તો નિશ્ચય થાય છે એનાથી, એમ નથી. ૭૨ ગાથામાં આવી ગયું છે. વ્યવહારરત્નત્રયનું નિશ્ચય કારણેય નથી અને વ્યવહારરત્નત્રયનું નિશ્ચયરત્નત્રય કાર્ય નથી. અકારણકાર્ય. ૭૨ ગાથા.

અકાર્યકારણ નામનો ગુણ છે આત્મામાં. જે ગુણનું કાર્ય પર્યાયમાં... એ વળી કહે દ્રવ્ય છે અકાર્યકારણ. અકાર્યકારણ(રૂપ) દ્રવ્ય છે, પણ દ્રવ્યનો અકાર્યકારણ ગુણ એનું કાંઈ કાર્ય હોય કે નહીં? તો પર્યાયમાંય અકાર્યકારણપણું છે. સમજાણું? વસ્તુ જે છે આત્મા એમાં અકાર્યકારણ નામનો ગુણ છે. ૧૪મો બોલ છેને. આ ૪૭ (શક્તિ) એમાં આ ૧૪મો ગુણ છે અકાર્યકારણ. અકાર્યકારણ નામનો ગુણ દ્રવ્યમાં વ્યાપ્યો છે, ગુણમાં વ્યાપ્યો છે, સ્વીકાર થયો ત્યારે પર્યાયમાંય વ્યાપ્યો છે. શું કીધું?

ત્રિકાળી દ્રવ્યમાં અકાર્યકારણ ગુણ છે, ગુણમાં છે ને દ્રવ્યમાં છે, પણ જ્યારે સ્વીકાર થયો, અનંતગુણનો પિંડ એવું દ્રવ્ય જ્ઞાનમાં અને શ્રદ્ધામાં સ્વીકાર થયો, ત્યારે અકાર્યકારણ નામના ગુણ પર્યાયમાં પણ એ આવ્યો. એ પર્યાય પણ અકાર્યકારણ હોય છે. વ્યવહારરત્નત્રયનો રાગ હતો તો અહીં સમ્યગ્દર્શન કાર્ય થયું એમ નથી, તેમ સમ્યગ્દર્શનનું કાર્ય થયું એ કારણ અને વ્યવહારરત્નત્રય ઉપજાવે એ એનું કાર્ય એમેય નથી. આહાહા! બહુ આકરું કામ જગતને. આવું સમજણ.. સમજણ.. સમજણ એકલું છે. દ્રવ્ય તો જ્ઞાનનો પિંડ છે. એને સમજવું.. સમજવું.. સમજવું. બીજું એમાં છે શું? એ અકાર્યકારણ એમાં નાખ્યું.

અહીં તો કોઈ કહે, જુઓ! પહેલો વ્યવહાર કહ્યોને? એ વ્યવહાર પહેલો આવે છે. નિશ્ચય હોય ત્યાં વ્યવહાર હોય, આવો હોય એમ એને નિમિત્તનું જ્ઞાન કરાવે છે. નિશ્ચયના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં વીતરાગતાની પૂર્ણતા નથી, ત્યારે આવો વ્યવહાર હોય એમ નિમિત્તનું જ્ઞાન કરાવે છે. આદરણીય છે એમ પ્રશ્ન નથી, તેમ એનાથી નિશ્ચય થાય એ વાત નથી કે નિશ્ચય એને ઉત્પન્ન કરે એમેય નથી. આહાહા! રાગની પર્યાય રાગને કારણે સ્વતંત્ર ઉત્પન્ન થાય છે. ષટ્કારક છેને પર્યાયના. ૬૨ ગાથા. એક સમયની પર્યાય રાગની (એમાં) પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ, પર્યાય સંપ્રદાન, પર્યાય અપાદાન, પર્યાય અધિકરણ. દ્રવ્ય-ગુણની અપેક્ષા નહીં, નિમિત્તની અપેક્ષા નહીં. એમ સમકિતમાં વ્યવહારરત્નત્રય રાગ આવે એને સમકિતની અપેક્ષા નહીં, નિશ્ચયની અપેક્ષા નહીં, એને નિમિત્તની અપેક્ષા નહીં. આહાહા! એવો રાગભાગ હોય અસ્તિ તરીકે, એ વ્યવહાર તરીકે જાણવાલાયક છે. સમજાણું નહીં? બહુ આમાં તો .... પરિચય કરે તો પકડાય એવું છે હોં. નહીંતર તો આ....

**ભેદોપચાર રત્નત્રય આ પ્રમાણે છે : વિપરીત અભિનિવેશ રહિત...** વિપરીત અભિપ્રાય–આશય એનાથી રહિત **શ્રદ્ધાનરૂપ એવું જે સિદ્ધિના પરંપરાહેતુભૂત...** લ્યો. પણ નિશ્ચય સહિતવાળો વ્યવહાર એ પરંપરા હેતુભૂત હોં. એકલો વ્યવહાર નહીં, એને માટે કહ્યું. કેમકે એ વ્યવહાર છે એ પરંપરાહેતુ છે. નિશ્ચય પમાડે અને નિશ્ચય પછી પૂર્ણતાને પમાડે. અહીં તો નિશ્ચયવાળાને આવો વ્યવહાર હોય છે એ સાક્ષાત્ હેતુ નથી. સાક્ષાત્ હેતુ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. અને આ પરંપરા એટલે એનો અભાવ કરીને પૂર્ણ કરશે. એમ વાત છે. આટલી બધી વાત કડે બેસાડવી ધીમે કરીને ભારે કઠણ. 'પહેલો' કેમ લખ્યો? આગળ કહે છે કે વ્યવહારની પહેલી વાત કરશું. ......તે વ્યવહારનયના ચારિત્રમાં હોય છે એમ ઉપકારના શબ્દ છે. એ છઠ્ઠા ગુણસ્થાને એ જાતનો ભાવ હોય છે એ વાત અહીંયા છે 'પહેલા'ની વ્યાખ્યા. 'પહેલા'ની વ્યાખ્યા (એટલે) કાંઈ મિથ્યાત્વ સહિત પહેલો રાગ છે એની અહીં વાત નથી. આહાહા! રાત્રે ઓલા ડોક્ટર ન આવ્યા દવાખાને?

ઘોડે વર બેસે તો એક છોકરાને બેસાડે. એ છોકરાને કન્યા ફેરા ફરતી હશે? દસ બોલ છે. ... એમાં નથી. એ વળી ક્ષાયિકભાવ છે. વરની સાથે અણવર હોયને. અણવરને કન્યા પરણાવે? ખાવાનું હોય સાટા-બાટા ઠીક. જાનૈયાને કાંઈ મળે નહીં આ જાત. મોહનથાળ કે ફલાણું (હોય). ઓલાને જરી પંચોળુ હોય (એમાં) સાટા મળે, જાંબુ મળે, એવું મળે બે-ચાર ચીજ. પણ એને કાંઈ કન્યા મળે? એમ આ વ્યવહાર વચમાં આવે એને મોક્ષ ન મળે. શુભભાવથી સ્વર્ગાદિ મળે. સમજાણું કાંઈ? આ વર બેસે છેને ઘોડે, નહીં? શું કહેવાય? ફુલેકું. ઘોડે ચડાવે છેને. છોકરો નાનો હોય... મારે બેસવું છે. ભઈ! બેસ તું, લે. એમ મોઢા આગળ બેસાડે. છોકરાને ખબર નથી.........

એમ નિશ્ચય, જ્યાં આત્માના સ્વાશ્રયનું ભાન છે ત્યાં આવો વ્યવહાર હોય છે, એને પરંપરાહેતુ કહીને, હેય કહીને પરંપરાહેતુ કહ્યો છે. એ પહેલી ગાથામાં આવી ગયું 'હેય'. આવ્યા પછી તો આ ગાથાઓ છે. જેને પર્યાય હેય છે તો વ્યવહાર હેય (હોય જ). રહિતમાં આ આવી ગયો અંદર. આહાહા! હેય પરંપરાહેતુ થાય? આ લખ્યું છેને? પણ લખ્યાનો અર્થ શો? અત્યારે અશુભથી બચ્યો છે, શુભભાવમાં છે એટલે. સમકિત સહિતની વાત હોં. એ શુભને છોડીને શુદ્ધમાં જશે, એથી એને પરંપરાહેતુ કહ્યો છે. અજ્ઞાનીના વ્યવહારની વાત નહીં, વ્યવહાર-ફ્યવહારની વાત છે નહીં અહીંયા. એને વ્યવહાર હોય નહીં. વર વિના જાન કેવી? ઓલું નહોતું લખ્યું કાલ? વર વિનાની જાનને જાનૈયા કહેવાય? ટોળા કહેવાય માણસના. વર ન હોય એને શું કહેવું? ટોળા માણસના કહેવાય. જાનૈયા કહેવાય? એમ નિશ્ચયનું સ્વરૂપનું ભાન નથી જ્યાં, ત્યાં વ્યવહારને જાનૈયો કહેવાય શી રીતે? વ્યવહાર જ કહેવાય નહીં. એમ છે. બહુ સારું લખ્યું છે. દસ બોલ લખ્યા છે.

અહીં કહે છે, **ભગવંત પંચપરમેષ્ઠી પ્રત્યેનું ચળતા-મલિનતા-અગાઢતા રહિત...** વ્યવહાર સમકિતની વાત છે હોં. **ઊપજેલું નિશ્ચળ ભક્તિયુક્તપણું તે જ સમ્યક્ત્વ છે.** વ્યવહાર સમકિત છે. વ્યવહાર સમકિતની વાત છે, પહેલા આવ્યુંને ભેદોપચાર. પંચપરમેષ્ઠી પ્રત્યેનું... ભગવંત પંચપરમેષ્ઠી... આહાહા! મહિમાવંત મહાપૂજ્ય એવા પંચપરમેષ્ઠી—અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય સાધુ. ભગવંત પંચપરમેષ્ઠી... આહાહા! એના **પ્રત્યેનું ચળતા–મલિનતા–અગાઢતા રહિત**... ઘરડો માણસ ચાલે ત્યારે લાકડી આમ હલતી હોયને આમ હલતી. એ ચળતા રહિત–મલિનતા રહિત અને અગાઢતા–અસ્થિરતા રહિત ઉપજેલું **નિશ્ચળ ભક્તિયુક્તપણું**... નિશ્ચળ ભક્તિ સહિતપણું એને અહીંયા વ્યવહારસમકિત કહે છે. એ નિશ્ચય સમકિતમાં આવો વ્યવહાર હોય છે.

ઓલામાં તો એમ કહ્યું, નહીં? વ્યવહારમાં નિશ્ચય નિરંતર સાથે હોય છે. સાથે હોય છે આમ. વ્યવહારમાં નિશ્ચય... ..પણું સિદ્ધ થયું. એમ નથી કહ્યું કે નિશ્ચય ન હોય ને વ્યવહાર હોય. વ્યવહારમાં નિશ્ચય નિરંતર છે માટે આને વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા! અરે! આવી તકરાર ક્યાં? ઝગડા.. ઝગડા. અરે! ઝગડામાંથી છૂટવાને કાળે, એના ભાવે, એમાં આ ક્યાં માંડે છે તું? આવું વ્યવહારસમકિત, નિશ્ચય સમકિતી જીવને આવો ભાવ આવે છે. કારણ કે નીચલા દરજ્જામાં એ છે, ઉપર જ્યાં જાય છે ત્યાં વ્યવહાર છૂટી જાય છે. એથી એને વ્યવહાર કહેવામાં આવે છે, પહેલો કહેવામાં આવે છે.

**વિષ્ણુબ્રહ્માદિકથિત વિપરીત પદાર્થસમૂહ પ્રત્યેના અભિનિવેશનો અભાવ તે જ સમ્યક્ત્વ છે–એવો અર્થ છે.** એમ કહે છે. વ્યવહાર સમકિતનો અર્થ આ છે. એ તો ઓલું સ્વરૂપ બતાવ્યું હતું, ચળતા–મલિનતા–અગાઢતા રહિત. હવે એનો અર્થ કરે છે. કે વિષ્ણુએ કહેલા, બ્રહ્માદિએ કહેલા વિપરીત પદાર્થનો સમૂહ એના પ્રત્યેનો આગ્રહનો અભાવ તે વ્યવહાર સમકિત એવો એનો અર્થ છે. આમાં કાઢી નાખે છે. ઓલો કહે કે નહીં, ..... માટે એમ નથી. વિષ્ણુએ કહેલું છે, જૈને કહેલું છે—એ સ્વાર્થી લોકોએ ભેદ પાડ્યો છે.

શ્રોતા : આદિપુરાણમાં વિષ્ણુ, બ્રહ્મા લખ્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : લખ્યું છેને. વિષ્ણુ, બ્રહ્માદિ, શંકરાદિ કથિત વિપરીત પદાર્થને... લ્યો, વિપરીત પદાર્થ કહ્યા છે એમ તો લખ્યું છે. એના પ્રત્યેનો અભિનિવેશ... લોકોને–માણસને એવું લાગે જાણે મીઠું. બધા ભેગા થાય.... ઝાઝા માણસ ભેગા થાય. આહાહા! એમાં અન્યમતિના કહેલા પદાર્થના આગ્રહથી રહિત હોય અને ભગવાનની ભક્તિ સહિત હોય, એને વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. હવે જ્ઞાન આદિ કહેશું.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**જ્યેષ્ઠ સુદ ૭, રવિવાર, તા. ૧૮-૬-૧૯૭૨**
**ગાથા-૫૧-૫૫, પ્રવચન નં. ૪૯**

નિયમસાર ગાથા, ૫૧ થી ૫૫ ફરીને અહીંથી.

**ટીકા : આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે. પ્રથમ, ભેદોપચાર-રત્નત્રય આ પ્રમાણે છે...** ભેદોપચાર એટલે વ્યવહાર-રત્નત્રય. વ્યવહાર-રત્નત્રય એટલે દેવ-ગુરુ-શાસ્ત્ર જે પર એની શ્રદ્ધાનો ભાવ–શુભભાવ એને અહીંયા રત્નત્રય વ્યવહાર કહેવામાં આવે છે. એ નિશ્ચય.... નિશ્ચય હોય ત્યાં વ્યવહાર હોય છે. **ભેદોપચાર-રત્નત્રય આ પ્રમાણે છેઃ– વિપરીત અભિનિવેશ રહિત...** વિપરીત શ્રદ્ધા ને અભિપ્રાય રહિત **શ્રદ્ધાનરૂપ એવું જે સિદ્ધિના પરંપરાહેતુભૂત...** મુક્તિના પરંપરા હેતુભૂત... જ્યાં નિશ્ચય છે તેનો આશરો લઈને.., નિશ્ચય સમ્યગ્દર્શન હોય ત્યાં વ્યવહાર હોય છે. એકલા વ્યવહારની વાત આ છે નહીં. સ્વદ્રવ્યને આશ્રયે નિર્વિકલ્પ અભેદ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનો ભાવ હોય, ત્યાં આગળ આવો વ્યવહાર હોય છે એ વ્યવહારને પરંપરાહેતુ નિશ્ચયનો કહ્યો. સાક્ષાત્ હેતુ તો નિશ્ચય છે, પણ આનો અભાવ કરીને થશે એથી એને પરંપરાહેતુ કહેવામાં આવે છે.

**સિદ્ધિના પરંપરાહેતુભૂત ભગવંત પંચપરમેષ્ઠી પ્રત્યેનું...** પંચ પરમેષ્ઠી—અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. એવા **ભગવંત પંચપરમેષ્ઠીનું પ્રત્યેનું ચળતા-મલિનતા-અગાઢતા...** કંપન્ન નહીં અને મલિનતા નહીં, અગાઢ... ગાઢ નહીં, અગાઢ છે. એ **રહિત ઊપજેલું નિશ્ચળ ભક્તિયુક્તપણું તે જ સમ્યક્ત્વ છે.** આ વ્યવહાર સમકિતની વાત છે. આવો નિમિત્ત વ્યવહાર, નિશ્ચય સમ્યગ્દષ્ટિની ભૂમિકામાં આવો વ્યવહાર હોય છે. એથી આ વ્યવહાર કહ્યો છે. એકલો વ્યવહાર જે છે એને પરંપરાહેતુ (કહ્યો) એમ નથી. **તે જ સમ્યક્ત્વ છે.** ત્યાં સુધી આવ્યું હતું કાલ.

**વિષ્ણુબ્રહ્માદિકથિત વિપરીત પદાર્થસમૂહ પ્રત્યેના અભિનિવેશનો અભાવ તે જ સમ્યક્ત્વ છે—એવો અર્થ છે,** એમ. પહેલું અસ્તિથી કીધું હતું કે પંચપરમેષ્ઠી પ્રત્યેની નિશ્ચળ ભક્તિયુક્ત... અસ્તિથી કહ્યું હતું. હવે એનો અર્થ કર્યો છે કે બ્રહ્મા-વિષ્ણુ આદિ કથિત પદાર્થસમૂહ પ્રત્યેના અભિનિવેશનો અભાવ, એમ. 'તે સમકિત છે' એવો એનો અર્થ છે. વ્યવહાર સમકિત છે આ. પંચપરમેષ્ઠીની ભક્તિ અસ્તિરૂપે અને બ્રહ્મા-વિષ્ણુ આદિએ પદાર્થ કહ્યા એના અભાવરૂપ, એમ. બે જાતની વાત કરી. **તે જ સમ્યક્ત્વ છે—એવો અર્થ છે.** આવું સમકિત. જુઓ! અહીં બ્રહ્મા-વિષ્ણુ આદિએ કહેલા વિપરીત પદાર્થ એનાથી અભાવરૂપની વાત એ વ્યવહાર સમકિત કહ્યું છે અહીં. વિષ્ણુનું કહેલું કે બ્રહ્માનું કહેલું બધું સરખું છે, એમ નથી.

વ્યવહાર સમકિતમાં તો આટલું આવે છે, એમ કહે છે. પંચપરમેષ્ઠીની ભક્તિ શુભભાવ, બ્રહ્મા-વિષ્ણુ આદિએ કહેલા પદાર્થમાં શ્રદ્ધાનો અભાવ એને વ્યવહાર સમકિત કહે છે.

હવે જ્ઞાન, વ્યવહાર જ્ઞાનની વ્યાખ્યા. જ્યાં નિશ્ચય આત્માના આશ્રયે સ્વસંવેદન જ્ઞાન છે, પોતાના આશ્રયે પ્રત્યક્ષ જ્ઞાન છે. સ્વ–પોતાને, સમ્–પ્રત્યક્ષ, જ્ઞાનના વેદનનું ભાન અંદર નિશ્ચય છે એને સાચું વ્યવહારું જ્ઞાન નિમિત્ત કેવું હોય એનું આ વર્ણન છે. **સંશય, વિમોહ ને વિભ્રમ રહિત (જ્ઞાન) તે જ સમ્યગ્જ્ઞાન છે.** વ્યવહારજ્ઞાનની આ વાત કરે છે. **ત્યાં, જિન દેવ હશે કે શિવ દેવ હશે...** વીતરાગદેવ હશે કે શિવ-શંકરદેવ હશે. ઓલામાં વિષ્ણુ-બ્રહ્મા આદિ કહ્યું હતું, એનું 'શિવ' ખુલાસો કરી ચોખ્ખું પાડ્યું. એનાથી જુદું પાડ્યું. શિવ દેવ હશે કે જિન દેવ હશે **તે સંશય છે**. એવો સંશય વ્યવહાર સમકિતીને હોય નહીં. વ્યવહાર સમકિતમાં એવો સંશય ન હોય એમ કહે છે. નિશ્ચય સમકિત તો પોતાનો સ્વભાવ એનું અંતર ભાન, પ્રતીત, અનુભવ થઈને પ્રતીત થવી. આ વ્યવહાર સમકિતમાં પણ શંકર ને તેની શ્રદ્ધારૂપભાવ, બ્રહ્મા-વિષ્ણુ આદિએ કહેલા પદાર્થમાં શ્રદ્ધાનો અભાવ. એ પણ સાચા ને આ પણ સાચા એમ નથી ..માં. ચેતનજી! કેમ આમાં શું છે? આ પણ ઠીક ને આ પણ ઠીક—બેય હશે?

**શાક્યાદિકથિત વસ્તુમાં નિશ્ચય...** બૌદ્ધ લીધા. ઓલામાં બ્રહ્મા-વિષ્ણુ લીધા હતા, ઓલામાં શિવ જુદું પાડ્યું અને શાક્ય એટલે બૌદ્ધ. **શાક્યાદિકથિત વસ્તુમાં નિશ્ચય (અર્થાત્ બુદ્ધાદિએ કહેલા પદાર્થનો નિર્ણય) તે વિમોહ છે...** એવો વિમોહ વ્યવહાર સમકિતીને હોય નહીં એમ સિદ્ધ કરવું છેને. વ્યવહારજ્ઞાનમાં.. વ્યવહારજ્ઞાનમાં એવું સમકિતીને હોય નહીં. **અજ્ઞાનપણું (અર્થાત્ વસ્તુ શું છે તે સંબંધી અજાણપણું) તે જ વિભ્રમ છે.** એ ત્રણ રહિત (હોય) એમ કહેવું છે. સંશય, વિમોહ, વિભ્રમ રહિત જ્ઞાન એનું નામ વ્યવહારુ સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. નિશ્ચય જ્યાં સમ્યગ્જ્ઞાન હોય, ત્યાં આવું વ્યવહાર સમ્યગ્જ્ઞાન હોય. એમાં વિરોધ હોય નહીં. આવી વાત છે ચોખ્ખી. અત્યારે તો મોટો ઉત્સવ ચાલે છે. સમન્વય.. સમન્વય ચાલે છે. આ પણ સાચું ને આ પણ સાચું. એમાં કંઈ છે નહીં... બે વાત કહી—વ્યવહાર સમકિત ને વ્યવહાર જ્ઞાન. હવે વ્યવહારચારિત્ર.

**પાપક્રિયાથી નિવૃત્તિરૂપ પરિણામ તે ચારિત્ર છે.** વ્યવહાર ચારિત્ર પંચમહાવ્રત. પાપના સાવદ્ય પરિણામથી નિવૃત્તિ અને શુભભાવ હોય છે, એને વ્યવહારચારિત્ર કહેવામાં આવે છે. **આમ ભેદોપચાર**–વ્યવહાર **રત્નત્રયપરિણતિ છે.** આમ વ્યવહાર-રત્નત્રયની અવસ્થા છે. પર્યાયમાં એવો એક શુભ વિકલ્પ છે એમ કહે છે. જ્યાં સ્વભાવના આશ્રયે નિશ્ચય પરિણતિ છે, એ પરિણતિની સાથે, પરિણતિ એટલે પર્યાય–અવસ્થા, એની સાથે આવી એક પરિણતિ હોય છે એને વ્યવહાર કહેવામાં આવે છે. **તેમાં, જિનપ્રણીત હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે.** એ વ્યવહાર લીધું. વીતરાગે કહેલા પદાર્થો એમાં હેયને છોડવા અને ઉપાદેયનું

જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન વ્યવહારે કહેવામાં આવે છે, એ પણ વ્યવહાર છે. નિશ્ચય તો સ્વનું જ્ઞાન થયું એને નિશ્ચય કહે છે. છેને?

**આ સમ્યક્ત્વપરિણામનું બાહ્ય સહકારી કારણ...** હવે કહે છે, જે સમ્યગ્દર્શન નિશ્ચય છે એનું બાહ્ય સહકારી કારણ... સહકારી એટલે સાથે રહેલું. **વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ...** લ્યો, **એવું દ્રવ્યશ્રુતરૂપ...** ભગવાનની વાણી દ્રવ્યશ્રુત એ બાહ્ય સહકારી કારણ છે, નિમિત્તરૂપે એ કારણ છે. સમ્યગ્દર્શનમાં આવું ભગવાને કહેલું–વીતરાગના મુખથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ... બધી ચીજોને કહેવાને સમર્થ છે એમ કહેવું છે. બધું ત્રણ કાળ, ત્રણ લોકના પદાર્થ ભગવાનની વાણીમાં આવે છે એમ કહેવું છે. **એવું દ્રવ્યસ્વરૂપ તત્ત્વજ્ઞાન જ...** એવું દ્રવ્યસ્વરૂપ તત્ત્વજ્ઞાન જ છે. નિમિત્તરૂપે એને દ્રવ્યશ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. નિમિત્ત આવું હોય એમ કહે છે. સમ્યગ્દર્શનમાં દ્રવ્યશ્રુતનું જ્ઞાન જ વ્યવહારે નિમિત્ત હોય છે. નિશ્ચય તો સ્વનો આશ્રય હોય ત્યારે થાય છે.

એ વખતે ભગવાનની વાણી–દ્રવ્યશ્રુત એનું જે જ્ઞાન, એ દ્રવ્યશ્રુત વ્યવહારે નિમિત્ત કહેવાય છે. **જે મુમુક્ષુઓ છે તેમને પણ ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે (સમ્યક્ત્વપરિણામના) અંતરંગ હેતુઓ કહ્યા છે...** લ્યો. દ્રવ્યશ્રુતને બાહ્ય સહકારી કારણ કહ્યું અને મુમુક્ષુઓ જે ધર્માત્મા–સમકિતી–જ્ઞાની છે એને, બીજા સમ્યગ્દૃષ્ટિ જીવના પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે ઉપચારથી સમ્યક્ત્વપરિણામના અંતરંગ હેતુ કહ્યા છે. છે તો બાહ્ય, પણ દ્રવ્યશ્રુતની અપેક્ષાએ એનો અભિપ્રાય અંતરંગ હેતુ કહેવામાં આવે છે. લ્યો, આ બધા વાંધા છેને આ ગાથામાં. ચર્ચાનો મોટો વાંધો છે. એવા સમકિત પામે એને, એમ કહે છે, દર્શનમોહનું ક્ષયાદિ કારણ છે. અહીં તો કહે છે કે પામનારને નિમિત્ત હોય છે એને આ હોય છે, એમ છે.

શ્રોતા : બેમાં સાચો ક્યો અર્થ?

પૂજ્ય ગુરુદેવશ્રી : સાચો આ. સમ્યગ્દર્શન પામનારને દર્શનમોહની ક્ષયાદિ ક્રિયા (નિમિત્ત થાય) એ અહીં વાત નથી. અહીં તો એમાં જે નિમિત્ત થાય (એવો) અંતરંગ હેતુ જેને કહ્યો, એવા બીજા જ્ઞાની જેને આના અંતરંગ હેતુ કહ્યા, એના દર્શનમોહના ક્ષયાદિને (કારણે) આને ક્ષય, ઉપશમ ને ક્ષયોપશમ હોય. એના પરિણામ આને અંતરંગ હેતુ નિમિત્તથી કહેવામાં આવે છે. પંડિતજી! ત્યાં વાંધા છે એમાં.

ગોમ્મટસારમાં તો એવું આવે છે કે દર્શનમોહના ક્ષયાદિ કારણ છે સમકિતને. એવું આવે છે. એથી આવો અર્થ આમાં લગાવે છે. એ અહીં નથી. અહીં એનું કામ નથી. અહીં તો સમ્યગ્દૃષ્ટિ જીવને બાહ્ય સહકારી કારણ–નિમિત્ત ભગવાનની વાણી દ્રવ્યશ્રુત એટલે એ જ્ઞાનીની વાણી અને એ (જ્ઞાની)પુરુષ પોતે એનો અભિપ્રાય પદાર્થ- નિર્ણયના હેતુપણાને લીધે

ઉપચાર છે હોં. ઉપચાર કીધુંને. સમકિત પરિણામના અંતરંગ હેતુઓ કહ્યા છે. ધર્માત્મા જીવને–સમ્યગ્દર્શન પામનારને (બીજા) ધર્માત્મા જીવ અંતરંગ હેતુ કહ્યા છે. ગોમ્મટસારનો અર્થ એવો થાય. એ માટે.... એ નથી. જુઓ! ટીકા છેને ચોખ્ખી. એની વાત છે. અહીં તો સમ્યગ્દર્શનમાં નિમિત્ત હોય એની વાત છે. ઉપદેશ.. એ બધા અર્થ એવા કરે છેને. .... ગોમ્મટસારનો અર્થ અહીં લગાવે. અહીં કામ નથી. અહીં પાઠ જ એવો છે.

**मुमुक्षुवः तेऽप्युपचारतः पदार्थनिर्णयहेतुत्वात् अंतरंगहेतव इत्युक्ताः दर्शनमोहनीयकर्मक्षयप्रभृतेः सकाशादिति,** એમ. એ જીવને દર્શનમોહનો ક્ષય, ઉપશમ, ક્ષાયિક જે નિમિત્ત છે એને હોય, એમ કહે છે. જે નિમિત્ત થાય છે એને આવું હોય. .....અર્થ હૈ ટીકામેં. ઐસા હૈ, ટીકામેં ઐસા હૈ. બહાર બીજો અર્થ કરે છે. જે મુમુક્ષુઓ છે... એ કોણ? તેમને પણ ઉપચારથી... મુમુક્ષુઓ એટલે સમકિતીઓ એમ એ ઠરાવે છે. પામનાર. પણ અહીં તો પામેલા છે એ પામનારને નિમિત્ત થાય છે, અંતરંગ હેતુ. એ જીવને દર્શનમોહનો ક્ષય, ક્ષયોપશમ, ઉપશમ હોય છે એમ છે. આ તો ખૂબ ચર્ચા ચાલી છે આ ૫૩ની. આ ૫૩મી ગાથા. જુઓ! પાઠ છેને. **સમકિતનું નિમિત્ત જિન સૂત્ર છે અને જિનસૂત્રના જાણનારા પુરુષોને સમકિતના અંતરંગ હેતુ કહ્યા છે**. (શબ્દાર્થ). ગાથા છેને ગાથા. **કારણ કે તેમને દર્શનમોહના ક્ષયાદિ છે**. એ પંડિતજીએ ૨૦૦૦માં એ અર્થ કર્યો છે અમારા હિંમતભાઈએ. ઓલા શીતલપ્રસાદે બીજો અર્થ કર્યો છે. ઓલો ગોમ્મટસાર જેવો અર્થ કર્યો છે.

સમ્યગ્દર્શનનું નિમિત્ત અને બાહ્ય સહકારી કારણ જિન સૂત્ર ટીકામાં આવ્યું છે. અને જિન સૂત્રના જાણનારા પુરુષો એટલે સમ્યગ્દષ્ટિ જીવ, બીજા સમ્યગ્દષ્ટિ પામનારને સમકિતના અંતરંગ હેતુ કહ્યા છે. કેમકે તેમને દર્શનમોહના ક્ષયાદિ છે. નિમિત્ત છે તેને દર્શનમોહના ક્ષયાદિ છે એમ કહે છે. પંડિતજી! જુઓ! અંદર. ....... વસ્તુસ્થિતિ આવી છે. પોતે તો સમ્યગ્દર્શન પામનાર જીવ છે, એને તો દર્શનમોહનો ક્ષય હોય એની અહીં વાત નથી, પણ એને નિમિત્ત હોય કોણ? કે બાહ્ય જિનસૂત્ર અથવા જ્ઞાનીની વાણી. એ વાણી છે એ બાહ્ય સહકારી કારણ છે અને એનો (-સામા જ્ઞાનીનો) જે આત્મા એનો અભિપ્રાય એ અંતરંગ હેતુ ઉપચારથી કહેવામાં આવે છે. રતિભાઈ! સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને નિમિત્ત (બીજો) સમ્યગ્દષ્ટિ જીવ હોય, અજ્ઞાની નિમિત્ત ન હોય એમ અહીં સિદ્ધ કરવું છે. (શ્રોતાઃ ....) ના, ના, કંઈ કામ નથી. એ બહારથી પહેલું આવું હોય, પછી બીજું હોય... પામ્યા એથી વ્યવહારથી કહેવાય. બીજાથી પામે નહીં. ટોડરમલમાં આવ્યુંને..... એ તો વસ્તુ આ છે. પાઠ ચોખ્ખો છે જુઓને!

**सम्यक्त्वस्य निमित्तं जिनसूत्रं तस्य ज्ञायकाः पुरुषाः अन्तर्हेतवो...** એમ છે ચોખ્ખી વાત. જ્ઞાન પામનારને જ્ઞાનીનું નિમિત્ત હોય. દીવાએ દીવો હોય. શ્રીમદ્‌માં બહુ આવે એવું.

દીવે દીવા થાય. દીવો કાંઈ કોલસાને અડાડીને થાતા હશે? દીવો હોય તો ચાંપ લગાડે એવી આવડત હોયને? ... દીવો છે. દીવે દીવો થાય છે. શ્રીમદ્‌માં એ બહુ આવે છે. એ આ વાત છે. એમાંય બહુ છે સમ્યગ્જ્ઞાનદીપિકામાં. કાળલબ્ધિ અને ગુરુનો-જ્ઞાનીનો ઉપદેશ બે વાત મુખ્ય..... એની લાયકાત અને ગુરુનો ઉપદેશ એ નિમિત્ત છે. લાયકાત એની પોતાની છે. .... એ જ હોય. સાચા શ્રોતાને આવો જ ઉપદેશ હોય. સાચાનો ઉપદેશ હોય. સમ્યગ્દૃષ્ટિ..... આ તો જ્યાં-ત્યાં આથડે છે. ક્યાંકથી મળશે, ક્યાંકથી મળશે. નવું જ્ઞાન તો થાય. એ જાતનું નવું જ્ઞાન તો થાય. .... વસ્તુસ્થિતિ...

સમ્યગ્દર્શન પામનાર જીવને (બીજો) સમ્યગ્દૃષ્ટિ નિમિત્ત વાણીથી અને અભિપ્રાયથી હોય છે. વાણી એ બાહ્ય સહકારી કારણ, અભિપ્રાય એ અંતરંગહેતુ-કારણ. આમ છે. ઐસા અર્થ હૈ કિ નહીં? સંસ્કૃતના જાણનાર તમે છો. સંસ્કૃતમેં ઐસા હૈ? પંડિતજી! સંસ્કૃતમેં ઐસા હૈ? અહીંયા તો સંસ્કૃત પ્રમાણે છે કે નહીં એ વાત પૂછી. એમાં ક્યાં ન્યાં.... સંસ્કૃતમાં એ પ્રમાણે છે કે બીજી રીતે છે? પાઠ જુઓને! **सम्यत्तवपरिणामस्य बाह्यसहकारिकारणं वीतरागसर्वज्ञमुखकमलविनिर्गतसमस्त वस्तुप्रतिपादनसमर्थद्रव्यश्रुतमेव तत्त्वज्ञानमिति...** લ્યો, બાહ્ય સહકારી કારણ નિમિત્ત કીધું છે. છે તો આ પણ બાહ્ય, પણ એનો અભિપ્રાયને વધારે જોર દેવા (અંતરંગ કહ્યું).

**ये मुमुक्षवः तेऽप्युपचारतः** ઉપચારથી કીધુંને. ઉપચાર તે બાહ્ય છેને. ઉપચારથી **पदार्थनिर्णयहेतुत्वात्**-પદાર્થના નિર્ણયમાં હેતુ હોવાને લીધે અંતરંગ હેતુઓ.. મુમુક્ષુ જીવ-ધર્મી જીવ બીજા ધર્મી જીવ માટે ઉપચારથી અંતરંગ હેતુ કહ્યા છે. કેમ કે એને **दर्शनमोहनीयकर्मक्षयप्रभृतेः सकाशादिति...** કેમકે ધર્મીજીવ જે ઉપદેશ આપે છે અને જેનો અંતરંગહેતુ-અભિપ્રાય બીજાને કહેવામાં આવે છે એને દર્શનમોહનો ક્ષય, ક્ષયોપશમ ને ક્ષાયિક હોય છે. કહો, અહીં સંસ્કૃતના બે પ્રોફેસરો છે. ..... પંડિતો ઘણા તકરાર કરે છે. હજી તકરાર કરે જ છે. અહીં તો ધર્મ-સમકિતનું નિમિત્ત કોણ એમ વાત છે પાઠમાં. સમકિત પામનાર છે એ તો ઉપાદાન છે. એને નિમિત્ત કોણ હોય? વીતરાગની વાણી, ઉપદેશકની વાણી એ વીતરાગની વાણી છે, એ સહકારી બાહ્યકારણ કહેવાય. એ (સમ્યગ્દૃષ્ટિ) પુરુષ જે છે-એનો આત્મા એને અંતરંગહેતુ, ઉપચારથી અંતરંગ હેતુ (કહ્યો). સમ્યગ્દૃષ્ટિ જીવ છે માટે આને બીજા (માટે) અંતરંગ હેતુ કહેવામાં આવે છે.

આમાં નક્કી થયું કાંઈ? ના પાડતે હૈ પંડિત લોકો. એમ કે દર્શનમોહનો ક્ષયાદિ હોય એને સમકિત થાય એવો અર્થ કરે છે અહીં. એ થાતો નથી. આની સાથે થાતો નથી, બીજે થાય છે. બીજે થાય એને અહી લગાવી દે એનો અર્થ શું? અહીં જે અર્થ કર્યો હોય એવો બીજે ન હોય. બીજે બીજી જાતનો અર્થનો હોય. બીજી જાતનો ત્યાં હોય એને અહીં લગાડી દે એમ ન

હોય. અહીં જે લગાડ્યો હોય એ બીજે લગાડી દે આ રીતે (એમ ન હોય). અહીં તો આ જ અર્થ છે. સમજાણું કાંઈ? ૫૩મી ગાથા એ મોટી તકરારી છે. એ જાતની... આ કહે, નહીં, એમ નહીં. ગોમ્મટસારમાં બીજું... ન્યાં બીજી વાત છે, અહીં બીજી વાત છે. ત્યાં તો પામનારને દર્શનમોહ ક્ષય આદિ હોય એમ છે. અહીં તો પામનારને નિમિત્ત કોણ હોય એની વાત છે. નિમિત્તવાળાને આવું હોય છે એમ કહેવું છે. નિમિત્ત જે છે એનો ઉપદેશ બાહ્ય સહકારી કારણ (સમ્યગ્દર્શન) પામનારને છે અને નિમિત્ત જે છે એને દર્શનમોહનો ક્ષય છે માટે એ આત્મા એને (-બીજાને) અંતરંગ હેતુ ઉપચારથી કહેવામાં આવે છે. આવી સ્પષ્ટ વાત છે ચોખ્ખી. તમારે હજી ઝીણું પડે નૌતમભાઈ! કારણ અભ્યાસ થોડોને. .....

જુઓ! ભગવાનની વાણીનો નિષેધ કરે છે અને અહીં તો દ્રવ્યશ્રુત નિમિત્ત કીધું છે. ભગવાનની વાણીથી લાભ ન થાય એમ કહે છે. એય! કાલે જ આવ્યું હતું. વીતરાગની વાણીથી પણ લાભ ન થાય. અને વાણી જેમાં નિમિત્ત.... વીતરાગનું દ્રવ્યશ્રુત તે નિમિત્ત છે. નિમિત્ત છે એટલે શું એનો અર્થ? અહીં સ્વનો આશ્રય થયો છે ત્યારે આવું એક વ્યવહારપણું હોય છે. આણે આ શબ્દ મૂક્યો છે.... જુઓ! ત્યાં સમકિતમાં ભગવાનની વાણી–દ્રવ્યશ્રુત નિમિત્ત હોય છે. એને ઠેકાણે દ્રવ્યશ્રુતથી આત્માને લાભ ન થાય (એમ કહે છે). અરે સાંભળને! દ્રવ્યશ્રુતથી તો ન થાય, પણ દ્રવ્યશ્રુત નિમિત્ત છે (ત્યાં) પોતાની ઉપાદાનની પર્યાય તે કાળની ક્ષયોપશમની છે એ નિમિત્તથી નથી થઈ, પણ એ ક્ષયોપશમની પર્યાય એનાથી પણ લાભ ન થાય. સમજાણું કાંઈ? એ પરલક્ષી છે. બહુ આકરી વાત છે.

પોતાના સ્વભાવના આશ્રયે થાય ત્યારે આવું એક સહકારી કારણ (હોય), એના બે પ્રકાર પાડીને... છે તો બેય સહકારી—એની (જ્ઞાનીની) વાણી અને આત્મા. બેયને—વાણીને બાહ્ય સહકારી, ઓલાને ઉપચારથી અંતરંગ હેતુ (કહ્યો). અંતરંગ સહકારી, એમ. સમજાણું કાંઈ? શાસ્ત્રના અર્થ કરવામાં વાંધા. પોતાની દૃષ્ટિને ... હોય એવા અર્થ કરે એમ ચાલે કાંઈ? માર્ગ હોય એમ ચાલેને. ધર્મી જીવને ધર્મ પામવામાં ધર્મીની વાણી અને ધર્મી તે જ નિમિત્ત હોય છે. લ્યો, આ એનો સરવાળો.

સમ્યગ્દર્શન–ધર્મ પામનારને ઉપાદાન તો એનો આત્મા છે. એનાથી શરૂ થાય છે. સમજાણું? પણ નિમિત્ત તરીકે સર્વજ્ઞ વીતરાગની વાણી (હોય). અજ્ઞાનીની કહેલી વાણી નહીં, એટલે કે અજ્ઞાની વીતરાગની વાણી પ્રમાણે બોલે એ નહીં. વીતરાગ સ્વભાવે પરિણમ્યો છે એ જીવ, એની વાણી એ બાહ્ય સહકારી કારણ છે અને એનો આત્મા– આ પુરુષ એનો અભિપ્રાય, છે તો પર (અને) બાહ્ય કારણ છે, પણ બાહ્યકારણને ઉપચારથી અંતરંગ કારણ કહીને તેને હેતુ કહ્યો છે. લ્યો, આ ઝીણું બહુ આવ્યું ભાઈ! શ્રીચંદજી! ક્યા હૈ? હૈ કુછ કિ નહીં? પંડિતજી મુંઝાય છે. મુંઝાય એવું છે આ? ક્યાં મુંઝવણ છે? મુંઝવણ જ નથી કાંઈ. આહાહા!

ગોમ્મટસારમાં એમ કહ્યું કે દર્શનમોહનો ક્ષય આદિ થાય એને સમકિત થાય. અહીં, (જેને) દર્શનમોહાદિ ક્ષય હોય એ જીવ બીજાને નિમિત્ત થાય એમ વાત અહીં છે. એ વ્યવહાર છે, દર્શનમોહનો ક્ષય થાય એટલે સમકિત છે એ વ્યવહારથી કથન છે. પોતાના પુરુષાર્થથી થયેલું સમકિત છે, સ્વભાવને આશ્રયે થયેલું સમકિત છે. એમાં દર્શનમોહનો ક્ષય થાય એ પરની તો અપેક્ષા છે. એ અપેક્ષા છે જ નહીં નિશ્ચયમાં. એ વ્યવહાર છે. એવી વાતું છે. જ્યાં સ્વભાવનો આશ્રય લે એટલે દર્શનમોહનો ક્ષયોપશમ-ક્ષય એનામાં થવાની લાયકાત જ હોય. આને (નિમિત્તને) કારણે નહીં, એને (પોતાને) કારણે.

ભાષા એમ બોલાય કે આ દર્શનમોહનો ક્ષય થયો હોય એને સમકિત હોય. અથવા સમકિત થાય ત્યારે એને દર્શનમોહનો ક્ષય થાય, એમ. પણ એ બેયમાં વ્યવહાર છે. દર્શનમોહનો ક્ષય આદિ હોય તો સમકિત થાય એ પણ વ્યવહાર છે. પરની અપેક્ષા ન્યાં ક્યાં છે? અને દર્શનમોહનો ક્ષય કરે છે જીવ... સ્વભાવનો આશ્રય લઈને દર્શનમોહનો ક્ષય કરે છે તેથી સમકિત છે એ બધું વ્યવહારનું કથન છે. નિશ્ચયમાં પરની અપેક્ષા છે જ નહીં. પોતાની સમ્યગ્દર્શન પર્યાય પ્રગટ (થવા)માં, એ પર્યાય પ્રગટ (થવા)માં દ્રવ્ય કારણ હો. પણ એ તો એનો એ અભિન્ન કર્તા-કર્મ. ભિન્ન નહીં. બીજી અપેક્ષા રાખીને સમકિત થાય એ વસ્તુ જ નથી, અહીં કહે છે. એવો એનો સ્વભાવ છે. આહાહા!

દરેક પર્યાય પોતાથી પરની અપેક્ષા રાખ્યા વિના, અરે! દ્રવ્ય ને ગુણની અપેક્ષા વિના જે પર્યાય થાય એવો એનો સ્વતઃ એ કાળનો પર્યાયનો કાર્યકાળનો આવો સ્વભાવ છે.

શ્રોતા : દ્રવ્ય-ગુણની અપેક્ષા નહીં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, નિશ્ચયથી.. આવે છે... ઝીણી વાત છે. એ સત્.. સત્ વસ્તુ એવી છે. પર્યાય થાય છે એ સત્ છેને? સમ્યગ્દર્શનપર્યાય સત્ છે. સત્ છે એને હેતુ ક્યો? છે એને સાબિત કરવાને હેતુ હોય એ હેતુ ક્યો? સમજાણું કાંઈ? એમ સમ્યગ્જ્ઞાન, સમ્યક્-ચારિત્ર ત્રણે જે પર્યાય થાય છે એને હેતુ જ કોઈ નથી. સ્વયંસિદ્ધ સત્ અહેતુક, સ્વયંસિદ્ધ સત્. આહાહા! એને અહીંયા નિમિત્તથી ઓળખાવે છે.

એવા ધર્મ પામનારને દર્શનમોહનો ક્ષય હોય એ વાત અહીં કહી નથી. પામનારને તો હોય જ. પણ પામનારને નિમિત્ત કેવું હોય? સર્વજ્ઞના મુખથી નીકળેલી વાણી નિમિત્ત હોય. આ કલ્પિત શાસ્ત્રો રચ્યા એ નિમિત્ત ન હોય એમ કહે છે. એય! અજ્ઞાનીની વાણી કલ્પિત છે, એ ભગવાનની વાણી નથી. એ વાણી બાહ્ય નિમિત્ત પણ ન થાય. બાહ્ય નિમિત્ત તો સર્વજ્ઞ પરમાત્માએ વાસ્તવિક તત્ત્વ (કહ્યું), સર્વજ્ઞસ્વરૂપી આત્મા એવું જેને પ્રગટ્યું છે, એની વાણીમાં પણ એ બતાવવું છે. એ વાણી સર્વજ્ઞ(પણું) પામનારને... એ પહેલો સમકિતમાં સર્વજ્ઞપણું પામે

છેને (અર્થાત્) સર્વજ્ઞસ્વભાવી છું એમ પામે છેને. એમ છે. સમકિતમાં સર્વજ્ઞસ્વભાવનું ભાન થાય છે. સર્વજ્ઞસ્વભાવી હું છું, અલ્પજ્ઞ નહીં, રાગ નહીં, કાંઈ નહીં. આહાહા!

સર્વજ્ઞનો સ્વીકાર થાય છે, અસ્તિ નહોતું એ અસ્તિ છે એમ સિદ્ધ થયું. એની પર્યાયમાં પર્યાય જેટલો (હું એમ) પર્યાયની શ્રદ્ધા હતી. એ પર્યાયે જ્યાં દ્રવ્યને પકડ્યું, સર્વજ્ઞસ્વભાવી... આવે છેને, શ્રીમદ્‌માં આવે છે. 'કેવળજ્ઞાન શ્રદ્ધાએ પ્રગટ્યું છે' એનો અર્થ એ. શ્રદ્ધામાં કેવળજ્ઞાની છું એવું નહોતું, સર્વજ્ઞ છું એવું નહોતું. એ 'સર્વજ્ઞ છું' એવી પ્રતીતિ આવી, કેવળજ્ઞાન પ્રગટ્યું. પ્રગટ્યું એટલે નાસ્તિ હતી.. એ નાસ્તિ હતી એ અસ્તિ થઈ ગઈ શ્રદ્ધામાં. કારણ કે વસ્તુ છેને. વસ્તુનું સ્વરૂપ છે એ. 'જ્ઞાનદશાએ કેવળજ્ઞાન થયું છે, ઇચ્છાદશાએ વર્તે છે, મુખ્યનયના હેતુથી વર્તે છે' એમ આવે છે. .... ભગવાન આત્મા... કેમકે વસ્તુ પોતે 'જ્ઞ' સ્વભાવી છે. 'જ્ઞ' સ્વભાવી એટલે સર્વજ્ઞસ્વભાવી, સર્વજ્ઞસ્વભાવી એટલે પૂર્ણ જાણવાના સ્વભાવવાળું એવું એ તત્ત્વ જ છે. એવા તત્ત્વના ભાનવાળા જીવને સર્વજ્ઞની વાણી નિમિત્ત તરીકે હોય. સમજાણું કાંઈ? એનો ન્યાય છે આખો.

જોરદાર સર્વજ્ઞ પ્રભુ આત્મા.. આ સર્વ એટલે 'જ્ઞ' સ્વભાવ, 'જ્ઞ' સ્વભાવ એટલે પૂર્ણ સ્વભાવ, પૂર્ણ સ્વભાવ એટલે સર્વજ્ઞ સ્વભાવ. એ છે સર્વજ્ઞ છે, એ મુક્તસ્વરૂપ જ છે, કેવળજ્ઞાનસ્વરૂપ જ છે. એકલું જ્ઞાનસ્વરૂપ પૂર્ણ સ્વરૂપ છે. એની જે શ્રદ્ધા–સમ્યગ્દર્શન, એ સમ્યગ્દર્શનમાં સર્વજ્ઞસ્વભાવી વસ્તુને 'છે' એમ કબૂલ્યું. પહેલું પર્યાય છું, અલ્પજ્ઞ છું, રાગ છું એમ કબૂલ્યું હતું, એ મિથ્યાત્વ હતું. સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞવાણી નિમિત્ત છે એમાંથી આ બધું આવે છે. છેને? **સર્વજ્ઞ વીતરાગના મુખકમળથી નીકળેલું સમસ્ત વસ્તુનું પ્રતિપાદન...** સમકિતી ... કરે પણ એ વીતરાગની વાણીનું કરે છે, પોતાના ઘરનું નહીં. આહાહા! સમજાણું કાંઈ?

એવી આ મુખકમળથી... મુખકમળથી.. ... મુખરૂપી કમળ.. લ્યો. મુખથી વાણી નીકળે ભગવાનની? ભાષા તો આ છે. પણ ઓલો લોકોમાં વ્યવહાર એમ છેને કે બોલે છે ભાષા. એ અપેક્ષાએ ભાષા કરી છે. કાંઈ મુખથી બોલે ભગવાન? એને તો આખા અસંખ્યપ્રદેશથી ઓમ ધ્વનિ (નીકળે). હોઠ ન હલે, ગળું ન હલે, તાળવું હલે નહીં. થંભી ગયા... અંદરથી પ્રદેશમાંથી–અસંખ્યપ્રદેશથી–આખા શરીરમાંથી ઓમનો ધ્વનિ એની મેળાએ છૂટે. ૐ એવો અવાજ નીકળે. આહાહા!

એવો જે એનો અવાજ, ભાવ-ઓમને બતાવવા દ્રવ્ય-ઓમનો ધ્વનિ ઉઠે. બે ૐ છે. કીધુંને, વાણીમાં આવ્યુંને. .... ઓમ ઉભયરૂપ.. ઓમ ઉભય... એક અક્ષરરૂપ, એક આત્મારૂપ–ભાવરૂપ. ભગવાન ભાવરૂપ ઓમ છે. સર્વજ્ઞસ્વરૂપી સર્વજ્ઞ પરમેષ્ઠી સ્વરૂપી એ વસ્તુ છે. એવા ભાવ ઓમને નિમિત્ત તરીકે દ્રવ્ય ઓમ છે. એનાથી શાસ્ત્રરચના થાય છે. એ વાણી શાસ્ત્રની

ભગવાનના શ્રીમુખેથી નીકળેલી છે. એ સર્વજ્ઞસ્વભાવી પૂર્ણસ્વભાવી એવો આત્મા એના સમકિતમાં એટલે એની શ્રદ્ધામાં (નિમિત્ત) આવી વાણી નીકળે છે. કહો, સમજાણું કાંઈ? આહાહા!

અને એ આત્મા અંતરંગહેતુ કહ્યો છે. છે તો બાહ્ય, પણ શબ્દ કરતાં એનો અભિપ્રાય, એના આત્માનું વજન વધારે છે એવા ઉપચારથી અંતરંગ હેતુ એમ કહ્યા. આવે છેને આપણે પંચાસ્તિકાયની ૧૪૮ ગાથા. યોગ ને કષાય પરિણતિ. યોગને બાહ્ય કહ્યો છે, કષાયને અભ્યંતર કહ્યો છે. છે તો બેય એની પર્યાય. ૧૪૮, પંચાસ્તિકાય. યોગને બાહ્ય કહ્યો છે અને કષાયને અભ્યંતર કહ્યો છે. છે તો એની બેય (પર્યાય). એમ વીતરાગની વાણી અને વીતરાગ(ભાવ) અથવા એ પુરુષ બેય બાહ્ય છે. પણ બે બાહ્યમાં આંતરા પાડ્યા. વાણીને બાહ્ય સહકારી કારણ કહ્યું, આને ઉપચારથી અંતરંગ કારણ કહ્યું. ઓલા અંતરંગ કારણમાં મુંઝાય છે માણસ. ... કરી નાખે.... અંતરંગ હેતુમાં દર્શનમોહનીય આદિનો ક્ષય એ લોકો કહે છે. એમ અહીં નથી.

અહીં તો સમ્યગ્દૃષ્ટિ જીવને-પામનારને અંતરંગ હેતુ બીજો સમ્યગ્દૃષ્ટિ જીવ છે. અંતરંગ હેતુ એ ઉપચારથી. બાહ્ય છેને. હેતુ કહ્યુંને. ઉપચારથી, જુઓને! **પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે**... વાસ્તવિક પદાર્થ (નિર્ણય)નો હેતુ નિમિત્તથી એ છે. **અંતરંગ હેતુ કહ્યા છે, કારણ કે તેમને દર્શનમોહનીયકર્મના ક્ષયાદિક છે.** લ્યો. નિમિત્ત જે છે મુમુક્ષુ-ધર્માત્મા એને દર્શનમોહનો ક્ષય, ક્ષયોપશમ ને ઉપશમ હોય છે. એટલું જાણવાયોગ્ય છે. સમજાણું કાંઈ? માણસે પોતાનું પકડ્યું હોયને એને છોડવું ભારે કઠણ છે. આમ જ જોઈએ, અમે માનીએ છીએ. અમે માનીએ, પણ તારું સાચું હોય તો અમે માનીએને. પદાર્થનું સ્વરૂપ જે છે એમાં.... ...... ૫૩ (ગાથા)ની બડી તકરાર છે પંડિતોમાં. પંડિતજી! ક્ષયાદિ કહ્યા, યે ગોમ્મટસારકી અપેક્ષા લગાતે હૈં. અહીં એ વાત નથી. સમકિતમાં બાહ્ય નિમિત્ત કોણ એની વાત છે. ગોમ્મટસારમાં સમકિત પામનારને શું (નિમિત્ત હોય) એની વાત છે. એ બીજી વાત છે. ..... એવી વાત છે.

કેટલું સ્પષ્ટ કર્યું છે પદ્મપ્રભમલધારીદેવે! એમાં પંડિતજીએ સ્પષ્ટ કર્યું બે હજારની સાલમાં. એ વ્યવહારની વાત થઈ લ્યો. વ્યવહાર સમકિતી કેવા અને નિશ્ચય સમકિતીમાં નિમિત્ત વ્યવહાર કેવો—એની વાત થઈ. વ્યવહાર સમકિત, વ્યવહાર જ્ઞાન, વ્યવહાર ચારિત્ર એક વાત અને સમકિત પામનારને વ્યવહાર એટલે નિમિત્ત કેવું હોય એની વાત થાય થઈ. એ વ્યવહાર-નિશ્ચય. આમ નિમિત્ત વ્યવહાર છે. પહેલા પોતાનો વ્યવહાર, આ (બાહ્ય) વ્યવહાર. સમજાણું કાંઈ? હવે નિશ્ચયની વાત. આવો વ્યવહાર નિશ્ચયવાળાનો હોય છે એમ સિદ્ધ કરવું છે. પહેલું એકલું વર્ણન વ્યવહારથી કર્યું. એથી વ્યવહાર પહેલો આવો આવે અને પછી નિશ્ચય (થાય) એમ નથી અહીં. સમજાણું કાંઈ?

**અભેદ-અનુપચાર...** ઓલામાં, જુઓ! ભેદ-ઉપચાર હતો. અહીં અભેદ-અનુપચાર, એમ. અભેદ-અનુપચાર અંતરનો... ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાનઘન એકરૂપ પરમપારિણામિક-સ્વભાવભાવ... એકલો પારિણામિક કહ્યો નહીં એનું કારણ કે પારિણામિક તો જડમાંય હોય છે, પણ અહીં તો જ્ઞાયકસ્વભાવરૂપ પારિણામિકભાવ. પારિણામિકભાવ તો પરમાણુમાં છે. પારિણામિકભાવ ધ્રુવ તરીકે દ્રવ્યમાં બધાને પારિણામિકભાવ જ છે. પરમપારિણામિકભાવ જ છે દ્રવ્ય તરીકે તો. અહીં તો અંતરનો ત્રિકાળી સ્વભાવ પરમપારિણામિક જ્ઞાયકભાવ એની દૃષ્ટિ... **અભેદ અનુપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને, ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે...** હવે એની શ્રદ્ધા કઈ રીતે અને કેવી હોય? **અભેદ અનુપચાર રત્નત્રયપરિણતિવાળા જીવને ટંકોત્કીર્ણ** એટલે કે જેમ ટાંકણાથી ન ઘડેલું હોય એવું અદબદનાથ જેવું અંદર, એવું સ્વરૂપ એનું. ભગવાન જ્ઞાયકભાવ સ્વરૂપ સત્‌નું સત્ત્વ જ્ઞાયકભાવ... ભાવવાન સત્ છે, એનો ભાવ જ્ઞાયકભાવ છે, સત્ત્વ–એનો સ્વભાવ. એવો જે જ્ઞાયક જેનો એક સ્વભાવ છે... જ્ઞાયક જેનો એક સ્વભાવ... વસ્તુ છેને? વસ્તુનો જ્ઞાયક એક જેનો સ્વભાવ છે...

શ્રોતા : આમાં કાંઈ સમજાતું નથી

પૂજ્ય ગુરુદેવશ્રી : ફરીને લઈએ. અહીં પર્યાયસ્વભાવનો નિષેધ કરીને એક જ્ઞાયક-સ્વભાવ જેનો સ્વભાવ છે... એક જ્ઞાયક... એકરૂપ સત્.. સત્ એનું સત્ત્વ–સ્વભાવ. સત્ છે એ સ્વભાવવાન છે અને સ્વભાવવાનનો–વસ્તુનો–આત્માનો સ્વભાવ આ છે. **ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે...** એવું એનું સત્ ત્રિકાળ જ્ઞાયક સ્વભાવે પડ્યું છે.. છે.

શ્રોતા : .... પરિણમાવે.... પરિણમન હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી : શેનું? અંદર પરિણમન શેનું? એ કારણપર્યાય છે. એની અત્યારે વાત નથી. એ બધું ગરી ગયું અંદર. અહીં તો એકરૂપ જ્ઞાયકભાવ એને પરિણામ કહ્યા છે. પરિણામ એટલે પર્યાય એમ નહીં. (પંચાસ્તિકાય), ૫૬માં કહ્યુંને? ‘દ્રવ્ય આત્મલાભ હેતુ પરિણામ’ દ્રવ્યના સ્વભાવની હયાતીરૂપ જે પરિણામ એટલે તે ભાવ પારિણામિકભાવ કહેવામાં આવે છે. આવી.... લ્યો. દ્રવ્ય એટલે વસ્તુ, એનો જે સ્વભાવ–સ્વરૂપ એનો લાભ... લાભ એટલે ‘છે’ એમ, હયાતી–મોજૂદગી. વસ્તુના સ્વરૂપની મોજૂદગી એવો જે ભાવ એને પારિણામિકભાવ કહેવામાં આવો છે, એને જ્ઞાયકભાવ કહેવામાં આવે છે. પારિણામિક તો જડનેય હોય છે એટલે જુદું પાડવા જ્ઞાયકભાવ લીધો છે.

(સમયસાર), છઠ્ઠીમાં લીધુંને એ? **णवि होदि अपमत्तो ण पमत्तो...** જ્ઞાયક લીધો, જ્ઞાયક તે પારિણામિકભાવ, એમ. જ્ઞાયક જ છેને? જાણવાવાળો પારિણામિકસ્વભાવ એમ લેવું છેને? બીજા તો અજાણ પારિણામિકસ્વભાવ છે, પાંચ દ્રવ્યમાં છે એ તો અજાણ પારિણામિક સ્વભાવ છે અને આ તો જાણક પારિણામિકસ્વભાવ છે. પારિણામિકભાવ અને ઓલો અજાણ

પારિણામિકભાવ. એય ! પાંચ દ્રવ્યનો.. પાંચ દ્રવ્યનો દ્રવ્યસ્વભાવ અજાણ પારિણામિકભાવ છે. આ દ્રવ્યનો જ્ઞાયક પારિણામિકભાવ છે.

શ્રોતા : પરમપારિણામિક ભાવ ઉપર વજન જાતું... આપે નાખ્યું જ્ઞાયક.

પૂજ્ય ગુરૂદેવશ્રી : પણ પરમપારિણામિક તો પરમાણુનેય હોય છે. આને જુદો પાડવા જ્ઞાયક પરમપારિણામિકભાવ (કહ્યો). જ્ઞાનનું સત્ત્વ, સત્‌નું સત્ત્વ... વસ્તુ સત્, એનું સત્ત્વ–ભાવ જ્ઞાયકભાવ એ પારિણામિકભાવ છે. જ્ઞાયક જ ધ્રુવ છે. જ્ઞાયકધ્રુવ કહો કે જ્ઞાયક કહો. ધ્રુવ કેવું છે? કે જ્ઞાયક ધ્રુવ છે. ઓલું ધ્રુવ કેવું છે? કે અચેતન ધ્રુવ છે. ધ્રુવ, એકલા ધ્રુવ નહીં. જ્ઞાયકધ્રુવ એમ તો જોઈએને. ધ્રુવ તો ઓલા પાંચે દ્રવ્યમાં પણ છે એમાં શું થયું? એય! એકલું ધ્રુવ એમ નહીં, જ્ઞાયકધ્રુવ. પણ જીવનું ધ્રુવ કહેતા એમાં એ આવી ગયું. એય! પરમાણુનું ધ્રુવ એ અચેતનધ્રુવ છે અને ભગવાન આત્માનું ધ્રુવ એ જ્ઞાયક ચેતનધ્રુવ છે. આહાહા! આવી વાત સ્પષ્ટ છે. જુઓને! શું લખ્યું છે?

**અભેદ અનુપચાર રત્નત્રય પરિણતિવાળા જીવને ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવા નિજ પરમતત્ત્વની શ્રદ્ધા વડે**... લ્યો, એ સમકિત. સમજાણું કાંઈ? ... કેમ કીધું છે? કે અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે એમ સિદ્ધ કરવું છે. ઓલામાં કાંઈ વ્યવહારથી આનાથી થાય, આનાથી થાય એમ નથી વર્ણવ્યું. એ જાણવાની વાત કરી, જાણવાની વાત. એ પરંપરાથી લેવું છે. અહીં તો સીધી અભેદ અનુપચાર રત્નત્રય પરિણતિવાળા જીવને ટંકોત્કીર્ણ–જેવો છે એવો, એમ અદબદ.... જ્ઞાયક.. જાણનાર.. જાણનાર આવો, જાણનાર આવો. ક્રિયાવાળો એમ નહીં. જાણવાની ક્રિયા એમ નહીં, જાણવાના સ્વભાવવાળો. જાણવાનો સ્વભાવ જેનો એક સ્વભાવ છે, એકરૂપ છે. પર્યાય તો અનેકરૂપ છે ભિન્ન-ભિન્ન. અથવા અંશ છે, ભેદ છે. આ એક સ્વભાવ જ્ઞાયક ત્રિકાળ.

**એવા નિજ પરમ તત્ત્વની**... ભાષા દેખો! **ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવા નિજ પરમતત્ત્વ**... દેખો! એવું જે નિજ પરમતત્ત્વ–ભાવ એની શ્રદ્ધા વડે... એ નિજ પરમતત્ત્વની શ્રદ્ધા... નિજ-પરમ-તત્ત્વની શ્રદ્ધા વડે સિદ્ધપર્યાય થાય છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? અહીં તો સિદ્ધિની પ્રાપ્તિ થાય છે. ઓલામાં તો પરંપરા હેતુ બતાવ્યો. નિમિત્ત છેને એને છોડીને... પરંપરા હેતુ... આ તો સિદ્ધિ... સિદ્ધિ અભૂતપૂર્વ—પૂર્વે નહીં થયેલી એવી સિદ્ધપર્યાય થાય છે. કોના વડે? કે **ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવા પરમતત્ત્વની શ્રદ્ધા વડે**... દેખો! ભગવાનની શ્રદ્ધા ને એ બધું કાઢી નાખ્યું.

શ્રોતા : એ પર્યાય છે. પર્યાય વડે સિદ્ધિ છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, પર્યાયની સિદ્ધિ છેને. ...

શ્રોતા : દ્રવ્ય વડે સિદ્ધિ....

પૂજ્ય ગુરુદેવશ્રી : નહીં. એ વળી બીજી વાત છે પાછી. અહીં તો તત્ત્વની શ્રદ્ધા વડે મુક્તિ થાય છે એમ સિદ્ધ કરવું છેને. પર્યાયનો ગ્રંથ છેને આ? પર્યાયનો ગ્રંથ છેને એટલે પર્યાયથી.. આ પર્યાયથી આ પર્યાય (થાય). પછી જ્યારે એને આગળ નીકળતા.... પૂર્ણ પર્યાયનું કારણ દ્રવ્ય છે, પૂર્વની પર્યાય નહીં. પૂર્વની પર્યાય પછી વ્યય થઈ જાય છે. દ્રવ્ય કારણ કીધું ને? ..... નિરપેક્ષ છે.

ખરેખર તો એ પર્યાય ઉત્પન્ન થાય છે એ પણ નિરપેક્ષ છે, પણ જ્યારે અપેક્ષાથી કથન ચાલે ત્યારે શું ચાલે? નિશ્ચયની પર્યાય પણ નિરપેક્ષ છે, કેવળજ્ઞાનની પર્યાય નિરપેક્ષ છે. ગુણ ને દ્રવ્યનું કારણ નહીં, નિમિત્તનું કારણ નહીં એવી... નિરપેક્ષ છે. નિશ્ચયથી વિકાર ષટ્કારકે... એક સમયની પર્યાયમાં ષટ્કારક પરિણમી રહ્યા છે સ્વતઃ. નિમિત્તની અપેક્ષા નથી, પરની અપેક્ષા વિના. પાઠ છેને ચોખ્ખો. (પંચાસ્તિકાય), ૬૨મી ગાથા. દ્રવ્ય-ગુણ તો કારણ હોય શેના વિકારમાં? આહાહા! .... **જેનો એક સ્વભાવ છે એવા નિજ પરમતત્ત્વની શ્રદ્ધા વડે** સિદ્ધપદ થાય છે એમ કહેવું છે. એ શ્રદ્ધાની વાત છે.

અહીંયા **તદ્જ્ઞાનમાત્ર...** ભાષા. **તદ્જ્ઞાનમાત્ર (-તે નિજ પરમ તત્ત્વના જ્ઞાનમાત્રસ્વરૂપ)...** દેખો! એ નિજ પરમતત્ત્વ જે સ્વરૂપ એનું જ્ઞાન.. એનું જ્ઞાન.. શાસ્ત્રજ્ઞાન નહીં, એ બહારની વાતું. તદ્જ્ઞાનમાત્ર—તે નિજ પરમ તત્ત્વના જ્ઞાનમાત્ર **એવા અંતર્મુખ પરમબોધ વડે...** અંતર્મુખ... દેખો! એ જ્ઞાનની પર્યાય અંતર્મુખ વળેલી છે. અંતર તત્ત્વને સ્પર્શીને જે પર્યાય આવી એ **અંતર્મુખ પરમબોધ વડે**... અંતર્મુખ પરમબોધ વડે સિદ્ધિ થાય છે. વ્યવહારજ્ઞાન વડે સિદ્ધિ નહીં, એ તો પરંપરા હેતુ કહીને છોડી દીધી વાત. આ તો સિદ્ધિ... અંતર્મુખ પરમબોધ વડે ત્રિકાળી જ્ઞાયકભાવ તેનું જ્ઞાનમાત્ર... એમ છેને? તદ્જ્ઞાનમાત્ર... જ્ઞાનમાત્ર.. તેના જ જ્ઞાનમાત્ર, બીજી કોઈ અપેક્ષા નહીં. નિજ પરમતત્ત્વ એવા અંતર્મુખ બોધ વડે (એટલે) તે રૂપે, એટલું બસ. હવે એની ચારિત્રની વ્યાખ્યા કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## જ્યેષ્ઠ સુદ ૯, મંગળવાર, તા. ૨૦-૬-૧૯૭૨
## ગાથા-૫૧-૫૫, શ્લોક-૭૫, પ્રવચન નં. ૫૦

નિયમસાર, શુદ્ધભાવ અધિકાર, ૫૧ થી ૫૫ (ગાથા). બીજો પેરેગ્રાફ આવ્યો છે. નિશ્ચય ચારિત્ર-દર્શન-જ્ઞાન કોને કહેવું કે જે મુક્તિનું કારણ છે? **અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને...** પોતાનો અભેદ અખંડ સ્વભાવની નિશ્ચય પરિણતિ જેને સ્વાશ્રયે પ્રગટી છે... અભેદ અનુપચાર એવી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ–નિર્મળ અવસ્થા–વીતરાગ પરિણતિ (સહિત) એવા જીવને **ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે...** ટાંકણાથી કોતરીને કાઢેલી ચીજ હોય, એમ આ અદબદનાથ પ્રભુ ટંકોત્કીર્ણ એક જ્ઞાયક જેનો સ્વભાવ છે **એવા નિજ પરમતત્ત્વની શ્રદ્ધા વડે...** એવું જે નિજ પરમતત્ત્વ જ્ઞાયકભાવ એની શ્રદ્ધા વડે મુક્તિ થાય છે, એમ કહે છે. અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે. પૂર્વે કોઈ દિ' સિદ્ધની દશા થઈ ન હતી એ દશા નિજ પરમતત્ત્વની શ્રદ્ધા વડે થાય છે.

**તદ્જ્ઞાનમાત્ર (-તે નિજ પરમતત્ત્વના જ્ઞાનમાત્રસ્વરૂપ)...** જ્ઞાયક એક સ્વભાવ ત્રિકાળ સ્વરૂપ એનું જ્ઞાન. શાસ્ત્રજ્ઞાનેય નહીં, વ્યવહારજ્ઞાનેય નહીં. આ તો નિજ પરમતત્ત્વનું તદ્જ્ઞાનમાત્ર **એવા અંતર્મુખ પરમબોધ વડે...** ચૈતન્યના ત્રિકાળ સ્વભાવને અવલંબનારું અંતર્મુખ પરમબોધ... આ પરમબોધ, આ સમ્યગ્જ્ઞાન. ...મુક્તિ થાય છે એમ કહેવું છે. એવા પરમતત્ત્વના અવલંબન વડે થતું પરમ બોધસ્વરૂપ એ વડે કરી મુક્તિ થાય છે, સિદ્ધિ એ વડે થાય છે. **અને તે-રૂપે (અર્થાત્ નિજ પરમ તત્ત્વરૂપે) અવિચળપણે સ્થિત થવારૂપ...** અંતરમાં ચળવું નહીં એવી સ્થિરતા... ધ્રુવ ભગવાન જ્ઞાયકસ્વભાવ એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત અંતરમાં સ્થિરતા, નિજ સ્વભાવમાં સ્થિરતા એનું નામ ચારિત્ર છે.

**સહજચારિત્ર વડે...** સ્વભાવિક ચારિત્ર છે આ પર્યાય, પણ એને સહજ ચારિત્ર કહે છે, સ્વભાવિક ચારિત્ર કહે છે. ત્રિકાળ જ્ઞાયકસ્વભાવભાવ એની પ્રતીત, એનું જ્ઞાન ને એમાં અવિચળપણે સ્થિરતા એ વડે **અભૂતપૂર્વ**–પૂર્વે કદી નહીં થયેલી એવી અપૂર્વ **સિદ્ધપર્યાય થાય છે.** લ્યો, આ માર્ગ. વ્યવહારમાં પરંપરા કહ્યું હતું, અહીં સીધું કહ્યું. વ્યવહારમાં પરંપરા મુક્તિ કહ્યું હતુંને. એકલો વ્યવહાર હોય તો? એને હોય જ નહીં. નિજ સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાનની પરિણતિ, સહજ ચારિત્રની રમણતામાં—એ ભૂમિકામાં વ્યવહાર હોય છે શુભરાગનો વિકલ્પ, એને પરંપરા મુક્તિનું કારણ કહ્યું છે. એનાથી અશુભ છૂટે છે એ ક્રમે-ક્રમે શુભને છોડી પામશે એટલે પરંપરા કહ્યું. આ સાક્ષાત્ કહ્યું. જ્ઞાયકસ્વભાવ એક સ્વભાવ ત્રિકાળ એકરૂપ એના અવલંબે થતી શ્રદ્ધા, એનું જ્ઞાન, એમાં અવિચળ સ્થિતિ વડે અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે લ્યો.

શ્રોતા : ત્રિકાળના આશ્રયે ....

પૂજ્ય ગુરુદેવશ્રી : ત્રિકાળ કીધુંને. આ શું કીધું? જ્ઞાયકભાવ એ ત્રિકાળી છે. એ કાયમ રહેનારની અપેક્ષાએ ત્રિકાળ સ્વરૂપ છે. વસ્તુ તો જ્ઞાયકભાવ છે. વ્યવહારની અપેક્ષાએ ત્રણ કાળ, એમ. વસ્તુ તો એક સમયમાં આખી છે. પંડિતજી! ત્રિકાળ.. ત્રિકાળ.. આ રહિત જીવ છે એ તો ભેદ પડ્યા છે. ત્રિકાળ તો સમજાવવા માટે, બાકી વસ્તુ તો વસ્તુ એક સમયમાં છે આખી. એક સમયમાં જ્ઞાયકભાવ આખો છે.

એનો આશ્રય લઈને જે શ્રદ્ધા થઈ, એનો આશ્રય લઈને જે જ્ઞાન થયું, એના આશ્રયમાં જે સ્થિરતા થઈ—એવું દર્શન-જ્ઞાન-ચારિત્ર... આમાં દર્શન પહેલું લીધું. મુક્તિ થાય છે. લ્યો, આ મુક્તિનો માર્ગ. શુદ્ધભાવ અધિકાર છેને. ત્રણે પર્યાય શુદ્ધભાવ છે. આ શુદ્ધભાવ અધિકાર એ તો ધ્રુવ છે. શું? આ શુદ્ધભાવનો અધિકાર છે એ તો ધ્રુવ(ની વાત) છે. આ શુદ્ધપર્યાય છે. શું કહ્યું? જે આ શુદ્ધભાવ અધિકાર છે એ ત્રિકાળી(ની વાત) છે. ત્રિકાળી એટલે ધ્રુવ એકસ્વભાવ વસ્તુ શુદ્ધ પવિત્ર ત્રિકાળ. એને અવલંબે થતી પરિણતિને પણ શુદ્ધભાવ કહેવામાં આવે છે. એ શુદ્ધભાવ મુક્તિનું કારણ છે. આહાહા! શુદ્ધ વ્યવહાર કહો કે પર્યાયાર્થિક વ્યવહાર કહો. પર્યાયાર્થિક.....

**જે પરમજિનયોગીશ્વર...** છે પહેલું? પરમજિનયોગીશ્વર... જેણે પોતાના સ્વરૂપમાં જિનપણું જોડાણ કર્યું છે, રાગથી જોડાણ છોડી અને ત્રિકાળ જ્ઞાયકસ્વભાવમાં જેણે, જિનસ્વરૂપ એવું પરમસ્વરૂપ એનો યોગી (એટલે) એનો યોગ સાધનાર (એટલે) એમાં એકાગ્રતા જેણે કરી છે. એ જીવ **પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે...** છઠ્ઠા ગુણસ્થાનની વાત કરે છે. છઠ્ઠા ગુણસ્થાન... એને પહેલા છઠ્ઠા ગુણસ્થાનમાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહાર ચારિત્ર હોય છે. છે તો પરમજિનયોગીશ્વર. પોતાનું પૂર્ણ શુદ્ધસ્વરૂપ જેણે અંતરમાં સ્પર્શ્યું છે, જોયું છે, માન્યું છે, ઠર્યો છે એવો પરમજિનયોગીશ્વર... પહેલાં છઠ્ઠી ભૂમિકામાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ...

આમાં (એવો અર્થ કાઢે કે) પહેલા પાપથી નિવર્તે પછી શુદ્ધમાં જાય. એ અહીં ક્યાં વાત છે? પરમજિનયોગીશ્વર તો છે. પોતાનું શુદ્ધ જ્ઞાન-આનંદસ્વરૂપ, અહો! એનો સ્વીકાર જે પર્યાય કરે એ પર્યાયવાળો તો છે જ. જે પર્યાયમાં–અવસ્થામાં ત્રિકાળી જીવ તરફનું વલણ અને સ્વીકાર એવી દશા, એવું જ્ઞાન, શ્રદ્ધા અને અંશે સ્થિરતા પણ છે, એ જીવને છઠ્ઠે ગુણસ્થાને સાવદ્યયોગ–પાપથી નિવૃત્તિના પરિણામ હોય છે એમ કહે છે. **તેને ખરેખર વ્યવહારનયગોચર તપશ્ચરણ હોય છે.** એ વ્યવહારે મુનિ કહેવામાં આવે છે એમ કહે છે. છઠ્ઠે ગુણસ્થાને પંચમહાવ્રતના પરિણામવાળો, ૨૮ મૂળગુણવાળાને વ્યવહાર.. વ્યવહાર તપશ્ચરણ (હોય) એટલે વ્યવહાર મુનિ કહેવામાં આવે છે. છઠ્ઠા ગુણસ્થાનવાળા જીવની વાત છે હોં. એકલા

સમ્યગ્દર્શન-જ્ઞાન ભાન વિનાના એના વ્યવહારની વાત નથી. એને વ્યવહારચારિત્ર એટલે વ્યવહારતપ (હોય) એટલે વ્યવહાર મુનિ, એને વ્યવહારી મુનિ કહ્યો છે. કહો! આહાહા!

**સહજનિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ...** ભાષા જુઓ! સ્વભાવિક નિશ્ચયનયસ્વરૂપ, પાછું. નયનો વિષય એમ નહીં. સ્વભાવિક નિશ્ચયનય સ્વરૂપ પરમસ્વભાવ સ્વરૂપ એવો જે પરમભાવસ્વભાવ.. પરમસ્વભાવ પર્યાય વિનાનો... **પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં...** આહાહા! પરમાત્મા કેવો એની વ્યાખ્યા કરી. કે સહજ સિદ્ધ નિશ્ચયસ્વરૂપ... પોતાનો પરમાત્મા એક સમયની પર્યાય વિનાનું તત્ત્વ, સહજ–સ્વભાવિક નિશ્ચયજ્ઞાન એનું જ્ઞાનસ્વરૂપ... એ નિશ્ચયસ્વરૂપ જ છે. એવો પરમસ્વભાવભાવસ્વરૂપ... એવો પરમ સ્વભાવ સ્વરૂપ.. પરમ સ્વભાવ સ્વરૂપ.. નિત્ય, ધ્રુવ, સામાન્ય, એક, સિદ્ધ, સદૃશ એ બધા એકાર્થ છે.

એમાં જે **પ્રતપન તે તપ છે,** લ્યો. એમાં જે તપવું... સ્વરૂપ ભગવાન આત્મા, સહજ–સ્વભાવિક નિશ્ચયસ્વરૂપ ત્રિકાળ, પરમસ્વભાવસ્વરૂપ... પરમસ્વભાવ... ચાર પર્યાય અપરમસ્વભાવ છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ અપરમસ્વભાવ છે. ક્ષાયિકભાવ પણ અપરમસ્વભાવ છે. પરમસ્વભાવસ્વરૂપ એવો જે પરમાત્મા—પોતાનો પરમ આત્મા, પરમસ્વરૂપ આત્મા, પરમસ્વભાવરૂપ પરમાત્મા, સહજ નિશ્ચયસ્વરૂપ—એના બધા વિશેષણો છે. આહાહા! એમાં પ્રતપન તે તપ છે. એમાં ઠરવું એ તપ છે. આહાર છોડ્યા, ફલાણા છોડ્યું એ (તપ) નહીં, કહે છે. પ્રતપન... ઓપ.. ઓપ ચડવો અંદર. શુદ્ધ ભગવાન નિશ્ચયનયસ્વરૂપ પરમાત્મા એમાં એકાગ્ર થઈને પ્રતપન (એટલે) નિર્મળતાની શોભા વધે એને તપ કહે છે. લ્યો, આ તપની વ્યાખ્યા. નિશ્ચય હોં. વ્યવહારની તો આવી ગઈ પહેલી. ભાષા આકરી પડે...

સ્વભાવિક નિશ્ચય એટલે સત્ય નય એ સ્વરૂપ જ પોતે એવું છે. જ્ઞાન અથવા જ્ઞાનનો વિષય પૂર્ણ છે એ બધો અભેદ છે. એવો પરમસ્વભાવસ્વરૂપ... પરમ સ્વભાવ..., એક સમયની ચાર પર્યાય ઉદય, ઉપશમ એને છોડી દઈને એકલો પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મા એમાં પ્રતપન, પ્ર-તપન—પ્ર (એટલે) વિશેષે ઉગ્રતાથી–વીર્યની જાગૃતિથી શુદ્ધતાનું થવું એને તપ કહે છે. કહો, આ ભાન વિનાના અપવાસ-બપવાસ બધાને લાંઘણ કહે છે. આને તપ કહે છે. આવું તપ હોય, વ્યવહારનો રાગાદિ હોય એને વ્યવહારતપ કહે છે. આને નિશ્ચય ચારિત્ર સહિતનો નિશ્ચયતપ. એને વ્યવહારચારિત્રનો વ્યવહાર તપ એમ કહે છે. સમજાણું?

**નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજનિશ્ચયચારિત્ર આ તપથી હોય છે.** જોયું! સાચું ચારિત્ર, નિશ્ચય ચારિત્ર, નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિ. હલે નહીં, પંચમહાવ્રતના વિકલ્પ જ્યાં ઉઠે નહીં. એવી **અવિચળ સ્થિતિરૂપ**... ચળે નહીં એવી સ્થિતિ આત્મામાં એ સ્વભાવિક નિશ્ચય ચારિત્ર. સ્વભાવિકરૂપ નિશ્ચય નિર્મળ પર્યાય આ તપથી હોય છે, એટલે પરમાત્મામાં પ્રતપન તપ એથી નિશ્ચય ચારિત્ર હોય છે. ત્યાં નિશ્ચય ચારિત્ર છે. નિશ્ચય ચારિત્ર કહો કે

નિશ્ચય મુનિપણું કહો કે નિશ્ચય તપ કહો. તપ કલ્યા શ્લોક-૭૫ ણક આવે છેને ભગવાનનો? એનો અર્થ શું? તપકલ્યાણક એટલે મુનિપણું. મુનિપણું એટલે આ. શુદ્ધોપયોગમાં રમણતા એ મુનિપણું. શુભ-અશુભરાગ–વિકલ્પ નહીં. શુદ્ધસ્વભાવમાં શુદ્ધ ઉપયોગની રમણતા એવું નિશ્ચયચારિત્ર નિશ્ચયતપથી હોય છે. એ નિશ્ચય મુનિપણું પહેલું જે કહ્યું, પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન (એટલે) વિશેષે ઉગ્રતાથી પુરુષાર્થથી સ્થિરતા વધવી એવું જે તપ આવા ચારિત્રવંતને (હોય છે). સહજ નિશ્ચયચારિત્ર આ તપથી હોય છે. આહાહા! હજી તો સાંભળતા એને (એમ લાગે કે) શું કહે છે આ. વ્યવહાર એવો લાગે.

આવા જીવને વ્યવહાર હોય એને પરંપરા મુક્તિનું કારણ કહેવામાં આવે છે. અજ્ઞાનીને સ્વરૂપ પરમાનંદ પ્રભુ પરમસ્વરૂપ એનો અંતર 'છે' એવો જ્યાં સ્વીકાર જ નથી, આવડો મોટો પ્રભુ છે એનો જ્યાં અંતર સ્વીકાર નથી ત્યાં તો વ્યવહાર હોતો જ નથી. સમજાણું કાંઈ? જેને એક સમયમાં સહજ પરમાત્મસ્વરૂપ એવું જ્યાં અંતર શ્રદ્ધામાં, જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય તરીકે થયું જ નથી, એને તો નિશ્ચય નથી ત્યાં આ વ્યવહાર કેવો? કહો, ભગવાનજીભાઈ! ભારે આકરું કામ આવું. કહો, પંડિતજી! આહાહા! પંડિતજી સંભળાવતા એક-એક કલાક ત્યાં એમના ગુરુને. ફિરોજાબાદ, માણિકચંદ. માણિકચંદ ને? એ અહીં કલાક-કલાક સાંભળીને ગયા. વાત તો સાચી છે. ક્યાં તલોદ? .... આવી જાય માણસ.... પણ એટલો માણસ ...ખરો. એમ કે ત્યાં વાત સાચી છે. ....... માણસ..... આવા પંડિત થઈને ન્યાં જાઓ છો તમે? પંડિત ગુજરી ગયા. બહારમાં લોકો એમ કહે... પણ એટલો કૂણો (કે) સ્વીકાર કર્યો. ........ ઉર્ધ્વ-અધો, સ્વર્ગ-નરકની વાતું કરે. ....... જ્યાં હોય ત્યાં બધાને એ કહે.

તારામાં પ્રવાહ કોણ છે એ જોને. ચૈતન્યનું પૂર છે અંદર મોટું નુર. આહાહા! એક ક્ષણમાં આખી ચીજ છે પૂર્ણ, સહજ સ્વભાવનું પૂર છે એ. એને જાણ્યા વિના, એના સ્વીકાર વિના બધું થોથા છે. આવો અસ્તિ છે એને સ્વીકારે નહીં અને બીજાને સ્વીકારે એનો શું અર્થ? સમજાણું? આવું છતું તત્ત્વ છે મહાપ્રભુ, જેને અહીં નિશ્ચયનયાત્મક પરમસ્વભાવરૂપ પરમાત્મા કહ્યો. આહાહા! એનું પ્રતપન, એ તો પર્યાય થઈ. આવા પરમાત્મામાં પ્રતપન તે તપ છે. આહાહા! એવો ભગવાન એક સમયમાં પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ. આહાહા! એ પૂર્ણ તત્ત્વ છે એનો જ્યાં હજી સ્વીકાર શ્રદ્ધા-જ્ઞાનમાં નથી, એને શું હોય? એને નિશ્ચય પણ ન હોય, એને વ્યવહારેય ન હોય.

આખો ભગવાન બાદશાહ પોતે.. ... કીધું છેને. સ્વભાવિક નિરપેક્ષસ્વરૂપ પરમસ્વભાવરૂપ.. પરમ સ્વભાવરૂપ.. ત્રિકાળ રહેવાની અપેક્ષાએ કહ્યું. પણ ભાવરૂપ તો વર્તમાન પૂર્ણ શુદ્ધ, પરમ સ્વભાવરૂપ એવું જે પરમાત્મસ્વરૂપ.. આહાહા! એનો જ્યાં આદર નથી, ત્યારે મહાપ્રભુનો તો એ અનાદર કરે છે. પછી ભલે પુણ્યનો આદર કરે ને પર્યાયનો

આદર કરે, એ તો મિથ્યાદૃષ્ટિ છે, ગુનેગાર જેલમાં જાય એવો છે. પંડિતજી! આહાહા! પછી પરદ્રવ્યને ભલે માને, પણ છ દ્રવ્યમાં દેવ-ગુરુ-શાસ્ત્ર આવી જાય છે. અને છ દ્રવ્યનું જ્ઞાન તો દ્રવ્યની એક સમયની પર્યાય કરે છે એટલી તો એ પર્યાયની તાકાત છે. હવે એ છ દ્રવ્યને માને, પર્યાયને માને, પણ આખું તત્ત્વ... સમજાણું?

છ દ્રવ્યને જાણવાની એક સમયની પર્યાયની તાકાત છે. એ છ દ્રવ્યને જાણે, માને તો એ એક પર્યાયને માને છે. એ પર્યાયને માને ત્યાં સુધી પ્રભુ આખો પરમાત્મસ્વરૂપ તો આદર વિનાનો રહી જાય છે. મૂલમેં ભૂલ. આહાહા! એને છોડીને એક સમયની અવસ્થા, રાગ, નિમિત્ત એટલામાં અસ્તિત્વનો સ્વીકાર એ તો મિથ્યાબુદ્ધિ છે. આહાહા! એવો ભગવાન આત્મા એમાં એકાગ્રતા, સોનાને જેમ ગેરૂ લગાવે ને શોભે–ઓપે, એમ જેની પર્યાયમાં ઓપ ચડે છે શુદ્ધતાનો. આહાહા! ત્રિકાળી જે છે એમાં એકાગ્ર થવાથી પર્યાયમાં શુદ્ધતાનો ઓપ ચડે છે, એને તપ કહીએ. એવા તપવાળાને નિશ્ચયચારિત્ર હોય છે. આવા મુનિને નિશ્ચયચારિત્ર–સાચું ચારિત્ર હોય એમ કહે છે. આહાહા!

**નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજનિશ્ચયચારિત્ર આ તપથી હોય છે**, લ્યો. આહાહા! રતન રોળાયું સ્મશાને. ગુજરી ગયોને ત્યાં ગાયકવાડ સરકારનો દીકરો. પાટવી હતો. અત્યારે ... છે. એનો બે વર્ષનો છોકરો મરી ગયો, ગાયકવાડ સરકાર બેઠા હતા. ત્રણ કરોડની ઉપજવાળા, વડોદરા. જોડે પાલેજ છેને. ત્યારે એક ચોપડી આવી બનાવેલી. મરી જાયને... ત્રણ કરોડની ઉપજ ને પાટવી કુમાર. નાની જુવાન અવસ્થા ને મરી ગયો. બે વર્ષનો છોકરો..... 'હાય રે રતન રોળાયું સ્મશાને' એવું મરશિયું એમાં આવ્યું હતું. એવું કંઈક આવ્યું હતું. એ રતન રોળાયું નહીં, બાપા! પરમતત્ત્વ.. આહાહા! પરમસ્વભાવભાવ એને રાગમાં, એક સમયની પર્યાયમાં માની લીધો, એ રતન રોળાણું સ્મશાને. રાજનો પાટવી ચાલ્યો ગયો. ....... ફતેહકુમાર એનું નામ હતું....

આ રોળાણો આત્મા. જેનો ફતેહ થાય એવો પરમસ્વભાવભાવ એમાં જે એકાગ્રતા એવું જે પરમ તપ એટલે મુનિપણું એને નિશ્ચયચારિત્ર હોય છે. કહો, આવું તો સાંભળ્યુંય ન હોય ત્યાં સાદડીમાં. આહાહા! કેવી વાત કરી છે! આહાહા! નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ નિશ્ચયચારિત્ર તો આ તપથી હોય છે. આવું જે તપ એટલે નિજસ્વરૂપ પરમાત્મા એમાં જે અંતર લીનતાનો ઓપ ચડ્યો એને નિશ્ચય તપ છે, એને નિશ્ચયચારિત્ર હોય છે. આવા નિશ્ચય મુનિને નિશ્ચય ચારિત્ર એમ કહે છે. આહાહા!

**એવી રીતે એકત્વસપ્તતિમાં (શ્રી પદ્મનંદી-આચાર્યદેવકૃત પદ્મનંદિપંચવિંશતિકા નામના શાસ્ત્રને વિષે એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૧૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-**

**दर्शनं निश्चयः पुंसि बोधस्तद्बोध इष्यते ।**
**स्थितिरत्रैव चारित्रमिति योगः शिवाश्रयः ।।**

**શ્લોકાર્થ : આત્માનો નિશ્ચય તે દર્શન છે...** દેખો! ભગવાન આત્મા અસ્તિ–સત્તા પૂર્ણ એક સમયમાં પૂર્ણ સ્વરૂપ આત્મા... જુઓ! આત્માનો નિશ્ચય કીધો છે એટલે ઓલી પર્યાયની અહીં વાત નથી. આત્મા એટલે ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, અસ્તિભાવ, સત્તાભાવ, પરમસ્વભાવસ્વરૂપભાવ ત્રિકાળ વસ્તુ જે છે એવો જે આત્મા એનો નિશ્ચય... એનો નિશ્ચય એ પર્યાય છે, એ દર્શન. આત્માનો નિશ્ચય... આત્માનો નિશ્ચય એટલે પર્યાય સહિતનો આત્માનો નિશ્ચય એમ નહીં અહીંયા. નિશ્ચય કરનાર પર્યાય, પણ આત્મા (ત્રિકાળી) દ્રવ્ય એનો નિશ્ચય તે સમકિત છે.

ત્યારે ઓલા કહે છે કે તત્ત્વાર્થશ્રદ્ધાનમાં બધું આવે છે લ્યો. સંવર, નિર્જરા પર્યાય આવી શ્રદ્ધાનમાં. તત્ત્વાર્થશ્રદ્ધાનમાં તો સાત તત્ત્વ આવ્યા. એમાં સંવર-નિર્જરા આવ્યા કે નહીં? પર્યાય આવી તો પર્યાયની શ્રદ્ધા આવી કે નહીં? દ્રવ્યની, પર્યાયની બેયની શ્રદ્ધા આવી. એનો અર્થ એકરૂપ ત્રિકાળી છે એવું જેણે શ્રદ્ધ્યું એને, સાત પર્યાય એમાં નથી એવું શ્રદ્ધા-જ્ઞાનમાં આવી જાય છે. સમજાણું કાંઈ? ભારે આકરું કામ. નવા-સવાને તો આ... નૌતમભાઈ! નવા-સવા છેને હજી. તમારા અહીં મકાન થયાને તો આવવું પડશે, રહેવું પડશે. તમારા ભાઈના મકાન તમારા મકાન છે. તમારા માટે કરી ગયા, પોતે રહી ન શક્યા લ્યો. આહાહા!

કહે છે કે ભગવાન આત્મા એનો નિશ્ચય... એ શું કહ્યું એટલામાં? જુઓને! આત્મા તો એક સમયમાં પરમસ્વભાવભાવરૂપ વસ્તુ એ આત્મા. એની શ્રદ્ધા એ નિશ્ચય સમ્યગ્દર્શન. એમાંય પર્યાય આવી ગઈ. એટલે કે ત્રિકાળી આત્મા આવો છે એમાં આવી સાત પર્યાય નથી, એવા અસ્તિપણામાં 'આ નથી' એવા જ્ઞાનમાં એને બધી વાત આવી ગઈ. સમજાણું કાંઈ? સાતેય પર્યાય... સાતેય છેને... નાશવાન કીધી છેને. સાતેય પર્યાય નાશવાન કીધી, આ અવિનાશી. એક સમયમાં ભગવાન પૂર્ણ બ્રહ્મ પૂર્ણ પરમસ્વભાવ વસ્તુ એ અસ્તિ, એ આત્મા, એ અવિનાશી અને નવ, સાત પર્યાય તે નાશવાન. નાશવાન એમાં નથી. પર્યાય ધ્રુવમાં નથી. એ ધ્રુવનું ભાન થતાં આ ભાન ભેગું (હોય. એમ) જ્ઞાનપ્રધાનથી કથન કર્યું તત્ત્વાર્થશ્રદ્ધાનનું. સમજાણું કાંઈ? આહાહા! ભારે!

હજી તો 'તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનં' ત્યાં વાંધા. દ્રવ્ય.. દ્રવ્ય તમે કહો, પણ પર્યાય હોય છે શ્રદ્ધાના વિષયમાં. સંવર, નિર્જરા ને મોક્ષ ત્રણેય પર્યાય છે. આસ્રવ, પુણ્ય, બંધ એ પણ પર્યાય છે. પર્યાય ને દ્રવ્ય બેયની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન. પણ કઈ રીતે? એ વસ્તુ અભેદ છે ત્રિકાળી એવું અંતરમાં ભાન થતાં જ્ઞાનમાં એ આવી જાય છે કે એ પર્યાય આમાં નથી. એવું

જ્ઞાન થઈ જાય છે. એનું શ્રદ્ધાન એ 'તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનં' છે. આહાહા! ભારે! એક-એક શબ્દના વાંધા.

**આત્માનો નિશ્ચય તે દર્શન છે**. આ આત્મા એટલે આ પર્યાયવાળો (નહીં). પર્યાય નથી લીધી. જે પર્યાય છે એ તો નિશ્ચય કરે છે. કોનો? કે ત્રિકાળીનો એટલે ધ્રુવનો. અરે! આવું ઝીણું પડેને માણસને એટલે બીજા રસ્તા લઈ લીધા. શેઠીયાઓએ દાન ને પૂજા, ઓલાએ વ્રત ને તપ બહારના, ગૃહસ્થોએ દાન ને પૂજા.. ધર્મ, જાઓ. રણયસારમાં આવે છે એવું. દાન ને પૂજા શ્રાવકનો ધર્મ–મુખ્ય ધર્મ. જુઓ! રયણસારમાં આવે છે. વ્રત ને તપ એ મુનિઓનો ધર્મ. આ ..... અપવાસ. એટલે બેય જણા ચડી ગયા ત્યાં. ઓલો રહી ગયો એકકોર. વર હતો એ રહી ગયો (અને) જાન જોડી દીધી વગર વરે. ક્યાં જઈને ઊભી રહેશે? ઓલાએ કીધું કે વર વિનાની જાનને જાન ન કહેવાય, એ તો ટોળા કહેવાય માણસના ટોળા. વર હોય તો જાન કહેવાય. એમ નિશ્ચય સ્વભાવ એકરૂપ ત્રિકાળી સ્વભાવ ધ્રુવ એનો નિશ્ચય હોય તો વ્યવહાર... વ્યવહારને વ્યવહારે કહેવાય.

**આત્માનો બોધ તે જ્ઞાન છે,** લ્યો. આત્મા વસ્તુ ત્રિકાળી ધ્રુવ પરમસ્વભાવભાવ... ભાવ–વસ્તુ છે કે નહીં? પદાર્થ છેને? અસ્તિ–સત્તા–હોવાવાળો એવું જે ત્રિકાળી એટલે ધ્રુવ એક જ્ઞાયકભાવ એનું જ્ઞાન, એ પર્યાય થઈ. તેને જ્ઞાન કહ્યું. ઠીક! શાસ્ત્રના જ્ઞાન–આ બધા ભણતર અધોલોક ને ઉર્ધ્વલોક, એ જ્ઞાન નહીં એમ કહે છે. સ્વને મૂકીને છ દ્રવ્યનું જ્ઞાન એ જ્ઞાન નહીં. આત્માનું જ્ઞાન હોય ત્યાં પછી છ દ્રવ્યનું જ્ઞાન... આવે છે યોગસારમાં, નહીં? 'પ્રયત્નથી કરવું' એવો પાઠ છે. વ્યવહારની વાત.... આવે ત્યારે 'પ્રયત્ન' આવેને. પ્રયત્નથી છ દ્રવ્યનું જ્ઞાન કર્યું એવું આવે. વ્યવહાર આવેને વચ્ચે, પણ આ (નિશ્ચય) હોય તો. ત્રિકાળી જ્ઞાયકભાવ એનું જેણે 'આવો છે' એવી માન્યતા કરી, માન્યતામાં જોર કેટલું? એના જ્ઞાનમાં કેટલું જોર? આવડો મોટો એક સમયમાં છે એમ માન્યું, છે એમ જાણ્યું. આહાહા! કહો, સમજાણું કાંઈ? ...ભાઈ!

આમાં કાંઈ ગુરુને લઈને થાય એવું નથી આવતું. ગુરુની કૃપા, મહાપુરુષની કૃપા એ સમ્યગ્દર્શન. જુઓ એવું આવે છે શ્રીમદ્‌માં. એય! આવે છે કે નહીં? એક આવે છે ટુકડો. (ગુરૂ) પોતે જ છે. પોતાની કૃપા થઈ અંદરની અને સ્વીકાર થયો, ત્યારે ગુરુ પણ સ્વીકાર્યું કે બરાબર છે આ. એવું આવે છે. ઓલા ઘણા શબ્દો એવા આવેને એટલે મુંઝાઈ જાય માણસ. એ મહાપુરુષ છે, તું મહાપુરુષ નથી? મહા-આત્મા નથી? વાત એ છે. એક સમયની પર્યાયને ઓળંગીને આખું તત્ત્વ શું છે એનું માહાત્મ્ય ન મળે ને પછી બધી વાતું. .... ત્યાં સુધી કહેતા ઓલા બાવા હતોને ખોજો? હીરાભાઈ.. હીરાભાઈ નહોતા આવતા અહીં? હીરાભાઈ ને... કેવો? મુસલમાન નામ હતું. કાસમ.

બે ભાઈઓ હતા. કાસમ પરણેલો હતો અને આ હીરાભાઈ બ્રહ્મચારી હતા. બાવળાના આવતા. કાસમ....... લીલોતરી નહીં. ..... હીરાભાઈ એમ કહેતા કે આપણે તો શ્રીમદ્‌ને પકડ્યા છે. હવે મોક્ષ કરવું- ન કરવું એને હાથ છે, અમારે કાંઈ ન મળે. એટલે અમારે શ્વેતામ્બર મંદિરે ન જાવું ને દિગંબર મંદિરે જાવું એવું કાંઈ નહીં, એમ કહેતા હતા. અહીં કહે છે કે આત્મા પોતાનો પરમાત્મા અસ્તિ–સત્તા–હોવાવાળી ચીજ છે કે નહીં? જાણવું એવું તો દેખાય છે કે નહીં એના વર્તમાન અવસ્થામાં? જાણનાર તો દેખાય છેને જાણનાર. જાણે છે એ તો એક સમયની પ્રગટ પર્યાય–અવસ્થા જાણે છે. કારણ કે બદલતી છે. પણ એ સિવાય આખું તત્ત્વ છે. એ પર્યાયનો અંશ કોને આધારે થાય? જાણવાનો વર્તમાન પ્રગટ અંશ એ કોને આધારે થાય?

અરીસાનું ઉપરનું દળ છે એમાં સ્વચ્છતાથી જણાય સામે જે હોય તે. એ છે અરીસાની અવસ્થા. અરીસો હોયને અરીસો. ઉપર અવસ્થા હોય એમાં જણાય. કોલસા છે, આ વીંટી છે કે ગોળ છે કે સાકર છે. એ ચીજ અહીં નથી આવતી. આની પર્યાયની સ્વચ્છતા છે એ અરીસાની છે. એ અરીસો છે પર્યાયરૂપ. એ પર્યાય જે બદલે છે એની પાછળ દળ છે એ નિત્ય ધ્રુવ છે. એમ આ જ્ઞાન-અરિસાની પર્યાયમાં જણાય કે છ દ્રવ્ય ફલાણું.. ફલાણું.. ફલાણું.. ફલાણું છે. એ એક સમયની અવસ્થા છે. એ અવસ્થાનો સ્વીકાર નથી જ્યાં, એને તો અવસ્થા કોને આધારે (એનો નિર્ણય ક્યાં)? એનું જે ધ્રુવ એવો જે જ્ઞાયકભાવ એનો બોધ તે જ્ઞાન છે. આહાહા! એનું નામ જ્ઞાન.

જે જ્ઞાનમાં આનંદ આવે તે જ્ઞાન. જે જ્ઞાનમાં એકલું જાણપણું આવે એ જ્ઞાન નહીં, એમ કહે છે. આત્માનું જ્ઞાન એમ કીધુંને. આત્મા તો આખો અનંત ગુણનો પિંડ છે. એનું જ્ઞાન થતાં એને જ્ઞાન થાય, શ્રદ્ધા થાય, આનંદ થાય, સ્વચ્છતા થાય, પ્રભુતા (આદિ) બધું આવે. એને જ્ઞાન કહીએ. જે જ્ઞાનમાં આત્માની જેટલી શક્તિઓ છે બધી વ્યક્તરૂપ પર્યાયમાં આવે એનું જ્ઞાન તેને જ્ઞાન કહીએ. એનું એટલે ઓલાનું (ધ્રુવનું). એ પોતે પોતાનું જ્ઞાન કરે છેને. પર્યાય પર્યાયનું જ્ઞાન કરે, પર્યાય દ્રવ્યનું જ્ઞાન કરે. એ આત્માનો બોધ તે જ્ઞાન છે લ્યો.

**આત્મામાં જ સ્થિતિ તે ચારિત્ર છે...** કહો, આવી વાત છે. આત્મામાં સ્થિતિ તે ચારિત્ર છે. પંચમહાવ્રતના વિકલ્પ, નગ્નપણું એ ચારિત્ર નહીં. અહીં તો પંચમહાવ્રતનાય ઠેકાણા ન મળે અને ચારિત્ર. ક્યાંથી ચારિત્ર? બાપુ! માનતા નથી... **આત્મામાં જ સ્થિતિ**... જોયું! **बोधस्तद्बोध**... **स्थितिरत्रैव**... ત્યાં એમ છે. 'જ'.. 'જ'.. ત્યાં 'જ' નાખ્યો. **स्थिति अत्र ऐव**... આત્મા એકલો જ્ઞાયકભાવનો પરમસ્વભાવનો પિંડ એમાં રમણતા–સ્થિતિ એનું નામ ચારિત્ર છે. આને ચારિત્ર કહીએ. અહીં તો હજી લૂગડાં બહારના હતા એ ફેરવીને બીજા પહેર્યા સાધુના, થઈ ગયો સાધુ. અરે! નગ્ન થાય તો કહે સાધુ. એ સાધુ નહીં, એમ કહે છે. અનંત-અનંત સ્વભાવથી ભરેલો

પ્રભુ એવા અનંતમાં રમે, અનંત ગુણસ્વરૂપ એવો દ્રવ્ય-વસ્તુ એમાં રમે તેનું નામ ચારિત્ર કહેવાય છે. આહાહા!

એ દર્શન-જ્ઞાન ને ચારિત્ર-**આવો યોગ (અર્થાત્ આ ત્રણેની એકતા)...** ત્રણેની એકતા. એ પ્રકાશદાસજી! આવું જ્ઞાન ને ચારિત્ર. આ શું ક્યાંકનું ક્યાંક મુંડાવીને બેસે ત્યાં, થઈ જાય ચારિત્ર. પંચમહાવ્રત લઈ લ્યો ઝટ. એ દીક્ષા લેવાના હતા. કબીરના સાધુ થયા ને વળી પાછો સ્થાનકવાસીનો પરિચય થયો. દીક્ષા લેવાના-મુંડાવાના હતા, પણ રહી ગયા. આત્મધર્મ આવ્યું, વાંચ્યું. માળું! કાંઈક લાગે છે. કોને ચારિત્ર કહેવું? લૂગડા ફેરવ્યા, બાવા થયા બહારના એ સાધુ નહીં. સાધુ તો, અંતર વસ્તુ મહાપ્રભુ એક સમયમાં પૂર્ણ વસ્તુ એમાં સ્થિરતા કરે, જમવટ કરે, જામી જાય. બરફ જેમ જામી જાય છેને? એમ અંદર જામી જાય સ્થિરતા. આહાહા! અરે! એ વાત સાંભળવા મળવી પણ મુશ્કેલ છે. એવી ચીજ વસ્તુ છે. નિત્યાનંદ પ્રભુ જેમાં સ્થિરતા કર્યે શાંતિ ને શાંતિ વહે, અકષાયપરિણામ શુદ્ધતા વહે, એનું નામ ચારિત્ર કહેવામાં આવે છે.

આવો યોગ... **इति योगः शिवाश्रयः...** આ ત્રણેની એકતા, એમ. મોક્ષમાર્ગ ત્રણ થઈને એક છે. મોક્ષમાર્ગ (એટલે) કંઈ સમ્યગ્દર્શન એક મોક્ષમાર્ગ, સમ્યગ્જ્ઞાન બીજો મોક્ષમાર્ગ (એમ) ત્રણ એવું નથી. ત્રણ થઈને એક મોક્ષમાર્ગ એમ સિદ્ધ કરે છે. આવી **ત્રણેની એકતા શિવપદનું કારણ છે.** છેને? **શિવાશ્રયઃ** શિવ.. શિવ એટલે મોક્ષ. એના વાંધા ઉઠ્યા જબલપુરમાં. ભગવાન શિવરમણીને વર્યા. ત્યાં વિરોધ કર્યો. અમારી શિવ-શંકરની પાર્વતીને વર્યા? વિરોધ થયો. બહુ તોફાન થયું, મૂર્તિને તોડી નાખી. જોયું... તોડી નાખી હશે... જબલપુરમાં.

શિવરમણીને વર્યા. શિવ એટલે અમારા શંકર, એની રમણી એટલે પાર્વતીને વર્યા-પરણ્યા. આહાહા! કાળા કેર કર્યો છે. પણ શિવ એટલે મોક્ષમાર્ગ. આહાહા! શિવ એટલે મોક્ષસ્વરૂપ એવી પરિણતિ એને વર્યા, એમ એનું કહેવું છે. શબ્દે વળગ્યા શબ્દે. ઝગડા.. ઝગડા.. ઝગડા. શબ્દયુદ્ધ. યુદ્ધ હો ગયા. ..... પહેલા આ થોડું થઈ ગયેલું. મંદિર તોડી નાખ્યું. પ્રતિમા ઊંધે આમ નાખી દીધી. પડી છે, અમે જોયું છે. મુંબઈમાં વાત આવી હતી. ...... તોડી નાખી. આવા એના ભગવાન અમારી શિવરમણીને વરે? શબ્દના વાંધો. એનો અર્થ શું છે, એનો ભાવ શું એની ખબર ન મળે.

એ તો નમોત્થુણંમાં નથી આવતું? નમોત્થુણુ નહીં કર્યું હોય. સામાયિકના પાઠ કર્યા છે? નમોત્થુણં નહીં કર્યું હોય. નમોત્થુણં આવે છે. ણમો અરિહંતાણં, પછી તિખ્ખુતો, પછી ઇચ્છામિ, પછી તસ્સ-ઉત્તરી, લોગસ્સ, કરોમિ ભંતે અને નમોત્થુણં—સાત પાઠ આવે છે સામાયિકના સાત પાઠ. ચંદેસુ... પાઠ આવે છે. આહાહા! આ ત્રણેની એકતા એ શિવપદનું કારણ છે, એમ અહીં કહેવું છે. 'શિવમયમરુલ..' એમાં આવે છે નમોત્થુણંમાં. આવે છેને. શિવ એટલે કલ્યાણસ્વરૂપ. અયં એટલે અચળ. શિવમયં. અરુ એટલે રોગરહિત અર્થ કર્યો. અર્થની

ખબર ન હોય, પાઠની ખબર ન હોય. નમોત્થુણં આવડે છે તમને? કર્યું હતું કે નહીં સામાયિકમાં? અર્થ વિના. સ્તુતિ છે. ‘નમોત્થુણં અરિહંતાણં, ભગવંતાણં, આઈગરાણં, તિત્થયરાણં સયંસંબુદ્ધાણં પુરિસુત્તમાણં...’ આવે છે. એમાં છેલ્લું શિવમયમરુલમણંત આવે છે. આપણે આવે છે દિગંબરમાંયય. પાઠ છે નમોત્થુણંનો. પણ આ લોકોને પરિચય નથી.

એ શિવપદનું કારણ છે લ્યો, ઓલામાં કહ્યું હતુંને પાઠમાં. અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે. ત્રણથી એને આમ લીધું. શિવપદનું–મોક્ષપદનું કારણ આ ત્રણ છે. ભગવાન આત્માની શ્રદ્ધા.. એ શ્રદ્ધા ક્યારે થાય? આખી વસ્તુ ત્રિકાળી જ્ઞાનમાં આવે ત્યારે પ્રતીત થાય, ત્યારે જ્ઞાન થાય, ત્યારે સ્થિરતા થાય. ભારે કામ. વ્યવહારના આગ્રહીઓને એવું લાગે કે આ બધું સોનગઢવાળા તો વ્યવહારનો નાશ કરી નાખે છે. પણ આ શું કહે છે? વ્યવહારનો તો લોપ કરી નાખે છે. એકલો નિશ્ચય.. નિશ્ચય. પણ નિશ્ચય સહિત વ્યવહાર કેવો હોય એ આમ સાફ નથી આવતું? એકલો વ્યવહાર.. એ વ્યવહાર કેવી રીતે? મીંડા છે બધા.

આવો ભગવાન તીર્થંકરે કેવળીઓએ પરમેશ્વરે જોયો ને પ્રગટ કર્યો, એવો એ આત્મા જેની ખાણમાં અનંતા.. અનંતા.. અનંતી કેવળજ્ઞાનની ધારા ચાલી જ જાય, તોય ધારા ખૂટે નહીં ધ્રુવ. એવો ભગવાન.. આહાહા! અનંત-અનંત એક સમયનો આનંદ પ્રગટ્યો ભગવાનને. એવો અનંત-અનંત આનંદ ચાલ્યા જ જાય પ્રવાહરૂપે એનું જે આખું ઘર, ખાણ એ નિજ પરમાત્મા ત્રિકાળી લ્યો. એની શ્રદ્ધા, જ્ઞાન, રમણતાનો ત્રણનો યોગ—ત્રણની એકતા એ મોક્ષનું કારણ છે.

**વળી (આ શુદ્ધભાવ અધિકારની છેલ્લી પાંચ ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :** એક શ્લોક. ગાથા પાંચ ને શ્લોક એક. ઓલો તો આધાર આપ્યો હતો.

**जयति सहजबोधस्तादृशी दृष्टिरेषा**
**चरणमपि विशुद्धं तद्विधं चैव नित्यम् ।**
**अघकुलमलपंकानीकनिर्मुक्तमूर्तिः**
**सहजपरमतत्त्वे संस्थिता चेतना च ॥ ७५ ॥**

**શ્લોકાર્થ : સહજ જ્ઞાન સદા જયવંત છે...** ત્રિકાળી હોં. એનો સ્વીકાર કરનાર પણ જયવંત વર્તે છે. સહજ જ્ઞાન જયવંત છે. સ્વભાવિક જ્ઞાનની મૂર્તિ પ્રભુ જયવંત છે, એમ જે જાણે છે એ પર્યાય પણ જયવંત છે. **સહજ જ્ઞાન સદા જયવંત છે** એમ લેવું છેને અહીં તો. સ્વભાવિક જ્ઞાન ધ્રુવ નિત્ય જયવંત છે. જયવંત છે, જય જ છે એનો. એની હયાતીમાં અહયાતી કોઈ દિ’ ન થાય. છે.. છે.. છે. ભગવાન અસ્તિ–સત્તા કાયમી જ્ઞાન સદા જયવંત વર્તે છે. અસલી ત્રિકાળી જ્ઞાન સદા જયવંત વર્તે છે. જાણનારી પર્યાય છે એ પણ ત્રિકાળી છે.

**તેવી (-સહજ) આ દૃષ્ટિ સદા જયવંત છે...** સમ્યગ્દર્શન. પર્યાય નહીં, પણ અંદર ત્રિકાળી દર્શન. ત્રિકાળી દર્શન જયવંત છે. એ ત્રિકાળી દર્શનનો સ્વીકાર કરનારી પ્રતીતિ એમ કહે છે કે ત્રિકાળી દર્શન જયવંત છે. જાણનારી પર્યાય કહે છે કે ત્રિકાળી જ્ઞાન જયવંત છે. શ્રદ્ધાની પર્યાય કહે છે કે ત્રિકાળી દર્શન જયવંત વર્તે છે. જયવંત વર્તે છે, એનો સ્વીકાર કરનારી પર્યાય એમ કહે છે. **તેવું જ (-સહજ) વિશુદ્ધ ચારિત્ર પણ સદા જયવંત છે...** એમ કહીને પોતાની પર્યાયમાં જે ચારિત્ર, દર્શન, જ્ઞાન છે એ એમ જાણે છે કે આ ત્રિકાળ ચારિત્ર જયવંત છે. ત્રિકાળ ચારિત્ર છે એ જયવંત વર્તે છે. પર્યાયમાં ભાન થયું છે એ પર્યાય એમ કહે છે કે આ ત્રિકાળી ચારિત્ર જયવંત વર્તે છે. આહાહા! આવી વ્યાખ્યા કેવી? વિશુદ્ધ ચારિત્ર પણ, એટલે ઓલું શું બે થયાને? જ્ઞાન અને દર્શન કીધું એટલે પણ એટલે ત્રીજું ચારિત્ર પણ, એમ.

**પાપસમૂહરૂપી મળની અથવા કાદવની પંક્તિથી રહિત જેનું સ્વરૂપ છે...** પાપસમૂહરૂપી મળની અથવા કાદવની પંક્તિ રહિત જેનું સ્વરૂપ છે **એવી સહજપરમતત્ત્વમાં સંસ્થિત ચેતના**—ચારિત્ર. સંસ્થિત ચેતના ત્રિકાળી લીધી લ્યો. સહજ પરમતત્ત્વમાં સંસ્થિત ચેતના ત્રિકાળ એ **પણ સદા જયવંત છે.** પર્યાય સ્વીકારે છે કે આ ત્રિકાળી સંસ્થિત ચેતના.. ત્રિકાળી ચેતના જયવંત વર્તે છે. પરમ સ્વભાવિક પરમતત્ત્વ ત્રિકાળી એમાં સંસ્થિત રહેલી ત્રિકાળી ચેતના પણ સદા જયવંત વર્તે છે. આખી ચેતના. એમ કહીને આ અધિકાર પૂરો કર્યો.

**આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) શુદ્ધભાવ અધિકાર નામનો ત્રીજો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.** લ્યો. ત્રણ ભાવ અધિકાર છે. પહેલો જીવ, શુદ્ધ... જીવ ને પછી હતોને અજીવ. જીવ (પછી) અજીવ હતો બીજો અધિકાર. પહેલો જીવ, બીજો અજીવ, આ ત્રીજો શુદ્ધ. ત્રણ અધિકાર પૂરા થયા. ચોથો ઓલો લેવાનો છેને કાલ. સળંગ લેવાનું છેને.

(પ્રમાણ વચન ગુરૂદેવ)

**જ્યેષ્ઠ સુદ ૧૦, બુધવાર, તા. ૨૧-૬-૧૯૭૨**
**ગાથા-૫૬, પ્રવચન નં. ૫૧**

નિયમસાર, વ્યવહારચારિત્ર અધિકાર છે, ચોથો અધિકાર. **હવે વ્યવહારચારિત્ર અધિકાર કહેવામાં આવે છે.** નિશ્ચય સહિત-સ્વસ્વભાવને આશ્રયે શુદ્ધ પરિણતિ વીતરાગભાવની પરિણતિ હોય ત્યાં આવો વ્યવહાર હોય છે એનું વર્ણન છે.

શ્રોતા : વ્યવહાર તો દોષ છે એનું વર્ણન શું હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી : દોષ છે તો પહેલું સમજાવવું જોઈએને. એને દોષ છે એમ અસ્તિપણાનું પણ જ્ઞાન કરાવવું જોઈએને. જ્ઞાન કરવા માટે જણાવવું છે કે આવો એને ભાવ હોય છે. જે ભૂમિકામાં જ્યાં ગુણસ્થાનને યોગ્ય સ્વદ્રવ્યનો ઉગ્ર આશ્રય છે એમાં એને પરાશ્રિત-પરાલંબી કષાયની મંદતા આ જાતની હોય એમ જણાવે છે. અને એ કરે વ્યવહાર પ્રયત્ન એમ પણ અહીંયા કહેવામાં આવે છે. વ્યવહારથી (કથન) છેને. છપ્પન.

**कुलजोणिजीवमग्गणठाणासु जाणिऊण जीवाणं ।**
**तस्सारंभणियत्तपरिणामो होउ पढमवदं ।।५६।।**
**જીવસ્થાન, માર્ગણસ્થાન, યોનિ, કુલાદિ જીવનાં જાણીને,**
**આરંભથી નિવૃત્તિરૂપ પરિણામ તે વ્રત પ્રથમ છે. ૫૬.**

**ટીકા : આ, અહિંસાવ્રતના સ્વરૂપનું કથન છે.** વ્યવહાર અહિંસા. વ્યવહાર અધિકાર છેને. વ્યવહાર અહિંસાના વ્રતનું સ્વરૂપ છે.

શ્રોતા : એટલે બે જાતની અહિંસા હશે?

પૂજ્ય ગુરુદેવશ્રી : અહિંસા બે પ્રકારની. એક નિશ્ચય અહિંસા, એક વ્યવહાર અહિંસા. નિશ્ચય અહિંસા એ વીતરાગી પરિણામ. વ્યવહાર અહિંસા મંદ રાગરૂપ પરિણામ. કહો, આ રીતે વસ્તુસ્થિતિ છે.

**આ અહિંસાવ્રતના સ્વરૂપનું કથન છે**. વ્રત છેને, આ વ્યવહારની વાત છે. **કુળભેદ, યોનિભેદ...** કુળ એટલે જીવની ઉત્પત્તિના શરીરની યોગ્યતાના ભેદો. એકસો સાડા સત્તાણું લાખ.. બધા થઈને સાડી સત્તાણુલાખ કરોડ એટલા કુળ છે. ૪૨ ગાથામાં આવી ગયું છે. જે ઉત્પત્તિસ્થાન હોય એને યોનિસ્થાન કહે છે. એમાં ઉપજનારા શરીરની વિવિધતા એને કુળ કહે છે. એ કુળના ભેદ જાણીને, યોનિભેદ-ઉત્પત્તિસ્થાન જાણીને, **જીવસ્થાનના ભેદ** જાણીને... **અને માર્ગણાસ્થાનના ભેદ પહેલાં જ (૪૨મી ગાથાની ટીકામાં જ) પ્રતિપાદિત કરવામાં આવ્યા છે.**

**અહીં પુનરુક્તિદોષના ભયથી પ્રતિપાદિત કર્યા નથી.** અહીં ફરીને કહેવાનું કારણ નથી ન્યાં કહ્યા તેથી.

**ત્યાં કહેલા તેમના ભેદોને જાણીને...** જુઓ! પાઠમાં એમ છે. **ठाणासु जाणिऊण ज्ञात्वा...** જીવની ઉત્પત્તિ ક્યાં ક્યાં છે અને કુળના ભેદો કેવા છે, જીવના ભેદો કેટલા છે, માર્ગણાના ભેદો કેટલા છે—એને જાણવા, એમ કહે છે. ત્યારે અપ્રયોજનભૂત વ્યવહાર છે કે નહીં?

શ્રોતા : પ્રયોજનભૂત તો નથીને?

પૂજ્ય ગુરુદેવશ્રી : પ્રયોજનભૂત છે એક ન્યાયે. અહિંસા–રાગની મંદતાના પરિણામ માટે એ જીવોને જાણવા પ્રયોજનભૂત છે. ક્યાં ક્યાં જીવ ઉત્પન્ન થાય, કઈ જાતના જીવ ઉત્પન્ન થાય, ક્યા પ્રકારના જીવની જાત છે ગતિ આદિ, માર્ગણાની જાતમાં ક્યાં ક્યાં જીવ છે? છેને, જાણવાનો વ્યવહાર છે કે નહીં?

શ્રોતા : ... કેવી રીતે પ્રયોજન છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : આ જાણવા માટે પ્રયોજન છે, જાણવા માટે એટલું મેં તો કહ્યું. જાણવું તો જોઈએને કે યે હૈ ઇતના. જાણ્યા વિના એનો–હિંસાનો ત્યાગ શી રીતે કરશે? ક્યાં ક્યાં જીવના સ્થાન છે એના જ્ઞાન વિના એના હિંસાના પરિણામનો ત્યાગ કઈ રીતે કરશે? એકદમ થઈ જતો નથી એમ કહે છે. અંદર ઠર્યો છે, છતાં હજી પરાલંબી રાગભાવ રહે છે એમ કહે છે. વીતરાગ સર્વથા થઈ જાય એને માટે અહીં વાત નથી. સ્વનું આલંબન છે, ઉગ્ર સ્વરૂપનું આલંબન પ્રચુર સ્વસંવેદન છે, એની ભૂમિકામાં અહિંસા—હિંસાના પરિણામનો ત્યાગ એવા અહિંસાના પરિણામ એ ક્યાં ક્યાં જીવ કેમ છે એમ જાણીને એના પાપના પરિણામ છોડે એને અહિંસાવ્રત હોય છે. એમ છે. મુનિની વાત છેને. બીજાને જાણવું જોઈએ.

શ્રોતા : બીજાને શું મુનિ થયા પહેલા જાણવું?

પૂજ્ય ગુરુદેવશ્રી : મુનિ થવા પહેલા મુનિપણું કેવું છે, ચારિત્ર કેવું છે એને સમ્યગ્દૃષ્ટિને પણ જાણવું ન જોઈએ? ચારિત્ર કેવું, ચારિત્રમાં વ્રત કેવા, વ્રતમાં અહિંસાના પરિણામ કેવા, અહિંસાના પરિણામ કેવા—એવું જ્ઞાન સમકિતીને પણ હોય. ચારિત્ર નથી એટલે ચારિત્રનું જ્ઞાન ન હોય? કેવળજ્ઞાન નથી એટલે કેવળજ્ઞાનનું જ્ઞાન ન હોય? અહિંસા વ્રત નથી માટે અહિંસાવ્રતનું જ્ઞાન ન હોય? પંડિતજી! આવે છેને ઓલામાં, નહીં? યોગસારમાં. ષટ્દ્રવ્યને પ્રયત્નથી જાણવા. આવે છે. આવે છેને. ન્યાં પ્રયત્ન એ જ અહીં... એ ક્યાંથી આવ્યું? એક જ લાઈન....

જાણીને, **તેમના ભેદોને જાણીને**... જાણવું તો ચોથે પણ થાય ને છઠ્ઠે પણ થાય. **તેમની રક્ષારૂપ પરિણતિ તે જ અહિંસા છે**. આ વાત આવી. રક્ષા એ પણ હજી વ્યવહારથી છે. તેમને ન

મારવારૂપ પરિણતિ તે જ અહિંસા છે. શુભપરિણામ છે, રાગ મંદ વિભાવભાવ એટલો છે. **તે જ અહિંસા છે**. જોયું! **તેમની રક્ષારૂપ પરિણતિ**—તેને નહીં મારવારૂપ પરિણતિ, હિંસાના પરિણામનો ત્યાગ એ જ અહિંસા પરિણતિ છે. રક્ષા થઈને. રક્ષાનો અર્થ કર્યોને. રક્ષાનો અર્થ આ. રાખવું..... એ મોક્ષમાર્ગ (પ્રકાશક)માં ખુલાસો કર્યો છે. સમતિમાં રક્ષા આવે છેને ? એટલો ખુલાસો કર્યો છે સાતમા અધ્યાયમાં. એ રક્ષાનો અર્થ, પ્રયત્ન પરિણામથી એ જીવને દુઃખ ન થાય એવા પરિણામ છે એને રક્ષા કહેવામાં આવે છે. પણ ખરેખર અંદર પોતાના પરિણામનો હિંસાના પરિણામથી બચાવ છે. પોતાનો હિંસાના પરિણામથી બચાવ છે. પરની રક્ષાનું કથન વ્યવહારે સાચું છે. આવું છે.

**તેમનું મરણ થાઓ કે ન થાઓ...** બીજા જીવો મરે કે ન મરે એની સાથે સંબંધ નથી. એ તો સ્વતંત્ર પરદ્રવ્યની પર્યાય છે. **પ્રયત્નરૂપ પરિણામ વિના...** ઠીક! વ્યવહાર પ્રયત્ન હોં. વ્યવહાર પ્રયત્નરૂપ પરિણામ વિના **સાવદ્યપરિહાર (દોષોનો ત્યાગ) થતો નથી.** જોયું! હિંસાના પરિણામ, પ્રયત્નરૂપ પરિણામ વિના હિંસાના પરિણામનો ત્યાગ થતો નથી એમ કહે છે. અશુભથી બચવા—સાવદ્યથી બચવા શુભપ્રયત્ન હોય છે એમ કહે છે. નીચે છે ખુલાસો. **મુનિને (મુનિત્વોચિત)...** મુનિત્વ—મુનિપણાને લાયક. મુનિ છટ્ઠે ગુણસ્થાને મુનિત્વ.. જેને ઉગ્રપણે અંતર્મુખના પરિણામ પ્રગટ્યા છે એવું મુનિત્વ—મુનિપણાને લાયક **શુદ્ધપરિણતિ...** એ શુદ્ધપરિણતિ અવસ્થા. એને (મુનિને) લાયક જે ત્રણ કષાયના અભાવની ત્રિકાળી જ્ઞાયકભાવને ઉગ્રપણે અવલંબીને જે શુદ્ધ પરિણતિ, વીતરાગ અવસ્થા એ ચારિત્ર.

એની **સાથે વર્તતો જે (હઠ વગરનો) દેહચેષ્ટાદિકસંબંધી...** દેહ હાલવું-ચાલવું વિગેરે સંબંધી **શુભોપયોગ તે વ્યવહાર-પ્રયત્ન છે.** અંદરમાં શુભ ઉપયોગ એ વ્યવહાર-પ્રયત્ન છે. સ્વરૂપમાં ઠરવું એ નિશ્ચય-પ્રયત્ન છે. કહો, આવી વાત સર્વજ્ઞ સિવાય (ક્યાંય હોય નહીં). પર્યાય-પર્યાયની સંભાળ લીધી છે. એય ચેતનજી! પર્યાયનું શું કામ હશે ? પર્યાય વસ્તુ નથી ? અસ્તિ છે કે નહીં ? શુભ પરિણામની અસ્તિ છે કે નહીં ? એ તો વિભાવિક પર્યાય છે. એને પણ જીવના સ્થાન, માર્ગણાસ્થાન, .... એવા ઉત્પત્તિના.... સાવદ્યના પરિણામનો વ્યવહાર પ્રયત્ને ત્યાગ.. વ્યવહાર પ્રયત્ને સાવદ્ય પરિણામનો ત્યાગ એને અહિંસાવ્રત કહે છે. કહો, પંડિતજી! આવું છે. વ્યવહાર-પ્રયત્ન, શુભ ઉપયોગ તે વ્યવહાર પ્રયત્ન છે. શુદ્ધ ઉપયોગ અંદરમાં અથવા શુદ્ધ પરિણતિ એ નિશ્ચય પ્રયત્ન છે. સ્વાશ્રયની શુદ્ધ પરિણતિ એ નિશ્ચય પ્રયત્ન છે. (શ્રોતા : બેય એક સાથે છે ?) એક સાથે છે.

જેને રાગની રચના કરવી એને નપુંસક કહ્યું છે. સ્વરૂપની રચના કરે એને વીર્ય કહ્યું છે. લ્યો, પ્રયત્ન ઉપરથી આ પ્રશ્ન આવ્યો. 'વ્યવહાર પ્રયત્ન' પડ્યો છેને શબ્દમાં ? જે વીર્ય સ્વરૂપ શુદ્ધતાની રચના કરે તેને વીર્ય કહીએ, પ્રયત્ન કહીએ. શુદ્ધ પરિણતિને રચે તેને વીર્ય કહીએ.

પણ અહીં શુભ પ્રયત્નને રચે એને વ્યવહાર પ્રયત્ન (કહ્યો). વ્યવહાર એટલે નપુંસકતા કીધી છે એને. પણ અસ્તિ તરીકે વર્ણવતા વ્યવહાર પ્રયત્ન છે એમ કહ્યું. આહાહા!

અસ્તિનું ખરું જે પોતાનું વીર્ય, એ તો શુદ્ધ પરિણતિને જ રચે, એને જ વીર્ય કહીએ. કારણ કે જે ગુણ છે, વીર્ય નામનો ગુણ છે, એ ગુણનો ધરનાર દ્રવ્ય છે, એ અનંતા ગુણોનું એકરૂપ એનો આશ્રય લીધો તો એ વીર્યગુણે અનંતા ગુણની શુદ્ધપરિણતિની રચના કરી. એને સાચું વીર્ય ને સાચી નિશ્ચય પરિણતિ કહેવામાં આવે છે, પણ એની સાથે સાવદ્યયોગના પરિણામનો ત્યાગરૂપ વ્યવહાર પ્રયત્ન (હોય). ખરેખર એ વીર્ય સમ્યક્-ગુણ વીર્ય એનું એ કાર્ય નથી. એ ગુણ છે એનું કાર્ય તો નિર્મળ આવે છે. આ વચમાં એક શુભરાગ, સમ્યક્ શુદ્ધ પરિણતિની ભૂમિકાવાળાને (આવે). આહાહા! સર્વજ્ઞ સિવાય, વસ્તુની સ્થિતિને બતાવનાર સિવાય આવી વાત ક્યાં છે? આહાહા! પર્યાય-પર્યાયની સંભાળ લીધી છે.

કહે છે કે બીજાનું મરણ થાઓ કે ન થાઓ, એની સાથે વ્યવહાર પ્રયત્નને સંબંધ નથી. એમ કહે છે. પ્રયત્નરૂપ પરિણામ વિના દોષનો ત્યાગ થતો નથી. ઓલામાં આવ્યુંને. પંડિતજી! ક્યા આયા? છઢાળા (ઢાળ ૩, પદ ૧૧)મેં આયા ન. 'બિન જાને તૈં દોષ-ગુનનકો, કૈસે તજિયે ગહિયે'. ગુણને કેમ ગ્રહે ને દોષને કેમ ત્યજે બિના જાને? એમાં મોટા વાંધા ઉઠ્યાને. શેઠિયા અને લાલચંદભાઈને. આપણે છાપામાં આવ્યું છે. છાપું આવ્યું છે જોયું! એ શબ્દ આવ્યા છે. 'બિન જાને..' એ અહીં શબ્દ છે એમાં. એમાં આવ્યું છે, છપાવ્યું છેને. ..... 'બિન જાને તૈં દોષ-ગુનનકો, કૈસે તજિયે ગહિયે'. છઢાળામાં આવે છે. સ્પષ્ટ સુઝાવ. 'બિન જાને તૈં દોષ-ગુનનકો, કૈસે તજિયે ગહિયે.' ........ એમાં પછી સાધારણ... સ્તુતિમાં હતુંને.

જો સ્વયં અપને દોષ દેખનેકા પ્રગટ નિષેધ કરતા હૈ તો સ્પષ્ટ દોષપોષક હોનેસે આત્મઘાતી ઘોર મિથ્યાદૃષ્ટિ હૈ. આ ... છે. અપને દોષ દેખનેકી બાત સુનતે હી ભડકના. ધ્રુવ જ્ઞાયકઘનકી બાતેં સુનસુનકર સ્વયં સમ્યગ્દૃષ્ટિ બન બૈઠના પ્રત્યક્ષ ગૃહીત મિથ્યાત્વ પોસના હૈ. જુઓ! આ ઝગડા. 'આદત ખોટી ગઈ નહીં પ્રમાણજ્ઞાનકા ઝગડા, દોષોંકા પોષક બના રહા, તબ આત્મચિંતવન કહાં રહા?' ... જાણે પણ એનું જોશ કેટલું? બહુ જોશથી લીધું છે. કિસકી બાત ચલતી હૈ યહાં? યહાં કહતે હૈં... જાણવામાં હોય છે એમાં શું છે? અહીં મુખ્ય તો, શુદ્ધ જાણે છે, શુદ્ધ પરિણમે છે. **सुद्धं तु वियाणंतो सुद्धं चेवप्पयं लहदि जीवो...** (સમયસાર ગાથા ૧૮૬). શુદ્ધને છોડીને એકલા અશુદ્ધને જાણે, અશુદ્ધ ... પામે. ફેરફાર થઈ ગયો. શુદ્ધને જાણતા 'વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે' એ કહ્યું છે. થાય છે, હોય છે. આહાહા!

કહે છે કે **શુદ્ધપરિણતિ ન હોય...** જ્યાં સ્વદ્રવ્યનો આશ્રય જ નથી, પોતાનો ભગવાન પૂર્ણ આનંદસ્વભાવનો પર્યાયમાં જ જ્યાં સ્વીકાર જ નથી, છે આવડું તત્ત્વ, અનંત-અનંત ગુણ ને આનંદાદિ સ્વભાવિક પૂર્ણ સ્વરૂપ એનો જ્યાં પર્યાયમાં આ 'છે' આવું એવો સ્વીકાર નથી,

એની પ્રતીતિ નથી, એનું જ્યાં જ્ઞાન નથી, **ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે...** ત્યાં અહિંસાના આવા શુભ ઉપયોગ પરિણામ હઠ સહિત હોય છે. **તે શુભોપયોગ તો વ્યવહાર-પ્રયત્ન પણ કહેવાતો નથી.** એને તો વ્યવહાર-પ્રયત્ન પણ કહેવાતો નથી. વ્યવહાર-પ્રયત્ન તો જ્યાં શુદ્ધ સ્વભાવ પૂર્ણનો સ્વીકાર થઈને પરિણતિ શુદ્ધ થઈ... એમાં–શુદ્ધ પરિણતિમાં સ્વીકાર થયોને પૂર્ણનો, એમાં આ પૂર્ણ છે એમ સ્વીકાર થયો છે. પરિણતિ શુદ્ધ થઈ ગઈ. એ વિના એકલો પરિણામ શુભ એને વ્યવહાર-પ્રયત્ન (કહેતા નથી). નિશ્ચય પ્રયત્ન છે, સ્વભાવને આશ્રયે પ્રયત્ન છે, ત્રિકાળીના કબૂલાતનું જાહેરનામું પર્યાયમાં પ્રગટ થયું જાહેર. પંડિતજી! આવો માર્ગ છે.

પર્યાયમાં પૂર્ણ સ્વરૂપ છે એ પ્રસિદ્ધ પામ્યું–પ્રસિદ્ધિને પામ્યું, એવા જીવને–એ પરિણતિને નિશ્ચય પ્રયત્ન કહીએ અને એવા જીવને શુભરાગ આવે એને વ્યવહાર પરિણતિ કહીએ. આ વસ્તુની સ્થિતિ છે. આમાંથી આઘું-પાછું કાંઈ કરવા જાય તો ઘર નહીં રહે. કહો, સમજાણું કાંઈ? એકકોર કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ છે, છતાં શુભ પરિણમનનું કર્તૃત્વરૂપ પરિણમન છે. શું કહ્યું એ? કર્તાબુદ્ધિ છૂટી ગઈ છે–કરવાલાયક છે એ બુદ્ધિ છૂટી ગઈ છે, તેથી શુદ્ધ પરિણતિ થઈ છે. પણ હજી શુદ્ધ પરિણતિ તદ્દન (-પૂર્ણ) શુદ્ધ નથી એટલે શુભ પરિણતિ કર્તૃત્વ તરીકે એ છે. 'પરિણમે તે કર્તા' એ અપેક્ષાએ શુભ પરિણતિરૂપે પરિણમે છે એવું કર્તાપણું જ્ઞાનીને પણ જ્ઞાનમાં જાણવાલાયક છે. કર્તૃત્વનય. ૪૭ નય છેને. આહાહા! એકકોર શુભ પરિણામ કર્તૃત્વ–કરવાલાયક નથી, એમ છતાં શુભ પરિણતિ થાય છે એને વ્યવહાર પ્રયત્ન કહેવામાં આવે છે. આહાહા! આ તો સમ્યગ્જ્ઞાનનો કાંટો છે. એમાં કાંઈક ઓછું-અધિક-વિપરીત કાંઈ ફેરફાર ન ચાલે. એવી વાત છે. આહાહા!

**તે શુભોપયોગ તો વ્યવહાર-પ્રયત્ન પણ કહેવાતો નથી.** ત્યારે મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છેને એક ઠેકાણે. નિશ્ચય સહિત હોય તો એને વ્યવહાર કહીએ, પણ એ ન હોય તો પણ વ્યવહાર પરંપરાએ પામશે એ અપેક્ષાએ એને વ્યવહાર એવો એક છે. પામશેની વાત કીધીને પહેલી. એવો શુભોપયોગ પરંપરાએ પામશે, વ્યવહારાભાસ છે છતાં એને વ્યવહાર કહેવામાં આવે છે. એ છે અંદર મોક્ષમાર્ગ પ્રકાશકમાં. મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો બહુ ખુલાસા કર્યા છે. એકેક વાતને ઘણી ચોખ્ખી મૂકી છે. જેને સમ્યક્-પ્રકારે જાણવું હોય તો છે આ. પોતાનું રાખીને, કંઈ હઠ કરીને માન્યું હોય એનું કાંઈ આમાં રહેશે—એવાને માટે નથી. એમાં જે છે એને માન્યું એ એમાં રહેશે.

પૂર્ણસ્વરૂપ ભગવાન, પૂર્ણ સ્વરૂપનો જ્યાં પર્યાયમાં સ્વીકાર થયો, ઓહોહો! એ પર્યાય કેવડી મોટી! શુદ્ધપર્યાય કેવડી મોટી કે જેણે આખા પરમેશ્વરને કબૂલ્યો! અસ્તિ તરીકે, જે અસ્તિ તરીકે–સત્તા તરીકે–હોવા તરીકે તો હતું, હોવા તરીકે હતું, એને નહીં હોવા તરીકે માન્યું

હતું. રાગ ને પર્યાય ને નિમિત્તને માનતા એ નથી એમ માન્યું હતું. આહાહા! એ રાગ ને નિમિત્ત ને એક પર્યાયનું અસ્તિત્વ એનો અભિપ્રાય છોડી, જેણે અભિપ્રાયમાં આખો ભગવાન પૂર્ણ સ્વભાવ સ્વીકારમાં લીધો (કે) એક શુદ્ધપર્યાય કેવડી મોટી છે. એવી શુદ્ધપર્યાયની ભૂમિકામાં પ્રયત્ન શુદ્ધનો વર્તે એ નિશ્ચય અને એમાં સાવદ્યયોગના પરિણામના ત્યાગ માટે શુભ-પ્રયત્ન વર્તે એ શુભયોગ, એ શુભ-પ્રયત્ન. ઓહોહો!

શ્રોતા : બેય એક જ સાથે થાય?

પૂજ્ય ગુરુદેવશ્રી : એક સાથેની વાત ચાલે છે. એકલો શુભભાવ છે ત્યાં વ્યવહારેય નથી. એકલો-પૂર્ણ શુદ્ધ થઈ જાય ત્યાં વ્યવહાર છે નહીં, પૂર્ણ શુદ્ધ થઈ જાય ત્યાં. અહીં તો સાધકપણે સાધે છે અંતરનું સ્વરૂપ, એવા જીવને હજી સાધકપણું પૂરું થયું નથી... બાધકપણું વચ્ચે ન હોય ન તો સાધકપણું પૂર્ણ થઈ ગયું કહેવાય. સમજાણું કાંઈ? આ તો હવે નિરાંતથી સ્વાધ્યાયનો કાળ છે. એય ચેતનજી! એના પડખાનું સ્વરૂપ એવું છે. આહાહા!

પરમાત્મા સ્વરૂપ પોતે પૂર્ણ છે એના સ્વીકારમાં પરિણતિ થઈ તે નિશ્ચય-પ્રયત્ન કહ્યો. જોકે આખી ચીજ પ્રયત્નસ્વરૂપ જ છે. એમાંથી આ નિશ્ચય-પરિણતિ અનંતમા ભાગનો પ્રયત્ન છે. બરાબર છે? જે આખું પ્રયત્ન નિજ સ્વરૂપ છે પૂર્ણ, એનાથી તો આ શુદ્ધ પરિણતિનો પ્રયત્ન અનંતમા ભાગનો છે, પણ એને શુદ્ધ પ્રયત્ન કહીએ અને ત્રિકાળી તો પ્રયત્નસ્વરૂપ જ છે. એને જેણે-પ્રયત્ને, જે પ્રયત્ને સ્વીકાર્યું એ પ્રયત્નને શુદ્ધપરિણતિ કહીએ. સમજાણું કાંઈ? એની સાથે સાવદ્યયોગના પરિણામના ત્યાગરૂપ પરિણામ (હોય) એને શુભ-પ્રયત્ન કહીએ. આહાહા!

એક પર્યાયના બે ભાગ—એક શુદ્ધ પરિણતિ ને એક શુભ પરિણતિ. એવી વાત ક્યાં હોય બીજે? આહાહા! એક સમયની પર્યાય ચારિત્રગુણની, એમાં જેટલી શુદ્ધસ્વભાવને આશ્રયે પરિણતિ એ શુદ્ધ અને એનો એક અંશ—એ જ ચારિત્રગુણની પર્યાયનો એક ભાગ શુભરૂપે પરિણમે. આહાહા! એક પર્યાયના બે ભાગ. ભાવભેદે ભેદ નહીં, વર્તમાન ભાવભેદે ભાગ છે. ભાવભેદ એટલે પહેલો શુદ્ધપ્રયત્ન ને પછી શુભ એમ નહીં. આહાહા! એના શુદ્ધ પરિણતિના પ્રયત્નના કાળમાં જ, એ જ પર્યાયનો એક અંશ-ભાગ, પૂર્ણ વીતરાગ પરિણતિ નથી એથી સાવદ્યથી બચવારૂપ એ સહજ સ્વભાવ થયો એવો વ્યવહાર પ્રયત્ન...

**આથી જ, પ્રયત્નપરાયણને...** ભાષા પાછી આવી જુઓ! વ્યવહાર પ્રયત્નપરાયણ, એમ. **આથી જ...** એમ કહ્યુંને. પ્રયત્નરૂપ પરિણામ વિના સાવદ્યનો પરિહાર થતો નથી. એથી પ્રયત્નરૂપ પરિણામ વિના, અંદર રાગની મંદતાનો પ્રયત્ન વિના તીવ્રતાનો ત્યાગ થતો નથી. રાગની મંદતાના પ્રયત્ન વિના તીવ્ર રાગ-સાવદ્યનો ત્યાગ થતો નથી. **આથી જ...** આ કારણે જ **પ્રયત્નપરાયણને...** પ્રયત્નપરાયણને એટલે કે જે હિંસાના પરિણામના ત્યાગરૂપ પ્રયત્ન વર્તે છે એવા **હિંસાના પરિણતિના અભાવરૂપ હોવાથી...** એ પ્રયત્નપરાયણને **અહિંસા વ્રત હોય છે.**

કેટલી વાત મૂકી ઓહોહો! લ્યો, આ વ્યવહાર. સુજાનમલજી! એકડા વિના મીંડા કોના ગણશે? વર વિના અણવરની કિંમત કોની? વર વિના જાન કોની? .... ટોળા છે. માણસના ટોળા કહેવાય. વર હોય તો જાન કહેવાય, નહીંતર માણસના ટોળા, ખેલ જોવા ભેગા થયેલા. આહાહા!

એમ ભગવાન આત્મા એની જ્યાં દશા–એની પરિણતિ, સ્વની પૂર્ણતાના આશ્રયે, પૂર્ણતાની કબૂલાતમાં જે પરિણતિ શ્રદ્ધા-જ્ઞાનની થઈ, એની સાથે સ્વરૂપની રમણતા પણ સાથે છે. એવી દશાવંતને તે જ કાળમાં તે જ ભૂમિકાની સાથે... એ જ કાળની વાત છેને. તે જ ભૂમિકાની સાથે હિંસાના પરિણામનો અભાવ એવો જે પ્રયત્ન પરિણામ તેને અહિંસાવ્રત કહેવામાં આવે છે. આહાહા! હવે આ વ્રત શું, પરિણામ શું, દ્રવ્ય શું, ગુણ શું—એનું ભાન ન મળે અને અમે વ્રતધારી છીએ. શ્રીમદ્‌માં આવે છેને. 'લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન, ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન.' આહાહા! માણસને અવળું પડે......

વ્યવહાર સાધન ને નિશ્ચય સાધ્ય. કહો, આ વ્યવહાર સાધન ને નિશ્ચય સાધ્ય, એમ? એ તો વ્યવહાર સાધન (એટલે) અસ્તિ છે એમ બતાવ્યું છે. કાર્ય જે પ્રગટ્યું છે એ તો પોતાના દ્રવ્યને આશ્રયે, આની અપેક્ષા રાખ્યા વિના. આહાહા! છતાં પંચાસ્તિકાયમાં આવ્યું છે કે વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય. ભેદ સાધ્ય-સાધનભાવ લ્યો. અભેદ સાધ્ય-સાધન..... બધુંય છે, સાંભળને! અહિંસાવ્રતના પરિણામને ભિન્ન સાધક અને એનું સાધ્ય નિશ્ચય ભિન્ન એમ કહ્યું, (એ તો) એનું જ્ઞાન કરાવ્યું છે. નિશ્ચય પરિણતિના સાધકમાં આવો એક પરિણામ વ્યવહારનો હોય છે. નિશ્ચય સાધન આ છે એનો એને (-વ્યવહારને) આરોપ આપીને વ્યવહાર સાધન કહ્યું છે. છે નહીં.

નિશ્ચય સાધન ને વ્યવહાર સાધન જે કહ્યું, એ વ્યવહાર સાધન..... સાધન બે પ્રકારના છે જ નહીં. સાધનનું કથન બે પ્રકારે છે. સાધન તો એક જ નિશ્ચય તે સાધન છે. પણ બીજું વ્યવહાર સાધન, એ ભૂમિકામાં એવો ભાવ હોય છે એવું જણાવવા વ્યવહારને પણ સાધક તરીકે આરોપથી, ઉપચારથી 'નથી' એને કહેવું એમ વ્યવહારનય કહે છે. હવે આવી લાંબી વાત. એ પ્રયત્નપરાયણને હિંસા પરિણતિનો અભાવ હોવાથી અહિંસાવ્રત હોય છે. હિંસાના પરિણામના ત્યાગરૂપ પ્રયત્નપરા યણ અહિંસાવ્રત હોય છે.

શ્રોતા : એનો અર્થ થયો કે પ્રયત્નપરાયણ ન હોય એને નિશ્ચય અહિંસા નથીને?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ તો નથી. આ પણ નથી, આ પણ નથી. એનો ક્યાં પ્રશ્ન છે? પણ અહીં પ્રયત્નપરાયણ કેમ કીધો? આ તો પ્રયત્નપરાયણ નિશ્ચયમાં છે, પણ આને કેમ કહ્યો? કે હિંસાના ભાવના અભાવરૂપ એનો પ્રયત્નપરાયણ છે માટે એને પ્રયત્નમાં તત્પર છે એમ કહ્યું.

હિંસાના પરિણામને છોડવારૂપ, અભાવરૂપ પ્રયત્નપરાયણ કહેવામાં આવે છે. આહાહા! લ્યો આ વ્યવહારની વ્યાખ્યા. આહાહા!

**એવી રીતે (આચાર્યવર) શ્રી સમંતભદ્રસ્વામીએ (બૃહત્સ્વયંભૂસ્તોત્રમાં શ્રી નમિનાથ ભગવાનની સ્તુતિ કરતાં ૧૧૯મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :**

**अहिंसा भूतानां जगति विदितं ब्रह्म परमं**
**न सा तत्रारम्भोऽस्त्यणुरपि च यत्राश्रमविधौ ।**
**ततस्तत्सिद्ध्यर्थं परमकरुणो ग्रन्थमुभयं**
**भवानेवात्याक्षीन्न च विकृतवेषोपधिरतः ।**

વિકૃત વેશ પણ નથી ને ઉપધિ-પરિગ્રહ પણ નથી. **શ્લોકાર્થ : જગતમાં વિદિત છે કે જીવોની અહિંસા પરમ બ્રહ્મ છે.** આ નિશ્ચય અહિંસાની વાત છે. **જગતમાં વિદિત છે કે જીવોની અહિંસા પરમ બ્રહ્મ છે**. જીવની અહિંસા, આત્માનો પરમ આત્મધર્મ શુદ્ધ એ જ પરમબ્રહ્મ અને એ જ અહિંસા છે. વીતરાગી પરિણતિ-રાગ વિનાની... જેમાં રાગની ઉત્પત્તિ તે હિંસા અને રાગની અનુત્પત્તિ એટલે સ્વભાવને આશ્રયે વીતરાગ પરિણામની ઉત્પત્તિ એ અહિંસા પરમબ્રહ્મ વિદિત છે-આ પ્રસિદ્ધ છે. જગતમાં વિદિત છે. 'અહિંસા પરમોધર્મ' એમ કહે છેને? એ કઈ અહિંસા? આહાહા! ભગવાન આત્મા પૂર્ણાનંદ જેવો છે એવા સ્વીકારમાં આવીને એમાં ઠરવું, એનું નામ નિશ્ચય પરમ અહિંસા પરમબ્રહ્મ, જેમાં આનંદની સાથે અહિંસાની દશા પ્રગટી છે એને પરમબ્રહ્મ અહિંસા કહેવામાં આવે છે. ભારે વાત!

**જે આશ્રમની વિધિમાં લેશ પણ આરંભ છે...** જે આશ્રમ એટલે ગૃહસ્થાશ્રમમાં લેશ પણ આરંભ છે... રાગ છેને ત્યાં. ગૃહસ્થાશ્રમમાં વસ્ત્રનો, પાત્રનો રાગ છે. **ત્યાં (-તે આશ્રમમાં અર્થાત્ સગ્રંથપણામાં)...** જ્યાં રાગ સહિતપણું છે... ભલે સમ્યગ્દૃષ્ટિ રાગ સહિત નથી, એ તો દૃષ્ટિ ને સ્થિરતાના અંશની અપેક્ષાએ છે, પણ એની પર્યાયમાં રાગ વ્યવહારે વર્તે છે. એક કોર કહેવું કે સમ્યગ્દૃષ્ટિ રાગ ને શરીર ને કર્મ રહિત જ છે. એ સહિત માનતો નથી. વળી અહીં કહે છે કે સગ્રંથ, પાંચમા ગુણસ્થાનવાળો જીવ સગ્રંથ છે. હજી એની ભૂમિકામાં રાગ છે. એની દૃષ્ટિમાં, એના તત્ત્વમાં ભલે ન હો, પણ પર્યાયમાં એક પર્યાયનો અંશ-ભાગ (એમાં છે). નિર્મળ જેટલી ઉઘડી છે એમાં એ નથી, પણ સાથે કર્મધારા રાગની ચોથે-પાંચમે ગુણસ્થાને પણ છે. ઓહોહો! આ તે માર્ગ.

એક કોર એને-પાંચમા ગુણસ્થાનવાળાને સગ્રંથ કહેવું, એક કોર કહેવું કે રાગ રહિત આત્મા એને એ અનુભવે છે. એની ભૂમિકામાં જે રાગ છે એ સહિત ગણીને એને સગ્રંથ કહેવામાં આવે છે. નહીંતર સમકિતી તો નિર્ગ્રંથ જ છે. આહાહા! એટલે કે એ દૃષ્ટિમાં, જ્ઞાનમાં આત્માને રાગવાળો માનતો નથી. ધર્મી વ્યવહારવાળો આત્મા માનતો નથી. આહાહા! પણ

એની દશામાં એક ભાગ રાગ હોય છે એને ગણીને એને સગ્રંથ–રાગવાળો કહેવામાં આવે છે. કહો, શિવલાલભાઈ! બહુ અટપટું ભારે આવું. ઘણા પ્રકાર પડે છે આમાં. એક બોલમાંય કેટલાય પડે છે. પણ એને જાણવું જોઈએને.

એકકોર કહે કે કર્મકૃત રાગાદિ ને શરીરાદિ અસહિત આત્મા છે. એને સહિત માને એ મિથ્યાત્વ છે. બરાબર હૈ? પણ અંદરમાં રાગની કણિકા હજી છે વ્યવહારધારા, એને પૂર્ણ જ્ઞાનધારા પ્રગટી નથી, એથી એવી ... છે એટલે એને સગ્રંથ જીવ કહેવામાં આવે છે. આહાહા! **તે અહિંસા હોતી નથી.** ગૃહસ્થાશ્રમમાં પંચમ ગુણસ્થાનમાં પણ આ અહિંસા હોતી નથી. કેમકે હજી રાગ છે. સમજાણું કાંઈ? આહાહા! **જે આશ્રમની વિધિમાં**... જે ગૃહસ્થાશ્રમ(ની વિધિમાં) અથવા આચરણમાં–એની રીતમાં **લેશ પણ આરંભ છે**... રાગ છે, એ આશ્રમમાં સગ્રંથપણામાં એટલે આરંભ છે ને રાગ છે માટે... એ આરંભ એ જ છે. રાગ તે આરંભ છે. ઠીક!

આમ આરંભ-પરિગ્રહનો ત્યાગ છે સમકિતીને દૃષ્ટિમાં. આરંભ ને પરિગ્રહ મારા નથી. આહાહા! પણ (શુદ્ધ) પર્યાયની ધારા ઓછી છે એથી રાગધારા એટલે આરંભધારા છે. આહાહા! આરંભ-પરિગ્રહથી નિવૃત્તિનો અર્થ આ. રાગરૂપી આરંભ ને એ રૂપી પરિગ્રહ એનાથી નિવર્તવું એ આરંભ-પરિગ્રહનો ત્યાગ છે. કહો, સમજાણું? આ તો બહારના ચૂલા ... લઈ જવું, ચાર રોટલી કરવામાં એટલું પાપ લાગે, જાઓ છોડ્યું. મારે અહિંસા કરવી નથી. બીજો રાંધે એ ખાશું–ખાઈશું. એટલો આરંભ તો છોડ્યો. એ આરંભ છોડ્યો છે જ ક્યાં? આરંભની દશા... અનારંભની દશા શું અને આરંભની દશા શું—એનું તો ભાન નથી. સમજાણું કાંઈ?

... પછી બહુ આવે. વિધવા બાઈ થાય, પછી કહે કે રોટલી રાંધવી જાતે ને ઠીકડા બાળવા ને રોટલી ચાર કરવી. મફતનું ખાઈ લેવું. બાધા કરો, આજથી તમારે રાત્રે ન ખાવું. એ આરંભનો ત્યાગ. પણ આરંભનો ત્યાગ, અણારંભી દશા પ્રગટ્યા વિના આરંભનો ત્યાગ ક્યાંથી આવ્યો? આહાહા! જેમાં રાગ નથી, જેમાં વિકલ્પનો અભાવ છે એવો જે સ્વભાવ પૂર્ણ પરમાત્મા અણારંભી ચીજ, અપરિગ્રહી ચીજ એનો આશ્રય લઈને જે અણારંભપણું ને અપરિગ્રહપણું પ્રગટે, એને આરંભ ને પરિગ્રહનો ત્યાગ છે. હવે એને દૃષ્ટિમાં, જ્ઞાનમાં ત્યાગ હોવા છતાં, રાગ બાકી રહ્યો છે એટલો આરંભ છે. સમકિતીને, પાંચમે પણ હોય છે. આહાહા!

ત્યાં તે આશ્રમમાં **અહિંસા હોતી નથી.** જ્યાં રાગ છે ત્યાં અહિંસા પૂરી હોતી નથી. **માટે તેની સિદ્ધિને અર્થે**... હે ભગવાન! **(હે નમિનાથ પ્રભુ!)** આપે અહિંસાની સિદ્ધિને માટે **પરમ કરુણાવંત એવા આપશ્રીએ**... આહાહા! આપ પરમ કરુણા, પરમ અહિંસા... જુઓ! આ અહિંસા. ગૃહસ્થાશ્રમનો જે રાગ એ પણ જેણે છોડ્યો એને અહીં પરમ-કરુણા કહેવામાં આવે છે. આહાહા! રાગને ન છોડે એનું નામ હજી એટલી આત્મા પ્રત્યે અકરુણા છે. રાગને છોડે, વસ્ત્ર-પાત્રનો રાગ પણ જેણે છોડ્યો છે, એવું એણે અપરિગ્રહપણું, અણારંભી અંગીકાર કર્યું.

આહાહા! આપશ્રીએ પરમ કરુણાવંત એવા **બંને ગ્રંથને છોડ્યા...** બંને ગ્રંથને છોડવા એ પરમ કરુણા. આહાહા! જુઓ તો ખરા! પોતાની કરુણા પૂર્ણ. નિમિત્ત ગ્રંથ.. વસ્ત્ર-પાત્ર ને ભાવગ્રંથ રાગ—બેયને છોડ્યા એ પરમ કરુણા. આહાહા! કોના ઉપર? (અપને ઉપર).

'કરુણા હમ પાવત હૈ તુમકી, યહ બાત રહી સુગુરુગમકી...' પોતાની પરમ કરુણા... કરુણા હતી એટલે સમ્યક્ દૃષ્ટિ-જ્ઞાન આદિ થયું, પણ પરમ કરુણા થઈ આત્માની એટલે ગૃહસ્થાશ્રમનો જે રાગ હતો એ છોડી દીધો. આનું નામ મુનિપણું છે એમ કહે છે. આહાહા! બાયડી-છોકરા છોડે, દુકાન છોડીને બેઠો, ..... નિર્ગ્રંથ મુનિ. નિર્ગ્રંથણિ... આહાહા! ... ભગવાન વસ્તુના સ્વરૂપની... પ્રભુ મહા-અનારંભી પ્રભુ પડ્યો છેને. અવિકારી–અકષાયી વીતરાગી સ્વભાવ એનો આશ્રય લઈને જેટલું અણારંભપણું પ્રગટ્યું એટલી અહિંસા. રાગ બાકી રહ્યો એટલી હિંસા. આહાહા! ભગવાન! તમે તો બાહ્ય ગ્રંથ (એટલે) વસ્ત્ર-પાત્ર આદિ, અભ્યંતર ગ્રંથ (એટલે) રાગ—બેય ગ્રંથને છોડ્યા. આપે બહુ પરમ કરુણા (કરી) આત્મા ઉપર. ઓહોહો!

કહો, 'પરમ કરુણા' એમ કીધુંને. પરમ કરુણાવંત. આત્માની દયા પ્રગટી. આહાહા! સમ્યગ્દર્શન-જ્ઞાનામાં તો દયા પ્રગટી, પણ રાગના ત્યાગમાં આત્માની કરુણા ને દયા પ્રગટી. આહાહા! જેને નિમિત્ત ગ્રંથમાં વસ્ત્રનો ધાગો ન રહે, અંદરમાં રાગનો કણ ન રહે. આહાહા! એ પરમ નિર્ગ્રંથ એને કરુણાવંત કહેવામાં આવે છે. આ વસ્તુ .... છે. ઓહોહો! ક્યાં બેઠો છું, કોની પાસે બેઠો છું, ક્યાં થાય છે, આ શું છે? સમજાણું કાંઈ? પરમબ્રહ્મ એવો ભગવાન આત્મા... પરમબ્રહ્મ અહિંસા સ્વરૂપ જ એનું છે ત્રિકાળ. આહાહા! એ પરમબ્રહ્મ ભગવાન એનું હોવાપણું જે દૃષ્ટિએ-જ્ઞાને સ્વીકાર્યું, એ અહિંસા દૃષ્ટિ ને અહિંસા જ્ઞાન થયું. એનો જેટલો આશ્રય સ્વીકાર્યો એટલો અહિંસાભાવ થયો. જેટલો પરનો આશ્રય રહ્યો, પરદ્રવ્યના આશ્રયનો રાગ, એટલો આરંભ ને એટલી હિંસા. આહાહા!

પ્રભુ! આપે રાગ ને રાગના નિમિત્ત વસ્ત્ર-પાત્ર—બેય ગ્રંથને છોડ્યા. આપે આપની ઉપર મોટી કરુણા (કરી). આહાહા! એ પંડિતજી! આવી કરુણા! આહા! પરની તો કોણ દયા પાળી શકે? એના આયુષ્ય પ્રમાણે જીવે, એના આયુષ્ય પ્રમાણે મરે. એમાં કાંઈ તારો અધિકાર પરને તારવાનો નથી ને મારવાનો નથી. આહાહા! ફક્ત પરને મારવાનો ભાવ ને ન મારવાનો ભાવ—એવો બેય ભાવ રાગ છે. એ રાગ એ આરંભ છે. પરની દયા પાળવાનો ભાવ એવો રાગ એ આરંભ છે. એય! આ બધા કહે દયા પાળો. આજ એકલી દયા કરો આખો દિવસ. વહોરીને ખાવું. .....બહુ હતું. મારવા નહીં. જોયું છેને બધું. ... દયા પાળો. એક દુકાને કંઈક... લઈ આવો. એ દયા કહેવાય. ભગવાન કહે છે કે એમાં હિંસા છે, તને ખબર નથી.. આહાહા!

દયા તો એને કહીએ કે આત્માના સ્વરૂપમાં નિશ્ચય અણારંભપણે પરિણમે, રાગ વિના વીતરાગપણે પરિણમે એને દયા ને અહિંસા કહીએ. આ તો કહે ..... નિશ્ચયની વાત. એ કોઈક

આવ્યું હશે, પંદર દિવસ રહી ગયો હશે. એ શ્વેતામ્બર હશે. આવી ગયો હશે, કોઈક પંદર દિ' રહી ગયો હશે. એકલી નિશ્ચય.. નિશ્ચયની જ વાત કરે છે. એટલે એકલી સાચી.. સાચી જ વાત છે, એમ. પણ એની સાથે વ્યવહાર હોય છે એ વાત નથી આવતી? પૂર્ણ નથી થયો એની અહીં વાત છે. મૂળ વસ્તુનું સ્વરૂપ જ એવું હોય. જોર દેવું શું? આહાહા!

**બંને ગ્રંથને છોડ્યા (-દ્રવ્ય તેમજ ભાવ બંને પ્રકારના પરિગ્રહને તજી નિર્ગ્રંથપણું અંગીકૃત કર્યું)...** એ નિર્ગ્રંથપણું. આહાહા! **વિકૃત વેશ...** શ્રીમદ્‌માં આવે છે, 'નિર્ગ્રંથપણે રહેતા' એવો એક શબ્દ આવે છે. નિર્ગ્રંથપણું (એટલે) રાગરહિત દૃષ્ટિ, એમ. પછી એક આવે છે શબ્દ. ન્યાં નિર્ગ્રંથપણું આ છે. છઠ્ઠા ગુણસ્થાને (બાહ્ય) હોય એ નહીં. રાગની પકડ વિનાનું, સ્વભાવના પકડવાળું નિર્ગ્રંથપણું, એમ. આ નિર્ગ્રંથપણું તો રાગના અભાવવાળું. **વિકૃત વેશ...** એ વસ્ત્રાદિનો વેશ છે એ વિકૃત વેશ છે, મુનિનો વેશ નહીં. આહાહા! અને પરિગ્રહ–ઉપધિ... **પરિગ્રહમાં રત ન થયા.** વેશ ને ઉપધિ પરિગ્રહમાં લીન ન થયા. ભગવાન આત્મામાં લીન થવા નિર્ગ્રંથપણું પ્રગટ કર્યું. આહાહા! એને પરમાર્થ અહિંસાવ્રત કહે છે. ભૂમિકામાં રાગની મંદતાનો, સાવદ્યના ત્યાગનો પ્રયત્ન વર્તે એને વ્યવહાર-પ્રયત્ન કહીએ. લ્યો, આ નિશ્ચય ને વ્યવહારનું સ્વરૂપ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**જ્યેષ્ઠ સુદ ૧૧, ગુરુવાર, તા. ૨૨-૬-૧૯૭૨**
**શ્લોક-૭૬-૭૮, ગાથા-૫૭-૫૮, પ્રવચન નં. ૫૨**

આ નિયમસાર, વ્યવહારચારિત્ર અધિકાર છે. પહેલી ગાથાનો કળશ છે. પહેલી અહિંસાવ્રતની વ્યાખ્યા થઈ, એનો કળશ.

**त्रसहतिपरिणामध्वांतविध्वंसहेतुः**
**सकलभुवनजीवग्रामसौख्यप्रदो यः।**
**स जयति जिनधर्मः स्थावरकेन्द्रियाणां**
**विविधवधविदूरश्चारुशर्माब्धिपूरः ॥७६॥**

કેવો છે જિનધર્મ-વીતરાગી ધર્મ? **શ્લોકાર્થ : ત્રસઘાતના પરિણામરૂપ અંધકારના નાશનો જે હેતુ છે...** ત્રસઘાતના પરિણામ એવા જે અશુભભાવ જે અંધકાર છે, અશુભભાવ એ અજ્ઞાન છે. જ્ઞાનના સ્વભાવનો જેમાં અભાવ છે. એવા જે ત્રસઘાતના પરિણામ એવું જે અજ્ઞાન **ધ્વાંત**-અંધકાર એના નાશનો હેતુ છે. જૈનધર્મ અશુભ પરિણામના નાશનું કારણ છે. એ પણ ત્રસઘાતના પરિણામ, એમ. વ્રતનો અધિકાર છે ખરોને. **સકળ લોકના જીવસમૂહને...** જગત નામ આખી દુનિયાના જીવસમૂહને **જે સુખપ્રદ છે**-સુખનું દેનારું છે. જૈનધર્મ બધા જીવલોકના સમૂહને શાંતિ ને સુખનો દેનાર છે. વીતરાગભાવ જે શાંતિ ને સુખનો આપનાર છે એને જિનધર્મ કહીએ.

**સ્થાવર એકેંદ્રિય જીવોના વિવિધ વધથી જે બહુ દૂર છે...** પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એવા સ્થાવર એકેન્દ્રિય જીવ એના જીવોનો વિવિધ વધ—અનેક પ્રકારે એનું હણવું એ બહુ દૂર છે. જૈનધર્મ એનાથી દૂર છે. જૈનધર્મ એટલે વીતરાગીભાવ, એ એકેન્દ્રિયના વધના પરિણામથી અતિ દૂર છે. **અને સુંદર સુખસાગરનું જે પૂર છે...** જૈનધર્મ એટલે વીતરાગીભાવ, જૈન સ્વરૂપ એટલે પોતાનો ત્રિકાળી સ્વભાવ, એને આશ્રયે થયેલો વીતરાગભાવ એ જૈનધર્મ. **સુંદર સુખસાગરનું જે પૂર છે... चारुशर्माब्धिपूरः..** સુંદર સુખસમુદ્રનું પૂર, લ્યો. સુંદર સુખસાગરનું પૂર છે. જૈનધર્મ એટલે પરમ આનંદનો પ્રવાહ પરિણામમાં વહે તે જૈનધર્મ છે. સુખસાગર (એટલે) ધર્મ હોં, વર્તમાન પરિણતિની વાત છે. ત્રિકાળી તો સુખસાગર છે જ. પરમસ્વરૂપ એનું જીવનું એટલે જિનનું પરમ આનંદસ્વરૂપ તો છે, પણ જૈનધર્મ એટલે વર્તમાન વીતરાગી પરિણામ એ પરમ સુંદર સુખસાગરનું પૂર છે. જેમાં શાંતિ અને સુખ વહે છે.

શાંતિ ને સુખનું પરિણમન એ જૈનધર્મ. રાગ, શુભ-અશુભરાગનું પરિણમન એ જૈનધર્મ નહીં. આહાહા! વર્તમાન પર્યાયમાં... જૈનધર્મ પર્યાયમાં છેને. શુદ્ધ ઉપયોગને જૈનશાસન કહ્યુંને

પંદરમી ગાથામાં. અબદ્ધ-સ્પૃષ્ટ એવો જે આત્મા એવો જેણે અંતરમાં જાણ્યો, એને વીતરાગતા ને આનંદ વહે. આહાહા! એને જૈનશાસન કહીએ, એને જૈનધર્મ કહીએ. લ્યો, આ વ્યાખ્યા જૈનની. ત્રસને ન મારવા ને સ્થાવરને ન મારવા, દયા પાળવી—એમ નહીં. એના પરિણામથી તો અતિ દૂર છે, એમ કહ્યું છેને? બહુ દૂર છે. દૂર છે, એના પરિણામ છે એનાથી બહુ દૂર છે. એના પરિણામ તો અશુભ છે, એનાથી (જુદું) શુભ, એનાથી શુદ્ધ જુદું છે.

જૈનધર્મ એટલે અશુભભાવ તો નહીં, પણ શુભભાવેય જૈનધર્મ નહીં. **બહુ દૂર છે**, એમ કહ્યુંને? અશુભભાવ જે એકેન્દ્રિયને હણવાના એનાથી દૂર, બહુ દૂર છે. એને નહીં હણવાના પરિણામ એનાથી પણ દૂર. વ્રતના પરિણામ છે એનાથી દૂર જૈનધર્મ છે. આહાહા! લ્યો, આ જૈનધર્મ. 'મૂળ મારગ સાંભળો જિનનો રે.' આ જૈનમાર્ગ. જિનસ્વરૂપી ભગવાન એ જે પરિણામને અવલંબ્યો એ પરિણામ વીતરાગી પરિણામ હોય છે, એ જૈનધર્મ છે. જૈનધર્મ ધર્મીના પરિણામમાં હોય છે. ઝીણું બહુ. જૈનધર્મ ધર્મીના પરિણામમાં હોય છે. ધર્મી એવો જે જીવ, ધર્મી એવો જે ત્રિકાળી આત્મા એને આશ્રયે જે પરિણામ પ્રગટ કર્યા, એ પરિણામમાં જૈનધર્મ છે. જૈનધર્મ પ્રગટની વાત છેને, ત્રિકાળની વાત નથી. શાંતરસે પરિણમવું, અકષાયભાવરૂપે થવું એ જૈનધર્મ છે. એકાંત થઈ જાય છે. સમ્યક્ એકાંત જ આ છે.

તે જૈનધર્મ **सजयति जिनधर्मः... स–ते** જૈનધર્મ.. **જિનધર્મ** છેને. જૈનધર્મ એટલે જિનધર્મ છે. **जयति...** આહાહા! એમ કહીને મુનિ પોતાના પરિણામને કહે છે. એ ભાવ **જયવંત વર્તે છે** એમ કહે છે. જૈનધર્મનો ભાવ મારા પરિણામમાં જયવંત વર્તે છે એમ કહે છે. આહાહા! એ જૈનધર્મ, ત્રસ ને સ્થાવરના વધના પરિણામથી અતિ દૂર છે એવો જે જૈનધર્મ એ સુખસાગરનું પૂર, સર્વ જીવસમૂહને સુખનો દાતા છે. આહાહા! એવો જે જૈનધર્મ, મુનિ કહે છે, મારા પરિણામમાં એ વર્તે છે, જયવંત વર્તે છે. આહાહા! ભગવાનજીભાઈ! ક્યાં છે... એમ નહીં. આહાહા! ભગવાન આત્મા પૂર્ણ જિનસ્વરૂપ એને અવલંબીને–આશ્રયે–સન્મુખ થઈને જે પરિણામ થયા એ વર્તમાન વર્તે છે, એ ધર્મ જયવંત વર્તે છે. ત્રસ ને સ્થાવરના વધના પરિણામથી દૂર એવા મારા પરિણામ વીતરાગભાવરૂપે વર્તે છે. એ જૈનશાસન મારી પાસે છે, જૈનધર્મ મારા પરિણામમાં છે એમ કહે છે. એ મને ખબર છે, એમ કહે છે પાછું. તેથી તે જયવંત વર્તે છે એમ. પંડિતજી! આવો ધર્મ ભારે.

ભગવાન કહે છે અને મેં સાંભળ્યું છે કે આવું હોય છે, એમ નહીં. ...... આવે છેને શ્વેતામ્બરમાં. .... ભગવાન આમ કહે છે. આ તો, કહે છે કે જયવંત વર્તે છે. આહાહા! જૈનધર્મ મારા પરિણામમાં વર્તમાન વર્તે છે, તે જયવંત છે, જીવતો જૈનધર્મ છે. આહાહા! સમજાય છે કાંઈ? આહાહા! ધર્મનો મીણો ચડી ગયો, એમ. વીતરાગ ત્રિકાળી સ્વભાવમાંથી સ્વભાવરૂપે વીતરાગી પરિણતિ ઊભી થઈ છે કે આવો જૈનધર્મ છે. એવા-એવા અનંતા પરિણામનો પિંડ

આખું જિન સ્વરૂપ છે જીવનું. આવો જે જૈનધર્મ પરિણામમાં વર્તે છે એવા અનંતા.. અનંતા.. અનંતા.. અનંતા પરિણામ, એવો જે ત્રિકાળી વીતરાગસ્વરૂપ આત્મા એને આશ્રયે આ વીતરાગ ધર્મ પ્રગટ્યો છે અને તે વર્તે છે એમ કહે છે. ખબર પડે કે નહીં કે આ જૈનધર્મ મને છે કે નહીં? એમ એ કહે છે. આહાહા! ધર્મ તો વીતરાગી પર્યાય છે. વીતરાગી પર્યાય વર્તે છે એવી ખબર પડે કે નહીં? કહો, સમજાણું કાંઈ?

આ હરખજમણ છે. આ લગ્ન કર્યા પછી નથી કરતા? તમારે છે કાંઈ? અમારે છે. લગન કરતે હૈ ન લગન, પીછે જમણ કરતે હૈં. હોંશના જમણ, હોંશનું જમણ એ હરખજમણ કહેવાય. હરખભોજન. હોંશનું ભોજન, એમ. અમારે અહીંયા હરખજમણ કહે. હોંશનું ભોજન. એમ આત્માના આનંદના હોંશનું ભોજન આ જૈનધર્મ છે એમ કહે છે આહાહા! બધું આવે છે કે નહીં? 'નિત્યાનંદ ભોજી' બંધ (અધિકાર)ના પહેલા કળશમાં આવે છે. બંધનો પહેલો કળશ છે. નિત્યાનંદ ભોજી. આહાહા! જુઓ તો આ જૈનધર્મ! કહો, હિંમતભાઈ! જૈનધર્મ ક્યાં રહેતો હશે? મંદિરમાં? પુસ્તકમાં? પાનામાં? જૈનધર્મ જ્યાંથી પ્રગટે ત્યાં રહે છે. ત્રિકાળી ભગવાન પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ વીતરાગતા, પૂર્ણ શાંત.. શાંત.. શાંતરસ સ્વરૂપ. ત્યાંથી પ્રગટતો શાંતરસ એવો જે અકષાયભાવ એ જયવંત વર્તે છે. આહાહા! ધન્ય રે મુનિ ધન્ય!

**તે જિનધર્મ જયવંત વર્તે છે**. જીવી જાણ્યું એણે. આવે છેને આપણે, નહીં? નેમિનાથ.... એમ જીવી જાણ્યું મુનિએ જીવન જૈનધર્મના પરિણામથી. આહાહા! પ્રકાશદાસજી! આવો ધર્મ છે. આવો ભારે જૈનધર્મ. જૈનધર્મ કોઈ સંપ્રદાય નથી, વાડો નથી, એ તો વસ્તુસ્વરૂપ છે. જૈન વીતરાગસ્વરૂપી પરમાત્મા–આત્મા, એને આશ્રયે વીતરાગતા પ્રગટ થાય એ તો વસ્તુની સ્થિતિ છે. એ જૈનધર્મ કોઈ પક્ષ કે વાડો નથી. આહાહા! મુનિએ તો એમ કહ્યું, **જિનધર્મ જયવંત વર્તે છે**. ક્યાંક વર્તે છે? આહાહા! મારો ભગવાન પ્રસન્ન થઈને જે પર્યાયમાં આવ્યો છે, મારા ભગવાને કૃપા કરી, પ્રસન્ન થઈને પરિણામમાં વીતરાગતાએ આવ્યો છે એ જયવંત વર્તે છે. આહાહા! એ મને અનુભવમાંથી નીકળ્યું છે. સમજાણું કાંઈ? પ્રત્યક્ષ આનંદના, વીતરાગ-ભાવના વેદનમાં હું છું એ જૈનધર્મ છે. આહાહા!

આવો વીતરાગધર્મ ... તો આ બધા તોફાન શા? એ મંદિર ને પાછા વેદી, આરસપહાણની કટકી ગોઠવવી.. એ બધું જે કાળે થવાનું હોય એ પરને લઈને થાય. જીવનો શુભભાવ હોય એ એમાં નિમિત્ત કહેવામાં આવે, પણ શુભભાવ એ જૈનધર્મ નહીં. આહાહા! ગજબ વાત છે. છતાં એમાં આવે... અરે! આ વાત ભારે. અહો! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા એના સમીપમાં સંતો, ગણધરો અંતરના પરિણામમાં વર્તતા હોય છે, એ નિત્ય આનંદના અનુભવી એને અહીં જૈનધર્મી કહે છે અને એ પરિણામને જૈનધર્મ કહેવાય. આહાહા! કહો, હિંમતભાઈ! એકેન્દ્રિયની દયા પાળવી, ત્રસની દયા પાળવી, છકાયની દયા પાળે. એ તો એના

પરિણામથી દૂર છે એમ કહેવું છે. હણવાના પરિણામથી (તો દૂર), પણ એના દયાના પરિણામથી દૂર છે. આહાહા! એવો જ એનો સહજ સ્વભાવ છે. આહાહા! જૈનધર્મ સાંભળ્યો.. સાંભળ્યો એને કહીએ. નહીંતર સાંભળ્યો નથી. આહાહા!

એ એક ગાથા થઈ. આ વ્યવહાર ચારિત્રનો અધિકાર ચાલે છે. આહાહા! કહે છે, અમે વ્યવહારમાં વર્તતા નથી. એમ કહે છે આમાં જુઓને! અમે વીતરાગ નિશ્ચયમાં વર્તીએ છીએ. વ્યવહારનું જ્ઞાન કરાવ્યું કે આવા સાવદ્યના ત્યાગના પરિણામ હોય એ અહિંસાવ્રત કહેવાય, પણ અમે એમાં વર્તતા નથી. આહાહા! અમે તો અમારા સ્વભાવમાં વર્તીએ છીએ, એમાં એ (ભાવ) હોય છે એનું જ્ઞાન થાય છે. આહાહા! આવો વીતરાગમાર્ગ જયવંત વર્તે છે. ધન્ય મહારાજ! જેમ તત્ત્વ જયવંત ત્રિકાળ છે, એમ આ પરિણામ પણ જયવંત વર્તે છે. આહાહા! એ ૫૬ ગાથા થઈ એનો આ કળશ થયો. કળશ માખણ. ૫૭. સત્યની ગાથા આવે છે.

**रागेण व दोसेण व मोहेण व मोसाभासपरिणामं ।**
**जो पजहदि साहु सया बिदियवदं होइ तस्सेव ।।५७।।**
**વિદ્વેષ-રાગ-વિમોહજનિત મૃષા તણા પરિણામને**
**જે છોડતા મુનિરાજ, તેને સર્વદા વ્રત દ્વિતીય છે. ૫૭**

**ટીકા : આ, સત્યવ્રતના સ્વરૂપનું કથન છે. અહીં (એમ કહ્યું છે કે) સત્યનો પ્રતિપક્ષ (અર્થાત્ સત્યથી વિરુદ્ધ પરિણામ) તે મૃષાપરિણામ છે...** છેને પાઠમાં? **मोसाभासपरिणामं... તે (અસત્ય બોલવાના પરિણામ)...** બોલવાના પરિણામની વાત છે હોં. બોલવું ભાષાની વાત નથી. **રાગથી, દ્વેષથી અથવા મોહથી થાય છે; જે સાધુ...** એ અસત્ય બોલવાના પરિણામ, કાં રાગથી, કાં દ્વેષથી, કાં મિથ્યાભ્રમથી–મોહથી થાય છે. **જે સાધુ—આસન્નભવ્ય જીવ...** આહા! જેનો નિકટ મોક્ષ છે. જેનો આસન્ન એટલે નિકટ (મોક્ષ છે) એવો જીવ. પૂર્ણ મોક્ષનું પર્યાયરૂપે પરિણમન જેને નિકટ છે એવો આસન્નભવ્યજીવ... ભવ્ય તો છે, ભવ્ય જીવ તો છે, પણ આસન્નભવ્યજીવ છે. સમજાણું કાંઈ? ભવ્ય–મોક્ષને લાયક છે, પણ એ તો કરે ત્યારે. આ તો આસન્નભવ્યજીવ—મોક્ષને પામવાની તૈયારીવાળો જીવ છે, બહુ નજીક છે. ઓહોહો! જુઓ! આ ભગવાન સર્વજ્ઞનું સત્યનું સ્વરૂપ.

**તે પરિણામને પરિત્યજે છે...** જૂઠના પરિણામ, રાગ-દ્વેષ-મોહથી થતા પરિણામને, આસન્નભવ્યજીવ (અર્થાત્) જેનો મોક્ષ નામ સિદ્ધપદ હવે નિકટ વર્તે છે એવો જે આસન્ન-ભવ્યજીવ પોતાના વીતરાગ પરિણામમાં વર્તતો આવા અશુભ પરિણામને છોડે છે. એવો એક વિકલ્પ એને હોય છે. મૃષા ભાષાના પરિણામને છોડે છે એવા એક પરિણામ હોય છે, એને વ્યવહાર સત્યવ્રત કહેવામાં આવે છે. આહાહા! **તેને બીજું વ્રત હોય છે.** જોયું! જેને સ્વભાવનો ભેટો અંતર થયો છે, પૂર્ણ વીતરાગસ્વભાવ, પૂર્ણ જિનસ્વભાવનો જેના પરિણામને ભેટો પૂર્ણ

થયો છે, પરમ સત્યનો ભેટો જેને થયો છે... સમજાણું? પરમ સત્ય જે ત્રિકાળ એનો જેને પરિણામમાં ભેટો થયો છે, એ પરિણામ તે નિશ્ચય વીતરાગપરિણામ ધર્મ છે. એ ભૂમિકામાં જૂઠા બોલવાના પરિણામ–રાગ-દ્વેષ-મોહ છે એનો ત્યાં ત્યાગ કરે છે એટલે એને શુભવિકલ્પ ત્યાં હોય છે, એ શુભ વિકલ્પને વ્યવહાર સત્યવ્રત કહેવામાં આવે છે.

**[હવે ૫૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે:]**

**वक्ति व्यक्तं सत्यमुच्चैर्जनो यः**
**स्वर्गस्त्रीणां भूरिभोगैकभाक् स्यात् ।**
**अस्मिन् पूज्यः सर्वदा सर्वसद्भिः**
**सत्यात्सत्यं चान्यदस्ति व्रतं किम् ।।७७।।**

**શ્લોકાર્થ : જે પુરુષ અતિ સ્પષ્ટપણે સત્ય બોલે છે...** બોલે છે એટલે એનો ભાવ સત્યનો હોય છે. **તે સ્વર્ગની સ્ત્રીઓના પુષ્કળ ભોગોનો એક ભાગી થાય છે...** ખુલાસો કર્યો. સત્યવ્રતનો જે ભાવ છે શુભ, એ તો સંયોગ આપનાર છે. **સ્વર્ગની સ્ત્રીઓના પુષ્કળ ભોગોનો એ ભાગી થાય છે (અર્થાત્ તે પરલોકમાં અનન્યપણે દેવાંગનાઓના બહુ ભોગોને પામે છે)...** શુભભાવ છેને. એના ફળ તરીકે તો દેવાંગનાઓ આદિની ૠદ્ધિ મળે એવો એ ભાવ છે. જુઓ! ખુલાસો કર્યો. વ્રત છેને એ શુભભાવ છે એમ કહે છે. શુભભાવથી શુદ્ધતાની એકતા થાય છે એમ નહીં. પછી પરંપરા કહેશે. પરંપરા કહે છે. પરંપરા વ્યવહારમાં કહેવાની રીત છેને. આહાહા! **અતિ સ્પષ્ટપણે સત્ય બોલે છે**... જેવું છે તેવું બોલે છે. જેવું સત્યસ્વરૂપ છે તેવું જ કહે છે.

**તે સ્વર્ગની સ્ત્રીઓના**... એમ કહ્યું છે હોં. **સ્વર્ગસ્ત્રીણાં**... ન્યાંથી પાછા મનુષ્યમાં આવશે એ નહીં. .... અહીંથી જાય છે ખરોને. **પુષ્કળ ભોગોનો એક ભાગી થાય છે**... એ તો સંયોગ એને મળશે એમ કહે છે. અને ઇન્દ્રાણીના ભોગો એવા કષાયના અંગારામાં સળગશે ત્યાં. આહાહા! એનો અર્થ એ થયો કે નહીં? શુભભાવના ફળ તરીકે ઇન્દ્રાણીઓ, દેવીઓ એના ભોગને પામે, વિભાવ થાય એવી પ્રકૃતિ છે. વિભાવ તો કષાયભાવ છે. (સમયસાર) ૭૪ ગાથામાં આવ્યુંને દુઃખ ને દુઃખફળ. આસ્રવ દુઃખનું ફળ છે એટલે કે જે પરિણામે દ્રવ્યાસ્રવ પુદ્ગલ બંધાય છે, એ પુદ્ગલથી જે સંયોગ મળશે, એમાં એનું લક્ષ જાશે તો રાગ ઉત્પન્ન થાશે.

અહીં તો દેવાંગનાની વાત કરી. શુભભાવ... મુનિ છેને એટલે એ ન્યાં જાય છે. નહીંતર એ શુભભાવથી બંધાય પુણ્ય, સંયોગને આપનારું એવું જે પુણ્યબંધ એનું એ નિમિત્ત છે, એ દુઃખનું ફળ છે. આહાહા! એ સત્યવ્રત... વ્રતની અપેક્ષાએ કોણ, એમ કહે છે, વ્રતની અપેક્ષાએ. એક ઓલા (મંદિર)માં એમ લખ્યું હતું ત્યાં ઇન્દોરમાં. 'ચક્રવર્તીકી સંપદા ઇન્દ્ર સરીખા ભોગ,

કાગ વીટ સમ માનત હૈ વીતરાગી લોગ..' એમ લખ્યું છે. નહીં, એમાં વીતરાગી લખ્યું છે. છે એમાં એ હતું. ઇન્દોરમાં કાચનું મંદિર છે, પહેલેથી છે. (શ્રોતા : મૂળમાં સમ્યગ્દૃષ્ટિ છે). એ વાત આવી ત્યાં એ જોયું હતું. અમે જોયું હતું, મંદિરમાં ગયા હતા. વાતેય કરી હતી. જુઓ! આ તમારા કાચના મંદિરમાં લખ્યું છે.

'કાગ વીટ સમ માનત હૈ સમ્યગ્દૃષ્ટિ લોગ.' વીતરાગીનો અર્થ એ થયો. ભાષા આવી છે. 'કાગ વીટ સમ માનત હૈ..' આ કાગડાની વિષ્ટા ખાતરમાંય કામ ન આવે. માણસની વિષ્ટા તો હજી ભૂંડેય ખાય ને ખાતરમાંય કામ આવે. 'ખાતર' સમજે ન? ખેતરમાં ખાદ. ખેતર ખાય ખાદ. ખેતર ને ખાદ. ધર્મી જીવ કાગ વીટ સમ માનત હૈ. સંયોગો મળે તો કાગની વિષ્ટા મળે એમ માને છે. લ્યો, અહીં વિષ્ટા કીધી તો પણ ... એમ માને. આહાહા! મારો આનંદ મારી પાસે છે. એ આનંદથી દૂર જવાય જેના તરફ એ તો દુઃખ છે.

અહીં તો સત્યનું ફળ બતાવવું છેને એટલે... બાકી તો એ દુઃખ જ છે. વર્તમાન દુઃખ છે, શુભભાવ છે એ વર્તમાન દુઃખ છે અને ભવિષ્યમાં દુઃખનું ફળ છે, ચાહે સંયોગ આવશે ગમે તે. આ તો સ્ત્રીના કીધા, પણ વીતરાગની વાણી આદિનો સંયોગ આપે એ દુઃખનું ફળ છે. કેમ? કે એ સંયોગ ઉપર લક્ષ જશે એટલે રાગરૂપ થશે, ભલે શુભરાગ થાય (તો) પણ દુઃખ છે. આહાહા! આવી વીતરાગી વાણી! કહો, સમજાણું? આ શુભભાવના ફળમાં દુઃખ છે. વર્તમાન દુઃખ, પછી દુઃખ.

અહીં તો એનું ફળ બતાવવું છે સંયોગ એટલી અપેક્ષા છે. અને આનાથી મળ્યો સંયોગ, એમાં જશે લક્ષ તો અશુભરાગ થશે, દુઃખ છે. પણ આ તો વાણી ભગવાનની મળે શુભભાવના ફળમાં પુણ્ય તરીકે લ્યોને. સમવસરણ મળે, ભગવાન મળે, તોપણ એના ઉપર લક્ષ જશે તો રાગ થાશે. એ રાગ-શુભરાગ એ દુઃખ છે. બરાબર હૈ? શુભરાગ દુઃખ અને દુઃખનું ફળ છે. અરે! એવો વીતરાગી ભાવ સાંભળવા મળવો અને પછી રૂચિ થવી અલૌકિક વાત છે. આ કાંઈ વાત નથી, વાર્તા નથી. **પરલોકમાં અનન્યપણે દેવાંગનાઓના બહુ ભોગને...** અનન્યપણે (એટલે) બીજાને ન હોય, એમ.

**અને આ લોકમાં સર્વદા સર્વ સત્પુરુષોનો પૂજ્ય બને છે.** લ્યો. આ કોઈ... આ લોકમાં પણ ધર્માત્મા જ્ઞાનીપુરુષો એને આદરે છે. **સર્વદા સર્વ સત્પુરુષો**, એમ. બધે કાળમાં ને બધા સત્પુરુષો એનો પૂજ્ય બને છે. **ખરેખર સત્યથી શું બીજું કોઈ (ચડિયાતું) વ્રત છે?** વ્રતની અપેક્ષાએ અહીં વાત છેને. વીતરાગભાવ છે એ અહીં પ્રશ્ન નથી. વ્રતમાં, અહિંસા, સત્ય, દત્તમાં સત્યવ્રતથી (ઊંચું) બીજું શું હોય? એમ કહે છે. વ્રતની અપેક્ષાએ વાત છે. આગળ કળશ ૭૮માં લેશે. **ક્રમે કરી મુક્તિરૂપી સ્ત્રીના સુખનું કારણ થાય છે**. એ તો વ્યવહારથી એવા કથનો આવેને. ત્યાં ઓલા કહે, હાશ! **ખરેખર સત્યથી શું બીજું કાંઈ ચડિયાતું વ્રત છે?** ૫૭ થઈ.

આ વ્રતના પરિણામ, વીતરાગી પરિણામ જ્યાં વર્તતા હોય શુદ્ધપરિણતિ એ ભૂમિકામાં આવા ભાવ હોય એને વ્યવહારવ્રત કહેવામાં આવે છે. આવું જ્યાં દ્રવ્યસ્વભાવનું ભાન ને પરિણતિ નિર્મળ જ્યાં નથી, વીતરાગી પરિણતિ જ જ્યાં નથી, ત્યાં એને શુભરાગ ને વ્યવહાર કહેનાર જાગ્યો નથી, તો એને વ્યવહાર કહેવો ક્યાંથી? જાણનાર જાગ્યો નથી કે હું શુદ્ધ છું ને આ ભિન્ન છે. એમ ભિન્ન પડેલી વસ્તુ ને ભિન્ન પડેલો ભાવ જાગ્યો ન હોય તો એને વ્યવહાર કહેવો ક્યાંથી? આ તો જાગેલાની વાત છે. ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ પૂર્ણ સ્વરૂપને જેને દૃષ્ટિએ અને જ્ઞાનની પર્યાયે કબ્જે કરી લીધો છે, એવી જે વીતરાગીપર્યાય નિર્દોષ નિર્વિકલ્પદશા જ્યાં વર્તે છે એવી ભૂમિકામાં જે આવા ભાવ હોય એને વ્યવહારવ્રત કહેવામાં આવે છે. ઝીણું છે આ. એકલું વ્રત.. વ્રત એમ નહીં. આહાહા! છેલ્લે કહ્યું છે, **સર્વદા સર્વ સત્પુરુષોનો પૂજ્ય છે**. ધર્માત્મા પણ એને બહુમાન આપે છે. ૫૮.

**गामे वा णयरे वाऽरण्णे वा पेच्छिऊण परमत्थं ।**
**जो मुयदि गहणभावं तिदियवदं होदि तस्सेव ।।५८।।**
**નગરે, અરણ્યે, ગ્રામમાં કો વસ્તુ પરની દેખીને**
**છોડે ગ્રહણપરિણામ જે, તે પુરુષને વ્રત તૃતીય છે. ૫૮.**

**ટીકા : આ, ત્રીજા વ્રતના સ્વરૂપનું કથન છે.** હવે એક-એક ગામ આદિના નામની વ્યાખ્યા કરે છે. **જેના ફરતી વાડ હોય તે ગ્રામ (ગામડું) છે...** ગામડું કહેવાય એને. થોરની વાડ આડી હોયને. ન્યાં ગામડામાં ક્યાં ગઢ-બઢ હોય? વાડ હોય વાડ થોરની. એને ગામડું કહે ગામ. એમાં પડેલી ચીજને, એમ કહેશે આગળ. આવા ગામમાં પડેલી ચીજ હોય, કોઈ ભૂલી ગયું હોય, કોઈકનું પડી ગયું હોય, કોઈક રાખી ગયું હોય, પછી લેવા આવશું એમ ધારીને મૂકી હોય, ધર્મી એને ગ્રહવાના પરિણામ છોડી દે. એને લેવાના પરિણામ છોડી દે, એમ કહે છે. એનું નામ ત્રીજું વ્રત શુભભાવ.

**જે ચાર દરવાજાથી સુશોભિત હોય તે નગર છે...** નગર.. ચાર બાજુ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ ચાર દરવાજા (હોય) એ નગર કહેવાય નગર. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ ચાર દરવાજા હોયને ચાર દરવાજા હોયને ચારે બાજુ, એને નગર કહે નગર. એમાં પણ બીજાથી ત્યજાયેલી, મૂકાયેલી, પડી ગયેલી અથવા ભૂલાઈ ગયેલી એવી દેખીને સ્વીકાર પરિણામને છોડે, લેવાના પરિણામને છોડે, ધર્મીજીવના, સમકિતીના, ચારિત્રવંતના આ પરિણામને ત્રીજું વ્રત કહેવામાં આવે છે.

**જે મનુષ્યના સંચાર વિનાનું...** અરણ્યની વ્યાખ્યા છે હવે. **વાऽરણ્ણે...** રણ કોને કહેવું? મનુષ્યના સંચાર વિનાનું. **વનસ્પતિસમૂહ...** વનસ્પતિનો સમૂહ હોય ન્યાં. **વેલીઓ** હોય વેલડીઓ હોય રણમાં. **અને ઝાડનાં ઝુંડ...** ઝાડના ઝુંડ હોય બધા નજીક.. નજીક.. નજીક ઝાડ

ઉગ્યા હોય અરણ્યમાં. મનુષ્યનો સંચાર ન હોય એટલે કોણ તોડે એને? એમ. ઝુંડ ઉગ્યા હોય વરસાદને લીધે. તેથી કહ્યુંને કે મનુષ્યના સંચાર વિનાનું એકલું રણ બધું. વનસ્પતિનો ઢગલો, વેલીયું અને ઝાડના ઝુંડ **વગેરેથી ગીચોગીચ ભરેલું હોય તે અરણ્ય છે.** લ્યો.

**આવાં ગ્રામ, નગર કે અરણ્યમાં બીજાથી તજાયેલી** કોઈ ચીજ. દાગીનો, પૈસો, હીરા, માણેક, કપડું (વગેરે). **મૂકાયેલી...** બીજે કોઈએ મૂકી હોય, રાખી હોય. અહીંયા કોઈ માણસ નથી, કોઈક માણસ નથી એટલે હમણાં રાખીને પછી લઈ જશું. ... ઘર છેને. **પડી ગયેલી...** કોઈ ચાલતા-ચાલતા પડી ગયેલી હોય. માણસનો સંચાર તો નથી, પણ કોઈક આવી ચડ્યું હોય... વિશેષ નથી પણ આવી ચડ્યું હોય ને પડી ગઈ હોય, એમ લેવું. **અથવા ભુલાઈ ગયેલી...** લ્યો. ત્યાં પાછું ... છે છતાં કોઈક માણસ આવ્યો હોય ત્યાં, ચડી ગયો હોય અરણ્યમાં... રણમાં ભૂલાઈ ગયેલો હોય....

એવી **પરવસ્તુને દેખીને તેના સ્વીકાર-પરિણામને (અર્થાત્ તેને પોતાની કરવાના—ગ્રહવાના પરિણામને) જે પરિત્યજે છે...** લેવાના ભાવ છોડે. હીરો દેખાય હીરા. પાંચ-પચ્ચીસ હીરા પડ્યા હોય ત્યાં. કોઈ ભૂલી ગયો, મૂકી ગયો હોય, પછી લઈ જશું. અહીં કોણ આવે? એમ મુનિ છે તે આમ જુએ. કાંઈ મુનિ ન્યાં પોગી જાય? માણસનો સંચાર નથી ત્યાં મુનિ જાય, એમ કીધું જુઓ! આ તો બધાની વાત છેને. ઓલું તો કહ્યું, કોઈ મનુષ્યનો સંચાર ન હોય છતાં એમાં મૂકાયેલી, ત્યજાયેલી, પડી ગયેલી, ભૂલાઈ ગયેલી હોય. 'તો'ની તો વાત છે. ભૂલાઈ ગયેલી હોય, ...હોય નહીં. અને ત્યાં પાછા અરણ્યમાં મુનિ ચડી ગયા હોય, ત્યારે એમ કીધુંને 'દેખીને'.

**આવા જે ગામ, નગર ને અરણ્યમાં બીજાથી તજાયેલી, મૂકાયેલી...** લ્યો, **પડી ગયેલી અથવા ભૂલાઈ ગયેલી પરવસ્તુ...** લ્યો. **परमत्थं** છેને. **परमत्थं... परमर्थम्**–પારકી વસ્તુ. **परमर्थम्**–પારકી વસ્તુ. હીરા દેખાય હીરા અમથા. આહાહા! લેવાના પરિણામ છોડે. લાવને લઈ જાઉં, પછી કોઈકને આપશું, ધર્માદે વાપરશું—એવા પરિણામ હોય નહીં. મુનિની વાત છે. લેવાના પરિણામ છોડે, એમ. જુએ, એમ જુએ છે. લેવાના પરિણામ છોડે છે. એમ થયુંને. છે એમ તો જુએ છે. લાવને ગૃહસ્થને આપશું, પછી મંદિર બનશે. એ લેવાના પરિણામને છોડાવી દે. એમ લેવાના પરિણામ જ છોડે. પછી આ કરવું એવો પ્રશ્ન જ ક્યાં છે? આહાહા! સમજાણું કાંઈ?

એવો પરિગ્રહ પકડે? પરિગ્રહ વસ્ત્રનો તાણો ન હોય, એને આવા પરિગ્રહ પકડે એવું હોઈ શકે નહીં. અહીં તો એને .... પરિણામ આવા આવી જાય તો એને છોડી દે. સમજાણું કાંઈ? અહીં તો આવી જાય તો છોડી દે (એમ નહીં). પરિણામ છોડી દે એટલે પરિણામ થવા જ દે નહીં. એ વાત લીધી. થાય કોઈકને, કહે છે. તેના સ્વીકારપણાને... જુઓ! આહા! તેને

પોતાની કરવાના, ગ્રહવાના પરિણામને, એમ. લાવ લઈ લઉં એવા પરિણામ. **જે પરિત્યજે છે**– છોડી દે છે **તેને ખરેખર ત્રીજું વ્રત હોય છે.** સમ્યગ્દર્શન સહિત સ્વરૂપની ચારિત્રદશા, એની ગુણસ્થાન યોગ્યતા પ્રમાણે ચારિત્ર સહિત, વીતરાગતા સહિત એને આવા પરિણામ ત્રીજા વ્રતના હોય છે. છે એ પુણ્યબંધનું કારણ.

**હવે ૫૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે..** જુદી વાત છે.

**आकर्षित रत्नानां...** ચૈતન્યરત્નને આકર્ષે એ નહીં. એવા શુભભાવ છે એ રતનના ઢગલાને આપે.

**आकर्षित रत्नानां संचयमुच्चैरचौर्य्यमेतदिह ।**
**स्वर्गस्त्रीसुखमूलं क्रमेण मुक्त्यंगनायाश्च ।।७८।।**

**શ્લોકાર્થ : આ ઉગ્ર અચૌર્ય**–ઊંચું અચૌર્ય... **આ લોકમાં રત્નોના સંચયને આકર્ષે છે...** એટલે રત્નના ઢગલા એની પાસે આવે છે શુભભાવના ફળમાં. રત્ન લેવાના પરિણામ છોડ્યા એને એ શુભભાવમાં રત્નના ઢગલા આવશે. ચૈતન્યરત્નની પ્રાપ્તિ થશે એમ નહીં. બહારના રત્નોના ઢગલા. કહો, વજુભાઈ! એને રત્નનો વેપાર છેને. **આ લોકમાં રત્નોના સંચયને આકર્ષે છે...** ખેંચે છે એમ કહે છે. અચૌર્યવ્રતના પરિણામ રત્નના ઢગલાને ખેંચે છે એટલે આવશે એની પાસે. સ્વર્ગમાં કે ત્યાંથી પછી .... જાય. **અને (પરલોકમાં) સ્વર્ગની સ્રીઓના સુખનું કારણ છે...** આ તો મનુષ્યપણામાંય આકર્ષે છે એમ કહે છે. સ્વર્ગની સ્ત્રીઓના સુખનું કારણ છે, આત્માના સુખનું કારણ નહીં. આહાહા!

વ્રતના પરિણામ શુભરાગ છે, પુણ્ય છે. સમ્યગ્દર્શન સહિત, આત્માના અનુભવ સહિત વીતરાગી પરિણતિની ભૂમિકામાં આવો જે ભાવ હોય, એનું ફળ આ લોકમાં રત્નના સંચય, આ લોકમાં (એટલે) મનુષ્યભવમાં, (અને) સ્વર્ગની સ્ત્રીની સુખનું કારણ. સ્વર્ગમાં સ્ત્રીઓનું નિમિત્ત થાય. **તેમ જ ક્રમે કરીને...** હવે આવ્યું આ. નિશ્ચયનું ભાન સહિત શુભરાગ છેને. અશુભ રાગ એટલો ટળ્યો છેને એમાં. આવે છેને (મોક્ષ) અધિકારમાં. 'ક્રમે-ક્રમે' આવે છેને. મોક્ષ અધિકારમાં. મોક્ષ અધિકાર. શુભભાવ ક્રમે-ક્રમે દ્રવ્ય-આવશ્યક... ક્રમે-ક્રમેનો અર્થ શુભમાં અશુભ ટળ્યો છે, પછી શુભ ટાળશે ક્રમે.

**તેમ જ ક્રમે કરીને મુક્તિરૂપી સ્ત્રીના સુખનું કારણ છે.** ત્રણ વાત લીધી. આ ભવમાં રત્નોના સંચયને આકર્ષે, પરલોકમાં સ્વર્ગની સ્ત્રીઓના સુખનું કારણ થાય, **તેમ જ ક્રમે કરીને મુક્તિરૂપી સ્ત્રીના સુખનું કારણ છે**. પણ આ સમકિતી જ્ઞાનીના વ્રતની વાત છે. અજ્ઞાનીને વ્રત હોય એની અહીં વાત છે નહીં. પ્રકાશદાસજી! આંદોલન હૈ ન, અણુવ્રત આંદોલન. મિથ્યાદૃષ્ટિના અણુવ્રત આંદોલન છે. સદાચાર લઈ લ્યો, અણુવ્રત લઈ લ્યો. અહીં તો આત્માના ભાન સહિત આનંદની ભૂમિકાની પરિણતિમાં એને અણુવ્રત હોય છે એની વાત છે. અજ્ઞાનીને

વ્રત કેવા? દૃષ્ટિ મિથ્યાત્વ છે, વસ્તુનો જ્યાં સ્વીકાર નથી, સ્વીકાર જ અંશ ને રાગનો છે, દૃષ્ટિ જ્યાં વિપરીત છે, ભૂમિકા જ વિપરીત છે, એ વિપરીત ભૂમિકામાં વ્રત કેવા? બાળવ્રત અને બાળતપ કહેવામાં આવે છે. મૂર્ખાઈ ભરેલા વ્રત છે. શું બરાબર છે? ઝટ લઈ લેવું હતુંને ત્યાં.

ચાલો ભાઈ! આપણે દીક્ષા લઈ લઈએ ઝટ. વળી રહી ગયું. ઐસા હોતા હૈ ન સબ. ... છોડીને આહાહા! અમારે ...બેનને પણ એમ જ છે. ...બેન નથી અહીં, નહીં? વિધવા બાઈ આવે છેને. શું, રોટલી રાંધવી, ઓલા શું કહેવાય? ..... બાધા લઈ લ્યો, થઈ રહ્યું. પછી હિંસાથી બચ્યા. કોની હિંસા? બહારમાં બિચારા આવા દગ્ધ–મિથ્યાત્વથી બળેલા એને વ્રત કેવા? મિથ્યાત્વથી–જૂઠા ભાવથી તો ઝળહળ અગ્નિ સળગી રહી છે અંદર. એને આવા અચૌર્ય વ્રત (આદિ) ક્યાંથી હોય? ધર્મી જીવને આત્માના સ્વભાવના આશ્રયમાં પરિણતિ વીતરાગ થઈ છે, પૂર્ણ વીતરાગતા નથી એટલે આવા વ્રતના પરિણામ એને ક્રમે મુક્તિનું કારણ થશે, એટલે રાગ છૂટીને વીતરાગ થશે અને મોક્ષ પામશે. લ્યો, એ ત્રણ શ્લોક થયા.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**જ્યેષ્ઠ સુદ ૧૨, શુક્રવાર, તા. ૨૩-૬-૧૯૭૨**
**ગાથા-૫૯-૬૦, શ્લોક-૭૯, પ્રવચન નં. ૫૩**

આ નિયમસાર, વ્યવહાર અધિકાર ચારિત્ર ચાલે છે. ૫૯ ગાથા. ૫૮ થઈ.

**दट्ठूण इत्थिरूवं वांछाभावं णियत्तदे तासु ।**
**मेहुणसण्णविवज्जियपरिणामो अहव तुरियवदं ॥५९॥**
**સ્ત્રીરૂપ દેખી સ્ત્રી પ્રતિ અભિલાષભાવનિવૃત્તિ જે,**
**વા મિથુનસંજ્ઞારહિત જે પરિણામ તે વ્રત તુર્ય છે. ૫૯.**

ટીકા : **આ, ચોથા વ્રતના સ્વરૂપનું કથન છે. સુંદર કામિનીઓનાં મનોહર અંગના નિરીક્ષણ દ્વારા...** ચોથું વ્રત કોને હોય એમ કહે છે. **સુંદર કામિનીઓના મનોહર અંગના નિરીક્ષણ દ્વારા**—જોવા દ્વારા **ઊપજતી કુતૂહલતા...** કુતૂહલતા... **ચિત્તવાંછાના-પરિત્યાગથી...** આવું સુંદર રૂપ એવી કુતૂહલતા થાય, એની જે વાંછા થાય—એનો પરિત્યાગ. **અથવા...** પરિત્યાગ શબ્દ વાપર્યો છેને (એટલે) સર્વથા ત્યાગ, એમ.

**પુરુષવેદોદય નામનો જે નોકષાયનો તીવ્ર ઉદય...** અંદર પુરુષના વેદનો ઉદય આવતાં **તેને લીધે ઊપજતી મૈથુનસંજ્ઞાના પરિત્યાગસ્વરૂપ...** લ્યો, અહીં તો ઉદય થતાં પરિણામમાં એ ભાવ થવા ન દે અને શુભભાવ થાય એને બ્રહ્મચર્યવ્રત કહ્યું છે. અશુભ વેદકર્મનો ઉદય હોય છતાં તેના તરફના જોડાણનો તીવ્રભાવ છોડી શુભભાવ રહે એને સમ્યક્-દ્રષ્ટિ સહિત જીવને ચોથું વ્રત કહેવામાં આવે છે. આહાહા! તીવ્ર ઉદય તેને લીધે ઉપજતી મૈથુનસંજ્ઞા, એમ પાછું. ત્યાં ઉદય તીવ્ર હો અને અહીંયા ઉપજતી મૈથુનસંજ્ઞા સહિત વાસના એનો પરિત્યાગસ્વરૂપ... એવા જે **શુભ પરિણામ** એને અહીંયા **બ્રહ્મચર્યવ્રત** ચોથું કહેવામાં આવે છે.

**[હવે ૫૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]**

**भवति तनुविभूतिः कामिनीनां विभूतिं**
**स्मरसि मनसि कामिंस्त्वं तदा मद्वचः किम्।**
**सहजपरमतत्त्वं स्वस्वरूपं विहाय**
**व्रजसि विपुलमोह हेतुना केन चित्रम्॥७९॥**

**શ્લોકાર્થ : કામિનીઓની જે શરીરવિભૂતિ...** સ્ત્રીની શરીરની વિભૂતિ... લ્યો, એ સુંદરતા આદિ વિભૂતિ થઈ. **તે વિભૂતિને હે કામી પુરુષ!** આહા! એ વિભૂતિ તરફ તારું વલણ જાય છે, એમ કહે છે. જડ શરીર એની સુંદરતા, અંગની મનોજ્ઞતા તેના ઉપર તારું મન જાય છે... **જો તું મનમાં સ્મરે છે...** એ વિભૂતિને જો યાદ કરે છે એમ કહે છે. **તો મારા વચનથી તને શો લાભ**

**થશે?** આહા! અંતર સ્વરૂપમાં રમણતાપૂર્વક જે બ્રહ્મચર્યનું ચોથું વ્રત એવો શુભભાવ કેમ તને રહેશે? શરીરની સુંદર વિભૂતિ ઉપર લક્ષ જઈ અને કુતૂહલતા થાય કે આહા.. એવી જે વાંછા, એવા સ્મરણે.... મનમાં એનું સ્મરણ કરે છે કે આહા.. તો એવા સ્મરણ કરનારને **મારા વચનથી તને શો લાભ થશે?** એટલે કે જે શુભભાવ થવો જોઈએ એ તો તેં કર્યો નહીં, અશુભભાવ કર્યો. એથી ભૂમિકાને યોગ્ય જે ચોથું વ્રત જોઈએ એ તને કેમ રહેશે? એમ કહે છે.

**અહો ! આશ્ચર્ય થાય છે કે સહજ પરમતત્ત્વને...** અહો! સ્વભાવિક પરમતત્ત્વ જે આનંદ ને અમૃતનો સાગર પ્રભુ છે.. આહાહા! સહજ પરમતત્ત્વ એટલે નિજસ્વરૂપ, એમ. પાઠમાં એ છેને. **स्वस्वरूपं... परमतत्त्वं स्वस्वरूपं...** પોતે પરમતત્ત્વ પૂર્ણ ત્રિકાળ આનંદ, અતીન્દ્રિય આનંદસ્વરૂપ એવું પરમતત્ત્વ સ્વસ્વરૂપ-પોતાનું સ્વરૂપ.. આહાહા! **છોડીને...** અરે! એવા આનંદસ્વરૂપ ભગવાન આત્માને રુચિમાંથી, દૃષ્ટિમાંથી છોડી દઈને, એમ કહે છે. પરમાં તને પ્રેમ થાય તો એનો અર્થ એ થયો કે આત્માના આનંદમાં એને પ્રેમ નથી એમ કહે છે. સ્વભાવમાં આનંદ છે અતીન્દ્રિય અમૃત, જેના એક અંશના સ્વાદ આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો પણ સડ્યા મડદા-મીંદડાના અને કૂતરાના મડદા જેવા લાગે. એવો જે નિજ પરમસ્વરૂપ આનંદ એને, કહે છે કે ભૂલીને **તું શા કારણે વિપુલ મોહને પામે છે!** શા કારણે પરમાં તને પ્રેમ થઈ જાય છે! એમ કહે છે. સમજાણું?

બ્રહ્માનંદ ભગવાન આત્મા પરમ અતીન્દ્રિય આનંદથી ભરેલો પ્રભુ એને છોડીને પરમાં તને મોહ શા કારણે થાય છે? શું તારી પાસે આનંદ નથી કે તું પરમાં આનંદ છે એમ શોધવા, વાંછા કરીને પરમાં સુખ મેળવવા જા છો? એમ કહે છે. વિપુલ મોહને પામે છે શા કારણે? પરમ આનંદસ્વરૂપમાં જેની સાવધાની જોઈએ, વ્રતધારીને તો પરમ આનંદમાં સાવધાની જોઈએ, એને ઠેકાણે પરમાં સાવધાની (એવા) મોહને પામે છો, શા કારણે? શું છે તને? શું તને ભૂતડું વળગ્યું છે? ભ્રમણાનું ભૂતડું. ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ પરમતત્ત્વ નિજસ્વરૂપ-સ્વસ્વરૂપ, (જેને) આશ્રયે થાય એનું અવલંબન છોડી દઈને, એમ. પરમાં વિપુલ મોહને કરે છે, શું છે તને આ? **તું શા કારણે વિપુલ મોહને પામે છે!** એ કારણ એ કે એને પરમાં પ્રેમ છે અને સ્વનો પ્રેમ નથી. અતીન્દ્રિય આનંદ એવું પોતાનું સ્વસ્વરૂપ ત્રિકાળી અતીન્દ્રિય આનંદ એનો એને પ્રેમ નથી એટલે કે રુચિ નથી, એ પોસાતું નથી. આહાહા! ભગવાનજીભાઈ!

પરમાનંદ એવો પરમાત્મા પોતે અતીન્દ્રિય આનંદથી છલોછલ ભરેલું તત્ત્વ, એનો જો સ્વીકાર હોય તો પરમાં મોહ થવાનો પ્રસંગ જ રહેતો નથી, એમ કહે છે. અને પરમાં મોહ થાય છે એને પોતાના પરમ આનંદસ્વભાવની દૃષ્ટિ નથી, રુચિ નથી, એણે પરમાનંદ એવો પોતાનો નિજ સ્વભાવ એને શ્રદ્ધામાં લીધો નથી. આહાહા! સમજાણું? પરમાં સુંદર શરીર સ્ત્રીનું, મનોજ્ઞ અંગો સ્ત્રીના દેખીને એમાં તને જો કુતૂહલતા, વાંછા થાય તો, કહે છે કે પરમાનંદ-સ્વભાવને

ભાવ તેં છોડી દીધો છે. પરમાનંદ એવો આત્મસ્વભાવ એનો તને પ્રેમ અને દૃષ્ટિ, રુચિ નથી. તેં તારો અનાદર કરી અને પરનો, મોહનો આદર કર્યો છે. આહાહા!

સહજ પરમતત્ત્વ સહજ–સ્વભાવિક વસ્તુ છે. તું સહજસ્વરૂપે અતીન્દ્રિય જ્ઞાન અને આનંદસ્વભાવવાળું સહજ તત્ત્વ તું છો. એવું જે તારું સ્વસ્વરૂપ એનો આદર છોડી દઈને, પ્રેમ છોડી દઈને, તને આ સુંદર સ્ત્રી આદિના અંગ ને ઉપાંગોમાં કુતૂહલતા કેમ થાય છે? અહીં (આત્મામાં) કુતૂહલતા થઈને ઠરવું જોઈએ, એને ઠેકાણે આ કુતૂહલતા તને કેમ થાય છે? શું થયું તને? મિથ્યાત્વનું ભૂતડું વળગ્યું લાગે છે. સહજ પરમતત્ત્વ એટલે કે નિજસ્વરૂપને છોડીને... અહો! ભગવાન આત્મા પરમાનંદસ્વરૂપ એમાં એની ભાવના જોઈએ, એને ઠેકાણે વળી આ ભાવના ક્યાં કરી? છે એમ કહે છે. અહીં તો કહે, મારા વચનથી તને શું લાભ થશે? એટલે? મારો ભાવ તો વીતરાગીભાવ બતાવવાનો છે. એમાં અશુભભાવ ટળીને શુભ રહે, ચોથું વ્રત એ ભૂમિકામાં હોય છે એ બતાવવો હોય, એ તો તને છે નહીં. આહાહા!

પોતે અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય સુખસ્વરૂપ.. અતીન્દ્રિય સુખસ્વરૂપ નિજ પરમતત્ત્વ એની કુતૂહલતા થઈને એમાં જવું જોઈએ. આહા! આ શું છે આ તે? એમાં (કુતૂહલ) થવું જોઈએ, જવું જોઈએ, રહેવું જોઈએ, એને ઠેકાણે એને છોડી દઈને આ પરમાં સુંદરતાની કુતૂહલતામાં ક્યાં ગયો તું? એમ કહે છે. પરની સુંદરતા શરીરની, સ્ત્રીના શરીરના સુંદર અંગોપાંગ દેખીને તને વાંછા, કુતૂહલતા થાય છે, (તો) તેં તારા ભગવાનને છોડી દીધો. આહાહા! તારો ભગવાન અતીન્દ્રિય આનંદથી ભરેલો, પ્રભુ! તેં છોડી દીધો. આહાહા! અને તું પરની સ્ત્રીના અવયવોની સુંદરતાની કુતૂહલતા ને વાંછા ત્યાં ગયો, .... આહાહા! ભારે વાત.

આ મોક્ષમાર્ગ અધિકાર છેને. અતીન્દ્રિય, મનોહર, મધુર જેનો આનંદરસ છે એવો ભગવાન આત્મા છે. સચ્ચિદાનંદસ્વરૂપ—સત્–શાશ્વત, જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ. અરે પ્રભુ! તેં એને છોડી દીધો. એની (આત્માની) કુતૂહલતા જોઈએ કે આ શું છે, શું છે. એવું ભાન થયું હોય તો એમાં ઠરવાનો ભાવ હોય, એમ કહે છે. જો એનું ભાન હોય તો એમાં ઠરવાનો ભાવ હોય. એને ઠેકાણે પ્રભુના આનંદસ્વભાવનો અનાદર કરી, તારો ત્રિકાળી આનંદ પ્રભુ એનો સ્વીકાર નહીં અને એનો અનાદર કરી આ કુતૂહલતામાં તારી વૃત્તિ રોકાઈ ગઈ, અનર્થ કર્યું તેં. સમજાય છે કાંઈ? નાની વાતમાં તું પ્રયોજન ભૂલી ગયો એમ કહે છે.

પોતાનો આનંદ સ્વભાવ એવો જો તને દૃષ્ટિમાં આદર હોય એટલે તારું તત્ત્વ જ જો દૃષ્ટિમાં હોય, તારો સ્વભાવ જ આશ્રય–અવલંબનમાં હોય, તો પછી પરમાં કુતૂહલતા થવાનો પ્રસંગ રહેતો નથી. આહાહા! અને પરની સુંદરતાના મોહની કુતૂહલતામાં જો રોકાણો છો, તો તારી સુંદરતા છૂટી ગઈ છે તને. તારો સુંદર આનંદસ્વભાવ પ્રભુ પોતે આનંદમૂર્તિ એવો આત્મા

એને તેં છોડી દીધો છે. એની સુંદરતાને છોડી દીધી અને આ સુંદરતાને તું વળગ્યો. એટલે તને ચોથું વ્રત કેમ હોય? એમ કહે છે. આહાહા! જુઓને! કેવી વૈરાગ્યની મસ્તી ચડાવે એવું છેને. એ ચોથા વ્રતની વાત કરી. **तुरियव्रत. तुरिय** એટલે ચોથું.

જે આનંદસ્વરૂપ ભગવાન એના પ્રેમમાં પડ્યો છે, એનો જેણે સ્વીકાર કર્યો છે, એને પરમાં આનંદનો ભાવ આવે કેમ? પરમાં સુખપણું છે એવો ઝેરભાવ આવે કેમ? એમ કહે છે. આહાહા! અમૃતના સ્વાદિયાને ઝેરના સ્વાદની કુતૂહલતા આવે કેમ? ભારે વાતું. અને પરની કુતૂહલતાના સ્વાદની વાંછામાં જો ગયો તો તારી આનંદની સુંદરતા, પ્રભુ! તું ભૂલી ગયો. ભગવાનને ભૂલી ગયો. આહાહા! એમ અહીંયા ચોથા વ્રતમાં પદ્મપ્રભમલધારિદેવ જીવને જાગૃત કરીને ઊંચો ઊભો કરે છે. જાગ રે જાગ નાથ! તારામાં આનંદ પડ્યો પ્રભુ! અને જાગીને જો તો એમાં તને આનંદ ભાસશે. તને ક્યાંય બહારમાં આનંદ નહીં ભાસે. ઇન્દ્રના ઇન્દ્રાસનો મરેલા કૂતરાના, મીંદડાના સડેલા મડદા જેવા લાગશે તને. આહાહા!

અહીં તો ચોથા વ્રતની વાત કરી ત્યાં 'દૃષ્ટિને ભૂલીને' ત્યાં સુધી વાત લઈ ગયા. એમાં પ્રેમ થઈ ગયોને વાંછાનો, એટલે તેં વસ્તુને દૃષ્ટિમાંથી છોડી દીધી, એમ. એ ચોથા વ્રતની વાત થઈ. આત્માનો અતીન્દ્રિય આનંદસ્વભાવ જેને રુચ્યો છે, બેઠો છે, એની સન્મુખ થયો છે, એ જીવને સ્વરૂપમાં સ્થિરતાની ભાવનાવાળું ચારિત્ર (હોય), એની ભૂમિકામાં આવો એક વિકલ્પ મહાવ્રતનો, વિષયના ત્યાગનો હોય છે, એને શુભભાવ વ્રત કહે છે, શુભભાવરૂપી વ્રત કહે છે, આવાને. એકલા અજ્ઞાની શુભરાગ નામ બ્રહ્મચર્ય પાળે એની અહીં વાત નથી. કારણ કે એને હજી સ્વરૂપ શું છે એનો આદર જ આવ્યો નથી. એથી એને ચારિત્રની ભૂમિકામાં વ્રતના પરિણામ જોઈએ, એ ચારિત્ર જ નથી તો એ પરિણામ એને હોઈ શકે નહીં. આહાહા! ભારે વાત. નાની વાત પણ એમાંય વસ્તુ ભરી દીધી છે. હવે વધારે પાછા આમાં લેશે. ૬૦.

**सव्वेसिं गंथाणं चागो णिरवेक्खभावणापुव्वं ।**

**पंचमवदमिदि भणिदं चारित्तभरं वहंतस्स ॥ ६० ॥**

ચારિત્રના ભારને વહેનારની આ વાત છે. આહાહા!

**નિરપેક્ષ ભાવન સહિત સર્વ પરિગ્રહોનો ત્યાગ જે,**

**તે જાણવું વ્રત પાંચમું ચારિત્રભર વહનારને. ૬૦.**

**ટીકા : અહીં (આ ગાથામાં) પાંચમા વ્રતનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે.** એનો અન્વયાર્થ લઈએ. નીચે છેને. **અન્વયાર્થ : [निरपेक्षभावनापूर्वम्] નિરપેક્ષ ભાવનાપૂર્વક (અર્થાત્ જે ભાવનામાં પરની અપેક્ષા નથી એવી શુદ્ધ નિરાલંબન ભાવના સહિત)**... લ્યો, પહેલી આ વાત. ભગવાન આત્મા પરમ શુદ્ધ આનંદ(સ્વરૂપ) એનું આલંબન જેને છે અને એની જેને ભાવના છે, એવા જીવને પાંચમું વ્રત હોય છે. નીચે (નોટ) છે.

**૧. મુનિને મુનિત્વોચિત નિરપેક્ષ શુદ્ધ પરિણતિની સાથે...** મુનિને મુનિત્વ-મુનિપણાને લાયક નિરપેક્ષ શુદ્ધ પરિણતિ-વીતરાગદશા... જેને પરની અપેક્ષા નથી, વ્યવહારની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી એવો ભગવાન આત્મા... સર્વ પરિગ્રહથી રહિત એવું ત્રિકાળી સ્વરૂપ ભગવાન આત્માનું એની પ્રત્યેની શુદ્ધ પરિણતિ-નિરપેક્ષ શુદ્ધ પરિણતિ... જુઓ! એટલે કે વ્યવહાર મંદતાનો ભાવ છે તો અહીં શુદ્ધપરિણતિ પ્રગટી છે એમ નથી, એની અપેક્ષા નથી એમ કહે છે. આહાહા! ભારે. મુનિને લાયક **નિરપેક્ષ શુદ્ધ પરિણતિની સાથે વર્તતો જે (હઠ વગરનો) સર્વપરિગ્રહત્યાગ-સંબંધી શુભોપયોગ** (એટલે) શુભરાગ-વિકલ્પ **તે વ્યવહાર અપરિગ્રહવ્રત કહેવાય છે.** કોને? શુદ્ધ પરિણતિ સાથે વર્તતા ભાવને. પણ શુદ્ધ પરિણતિ જ જ્યાં નથી, સમ્યક્ આત્મા સ્વરૂપનો પૂર્ણાનંદનો સ્વીકાર થઈને શુદ્ધદશા જ જાગી નથી, એને વ્રત-ફ્રત હોતા નથી. કહો, સમજાણું?

વળી એમ કહે છે કે તમે કહો કે વ્રત એને હોતા નથી તો ચોથા વ્રતની બાધા શું કરવા આપો છો? લ્યો વળી એ વાંધો. વ્રત ક્યાં છે? એ તો શુભભાવ.. શુભભાવ છે. એય! એમ પૂછે છે. અંદર ખાનગી ખાનગી ચર્ચા કરે છે. આહાહા! આમ બહારમાં કહે કે વ્રત છે એ હેય છે, વળી પાછા બધાને વ્રત આપે, બ્રહ્મચર્યની બાધા આપે. એ વ્રત નથી ભાઈ! એ તો અશુભના પરિણામથી બચવા શુભભાવ છે. એટલી વ્યાખ્યા છે. વ્રત હોય નહીં. વ્રત તો સમ્યક્ અનુભવ, નિરપેક્ષતત્ત્વ જે સર્વપરિગ્રહથી ત્યાગસ્વરૂપ એવો જે ભગવાન આત્મા એનો આશ્રય લઈને જે શુદ્ધ પરિણતિ પ્રગટી હોય એ નિશ્ચયવ્રત છે, એની સાથે વ્યવહારવ્રતનો વિકલ્પ હોય એ વ્યવહાર છે. સમજાણું કાંઈ?

**શુદ્ધ પરિણતિ ન હોય ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે...** હઠ સહિત હોય છે. આહાહા! જેણે શુદ્ધ ભગવાન આત્મા સહજસ્વરૂપ પરમાનંદ પ્રભુ દૃષ્ટિમાં લીધો નથી, પરિણતિ નિર્મળદશા થઈ નથી, એવા જીવને શુભભાવ હઠવાળો હોય છે, સહજ હોતો નથી. કેમકે જ્યાં શુદ્ધપરિણતિ નથી તો પછી હઠથી બ્રહ્મચર્યાદિ શુભભાવ પાળે. આહાહા! કેમકે બ્રહ્માનંદ એવો બ્રહ્મ આત્મા એનો સ્વાદ આવ્યો નથી અને એ બ્રહ્મચર્ય વ્યવહારે પાળે તો એને વ્રત કહેવાતું નથી, એમ કહે છે. કહો, પ્રકાશદાસજી! ક્યા હૈ? મારવાડમાં સમજાવવા જાવું છે એને. આહાહા! આ કોણ? બાપુ! આ વાત સાંભળવા મળવી એ પણ મહા પુણ્યનો યોગ ત્યારે મળે એવી ચીજ છે. એને એ જાતનો ક્ષયોપશમ હોય, એ જાતનો એનો વિકલ્પ હોય, એ જાતનું એને પુણ્ય હોય, ત્યારે એને સાંભળવા મળે.

કહે છે કે **શુદ્ધ પરિણતિ ન હોય ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે, તે શુભોપયોગ તો વ્યવહાર-વ્રત પણ કહેવાતો નથી.** વ્યવહાર વ્રતેય કહેવાય નહીં. નિશ્ચય શુદ્ધ પરિણતિ વિના વ્યવહાર કોનો પણ? માલ વિના બારદાન કોનું? ઘીનો ઘડો કે પાણીનો ઘડો કે તેલનો ઘડો?

પણ માલ નથી તો એકલા ઘડાને કહેવો કેમ? એમ શુદ્ધ.. આહાહા! પરમ પ્રભુ એવો પોતાનો આત્મા પરમ-પરમેશ્વર એનો જ્યાં હજી સ્વીકાર થઈને શુદ્ધ પરિણતિ થઈ નથી, જે પરિણતિએ પૂર્ણને સ્વીકાર્યો નથી, એ પરિણતિ વિનાના વ્યવહારને વ્યવહાર કહેવાતો નથી એમ કહે છે. ભારે વાતું ભાઈ આવી. હવે નગ્ન મુનિ થઈ જાય, વસ્ત્ર-પાત્ર પરિગ્રહ છોડે. કહેતા હતા કે આરંભ, પરિગ્રહનું અમારે શું કામ? એ બધું છૂટી ગયું છે. આહાહા!

અરે! કોને આરંભ, પરિગ્રહ કહેવો? ભાઈ! એ વિકલ્પ ઉઠે શુભરાગ એની પણ જ્યાં પકડ છે... કારણ કે આ વસ્તુની પકડ નથી, ત્રિકાળી જ્ઞાયકભાવ આનંદભાવની પકડ નથી એટલે પકડ તો ક્યાંક રહેશે. તો શુભભાવની પકડ છે એ જ મહા-આરંભ ને મહાપરિગ્રહ છે. પંડિતજી! આહાહા! પકડ્યોને એણે. .... ભિન્ન રાખ્યો નથી. ભિન્ન રાખે ક્યારે? આને પકડ્યો હોય તો એને ભિન્ન રાખેને. શું કીધું સમજાણું? રાગથી ભિન્ન નિરપેક્ષતત્ત્વ જે છે એને જ્યાં પકડ્યું નથી, અનુભવ્યો નથી એટલે ત્યાં રાગનો પકડ જ ત્યાં હોય છે. ન્યાં પકડાઈ ગયેલો જ છે. અહીં પકડાણો નથી તો અહીં પકડાણો છે. જ્ઞાની તો એ પકડથી છૂટી ગયો છે. એને આવે જે રાગ એને મહાવ્રત કહેવામાં આવે છે. આહાહા! ભારે વાત ભાઈ! આવી વાતું સાધારણ માણસને તો એવું લાગે કે આ તો કોઈ ઊંચા દરજ્જાની વાત હશે. એમ કે એલ.એલ.બી.ની લાગે, પણ આ તો આખી સમ્યગ્દર્શનની–પહેલા (દરજ્જા)ની વાત છે. આહાહા!

**[આ પાંચમા વ્રતની માફક અન્ય વ્રતોનું પણ સમજી લેવું.]** છેને નીચે. બીજા બધા વ્રત માટે સમજી લેવું. ચોથા માટે, પાંચમા માટે, પહેલા માટે. અહિંસા વ્રતાદિ... શુદ્ધ પરિણતિ હોય તો અહિંસાવ્રતનો વિકલ્પ તેને વ્યવહારવ્રત કહેવાય. શુદ્ધ ભગવાન આત્મા એને અવલંબીને પ્રવાહ શુદ્ધનો વહેતો હોય એની ભૂમિકામાં જે રાગધારા, જ્ઞાનધારાની ભૂમિકામાં રાગધારા આવે એને વ્યવહાર કહે છે. જ્ઞાનધારા જ હજી સુધી આવી નથી... આહાહા! જ્ઞાનથી મોક્ષ એનો અર્થ એ કે જ્ઞાનનું જ્ઞાન, જ્ઞાનની શ્રદ્ધા, જ્ઞાનની રમણતા એ જ્ઞાન, એમ. ત્યારે ઓલા કહે કે એકલા જ્ઞાનથી મુક્તિ નથી (એમ) ભગવાને કહ્યું છે. પણ સાંભળને! જ્ઞાન એટલે જ્ઞાનનું જ્ઞાન, જ્ઞાનની શ્રદ્ધા ને જ્ઞાનની રમણતા. એ બધું જ્ઞાન જ કહેવાય છે.

ખાણિયાચર્ચામાં બહુ લીધું સામાવાળાએ. અહીં કીધું કે જ્ઞાનથી મોક્ષ થાય, રાગથી નહીં. કે નહીં, ખોટી વાત છે. જ્ઞાન સાથે સમકિત ને ચારિત્ર જોઈએ. સાથે હોય જ. અહીં જ્ઞાનથી મોક્ષ થાય એનો અર્થ કે વસ્તુ જ્ઞાનસ્વભાવી છે એનું જ્ઞાન, એની શ્રદ્ધા, એની સ્થિરતા એ બધું જ્ઞાનમય જ છે, રાગમય નથી એમ સિદ્ધ કરવું છે. **ज्ञानमेव मोक्ष**... આવે છેને પુણ્ય-પાપ (અધિકારમાં, ગાથા ૧૫૫). જ્ઞાનથી મોક્ષ થાય છે. જ્ઞાનથી મોક્ષ થાય એનો અર્થ શો? આત્મ સન્મુખનું જ્ઞાન, શ્રદ્ધા ને સ્થિરતા—ત્રણે જ્ઞાનથી મોક્ષ એ જ્ઞાન. જ્ઞાન એટલે એકલું જાણપણું એમ નહીં. આહાહા!

જ્ઞાનથી મુક્તિ એટલે રાગથી નહીં. વ્રતાદિ વ્યવહાર રાગ એ મુક્તિનું કારણ નહીં. પણ જ્ઞાન એટલે સ્વરૂપ જે છે એનું... જ્ઞાનભાવે વસ્તુ છે એમાં શ્રદ્ધા, આનંદ તો પડ્યા જ છે સાથે, પણ એમાં એકાગ્ર થઈને જે જ્ઞાન, શ્રદ્ધા ને આનંદાદિ પ્રગટ્યા એ બધા જ્ઞાનમય છે, રાગમય નહીં. એ જ્ઞાનથી મુક્તિ છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? પણ જ્ઞાનમય છે. રાગનુંય જ્ઞાન છે. રાગ પોતાનો છે એવું ક્યાં છે ત્યાં? આહાહા! દ્રવ્યનું જ્ઞાન, ગુણનું જ્ઞાન, પર્યાયનું જ્ઞાન, રાગનું જ્ઞાન, નિમિત્તનું જ્ઞાન. જ્ઞાન જ્ઞાન જ છે ત્યાં. આહાહા! કહે છે કે જ્યાં શુદ્ધ નથી ત્યાં શુભોપયોગ વ્યવહારવ્રત કહેવાતો નથી. લ્યો, હવે જ્યાં પહેલા ચોથાના ઠેકાણા ન મળે અને પાંચમું, છઠ્ઠું ગુણસ્થાનમાં વ્રત લઈને થઈ ગઈ દીક્ષા. એ પ્રકાશદાસજી!

**ટીકા : અહીં (આ ગાથામાં) પાંચમા વ્રતનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે. સકળ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ...** પાઠમાં છેને **सव्वेसिं गंथाणं चागो...** એમાંથી કાઢ્યું છે દ્રવ્ય. ભગવાન આત્મા ત્રિકાળી તત્ત્વ પ્રભુ એ તો સર્વ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ છે. આહાહા! એવો જે **નિજ કારણપરમાત્માના સ્વરૂપમાં અવસ્થિત...** પાઠમાં 'ભાવના' શબ્દ છેને. **णिरवेक्खभावणापुव्वं....** હવે એ **भावणापुव्वं**નો અર્થ ટીકામાં આ નાખ્યો કે **સકળ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ નિજ કારણપરમાત્મા...** પોતાનો ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એના **સ્વરૂપમાં અવસ્થિત** (એટલે) એ ભાવના. એવા અવસ્થિતપૂર્વક હોય છે. **पुव्वं** શબ્દ પડ્યો છેને પાઠમાં. **णिरवेक्खभावणापुव्वं..** નિરપેક્ષભાવનાપૂર્વક એટલે કે ભાવના જે અહીં... પહેલું નિરપેક્ષતત્ત્વ જે ત્રિકાળ છે એમ લીધું એમાંથી. નિરપેક્ષ ભાવનાપૂર્વક... નિરપેક્ષ ભાવના એ તો વીતરાગીપર્યાય છે, પણ નિરપેક્ષ ત્રિકાળ તત્ત્વ છે એના સ્વરૂપની ભાવના–અવસ્થિતિ એ નિરપેક્ષભાવના કહેવામાં આવે છે. પહેલું તો હજી યાદ રહેવું મુશ્કેલ કે આ શું કહે છે. અધ્ધરની વાતું કાઢી છે. શરીર નહીં, વાણી નહીં, વિકલ્પ નહીં, વાંચન નહીં, કાંઈ નહીં. આવી વાતું છે ઝીણી. આહાહા!

પહેલો ભગવાનને સંભારે છે. કોઈપણ કામમાં કહેને 'ણમો અરિહંતાણં.' અહીં તો 'ણમો પરમ નિરપેક્ષ પરમાત્મનં.' અહીં ભગવાન પહેલો-પહેલો યાદ કરે છે. આહા! અરે! સાધારણ રાગ ને પુણ્ય ને પાપના પ્રેમમાં રચ્યાપચ્યા હોય છેને, એને આ ચીજ શું છે એ વાત કાને પડતા એને આમ કાંઈક બફમ લાગી જાય. શું આવી વસ્તુ હશે? ઓલામાં અસ્તિપણે જ બેઠો છે આખો. પણ મહાપ્રભુ છે તારા વિકારી પરિણામની પાછળ. મહાનિરપેક્ષ **સર્વ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ...** દેખો! આહાહા! ન્યાં તો **सव्वेसिं गंथाणं चागो णिरवेक्खभावणापुव्वं...** પર્યાયની વાત લીધી છે, પણ એમાંથી દ્રવ્ય કાઢ્યું. પર્યાયમાંથી દ્રવ્ય કાઢ્યું. સર્વ પરિગ્રહના ત્યાગસ્વરૂપ નિરપેક્ષ ભાવના એટલે સ્થિરતા. એમ જે શબ્દ છે એમાંથી કાઢ્યું નિરપેક્ષ ત્રિકાળી ભાવ. આહાહા!

અમૃતના આનંદથી ભરેલો, ઉછળેલો... ઓલામાં નથી આવતું સર્વવિશુદ્ધ (અધિકારમાં) શક્તિઓમાં, નહીં? જ્ઞાન ઉછળે છે, એમ આવે છે. અનંત શક્તિઓ ઉછળે છે. સર્વવિશુદ્ધમાં આ શક્તિ ૪૭. જ્ઞાન ઉછળે છે એની સાથે આનંદ ઉછળે છે. આહાહા! અનંત પર્યાયો, અનંત ગુણો ઉછળે છે. ઉછળે છે એટલે પર્યાયમાં અનંત ગુણો પ્રગટ થાય છે. આહાહા! એવો એક ભગવાન એક સમયમાં અનંત-અનંત પવિત્ર ગુણના પિંડરૂપ એક એ સર્વ પરિગ્રહના ત્યાગસ્વરૂપ છે. એવો જે નિજ કારણપરમાત્મા... **નિજ કારણપરમાત્મા**... દેખો! પોતાનો કારણપરમાત્મા ત્રિકાળસ્વરૂપ.. ત્રિકાળસ્વરૂપ શક્તિનું આખું સત્ત્વ, પૂર્ણ અનંત ગુણોનો આખો પિંડ, અભેદ એક નિત્ય શાશ્વત સત્, એના **સ્વરૂપમાં અવસ્થિત**... એના સ્વરૂપમાં ભાવના એટલે અવસ્થિત એમ. 'ભાવના' છેને પાઠમાં. એવા સ્વરૂપમાં એકાગ્રતા–અવસ્થિત. અવ-સ્થિત–નિશ્ચયમાં સ્થિત. આહાહા!

અનાદિનો રાગમાં, પુણ્યમાં અવસ્થિત હતો, એ પરમાત્મા પોતાના સ્વરૂપમાં અવસ્થિત (થાય છે). એવી ભાવના સહિત હોય એને આવું વ્રત હોય, એમ સિદ્ધ કરવું છે હોં. સમજાણું? એવી જ્યાં ભાવના ત્રિકાળી જ્ઞાયક આનંદસ્વરૂપ, સર્વ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ જ એ ચીજ છે. છોડવું-ગ્રહવું એને કાંઈ છે નહીં. એ તો પરિત્યાગસ્વરૂપ જ છે. એવો **નિજ કારણપરમાત્મા**... પોતાનો–નિજ.., પોતાનો સ્વભાવ, પાછો એમ. આવો બીજો કોઈ ભગવાન ઈશ્વર એ નહીં. પોતે નિજ કારણપરમાત્મા... પોતાનો ભગવાન પૂર્ણ સ્વરૂપ એમાં અવસ્થિત, પૂર્ણમાં અવસ્થિત, એનું નામ મોક્ષનો માર્ગ, એનું નામ ભાવના, સ્વભાવભાવની ભાવના. ત્રિકાળભાવની એકાગ્રતા એ એની ભાવના. આહાહા! સમજાણું કાંઈ? ત્રિકાળભાવની ભાવના... ત્રિકાળસ્વભાવ ભગવાન એની ભાવના એટલે એકાગ્રતા. આવું સ્વરૂપ કાને ન પડે, એને વિચારવામાં લેવું, એને અંદરમાં પ્રયોગ કરીને પરમાત્માને પહોંચે કેવી રીતે? સમજાણું? પોતે આવા સ્વરૂપમાં અંદર જાય શી રીતે?

**નિજ કારણપરમાત્માના સ્વરૂપમાં**... એવું સ્વરૂપ જે છે ભાવ, એમ. એમાં **અવસ્થિત (સ્થિર રહેલા)** એવા **પરમસંયમીઓને...** દેખો! એવા પરમસંયમીને આહાહા! વર મૂકીને જાન એ કહ્યું. વર સમજતે હો? દુલ્હા. દુલ્હા મૂકીને બારાત.. બારાત. કોની? મડદાની કે વરની? કાંઈ નહીં, કોઈની નહીં. કાં મડદાની સાથે માણસ જાય, કાં વર સાથે જાય—બેય સાથે જાય. એ મડદાની જાન છે, એને શું કહે? એ તો એની ભાષા છે 'સ્નાન કરવા ગયા' સ્નાન કરવા. સ્નાન... કહેવાય લ્યો. મડદા પાછળ જાય એ. તમારી ભાષા તો હોયને. આભડવા જાય બધા... આભડવા જાય. ઓલા જાનૈયા વર પરણાવવા જાય. આહા! કહે છે કે ચૈતન્ય ભગવાન જ્યાં જાગ્યો નથી ત્યાં બધા મડદાની પાછળ જાય છે. એના બધા વ્રતના વિકલ્પો મડદા પાછળ છે. એને વ્રત કહેવાતા નથી. આહાહા!

એવા **પરમસંયમીઓને**... ભાષા જુઓને! પરમ ભગવાન જેમાં વિકલ્પની ગંધ નથી, જેમાં ચાર ભાવની પર્યાયની પણ ગંધ નથી. આહાહા! અહીં તો સર્વ પરિગ્રહત્યાગ કીધો. ચાર પ્રકારની પર્યાય—ઉદય, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક એ રહિત જેનું સ્વરૂપ છે. એવી ચીજ પોતાની એના સ્વરૂપમાં અવસ્થિત.. અવસ્થિત (એટલે) એમાં જે નિશ્ચય સ્થિર છે, એ ચારિત્ર પર્યાય છે. એના સ્વરૂપમાં અવસ્થિત થયું હોય એટલે પછી શ્રદ્ધા થઈ ગઈ ભેગી, એનું જ્ઞાનેય આવ્યું ને એમાં અવસ્થિત ચારિત્ર આવ્યું. ત્રણેય આવ્યું. આ સ્વરૂપમાં અવસ્થિત ક્યારે થયો? એની શ્રદ્ધા થઈ ને જ્ઞાન થયું, ત્યારે એમાં ઠર્યો. એટલે પરિગ્રહના ત્યાગસ્વરૂપ **નિજ કારણ-પરમાત્માના સ્વરૂપમાં અવસ્થિત પરમસંયમી**... એવા **પરમસંયમીઓને**... આહાહા!

**પરમ જિનયોગીશ્વરોને**... એમ બીજું વિશેષણ આપ્યું. **परमसंयमिनां परमजिनयोगीश्वराणां**... ટીકામાં છે બે. એવા **પરમ જિનયોગીશ્વરોને...** પરમ જિન-યોગ-ઈશ્વર... પરમ (એટલે) પરમાત્મ પોતાનું નિજસ્વરૂપ એમાં જેણે જોડાણ કર્યું છે... પરમ જિન યોગી (એટલે) પોતાના વીતરાગભાવમાં જેણે યોગ જોડ્યો છે, એનો પણ ઈશ્વર. સમ્યગ્દૃષ્ટિએ પણ પોતાના પરમાત્મામાં યોગ જોડ્યો છે, પણ આ તો જિનયોગીશ્વર. મુનિ તો પરમ જિનયોગીશ્વર છે. આહાહા! **સદાય નિશ્ચયવ્યવહારાત્મક...** એવા મુનિને સદાય... નિશ્ચય વસ્તુની અવસ્થિત દશારૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને વ્યવહાર વિકલ્પ—બે ભેગા લીધા.

**સુંદર ચારિત્રભર વહનારાઓને...** એવું જે સુંદર ચારિત્રનું અતિશયપણું, સમૂહપણું વહેનારને **બાહ્ય-અભ્યંતર ચોવીશ પ્રકારના પરિગ્રહનો પરિત્યાગ જ...** હવે આવ્યું એ **सव्वेसिं गंथाणं चागो**... બાહ્ય ને અભ્યંતર ચોવીસ પ્રકારનો પરિગ્રહ—ચૌદ પ્રકારનો અભ્યંતર ને દસ પ્રકારનો બાહ્ય. એ બધા પરિગ્રહનો પરિત્યાગ જ... વસ્તુ તો રહિત હતી જ. હવે પરિણામમાં સર્વ પરિગ્રહના ત્યાગસ્વરૂપ જે પરિણામ એ **પરંપરાએ પંચમગતિના હેતુભૂત એવું પાંચમું વ્રત છે.** લ્યો. **પરંપરાએ**... ચારિત્રભરની વ્યાખ્યા કરી નીચે જુઓ! **ચારિત્રભર એટલે ચારિત્રનો ભાર** એટલે **સમૂહ.** ભાર એટલે બોજો એમ નહીં. એનો સમૂહ, **ચારિત્રની** વિશેષતા—**અતિશયતા.** રમણતાની વિશેષતા. સ્વરૂપમાં રમણતાની વિશેષતા એ ચારિત્રભર.

ભર નથી આવતો? ભર.. ભર. ગાડાનો ભર... એમ આ ભર એટલે ભાર એટલે સમૂહ. ચારિત્ર-શાંતિનો સમૂહ આહાહા! પોતાના સ્વરૂપમાં એટલો ઠર્યો શાંતિનો સમૂહ, એવા વહેનારને આવો શુભવિકલ્પ હોય છે અંદર, એમ કહે છે. તેને ખરેખર **પરંપરાએ પંચમગતિના હેતુભૂત એવું પાંચમું**... એને વ્રત કહેવાય છે એમ. પરંપરાએ પંચમગતિના હેતુભૂત પાંચમું વ્રત એને કહેવામાં આવે છે. વ્યવહારથી કહ્યું છે. એ ખુલાસો કરે છે નીચે. પરંપરાએ કહ્યું છેને. ...થયો શુભ. અશુભભાવ ટળે છે. ટળતા-ટળતા શુભ ટાળશે. ધર્મી જીવને શુભભાવમાં અશુભ

ટળે છે. દૃષ્ટિ થઈ છેને, એથી અશુભભાવ શુભમાં ટળ્યો છે. એટલો ક્રમે ટળ્યો, એ ક્રમે ટાળતા-ટાળતા શુભને ટાળશે. નીચે છે એનો ખુલાસો, જુઓ!

**શુભોપયોગરૂપ વ્યવહારવ્રત શુદ્ધોપયોગનો હેતુ છે**, (એટલે) નિમિત્ત. **શુભોપયોગરૂપ વ્યવહારવ્રત શુદ્ધોપયોગનો હેતુ છે અને શુદ્ધોપયોગ મોક્ષનો હેતુ છે એમ ગણીને અહીં ઉપચારથી વ્યવહારવ્રતને મોક્ષનો પરંપરાહેતુ કહેલ છે.** ઉપચારથી વ્યવહારવ્રતને મોક્ષનો પરંપરાહેતુ વ્યવહારથી (કહ્યો). રાગ તે કાંઈ પરંપરા મોક્ષનું કારણ થાય? અશુભરાગનો અભાવ થયો છે ને વિશેષ થશે. એ કારણે ત્યાં પરંપરા (કહ્યું). રાગ તો વિભાવ, અધર્મ છે. અધર્મ ધર્મનું કારણ થાય? લોકોને આકરી વાત લાગે. શુભરાગનો પ્રેમ–મીઠાશ ખસવો એ ભારે આકરી વાત છે. જડની મીઠાશ છે એ. શુભરાગની મીઠાશ એ જડની, અજ્ઞાનની મીઠાશ છે. ભગવાન આખો આત્મા જ્ઞાનસ્વભાવે એટલે અજ્ઞાનભાવ રહિત, શુભાશુભરહિત છે. જ્ઞાનસ્વભાવે ભરેલું આખું તત્ત્વ છે, વસ્તુ પોતે એ છે. એનો આશ્રય લઈને જે પરિણતિ પ્રગટે એ મુક્તિનું કારણ છે, એમ કહેશે અહીંયા.

**ખરેખર તો શુભોપયોગી મુનિને મુનિયોગ્ય શુદ્ધપરિણતિ જ...** લ્યો, **(શુદ્ધાત્મદ્રવ્યને અવલંબતી હોવાથી) વિશેષ શુદ્ધિરૂપ શુદ્ધોપયોગનો હેતુ થાય છે...** શુદ્ધ પરિણતિ એ શુદ્ધોપયોગનો હેતુ થાય છે. શું કીધું એ? છઠ્ઠે ગુણસ્થાને શુદ્ધ પરિણતિ જે છે એ પછી સાતમાના શુદ્ધ-ઉપયોગનો હેતુ થાય છે. વસ્તુ તો એ છે. એ હજી અપેક્ષાથી (કથન છે). બાકી તો શુદ્ધોપયોગ જે પ્રગટે છે એનું મૂળ કારણ તો દ્રવ્યનો આશ્રય છે. આ છઠ્ઠે જે આશ્રય છે એના કરતાં સાતમામાં વિશેષ આશ્રય છે માટે શુદ્ધોપયોગ (કારણ કહ્યું). પણ વ્યવહારથી એનું વર્ણન કરવું હોય તો એને શુદ્ધપરિણતિ છઠ્ઠે ગુણસ્થાને જે ત્રણ કષાયના અભાવની છે, એ શુદ્ધોપયોગનું કારણ છે. નહીંતર તો શુદ્ધ ઉપયોગનું કારણ દ્રવ્યનું આશ્રય છે, ઉગ્ર આશ્રય છે. સમજાણું કાંઈ? ભારે વાતું એવી.

શુદ્ધપરિણતિ વહ શુદ્ધ-ઉપયોગકા હેતુ. શુદ્ધપરિણતિ વહ શુદ્ધ-ઉપયોગકા હેતુ. પણ શુદ્ધ પરિણતિકા આરોપ શુભમેં દેકર ઉસકો હેતુ કહા. ખરેખર શુદ્ધપરિણતિ શુદ્ધોપયોગકા હેતુ હૈ. છઠ્ઠે ગુણસ્થાને કષાયરહિત જે શુદ્ધ પરિણતિ છે એ સાતમા ગુણસ્થાનનો હેતુ, પણ શુદ્ધપરિણતિકો હેતુ ન બતાકર શુદ્ધ પરિણતિકા આરોપ વ્યવહારમેં દેકર શુભરાગ હેતુ હૈ ઐસા કહા, આરોપ દેકર. એ વાતું ભાઈ! એવી વાત છે. અને એ ખરેખર શુદ્ધપરિણતિ તે શુદ્ધ-ઉપયોગનો હેતુ (કહ્યો) એ પણ પર્યાયનો વ્યય થઈને શુદ્ધ-ઉપયોગ–પર્યાય પ્રગટે છે. શુદ્ધ પરિણતિનો વ્યય થઈને શુદ્ધ-ઉપયોગ વિશેષ પરિણતિએ પ્રગટે છે. ખરેખર તો શુદ્ધ-ઉપયોગનું કારણ તો ત્રિકાળી દ્રવ્ય છે. શુદ્ધપરિણતિ મોક્ષનું કારણ એ પણ ઉપચાર છે. પણ હવે જ્યારે આ

બે શુભની ને શુદ્ધની પરિણતિ વચ્ચે વાત કરવી હોય, ત્યારે આ રીતે થાય. આહાહા! આમાં માણસને હાથ શું આવે? આહાહા!

ભગવાન શુદ્ધ પોતે શુદ્ધ છે આખો. એની શુદ્ધ પરિણતિ જે નિર્મળ વીતરાગી નિર્વિકલ્પદશા એ જ પછીના શુદ્ધોપયોગનું કારણ છે. કેમકે એનો વ્યય થઈને એ ઉત્પન્ન થાય છે. અથવા પૂર્વપર્યાય ઉપાદાનકારણ ને પછી(ની પર્યાય) કાર્ય, એમ આવેને. પૂર્વ પર્યાય જુત્તં દવ્વં, ઉત્તર પરિણામ જુત્તં દવ્વં કાર્ય. આવે છેને એ આ. શુદ્ધપરિણતિરૂપ પર્યાય વર્તે છે એ ઉપાદાન, પછીનો જે શુદ્ધ-ઉપયોગ આવે છે એ ઉપાદેય, એ એનું કાર્ય છે. સમજાણું? અહીં કહ્યું છેને, પૂર્વ પરિણામ જુત્તં દવ્વં કારણ. એકલું પરિણામેય નહીં, એકલું દ્રવ્યેય નહીં. દ્રવ્ય, પર્યાય બેય ભેગા લઈને. **વિશેષ શુદ્ધિરૂપ શુદ્ધોપયોગનો હેતુ થાય છે અને તે શુદ્ધોપયોગ મોક્ષનો હેતુ થાય છે.** બરાબર છે? છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધ પરિણતિ તે સાતમાના શુદ્ધ-ઉપયોગનો હેતુ થાય છે અને એ શુદ્ધ-ઉપયોગ તે મોક્ષનો હેતુ થાય છે.

**આ રીતે આ શુદ્ધપરિણતિમાં રહેલા મોક્ષના પરંપરાહેતુપણાનો આરોપ...** શુદ્ધપરિણતિમાં રહેલો... શુદ્ધોપયોગ મોક્ષનું કારણ, શુદ્ધપરિણતિ પરંપરાકારણ મોક્ષનું. શુદ્ધોપયોગ સીધું કારણ. શુદ્ધપરિણતિ, મોક્ષનું પરંપરાકારણ શુદ્ધપરિણતિ થઈ. **તેની સાથે રહેલા શુભોપયોગમાં કરીને... શુદ્ધપરિણતિમાં રહેલા મોક્ષના પરંપરા હેતુપણાનો આરોપ...** સમજાણું કાંઈ? શું કીધું એ? શુદ્ધ પરિણતિ જે છઠ્ઠા ગુણસ્થાને છે એ શુદ્ધોપયોગનું કારણ છે અને શુદ્ધોપયોગ મોક્ષનું કારણ છે. એ શુદ્ધપરિણતિ પરંપરાકારણ થયું મોક્ષનું.

એ શુદ્ધપરિણતિ પરંપરાકારણનો આરોપ.... આરોપ આપ્યો, યથાર્થપણું આ. આરોપ આપ્યો અહીં શુભભાવને. આરે, આટલું બધું! **વ્યવહારવ્રતને મોક્ષનો પરંપરાહેતુ કહેવામાં આવે છે. જ્યાં શુદ્ધપરિણતિ જ ન હોય ત્યાં વર્તતા શુભોપયોગમાં મોક્ષના પરંપરાહેતુપણનો આરોપ પણ કરી શકાતો નથી...** કારણકે શુદ્ધ-પરિણતિ નથી એટલે એને જે (કારણ) કહેવું જોઈએ યથાર્થપણે, એ યથાર્થપણું નથી તો આરોપ કોના ઉપર હોય? એમ કહે છે. **કેમ કે જ્યાં મોક્ષનો યથાર્થ પરંપરાહેતુ પ્રગટ્યો જ નથી—વિદ્યમાન જ નથી ત્યાં શુભોપયોગમાં આરોપ કોનો કરવો?** વિશેષ કહેવાશે. લ્યો,

(પ્રમાણ વચન ગુરુદેવ)

**જ્યેષ્ઠ સુદ ૧૩, શનિવાર, તા. ૨૪-૬-૧૯૭૨**
**શ્લોક-૮૦, ગાથા-૬૧, પ્રવચન નં. ૫૪**

વ્યવહાર ચારિત્ર (અધિકાર). એમાં આધાર આપે છે. **એવી રીતે (શ્રીમદ્દ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી સમયસારમાં (૨૦૮મી ગાથા દ્વારા) કહ્યું છે...** પરિગ્રહની વ્યાખ્યા છે ખરીને એટલે આધાર આપે છે.

**मज्झं परिग्गहो जदि तदो अहमजीवदं तु गच्छेज ।**
**णादेव अहं जम्हा तम्हा ण परिग्गहो मज्झ ।।**

એનો અર્થ–ગાથાર્થ. મુનિ, મુનિની પ્રધાનતાએ વ્યાખ્યા કરી છે. પરિગ્રહરહિતપણું હોય છેને મુનિને. ત્રણ કષાયનો અભાવ હોય છે અને બહારમાં વસ્ત્ર-પાત્ર આદિનો પણ પરિગ્રહ હોતો નથી, એવો જે અપરિગ્રહવ્રત એનો જે શુભોપયોગ રાગ એ મુનિને અંતર શુદ્ધપરિણતિની સાથે હોય છે. અંતર સ્વભાવ... એ આવી ગયું છે. સર્વ પરિગ્રહ રહિત એવો જે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્ય વીતરાગસ્વભાવી વસ્તુ એનો આશ્રય લઈને જે વીતરાગદશા શુદ્ધ પરિણતિ પ્રગટ થઈ છે તે મુનિપણાની નિશ્ચય દશા છે. એની ભૂમિકામાં પરિગ્રહના બાહ્ય ત્યાગનો વિકલ્પ ઉઠે છે શુભરાગ, એને વ્યવહારવ્રત કહેવામાં આવે છે. એ પણ મારું સ્વરૂપ નથી એમ કહે છે.

**ગાથાર્થ : જો પરદ્રવ્ય-પરિગ્રહ મારો હોય...** ઝીણી વાત છે જરી. ભગવાન આત્માનો પરિગ્રહ તો અનંત જ્ઞાન-આનંદ સ્વરૂપ એ એનો પરિગ્રહ છે. પરિ–સમસ્ત પ્રકારે જેને સ્વપણું જેમાં રહ્યું છે, શુદ્ધ ચૈતન્ય આનંદઘન વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા એ ધર્મીનું સ્વ છે, એ એનો પરિગ્રહ છે. એ આવી ગયું છે અહીં પાઠમાં. અહીં તો આધાર આપે છે. **જો પરદ્રવ્ય-પરિગ્રહ મારો હોય તો હું અજીવપણાને પામું.** જુઓ! ન્યાય કેવો આપ્યો છે! એ રાગ જે વિકલ્પ છે એ પણ જો મારો હોય તો... રાગ છે એ તો અચેતન છે અને એ તો મારા સ્વભાવથી ભિન્ન ચીજ છે. જો એ પરિગ્રહ મારો હોય, રાગાદિ શુભ વિકલ્પ હોં, તો હું અજીવપણાને પામું. સમકિતથી માંડીને, ધર્મીની દૃષ્ટિમાં તો એકલો ચૈતન્ય શુદ્ધ આનંદધામ એ જ એની દૃષ્ટિનો વિષય, એ એની ચીજ છે. કહે છે કે જો રાગ આદિનો કણ કે બાહ્ય રજકણ મારો હોય તો, એ અજીવ છે, એ મારો થાય તો અજીવ થઈ જાઉં. આહાહા!

મુનિની પ્રધાનતાએ વ્યાખ્યા છે. પરિગ્રહ રહિતપણું હોય છેને મુનિને. ત્રણ કષાયનો અભાવ હોય છે અને બહારમાં વસ્ત્ર-પાત્રાદિનો પણ પરિગ્રહ હોતો નથી. એવો જે અપરિગ્રહ-વ્રત એનો જે શુભોપયોગ રાગ એ મુનિને અંતર શુદ્ધ પરિણતિની સાથે હોય છે. અંતર

સ્વભાવ... એ આવી ગયું છે. સર્વ પરિગ્રહ રહિત એવો જે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્ય વીતરાગસ્વભાવી વસ્તુ એનો આશ્રય લઈને જે વીતરાગદશા શુદ્ધપરિણતિ પ્રગટ થઈ છે એ મુનિપણાની નિશ્ચયદશા છે. એની ભૂમિકામાં બાહ્ય પરિગ્રહના ત્યાગનો વિકલ્પ ઉઠે છે શુભરાગ એને વ્યવહારવ્રત કહેવામાં આવે છે. એ પણ મારું સ્વરૂપ નથી એમ કહે છે.

**જો પરદ્રવ્ય-પરિગ્રહ મારો હોય**... ઝીણી વાત છે જરી. ભગવાન આત્માને પરિગ્રહ તો અનંત જ્ઞાન, આનંદ સ્વરૂપ એ એનો પરિગ્રહ છે. પરિ–સમસ્ત પ્રકારે જેને સ્વપણું જેમાં રહ્યું છે, શુદ્ધ ચૈતન્ય આનંદઘન વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા એ ધર્મીનું સ્વ છે, એ એનો પરિગ્રહ છે. એ આવી ગયું છે અહીં પાઠમાં. અહીં તો આધાર આપે છે. **જો પરદ્રવ્ય પરિગ્રહ મારો હોય તો હું અજીવપણાને પામું**... જુઓ! ન્યાય કેવો આપ્યો છે! એ રાગ જે વિકલ્પ છે એ પણ જો મારો હોય તો... રાગ છે એ તો અચેતન છે અને એ તો મારા સ્વભાવથી ભિન્ન ચીજ છે. જો એ પરિગ્રહ મારો હોય, રાગાદિ શુભ વિકલ્પ હોં, તો અજીવપણાને પામું. સમકિતથી માંડીને, ધર્મીની દૃષ્ટિમાં તો એકલો શુદ્ધ ચૈતન્ય આનંદધામ એ જ એની દૃષ્ટિનો વિષય, એ એની ચીજ છે. કહે છે કે જો રાગાદિનો કણ કે બાહ્ય રજકણ મારો હોય તો, એ અજીવ છે, મારો થાય તો હું અજીવ થઈ જાઉં. આહાહા!

**त्यजतु भवभीरुत्वाद्भव्यः परिग्रहविग्रहं**
**निरुपमसुखावासप्राप्त्यै करोतु निजात्मनि।**
**स्थितिमविचलां शर्माकारां जगज्जनदुर्लभां**
**न च भवति महच्चित्रं चित्रं सतामसतामिदम् ॥८०॥**

(કળશ ૮૦ ઉપર પૂ. ગુરૂદેવશ્રીનું પ્રવચન). નિરુપમ અતીન્દ્રિય આનંદ એવો મારો સ્વભાવ એ મારું ઘર, એમાં મારો વાસ છે. આહાહા! રાગ છે એ તો દુઃખ છે એમ કહે છે. રાગનો વિકલ્પ, વ્રતનો વિકલ્પ એ પણ દુઃખ છે. મારો આવાસ, નિરુપમ સુખ મારો આવાસ છે. મારું વસવું, મારો આવાસ–નિવાસસ્થાન.. આહાહા! મારું ઘર, મારું રહેઠાણ, મારું આયતન એ નિરુપમ સુખનું આયતન છે. એની પ્રાપ્તિની અર્થે... મારો નિજાનંદ ભગવાન આત્મા એની પ્રાપ્તિને અર્થે... રાગાદિ તો વિકાર દુઃખ છે, શરીરાદિ પર છે. ભગવાન આત્મા પૂર્ણ અતીન્દ્રિય આનંદનું ઘર મારું છે એની પ્રાપ્તિ માટે, મારી પર્યાયમાં એની પ્રાપ્તિને અર્થે... મારી દશા એની સન્મુખ વળી છે (અને) રાગ ને રજકણથી મારી દશા વિમુખ થઈ છે. આહાહા! આ પરિગ્રહરહિતપણું આનું નામ.

કહે છે કે હું તો એક **નિરુપમ**–જેની ઉપમા ન મળે. અતીન્દ્રિય આનંદ સચ્ચિદાનંદ (અર્થાત્) સત્–શાશ્વત, ચિદ્–જ્ઞાન અને આનંદ એનો આવાસ–નિવાસ–રહેવાનું સ્થાન તો મારું આ છે. રાગ વ્યવહાર ને નિમિત્તમાં રહેવાનું સ્થાન મારું નથી. આહાહા! અરે! એ ચૈતન્ય

તું છે. પૂર્ણાનંદનો નાથ... પૂર્ણાનંદ... કેવળજ્ઞાનીને જે આનંદ પ્રગટે છે એ તો અનંતમા ભાગનો આનંદ છે અને એ તો પર્યાયનો આનંદ છે. દ્રવ્યમાં તો એથી અનંત-અનંત (આનંદ છે). અપરિમિત સ્વસ્વભાવસ્વરૂપ અતીન્દ્રિય આનંદનો કંદ તે દ્રવ્યસ્વભાવ મારો છે. એમ ધર્મી પોતાના દૃષ્ટિના વિષયમાં આને કબૂલે છે. ઝીણી વાત છે ભાઈ! એણે અપૂર્વપણું અનંતકાળમાં કર્યું નથી, તેથી એને એમ લાગે, શું છે આ? એ અપૂર્વ ચીજ છે. પૂર્વે કોઈ દિ' દૃષ્ટિમાં લીધી નથી. બહારની વાતું બધી કરી. અમારે આ કરવું, આમ છોડવો ને મૂકવો—એ બધી મિથ્યાભ્રમમાં પ્રવૃત્તિ છે. આહાહા!

કહે છે કે અરે! નિરુપમ સુખના ઘરની પ્રાપ્તિ અર્થે... મારું નિજઘર તો આ છે. રાગ અને એના નિમિત્ત એવી પરિગ્રહ વસ્તુ એ મારું આવાસસ્થાન નથી, એ મારું ઘર નથી, એ મારું આયતન નથી, એ મારા રહેઠાણ નથી, રહેવાનું રહેઠાણ એ મારું નહીં. આહાહા! 'રહેવાનું રહેઠાણ' ગુજરાતી ભાષા છેને. આવે છેને, નિર્જરા અધિકારમાં આવે છે. નિર્જરા અધિકારમાં આવે છે. મારા આત્માને રહેવાનું રહેઠાણ આ છે. આવે છે, નિર્જરા અધિકારમાં આવે છે. રહેનારને રહેઠાણનું સ્થાન તો આત્મા છે એમ કહે છે. આહા! પૂર્ણ પ્રભુ એકેક શક્તિ જ્ઞાન-દર્શન આદિ એવી અનંત શક્તિ સંખ્યાએ અને એકેક શક્તિઓ જેનું અનંત-અનંત સ્વરૂપ ને રૂપ છે, એવા અનંત શક્તિનું એકરૂપ એવું જે સ્વદ્રવ્ય, એ મારું નિવાસસ્થાન. મારે રહેવાનું ઘર તો આ છે, ધર્મી એમ જાણે છે. ભજનમાં નથી આવતું?

અબ હમ કબહુ ન નિજઘર આયે, પરઘર ફિરત નામ અનેક ધરાયે
અબ હમ કબહુ ન નિજઘર આયે.

રાગી છું, પુણ્યવાળો છું, પાપવાળો છું, મેં પુણ્ય કર્યાં છે, મેં પાપ કર્યાં, હું મનુષ્ય છું—એવા નામ તો અનંત વાર ધરાવ્યા. એ નિજઘર નહીં. 'અબ હમ કબહુ ન નિજઘર આયે..' આ ઘર આ, નિરુપમ આનંદનો ધામ ભગવાન આત્મા. અરે! કેમ બેસે? કેમ કે એની દૃષ્ટિ અનાદિની અંશ ઉપર ને રાગ ઉપર છે. પ્રગટ જે અંશ છે પર્યાયનો, અનંતગુણની પર્યાયનો અંશ જે પ્રગટ છે–વ્યક્ત છે અને રાગ છે એના ઉપર એની રુચિ ને રમતું ત્યાં છે અનાદિની. સમજાણું કાંઈ? સાધુ નવમી ગ્રૈવેયકે ગયો સાધુ. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.' એનો અર્થ થયો કે પંચમહાવ્રત અને ૨૮ મૂળગુણ દુઃખ હતા. આહાહા! પંચમહાવ્રત ને ૨૮ મૂળગુણ... 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો..' આતમજ્ઞાન–સ્વના સુખનું જ્ઞાન ને સ્વમાં સુખનું ભાન, એના ભાન વિના એ બધા દુઃખરૂપ પરિણામ હતા. આહાહા! ૨૮ મૂળગુણ ને પંચ મહાવ્રતના પરિણામ એ દુઃખ. એ રાગ છેને.

એ કહ્યુંને. 'આતમજ્ઞાન બિના..' આત્મા જે આનંદનું ધામ એનું-સ્વજ્ઞેયનું જ્ઞાન કર્યા વિના આનંદ ન થાય. પરનું જ્ઞેયનું જ્ઞાન કરવામાં તો દુઃખ છે, પરાધીન-પરાવલંબી જ્ઞાન છે. આહાહા! સમજાણું કાંઈ? માર્ગ આવો છે બાપુ! વસ્તુની સ્થિતિ આવી છે. આ કાંઈ આમ કરો તો આમ થાય... એ વસ્તુ આવી જ છે. વસ્તુ પૂર્ણાનંદ પ્રભુ એક સમયમાં નિરુપમ છે-જેને ઉપમા નથી, જેના આનંદના એક અંશના સ્વાદની પણ જેને ઉપમા નથી. કોની સાથે મેળવે એ? ઇન્દ્રના સુખ પણ ઝેર છે, એ રાગ છે. આહાહા! લોકો માને છેને. ભોગ લઈએ છીએ, ભોગ મેળવીએ છીએ. ધૂળેય નથી. એને રાગનો ભોગ છે, પરવસ્તુનો ભોગ છે જ નહીં. એ રાગ તો ઝેર છે, અમૃતસ્વરૂપ ભગવાન આત્મા એનાથી ઉલટો ભાવ છે. આહાહા! એવા દુઃખના દાવાનળમાં પડ્યો જીવ માને છે કે અમે સુખી છીએ. પર્યાયમાં મિથ્યાભ્રમ છે એ. આનંદનું ધામ એ તો ચૈતન્યપ્રભુ છે.

**નિરુપમ સુખના આવાસની પ્રાપ્તિ અર્થે**... ભાષા દેખો! પૂર્ણાનંદનો નાથ ભગવાન એની પર્યાયમાં પ્રાપ્તિને માટે **નિજ આત્મામાં અવિચળ, સુખાકાર તથા જગતજનોને દુર્લભ એવી સ્થિરતા કરો**. આહાહા! ભગવાન પોતાના પૂર્ણ સ્વરૂપની પ્રાપ્તિને માટે **નિજ આત્મામાં અવિચળ**, પાછું. ભગવાન ત્રણ લોકનો નાથ કેવળી એ નહીં. એ તો પર છે. **નિજ આત્મા**... પોતાનો ભગવાન આત્મા એને કહીએ પૂર્ણ કે (જેમાં) રાગ નહીં, એક સમયનો પર્યાય નહીં. એવા **નિજ આત્મામાં અવિચળ**... જેવી એ ચીજ છે અવિચળ એવી પર્યાયમાં અવિચળ સ્થિતિ કર. આહા! આ વાતું બાપા! આકરી છે, મોંઘી છે. એની શૈલી જાણી નથી અને બહારના કડાકૂટામાં પડી વાસ્તવિક તત્ત્વને ભૂલી ગયો છે.

કહે છે કે **નિજ આત્મામાં અવિચળ, સુખાકાર**-સુખમય **તથા જગતજનોને દુર્લભ**... સાધારણ પ્રાણીને તો સ્વરૂપની પ્રાપ્તિને અર્થે એમાં સ્થિરતા દુર્લભ છે. સ્વરૂપની પ્રાપ્તિની અર્થે સ્થિરતા... ચારિત્ર લેવું છેને. ત્રિકાળ નિરુપમ આનંદનું ધામ એવો જે નિજસ્વભાવ ભગવાન પૂર્ણ એની પ્રાપ્તિને અર્થે સ્વરૂપમાં અવિચળ સ્થિરતા, એમાં રમણતા, ચરવું એટલે રમવું, સ્વરૂપ નિજાનંદ પ્રભુ ધ્રુવ એમાં રમવું... 'રમવું' પર્યાય છે, અનુભવ એ પર્યાય છે, દ્રવ્ય નથી, પણ દ્રવ્યમાં રમણતા એ ચારિત્ર છે, એ પર્યાય છે. આહાહા! સમજાણું કાંઈ? આ વસ્તુની સ્થિતિ આવી છે એમ એના જ્ઞાનમાં ને શ્રદ્ધામાં આવવી જોઈએ, પછી એને સ્થિરતા થાય એમ કહે છે.

**નિજ આત્મામાં**... ભગવાન આત્મા પૂર્ણ આનંદનો ધામ નિવાસ, કહ્યુંને પહેલું. એમાં અવિચળ સુખાકાર-સુખમય... ઓલા શશીભાઈને છેને, શું કહેવાય? મંડપ. એમાં 'સુખદાયી' લખ્યું છે. મેં જોયું છે. આપણે શશીભાઈ છેને. મંડપ.. મંડપ છે. ...વાંચે છે. મોઢ છે મોઢ...... શશીભાઈ, ભાવનગર. ... મંડપ. એ મંડપ હતો એમાં 'સુખદાયી' શબ્દ હતો. કીધું, આ શું?

સુખદાયી.. સુખદાયી.. સુખદાયી.. જોયું છે? એનું નામ રાખ્યું છે. 'સુખદાયી' આમાંય આવ્યુંને. **शर्माकारां...** સુખા... **शर्माकारां** એ ને? **शर्माकारां** છેને. **शर्म आकारां** ત્રીજા પદમાં છે. **शर्म आकारां...** સુખાકાર.. સુખાકાર એમ છેને, સુખમય. આહાહા! શું કહે છે? કે પૂર્ણ આનંદનું ધામ એવો ભગવાન એમાં આનંદમય સ્થિરતા કર, એમ કહે છે. એનું નામ ચારિત્ર છે.

પૂર્ણ આનંદનું ધામ–નિવાસસ્થાન એમાં પર્યાય દ્વારા આનંદ સહિત, અતીન્દ્રિય સુખાકાર સહિત, આત્મામાં અતીન્દ્રિય આનંદ સહિત **જગતજનોને દુર્લભ છે એવી સ્થિરતા કરો.** અતીન્દ્રિય આનંદના ધામમાં આનંદ સહિત સ્થિરતા કરો એમ કહે છે. સુખાકાર સ્થિરતા, એમ કહે છે. ચારિત્ર એ સુખનું દેનાર છે. આહાહા! રાગ છે એ તો દુઃખ દેનાર છે, ભગવાન આત્મામાં સ્થિરતાની ચારિત્રદશા એ આનંદદાતા સુખાકાર છે–શર્માકાર છે. એમાં સુખનો જ આકાર ને સુખનું જ સ્વરૂપ છે. આહાહા! લોકો કહેને કે ચારિત્ર દુઃખરૂપ છે, કષ્ટદાયક છે. છઢાળામાં કહ્યું છે, સંવર-નિર્જરાને કષ્ટદાયક માને એ મિથ્યાત્વભાવ છે. એને ચારિત્રના તત્ત્વની ખબર નથી. ચારિત્ર તો આનંદદાયક છે.

જુઓ! સુખાકાર... **નિજ આત્મામાં અવિચળ સુખાકાર તથા જગતજનોને દુર્લભ...** જગતના રાગના રાગીઓને... આહાહા! એમ પહેલો શબ્દ વાપર્યો છે. રાગના પ્રેમીઓને અને પરપદાર્થના પ્રેમીઓને આ સ્થિરતા દુર્લભ છે. આ બધું ....થઈ ગયું છે. રાગના પ્રેમીઓને આ સ્થિરતા દુર્લભ છે એમ કહે છે. પ્રભુ આત્મા આનંદધામ એની સુખાકાર સ્થિરતા સંતોને સુલભ છે. **સત્પુરુષોને કાંઈ મહા આશ્ચર્યની વાત નથી.** આહાહા! અરે! એની વસ્તુસ્થિતિ આવી છે એની એને હજી ખબર નથી. ચારિત્રની વ્યાખ્યા અને ચારિત્ર કોને કહેવું... આહાહા!

એ વાત લીધી કે નિરુપમ સુખનો આવાસ એવો ભગવાન, એની પ્રાપ્તિને અર્થે... કોની પ્રાપ્તિ પર્યાયમાં? દ્રવ્ય તો છે, પર્યાયમાં પ્રાપ્તિને અર્થે... નિજ આત્મામાં–પોતાના ભગવાન આત્મામાં અવિચળ–ચળે નહીં એવી રીતે સુખાકાર અને **જગતજનોને દુર્લભ એવી સ્થિરતા કરો.** આહાહા! સ્વરૂપની અંદર રમણતાનું ચરવું, આનંદમાં રમવું, આનંદનું ભોજન કરવું એનું નામ ચારિત્ર છે. સમજાણું કાંઈ? દુર્લભ, જગતને દુર્લભ છે. આહા! રાગના રાગીઓને–રાગના પ્રેમીઓને સ્વરૂપની દૃષ્ટિ થવી ને સ્થિરતા થવી તો મહાદુર્લભ છે કહે છે. સમજાણું કાંઈ? આહાહા! આ સ્થિતિ–સ્થિરતા કરો. ચારિત્રની વ્યાખ્યા છેને.

**અને આ (નિજાત્મામાં અચળ સુખાત્મક સ્થિતિ કરવાનું કાર્ય) સત્પુરુષોને કાંઈ મહા...** છેને? **महच्चित्रं चित्रं सतामसतामिदम्... સત્પુરુષોને કાંઈ મહા આશ્ચર્યની વાત નથી...** એ તો વસ્તુની સ્થિતિ છે ધર્માત્માની. આહાહા! **સત્પુરુષોને કાંઈ મહા આશ્ચર્યની વાત નથી...** એ તો સ્વરૂપ જ છે. નિજાનંદમાં રમતા, આનંદના ધામમાં રમતા, સુખામૃત સ્થિરતા કરતા એવા

સંતોને એ કાંઈ આશ્ચર્યની વાત નથી, એ તો એની સ્થિતિ જ છે. આનું નામ ચારિત્ર ને આનું નામ મુનિપણું. આહા! **અસત્પુરુષોને આશ્ચર્યની વાત છે.** એવું સત્ શું છે અને એ સત્‌માં સ્થિરતા કેવી હોય એ અસત્પુરુષોને–એને આશ્ચર્ય લાગે કે આ શું છે પણ આ? આવી સ્થિરતા? શું કહે છે આ?

ભગવાન! તને ખબર નથી પ્રભુ! તારી ચીજ પૂર્ણાનંદનો નાથ જ્યાં તને પ્રતીતમાં આવે અને એમાં જે સ્થિરતા સુખરૂપદશાથી સ્થિરતા કરે એ તો સંતોનું આચરણ છે. સહજ–સ્વભાવિક સંતોમાં એ તો આચરણ છે, એ કાંઈ આશ્ચર્યની વાત નથી. પણ **અસત્પુરુષોને આશ્ચર્યની વાત છે.** આ શું કહે છે? અંદર સુખરૂપ સ્થિરતા થાય એને ચારિત્ર કહે છે. ભારે ભઈ... ચારિત્ર તો કેટલા સહન કરવા પડે બહારમાં. ચારિત્ર, દુઃખ માને એ ચારિત્ર. બહુ પરિષહ સહન કરવા પડે, બાપા! પાણી ઉના પીવા, ઉઘાડે પગે ચાલવા, રાત્રે આહાર ન કરવો, આમ જોઈને ચાલવા. આહાહા! ભગવાનનો માર્ગ તો તલવારની ધાર જેવો છે (એટલે) દુઃખરૂપ, એમ. મીણના દાંતે લોઢાના ચણા ચાવવા.

બાપુ! તને ખબર નથી હોં. તને સત્પુરુષોના ચારિત્રની રમતુંની ખબર નથી. એ તો સુખરૂપ દશા છે. સ્વરૂપમાં અંતર દૃષ્ટિ સમ્યક્ થઈ, આનંદમૂર્તિ ધામ મારી ચીજ છે એવો અનુભવ થયો, પછી એમાં રમણતા થઈ આનંદની રમણતા, આનંદ સહિત સુખાકારની સ્થિરતા એ તો સંતોની દશા જ છે. આહાહા! 'ણમો લોએ સવ્વ સાહૂણં' ગણધર એને નમસ્કાર કરે છે. પાંચ પદની .... કે નહીં? ... 'ણમો લોએ સવ્વ અરિહંતાણં, ણમો લોએ સવ્વ સિદ્ધાણં, ણમો લોએ સવ્વ આઈરીયાણં' એમ આવે. બધામાં 'લોએ સવ્વ' આવે. 'ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ સાહૂણં.' તીર્થંકરના વજીર ગણધર એ જેને નમસ્કાર કરે, એનો જેને નમસ્કાર પહોંચે એ સ્થિતિ કેવી હોય?

તે સત્પુરુષોને માટે આશ્ચર્યની વાત નથી. આહાહા! સમજાણું કાંઈ? પદાર્થની સ્થિતિ અને પદાર્થનું વાસ્તવિક સ્વરૂપ અને એની ચારિત્રની પર્યાયની દશા કેવી હોય—એનું આ વર્ણન છે. એ **સત્પુરુષોને કાંઈ મહા આશ્ચર્યની વાત નથી, અસત્પુરુષોને આશ્ચર્યની વાત છે.** એમ પદ્મપ્રભમલધારિદેવ મુનિ પોતાની વાત નાખે છે. આવ્યું હતુંને એમાં. પાઠમાં આવ્યું હતુંને કાંઈક નહીં? .... અભવ્ય..... જયવંત વર્તો એ. જૈનધર્મ જયવંત વર્તો, નથી આવ્યું? હા, બસ એ. જિનધર્મ જયવંત વર્તો. આહાહા! એ શું કહે છે? ૭૯ (કળશ). **સુખસાગરનું જે પૂર છે**... સુંદર સુખસાગરનું પૂર છે પ્રભુ. એ પર્યાયમાં આનંદનું પૂર આવ્યું છે, કહે છે, એ જિનધર્મ જયવંત વર્તે છે. એમ કહીને પોતાની દશા પણ વર્તે છે એમ કહે છે. છેને?

**ત્રસઘાતના પરિણામરૂપ અંધકારના નાશનો જે હેતુ છે**... કારણ કે શુભ પરિણામ ને અશુભ પરિણામ બેય અજ્ઞાન છે, એમાં જ્ઞાનનો અંશ નથી. વિપરીત જ્ઞાન એમાં કહેવું નથી.

અજ્ઞાન શબ્દે એમાં જ્ઞાનનો અંશ નથી. .... ભગવાન જ્ઞાનનો અંશ છે. એવો અશુભભાવ એ અજ્ઞાન છે, અંધકાર છે, એના નાશનો હેતુ જૈનધર્મ છે. **સકળ લોકના જીવસમૂહને સુખપ્રદ છે, સ્થાવર એકેન્દ્રિય જીવોના વિવિધ વધથી જે બહુ દૂર છે અને સુંદર સુખસાગરનું જે પૂર છે...** આહાહા! કોણ? આ પર્યાયમાં આનંદનો પૂર વહે છે, કહે છે. સુખસાગર સ્વરૂપ પોતે તો છે, પણ જેણે તેને અવલંબ્યું છે એવા જીવની વાત છેને. પર્યાયમાં જેને અતીન્દ્રિય આનંદનું પૂર વહે છે એવો જૈનધર્મ જયવંત વર્તે છે. પાઠ છેને **स जयति जिनधर्मः..** એમ કહીને મુનિરાજ પોતાની વીતરાગદશા ત્યાં વર્તી રહી છે એમ (બતાવે છે). આહાહા! કહો, સમજાણું કાંઈ?

એવો જૈનધર્મ પર્યાયમાં વર્તે છે એમ કહે છે. જૈનધર્મ ક્યાંય ...માં વર્તતો હોવો જોઈએને. ધર્મ તો પર્યાય છે, જૈનધર્મ તો પર્યાય છે, જૈનશાસન પર્યાય છે, એ દ્રવ્ય-ગુણ નથી. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે. ત્રિકાળનો જ્યાં આશ્રય લઈને શુદ્ધતા જે પ્રવહી, આનંદ વહ્યો, સમ્યગ્દર્શનમાં પણ હોં, સમ્યગ્દષ્ટિને પણ આનંદનું પૂર પર્યાયમાં આવે છે. 'પૂર' શબ્દ વાપર્યો છે કેમ કે મુનિ છે માટે. સમ્યગ્દષ્ટિને એટલું આનંદનું પૂર નથી, અંશે છે. અહીંયા તો મૂળ તો મુનિ છેને. એટલે એને ચોથાથી પાંચમામાં વધારે આનંદ, છઠ્ઠામાં (એથી) વધારે આનંદ છે. એ આનંદનું પૂર વહે છે. આહાહા!

આવી વસ્તુની સ્થિતિ છે. એને આ રીતે જાણ્યા વિના, ઓળખ્યા વિના, માન્યા વિના એમાં એની સ્થિરતા થાય નહીં. કહે છે... એ કળશ પૂરો થયો. એકસઠ ગાથા. પંચમહાવ્રતની વ્યાખ્યા કરી, હવે સમિતિ આવી. વ્યવહાર ને નિશ્ચય સમિતિ બેય લેશે. એકલી વ્યવહાર સમિતિ હોય નહીં. જેને અંદર શુદ્ધ આનંદકંદની ... ધારા શુદ્ધપરિણતિ વહે છે, એવી સમિતિ– 'સમ-ઇતિ ....' અનંત ગુણની સાથે એકત્વ થયું જેને. એવી સમિતિ જેને નિર્મળધારા નિશ્ચય વહે છે એને વ્યવહારસમિતિનો વિકલ્પ હોય છે.

**पासुगमग्गेण दिवा अवलोगंतो जुगप्पमाणं हि ।**
**गच्छइ पुरदो समणो इरियासमिदी हवे तस्स ॥ ६१ ॥**

નીચે એનું હરિગીત.

**અવલોકી માર્ગ ધુરાપ્રમાણ કરે ગમન મુનિરાજ જે**
**દિવસે જ પ્રાસુક માર્ગમાં, ઈર્યાસમિતિ તેહને. ૬૧.**

**ટીકા : અહીં (આ ગાથામાં) ઈર્યાસમિતિનું સ્વરૂપ કહ્યું છે.** ઇર્યાસમિતિ વ્યવહાર કોને કહેવી? **જે પરમસંયમી...** 'પરમસંયમી' આમ ભાષા લીધી. નીચે અર્થ. **પરમસંયમી મુનિને...** નીચે અર્થ છે. **(અર્થાત્ મુનિયોગ્ય શુદ્ધપરિણતિવાળા મુનિને)...** મુનિને યોગ્ય વીતરાગધારા, ત્રણ કષાયનો અભાવ એવી શુદ્ધધારા તો વહે છે. એવી **શુદ્ધપરિણતિની સાથે વર્તતો જે (હઠ વગરનો) ઈર્યાસંબંધી...** જોઈને ચાલવાનો વિકલ્પ, હઠ વગરનો સહજ શુભરાગ. (-

**ગમનસંબંધી, ચાલવાસંબંધી) શુભોપયોગ તે વ્યવહાર ઈર્યાસમિતિ છે.** એ શુભોપયોગ રાગ એ તો વ્યવહાર સમિતિ છે. શુદ્ધ પરિણતિની સાથે હોય તો એને વ્યવહાર કહેવામાં આવે છે. શુદ્ધ પરિણતિ જ જ્યાં પ્રગટી નથી સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ-આનંદની, એને તો વ્યવહારસમિતિ પણ કહેવાતી નથી. સમજાણું? એ વ્યવહાર સમિતિ, ઇર્યાસમિતિ.

**શુદ્ધપરિણતિ ન હોય...** અંતર આત્માના આનંદની ધારામાં..., આનંદધારા જેને પ્રગટી ન હોય, **ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે...** ત્યાં ઇર્યાસમિતિ આદિનો ભાવ હઠ સહિત હોય છે. **તે શુભોપયોગ તો વ્યવહાર સમિતિ પણ કહેવાતો નથી.** એને વ્યવહાર (કહેવાય) નહીં. નિશ્ચય વિના વ્યવહાર કેવો? આહાહા! જ્યાં અંદર આત્માની આનંદધારા પરિણતિમાં–પર્યાયમાં, ....માં વહે છે, એની ભૂમિકામાં આવો જે વિકલ્પ હોય શુભોપયોગ એને વ્યવહારસમિતિ કહે છે. પણ આવું જ્યાં અંતરમાં આનંદધારાની પ્રતીત ને જ્ઞાન ને અનુભવની એકતા નથી, એને હઠવાળો શુભોપયોગરૂપ ભાવ એ વ્યવહાર કહેવાતો નથી. કહો, સમજાણું?

**[આ ઈર્યાસમિતિની માફક અન્ય સમિતિઓનું પણ સમજી લેવું.]** ભાષા, એષણા વિગેરે. શુદ્ધ પરિણતિમાં, પૂર્ણ આનંદધામ ભગવાન જેને પ્રચુર સ્વસંવેદન વેદનમાં આવ્યું છે. 'પ્રચુર સ્વસંવેદન' એ પાંચમી ગાથામાં છે. મુનિને છે. ..... નથી, થોડું છે, પ્રચુર નથી.. મુનિને તો પ્રચુર સ્વસંવેદન, પ્રચુર–ઘણો, સ્વ–પોતાનો, સં–પ્રત્યક્ષ, આનંદના વેદન સાથે જ્ઞાનનું વેદન એને અહીંયા... શું કીધું? પરમ સંયમીને શુભ વિકલ્પ ઉઠે એને શુભ વ્યવહારસમિતિ કહેવાય છે. આહાહા!

**પરમ સંયમી ગુરુયાત્રા (ગુરુ પાસે જવું)...** એને પણ એવો વિકલ્પ આવે છે. પૂર્ણ વીતરાગ નથી એથી એને ગુરુ પાસે જવાનો ભાવ આવે. **દેવયાત્રા (દેવ પાસે જવું)...** ભગવાન સમવસરણમાં હોય કે જાત્રા (કરવી) એવો વિકલ્પ હોય છે. અહીં તો દેવયાત્રા એટલે જ્યાં ભગવાન બિરાજે છે એને અહીં મુખ્ય લીધું. પછી બીજું ગૌણ લેવું. મુખ્ય આ. સિદ્ધાંત.... મુખ્યતા આની, આ દેવ. ગુરુ પાસે જવું ને દેવ પાસે જવું, એ વાતની મુખ્યતા લીધી. ..... પછી વગેરે. વગેરેમાં આવી ગયું.... પહેલા બે આ. ગુરુ ને દેવ. ગુરુ ને દેવ પાસે વિનયથી જવું, એમ વિગેરે. ........ આહાહા!

એકેક શબ્દમાં ભાવ કેવા! ગુરુયાત્રા ને દેવયાત્રા **વગેરે પ્રશસ્ત પ્રયોજન...** દેખો! પ્રશસ્ત પ્રયોજન. શુભરાગ (લેવો છે) પ્રશસ્ત પ્રયોજનમાં. માન માટે જાવું કે ફલાણા માટે એ વાત નહીં. તેવો **ઉદ્દેશ રાખીને એક ધોંસરા જેટલો માર્ગ જોતો જોતો સ્થાવર તથા જંગમ પ્રાણીઓની પરિરક્ષા (સમસ્ત પ્રકારે રક્ષા) અર્થે** એટલે એને દુઃખ ન થાય એ માટે. પરિરક્ષા જે વ્યવહારથી સંમત. **દિવસે જ ચાલે છે...** મુનિ તો આત્મધ્યાની, જ્ઞાની, શુદ્ધપરિણતિવાળો આવા શુભવિકલ્પ વખતે દિવસે ચાલે છે. આઘે જાવું હોય તો સવારના વહેલા અંધારે એક કલાક

ચાલો.—એ મુનિની ક્રિયા નહીં. **માર્ગ જોતો જોતો સ્થાવર-જંગમ પ્રાણીઓની પરિરક્ષા અર્થે દિવસે ચાલે છે તે પરમશ્રમણને ઈર્યાસમિતિ** વ્યવહારે **હોય છે. (આ પ્રમાણે) વ્યવહારસમિતિનું સ્વરૂપ કહેવામાં આવ્યું.** પાઠમાં આ છે. એમાંથી નિશ્ચય કાઢ્યું મુનિએ. પાઠ આ છે. નિશ્ચય સમિતિ હોય એને આવી વ્યવહાર હોય.

**હવે નિશ્ચયસમિતિનું સ્વરૂપ કહેવામાં આવે છે : અભેદ-અનુપચાર-રત્નત્રયરૂપી માર્ગે પરમધર્મી...** આહાહા! અભેદ નિશ્ચય અનુપચાર યથાર્થ રત્નત્રય તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્વિકલ્પ. એવા **માર્ગે પરમધર્મી (પોતાના) આત્મા પ્રત્યે સમ્યક્ 'ઈતિ' (-ગતિ) અર્થાત્ પરિણતિ તે સમિતિ છે;** એમાં પરિણમે તેને સમિતિ કહીએ. નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન, નિશ્ચય સમ્યક્ સ્થિરતા—એ અભેદ અનુપચાર રત્નત્રયરૂપી માર્ગે—પરિણતિમાં પરમધર્મી એવો આત્મા પોતાના આત્મા પ્રત્યે સમ્યક્ ઈતિ ગતિ પરિણતિ સમિતિ એમાં પરિણમે છે એને નિશ્ચય સમિતિ કહીએ. એ જોઈને બહાર ચાલે છે અને અહીં જોઈને આમાં ઠરે છે. સ્વરૂપને જોઈ, ચિદાનંદ આખો આવો એમ જોઈને એમાં ઠરે છે. એ નિશ્ચય સમિતિ.

ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એને જોઈ, જાણી, પ્રતીત લઈ એમાં સમિતિ—ગતિ—સમ્યક્ પ્રકારે સ્થિરતા કરે છે, એને નિશ્ચય સમિતિ હોય છે. એ વાસ્તવિક સમિતિ, ધર્મરૂપ સમિતિ છે. એની ભૂમિકામાં ઓલો વિકલ્પ ઉઠે એ વ્યવહાર સમિતિ. પોતાના આત્મા પ્રત્યે સમ્યક્ રૂપી સમ્યક્ પરિણતિ.. યથાર્થ ...નું ધ્યેય કરી શુદ્ધને ધ્યેય બનાવી અને પર્યાયમાં શુદ્ધપરિણતિરૂપે થવું એનું નામ નિરપેક્ષ સમિતિ કહેવામાં આવે છે. એ સંવર ને નિર્જરા સ્વરૂપ છે. શુભરાગ છે એ તો પુણ્ય છે. વ્યવહારસમિતિ તો આસ્રવસ્વરૂપ છે. નિશ્ચય સમિતિ, આ રીતે આત્માના શુદ્ધ આનંદમાં પરિણમન સમ્યક્ ઈતિ પરિણતિ—ગતિ એ એની નિશ્ચય સમિતિ. એ સંવર-નિર્જરારૂપ છે, એ મોક્ષના નિશ્ચય માર્ગરૂપ છે એને અહીંયા નિશ્ચય સમિતિ કહે છે. વ્યવહાર સમિતિની વાત કરી એમાં નિશ્ચય નાખ્યું. તેની સાથે નિશ્ચય હોય તો વ્યવહાર હોય, એમ જણાવવું છેને. આવે, એકલો વ્યવહાર ન હોય, એ પૂર્ણ નથી એટલે નિશ્ચય સાથે આવો વિકલ્પ આવે છે એમ જણાવવું છે. આહાહા!

**અથવા, નિજ પરમતત્ત્વમાં લીન સહજ પરમજ્ઞાનાદિક** અનંત ગુણો... આહાહા! **પરમધર્મોની સંહતિ (-મિલન, સંગઠન)...** એ પર્યાયનું ગુણની સાથે મિલન થઈ ગયું. એ રાગ સાથે પર્યાયને ખંડ થાય છે એને સહજ પરમજ્ઞાનાદિ અનંતગુણો એની સાથે પરમધર્મોની સંહતિ—મિલન (એટલે) અનંતગુણોમાં અંતરમાં એકાગ્ર થવું એનું નામ સમિતિ કહેવામાં આવે છે. 'સમ ઈતિ' અનંત જે જ્ઞાનાદિક ગુણો—વસ્તુ એમાં એકાકાર થઈને મિલન થવું એનું નામ સમિતિ કહેવામાં આવે છે. મૂળ ઓલું નિશ્ચય પડ્યું રહ્યું, વર પડ્યો રહ્યો ને જાન જોડી દીધી. વર વિના અણવર કહેવાય કોને? અણવર નહીં, તમારે શું કહે છે? વિનાયક? વરની સાથે

હોયને બીજો? વિનાયક. ઓલો નાયક, આ વિનાયક, એમ. અમારે વર ને અણવર કહે છે. વર સાથે અણવર. પણ વર ન હોય અણવર કેવો? એમ નિશ્ચય ન હોય એને વ્યવહાર કેવો? એમ કહે છે.

એના બે દાખલા આપ્યા છે બે ભાઈએ. ..... જૈનસંદેશ. ...... એના દાખલા આપ્યા છે. વર વિના........ આમ આપ્યું. એમ કે ઓલો વર ઘોડે બેસે છેને. પાસે છોકરાને બેસાડે. પણ ઘોડે બેઠો હોય એને કન્યા પરણાવે. ઓલો છોકરો બેઠો હોય એને પરણે? દાખલો આપ્યો છે એણે... આ ... દાખલો છે નિશ્ચય-વ્યવહારનો. એમ આત્માના અંતર આનંદનું ભાનનું પરિણમન છે, એને ઓલો વિકલ્પ આદિ હોય એને વ્યવહાર કહેવામાં આવે છે. પણ એ વ્યવહાર(વાળાને) નિશ્ચય મોક્ષ થાય નહીં. છોકરાને બેસાડ્યો એને કન્યા ફેરા ન ફરે. દાખલા આપ્યા બે. વરરાજાનો દાખલો ભાઈએ આપ્યો છે બાબુભાઈએ. આણે છોકરાનો આપ્યો છે. વરઘોડો ફરેને. છોકરો બેસાડે. વ્યવહાર એ છોકરું છે. એને કાંઈ કન્યા વરે નહીં. એમ વ્યવહાર તો બંધનું કારણ છે. આહાહા! વ્યવહારસમિતિ પુણ્ય વિકલ્પ–રાગ બંધનું કારણ છે અને અબંધ પરિણામ તો આ નિશ્ચય સ્વભાવને આશ્રયે વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી જ્ઞાન ને વીતરાગી સ્થિરતા એ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ?

**નિજ પરમતત્ત્વમાં લીન**... નિજ પરમતત્ત્વ કોને કહેવું? પરમતત્ત્વ ત્રિકાળી. સાત પર્યાય જે છે એ નાશવાન છે. સંવર, નિર્જરા, મોક્ષ આદિ પર્યાય નાશવાન છે. ત્રિકાળી જે પરમતત્ત્વ અવિનાશી ધ્રુવ... શુદ્ધ અધિકારમાં એ આવે છે. સંવર, નિર્જરા ને મોક્ષ, પુણ્ય-પાપ, આસ્રવ, બંધ એ તો નાશવાન છે. કેવળજ્ઞાનની પર્યાય નાશવાન છે. એક સમયની છે, એ કાંઈ ધ્રુવ નથી. કેવળજ્ઞાન એક સમય રહે છે, બીજે સમયે બીજું થાય છે. એનો વ્યય થઈ જાય છે. (સાતે) પર્યાય..... શુદ્ધભાવ છેને. ત્યાં જયપુરમાં દસ હજાર માણસમાં કહ્યું હતું, મંગલાચરણમાં કહ્યું હતું ત્યાં. શુદ્ધભાવ અધિકાર છેને. ત્યાં મંગલાચરણમાં કહ્યું હતું હોં. ૫૪મો કળશ છે. પાનું ૭૮ છે.

**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે, જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે...** ૩૮મી ગાથાનો ૫૪મો કળશ છે. નીચે અર્થ છે. સર્વ તત્ત્વમાં જે સાર આ પરમ તત્ત્વ કહ્યું એ. **જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે**... આહાહા! બધી પર્યાયો નાશવાન છે એનાથી દૂર ધ્રુવ છે. કેવળજ્ઞાનની એક સમયની પર્યાયથી પણ ધ્રુવ દૂર છે. ..... **જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ઉપાદેય નથી**. એ બધું પરદ્રવ્ય છે. સંવર, નિર્જરા, મોક્ષ પર્યાય પરદ્રવ્ય છે. પરદ્રવ્ય. વાત એવી કરી. સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય. પરની અપેક્ષાએ પોતાની. ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ એક સમયની પર્યાય પરદ્રવ્ય. એ તો ૫૦માં ખુલાસો આવી ગયો.

એ પરભાવ પરદ્રવ્ય હોવાથી હેય છે. એ તો ૫૦મી ગાથામાં કહ્યું. મોક્ષ હેય છે. ઉપાદેય નિજ તત્ત્વ ત્રિકાળી છે. મોક્ષ છે નહીં, પણ સંવર-નિર્જરા છે એ હેય છે. કેમ કે એનો આશ્રય કરવાલાયક નથી. એનો આશ્રય કરવા જાય તો વિકલ્પ ઉઠે છે. પર્યાયમાંથી પર્યાય આવતી નથી, માટે પર્યાયને પરદ્રવ્ય કહી, સ્વદ્રવ્યનો આશ્રય લેવામાં આવે છે. સ્વદ્રવ્યના આશ્રયથી પર્યાયને પરદ્રવ્ય કહે છે. ઝીણી વાતું છે. મુદ્દાની રકમની વાત છે. મુદ્દાની રકમ પડી રહી ને ઉપરની વ્યાજની વાતું. મૂડી ગઈ. એ પાંચ લાખ્યા આપ્યા, મૂડી લાવ. મૂડી નથી હવે. ....... વ્યાજ લો. મૂડી તો લાવ હવે પણ. મૂડી નથી.

એમ મૂડી–પુંજી અખંડ આત્મા પૂર્ણાનંદ દ્રવ્ય ધ્રુવ એ તો દૃષ્ટિમાં છે નહીં અને વ્યાજથી કામ ચલાવ્યું. ઓલો કહે, વ્યાજેય ચડી ગયું છે, લાવ પહેલા. એ કહે, નથી. દસ વર્ષનું વ્યાજ..... ........ આટલી વર્ષથી જેની જમીન.... જમીન.... દામોદર શેઠ..... એને પોતાને ઘરે જમીન છેને દસ લાખની. ...... અમુક વર્ષથી જે જમીન ખેડતા હોય. ..... અમારા દામોદર શેઠ કહેતા હતા. ......બધે એવું છે. આપણને તો અહીં દામનગરની ખબર હતી. રહેતા ખરાને. શેઠ ગયા હતા ......... જેણે જમીનને વીસ વર્ષ સુધી ખાધું હોય એને આપી દો જમીન. તમારો હક નહીં હવે. આ મુદ્દાની રકમની વાત છે. અહીં મુદ્દાની રકમ છે ધ્રુવ. એ ધ્રુવને જે ધ્યેય બનાવે છે એને ઉપાદેય ધ્રુવ છે, એને પર્યાય ઉપાદેય છે નહીં. કારણ કે સંવર-નિર્જરાની પર્યાય એ ઉપાદેય નથી. મોક્ષ તો અહીં છે નહીં કરવા માટે. કહો, સમજાણું કાંઈ?

કહે છે કે **નિજ પરમતત્ત્વમાં લીન સહજ પરમ જ્ઞાનાદિ પરમધર્મો**... ધર્મ (કહ્યા કેમકે) એને ધારી રાખ્યા છેને. વસ્તુમાં અનંત-અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર અનંતા ધર્મો છે. એમાં સંહતિ–, મિલન, ... થવું. એ ગુણની પર્યાય ખંડ થાય ત્યાં રાગ સાથે અને એકત્વ થવું. સમ ઇતિ સમિતિ છે. આહાહા! **તે સમિતિ છે.** .... ગુણકી પર્યાય રાગસે ખંડ હોતી હૈ ન, વહ પર્યાયકા ગુણમેં એકત્વ કરના. સન્મુખ હોકર એકત્વ હો. .... ભિન્ન પડતી હતી. ગુણની પર્યાય રાગમાં, પુણ્યમાં, રાગમાં એકત્વ થઈને ભિન્ન પડતી હતી. આહાહા! **આ પ્રમાણે નિશ્ચય અને વ્યવહારરૂપ સમિતિભેદો જાણીને...** જોયું! ભેદો જાણીને. એને બરાબર જાણવા-દેખવા એનું નામ સમિતિ. **તેમાં (-તે બેમાંથી) પરમનિશ્ચયસમિતિને ભવ્ય જીવ પ્રાપ્ત કરો.** પરમ નિશ્ચયસમિતિને પ્રાપ્ત કરો. વ્યવહાર તો ભલે વચ્ચે આવે. પ્રાપ્ત આને કરો. આ ઉપદેશ છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**જ્યેષ્ઠ સુદ ૧૪, રવિવાર, તા. ૨૫-૬-૧૯૭૨**
**ગાથા-૬૧, શ્લોક-૮૧-૮૨, પ્રવચન નં. ૫૫**

નિયમસાર, વ્યવહારચારિત્ર અધિકાર. ૬૧ (ગાથા) છે. આવી ગયું છે, ફરીને લ્યો.

**હવે નિશ્ચયસમિતિનું સ્વરૂપ કહેવામાં આવે છે...** ટીકાનો છેલ્લો ભાગ છે. નિશ્ચય-સમિતિ એટલે **અભેદ-અનુપચાર-રત્નત્રયરૂપી માર્ગે પરમધર્મી એવા (પોતાના) આત્મા પ્રત્યે સમ્યક્ 'ઈતિ' (-ગતિ) અર્થાત્ પરિણતિ તે સમિતિ છે...** લ્યો. અભેદ-ભેદ નહીં, એકરૂપ અનુપચાર રત્નત્રય, સમ્યગ્દર્શન-પૂર્ણ સ્વભાવ સન્મુખની પ્રતીતિ, એનું જ્ઞાન ને એમાં રમણતા—એવા જે રત્નત્રયરૂપી માર્ગે, એવા રત્નત્રયરૂપી પર્યાયના માર્ગે, જૈનધર્મી એવા આત્મા પ્રત્યે, પરમધર્મી એવો પોતાનો આત્મા એના પ્રત્યે સમ્યક્ ગતિ-પરિણતિ-શુદ્ધ પરિણતિ... શુદ્ધ પૂર્ણ આનંદ એવો જે અભેદ અનુપચારથી... એની પરિણતિની અહીં વાત છે પહેલી. વસ્તુ જે ત્રિકાળ જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, આનંદભાવ એ અભેદ અનુપચાર વસ્તુ છે ત્રિકાળી. એને અવલંબે અભેદ, અનુપચાર માર્ગમાં-અંદર નિર્મળ નિર્વિકલ્પ માર્ગમાં પોતાના આત્માની પરિણતિ-ગતિ... સમિતિ છેને કેવળજ્ઞાન... અંદર ગતિ કરવી-પરિણતિ કરવી. શુદ્ધ વીતરાગી પરિણતિ એનું નામ નિશ્ચય સમિતિ છે.

**અથવા, નિજ પરમતત્ત્વમાં લીન સહજ પરમજ્ઞાનાદિક પરમધર્મોની સંહતિ (-મિલન, સંગઠન) તે સમિતિ છે.** નિજ પરમતત્ત્વ એવું ધ્રુવ સામાન્ય, એકરૂપ, અભેદ. એ પરમતત્ત્વમાં લીન એ પર્યાય. **સહજ પરમજ્ઞાનાદિ પરમધર્મોની સંહતિ** (એટલે) અનંત ગુણોનું મિલન, સંગઠન, અનંત ધર્મોની અંતર એકતા. વસ્તુ તરીકે તો અનંત ગુણોની એકતા છે, પણ પર્યાયમાં એના અનંત ગુણોની સમિતિ-સંગઠન-મિલન, અનંત ગુણની નિર્મળ પર્યાયનું એકત્વપણું એનું નામ સમિતિ કહેવામાં આવે છે. લ્યો, આ સમિતિ. એક જ છે આ સમિતિ. પાંચેય સમિતિનું સ્વરૂપ આવું છે નિશ્ચયથી તો.

**[હવે ૬૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ચાર શ્લોક કહે છે:]** ચાર શ્લોક લ્યો.

**इत्थं बुद्ध्वा परमसमितिं मुक्तिकान्तासखीं यो**
**मुक्त्वा संगं भवभयकरं हेमरामात्मकं च ।**
**स्थित्वाऽपूर्वे सहजविलसच्चिच्चमत्कारमात्रे**
**भेदाभावे समयति च यः सर्वदा मुक्त एव ॥८१॥**

**શ્લોકાર્થ : આ રીતે મુક્તિકાન્તાની (મુક્તિસુંદરીની) સખી પરમસમિતિ...** મુક્તિરૂપી પરમ આનંદદશા એવી જે મુક્તિરૂપી કાંતા. પૂર્ણ શિવપદ જે નિરુપદ્રવ, કલ્યાણરૂપી પૂર્ણ પરિણતી એની સખી–એની બેનપણી પરમસમિતિ. પૂર્ણ મુક્તદશા પરમ આનંદ–અતીન્દ્રિય પૂર્ણ પરમ આનંદ એવી જે મુક્તિ એની સખી **પરમસમિતિને જાણીને...** અંતર સ્વરૂપમાં ગતિ, સ્વભાવનું પરિણમન–ગતિ થવી, સ્વભાવ શુદ્ધ ત્રિકાળ એનું પરિણમન–ગતિ થવી એ સમિતિ. એવી સમિતિને પહેલું **જાણીને જે જીવ ભવભયના કરનારા...** ભવના ભયને કરનારા **કંચનકામિનીના સંગને છોડીને...** કંચન નામ સોનું, કામિની નામ સ્ત્રી. **हेमरामात्मकं** છેને. હેમ એટલે સોનું, રામા એટલે સ્ત્રી. પાઠમાં છેને. **हेमरामात्मकं...** સોનું અને સ્ત્રી સ્વરૂપ એના સંગને છોડીને, ભગવાન અસંગતત્ત્વના સંગને પામીને...

આ સંગને છોડીને **અપૂર્વ, સહજ-વિલસતા (સ્વભાવથી પ્રકાશતા)...** સ્વભાવિક વિલસતા **અભેદ ચૈતન્યચમત્કારમાત્રમાં...** લ્યો, ચૈતન્યચમત્કાર જેનો સ્વભાવ છે, ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવો જે ચૈતન્યચમત્કાર ગુણરૂપ સ્વભાવ એમાં **સ્થિત રહી...** શુદ્ધ ચૈતન્ય-ચમત્કાર સ્વભાવ ત્રિકાળ એમાં **સ્થિત રહી (તેમાં) સમ્યક્ 'ઇતિ' (-ગતિ) કરે છે...** શુદ્ધ પરિણતિ–વીતરાગ પરિણતિ અતીન્દ્રિય આનંદની ધારા પરિણમે છે એને સમિતિ કહેવામાં આવે છે. મુક્તિરૂપી સ્ત્રીની એ સખી–બેનપણી છે.

**અર્થાત્ સમ્યક્-પણે પરિણમે છે,** એમ. સમ્યક્ ઇતિ એટલે ગતિ કરે છે. ઇતિ, સમ્યક્ ઇતિ છેને. સમ-ઇતિ. સમિતિ–સમ ઇતિ. સમ્યક્ પ્રકારે ગતિ કરે છે. સમ્યક્-પણે અંદર આનંદ સ્વરૂપ ભગવાન આત્મા પોતાની દશામાં આનંદ ને શાંતિરૂપે સમ્યક્-પણે પરિણમે–ગતિ કરે **તે સર્વદા મુક્ત જ છે.** એ આત્મા મુક્ત જ છે. લ્યો, એ શૈલી આવે છે અમૃતચંદ્રાચાર્યમાં (સમયસાર, કળશ ૧૯૮). '**स हि मुक्त एव**.' આ એ જ આવ્યું. સર્વદા મુક્ત એવ. પૂર્ણ શુદ્ધ ધ્રુવસ્વરૂપ એને અંદર પરિણતિમાં નિર્મળ ગતિરૂપે પરિણમે, એ મુક્તિ સ્ત્રીની સખી એવું જે પરિણમન એ મુક્ત જ છે. એ જીવ મુક્ત જ છે. વ્યવહાર વિકલ્પની સમિતિથી પણ એ મુક્ત છે. આહાહા! વ્યવહાર સમિતિની વાત ચાલે છે. ..... આહાહા!

**તે સર્વદા મુક્ત જ છે**. એટલે? મુક્તસ્વરૂપ ત્રિકાળી ચૈતન્ય એ મુક્તસ્વરૂપ છે, એની પરિણતિ પૂર્ણ મુક્તદશા એની સખી (સમિતિ અર્થાત્) શુદ્ધ-ધ્રુવનું શુદ્ધપણે પરિણમન થવું. એ મુક્તસ્વરૂપ મુક્તિપર્યાય એની આ સખી છે. એ મુક્ત જીવ છે. એ પંડિતજી! મુક્તસ્વરૂપ ભગવાન આત્મા મુક્તસ્વરૂપ જ છે, અબંધસ્વરૂપ છે. વસ્તુ છે ધ્રુવ ચૈતન્ય જ્ઞાયકભાવ, આનંદભાવ, અનંત ગુણનું એકરૂપ એ તો મુક્ત જ છે. એ મુક્તની પૂર્ણ મુક્તપર્યાય પૂર્ણ આનંદ ને પૂર્ણ ...ની પરિણતિરૂપી પૂર્ણ મુક્તિ, એની સખી એ મુક્ત આત્માનું શુદ્ધ પરિણમન–

ગતિ એ મુક્તિની સખી છે. આવી વાત છે. વસ્તુ અંદરમાં છે, બહારમાં કાંઈ વસ્તુ છે નહીં. વિકલ્પમાં નથી તો શરીરાદિમાં તો (ક્યાંથી હોય)? એવી ચીજ છે. આહાહા!

અભેદ ચૈતન્યચમત્કારમાં સ્થિત રહી તેમાં પરિણમે તે સર્વદા મુક્ત જ છે. આહાહા! કહ્યું છેને. પ્રવચનસારમાં નથી કહ્યું? સિદ્ધ, મુક્ત જ છે. પાછળ પાંચ ગાથામાં. સંસારતત્ત્વ, મોક્ષતત્ત્વ. પૂર્ણ મુક્તસ્વરૂપ ભગવાન એને જેણે દૃષ્ટિમાં લાવી અને તેનું પરિણમન શુદ્ધ... ગતિ–ગમન–પરિણમવું. સમિતિ છેને. જોઈને ચાલવું. જોઈને, અંદર આત્મા ત્રિકાળીને જોઈને પરિણમવું. ભગવાન પૂર્ણાનંદ મુક્તસ્વરૂપ, અરે! મહાસ્વભાવ પરમાત્મા એને જોઈને, એને જાણીને, એની ગતિમાં ધ્રુવનું પરિણમન કરવું, શુદ્ધ વીતરાગી પરિણતિપણે પરિણમવું એ મુક્ત અવસ્થા એટલે મુક્તદશાની સખી છે (અને) એ જીવ પોતે મુક્ત છે સર્વદા. કહો, સમજાણું કાંઈ? ભારે આકરી વાતું આ બધી. અહીં વાત ચાલે છે વ્યવહાર ચારિત્ર અધિકાર. .... પણ વ્યવહાર કોને હોય? આવા જીવને વિકલ્પ હોય એને વ્યવહાર કહેવામાં આવે, એમ કહે છે.

ચૈતન્ય મહાપ્રભુ પૂર્ણાનંદ.... અરે! ...... એની વિમુખતામાં એક સમયની પર્યાય, રાગ ને નિમિત્ત..... ત્રિકાળી ભગવાન ત્રિકાળી પૂર્ણાનંદ પ્રભુ, એકેક શક્તિમાં અનંત જેનું સામર્થ્ય છે. એવી અનંતી શક્તિનું એકરૂપ પ્રભુ એવો જે નિત્ય સ્વભાવ ત્રિકાળી, એની જે મુક્ત પૂર્ણદશા એને પ્રાપ્ત કરવામાં એની સખી–બેનપણી એ પૂર્ણાનંદની પરિણતિ–ગતિ નિર્મળ વીતરાગપણે થવી, નિર્વિકલ્પ સમાધિ, નિર્વિકલ્પ શાંતિ, નિર્વિકલ્પ આનંદ એવી જે શુદ્ધ પરિણતિ–ગતિ–સમ ઇતિ સમ્યક્ પ્રકારે શુદ્ધનું પરિણમન એવી સમિતિ તે સર્વદા મુક્ત છે. કહો, ભગવાનભાઈ! લ્યો, આ સમિતિ (એટલે) જોઈને ચાલવું. આ જોઈને, આવો આત્મા અખંડાનંદ પ્રભુ એને જોઈને પરિણમન કરવું, આ ચાલવું આહાહા! ભગવાનભાઈ! એવું સાંભળ્યુંય ન હોય. પોષા ને પડિકમણા... આહાહા! ભગવાને ભગવાનને સાંભળ્યો નહીં.

'ચૈતન્યચમત્કાર' ભાષા વાપરી છેને જુઓને! જેની શક્તિમાં અનંતા.. અનંતા કેવળજ્ઞાનની પર્યાયના પૂર પડ્યા છે. સ્વભાવને ક્ષેત્રની મોટપની જરૂર નથી. નિશ્ચયસમિતિનું પરિણમન તો, કહે છે કે ધ્રુવ ચૈતન્યચમત્કારનું અવલંબન લઈને શુદ્ધપણે સમ્યક્-પણે પરિણમવું એ સમિતિ છે. લ્યો, આ (સમિતિ). બહારને જોઈને ચાલવું એ તો બધો વિકલ્પ, વ્યવહાર છે, પણ એ વસ્તુમાં, પર્યાયમાં ધર્મીને વ્યવહારેય નથી. એ પરમાં જાય. એનું જ્ઞાન છે. આહાહા! જાદવજીભાઈ! જુઓ! આ સંતોની સમિતિ. આ તો જોઈને ચાલવું, એકલું જોઈને ચાલવું, જોઈને ચાલવું. શું જોઈને ચાલવું? ઈર્યાસમિતિ. જોઈને ચાલવું એટલે ભગવાન આખો ચૈતન્ય ચમત્કાર એને જોઈને ચાલવું એટલે એનું પરિણમન કરવું. આહાહા!

પણ એ પૂર્ણસ્વરૂપ છે એવો દૃષ્ટિમાં સ્વીકાર થવો એ અપૂર્વ ચીજ છે. એ ચીજ છે. કારણ કે અનાદિનો એક સમયની પર્યાયનો અભ્યાસ છે. પ્રગટ છે તેની રમતું છે. આખો

ભગવાન પૂર્ણ સ્વરૂપ મહાપ્રભુ ચૈતન્યચમત્કારમાત્ર વસ્તુ એના સ્વભાવ સન્મુખની દૃષ્ટિ અનાદિની નથી, એથી એ ચીજનું માહાત્મ્ય કેમ આવે? જેને અંદર મહાપ્રભુ, પર્યાયમાં આવો ભગવાન જે પૂર્ણ સ્વરૂપ ચૈતન્યચમત્કાર એને અવલંબે તો એનું પરિણમન શુદ્ધ—જેવો પોતે છે તેવું—પરિણમન થાય. એ એની ગતિ, એ એની મતિ, એ એનું ફળ, એ એની મુક્તદશા. આહાહા! એનું ભલે ગમે તે હો.... ભગવાન આત્મામાં તો પૂર્ણ ચૈતન્યચમત્કાર... ચૈતન્ય-ચમત્કારની સાથે આનંદચમત્કાર, શ્રદ્ધાચમત્કાર, વીર્યચમત્કાર—એવા અનંત-અનંત ગુણનો ચમત્કારસ્વરૂપી ભગવાન છે.

એને જોઈને.. એને જોઈને, એને માનીને એમાં પરિણમન–સમ-ઇતિ (એટલે) જેવું છે સ્વરૂપ તે રીતે તેનું પરિણમન થવું, આહાહા! એનું નામ મુક્તિની સખી સમિતિ આને કહેવાય છે. જુઓ! વ્યવહાર વિકલ્પની આમાં વાતેય લીધી નથી. જાદવજીભાઈ! આહાહા! આવી જેને ખબરેય નથી કે શું સમિતિ કહેવાય, સમિતિ કેમ પરિણમે, ક્યાંથી પરિણમે, કેમ પરિણમે અને પરિણમે તો શું સ્થિતિ હોય. આહા! એ મુક્તિનું કારણ સખી એમ કીધુંને. મુક્તિનું કારણ સખી એની છે. એનો હાથ ઝાલ્યો મુક્તિએ તો મુક્તિ જ થવાની એની. આહાહા! વાતું ભારે પણ. **તે સર્વદા મુક્ત જ છે**. એ બધી અમૃતચંદ્રાચાર્યની શૈલી પદ્મપ્રભમલધારિદેવે વાપરી છે. '**स हि मुक्त एव**' આવે છેને. એમાં આવે છે. ૮૨ કળશ. ૮૧ કળશ થયો. આ અમૃતના કળશ છે મોટા. આહાહા!

**जयति समितिरेषा शीलमूलं मुनीनां**
**त्रसहतिपरिदूरा स्थावरणां हतेर्वा।**
**भवदवपरितापक्लेशजीमूतमाला**
**सकलसुकृतसीत्यानीकसन्तोषदायी ॥८२॥**

આહાહા! ૮૨મો કળશ. **શ્લોકાર્થ : જે (સમિતિ)...** સમિતિ આ સંયમ આપે તે. શુદ્ધ ધ્રુવ ચૈતન્ય ભગવાન પૂર્ણસ્વરૂપનું પરિણમન–એની ગતિ... સમ-ઇતિ કીધુંને. ઈર્યા એટલે જોઈને ચાલવું એ તો બહારની વાત થઈ. એ સમિતિ નહીં, એ તો વિકલ્પને સમિતિનો આરોપ છે. યથાર્થ ઇર્યાસમિતિ તો એને કહીએ, જોઈને ચાલવું એટલે ત્રિકાળી ધ્રુવ ચૈતન્યચમત્કાર સામાન્ય અખંડ અભેદ ચીજ એને સ્વીકારીને, જોઈને, શ્રદ્ધીને એમાં પરિણમન કરવું એનું નામ ભગવાન ઇર્યાસમિતિ કહે છે. સમજાય છે કાંઈ? 'સમ ઇતિ' છેને. સમિતિ–સમ ઇતિ. જેવો એનો ચૈતન્યચમત્કાર એક સમયમાં ધ્રુવ અનંત-અનંત કેવળજ્ઞાન ને અનંત-અનંત આનંદ જે ભગવાનને પ્રગટ્યો છે, એ અનંત આનંદ એ તો પર્યાય પ્રગટી છે. એવી અનંતી આનંદની પર્યાય ને અનંતી કેવળજ્ઞાનની પર્યાય એનો જે ધ્રુવસમુદાય છે અંદર, જ્ઞાન ને આનંદનો સમુદાયનો પિંડ ચૈતન્યચમત્કાર એનો જે સ્વીકાર, એનો સત્કાર, પર્યાય એના તરફ વળે ત્યારે

સ્વીકાર ને સત્કાર કર્યો કહેવામાં આવે. રતિભાઈ! આ તો નિજલક્ષ્મીની વાત ચાલે છે. આહાહા! ધૂળમાંય નથી. આ તો કીધુંને, કંચન ને કામિનીનો સંગ છોડ. ભવભયના કરનાર છે. કંચન ને કામિની ભવભયને કરનારી છે.

શ્રોતા : સુખની કરનારી ક્યારે થાય?

પૂજ્ય ગુરુદેવશ્રી : સુખની કરનારી... ચાર ગતિના રખડવામાં સુખની કરનારી માનવામાં થાય. આહાહા! ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ ધ્રુવ અનંત-અનંત પર્યાયનો એક-એક પિંડ એવો ગુણ, એવા અનંત ગુણનું એકરૂપ એવો જે ભગવાન ચૈતન્યચમત્કાર એને જોવું, જાણવું, સ્વીકારવું, ઠરવું એનું નામ યથાર્થ ઇર્યાસમિતિ કહેવામાં આવે છે. આ ગજબ વાત છે. લોકોને પરમ સત્ય શું છે એ વાત બેસવી કઠણ પડે. ઓલી એકલી વ્યવહારની વાતું. એ માટે તો આ વાત લીધી છે. એ તારા વ્યવહાર-ફ્યવહાર ઇર્યાસમિતિનો રાગ–વિકલ્પ ઉઠે એ તો બંધનું કારણ છે. વસ્તુ એ નથી. વસ્તુ અબંધસ્વરૂપ ભગવાન છે. જુઓને! કેવી શૈલી કરી છે!

શ્રોતા : ચારિત્રની ગાથા શા માટે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ તો વિકલ્પ છે એને જણાવવા માટે છે. જાણીને આદરવું નહીં. આહાહા! એવી વાત છે. આહાહા! કારણ કે ગતિ આમ શરીરનું થવું ને આ થવું એ ગતિ તો આત્માની નથી, એ તો જડની છે. આમ જોવું એ તો પરને જોવું છે. પરને જોવાનો ભાવ એ તો પરાવલંબી જ્ઞાન છે. આહાહા!

શ્રોતા : દસલક્ષણમેં નવવે અધ્યાયકા સંવરતત્ત્વ ઇર્યાસમિતિ કહા હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, એ આવે છે. વસ્તુસ્થિતિ આવી છે.

સત્યનું સ્વરૂપ સમજી સમ-ઇતિ—સમ્યક્ પ્રકારે ઇતિ–ગતિ.. ગતિ.. એટલે આત્મા જેવો ત્રિકાળી ભગવાન પૂર્ણ આનંદ, પૂર્ણ ચૈતન્ય સ્વભાવના સામર્થ્યનું તત્વ સત્વ, સત્ એનું સત્ત્વ, સત્ જે વસ્તુ એનું આખું સત્ત્વ–સ્વભાવ પૂર્ણ... પૂર્ણમાં અપૂર્ણતા નહીં ને વિપરીતતા નહીં. એવો જે એનો ત્રિકાળી અબદ્ધસ્વભાવ–મુક્તસ્વભાવ એને ચૈતન્ય કહીએ. એ ચૈતન્યને અંદર જોવો, જાણી અને એનો સ્વીકાર કરીને એમાં ઠરવું, એનું ધ્રુવનું પરિણમન શુદ્ધ છે ત્રિકાળી એવું શુદ્ધરૂપે સમ્યક્ પરિણમન થવું, વીતરાગીદશા થવી, આનંદની દશારૂપે પરિણમન થવું એને સમ-ઇતિ સમિતિ કહેવામાં આવે છે. આ વિના એના વ્યવહાર-ફ્યવહાર બધા થોથા છે. એ માટે આ વર્ણવે છે. નહીંતર અધિકાર તો વ્યવહાર સમિતિનો છે. અધિકાર વ્યવહારચારિત્રનો છે. હવે .... નથી. એ વાત ખોટી છે.

એની જીવની દયા તો એને કારણે પળે છે. એના આયુષ્યની સ્થિતિ હોય તેથી તે રહે છે. આનો ભાવ થયો કે ન મારું માટે રહે છે, એમ છે જ નહીં. એવી વાત છે ભગવાન!

આહાહા! પ્રમાદપૂર્વક ચાલે જ નહીં. એ ચાલતો જ નથીને. અહીં કીધુંને. એને પ્રમાદ હોય નહીંને. અપ્રમત્તદશા જ્યાં પરિણમી છે ત્યાં પ્રમાદ કેવો? આહાહા! આકરું કામ છે. અપ્રમત્ત પરિણતિ જ્યાં પ્રગટ થઈ છે.... ઓલો વિકલ્પ છે એ તો પ્રમાદ છે, ઇર્યા–જોઈને ચાલવું એવો રાગ પોતે પ્રમાદ છે. ચાલે છે કે નથી ચાલતું? એ પ્રમાદદશા છે. આહાહા! જોઈને ચાલવું, વિચારીને બોલવું એ બધો વિકલ્પ પોતે પ્રમાદ છે, પણ એ પ્રમાદને વ્યવહાર ક્યારે કહેવાય એમ અહીં સિદ્ધ કરવું છે. હજી વ્યવહાર એને કહેવો હોં.

જેને અંતરસ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ અપ્રમત્તપણે, પોતાનું સ્વરૂપ જ અપ્રમત્ત એટલે મુક્ત છે, એ મુક્તસ્વરૂપપણે અંદરમાં અબદ્ધનો આશ્રય લઈને અબદ્ધપરિણામે પરિણમે એને અહીંયા નિશ્ચયસમિતિ હોય. એને ઓલો વિકલ્પને વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા! આવું હોય એને. ભારે વાત છે. આ શરીરનો એક રજકણ છે એ આમ ચાલે કે આમ થાય, એ તો એને પોતાને કારણે છે, આત્માને કારણે બિલકુલ નહીં. આ (શરીર) તો પરમાણુ છે, અનંત પરમાણુનો પિંડ–દળ છે. એ અનંત પરમાણુમાં પ્રત્યેક પરમાણુ પોતાના સ્વકાળે જે પર્યાય પરિણમે છે એ પોતાની છે, આત્માને લઈને નહીં. આત્માને વિકલ્પ આવ્યો કે જોઈને ચાલવું, એથી ગતિ–શરીરની ગતિ જોઈને થાય એમ નથી. આહાહા! એવી વાતું છે બાપુ!

તત્ત્વ છેને. જડ અને ચૈતન્ય એવા તત્ત્વો છેને અનંત. તો અનંત અનંતપણે રહીને અનંત પોતાપણે પરિણમે છે. અનંત અનંતપણે રહીને અનંત પોતાની વર્તમાન પર્યાય 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તં સત્...' '**उत्पादव्ययध्रौव्ययुक्तंसत्**'નો અર્થ શું થયો? પ્રત્યેક પરમાણુ ને પ્રત્યેક આત્મા પોતાની વર્તમાન અવસ્થાપણે ઉત્પાદ, પૂર્વની અવસ્થાએ વ્યય ને ધ્રુવ—આ પણે નિરંતર સમય-સમયમાં જડ ને ચૈતન્યમાં નિરંતર થાય છે. એમાં ક્યાંય વિશ્રામ એને નથી. હવે એ શરીરની પર્યાયપણે થાય એ એને કારણે થાય છે. આહાહા! આ તો ઇચ્છા એમ થઈ કે જોઈને ચાલવું, એમ. એ શરીરનો પગનો ભાગ, એવો વિકલ્પ છે માટે પગનો ભાગ એમ ગતિ કરે છે એમ નથી. કેમકે પગના અનંતા પરમાણુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિત એની ગતિ થયા કરે છે. એમાં જીવના વિકલ્પનો અધિકાર બિલકુલ નથી. આહાહા! આવું છે ભાઈ!

નવ તત્ત્વને સિદ્ધ કરવા પડશે કે નહીં? અજીવતત્ત્વનું અજીવપણું છે એમ સિદ્ધ ક્યારે થાય? એ અજીવ પોતાના પર્યાયપણે પોતે સમયે-સમયે નિરંતર વહે, પૂર્વની વ્યય થાય, ધ્રુવ રહે, એવું જે અજીવતત્ત્વ એના (પોતાને) કારણે પર્યાયને પામે છે, આત્માના વિકલ્પને કારણે નહીં, અને એ પર્યાય આમ જે શરીરની થાય, માટે અહીં વિકલ્પ આવે છે એમેય નહીં, અને વિકલ્પ આવે છે માટે અહીં નિશ્ચય સમિતિ છે એમેય નહીં, અને નિશ્ચય સમિતિ છે માટે વિકલ્પ આવે છે એમેય નહીં, અને વિકલ્પ આવે છે માટે શરીરની ગતિ આમ થાય છે એમેય નહીં.

આહાહા! અસ્તિ-નાસ્તિ અનેકાંત છેને. સ્વભાવની અસ્તિમાં વિભાવની નાસ્તિ, વિભાવની અસ્તિમાં શરીરની પર્યાયની નાસ્તિ, શરીરની પર્યાયમાં વિભાવપર્યાયની નાસ્તિ.

આવું વસ્તુનું સ્વરૂપ જ અનેકાંત છે. એ વસ્તુ પોતે જ પોકારે છે આ રીતે. ભગવાનજીભાઈ! એ પોતે ચીજ જ એવી છે. અનંત પદાર્થ કહો, તો અનંતનો સ્વીકાર ક્યારે કર્યો કહેવાય? કે અનંત અનંતપણે ભિન્ન રહીને અનંતપણે રહેને કે એકપણે થાય? તો અનંત અનંતપણે રહીને એની પર્યાયનો ઉત્પાદ-વ્યય ને ધ્રુવપણું એના સમયે-સમયે નિરંતર પ્રવાહ એમાં થયા કરે. ત્યારે તો તે અનંતને અનંત તરીકેના ભિન્ન અનંતપણાનો સ્વીકાર કર્યો કહેવાય. પણ એ અનંતમાંથી એક પણ પરમાણુની પર્યાય મારાથી થઈ એમ કહે તો એણે અનંતનો ભૂકો વાળ્યો, અનંત ન માન્યું એણે. બરાબર છેને પંડિતજી! વસ્તુ તો ઐસી હૈ. આહાહા! શું થાય?

અનંત આત્માઓ, અનંત રજકણો, એક જ સમયમાં 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્' એનું હોવાપણું પોતાની વર્તમાન પરિણતિની પર્યાયથી ઉત્પન્ન, પૂર્વની પર્યાયથી વ્યય અને સદૃશપણે તેમાં કાયમ પર્યાયની સાથે ધ્રુવ હોય છે. એ તો એનું સમયે-સમયે દ્રવ્યનું સ્વરૂપ છે. ભલે પરમાણુ આમ ગતિ કરે એટલે આત્માનો વિકલ્પ ત્યાં કાંઈ મદદ કરે છે, આનો ઉત્પાદ ત્યાં ઉત્પાદ કરે (છે એમ નથી). આહાહા! કેટલી વાત કરે છે!

અરે! જે સમિતિ **મુનિઓને શીલનું (-ચારિત્રનું) મૂળ છે...** શીલ એટલે ચારિત્ર, સ્વરૂપની રમણતા. ચારિત્ર એટલે ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એમાં એની રમતું. આહાહા! એ આત્મા આત્મારામમાં રમતે ચડ્યો એને ચારિત્ર કહે છે. ચરવું, રમવું, સ્થિર થવું, પૂર્ણાનંદનું સ્વરૂપ તેને ચરવું એટલે અનુભવવું. ઢોર જેમ ચરે છેને ઘાસને. એમ આ ચરવું, ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એનું ચરવું, એનું અનુભવવું, એના આનંદનું ચરવું એનું નામ ચારિત્ર. એ ચારિત્ર મુક્તિનું કારણ છે. એ ચારિત્રનું મૂળ આ સમિતિ છે. **સમિતિ મુનિઓને શીલનું મૂળ છે**. આ આટલી વ્યાખ્યા. આ કાંઈ કથા નથી કે શબ્દે પૂરું પડે..... થાય. આ તો મૂળ ગર્ભની વાત છે અંદર.

**જે ત્રસ જીવોના ઘાતથી તેમ જ સ્થાવર જીવોના ઘાતથી સમસ્ત પ્રકારે દૂર છે...** એ વિકલ્પ જ જેમાં નથી, કહે છે. આહાહા! પૂર્ણસ્વરૂપ ભગવાન એની રમતું–અંદર રમણતા એ ચારિત્ર અને એ ચારિત્રનું મૂળ આ ઇર્યાસમિતિ. આહાહા! અંતરના સ્વરૂપને જોઈને રમવું એ સમિતિ–ગતિ–સમ-ઇતિ એ ચારિત્રનું મૂળ છે, એ ચારિત્રનો જ ભાગ છે ને ચારિત્રને સહાયક એ દશા છે. આહાહા! વિકલ્પની વાત અહીંયા નહીં. **જે ભવદાવાનળના પરિતાપરૂપી ક્લેશને શાંત કરનારી...** આહાહા! ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપને અંદર જોવું, જાણવું અને ઠરવું એ કાંઈ ઓછી વાત છે! આહાહા! પ્રગટ અવસ્થા–એક સમયની પર્યાય એની રમતું તો એણે

અનંત વાર કરી છે, પર્યાયમાં. આ તો પ્રગટ અવસ્થા છે, ઓલું અપ્રગટ વસ્તુ અવ્યક્ત આખું દ્રવ્ય છે.

આખું દ્રવ્ય જે છે એનો અંતરમાં સ્વીકાર થઈને, સન્મુખ થઈને જ્યાં પરિણમન થાય, કહે છે કે એ સખી ઈર્યા (એટલે) એણે જોયું કે આ આત્મા આવો છે. એ જોઈને પરિણમ્યો છે. એવી ઈર્યાસમિતિ એ ચારિત્રની સખી છે, શીલ જે એનું મૂળ છે. આહાહા! અહીં એમ કહેવા માગે છે પહેલો વ્યવહાર વિકલ્પ જે સમિતિનો આવે, એ ચારિત્રનું મૂળ નથી, વિરોધ છે. આરે, ભારે વાતું ભાઈ. આ તો સત્યનું સત્‌પણું આવું છે એમ સિદ્ધ કરવું છે. આહા! અરે! એણે હજી સાંભળ્યું નથી. એની ચીજ ભગવાન પૂર્ણાનંદનો નાથ ડોલે છે. એકેક શક્તિથી પૂર્ણ, એવી અનંતી શક્તિના સામર્થ્યવાળું એક તત્ત્વ આખું, કહે છે, એનો આશ્રય કરીને, એનું અવલંબન લઈને, તેની સન્મુખ થઈને... એ પર્યાય ને રાગની સન્મુખ અનાદિથી હતો, તો સ્વભાવથી વિમુખ હતો. એ પર્યાય ને રાગનું વિમુખપણું કરીને ત્રિકાળી સ્વભાવનું સન્મુખપણું જેણે કર્યું, એણે ત્રિકાળી ચીજનો સ્વીકાર 'છે' એમ એણે માન્યું. પહેલું 'છે' એમ માન્યું નહોતું.

આવો ભગવાન છે એ ક્યારે માન્યું કહેવાય? એના જ્ઞાનમાં, એ જ્ઞેય પૂર્ણ આવું છે એ જ્ઞાનમાં જ્ઞેય તરીકે જણાય ત્યારે આ 'છે' એમ એની માન્યતા થાય. સમજાણું કાંઈ? એમ આત્મા છે.. આત્મા છે.. પણ આત્મા છે એમાં શું છે, કેવો, શેમાં બેઠો? છે એની માન્યતા શેમાં થઈ તને? આ ચીજ આવી છે. પૂર્ણ ભગવંત પૂર્ણાનંદ ચૈતન્ય ત્રિકાળી ભગવાન, એની રમતમાં ચડેલો ભગવાન આત્મા... આહા! એવું જે ચારિત્ર એમાં એ સ્વીકાર આવ્યો છે પહેલો શ્રદ્ધા-જ્ઞાનનો કે આ પૂર્ણ થયેલું અંદર જ્ઞાનમાં ભાસ થયો, ભાવનું ભાસન થયું છે, આ ભાવનું ભાન થયું છે. એ ત્રિકાળીભાવનું ભાન થઈને 'આ આત્મા' એમ પ્રતીત થઈ છે. એવા ત્રિકાળીના ભાન સહિત ને પ્રતીત સહિત રમણતા કરે છે એને ચારિત્ર હોય છે. કહો, હિંમતભાઈ! આ તો બધી હિંમતની વાતું છે આ તો. આહાહા!

ઈર્યાસમિતિનો વ્યવહાર જે છેને, એ વીર્યને તો નપુંસક કહ્યું છે. વીર્ય એને કહીએ... આત્માનો વીર્યગુણ છે ત્રિકાળ, એને વીર્ય કહીએ કે જે વીર્ય પૂર્ણ શુદ્ધ આનંદાદિ અનંત ગુણની નિર્મળતાને રચે એને વીર્ય કહીએ. રાગને રચે તેને વીર્ય ન કહીએ, એને નપુંસક કહીએ. છેને ૪૭ શક્તિ. ૪૭ શક્તિમાં છે. આત્મસ્વરૂપની રચના કરનાર તે વીર્ય. એને વીર્ય કહીએ. ૪૭ શક્તિમાં છે. આત્મવૈભવમાં આપ્યો છે શક્તિનો વિસ્તાર. એને વીર્ય કહીએ... અહીં તો શું લક્ષમાં–મગજમાં આવ્યું કે વ્યવહાર ઇર્યાસમિતિનો વિકલ્પ એ વાસ્તવિક વીર્યના સામર્થ્યનું કાર્ય જ નથી. આહાહા! ગજબ વાત છે.

પ્રભુ કહે છે, વીર્ય તો એને કહીએ કે પોતાના અનંત ગુણનું નિર્મળપણું–શુદ્ધપણાની પર્યાયમાં રચના કરે, વીતરાગી નિર્દોષદશાને રચે એને વીર્ય કહીએ. આ સમિતિપણે આ રીતે

પરિણમે એને વીર્ય કહીએ. પણ રાગ-વિકલ્પ ઉઠ્યો અને એ રૂપે થાય એ વીર્ય જ નહીં, એ નપુંસક વીર્ય છે. આહાહા! દોષ છેને. વ્યવહાર ઇર્યા વિકલ્પનો દોષ છે ભાઈ! એ વૃત્તિ ઉઠે છે. એ નિર્વિકલ્પ ... નથી. આહાહા! પંચમહાવ્રતના પરિણામ વિકલ્પ એ પ્રમાદનો દોષ છે. એ પંડિતજી! સહારનપુરમાં સંસ્કૃતના પ્રોફેસર છે. રજા પડે ત્યારે આવે છે-વેકેશનમાં આવે છે. આહાહા!

કહે છે કે એ ત્રસ ને સ્થાવરના ધ્યાનથી દૂર વર્તે છે, એટલે એના વિકલ્પથી દૂર વર્તે છે. આહાહા! છ કાય જીવ છે એને ન મારું એવો વિકલ્પ જ જ્યાં નથી. કેમ એ તો શુભરાગ છે. આહાહા! ભગવાન આત્માની સમિતિ, અંતરના આનંદ સ્વરૂપને જોઈ જાણી, માનીને ઠરે છે એ સમિતિ છે. **જે ભવદાવાનળના પરિતાપ**... ઓહો! એ રાગરૂપી ભવદાવાનળ ક્લેશ... **ભવદાવાનળના પરિતાપરૂપી ક્લેશને શાંત કરનારી**... આહાહા! એ તો વિકલ્પરૂપી દાવાનળ સળગે છે રાગનો અંગારો. આહાહા! વ્યવહારસમિતિ વિકલ્પ છે એ રાગનો અંગારો છે. 'રાગ દાહ..' આવે છે છઢાળામાં. છઢાળામાં ઘણું નાખ્યું છે. 'રાગ દાહ દહે સદા, તાતૈ સમામૃત પીજીએ..' રાગથી ભિન્ન ભગવાન અમૃતસ્વરૂપ નિરાકુળ આનંદકંદ એની દશામાં પરિણમન કરીએ. આહાહા!

ચાહે તો શુભરાગ હો, પણ છે તો દાહ ને. આગ છે, શુભરાગ એ આગ છે. ઈર્યાસમિતિનો જે વિકલ્પ છે એ રાગદાહ છે, અગ્નિ છે, ભઠ્ઠી છે કષાયની. આહાહા! જગતને તત્ત્વ શું છે એની ખબર ન મળે અને એને ધર્મ થઈ જાય. ધર્મ કરનારો કેવડો અને કેવો, કેમ છે એની ખબર નહીં ને ધર્મ એને થઈ જાય. ધર્મ તો પર્યાય છે. હવે એ કરનારો કેવડો છે? એ તો દ્રવ્ય ને ગુણ ત્રિકાળી છે. ત્રિકાળી દ્રવ્ય-ગુણના ભાન વિના એનું-દ્રવ્યનું પરિણમન ધર્મ(રૂપે) થાય શી રીતે? સ્વાશ્રય વિના શુદ્ધ પરિણમન થાય નહીં. પરનો આશ્રય ગમે તે લે ઇર્યા, ભાષા આદિમાં, એ તો વિકલ્પ છે, પરાશ્રિતભાવ છે, રાગ છે, કષાય છે. આહાહા! સમામૃતથી વિરુદ્ધ છે. અરે! બેસવું કઠણ જગતને. જેને પ્રવૃત્તિના પરિણામ બેઠા છેને, એને આ નિવૃત્તના સ્વભાવ (સામે) આ દુઃખ છે એ બેઠું નથી. એય પ્રકાશદાસજી! આ પંચમહાવ્રત ને પાંચ સમિતિનો વ્યવહાર વિકલ્પ અંગારો છે, એમ કહે છે, એ દાવાનળ છે. આહાહા!

ભગવાન અકષાયસ્વરૂપ પ્રભુ, જિનસ્વરૂપી વીતરાગી અમૃતથી ભરેલો એવો ભગવાન, એને સામું જોઈને, સ્વીકાર કરીને, શ્રદ્ધા કરીને જે એમાં ઠરે છે, એ ભવદાવાનળ ક્લેશને શાંત કરનારી સમિતિ છે. આહાહા! એ તો રાગને ઓલવનારી સમિતિ છે. રાગને ઉત્પન્ન કરનારી નહીં, એમ કહે છે ભાઈ! આહાહા! સમજાણું કાંઈ? શાંતસ્વરૂપ ભગવાન, શાંતરસ-અકષાયરસ એવું જિનતત્ત્વ એવો આત્મા. એ આત્માનો આશ્રય લેતા જે સમિતિ પ્રગટ થાય, એ તો ભવદાવાનળને શાંત કરનારી છે. રાગરૂપી ઉદયભાવ એ ભવદાવાનળ છે. આહાહા! એ

સંસારના દાવાનળના ક્લેશને શાંત કરનારી છે. આહાહા! કાલે આવ્યું હતું, 'રાગ દાહ આગ..' લોકો વિચારતા નથી. પોતાની પકડ રાખીને ઓલો અર્થ કરેને, એથી એને સાચી વસ્તુ બેસે નહીં. જાદવજીભાઈ! .... નહીં, જેમ છે તેમ. પણ પોતાની દૃષ્ટિ રાખીને–પકડીને એ પ્રમાણે અર્થ કરે, શાસ્ત્રનો અર્થનો અનર્થ થઈ જાય. ...આનંદ આવે. ...માને છે.

આ દુઃખ છે, શુભરાગ એ તો અગ્નિ, દુઃખ છે. આત્માના અમૃતસ્વરૂપથી વિરુદ્ધ ભાવ છે. અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન એનાથી ઉલટો તે શુભભાવ છે એટલે દુઃખ છે. એને તો અહીં સમિતિ ઓલવનાર છે, કહે છે. ઉત્પન્ન કરનાર નથી એમ કહે છે. એમ કહેવું છે. એ પ્રગટ્યું અને અંતર સમિતિ–શુદ્ધગતિ થઈ માટે એ રાગને ઉત્પન્ન કરે વ્યવહારને? કે ના. એ તો રાગને ઠારનારી છે. રાગ ઉત્પન્ન થાય છે સ્વતંત્ર વિકારની પરિણતિથી. આહાહા!

**તથા સમસ્ત સુકૃતરૂપી ધાન્યના રાશિને...** દેખો! સુકૃત એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિની નિર્મળ પરિણતિ એ સુકૃત. શુભ.. એ શુદ્ધ એ શુભ. આવે છેને પુણ્ય-પાપ અધિકારમાં. સમસ્ત સુકૃત.. સુકૃત–જેનું નિશ્ચય કર્તવ્ય... **णियमेण य जं कज्जं** એવો પાઠ નિયમસાર ત્રીજી ગાથામાં આવે છે. **णियमेण य जं कज्जं...** દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય હોં. **णियमेण य जं कज्जं**–નિયમથી જે કરવાલાયક હોય એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિર્વિકલ્પ.. નિર્વિકલ્પ વીતરાગી સમ્યક્, વીતરાગી જ્ઞાન ને વીતરાગી ચારિત્ર. એ **णियमेण य जं कज्जं** (એટલે) જે નિયમથી કરવાલાયક છે. ત્રીજી ગાથામાં છે. એ સુકૃત. આહાહા!

સમસ્ત સુકૃતરૂપી ધાન્ય એવી જે રાશિ એને **(પોષણ આપીને) સંતોષ દેનારી મેઘમાળા છે...** ધાન ઉગ્યું હોય ને વરસાદની ધારા પડે, એ ધાનને પુષ્ટિ આપનારી છે. આહાહા! .... અંદર સુકૃત એ છે લ્યો. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્મળ નિર્વિકારી... ત્રીજી ગાથામાં છે. ત્રીજી ગાથામાં છે. **णियमेण य जं कज्जं...** એ ... છે. ત્રીજી ગાથા છે. **णियमेण य जं कज्जं तं णियमं णाणदंसणचरित्तं...** ...ન્યાં ન આવે, વ્યવહાર જ્ઞાન ને વ્યવહાર સમકિત એ નહીં. **णियमेण य जं कज्जं**–નિયમથી જે કરવાલાયક છે, **तं णियमं णाणदंसणचरित्तं, विवरीयपरिहरत्थं...** વ્યવહાર વિકલ્પ છે એ વિપરીત છે એને છોડવા માટે નિયમસાર **सारमिदि वयणं...** 'નિયમનો સાર' એમ કેમ કહ્યું? કે નિશ્ચયથી કરવાલાયક સ્વભાવ પૂર્ણાનંદ પ્રભુ એની શ્રદ્ધા ને એનું જ્ઞાન, એની નિર્મળતા વીતરાગી પરિણતિ તે નિયમથી કરવાલાયક છે અને 'સાર' કેમ કહ્યો? જે વિકલ્પ વ્યવહાર છે એ વિપરીતના પરિહાર અર્થે–એના અભાવ અર્થે નિયમસાર કહેવામાં આવ્યો છે. આહાહા! એક-એક શબ્દ જુઓને કેવો પડ્યો છે અંદર!

સમયસાર. (સમય એટલે) આત્મા આનંદસ્વરૂપ એવો પ્રભુ, સાર એટલે કર્મ તથા નિમિત્તથી થતાં પુણ્ય-પાપના વિકાર રહિત એવો જે ભગવાન સમયસાર, એ પૂર્ણાનંદની પરિણતિવાળો એને સમયસાર કહે છે. એમ આ નિયમસાર. **णियमेण य जं कज्जं...** જે વસ્તુ

ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એની અંતર સન્મુખ થઈને, એને જાણીને, પ્રતીત કરીને એમાં ઠરવું એ નિયમથી કર્તવ્ય–કરવાલાયક કર્તવ્ય હોય તો એ કર્તવ્ય છે. એ સુકૃત છે. અહીં એ શબ્દ છે. **સમસ્ત સુકૃતરૂપ**... એ સુકૃત જે છે એવી ધાન્યના રાશિ... સુકૃતરૂપી ધાન્યનો ઢગલો, નિર્મળ આનંદ, શાંતિ, જ્ઞાયક, જ્ઞાન, દર્શન આદિ અનંત ગુણની પરિણતિ, અનંત ગુણની પરિણતિ, પર્યાયમાં ધાનની રાશિ પાકી. આને છોડવું મુશ્કેલ. ભગવાનજીભાઈ! આહાહા!

કહે છે કે એવો સુકૃતરૂપી ધાન્યની રાશિ અનંત-અનંત ગુણનો પિંડ પ્રભુ એની પરિણતિમાં અનંત ગુણની દશા નિર્મળ પ્રગટ થઈ, એનું જે ધાન્ય એ રૂપી પાક થયો, એને ઇર્યાસમિતિ એ પોષનારી મેઘમાળા છે. પંડિતજી! આ તો મેઘમાળા. ધારા પડેને, આમ ધારા પડેને, માળા જેવું ... છાંટા પડે.... ધારા પડે. મેઘમાળા–વરસાદની માળા... એમ ઇર્યા–જોઈને અંદર પરિણમન કરવું એ અનંતાનંત ગુણની પરિણતિને મેઘમાળા સમાન છે. આચાર્ય–મુનિને કહેવા શબ્દો ઓછા પડે છે. આહાહા! **સંતોષ દેનારી મેઘમાળા છે**, જુઓ! **તે આ સમિતિ જયવંત છે.** એમ શું કહેવા માગે છે? પોતાની સમિતિ પોતામાં છે એમ ..... બતાવે છે. આહાહા! આ સમિતિ જયવંત છે. જયવંત કો'કમાં છે એમ નહીં. મારામાં આ રીતે મારી શુદ્ધ પરિણતિ ધારા વહે છે, એ છે, જયવંત વર્તે છે, એમ કહે છે. પદ્મપ્રભમલધારિદેવની રચના, સિદ્ધાંતની આ રચના આત્માને એકલો ઉપાડીને મૂક્યો છે. આહાહા!

કહે છે કે **તે આ સમિતિ જયવંત**... '**આ**' શબ્દ પડ્યો છેને? 'આ' પ્રત્યક્ષ બતાવે છે. ધ્રુવ ભગવાન આત્માનું જે શુદ્ધ પરિણમન અનંત ગુણની નિર્મળધારા, એમાં આ સમિતિ મેઘમાળા સમાન જયવંત વર્તે છે. આહાહા! જુઓ તો ખરા એક શૈલી એમની! મારી પાસે જયવંત વર્તે છે એમ કહે છે. મને ખબર છે. '**આ**' છેને. **जयति समिति**... જયતિનો અર્થ '**આ**' છે. મારી પાસે એ પરિણતિ છે, વર્તે છે. (ધાન) પાક્યા છે એની આ મેઘમાળા વર્તે છે, એ જયવંત વર્તે છે. આહાહા! એ પહેલું કહ્યું હતુંને, જિનધર્મ જયવંત વર્તો. નહોતું કહ્યું? કહ્યું હતુંને. આ ૫૬ ગાથાનો (કળશ ૭૬). તે જિનધર્મ જયવંત વર્તે છે. એમ કહ્યું હતું.

**ત્રસઘાતના પરિણામના અંધકારના નાશનો જે હેતુ છે, સકળ લોકના જીવસમૂહને જે સુખપ્રદ છે, સ્થાવર એકેન્દ્રિય જીવોના વિવિધ વધથી જે બહુ દૂર છે અને સુંદર સુખસાગરનું જે પૂર છે તે જિનધર્મ જયવંત વર્તે છે. આહાહા!** અમારો જૈનધર્મ મારી પર્યાયમાં વર્તે છે એમ કહે છે. આહાહા! જૈનધર્મ પર્યાય કંઈ બહાર રહેતી નથી. **તે જિનધર્મ જયવંત વર્તે છે**. અમારી ખાતરીમાં, અમારા ભાનમાં, અમારી દશામાં એ જૈનધર્મ વર્તે છે એમ કહે છે. જૈનશાસન કંઈ આત્માની પર્યાયથી બહાર ન હોય. જૈનશાસન, આત્માની વીતરાગી પર્યાય એ જૈનશાસન. જૈનશાસન કોઈ દ્રવ્ય-ગુણમાં નથી, તેમ અદ્ધરમાં નથી. આહાહા! ભગવાન પૂર્ણ અબદ્ધસ્વરૂપ... આવ્યુંને પંદરમી ગાથામાં.

અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ, અસંયુક્ત એવો ભગવાન પૂર્ણાનંદ એનો જ્યાં અંતર સન્મુખ થઈને અનુભવ કર્યો અને જે દશા પ્રગટી તેને જૈનશાસન કહે છે. પર્યાયને જૈનશાસન કહે, દ્રવ્ય-ગુણને નહીં. એનું જૈનપણું તો સ્વભાવરૂપે છે. આ તો પ્રગટેલું જૈનશાસન. આ જૈનધર્મ કોઈ સંપ્રદાય નથી. વસ્તુ જ એવી છે. જિન, એકલો ત્રિકાળી વીતરાગસ્વભાવનો પિંડ આત્મા એ જિન. 'જિન સો હી આત્મા..' એનો અંતર આશ્રય કરીને, અંતર એકાગ્ર થઈને જે વીતરાગધારા પ્રગટ થાય એ જૈનધર્મ, એ જૈનશાસન. એ તો વસ્તુની સ્થિતિ છે. એ કોઈ સંપ્રદાયની વાત નથી. અમારામાં આમ કીધું ને તમારામાં આમ કીધું—એમ નથી. આહાહા! શાંતિભાઈ!

જયવંત વર્તે છે, અસ્તિપણે વર્તે છે. આહાહા! હવે એ વાતું, એ ભાવ ક્યાં બાપા? એ શું ચીજ છે? વીતરાગમાર્ગ અનેકાંત છે એટલે ઇર્યા સાથે મેળવીને ભેગો કર્યો છે એમ નથી. એમ બધાના અનંત મત છે એને ભેગો કરી જૈનધર્મ કહ્યો છે, એમ નથી. અનેકાંત એટલે અનંત જેમાં ધર્મો–ગુણ છે, એ અનંત ગુણનું એકરૂપ એવો આત્મા એ જિનસ્વરૂપ. એનો જેણે આશ્રય કરીને પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર(રૂપ) વીતરાગપર્યાય પ્રગટ કરી છે એનું નામ જૈનશાસન. એ પર્યાય જૈનશાસન, વસ્તુ જૈન. આહાહા! વચ્ચે રાગ આવે એ જૈનશાસન નહીં, એમ સિદ્ધ કરવું છે. કહો, સમજાણું કાંઈ?

'આવો મારગ વીતરાગનો ભાખ્યો શ્રી વીતરાગ..' શું કહે છે તમારે? 'સમવસરણની મધ્યમાં શ્રી સીમંધર ભગવાન.' ત્રિલોકનાથ પરમાત્મા સીમંધર ભગવાન મહાવિદેહમાં સર્વજ્ઞપદે બિરાજે છે. આ માર્ગ ત્યાં સમવસરણમાં ભગવાન કહેતા હતા. ઇન્દ્રો સાંભળતા હતા, ગણધરો ઝીલતા હતા. આહાહા! 'આવો મારગ વીતરાગનો ભાખ્યો શ્રી વીતરાગ, સમવસરણની મધ્યમાં શ્રી સીમંધર ભગવાન.' કહે છે, ઓહો! ધન્ય રે ધન્ય અવતાર જેણે જન્મને સફળ કર્યા, જેણે સમિતિએ જીવનને જીવતું કર્યું, જીવ જે હતો અનંત ગુણનો પિંડ એને પર્યાયમાં જીવતો પ્રગટ કર્યો. રાગથી મારી નાખતો હતો... ક્યાંક આવે છે કળશમાં. 'મરણ થાતું હતું' એવું કાંઈક આવે છે. એક કળશમાં આવે છે. 'મરણ થાતું હતું' એવું આવે છે. એય! ખબર છે? બધું કાંઈ યાદ રહે છે? એ ક્યાંક કળશમાં આવે છે. કેટલામો છે? એ મરતો હતો.... લે! એ આવ્યું. જુઓ! કુદરત સામું છેને.

કહે છે... આ (કળશટીકામાં) કળશ છેને ૨૮મો. **अत्यंत उच्छादितायाम्**... એ આપણે આવી ગયો બપોરે ભાઈ! **(अत्यंत) અતિશય નિઃસંદેહપણે (उच्छादितायाम्) ઉચ્છેદવામાં આવે છે. જેમ ઢાંકેલો નિધિ પ્રગટ કરવામાં આવે છે, તેમ જીવદ્રવ્ય પ્રગટ જ છે, પરંતુ કર્મસંયોગથી ઢંકાયેલું હોવાથી મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું**. એટલે કે કર્મના સંગે ઉત્પન્ન કરેલો 'રાગ તે હું' એમ આવા વીતરાગી સ્વભાવનો એણે અનાદર કર્યો એ મરણ થયું. લ્યો, આમાં આવી ગયું.

ક્યાંક આવ્યું છે, કાલે જ આવ્યું. **अत्यंत उच्छादितायाम्...** જીવદ્રવ્ય પ્રગટ છે. પ્રભુ પૂર્ણ જ્ઞાયક સ્વભાવ અનંત ગુણનું જીવવું–જીવન ત્રિકાળી જીવતું તત્ત્વ છે. આહાહા!

જેમ સીમંધર ભગવાનને જીવંતસ્વામી કહ્યા છે. કેમકે જીવતા સ્વામી છે. બીજા (મહાવીર) ભગવાન આદિ તો મુક્ત થઈ ગયા. બયાનામાં.. બયાનામાં ૫૦૦ વર્ષ પહેલાની પ્રતિમા પધરાવી છે સીમંધર ભગવાનની. એમાં હેઠે લખ્યું છે. આને પ્રતિમા પધરાવ્યા પછી એને ખબર પડી કે કે સીમંધર ભગવાનની પ્રતિમા છે. આમાં લખ્યું છે 'જીવંતસ્વામી'. એ ગયા હતા ત્યારે વાંચ્યું બરાબર. જીવંતસ્વામી. જીવતાસ્વામી–ભગવાન. સીમંધર પરમાત્મા જીવનમુક્ત. આયુષ્ય સહિત છે, પણ મુક્ત છે અંદર. 'જીવંતસ્વામી' એમ કહ્યું છે.

એમ આ જીવતો સ્વામી ભગવાન પૂર્ણાનંદ એનો જ્યાં સ્વીકાર થયો... એનો સ્વીકાર નહોતો ત્યારે રાગનો સ્વીકાર હતો ત્યારે એને મરણ થાતું. ભગવાનજીભાઈ! મરણનો અર્થ કે આવું છે એનો સ્વીકાર નહીં એટલે આ નહીં, આ નહીં, એવડો નહીં, એવો હું નહીં. એ હું નહીં. એટલે એનું મરણ થઈ ગયું. આહાહા! હું તો એક સમયની પર્યાય જેટલો, રાગ જેટલો એમ માન્યું, એણે ચૈતન્યના ત્રિકાળી જીવનની જ્યોતનું મરણ કર્યું, એણે હિંસા કરી. આહાહા! આવી વાત છે. એય! સરસ અર્થ છે આનો હોં.

દ્રવ્યાર્થિક ને પર્યાયાર્થિકરૂપ પક્ષપાતના વિભાગ-ભેદનિરૂપણ, ભિન્નરૂપ વસ્તુને સાધવી. નિઃસંદેહપણે ઉચ્છેદવામાં આવે છે. ઢાંકેલો નિધિ.... નિધિ તો હતી. આમ (જોયું તો) ઓહો! જીવદ્રવ્ય પ્રગટ જ છે. વસ્તુ છે એની અસ્તિ છે–સત્તા છે–હોવાપણે છે. એક સમયની પર્યાયના પ્રગટ અંશની પાછળ આખું મોટું હોવાપણે તત્ત્વ છે, મહાપ્રભુ છે. **પરંતુ કર્મસંયોગથી ઢંકાયેલું હોવાથી...** કર્મના સંગે પડેલો જીવ, એના સંગે ચડેલો જીવ આ અસંગતત્ત્વને ભૂલી ગયો. **મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું, તે ભ્રાંતિ પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતાં મટે છે.**

ત્રિલોકનાથ સર્વજ્ઞની વાણી, તીર્થંકરની વાણીમાં જીવ તો 'આવો જીવ છે' એમ એણે બતાવ્યું. એ સિવાય ત્રણ કાળ, ત્રણ લોકમાં કોઈ બતાવનાર નથી. તીર્થંકર વીતરાગની વાણી સિવાય ક્યાંય આ વાત છે નહીં. સમજાણું કાંઈ? અરે! આવી વાત છે. એ પણ દિગંબર સંતો સિવાય બીજે ક્યાંય નથી. આહાહા! આવો એક.... આવો છેને પણ. કીધુંને, પ્રગટરૂપ જીવ છેને. એક સમયમાં જેનો જ્ઞાન સ્વ-ભાવ.. જ્ઞાનસ્વભાવ એ તો અનંત અપરિમિત, જેનું દર્શન સ્વ-ભાવ અનંત અપરિમિત, આનંદ સ્વ-ભાવ અનંત અપરિમિત—એવા અનંત ગુણોનું અપરિમિતપણું એક-એકનું, એવો અનંતા ગુણનો પિંડલો પ્રભુ જીવ પ્રગટ ધ્રુવપણે પ્રગટ છે. આહાહા! એનો સ્વીકાર નહોતો ત્યારે એનું મરણ થાતું. આહાહા! ભાઈ! જુઓ તો ખરા એક શૈલી!

જ્યાં એની દૃષ્ટિ એક સમયના અંશ ઉપર હતી, રાગ ઉપર (હતી), આ પુણ્ય મેં કર્યાં ને આ પુણ્ય મારું એના ઉપરની દૃષ્ટિમાં આવા તત્ત્વનું મરણ કર્યું, એનો નકાર કર્યો કે આ નહીં, તું નહીં, તું આવડો નહીં, આહાહા! એ મરણ કર્યું. પંડિતજી! વાત તો આવી છે ભગવાન! આહાહા! ઓહોહો! એ ભ્રાંતિ... મરણ થતું એવી **તે ભ્રાંતિ પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળવાથી મટે છે**. આહાહા! ત્રિલોકનાથની વાણીમાં આમ આવે છે. 'તું પૂર્ણ પરમાત્મા છો' એમ ભગવાનની વાણીમાં આવે છે. આહાહા! જિનનો ઉપદેશ આ આવ્યો જુઓ! પ્રભુ! તું પૂર્ણ છો હોં. પ્રભુ! તારામાં પૂર્ણતા, એક ગુણની અનંત-અનંતી પૂર્ણતા પડી છે. 'પૂર્ણં ઇદં.' વિપરીતતા નહીં, અપૂર્ણતા નહીં એવું તારું પૂર્ણ (સ્વરૂપ) વીતરાગની વાણીમાં જ આવે. કેટલું ચલાવ્યું? અહીં કાંઈ ખબર પડે છે કે કેટલો (સમય ગયો)? કહે, પોણો કલાક.... લ્યો, હવે નવ ને દસ થઈ ગઈ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**જ્યેષ્ઠ વદ ૧, મંગળવાર, તા. ૨૭-૬-૧૯૭૨**
**શ્લોક-૮૩-૮૪, ગાથા-૬૨, પ્રવચન નં. ૫૬**

નિયમસાર, વ્યવહારચારિત્ર અધિકાર, ૮૩ કળશ છેને ૮૩મો. ઇર્યાસમિતિ એનો અધિકાર છે.

**नियतमिह जनानां जन्म जन्मार्णवेऽस्मिन्**
**समितिविरहितानां कामरोगातुराणाम्।**
**मुनिप कुरू ततस्तवं त्वन्मनोगेहमध्ये**
**ह्यपवरकममुष्याश्चारुयोषित्सुमुक्तेः ॥८३॥**

**શ્લોકાર્થ : અહીં (વિશ્વમાં) એ નક્કી છે કે આ જન્માર્ણવમાં (-ભવસાગરમાં)**— ચોરાશીના અવતારમાં **સમિતિરહિત...** આત્માના આનંદસ્વરૂપની પરિણતિ રહિત **કામરોગાતુર જનોને (-ઇચ્છારૂપી રોગથી પીડિત)...** જેને આત્માના આનંદસ્વરૂપ અનંત ગુણની પરિણતિની શુદ્ધતા નથી અને ઇચ્છારૂપી રોગ છે. **(ઇચ્છારૂપી રોગથી પીડિત) જનોનો જન્મ થાય છે...** એવા મનુષ્યોનો જગતમાં અવતાર થાય છે. પોતાનો જે આનંદ શુદ્ધસ્વરૂપ શુદ્ધ ધ્રુવ ચિદાનંદ આનંદ, એની અનંત ગુણની એકતારૂપી પરિણતિ એવી સમિતિ રહિતને... અનંત ગુણનો પિંડ એવો આત્મા એના અનંત ગુણમાં એકતારૂપી પરિણતિ-સમિતિ એથી જે રહિત છે અને ઇચ્છારૂપી રોગથી પીડિત છે.—બે. એ જનોનો જન્મ થાય છે. તેવા જીવોનો ચોરાશીમાં અવતાર થાય છે. પોતાનો આનંદસ્વભાવ આત્માનું સુખ-આનંદસ્વરૂપ, એના આનંદની દશાનું પરિણમન જે મુક્તિનું કારણ છે, એવા ભગવાન આત્મા એની અંતર પવિત્ર શુદ્ધ સમિતિનું પરિણમન જેને નથી એટલે કે વીતરાગભાવ રહિત છે, રાગભાવ સહિત છે એમ કહે છે. સમજાણું?

આ જગતની અંદર... એમ કહે છે. પદ્મનંદી આચાર્ય મહારાજ જગતને જાહેર કરે છે, આહાહા! કહે છે કે આ જગતની અંદર સમિતિ રહિત... એમ છેને? અસ્તિ-નાસ્તિ કરી. ૮૩મો કળશ છે. અંતર શુદ્ધ આનંદસ્વરૂપ ભગવાન આત્મા એની આનંદની પરિણતિથી રહિત છે એ સમિતિ રહિત છે. આહાહા! શુદ્ધ ચિદ્ઘન આનંદઘન આત્મા છે વસ્તુ, અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા છે, એવા આનંદની પ્રગટ પરિણતિમાં પરિણમવું, શુદ્ધપણે પરિણમવું એવી સમિતિ.. એવી સમિતિથી રહિત છે, જેની શુદ્ધ સ્વભાવની પરિણતિરૂપી ગતિથી રહિત છે. આહાહા! અને કામ-રોગમાં પીડિત છે એટલે ઇચ્છારૂપી રોગથી પીડિત છે. આમ બે વાત લીધી. અંતર વીતરાગી પરિણતિથી રહિત છે, ભગવાન આનંદસ્વરૂપ એની દૃષ્ટિ, એનું જ્ઞાન ને એની રમણતા—એવી જે શુદ્ધ આનંદની પરિણતિરૂપી સમિતિ એથી રહિત છે, ઇચ્છારોગથી પીડિત

છે. વીતરાગી પરિણતિથી રહિત છે, રાગની ઇચ્છાથી પીડિત છે. આહાહા! એ જનોનો જન્મ થાય છે, એવા જીવો ચોરાશીમાં અવતરે છે. આહાહા! સમજાય છે કાંઈ? એકદમ મુદ્દાની રકમ મૂકી છે.

ભગવાન આત્મા એનો સ્વભાવ તો ભવના ભાવ રહિત છે. ભવ ને ભવના ભાવ રહિત એનો સ્વભાવ છે. એવું નિજસ્વરૂપ નિત્યાનંદ પ્રભુ, એની જેને સમિતિ–ગતિ એટલે શુદ્ધ પરિણતિ–વીતરાગી પરિણતિનો જેને અભાવ છે, ઇચ્છારોગથી પીડિત છે, ચાહે તો ગમે તે કામની ઇચ્છા (હોય). એવા જનોનો જન્મ થાય છે, એવા જીવો ચોરાશીમાં અવતરે છે. આહાહા! સમજાય છે કાંઈ? જન્મ છે એમાં વાંધો શું છે? એક જણો કહેતો હતો મુંબઈમાં. આ મહારાજ કહે છે કે તમે દુઃખી છો, દુઃખી છો, પણ અમને તો કાંઈ દુઃખ લાગતું નથી. અમે તો બે-પાંચ હજાર રળીએ છીએ, છોકરા બધું ઠીક છે, એમ કહેતો હતો એક. વળોદનો હતો વળોદનો. ઉમરાળા પાસે વળોદ છેને. મહારાજ કહે, તમે બધા દુઃખી છો એમ કહે છે.

બાપુ! તને દુઃખની ખબર નથી. આનંદમૂર્તિ ભગવાન આત્મ એનાથી વિરુદ્ધ જેટલો ભાવ શુભ કે અશુભ, એ બધું દુઃખ છે. એની એને ખબર નથી. દુઃખ નથી પ્રતિકૂળ સંયોગમાં, દુઃખ નથી સ્વભાવમાં. દુઃખ તે સ્વભાવથી વિપરીત દશા, રાગ ને પુણ્ય ને પાપના ભાવ એ દુઃખરૂપ છે. દુઃખ નથી સ્વભાવમાં, દુઃખ નથી સંયોગમાં. સંયોગી ચીજમાં દુઃખ નથી, એ તો જ્ઞેય છે. એનું વેદન જ નથી. પરનું વેદન હોય જ નહીં, વેદન તો રાગ ને દ્વેષનું છે. આહાહા! સમજાય છે કાંઈ?

જે પરચીજ છે એ તો જ્ઞેય છે. એ તો જ્ઞાનમાં જાણવાલાયક એટલી થઈ. આત્મા જ્ઞાતા છે એટલે આનંદમૂર્તિ છે. અને વચમાં આનંદને ભૂલીને જે કાંઈ પુણ્ય ને પાપના ભાવ ઉઠાવે છે અને એમાં મને ઠીક છે એવો જે મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવ, પર્યાયબુદ્ધિભાવ, રાગબુદ્ધિભાવ એ જ દુઃખ છે. આહાહા! દુઃખ પ્રતિકૂળ સંયોગમાં નથી, દુઃખ સ્વભાવમાં નથી. એની પર્યાયમાં ઊંધી દશા–વિપરીત માન્યતા ને રાગ-દ્વેષ એ દુઃખ છે. આહાહા! કાંતિભાઈ! વાસ્તવિક તત્ત્વની અનંત કાળથી એને ખબર પડી નહીં, એમનેએમ જીવન ગાળ્યા ઓઘે ઓઘે.

કહે છે કે અહો! ચોરાશીના અવતાર નરક, નિગોદ, એકેન્દ્રિય આદિ એવા જન્માર્ણવોમાં—જન્મરૂપી મોટો દરિયો ચોરાશીનો. જે આત્મા આનંદસ્વરૂપ એના સન્મુખની શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે વીતરાગી પરિણતિ એથી રહિત છે, એથી જ એ બાહ્ય પદાર્થની ઇચ્છા ને પીડાથી સહિત છે. એ જન્મ પામે છે, એને જન્મ મળે છે. આહાહા! પંડિતજી! બહુ ટૂંકું. **તેથી હે મુનિ!** આહાહા! મુનિરાજ મુનિને કહે છે. મુનિ છેને પદ્મપ્રભમલધારિદેવ આ

ટીકા કરનાર. હે સંત! **તું તારા મનરૂપી ઘરમાં આ સુમુક્તિરૂપી સુંદર સ્રી માટે નિવાસગૃહ (ઓરડો) રાખ (અર્થાત્ તું મુક્તિનું ચિંતવન કર).** આહાહા!

શ્રોતા : આ વાત શ્રાવકને માટે છે કે મુનિને માટે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : આ બધાને માટે છે. મુનિને તો મુખ્યપણે ઉદ્દેશીને છે. પેટામાં બધા ચારેયને છે. મોટા દીકરાને કહેતા બીજા ત્રણેને લાગુ પડે. આહાહા! મુનિનો અધિકાર છેને મુખ્યપણે. જેટલો મુનિનો અધિકાર છે એ બધો શ્રાવકને અંશે લાગુ પડે, આને પૂર્ણ. આહાહા!

એમ કહે છે, ભાઈ! જન્માર્ણવમાં ચોરાશીમાં રખડતા, પ્રભુ! તારું સ્વરૂપ જે પૂર્ણાનંદ જે શુદ્ધ ચૈતન્યઘન, પુણ્ય ને પાપના રાગ રહિત, વીતરાગી આનંદ સહિત છે, એની દૃષ્ટિ અને એનું જ્ઞાન જો તને નથી તો તને ઇચ્છા છે. કાંઈક મેળવું, કાંઈક કરું, આ કરું.. આ કરું.. આ કરું, પુણ્ય કરું, પાપ કરું, આમ કરું, દયા પાળું, વ્રત કરું. એ શુભરાગનું કર્તૃત્વ તારી પાસે છે, એ ઇચ્છા છે. એ ઇચ્છાએ દુઃખથી પીડિત છે તું. આહાહા! ભગવાનજીભાઈ આવી વાત છે બાપુ! મૂળ વાત લોકોને હાથ આવી નથી. ઉપરની બધી વાતું... આહાહા! કહે છે, ભાઈ! તું હવે તારા જ્ઞાનની પરિણતિમાં, મન એટલે જ્ઞાનની દશામાં એ સુમુક્તિરૂપી સ્ત્રીને માટે ઓરડો રાખ એટલે એની શુદ્ધની પરિણતિ કર, એમ કહે છે. આહાહા!

વિભાવ પરિણમન તો દુઃખરૂપ છે, પુણ્ય ને પાપ બેય. **સુમુક્તિરૂપી સુંદર સ્ત્રી** (એટલે) પરિણતિ આનંદદશા. જેની પૂર્ણ આનંદદશા એનું નામ મુક્તિ, પૂર્ણ શુદ્ધદશા પ્રગટ થવી એનું નામ મુક્તિ. એ **સુમુક્તિરૂપી સુંદર સ્ત્રી**... આ બધા હાડકાની સ્ત્રીઓ, માંસ ને હાડકાવાળી સ્ત્રીઓના સંગમાં રહીને પીડિત છો, તું દુઃખી છો આહાહા! આવી **સુમુક્તિરૂપી સુંદર સ્ત્રી**... તારી પૂર્ણ શુદ્ધ પરિણતિરૂપી મુક્તિ. એવી સ્ત્રી માટે **નિવાસગૃહ**... છેને? નિવાસ-રહેવાનો ઓરડો રાખ. નિવાસગૃહ નામ આપ્યું. **अपवरक... अपवरक**—ઓરડો, કમરો. આહાહા! ત્યાં અવકાશ રાખ એમ કહે છે. એ શુદ્ધ મુક્તિને માટે શુદ્ધ પરિણતિનો અવકાશ રાખ એમ કહે છે.

પૂર્ણ મુક્તિરૂપી દશા.. આહાહા! સંસાર જન્માર્ણવ કહ્યુંને. ચોરાશીના અવતારમાં રખડતો પ્રાણી... આ વીતરાગી પરિણતિ (એટલે) પ્રભુ ચૈતન્ય આનંદનું ધામ એની સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતાની પરિણતિ રહિત જીવ, પરસન્મુખની રાગની પરિણતિ ને વિભાવ પરિણતિ સહિત જીવ જન્મને પામે છે, એ અવતારને ધારણ કરે છે. એ અવતાર ધારણ કરે છે. માટે સુમુક્તિરૂપી પરિણતિ—તારી શુદ્ધ આનંદની પૂર્ણદશા એ મુક્તિ... 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા..' મોક્ષ એ કાંઈ બીજી ચીજ નથી. પોતાની જે પૂર્ણ શુદ્ધ આનંદદશા, પૂર્ણ શુદ્ધદશા એનું નામ મુક્તિ. વિકારીદશા એનું નામ સંસાર. સંસાર કોઈ બાહ્ય ચીજમાં નથી. સંસાર જીવની પર્યાયથી દૂરમાં રહેતો નથી. એની પર્યાયમાં રહે સંસાર. ત્રિકાળી આનંદનું ધામ ભગવાન એના ઉપર દૃષ્ટિ નહીં અને પુણ્ય ને પાપ એના ફળ ઉપર જેની દૃષ્ટિ છે એવો જે મિથ્યાત્વભાવ

અને એ સહિતનો રાગ-દ્વેષભાવ એ સંસાર. એ સંસાર કાંઈ દૂર નથી. જીવની પર્યાયથી સંસાર દૂર ન હોય. એમ મુક્તિ પણ જીવની પર્યાયથી દૂર ન હોય. આહાહા!

શ્રોતા : સ્ત્રી, પુત્ર એ સંસાર નહીં?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નહીં. લ્યો, ... કર્યો. શરીર, સ્ત્રી, કુટુંબ, લક્ષ્મી, મકાન, પૈસો જો સંસાર હોય, ધ્યાન રાખજો, તો દેહ છૂટતાં બધું છૂટી જાય છે એટલે સંસાર છૂટી ગયો, મુક્તિ થઈ જવી જોઈએ. સંસાર એ નહીં. સંસાર પર્યાયમાં મિથ્યાત્વ ને રાગ-દ્વેષનો ઉદયભાવ એ ‘સંસરણ ઇતિ સંસાર’. ત્રિકાળ સ્વભાવમાંથી ખસી જઈને વિકારની કબૂલાતમાં આવ્યો છે એ ભાવને સંસાર કહે છે. આ બધું (-સંયોગ) છૂટી જાય તો (પણ) ઓલો (ભાવસંસાર) સાથે લઈને જાય પંડિતજી! લ્યો, આ (સંયોગ) સંસાર હોય તો અહીં પડ્યો રહ્યો, તો એની મુક્તિ થઈ જાય. એ સંસાર છે જ નહીં. કહો, સમજાણું? આહાહા! ભગવાન! તારી સંસારની પરિણતિ પણ તારો ભાવ છે અને મોક્ષનો માર્ગ એ તારો નિર્મળ અપૂર્ણ (ભાવ)–અપૂર્ણ નિર્મળદશા છે અને મુક્તિ એ પૂર્ણ શુદ્ધદશા છે. આ બધું તારામાં છે. બરાબર છે ચીમનભાઈ? કારખાના એ સંસાર નહીં એમ કહે છે. એ તો પરચીજ છે. આહાહા!

પણ પૂર્ણ સ્વરૂપ પોતાનું શુદ્ધ આનંદધામ ધ્રુવ એમાંથી ખસીને સંસરણ.. સંસરણ (એટલે) ખસ્યો, ખસીને અનાદિથી પુણ્ય ને પાપના દયા ને દાન, વ્રત ને ભક્તિ એવા વિકારી પરિણામ એ મારા છે અને આ ત્રિકાળી હું નહીં એવો જે મિથ્યાત્વભાવ તે સંસાર છે. આહા! અરે! એને સંસાર કોને કહેવો એની ખબર નથી. ઓલો દાખલો આપ્યો છેને પદ્મનંદીમાં. મેલ અહીં છે ને અરીસામાં જોવે છે. ત્યાં લાગેને મેલ દેખાય (એટલે). ત્યાં ઘસવા માંડે તો નીકળે? જરા ... લાગી જુઓ! ..... ન્યાં ઘસવા માંડે. અરીસો ઘસાઈ જાય, મેલ નહીં નીકળે. એમ સંસારરૂપી મેલ અહીં અંદર તારી દશામાં છે. બાયડી-છોકરા છોડી દઉં, વેપાર છોડી દઉં (તો) સંસાર છૂટી જાય. એમ ન છૂટે. પંડિતજી! ન્યાં ક્યાં સંસાર હતો તારો? આહાહા! સંસાર તો... ભગવાન આનંદનું ધામ પ્રભુ, એકેક ગુણે પૂર્ણ ને એકેક ગુણમાં અનંતું સામર્થ્ય, એવા અનંતા ગુણનું સામર્થ્યરૂપ વસ્તુ, એની પ્રતીતિ ને વિશ્વાસથી ખસી જઈ અને અલ્પજ્ઞદશામાં, રાગ–પુણ્યાદિના ભાવમાં પોતાપણાની માન્યતા એ મિથ્યાત્વભાવ, જાહેર થાઓ કે એ જ સંસાર છે. બરાબર છે?

એ તો આમાં લખ્યું છે સમયસાર નાટકમાં. કાંઈ બધું બતાવાય? ન્યાયથી.. એ તો સમયસાર નાટકમાં છે. જાહેર થાઓ કે મિથ્યાત્વ એ સંસાર છે. છે, જુઓને! આ શું કહે છે? જન્મ-મરણ એટલે ચોરાશીના અવતાર બાહ્ય કરવા? એનો ભાવ મિથ્યાત્વ એ જન્મ-મરણનું કારણ છે. એ ભવ આદિ તો સંયોગ છે. એનો જે મિથ્યાત્વભાવ. સંસાર એ ઉદયભાવ છે. સ્વભાવભાવમાં સંસાર નથી. ત્રિકાળી ભગવાન આનંદમૂર્તિ પ્રભુ પરમપારિણામિક જ્ઞાયકભાવ

સ્વરૂપ વસ્તુ જે છે એમાં સંસાર ક્યાં છે? એ તો મુક્તસ્વરૂપ છે, મુક્તસ્વરૂપ છે. પોતે મુક્ત-સ્વરૂપ જ છે (એટલે) અબદ્ધસ્પૃષ્ટ છે. એમાંથી ખસીને રાગ ને પુણ્યવાળો છું, પુણ્યની ક્રિયાવાળો છું, એ રાગની ક્રિયાવાળો છું, રાગ સહિત છું—એવી જે મિથ્યાત્વ માન્યતા એ સંસાર છે. સમજાણું કાંઈ?

પુરુષાર્થસિદ્ધિ ઉપાયની ૧૪મી ગાથામાં કહ્યું હતુંને. છે આમાં? પુરુષાર્થસિદ્ધિમાં ને? ૧૪મી ગાથા છે. **एवं अयं कर्मकृते...** એ પુરુષાર્થસિદ્ધિની ૧૪મી ગાથા છે. અમૃતચંદ્રાચાર્ય.

**एवंमयं कर्मकृतैर्भा वैरसमाहितोऽपि युक्त एव ।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।**

એ રીતે ભગવાન આત્મા, કર્મકૃત–કર્મના નિમિત્તથી થયેલા દયા, પુણ્ય-પાપના રાગાદિ ભાવ અને શરીરાદિ ભાવ—એ આસ્રવ અને અજીવ એવા ભાવોથી અસંયુક્ત—જુદો છે. અસંયુક્ત.. **असमाहितो** પાઠ છે. આસ્રવ અને અજીવ. નવ તત્ત્વ છેને. આસ્રવતત્ત્વ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ એ આસ્રવ. અને શરીર કર્મ આદિ એ અજીવતત્ત્વ... એ અજીવ ને આસ્રવતત્ત્વથી સમાહિત આત્મા નથી. **असमाहितो** (એટલે) યુક્ત નથી. **असमाहितो अपि युक्त एव प्रतिभासी...** જેને પ્રતિભાસ થાય છે કે હું રાગ સહિત છું, શરીર સહિત છું, બસ એ મિથ્યાત્વ એ સંસાર છે, ભવબીજ છે. અરેરે! એને મૂળ ચીજને જોઈ, સાંભળી નથી. ઉપરથી બધા પાંદડા તોડ્યા. આંબલી હોયને મોટી. પાંદડા તોડ્યા, પણ મૂળ તો સાજું છે. રાગની મંદતા દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા એ તો બધા પાંદડા તોડ્યા, મૂળ સાજા. એ પંદર દિ'એ પાછા પાંગરી જશે ઝાડ. ..... પાંદડા ફૂટતાં ફૂટતાં.....

અમારે ઘણા વખત (પહેલા)ની વાત છે. ઘણા વર્ષ પહેલા લીમડો તૂટી ગયો હતો ગુંદાળે. ઘણા વર્ષની ૭૪ની સાલની વાત છે. બહુ પવન આવ્યો હતોને. પવન બહુ આવ્યો હતો. લીમડા....... એમાં રસ્તામાં લીમડો અહીં ગુંદાળે. બહારમાં લીમડો પડી ગયો, પણ જરીક મૂળ હતું. બાકી આખો પડી ગયો. બીજું બધું સુકાય, પણ મૂળ હતું એટલું તાજુ ભરેલું. અમારા રસ્તામાં વિહારમાં આવ્યું હતું. લીમડો તૂટ્યો, પણ જરા નવા ઓલા ઉગતા હતા પાછા. આહા! અહીં ભગવાન એમ કહે છે, સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વર ઇન્દ્રો ને ગણધરની સમક્ષમાં જાહેર કરે છે કે પ્રભુ! તારો સ્વભાવ એ પુણ્ય-પાપના વિકલ્પ આસ્રવ અને શરીર, કર્મરૂપી અજીવથી અસમાહિત છે–સહિત નથી. વસ્તુ સહિત નથી. એને યુક્ત **एव प्रतिभासी...** સહિત છું એવો જે ભાસ અંદરમાં થાય, એ ભવનું બીજ મિથ્યાત્વ છે. આહાહા! અરે! એણે મુદ્દાની વાતુ સાંભળી નહીં હોં. અને આવી ત્યારે એમ કાઢે એ નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય. એમ કરીને કાઢી નાખે. આહાહા! ભગવાનજીભાઈ!

મૂળમાં ભૂલ. મૂળમાં ભૂલ. ઓલામાં તમે નામ આપ્યું હતું, ઓલા ઉપાદાન-નિમિત્તમાં. કે નહીં? ઉપાદાન-નિમિત્તમાં મૂળમાં ભૂલ. ..... ઉપાદાન-નિમિત્તમાં ભૂલ. .... આમાં મૂળમાં ભૂલ આ છે. આ મૂળમાં ભૂલ. આહાહા! કહે છે કે ભગવાન આત્મા, જન્મ-મરણનું કારણ જે મિથ્યાત્વભાવ, એ મિથ્યાત્વથી ચોરાશીના અવતારમાં રખડે છે. અરે પ્રભુ! સમિતિ રહિત, શુદ્ધ ભગવાન આત્મા પવિત્ર એની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાની વીતરાગી પરિણતિથી રહિત ઇચ્છા થઈ. બસ ઇચ્છા... 'ક્યા ઇચ્છત ખોવત સબૈ, હૈ ઈચ્છા દુઃખ મૂલ.' ઇચ્છા થઈ. મિથ્યાદૃષ્ટિને ઇચ્છા હોય, આમ કરવું, આ કરવું ને આ કરવું. એવા ઇચ્છારોગથી પીડિત જનોનો જન્મ થાય છે. એવા જીવોને ભવમાં અવતરવું પડે છે. આહાહા!

અરે! માત્ર અનંત ભવનું.... અનંત-અનંત ભવનું કારણ મિથ્યાત્વ, એનું ફળ ભવ. તે .... એને કરી ત્રાસ... અરે! હું ક્યાં જઈશ? દુનિયા દુનિયાની વાત જાણે. દુનિયાને બેસે-ન બેસે એની સાથે સંબંધ નથી. પણ એને એમ થયું કે ઓહો! હું અનંત કાળનો રહેલો, અનંતકાળ રહીશ, તો ભવિષ્યમાં ક્યાં રહીશ? જો એ રાગ ને શરીર સહિત માન્યો છે, એમાં રહેશે તો સંસારમાં રખડતો રહેશે. સમજાણું કાંઈ? ભારે ધર્મનું આવું સ્વરૂપ. પહેલું હજી સાંભળવું મળવું કઠણ.

કહે છે કે ભાઈ! એ ચોરાશીના અવતારનું કારણ મિથ્યાત્વભાવ. એ મિથ્યાત્વભાવ એટલે ભગવાન આત્મા શુદ્ધ આનંદ ને પૂર્ણ શુદ્ધનું ધામ છે એને... રાગ–પુણ્યના ભાવ અને શરીર, કર્મથી એ તત્ત્વ જુદું છું. અજીવતત્ત્વ અને આસ્રવતત્ત્વથી જ્ઞાયકતત્ત્વ–ચૈતન્યતત્ત્વ ભિન્ન છે. અસમાહિત–સહિત નથી, પણ તને સહિત ભાસે છે એ જ શુદ્ધ પરિણતિથી રહિત, ઇચ્છાથી પીડિત થયેલો પ્રાણી ચાર ગતિમાં અવતાર ધારણ કરનારો છો. આહાહા! વાતું એવી છે ભગવાન! આહાહા! ભગવાન તરીકે જ બોલાવ્યા છે ૭૨ ગાથામાં, કર્તાકર્મ અધિકારમાં. 'ભગવાન' આચાર્ય એમ બોલાવે છે. કેમ? આત્મા છે એ તો આસ્રવ, અજીવથી રહિત છે. એટલે એ ભગવાન એટલે આનંદ ને જ્ઞાનસ્વરૂપી જ આત્મા છે. એને આત્મા કહીએ. પુણ્યના પરિણામવાળાને આત્મા કહીએ? એ તો આસ્રવ છે. (શ્રોતાઃ થોડો લાભ છે...) હા, થોડો લાભ છે રખડવાનો.

એ શબ્દ છે એવો પ્રવચનસારમાં. જે કોઈ પુણ્ય-પાપમાં વિશેષતા માને છે, ઘોર સંસારમાં રખડશે. લાવો કાઢો ભાઈ! પ્રવચનસાર. કેટલામી ગાથા? ૭૭. **न हि मन्यते...** સંસ્કૃત છે પહેલું. **अथ पुण्यपापयोरविशेषत्वं निश्चिन्वन्नुपसंहरति.. પુણ્ય ને પાપનું અવિશેષપણું નિશ્ચિત કરતાં થકાં...** અવિશેષ (એટલે) બેય સરખા, સામાન્ય બેય.

**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पुण्णपावाणं**
**हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो ।।७७।।**

**પુણ્ય ને પાપમાં તફાવત નથી એમ જે નથી માનતો**... તફાવત નથી એમ જે નથી માનતો. તફાવત છે એમ માને છે. પુણ્ય ઠીક છે એમ માને છે. એ પુણ્ય ને પાપમાં વિશેષ નાસ્તિ... તફાવત નથી એમ નથી માનતો.. નથી એમ નથી માનતો... ભાષા જુઓ! ફેર છે એમ માને છે, બસ એટલી વાત છે. નથી માનતો, **તે મોહાચ્છાદિત વર્તતો થકો ઘોર અપાર સંસાર... ઘોર અપાર સંસારમાં હિંડદિ-પરિભ્રમણ કરે છે**. ૭૭ ગાથા, પ્રવચનસાર. વીતરાગની વાણીનો સાર. પણ એ મિથ્યાત્વ શું છે એની એને ખબર નથી. આહાહા! આ તો હજી રાગ કરશોને તો નિશ્ચય થાશે, વ્યવહાર એટલે રાગ કરશું તો નિશ્ચય થાશે, આસ્રવ કરશો તો આત્માની સંવર થાશે. શ્રદ્ધા જ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આહાહા! વ્યવહાર છે રાગ. રાગ સહિત (માનવો) અને રાગ કરવો એ માન્યતા જ મિથ્યાત્વ છે. આહાહા! એના વિના જ ચાલે છે. એના વિના ચાલે નહીં એમ એણે માન્યું છે. માન્યતા વિના ચલાવ્યું નથી. આહાહા!

એક પ્રશ્ન થઈ ગયો હતો દસમી સાલમાં, બોટાદ. નાગરભાઈના ભાઈ હતાને હરજીવનભાઈ, એણે પ્રશ્ન કર્યો, મહારાજ! પૈસા.. પૈસા.. તમે કહો છો આવું કે પૈસા ધૂળ છે, જડ છે. એના વિના કાંઈ ચાલે છે? એમ પ્રશ્ન કર્યો. ૧૦ની સાલની વાત છે. અઢાર વર્ષ થયા. મ્યુનિસિપાલિટીના મકાનમાં વ્યાખ્યાન ચાલતું હતું. હરજીવનભાઈ સમઢિયાવાળા. નાગરભાઈના ભાઈ. રાજા, સમઢિયાળાના રાજા કહેવાય. એ તો.... આમ પ્રેમ અહીંનો. મહારાજ! તમે પૈસા.. પૈસા.... મેં કહ્યું, ભાઈ! સાંભળો! આ આંગળીએ આ આંગળી વિના ચલવ્યું નથી? આ ટૂટી જાય તો આ ન રહે? એમ આત્માએ પરદ્રવ્યના અભાવથી જ નભાવ્યું છે. કેમકે સ્વદ્રવ્યથી છે ને પરદ્રવ્યથી નથી. એટલે એનું ટકવું જ પરદ્રવ્યના અભાવથી છે. પણ એ માને છે કે પરદ્રવ્યના અભાવમાં હું કેમ રહી શકું? એ તો એની માન્યતા છે. આહાહા!

ભગવાન સ્વદ્રવ્યમાં અસ્તિ છે ને પરદ્રવ્યથી નાસ્તિ છે. એટલે એ પરદ્રવ્યના અભાવથી ટકી રહેલો છે. એનું અસ્તિત્વ જ એ રીતે ટક્યું છે. પણ એને એમ થઈ ગયું છે કે આ પૈસા વિના ચાલે નહીં. એ એની માન્યતા જ મિથ્યાત્વ છે. ભાઈ! પંડિતજી! બારીક છે, મૂળ એ છે. એ મૂળ ચીજ છે. એ મૂળચીજ ઉપર લક્ષ ગયું નથી દુનિયાનું. બહારમાં ને બહારમાં પંડિતાઈમાં મોટી પડ માંડે. આમ છે ને તેમ છે ને ભગવાને વ્યવહાર કીધો છે, વ્યવહારથી લાભ કીધો છે ને વ્યવહારને કારણ કહ્યું છે, નિયતનો હેતુ કહ્યો છે. આવે છેને, છઢાળામાં આવે છે. એ તો વ્યવહારની વાત એનું જ્ઞાન કરાવ્યું છે. એ રાગ સહિત આત્મા છે એમ માને, રાગથી આત્માને લાભ માને ને રાગથી સહિત માને—બેય એક જ છે. એ મિથ્યાત્વ છે. આહાહા!

શ્રોતાઃ ...

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, એ. એ નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. એ ભૂમિકામાં આવો મંદ રાગ હોય, બસ. હોય એટલું, પણ એનાથી કાંઈ લાભ થાય તો રાગ સહિત આત્માને માનવો

મિથ્યાત્વ (કેમ) કીધું? વળી અહીં કહે કે રાગની મંદતાથી જીવને લાભ થાય. વિરુદ્ધ વચન છે. વીતરાગના વચન એવા ન હોય. વીતરાગના વચન પૂર્વાપર વિરોધ રહિત હોય. સર્વજ્ઞ ત્રિલોકનાથ એની વાણીમાં ક્યાંય વિરોધ હોય નહીં. અહીં તો આ આવ્યું. એકકોર ભગવાન એમ કહે કે રાગ સહિત જીવને માનવો એ મિથ્યાત્વ. બીજી રીતે એમ કહે કે રાગથી જીવને લાભ થાય? જે એમાં નથી એનાથી એને લાભ થાય? ભગવાનજીભાઈ! મૂળ વાતની ખબર નથી. હજી વ્યવહાર શ્રદ્ધા. નિશ્ચય શ્રદ્ધા તો પછી. આહાહા! સમજાણું કાંઈ?

અહીં કહે છે, મોહથી આચ્છાદિત... **ઘોર અપાર સંસાર**... આહાહા! શુભ ને અશુભ બે ભાવમાં તફાવત માને, ફેર માને, વિશેષ માને, એકરૂપ ન માને, ઘોર સંસારમાં રખડવાના છે. ભગવાન કુંદકુંદાચાર્યનું વચન છે.

શ્રોતા : દેશી ઘી ન હોય તો ડાલડા ઘીથી ચલાવી લેવાય.

પૂજ્ય ગુરૂદેવશ્રી : વેજીટેબલ ઘી એ ઘી જ નથી. દેશી ઘી એ જ ઘી છે. ઘી નામ આપ્યું છે. એમ રાગને વ્યવહાર નામ આપ્યું છે, વસ્તુ નથી. વ્યવહાર-રત્નત્રય એ વસ્તુ ધર્મ નહીં. ફક્ત નિશ્ચયરત્નત્રય પ્રગટ્યું છે એમાં એને આરોપ આપ્યો છે. નિશ્ચયરત્નત્રય–સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા થઈ છે, એમાં એવા રાગની મંદતાને વ્યવહારનો આરોપ આપ્યો છે. વસ્તુ એ રીતે નથી. આહાહા! એ તો અધર્મ છે. અધર્મ ધર્મનું કારણ થાય? આવો માર્ગ વીતરાગનો હોય? આહાહા!

ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ એકાવતારી ઈન્દ્રની સમક્ષમાં વાણી કરતાં હશે, એ કેવી કરતા હશે? શક્રેન્દ્ર ઇન્દ્ર ત્રણ જ્ઞાનના ધણી એકાવતારી છે. સૌધર્મ (ઇન્દ્ર) ને એની સ્ત્રી એકાવતારી છે–બેય પતિ-પત્નિ એક ભવે મોક્ષ જનાર છે, ત્રણ જ્ઞાનવાળા છે, ક્ષાયિક સમકિત છે પોતાને. એને ખબર છે કે એક જ ભવ છે મારે. એ સાંભળવા ભગવાન પાસે આવે એ કેવી કથા હશે? એ કેવી વાર્તા હશે? શુભરાગ કરજે, પુણ્ય કરજે, વ્યવહાર રાગ કરજે, એનાથી તને કલ્યાણ થાશે—એમ હશે? આહાહા!

શ્રોતા : ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : ટાળીને થયું છે એ. રાગ હું નહીં, હું તો ચિદાનંદ ધ્રુવ ચૈતન્યમૂર્તિ આનંદ છું. રાગસહિત પણ હું છું નહીં ત્રણ કાળમાં. રાગ સહિતપણે આત્માને માનવો એટલે વ્યવહાર સહિત જીવને માનવો, એ જ મિથ્યાત્વ ભવનું બીજ છે. આહા! વ્યવહાર કહો કે રાગ કહો કે આસ્રવ કહો. આહાહા! હોય ખરું, એટલે જણાવે છે. નિશ્ચય જ્યાં હોય ત્યાં રાગની એવી મંદતા એના પ્રમાણમાં હોય. વ્યવહાર હોય, પણ એ આશ્રય કરવાલાયક છે અને એનાથી લાભ થાય—બિલકુલ જૂઠી વાત છે. શ્રોતા : કેટલા ટકા?

પૂજ્ય ગુરૂદેવશ્રી : સો ટકા. એ પ્રકાશદાસજી! સોએ સો ટકા જૂઠી. આહાહા!

અહીં કહે છે, અરે મુનિ! આહાહા! ભગવાન! તું તારી પરિણતિમાં પૂર્ણ મુક્તિને માટે સ્થાન રાખ. શુદ્ધ પરિણતિ પ્રગટ કર. એ પૂર્ણ મુક્તિનું સ્થાન–નિવાસગૃહ છે, ત્યાં મુક્તિ થશે. રાગમાં થશે નહીં. આહાહા! વ્યવહાર સમિતિનો અધિકાર ચાલે છે ઇર્યાસમિતિનો, એમાંથી આ નિશ્ચય કાઢ્યું. એ અધિકાર વ્યવહારનો છે જુઓ! છતાં એ વ્યવહાર.. વ્યવહારચારિત્ર કોને કહેવાય? જેને અંતર આનંદસ્વરૂપ ભગવાન, રાગરહિત સ્વરૂપનું ભાન થયું, જ્ઞાન થયું અને રમણતા છે, એને એ રાગની મંદતાની ઇર્યાસમિતિ ને વ્યવહાર કહેવામાં આવે છે. એ માટે આ વાત છે. મોટી ગરબડ વાત મૂળમાં. **મનરૂપી ઘરમાં સુમુક્તિરૂપી સુંદર સ્ત્રી માટે નિવાસગૃહ રાખ.** એટલે કે તું પૂર્ણ આનંદની પ્રાપ્તિની પરિણતિ કર, એમ. આહાહા!

ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન આનંદ એના અનંતમે ભાગે આનંદ પ્રગટ થાય. મુક્તિમાં પણ અનંતમે ભાગે આનંદ પ્રગટ થાય. અનંત-અનંત ગુણો આનંદપણું, ધ્રુવ સત્‌ના સત્વમાં પડ્યું છે. ધ્રુવ સત્‌માં સત્વ–એનો ભાવ અનંત.. અનંત.. અનંત.. અનંત છે. એવા અનંત- અનંત આનંદની દૃષ્ટિ કર, પર્યાયદૃષ્ટિ છોડ, રાગદૃષ્ટિ છોડ, વ્યવહારદૃષ્ટિ છોડ, નિમિત્તદૃષ્ટિ છોડ. આવા સ્વભાવની દૃષ્ટિ કરી, પરિણતિ કરી, સુમુક્તિરૂપી સુંદરી સ્ત્રીનું ઘર–નિવાસગૃહ–એનો ઓરડો રાખ, એટલું રાખ. આહાહા! ઈર્યાસમિતિમાં વ્યવહાર વિકલ્પ ઉઠે એ બંધનું કારણ છે, મુક્તિનું કારણ નથી. આવે ખરો વચ્ચે. આહાહા! ભારે વાતું. હવે ૮૪. ૮૩ થયો.

**निश्चयरूपां समितिं सूते यदि मुक्तिभाग्भवेन्मोक्षः।**
**बत न च लभतेऽपायात् संसारमहार्णवे भ्रमति॥८४॥**

**सूते** એટલે? ઉત્પન્ન કર. દિગંબર મુનિનું કથન તો જુઓ! આહાહા! કેવળીના પેટ ખોલીને મૂક્યા છે. દિગંબર સંતોએ વીતરાગના માર્ગને ખુલ્લો મૂકી દીધો છે.

**શ્લોકાર્થ : જો જીવ નિશ્ચયરૂપ સમિતિને ઉત્પન્ન કરે...** ભાષા દેખો! વ્યવહારચારિત્રનો અધિકાર છે, છતાં એ વ્યવહાર ક્યારે કહેવાય? કે ઓલી નિશ્ચય સમિતિના આનંદની પરિણતિ હોય તો. એ સિદ્ધ કરવા વાત છે. આહાહા! એકલા વ્યવહારને વ્યવહારાભાસ (કહ્યો છે). **જો જીવ નિશ્ચયરૂપ સમિતિને ઉત્પન્ન કરે, તો તે મુક્તિને પામે છે...** નિશ્ચય સમિતિ એટલે પૂર્ણ શુદ્ધ આનંદાદિ અનંત ગુણ.. અનંત ગુણની શુદ્ધપરિણતિ. કેમ કે સમ્યગ્દર્શન થતાં જેટલા ગુણો છે એના બધાનો અંશ વ્યક્ત થાય. સમ્યગ્દર્શનમાં.... નિશ્ચય સમ્યગ્દર્શન એ જ સમ્યગ્દર્શન છે. વ્યવહાર સમ્યગ્દર્શન એ દર્શન નથી, એ તો આરોપિત કથન છે. એ નિશ્ચય સમ્યગ્દર્શનમાં પૂર્ણ અનંત ગુણનો પિંડ પ્રભુ જ્યાં સ્વીકાર, દૃષ્ટિમાં લીધો, આહાહા! જે જ્ઞાનની વર્તમાન પર્યાયે પૂર્ણ પરમાત્માને જ્યાં આદર્યો, સન્મુખ થયો, તો કહે છે કે જેટલા ગુણો છે અનંત-અનંત, એના દરેકના અંશો નિર્મળ વ્યક્ત–પ્રગટ થાય છે, એને સમકિત કહીએ. આહાહા! સમજાણું?

આ તો ચારિત્રની વાત છે અહીં તો. આહાહા! જે આનંદમૂર્તિમાં ચરે છે, રમે છે, આનંદના અમૃતના જેને ભોજન આવે છે... નિત્યાનંદભોજી. આહાહા! મુનિ તો નિત્ય અતીન્દ્રિય આનંદનો ભોજી એટલે અનુભવી છે. આહાહા! રાગનો નહીં. રાગ તો દુઃખ છે. જાણે, વ્યવહાર છે એમ જાણે. એને દુઃખ છે. આહાહા! 'નિત્યાનંદભોજી' બંધ અધિકારમાં આવે છે, સમયસાર. કળશમાં આવે છે. પહેલો કળશ. મંગલિકમાં આવે છે 'નિત્યાનંદભોજી.' આહાહા! શું કહે છે? નિત્ય આનંદનો અનુભવી. ભોજી એટલે નિત્ય આનંદનો ભોગવટો કરનાર. અતીન્દ્રિય આનંદનો અનુભવી એને સમકિતી કહીએ. અને ઘણી જ વિશેષ શાંતિ, આનંદ આદિ શક્તિની વ્યક્તતાનો અનુભવી એને મુનિ કહીએ. આહાહા!

આનંદાદિ અનંત ગુણના... જેટલા ગુણો છે તેટલા બધા ગુણોનો અંશ વ્યક્ત–પર્યાયમાં પ્રગટ થાય, એને અનુભવે એનું નામ સમકિત. અને વિશેષ આનંદ આદિ અનંત ગુણની દશા પ્રગટ થાય એનું નામ ચારિત્ર, એ મુનિ. આહાહા! બાપુ! મુનિ એટલે? નાગા થઈને ફરે ને પંચમહાવ્રતના વિકલ્પનાય ઠેકાણા ન હોય એ મુનિ નહીં. સમજાણું કાંઈ? કહે છે કે નિશ્ચય સમિતિને ઉત્પન્ન કરે. એટલે? ઉત્પન્ન કરે એટલે પર્યાયની વાત લીધીને. વસ્તુ છે એ પૂર્ણ સમિતિરૂપ જ છે. પણ અંદરમાંથી અંતર્મુખ થઈને, જેટલા ગુણો છે તેની પર્યાયમાં, શક્તિમાંથી વ્યક્ત–પ્રગટ દશા કરે એ નિશ્ચય સમિતિ–વીતરાગ પરિણતિ છે. આહાહા!

એવી ઉત્પન્ન જે કરે **તો તે મુક્તિને પામે છે.** એ મોક્ષને પામે છે. ઓલો વ્યવહાર ઇર્યાસમિતિ વચમાં આવે (તેથી) એ મુક્તિને પામે છે એમ નહીં. આવે એ જાણવાલાયક છે. વ્યવહાર હોય છે, જાણવાલાયક છે. પાપ અને પુણ્ય દુઃખરૂપ છે. કોઈપણ પાપ.... પરપદાર્થ દેવ-ગુરુ-શાસ્ત્ર જાણવાલાયક છે. એ વસ્તુ નથી? વ્યવહારનયનો વિષય નથી? પણ જાણવાલાયક છે, આદરવાલાયક નહીં. વ્યવહારનયનો વિષય છે. નય છેને. નય છે એ નય તો વિષયી છે. તેનો વિષય હોયને? નિશ્ચય વિષયી અને એનો વિષય. એમ વ્યવહારનય વિષયી અને એનો વિષય. રાગાદિ વ્યવહારનયનો વિષય છે. ... આશ્રય કરવાલાયક એ નથી, ધર્મસ્વરૂપ નથી. આહાહા! ............ જૈનમતને પ્રવર્તવા ચાહતા હો તો વ્યવહાર-નિશ્ચયને ન છોડો. એટલે વ્યવહાર નથી, વ્યવહાર નથી તો પર્યાયેય નથી, તો મોક્ષમાર્ગેય નથી. મોક્ષમાર્ગ પોતે વ્યવહાર છે.

શ્રોતા : સાધકભાવ ... ધર્મ હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી : સાધક એ વ્યવહાર છે. વ્યવહાર છે, નિશ્ચય નહીં, નિશ્ચય સાધન નહીં. પોતાનું પોતે નિશ્ચય સાધન કરે છે ત્યારે રાગની મંદતાને વ્યવહાર સાધનનો આરોપ અપાય છે. આવી વાત છે. આહાહા!

મુનિ તો કહે છે... અહીં એક .... ભાવની વાત સંભારતા નથી. જ્યારે ચાલે છે ઇર્યા સમિતિ. ઇર્યાનો અર્થ કે પૂર્ણસ્વરૂપ ધ્રુવ ચૈતન્યને જોઈને પરિણમવું એ ઇર્યા. જોઈને ચાલવું એ તો વિકલ્પ છે. ચાલવાની ક્રિયા તો જડની છે, એ સમિતિ નહીં, વ્યવહાર સમિતિ નહીં. વ્યવહાર સમિતિ તો, ઓલો વિકલ્પ ઉઠે છે શુભરાગ બસ એ વ્યવહાર સમિતિ. એ ચાલવાની ક્રિયાની વાત અત્યારે નથી. એ વ્યવહારેય નથી. એ તો જડની પર્યાય છે. પણ ચાલવામાં અશુભભાવ ન થાય અને શુભ થાય એને અહીં વ્યવહારસમિતિ કહે છે. કોને? કે જેને નિશ્ચય સમિતિ આનંદનું પરિણમન હોય એને. આહાહા! આવી શરતું છે.

ભગવાન થવાનો માર્ગ મોંઘો છે. છે સરળ, પણ સમજણમાં નથીને, એને ખ્યાલમાં નથી કે શું છે આ. વસ્તુનું સ્વરૂપ છે એનું માહાત્મ્ય એને આવતું નથી. અને રાગની મંદતા, આ ને આ ને આ જે બાહ્યની પ્રવૃત્તિ એનું માહાત્મ્ય છે. એવી ચીજ છે એમાં આ કરું... અનંત ગુણનો સાહેબો જેમાં અનંતા કેવળજ્ઞાન ને અનંતા આનંદ પડ્યા છે, એવી ચીજ એની અંતર શુદ્ધ પરિણતિ કર, તો તે મુક્તિને પામે. **પરંતુ સમિતિના નાશથી... अपाय** છેને? **न च लभतेऽपायात्...** પણ જેને આવી સમિતિ, શુદ્ધ આનંદનું ધામ એની પરિણતિનો જેને અભાવ છે... અરેરે! ખેદ કરે છે. **बत** છેને? **बत न च लभतेऽपायात्...** ખેદ છે કે તે મોક્ષ પામતા નથી. આહાહા! ભલે એને વ્યવહાર ઇર્યાસમિતિ આદિ હો, પણ નિશ્ચય સમિતિના ભાન વિના, પરિણતિ વિના મુક્તિને પામતા નથી. આહાહા! ભારે કામ ભાઈ!

અરેરે! એ **बत**નું કહ્યુંને. ખેદ... **बत** છેને? **बत... તે મોક્ષ પામતો નથી, પણ સંસારરૂપી મહાસાગરમાં ભમે છે.** આહાહા! આમ અસ્તિ-નાસ્તિ કરી. એ અનેકાંત. જેને, આત્મા પૂર્ણાનંદ પ્રભુ નિર્વિકલ્પ અભેદ એની દૃષ્ટિ ને અનુભવની શુદ્ધ પરિણતિ નથી અને એકલા વ્યવહારના જ પરિણામ જેને છે, એ મુક્તિ પામતા નથી, ઘોર સંસારમાં રખડશે. આહાહા! વ્યવહાર સમિતિનું ફળ સંસાર છે. રાગ છેને. આહાહા! સમકિતીને પણ હોં. આહાહા! જેને આદર નથી, પણ વચમાં વિભાવ આવ્યા વિના રહેતો નથી, છતાં એને ફળ તો બંધ છે. જેટલો રાગ ઉઠે છે એ બધો સંસાર છે, એનું ફળ બંધ છે, બંધનું ફળ સંયોગ છે. સ્વભાવફળ એમાં નથી. આહાહા!

**પણ સંસારરૂપી મહાસાગરમાં ભમે છે**. આહાહા! અરે! તારા ઘરની ખબર તને નહીં, અને પરઘરમાં ભમે, એને તો પરઘર–ચોરાશીના અવતાર.. અવતાર છે. પ્રકાશદાસજી! આહાહા! એક સમયમાં પૂર્ણ પ્રભુ એને જ્યાં હજી જ્ઞેય કરીને સ્વનું જ્ઞાન કર્યું નથી, એવા નિશ્ચયના ભાન વિના, નિશ્ચયની પરિણતિ વિના, એકલો વ્યવહાર ઇર્યા આદિ (કરે), કહે છે કે એ તો સંસાર છે. રાગ પોતે સંસાર છે, એના ફળમાં એકલું બંધન થઈને દેવાદિ ગતિ (થાય એ)

સંસાર છે. આહાહા! એ બે કળશ થયા. ૬૧ ગાથા થઈ. એ ઇર્યાસમિતિની વાત થઈ. હવે ભાષા.. ભાષા સમિતિ.

**पेसुण्णहासकक्कसपरणिंदप्पप्पसंसियं वयणं ।**
**परिचत्ता सपरहिदं भासासमिदी वदंतस्स ॥६२॥**

**નિજસ્તવન, પરનિંદા, પિશુનતા, હાસ્ય, કર્કશ વચનને**
**છોડી સ્વપરહિત જે વદે, ભાષાસમિતિ તેહને. ૬૨.**

આ બીજી સમિતિની વ્યાખ્યા. ભાષા સમિતિ. વ્યવહાર ભાષાસમિતિની વાત છે હોં. વિકલ્પ છે એની વાત છે. વ્યવહાર ભાષાસમિતિ એટલે શુભરાગ-વિકલ્પ. આહાહા!

**ટીકા : અહીં ભાષાસમિતિનું સ્વરૂપ કહ્યું છે. ચાડીખોર માણસના મુખમાંથી નીકળેલાં...** ચાડીખોર માણસ હોય છેને. **અને રાજાના કાનની નિકટ પહોંચેલાં, કોઈ એક પુરુષ, કોઈ એક કુટુંબ કે કોઈ એક ગામમાં...** કોઈ પુરુષની ચાડી કે કોઈ કુટુંબની કે કોઈ ગામની, એમ. **મહા વિપત્તિના કારણભૂત એવાં વચનો તે પૈશૂન્ય છે.** કોઈ એક પુરુષની, કોઈ એક ગામની કે કોઈ એક કુટુંબની વિરુદ્ધ ચાડી કરવી રાજ પાસે કે બીજા પાસે, આહાહા! એ પૈશૂન્ય છે. એને છોડીને... એમ કહે છે. એને છોડીને ભાષાસમિતિ બોલે છે. **पेसुण्णहास.. हास** છે.

**ક્યાંક ક્યારેક**-કોઈ વખતે **કાંઈક પરજનોના વિકૃત રૂપને અવલોકીને...** રૂપ અવલોકીને એવું. કોઈક પુરુષે સ્ત્રીનું રૂપ ધારણ કર્યું, સ્ત્રીએ પુરુષનું ધારણ કર્યું કે કોઈ પુરુષે ઘોડાનું રૂપ ધારણ કર્યું કે હાથીનું રૂપ ધારણ કર્યું. કરે છેને આ. **ક્યાંક, ક્યારેક** અને **કાંઈક પરજનોના વિકૃત રૂપને...** એનું રૂપ હોય એનાથી ફેરફાર દેખીને, **અથવા સાંભળીને હાસ્ય નામના નોકષાયથી ઉત્પન્ન થતું, જરાક શુભ સાથે મિશ્રિત હોવા છતાં અશુભ કર્મનું કારણ** એવા હાસ્યને છોડી દે. આહાહા! એ પૈશૂન્ય-મશ્કરી એવી ન કરે. આહાહા!

એના ..... કુટુંબને કે એના ગામને નુકશાન કરતું હોય એવું હાસ્ય ન કરે. અહો! તમે તો આવો એમ કહી મશ્કરી કરે છેને. લ્યો, આ સાંભળેલી વાત છે. કહેવાય નહીં. એવા માણસો આ બોલે છે.... એક ફેરી રાણપુરમાં જતા હતા વહોરવા. એમાં એક આદમી અને બાઈ બે વચ્ચે એવા ઝઘડા થયા. બાઈ હતી વ્યભિચારિણી અને આ પણ તે કાંઈ.... અને બોલે વચમાં આહા.. સાંભળ્યું ન જાય. એવી ભાષા... અરે! વિચારીને બીજાના સ્વ-પરના હિતવાળી, એમ કીધુંને. એવી ભાષા... ધર્માત્મા મુનિ આત્મજ્ઞાની ધ્યાનીને ભાષાસમિતિમાં આવી ભાષા ન હોય, સમજાણું કાંઈ? સત્યાનાશ થઈ જશે તારું, અમારું આમ કરીશ તો. અમારો અનાદર કરીશ નહીં. એવી વાણી....

શ્રોતા : મુનિ ક્યાં ચાડી કરવા જાય રાજા પાસે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ક્યાંય જાય જ નહીં. પણ આ ..... છેને. જાય નહીં, એ રાજ પાસે જાય નહીં. .... માટે કહે છે કે એવાને નુકશાન થાય એવું તું બોલીશ નહીં, એમ. જાવાની વાત અહીં નથી. પૈશૂન્ય એવું તારે એમ ન બોલવું. ગામને, પુરૂષને, કુટુંબને હાસ્ય, મશ્કરીમાં નુકશાન થાય એવું કામ તારે ન કરવું. બધાને માટે છે. આહાહા! આ તો ન કરવાની વાત છે. આવું કરવું એ પ્રશ્ન ક્યાં છે? આ તો એની વ્યાખ્યા બતાવે છે. કે હાસ્ય કોને કહેવું? આવું હાસ્યનું વચન ધર્માત્મા ન બોલે. સમજાણું કાંઈ?

એક વાત છે. એક દેવધરિયા હરિજનને વાણિયો પરણેલો. હરિજન.. હરિજન બાઈ. એ ગૃહસ્થ માણસ હતો. એમાં એક એના ગામનો હરિજન લાકડા વેચવા આવ્યો એને ઘરે. વાણિયો હરિજનને પરણેલો. કોઈક હરિજનને 'વાણિયા છે' એમ કહીને પરણાવી દીધેલી. બીજાને એમ કે આ વાણિયા છે. ઓલાને કન્યા મળતી નહોતી. પરણ્યો. લૂગડાં-બૂગડાં સારા પહેરાવ્યા. એમાં એના ગામનો હરિજન લાકડા વેચવા આવ્યો. એ એનો વાંધો ઉઠ્યો જરીક લાકડા લેવા-દેવામાં. ત્યાં ઓલી બાઈ કહે, આ તો મારા ગામનો. આ હરિજન મારા ગામનો છે. ...... લાકડામાં વાંધા ઉઠ્યા. તારા આઠ આના મૂકી જા એમ કાંઈક વાત....

એ બાઈને ત્રાસ થયો. આ તો મારા ગામની ઢેઢડી છે (એમ) કહી દેશે હમણાં તો. ત્યારે ઓલો કહે, બેન! અલોગે નહીં કહું હોં. અલોગે એટલે જે રીત છે એનાથી વિરુદ્ધ નહીં કહું હોં. એટલું બોલ્યું. આહાહા! એટલે ઓલો સમજી ગયો. બેન! મારે તો પૈસાના વાંધા ઉઠ્યા એટલી વાત છે. અલોકે એટલે બીજે અન્યાય વાત કરીને આમાં બોલીશ નહીં. એ બાઈને એમ ખ્યાલ આવ્યો કે હરિજન છે ને મારા ગામનો છે. પણ .... વાણીયાને પરણાવી છે. અલોગે... અલોગે સમજ્યાને? કલોગે... કલોગે નહીં બોલું. જે રીત હશે એ પ્રમાણે કહીશ. એણે એમ કીધું. આહાહા! એમ હાસ્ય ને મશ્કરીના પૈશૂન્યના વચનો પૈશૂન્યના ધર્માત્મા બોલે નહીં. જેને નિશ્ચય સમિતિ હોય એને આવી વ્યવહાર સમિતિ હોય છે, એટલું અહીંયા વર્ણન કરે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**જ્યેષ્ઠ વદ ૨, બુધવાર, તા. ૨૮-૬-૧૯૭૨**
**ગાથા-૬૨, શ્લોક-૮૫ પ્રવચન નં. ૫૭**

આ નિયમસાર, વ્યવહાર ચારિત્ર અધિકાર. વ્યવહાર ભાષાસમિતિનું ચાલે છે. અહીં સુધી આવ્યું હતું. હાસ્યવાળું વચન ન બોલે. મુનિને હાસ્યવાળું વચન ભાષાસમિતિમાં હોઈ શકે નહીં. **કાનના છિદ્રની નજીક પહોંચવામાત્રથી જે બીજાઓને અપ્રીતિ ઉપજાવે છે તે કર્કશ વચનો છે.** એવા શબ્દો પણ ધર્મી, મુનિ ધર્માત્મા બોલે નહીં. ભાષાની વાત નથી, એવો એનો વિકલ્પ ન હોય, ભાવ એવો ન હોય. ભાષા તો ભાષાને કારણે નીકળે છે. ભાષા કાંઈ આત્મા કરતો નથી. એમાં બોલવાનો જે ભાવ છે એમાં આવો કર્કશભાવ હોય નહીં.

**બીજાનાં વિદ્યમાન-અવિદ્યમાન દૂષણપૂર્વકનાં વચનો...** બીજાના હોવાવાળા અવગુણો કે ન હોવાવાળા અવગુણો... **(અર્થાત્ પરના સાચા તેમ જ જૂઠા દોષો કહેનારાં વચનો) તે પરનિંદા છે.** એવા વચનો બોલવાના ભાવ એને હોય નહીં. **પોતાના વિદ્યમાન-અવિદ્યમાન ગુણોની સ્તુતિ...** પોતાના પણ ગુણો છે હયાતીવાળા કે નથી એની સ્તુતિ તે આત્મપ્રશંસા. એવી વાણી મુનિ બોલે નહીં.

શ્રોતા : મુનિ તો ન બોલે, શ્રાવક બોલે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : શ્રાવકેય બોલે નહીં. એને દ્વેષ... હોય નહીં એવું. પરમસત્ય એવો ભગવાન આત્મા... સાચી સમિતિનું નિશ્ચયસ્વરૂપ તો એ છેને. મુનિ છેને એ.

**આ બધા પ્રશસ્ત વચનો પરિત્યાગીને સ્વ તેમજ પરને શુભ ને શુદ્ધ પરિણતિના કારણભૂત વચનો તે ભાષાસમિતિ છે.** ભાષા જુઓ! વ્યવહાર-નિશ્ચય નાખ્યું. એવી સમિતિ હોય જે પોતાને પણ શુદ્ધ પરિણતિ.... નિશ્ચય ભાષાસમિતિ તો એને કહીએ કે જે પરમ જ્ઞાનાદિ અનંત ગુણ જે છે... એનું આવી ગયુંને. સંહતિ–મિલન. અનંત ગુણો, ત્રણ કાળના સમયથી પણ અનંત ગુણો છે આત્મામાં. ત્રણ કાળના સમય એનાથી પણ અનંતાનંત ગુણા ગુણ આત્મામાં છે. જ્ઞાન, દર્શન આનંદાદિ એવા અનંતાનંત ગુણો એનું અંદર એકાગ્ર થવું–સંમેલન એનું નામ નિશ્ચય સત્ય ભાષાસમિતિ છે. સત્ય જે વસ્તુ છે, આવા જે અનંત ગુણો સત્‌રૂપે છે, એવા અનંત ગુણોની સત્યતા, એની અંતરની પર્યાયમાં ગુણોની એકતા એ નિશ્ચય ભાષાસમિતિ છે. આહાહા! એવા નિશ્ચય ભાષાસમિતિવાળાને આવો શુભભાવ હોય એને વ્યવહાર સમિતિ કહે છે. આમ વાત છે. વસ્તુસ્થિતિ જ આવી છે.

કહે છે કે **સ્વ તેમ જ પરને શુભ ને શુદ્ધ પરિણતિના કારણભૂત...** દેખો ભાષા! બીજાને પણ શુદ્ધ પરિણતિ થાય તેવી ભાષા એની હોય, કરે એ ભલે. અને એને શુભભાવ થાય એવા વચનો એના હોય. જણાવવામાં છેને. બહુ ઝીણું. પોતાનો આત્મા અનંત જ્ઞાનાદિ ગુણો

સંખ્યાએ જે છે, એની અનંત ગુણની વર્તમાન પર્યાય જે છે, એ પોતાના ગુણ સાથે એકત્વ–મિલન થાય એનું નામ સત્યસ્વરૂપ આત્માનું. એની અનંત ગુણની સત્યતાની એક સમયની પર્યાય અનંત ગુણની સાથે એકત્વ થાય તે પરમ સત્ય ભાષાસમિતિ છે. એ વ્યાખ્યા છે. એવું ઝીણું ... છે. વીતરાગ તત્ત્વ એવું છે કે લોકોને ખ્યાલ આવવું મુશ્કેલ પડે એવું છે.

જુઓને! જેનો એક વિકલ્પ જે છે એ પોતે પોતાને જાણતું નથી, પરને જાણતું નથી, પર વડે જણાય. એવા વિકલ્પ દ્વારા સ્વરૂપની એકાગ્રતા ન થાય. એની જ્ઞાનની એક સમયની પર્યાય, ચાહે તો મતિ હો કે શ્રુતની પર્યાય હોય... સમ્યક્ મતિ-શ્રુતની એક સમયની પર્યાય, એવી અનંતી એક સમયમાં પર્યાય હોય છે, એ એક સમયની પર્યાયથી–મતિની પર્યાયથી પોતાની બીજી વર્તમાન પર્યાયો અનંત ગુણી હોય છે. એ અનંતગુણી પર્યાયને, એક સમયની (જ્ઞાનની) પર્યાય એ અનંતી ગુણપર્યાયને જાણે, એક સમયની પર્યાય એવા અનંત ગુણો જે છે એમાં એકાગ્ર થઈને એને જાણે. આહાહા! ઝીણી વાત છે ભાઈ! વીતરાગમાર્ગ એટલો સૂક્ષ્મ ને ઝીણો છે. લોકોએ એને સ્થૂળ કરીને મૂક્યો છે. એવું સ્વરૂપ નથી. એક સમયમાં મતિ-શ્રુતજ્ઞાનનું સત્યપણું, અનંત-અનંત ગુણો જે ત્રણ કાળના સમયથી અનંતગુણા ગુણો છે એની સાથે પર્યાયની એકતા થાય એ નિશ્ચય સત્યની સમિતિ કહેવામાં આવે છે. સમજમેં આયા?

નિશ્ચય–સત્ય ભાષાસમિતિ છેને આ. એક દ્રવ્ય અને અનંતા-અનંતા ગુણો, ત્રણ કાળના સમયથી અનંતગુણા ગુણો.. ઓહોહો! એક સમયની જ્ઞાનની પર્યાય એ અનંત ગુણમાં એકત્વ થઈને જાણે, એ સમયની પર્યાયની સત્યતા કેટલી મોટી! સમજાણું કાંઈ આમાં? શાંતિભાઈ! આ ઝીણો માર્ગ છે. ત્યાં ઢસરડો (કરો) એવો માર્ગ નથી. સત્ એવો જે ભગવાન આત્મા એમાં ત્રણ કાળના સમયથી અનંતગુણા ગુણો સત્‌રૂપે છે. એવા અનંતા-અનંતા ગુણોને એક સમયની પર્યાય... આહાહા! ગજબ વાત છે! એ પર્યાય એક સમયની, ત્રણ કાળના સમયથી અનંતગુણા ગુણો સાથે પર્યાયમાં એકત્વ થાય એને સત્યસમિતિ કહેવામાં આવે છે. આહાહા!

પોતાના અનંત-અનંત ગુણો સતરૂપે છે, એનો સ્વીકાર વિકલ્પ દ્વારા થઈ શકે નહીં. કારણ કે વિકલ્પ જાણનાર નથી. સમજાણું કાંઈ? વિકલ્પ હો શુભરાગ, એનામાં જાણવાની તાકાત નથી. જાણવાની તાકાત તો જ્ઞાનની પર્યાયની છે. એ પર્યાય આટલા મોટા સત્‌નો સ્વીકાર કરી, એને જાણી અને એ પર્યાય, પોતાના અનંત ગુણો છે એમાં એક આટલી પર્યાય એકત્વને પામે. એવી અનંત ગુણની એક સમયની પર્યાય છે એ ગુણમાં એકત્વને પામે એને સત્યસમિતિ કહે છે. એ શુદ્ધ ને શુભની પરિણતિના કારણભૂત વચનો એમાં હોય, એમ કહે છે જુઓ! એવો વ્યવહાર છે. વિકલ્પમાં પણ એ હોય.

અશુભની અહીં વાત કરવી નહીં. નિશ્ચય ને વ્યવહાર બે બતાવવા છેને. નિશ્ચય શુદ્ધ પરિણતિ આવી અનંત-અનંત ગુણમાં સત્‌પણામાં સત્‌ની શુદ્ધ પરિણતિપણે પરિણમે એ નિશ્ચય અને વિકલ્પથી આવું કર્કશ આદિનું બોલે નહીં એવો શુભવિકલ્પ એ વ્યવહાર સમિતિ.

પણ આવી નિશ્ચય સમિતિ હોય એને હોય આ વ્યવહાર. એકલો વ્યવહાર-વ્યવહાર, આ નિશ્ચયના ભાન વિનાનો વ્યવહાર એ વ્યવહાર જ નથી. આહાહા! સમજાણું કાંઈ?

પોતે અર્થ કર્યો છેને. આવી ગયુંને ભાઈ જુઓ! પરમધર્મો, નહીં? સંલગ્ન. **સહજ પરમ જ્ઞાનાદિ પરમધર્મોની સંહતિ**. આવી ગયું છેને. પાનું ૧૧૯. એમાં એ કહેવામાં આવ્યું. આ પાંચે સમિતિનું સ્વરૂપ છેને. સંહતિ–મિલન–સંગઠન. આમ તૂટતું હતું રાગમાં, એનું સંગઠન કર્યું. એક સમયની પર્યાયે અથવા અનંતી પર્યાયે ગુણ સાથે આમ એકત્વ–સંગઠન કર્યું. પરમ સત્યસ્વરૂપ જે અનંત ગુણો એની સાથે અનંતી વર્તમાન પર્યાયે સંગઠન કર્યું, એનું નામ નિશ્ચય સત્યસમિતિ છે. એની તો ખબરેય ન મળે ને આ બોલ્યા ભાષા ને સમિતિ પાળીએ છીએ, એમાં સંવર છે. ધૂળમાંય નથી. સમજાય છે કાંઈ?

શુદ્ધપરિણતિ ને શુભપરિણતિના કારણભૂત... બે ભાષા લીધી છેને. પોતાને પણ શુદ્ધ પરિણતિ આવવી ને વિકલ્પ શુભ, બીજાને પણ શુદ્ધ પરિણતિ સહિત શુભ આવું હોય, એવું એ વચન એને હોય એમ કહે છે. **આ બધા અપ્રશસ્ત વચનોને પરિત્યાગીને સ્વ તેમજ પરને શુભ ને શુદ્ધ પરિણતિના નિમિત્તભૂત કારણરૂપ વચનો તે ભાષાસમિતિ છે**. વચન તો જડ છે, પણ એની પરિણતિનો શુભભાવ અને શુદ્ધભાવ એને સમિતિ કહેવામાં આવે છે.

**એવી રીતે (આચાર્યવર) શ્રી ગુણભદ્રસ્વામીએ (આત્માનુશાસનમાં ૨૨૬મા શ્લોક દ્વારા) કહ્યાં છે કે :—**

**समधिगतसमस्ताः सर्वसावद्यदूराः**
**स्वहितनिहितचित्ताः शांतसर्वप्रचाराः ।**
**स्वपरसफलजल्पाः सर्वसंकल्पमुक्ताः**
**कथमिह न विमुक्तेर्भाजनं ते विमुक्ताः ॥**

આહાહા! ત્રણ કાળથી પણ જ્યાં અનંતગુણા ગુણો.. આહાહા! ગજબ વાત છેને! એક જીવદ્રવ્યમાં હોં. કાળ નાનો થઈ ગયો અને ગુણ થઈ ગયા મોટા. ત્રણ કાળ તો ક્યાંય અનંતા ગુણોને અનંતમે ભાગે. આહાહા! એવો પરમસત્ય પ્રભુ જેણે પોતાની પર્યાયમાં.. **શ્લોકાર્થ : જેમણે બધું (વસ્તુસ્વરૂપ) જાણી લીધું છે...** આવું જેણે જ્ઞાનમાં જાણી લીધું છે. સમજાણું? તે દિ' ૭૨માં ચર્ચા થઈ હતી, ૭૨ની સાલમાં. ઓલો પ્રશ્ન ચાલતો હતો સુંદરવળાના ઉપાશ્રયે. મોહનલાલજી ને બધા હતા. પછી કહે, અનંતા જીવમાં દરેક જીવે દરેક ભવ અનંતા કર્યા. કીધું, એ વાત બેસતી નથી. આ ૭૨ના વૈશાખની વાત છે. કારણ કે એક જીવ એક સમયનો એક ભવ કરે, એવા (અસંખ્ય) એક દિ'માં કરે તોય થઈ શકે નહીં. ઝીણું છે. આ રાત્રે આવ્યું હતું.

આપણે આવ્યું હતુંને આમાં. 'શ્રુતપરિચિત અનુભૂતા.' સર્વ જીવોએ બંધકથા સાંભળી છે, કરી છે, એમ વેદવામાં આવી છે. જોજોને ક્યાં આવી? રાગ કરવો અને રાગને વેદવો એવી

વાત બધા જીવોએ જાણી છે, સાંભળી છે. હવે બધા જીવોએ સાંભળી, એવું લખ્યું છે પાઠમાં. નિગોદના જીવો જે હજી ત્રસેય થયા નથી, એણે સાંભળી છે એમ અહીં તો કહ્યું છે. ભાઈ! આવે છેને ચોથી ગાથામાં. સમસ્ત જીવોએ રાગ-વિકલ્પ છે, રાગ કરવો અને ભોગવવો એવી વાત તો અજ્ઞાનીએ-બધા જીવોએ અનંતવાર સાંભળી છે. નિગોદના બધા જીવોમાં હજી કેટલાક ત્રસ પણ થયા નથી. ઝીણી વાત છે. આહાહા! સમજાણું કાંઈ?

પાઠ એવો છે ચોથી ગાથાનો કે બધા જીવોએ રાગ કરવો ને રાગ ભોગવવો એ અનંતવાર સાંભળ્યું છે. એવો પાઠ ચોથી ગાથાનો છે. હવે રાગ કરવો ને રાગ ભોગવવો એ બધા જીવે સાંભળ્યું છે એમ કહ્યું. પાઠ તો એમ છે. પણ નિગોદના (કેટલાક) જીવો અનંતકાળમાં હજી ત્રસ પણ થયા નથી. છતાં પાઠ તો ત્યાં એ લીધો છે. બધા જીવોએ રાગ કરવો અને ભોગવવો એ અજ્ઞાનની વાતું તો અનંતવાર સાંભળી છે. એકેન્દ્રિયે ક્યાં સાંભળી છે? પણ એને રાગનું એકત્વ પરિણમન છે એ જ એનું સાંભળવું, પરિચય ને અનુભવ છે. ઝીણી વાત છે ભાઈ! ભગવાનનો માર્ગ એવો ઝીણો છે.

ચોથી ગાથામાં એમ લીધું છે કે સમસ્ત જીવોએ રાગનો ભાવ-વિભાવ-વિકલ્પ, પછી શુભ કે અશુભ (હોય)... એકેન્દ્રિયમાં પણ શુભ ને અશુભ નિરંતર થયા કરે છે. શું કીધું? નિગોદના જીવ જે છે અનંતા જે હજી ત્રસેય થયા નથી, એ જીવને ક્ષણમાં શુભ, બીજી ક્ષણે અશુભ, ત્રીજે શુભ, (પછી) અશુભ એમ નિરંતર થાય છે. તો એ શુભ-અશુભભાવનો રાગનું એણે સાંભળ્યું છે એમ ભગવાને અહીં કહ્યું. એનો અર્થ કે એનું વેદન છે. એટલે સાંભળવાનું ફળ જે રાગનું વેદન છે એટલે એણે રાગની કથા સાંભળી છે. પણ રાગથી ભિન્નની કથા સાંભળી નથી. સમજાણું કાંઈ? આહાહા! આ તો માર્ગ.. બાપા! આહાહા!

આ તો ભાષાસમિતિ ચાલે છેને. સત્યભાષા તો એને કહીએ કે જે એક આત્મામાં અનંત ગુણો સત્‌પણે છે... કેટલા અનંત ગુણો? કે જે ત્રણ કાળના સમયથી અનંતગુણા સત્‌પણે છે. ત્રણ કાળના સમય... એક સેકંડમાં અસંખ્ય સમય જાય. એવા ત્રણ કાળના સમયથી અનંત ગુણો એક જીવમાં સંખ્યાએ સત્‌પણે છે. સમજાણું કાંઈ? એવા અનંત ગુણના સત્‌ને, જ્ઞાનની એક સમયની પર્યાય જે સત્‌ છે એ એને સ્વીકારે છે. એટલે કે અનંતા-અનંતા ગુણો, ત્રણ કાળના સમયથી અનંતગુણા ગુણ એક સમયમાં એને એક સમયની પર્યાય (જાણે, કે) જે ત્રણ કાળના સમયથી અનંતમા ભાગનો એક સમયનો પર્યાય છે. (ત્રણ કાળના સમયથી) અનંતમા ભાગનો એક સમય, એ અનંતગુણા—જે ત્રણ કાળના સમયથી અનંતગુણા—ગુણો સત્‌રૂપે છે ભગવાનના..... એનો એ સ્વીકાર કરીને એકાગ્ર થાય છે એને નિશ્ચયસમિતિ કહીએ. પંડિતજી!

આવી નિશ્ચયસમિતિ જ્યાં હોય, ત્યાં વિકલ્પ ઉઠે વ્યવહારનો, એને વ્યવહારસમિતિ કહે છે. ચાલવું-ચાલવું નહીં. ચાલવાનું તો ઓલામાં નથી. ઓલામાં પણ ચાલવાનું નથી. ફક્ત આમ દુઃખ ન થાય એવો વિકલ્પ છે. ચાલવાની ગતિ જડની છે. ચાલવાની ક્રિયા તો જડની છે, એ તો વ્યવહાર સમિતિ પણ નહીં. સમિતિ કાંઈ જડમાં ન હોય. આહાહા! આ તો આકરું બાપા! પરમસત્ય, એવો પરમસત્ય પ્રભુ, વર્તમાન જ્ઞાનનો અંશ જે સત્ય છે સમ્યક્-સત્ય... સમ્યકની વાત છેને અહીંયા. એવો એક સમયનો મતિ-શ્રુતનો પણ પર્યાય, એ સમયની એક પર્યાય કરતાં અનંતગુણા ગુણો જે સત્‌રૂપે છે એમાં એકત્વ થાય, પરમસત્યમાં એકત્વ થાય, એને અહીંયા સત્ય ભાષાસમિતિ કહેવામાં આવે છે. ... ભલે ન હોય, પણ ભાષાનું ફળ જે છે... જેમ ઓલામાં સાંભળી નથી રાગની કથા એકેન્દ્રિયે, પણ રાગનું વેદન છે માટે સાંભળ્યું છે એમ કહે છે. ભાઈ! એમ અહીં ભાષા બોલવાની વાત નથી, ભાવની વાત છે.

એક સમયમાં ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ... આહાહા! ત્રણ કાળથી અનંતગુણા ગુણો કોને કહે? આહાહા! ત્રણ કાળના સમયથી અનંતમા ભાગનો એક સમયનો પર્યાય... એક સમયની છેને એ? ઓલા ત્રણ કાળ છે એનાથી એક સમયનો પર્યાય અનંતમા ભાગનો કાળ અને ઓલા ત્રણ કાળ છે એનાથી અનંતગુણા ગુણો. એમ એક સમયનો પર્યાય અનંતા ગુણોને સ્વીકારીને એકાગ્ર થાય. આહાહા! એ શાંતિભાઈ! આવું કોઈ દિ' સાંભળ્યુંય નહીં હોય વીતરાગ શું કહે છે. મૂળ મૂકીને બધા ઉપરથી વાતું કરે. આહાહા! અહીંયા ભગવાન ત્રણ લોકના નાથની વાણીમાં નિશ્ચયસમિતિ આ રીતે આવી છે. છેને? જેમણે બધું વસ્તુનું સ્વરૂપ જાણી લીધું છે. એના જ્ઞાનમાં આ રીતે બધું જાણવામાં આવ્યું છે. આહાહા! સમજાય છે કાંઈ? આહાહા!

ઓલો એક પ્રશ્ન હતો ૭૨માં. પ્રશ્ન ચાલ્યો હતો ૭૨માં. ૫૬ વર્ષ થયા. દરેક જીવે દરેક ભવ અનંતા કર્યા. કીધું, એવી વાત બેસતી નથી આપણને. ૭૨ની વાત છે. એય! તમારા સુંદરવળાના ઉપાશ્રયે. તમે દરિયાપરી (ઉપાશ્રયે). સુંદરવળાનો ઉપાશ્રય છેને, ત્યાં આ ચર્ચા ચાલી હતી ૭૨ના વૈશાખ મહિને. ત્યારે કીધું કે જુઓ! જીવ અનંતા છે એ એક (સમયનો) એક ભવ કરે તોય છ મહિનામાં અનંતા ભવ એક ન કરી શકે. ભાઈ! આ પ્રશ્ન મૂક્યો હતો એ વખતે. છ મહિનામાં... જેટલા ભવ છે તેટલા ભવ એક ન કરી શકે. ઝીણું થોડું છે. મોહનલાલજી ને હતા. જોયા નહોતા તમે? મોહનલાલજી ને મણીલાલજી. આવી તો ગયા છે બે-ત્રણ વાર. નથી જોયા મોહનલાલજી? ગુજરી ગયાને. એના ગુરુ મણીલાલજી, કેશવલાલજી. એની સાથે આ ચર્ચા ચાલી હતી મોટી. ૭૨ની વાત છે, વૈશાખ સુદ...

આ વાત આપણને બેસતી નથી. મગજમાં આવવી જોઈએને વાત. એમને એમ માની લેવું.... કારણ કે અનંતા જીવોની સંખ્યા કેટલી? જુઓ! આપણે ભાઈએ પ્રશ્ન કર્યો હતો... કે છ

મહિના ને આઠ સમયમાં છસો ને આઠ જીવ મુક્તિ પામે. તો ભૂતકાળમાં જેટલા સિદ્ધ થયા એથી અનંતગુણા તો જીવ છે. શું કીધું? છ મહિના ને આઠ સમયમાં છસો ને આઠ મુક્તિ પામે એવો ભગવાનનો લેખ છે. તો અત્યાર સુધી સિદ્ધ થયા, છ મહિના આઠ સમયમાં ૬૦૮, છ મહિના આઠ સમયમાં ૬૦૮. તો એ (સિદ્ધની) સંખ્યા તો અનંતગુણા જીવ છે એને અનંતમે ભાગે રહે. ભૂતકાળમાં એવા જીવો અનંતમા ભાગે થયા.

છ-છ મહિનાનો એક ભવ કરો એક જીવનો, તો અનંતા-અનંતા જીવો છે એ અનંત ભવ કરી શકે જ નહીં. થોડી ઝીણી વાત છે. કારણ કે અનંત-અનંત જીવ એક ભવ છ મહિનાનો કરે તો એ ઓલા જીવોની સંખ્યા કરતાં આ અસંખ્યગુણો સમય થઈ ગયો. એટલો સમય તો છે નહીં. ઝીણી વાત છે. સમય કરતાં જીવની સંખ્યા થોડી. જીવની સંખ્યા ભલે ... એ પ્રશ્ન નહોતો તે દિ'. દરેક જીવે અનંત ભવ કર્યા, તો એ કઈ રીતે કરે? દાખલો આપ્યો છ મહિનાનો ચૌઇન્દ્રિયનો. ચૌઇન્દ્રિયનું છ મહિનાનું આયુષ્ય હોય છે. એ તો છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ જાય. એ તો સદાય જાય. એ પ્રશ્ન નથી.

અહીં તો છ મહિનાનો એક ભવ કરે ચૌન્દ્રિયનો. ઓલા છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ ગયા. તો અહીંયા છ મહીનાનો એક ભવ કરે તો પણ અનંતા-અનંતા જીવ એક ભવ કરી શકે જ નહીં. ઝીણી વાત છે. ગણતરીનો વિષય છે આ. એ તો અનંતાનંત ભવ કર્યા એમ જે કહેવામાં આવે, એ તો એની મિથ્યાત્વની શક્તિ છે એથી અનંતા ભવ કર્યા એમ વ્યવહારે કહેવામાં આવે. બાકી તો જેટલા જીવની સંખ્યા છે એના અનંતમા ભાગના જીવોએ અનંતા-અનંતા ભવ કર્યા છે. બાકી તો નિગોદમાં જ એમને એમ પડ્યા છે. પડ્યા જ છે સદાય. એ ચીજ જ એવી છે. આહાહા! (આ ત્રણ લોકમાં કોઈ એક સમયે દરેક જીવે દરેક ભવ (-બધી જ યોનિમાં જન્મ-મરણ) અનંત વાર કર્યા હોય એમ બને નહીં, કેમ કે ૬ મહિના ને ૮ સમયમાં ૬૦૮ જીવ નિત્ય નિગોદમાંથી બહાર નીકળે છે તો તેમણે બધા જ પ્રકારના ભવ અનંત વાર કર્યા હોય એ શક્ય નથી.—આ પ્રકારે કહેવાનો આશય પૂજ્ય ગુરૂદેવશ્રીનો હોય એમ લાગે છે).

અહીં તો બીજું કહેવું છે પાછું. એવા ત્રણ કાળના સમયથી પણ જે અનંત જીવો છે એ અનંત ભવ કરી શકે નહીં. એટલી જે જીવની સંખ્યા છે એથી પણ અનંતગુણા એમાં ગુણો છે. ભાઈ! એવા અનંત જીવ ને એક-એક જીવમાં અનંતગુણા ગુણ. એવા અનંત ગુણમાં જેની વર્તમાન પર્યાયની સત્યતા અંતર સ્વીકારીને એકાગ્ર થાય એને નિશ્ચયસમિતિ, ધર્મસમિતિ, શુદ્ધપરિણતિની સમિતિ કહેવામાં આવે છે. ભારે કામ. ગિરધરભાઈ! આ વેપારીને મુશ્કેલ પડે આ બધું ગણતરી. એ અહીં કીધુંને. જુઓને! જેમણે બધું (વસ્તુ)સ્વરૂપ જાણી લીધું છે.

**જેઓ સર્વ સાવદ્યથી દૂર છે...** આહાહા! જેની જ્ઞાનની પર્યાયમાં સમકિતી ને મુનિને... આટલા અનંતા-અનંતા ગુણો જે ત્રણ કાળથી પણ અનંતગુણા ગુણો (છે એમ) જેણે એક

સમયમાં પર્યાયમાં જાણી લીધા. આહાહા! ત્રણ કાળને અને એનાથી અનંતગુણા એક જીવના ગુણો એને સમ્યગ્દૃષ્ટિએ એક સમયની પર્યાયમાં જાણી લીધા છે. આ તો મતિ-શ્રુત ચોથાની વાત છે, આ તો ચોથા ગુણસ્થાનની વાત છે. આખાને જાણ્યો એમાં અનંતા ગુણો આવી ગયા ભેગા સમ્યગ્દર્શનમાં. સમ્યગ્દર્શન છેને, સત્યદર્શન છેને. સમ્યગ્દર્શન એટલે સત્યદર્શન, પ્રશસ્તદર્શન, પ્રશંસનીય દર્શન. એ પ્રશંસનીય દર્શન એટલે શું? એ કાંઈ એમ નહીં કે આ દેવ-ગુરુ-ધર્મ સાચા છે, ભગવાન કહે એ સાચું. એમ નહીં. એ તો વિકલ્પ છે, રાગ છે.

અને આવા જે અનંતા ગુણો (કે જે) ત્રણ કાળના સમયનો અંત નથી એનાથી અનંતગુણા છે. અરે! એની સન્મુખતાની પર્યાય વિકલ્પવાળી હોય જ નહીં. ભાઈ! શું કહું છું એ સમજાય છે? આહાહા! વિકલ્પવાળી હોય નહીં, એ પર્યાય તો નિર્વિકલ્પ ને અનંત સામર્થ્યવાળી હોય છે. પરમસત્ય પરમાત્મા આવો ભગવાન એક પોતે હોં. એવા અનંત-અનંત ગુણો જે સત્‌રૂપે પ્રભુ બિરાજે છે, એવું સત્‌નું સ્વરૂપ છે એમાં વર્તમાન જ્ઞાનની પર્યાય, શ્રદ્ધાની પર્યાય અંતરમાં એકાગ્ર થઈ છે એ નિર્વિકલ્પ થઈને થાય છે. રાગવાળી પર્યાય અંતર એકાગ્ર થઈ શકે નહીં. કારણ કે રાગમાં જાણવાની તાકાત નથી. માટે 'બધું જાણે' એમ કીધું છે. જાણવાની તાકાત તો એની મતિ અને શ્રુતની પર્યાયમાં છે. ચોથા ગુણસ્થાનની વાત છે હોં. છઠ્ઠે વિશેષ... એ જાણવામાં લેશે. સ્થિરતા ત્યાં વધારે છે. ચોથે સ્થિરતા ઓછી છે, પણ જાણવામાં ફેર નથી. આહાહા! સમજાય છે કાંઈ? ઝીણું પડે, પણ માર્ગ એવો છે ભગવાન! આહાહા!

આમ આખો એક સમયમાં પ્રભુ, કહે છે કે (બાહ્ય)સમિતિ ને પર ઉપરનું લક્ષ છોડીને પરમ સત્યસ્વભાવ તરફ આમ આવે છે, ત્યારે એની પર્યાયની તાકાત અનંતી છે, ચોથે ગુણસ્થાને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન ને શ્રદ્ધાની પર્યાય અનંતગુણી તાકાતવાળી હોય છે. કેમકે ત્રણ કાળના સમયથી અનંત ગુણા ગુણોને સ્વીકારીને એ એકાગ્ર થઈ છે. આહાહા! વાત તો આવી છે બાપુ! સમ્યગ્દર્શન કોઈ સાધારણ નથી, લોકો માને એવી ચીજ નથી. સમ્યક્ એટલે સત્ય, સમ્યક્ એટલે સત્યદર્શન. સત્ય એવું જે ભગવાન આત્માનું પૂર્ણ સ્વરૂપ, અનંત-અનંત ગુણો જે ત્રણ કાળના સમયથી અનંતગુણા છે એવા પરમ સત્યરૂપે... સત્‌રૂપે છેને, ધ્રુવ છેને.

'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્' અને 'સત્-દ્રવ્યલક્ષણં'. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય. ધ્રુવમાં જે અનંતા ગુણો છે, આહાહા! એને ઉત્પાદ-વ્યયની પર્યાય સ્વીકારે છે. પર્યાય સ્વીકારેને. ધ્રુવ તો છે એ છે. એ ઉત્પાદ-વ્યયની પર્યાય પણ સત્ અને ધ્રુવ પણ સત્. ત્રણેય સત્. એમ આ સત્ ઉત્પાદની પર્યાય સત્ ક્યારે થઈ યથાર્થ? કે ત્રિકાળી અનંત ગુણોનો પિંડ પ્રભુ, જે ત્રણ કાળથી અનંતગુણા ગુણો છે એને એક સમયનો પર્યાય, કાળ એક સમયનો, એને આખાને ગળી ગયો. આવા આખા તત્ત્વને અંદર પ્રતીતમાં લઈ લીધો છે. આહાહા! સમજાણું કાંઈ?

એવી મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય ત્રિકાળ અનંત ગુણોમાં એકાગ્ર થઈ એનું નામ સમિતિ કહેવામાં આવે છે. કહો, શાંતિભાઈ! આવી વાત સાંભળી હોય નહીં ને માર્ગ આમ જોઈને ચાલવું, ફલાણું કરવું. ધૂળેય નથી. જોઈને ચાલે કોણ? સાંભળને! ચાલવાની પર્યાય તો જડની પર્યાય છે. એ તો જડનો, આમ આમ થવું એ તો જડનો ઉત્પાદ છે. આત્માનો ક્યાં છે? એમાં શુભવિકલ્પ આવે કે કોઈને દુઃખ ન થાય એમ ચાલવું, એ વિકલ્પ શુભરાગ, પુણ્યનું કારણ છે. પણ એ કોને? કે જેને આવી નિશ્ચયસમિતિ પ્રગટી છે એને. સમજાણું કાંઈ? આહાહા!

અપાર.. કંઈક એક આંકડો લખ્યો હતો તે દિ'. હાથ આવતો નથી..... ત્રણ આંકડા લખ્યા હતા. ૧૧,૫૬,૯૭૫ પલ્યોપમ. શું છે? અહીં નથી? ૫,૬૮,૯૦,૫૮૪ રોગ. ત્રણ બોલ કહ્યા હતા એક ફેરી. ઘણા વખત પહેલા રસ્તામાં..... આ શરીરમાં પાંચ કરોડ, અડસઠ લાખ, નેવું હજાર પાંચસો ચોરાસી રોગ છે. ભગવતી આરાધનામાં છે. એક શરીર. એટલું આયુષ્ય એનું લાગે છે. આવ્યું હતું ખરું મગજમાં. આહાહા! ૭૦૦ વર્ષમાં એક-એક મિનિટનું આટલું પલ્યોપમ, એમ છે કાંઈક. એમ છે. એક શ્વાસમાં. બ્રહ્મદત્ત (ચક્રવર્તી)નું સાતસો વર્ષનું આયુષ્ય. એ તે દિ' પ્રશ્ન ઉઠ્યો હતો મગજમાં. સાચી વાત છે. ૧૧,૫૬,૯૭૫ પલ્યોપમનું દુઃખ. સાતસો વર્ષનું આયુષ્ય મનુષ્યનું, એના જે શ્વાસ થાય... અને આ બહારનું કલ્પનાનું સુખ માન્યું અજ્ઞાનીએ. એના સાતસો વર્ષ(ના કહેવાતા સુખ સામે) સાતમી નરકનું ૩૩ સાગરનું આયુષ્ય મળ્યું. તો એક શ્વાસમાં ૧૧,૫૬,૯૭૫ પલ્યોપમનું દુઃખ મળ્યું એને.

એ ત્રણ બોલ હતા. વાત સાચી. એક શરીરમાં ૫,૬૮,૯૦,૫૮૪ રોગ અને ૬૬,૯૭૫ ક્રોડાક્રોડી તારાઓની સંખ્યા છે. એ ત્રણ બોલ છોકરાઓને કહ્યા હતા. તારાઓ છેને. એક ચંદ્ર ને એક સૂર્યની સાથે ૬૬૯૭૫ ક્રોડાક્રોડી.. ૬૬ હજાર ને ૯૭૫ ક્રોડાક્રોડી. એક-એક ચંદ્ર સાથે આટલી (સંખ્યા). આવા મોટા સંખ્યા... બાપા! કીધું. અને આત્મામાં ત્રણ કાળના સમય કરતાં અનંતગુણા ગુણો છે. આહાહા! અને એની અનંતા ગુણોની એક સમયની પર્યાય એ ત્રણ કાળના સમય કરતાં અનંતગુણી પર્યાય છે. શું કીધું? એક જીવદ્રવ્યની એક ગુણની એક પર્યાય હોયને, તો અનંત ગુણની અનંતી પર્યાય. તો કેટલી પર્યાય? ત્રણ કાળના સમય કરતાં એ પર્યાયની સંખ્યા અનંતગુણી છે. એય! આવડો મોટો મહાત્મા પ્રભુ છે, પણ એની એને ખબર નથી. એણે એક અંશમાં માની લીધો, કાં પુણ્યમાં, ક્રિયામાં માની લીધો, દેહમાં આ ક્રિયા આ કરી. મિથ્યાભ્રમ છે.

શ્રોતા : આત્માનો લાભ... એવો ગુણ...?

પૂજ્ય ગુરૂદેવશ્રી : અમાપ વસ્તુસ્વભાવ... જેનો સ્વભાવ.. સ્વ–પોતાનું સ્વરૂપ–સ્વભાવ–સત્ત્વ... સત્ એવો પ્રભુ એનું સત્ત્વ એવી શક્તિ–ગુણ એનું શું કહેવું! આહાહા! અપાર-અમાપ. એ ગુણની સામર્થ્યતામાં અને ગુણની સંખ્યા—ત્રણ કાળના સમયથી અથવા

આકાશના જેટલા પ્રદેશ છે એથી અનંતગુણા એક જીવમાં ગુણ છે. આકાશના પ્રદેશ અમાપ. અલોક.. અલોક.. અલોક.. એમ આકાશ ચાલ્યું જ જાય છે. છે ક્યાંય અંત? એના જે પ્રદેશની સંખ્યા છે એ કરતા એક જીવમાં અનંતગુણા ગુણ છે. એય! સર્વજ્ઞ સિવાય આત્મા.. આત્મા તો બધા કરે. આવો આત્મા સમજ્યા વિના બધા આત્મા.... બધા કહે, કબીરેય કહે, ઓલા વેદાંતીય કહે. એ નહીં. આ તો ભગવાન સર્વજ્ઞે કહ્યો એવો આત્મા. સમજાણું કાંઈ? વેદાંત બધી વાતું કરે કે આત્મા નિરંજન, નિરાકાર, નિર્વિકલ્પ અનુભવ થાય, ઢીંકણું. બધી વાતું. એ વાતું છે. આત્મા કોણ છે એની ખબર ક્યાં છે?

'સુદ્ધોસિ બુદ્ધોસિ' કીધુંને, આવ્યું હતું. આહાહા! એક ફેરી કહ્યું હતુંને. નાટકમાં, ૬૪ની વાત છે સંવત ૬૪. પાલેજથી વડોદરા ગયેલા માલ લેવા. પાલેજથી ૫૦-૬૦ ગાઉ છે વડોદરા. સંવત ૬૪ની વાત છે ૧૯૬૪. દિવસે માલ લીધો. રાત્રે નવરા (હતા તે) નાટક જોવા ગયા. નાટક હતું, અનસુયાનું નાટક. આ ભરૂચને કાંઠે છેને નર્મદા, એની બેન હતા. અનસૂયા ને (નર્મદા) બે બેનો હતા. સતી અનસૂયા એનું નાટક હતું. પછી અનસૂયા એ પરણ્યા વિના સ્વર્ગમાં જાતી હતી. એ લોકોને એવું છેને કે અપુત્રસ્ય ગતિ નાસ્તિ. એમ કહેને એ લોકો. ત્યાં બતાવ્યું નાટકમાં. દીકરો નથી માટે ગતિ નહીં મળે. તો કહે, કરવું શું? કે પડ હેઠે. હેઠે જે હોય એને પરણ.

મોટું નાટક હતું. વડોદરાની ૬૪ની વાત છે. બાર આનાની ટિકિટ. ચોપડી લઈને હું તો બેસતો. એમને એમ નહીં. કીધું, તમે શું બોલો છો, ચોપડી લાવો. જે તમારે હોય બે આના, ત્રણ આના એ (લઈ લો). બાર આનાની ટિકિટ. આ ૬૪ની વાત છે. પછી આવી એમાં બાઈ. નીચે હોય એને પરણ. નીચે આંધળો (ભળ્યો) એને પરણી. પછી એને ત્યાં છોકરો થયો. .... છોકરો ઘોડિયામાં નાખીને સુવડાવતી હતી. બેટા! 'સુદ્ધોસિ, બુદ્ધોસિ, ઉદાસિનોસિ નિર્વિકલ્પોસિ.' આપણે આવે છે આમાં સમયસારમાં, પરમાત્મપ્રકાશમાં. સમયસારમાં બંધ અધિકાર ને સર્વવિશુદ્ધમાં (જયસેનાચાર્યની ટીકામાં) છે આવા શબ્દો. વેદાંતનું... પણ એ બાઈ ઓલા છોકરાને ઝુલાવતી હતી તો આમ બોલતી. 'શુદ્ધ છો–સુદ્ધોસિ, બુદ્ધોસિ–જ્ઞાનનો પિંડ છો, ઉદાસિનોસિ–પરથી ભિન્ન તારી ચીજ ઉદાસ છે અને નિર્વિકલ્પોસિ–અભેદવસ્તુ નિર્વિકલ્પ છે.

આવા તો સંસ્કાર બાળકને નાટકમાં નાખતા હતા. અહીં ૬૦ વર્ષવાળાને ખબર ન પડે. કાંતિભાઈ! શુદ્ધ, બુદ્ધ કોને કહેવો? આ શું હશે? શ્રીમદ્‌માં આવે છેને 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' ત્યાં બહુ સરસ નાખ્યું છે. શુદ્ધ.. અનંત ગુણોથી શુદ્ધ છે. બુદ્ધ–એકલો જ્ઞાનનો પુંજ છે. ચૈતન્યઘન એમ કહીને અસંખ્ય પ્રદેશ નાખ્યા છે. કારણકે સર્વજ્ઞ સિવાય એ ક્યાંય હોય નહીં. અસંખ્યપ્રદેશી તું છો. ચૈતન્યઘન

છો. શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન. સ્વયંજ્યોતિ-પોતે પોતાથી ઝળહળ જ્યોતિ બળે છે. એને કોઈ પરની અપેક્ષા નથી. અને 'સ્વયંજ્યોતિ સુખધામ' અતીન્દ્રિય આનંદનું ક્ષેત્ર-તું ધામ છો. આહા! પ્રભુ! તારામાં તો અતીન્દ્રિય આનંદ પાકે એવો તું છે. રાગ ને ઉદય પાકે એ તું નહીં. આહાહા! સમજાણું કાંઈ?

આવો વીતરાગમાર્ગ. સર્વજ્ઞ ત્રણ લોકના નાથ જેને ઇન્દ્રો સ્વીકારે, ગણધરો સ્વીકારે. એકાવતારી ઇન્દ્રો પણ જે સાંભળવા આવે એ વાતું કેવી હશે? બાપુ! આહાહા! એ ધર્મકથા કેવી હશે ભાઈ? જેની ગંભીરતાનો પાર ન મળે. આહાહા! એવી ભગવાનની વાણી આવે અને ગણધરો અને ઇન્દ્રો સ્વીકારે. ... ત્વમેવ સત્યં. જે રીતે આપ આત્માના અનંત ગુણોનું સત્ય સ્વરૂપ કહો છે એ રીતે જ અહીં કહે છે. એમ અંતરના સ્વભાવના સ્વીકાર .... છે. સમજાણું કાંઈ? આહાહા!

એમ અહીંયા કહે છે કે જેમણે બધું જાણી લીધું. આહાહા! સમ્યગ્દૃષ્ટિ અને મુનિએ જેની વર્તમાન પર્યાયમાં બધું સત્ત્વ, આખું સત્ત્વ... એને એકને જાણ્યું એણે બધા આત્માઓ ને બધા દ્રવ્યો એવા (જાણ્યા). કારણ કે એક પરમાણુમાં પણ, જેટલી સંખ્યાએ આત્મામાં ગુણો કહ્યા એટલી સંખ્યાએ પરમાણુમાં ગુણ છે. ફક્ત ચૈતન્ય, આનંદાદિ નહીં, પણ જડના એટલી સંખ્યાએ છે. આકાશના પ્રદેશની સંખ્યા કરતાં એક પરમાણુમાં અનંતગુણા ગુણો છે. આહાહા! ક્ષેત્રની જરૂર અહીં નથી. ક્ષેત્ર આવડું આ અને આકાશ અનંતગુણું. એના પ્રદેશની (સંખ્યા) કરતાં પણ એક પરમાણુમાં અનંતગુણા ગુણ છે. જીવના જેટલા અનંતગુણા ગુણ, એટલા જ એમાં છે. ફક્ત એ જડ છે, આ ચેતન આનંદ છે. સંખ્યામાં ફેર નહીં. આહાહા!

કહે છે કે એવું વસ્તુનું સ્વરૂપ જેણે સમ્યગ્જ્ઞાનમાં અંતરમાં જાણી લીધું છે, એને ધર્મી અને મુનિ અને સમકિતી કહીએ. **જેઓ સર્વ સાવદ્યથી દૂર છે**... જે પાપના પરિણામથી અંદર વેગળો થઈ ગયો છે. .....શ્લોક. છેને. **જેમણે સ્વહિતમાં ચિત્તને સ્થાપ્યું છે...** આહાહા! અનંત-અનંત પરમાત્માના સ્વભાવગુણોમાં જેને ચિત્તને-જ્ઞાનની પર્યાયને સ્થાપી છે. ચિત્ત એટલે મનનું અહીં કામ નથી. આહાહા! જ્ઞાનની પર્યાયે જેને... આહાહા! અનંતા-અનંતા ગુણો જેટલા છે એમાં ચિત્તને સ્થાપ્યું છે. જેને અંતરમાં આવા અનંતા ગુણોનું સત્પણું જેની પર્યાયમાં ભાસન થઈ ગયું છે, ભાસ્યું છે. આહાહા! એને સમકિતી કહીએ. અને આગળ વધીને સ્થિરતા કરે એને સાધુ કહીએ. સમજાણું કાંઈ?

**જેમને સર્વ પ્રચાર શાંત થયો છે...** શું કીધું? વહીવટકામ માથે લેવું (આદિ) આરંભ-બાહ્ય પ્રવૃત્તિ, આટલું કામ તમારે કરવું પડશે હોં, પાઠશાળા તમારે નામે ચલાવીએ છીએ તો એક કલાક તો તમારે ધ્યાન આપવું પડશે. એ મુનિને હોય નહીં. આહાહા! લ્યો, પાંચ લાખ રૂપિયા કાઢ્યાને. તમારા નામના પાંચ લાખ કાઢ્યા છે. તમારી હયાતીમાં હતાને, માટે એક

કલાક તો ધ્યાન આપવું પડશે. એવું કામ નહીં મુનિને માથે હોય નહીં. **જેમને સર્વ પ્રચાર**... આ ભાષા ન્યાં છે પ્રવચનસારમાં. વહીવટ, આનો વહીવટ, આટલા છોકરાને ભણાવે છે એનું તમારે ધ્યાન રાખવું, ધ્યાન રાખવું. એવો વહીવટ મુનિને હોય નહીં. આહાહા! એવું કામ માથે લેવું કે તમારે એક કલાક તો આવીને ઉપદેશ દેવો પડશે. એવું વહીવટ ને એવું કામ મુનિને માથે હોય નહીં. આહાહા! છે નીચે? અર્થ નીચે છે. શાંતનો અર્થ... અકષાયભાવમાં પડ્યા છેને. જેને વિકલ્પ ઉઠાવવાનો અવકાશ નથી. આહાહા! કહેશે હમણાં બીજા કળશમાં.

**સ્વ-પરને સફળ (હિતરૂપ) છે... જેમની ભાષા સ્વ-પરને (હિતરૂપ) છે**... આહાહા! પોતાને પણ શુદ્ધપરિણતિ ને શુભરૂપ થાય એવું જાણે છે અને પરને પણ શુદ્ધપણું સ્વનો આશ્રય થઈને કેમ પ્રગટે ને એમાં પરના આશ્રયે જરી શુભવિકલ્પ કેવો હોય એવો એ ઉપદેશ આપે છે. આહાહા! **જેની ભાષા સ્વપરને સફળ છે...** સફળનો અર્થ હિતરૂપ છે. ઓહોહો! પરનો આશ્રય કરાવે એ એની ભાષામાં આવે નહીં. છેને? **સ્વપરને સફળ (હિતરૂપ)**... બીજાને ઉપદેશમાં પણ એમ આપે. વીતરાગી સંતોનો ઉપદેશ આવો હોય. કહે છે કે જેમાં વીતરાગતા પ્રગટ થાય ને સ્વનો આશ્રય પ્રગટ થાય એ વાણીની ભાષામાં આવે. આહાહા! એના ભાવમાં શુદ્ધપરિણતિ છેને, એથી બીજાને શુદ્ધપરિણતિ સ્વને આશ્રયે થાય એ બતાવે છે. પરને આશ્રયે રાગ થાય, સ્વને આશ્રયે નિર્મળતા થાય એવો એનો ઉપદેશ હોય છે. આહાહા!

**જેઓ સર્વ સંકલ્પ રહિત છે...** સંકલ્પ-વિકલ્પ જ્યાં નથી, રાગની ઉત્પત્તિ જ્યાં નથી. એકલો આનંદઘન પ્રભુ વીતરાગીબિંબ પ્રભુ આત્મા એનું જ્યાં અંતરમાં એકત્વ થયું એટલે વીતરાગતા જ ઉત્પન્ન થઈ, હવે સંકલ્પને અવકાશ નથી. આહાહા! ઓલા વ્યવહારનો વિકલ્પ ઉઠે એને અવકાશ નથી, કહે છે. એને કારણે થાવ એમ આમાં નથી. આહાહા! સમજાણું કાંઈ? મુનિધર્મ અને સમ્યક્-ધર્મ એટલે જેની વીતરાગતા પ્રસિદ્ધપણે પામી છે. સ્વરૂપ તો વીતરાગ છે, પણ જેની પર્યાયમાં વીતરાગપણાની પ્રસિદ્ધિ પામી છે, એને સંકલ્પનો અવકાશ નથી. આહાહા! એ વીતરાગભાવથી વિકલ્પ વ્યવહારનો ઉત્પન્ન થાય એવું નથી. થાઓ પરના લક્ષે, પણ એ મારા સ્વરૂપમાં નથી. આહાહા! આવી વાતું બાપુ! આહાહા!

**તે વિમુક્ત પુરુષો આ લોકમાં વિમુક્તિનું ભાજન કેમ ન હોય?** આહાહા! અરે! પૂર્ણ આનંદની મુક્તિરૂપદશા એનું ભાજન કેમ ન હોય? જેને અંતરના સ્વરૂપમાં લીનતા, નિર્વિકલ્પતા, વીતરાગતા જામી છે એવી ... મુનિદશા (હોય). અરે! એને મુક્તિનું ભાજન, મુક્તિ કેમ ન હોય? મુક્તિ હોય જ. અલ્પકાળમાં એ સિદ્ધપદને પામવાના છે. આહાહા! સમજાણું કાંઈ? બીજ ઉગી એ પૂનમ થવાની છે. એ પૂનમ થયા વિના બીજ ઘટે નહીં. એમ જેણે ભગવાન આત્મા પૂર્ણાનંદનો સમ્યક્ સત્‌ની પર્યાયમાં સ્વીકાર કરી અનુભવ કર્યો અને એમાં સ્થિર થયા, સંકલ્પનો જ્યાં અવકાશ નથી એવી મુનિદશા (હોય), અરે! એને મુક્તિ કેમ ન હોઈ શકે? મુક્તિ જ હોય આહાહા! અલ્પકાળમાં કેવળજ્ઞાન પામીને મુક્તિએ જશે. કેમકે એના

કારણરૂપ બીજ પ્રગટ્યા છે. એ બીજના ફળ તરીકે એને કેવળજ્ઞાન ને મુક્તિ થશે, થશે ને થશે. આહાહા! વચલો વિકલ્પ આવ્યો એની વ્યવહાર સમિતિની અહીં વાત કરી નથી. આની જ વાત કરી છે. કેમ કે વ્યવહાર આવે એ જાણવાલાયક છે, આદરવાલાયક નથી. આહાહા! આવી વાતું જગતને બેસવી ભારે કઠણ.

**(અર્થાત્ આવા મુનિજનો અવશ્ય મોક્ષનાં પાત્ર છે).** એ જ મુનિ છે અને એને મોક્ષ એની પર્યાયમાં આવશે એવા એ પાત્ર છે. વાસણ-થાળી (લઈને) બેઠા છે એમાં લાડવા આવશે જ. (એમ) આવી દશા પ્રગટ કરીને જે પડ્યા છે, એને પૂર્ણ જ્ઞાનના મુક્તિરૂપી લાડવા આવ્યે છૂટકો છે. આહાહા! પંડિતજી! વાત આવી છે ભગવાન! અહીં તો. આ તો ધર્મની વાત છે બાપા! મુક્ત જ છે, પણ મુક્તિ હજી પૂર્ણ નથી થઈ માટે કીધી. અલ્પતા સાધક(દશા)માં છે. સાધકવાળાને મુક્તિ થશે જ એમ કહે છે. સાધક છેને અહીં મુનિ. દૃષ્ટિ (સહિતની) સ્થિરતા હજી ઓછી છેને. ત્રણ કષાયનો અભાવ એટલી મુક્તિ છે, પણ સર્વથા મુક્તિ નથી. અને મુક્ત કહ્યું છે. પ્રવચનસાર. છેલ્લી ગાથામાં આવે છે. મોક્ષસ્વરૂપ જ થઈ ગયો એ તો. એ તો જીવનમુક્ત..... આયુષ્ય હોવા છતાં તેરમે ગુણસ્થાને કેવળી એ જીવનમુક્ત છે. પણ આ તો અંદર આવી રમણતા જેને છે એ તો મુક્તિનું ભાજન જ છે એમ કહે છે. એમાં હવે મુક્તિ આવશે, આવશે ને આવશે, એમ કહે છે. ભાજન કેમ ન હોય? આહાહા! તું એટલો છો.

**વળી (૬૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :--**

**परब्रह्मण्यनुष्ठाननिरतानां मनीषिणाम्।**
**अन्तरैरप्यलं जल्पैः बहिर्जल्पैश्च किं पुनः ॥८५॥**

આહાહા! અહો! **શ્લોકાર્થ : પરબ્રહ્મના અનુષ્ઠાનમાં નિરત (અર્થાત્ પરમાત્માના આચરણમાં લીન)...** મુનિઓ ધર્માત્મા તો, પરમાત્મા એવો પરમબ્રહ્મ પોતે એના આચરણમાં જે લીન છે. આહાહા! પરમબ્રહ્મસ્વરૂપ ભગવાન પરમાનંદસ્વરૂપ ધ્રુવ એવો નિજ પરમાત્મા એમાં નિરત–એના આચરણમાં લીન છે. વ્યવહાર વિકલ્પની વાતમાં એ નથી. આહાહા! સમજાણું કાંઈ? પરમ સત્યની વાત લોકોને સાંભળવા મળે નહીં એટલે લોકો પછી બહારના ઢસરડામાં વયા ગયા, મિથ્યાત્વના પોષાણમાં. જ્યાં સમ્યક્ સત્‌નું પોષણ જોઈએ, એ તો પૂર્ણાનંદનો જ્યાં સ્વીકાર થઈને પ્રતીત ને અનુભવ થયો, ત્યારે તેને શુદ્ધપરિણતિ પ્રગટી ત્યારે એને શુદ્ધનું પોષણ થાય. પણ હજી ભાનેય નથી શું શુદ્ધ ને કેમ પ્રગટે. આ વ્યવહાર... વ્યવહાર.. વ્યવહાર.. વ્યવહાર.. વ્યવહાર તો અનાદિથી કરીને પડ્યો છે.

વ્યવહાર કીધોને, નિગોદમાં શુભભાવ થાય છે. અનાદિથી અનંત(કાળ) શુભ-અશુભ.. શુભ-અશુભ.. શુભ-અશુભ.. નિગોદમાં પણ હોં નિરંતર. એક સમયમાં શાતા બાંધે, બીજે ક્ષણે અશાતા બાંધે, એવો પાઠ છે. શાતા બાંધે ત્યારે શુભપરિણામ હોય, અશાતા બાંધે ત્યારે અશુભપરિણામ હોય. એકેન્દ્રિય અભવિ જીવને પણ હોય છે આવું. આહાહા! એ તો બેય હોય.

એમાં એ ક્યાં ચીજ નવી છે? કર્મધારા તો અનાદિની ચાલે છે. એ શુભ કંઈ નવી ચીજ નથી. આહાહા! એનાથી રહિત આત્માના અંતરભાનમાં જે શુદ્ધતા પ્રગટે એ અપૂર્વ ને એ જ નવીન છે. ત્યારથી એને ધર્મની–વીતરાગતાની શરૂઆત થાય છે.

કહે છે કે એ તો **પરમબ્રહ્મના અનુષ્ઠાન**... પૂર્ણાનંદ પ્રભુ અનંત ગુણનો પિંડ એનું અનુષ્ઠાન. એના આચરણમાં લીન છે એનું અનુષ્ઠાન હોં, વિકલ્પનું નહીં. આહાહા! **એવા ડાહ્યા પુરુષોને**... જુઓ! એને ડાહ્યા કહીએ કે જે પોતાના અનંત ગુણના પિંડમાં રમે છે એને ડાહ્યા કહીએ. રાગમાં રમે એ ડાહ્યા નહીં. આત્મરામ નિજપદમાં રમે તે ડાહ્યા પુરુષોને **મુનિજનોને અંતર્જલ્પથી (-વિકલ્પરૂપ અંતરંગ ઉત્થાનથી) પણ બસ થાઓ**... અંતરમાં વિકલ્પનું ઉત્થાન થાય શુભવૃત્તિ, એનાથી બસ થાઓ. તારે શું કામ છે? આહાહા! બહારના વિકલ્પથી સંતોને બસ થાઓ. અલમ્. .... કોઈક દિ' આવે, બે દિ' સાંભળે, પછી મારે આડાઅવળા .... સાંભળ્યું ન હોય તો શું કરે?

અરે! અંતર્જલ્પથી બસ થાઓ. **બહિર્જલ્પની (-ભાષા બોલવાની) તો વાત જ શી?** ભાષા બોલવી એની તો વાત જ શું કરવી? કહે છે. એ તો હોય જ નહીં ત્યાં. સંકલ્પ-વિકલ્પ ઉઠવો એ પણ નથી. આહાહા! આનંદઘનના અનુષ્ઠાનમાં લીન છે એને અંતર ને બાહ્ય વિકલ્પથી શું પ્રયોજન? તારે એમાં શું છે? એને હોય જ નહીં. આહાહા! આને મુનિપણું કહીએ, એને મોક્ષના માર્ગી કહીએ અને એને અલ્પકાળમાં મોક્ષમાં જનારા કહીએ. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## જ્યેષ્ઠ વદ ૩, ગુરુવાર, તા. ૨૯-૬-૧૯૭૨
## ગાથા-૬૩, પ્રવચન નં. ૫૮

આ વ્યવહાર ચારિત્રનો અધિકાર છે. એષણાસમિતિ. ૬૩ ગાથા આવી.

**कदकारिदाणुमोदणरहिदं तह पासुगं पसत्थं च।**
**दिण्णं परेण भत्तं समभुत्ती एसणासमिदी ॥६३॥**

**અનુમનન-કૃત-કારિતવિહીન, પ્રશસ્ત, પ્રાસુક અશનને**
**-પરદત્તને મુનિ જે ગ્રહે, એષણાસમિતિ તેહને. ૬૩.**

**ટીકા : અહીં એષણાસમિતિનું સ્વરૂપ કહ્યું છે. તે આ પ્રમાણે:...** મુનિની દશામાં એષણા–આહાર લેવાની જે એની વ્યવહાર વિકલ્પની વૃત્તિ છે એ કેવી હોય એનું વર્ણન કરે છે. નિશ્ચય તો પોતાનો આત્મા જ એષણા છે (એટલે) શોધીને નિર્મળનું પરિણમન કર્યું છે. અનંત ગુણનું એકસ્વરૂપ–અનંત ગુણનું એકરૂપ, અનંત ગુણો જે ત્રણ કાળથી પણ અનંતગુણા ગુણો એવા અનંત ગુણનું એકરૂપ એને અંતર એષણા–શોધીને પ્રતીતમાં, અનુભવમાં લીધું છે, એ નિશ્ચય એષણા કહેવાય છે. એષણાની બીજી વાત પ્રવચનસારની લેશે અહીંયા અર્થની નીચે. એ આ એષણા. પોતાનો પરમ આનંદ ને પરમ ગુણનો પિંડ પ્રભુ એને શોધીને એકાગ્ર થવું એ એષણા–નિશ્ચય નિર્વિકલ્પ એષણા છે. એવાને વ્યવહાર એષણા કેવી હોય એનું વર્ણન છે. આહાહા!

**મન, વચન અને કાયામાંના પ્રત્યેકને કૃત, કારિત અને અનુમોદના સહિત ગણીને તેમના નવ ભેદો થાય છે...** મન, વચન ને કાયા, કરવું, કરાવવું ને અનુમોદવું. **તેમનાથી સંયુક્ત અન્ન નવ કોટિએ વિશુદ્ધ નથી...** એવું અન્ન મુનિને હોઈ શકે નહીં, એમ કહે છે. કરેલું, કરાવેલું અને અનુમોદેલું અને મન, વચન ને કાયા એમનાથી સહિત અન્ન એ નવ કોટિએ શુદ્ધ નથી **એમ (શાસ્ત્રમાં) કહ્યું છે...** હવે આમાં પ્રશ્ન આ ઉઠ્યો હતો પહેલો ૬૯માં. આ પ્રશ્નો તો તે દિ'ના છે. એમ કે મુનિ માટે મકાન કર્યું હોય અને મુનિ વાપરે તો નવ કોટિમાં કોટિ કઈ તૂટે? આ પ્રશ્ન હતો. ૬૯માં મારો પ્રશ્ન હતો. હીરાજી મહારાજ કહે, એમાં ક્યાં કોટિ તૂટે છે? તમારા ભાઈએ ખુશાલભાઈએ મકાન કરાવ્યું હોય અને તમે એને વાપરો એમાં કરણ, કરાવવું, અનુમોદન ક્યાં આવ્યું? એમ કહ્યું મને. ૬૯ની વાત છે, દીક્ષા લીધા પહેલાં.

ભઈ, મને બેસતું નથી. કારણ કે વાપરે છે એ એનું અનુમોદન જ છે. સાધુ માટે કરેલો આહાર-પાણી, (ભલે) એણે કર્યો નથી, કરાવ્યો નથી અને આ ઠીક કર્યું એમ અનુમોદ્યું નથી. પણ લે છે એનો અર્થ જ એ છે. એમાં–નવ કોટિમાં અનુમોદનની કોટિ તૂટી જાય છે. એ

ગિરધરભાઈ! આહાહા! એ વખતે અપાસરાનું હતું. આમ આહાર તો બહુ ચોખ્ખો લેતા. હીરાજી મહારાજ આહાર તો નિર્દોષ લેતા. મકાનનો પ્રશ્ન હતો. મકાનનો પ્રશ્ન હતો. સાધુ માટે અપાસરો કરાવ્યો હોય અને એ સાધુ વાપરે તો એને મન-વચન-કાયા, કરણ, કરવું, અનુમોદન—એ નવ કોટિમાં કોટિ કઈ તૂટે? આ પ્રશ્ન હતો. સંવત ૬૯ દીક્ષા લીધા પહેલા. એ અહીં છેને જુઓ!

**મન, વચન ને કાયામાંના**... ૬૩ ગાથા. **પ્રત્યેકને કૃત, કારિત અનુમોદના સહિત ગણીને તેમના નવ ભેદો થાય છે**... એવા નવ સહિત અન્ન (હોય) તે નવ કોટિએ શુદ્ધિ નથી. મુનિને માટે આહાર બનાવ્યો હોય, એણે કર્યો ન હોય, કરાવ્યો ન હોય, પણ બન્યો હોય એને માટે. મકાન, આહાર-પાણી... આ ચોકા કરીને લે છેને એ ખરેખર અનુમોદન છે. નવ કોટિમાં અનુમોદનની કોટિ તૂટી જાય છે. મનનું અનુમોદન, વચનનું અનુમોદન, કાયનું અનુમોદન—ત્રણેય અનુમોદન તૂટી ગયું. એ કરાવ્યું એ પ્રશ્ન બીજો વળી. એ તો કરાવ્યું કે આમ કરજો, એ તો બહુ સ્થૂળ. આ તો કરાવ્યું નથી, કર્યું નથી, પણ ફક્ત એને માટે કરેલું લે છે એ અનુમોદન છે. નવ કોટિ તૂટી જાય છે એની. આહારની વાત છેને આ. અમારે એ વખતે અપાસરાની વાત હતી. ૬૯ની વાત છે. સંવત ૬૯, દીક્ષા પહેલા. પ્રશ્ન મારો આ હતો એ વખતે. એ ગિરધરભાઈ! એ તો ઝીણવટથી કામ લેતાને તે વખતે.

આ મન-વચન-કાયા ને કરણ-કરાવવું-અનુમોદન. તો અપાસરો સાધુ માટે કરેલો હોય અને સાધુ વાપરે... અમારા ગુરુ હીરાજી મહારાજને રાણપરમાં પ્રશ્ન કરેલો. ૬૯ની સાલ, વૈશાખ મહિનો હતો. સંવત ૬૯. કીધું, નવ કોટિમાં કોટિ કઈ તૂટે? એ ચેતનજી! ત્યારે અમારા ગુરુએ જવાબ આપ્યો કે... એ ભદ્રિક હતા બિચારા. તત્ત્વની બહુ ખબર નહીં અને આહાર-પાણી નિર્દોષ લેતા. એના માટે કરેલો આહાર, પાણીનો એક બિંદુ પણ લે નહીં, એવી તો એની સ્થિતિ હતી. દૃષ્ટિ ખોટી, પણ આ સંપ્રદાય પ્રમાણે (હતી). સાધુ માટે કરેલો અપાસરો વાપરતા.

એમાં એક સાધુ બોલ્યા ગુલાબચંદજી. ગુલાબચંદજી ૬૮માં મળ્યા ત્યાં બોટાદ. આપણે તો હજી દીક્ષા લેવાની ભાવના હતી. ત્યાં આવું સાંભળ્યું, કે સાધુ માટે અપાસરો કર્યો (હોય અને એ) વાપરે તો એ સાધુ નહીં. આ શું? હીરાજી મહારાજ જેવા સાધુ વાપરે છે અને આ ગુલાબચંદજી કહે છે કે સાધુ નહીં. એ પ્રશ્ન ચાલ્યો મોટો. ગાડું લઈને ગયા બોટાદથી. પાળીયાદ હતા હીરાજી મહારાજ. મૂળચંદજીને..... આ હીરાજી મહારાજને પ્રશ્ન ૬૯માં કરેલો સીધો. કીધું, આ કરવું, કરાવવું, અનુમોદવું આ પાઠ છે, મન, વચન ને કાયા. નવ કોટિ છેને. નવ ભેદ થાય છે. તો એને માટે કરેલું મકાન એ સાધુ વાપરે તો નવ કોટિમાં કોટિ કઈ તૂટે? મારો આ પ્રશ્ન છે. સંવત ૬૯માં. ૬૦ વર્ષ થયા. માર્ગ તો આપણે જેમ છે એમ....

અહીં ભગવાન શું કહે છે? જુઓ! કે **તેમનાથી સંયુક્ત અન્ન નવ કોટિએ વિશુદ્ધ નથી**... કરેલું હોય, કરાવેલું હોય અને કરેલું લેતો હોય તો એ આહાર નવ કોટિએ શુદ્ધ નથી. એ આહાર લેનાર નિર્દોષ નથી લેતો. આહાહા! એય! અને એ ગાથા હતી મોઢે. દસવૈકાલિક મોઢે કરેલુંને એમાં મોર હતી ગાથા. ..... આઠમો અધ્યાય છે. દસવૈકાલિક છેને એમાં દસ અધ્યાય છે. એ આખા મોઢે કરેલા તે દિ'. એમાં આ ગાથા છે. ભૂલી ગયા, ઘણા વર્ષ થઈ ગયાને. આમાં તો આમ આવે છે કે એ અનુમોદે છે. જો એના માટે કરેલું વાપરે તો અનુમોદન કોટિ.. અનુમોદન કોટિ તૂટી જાય છે. નવ કોટિએ એનો આહાર ... છે જ નહીં. પંડિતજી! એ તો એક તૂટી તો બધી તૂટી ગઈ. આ તો વીતરાગ માર્ગ છે ભાઈ! આ કંઈ કોઈનો પક્ષ નથી.

કહ્યુંને. પોર આવ્યા હતાને મનોહરલાલજી. આ વર્ણીજીના શિષ્ય મનોહરલાલ પોર આવ્યા હતા. જયપુર આવ્યા હતા. માણસ નરમ છે.... પછી પ્રશ્ન કરતા ઘણા પ્રશ્ન ઉઠ્યા. આવ્યા હતા ખાસ મળવા. ...થી રેલમાં બેસીને આવે. મોટરમાં ન બેસે. પછી આવ્યા. એમાં પણ બેસી શકે નહીં. બેસે નહીં, બેસી શકે જ નહીં. એ તો બધી જુદી વાત. ક્ષુલ્લક એમાં બેસી જ શકે નહીં. પણ અહીં પ્રશ્ન ચાલ્યા બહુ. કરતાં-કરતાં એક પ્રશ્ન એવો મૂક્યો. પહેલા પ્રશ્ન એ હતા કે વિકારી પરિણામને પુદ્ગલપરિણામ કેમ કહ્યા? એ પ્રશ્ન હતો પહેલો. માણસ વિદ્વાન હતો. ... પુદ્ગલના પરિણામ (કહ્યા કેમકે) જેનું અવલંબન છે પરિણામમાં, એ એના છે એમ ગણીને પુદ્ગલના ગણ્યા. એ આત્માના નહીં.

એ પ્રશ્ન ચાલ્યો ખૂબ, પછી આ આવ્યો, ઉદેશિક આહારનો ખુલાસો જો તમારા તરફથી થઈ જાય તો સંપ બહુ થાય. એટલું મૂક્યું. ઉદ્દેશિક આહારનો જો ખુલાસો આપથી થઈ જાય... મેં કીધું, શું ખુલાસો એટલે? આ ગૃહસ્થો સાધુને માટે આહાર કરે છે ચોકા (કરીને) અને ક્ષુલ્લક લે છે... (કોઈ) દ્રવ્યક્ષુલ્લક અત્યારે છે એમ માનતો નથી, કીધું. ..... સાંભળતા હતા. માણેકલાલ... ....... માથે ભગવાન નથી માટે ઉદ્દેશિકની બીજી વ્યાખ્યા થાય એમ ન હોય. ભગવાનનો વિરહ છે માટે બીજો માર્ગ છે (એમ ન થાય). એમ કે ગૃહસ્થો કરે અને આ લે તો એમાં કાંઈ વાંધો (નથી). ગૃહસ્થે કરેલું છેને. એવો આપ તરફથી ખુલાસો થઈ જાય તો બહુ સંપ થાય.

મેં કહ્યું, માર્ગ એવો નથી બાપા! આમ નરમ માણસ હોં. એને અંદરમાં ખટકતું. આપણે માટે કરેલો આહાર લઈએ છીએ. ..... ચોકા બનાવે છે એને માટે સવારથી સાંજ. આજ સાધુને આહાર દેવો છે. પાણી બનાવે, આહાર બનાવે. તદ્દન વિરુદ્ધ છે. તદ્દન વિરુદ્ધ છે. બાપુ! આ તો વીતરાગમાર્ગ છે. આ કંઈ ઝાઝા માને અને બહુ માનનારા હોય માટે બીજી ચીજ થઈ જાય એમ નથી. મેં કીધું, અત્યારે દ્રવ્યક્ષુલ્લક છે કોઈ દ્રવ્યલિંગી એ હું માનતો નથી. સાંભળ્યું હોં. ...એમ ન થયું એને, નહીં તો પોતે ક્ષુલ્લક છે. માર્ગ તો આવો છે.

એને માટે કરેલો... વ્યવહાર જેનો જૂઠો છે એનો નિશ્ચય જૂઠો હોય જ. હજી જેનો વ્યવહાર સારો હોય ને નિશ્ચય જૂઠો હોય ભાઈ! વ્યવહાર જેનો સારો હોય એનો નિશ્ચય જૂઠો કે સારોય હોય. પણ વ્યવહાર જેનો જૂઠો એનો નિશ્ચય જૂઠો હોય જ. આ વસ્તુની સ્થિતિ આવી છે. એય! કોઈપણ અત્યારે ક્ષુલ્લક કે સાધુ, એને માટે કરેલો ચોકાનો આહાર લે છે, એ બિલકુલ જૈનદર્શનના વ્યવહારથી વિરુદ્ધ છે. એ સાધુય નથી ને શ્રાવકેય નથી. માર્ગ આ છે બાપુ! વ્યક્તિગતની વાત નથી. એ બિચારા સાંભળતા હતા. ......થઈ ગયા અને ફળ એવું નથી. એને માટે ન કરેલો નિર્દોષ આહાર મળે એવું તો અત્યારે છે જ નહીં. માર્ગ, બાપુ! આવો છે. પળે નહીં માટે માર્ગ જુદો કરવો (એમ નથી). માર્ગ તો આવો છે ભગવાન! ..... વ્યવહાર ક્ષુલ્લકપણું પળી શકે એવી સ્થિતિ નથી.

એને માટે કરેલો આહાર નવ કોટિએ... કહે છે જુઓ! નવ કોટિએ વિશુદ્ધ નથી. એને માટે કરેલો લે એને નવ કોટિ વિશુદ્ધ નથી, એનો આહાર શુદ્ધ જ નથી. આહાહા! આવી વાત છે. માર્ગ તો આવો છે બાપુ! એ વાત થઈ હતી. એક વાત બીજી થઈ હતી. મનોહરલાલજી નહીં, બીજા એક મળ્યા હતા. દહેરાદૂનવાળો.... મનોહરલાલજીને કહ્યું, આ આહાર તમારા માટે લ્યો છો એ તો બિલકુલ ખોટી વાત છે. નવ કોટિ તૂટી જાય છે તમારી. શ્રાવકની ક્ષુલ્લકની દશા રહેતી નથી. ત્યારે ક્ષુલ્લકપણું અત્યારે.... આપણે ચાલો વર્ણીજી પાસે. ગુરુ પાસે ગયા. એ પડિમા ધારતાને. દસ પડિમા રાખે. મરી જશો હોં. જો એક પડિમા ઘટાડી તો સમાજમાં રહેવાશે નહીં. .... અપમાન થશે..

એ બધું નિમંત્રણ..... પણ એને માટે કરેલાની વાત છે, પછી નિમંત્રણ હોય કે ન હોય. પણ એને માટે કરેલું છે એ વસ્તુ તદ્દન વિરુદ્ધ છે. પછી એને વર્ણીજીએ એમ કહ્યું, જુઓ ભાઈ! હવે પડિમા છે એમ રાખો. અમે .... ઢોલ પીટીએ છીએ એ પ્રમાણે પીટો. નહીંતર બીજું હવે ચાલશે નહીં. મહારાજ! એવું છે નહીં. હવે એ મૂકાય એવું નથી. અગિયારમી પડિમા મૂકી દઈએ તો લોકો કહે, અરેરે! શું થયું આ તમારું? મરી જશો, સમાજમાં નહીં રહી શકો, એમ કીધું. બાકી અમે પીટીએ છીએ એમ તમે પીટો. બાકી એને ક્યાં હતું ક્ષુલ્લકપણું? વર્ણીજી પાસે ક્યાં હતું? આહાહા! ભારે માર્ગ બાપા! એવી ચીજ છે આ.

**નવ કોટિએ વિશુદ્ધ નથી એમ શાસ્ત્રમાં કહ્યું છે**. ગિરધરભાઈ! એ તમારા વઢવાણમાં બહુ ચાલતું હતું તે દિ' ૬૮-૬૯માં. ગુલાબચંદજી... ગુલાબચંદ હતાને. બહુ પ્રશ્ન ચાલેલો. પણ મારી ઘણી નાની ઉંમર હતી. ૫૯ વર્ષ પહેલાની વાત છે. કેટલા વર્ષ થયા તમને? ..... તમને ખબર ન હોય. એ સદરમાં આવ્યું. ગુલાબચંદજીએ ન્યાં (ચોમાસું) કર્યું હતુંને ૬૯માં વઢવાણમાં. આ સુંદરવળાના અપાસરાની સામે. સુંદરવળાનો અપાસરો છેને વઢવાણ, એની સામે ભોજનશાળા છે એમાં કર્યું હતું. ...વઢવાણ ત્યાં હતા. તે દિ' આ પ્રશ્ન ચાલતો હતો. સાધુ

માટે કરેલું મકાન એ અનુમોદતો નથી માટે એને ખપે, એમ નથી. એ વાપરે છે એ જ અનુમોદન છે. નવ કોટિ તૂટી જાય છે એનાથી. માર્ગ નથી.

ઊંચું નામ ધરાવીને નીચલી દશા કરવી એ તો જગતને મહાપાપ છે. એ કરતા ઊંચી દશા જ...... સમ્યગ્દ્રષ્ટિ અવિરતી..... ઓલું પાપ નથી લાગતું, પણ મોટું નામ ધરાવીને તોડી નાખે છે, અપવાસનું નામ ધરાવીને એ કણ પણ ખાય એ પાપી છે. એક ટંક ખાય..... એટલો એનો શુભભાવ છે ભંગ વગરનો. આખો અપવાસ કરીને એ કણ પણ લે, એ મહાપાપ છે. એ માર્ગ છે જ ક્યાં? આહાર-પાણી એને માટે (કરેલા) લીધા તે ..... નિર્દોષ મળે છે ક્યાં? સવારથી બપોર. જેને સાધુને વહોરાવવું હોય, સવારથી પાણી તૈયાર કરે, ... આહાર લઈ આવે. આટલું કરો, આમ કરો. એ કહે ત્યારે એમ કહે, તિષ્ઠ.. તિષ્ઠ.. શુદ્ધ છે એમ કહે. જૂઠું છે બધું. .....

અહીં **અતિપ્રશસ્ત...** એક તો નવ કોટિએ શુદ્ધ હોવું જોઈએ... બચાવ તો કરવો પડેને... **અતિપ્રશસ્ત એટલે મનોહર (અન્ન)** અને નિર્દોષ આહાર. **પ્રશસ્ત = શાસ્ત્રમાં પ્રશંસેલું, જે વ્યવહારે પ્રમાદાદિ કે રોગાદિનું નિમિત્ત ન હોય** એવો આહાર. નવ કોટિએ શુદ્ધ હોય અને રોગાદિનું, પ્રમાદાદિનું નિમિત્ત ન હોય એવો આહાર. **હરિતકાયમય સૂક્ષ્મ પ્રાણીઓના સંચારને અગોચર તે પ્રાસુક (અન્ન)** હોય. એમાં–અનાજના દાણામાં એકેન્દ્રિય જીવ અંદર ન હોય. એકેન્દ્રિય જીવ છેને અનાજ, એનો અંદર સંચાર ન હોય. એવો પ્રાસુક આહાર **એમ (શાસ્ત્રમાં) કહ્યું છે.** એવો આહાર મુનિને હોય. મુનિને આવો આહાર હોય. વ્યવહારની વાત છે આ. નિશ્ચયમાં તો અણાહારી પ્રભુ આત્મા છે એટલે અણાહારનું પરિણમન અંદર છે, એ એષણા નિશ્ચય છે. એ આવશે પછી એનું. પ્રવચનસારની ગાથામાં કહ્યું છે એ કહેશે. પ્રવચનસારની ગાથા ૨૧૩નું કહેશે. નિશ્ચય-એષણા એને કહીએ. આ તો વ્યવહાર-એષણા. નિશ્ચય-એષણા જેને હોય, એને વ્યવહાર એષણા આદિ હોય. વ્યવહાર એષણાના ઠેકાણા જેને નથી, એને નિશ્ચય એષણા હોતી નથી. સમજાણું કાંઈ?

**એમ શાસ્ત્રમાં કહ્યું છે. પ્રતિગ્રહ... પ્રતિગ્રહ = 'આહારપાણી શુદ્ધ છે..'** એમ કહેને સાધુ આવે ત્યારે. **'તિષ્ઠ, તિષ્ઠ, તિષ્ઠ, ઉચ્ચ સ્થાન(-ઊભા રહો, ઊભા રહો, ઊભા રહો,)' એમ કહીને આહારગ્રહણની વિનંતિ કરવી તે; કૃપા કરવા માટે વિનંતિ; આદરસન્માન. [આમ પ્રતિગ્રહ કરવામાં આવતાં, જો મુનિ કૃપા કરી ઊભા રહે તો દાતાના સાત ગુણોથી યુક્ત શ્રાવક ઉચ્ચ સ્થાન** આપે. ગૃહસ્થ ઉચ્ચસ્થાન આપે, **પાદપ્રક્ષાલન** કરે–પગ ધોવે, **અર્ચન–**પૂજા કરે **પ્રણામ, યોગશુદ્ધિ (મન-વચન-કાયાની શુદ્ધિ)** કરે... મન-વચનની શુદ્ધિ હોય દેનારને. **અને ભિક્ષાશુદ્ધિ—એ નવવિધ પુણ્યથી (નવધા ભક્તિથી) આદર કરીને** દે. આવી નવધાભક્તિથી આદર કરે તો લે. આવી નવધા ભક્તિ ન હોય તો મુનિ આહાર લે નહીં.

પછી દેનારના ગુણની વાત છે, દેનાર હોં. દાતારમાં શ્રદ્ધાગુણ જોઈએ. દેનારને શ્રદ્ધા યથાર્થ હોવી જોઈએ. એ દેનાર પાત્ર કહેવાય. આહાહા! લેનાર આવું લે, તો દેનાર આવો હોય. **શ્રદ્ધા, શક્તિ, અલુબ્ધતા**–લુબ્ધતા ન હોય, **ભક્તિ**વાળો હોય, એને **જ્ઞાન** હોય બરાબર વસ્તુનું કે કેવું દેવાય, કેમ દેવાય, કેવી રીતે દેવાય એવું એને જ્ઞાન હોય લેનારને. બહુ આકરું કામ છે. અત્યારે તો આ વસ્તુ લુપ્ત થઈ ગઈ છે. ...માટે ખબર પડે. પડે નહીં કેમ? આ તો દાતારપણે ખબર પડે નહીં એને કે શું છે? ભક્તિ... બધું-બધું એને ખ્યાલ આવે. ન ખ્યાલ એમ હોય? **દયા** આવે એને. દેનારને દયાનો ભાવ હોય. **અને ક્ષમા—એ (દાતાના) સાત ગુણો સહિત શુદ્ધ યોગ્ય-આચારવાળા ઉપાસક વડે...** શુદ્ધ યોગ્ય આચારવાળા ઉપાસકો વડે **દેવામાં આવેલું (નવ કોટિએ શુદ્ધ, પ્રશસ્ત અને પ્રાસુકો ભોજન જે પરમ તપોધન લે છે, તેને એષણાસમિતિ હોય છે. આમ વ્યવહારસમિતિનો ક્રમ છે.** આહાહા!

એને–ધર્મીજીવને જ્ઞાન તો કરવું પડશેને કે આવો માર્ગ છે. વાસ્તવિક જેને અંતર ત્રણ કષાયના અભાવની દશા પ્રગટી છે, એવી વીતરાગતા પ્રગટી એને વ્યવહાર-એષણાનો આવો વિકલ્પ હોય. એથી બીજો વિકલ્પ એને માટે કરેલો (આહાર) આદિ ન હોય. એ હોય તો એને વ્યવહાર તો રહેતો નથી, પણ નિશ્ચય પણ સાચું રહેતું નથી. આહાહા! આવી વાત છે બાપુ! એને જ્ઞાનમાં, શ્રદ્ધામાં તો લેવું પડશેને કે માર્ગ આવો છે. ન હોય માટે કરીને બીજું ખતવવું એમ ન હોય. સમજાણું કાંઈ? હવે શું કરે? અત્યારે આવો કાળ છે, આહાર ન આવે તો નભે શી રીતે? માટે કરી દેવો જોઈએ, એમ કરીને લે. એવો માર્ગ કોણે કહ્યો? એને કોણે કહ્યું કે મુનિપણું લઈ લે? સમજ્યા વિના લીધું એ તો અજ્ઞાન છે. પોતાની દશા ને પરિણામની યોગ્યતા ને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું નિમિત્તપણું કેવું છે એનું જ્ઞાન નથી અને લઈ લીધું—એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા! એય!

સંપ્રદાયમાં અમારા ગુરુ હતાને હીરાજી મહારાજ. આહાર-પાણી બહુ ચોખ્ખો, બહુ ચોખ્ખો. અત્યારે તો આ ઠેકાણા ન મળે દિગંબરના સાધુને. હીરાજી મહારાજની દૃષ્ટિ ખોટી હતી, તત્ત્વની ખબર નહીં, પણ આહાર-પાણી તો એને માટે કર્યું, કરાવ્યું, અનુમોદ્યું હોય તો લે નહીં. ૪૬ વર્ષની દીક્ષા હતી. ૫૭ વર્ષની ઉંમર, ૪૬ વર્ષની દીક્ષા. હીરાજી મહારાજ. કાળ થઈ ગયોને તમારા કાંપમાં. ખબર છે? ૭૪માં બાળ્યા હતાને. ..... પુલની નીચે બાળ્યા હતા. રસ્તામાં ગુજરી ગયા રસ્તામાં. ચાલતા..... પણ એમની આહાર-પાણી લેવાની ક્રિયા એવી આકરી, એવી આકરી. હીરાજી મહારાજને આહાર-પાણી દેવો એટલે... એને નિર્દોષ આહાર-પાણી હોય. રાયચંદ ગાંધી જેવા મોટા ગૃહસ્થ અને આમ ૫૦ માણસને માટે લાડવા ને કેરીનો રસ તૈયાર કર્યો હોય, વહોરવા જાય તો પૂછે કે આમાં ગોટલું છે? કેરીનો રસ હોયને રસ કરેલો

તૈયાર, કેરીનો રસ એમાં ગોટલું હોયને ગોટલું. આમાં ગોટલું (છે)? પૂછે. મહારાજ! ખબર નથી. ... ત્યારે રસ ન લે. કહના સમજમેં આયા?

કેરીકા રસ હોતા હૈ ન. ગૃહસ્થ.... બડા ગૃહસ્થ હૈ. પાંચ લાખના તે દિ' આસામી, આબરૂ મોટી, ૫૦ હજારની પેદાશ. એને ૫૦-૫૦ માણસો જમતા જ હોય. આડતીયા હોયને. બસો-બસો લાડવા ચૂરમાના પડ્યા હોય, રસ કેરીનો કરેલો. એ કરેલો તો ગૃહસ્થને માટે હોય, પણ વહોરવા જાય સાધુ જતા, ત્યારે એને પૂછે કે આ રસમાં ગોટલું છે? ગોટલું સમજે? કેરીનો ગોટલું–ગુઠલી અંદર હૈ કિ નહીં? જો એ કહે કે મહારાજ! ખબર નથી. રસ બંધ, રસ લેશે નહીં. રસ નથી જોઈતો. છોડી દે. એટલું ગોટલું પણ... (ગોટલી) એક જીવવાળું હોય. એકેન્દ્રિય જીવ હોય. બહુ આમ નિર્દોષ આહાર. મકાન એને માટે કરેલું હોય એ વાપરતા. મોટી તકરાર ચાલતી હતી ૬૯માં. ૬૯ની વાત છે. મેં દીક્ષા નહોતી લીધી ત્યારે આ ચર્ચા કરી હતી. મકાન સાધુ માટે (કરેલું હોય અને એ) વાપરે એ સાધુ ન કહેવાય. શાસ્ત્રમાં તો એમ છે. અહીં એ મૂકે છે જુઓ!

ભોજન આદિ પ્રાસુક–નિર્દોષ વસ્તુ હોય. કરે નહીં, કરાવે નહીં, કરતાને અનુમોદે નહીં, એ કરેલું લે જ નહીં. આહાહા! અને તે પણ પ્રમાદ ને રોગાદિનું કારણ ન થાય તેવો આહાર હોય. તે પણ આવી ભક્તિવાળો આહાર દે. મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીને ઠેકાણે ચડી જાય અને લે, એમ નહીં એમ કહે છે. ભલે હોય મિથ્યાદૃષ્ટિ, પણ વ્યવહારે આવા શ્રદ્ધા આદિ સારા હોય. આદરનેવાલા હો. **તેને એષણા સમિતિ હોય છે**. લ્યો. **હવે નિશ્ચયથી એમ છે કે—જીવને પરમાર્થે અશન નથી...** આહારનું લેવું એ વસ્તુમાં છે જ નહીં. વિકલ્પ લેપ કરવો કે નિર્દોષ લેવું એ પણ વસ્તુમાં તો છે જ નહીં. આહાહા! **છ પ્રકારનું અશન વ્યવહારથી સંસારીઓને જ હોય છે. એવી રીતે શ્રી સમયસારમાં (?) કહ્યું છે કે...** સમયસારમાં નહીં, પણ પ્રવચનસારમાં કહ્યું છે. (લખવામાં) ભૂલ થઈ છે. સમયસારમાં નહીં, પણ પ્રવચનસારમાં કહ્યું છે.

**णोकम्मकम्महारो लेप्पाहरो य कवलमाहारो।**
**उज्ज मणो वि य कमसो आहारो छब्बिहो णेयो॥**

**ગાથાર્થ : નોકર્મ-આહાર...** અમથો સાધારણ આવેને. **કર્મ-આહાર...** આઠ કર્મના રજકણો આવે એ. **લેપ-આહાર...** આ લેપ ઉપર ચોપડેને શરીરને. **કવલ-આહાર, ઓજ-આહાર...** પંખી પાંખેથી એના બચ્ચાને પોષે છેને. પંખીઓ બચ્ચાને પાંખથી પોષે ઉપરથી એ ઓજ-આહાર કહેવાય. **અને મન-આહાર...** દેવને મન આહાર હોય. **એમ આહાર ક્રમશઃ છ પ્રકારનો જાણવો.** એ તો વ્યવહારે અશુદ્ધજીવની વ્યાખ્યા થઈ. છે? જુઓ અંદર. **અશુદ્ધ જીવોના વિભાવધર્મ વિષે...** સંસ્કૃતમાં જ છે. **વ્યવહારનયનું આ (અવતરણ કરેલી ગાથામાં) ઉદાહરણ છે.** આહાહા!

**હવે (શ્રી પ્રવચનસારની ૨૨૭મી ગાથા દ્વારા) નિશ્ચયનું ઉદાહરણ કહેવામાં આવે છે. તે આ પ્રમાણેઃ** હવે નિશ્ચયસમિતિ. આહાહા!

**जस्स अणेसणमप्पा तं पि तवो तप्पडिच्छगा समणा।**

**अण्णं भिक्खमणेसणमध त्ते समणा अणाहारा॥**

**ગાથાર્થ : જેનો આત્મા એષણારહિત છે (અર્થાત્ જે અનશનસ્વભાવી આત્માને જાણતો હોવાને લીધે સ્વભાવથી આહારની ઇચ્છા રહિત છે)...** આહાહા! ભગવાન આત્મા આહારની ઇચ્છા ને આહાર વિનાનો છે. આહાર તો પર, પુદ્ગલ છે, જડ છે. એ અનશનસ્વભાવી છે. અશનસ્વભાવી નથી. એવો અનશનસ્વભાવી—અશન વિનાના સ્વભાવવાળો આત્મા જાણે છે. આત્મા આહાર લે ને આહાર મૂકે એ ચીજ જ આત્મામાં નથી, એમ સમ્યગ્દૃષ્ટિ આત્માને જાણે છે. આહાહા! આહાર લેવો-છોડવો એ તો જડની ક્રિયા છે. એ આત્મામાં નથી. **અનશનસ્વભાવી આત્માને જાણતો હોવાથી સ્વભાવથી આહારની ઇચ્છા રહિત છે**. સ્વભાવમાં આહારની-જડની ઇચ્છા છે જ નહીં. એ તો અસ્થિરતા ઉપજે છે એ વ્યવહારથી ઉપજે છે. નિશ્ચયથી તો આવી ઇચ્છા સમકિતીને હોતી નથી. આહાહા! નિર્જરા અધિકારમાં આવે છે. ચાર બોલ આવે છે આહાર, પાણી, પુણ્ય, પાપ. ઇચ્છાની ઇચ્છા છે જ નહીં એમ કીધું છે. ચાર બોલ છે નિર્જરા અધિકારમાં. આહાહા!

પૂર્ણાનંદ પ્રભુ આત્મા એની અંદર એકાગ્રતાની ભાવનાવાળો જીવ એને આ ઇચ્છા હોતી જ નથી. આહાહા! ઇચ્છા થાય છે એનો એ જ્ઞાતા છે. ઇચ્છાની ઇચ્છા નથી અને ઇચ્છાથી આ આહારાદિ લઉં એવી વૃત્તિ નથી. પરને લે કોણ ને પરને છોડે કોણ? આહાહા! એવી ચીજ છે. અનશનસ્વભાવી છે... **તેને તે પણ તપ છે...** અશન વિનાની ચીજ મારી... આહાર, પાણી અને એની ઇચ્છા વિનાનો મારો આત્મા એવું જે અંદર ભાન છે એને જ અહીં તપ કહેવામાં આવે છે. આહાહા! એ જ એનું સાધકપણું, તપ, મુનિપણું છે.

ભગવાન આત્મા આહારની ઇચ્છા ને આહાર વિનાનો આત્મા છે. એ તો આવી ગયું ૧૪મી ગાથામાં. શરીર, આહાર, રાગ સહિત આત્મા નથી. એને સહિત માને એ તો મિથ્યાત્વ છે. આહાહા! એ ૧૪માં છે. એ અહીં કહે છે. ભગવાન આત્મા અશન-આહારના ભાવ અને અશનવાળો એ આત્મા જ નથી. આહાહા! એ તો અણાહારી આનંદનું ધામ, શુદ્ધ અખંડ આનંદગુણનો પિંડ પ્રભુ, વીતરાગભાવના પરિણમનવાળો એ આત્મા છે. એ આત્માને આહાર લેવો કે આહારની ઇચ્છા—બેય ચીજથી વસ્તુ રહિત છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

**તેને તે પણ તપ છે**... જોયું! અશન રજકણો આહાર-પાણી... અસણં, પાણં, ખાઇમં સાઈમં—એ ચીજથી તો ભગવાન રહિત છે. અને અનંત-અનંત ગુણના પરિણમન સહિત છે. આહાહા! એવું જે અંતર પરિણમન એને જ અહીંયા તપ કહેવામાં આવે છે. આહાહા! તપ

એટલે મુનિપણું. તપકલ્યાણક આવે છેને. તપકલ્યાણક એટલે મુનિકલ્યાણક. આહાહા! ભગવાન આત્મા એ 'અસણં, પાણં, ખાઇમં, સાઈમં' એ ચાર ચીજથી રહિત છે અને એ ચીજની ઇચ્છા એનાથી પણ રહિત છે. એવું જે પોતાનું સ્વરૂપ અનંત આનંદાદિ સહિત છે અને રાગ ને અશન રહિત છે, એવું જે અંદર પરિણમન એને જ અહીંયા મુનિપણું ને તપ કહેવામાં આવે છે. આહાહા!

આહાર લેવાની વૃત્તિ રાગ છે એ કાંઈ વંદનિક છે? એ તો રાગ છે. આહાર એ કાંઈ વંદનિક છે? એ તો અજીવ છે. વંદનિક જે છે એ તો મુનિપણાની અંતર દશા, અસંગ નામ રજકણ વિનાની અને રજકણની ઇચ્છા-રાગ એના વિનાની ચીજ છે. ઇચ્છા વિનાની અને આહાર વિનાની એવી જે પોતાની ચીજ એવું જે દૃષ્ટિ, જ્ઞાન ને રમણતામાં લીધું છે, એ દૃષ્ટિ જ્ઞાન ને રમણતા એ જ એનું તપ ને એ જ એનું મુનિપણું છે. આહાહા! ભારે વાતું આવી. ઓલો આહાર લેવાનો વિકલ્પ ને આહાર એ કાંઈ મુનિપણું નથી. આહાર લઈ શકતો નથી. એ તો જડ છે અને ઇચ્છા થવી એ તો રાગ છે. એ તો વ્યવહાર એષણા સમિતિ છે. એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી, તેમ એ આત્માનો ગુણ નથી અને એ મુનિપણું નથી. આહાહા!

મુનિપણું તો અંદર ઇચ્છા ને આહાર વિનાની ચીજ છે એટલે કે અનંત આનંદાદિ ગુણ ને શાંતિ આદિ સ્વભાવ સહિત છે (અને) રાગ ને અશન રહિત છે. એવું જે અંતર અનુભવ એનું નામ અહીંયા તપ ને મુનિપણું કહેવામાં આવે છે. આહાહા! વ્યવહાર એષણા કહે છે એ નહીં, કહે છે. એનો નિષેધ કરવો છે અહીં. એવી ભૂમિકામાં હોય, પણ એ મુનિપણું નહીં. એ દોષ છે. આહાહા! આવી વાત છે. નિર્દોષ આહાર લેવાની વૃત્તિ એ પણ રાગ છે, એ દોષ છે, એ કાંઈ મુનિપણું નથી. આહાહા!

આવો માર્ગ છે બાપા! આ તો વીતરાગી સર્વજ્ઞે કહેલું છે. સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય કોઈ માર્ગમાં આ વાત ન હોય. આહાહા! કહે છે કે ત્રણ કાળના સમયથી અનંતગુણા ગુણો જે જીવના, એવા ગુણનું ધરનારું એક દ્રવ્ય છે. ગુણ છે એ આધેય અને આધાર દ્રવ્ય છે. એવો જે ભગવાન આત્મા એને જેણે દૃષ્ટિમાં લીધો, એણે તો અશન ને અશનની ઇચ્છા વિનાની એ ચીજ છે એમ જોયું. એ અશન વિનાનો આત્મા એવી જે દશા અને ઇચ્છા વિનાનો આત્મા એવી નિર્વાંછક દશા, એને તપ ને મુનિપણું કહેવામાં આવે છે. આહાહા! પંડિતજી!

ભગવાનની એક વાત ને એક ભાવ સમજેને બરાબર તો બધા ભાવો સમજે. પણ એકનાય ઠેકાણા ન મળે (એને) એકેયના ઠેકાણા ન હોય. આહાહા! 'એગં જાણહિ સવ્વં જાણહિ.' આ રીતે એક વસ્તુનું સ્વરૂપ જાણે તો બધું એને ખ્યાલમાં આવી જશે. ટીકામાં આવે છેને. એક ભાવને જાણે તો બધા ભાવને જાણે. જયસેનાચાર્યની ટીકામાં આવે છે. એક પણ જેવો ભાવ છે એવો દ્રવ્યનો, ગુણનો, પર્યાયનો એમ જે બરાબર જાણે એને બધા ભાવોનું શું

સ્વરૂપ છે ખ્યાલમાં આવી જાય, પણ એકેય ભાવના ઠેકાણા ન મળે એને બીજા ભાવોનું જ્ઞાન છે એમ કહેવું અજ્ઞાન છે. આહાહા! બીજાઓએ પણ શ્રદ્ધામાં મુનિપણું લેવું. કેવું મુનિપણું? કે આવું. નવ તત્ત્વની શ્રદ્ધામાં સંવર-નિર્જરાની શ્રદ્ધા આવેને? તો સંવર-નિર્જરાનો ધરનાર ગણો તો મુનિ છે. એ મુનિ કેવો છે? આવો હોય એને મુનિ કહે. સમકિતી એને શ્રદ્ધે. એમાં ગોટાવાળો હોય એને શ્રદ્ધે નહીં. સમજાણું કાંઈ?

નવ તત્ત્વની શ્રદ્ધા યથાર્થ જોઈએને એને? સંવર-નિર્જરાનું જે નિમિત્ત છે એ આવું હોય. ઇચ્છા ને અશન વિનાનું તત્ત્વ છે એમાં એને અનુભવમાં અસ્થિરતા ન હોય એ મુનિપણું. એવી મુનિપણાની, સમકિતીને નવ તત્ત્વની શ્રદ્ધામાં આવા સંવર-નિર્જરાની શ્રદ્ધા એને હોય છે. આનાથી વિરુદ્ધ હોય એ મુનિ નહીં, તેમ મુનિની શ્રદ્ધા એને હોતી નથી. સમજાણું કાંઈ? કહો, ચીમનભાઈ! આવો માર્ગ છે. હીરાજી મહારાજ હતા એને કાપડ જોઈએને કાપડ.... સામું કોઈ દેવા આવે તો ન લે. દુકાનેથી સામું દેવા આવે, મહારાજ! .... પણ જેને દુકાનમાં પાંચ હજાર, દસ હજારનો માલ પડ્યો હોય, અજાણ્યા જઈ ચઢે. એને કહે પહેલા. ભાઈ! કાપડ છે થોડું?

..... ધ્યાન રાખે એમ. .....દાણો હોય લીલોતરીનો... શું કરે? ગુવાર. ગુવારનું કરે છેને શાક, ત્યારે ઝીણા કટકા પડ્યા હોય. એક કટકો પડ્યો હોય ને એને અડી જાય તો લે નહીં, આહાર ન લે, વસ્ત્ર ન લે. ઊભા રહો. ક્યાંય દાણો નથીને, લીલોતરીનો કટકો નથીને. ના, મહારાજ! ....... .....ઊભા થાઓ. આમાંથી પાંચ હાથનો કટકો દો. એવો નિર્દોષ હોય તો લે, નહીંતર કપડું ન લે. એવી ક્રિયા હતી. .....જોયા હતા તમે? ૭૪માં ગુજરી ગયા. પણ દૃષ્ટિ મિથ્યાત્વ. આહાહા! સાચા દેવ-ગુરુ કોને કહેવાય એની શ્રદ્ધાની ખબર ન મળે.

શ્રોતા : સાવધાની...

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ તો રાગની મંદતા. એ સાવધાનીમાં દૃષ્ટિ ક્યાં આવી? એ મંદકષાય છે, મિથ્યાત્વ સહિત છે એ તો. ધર્મ માન્યોને પાછા. એ તો ધર્મ છે. આહાહા! બાપુ! બહુ આકરું કામ છે. અંશેય ટકો નહીં. એમ કે થોડા ટકા કરો. વાણિયાની જેમ. આહાહા! એની દૃષ્ટિ ખોટીને. .... ગુરુ કેવા? કે વસ્ત્રસહિત હોય એ ગુરુ. એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. શાસ્ત્ર તો એમ કહે છે કે વસ્ત્રનો ધાગો રાખે ને મુનિ માને, મનાવે ને (માનતાને) રૂડું જાણે, એ નિગોદમાં જશે. શાસ્ત્ર એમ કહે છે. સૂત્રપાહુડ, અષ્ટપાહુડમાં. કુંદકુંદાચાર્યનું વચન છે. ૧૮મી ગાથા.

એક વસ્ત્રનો ધાગો લેવાની વૃત્તિ છે અને રાખે અને મુનિ એને માને કે મનાવે કે માનતાને રૂડું જાણે, બધા નિગોદં ગચ્છઈ. નિગોદમાં જાશે. કેમકે મિથ્યાદૃષ્ટિ છે. નવે તત્ત્વની એને ભૂલ છે. અજીવનો સંયોગ મુનિને કેટલો હોય એની એને ખબર નથી. એને વસ્ત્ર-પાત્ર હોય જ નહીં. મુનિ હોય એને વૃત્તિ લેવાની ન હોય એટલે આસ્રવ એવો ન હોય. અને મુનિને એટલો સંવર ઉગ્ર હોય કે જેને આહાર-પાણી સિવાય વસ્ત્ર-પાત્ર લેવાની વૃત્તિનો આસ્રવ હોય જ

નહીં. એટલી એને સંવરદશા હોય. બધામાં ભૂલ પડી ગઈ એને. સંવરમાં ભૂલ, આસ્રવમાં ભૂલ, અજીવમાં ભૂલ, જીવમાં ભૂલ, સંવરમાં ભૂલ અને પુણ્ય-પાપમાં (ભૂલ). એવી વાતું છે, જરી જુદી વાત હોં.

એકલું નિગોદ કહી દીધું છે એમ નહીં. ઓલા કહે છેને કે ચીભડાના ચોરને ફાંસી. શું કહે છે? કકડીના ચોર... એમ નથી. મોટી ભૂલ છે. આ મૂળમાં ભૂલ છે, નવે તત્ત્વની ભૂલ છે. જેને મુનિપણાની સંવરદશા હોય એને વસ્ત્ર-પાત્ર લેવાની વૃત્તિ હોઈ શકે જ નહીં. જેની વૃત્તિ હોય એને મુનિપણાની સંવરદશા હોઈ શકે જ નહીં. એકેક તત્ત્વમાં ભૂલ છે. આહાહા! એવી વાત છે ભઈ! આ તો વીતરાગનો માર્ગ છે. આ કંઈ કોઈનો કલ્પેલો છે? આમ વસ્તુસ્વરૂપ છે.

શ્રોતા : દિગંબર સાધુ પાત્ર તો રાખે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : દિગંબર સાધુ પાત્ર રાખે નહીં. ઓલું રાખે પાણીનું કમંડળ. પીવા માટે નહીં, સાફ કરવા. પીવા માટે કમંડળ હોય જ નહીં. કમંડળ એ અપવાદિક ઉપકરણ કહ્યું છે. છેને પ્રવચનસારમાં. ગુરુની વાણી સાંભળે એ પણ એક ઉપકરણ અપવાદિક છે. આહાહા! પરવસ્તુ છેને. સાંભળવું એ વિકલ્પ છે. આકરી વાત બાપા! વીતરાગમાર્ગની. એ બધું પ્રવચનસારમાં છે. એ બધા અપવાદિક ઉપકરણ છે. માત્ર ઉત્સર્ગમાર્ગ (રહે) એવો વિકલ્પ પણ નથી જેને. એ અહીં વાત કરે છે.

ભગવાન આત્મા કેવો છે? કે ઇચ્છા આસ્રવતત્ત્વ વિનાનો ને સંગ અજીવતત્ત્વ વિનાનો એટલે કે એના ગુણોની પરિણતિ જે ભૂમિકાને યોગ્ય જોઈએ તેટલી શુદ્ધપરિણતિ થઈ છે, એને ત્યાં મુનિપણું ને તપ કહેવામાં આવે છે. એને એ રીતે માને તો યથાર્થ છે. એનાથી વિપરીત માને તો વિપરીતદૃષ્ટિ થઈ ગઈ. સમજાણું કાંઈ? સાધુને અસાધુ માને તો મિથ્યાત્વ, આવે છેને? કુસાધુને સાધુ માને તો મિથ્યાત્વ. એ શું છે? રાગ છે? અહીં તો કહે છે કે ભગવાન આત્મા એષણા રહિત છે એટલે કે **અનશનસ્વભાવી આત્માને જાણતો હોવાથી** આહારને લેવો એવી વૃત્તિ (હોતી નથી). આહાર વિનાનો જ આત્મા છે એમ.

**તેને તે પણ તપ છે, (વળી) તેને પ્રાપ્ત કરવા માટે (-અનશનસ્વભાવી આત્માને પરિપૂર્ણપણે પ્રાપ્ત કરવા માટે)...** દેખો! હવે. ભગવાન... ઇચ્છા, આહાર વિનાનું જ મારું તત્ત્વ છે એવું તો ધર્મીને દૃષ્ટિમાં, જ્ઞાનમાં વર્તે છે. હવે એને પૂર્ણ પ્રાપ્ત કરવા માટે અનશનસ્વભાવી આત્માની પરિપૂર્ણતા માટે **પ્રયત્ન કરનારા એવા જે શ્રમણો...** અંતર આનંદસ્વરૂપમાં પ્રયત્ન કરનારા શ્રમણો... ઓલી વૃત્તિ–વિકલ્પ એ નહીં. અંતરના આનંદસ્વરૂપમાં પ્રયત્ન કરનારા શ્રમણો **તેમને અન્ય (-સ્વરૂપથી જુદી એવી) ભિક્ષા એષણા વિના (-એષણાદોષ રહિત) હોય છે...** આહારાદિ પણ એષણાદોષ રહિત હોય છે. **તેથી તે શ્રમણો અનાહારી છે.** એક તો, અણાહારી–આહાર વિનાનો ને ઇચ્છા વિનાનો આત્મા છે અને બીજું, આહાર લે છે એ નિર્દોષ

છે, ૪૨ કે ૯૬ દોષ રહિત ને એષણા સહિત છે એ અપેક્ષાએ એને અણાહારી કહેવામાં આવે છે. આહાહા! ચરણાનુયોગનું કથન છેને. કહો, સમજાણું કાંઈ? શું કહ્યું એ?

ચરણાનુયોગનું કથન છે કે અણાહારી, વસ્તુ પોતે જ અણાહારી–આહારની ઈચ્છા વિનાનો છે એવો અનુભવ થઈ ગયો દૃષ્ટિમાં અને એનો આહાર જે છે એ એષણાના દોષરહિત છે માટે અણાહારી કહેવામાં આવે છે. નિશ્ચયમાં અણાહારી તો એ વિકલ્પ સહિત નિર્દોષ આહાર લેવો એ પણ જેમાં નથી. એવો એ અણાહારી છે. પહેલો એ અણાહારી સિધ્ધ કર્યો. શું કીધું? પહેલો તો નિર્દોષ આહાર લેવાની ઇચ્છા–એષણા (રહિત) વૃત્તિ અને અશન એ વિનાનો આત્મા છે. એવું આત્માનું ભાન જેને વર્તે એ અણાહારી છે. અને બીજી રીતે ચરણાનુયોગની વિધિ પ્રમાણે એષણા સહિત નિર્દોષ આહાર-પાણીની વૃત્તિ છે એ રીતે દેખે માટે એ અપેક્ષાએ પણ અણાહારી કહેવામાં આવે છે. એષણાની વૃત્તિ હોવા છતાં પણ નિર્દોષ વૃત્તિ છે એથી એને વ્યવહારે પણ અણાહાર કહેવામાં આવે છે. આહાહા! ભારે વાત ભાઈ! એ ચરણાનુયોગનો અધિકાર છેને. પ્રવચનસાર, એની ગાથા ૨૩૦.

**ભિક્ષા એષણા વિના... તેથી તે શ્રમણો અનાહારી છે**. આહાહા! એક તો, આહાર ને આહારની ઇચ્છા વિનાનો આત્મા છે એવું જેને અનુભવમાં વર્તે છે. એક વાત. અને બીજું, એને નિર્દોષ આહાર લેવાની વૃત્તિ–વિકલ્પ છે. એને માટે કર્યું, કરાવ્યું, અનુમોદન રહિત એવી રીતે આહારની એષણા શુદ્ધિથી લેવાની વૃત્તિ છે એ અપેક્ષાએ પણ એને અણાહારી કહેવામાં આવે છે. આહાહા!

**એવી રીતે (આચાર્યવર) શ્રી ગુણભદ્રસ્વામીએ (આત્માનુશાસનમાં ૨૨૫મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :**

**यमनियमनितान्तः शान्तबाह्यान्तरात्मा**
**परिणमितसमाधिः सर्वसत्त्वानुकम्पी।**
**विहितहितमिताशी क्लेशजालं समूलं**
**दहति निहतनिद्रो निश्चिताध्यात्मसारः॥**

**શ્લોકાર્થ : જેણે અધ્યાત્મના સારનો નિશ્ચય કર્યો છે...** કેવા મુનિ છે? જેને અધ્યાત્મ આનંદકંદ અનાકુળ શાંતિનો પિંડ પ્રભુ એવો જેણે સમ્યગ્દર્શનમાં નિશ્ચય કર્યો છે. **અધ્યાત્મના સારનો નિશ્ચય કર્યો છે, જે અત્યંત યમનિયમ સહિત છે...** અત્યંત યમનિયમની જે વિધિ છે એથી સહિત છે. **જેનો આત્મા બહારથી અને અંદરથી શાંત થયો છે...** શાંત.. શાંત.. અંતર અકષાય પરિણમન છે અને બહારમાં શરીરમાં, વાણીમાં શાંત આમ દેખાય. ઠરી ગયેલો છે, ઉપશમરસમાં જામી ગયો છે. 'શાંત' છેને? શાંત–અકષાયરસમાં જામી ગયેલો છે એને મુનિ કહીએ.

જેને ગણધરનો નમસ્કાર પહોંચે. 'ણમો લોએ સવ્વ સાહૂણં.' ગણધર પણ શાસ્ત્ર રચતા પાંચ નવકાર (સ્મરણ કરે). 'ણમો લોએ સવ્વ સાહૂણં.' હે સંત! તારા ચરણમાં મારો નમસ્કાર. (પદમાં) નાનો સાધુ છે માટે બહારથી વ્યવહારે નમસ્કાર ન કરે, પણ નવકારનું (સ્મરણ) કરે એમાં નમસ્કાર આવી જાય. એ ગણધરનો નમસ્કાર. તીર્થંકરના વજીર, અંતર્મુહૂર્તમાં ચાર જ્ઞાન પ્રગટે ને બાર અંગની રચના કરે એવી તાકાતવાળો. એ જ્યારે (સ્મરે) 'ણમો લોએ સવ્વસાહૂણં.' હે સંત! તારા ચરણમાં મારે નમસ્કાર. એ સાધુ પદ કેવું! આહાહા! સમજાણું કાંઈ?

તીર્થંકરના દીવાન જેને નમસ્કાર કરે. દીવાન છેને એ. તીર્થંકર ધર્મના રાજા, ગણધર એના વજીર, દીવાન. આહાહા! જ્યારે ગણધર શાસ્ત્રની રચના કરે છે ત્યારે 'ણમો લોએ સવ્વ અરિહંતાણં, ણમો લોએ સવ્વ સિદ્ધાણં, ણમો લોએ સવ્વ આયરિયાણં...' એ આચાર્ય કેવા હોય કે જેને ગણધરના નમસ્કાર પહોંચે! એ આવા. અણાહારી જેનું પરિણમન છે, વીતરાગ જેની દશા છે, રાગનો કણ ઉભો થાય છે એ પણ નિર્દોષ લેવાની વૃત્તિથી ઊભો થયો છે. સમજાણું કાંઈ? એવી અંતર રમણતાવાળાને, કહે છે કે અંતર ને બાહ્ય શાંત થયો છે.

**જેને સમાધિ પરિણમી છે...** આહાહા! સમાધિ એટલે ઓલા બાવા સમાધિ ચડાવે એ? આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત આનંદની રમણતામાં શાંતરસે અનાકુળ આનંદની સમાધિ જેને જામી ગઈ છે, એને સમાધિ કહીએ. આધિ એટલે મનના વિકલ્પો પુણ્ય-પાપના એના રહિત–આધિ રહિત, વ્યાધિ એટલે શરીરના રોગ, એથી રહિત, ઉપાધિ એટલે સંયોગ. ઉપાધિ, વ્યાધિ ને આધિ ત્રણથી રહિત એનું નામ સમાધિ. ઓલા બાવા ગરી જાય સમાધિમાં એ નહીં. એ તો હઠમાં આવીને (કરે છે). સહજાત્મસ્વરૂપ એવું પરમાનંદમૂર્તિ, સર્વજ્ઞે કહ્યો એવો આત્મા જેણે અનુભવમાં લઈ અને સમાધિમાં પરિણમ્યા છે. જુઓ! માર્ગ.

સમાહિવરં મુત્તમ દિંતુ. લોગ્ગસ્સમાં આવે છે. સમાહિવર મુત્તમં દિંતું. આમાંય આવે છે, આપણે આવે છે. .... લોગસ્સમાં આવે છે. સામાયિક પાઠમાં. એવં મએ અભિથુઆ વિહુયરયમળા પહીણજરમરણા... પાઠ છે સામાયિકમાં. 'સમાહિવરં મુત્તમં દિંતુ..' હે પરમાત્મા! ....પોતાના ભાવને. સમાધિ વર–ઉત્તમ ફળ... આનંદની અણીન્દ્રિય દશા ઉત્તમ એ અમને દ્યો. એટલે અંદર દશામાં છે એને દ્યો, એમ. પ્રાર્થનામાં ભગવાનને એમ કહે છે. આહાહા! જેને વીતરાગભાવરૂપી સમાધિ જામી ગઈ છે, કહે છે. રાગ તો અસમાધિ છે, આકુળતા છે. પંચમહાવ્રતના વિકલ્પ–રાગ છે એ તો આકુળતા છે. .... એ ખોટા છે. પંડિતજી! આવો માર્ગ ભગવાનનો. આહાહા!

જેને અનાકુળ સમાધિ જામી ગઈ છે. આમ શાંત.. શાંત.. શાંત.. નિર્વિકલ્પ આનંદની પરિણતિ જેની ઘટ્ટ થઈ ગઈ છે–ગાઢ થઈ ગઈ છે. દરિયાના મધ્યમાંથી કાંઠે જેમ આખી

ભરતી-બાઢ આવે, એમ જેના મધ્યબિંદુમાં અનંત ગુણ પડ્યા છે, એના ઉપર દૃષ્ટિનું જોર પડ્યું છે તેથી કાંઠે અનંત આનંદની સમાધિનો પ્રવાહ કાંઠે એટલે પર્યાયમાં આવે છે. આવું સાધુપણું હોય છે. આ તો મુંડાવીને લૂગડાં છોડ્યા, સાધુ થઈ ગયા. ધૂળેય નથી, સાંભળને! આહાહા! 'સાધુ હુઆ તો સિદ્ધ હુઆ..' માણસ હુઆ.. આવે છેને? ... કહાંસે હોય, સાધુ હુઆ તો સિદ્ધ હુઆ.' આહાહા! જેની નિર્વિકલ્પ સમાધિ આનંદમાં જામી ગયેલી છે. એ સમાધિ જેને પરિણમી, આવા સાધુને ભગવાન સાધુ કહે છે. સમ્યકિતદૃષ્ટિ પણ આવા સાધુને સાધુ માને.

**જેને સર્વ જીવો પ્રત્યે અનુકંપા છે...** બધા પ્રત્યે અરાગી–અકષાય, અનુકંપા... કોઈ પ્રત્યે આ ઠીક ને અઠીક એવું છે નહીં. બધા જીવો જ્ઞેય તરીકે જાણવામાં છે. અકષાય અનુકંપા જેને પ્રગટી છે. આહાહા! 'સર્વ જીવ' છેને. એકેન્દ્રિયનો લીલોતરીનો એક દાણો હોય, એક નાળિયેર હોય, તો એ પણ એકેન્દ્રિય જીવ છે, ભલે આવડો ગોટો હોય. બધા પ્રત્યે અનુકંપા. કોઈ પ્રત્યે વિકલ્પનો મારવાનો કે ઉગારવાનો કે બચાવવાનો એને છે જ નહીં. સર્વે... એ વળી બીજી વાત છે. પોતે પોતાના આત્માને માટે આ છે. બીજા સુખી થાવ કે ન થાવ  તો એને આધીન છે. .... **જે વિહિત (-શાસ્ત્રાજ્ઞા મુજબનું) હિત-મિત ભોજન કરનાર છે...** વિહિત એટલે ભગવાને કહેલું, શાસ્ત્રાજ્ઞા મુજબનું. હિત ને મિત... હિત એટલે અશનમાં જેને પ્રમાદ, રાગાદિ ન થાય એવો અને મિત એટલે મર્યાદાવાળું ભોજન. એને .... એટલું મર્યાદિત ભોજન કરે. આહાહા!

**જેણે નિદ્રાનો નાશ કર્યો છે...** મુનિને નિદ્રા ન હોય. એક પોણી સેકંડની નિદ્રા હોય મુનિને છઠ્ઠે ગુણસ્થાનમાં. છઢાળામાં આવે છે. 'પિછલી રૈની શયન એકાસન..' એક કરવટ. આમ હોય તો આમ ને આમ હોય તો આમ. એક પોણી સેકંડની નિદ્રા. છઠ્ઠું ગુણસ્થાન જ પોણી સેકંડની મુદતવાળું છે. એટલી જરી નિદ્રા આવી જાય. એક મિનિટની પણ નિદ્રા એને ન હોય. એક મિનિટની નિદ્રા હોય એને મુનિપણું રહેતું નથી. આહાહા! **તે (મુનિ) કલેશજાળને સમૂળગી બાળી નાખે છે.** લ્યો. આવા આનંદની ધારા જેને ધ્યાનની અંદરથી જેને પ્રગટી છે એ ક્લેશજાળને બાળી નાખે–રાખ કરી નાખે છે. એવાને મુનિ કહીએ, એને એષણાસમિતિથી આહાર લેનાર કહીએ અને એને તપસ્વી ને મુનિ કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## જ્યેષ્ઠ વદ ૪, શુક્રવાર, તા. ૩૦-૬-૧૯૭૨
## શ્લોક-૮૬, ગાથા-૬૪, પ્રવચન નં. ૫૯

**વળી (૬૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :**

**भुक्तवा भक्तं भक्तहस्ताग्रदत्तं**
**ध्यात्वात्मानं पूर्णबोधप्रकाशम् ।**
**तप्त्वा चैवं सत्तपः सत्तपस्वी**
**प्राप्नोतीद्धां मुक्तिवारांगनां सः ॥८६॥**

મુનિની એષણા સમિતિનું ચાલે છેને. **શ્લોકાર્થ : ભક્તના હસ્તાગ્રથી (-હાથની આંગળીઓથી) દેવામાં આવેલું** મુનિને આહાર... **ભોજન લઈને...** બસ એટલો ત્યાં વ્યવહાર નાખ્યો. **પૂર્ણ જ્ઞાનપ્રકાશવાળા આત્માનું ધ્યાન કરીને...** એવો વિકલ્પ આહાર લેવાનો હોય એષણાસમિતિ (સહિત) તો, કહે છે કે એ લીધો, ભોગવ્યો... પૂર્ણ જ્ઞાનપ્રકાશવાળો આત્મા... પૂર્ણ જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા નિત્ય પૂર્ણસ્વરૂપ એનું ધ્યાન કરીને, લ્યો. એ પૂર્ણ જ્ઞાનસ્વભાવવાળો આત્મા એટલે ધ્રુવ નિત્ય એનું ધ્યાન કરીને, **એ રીતે સત્ તપને (-સમ્યક્ તપને) તપીને...** જોયું! સત્ તપ આ. પૂર્ણ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મામાં લીન થવું, ધ્યાન કરીને એમાં લીન થવું, પૂર્ણ સ્વરૂપને ધ્યેય બનાવીને ધ્યાનમાં લીન થવું એ સત્ તપ છે. એ સાચું તપ ને સાચું મુનિપણું છે એમ કહે છે.

પૂર્ણ જ્ઞાનપ્રકાશવાળો... જેનો જ્ઞાન જ પ્રકાશ છે, એવો આત્મા જેનો પૂર્ણ જ્ઞાનપ્રકાશ જ સ્વભાવ છે. એનું ધ્યાન કરીને, એને દૃષ્ટિમાં લઈ અને એમાં લીનતા કરીને, **એ રીતે સત્ તપને તપીને...** એ સમ્યક્-તપ. એષણા વ્યવહાર જે વિકલ્પ છે એ નહીં, એ તો વ્યવહાર છે. પણ અંતરમાં એકાગ્ર થઈને... શુદ્ધ એષણા છેને એ. પૂર્ણ પ્રકાશવાળો ભગવાન આત્મા તેમાં લીન થવું એ નિશ્ચય-એષણા અથવા સત્ તપ કહેવામાં આવે છે. એવા સત્ તપને તપીને... સમ્યક્ તપ એનું નામ. પૂર્ણ પ્રકાશસ્વરૂપ એવો ભગવાન એના તરફના વલણવાળી એકાગ્ર દશા એને અહીંયા સાચું તપ અને સાચું મુનિપણું (કહે છે), એનું નામ સાચું મુનિપણું છે એમ કહે છે. પંચ મહાવ્રતના વિકલ્પ કે વ્યવહાર એષણાસમિતિ એ સાચું તપ ને મુનિપણું નહીં એમ કહે છે.

**તે સત્ તપસ્વી...** પરમ સત્ એવું પૂર્ણ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એમાં લીન થવું, એને શોધીને, પકડીને એમાં લીન થવું, એ જ સાચો તપસ્વી છે, એ સાચો મુનિ છે. આહાહા! ભાષા જુઓ! ક્યાંય મળે એવું નથી.... સાચું તપસ્વીપણું, સાચું મુનિપણું એને કહીએ અને સત્ તપસ્વી–એ તપનો કરનાર એને કહીએ કે જે પૂર્ણ જ્ઞાનઘનસ્વરૂપ પ્રકાશની મૂર્તિ પ્રભુ એમાં–

એના ધ્યાનમાં લીન થવું, એનું નામ સાચું તપ ને સાચું મુનિપણું કહે છે, એનું નામ સાચી દીક્ષા છે. આહાહા! ભારે! એ ગિરધરભાઈ! મિથ્યાત્વ કોને કહેવું, એ મિથ્યાત્વની દશા શું? આહાહા!

શીખવાનું પહેલું છે એ તો શીખ્યો નથી. પૂર્ણ જ્ઞાનપ્રકાશનો પુંજ પ્રભુ એવો જે આત્મા એક સમયમાં નિત્ય-ધ્રુવ પરિપૂર્ણ પ્રકાશનું જ્ઞાન, પૂર્ણ આનંદાદિ પ્રકાશની મૂર્તિ, એની જેને અંતર દૃષ્ટિ-સમ્યગ્દર્શન થયું નથી એને સ્વરૂપનું ધ્યાન હોઈ શકે નહીં. અને એવા સ્વરૂપના ધ્યાનમાં જે લીનતા, એષણા એટલે શુદ્ધ પૂર્ણ જ્ઞાનઘન ધ્રુવ ચૈતન્ય એને શોધીને એમાં લીન થયો, નિર્વિકલ્પ વીતરાગીદશા પ્રગટ થઈ એને સાચું મુનિપણું, સાચો તપસ્વી, સાચા તપનો કરનાર એને કહીએ. આહાહા! સમજાણું કાંઈ? છેને.

**પૂર્ણ જ્ઞાનપ્રકાશવાળા આત્માનું ધ્યાન કરીને**... ગજબ વાત છે. ટૂંકી પણ ગજબ છે. એક સમયમાં ભગવાન ધ્રુવ પૂર્ણ વસ્તુ... મતિ ને શ્રુતજ્ઞાનની પર્યાયનું પણ ધ્યાન નહીં, એમ કહે છે. સમ્યગ્દૃષ્ટિને, પૂર્ણ સ્વરૂપને અવલંબીને સમ્યક્ મતિ ને શ્રુતજ્ઞાન આનંદની દશા સહિત પ્રગટ્યું એનુંય ધ્યાન નહીં, એમ કહે છે. આહાહા! ધ્યાન તો, પૂર્ણ જ્ઞાનપ્રકાશની મૂર્તિ નિત્યાનંદ ધ્રુવ એનું ધ્યાન, એમાં લીનતા, આત્મા આવો છે એવો શોધીને દ્રષ્ટિ કરી હતી એમાં હવે લીનતા કરે છે. નિર્વિકલ્પ ઉગ્ર પુરુષાર્થની, શાંતિની, ચારિત્રની, વીતરાગતાની જાગૃતિ, એને સાચો સંત, સાચા મુનિ, સાચો તપસ્વી, એ તપનો કરનાર તપસ્વી કહેવાય છે. કહો, એ તપસી! મહિના-મહિનાના અપવાસ કેટલા કર્યા ને તપસ્વી થઈ ગયા.

**સત્ તપ**... સત્ એવું શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણાત્મા એને દૃષ્ટિમાં લઈને લીન થઈ જવું, એમાં લીન થવું તે સત્ તપસ્વી છે અને એ સત્ તપ છે એનો તપસ્વી-તપનો કરનાર એ તપસ્વી છે. આહાહા! કહો, આવા ભાન વિના અપવાસ-બપવાસ કરે એ બધી લાંઘણું છે. અપવાસ છેને. ઉપવાસ નથી, અપવાસ છે-માઠો વાસ છે. વસ્યો છે એટલામાં, એ રાગમાં ને પુણ્યની ક્રિયામાં એ વસ્યો છે એ માઠો વાસ છે. ભગવાન પૂર્ણાનંદઘન દરબાર જેમાં અનંત ગુણનો દરબાર પૂર્ણ પડ્યો છે. એકેક ગુણ પરિપૂર્ણ છે. એવા અનંતા ગુણનું પરિપૂર્ણ... અહીં તો સમુચ્ચય લીધુંને 'જ્ઞાનપ્રકાશ'. પણ એ જ્ઞાનપ્રકાશમાં અનંતા ગુણો પરિપૂર્ણ પ્રકાશવાળા પડ્યા છે. આહાહા! એવો આત્મા, એમ. પર્યાયવાળો નહીં, રાગવાળો નહીં, વ્યવહાર એષણાનો વિકલ્પ એ નહીં, એમ કહે છે. પંડિતજી! આહાહા!

પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ આનંદનો પ્રકાશ, જ્ઞાનનો પ્રકાશ, શ્રદ્ધાનો પ્રકાશ એવી શક્તિઓ જે, પૂર્ણ શક્તિ-સત્ત્વ-ગુણ, સત્‌નું સત્ત્વ, સત્‌નો સ્વભાવ, સત્‌નો ત્રિકાળ ભાવ એ પરિપૂર્ણ વસ્તુ છે. એ પરિપૂર્ણ તરફનું ધ્યાન કરે, એમાં લીન થાય, એને વીતરાગદશા પ્રગટ થાય, એને સાચું તપ ને મુનિપણું કહેવામાં આવે છે. આહાહા! લ્યો, મુનિપણું આવું. ભારે ભાઈ! આ તો

પદ્મપ્રભમલધારિદેવ છે. પદ્મપ્રભમલધારિદેવ તો મુનિ છે. એ આ ટીકા કરે છે. કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય એ તો બધા આચાર્ય હતા. આ તો મુનિ છે. આ ટીકા કરનાર પદ્મપ્રભમલધારિદેવ મુનિ–ભાવલિંગી સંત એ પોતે કહે છે કે મુનિપણું આવું હોય હોં. મુનિ–સાચા સંત જેને અંતરમાં શુદ્ધોપયોગમાં રમણતા છે, એવું જેણે શુદ્ધોપયોગ... વિકલ્પપૂર્વક પંચમહાવ્રત એ તો શુદ્ધોપયોગ નહીં, એ તો વ્યવહારમાં જાય છે. જેને શુદ્ધોપયોગની રમતું ધ્રુવમાં જામી ગઈ છે. આહાહા! એને તપ કહીએ અને એ તપ કરનારને તપસ્વી કહીએ. એને મુનિપણું કહીએ અને એને મુનિ કહીએ. આહાહા!

શ્રોતા : આ રચના વખતે તો વ્યવહારમાં હશે ને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : વ્યવહાર વિકલ્પ છે ભલે, પણ હું તો આવો છું. એ વિકલ્પ નહીં. રચના વખતે વિકલ્પ છે, છતાં એ હું નહીં. એ વખતે એમ છે એમને. નિષેધનો અર્થ આ. આહાહા! આ વિકલ્પ છે લખવાનો એ નહીં, એ હું નહીં. હું તો પૂર્ણ પ્રકાશમાં લીનતા એ હું છું. એ મુનિપણું છે, આ વિકલ્પ ઉઠે એ મુનિપણું નહીં. આહાહા! આ તો રાગ છે. આહાહા! અરે! વીતરાગ સર્વજ્ઞનો પંથ ... જે અંદરમાંથી વીતરાગીદશા વહી... જિનસ્વરૂપી તો પ્રભુ પોતે જ છે. વીતરાગસ્વરૂપે જ ભગવાન આત્મા છે. એવા વીતરાગીઘનમાં જે લીન થાય એને વીતરાગતા શક્તિમાંથી વ્યક્ત–પ્રગટ થાય. એ વીતરાગતા પ્રગટ થઈ તે તપ, એ મુનિ અને તે મુનિપણું. આહાહા! વિકલ્પ ઉઠ્યો છે, એષણાસમિતિનો વિકલ્પ હોય છે, છતાં એ (મુનિપણું) નહીં એમ કહે છે.

**તે સત્ તપસ્વી (-સાચો તપસ્વી) દેદીપ્યમાન મુક્તિવારાંગનાને (-મુક્તિરૂપી સ્ત્રીને) પ્રાપ્ત કરે છે.** આહાહા! આવો જે ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એમાં જેની લીનતા જામી છે શુદ્ધોપયોગની, ભલે વિકલ્પ છે, પણ એ વખતે શુદ્ધપરિણતિ જે અંદર જામી છે એવો મુનિ દૈદીપ્યમાનમુક્તિ... શું કીધું એ? **प्राप्नोतीद्धां... इद्धां**—દેદીપ્યમાન. હા, છેને શબ્દ. દેદીપ્યમાન મુક્તિવારાંગના... ઓલામાં પ્રકાશવાળો કહ્યો હતોને પૂર્ણ. એની પર્યાયમાં **દેદીપ્યમાન મુક્તિવારાંગનાને પ્રાપ્ત કરે છે**. આહાહા! ઓહોહો! સંતોના માર્ગ તો જુઓ! એને સંતપણું પ્રગટ્યું તો નહીં, પણ સંતપણું કેવું હોય એવું એણે જાણ્યું પણ નહીં. સ્ત્રી છેને. વારાંગના.... બરાબર છે. 'વારાંગના' સ્ત્રીના અર્થમાં છે. મુક્તિરૂપી સ્ત્રી. વારાંગના એ. અહીં વેશ્યાની વાત નથી. એવી પૂર્ણ.... અહીં શબ્દોનું કાંઈ કામ નહીં. આહાહા! પૂર્ણ પ્રાપ્ત આનંદની દશા એવી મુક્તિ, એવી જે એની પરિણતિરૂપી સ્ત્રી, એને પ્રાપ્ત કરે છે એમ કહે છે. જેમ સ્ત્રી બહારના પતિને છોડે નહીં, એમ પૂર્ણાનંદની પ્રાપ્તિની પરિણતિ દ્રવ્યને છોડે નહીં. સમજાણું કાંઈ?

એ ૮૬ (કળશ) થયો. હવે ગાથા ૬૪. આદાનનિક્ષેપણ. શ્વેતામ્બરમાં આયાન-ભંડમત નિક્ષેપણ સમિતિ છે. અહીં આદાન-નિક્ષેપણ છે. કારણ ભંડમત છે નહીં સાધુને. એવો

સમિતિના બોલમાં ફેર છે. શ્વેતામ્બરમાં આયાન-ભંડમત નિક્ષેપણ એવો પાઠ છે. ભંડમત... વસ્ત્ર ને પાત્ર આદિ મુનિને હોતા જ નથી. પાત્ર હોતા જ નથી (તો) લે કે મૂકે ક્યાંથી? 'આદાનનિક્ષેપ' શબ્દ છેને એ યથાર્થ છે. એ સિવાયના ઉપકરણો હોય મોરપીંછી આદિ એની વાત અહીંયા છે. તેથી પાઠમાં કહ્યુંને. પાઠમાં છેને જુઓ.

**पोत्थइकमंडलाइं गहणविसग्गेसु पयतपरिणामो ।**
**आदावणणिक्खेवणसमिदी होदि त्ति णिहिट्ठा ॥६४॥**

**શાસ્રાદિ ગ્રહતાં-મૂકતાં**.. એમ. પુસ્તક છે ખરુંને એટલે શાસ્ત્ર શબ્દ લીધો. **શાસ્રાદિ ગ્રહતાં-મૂકતાં**... વસ્ત્ર-પાત્ર ગ્રહતાં-મૂકતાં એમ નહીં. મોટો ફેર છે. શ્વેતામ્બર ને દિગંબર મુનિની દશા ઉગમણો-આથમણો ફેર છે. બેને સરખા મનાવવા. કઈ રીતે બને? સમન્વય કોનો કરવો? કોઈ વ્યક્તિ પ્રત્યે વિરોધ નહીં, વેર નહીં, પણ વસ્તુની સ્થિતિ છે એનાથી વિરુદ્ધ હોય તો એની દૃષ્ટિ ખોટી છે એમ એણે માનવું જોઈએ. બંને હોય એ સાચી. બે આંખ્યું સરખી જોઈએ. આંખ જોઈએને કે પુતળી જોઈએ? જરીએ સમન્વય નથી. અહીં તો 'છે' એટલું સમન્વય. આ પણ છે, આ પણ છે એટલું. પણ બે સરખા છે એ સમન્વય નહીં. આહાહા! ભાષા જુઓને! કુંદકુંદાચાર્યની સીધી. છેને? પુસ્તક, કમંડળ આદિ. કમંડળાદિ ગ્રહણ-વિસર્ગ. અહીં શાસ્ત્રાદિ કહ્યું. **મુનિના પ્રયત્ન પરિણામને...** અહીં શુભભાવ લેવો છેને? પ્રયત્ન શુભરાગ–વિકલ્પ.

**શાસ્રાદિ ગ્રહતાં-મૂકતાં, મુનિના પ્રયત્ન પરિણામને,**
**આદાનનિક્ષેપણ સમિતિ કહેલ છે આગમ વિષે. ૬૪.**

દેખો! ભગવાનના આગમમાં–ભગવાનની વાણીના કહેલા આગમમાં તો આ આવ્યું છે કે પુસ્તાદિ ગ્રહતાં-મૂકતાં.., બસ. વસ્ત્ર-પાત્ર લેતાં-મૂકતાં એ મુનિને હોઈ શકે નહીં ત્રણ કાળ, ત્રણ લોકમાં. આહાહા! વસ્ત્રનો એક ધાગો રાખે અને મુનિ માને કે એને મનાવે તો નિગોદં ગચ્છઇ. અષ્ટપાહુડમાં છે. પંડિતજી! બે સરખા–સમન્વય થાય એવું કાંઈ નથી. બેય સરખા રાખો થોડા. થોડા દોકડા ભેગા રાખો. માર્ગનું સ્વરૂપ જ એવું છે ત્યાં. જ્યાં દશા ત્રણ કષાય રહિત મુનિપણાની અંતર વીતરાગદશા પ્રગટી, એને વસ્ત્ર-પાત્ર લેવાના વિકલ્પની મર્યાદા જ ન હોય અને એવા સંયોગ જ ન હોય. એવા સંયોગનો એને અભાવ અને એને લેવાના વિકલ્પનો એને અભાવ છે. એ વસ્તુની મર્યાદા છે. શું થાય? પક્ષમાં પડ્યો એ માને, એ સ્વતંત્ર છે. માર્ગ આ છે. આહાહા! કહે છે... શબ્દાર્થ લઈએ અન્વયાર્થ પહેલું.

**અન્વયાર્થ : પુસ્તક, કમંડળ વગેરે...** વગેરેમાં એને લગતી વસ્તુ તે. પાછું 'વગેરે'માં વસ્ત્રાદિ નહીં. અર્થમાં કહેશે. દરેકનો ખુલાસો કરશે. આ તો આપણે શબ્દ છે. પુસ્તક કમંડળ વગેરે **લેવા-મૂકવા સંબંધી પ્રયત્નપરિણામ તે આદાનનિક્ષેપણસમિતિ છે. [इति निर्दिष्टा] એમ**

ભગવાનના આગમમાં આમ **કહ્યું છે.** બીજા આગમમાં એમ કહ્યું કે વસ્ત્ર-પાત્ર લેવા એ ભગવાનના આગમ નહીં. એ કલ્પિત બનાવેલા આગમ છે.

શ્રોતા : ગૃહસ્થ..

પૂજ્ય ગુરુદેવશ્રી : શુભભાવ.. શુભભાવ.. એની વાત નથી. શુભ પરિણામ-શુભરાગ. કહેશે હમણાં.

**ટીકા : અહીં આદાનનિક્ષેપણસમિતિનું સ્વરૂપ કહ્યું છે. આ, અપહૃતસંયમીઓને...** આ અપહૃત એટલે વ્યવહાર સંયમી. વ્યવહાર એટલે સંયમનો વ્યવહાર. આમ તો નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચયજ્ઞાન છે, પણ છઠ્ઠા ગુણસ્થાનવાળાની દશાને-શુભોપયોગીને અપહૃતસંયમી કહ્યો છે. જેમાં લેવા-મૂકવાનો વિકલ્પ ઉઠે છે એવી છઠ્ઠી ગુણસ્થાનની ભૂમિકા એને અપહૃતસંયમી કહ્યો છે. જુઓ નીચે છે. **૧. અપહૃતસંયમી-અપહૃતસંયમવાળા મુનિ.** અપવાદી મુનિ. અપવાદીનો અર્થ કે છઠ્ઠા ગુણસ્થાનમાં શુભરાગવાળો ભાવ છે એને અપવાદી મુનિ કહ્યો છે. આમ તો ત્રણ કષાયનો અભાવ છે, દર્શન-જ્ઞાન નિશ્ચય સ્વરૂપનો અનુભવ છે, પણ સંયમના બે પ્રકાર પાડતાં છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય જે શુભ(રાગ) ઉઠ્યો, એને ત્રણ કષાયનો અભાવ તો છે, પણ હજી શુભરાગ છે એથી એને અપહૃતસંયમી કહેવામાં આવે છે.

દરેકના ઘણા અર્થ છે. અપહૃતસંયમી મુનિ એટલે અપવાદી. છઠ્ઠા ગુણસ્થાનમાં વિકલ્પ ઉઠ્યો છે એ અપવાદી મુનિ છે. આહાહા! **વ્યવહારનય**વાળો મુનિ છે. નીચે અર્થ છે. પ્રવચનસારમાં છેને આ તો ૨૩૦મી ગાથામાં. હમણા કાઢ્યું હતું. ૨૩૦મી ગાથા ત્રીજા અધિકારની. આ શબ્દો એના છે સંસ્કૃતટીકાના. જયસેનાચાર્યના છે. કહે છે... જુઓ તો શૈલી! આહાહા! સમ્યગ્દર્શન પૂર્ણ આનંદકંદ પ્રભુ એનો અનુભવ થઈને પ્રતીત સમ્યક્ થઈ, એનું સ્વસંવેદનજ્ઞાન પણ થયું, એમાં સ્વરૂપની સ્થિરતા-છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય સ્થિરતા પણ છે, પણ એને ઓલો વિકલ્પ ઉઠે છે પંચમહાવ્રતનો, આ લેવું, મૂકવું—એ વૃત્તિવાળાને અપવાદી મુનિ કહ્યો, વ્યવહારનયવાળો મુનિ કહ્યો. નિશ્ચય તો છે, પણ હજી ઉપયોગ-શુદ્ધોપયોગ નથી એથી આ રાગવાળા મુનિને વ્યવહારિક મુનિ કહ્યો છે. આહાહા! જેને અંતર સમ્યગ્દર્શન ને જ્ઞાન ને ચારિત્રની ... દશા નથી એને તો વ્યવહારેય નથી. આહાહા! વાત તો જુઓ! કેટલી નિર્મળ વાત, સ્પષ્ટ વાત!

ભગવાન આત્મા પૂર્ણ પ્રકાશની મૂર્તિ ધ્રુવ ચૈતન્યને દૃષ્ટિમાં લઈને અનુભવ્યો, નિર્વિકલ્પ આનંદનો સ્વાદ આવ્યો, સમ્યગ્દર્શન થયું. સમ્યક્-સ્વસંવેદન (એટલે) સ્વનું પ્રત્યક્ષજ્ઞાન થયું અને સ્વરૂપમાં સ્થિરતા પણ ત્રણ કષાયની અભાવવાવાળી છે, એને જે ઓલો શુભ વિકલ્પ ઉઠે છે, એ જીવને અપવાદી સાધુ કહ્યો, વ્યવહારનયવાળો. આહાહા!

શ્રોતા : આહારકા વિકલ્પ ઉઠે ઉસ સમય...

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ સમયમાં, શુભોપયોગ–(આહાર) લેવાના વખતની વાત છેને, લેવા-મૂકવાના વખતની વાત છે, વ્યવહાર સમિતિનો રાગ છે એ વખતની વાત છે. અંદર નિશ્ચય તો છે, પણ શુદ્ધોપયોગનો અભાવ છે. શુદ્ધોપયોગ સાતમે થાય છે એ નિશ્ચય સાધુ. કહે છે કે એને અપવાદી મુનિ કહીએ. આહાહા! અપવાદ છે, એ દોષ છે, એમ કહે છે.

વ્યવહારનયવાળો કહીએ, એને **એકદેશ-પરિત્યાગ** કહીએ. કારણકે શુદ્ધોપયોગ થયો નથી એટલે રાગની અશુદ્ધતા (અંશે) ટળી છે, પણ શુભ આવ્યો છે (તેથી) એકદેશ પરિત્યાગ કહેવાય. આહાહા! **અપહૃતસંયમ (હીણો-ઓછપવાળો સંયમ)** એને **સરાગચારિત્ર** કહીએ. આવા હોં. છઠ્ઠા ગુણસ્થાનમાં શુભ વિકલ્પ ઉઠ્યો છે લેવા-મૂકવાનો કે એષણા, એને અપહૃતસંયમી સરાગચારિત્ર કહીએ. ઓલું ચારિત્ર અંદર ત્રણ કષાયના અભાવવાળું તો છે, પણ શુદ્ધ ઉપયોગમાં ઠર્યો નથી. આહા! ના, વસ્તુસ્થિતિ આવી છે એમાં... ભાઈએ (-અમૃતચંદ્રાચાર્યે) તો એમ જ (લખ્યું છે) આપણે પ્રવચનસારમાં. આચાર્ય, ઉપાધ્યાય, મુનિ પરમશુદ્ધોપયોગી જ હોય છે. પાંચ ગાથા છે, પહેલી પાંચ ગાથા. પરમશુદ્ધોપયોગને જ ગ્રહણ કર્યો છે, વ્યવહાર-બ્યવહાર ગ્રહણ કર્યો નથી, વચ્ચે આવી જાય છે એ અપવાદિત વાત છે. આહાહા!

મોક્ષમાર્ગ પ્રકાશકમાં એમ લીધું છે. મુનિપણું એટલે શુદ્ધોપયોગને જેણે ગ્રહણ કર્યો છે એવું મુનિપણું. મોક્ષમાર્ગપ્રકાશમાં.... પણ નહીંતર મુનિ નામ ધરાવવા ઘણા..... નાત છેને મુનિ કપોળ.. કપોળ મુનિ. એ મુનિ છે. એ હોય છે એમ. મુનિ નામ ધરાવે એટલે કાંઈ મુનિ થઈ જાય? અને નગ્ન થઈ ગયો અને ૨૮ મૂળગુણ વિકલ્પ છે તોય મુનિ નહીં. એ વ્યવહારે મુનિ પણ નહીં. વ્યવહાર મુનિ તો એને કહીએ કે જેને અંતર આનંદના સ્વાદમાં અતીન્દ્રિયનો (આનંદનો) સ્વાદ જેને ઉગ્ર પ્રગટ્યો છે. જેને સમયસાર પાંચમી ગાથામાં કહ્યું છે ‘પ્રચુર સ્વસંવેદન’. કુંદકુંદાચાર્ય કહે છે, અમને પ્રચુર સ્વસંવેદન પ્રગટ્યો (એવા) અમારા નિજ વૈભવથી અમે સમયસાર કહીશું. પાંચમી ગાથામાં છે. ‘પ્રચુર સ્વસંવેદન.’ ચોથે ગુણસ્થાને આનંદનો પ્રચુર સંવેદન નથી. પાંચમે એથી વિશેષ છે ને છઠ્ઠે એથી વિશેષ છે.

અતીન્દ્રિય આનંદની શક્તિમાંથી ઘણી વ્યક્તતા પ્રગટ થઈ છે પર્યાયમાં, પણ એ શુભોપયોગમાં વર્તે છે અત્યારે, એથી એને સરાગચારિત્ર કીધું. પણ ઓલો એકલો રાગ છે માટે સરાગચારિત્ર નહીં. અંદર ચારિત્ર છે, દર્શન-જ્ઞાન છે, પણ શુદ્ધોપયોગમાં નથી એથી રાગના વિકલ્પના સહિતવાળાને સરાગચારિત્ર કહ્યું. આહાહા! આ શબ્દો બધા પ્રવચનસારના છે. જયસેનાચાર્યની ટીકા ૨૩૦મી ગાથા. એ **શુભોપયોગ** છે. સરાગચારિત્ર કહો કે શુભ ઉપયોગ. રાગ છેને કે આ લઉં કે મૂકું. એ શુદ્ધોપયોગ મુનિ સાસ્રવી છે, અપવાદી મુનિ છે. આહાહા!

એવા **અપહૃતસંયમીઓને સંયમજ્ઞાનાદિકના ઉપકરણો લેતી-મૂકતી વખતે...** દેખો! સંયમ અને જ્ઞાન.. પોતાનું ચારિત્ર છેને અંદર? જુઓ! સાથે તો છે ભેગું. સંયમ ને જ્ઞાન તો છે.

એય! નિશ્ચય સમિતિ, એમ. આહાહા! સમ્=સમ્યગ્દર્શનપૂર્વક, યમ=સ્થિરતા–લીનતા છે અંદર. એવા સંયમજ્ઞાનાદિ, શ્રદ્ધાદિ એના ઉપકરણો લેતી-મૂકતી વખતે **ઉત્પન્ન થતી સમિતિનો પ્રકાર કહ્યો છે.** વ્યવહાર સમિતિ. આહાહા! કેટલી વાત સ્પષ્ટ! આમાં ક્યાંય જરીક આડું-અવળું ફરે તો એનું ઘર જાય એમ છે. એમકે આવો વ્યવહાર શુભોપયોગી છે, પણ મુનિ છેને, શુભોપયોગ પાળે છે. એ (મુનિ) નહીં. અહીં તો સંયમ ને જ્ઞાન છે અંદર નિશ્ચયના, એને આવો જે વિકલ્પ ઉઠે છે એને સમિતિનો પ્રકાર કહ્યો છે.

**ઉપેક્ષાસંયમીઓને...** હવે નિશ્ચય આવ્યું સાતમું. આ છઠ્ઠાની વાત હતી. આહાહા! **ઉપેક્ષાસંયમીઓને...** નીચે કહ્યું છે. **ઉપેક્ષાસંયમ** એટલે **ઉત્સર્ગ...** ઓલો અપવાદ હતો, આ ઉત્સર્ગ. **નિશ્ચયનય...** નિશ્ચયનય... ઓલો વ્યવહાર હતો છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિકાના વિકલ્પનો, અહીં ઉપયોગ અંદર ઠરી ગયો છે. શુદ્ધોપયોગમાં રમે છે એને નિશ્ચયનયનો સાધુ કહીએ. આહાહા! છઠ્ઠા-સાતમા બેની વચ્ચેની રમતુંની વાત છે આ. એને **સર્વપરિત્યાગ** કહીએ. શુભરાગમાં અશુભરાગનો ત્યાગ હતો, પણ શુભરાગનો ત્યાગ નહોતો એટલે દેશપરિત્યાગ કહ્યો હતો. અહીં તો શુભરાગનોય ત્યાગ થઈને શુદ્ધોપયોગમાં રમે છે એને સર્વપરિત્યાગ કહીએ. **ઉપેક્ષાસંયમ** કહીએ, **વીતરાગ-ચારિત્ર** કહીએ. આહાહા! **અને શુદ્ધોપયોગ—એ બધાં એકાર્થ છે.)** ઓલામાં શુભ હતો, અહીં શુદ્ધ છે. ઓલામાં અપવાદ હતો, અહીં ઉત્સર્ગ છે. ઓલામાં વ્યવહાર હતો, અહીં નિશ્ચય છે, ત્યાં સરાગ હતો અહીં વીતરાગ છે. આહાહા!

અપહૃતમાં હજી રાગનો ત્યાગ અંશે છે, અંશે છે. આ ઉપેક્ષાસંયમમાં સર્વ રાગનો ત્યાગ, સર્વ ઉપેક્ષા થઈ ગયો. સર્વ ઉપેક્ષા, કંઈ અપેક્ષા રહી નહીં, શુભરાગની અપેક્ષા રહી નહીં એમ. આહાહા! ઉપેક્ષા લિયા ન. અપેક્ષા ન રહી માટે ઉપેક્ષા. અપેક્ષા રહી એ ઉત્સર્ગ નહીં. આહાહા! સર્વ રાગાદિની ઉપેક્ષા. અપેક્ષા નહીં. છઠ્ઠે રાગની અપેક્ષા થોડી રહી છે. આહાહા! ગજબ વાત છે. સંતોની કથની... અનાદિ સનાતન વીતરાગપંથનો પ્રવાહ એમાં ક્યાંય ફેરફાર ઓછો-વધતો કરે તો માર્ગ નહીં રહે. એવો માર્ગ છે. આવી વાત છે. ઓલા તો ચૌદ ઉપકરણ ઠરાવે સાધુને. ...શલોકા ને ... પછી ઢીકણું-ફીકણું. સ્થવિરકલ્પી આવા હોય ને જિનકલ્પી આવા હોય. બધું ગપ્પેગપ્પ છે. સ્થવિરકલ્પી હોય કે જિનકલ્પી હોય, એને વસ્ત્રનો ત્યાગ જ હોય બેયને.

શ્રોતા : અર્ધફાલકમાંથી કેટલા...

પૂજ્ય ગુરૂદેવશ્રી : કેટલા થયા લખ્યું છેને અંદર. એક સાધુ છે એક શ્વેતામ્બર. મળ્યો હતો ત્યાં જૂનાગઢ. અહીં મોકલ્યું છે આપણને. ૧૦૮ ઉપકરણ છે. દિગંબરમાંથી નીકળ્યા ને અર્ધફાલક–કટકો કર્યો. આવે છે અષ્ટપાહુડમાં. એણે અહીંનું વાંચેલું છે. એમાંથી હવે ૧૦૮ ઉપકરણ થઈ ગયા સાધુને. ...... શું નામ હતું સાધુનું? ચંપક. ત્યાં મળ્યો હતો જૂનાગઢમાં.

જેતપુરથી ગયા હતાને. હજી એને ખીચડો ખબર ન હોય. પણ આ એને બેઠું. પહેલો કટકો રાખતા, એમાંથી ૧૦૮ ઉપકરણ થઈ ગયા. હવે તમારે મુનિ માનવું હોય તો માનો, ન માનવું હોય તો તમારી મરજી. ..... ક્યાં સુધી જશે?

અહીં મુનિ એને કહીએ કે જેને વસ્ત્રનો ધાગો ને પાત્ર નથી. નગ્નદશા ને ૨૮ મૂળગુણનો વિકલ્પ, એની પાછળ સર્વ સંયમ ને જ્ઞાન શુદ્ધ અંદર વર્તે છે. એને આવો વિકલ્પ જે ઉઠે ફક્ત લેવા-મૂકવાનો એને વ્યવહારી સાધુ, આસ્રવવાળો સાધુ, શુભોપયોગી સાધુ, અપહૃતસંયમી સાધુ, એકદેશત્યાગી સાધુ કહીએ. અને જે શુદ્ધોપયોગમાં વર્તે છે અંદર એને સર્વદેશત્યાગી, નિશ્ચયનયવાળો, ઉત્સર્ગી સાધુ, વીતરાગી સાધુ (કહીએ). આહાહા!

શ્રોતા : એકદેશ શ્રાવક હોય ને સર્વદેશ મુનિ...

પૂજ્ય ગુરુદેવશ્રી : એની અહીં વાત નથી. એ ઠીક કહ્યું. એ બીજી વાત છે. ગિરધરભાઈ! આવું સાધુ... આ તો ઓલા લ્યે, શું કહે? લૂગડાં મોટા પોટલા માથે અને ... માનવા નિગ્રંથી. નિર્ગ્રંથ ને નિર્ગ્રંથી. આહાહા! ગ્રંથ માટે નીકળી ગયા એને નિર્ગ્રંથી કહીએ. ક્યાં છે? ......

બાહ્ય પરિગ્રહ, પણ અંદર પરિગ્રહની મમતા વિના બહાર રહે નહીં. એની મૂર્છાનો ભાવ ન હોય ને વસ્તુ રહે એમ બને નહીં. આહાહા! મન-વચન-કાયાએ કરણ-કરાવણ-અનુમોદન પરિગ્રહનું ન છૂટે ત્યાં સુધી એને મુનિપણું આવે નહીં. મોક્ષમાર્ગપ્રકાશમાં કહ્યું છે બહુ સરસ. એની મમતા નથી. મમતા તો સમ્યગ્દર્શનમાં પણ નથી કે રાગ મારો છે, વસ્ત્ર મારો છે. હવે અહીં સ્થિરતા જોઈએ છે. સ્થિરતામાં તો અંદર એટલી વીતરાગતા હોય કે જેને વિકલ્પ ઉઠે ભલે, પણ એ મર્યાદાનો છે ફક્ત. એષણા કે આહાર લેવો, ઉપકરણ... એટલી મર્યાદાનો આસ્રવ હોય છે. એથી વધારે હોય તો એ આસ્રવ નહીં, એને સંવરેય નહીં, એને અજીવનો સંયોગ કેટલો ઘટી ગયો એનું પણ ભાન નથી. નવે તત્ત્વની શ્રદ્ધાથી વિરુદ્ધ છે. અહીં તો એવી વાત છે ભાઈ! એય! આહાહા!

વસ્ત્ર-પાત્રનો સંયોગ છે ને મુનિપણું માને, એને અજીવનો સંયાગ કેટલો રહે એની ખબર નથી, એને આસ્રવનો વિકલ્પ કેટલી મર્યાદાનો હોય એની ખબર નથી, એને આસ્રવનો વિકલ્પ આવો હોય ત્યાં સંવરની ઉગ્ર દશા કેટલી હોય એની ખબર નથી, એને નિર્જરા કેવા પ્રકારની હોય એને ખબર નથી, એણે દ્રવ્યનો આશ્રય કેટલો લીધો છે એની ખબર નથી. આહાહા! આવી વાત છે. કુંદકુંદાચાર્યે એમ કહ્યું કે વસ્ત્રનો ધાગો રાખે તો નિગોદમાં જાય, એ એમને એમ કહી દીધું નથી. નવે તત્ત્વમાં મોટી ભૂલ છે, મિથ્યાત્વભાવ છે એ માટે કહ્યું છે. મિથ્યાત્વનું ફળ નિગોદ જ છે. આહાહા! પશુ છે, પશુ કીધો છે. આવું એકાંત માનનારો પશુમાં

જશે. માર્ગ આવો છે. કોઈ વ્યક્તિ માટે નથી. વસ્તુનું સ્વરૂપ આવું છે. વસ્તુ એમ પોકારી રહી છે.

કહે છે કે **ઉપેક્ષાસંયમીઓને પુસ્તક, કમંડળ વગેરે હોતાં નથી...** ઓલા અપહૃત-સંયમીવાળાને હોય છે શુભભાવ, એથી એનું નિમિત્ત હોય છે. **તે પરમજિનમુનિઓ એકાંતે (-સર્વથા) નિસ્પૃહ હોય છે...** આહાહા! આ ઉપેક્ષાવાળા(ની વાત છે). પરમજિનમુનિઓ એકાંતે.. એકાંતે.. એકાંતે–સર્વથા એને શુભરાગનો ત્યાગ છે અને ઉપકરણોનો પણ ત્યાગ છે. આહાહા! સાતમું, છઠ્ઠું ગુણસ્થાન હજારો વાર મુનિને આવે છે. એક અંતર્મુહૂર્તમાં પણ અનેકવાર આવે છે એવો પાઠ છે. કારણ કે છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિ પોણી સેકંડની અંદરની છે અને સાતમાની એનાથી અડધી છે. છઠ્ઠાની ડબલ, સાતમાની અડધી. છઠ્ઠાની સ્થિતિ પોણી સેકંડની અંદરની જ મુદ્દત છે. આવ-જાવ કર્યા કરે. પણ છઠ્ઠે જ્યારે વિકલ્પ ઉઠ્યો, એને વ્યવહારી સાધુ કીધો. આહાહા! એનો અભાવ થઈને સ્થિર થયો શુદ્ધોપયોગ એ નિશ્ચયસાધુ, સર્વત્યાગી, ઉપેક્ષિતસંયમવાળો છે એટલે ઉપેક્ષા બધી થઈ ગઈ જેને. અંદર છે.. આહાહા! સમજાણું કાંઈ? એ ત્યાંય આવે છેને પ્રવચનસારમાં. અપવાદમાર્ગ ને ઉત્સર્ગમાર્ગ. ત્રીજામાં ભાગમાં છે. અપવાદ... એમાંથી આ લીધું છે. ...અપવાદ ને ઉપેક્ષા. આહાહા!

**(સર્વથા) નિસ્પૃહ હોય છે**... જોયું! ઓલાને છઠ્ઠે ગુણસ્થાને સ્પૃહા શુભરાગની રહી છે. જ્ઞાનના ને સંયમના ઉપકરણો લેવા-મૂકવાની વૃત્તિ છે, સર્વથા નિસ્પૃહ નથી. આહાહા! છઠ્ઠે ગુણસ્થાને સંયમ ને જ્ઞાન સાચા હોવા છતાં જેને શુભવિકલ્પ ઉઠે છે, કહે છે કે એ સર્વથા નિસ્પૃહ નથી. આહાહા! એ ચેતનજી! આવી વાત છે. આ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે. આ દિગંબર સંપ્રદાય એ કાંઈ સંપ્રદાય નથી. વસ્તુની મર્યાદાએ ભૂમિકામાં નિર્મળતા કેટલી હોય અને એમાં મલિનતાનો અંશ કેટલો હોય, એને મલિનતા ટળીને નિર્મળતા પણ કેટલી હોય, એ તો વસ્તુની મર્યાદાની સ્થિતિનું વર્ણન છે.

શ્રોતા : ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : હોય નહીં. એની પાસે નથી, એની પાસે તો..... હોય ભલે પડ્યા હોય, .... શરીરેય છોડે છે લ્યોને. શરીરની સ્પૃહા નથી. આહાહા! શરીર ઉપકરણ છે. હા, ઉપકરણ છેને. પ્રવચનસારમાં નાખ્યું છે. શરીર, મુનિ ગુરુની વાણી સાંભળે છે એ પણ ઉપકરણ છે. વિનય કરવો એ પણ ઉપકરણ છે. આહાહા! વિકલ્પ છેને. આવો માર્ગ આહાહા! નિર્મળની ધારા એમાં આવો વિકલ્પ ઉઠે છે, કહે છે, એ પણ મલિનતા હોં. એ સાસ્રવી સાધુ હોં. સાતમે નિરાસ્રવી સાધુ કીધો. પ્રવચનસારમાં છે મૂળ ગાથા. આહાહા! ગજબ વાત છે. સત્ય તે સત્ય છે. એને સત્યને કંઈ આડું-અવળું કરવાનું ઓલી નથી. આવું સત્ય છે.

કહે છે કે **તે પરમજિનમુનિઓ**... જિન (એટલે) વીતરાગમાં ઠરી ગયેલા, શુદ્ધ ઉપયોગમાં રમનારા. **સર્વથા નિસ્પૃહ છે તેથી જ તેઓ બાહ્ય ઉપકરણ રહિત હોય છે.** કાંઈ ન મળે. વાણીનું સાંભળવું એ ઉપકરણ નહીં, વિનય કરવાનો ઉપકરણ નહીં અને જ્ઞાન ને સંયમના નિમિત્તરૂપે જે ઉપકરણ (હોય) એ પણ એને હોય નહીં. આહાહા! કહેશે હોં. **અભ્યંતર ઉપકરણભૂત, નિજપરમતત્ત્વને પ્રકાશવામાં ચતુર એવું જે નિરુપાધિસ્વરૂપ સહજ જ્ઞાન...** આહાહા! દેખો! હવે. **અભ્યંતર ઉપકરણભૂત, નિજ પરમતત્ત્વ**... આહાહા! આ એનું ઉપકરણ છે. નિજ પરમતત્ત્વ પૂર્ણાનંદ અખંડ અભેદ એવું અભ્યંતર ઉપકરણભૂત... **નિજપરમતત્ત્વને પ્રકાશવામાં ચતુર એવું જે નિરુપાધિસ્વરૂપ સહજ જ્ઞાન**–સ્વભાવિક જ્ઞાન, આહાહા! **તેના સિવાય બીજું કાંઈ તેમને ઉપાદેય નથી**. પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ તે જ એક ઉપાદેય છે. એને વર્તમાન પર્યાય પણ ઉપાદેય નથી. આહાહા! સમજાણું કાંઈ? એની વસ્તુસ્થિતિ આવી છે એમ પહેલો નક્કી–નિર્ણય તો કરે. દેવ-ગુરુ કેવા હોય, શાસ્ત્રનો કથન કેવા હોય એના ઠેકાણા ન મળે, એને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા ક્યાં છે? કહો, સમજાણું?

**નિરુપાધિસ્વરૂપ સહજ જ્ઞાન તેના સિવાય,** સહજ એટલે ત્રિકાળી, **બીજું કંઈ તેમને ઉપાદેય નથી.** આહાહા! પૂર્ણ જ્ઞાનઘન ચિદ્દ્ઘન એવી જે પૂર્ણ શક્તિનું સત્ત્વ એ ધર્મીજીવને ઉપકરણ છે. વીતરાગભાવના ઉપ નામ સમીપમાં પડ્યો છે એ ઉપકરણ છે. આહાહા! સંતોની વાણી તો જુઓ! દિગંબર સંતો વસ્તુનું સ્વરૂપનું વર્ણવે છે. અભ્યંતર ઉપકરણ પૂર્ણ જ્ઞાન સ્વરૂપ, પૂર્ણ આનંદ સ્વરૂપ, પૂર્ણ ધ્રુવ સ્વરૂપ એના સમીપમાં જેના પરિણામ વર્તે છે. બહાર ગયા નથી, વિકલ્પ છે એ બાહ્યના લક્ષે ઉત્પન્ન થાય છે. શુભરાગમાં પરાશ્રય હોય છે, શુદ્ધોપયોગમાં એકલો સ્વનો આશ્રય હોય છે. સ્વનો આશ્રય તે નિજ ઉપકરણ છે.

**નિરુપાધિસ્વરૂપ સહજજ્ઞાન તેના સિવાય**... સ્વભાવિક ત્રિકાળી સહજ જ્ઞાનની સાથે સહજ આનંદ, સહજ સ્થિરતા, શાંતિ, ચારિત્ર ત્રિકાળ હોં ત્રિકાળ, એ સિવાય **બીજું કાંઈ તેમને ઉપાદેય નથી**. આહાહા! ઉપકરણ નથી, ઉપકરણ સંબંધીનો રાગ નથી, પણ જેને (વીતરાગ) પર્યાય પ્રગટી એ પણ ઉપાદેય નથી એને. આહાહા! ધ્રુવસ્વરૂપ ઉપાદેય કરીને અંદર પડ્યો છે. જુઓ! આ સાતમા ગુણસ્થાનની દશા. એવી દશા મુનિને દિવસમાં હજારો વાર આવે. સમજાણું કાંઈ? એક અંતર્મુહૂર્તમાં હજારો વાર આવે. ધવલમાં પાઠ છે. છઠ્ઠે-સાતમે, છઠ્ઠે–સાતમે. આહાહા! દશા તો જુઓ! પરમેશ્વરપદમાં.... પરમેશ્વરદાસજી! એ પરમેશમાં ભળ્યો છે. આહા!

**અપહૃતસંયમધરોને...** પણ જે શુભ વિકલ્પમાં આવ્યો છે... છે તો સમ્યગ્જ્ઞાન, શુદ્ધ ચૈતન્ય આનંદકંદની સંયમદશા–સ્થિરતા છે, પણ આ શુદ્ધોપયોગની દશા નથી એટલે શુભ વિકલ્પમાં આવ્યો છે. જેને **પરમાગમના અર્થનું ફરીફરીને પ્રત્યભિજ્ઞાન થવામાં કારણભૂત એવું પુસ્તક** નિમિત્ત. જ્ઞાનને ફેરવવાનું નિમિત્ત છે, એ ઉપકરણ છે. એ પણ શુભવિકલ્પનું નિમિત્ત છે.

આહાહા! જ્ઞાનનું ઉપકરણ શાસ્ત્ર, એ શુભવિકલ્પવાળાને ઉપકરણ નિમિત્ત છે. આહાહા! શુદ્ધોપયોગવાળાને તો નિશ્ચય ઉપકરણ આત્મા એ આશ્રય છે. આહાહા!

શાસ્ત્રનું ભણવું, વાંચવું એ પણ એક શુભવિકલ્પ છે એમ કહે છે. કારણ કે શાસ્ત્રના ભણવામાં લક્ષ જાય એ તો વિકલ્પ છે. એમાંથી કાંઈ શાંતિ, સ્થિરતા આવતી નથી. કારણ કે સ્થિરતા તો અંદર ધ્રુવનો આશ્રય કરે એમાંથી આવે છે. એથી આવો વ્યવહારી સાધુ.. આહાહા! જ્ઞાનના ઉપકરણમાં ફક્ત શાસ્ત્ર ભણે તોય, કહે છે, એ વ્યવહારી છે. સુજાનમલજી! આવું વીતરાગ.... આવો વાસ્તવિક માર્ગ છે. એવો પંથ એક નીકળ્યો છે બે ફાટડી. સ્થાનકવાસીમાં નીકળ્યો છે બે ફાટડી. શ્રાવક-શ્રાવિકા.... એવો પંથ નીકળ્યો છે, પણ ટક્યો નહીં. બે ફાટડી કહેવાતો. હા, હા, ખબર છેને. બે ફાટડી એક માર્ગ છે. અહીં સાંભળ્યું હતું ભાઈ! એ સિવાય અત્યારે ઓલામાં થોડો ભાગ હતો.

સહારનપુરમાં એક ભગત હતો. ... અમે સાધુ-સાધ્વીને માનતા નથી. ..... એ હતું બે ફાટડી એટલે શ્રાવક ને શ્રાવિકા બે જ છે અત્યારે. સાધુ-સાધ્વી છે નહીં. બે ફાટડી માનનારા. વાતેય સાચી છે. આવી દશાવંત સાધુ ક્યાં? સાધ્વીને તો આવું સાધુપણું હોય નહીં, સ્ત્રીઓને તો હોય જ નહીં. સ્ત્રીને છટ્ઠું ગુણસ્થાન હોય જ નહીં. એ તો હતા સ્થાનકવાસી. .... સાધ્વી છે... સાધ્વી..... એટલે અત્યારે એવા નથી એમ. સહારનપુરવાળો બીજો, એ તો આપણો દિગંબર છે. ત્યાં એક ભગત હતા અને એને માનનારા કેટલાક હતા. એ કહેતા. મારી પાસે આવ્યા હતા. ન્યાં ગયા હતા... સાધુ-સાધ્વીને અત્યારે માનતા નથી. સાધુ છે જ નહીં કોઈ. વાત સાચી છે. રાડ નાખે પણ આ..... બાપુ! વસ્તુની સ્થિતિ છે ભગવાન! આ તારા માટે નથી. તારો અનાદર કરવા માટે નથી. વસ્તુની સ્થિતિ આવી છે.... વસ્તુના સ્વભાવમાં આવી જ સ્થિતિ છે એમાં બીજું કેમ માનવું? આહાહા!

ભાઈએ લખ્યું નથી મોક્ષમાર્ગ પ્રકાશકમાં? હંસ દેખાતા નથી એથી કાંઈ બગલાને હંસ મનાય? લખ્યું છે ટોડરમલજીએ. બગલાને હંસ ન મનાય? માર્ગ આવો છે ભાઈ! એની શ્રદ્ધામાં તો બરાબર જીવને આવવું જોઈએ. એને મુનિપણું માનવું, બીજાને માને નહીં. આ તો વીતરાગમાર્ગ છે. આ કોઈના પક્ષનો માર્ગ છે? વીતરાગ ત્રિલોકનાથના જ્ઞાનમાં આવ્યું, એવી જે દશાની ભૂમિકામાં આવી ભૂમિકા હોય, એનું જ્ઞાન જો યથાર્થ ન કરે તો વિપરીત જ્ઞાન થયું. અહીં કહે છે.... એ આવ્યું હતું. સહારનપુરમાં કેટલોક પક્ષ છે. પણ બાપુ! વ્યવહારના પણ ક્યાં ઠેકાણા છે? એને માટે ચોકા કરીને લે છે. છાપામાં આવે છે. મહારાજને માટે આહાર દેવાનો લાભ લેવા ચોકા કરવા આવજો. અરર! આવા લખાણ જૈનદર્શનમાં? આહાહા! જૈનને ક્યાં ભાન છે? શુદ્ધ કહેવાય. આવા ગોટા નાખે અંદર.

અમારે હીરાજી મહારાજ વહોરવા જાય. ગામમાં સાત-આઠ ઘર હોય. બીજે ગામથી વિહાર કરીને આવ્યા હોય. ગામમાં ન જાય, બહાર બેસે. કોઈ વેળુ હોયને? વેળુ નહીં? વેળુ સમજ્યાને? પાણીનું ખાલી ત્યાં સંતાઈને બેસે. અડધો કલાક-કલાક થઈ જાય. સાડા નવ વાગી ગયા હોય ત્યારે ગામમાં જવું. ચપટી... પાણીનું બિંદુ ચોખા... એમાંથી તૈયાર હોય બે રોટલી..... જબ્બર ક્રિયા, પણ વસ્તુની ખબર નહીં. ..... પાણીને ઠેકાણે છાશ. બિલકુલ પાણીનું એને માટે.... ..... કોના માટે બનાવ્યું છે? એમ પૂછે. મહારાજ! અમારે નહાવા માટે. નાહી રહ્યા, કીધુંને? ક્યાં છે? લાવો. .... કીધું હતુંને, ગામડામાં રાડ નાખે. .... હીરાજી મહારાજ. બહુ સખત ક્રિયા હતી. અહીં તો દિગંબર સાધુના ઠેકાણા ન મળે. ઉપદેશ આપે પહેલો. દરરોજ પહેલો ઉપદેશ આપે... સાધુ માટે કરેલા આહાર-પાણી આપે એ ગર્ભમાં ગળશે.

અને હું જ્યારે ચોમાસામાં ગયો હતો ભાવનગર ૭૭માં. ...... ત્યાં અમરચંદભાઈ હતા હરિભાઈના મોટાભાઈ. સ્થાનકવાસીના અગ્રેસર. ..... અપાસરામાં..... આહાર-પાણી સાધુને માટે કરીને દેવા, ગર્ભમાં ગળવા જેવી વાત છે. ગર્ભમાં ગળવા...... એમ કરીને મથાળું માર્યું હતું. એ વખતે અમારી ક્રિયા સખત હતીને. ......... શિથિલ હતા બધા ત્યાંના સાધુ. પંદર-પંદર, વીસ-વીસ ઘર ફરીએ ત્યારે માંડ નિર્દોષ આહાર મળે. એ માટે કરેલું ન ખવાય........ સખત તે દિ' છાપ હતીને. એ વખતે માન્યું હતુંને...... સાધુ આવા જ હોય. સાધુપણું નહોતું એ કોને ખબર હતી? અહીં એ કહે છે... આહાહા! જુઓ તો ખરા....

**અભ્યંતર ઉપકરણભૂત** તો નિજ ભગવાન છે. **નિજપરમતત્ત્વને પ્રકાશવામાં ચતુર એવું નિરુપાધિસ્વરૂપ સહજ જ્ઞાન તેના સિવાય** કાંઈ ઉપાદેય નથી. **અપહૃતસંયમધરોને (પરમાગમના અર્થનું) ફરી ફરીને પ્રત્યભિજ્ઞાન થવામાં** (એટલે) સ્વાધ્યાય–પર્યટન કરવામાં **કારણભૂત એવું પુસ્તક તે જ્ઞાનનું ઉપકરણ છે; શૌચનું ઉપકરણ કાયવિશુદ્ધિના હેતુભૂત કમંડળ છે, સંયમનું ઉપકરણ–હેતુ પીંછી છે.** બસ, છટ્ઠે ગુણસ્થાને સંત–સાચા સંતને આવી જાતના વિકલ્પો ને ઉપકરણ હોય છે. આહાહા! **આ ઉપકરણોને લેતી-મૂકતી વખતે ઉદ્ભવતી પ્રયત્નપરિણામરૂપ વિશુદ્ધિ**–શુભભાવ **તે જ** વ્યવહાર **આદાનનિક્ષેપણસમિતિ છે.** આહાહા!

પરિણામની વાત છેને. બહારમાં એ ક્યાં કરી શકે છે? એ પ્રશ્ન ક્યાં છે? પરની સત્તાવાળી ચીજને લેવું-મૂકવું એ તો કાંઈ થઈ શકતું નથી. ફક્ત વિકલ્પ છે એને કે આમ જતનાથી લેવું, એ વિકલ્પ એને વ્યવહારસમિતિ કહીએ. બહારની વસ્તુ આવે-જાય એ જડની ક્રિયા છે. એ આત્મા શુભભાવથી પણ કરી શકતો નથી. એ રજકણ.... શું ઉપકરણ આવવું-જાવું એ તો એને કારણે છે. વિકલ્પ આવ્યો છે માટે ઉપકરણ લઈ શકે છે, છોડી શકે છે? એ તો પરવસ્તુ છે. આહાહા! એવી વાત છે. અજીવની વાત નથી. અહીં તો અજીવનું નિમિત્તપણું, ઓલો શુભરાગ આવ્યો એને આવા ઉપકરણ નિમિત્ત હોય છે એટલી વાત કરી. માર્ગ તો હોય...

બાપા! બીજો શું હોય? ભગવાનનો કહેલો છે. ગણધરો જેને અનુભવે છે, ઇન્દ્રો જેને કબૂલે છે. પાંચ-પચાસ હજાર, બે લાખ-પાંચ લાખ માણસની વસ્તી માની લે એનો માર્ગ છે આ?

....... મોટા-મોટા.... એ શુભભાવ આવે ઘણીવાર. શુદ્ધના અનુભવની દશામાંથી–ઉપયોગમાંથી ખસી જાય ત્યારે. આ ઉપકરણ નિમિત્તનું જ્ઞાન.... છે તો એ વિકલ્પ બંધનું કારણ. આહાહા! ગજબ વાત કરે છે. **આ ઉપકરણોને લેતી-મૂકતી વખતે ઉદ્ભવતી પ્રયત્નપરિણામરૂપ વિશુદ્ધિ**–શુભરાગ ઉત્પન્ન થાય એને આદાન-નિક્ષેપસમિતિ કહે છે. આદાન-નિક્ષેપ...... મોટો ફેર બાપા! શ્વેતામ્બર ને દિગંબરની વચ્ચે હજારો બોલનો મૂળમાં ફેર છે. શું થાય? દુનિયાને સારું લાગે-ન લાગે એથી કરીને સત્ય.....? હજારો બોલનો ફેર છે. લખ્યા છે. બેય જોયા છેને. એ બધા પુસ્તકો કરોડો જોયા છે.

શ્રોતા : ...

પૂજ્ય ગુરુદેવશ્રી : ગ્રાહ્ય માને છે. અમારે વસ્ત્ર-પાત્ર હોય જ તે. મૂર્છા ન રાખવી, બસ. પણ એ રાખે છે એ જ મૂર્ચ્છા છે. આવે છેને ભગવતીમાં આવે છે. સાધુ વહોરવા જાય, દસ રજોહરણા, દસ પાત્રા લઈ લેવા. એક પોતે રાખવું અને નવ આપો આચાર્યને. એવો ભગવતીમાં પાઠ છે. આ માર્ગ બાપા! મજૂર જેવો માર્ગ છે. એય! આવું વસ્તુનું સ્વરૂપ છે હોં. કોઈ વ્યક્તિ માટેની વાત નથી. હવે એનો શ્લોક કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**જ્યેષ્ઠ વદ ૫, રવિવાર, તા. ૨-૭-૧૯૭૨**
**શ્લોક-૮૭-૮૮, ગાથા-૬૫, પ્રવચન નં. ૬૦**

હવે ૬૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

**समितिषु समितीयं राजते सोत्तमानां**
**परमजिनमुनीनां संहतो क्षांतिमैत्री ।**
**त्वमपि कुरू मनःपंकेरुहे भव्य नित्यं**
**भवसि हि परमश्रीकामिनीकांतकांतः ॥८७॥**

**શ્લોકાર્થ** : ઉત્તમ પરમજિનમુનિઓની આ સમિતિ સમિતિઓમાં શોભે છે. તેના સંગમાં ક્ષાંતિ અને મૈત્રી હોય છે (અર્થાત્ આ સમિતિયુક્ત મુનિને ધીરજ--સહનશીલતા-ક્ષમા અને મૈત્રીભાવ હોય છે). હે ભવ્ય! તું પણ મન-કમળમાં સદા તે સમિતિ ધારણ કર, કે જેથી તું પરમશ્રીરૂપી કામિનીનો પ્રિય કાન્ત થઈશ (અર્થાત્ મુક્તિલક્ષ્મીને વરીશ). ૮૭.

**पासुगभूमिपदेसे गूढे रहिए परोपरोहेण ।**
**उच्चारादिच्चागो पइट्ठासमिदी हवे तस्स ॥६५॥**
**જે ભૂમિ પ્રાસુક, ગૂઢ ને ઉપરોધ જ્યાં પરનો નહીં,**
**મળત્યાગ ત્યાં કરનારને સમિતિ પ્રતિષ્ઠાપન તણી. ૬૫.**

બહારનો જે વિકલ્પ–શુભરાગ હોય છે એ જાણવાલાયક છે. આદાન(નિક્ષેપ) લેવા-મૂકવામાં... પુસ્તક, કમંડળ ઇત્યાદિ. બીજું તો મુનિને હોતું નથી. હવે આ પાંચમી સમિતિ.

**ટીકા : આ, મુનિઓને કાયમળાદિત્યાગના સ્થાનની શુદ્ધિનું કથન છે. શુદ્ધનિશ્ચયથી જીવને દેહનો અભાવ હોવાથી...** પહેલી વાત આ પાછી. પાંચમી સમિતિ જે શુભપ્રયત્નનો રાગ મળ-મૂત્ર આદિ ત્યાગના કાળમાં એ ચીજ પણ વ્યવહારી જીવને હોય છે. નિશ્ચયદૃષ્ટિમાં તો એ છે નહીં. આહાહા! શુદ્ધનિશ્ચયથી જીવને દેહનો જ અભાવ છે. દેહ જ જેને નથી પછી એને મળમૂત્રનો ત્યાગ એ છે નહીં. આહાહા! **અન્નગ્રહણરૂપ પરિણતિ નથી.** અન્નને લેવાનો વિકલ્પ જ વસ્તુની શુદ્ધદૃષ્ટિ ને શુદ્ધપરિણતિમાં નથી. વિકલ્પ જ નથી અહીં તો. શુદ્ધરૂપ દેહરહિત જ્ઞાનવિગ્રહ–જેનું જ્ઞાન ને આનંદ એ શરીર છે. એને આ શરીર જ નથી, પછી એ શરીરની ત્યાગાદિનો વિકલ્પની પરિણતિ પણ ખરેખર તો નથી. સમજાય છે કાંઈ?

વાત ચાલે છે પાંચમી સમિતિ કાયના મળ-મૂત્રના ત્યાગની, પણ એમાં વિકલ્પનો કાળ હોય એનો પ્રશ્ન છે, પણ વસ્તુસ્થિતિમાં એ મળમૂત્રના ત્યાગનો વિકલ્પ જ જેના સ્વભાવમાં નથી. આહાહા!

શ્રોતા : મળ-મૂત્ર જ નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી : હૈ કહાં? શરીર હી નહીં. અંતરમાં ચિદાનંદ ભગવાન પરમ અતીન્દ્રિય આનંદની કાતળી એના રસનો ચૂસનારો, મુનિ તો અતીન્દ્રિય આનંદનો ચૂસનારો છે. આહાહા! જેમ શેરડીનો રસ ચૂસે છેને, એમ ખરેખર સંત–મુનિ તો અતીન્દ્રિય આનંદનો રસકંદ કાતળી પ્રભુ ભગવાન એમાં એકાગ્ર થઈને આનંદના રસને ચૂસે છે. સમજાણું કાંઈ? આરે, ભારે વાતું ભાઈ! એને અન્નગ્રહણની પરિણતિ જ નથી. નિશ્ચયના અંતર સ્વભાવની દૃષ્ટિ ને પરિણતિમાં અન્નગ્રહણનો વિકલ્પ એનો અભાવ છે. વ્યવહારનો અભાવ છે. આહાહા! એવી ચીજ છે. એ વાત પહેલી સિદ્ધ કરી. આહાહા!

મળમૂત્રનો ત્યાગ શું? કહે છે. અંદરમાં જેણે રાગનો મળ–મેલ છોડી દીધો છે અને અંતર ગ્રહવાયોગ્ય ચૈતન્ય પૂર્ણાનંદ એને જેણે અંદર ગ્રહણ કરીને શુદ્ધ પરિણતિ પ્રગટ કરી છે. એને દેહ જ નથી, તો દેહના મળમૂત્રના ત્યાગનો પરિણતિમાં વિકલ્પ આવે એનો અભાવ છે. એમ કહીને એમ સિદ્ધ કરે છે કે નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ, પોતાના નિશ્ચય શુદ્ધપરિણતિમાં મુનિને જે વિકલ્પ આવે એનો અભાવ છે. આહાહા! એને અન્નગ્રહણની પરિણતિ જ નથી. એ વિકલ્પ જ વસ્તુમાં ક્યાં છે? વ્યવહાર છે એનું વસ્તુની અંતર પરિણતિમાં ગ્રહણ નથી કહે છે. આહાહા!

નિર્મળાનંદ પ્રભુ શુદ્ધ ઘન આનંદઘન અને એકલો જ્ઞાનનો પુંજ પ્રભુ આત્મા એની ચૂસણીમાં એમાં એકાગ્ર થઈ રહ્યો છે, એની પરિણતિમાં આવા વ્યવહારના વિકલ્પનો અભાવ છે. આહાહા! ભારે પણ. બાપુ! માર્ગ તો એવો છે. આહા! ઉત્સર્ગ મોક્ષમાર્ગ અંદર, શુદ્ધ ચૈતન્યમાં આરૂઢ થઈને નિર્મળ પરિણતિ વહે એ એનો માર્ગ છે. એમાં આ શુભ વિકલ્પનો, કહે છે કે વ્યવહારનો અભાવ છે. સમજાણું કાંઈ? એક જણે શાસ્ત્ર આપ્યા, વાંચ્યા, પછી એનો જવાબ લેવો... વાંચ્યા છે. સ્થાનકવાસી સાધુએ અહીંના પુસ્તક વાંચ્યા કેટલાક... વાંચ્યા પછી કહે, અમે તો વ્યવહારમાં પડ્યા છીએ. આમાં અમે તો ક્યાંય છીએ નહીં. કહો, એવો જવાબ આપ્યો.

પણ વ્યવહાર કોને કહેવો? જેને અંદર શુદ્ધ ચૈતન્યનું પરિણમન નિર્મળ વીતરાગી થયું છે, એને જે વિકલ્પ આવે એને વ્યવહાર કહેવાય. અને એ જીવના નિશ્ચયમાં તો વ્યવહાર છે જ નહીં. આ નિશ્ચય-વ્યવહારનો વ્યવહાર ઓલો છે જ નહીં. વિકલ્પનો વ્યવહારનો તો અભાવ છે, રાગ છે. ધર્મી જીવ સમ્યગ્દૃષ્ટિ પણ રાગથી મુક્ત અંદરમાં છે. પણ મુનિને તો ઘણી વીતરાગ પરિણતિએ જેની દશા પરિણમી છે, આહાહા! એને તો સંજ્વલનના રાગનો મંદ ઉદય જે છે એનો પણ એમાં ત્યાગ છે. બહુ આકરું. વીતરાગના એવી વાતું. એ વીતરાગીપિંડ જ પ્રભુ છેને. 'જિનપદ નહીં શરીરકૂ, જિનપદ ચૈતન્ય માહીં' આવે છે બનારસીદાસમાં. શરીરાદિ જિનપદ નથી, રાગાદિ એ જિનપદ નથી. જિનપદ ચૈતન્યમાં છે. જ્ઞાન-આનંદ વીતરાગી સ્વભાવ એ

જિનપદ એ ચૈતન્યમાં જિનપદ છે. એવા જિનપદનો જેનો અનુભવ વર્તે છે એ સમકિતી. એ ઉપરાંત જેને એમાં આનંદની ઉગ્રતાની પ્રુચર સ્વસંવેદનદશા પ્રગટી છે એ મુનિ. આહાહા! કહે છે, જેમાં અન્નગ્રહણની પરિણતિનો પણ અભાવ છે. રાગ ભિન્ન રહે છે એમ કહે છે.

**તેથી તેને જ દેહ હોતાં આહારગ્રહણ છે...** એને જ્યારે દેહ છે નિમિત્તરૂપે, ત્યારે એને આહારગ્રહણનો વિકલ્પ હોય છે. **આહારગ્રહણને લીધે મળમૂત્રાદિક સંભવે છે જ.** મળમૂત્ર એટલે વિષ્ટા ને પેશાબ આદિ, થૂંક આદિ. **તેથી જ સંયમીઓને મળમૂત્રાદિકના ઉત્સર્ગનું (-ત્યાગનું) સ્થાન જંતુરહિત...** જ્યાં જીવ ન હોય ત્યાં એ નાખે મળમૂત્રાદિ. આ વનસ્પતિ આદિ ઉગે છેને અત્યારે લીલોતરી. એ એકેન્દ્રિય જીવ છે. આહાહા! લીલા.. લીલા.. લીલા. એ એકેન્દ્રિય જીવ છે. એક-એક કટકામાં અસંખ્ય જીવ છે. તાજા અંકુરા ઉગે એમાં તો અનંત છે. પહેલા જે અંકુર ઉગે એમાં અનંત છે, પછી એમાં પ્રત્યેક થઈ જાય છે. .... એવી જીવજંતુવાળી માટીમાં એ મળમૂત્રનો ત્યાગ ન કરે. સમજાણું કાંઈ? આહાહા!

ચોમાસામાં એ જાતનો વિકલ્પ, એ જાતની મર્યાદા હોય છે. બેસવું મળમૂત્ર માટે એ હોય નહીં. જ્યાં જીવજંતુ ન હોય એવી ચોખ્ખી જમીન હોય, અંકુરા ઉગ્યા ન હોય, લીલોતરી ન હોય, કીડીઓ ને કંથવાદિના ઘર આદિ ન હોય—એવી (જગ્યા) જોઈને મળમૂત્ર કરે. આ તો વ્યવહાર સમિતિના વિકલ્પની વાત છે. સમજાણું કાંઈ? મુનિ છે છતાં એ હિંસાના ત્યાગી છેને. એકેન્દ્રિય જીવ છે આ. આ વનસ્પતિ બધી ઉગી છેને..... એક-એક કટકામાં અસંખ્ય જીવ છે. રાઈના ટુકડા જેટલી વનસ્પતિ લ્યો લીલી, એમાં અસંખ્ય શરીર છે. એક શરીરમાં એક જીવ છે. ફૂગમાં ને નવા ઉગતા અંકુરામાં તો એક શરીરમાં અનંત જીવ. એવા અસંખ્ય શરીરનો અંકુરો હોય આટલો... આહાહા! વીતરાગનો માર્ગ... કેટલા જીવો છે એને જાણનારું જ્ઞાન આવડું મોટું છે એમ કહે છે. સમજાય છે કાંઈ?

એની દયા પાળવી એનો પ્રશ્ન નથી, પણ આટલા બધા જે જ્ઞેયો જીવ ને જડ છે એને જાણનારું જ્ઞાન એટલું મોટું છે. એ જ્ઞાનમાં એક જીવની સ્થિતિમાં મળ-મૂત્રના ત્યાગનો વિકલ્પ હોય તો એ જીવજંતુ(વાળી જગ્યા)માં નહીં. સમજાણું કાંઈ? આ તો બાપા! વીતરાગમાર્ગ છે ભાઈ! આહાહા! સર્વજ્ઞ પરમેશ્વરે એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જોયા. અરે! એ તે પર્યાયની તાકાત કેટલી! એવા સર્વજ્ઞે ઇચ્છા વિના ઓમ ધ્વનિ દ્વારા–દિવ્યધ્વનિ દ્વારા આ કહ્યું કે મુનિઓનો માર્ગ આવો હોય છે. આહાહા! **અને પરના ઉપરોધ રહિત હોય છે.** પહેલો શબ્દ હતોને ત્યાં **परोपरोधेन रहिते**. જેણે નકાર કર્યો કે આ ઠેકાણે ન આવવું તમારે. .... ત્યાં કલકત્તામાં વાંધા ઉઠ્યા હતાને. ..... સાધુ ઘણા સાથે હોય પચ્ચીસ-પચાસ. ત્યાં તો અમુક ઉતર્યા હોય મકાનમાં ....બજારમાં. લોકોને.... આ તો મુનિ છે જ નહીં, પણ સાચા મુનિ હોય એ જંગલમાં વસતા હોય છે. આરે! ગજબ વાત છે.

જેને આત્મધ્યાનના આનંદમાં એટલી મસ્તી ચડી ગઈ હોય છે કે જ્યાં મનુષ્યના પગરવ એમાં એનું સ્થાન ન હોય. એવા સ્થાનમાં પણ, કહે છે કે જ્યાં મળમૂત્રાદિ .... હોય ત્યાં જંતુરહિત અને પરના ઉપરોધરહિત... કોઈએ વાછડીને બાંધી દીધી હોય તારથી. આ વાછડી અમારી છે, ધ્યાન ન ખસે. ..... અત્યારે કારખાના જુઓને! ક્યાંના ક્યાં બાંધે છે. એય! અમે ફર્યા છીએને ચારેકોર. ઓહોહો! .... કેટલા બે માઈલમાં બાંધેલું. કારખાનાની જમીન જંગલમાં હોં. સાધુ ત્યાં નીકળ્યા ને મળમૂત્ર ... હોય તો ત્યાં ન કરે. સમજાણું કાંઈ? એવી યત્નાનો જેને વિકલ્પ એવો હોય છે. આહાહા!

**તે સ્થાને શરીરધર્મ કરીને...** જોયું! શરીરધર્મ એટલે મળમૂત્ર.... એ શરીરનો ધર્મ છે, કાંઈ જીવનો ધર્મ નથી. આહાહા! પેશાબ અને દસ્ત જવું–જંગલ એ તો શરીરનો ધર્મ છે. એ શરીરનો ધર્મ કરીને **પછી જે પરમસંયમી તે સ્થાનથી ઉત્તર દિશામાં કેટલાંક પગલાં જઈને...** ઉત્તર દિશા તરફ... **ઉત્તરમુખે ઊભા રહીને, કાયકર્મોનો (-શરીરની ક્રિયાઓનો)...** એટલે તે વખતે શરીરની ક્રિયા હતીને... એનું લક્ષ છૂટી જાય છે. અને **સંસારના કારણભૂત હોય એવા પરિણામનો...** ભાષા દેખો! ઓહોહો! એ વ્યવહાર સમિતિ (આદિ) રાગ જે હતો એ પણ સંસારનું કારણ છે, આહાહા! એમ કહે છે. શુભ વિકલ્પ છેને. ...... અર્થ – મળ-મૂત્રાદિ અમુક સ્થાને ન ... કે ... એવો જે વિકલ્પ છે એ પણ સંસાર છે, રાગ છે આહાહા!

**સંસારના કારણભૂત હોય એવા...** મુનિને બીજો સંસારનું કારણ ... નથી. આ તો જે સમિતિનો વિકલ્પ ઉઠ્યો એ સંસારનું કારણ છે. ઉદયભાવ પ્રગટ્યોને એ સંસાર છે ને એ સંસારનું કારણ છે. આહાહા! ભગવાન આત્મા તો સંસારના કારણ રહિત એનું સ્વરૂપ છે. એવો શુદ્ધ આનંદઘન પ્રભુ જેની પરિણતિમાં નિર્મળાનંદ દશા વર્તે છે, કહે છે કે એને આવો વિકલ્પ આવ્યો હતો એ સંસારનું કારણ છે. એને પણ છોડી દઈને... સમિતિનો જે વિકલ્પ હતો એ સંસારનું કારણ. અહીં તો વ્યવહાર સમિતિ શું કહેવાય ને વ્યવહાર નિર્દોષ આહાર-પાણી કેમ લેવાય—એના ઠેકાણા ન મળે. આ તો વ્યવહાર એષણા ને વ્યવહારનો વિકલ્પ જે છે નિર્દોષ આહાર લેવાની વૃત્તિ અને નિર્દોષપણે ... એવી વૃત્તિ–વિકલ્પ આહાહા!

ધન્ય રે માર્ગ! વીતરાગ સ્વભાવે આરૂઢ થયેલો આત્મા એને આ રાગ તો સંસારનું કારણ છે. એ ચીમનભાઈ! આહાહા! આવે એટલે.... કર્તા નથી, રાગનો કર્તા નથી. એ રાગની સમિતિવાળા છેને. અત્યારે એની ક્યાં વાત છે બહારની? એ રાગ આવે એનો કર્તા નથી, પણ આવે છે એ સંસારનું કારણ છે એમ જાણીને અંતરમાં ઠરે છે. આહાહા! હવે અહીં તો આર્તધ્યાન ને રૌદ્રધ્યાન ને રળવા, ભોગ ને .... ને પાપ એ તો મહાસંસારનું કારણ છે. મુનિઓ સંત, આત્માના ધ્યાની, જ્ઞાનમાં રમત રમનારા એને પણ શરીરનો નિમિત્ત સંબંધ છે તેથી

મળમૂત્રના ત્યાગનો પ્રસંગ હોય છે, વિકલ્પ આવે છે, પણ એ બધો શરીરધર્મ કરીને પછી વિકલ્પ સંસારનું કારણ છે એને છોડી દે. આહાહા!

**તથા સંસારના નિમિત્તભૂત મનનો ઉત્સર્ગ કરીને...** આહાહા! મનનો સંબંધ કરે ત્યાં રાગ થાય, એ સંસારનું કારણ છે. ..... ઉત્તર દિશા ...નું કારણ બન્યું અને દર્શન આદિમાં એમ હોયને પૂર્વ ને ઉત્તર. ઉત્તર દિશા.... મળમૂત્રનો ત્યાગ. આવશ્યક નહીં, હોય છે એ. કીધુંને, ક્રિયા એ તરફની હોય છે એ ક્રિયાને પણ લક્ષમાંથી છોડી દે. થાય છે ત્યારે જાણે છે કે થાય છે અને ઓલો વિકલ્પ છે એને જાણે કે છે. આહાહા! એવી વાત છે. વીતરાગમાર્ગ સમજવો (કઠણ). બાપા! સર્વજ્ઞનો કહેલો પંથ છે, આ કાંઈ આલીદુઆલીનો કહેલો નથી. એવો અંતર સ્વભાવ શાંતરસે, વીતરાગરસે જામી ગયેલ સંત છે. એમાં આવ્યું નહોતું? ધીરજ, સહનશીલતા, શાંતિ... એમ આવ્યું હતું. ધીરજનો અર્થ કે એ ઘણો જ શાંતરસ છે, ઘણી સહનશીલતા છે, ઘણી જ શાંતિ નામ ક્ષમા પ્રગટી છે અને બધા પ્રત્યે મૈત્રી છે. એવો ભગવાન આત્મા એને આવી દેહની ક્રિયા વખતનો વિકલ્પ હો, એ મનના સંબંધે (થયેલો) વિકલ્પને પણ છોડી દે.

અહીં તો **સંસારના નિમિત્તભૂત મનનો ઉત્સર્ગ**... ભાષા દેખો! આહાહા! મન જડ, એના સંબંધમાં આવવું એ રાગ છે, સંસારનું કારણ છે. વાણી જડ, શરીર જડ અને મન જડ છે દ્રવ્યમન. ખીલ્યા કમળની આઠ પાંખડી, ખીલી પાંખડીવાળું...... કહે છે, એનો સંબંધ એ સંસાર છે. આહાહા! ભગવાન આત્માનો સંબંધ એ મોક્ષનો માર્ગ છે. એ ગિરધરભાઈ! આવું છે. મન છે અહીં જડ. કારણ પોતે ભિન્ન ભગવાન છે. આ વાણી, શરીર, મન ત્રણે તો જડના ચોસલા છે. જડ અજીવપણે થઈને રહ્યા છે. કહે છે કે પણ મનનો સંબંધ થાય ત્યારે રાગ થાય છે. પછી ભલે શુભ હો. એ જ કહે છેને, સમિતિનો સંબંધ થયોને. ..... એ મનનો સંબંધ થયો છે રાગનો. ભગવાન તો મનના સંબંધ વિનાની ચીજ છે. આહાહા!

એવું જેને દૃષ્ટિમાં આવ્યું છે સમ્યગ્દર્શનમાં અને એ ઉપરાંત જેને પરિણતિમાં રાગના અભાવસ્વભાવરૂપ શુદ્ધપરિણતિ થઈ છે, એને આવો વિકલ્પ આવે ખરો. શરીર છે (તેથી) મળમૂત્રાદિના ત્યાગનો વિકલ્પ છે, પણ પછી છોડી દે. આહાહા! ઝીલ્યા કઠણ પડે. જે માર્ગ સાંભળ્યો કાયરે... 'વચનામૃત વીતરાગના, પરમ શાંતરસ મૂળ, ઓષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.' ભગવાનની વાણી શાંત.. શાંત.. વીતરાગતા બતાવે છે. વીતરાગતાને ગ્રહણ કરાવનારી છે. રાગને વીતરાગની વાણી છોડાવનારી છે. જણાવનારી છે કે આ રાગ અહીં થાય છે આવો (એનો) જાણનાર રહે. પણ એ છોડવાલાયક છે, આદરવાલાયક નથી. એ વ્યવહાર સમિતિ પણ આદરવાલાયક નથી એમ કહે છે. આહાહા! એય!

ભાઈ! તારો સ્વભાવ તો વીતરાગમૂર્તિ છેને પ્રભુ! નિષ્ક્રિય-રાગથી રહિત અકષાય-સ્વભાવનો પિંડ છે. એવા અકષાય(સ્વભાવ)નો આશ્રય લઈ જે સમકિતીને યોગ્ય અકષાયસ્વભાવની દશા, આ મુનિને યોગ્ય એવી દશા જે પ્રગટી છે એને મનનો સંબંધ પણ ઉત્સર્ગ કરવા જેવો છે–છોડી દેવા જેવો છે. આહાહા! **સંસારના નિમિત્તભૂત**... આહાહા! મનનો ઉત્સર્ગ કરીને... સંસારનું નિમિત્તભૂત કીધું. પરિણામ થાય છે એ વસ્તુ, જ્યારે ઓલું તો નિમિત્ત છે. એનો સંબંધ કરે ત્યારે પરિણામ થાય છે એટલો સંસાર. પહેલું કીધુંને, **સંસારના કારણભૂત હોય એવા પરિણામનો** અને **સંસારના નિમિત્તભૂત મનનો...** એમ કીધુંને ભાઈ! આને નિમિત્તભૂત કીધું, ઓલા વિકાર પરિણામ છે એ મૂળ વસ્તુ કીધી, એ સંસારનું કારણ છે. શુભ-સમિતિનો વિકલ્પ સંસારનું કારણ છે. એમાં મનનો સંબંધ, એ નિમિત્ત મન છે અને આ પરિણામ—બેયને લક્ષમાંથી છોડી દે. ઝીણી વાત છે.

શ્રોતા : કારણભૂત ને નિમિત્તમાં ફરક....?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નિમિત્ત છે, નિમિત્ત એ જડ છે. પરિણામ પોતાના એ ઉપાદાન અને નિમિત્ત જડ છે. ઓલા જડ મન. જડ મન નિમિત્ત છે ને પરિણામ જે વિકારી છે તે ઉપાદાન છે, તે સંસારનું કારણ છે. આહાહા!

એવો ચૈતન્ય ભગવાન નિર્મળાનંદ પ્રભુ જેની દૃષ્ટિમાં અપૂર્ણતા નથી, જેની દૃષ્ટિમાં. વિપરીતતા વિકલ્પ જે ઉઠે વ્યવહાર સમિતિનો એ પણ જેની દૃષ્ટિમાં નથી. જેની દૃષ્ટિમાં પરિપૂર્ણ પરમાત્મા પોતે તરવરે છે. આહાહા! કહે છે કે એને એ મુનિપણાની સ્થિતિમાં પણ શરીરનો સંબંધ હોવાથી મળમૂત્રનો સંબંધ થવાનો પ્રસંગ હોય છે. એ વખતે જે વિકલ્પ ઉઠે એ સંસારનું કારણ છે. એ પરિણામમાં સંબંધ મનનું નિમિત્ત હતું અંદર. સમજાણું કાંઈ? કાયની ક્રિયાને છોડે તે નિમિત્ત હતી અને પરિણામને છોડે એ મૂળ હતું અને એનું નિમિત્ત મનનું હતું તેને છોડી દે. આહાહા! કાયાની ક્રિયા છે એ તો જડની છે. પેશાબ થવો, વિષ્ટા થવી એ જડની ક્રિયા છે, શરીરની ક્રિયા છે, એ તો નિમિત્ત છે શુભપરિણામને. અને અહીં જડ મન છે એ નિમિત્ત છે, એ શુભપરિણામને નિમિત્ત છે. આ સંસારનું કારણ પરિણામને છોડે, ક્રિયાનો રસ છોડી દે અને મનનો સંબંધ જે નિમિત્ત છે એને સંબંધ છોડી દે. આહાહા!

આ મુનિની વાત ચાલે છે. મનનો સંબંધ છોડી દે તો વીતરાગ થઈ જાય. સાંભળને! એટલે વીતરાગ જ છે એ. આહાહા! કાંતિભાઈ! લ્યો, આવું મુનિપણું. અરે! સમ્યગ્દર્શન શું છે બાપા! પૂર્ણાનંદનો નાથ જેને દૃષ્ટિમાં આવ્યો એને, કહે છે કે વ્યવહાર શુભની દયા-દાન-વ્રતની ક્રિયાના પરિણામ પણ સમકિતીને પર્યાયમાં ત્યાગ(રૂપ) વર્તે છે. કેમકે રાગનો સ્વભાવમાં અભાવ છે. આ તો મુનિ છે. જેની દશા અતીન્દ્રિય આનંદમાં ઝૂલતા, એને આવા મનના સંબંધનો પણ ત્યાગ કરીને... પછી શું? એ તો નાસ્તિની વાત કરી.

**નિજ આત્માને અવ્યગ્ર (-એકાગ્ર) થઈને ધ્યાવે છે...** આ અસ્તિ કરી. આહાહા! નિજ આત્મા... જોયું! ભગવાનને પણ નહીં. એમ કે આવા સ્વરૂપ(વાળા) ભગવાનનું ધ્યાન કરે. ભગવાનું ધ્યાન કરે એ વિકલ્પ-રાગ છે. આહાહા! ... શું કરે? ન્યાં ક્યાં હતું કાંઈ? નિશ્ચય ક્યાં ને વ્યવહાર ક્યાં? પછી શું કરે ...નું? આ તો સ્વરૂપનો અનુભવ ને દૃષ્ટિ પ્રગટ્યા છે અને સ્વસંવેદન પ્રત્યક્ષ આનંદની ઉગ્રતા જેની દશામાં વર્તે છે, એવા મુનિ માટેની વાત છે. એ જ મુનિ સાચા છે. આહાહા! સમજાણું કાંઈ?

**નિજ આત્માને અવ્યગ્ર થઈને**... જોયું! ઓલું વ્યગ્રતાદિ વિકલ્પ હતો એ છોડી દઈને, અવ્યગ્ર આત્મા ચિદાનંદ ભગવાન એમાં અવ્યગ્ર થઈને–એકાગ્ર થઈને ધ્યાવે છે. આહાહા! આ નિર્વિકલ્પ ધ્યાન. લ્યો, વ્યવહાર સમિતિમાં આ નાખ્યું પાછું. નિશ્ચય વિના વ્યવહાર કેવો? એમ કહે છે અને તે પણ વ્યવહારનો નિશ્ચયમાં અભાવ છે એમ સિદ્ધ કરે છે. આહાહા! શુદ્ધપરિણતિમાં શુભરાગનો અભાવ છે, પણ છતાં (રાગ) થયો એ પણ પછી છોડીને નિજસ્વરૂપના ધ્યાનમાં આવે, એમ કહે છે. આહાહા! અરે! આ માર્ગ છે બાપા! આ રીત છે ભાઈ! એને પહેલો જાણે તો ખરો. જાણવાના ઠેકાણા ન મળે, જેને શ્રદ્ધાના ઠેકાણા ન મળે. વ્યવહાર શ્રદ્ધા હોં આ તો હજી. પરલક્ષી જ્ઞાનમાં પણ યથાર્થતા જેને નથી... એ તો હજી પરલક્ષી જ્ઞાન છે. સમજાણું કાંઈ? આનાથી લાભ થાય, આનાથી લાભ થાય, વ્યવહારથી લાભ થાય—એ હજી પરલક્ષી જ્ઞાન જ ખોટું છે તારું. આહાહા!

પણ યથાર્થપણું આવ્યું પરલક્ષી જ્ઞાનમાં કે રાગથી લાભ નહીં, વ્યવહારથી નહીં. સમકિતી વ્યવહારથી મુક્ત છે. એવું જે જ્ઞાન થયું સમકિત થવા પહેલાં, એ પણ પરલક્ષી જ્ઞાન છે, એ સમ્યગ્જ્ઞાન નથી. આહાહા! જેના પરલક્ષી જ્ઞાનમાં પણ યથાર્થતા નથી, એને સ્વલક્ષી જ્ઞાનની યથાર્થતા આવે જ નહીં. સમજાણું કાંઈ? એ પરલક્ષી જ્ઞાનનું લક્ષ છોડી દઈ અને સ્વ ચૈતન્યના લક્ષે કરીને જે જ્ઞાનની દશા આવે એને સમ્યગ્જ્ઞાન કહીએ. આહાહા!

એ **નિજ આત્માને એકાગ્ર થઈને ધ્યાવે છે**... પ્રભુ મારો પૂર્ણ પ્રભુ હું છું, હું જ ભગવાન છું. એવો વિકલ્પ નહીં હોં. પોતાનો ભગવાન સ્વભાવ મહિમાવંત સ્વભાવ પૂર્ણ એમાં એકાગ્ર થાય છે. એને ધ્યાનમાં લઈને ધ્યાવે છે. એને ધ્યાનમાં લઈને ધાવે છે. ધાવે એટલે આનંદનો સ્વાદ લે છે. આ બાળક ધાવે છેને માતાને. દૂધને પીવે છે, એમ અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન એમાં એકાગ્ર થઈને એને ધાવે છે અને પીવે છે, નિર્વિકલ્પ આનંદનો સ્વાદ લે છે. આહાહા! ભારે કામ ભાઈ! કાયરના કાળજા કંપી ઉઠે કે આવો માર્ગ અરર! આવો થઈ શકે? આવો થઈ શકતો હશે? એવું કરીને અનંતા મોક્ષ થયા. ઉત્સર્ગ કરીને નિજ આત્માને ધ્યાવે છે.

**અથવા ફરીફરીને કલેવરનું (-શરીરનું) પણ અશુચિપણું...** વિકલ્પ છે શુભ. આ શરીર–કલેવર એનું પણ અશુચિપણું **સર્વ તરફથી ભાવે છે...** ઓહોહો! માંસ, હાડકા, લોહી, પરૂ, વીર્ય

એનો પિંડ શરીર છે, ભગવાન અતીન્દ્રિય આનંદાદિ ગુણનો પિંડ છે. એમ આ શુચિ છે ને આ અશુચિ છે. ૭૨ ગાથામાં આવી ગયું છેને. પુણ્ય-પાપના પરિણામ અશુચિ છે, એમ આવ્યું છે. ૭૨, સમયસાર. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ વિકલ્પ એ અશુચિ છે. આ તો શરીર અશુચિ છે. જેમાં એકલો પેશાબ, વિષ્ટા, મળ-મૂત્ર, વીર્ય, આંતરડા, કૃમિ. ઉપરથી આ જાળની જેમ લપેટી ચામડી. જાળ હોયને જાળ. અંદરમાં ચામડામાં ભર્યા માંસ, મળમૂત્ર. એ અશુચિ.. અશુચિ ભાવના છેને. બાર ભાવના. અશુચિ...

અહીં શુચિની એકાગ્રતામાં અશુચિની ભાવના.... ભાવતો નથી, પણ એ છે એ અશુચિ છે. હું તો શુચિ–ઉજ્જવળ–નિર્મળ.. ૭૨માં આવે છે. પુણ્યના પરિણામ અશુચિ છે, ત્યાં એમ કીધું, અને જડ છે. દયા, દાન, વ્રતનો વિકલ્પ મુનિને ઉઠે એ પણ અચેતન, જડ છે. કેમકે રાગમાં જાણવાની શક્તિ નથી. આહાહા! અને તે દુઃખરૂપ છે. વિપરીત છે એમ કીધું. વિપરીત એટલે જડ. દુઃખરૂપ છે. શુભરાગ એ દુઃખરૂપ છે. અશુચિની સામે ભગવાન આત્મા શુચિ છે. આની જડની સામે–રાગની સામે ભગવાન ચૈતન્યસ્વરૂપ છે અને દુઃખની સામે ભગવાન અનાકુળ આનંદસ્વરૂપ છે. આવું ભેદવિજ્ઞાન કરીને આત્માને ધ્યાવે. એમાં સ્થિર ન રહી શકતો હોય તો ક્લવેરની અશુચિતાને ભાવે એમ કહે છે. આહાહા! જુઓ! આ શરીર. એય શાંતિભાઈ! શું કરી નાખ્યું શરીરને? સુંવાળો માખણ જેવું હોય.. આહાહા!

બાપા! પ્રભુ! એ તો માંસ ને હાડકા, ઉપર ચામડાનો ગાર છે આ. શેરડી ઉપરથી છોલ કાઢી નાખે એટલું જો ચામડું ઉપરથી કાઢી નાખે તો થૂંકવા જેવું ન દેખાય. રૂપાળું, સારું, સુંવાળું એ બધું સમજવા જેવું લાગે. ....ચામડી. શેરડીની છાલ હોતી હૈ ન? અને રાગની છાલ ઉખેડીને જુએ તો ભગવાન એકલો આનંદકંદ દેખાય. આહાહા! બાપુ! માર્ગ તો આ વીતરાગ એટલે આત્માનો માર્ગ કોઈ અલૌકિક છે. દુનિયાએ બહારથી માન્યો, કલ્પ્યો છે એવો નહીં. આહાહા! જેનો આખો સંસાર ઉડી જાય અને અનંતી મુક્તદશાના આનંદની પ્રાપ્તિ થાય, બાપા! એ માર્ગ કોઈ અલૌકિક હોયને! લૌકિક સાથે એને મેળ ખાય નહીં. આહાહા! ક્લેવરનું સર્વ તરફથી, પાછું. ચારે બાજુથી. અશુચિ(પણું) ભાવે છે.

**તેને ખરેખર પ્રતિષ્ઠાપન સમિતિ હોય છે.** એને પ્રતિષ્ઠા સમિતિ એટલે છોડવાની સમિતિ એને હોય છે. આહાહા! **બીજા સ્વચ્છંદવૃત્તિવાળા યતિનામધારીઓને કોઈ સમિતિ હોતી નથી.** આહાહા! નામધારી. સંસ્કૃત છેને. **यतिनामधारिणां काचित् समितिरिति नान्येषां... नान्येषां**... આહાહા! સ્વચ્છંદવૃત્તિએ રાગમાં બધું માનીને પડ્યો છે, બેઠો છે. ભગવાન રાગ વિનાની ચીજ છે એ દૃષ્ટિમાં આવી નથી, અનુભવમાં લીધો નથી. અને વ્યવહારની ક્રિયા એ બધી સ્વચ્છંદની ક્રિયા છે. આહાહા! સ્વચ્છંદી વૃત્તિ છે. ઝેરવૃત્તિના ભાવ. આહાહા! એમ કેમ કહ્યું? કે જેને આત્મજ્ઞાન, આત્મદર્શન, અનુભવ નથી એની વૃત્તિઓ બધી સ્વચ્છંદ છે. અને

ધર્મીજીવને આત્મ-અનુભવ ને આનંદનું ભાન છે એમાં વૃત્તિ વર્તે છે એને વ્યવહાર કહેવામાં આવે છે. ભાઈ! એમ કહે છે.

આને તો સ્વચ્છંદવૃત્તિ છે. ચૈતન્યભગવાન જ્યાં નિર્વિકલ્પ-રાગની ક્રિયા વિનાની ચીજનું જ્યાં અનુભવ નથી, જેનો સ્વીકાર નથી, જેને સ્વભાવ પૂર્ણાનંદની પ્રતીતિ અંતર્મુખ થઈને થઈ નથી, ધ્યાનમાં એ દ્રવ્ય આવ્યું નથી એને, કહે છે કે આવા વિકલ્પ હોય તો સ્વચ્છંદ વૃત્તિઓ છે. આહાહા! વ્યવહારાભાસવાળા સ્વચ્છંદી જીવો એને આ સમિતિ હોતી નથી. સમજાણું કાંઈ? જેને ભગવાન ભાસ્યો નથી, દૃષ્ટિમાં સાક્ષાત્કાર થયો નથી, એમ કહે છે. પરમાનંદની મૂર્તિ પ્રભુ એનો સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શનમાં સાક્ષાત્કાર જેને ભાસ્યો નથી, એ વસ્તુનો અનુભવ થયો નથી અને એકલી ક્રિયાકાંડમાં આવા રાગમાં વર્તે એ તો સ્વચ્છંદ વૃત્તિવાળા છે. આહાહા!

નામધારી. નામનિક્ષેપે .... યતિ છે, ૨૮ મૂળગુણ પાળે છે નાટકના સાધુ જેવું. વાત તો એ છે. નાટકનો સાધુ હોય તો એ..... સાધુ હતો તેને રાજા પૈસા આપતા હતા પાઠશાળામાં. આવ્યું હતું નાટકમાં. ન લઉં, ન લઉં, સાધુ છું. ...ભાંડ હતો. મુનિનો વેશ પહેરેલો, મુનિ.... ખુશી થઈ ગયો. એવો મુનિનો વેશ કે રાજા ખુશી થઈ ગયો. પાંચ હજારના દાગીના આપો. નહીં, નહીં, આ ખપે નહીં અમારે. વેશ છોડીને આવ્યો પછી કહે, હવે હું સાધુ નથી, તો હવે મને પૈસા લાવો. વેશવાળો એમ કહે કે આ અમને ખપે નહીં. આહાહા! આ તો નાટકની વાત. .... આહાહા!

સીતાજીનું આવે છેને. રાવણ ઉપર સીતાજી ઉપર પ્રસન્ન થતા નથી. શું કરવું? કેવી રીતે પ્રસન્ન કરવી? એ તો મહાબ્રહ્મચારી બાઈ. ઇન્દ્ર ઉપરથી ઉતરે તો બીજો વિકલ્પ નથી જેને રામ સિવાય. આહાહા! એક પતિનો વિકલ્પ છે જરી. સમ્યગ્દૃષ્ટિ છે. શું કરવું ત્યારે? કહે. કે રામનો વેશ પહેર. રામનો વેશ પહેરીને જાઉં ત્યાં મને માતા દેખાય છે. આહાહા! રામરૂપ થાઉં એની તો વાત શી કરવી! ભાઈ! તમે મને ભલામણ કરો છો કે વેષ રામનો લઈને જા. હું જ્યાં રામનું રૂપ ધારણ કરું છું, ત્યાં મને માતા ભાસે છે. તો રામરૂપ થાય એની તો વાત શી કરવી!. આહાહા! અહીં 'નિજપદ રમે સો રામ કહીએ..' આહાહા! નિજ આત્માને ધ્યાવે. જુઓને! આહાહા! એને સમિતિ હોય છે. આવા અજ્ઞાનીઓને સમિતિ હોતી નથી. એમ કરીને વ્યવહાર સમિતિવાળા યતિનામધારીઓને ઉખેડી નાખ્યા છે. દ્રવ્યલિંગીઓ એકલા નગ્ન ફરે, એને પાંચ મહાવ્રતના વિકલ્પ હોય ભલે, પણ એ બધા સ્વચ્છંદવૃત્તિઓ છે. આહાહા! એને ભગવાન અંદર જાગ્યો નથી. વ્યવહારને જાણનારા જાગ્યા વિનાનાની વૃત્તિને સ્વચ્છંદ કીધી છે. આહાહા!

**હવે ૬૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોક કહે છે :**

**समितिरिह यतीनां मुक्तिसाम्राज्यमूलं**
**जिनमतकुशलानां स्वात्मचिंतापराणाम्।**
**मधुसखनिशितास्त्रव्रातसंभिन्नचेतः**
**सहितमुनिगणानां नैव सा गोचरा स्यात् ॥८८॥**

અહો! જુઓ! ભાષા. **શ્લોકાર્થ : જિનમતમાં કુશળ...** આહાહા! વીતરાગી દૃષ્ટિ ને વીતરાગીભાવમાં જે કુશળ છે... જિનમત કોઈ સંપ્રદાય નથી. વસ્તુ વીતરાગીસ્વરૂપ ભગવાન આત્મા અકષાય(સ્વરૂપ) એમાં જેની જિનમતની નિપુણતા પર્યાયમાં પ્રગટ થઈ છે. આહાહા! એવા જિનમતમાં જે કુશળ (એટલે) વીતરાગીભાવમાં કુશળ એમ કહે છે. **અને સ્વાત્મચિંતનમાં પરાયણ...** કેવા કુશળ? કે પોતાનો આત્મા પૂર્ણ આનંદ ને જ્ઞાયક એના અંતર એકાગ્ર થવામાં પરાયણ. ચિંતનનો અર્થ એકાગ્રતા. **એવા યતિઓને...** એવા યતિ નામ સ્વરૂપની જત્ના-યત્ના કરનારને... શું જત્ના કરી એણે? એ વીતરાગભાવમાં કુશળ છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા જેને પ્રગટી છે એમાં કુશળ છે, સ્વાત્મચિંતનમાં પરાયણ છે, આત્માની એકાગ્રતા થવામાં તત્પર છે.

એવા યતિઓને **આ સમિતિ મુક્તિસામ્રાજ્યનું મૂળ છે.** મુક્તિરૂપી સામ્રાજ્ય એનું આ કારણ છે, એમ કહે છે. પણ આ (નિશ્ચય) સમિતિ હોં. વ્યવહાર સમિતિની વાત નથી. પદ્મપ્રભમલધારિદેવ મુનિ છે, ભાવલિંગી સંત છે. એ કહે છે કે જેને આવું જિનમત-આત્માનું વીતરાગી સ્વરૂપ એની જેને કુશળતા પર્યાયમાં પ્રગટી છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ જેને પ્રગટી એમાં નિપુણ છે અને પોતાના સ્વરૂપના ધ્યાનમાં પરાયણ છે. ઓલા રાગાદિ સમિતિમાં નહીં એમ કહે છે. એ વ્યવહાર છે. એ મુનિ તો એનાથી મુક્ત છે, આહાહા! હોય છે, આવી જાય છે, બંધનું કારણ છે. જેને અબંધસ્વરૂપી આત્મા જ ભાનમાં નથી એની વ્યવહાર સમિતિ તો સ્વચ્છંદ વૃત્તિઓમાં ગણવામાં આવે છે. આહાહા! પણ જેને આત્માનું ધ્યાન વર્તે છે એવી સમિતિ મુક્તિરાજ્યનું મૂળ છે.

**કામદેવના તીક્ષ્ણ અસ્ત્રસમૂહથી ભેદાયેલા હૃદયવાળા...** એટલે કે એકલી દીક્ષામાં જોડાયેલા, આહાહા! ઇચ્છા વિનાની ચીજની દૃષ્ટિ ને અનુભવ વિનાના. અહીં તો સમ્યગ્દર્શન ને જ્ઞાનમાં જેને આત્મા તરવરે એવું જેને નથી એ ઇચ્છા ને કામની તીક્ષ્ણ ધારામાં વર્તે છે. કામદેવની તીક્ષ્ણ અસ્રસમૂહની ધારામાં વર્તે છે એમ કહે છે. આહાહા! કામદેવના તીક્ષ્ણ અસ્રસમૂહ-અસ્ત્રનો સમૂહથી ભેદાયેલા.. આહાહા! હૃદયવાળા... રાગની ભાવનામાં પણ હૃદય ભેદાઈ ગયું છે તારું. વીતરાગી ભગવાન આત્મા પૂર્ણાનંદના નાથને પડખે તો ચડ્યો નથી અને આ રાગને પડખે ચડ્યો, તારું સામ્રાજ્ય છેદાઈ ગયું છે કહે છે. આહાહા! તીક્ષ્ણ અસ્રસમૂહથી

ભેદાયેલા હૃદયવાળા **મુનિગણોને તે (સમિતિ) ગોચર નથી જ હોતી.** એને આવી સમિતિ હોતી નથી. આહાહા!

શ્રોતા : વસ્ત્ર ત્યાગી દીધા છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ભલે હોય વસ્ત્રત્યાગી. બહારમાં પંચ મહાવ્રત ને ૨૮ મૂળગુણ પાળતો હોય દ્રવ્યલિંગી, એને આ સમિતિ નથી. આહાહા! લોકોને એવું લાગે કે મુનિનું આવું સ્વરૂપ? બાપા! સ્વરૂપ જ આવું છેને ભાઈ! એ આવી જાય છે એટલે.... આત્માના ભાન વિનાના દ્રવ્યલિંગી એને કહે છે. આહાહા! જેને આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદઘન, રાગની ક્રિયા વિનાનો અક્રિયસ્વરૂપનો અનુભવ નથી, એ બધા દ્રવ્યલિંગી યતિઓના પંચમહાવ્રતના પરિણામ સ્વચ્છંદમાં નાખ્યા છે. આહાહા! ભગવાનની આજ્ઞાનો જે નિશ્ચય સહિતનો વ્યવહાર એ એને હોતો નથી. એને ધારેલો સ્વચ્છંદ થઈ ગયો છે. આહાહા! વાણી પણ છેને!

આવે છેને શ્વેતામ્બરનું શ્રીમદ્માં. શ્વેતામ્બરની વાણીની મોળાશને લઈને રસ ખંડાતો ગયો અને દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે. એવા શબ્દ છે શ્રીમદ્માં. દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે..., શ્વેતામ્બરની મોળાશને લઈને રસ ખંડાતો ગયો છે. આહાહા! જ્યારથી નીકળ્યા ત્યારથી મોળું.. મોળું.. ઢીલો કરી નાખ્યો માર્ગ. બધા... આ ખપે, આ ખપે, આ ખપે. ધૂળેય ખપે નહીં, સાંભળને! મુનિને વસ્ત્ર ખપે, પાત્ર ખપે. બહુ દ્રવ્યાનુયોગમાં નિપુણ હોય એને સદોષ આહાર આધાકર્મી.... બધી ગપ્પેગપ્પ વાતું છે.

શ્રોતા : દ્રવ્યાનુયોગમાં નિપુણ ન હોય તો ... શેમાં હોય?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ....માં લખાણ છે. દ્રવ્યાનુયોગમાં નિપુણ હોય એને એના માટે કરેલા આહારનો વાંધો નહીં. અરે! મહાન સંત હોય... એને માટે કરેલો આહારને લેવાનો એને વિકલ્પ ન હોય. આહાહા!

આવા કામદેવના તીક્ષ્ણ અસ્ત્ર... પણ એ તો રાગનો, ભોગનો જ કામી થયો. એ આવ્યુંને બંધ અધિકારમાં. એ ભોગને માટે જ એનો રાગ છે કહે છે. અતીન્દ્રિય આનંદના ભોગને માટે એ રાગ નથી. કેમકે રાગ વિનાનું ચૈતન્ય એને ભાનમાં આવ્યું નથી. એથી એ બધા પંચમહાવ્રતના પરિણામ આદિ ભોગને માટે છે. આહા! 'ભોગનિમિત્તં' બંધ અધિકારમાં છે. ગજબ વાત સંતોની, કેવળીના કેડાયત દિગંબર મુનિઓની વાત! માર્ગ કેવળીએ જે પ્રરૂપ્યો માર્ગ આ..... એ માર્ગ ભગવાન, સંતોએ–દિગંબર મુનિઓએ કહ્યો છે. એવી વાત બીજે ક્યાંય નથી. સમજાણું કાંઈ? આહાહા! એ સમિતિ એને ગમ્ય નથી. વ્યવહાર સમિતિનું ભાનેય નથી, કહે છે. નિશ્ચય નથી ત્યાં વ્યવહારનું ભાનેય નથી એમ કહે છે. આહાહા! વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## જ્યેષ્ઠ વદ ૭, સોમવાર, તા. ૩-૭-૧૯૭૨
## શ્લોક-૮૯-૯૧, ગાથા-૬૬-૬૭, પ્રવચન નં. ૬૧

એનો શ્લોક ૮૯ છે. કળશ છેને.

**समितिसमितिं बुद्ध्वा मुक्त्यङ्गनाभिमतामिमां**
**भवभवभयध्वान्तप्रध्वंसपूर्णशशिप्रभाम् ।**
**मुनिप तव सद्दीक्षाकान्तासखीमधुना मुदा**
**जिनमततपःसिद्धं यायाः फलं किमपि ध्रुवम् ॥८९॥**

**શ્લોકાર્થ : હે મુનિ! સમિતિઓમાંની આ સમિતિને... આદાન** છેને? **આદાવણણિક્ખેવ..** ૬૪ ગાથાના પાઠમાં. પાંચમી સમિતિ. **સમિતિઓમાંની આ સમિતિને—કે જે મુક્તિરૂપી સ્ત્રીને વહાલી છે...** અંદર શુદ્ધ પરિણમન એવી સમિતિ મુક્તિરૂપી (સ્ત્રી)ને વહાલી છે (એટલે) એનાથી મુક્તિ થાય છે. આ નિશ્ચય નાખ્યું. શુદ્ધસ્વભાવ એના અંતર આશ્રયથી શુદ્ધપરિણતિરૂપી સમિતિ—શુદ્ધ પૂર્ણનું ગ્રહણ અને રાગાદિનો ત્યાગ એવી સમિતિ મુક્તિરૂપી સ્ત્રીને વહાલી છે, એટલે કે એનાથી મુક્તિ પ્રાપ્ત થાય છે. **જે ભવભવના ભયરૂપી અંધકારને નષ્ટ કરવા માટે પૂર્ણ ચંદ્રની પ્રભા સમાન છે...** ભવ-ભવનો ભય રાગાદિભાવ, એવું અજ્ઞાન એને નષ્ટ કરવા માટે પૂર્ણ ચંદ્રની પ્રભા સમાન છે.

**પૂર્ણ ચંદ્રની પ્રભા સમાન છે તથા તારી સત્-દીક્ષારૂપી કાન્તાની...** તારી સત્ દીક્ષા–સાચી દીક્ષા... આ બધા વ્યવહાર અંગીકાર કરે એ દીક્ષા સાચી નથી એમ કહે છે. વીતરાગસ્વભાવનો આશ્રય લઈ જેણે વીતરાગપરિણતિ પ્રગટ કરી છે એને સત્ દીક્ષા કહે છે, એને સાચી દીક્ષા કહે છે. **સત્-દીક્ષારૂપી કાંતા (-સાચી દીક્ષારૂપી પ્રિય સ્રીની) સખી છે...** એની સખી છે એ. આહાહા! **તેને—હવે પ્રમોદથી જાણીને...** એવી પાંચમી સમિતિ જે અંતરમાં આનંદસ્વરૂપનું પરિણમન... આહાહા! એને પ્રમોદથી જાણીને **જિનમતકથિત તપ...** વીતરાગે કહેલું એવું મુનિપણું, સર્વજ્ઞ પરમેશ્વરે કહેલું એવું વીતરાગીદશારૂપી મુનિપણું એનાથી **સિદ્ધ થતા એવા કોઈ (અનુપમ) ધ્રુવ ફળને તું પામીશ.** એટલે મુક્તિને પામીશ, એમ. આહાહા! ભાષા જુઓને! ....

શ્રોતા : આ વ્યવહાર સમિતિની વાત છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : નિશ્ચય. નિશ્ચયની આ વાત છે. વ્યવહાર ભલે હોય. વ્યવહારમાંથી નિશ્ચય કાઢ્યો છે. આવાને વ્યવહાર હોય, પણ નિશ્ચય છે એ જ મુક્તિનું કારણ છે એમ બતાવ્યું છે. ..... કળશ છે. જિનવરકથિત તપ એટલે મુનિપણું. જે અંતર સ્વરૂપ પૂર્ણ સ્વરૂપની શ્રદ્ધા,

જ્ઞાન ને રમણતા એ જિનમતકથિત મુનિપણું છે. એવા મુનિપણાથી સિદ્ધ થતાં એવા કોઈ ધ્રુવફળને પામીશ એટલે મોક્ષની દશાને પામીશ. ૯૦ કળશ.

**समितिसंहतितः फलमुत्तमं**
**सपदि याति मुनिः परमार्थतः ।**
**न च मनोवचसामपि गोचरं**
**किमपि केवलसौख्यसुधामयम् ॥९०॥**

**શ્લોકાર્થ : સમિતિની સંગતિ દ્વારા...** આ શુદ્ધ વીતરાગી પરિણતિરૂપી સમિતિ એની સંગતિ–સંબંધ દ્વારા **ખરેખર મુનિ મન-વાણીને પણ અગોચર (-મનથી અચિંત્ય અને વાણીથી અકથ્ય) એવું કોઈ કેવળસુખામૃતમય ઉત્તમ ફળ શીઘ્ર પામે છે.** (અર્થાત્) મોક્ષને પામે છે. પોતાનો પૂર્ણ સ્વભાવ એની વીતરાગ પરિણતિ, નિર્વિકલ્પ પરિણતિ, મુનિએ એની સાથે જેનો સંગતિ–સંબંધ કર્યો છે કહે છે. એવો મુનિ મન ને વાણીને અકથ્ય.. અચિંત્ય ને અકથ્ય એવું કેવળ સુખામૃત–કેવળ સુખરૂપી અમૃતમય એવી મુક્તિ એવા ઉત્તમ ફળને શીઘ્ર પામે છે. અલ્પ કાળમાં એને મુક્તિ થાય છે. એમાં ક્રમબદ્ધમાં ક્રમ ક્યાં રહ્યો પાછો? અહીં તો 'શીઘ્ર થાય' એમ કહ્યું. એનો અર્થ શું? ક્રમબદ્ધમાં એને અલ્પકાળમાં જ મુક્તિ થવાનો પ્રસંગ છે એમ કહે છે. એ પાંચ સમિતિ થઈ. હવે ત્રણ ગુપ્તિ. મન, વચન ને કાયાની ગુપ્તિ. આ તો અલૌકિક વાતું છે. બહારની નહીં. સાધારણ વાતું કરતા પણ એને નિશ્ચયમાં લઈ જાય છે. આહા!

**कालुस्समोहसण्णारागद्दोसाइअसुहभावाणं ।**
**परिहारो मणुगुत्ती ववहारणयेण परिकिहियं ॥६६॥**

**કાલુષ્ય, સંજ્ઞા, મોહ, રાગ, દ્વેષ આદિ અશુભના**
**પરિહારને મનગુપ્તિ છે ભાખેલ નય વ્યવહારમાં. ૬૬.**

**ટીકા : આ, વ્યવહાર મનોગુપ્તિના સ્વરૂપનું કથન છે. ક્રોધ, માન, માયા અને લોભ નામના ચાર કષાયોથી ક્ષુબ્ધ થયેલું ચિત્ત** એને છોડે છે, એમ કહેવું છે. એવો અશુભભાવ તેને છોડે છે. સ્વરૂપનો અનુભવ ને દૃષ્ટિપૂર્વક, અંતરના ત્રણ કષાયના અભાવના ચારિત્રપૂર્વક આવા ભાવને છોડે છે. **દર્શનમોહ અને ચારિત્રમોહ એવા (બે) ભેદોને લીધે મોહ બે પ્રકારે છે.** એને પણ જે છોડે છે. 'પરિહાર કરે છે' એમ છેને છેલ્લું? **આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા એવા (ચાર) ભેદોને લીધે સંજ્ઞા ચાર પ્રકારે છે.** એવા અશુભપરિણામને છોડે છે. મુનિ જે આહાર કરે છે, આહાર લે છે એ આહારસંજ્ઞા નથી. આહારસંજ્ઞા તો એની ગૃદ્ધિ થાય એને આહારસંજ્ઞા કહે છે. વ્યવહાર મનોગુપ્તિ છેને. એમાં એની ગૃદ્ધિ છે એ છોડે છે.

આહાર લેવો અને આહાર ખાવો એ આહારસંજ્ઞા—એમ નથી. તો તો આહાર ખાય એ તો આહારસંજ્ઞા ને અશુભભાવ થયો. એ નહીં. એની ગૃદ્ધિ છે તેવા અશુભભાવને છોડે છે.

ઘણાં એમ કહે છે, મુનિ આહાર લે છે એ એને આહારસંજ્ઞા છે. એ આહારસંજ્ઞાની વ્યાખ્યા નથી. આહારસંજ્ઞા તો ગૃદ્ધિ થઈને લે એને આહારસંજ્ઞા કહેવાય છે. સમજાણું? કેમકે આને અશુભભાવ કહે છેને. આહારસંજ્ઞા એ અશુભભાવ છે એને છોડે છે, પણ આહાર લે છે એનો શુભભાવ તો છે. શું સમજાણું? એમાંય મોટા વાંધા. ચર્ચાઓ ચાલી મોટી. આહારસંજ્ઞા, મુનિ તો આહાર લે ત્યારે આહારસંજ્ઞા હોય છે. ના પાડે છે કે એમ નથી. અશુભભાવ, આહારસંજ્ઞા જે અશુભભાવ છે એને છોડે છે. શુભભાવ એને હોય છે. ભલે ગોચરી છે, પણ એ શુભભાવ છે, વિકલ્પ છે. સંજ્ઞા તો ગૃદ્ધિ હોય એને અશુભભાવ કહે છે.

શ્રોતા : મૈથુનસંજ્ઞા કેવી રીતે લાગુ પડે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ નહીં. એ વાત નથી અત્યારે. આહારની (વાત). ઓલામાં ગૃદ્ધિ એ ગૃદ્ધિ છે. મૈથુનસંજ્ઞા બધી ગૃદ્ધિ જ છે.

શ્રોતા : આહાર તો ગ્રહણ કરે છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ગ્રહણ કરતો નથી. અહીં તો આહારસંજ્ઞા એને નથી. એ આહાર લે છે એને જાણે છે. શુભભાવ છે. આ તો બધા અશુભભાવ છે, આહારસંજ્ઞા (આદિ) બધા અશુભભાવ છે, મૈથુનસંજ્ઞા બધા અશુભભાવ છે. એ વાત છેને જુઓને! એવા અશુભ પરિણામ પ્રત્યેનો પરિહાર.. એમ છેને જુઓને અંદર.

**આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા ને પરિગ્રહસંજ્ઞા એવા ભેદોને લીધે સંજ્ઞા ચાર પ્રકારે છે.** એ બધો અશુભ પરિણામનો પરિહાર છે, શુભનો નહીં. શુભ તો અહીં વ્યવહાર છે. વ્યવહાર મનોગુપ્તિ લેવી છેને. વ્યવહાર મનોગુપ્તિમાં અશુભપરિણામનો ત્યાગ છે. આ ચારેય અશુભ છે. આહારસંજ્ઞા, ભયસંજ્ઞા (આદિ) ચારેય અશુભ છે. સમજાણું કાંઈ? આહાર લેવાનો ભાવ એ સંજ્ઞા નથી. ગૃદ્ધિ એ સંજ્ઞા છે. આ બધું ગૃદ્ધિના ભાવમાં ચારેય બોલ છે. બીજામાં તો ગૃદ્ધિ (છે કે નથી) એનો પ્રશ્ન જ નથી. એ તો અશુભભાવ છે જ. સમજાણું? એ ચર્ચા નીકળી છે. મુનિ આહાર લ્યે એ આહારસંજ્ઞા હોય છે. બિલકુલ નહીં. એ પંડિતજી!

શ્રોતા : એ ચારેય સંજ્ઞાઓ......

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, અશુભભાવમાં જાય છે. શુભભાવ, મુનિ આહાર લે એ અશુભભાવ નથી, એ તો શુભભાવ છે. છે એ આસ્રવ પણ... કહેશે હમણાં કહેશે જુઓ!

**પ્રશસ્ત રાગ અને અપ્રશસ્ત રાગ એવા (બે) ભેદને લીધે રાગ બે પ્રકારનો છે. અસહ્ય જનો પ્રત્યે...** આકરા માણસોના વચનો આદિ **અથવા અસહ્ય પદાર્થસમૂહો પ્રત્યે વેરનો પરિણામ તે દ્વેષ છે.—ઇત્યાદિ અશુભપરિણામપ્રત્યયોનો પરિહાર...** દેખો! એ બધા

અશુભપરિણામપ્રત્યય એટલે આસ્રવનો પરિહાર છે. એની અંદર એ આવી ગયું. જુઓ! નીચે લખ્યું છે. શુભપરિણામપ્રત્યય એ પણ આસ્રવ છે. આહાર લેવાનો વિકલ્પ છે એ આસ્રવ છે, સંજ્ઞા નહીં ભાઈ! આહાહા! છે નીચે જુઓ!

**પ્રત્યયો—આસ્રવો; કારણો. (સંસારનાં કારણોથી આત્માનું ગોપન-રક્ષણ કરવું તે ગુપ્તિ છે. ભાવપાપાસ્રવો તેમ જ ભાવપુણ્યાસ્રવો સંસારનાં કારણો છે.)** એ આમાં કેમ લીધા? અહીં તો અશુભપરિણામનો ત્યાગ એટલી જ વાત લેવી છે. પણ ઓલા અશુભપરિણામનો આસ્રવ કહ્યો, ભેગા શુભપરિણામ પણ આસ્રવ છે એટલું સિદ્ધ કરવું છે. અહીં શુભપરિણામનો ત્યાગ આમાં નથી. પાઠ એવો આવ્યોને, અશુભપરિણામપ્રત્યય (એટલે) અશુભપરિણામ આસ્રવ, તેમાંથી કાઢ્યું કે શુભપરિણામ (પણ) આસ્રવ. શુભપરિણામ એ તો આસ્રવ છે. અહીંયા અશુભ પરિણામના ત્યાગની વ્યવહાર મનોગુપ્તિની વ્યાખ્યા છે. એવી વાત છે. આહાહા! ભારે!

અશુભપરિણામપ્રત્યયો એનો અર્થ થયો કે શુભપરિણામપ્રત્યયો... એ અહીં છે હજી. મનોગુપ્તિમાં શુભભાવ છે. વ્યવહાર મનોગુપ્તિ લેવી છેને. અહીં તો એ આવ્યું.... અહીં વ્યવહાર .... છે. બેય સંસારના કારણ છે. પણ અહીં ત્યાગ એકલો મનના અશુદ્ધભાવનો ત્યાગ છે. વ્યવહાર મનોગુપ્તિ લેવી છેને. નિશ્ચય મનોગુપ્તિમાં શુભ-અશુભ બેયનો ત્યાગ છે. અત્યારે એ વાત નથી. સમજાય છે કાંઈ? જુઓને! આમાં એક વ્યવહારમાં પણ કેટલી સ્પષ્ટતા કરી નાખી! આવા અશુભપરિણામપ્રત્યય એટલે આસ્રવો એનો પરિહાર **(અર્થાત્ અશુભ-પરિણામરૂપ ભાવપાપાસ્રવોનો ત્યાગ જ)...** એમ. ઓલો તો ખુલાસો કર્યો. ઓલો તો ખુલાસો કર્યો કે ભાઈ! અશુભપરિણામ આસ્રવ છે અને શુભપરિણામ આસ્રવ છે. પણ આમાં અહીંયા તો અશુભપરિણામનો ત્યાગ (કહ્યો). ત્યાગ એટલું. સમજાય છે કાંઈ?

એ નીચે અર્થ કર્યો એનો બેયનો ત્યાગ આમાં નથી. એ તો સમજાવ્યું છે. અશુભ-પરિણામપ્રત્યય કીધા ત્યારે એનો અર્થ થયો કે શુભપરિણામપ્રત્યય પણ આસ્રવ છે. બે પ્રકારના આસ્રવ છે. બેય આસ્રવ છે, બેય સંસારના કારણ છે. આહાહા! અહીં પાપાસ્રવ છે એટલું. હજી પુણ્યાસ્રવ વિકલ્પ છે. વ્યવહારનયનો વિષય છેને. અને નિશ્ચય તો ભાન છે અંદર સ્વરૂપ વીતરાગતા છે, એવા જીવને આવી મનોગુપ્તિ વ્યવહારે હોય છે. એકલા અજ્ઞાનીને કે એકલા વ્યવહારના ક્રિયાકાંડીને મનોગુપ્તિ એ વાત અહીં છે જ નહીં. અંતરમાં નિર્વિકલ્પ આનંદનો આશ્રય લઈ જેણે નિર્વિકલ્પ શુદ્ધપરિણતિ પ્રગટ કરી છે એવી ભૂમિકામાં અશુભ-પરિણામના ત્યાગરૂપ મનોગુપ્તિ શુભભાવવાળી હોય છે. અશુભનો ત્યાગ છે, શુભનો હજી ભાવ છે. છે એટલો આસ્રવ. સમજાણું કાંઈ?

**વ્યવહારનયના અભિપ્રાયથી મનોગુપ્તિ છે.** એમ કહ્યું છેને અહીં. અશુભનો ત્યાગ એને શુભવિકલ્પ છે એ વ્યવહાર મનોગુપ્તિ કહેવામાં આવે છે, પણ વસ્તુ અંદર નિશ્ચય છે, વીતરાગ

શુદ્ધપરિણતિ નિશ્ચય અવલંબે પ્રગટી છે, એને આવા અશુભનો ત્યાગ (હોય) એને વ્યવહાર મનોગુપ્તિ કહેવામાં આવે છે. જેને સમ્યક્ આત્માનુભવ, આત્મદૃષ્ટિ, આત્માનું અવલંબન પ્રગટીને વીતરાગતા છે જ નહીં, એને તો વ્યવહાર મનોગુપ્તિ પણ હોઈ શકે નહીં. આહાહા! શરતું ભારે! .... ન થઈ જાય એવી છે. વસ્તુ એવી છેને. એક તો આહારસંજ્ઞારૂપી અશુભપરિણામનો ત્યાગ એમ કહ્યું એટલે સંજ્ઞાને અશુભ પરિણામ જ કીધા. આહાર લેવો એ અશુભપરિણામ એમ નહીં, સમજાય છે કાંઈ?

તીર્થંકર પણ જ્યારે છદ્મસ્થ હોય, આહાર લ્યે છદ્મસ્થ. કેવળ થયું નથી, છદ્મસ્થ છે. આહાર લે. કવલાહાર લે છે. છદ્મસ્થ છેને. કેવળીને નથી. પણ તીર્થંકર છદ્મસ્થ-જ્યારે છટ્ઠે-સાતમે ગુણસ્થાને હોય, છટ્ઠે વિકલ્પ ઉઠે ને આહાર લ્યે છે, આહાર લેવાનો ભાવ જે છે એ તો શુભ પુણ્યાસ્રવ છે. એમાં ગૃદ્ધિનો ત્યાગ છે એ અશુભપરિણામનો ત્યાગ છે. આહાહા! એવી વાત છે. અહીં તો ભગવાનનો માર્ગ છે. એકેકનો જવાબ દીધો છે. સ્પષ્ટ એનું સ્વરૂપ છે એવું એણે જાણવું જોઈએ. સંજ્ઞા એટલે ગૃદ્ધિ. વિકારનો ભાવ થયો ગૃદ્ધિ ત્યાં થઈ. આહાર પ્રત્યે ગૃદ્ધિ. ઓલી ત્રણ તો ગૃદ્ધિ છે જ. ભય, મૈથુન ને પરિગ્રહ તો ગૃદ્ધિ જ છે, અશુભભાવ જ છે. આહારસંજ્ઞા છે એ અશુભભાવ છે. આહાર લેવાની વૃત્તિ છે એ આહારસંજ્ઞા નહીં. કારણ કે અહીં આહાર લેવાનો ભાવ તો છે. સંજ્ઞાનો ત્યાગ છે, અશુભનો ત્યાગ છે. જુઓ! ભાવ તો જુઓ. આહાહા!

એ ચર્ચા ઉઠી મોટી. જો મુનિ આહાર લે એ બધી સંજ્ઞા-આહારસંજ્ઞા છે. ખોટી વાત છે. એમ નથી. આહારસંજ્ઞા છે એ અશુભભાવ છે. આહાર લેવાની વૃત્તિ છે એ તો સંયમના હેતુએ શુભભાવ છે. છે પુણ્યાસ્રવ, આત્માનું સ્વરૂપ નહીં, સંવર-નિર્જરા નહીં. આહાર લેવાની વૃત્તિ એ તો શુભાસ્રવ છે. આહાહા! છટ્ઠા ગુણસ્થાન મુનિને પણ હોં, તીર્થંકરને પણ, ગણધરને પણ.

શ્રોતા : ભયમાં કેવી રીતે લાગુ થાય?

પૂજ્ય ગુરુદેવશ્રી : ભય તો છે જ નહીં. એનો તો ત્યાગ છે. આહાર.. આહારની સંજ્ઞાનો ત્યાગ છે. પણ ભય પોતે જ અશુભ છે. એનો ત્યાગ જ છે. એ પોતે જ અશુભ છે. ભય, મૈથુન, પરિગ્રહ એ (ચારેય) અશુભ છે. કહો સમજાણું કાંઈ? આ ચારેય અશુભ છે. ચારેય અશુભ છેને. એમાં આહારસંજ્ઞાદિનો અશુભભાવ છોડે છે. આહાર છોડે, આહાર લેવાનો એમ નહીં. ... ચારેય અશુભ છે તે અશુભ છોડે છે. અશુભ છોડે છે, એમાં શુભ હોતો નથી. શુભ તો આહાર લેવાનો ભાવ એ શુભ છે. ચારેયમાં અશુભ... છે.

શ્રોતા : આહાર લેવાનો ભાવ....

પૂજ્ય ગુરુદેવશ્રી : એ જુદી વસ્તુ છે. એ ગૃદ્ધિ નથી, એ છે પુણ્યાસ્રવ.

શ્રોતા : આહાર લેવાનો ભાવ છોડે... ગૃદ્ધિ છોડે, પણ ભય તો....

પૂજ્ય ગુરૂદેવશ્રી : ભય તો અશુભ જ છે. આ તો ચારેયને અશુભ કીધુંને, ચારેય અશુભ. આહારસંજ્ઞા અશુભ, ભયસંજ્ઞા અશુભ, મૈથુનસંજ્ઞા અશુભ. આહારસંજ્ઞા એટલે આહાર લેવાનો ભાવ એમ નહીં, એમ એટલું સ્પષ્ટ કરવું છે. સંજ્ઞા જે અશુભભાવ છે એવા ચારેયને છોડે છે. ભયમાં બીજો કોઈ શુભભાવ છે જ નહીં. સંજ્ઞામાં, એ પણ સંજ્ઞામાં બીજો ભાવ છે જ નહીં. એ જુદો જ છે, આહાર લેવાની વૃત્તિ એ જુદી ચીજ છે. જરી લાંબી વાત છે. એની ગૃદ્ધિ, ચારેયમાં અશુભભાવ છે એનો ત્યાગ છે. એથી કાંઈ ભયમાં શુભભાવ હોય એ પ્રશ્ન છે જ નહીં. ફક્ત આહાર લેવાની ગૃદ્ધિ–આહારસંજ્ઞા અશુભભાવ એનો ત્યાગ. આમાં પાપાસ્રવનો ત્યાગ. ચારેય પાપાસ્રવ પરિણામ છે. પુણ્યાસ્રવનો ત્યાગ નથી કેમ કે મનોગુપ્તિ વ્યવહાર છે.

નિશ્ચયના અનુભવની સમ્યગ્દર્શન સહિત નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ સહિત એને અશુભનો ત્યાગ ને એને શુભભાવ હોય એને વ્યવહાર મનોગુપ્તિ કહે છે. આમાં તો ચોખ્ખી વાત છે. એય! વ્યવહાર ક્યાં લખ્યું છે? વિકલ્પ છે. અહીં તો ખૂબી શું છે? કે અશુભપરિણામ પ્રત્યયો એમ કહ્યા, તો એમાંથી કાઢ્યું કે શુભપરિણામપ્રત્યયો પણ આસ્રવ છે. પરિહાર અહીં નથી એને. બસ આસ્રવ છે. અહીંયા એમ સમજાવવું નથી કે અશુભ ને શુભ બેય આસ્રવ છે એનો ત્યાગ છે. ફક્ત ‘અશુભપરિણામપ્રત્યય’ શબ્દ આવ્યો એટલે અર્થ કર્યો કે શુભપરિણામ પણ આસ્રવ છે. આહાહા! આસ્રવ. પ્રત્યય એટલે આસ્રવ. આસ્રવ શબ્દ શાસ્ત્રમાં આવે છે. પ્રત્યય આસ્રવ નહીં, પ્રત્યય શબ્દ જ આવે છે.

જુઓને! લખ્યુંને. **પ્રત્યય–આસ્રવો અથવા કારણો. (સંસારના કારણોથી આત્માનું ગોપન–રક્ષણ કરવું તે ગુપ્તિ છે. ભાવપાપાસ્રવો તેમજ ભાવપુણ્યાસ્રવો સંસારના કારણ છે**). એટલી વ્યાખ્યા સમજાવી. ભાવપુણ્યાસ્રનું ગોપન અહીં વ્યવહાર વૃત્તિમાં એમ નથી. એ તો વસ્તુને સમજાવી છે. સમજાણું કાંઈ?

શ્રોતા : એટલે સમજવું જ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : જ્ઞાનસ્વરૂપ છે એને સમજવું જ આવે. એમાં બીજું આવે શું? આવો ભાવ હોય એને જાણે, અશુભભાવનો ત્યાગ છે એને જાણે, શુભરાગ એ બંધનું કારણ છે એમ જાણે અને નિર્વિકલ્પધારા વર્તે છે એ જ્ઞાનધારા મોક્ષનું કારણ છે એમ જાણે. આ કર્મધારા છે. આહાર લેવાની વૃત્તિ અશુભ નથી, પણ છે રાગધારા. આહાહા!

તીર્થંકર પણ છદ્મસ્થ હોય તો એને આહાર લેવાની વૃત્તિ હોય છે. તેથી અશુભ છે એમ નથી. આમ તો મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવ્યું છેને કે અશુભનો તો ત્યાગ જ છે. અશુભ તો એને હોય જ નહીં. મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે. ધર્મના લોભી જીવ કોઈ આવે ને શુભરાગ આવે તો એને ઉપદેશ કરે. એ શુભરાગ છે, ઉપદેશ દેવાનો વિકલ્પ છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે.

એને અશુભ તો હોય જ નહીં એમ કહ્યું છે. પણ શુભભાવ એને, ધર્મના લોભી જીવ—ધર્મ સમજવાના કામી હોય તો એને શુભરાગ આવે છે, પોતાના કારણે હોં. તો એને સમજાવે છે. બીજા જીવને પણ વિકલ્પ શુભરાગ છે, પુણ્યાસ્રવ છે. આહાહા! **વ્યવહારનયના અભિપ્રાયથી મનોગુપ્તિ છે**. શું? આ અશુભપરિણામ પાપાસ્રવો ત્યાગ તે. ઓલું નીચે તો સમજાવ્યું. એટલે ભાવપુણ્યાસ્રવનો ત્યાગ તે વ્યવહારનયના અભિપ્રાયથી (મનો)ગુપ્તિ એમ નહીં. સમજાણું કાંઈ?

**[હવે ૬૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]**

**गुप्तिर्भविष्यति सदा परमागमार्थ-**
**चिंतासनाथमनसो विजितेन्द्रियस्य ।**
**बाह्यान्तरङ्गपरिषङ्गविवर्जितस्य**
**श्रीमज्जिनेन्द्रचरणस्मरणान्वितस्य ॥९१॥**

**શ્લોકાર્થ : જેનું મન પરમાગમના અર્થોના ચિંતનયુક્ત છે...** વિકલ્પ છેને. ઓલો અશુભનો ત્યાગ છે. **જે વિજિતેંદ્રિય છે (અર્થાત્ જેણે ઇન્દ્રિયોને વિશેષપણે જીતી છે)...** હવે પાછું **જે બાહ્ય તેમ જ અભ્યંતર સંગ રહિત છે...** અંદરમાં રાગનો પણ સંગ નહીં, ..નો પણ સંગ નહીં. બાહ્યમાં વસ્ત્ર-પાત્રાદિનો સંગ નહીં, અભ્યંતરમાં રાગનો સંગ નહીં. **બાહ્ય તેમ જ અભ્યંતર સંગ રહિત છે અને જે શ્રીજિનેંદ્રચરણના સ્મરણથી સંયુક્ત છે...** તદ્દન વીતરાગભાવના સ્મરણમાં છે એ નિશ્ચયગુપ્તિ છે અને જે સ્મરણ, સ્વરૂપનું ભાન સહિતની સ્થિરતા એમાં જિનેન્દ્રના સ્મરણનો વિકલ્પ છે એ વ્યવહાર મનોગુપ્તિ છે. અશુભભાવથી છૂટ્યો. શુભ ને અશુભ બેયથી છૂટીને જિનેન્દ્ર ચરણ એટલે વીતરાગપરિણતિમાં પરિણમી રહ્યો છે એ પરમાર્થ છે, નિશ્ચયગુપ્તિ છે, એ મોક્ષનું કારણ છે.

આમાં તો 'અશુભપરિણામપ્રત્યયો' શબ્દ લીધો, ભેગો ખુલાસો કર્યો કે શુભપરિણામ પણ આસ્રવ છે, બંધનું જ કારણ છે. એમ સ્પષ્ટ કર્યું એમાં. એટલે અહીંયા અશુભપરિણામનો ત્યાગ તે (નિશ્ચય) મનોગુપ્તિ છે એમ ન લીધું. અશુભપરિણામનો ત્યાગ તે વ્યવહાર મનોગુપ્તિ છે. નિશ્ચયમાં બેયનો ત્યાગ તે મનોગુપ્તિ છે. એ કહેશે, આગળ કહેશે. નિશ્ચય મનોગુપ્તિ, વચનગુપ્તિ ત્રણેય નિશ્ચય લેશે. આહાહા! એકેક વાત જેવી છે તેમ એણે જાણવી જોઈશે. એમાં ગરબડ કાંઈ કરે તો ચાલશે નહીં. જેટલી અંતર નિર્વિકલ્પદશા વીતરાગભાવની પ્રગટી છે તે જ સાચી ગુપ્તિ અને તે જ મોક્ષનું કારણ છે. પણ એ ભૂમિકામાં અશુભનો ત્યાગ ને શુભનો વિકલ્પ હોય છે એ આસ્રવ છે, એ વ્યવહારસમિતિ અને વ્યવહારગુપ્તિ એને કહેવામાં આવે છે. અશુભથી ગોપવું છેને. શુભથી નહીં, એમ. અશુભથી ગોપવું એટલે વ્યવહાર મનોગુપ્તિ થઈ, પણ આવી વીતરાગીદશા હોય એને. આહાહા!

અંતર આશ્રયે ચૈતન્યનો અનુભવ બિલકુલ નથી અને એકલી મનોગુપ્તિ–અશુભનો ત્યાગ છે એ વ્યવહારે (પણ) મનોગુપ્તિ કહેવામાં આવતી નથી. ભારે વાતું ભાઈ! વીતરાગમાર્ગ ભાઈ! આ તો. એકલું વીતરાગ સ્વરૂપ જ આત્માનું છે. એને ...માં જાવું એ તો કોઈ અલૌકિકદશા છે. એ અલૌકિક આશ્રય છે. દશાને પલટાવવા દિશા પલટાવવી. દશા સમ્યક્ થાય એની દિશા પલટાવવી એટલે પર્યાય, રાગ ને નિમિત્તની બુદ્ધિ પલટાવી અને જ્ઞાયક ત્રિકાળની બુદ્ધિ કરવી, એ દશા પલટાવવાની દિશા ફેર થઈ. સમજાણું કાંઈ?

સમકિતદૃષ્ટિની દિશા ફરી જાય છે અને દિશા ફરતાં દશા ફરી જાય છે. ધર્મીની દૃષ્ટિ પર્યાય, નિમિત્ત, રાગ ઉપર હોતી નથી. એની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ત્રિકાળ ઉપર હોય છે. એટલે દિશા ફરતાં, આમ ફર્યો, દશા ફરી ગઈ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ થયા. ... થયા. કહો, સમજાણું? એ મનગુપ્તિની વ્યાખ્યા થઈ. હવે વચનગુપ્તિ. આ બધા વ્યવહારચારિત્રના ભેદો છે. નિશ્ચયચારિત્ર જે હોય છે એની ભૂમિકામાં આવો ભાવ હોય એને વ્યવહાચારિત્ર કહે છે.

શ્રોતા : આવા ભેદ નિશ્ચયચારિત્રમાં હોય જ નહીં?

પૂજ્ય ગુરૂદેવશ્રી : હોય. નિશ્ચય ચારિત્ર હોય એને જ આવું હોય એમ કહે છે. જેને નિશ્ચયચારિત્ર નથી એને તો વ્યવહાર મનોગુપ્તિ કે વ્યવહાર વચનગુપ્તિ હોઈ શકે જ નહીં. નિશ્ચય વિના વ્યવહાર કેવો? ઝીણી વાત છે બાપા! વીતરાગમાર્ગને જાણવો અલૌકિક વાત છે. એકલી વ્યવહારની વ્યાખ્યા કરી, માટે અંતર અનુભવ ને વીતરાગદશા નથી એને પણ વ્યવહાર-મનોગુપ્તિ હોય એમ નથી. એ તો અજ્ઞાની અનાદિનો છે. એને વ્યવહાર કેવો? નવમી ગ્રૈવેયકે ગયો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો..' એ તો વ્યવહારેય નહીં એને. વસ્તુ નથીને. વસ્તુ નથીને. આહાહા! એવી વાત છે.

શ્રોતા : અપહૃતમાં ખુલાસો......

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, છેને. એ તો પહેલા આવી ગયો. પહેલા ખુલાસો આવી ગયો છે, બે-ત્રણવાર આવી ગયો છે. અહીં બે-ત્રણ વાર આવી ગયા છે. શું? આવી ગયો છે, એ નવું નથી કાંઈ. બે-ત્રણવાર હેઠે આવી ગયો છે. ઘણે ઠેકાણે આવી ગયો છે. ત્યારે વાંધો ઉઠાવ્યો છેને એ લોકોએ. આ બધું છોડ દિયા. સબ છોડ દિયા એમ કહે છે. વ્યવહાર આખો આવ્યોને પહેલો જુઓને! અપહૃતસંયમ એમાં બધું આવ્યું. નિશ્ચય છે એને વ્યવહાર છે. વ્યવહાર આવી ગયો. 'મુનિત્વોચિત' પહેલા આવી ગયું. બે-ત્રણ વખત આવી ગયું. આવી ગયું છે બે ઠેકાણે. ૧૧૭. આવી ગયું એ જ આવ્યું. ૧૧૭. એ જ શબ્દો છે જુઓને!

**મુનિને મુનિત્વોચિત નિરપેક્ષ પરિણતિ સાથે વર્તતો...** (ગાથા ૬૦ની ફૂટ નોટ). એ આવી ગયું છે. એ જ શબ્દ છે. આમાં પણ એમ છે. એ જ કહે છે. **પરમસંયમી મુનિને (અર્થાત્ મુનિયોગ્ય શુદ્ધપરિણતિવાળા મુનિને) શુદ્ધ પરિણતિની સાથે વર્તતો જે (હઠ વગરનો)**

**ઈર્યાસંબંધી શુભ ઉપયોગ એ વ્યવહાર ઈર્યાસમિતિ છે**. (ગાથા ૬૧ની ફૂટ નોટ). એ આવી ગયું છે, આ તો વધારે ખુલાસો કર્યો. ગુપ્તિ છેને. ઓલામાં એમ આવ્યું.

જુઓને! **શુભોપયોગરૂપ વ્યવહારવ્રત શુદ્ધોપયોગનો હેતુ છે અને શુદ્ધોપયોગ મોક્ષનો હેતુ છે એમ ગણીને અહીં ઉપચારથી વ્યવહારવ્રતને મોક્ષનો પરંપરાહેતુ કહેલ છે. ખરેખર તો શુભોપયોગી મુનિને મુનિયોગ્ય શુદ્ધપરિણતિ જ વિશેષ શુદ્ધિરૂપ શુદ્ધોપયોગનો હેતુ થાય છે**... (ગાથા ૬૦ની ફૂટ બીજી નોટ). એ આવી ગયું છે આપણે. શુદ્ધોપયોગ મોક્ષનો હેતુ થાય. **આ રીતે શુદ્ધપરિણતિમાં રહેલા મોક્ષના પરંપરાહેતુપણાનો આરોપ**... છઠ્ઠે ગુણસ્થાને શુદ્ધપરિણતિ જે છે એ સાતમા ગુણસ્થાનનું કારણ છે, પણ તેના શુભોપયોગને આરોપથી વ્યવહાર કહીને કારણ કહેવામાં આવે છે. આહાહા! આટલુ બધું કોણ યાદ રાખે? ફરીને.

છઠ્ઠે ગુણસ્થાને શુદ્ધપરિણતિ ત્રણ કષાયના અભાવની છે, એ શુદ્ધપરિણતિ સાતમા ગુણસ્થાનના શુદ્ધોપયોગનું કારણ છે. શુદ્ધપરિણતિ વધી ગઈ ત્યાં સાતમે, એનું કારણ ઓલી છઠ્ઠાની શુદ્ધપરિણતિ છે. એ શુદ્ધપરિણતિ શુદ્ધોપયોગનું કારણ છે એ યથાર્થ છે, પણ જોડે શુભોપયોગ છે એને આરોપથી, આ શુદ્ધપરિણતિને એનું કારણ કહ્યું હતું એને ઠેકાણે શુભપરિણતિ.. શુભપરિણતિ વ્યવહારે કારણ કહીને એને શુદ્ધોપયોગનું કારણ શુભોપયોગ એમ કહ્યું છે. ખરું તો શુદ્ધોપયોગનું કારણ ઓલી શુદ્ધપરિણતિ છે. આહાહા! આ બધું ક્યાં... સમજાણું કાંઈ?

એ વખતે તો વધારે કહ્યું હતું. ખરેખર તો એ શુદ્ધપરિણતિ જે નિર્મળ વીતરાગદશા છઠ્ઠે ગુણસ્થાને છે એ જ સાતમાના શુદ્ધોપયોગનું કારણ છે. એમાં પણ વિશેષે શુદ્ધપરિણતિ કારણ કહેવું એ વ્યવહાર છે. સાતમામાં શુદ્ધોપયોગ જે પ્રગટે એનું ખરેખર કારણ તો દ્રવ્યનો આશ્રય છે. આહાહા! આવું ક્યાં પણ... ત્રિકાળી દ્રવ્યનો ઉગ્ર આશ્રય લે છે એને શુદ્ધોપયોગ થાય છે. એ શુદ્ધપરિણતિ જે પહેલી છે એને (કારણ) કહેવું, પર્યાયને પર્યાયનું કારણ કહેવું એ વ્યવહાર છે. આહાહા! કારણકે પર્યાયનો તો અભાવ થઈ જાય છે. પણ જે શુદ્ધોપયોગદશા નિર્વિકલ્પ સાતમે પ્રગટે છે એનું કારણ શુદ્ધપરિણતિને ગણીને, એનો આરોપ વ્યવહાર શુભમાં નાખીને એને કારણ કહેવામાં આવે છે. ખરેખર કારણ તો શુદ્ધદ્રવ્ય છે.

કારણપરમાત્મા એનો ઉગ્ર આશ્રય લીધો ત્યારે શુદ્ધોપયોગ થયો. આહા! એવી વાત છે. મોક્ષનો માર્ગ જે સાચો છે નિશ્ચય, એને મોક્ષનું કારણ કહેવું એ પણ વ્યવહાર છે. કેમકે નિશ્ચય મોક્ષમાર્ગ જે છે એનો તો અભાવ થઈ જાય છે અને નિશ્ચય મોક્ષદશા પ્રગટ થાય છે. એ નિશ્ચય મોક્ષદશાનું કારણ તો ખરેખર તો દ્રવ્ય છે, ત્રિકાળી કારણપરમાત્મા કારણ છે. પણ રાગને જ્યારે વ્યવહાર કહીએ ત્યારે શુદ્ધ-પરિણતિને નિશ્ચય કહેવાય. શુદ્ધ પરિણતિને જ્યારે વ્યવહાર કહીએ ત્યારે ત્રિકાળી દ્રવ્યને નિશ્ચય કહીએ. આહાહા! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ?

પોતાની રાગાદિ પરિણતિ સ્વની છે એમ જ્યારે નિશ્ચય કહીએ, ત્યારે નિમિત્તને વ્યવહાર કહીએ. અને શુભપરિણતિને જ્યારે વ્યવહાર કહીએ ત્યારે શુદ્ધપરિણતિને નિશ્ચય કહીએ. પણ જ્યારે શુદ્ધપરિણતિને વ્યવહાર કહીએ ત્યારે દ્રવ્યને નિશ્ચય કહીએ. આવું છે. આહાહા! વીતરાગનો માર્ગ બાપા! આકરો છે. આ કાંઈ આલીદુઆલીનો માર્ગ નથી. આહાહા! કેવળજ્ઞાનથી કસાયેલો, સિદ્ધ થઈને આવેલો એ માર્ગ તો અલૌકિક છે. સમજાણું કાંઈ? આ નિયમસારમાં તો એમ જ કહ્યું છે કે મોક્ષનું કારણ દ્રવ્ય-કારણપરમાત્મા છે. ત્રિકાળી કારણશક્તિ જે પડી છે પૂર્ણ.. ભગવાન કારણજીવ કહો, કારણપરમાત્મા કહો. આહાહા! એ આવી ગયું આગળ ઉપયોગમાં.

એ મોક્ષપર્યાયનું કારણ તો એ કારણપરમાત્મા છે. કાર્યજીવ એટલે? મોક્ષપર્યાય એ કાર્યજીવ. એનું કારણ ખરેખર તો કારણજીવ એટલે ત્રિકાળીદ્રવ્ય કારણ છે તે. પણ જ્યારે વ્યવહારથી વાત લેવી હોય ત્યારે શુદ્ધપરિણતિને નિશ્ચય કહીએ, રાગને વ્યવહાર કહીએ. રાગ જ્યારે એનો છે એમ કહેવું હોય તો એને નિશ્ચય કહીએ, કર્મના નિમિત્તને વ્યવહાર કહીએ. આવે છેને પ્રવચનસારમાં. શુભરાગ નિશ્ચયથી આત્માનો છે એમ કહ્યું ત્યાં. ગાથા છેને ૧૮૯. આહાહા! એની પર્યાયમાં છેને શુભરાગ, એટલે સ્વનો આશ્રય છે માટે એને નિશ્ચય (કહ્યું). કર્મનું નિમિત્ત એને વ્યવહાર કહીએ. પણ જ્યારે એ શુભરાગને વ્યવહાર કહેવો હોય ત્યારે નિર્વિકલ્પ શુદ્ધપરિણતિ થઈ એને નિશ્ચય કહીએ અને શુભરાગને વ્યવહાર કહીએ. આહાહા! ઓલીપણે શુભરાગને નિશ્ચય કીધો હતો, સ્વનો છે એ અપેક્ષાએ. નિમિત્ત ઓલું કર્મ છે એને વ્યવહાર કહ્યો હતો. અહીંથી ભેદ પાડીને જ્યારે ભિન્ન અનુભવ થયો, ત્યારે રાગને વ્યવહાર કહીએ ને નિશ્ચય શુદ્ધપરિણતિને નિશ્ચય કહીએ. આહાહા! આવા ભેદ....

અને જ્યારે નિશ્ચયમોક્ષમાર્ગને વ્યવહાર કહીએ... એમ કહ્યું છેને. મોક્ષમાર્ગ સાધવો એ વ્યવહાર છે એમ કહ્યું પરમાર્થ વચનિકામાં. મોક્ષમાર્ગ નિર્વિકલ્પ હોં સમ્યગ્દર્શન-જ્ઞાન વીતરાગી દશા એ પણ વ્યવહાર છે, કેમકે પર્યાય છે. અને ત્રિકાળી દ્રવ્ય તે નિશ્ચય છે. આહાહા! વસ્તુસ્થિતિ આવી છે, વસ્તુની મર્યાદા જ આવી છે, એનું વર્ણન છે આ બધું. આ કાંઈ કલ્પિત નથી કહ્યું કે આમ હોય, આમ..... આહાહા! ભગવાન આત્મા... આ પ્રવચનસારમાં કહ્યું લ્યો કે શુભરાગ વિકારને નિશ્ચયનય કીધો. શુદ્ધનય કીધો લ્યો ભાઈ!

શ્રોતા : અને ...માં શુદ્ધતાને વ્યવહાર કહ્યો.

પૂજ્ય ગુરૂદેવશ્રી : વ્યવહાર કીધો. કઈ અપેક્ષા છે?

૯૪માં કહ્યું કે આત્મવ્યવહાર... રાગાદિ મનુષ્યનો વ્યવહાર છે. આત્મવ્યવહાર એને કહીએ, પ્રવચનસારની ૯૪મી ગાથા, શુદ્ધ સ્વરૂપ ત્રિકાળી આનંદકંદ પ્રભુ એને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા પ્રગટી એને આત્મવ્યવહાર કહીએ. રાગને નહીં. એય! કેટલું

આમાં યાદ રાખવું? યાદ રાખવું નથી, આ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે. માણસે તત્ત્વને શોધવા માટે મહેનત જ કરી નથી. તત્ત્વ કેવું છે, કેમ છે, ભગવાન કેમ કહે છે... એ તો વ્યવહાર આમ કીધું, નિશ્ચય આમ કીધું. આહાહા!

પરમાર્થ વચનિકામાં તો એમ કહ્યું જુઓ! મોક્ષમાર્ગ જે નિશ્ચય નિર્વિકલ્પ સાધવો એ વ્યવહાર જ છે, કારણકે પર્યાય એ વ્યવહાર છે. દ્રવ્ય નિશ્ચય છે. પોતામાં ને પોતામાં ભેદ પડ્યોને પર્યાયનો. તો પર્યાય તે વ્યવહાર છે, મોક્ષમાર્ગ પણ વ્યવહાર છે. અરે! સિદ્ધપર્યાય પણ વ્યવહાર છે. કારણ કે એ પર્યાય છે. ત્રિકાળી દ્રવ્ય તે નિશ્ચય છે. આહાહા! એ ત્રિકાળી દ્રવ્યને આશ્રયે જેટલી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણતિ પ્રગટી એને નિશ્ચય કહીએ, તો શુભવિકલ્પ ઉઠે એને વ્યવહાર કહીએ, પણ આવા જીવને. એકલો શુભવિકલ્પ હોય વ્યવહાર મનોગુપ્તિનો, એ વ્યવહારેય નથી. મિથ્યાદૃષ્ટિએ રાગમાં જ સર્વસ્વ માન્યું છે, ત્યાંથી ભિન્ન પડ્યો નથી તેને વ્યવહાર ક્યાંથી કહેવો? આહાહા! સમજાણું કાંઈ?

આ તો પરમાત્માની ત્રિલોકનાથ તીર્થંકરની પેઢી છે. એ પેઢીના વેપારે બેસવું આકરું કામ છે. અબજોપતિને ત્યાં પચ્ચીસના પગારવાળો મુનિમ થઈને બેસતો હશે? અબજોપતિ કોને કહેવું એની ખબરેય ન હોય. અબજમાં ગણતરી પાંચ વીસે સો થાય એમ માનતો હોય, પાંચ વીસે સો. ગામડાના માણસ એમ માને. કેટલા વીસે? પાંચ વીસું, આઠ વીસું. ઓહોહો.. હવે એને અબજ(ની ખબર ન મળે). વીતરાગ પરમાત્મા જેણે એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણ્યા–જોયા, એને વિકલ્પ ઉઠ્યો છદ્મસ્થ (અવસ્થા)માં. કેવળીને તો વિકલ્પ છે નહીં. મુનિઓને વિકલ્પ ઉઠ્યો કે આવો માર્ગ ભગવાન કહે છે. આહાહા! એ વિકલ્પ પણ પુણ્યાસ્રવ છે. સંવર-નિર્જરાનું કારણ નહીં. અહીં કપડાં... કપડાં તો મુનિને હોય જ નહીં. આહાહા!

એ તો ખાણિયાચર્ચામાં નહોતું આવ્યું? એક કાપડ લઈ આવ્યા કોટ કરવા, પણ કોટ થાય એ દરજીની મરજી ઉપર છે. વાત ખોટી છે બાપુ! બિલકુલ ખોટી વાત છે. એ કોટ થવાની પર્યાયના પૂર્વકાળમાં એનું ઉપાદાન હોય છે, એ પૂર્વની પર્યાય તે કારણ છે ને ઉત્તરપર્યાય કોટ થવું તે કાર્ય છે. દરજીથી થાય એ વાતમાં માલ કાંઈ નથી. સ્વતંત્ર પરમાણુ છેને. અનંત પરમાણુનો સ્કંધ છે કાપડ. એ સ્કંધની પર્યાય જ્યારે પૂર્વપર્યાયરૂપે પરિણમી હોય ત્યારે ઉત્તરપર્યાયપણે–કોટપણે થાય એ એની પૂર્વની પર્યાય કારણ છે. એ પર્યાય આવ્યા વિના કોટ થાય ને દરજીની મરજી નહોતી માટે કોટ થયો નથી—એ વાત બિલકુલ જૂઠ છે. આહાહા!

ઉત્પાદ-વ્યય ને ધ્રુવ. એ પરમાણુમાં કોટની ઉત્પત્તિપર્યાયનો ઉત્પાદકાળ હોય છે એ પહેલા એક એના કારણરૂપ પર્યાય–પૂર્વપર્યાય (હોય એ) ઉત્તરપર્યાયનું કારણ છે, એમ પાઠ છે. 'ઉત્તરી ભવના...' મહાપાઠ સિદ્ધાંત છે. પછીની પર્યાયનું કારણ પહેલાની પર્યાય છે. એ દરજી-બરજી નહીં, તેમ એના પહેલાની પર્યાય પણ કારણ નહીં. આહાહા! એનો સ્વકાળ પૂર્વપર્યાયનો

ન આવ્યો હોય અને ઉત્તરપર્યાયરૂપી કાર્ય થાય (એમ) ત્રણ કાળમાં બને નહીં. કોઈથી બને છે ને કોઈએ અટકાવ્યું માટે ન થયું—એમ છે જ નહીં વસ્તુમાં. દરજીની મરજી એની પાસે. મરજીની પર્યાય એની પાસે રહી. અહીં પર્યાયમાં ક્યાં કામ કરે એ? કોણ સીવે છે? એ જ વાત છેને. (સીવવાનો) રાગ કરે છે. રાગથી ઓલી વસ્તુ આમ-આમ થાય છે? પરમાણુની ક્રિયાવર્તીશક્તિથી વસ્ત્ર વણાય છે–થાય છે. બહુ કામ ઝીણું બાપા!

અનંત દ્રવ્યને અનંતપણે રાખીને વાત થવી જોઈએ. એક દ્રવ્યને બીજું કરે તો દ્રવ્ય અનંત ન રહ્યા. દરજીનું દ્રવ્ય જુદું, એના શરીરનું દ્રવ્ય જુદું, કાપડનું દ્રવ્ય જુદું, એમાં એક-એક પરમાણુ ભિન્ન-ભિન્ન છે. એ કાપડના સ્કંધમાં રહેલો એક-એક પરમાણુ સ્વતંત્ર પોતાના સ્વચતુષ્ટયમાં રહેલો છે. આહાહા! એ વસ્તુની નિશ્ચય સ્થિતિ જ એવી છે. ત્યારે નિમિત્તથી કથન એવું કરવામાં આવે છે કે આ દરજીએ સીવ્યું. અસદ્ભૂતવ્યવહારનયનું કથન છે.

શ્રોતા : તો પછી સારો દરજી કેમ ગોતે છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : કોણ ગોતે? એ આવે છેને, બધું આવે છે. છેને બધી ખબર છે. જો કુંભારથી થાતું નથી તો સારો ઘડો કરવો હોય તો સારો કુંભાર કેમ ગોતે છે? ધૂળેય થાય નહીં, સાંભળને!

૩૭૨ ગાથામાં કહ્યું છે સમયસારમાં. કુંભાર ઘડાનો કર્તા બિલકુલ નથી. ઘડાની પર્યાયના ઉત્પાદનો કરનાર એ સ્કંધ–પરમાણુ છે. ઉત્પાદ ન્યાંથી પડ્યો છે. આનાથી ઉત્પાદ થયો નથી અને એક ઉત્પાદના બે કારણ હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? આ તો વાતું બાપા!

શ્રોતા : કુંભાર હાથ ન લગાડે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : હાથ લગાડતો જ નથી. રાગ એ વિકલ્પ છે. હાથ તો એને કારણે આમ-આમ થાય. અને તે ઓલાને અડે છે ક્યાં? દરેક દ્રવ્ય પોતાના અનંત ગુણને–ધર્મને સ્પર્શે છે, પણ પરદ્રવ્યને તો અડતું નથી. ત્રીજી ગાથા સમયસારની. સમયસાર, ત્રીજી ગાથા. દરેક દ્રવ્ય પોતાના અનંત ગુણધર્મ–ગુણ રૂપી ધર્મ એને પરસ્પર ચુંબે છે—આલિંગન કરે છે, પણ બીજા દ્રવ્યને આલિંગન કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. અડતું નથી એક દ્રવ્ય બીજા દ્રવ્યને, એમ કહે છે. સમયસાર. આ તો નિયમસાર છે. સમજાણું કાંઈ?

બાપુ! તત્ત્વજ્ઞાનની વસ્તુ એવી ઝીણી છે વીતરાગની. ક્યાંય બીજામાં મેળ ખાય એવું નથી. વાડા સાથે મેળ ખાય એવું નથી તો અન્યમાં તો છે જ ક્યાં આ વાત? સમન્વય કરો,

શ્રોતા : અન્યમાં તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ જ ક્યાં છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધૂળેય નથી. એ વળી અમારે દામોદર શેઠ એકવાર કહેતા, ઉત્પાદ-વ્યય તો બ્રાહ્મણમાં હોય. વેદમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ક્યાંથી હોય? એ તો બે આત્મા જ માનતા

નથી. અનંતને તો માને નહીં, બે નહીં–દ્વૈત નહીં, એક જ છે સર્વવ્યાપક એમ કહે છે. તદ્દન જૂઠી, તદ્દન ગૃહીત મિથ્યાત્વના લક્ષણ છે એ બધા. આહાહા!

અહીં તો ફક્ત એટલું આવ્યું કે જે પરમાગમના ચિંતનયુક્ત છે... જોયું! ભગવાને કહ્યું એના ભાવનો સમજનાર, ધારનાર છે એમ કહે છે. અને જે વિજિતેન્દ્રિય છે (અર્થાત્) ઇન્દ્રિયોને જીતી છે. વિજિતેન્દ્રિય... **બાહ્ય તેમજ અભ્યંતર સંગ રહિત છે**... આ નિશ્ચયથી વાત છે. ઓલી વ્યવહારની વાત છે, એમાંથી નિશ્ચય કાઢ્યું. આહાહા! અશુભમનથી પાછું વળવું એ પણ જેને નથી. શુભરાગ જ નથી એને. આહાહા! એવા મુનિને સાચી સમિતિ.. **શ્રીજિનેન્દ્રચરણના સ્મરણથી સંયુક્ત છે, તેને સદા ગુપ્તિ હોય છે**. ૬૭ ગાથા. બસ આવી ગયું. કળશ આવી ગયો. ૬૭ ગાથા.

**थीराजचोरभत्तकहादिवयणस्स पावहेउस्स।**
**परिहारो वयगुत्ती अलियादिणियत्तिवयणं वा॥६७॥**
**સ્રી-રાજ-ભોજન-ચોરકથની હેતુ છે જે પાપની**
**તસુ ત્યાગ, વા અલીકાદિનો જે ત્યાગ, ગુપ્તિ વચનની. ૬૭.**

આ વ્યવહાર વચનગુપ્તિ છે. નિશ્ચય આવશે આગળ. **ટીકા : અહીં વચનગુપ્તિનું સ્વરૂપ કહ્યું છે. જેમને કામ અતિ વૃદ્ધિ પામ્યો હોય...** કામ અતિ વૃદ્ધિ પામ્યો હોય **એવા કામી જનો વડે કરવામાં આવતી અને સાંભળવામાં આવતી એવી જે સ્રીઓની સંયોગવિયોગજનિત વિવિધ વચનરચના (-સ્રીઓ સંબંધી વાત) તે જ સ્રીકથા છે...** આહાહા! કામની વાસના જેને અતિ વૃદ્ધિ પામી છે એવા કામીજનો વડે કહેવામાં આવતી અને સાંભળવામાં આવતી... સ્રીઓનો સંયોગ-વિયોગ... સ્રીનો સંબંધ થાય આમ ને વિયોગ થાય આમ—એવી વિવિધ વચનકથા એને સ્રીકથા કહે છે. એ સ્રીકથાનો ત્યાગ મુનિને હોય છે. એને વચનની વ્યવહાર ગુપ્તિ કહે છે. આવું હોય છે. આ તો મુનિની વાત છે. (ગૃહસ્થને) એકદેશ છે. ગૃહસ્થને એકદેશ છે, આને સર્વદેશ છે. સર્વવિરતી છેને.

**રાજાઓનું યુદ્ધહેતુક કથન (અર્થાત્ રાજાઓ વડે કરવામાં આવતાં યુદ્ધાદિકનું કથન) તે રાજકથાપ્રપંચ છે...** આને આમ માર્યા, આને આમ કર્યું, આમ કર્યું, બોમ્બ માર્યા, બોમ્બથી આમ થયું ને ઢીકણું આમ થયું, આહાહા! એ બધી રાગકથા છે, પાપકથા છે. **ચોરોનું ચોરપ્રયોગકથન...** ચોર પ્રયોગકથન... આમ ચોરી થાય, આમ તાળા ઉઘાડાય, આમ થાય ને આમ થાય. આહાહા! આમ ભરાવે તો આમ થાય... **તે ચોરકથાવિધાન છે (અર્થાત્ ચોરો વડે કરવામાં આવતા ચોરીના પ્રયોગોની વાત તે ચોરકથા છે)...** એ કથાનો અશુભભાવ છે એમ કહે છે. એ ભાવનો એને–મુનિને ત્યાગ હોય છે. એ તો સામાયિકમાં નથી આવતું? સ્રીકથા, ભક્તકથા, ....ત્યાગ એકદેશ હોં.

સમકિતી સામાયિકમાં હોય છે, પોતાના સ્વરૂપના આનંદમાં ઉપયોગમાં હોય છે ત્યારે આ ભાવ એને હોતો નથી. સમકિતીને શુદ્ધ ઉપયોગ હોય છે. અંદર આત્માના આનંદનું ભાન થયું છે સમ્યકમાં, પછી અંદર જ્યારે પ્રયોગ કરે છે એકાગ્રતાનો... સામાયિક એટલે સમતાભાવનો પ્રયોગ. અંતર વીતરાગભાવે અંદરમાં જોડાય છે ત્યારે શુદ્ધ ઉપયોગ થાય છે આહાહા! એ ચોથે ગુણસ્થાને શું પામે ત્યારની વાત છે. પછી પણ પાંચમે સામાયિક વખતમાં પણ શુદ્ધ ઉપયોગ હોય છે. એને પણ આ ચાર કથા પાપની હોતી નથી.

**અતિ વૃદ્ધિ પામેલી ભોજનની પ્રીતિ વડે મેંદાની પુરી ને ખાંડ, દહીં-ખાંડ...** મેંદાની પૂરી થાય છેને આમ પોચી-પોચી. આમ વાત કરે ગૃદ્ધિથી કે આ સારી પૂરી છે, આવી છે. ધૂળ છે હવે, સાંભળને! **મેંદાની પૂરી ને ખાંડ...** ઓલા થાય છેને સાટા ગળ્યા. ગળ્યા સાટા. ઘીમાં સોંસરીને કરેને સાટા. પોરબંદરનું વળી બીજું કાંઈક. એને શું કહે છે? ઘેવર. આ ઘેવર ને વિશેષ.... ઘેવર આવડા-આવડા કરે. સાટા તો આપણે અહીંયા થાય છે. આપણા દેશમાં પણ થાય છે લગ્ન વખતે.

**મેંદાની પૂરી ને ખાંડ, દહીં ને ખાંડ, સાકર ઇત્યાદિ અનેક પ્રકારનાં અશન-પાનની પ્રશંસા...** ભારે! ભોજન આવા હતા. એ બધી વિકથાઓ છે. એય! મેંદાની પૂરી ને ખાંડ ને સાકર ને પતરવેલિયા ભજીયા ઘીમાં તળેલા પતરવેલિયા. આ વાતું કરે તો આહાહા... શું છે પણ આ? પાપકથા છે ભાઈ! આહારની પ્રશંસા છેને. પ્રીતિ વડે કરીને હોં. જાણપણું કરે એ જુદી વાત છે. તેથી 'પ્રીતિ વડે' (કહ્યું). મુનિઓ તો બધી વાતું કરે. આહાર આવો ને ફલાણો આવો. વાત કરે એમાં કાંઈ વિકથા નથી. એ તો જ્ઞાન એનું કરે છે. પણ પ્રીતિ વડે ગૃદ્ધિથી જે આ વાત કરે એને અહીંયા પાપકથા કહેવામાં આવે છે.

એ પ્રશ્ન ઉઠયો હતો ભાઈ! એક ફેરી ૮૮ની સાલમાં. એમ કે ઓલી વિકથા તમે કહો છો સ્ત્રીની વિકથા, પણ ભગવાને તો પ્રશ્નવ્યાકરણમાં સ્ત્રીના અંગો-ઉપાંગોની બધી વાત કરી છે. એ કરી છે એ જાણવા માટે કે વસ્તુ શું છે. અને જે રાગની ગૃદ્ધિથી કરે એને વિકથા કહેવામાં આવે છે. પ્રશ્નવ્યાકરણમાં અધિકાર છે જુગલિયાનો. જુગલિયા હોય છેને જુગલિયા ઉત્તરકુરુ, દેવકુરુ. દરેક અવયવની વાત છે શાસ્ત્રમાં. શાસ્ત્રમાં કરેને. એ પ્રીતિથી કથા નથી, વિકથા નથી, એ તો વસ્તુનું સ્વરૂપ જાણવા માટેની વાત છે. પણ જે પ્રેમ ને ગૃદ્ધિથી વાત કરે છે એને વિકથા કીધી. આવે છેને. જિનસેનાચાર્ય.... એવી માંડી સ્ત્રીની કથા, વીર્ય છૂટી ગયા સાંભળનારના. વીર્ય છૂટી ગયા. ઓહો.. વાત કરવી એટલે શું થયું? અંદર રાગની ગૃદ્ધિ હોય એ વિકથા કહીએ. વસ્તુનું સ્વરૂપ જણાવે તો એટલું જણાવે, સૂક્ષ્મપણે જણાવે. આહાહા! વાતમાં ફેર છે.

કીધું, કથા-કથામાં ફેર છે. એક વસ્તુનું સ્વરૂપ આવું છે એમ જણાવવું અને એ વસ્તુના સ્વરૂપને ગૃદ્ધિના પ્રેમથી જણાવવું એને વિકથા કહીએ. ભારે વાતું. એક-એકમાં અમારે ચર્ચા

બહુ થયેલી. દરેક સાથે વાંધા ઉઠ્યા છે. એ ઓલું હતું, શું કહેવાય? આંબો... આંબાજી એ બહુ વિકથા કરતા. ચોપડીયું બનાવે.... મારું ચોમાસું ત્યાં ૮૭માં. પછી કહેવા આવ્યા, જુઓ! આને વિકથા તમે કહો છો, પણ આ ભગવાને આમ કહ્યું છે. પણ એ જુદી વાત છે બાપા! ભગવાને જે કહ્યું એ તો વસ્તુનું સ્વરૂપ છે. સ્ત્રી આવી હોય, એના અવયવ આ હોય, એનું અંગ—એનું વર્ણન એ તો એનું જ્ઞાન કરાવ્યું છે. અને તમે તો એના હરખમાં ગૃદ્ધિ કરીને દુનિયાને રાજી કરવા વિકથા કરો છો એ બધી પાપકથા છે. એમ બોલવું એ વિકથા નથી, એની અંદર ગૃદ્ધિનો ભાવ થવો એ વિકથા છે. આહાહા! પ્રશંસા.. છેને.

**આ બધી કથાઓનો પરિહાર તે વચનગુપ્તિ છે.** લ્યો. અથવા.... પાઠમાં છેને. **અસત્યની નિવૃત્તિ પણ વચનગુપ્તિ છે.** અસત્યની નિવૃત્તિ... ગમે તેવું .... કહે. આ તો નહીં, પણ એ સિવાય બીજા ગમે તેવા અસત્ય... **અથવા (અસત્ય ઉપરાંત) બીજાં અપ્રશસ્ત વચનોની નિવૃત્તિ તે જ વચનગુપ્તિ છે.** ધર્માત્માને અશુભનો ત્યાગ અને શુભમાં (વિકલ્પ) હોય છે એને વચનગુપ્તિ વ્યવહારે કહેવામાં આવે છે. નિશ્ચય જેને નિર્વિકલ્પદૃષ્ટિ અનુભવ ને ચારિત્રદશા નિર્વિકલ્પ હોય એના આવા અશુભનો ત્યાગ ને શુભભાવને વચનગુપ્તિ કહેવામાં આવે છે. અજ્ઞાનીને વચનગુપ્તિ હોતી નથી.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**જયેષ્ઠ વદ ૧૨, રવિવાર, તા. ૬-૮-૧૯૭૨**
**ગાથા-૭૩, પ્રવચન નં. ૬૨**

૭૩ ગાથા. આચાર્ય મહારાજ(ના સ્વરૂપ)નો અધિકાર છે. વ્યવહારચારિત્ર અધિકાર છેને. પાંચ પરમેષ્ઠી આત્માથી ભિન્ન છે, એની ભક્તિ એ વ્યવહાર છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું? ભિન્ન છે, પર છે.

શ્રોતા : કોનાથી ભિન્ન?

પૂજ્ય ગુરૂદેવશ્રી : આ આત્માથી. આત્માનો સત્કાર થાય છે, એની સ્વસન્મુખ થાય ત્યારે એનો સત્કાર થાય છે, ત્યારે એમાં પંચ પરમેષ્ઠી લક્ષમાં રહેતા નથી. અને એ અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એની શ્રદ્ધા ને એનું જ્ઞાન ક્યારે થાય? કંઈ પંચપરમેષ્ઠી કહે છે એની સામું જોઈને ન થાય, એમ કહે છે. વ્યવહારચારિત્ર અધિકાર છેને. પંચપરમેષ્ઠી સ્વદ્રવ્યની અપેક્ષાએ પર છે. એ ૫૦મી ગાથામાં તો આવી ગયું છે પહેલાં. એની પર્યાય પણ પર છે. કેમકે જેનો સ્વીકાર કરવો છે એ ચીજ તો ધ્રુવ છે. એની શ્રદ્ધા ક્યારે થઈ કહેવાય?

પરસન્મુખની કોઈપણ પર્યાય તરફથી પણ વિમુખ થઈને સ્વસન્મુખમાં એકાગ્ર થાય એટલે સ્વસન્મુખ થાય, એટલે આનંદસ્વરૂપ છે એવું એને પ્રતીતમાં (આવે), આખી ચીજ છે એ પ્રતીતમાં–સ્વસન્મુખની પર્યાયમાં પ્રતીતમાં આવે, ત્યારે એને આનંદ પણ પર્યાયમાં આવે છે. એવા સ્વસન્મુખની સ્વાશ્રયદશામાં, સ્વનું પૂર્ણ સ્વરૂપ છે એ છે તો છે, પણ એની સન્મુખ થયો ત્યારે એનો સ્વીકાર થયો કહેવાય. અહીં, પંચપરમેષ્ઠી પોતાના સ્વભાવથી ભિન્ન છે તેથી એની ભક્તિ આદિનો વિકલ્પ તે શુભરાગ છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? તેથી કહે છે... જુઓ! **पंचाचारसमग्गा...** એ પોતે આવા છે પણ તારા માટે પર છે, એમ કહેવું છે.

**पंचाचारसमग्गा पंचिंदियदंतिदप्पणिद्दलणा ।**
**धीरा गुणगंभीरा आयरिया एरिसा होंति ॥ ७३ ॥**

લ્યો, આ 'ણમો લોએ સવ્વ આઇરિયાણં'ની વ્યાખ્યા. પાંચ પદ છેને. 'ણમો આયરિયાણં.' એટલે 'ણમો લોએ સવ્વ આયરિયાણં.' આવા આચાર્ય હોય એણે પોતે પણ પોતાના સ્વભાવની સન્મુખ થઈને જ્ઞાન, દર્શન, ચારિત્રની પર્યાય પ્રગટ કરી છે. એવા જે હોય એને સ્વસન્મુખ થયેલો જ્ઞાની વંદનાદિ કરે છે, એને શુભરાગ વ્યવહારભાવ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એ પોતે પણ... કહે છે જુઓ!

**પરિપૂર્ણ પંચાચારમાં, વળી ધીર ગુણગંભીર છે,**
**પંચેંદ્રિગજના દર્પદલને દક્ષ શ્રી આચાર્ય છે. ૭૩.**

**ટીકા : અહીં આચાર્યનું સ્વરૂપ કહ્યું છે. (ભગવંત આચાર્યો કેવા હોય છે?)** જુઓ! અહીં ભગવંત લીધા. અત્યારે પણ ઘણા લખે 'આચાર્ય ભગવંતો' એમ બહુ લખે છે શ્વેતામ્બરમાં. પણ એ આચાર્ય ભગવંત કેવા હોય અને એને વંદન કરનાર કેવો હોય—એ બેય વ્યાખ્યા છે આમાં. સમજાણું કાંઈ? આહા! આચાર્યનું સ્વરૂપ. ભગવંત કેવા છે? **જ્ઞાન...** એ જ્ઞાન એટલે કે સ્વ ચૈતન્યપ્રભુ પૂર્ણ એની વર્તમાનપર્યાયે તેની સન્મુખ થઈને સ્વીકાર કર્યો, ત્યારે તેને જ્ઞાનાચાર કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? જ્ઞાનાચાર છેને પહેલું. એ પાછા એનાથી પરિપૂર્ણ છે, એમ. પોતાનો ભગવાન એક સમયમાં પૂર્ણ પ્રભુ પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ તે પૂર્ણ. એની સન્મુખ થાય ત્યારે એનો સ્વીકાર, સત્કાર અથવા અસ્તિ છે એવી ત્યારે એને કબૂલાત આવે છે. પન્નાલાલજી! આહા! ત્યારે તેને જ્ઞાનદશા કહેવામાં આવે છે.

એનું એ જ્ઞાન આચરણ, પોતાના જ્ઞાનનું આચરણ. સમજાણું કાંઈ? શાસ્ત્ર ભણવા આદિ વ્યવહાર વિકલ્પ આચરણ છે એ નહીં અહીંયા. એની દશા તો આવી છે, એમ કહે છે. જેને સમ્યગ્દર્શનથી સ્વસ્વભાવ ઉઘડી ગયો છે, ખજાનો અનંત આનંદ ને અનંત જ્ઞાન ખુલ ગયા હૈ. પેટી ખુલી છે. આહાહા! એમાં જ્ઞાનાચારના ...માં મુનિને તો ઘણી જ શાંતિ (હોય). એ સ્વને પકડીને જે જ્ઞાન થયું, એ નિશ્ચય જ્ઞાનાચારવાળો એને અહીંયા આચાર્ય કહેવામાં આવે છે. ભણતર કેટલું જોઈએ પ્રમાણ-નયનું એની વાત નથી. સમજાણું કાંઈ? જ્ઞાનાચાર, દર્શનાચાર... પરિપૂર્ણ છેને બધા... **पंचाचारसमग्गा...** મૂળ પાઠ છે. સમગ્ર. મુનિ છે આચાર્ય છેને. જ્ઞાનમાં પરિપૂર્ણ છે કહે છે લ્યો. ઓહોહો!

એ જ્ઞાનમાં પરિપૂર્ણતા એટલે શાસ્ત્રના ભણતરના નવ પૂર્વ, દસ પૂર્વ એની અહીં વાત નથી. પરિપૂર્ણ એવો ભગવાન આત્મા જે છે એને સ્વીકાર્યો છે અને તેની સન્મુખ થઈને એમાંથી જે જ્ઞાનદશા નિજજ્ઞાન આવ્યું, એને જ્ઞાનાચારમાં પરિપૂર્ણ કહેવામાં આવે છે. આહાહા! આવા આચાર્યો સમકિતીને વંદનયોગ્ય છે એમ અહીં સિદ્ધ કરવું છે. વ્યવહારચારિત્ર છેને. સમજાણું કાંઈ? વ્યવહાર એટલે? સમ્યગ્દષ્ટિ જીવ સ્વસન્મુખની પ્રતીત, જ્ઞાન ને રમણતાના ભાવમાં હોવા છતાં, અંદર સ્થિર ન હોય તો આવા પરમેષ્ઠી પ્રત્યેની ભક્તિ ને પૂજા પ્રગટ થાય. એ સામો જીવ વ્યવહારવાળો છે એમ અહીં સિદ્ધ નથી કરવું. આને માટે પર છે ભાઈ! આને માટે પર છે એટલે વ્યવહાર થઈ ગયો. એનો વ્યવહાર જે છે, એનો વિકલ્પ છે એ કોને વંદે છે?

કે જેનું જ્ઞાન પરિપૂર્ણ અંતર સન્મુખ થઈને પૂર્ણાનંદનો નાથ પ્રભુ એના સ્વભાવ સન્મુખમાં જેનો આદર થઈ ગયો છે, રાગ ને નિમિત્ત ને અલ્પજ્ઞતાનો જ્યાં આદર નથી અંદરમાં. એવો પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપ એનું જે જ્ઞાન, એને અહીં પરિપૂર્ણ આચારજ્ઞાન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? ભગવાન પરિપૂર્ણ આત્મા જ્ઞાનથી પૂર્ણ, દર્શનથી પૂર્ણ, આનંદથી પૂર્ણ, અનંત શક્તિએત્યથી પૂર્ણ. ઓહો! અનંતધર્મસ્વરૂપ છેને. એક શક્તિ આવી છે ૪૭માં.

અનંતધર્મસ્વરૂપ. અસંખ્યપ્રદેશી ક્ષેત્રમાં હોવા છતાં ગુણમાં એ અનંત છે. ભગવાન આત્મા અસંખ્યપ્રદેશી એવા ક્ષેત્ર (પ્રમાણે) તો બહુ પરિમિત ક્ષેત્ર છે અસંખ્ય(પ્રદેશ), પણ એનો ભાવ જે અંદર છે જ્ઞાન-દર્શનાદિ એ અનંત છે, અનંત છે. તેથી એનામાં એક અનંતધર્મત્વશક્તિ પણ ગણવામાં આવે છે. આહાહા! એ અનંતધર્મસ્વરૂપ છે. અનંતધર્મસ્વરૂપ એની પર્યાયમાં સ્વભાવનો આદર થતાં એમાં અનંત ... જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે, ભલે કેવળ ન હોય. અહીં શું કહ્યું? જુઓને!

**पंचाचारसमग्गा...** એમ કહ્યું છેને. લ્યો, મંગળિકનું પહેલું વાક્ય તો આ આવ્યું છે 'ણમો લોએ સવ્વ આયરીયાણં.' એ આવા આચાર્ય હોય. આહાહા! સમકિતીને-સ્વસન્મુખની દૃષ્ટિવંતને સ્વસન્મુખનું જ્ઞાન આચાર પરિપૂર્ણ પ્રગટ્યો છે એને એ (આચાર્ય) વ્યવહારે વંદનિક છે. આહાહા! આચારમાં પરિપૂર્ણ છે. પરિપૂર્ણ... જ્ઞાનાચાર છેને, જ્ઞાનનો આચાર છેને. જ્ઞાનનું પરિણમન એ જાતનું છે. નીચે કહેશે. એ વાદિરાજદેવનું છે. **પરિણમતા જ્ઞાનના બળ વડે...** આહા! એ જ્ઞાનનું પરિણમન એટલે એ જાતનો પરિપૂર્ણ ભગવાન આત્મા એનો જ્યાં સ્વીકાર થયો એટલે જ્ઞાનનું બળ ત્યાં વધી ગયું છે. એ વડે પ્રરૂપણા પંચાસ્તિકાયની કરે છે એમ કહે છે. એ નીચે કળશમાં છે. વાદિરાજદેવ. એકલું પંચાસ્તિકાય છે અને છ દ્રવ્ય છે એમ નહીં. છ દ્રવ્ય, પંચાસ્તિકાય છે એવું પરસન્મુખનું જ્ઞાન એ કાંઈ વાસ્તવિક જ્ઞાન નહીં. આહાહા!

પોતાના પૂર્ણ જ્ઞાનસ્વરૂપના અંદર આચરણથી, રમણથી પરિપૂર્ણ પરિણમન થયું, જ્ઞાનાચાર પરિપૂર્ણ પ્રગટ્યો. ઓહોહો! શું દશા! એની યોગ્યતાએ પરિપૂર્ણ જ છે. આહાહા! એવા આચાર્યો જેમને એવો જ્ઞાનાચારાદિ પ્રગટ્યો નથી અને પ્રગટ્યો હોય બીજો આચાર્યાદિને તોપણ આવીને આમને વંદન કરે છે એમ કહે છે. મુનિ વંદન કરેને. સમજાય છે કાંઈ? આહાહા! દરિયા ડોલ્યા છે ત્યાં, ચૈતન્યસમુદ્ર ઉછળ્યો છે. જેની પર્યાયમાં પૂર્ણ ગુણ એવો પૂર્ણ ગુણનો ધણી, અનંત ગુણનું એવું પૂર્ણ રૂપ જેનું... ઓહોહો! એવો છે, એ છે, એમ અસ્તિ હોવા છતાં જે એની સન્મુખ થયો નથી એને એની અસ્તિની કબૂલાત નથી. સમજાણું કાંઈ?

શ્રોતા : એની સન્મુખનો વિકલ્પ છે એ તો બાહ્ય...

પૂજ્ય ગુરૂદેવશ્રી : વિકલ્પેય નહીં. વિકલ્પ-રાગમાં જરીય લાભ નહીં. એય ચેતનજી! આહાહા! **पंचाचारसमग्गा...** આહા! શબ્દ તો જુઓ! કુંદકુંદઆચાર્યનો. બાપુ! તારું રૂપ પરિપૂર્ણ છે, એનું જેને જ્ઞાન થયું એનો જ્ઞાનનો આચાર પરિપૂર્ણ છે. આહાહા! એ આચારને લઈને એ આચાર્ય છે. આવા આચારને લઈને એ આચાર્ય છે. નહીંતર આ તો આચાર્ય છે અને અથાણાને આચાર કહે છે. સાતમું-આઠમું... પંડિતજી! આચાર કહતે હૈં ઉસકો, આચાર્ય... આહાહા! કાલે વળી સાંજના આ બધા શબ્દના વિચાર આવતા હતા. હરિ.. અરે! હરિ. હરિને સિંહ કહે, હરિને ઇન્દ્ર કહે, હરિને વાસુદેવ કહે. હરિ.. હરિ. હરિને આત્મા કહે. આવે છેને પંચાધ્યાયીમાં.

'અજ્ઞાન, રાગ-દ્વેષને હરે તે હરિ' એવો ભગવાન આત્મા. આહાહા! એક હરિ સિંહને કહે, એક હરિ વાસુદેવને કહે, એક હરિ ઇન્દ્રને કહે. સમજાણું?

આ ભગવાન પૂર્ણ છેને એ હરિ છે પોતે. એને જેણે સ્વીકાર્યો છે અસ્તિમાં... એ સ્વીકાર ક્યારે થાય એને? એની સામું જુએ ત્યારે. અહીં માણસ પાસે નથી આવતું? કોઈ માણસ આવ્યો હોય, તો બોલાવે, આવ્યા તમે? એમ સામું જુએ ત્યારે કહેને. કે આમ જોતાં-જોતાં કહે? આહાહા!

શ્રોતા : .... દેખાતો નથી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : દેખ્યો છે ક્યાં કે દેખાય નહીં? દેખવાનો પ્રયત્ન ક્યાં કર્યો છે એણે? આહાહા! પૂર્ણ નિધાન ભગવાન એવો પ્રભુ એના તરફનું જ્યાં જ્ઞાન થયું એટલે એનું જ્ઞાન–નિજજ્ઞાન થયું. એ જ્ઞાનના આચારમાં આચાર્ય પરિપૂર્ણ છે. આહાહા!

એવા પરિપૂર્ણ જ્ઞાન-આચારવંત એને ભગવાન આચાર્ય કહેવાય છે અને એ પરિપૂર્ણ પરમાત્મા પોતે એનો જેને સ્વીકાર થઈને સમ્યગ્દર્શન આદિ થયું છે એ જીવને આવા આચાર્ય વંદનિક છે. પંડિતજી! આહાહા! હા, પર્યાય. પરિપૂર્ણ.. ઓહોહો! એના આચારનું સ્વરૂપ જ નિર્વિકલ્પ છે, જ્ઞાનની બેહદતાનો સ્વીકાર છે, એમાં વળી મુનિ છેને અહીં તો. પંચાચાર, જ્ઞાનાચાર આવો આવડો ચોથે ન હોય, પાંચમે ન હોય. મુનિને આવો ભાવ હોય છે. આહા! 'ણમો લોએ સવ્વ આયરીયાણં' ગણધર પણ શાસ્ત્ર રચતાં એના ચરણમાં નમસ્કાર કરતાં ઢળી પડે છે મગજ એમાં, એ વિકલ્પ એવો ઉઠે. એવી યથાર્થ બહુમાનતા... ભક્તિ કહેશે નીચે. જ્ઞાનીને જ જ્ઞાની પ્રત્યે ભક્તિ હોય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

કહે છે કે જ્ઞાનાચાર, એમ દર્શનાચાર. આ સમ્યગ્દર્શનાચાર હોં. આચાર્યને પોતાનો પૂર્ણ સ્વભાવ... અરે ભગવાન! આહા! એને અહીં તો એમ કહે કે એલા! આ તારો બાપ બોલે છે? અરે ભાઈ! તું શું કરે છો? બોલવાની ક્રિયા એ આત્માની છે એ આવી.... એ સમકિતી કેવો? એ તો મિથ્યાદૃષ્ટિ છે. આત્મા બોલ સકતા હૈ યે (માન્યતા) મિથ્યાત્વ હૈ. પરકી પર્યાય (આત્મા કરે?) જેને આવા અનંતા પદાર્થોનું એક સમયમાં જ્ઞાન વર્તે છે, એવી અનંત પર્યાયના પિંડનો પરિપૂર્ણ ભગવાન એવી જેને પ્રતીત વર્તે છે એને 'આમ બોલું છું' એ વાત જ ક્યાં છે? આહાહા! સમજાય છે કાંઈ? માર્ગ બહુ ઊંચો! પ્રભુ પોતે બહુ ઊંચો. પોતાની પ્રભુતાથી ભરેલો પ્રભુ... આહાહા! એને શું કહે?

કહે છે કે દર્શનાચારમાં પરિપૂર્ણ છે. સમ્યગ્દર્શનમાં દર્શનનું પરિણમન આચાર્યનું ઉગ્ર થઈ ગયું છે એમ કહે છે. આચાર થઈ ગયો છે એને. સ્વભાવનો આચાર સમકિતદર્શન થઈ ગયું છે. પૂર્ણ પરમાત્મા પોતે અનાદિ-અનંત ભગવંતસ્વરૂપ એવા ભગવંતસ્વરૂપની શ્રદ્ધા.. એની શ્રદ્ધા ક્યારે કહેવાય? કે જે શ્રદ્ધામાંથી નિર્વિકલ્પતા જ્ઞાનમાં આવી હોય ત્યારે એની શ્રદ્ધા

કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એવા દર્શનાચારમાં આચાર્ય પરિપૂર્ણ છે. આહાહા! હજી તો પ્રરૂપણામાં ફેર, માન્યતામાં ફેર, એને તો શ્રદ્ધા વિપરીત (હોય), એના આચરણને તો અહીં ગણવામાં (આવ્યા નથી). એ આચરણ જ ક્યાં હતા? આહાહા!

'દંસણમૂલો ધમ્મો.' ચારિત્ર ને જ્ઞાનનું મૂળ તો સમ્યગ્દર્શન છે. અને એ સમ્યગ્દર્શન, પરિપૂર્ણ પરમાત્મા પોતે છે, એ છે એની સામું જોયું ત્યારે એનો સ્વીકાર થયો. ત્યારે એને સમ્યગ્દર્શનની પર્યાય આચરણરૂપે–વિશેષ પરિણમનરૂપે પરિણમી એને અહીં દર્શનાચાર કહે છે. આહા! અરે! વીતરાગનો માર્ગ એણે સાંભળ્યો ન હોય અને કંઈકને કંઈક માનીને બેસે. વીતરાગસ્વભાવમાર્ગ તો વીતરાગભાવથી પ્રગટ થાય, શરૂઆત વીતરાગભાવથી થાય કે રાગભાવથી થાય? દર્શનાચાર, ચારિત્રાચાર. દર્શનાચારનું જોર તો બધું સ્વભાવને આશ્રયે છે હોં. દેવ-ગુરુની શ્રદ્ધા એ વાત અહીંયા નથી. એ દર્શનાચાર નહીં, એ બધા વ્યવહાર છે, વિકલ્પ છે. આહા! એ વિકલ્પને પણ વ્યવહાર ક્યારે કહેવાય? કે એકલો પરમાત્મા પરિપૂર્ણ આનંદ ને શાંતરસથી ભરેલો એનું અંતરમાં જ્ઞાન થઈને, એનું જ્ઞાન થઈને પ્રતીત થાય અને એનું ઉગ્ર પરિણમન સમકિતનું થાય એને અહીં દર્શનાચાર કહે છે. આહાહા!

સમ્યગ્દૃષ્ટિ જીવને આવા આચાર્ય વ્યવહારે વંદનિક છે. નિશ્ચય વંદનિક તો પોતાનો આત્મા છે. આ વ્યવહારચારિત્ર અધિકાર ચાલે છેને. આહાહા! દિગંબર સંતોએ તો પરમાત્માને હેઠે ઉતાર્યા છે. સિદ્ધ સાથે વાતું કરી છે. રહ્યા છે અહીં મનુષ્યક્ષેત્રમાં, શરીરમાં એમ કહેવાય. એમાં રહ્યા નથી કહે છે. એ પોતાના જ્ઞાન-દર્શન આચારમાં રહ્યા છે. એ વંદનિક છે. એને જે વિકલ્પ ઉઠે પંચમહાવ્રતાદિ, એ વંદનિક હોય? એમ કહે છે. ખરેખર તો એ પણ હિંસા છે. આહાહા! નિરાકુળ આનંદ સહિત પ્રભુ, નિરાકુળ શાંત.. શાંત.. શાંત.. શાંત.. અનંત શાંતની જેને ઉપમા આપે છે એવો અનંત શાંતસ્વરૂપ તેનું જેને જ્ઞાન ને પ્રતીત થઈ એવા દર્શનાચારવાળા જીવને વંદનિક કહેવામાં આવે છે. એનો વિકલ્પ છે એ કાંઈ વંદનિક નથી. આહાહા! સમજાણું કાંઈ?

અહીં સમકિતીના વંદન-વ્યવહારના વિકલ્પને વ્યવહાર કહે છે. આવા જીવ આવા જીવને વંદન કરે છે. આહાહા! ભગવાન આત્મા પરિપૂર્ણ પ્રભુ અંદર પડ્યો છે. આહાહા! કેમ મપાય? શ્રીમદ્માં આવે છેને વાણીનું, નહીં? વાણી મપાય... મપાઈ જાય છે... નિજ મતિ મપાઈ જાય છે કહે છે. ભાષા જરી જુદી છે. વીતરાગની વાણી ને વીતરાગનો ભાવ એનું માપ શી રીતે? માપનું માપલું જ ટુકું છે એ શી રીતે માપ કરે એનું? અનંત બેહદ આનંદનો નાથ એની શ્રદ્ધામાં હા આવે ત્યારે એનો સમ્યગ્દર્શનનો આચાર (કહેવાય) અને સ્વીકાર્યો એટલે ભેગો અતીન્દ્રિય આનંદનો સ્વાદ પણ આવ્યો, એને અહીંયા દર્શનાચાર કહેવામાં આવે છે. એક સમયની પર્યાય (એવા) ત્રણ કાળના સમય કરતાં અનંતગણા ગુણો, અનંતગણા ગુણો ત્રણ

કાળના સમય કરતાં, ત્રણ કાળ એટલે આદિ-અંત વિનાનો કાળ એના સમય કરતા અનંતગુણા અનંત ધર્મો એને કાળની એક સમયની પર્યાયે માપમાં લઈ લીધો. આહાહા!

એ આત્માની પ્રજા છે, એ એની પ્રજા છે, પર્યાય એ એની પ્રજા છે. બાયડી, છોકરા ને દુકાન અમારી પ્રજા છે. ધૂળેય નથી. આહાહા! એને જોતો ચાલ્યો જાય છે.... ગિરધરભાઈ! પછી આબરૂ હોય તો શું ...? એ ઘરેણે મૂકાય? ...... ભગવાનજીભાઈ! મોટો હતો ક્યાં? આહાહા! મોટો તો પ્રભુ અંદર છે. એની મોટપ તને આવે તો તને બીજાની મોટપ દેખાય નહીં. આહાહા! કહે છે કે દર્શનાચાર... આહાહા! ભારે આવી છે વાત. ચારિત્રાચાર... ધન્ય અવતાર. અંતરમાં સ્વરૂપમાં ચરવું, રમવું એવું જામી ગયું છે કે જેને ચારિત્રાચારમાં સમગ્ર નામ પરિપૂર્ણતા છે. આહાહા!

સમ્યગ્દર્શન-જ્ઞાન સ્વની સન્મુખતાના ભાવવાળી ભૂમિકામાં જેને સ્વરૂપની રમણતા એવી જામી છે, એવી જામી છે.. આહાહા! જામી છેને. એમ કહેતા હતા, નહીં? અમારે ચંદુભાઈનો શબ્દ છે 'જામી છે.' આહાહા! ઓલો કહે કે ૩૦ મિનિટ વાંચો પછી.... અહીં તો ખબર નથી કે વંચાય છે કે નહીં. ત્રીસ મિનિટ થઈ ગઈ લ્યો. પહેલું ત્રીસ મિનિટ વાંચો, પછી ચાલીસ, પછી પચાસ, પછી સાઈઠ. અહીં તો વીસ મિનિટ થઈ કે પચાસ મિનિટ થઈ, કાંઈ ખબર પડતી નથી. આહાહા! આવો નાથ.. આહાહા!

ચારિત્ર એટલે શાંતિ. એમાં શાંતિનું આચરણ એટલું વધી ગયું છે, ત્રણ કષાયનો અભાવ છેને એટલે શાંતિ..... કષાય ટળ્યો છે–તેનો અભાવ થઈને સ્વની અંદર લીનતામાં આવું ચારિત્ર (હોય) એને ચારિત્ર કહીએ. આ તો હજી કાંઈ ઠેકાણા નહીં સ્વના આશ્રયના અને બહારના વ્રતાદિના પણ ઠેકાણા ન મળે, એને ચારિત્ર કહેવાય. આહાહા! કાલે વાચ્યું નહીં ઓલાનું? ઘણા વખત પહેલા.... એ વાત કાલ વાંચી કે સમકિત આદિ કાળલબ્ધિએ થાય અને એ સિવાય જ્ઞાન ને વ્રત છે એ પુરુષાર્થથી. એમ અમારે દામોદર શેઠ કહેતા. હું જ્યારે દાખલો આપુંને સમકિતનો એટલે એ કહે કે પણ એ તો કાળલબ્ધિએ પાકે. ... હીરાજી મહારાજ વ્રત પાળે છે, એ મુખ્ય છે, ઓલું તો થવાનું હશે ત્યારે થાશે. પણ હવે એ વિના વસ્તુ કેવી?

'દંસણમૂલો ધમ્મો.' ચારિત્રરૂપી ધર્મ એનું મૂળ તો સમ્યગ્દર્શન છે. 'મૂલં નાસ્તિ કુતો શાખા.' મૂળ નથી ત્યાં ઝાડ પાક્યા, શાખાઓ થઈ, ફળ પાક્યા એ ક્યાંથી આવ્યું? અરે! આવું સાંભળનારને પણ ઘણો જ કષાયનો મંદભાવ હોય. ......... ઉપશમ કરો. લોકો કહે છેને કે ભગવાનને માને તો ... થાશે. પુરુષાર્થહીન થઈ જાય છે. અરે ભગવાન! સર્વજ્ઞનો સ્વીકાર જ્યાં છે... એક ગુણની એક પર્યાય હોં, પર્યાય તે એક સમયની, આહાહા! એનો જ્યાં સ્વીકાર છે... એ વસ્તુ ત્રિકાળી અનંતગુણનો પિંડ છે એના સ્વીકાર વિના એનો (-પર્યાયનો) સ્વીકાર હોય જ

નહીં ભાઈ! આહાહા! આ વાદ ને વિવાદ ને તું ખોટો ને હું સાચો એ વિષય નથી. એ તો સાચો છે એ છે. આહાહા!

'વાદવિવાદ કરે સો અંધા.' આવે છેને સમયસાર નાટકમાં આવે છે. 'સદ્ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' ભગવાન! વિકલ્પ પણ જ્યાં સ્વભાવને, આહાહા! હણે છે. એવી શાંતિનો સાગર ભગવાન એને, સત્ય વાતનું સ્થાપન કરીને પક્ષથી રાગનું થવું કે ઉત્થાપનથી દ્વેષના અંશનું થવું સ્વભાવને ઘાત છે. સમજાણું કાંઈ? **छिज्जदु वा भज्जदु वा...** (ગાથા ૨૦૯, સમયસાર). કહ્યું હતુંને એક ફેરી. એય! એ તમારા પરમાગમનો વિચાર આવ્યો. કીધું હતુંને એક ફેરી. એ વ્યવહારમાં, કીધું, 'છેદાવ વા ભેદાવ વા.' એને કારણે થાય એમાં કાંઈ આત્માનો અધિકાર નથી. આહાહા! એય હિંમતભાઈ! આ બધું તમે ઊભું કર્યું છે મુંબઈનું. મુંબઈવાળા ધ્યાન રાખતા નથી. એ હજી.... મુંબઈવાળાએ બધાએ ઊભું કર્યું હતુંને. આ કાંઈ સોનગઢવાળાએ નથી કર્યું.

૮૦મી જયંતીના ઉત્સાહમાં આવી ગયા ને કરવું અમારે, એમ તમે કીધું હતું. એય! કેટલું તમે ધ્યાન રાખો છો? રામજીભાઈ જોયા કરે? આહાહા! એ વજુભાઈ પાસે ઝાડ નીચે બેઠા હતા, .... કરતા હતા. અત્યારે એમ છે. અહીં ધ્યાન લક્ષ કોનું છે? આ ઝાડ હેઠે બેઠા હતા, મારી નજર ગઈ હતી. વજુભાઈનો હાથ ને એમનો હાથમાં હાથ હતો. એય વજુભાઈ! અરે! એ વખતની ચેષ્ટા તો... અરે! આ રામજીભાઈ ક્યાં....? ..... વજુભાઈ આમ હાથ કરતા હતા ત્યારે તમારો હાથ આમ હતો ઝાડ ઉપર. એ ચેષ્ટામાં એટલી એની નરમાશ છે એ દેખાતી હતી. એણે વાત કરી હતી ભાઈએ.

એ તો થવાકાળ..... પણ વસ્તુની સ્થિતિ એવી છે... એ તો પોતાના સ્વભાવનો આશ્રય કરી શકે એ જ એનું કામ છે. આ વખતે એના કાળ વખતે ...... થાય છે. અને એ ખરેખર તો એ વિકલ્પનો કાળ જાણવાનો એવો હોય છે તે આવે છે. એ તો વ્યવહાર છે. પંડિતજી! કારણ કે જ્ઞાનમાં જાણવાનો જ્ઞાનનો સ્વતઃ(સ્વભાવ છે). એ વિકલ્પ આવ્યો માટે ત્યાં જાણે છે એમ નહીં. એ વખતે જ એનું સ્વ-પરપ્રકાશકજ્ઞાન એવું આવે છે, આ જાણે એમ કહેવું એ વ્યવહાર છે. આવી એની રમતું છે ચૈતન્યની. આહાહા! મુનિઓની તો શું વાત કરવી! અહીં ચારિત્ર આવ્યું હતુંને મગજમાં. એવા વિકલ્પ પણ જેને નથી કહે છે. આહાહા!

આવે છેને આપણે ચરણાનુયોગનું પ્રથમ? એણે માથે કોઈ કામ જ લીધું ન હોય. સંતો એને કહીએ કે કોઈ કામ જ લીધું નથી. થાય તે... સવારે એક કલાક બોલવું, પછી આ પુસ્તક તમારે વાંચવા પડશે, આ તીર્થમાં આવું થાય ત્યારે તમારે ભાષણ દઈને પૈસા-બૈસા કંઈક..... આહાહા! એ પ્રકલ્પ.. પ્રકલ્પ શબ્દ છેને? એની માથે બોજો જ ન હોય. એ કાળને શું છે? કાળ છે એની કાળને ખબર નથી કહે છે. એ કહે છે.... આહા! બાપુ! તને નુકશાન થાય એવી વાતું

કેમ સ્વીકારે છો? ભાઈ! તને નુકશાન થાય એને કેમ સ્વીકારે છો? બીજાને ખોટો પાડવા ને હું સાચો છું એમ કરવાનું આ તને શું છે? આહાહા! ચારિત્રાચાર હોય છે. આ તો એક પદની વ્યાખ્યા ચાલે છે. કહો, સમજાણું? ચાલીસ (મિનિટ) થઈ. અમારે ચંદુભાઈ કહેતા કે આ જ વાંચો, હું રહેવાનો છું. રવિવારે એમ કહ્યું. કાલ વાંચતા.... મહારાજને બે-ત્રણ મહિના હજી એમ કે આરામ લેવો જોઈએ. આરામની વ્યાખ્યા શું? આરામ જ છે.

ઓહો! આચાર્યો કેવા છે? કે એ ચારિત્રાચારવાળા છે. એમ કહ્યુંને. જ્ઞાનાચારવાળા, દર્શનાચારવાળા, ચારિત્રાચારવાળા. આહાહા! શ્રીમદ્દના એક પત્રમાં છે. ઓલો કાગળ લખવાનો... આ એમ કે મુખ્ય ચારિત્રની વ્યાખ્યા નથી. એમ છે એમાં–એક પત્રમાં. લલ્લુજી ઉપર લખે છે. આ બહારના વિકલ્પની વાત છે. પત્ર લખવો.... એને શું કહે છે.... એવો પ્રતિબંધ ન કરવો જોઈએ. લખવાનો વિકલ્પ આવે, બીજાએ ... પ્રતિબંધ ન કરવો. આ મૂળ વ્યાખ્યા છે. એમનું નથી, એમ લીધું છે. મૂળ પ્રત્યાખ્યાન. આહાહા!

એકલો જ્ઞાન ને આનંદ આદિ અનંત ધર્મનો પિંડ પ્રભુ જ્યાં એના ઉપર દબાણ થયું સ્વીકારનું, ફાટ્યો એ. ક્યારા પર્યાયમાં ફાટ્યો... આ કહે છેને. શું કહેવાય? ફુવારો. ફુવારામાં આમ દાબે છે.... જયંતિભાઈના ઓલામાં ગયા હતા તે જોયું હતું. જયંતિભાઈ! ફુવારામાં ને? બહાર નહીં ઓલું પાણી નીકળતું હતું? પાણીનો ફુવારો બહાર છે. બહાર નહોતો.....? અહીંયા ભગવાન આત્મા એટલો પૂર્ણાનંદ છે કે એના ઉપર જ્યાં દબાણ આવ્યું, ત્યાં શક્તિ વ્યક્તરૂપે પ્રગટ થઈ જાય. ફુવારો ફાટે છે એમ કહે છે. ફુવારો સમજતે હો? જળની... એ જયંતિભાઈના ઓલામાં હતું કાંઈક. શું હતું? હા, એ કાંઈક હતું. અમે કારખાને ગયાને..... એ ફુવારો જ જુદી જાતનો હતો. આ ફુવારો જુદી જાતનો છે. આહાહા!

પૂર્ણાનંદ પ્રભુ અનંત ધર્મના પોતે ધર્મનાથ છે. અનંત ધર્મનો સ્વભાવ એનો એ નાથ એમાં એની રમણતા છે, ચારિત્ર છે. સ્વમાં રમણતા હોય એને ચારિત્ર કહીએ. પર તરફના વલણવાળો મહાવ્રતનો વિકલ્પ એ ચારિત્ર નથી, એ તો અચારિત્ર છે. ખરેખર તો એ હિંસા છે (કેમ કે) રાગ છેને. બહુ બેસવું કઠણ. વીતરાગનો માર્ગ એટલે વીતરાગસ્વરૂપ જ પ્રભુ છે. એની પર્યાયમાં એને આશ્રયે વીતરાગતા પ્રગટે એ ધર્મ છે. બાકી બધું પરનું લક્ષ હોય, આવે, વ્યવહાર આવ્યા વિના રહે નહીં, પણ એની મર્યાદા બંધની છે. અબંધપરિણામી આત્માના અબંધપરિણામ એ જ મોક્ષનું કારણ છે. તે ચારિત્ર આને કહીએ લ્યો.

**તપ**... એ પણ ઉગ્ર પુરુષાર્થથી આત્માની દશા નિર્મળ શોભે એને અહીં તપ કહીએ. અપવાસ, એકાસન ને રસત્યાગ એ અહીં વાત નથી. 'તપ્યંતિ ઇતિ તપઃ' પૂર્ણાનંદસ્વરૂપ પ્રભુ... સોનાને જેમ ગેરું આપતાં સોનું શોભે છે–ઓપે છે, એમ ભગવાનમાં એકાગ્ર થતાં શોભે છે, શાંતિ પ્રગટે છે, આનંદનું ઝરણું ઝરે છે એને અહીંયા તપ કહેવામાં આવે છે. બહાર તો એમ

કહે છેને તપમાં ભાઈ? ક્લેશ છે, ખેદ છે, સહન કરવું પડે છે, કરી તો જુઓ. અરે ભગવાન! શું કહે છે? પ્રભુ! તપ તો એને કહીએ, આહાહા! જેમાં અતીન્દ્રિય આનંદની શોભા પ્રગટ થાય, અતીન્દ્રિય આનંદનો શણગાર આવે આત્મામાં. આહાહા! સમજાણું કાંઈ? સુગનચંદજી! જુઓ! આવો માર્ગ છે. 'પ્રતપન' આવે છેને. તપ, આહા! આ તપ હોં.

અંતરની દૃષ્ટિના આશ્રયમાં ભગવાન પડ્યો છે, જેના જ્ઞાન-દર્શન-ચારિત્રમાં આત્મા સમીપપણે વર્તે છે, દૂર વર્તતો નથી. જેની રમણતામાં ભગવાન સમીપમાં વર્તે છે, એની સાથે જે ઉગ્ર પુરુષાર્થ છે એનું નામ અહીંયા તપ કહેવામાં આવે છે. એ આચાર્ય આવા તપાચારવાળા હોય છે. આહાહા! અને **વીર્ય**–પુરુષાર્થ. સ્વરૂપની પૂર્ણ અનંત શક્તિની રચનામાં વીર્ય કામ કરે છે એ વીર્યને વીર્યાચાર કહેવામાં આવે છે. આહાહા! આ તો કહે, પણ એ બધું તમારું નિશ્ચય સત્ય થયું. હવે વ્યવહાર? હોય વ્યવહાર, પણ એ અસત્ય છે વ્યવહાર. જેમ સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય અદ્રવ્ય છે, એમ નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર અસત્ય છે. સત્ય તો આ જ છે. આહાહા! કહો, સમજાય છે કાંઈ?

કહે છે, **વીર્ય**... એ અંતર પરિપૂર્ણ વીર્ય જે પડ્યું છે આત્મામાં, એ અંતર પરિપૂર્ણ દ્રવ્યનો સ્વીકાર થઈને વીર્ય જે પ્રગટ્યું અનંત, એ વીર્યને સમગ્ર વીર્ય કીધું છે. મુનિનું, આચાર્યનું વીર્ય સમગ્ર વીર્યાચાર છે. આહાહા! જે બળે–વીર્યે આત્માના અનંત ગુણનો આદર કરીને સ્થિરતામાં રચના કરી એને અહીંયા વીર્ય કહેવામાં આવે છે. આહાહા! ભાઈ! વસ્તુ તો આવી છેને. એમાં એને વાદવિવાદનો રસ્તો શો? ઓલા કહે, સમકિત થાય એ કાળલબ્ધિએ, જ્ઞાન ને ચારિત્ર થાય એ પુરુષાર્થે અને એ જ્ઞાન ને ચારિત્ર કરતાં-કરતાં તત્ત્વાર્થશ્રદ્ધાન થાય. આહાહા! અરેરે! આ વાત ક્યાં લઈ ગયા? સમજાણું? .... છેને, એમ કહે છે અત્યારે. ૪૦ વર્ષ પહેલાની વાત, ૪૦ વર્ષ પહેલાની. હવે એની એ વાત પાછી અહીં આવી અત્યારે આમાં–આ સંપ્રદાયમાં. કાલે જ એમાં જોયું. ઓહોહો! શું કરે છે?

એમ કહેને કે સમ્યગ્દર્શનનો મહાપુરુષાર્થ છે. જેની આમ દશા વાળી નાખવી એ તે કાંઈ વાત છે! આહાહા! એ દિશા વિના જ્ઞાન ને ચારિત્ર કેવા? કોને કહેવા? તારા દસ પૂર્વના જ્ઞાન એ અજ્ઞાન છે. પંચ મહાવ્રતના પરિણામ એ અચારિત્ર ને મૂઢતા છે, સંસાર છે એ તો. એ તો સંસાર પોતે સંસાર છે, એમ કહે છે. પરસંબંધીનું જ્ઞાન, પરસંબંધીના આચરણનો વિકલ્પ એ સંસાર. આ તો વીતરાગભાવ થયો. સંસારના અભાવરૂપ સ્વભાવના સદ્ભાવમાંથી પ્રગટેલી શક્તિનું વીર્ય ફાટ્યું અંદરથી. આહાહા! અનંતા ધર્મો જે નિધાન પડ્યા છે, એની પર્યાયમાં એણે રચના કરી. અને પરિપૂર્ણ, એમાં પરિણમન થયું એની દિશાના પ્રમાણમાં એને પરિપૂર્ણ જ કહ્યું છે. ભલે અનંત વીર્ય જે .... છે ન હો, પણ એ અનંત-અનંત વીર્યનું સ્વરૂપ એમાંથી પ્રગટેલું છે

અને એ અનંતવીર્ય કેવળજ્ઞાનને એને પમાડનાર છે—બેય અપેક્ષાએ એને પરિપૂર્ણ કહેવામાં આવે છે. આહાહા!

એવા પાંચ નામના... એમ નામ કહ્યુંને. **વીર્ય નામના પાંચ આચારોથી પરિપૂર્ણ છે.** આહાહા! એને આચાર્ય ભગવંત કહેવામાં આવે છે. ભણ્યા હોય અને દુનિયાને સમજાવવામાં લાખો માણસ ભેગા થાય માટે આનું જ્ઞાન બહુ સારું છે. બાપુ! એ જ્ઞાન નહીં ભાઈ! આહાહા! દેડકા–મંડુકને સ્વનો આશ્રય લઈને જે જ્ઞાન પ્રગટ્યું તેને જ્ઞાન કહીએ અને લાખો માણસને સમજાવવાનો ઉઘાડભાવ, સ્વનો આશ્રય નથી (તેથી) તેને બધો અજ્ઞાન કહીએ. આહાહા! બોજો છે કહે છે. એ હળવો ક્યાં થયો? એને જ્ઞાન ને ચારિત્ર વ્રત કહેવા, આ વ્રત પાળે છે ને નગ્નપણે રહે છે. અરે ભગવાન! ભાઈ! તને ખબર નથી બાપુ! તારા પરમપિતા પરમાત્મા એનો અનાદર થાય છે પર્યાયમાં. અનાદર થઈને આ બધી વૃત્તિઓ ઊભી કરે એ બધો સંસાર છે.

એવા **આચારોથી પરિપૂર્ણ**... લ્યો. એક પદ થયું. આ પચાસ મિનિટ થઈ. આવે છેને બીજો બોલ. આહાહા! આવા પાંચ આચારોથી પરિપૂર્ણ... એક-એકને પરિપૂર્ણ શબ્દ લગાડવો, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ ને વીર્ય. આહાહા! આખો–સમગ્ર આત્મા જેણે પકડ્યો અને જે દૃષ્ટિ, જ્ઞાન ને આચરણ દ્વારા સમગ્ર કેવળજ્ઞાન ને અનંત આનંદ પ્રગટશે, અલ્પ કાળમાં પ્રગટશે, આહાહા! એને આચાર્ય ભગવંત, 'ણમો લોએ સવ્વ આઈરિયાણં' એને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

કેવા છે આચાર્ય? **पंचिंदियदंतिदप्पणिद्दलणा... (૨) સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર નામની પાંચ ઇન્દ્રિયોરૂપી મદાંધ હાથી...** જોયું! મદાંધ હાથી. આહાહા! પાંચ ઇન્દ્રિયોના વિષયો ને પાંચ ઇન્દ્રિયો મદાંધ હાથી... એવા મદમાં ફાટી ગયેલા છે અનાદિથી. એના **દર્પનું દલન કરવામાં...** એવા હાથીનો દર્પ–જે ગર્વ એનું દલન કરવા–બાળી નાખવા, દલન કરવા–દળી નાખવા. આહાહા! અણીન્દ્રિય આત્માની દશા જ્યાં પ્રગટ થઈ છે એને નાસ્તિમાં આવું હોય છે એમ કહે છે. ઓલું અસ્તિ કીધું. પાંચ આચારથી સમગ્રા... આ તો પાંચ ઇન્દ્રિયના વિષયનો... અહીં પાંચ આચાર, તો અહીં પાંચ ઇન્દ્રિયોના વિષયોરૂપી મદાંધ હાથી એનું દર્પ.. એનું દર્પ એટલે અભિમાન, એના દળને–દર્પના દળને... ભાષા દેખો! દળવામાં–**દલન કરવામાં દક્ષ...** આહાહા! **(-પંચેદ્રિયરૂપી મદમત્ત હાથીના મદના ચૂરેચૂરા કરવામાં નિપુણ)** છે. આહાહા!

અણીન્દ્રિય આત્મા, જ્યાં આનંદ આવ્યો અણીન્દ્રિયનો, એની આગળ પાંચ ઇન્દ્રિયના વિષયસુખની બુદ્ધિને તો ચૂરેચૂર કરી નાખે છે કહે છે. જુઓ! આ છદ્મસ્થ આચાર્યની વાત ચાલે છે હોં. **પંચેન્દ્રિયરૂપી મદમસ્ત હાથીના મદના ચૂરેચૂરા કરવામાં...** નાસ્તિથી વાત તો કરેને. આ થયું એટલે ઓલું સાથે થાય જ. સમજાણું કાંઈ? કઈ નયનું કથન છે ક્યા ઠેકાણે એ એણે જાણવું જોઈએને. શાસ્ત્રમાં તો અનેક પ્રકારના કથનો આવે. આગમની રીતના આવે,

અન્યમતના આવે, નાસ્તિના આવે, અસ્તિના આવે. કઈ અપેક્ષાથી શું છે એ જાણવું જોઈએ. કહ્યું માટે ... આ ભગવાનના વાણી છે. ભગવાનની વાણી તે કઈ નયનું કથન છે. કહો, **પંચેન્દ્રિયરૂપી મદમસ્ત હાથીના મદના ચૂરેચૂરા કરવામાં નિપુણ છે**... આહાહા!

**(૩-૪) સમસ્ત ઘોર ઉપસર્ગો પર વિજય પ્રાપ્ત કરતા...** એ ચોથો બોલ છે. ૩-૪ ભેગા લખ્યા છે. **સમસ્ત ઘોર ઉપસર્ગ ઉપર વિજય પ્રાપ્ત કરતા હોવાથી ધીર અને ગુણગંભીર...** આહાહા! પણ આવાને ધીર કહીએ હોં. જેને ભગવાન આત્માની ઓથ મળી છે, પૂર્ણાનંદનો નાથ પ્રભુ જેને પડખે ચડી ગયો છે, જે પર્યાય ને રાગના પડખેથી છૂટી ગયો છે, જેને મોટાનું પડખું મળ્યું છે, આહાહા! એ ઘોર ઉપસર્ગો ઉપર વિજય પ્રાપ્ત કરતા હોવાથી ધીર છે અને ગુણગંભીર છે.—એમ બેય. **સમસ્ત ઘોર ઉપસર્ગો**... પ્રતિકૂળતા અપાર હો, એ તો જ્ઞેય છે. જ્યાં જ્ઞાન અનંત દ્રવ્યને જાણવાને સમર્થ પ્રગટ્યું, એમાં આટલા જ્ઞેયો પ્રતિકૂળરૂપ છે એનો ઉહાપોહ કેવો? એ (પ્રતિકૂળ) છે જ નહીં. ધર્મીજીવે તો એટલી તૈયારી હોય છે કે... ભાઈએ સોગાનીએ લખ્યું નથી એક ઠેકાણે?

કોઢીયું... આખા શરીરમાં કોઢ.. કોઢ.. એ ધગધગતી કરીને... એ તો પર્યાય છે એને જાણવાલાયક (છે). આહાહા! ગજબ વાત છેને! એક ઠેકાણે આવે છે. ખબર છે? અહીં તો સહન કરવું એવી શૈલીથી વાત કરે છે. ત્યાં તો આનંદમાં રમે છે એને ઘોર પરિષહ ઉપસર્ગ.... લોકો એમ માને છેને, આહાહા! વાઘ કરડે, સર્પ કરડે, વીંછી કરડે. અહીં વિશેષે મુનિની ચારિત્રદશાની વાત છેને. એના ઉપર વિજય પ્રાપ્ત કરવા ધીર છે.. ધીર છે. અરેરે! આનો અંત ક્યારે આવશે, આ પ્રતિકૂળતાનો અંત ક્યારે આવશે—એમ જ્યાં નથી. પ્રતિકૂળતા જ ભાસતી નથી. આહાહા! અને ગુણમાં ગંભીર છે.

**આવાં લક્ષણોથી લક્ષિત... આવા લક્ષણોથી લક્ષિત**.. આવા લક્ષણોથી જાણવાલાયક **તે ભગવંત આચાર્યો હોય છે.** એને અહીંયા ભગવાન આચાર્ય કહેવામાં આવે છે. છેને? 'ભગવાન' શબ્દ ત્યાં પડ્યો છે. છેલ્લો **एवंलक्षणलक्षितास्ते भगवन्तो ह्याचार्या इति।** આહાહા! એવા આચાર્યો ધર્માત્મા-સમકિતીને વંદન કરવાલાયક છે, તેને વ્યવહાર વિનય કહેવામાં આવે છે. નિશ્ચય વિનય પોતાનો છે ત્યારે આવો વ્યવહાર વિનય એને આવે, હોય, એને જ ખરો વિનય ને ભક્તિ કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## જયેષ્ઠ વદ ૧૩, સોમવાર, તા. ૭-૮-૧૯૭૨
## શ્લોક-૧૦૪, પ્રવચન નં. ૬૩

નિયમસાર, વ્યવહારચારિત્ર (અધિકાર). ૭૩ ગાથાનો કળશ છે. આચાર્યનો અધિકાર.

**એવી રીતે (આચાર્યવર) શ્રી વાદિરાજદેવે કહ્યું છે કે :**

**पंचाचारपरान्नकिंचनपतीन्नष्टकषाया श्रमान्**
**चंचज्ज्ञानबलप्रपंचितमहापंचास्तिकायस्थितीन् ।**
**स्फाराचंचलयोगचंचुरधियः सूरीनुदंचद्गुणान्**
**अंचामो भवदुःखसंचयभिदे भक्तिक्रियाचंचवः ॥**

'ણમો લોએ સવ્વ આયરીયાણં' એવું જે ત્રીજું પદ છે એ કેવું હોય અને એને ધર્મીજીવ આચાર્ય તરીકે ઓળખીને જાણે ને વંદે છે એની વ્યાખ્યા છે. **શ્લોકાર્થ : જેઓ પંચાચારપરાયણ છે...** જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ ને વીર્ય—એવું જે પોતાનું પૂર્ણ સ્વરૂપ, એ જ્ઞાન, દર્શન આદિ આચારમાં એ પરાયણ-તત્પર છે, લ્યો. પોતાનો પરિપૂર્ણ આનંદ, જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા સ્વભાવ—એવા સ્વભાવમાં જેની જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિની પરાયણતા છે. પંચાચારમાં એ પરાયણ છે. ઓહો! છદ્મસ્થ મુનિ... છદ્મસ્થ, પણ વસ્તુસ્થિતિ છેને. પરિપૂર્ણ પરમાત્મસ્વરૂપને સ્મરણ કર્યું છેને. લગની લાગી છે અંતરની.

કાલ નવી વાત ખ્યાલમાં આવી ઓલી મીરાંબાઈની. મીરાંબાઈએ એમ કહ્યું, હે રાણા! હું તો પૂર્વે વ્રજની ગોપી હતી હોં. એમ કહે છે. મનુષ્ય.... એમ લખ્યું છે. મને તો મારા ગિરધરની લગની લાગી છે. કેમકે હું પૂર્વે વ્રજની ગોપી હતી, પણ મારી ચૂક થઈ ગઈ તે હું અહીં અવતરી છું. અખંડાનંદનું કાલે હરિભાઈએ આપ્યું હતું. પાનું છે. હું કહું છુંને ઓલું ઘણીવાર કે 'અનુભવીને એટલું રે આનંદમાં..' એ સ્તવન છે અખંડાનંદમાં. અખંડાનંદ છાપું નીકળે છેને. હા, એ. અહીં તો 'હરિસંગની લગની' એમ બહાર નવું આવ્યું. એ વાત સાંભળી નહોતી.

'રાણાજી હું તો ગિરધરને મન ભાવી, હું પૂર્વ જન્મની વ્રજ તણી ગોપી, ચૂક થતાં અહીં આવી, એ રાણાજી..' આ નવી વાત સાંભળી. આમ તો ગિરધરનું એનું .... હતું. 'પૂર્વ જન્મની હું વ્રજ તણી ગોપી..' કૃષ્ણ ત્યાં ઉછર્યા છેને. જન્મ્યા પછી જ્યાં વધ્યા. જન્મ્યા તો... ગોકુળ.. ગોકુળ.. ત્યાંની હું ગોપી હતી એમ કહે છે. ચૂક થતાં અહીં આવી. મારી ચૂક થતા હું આવી છું, એમ રાણાજીને કહે છે. 'જન્મ લીધો નૃપ જયમલ ઘેરે, તમ સંગે પરણાવી, પણ રાણાજી હું અહીંની નહીં' કહે છે. હું તો ગિરધરના ઘરની છું હોં.

એમ અહીંયા કહે છે કે આત્મા, હું રાગ ને પુણ્ય ને નિમિત્તના ઘરનો નહીં, હું અનંત આનંદાદિ ઘરનો છું. આહાહા! એના પંચાચારમાં હું પરાયણ છું. આચાર્યે બીજા આચાર્યની (વાત) નાખી છે. કહે છે, પરાયણ હોય. એમ કહે છે. એવા આચાર્ય હોય છેને. પંચાચારમાં પરાયણ. હવે પંચાચાર એટલે શું એ વ્યાખ્યા કાલ આવી ગઈ. પોતાનું પરમાનંદસ્વરૂપ અને જ્ઞાનનો પુંજ પ્રભુ ભગવાન પોતે, એનું અંતરમાં આચરણ, એવા સ્વરૂપને ભેટી અને એમાં એના જ્ઞાનનું સમ્યક્–શુદ્ધ પરિણમન એ જ્ઞાનાચાર છે. આહાહા! આવા આચાર્ય હોય છે એમ કહે છે. દર્શનાચાર... એ પણ કહ્યું હતું કાલે. પાંચે આવી ગયું. એમાં એ પરાયણ છે. પૂર્ણ શુદ્ધ પરમાત્મસ્વરૂપની પ્રતીતરૂપી પરિણમન એ દર્શનાચારમાં પરાયણ હોય છે. એ મહાવ્રતના વિકલ્પમાં પરાયણ હોય છે એમ નથી કહ્યું. આહાહા!

પોતાનો ભગવાન અતીન્દ્રિય આનંદનું નિધાન એને સ્પર્શીને, એની પ્રતીતના આચરણમાં પરિણમેલો, એના સ્વરૂપમાં ચારિત્ર એટલે પરિણમન... વીતરાગમૂર્તિ ભગવાન આત્મા એનું અંતરમાં આચરણ–વીતરાગ સ્વભાવમાં ઠરવું એવું ચારિત્રાચરણ, એમ વીર્ય ને તપ પાંચે આવી ગયા. **જેઓ અકિંચનતાના સ્વામી છે...** આહાહા! આચાર્યને એક કપડાની લંગોટીનો કટકો પણ ન હોય. મુનિ તો એને કહીએ, કપડાનો કટકો પણ ન હોય. રાગનો કણ જેને નથી એવા અકિંચનતાના સ્વામી છે. કાંઈ બીજું નથી એના એ સ્વામી છે. આહાહા! **જેમણે કષાયસ્થાનોને નષ્ટ કર્યાં છે...** જોયું! આ જ વાત લીધી. ઓલી વાતું પાંચ મહાવ્રત ને ફલાણું (લીધું નથી). જેણે, કષાય એટલે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ કષાયના સ્થાન છે બધાય, એના સ્થાનને જેણે નષ્ટ કર્યાં છે. આવું આચાર્યપદ હોય. એને જૈનશાસનમાં આચાર્ય તરીકે વંદનલાયક કહેવામાં આવે છે. આહા! બહુ ફેર ભાઈ! જગતથી બહુ ફેર. આહાહા!

**પરિણમતા જ્ઞાનના બળ વડે...** આહાહા! એકલી ધારણાનું જ્ઞાન છે એમ નહીં, એમ કહે છે. શાસ્ત્રભણતર અગિયાર અંગ ને નવ પૂર્વ... આચાર્ય છેને. એનું ધારણાનું એકલું નહીં, જ્ઞાનના પરિણમન બળ વડે... અંતર ચૈતન્ય જ્ઞાનાનંદસ્વભાવના આશ્રયથી જે સમ્યગ્જ્ઞાન–શુદ્ધ આનંદની લહેર અનુભવતું જ્ઞાન પ્રગટ્યું એવા જ્ઞાનના પરિણમનના બળ વડે... આહાહા! **જેઓ મહા પંચાસ્તિકાયની સ્થિતિને સમજાવે છે...** લ્યો, અહીં તો એ કહ્યું કે જ્ઞાનના બળ વડે સમજાવે છે. નિમિત્તથી કથન છે. વાણી તો વાણીને કારણે છે. કહે છે, એ વાણીમાં અને જે સમજાવવાનો વિકલ્પ ઉઠ્યો છે એની પાછળ જ્ઞાનનું પરિણમન, સહજાનંદસ્વરૂપના પરિણમનનું બળ વર્તે છે. સમજાણું કાંઈ? આહાહા! **પરિણમતા જ્ઞાનના બળ વડે**... ભાષા જુઓને! દિગંબર સંતોની કથની. શ્રીમદે કહ્યુંને, 'દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે.' વસ્તુ આવી હોય એમ જ્ઞાનમાં જણાય છે.

**પરિણમતા જ્ઞાનના બળ વડે**... જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એની એકલી પરિણતિ, પર્યાયમાં સ્વને આશ્રયે પ્રગટેલું જ્ઞાન એના બળ વડે-જોર વડે... **જેઓ મહા પંચાસ્તિ**... એમણે શબ્દ એ વાપર્યો પાછો. પંચાસ્તિકાય, પણ મહાપંચાસ્તિકાય. છે? કેમકે અનંત આત્માઓ છે સિદ્ધો, નિગોદ આદિ જીવાસ્તિકાય-અનંત જીવાસ્તિકાય, અનંત પરમાણુ પુદ્ગલાસ્તિકાય. એક કાળને પંચાસ્તિમાં ભિન્ન પાડ્યો છે. એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ. એમ મહા પંચાસ્તિકાય. ઓહો! શું કહે છે? નિગોદના એક કણમાં... આટલો એક કણ હોય... નિગોદ સમજતે હો શેઠ? આલુ-બટાટા, શક્કરિયા. એ કણ આટલો રાઈ જેટલો, અરે! એમાં અનંતા આત્માઓ અને એકેક આત્મામાં અનંતા.. અનંતા.. અનંતા ત્રણ કાળના સમયથી અનંતગુણા ગુણો. એવો જે મહા પંચાસ્તિકાય... એમ અહીં જુઓને! આચાર્ય શું કહે છે! ભારે. પોતાના જ્ઞાનના પરિણમન દ્વારા, એમ કહ્યું. 'વિકલ્પ દ્વારા' એમ ભાષા પાછી ઓલી ન કરી.

**પરિણમતા જ્ઞાનના બળ વડે**... છદ્મસ્થ આચાર્ય છે, છતાં ભગવાન આત્મા જ્ઞાનનો મહા દરિયો-સાગર એમાંથી વિવેકની અંજલી વડે જ્ઞાન પ્રગટ કર્યું છે. આહાહા! એવા અંતરના જ્ઞાનના, નિર્વિકલ્પ અનુભવના પીણાથી જેને બળ છે, કહે છે. આહાહા! કહો, જાદવજીભાઈ! આ તો 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં..' થઈ રહ્યું. શું અહીં કહેવા માગે છે કાંઈ ખબર ન મળે. જય ભગવાન. આંધળે આંધળો. આવા આચાર્ય હોય છે. પંચપરમેષ્ઠીમાં આચાર્યનું પદ આવું હોય છે. આત્મપદ હોય એ આચાર્યપદ હોય, એમ કહે છેને? આહાહા! એ જ કહે છે કે, આત્મ...ચારિત્ર. વિકલ્પ છે એ આત્મા નથી.

**જેઓ મહા પંચાસ્તિકાય**... આહાહા! મુખમાંથી વાણી નીકળે છે એ તો જડ છે. અને એની પાછળ મહા પંચાસ્તિકાય... એમ કહે છે. અનંત-અનંત નિગોદના જીવ, અનંત-અનંત સિદ્ધના જીવ અને એથી અનંત.. અનંતગુણા પુદ્ગલાસ્તિકાય—એનું વર્ણન અંતરના જ્ઞાનના બળ વડે પોતે મહા પંચાસ્તિકાયને સમજાવે છે. આહાહા! સમજાણું કાંઈ? માણસને એવું લાગે કે આ બધું તો નિશ્ચયની વાતું ઊંચી બહુ છે. પણ એ જ વાત છે, સત્ય આ જ છે, વસ્તુ જ આવી છે. ઊંચી કહે કે નીચી કહે કે જુદી વસ્તુ, આ દશા છે. એટલી જેને અંદર સમ્યગ્દૃષ્ટિને પ્રતીતમાં વર્તે છે, વ્યવહાર પ્રતીતમાં. નિશ્ચય પ્રતીતમાં તો આત્માનું સ્વરૂપનું શ્રદ્ધા-જ્ઞાન આદિ, વ્યવહાર પ્રતીતમાં આવા આચાર્ય હોય એવું એને વર્તે છે. વ્યવહાર ચારિત્ર તેથી કહ્યુંને.

**પરિણમતા જ્ઞાનના બળ વડે**... અહો! અતીન્દ્રિય આનંદનો નાથ પૂર્ણ કેવળ લઈને પડ્યો છે અંદર. આહાહા! આ બધી કેળવણી કરે છે. કેળવણી કરો, કેળવણી કરો. એ કેળવણી કઈ હશે? **પરિણમતા જ્ઞાનના બળ વડે**... ભારે વાત ભાઈ! સંતોની **चंचत्**.. **चंचत्** ને? **चंचज्ज्ञानबलप्रपंचित**... **प्रपंचित** એટલે વિસ્તાર. (એટલે) કહેવું? **प्रपंचित**—સમજાવે છે. પ્રપંચિતનો અર્થ એમ કર્યો કે સમજાવે છે. **चंचज्ज्ञानबलप्रपंचितमहापंचास्तिकायस्थितीन्**...

એમ છેને? મહા પંચાસ્તિકાયની સ્થિતિનું વર્ણન સમજાવે છે. એમ આવ્યુંને? **प्रपंचित**– વિસ્તાર કરે છે. આહાહા! મહા અસ્તિકાય... અનંત જીવરૂપ અનંત પરમાત્મા, અનંત વીતરાગી વિજ્ઞાનઘનના દળરૂપ એવા અનંત આત્માઓ અને એથી અનંતગુણા પરમાણુઓ. એ મહા પંચાસ્તિકાય જેના જ્ઞાનના જાણવામાં પ્રવર્તે છે એને એ સમજાવે છે. સમજાય છે કાંઈ? એની સ્થિતિ છે એમ, આ રીતે મહા પંચાસ્તિકાય છે.

જગતના પ્રાણી કેટલાક એક જ આત્મા કહે છે કે કેટલાક એકલા જડ જ કહે છે– વિગેરે. આ તો મહા પંચાસ્તિકાય... અનંત નિગોદના જીવ, એને અનંતમે ભાગે સિદ્ધના જીવ... એ જીવાસ્તિકાય છેને? સિદ્ધના જીવનું સ્વરૂપ, નિગોદના જીવનું સ્વરૂપ... એવું એ અનંત પંચાસ્તિકાય... પાંચ અસ્તિકાય–'છે' એવો સમૂહ. એને જ્ઞાનના પરિણમન બળ વડે સમજાવે છે. આહાહા! **મહા પંચાસ્તિકાય...** ભાષા તો જુઓ! આચાર્યની. બેય શબ્દમાં 'જ્ઞાનના પરિણમનના બળ વડે' અને 'મહા પંચાસ્તિકાય'. જેની જ્ઞાનની પર્યાયમાં મહા પંચાસ્તિકાય સંબંધીનું પોતાનું જ્ઞાન પ્રગટ્યું છે. તેથી **પરિણમતા જ્ઞાનના બળ વડે**, એમ. એ જ્ઞાનમાં તો આખો પરિપૂર્ણ આવો મહા પંચાસ્તિકાય અનંત, એ બધાનું જ્ઞાન ને પોતાનું જ્ઞાન થઈ ગયું છે, એવા સ્વ-પરજ્ઞાનના પરિણમનના બળ વડે... આહાહા!

જેઓ એની સ્થિતિ (એટલે) એનું ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું જે છે એ સમજાવે છે. આહાહા! આવી વાત સર્વજ્ઞ સિવાય અને જ્ઞાનની અનંતતાની મોટપના ભાન વિના આ ચીજ ક્યાંય હોય નહીં. આહાહા! જ્યાં આત્મા આવા શરીરમાં એક પ્રભુ છે મોટો, અનંત આનંદનો દરિયો છે, તારો પરમેશ્વર પૂરો છે, એના અંતરના પરિણમનથી પરિણમતું જ્ઞાન એના દ્વારા 'આ અસ્તિ છે પંચાસ્તિકાય' એને સમજાવે છે. આહાહા! શૈલી તો શૈલી. કેમકે પંચાસ્તિકાય મહાન છે. ત્રણ કાળના સમય કરતાં પણ એકેક દ્રવ્યમાં અનંતગુણા ગુણ. એવા અનંતા આત્માઓ, એવા અનંતા પરમાણુઓ, આકાશ, ધર્માસ્તિકાય—એ બધું છે. ઉત્પાદ-વ્યય ને ધ્રુવ સહિત એ તત્ત્વો છે. એવા એકલા જાણપણાના જ્ઞાન વડે, એમ ભાષા નથી લીધી. એનું જ્ઞાન–જાણપણું છે પંચાસ્તિનું, આહાહા! એ તો પોતાનું જ જ્ઞાન છે એ જાતનું. પંચાસ્તિકાય જેટલા જેવા છે તેટલાના જ્ઞાનના પ્રમાણે પોતાનું પોતાથી સ્વને આશ્રયે પોતાનું પરિણમન કરેલું છે એમ કહે છે. પંચાસ્તિકાય છે માટે એને જાણ્યા એના તરફથી, એમ નહીં. આહાહા!

**પરિણમતા જ્ઞાનના બળ વડે જેઓ**... જેઓ એટલે આચાર્ય. **મહા પંચાસ્તિકાયની...** મહા પંચાસ્તિ સત્-પદ પ્રરૂપણા, એમ કહે છે. સત્, અનંતી પંચાસ્તિકાયની સ્થિતિરૂપે સત્ છે. જેવી રીતે મહાપણું એમાં છે એવું જ્ઞાન સ્વમાં સ્વના કારણે પરિણમ્યું છે, એમ કહે છે. પંચાસ્તિકાય છે માટે અહીં જ્ઞાન થયું છે એમ નથી. પોતાનું જ અસ્તિત્વપણું એવડું છે કે સ્વ અને એ બધા જાણવાની પર્યાયપણે પરિણમેલું જ્ઞાન, એના એક સમયના અસ્તિત્વમાં આટલું

પોતાને કારણે છે. સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ! આવા કામ. આહા! આ તો પરમાત્માને સ્વીકારવો અને પરમાત્મા થવું એની વાત છે. આ કંઈ પામર વીર્યહીનનું કામ નથી. શ્રીમદ્માં આવ્યુંને 'વચનામૃત વીતરાગના, પરમ શાંતરસમૂળ, ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.' જેના વીર્યમાં આટલું બધું સ્વીકાર્ય ને આટલા (બધાનું જ્ઞાન) જેને પોતાના જ્ઞાનથી પરિણમે છે એવી દશા, એનો સ્વીકાર એ વીર્યહીનથી નહીં થાય. આહાહા!

આવું સ્વરૂપ કેવું છે ધર્મનું? અહીં તો દયા પાળવું, ચોવિહાર કરવો, પરને ન મારવા. એ ચેતનજી! એ બધું ક્યાં ગયું? આહાહા! ભાઈ! તું તો ત્રણ કાળ, ત્રણ લોકના પંચાસ્તિકાય અનંત નિગોદના જીવને પણ જાણનારો છો તારા જ્ઞાનના સ્વભાવથી. આહાહા! એને મારનારો, પાળનારો એ તું નહીં. આવી મોટપ કેમ બેસે? અને બેસે એને મોટપ પ્રગટ્યા વિના રહે નહીં. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ વીતરાગ સિવાય આ વાત ક્યાંય છે નહીં. જેમ આત્માની મોટપ આત્મા સિવાય ક્યાંય નથી. સમજાણું કાંઈ? આહાહા! ગજબ કામ કર્યા છે આચાર્યોએ તો! ઓહોહો! પંચાચારમાં પરાયણ છે, મહાવ્રતના વિકલ્પમાં પરાયણ છે એમ નહીં, એમ કહે છે અહીં. આ વ્યવહારમાં પરાયણ છે એમ નહીં. આહાહા! એનો જાણનાર છે, એ તો એનો જાણનાર છે. એ પણ એનું જ્ઞાન પોતાથી પ્રગટેલું છે. સમજાણું કાંઈ?

શ્રોતા : પરિણમતું જ્ઞાન નિશ્ચયથી છે કે વ્યવહારથી છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : પરિણમતું જ્ઞાન નિશ્ચયથી પર્યાય છે. નિશ્ચય પર્યાય છે સ્વાશ્રયે. એ તો વળી કેટલી વાર વાત થઈ ગઈ આમાં હમણાં. સ્વાશ્રય... પંચાસ્તિકાય છે જગતમાં માટે એને આશ્રયે નહીં, એનું જ્ઞાન નહીં. પરિણમિત પોતાનું જ્ઞાન પોતામાં એ બધું હતું સ્વભાવરૂપ, એના આશ્રયમાં પ્રગટ્યું છે. વ્યક્તરૂપે દશા છે આ. 'પરિણમતું' કીધું છેને? ઓલી તો શક્તિ છે. વ્યક્તિ કીધી... 'જાગીને જોઉં તો જગત દિસે નહીં, ઉંઘમાં અટપટા ખેલ દિસે..' અજ્ઞાનમાં અટપટા ખેલ દેખાય છે. જ્ઞાનમાં તો પરમાત્મા પોતે પૂર્ણાનંદમાં, જેમ કળી ખીલીને ખીલતી નીકળે, એમ ખીલતો આત્મા... આહાહા! ક્ષણે-ક્ષણે નિર્જરા કરતો, એમ કહેવું એ પણ એક અપેક્ષા છે. થાય છે એનો જાણનાર છે. ના, ના, એ તો નિર્જરાનો પણ જાણનાર છે. કરતોય નથી એમ કહે છે. આહાહા! એમાં તો એનું જ્ઞાન જ એકલું છે. બસ.

આવી વાત ન્યાં મુંબઈમાં નથી ન્યાં. પૈસા તો છેને ન્યાં. આ બધા પૈસાવાળા મોટા... પુદ્ગલ સાથે માંડ્યું. રતિભાઈ! જુઓ! આ બધા કરોડોપતિઓ છે..... ૨૫-૫૦ લાખ. ધૂળમાંય નથી. અહીં તો એ અસ્તિ છે એનું એને લઈને જ્ઞાન નહીં, એનું સ્વ-પરપ્રકાશના સામર્થ્યને લઈને પરિણમેલું જ્ઞાન છે. આહાહા! એ પંચાસ્તિકાય એના નહીં અને પંચાસ્તિકાય છે માટે એના અવલંબે જ્ઞાન થયું છે એમેય નહીં. એને અવલંબે નહીં, પણ એ જગતમાં અસ્તિ છે માટે જ્ઞાનમાં પરિણમનમાં આટલું અસ્તિ પ્રગટ્યું એમેય નહીં. આહાહા! કહો, સમજાણું કાંઈ? આ

તો ભગવાન ત્રણ લોકના નાથ પરમાત્માના પેટમાં જાવાની વાત છે. આહાહા! એના ઘરમાં જવાની વાત થાય છે. પેટ એટલે ઘર, એનો આત્મા પોતાનો. ભગવાનજીભાઈ! આ રૂપિયાની કાંઈ કિંમતેય કાંઈ ગણતા નથી. ગણતરી ગણી કે જગતમાં છે પંચાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય. પૈસો એટલે પુદ્ગલાસ્તિકાય, શરીર પણ પુદ્ગલાસ્તિકાય. આહાહા! કાર્મણશરીર એ પણ પુદ્ગલાસ્તિકાય. એ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાથી પ્રગટેલું છે અને તે પરિણમનરૂપે થઈ ગયું છે. આહાહા! ધારણારૂપે નહીં. ગજબ વાત છે નાથ! આહાહા!

**પરિણમતા જ્ઞાનના બળ વડે જેઓ મહા પંચાસ્તિકાયની સ્થિતિ...** એની મર્યાદા જે રીતે છે—પર્યાયરૂપે, ધ્રુવરૂપે, એને આચાર્ય મહારાજ સમજાવે છે. આહાહા! અરે! આવા જૈનના વસ્તુના તત્ત્વો એ બીજે ક્યાંય નથી. એને ઠેકાણે બધાનો સમન્વય કરવો કે અહીં પણ છે, અહીં પણ છે, અહીંથી છે. પ્રભુ! તું લૂંટાઈ જા છે હોં. તારી મોટપને મોટા કલંક લગાડે છે. આહાહા! ભગવાન આત્મા... પંચાસ્તિકાય અનંત છે એ સંબંધીનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન એવું પરિણમન જેને પોતાથી થયું છે. એ તો પર્યાયના પરિણમનની વાત છે, એના ધ્રુવની તો શું વાત કરવી! પંડિતજી!

**મહા પંચાસ્તિકાયની સ્થિતિને સમજાવે છે**... ઓહોહો! આચાર્યોના હૃદય કેટલું ગંભીર! માથે આવ્યું હતુંને, ધીર ને ગુણગંભીર. અહીં તો હજી રાગનો કર્તા ને દયા પાળનાર, અપવાસ કરનારો આત્મા, એમાંથી નિર્જરા થાય. અરેરે! ક્યાં તેં તને (અટકાવ્યો છે)? આવી પામરતામાં તું ક્યાં રહ્યો છે? એ તો પામરતા છે. આહા! તારી પ્રભુતા તો એટલી છે... એ બધો આહાર હોય, જાય, ટળે એ તો અસ્તિકાય છે. એ સંબંધીનું જ્ઞાન પોતાથી પોતાનું પ્રગટેલું એવો તું છો. એને ઠેકાણે આને મેં છોડ્યું ને આને મૂક્યું, ભગવાન! એ મોટી ભ્રમણા છે તને. આવા ભગવાનને તું ભૂલ્યો છો. સમજાણું કાંઈ?

**વિપુલ અચંચળ યોગમાં (-વિકસિત સ્થિર સમાધિમાં) જેમની બુદ્ધિ નિપુણ છે...** આહાહા! ઓલું 'સમજાવે છે' એટલું કહ્યુંને. અને છે તો કેવા અંદર? **વિપુલ અચંચળ યોગ**... વિકસિત સ્થિર શાંતિ સમાધિ આનંદની. આ બાવા સમાધિ ચડાવે એ નહીં હોં. આ તો અંતરમાં અનંત-અનંત ગુણનો પિંડ પ્રભુ એનો અંતર અનુભવ થઈને સ્થિરતામાં અતિ... આનંદની શાંતિમાં, સમાધિમાં લીન થયો છે, એને અહીં સમાધિ કહે છે. જેની શાંતિની સમાધિની લીનતા આગળ જગતની કોઈ ચીજની કિંમત જ નથી. સમજાણું કાંઈ? આહાહા! કોઈ કહે, પણ આ એક જ સાચું તમારું? વળી એમ કહે છે કેટલાક. અરે ભગવાન! આ જ છે એમાં વળી એક જ સાચું ને બીજાનું નહીં એ પ્રશ્ન જ ક્યાં છે? ભગવાન! એમ ન કર. આ તમારો એક જ પક્ષ સાચો આવો? એમ કહે છે. સમજાણું? એ વળી કહે છે.

પક્ષની ક્યાં વાત છે? પ્રભુ! તારો સ્વભાવ જ આવડો છેને. એ સ્વભાવને તું કોઈ બીજી રીતે માન તો હણાઈ જા છો, તારી મહાપ્રભુતાનો નકાર થઈ જાય છે. સમજાય છે? એટલે એવા પૂર્ણ સ્વભાવની હયાતી એનો અસ્વીકાર એ જ મોટી હિંસા છે. મિથ્યાભ્રમ દશા ઉત્પન્ન કરી છે. આહાહા! એની શુદ્ધતા તો બડી, પણ અશુદ્ધતા પણ બડી. એમ આવ્યું છેને? આટલો ઊંધો પડ્યો, જેટલો મોટો તું, એ ઊંધો પડ્યો એટલી જ ઊંધાઈ દશામાં આવી ગઈ. આહાહા! એ ઊંધી દશા જેને ટળી છે અને સ્વમાંથી સ્વ-પરપ્રકાશનો સ્વભાવ જે છે એ પોતાથી પરિણતું જ્ઞાન જ્યાં પ્રગટ્યું છે, એ મહા પંચાસ્તિકાયને સમજાવે છે. સમજાણું કાંઈ?

એક આત્મા નહીં, અનંત આત્મા તે પણ અસ્તિકાય પાછા (એટલે) અસંખ્યપ્રદેશી. આકાશ એક અનંતપ્રદેશી, ધર્માસ્તિ, અધર્માસ્તિ એક અસંખ્યપ્રદેશી. આ તે વાત શું કહે છે! સમજાણું કાંઈ? એનો વિશ્વાસ એ છે માટે નહીં, પણ તારો સ્વભાવ જ એવડો છે કે સ્વ ને પર જેટલા ને જેવડા છે એને બરાબર પરિણમવું ને જાણવું એ તારું સ્વરૂપ છે. કાંતિભાઈ! આમાં પૈસા-બૈસાની કિંમત કાંઈ રહી નહીં. હા, પણ ત્યાં પંદરસો પગાર હતો કાંતિભાઈને લ્યો. માસિક પંદરસો છોડ્યા. એ માહાત્મ્ય છે? બીજાને કેમ.....? કારણ હોય. એય સુમનભાઈ! આહાહા! ઓલા ભાઈ આવ્યા હતા, યાદ કર્યા હતા બે ત્રણ દિવસ પહેલા. કહ્યું ભાઈએ? .... પગારમાં યાદ કર્યા હતા. આઠ-આઠ હજારના ને દસ-દસ હજારના પગારવાળા ઘણાય છે. સુમનભાઈ તો ઓલામાં છે. આ બધાય પગારવાળા છે. સુમનભાઈ અહીં બેઠા, ઓળખો છો તમે? જયંતિભાઈ... ઓળખો છો તમે? મુંબઈ રહો છોને? મોટા પગારવાળા બધા છે. આઠ-આઠ દસ-દસ હજાર મહિનાના. એટલે શું પણ? આહાહા! પગાર કોને કહીએ? એ તો પરચીજ છે. આહા!

ભગવાન તો એને ને એના સામર્થ્યના આધાર વિના, એ અસ્તિકાય છે એના આશ્રય વિના (જાણે) અને એ છે માટે અહીં સ્વ-પરનું જ્ઞાન પ્રગટ્યું છે એમ નહીં. એની શક્તિમાં સ્વ-પરપ્રકાશકપણું પૂર્ણ ભર્યું છે. એના અવલંબનથી અંતરના ભગવાન ચિદાનંદના પ્રકાશમાં જે પ્રકાશ પ્રગટ્યો છે એના બળ વડે આ જગતની ચીજ આવડી, આટલી છે એમ સમજાવે છે. આહાહા! ધન્ય રે ધન્ય! એ આચાર્યની દશા અને આચારની દશાવાળો આવી વાત કહે અને એ સંયોગ મળે, એ પણ મહા ભાગ્યવાનને મળે. આહાહા! બાપુ! તારી મોટપની શું વાત કરવી! આહાહા! તને કેવળજ્ઞાનની પર્યાયવાળો જેટલો માનવો એ પણ નથી પાલવતો. આહાહા! કારણ કે એ તો એક ગુણના અનંતમા ભાગની પર્યાય છે. એવડો તને માનવો પણ પાલવે નહીં ભગવાન! આહાહા!

સમકિતીના શ્રદ્ધામાં તો એવડો આત્મા બેઠો છે કે આવો મહા પંચાસ્તિકાય ત્રણ કાળ કરતાં અનંતગુણા પ્રદેશો અને અનંતગુણા ગુણો.. ઓહોહો! એટલો મહા પંચાસ્તિકાય. એને

પોતે પોતાના જ્ઞાનના બળ વડે, એમ કહીને આચાર્ય એમ કહે છે કે એ પંચાસ્તિકાય છે માટે આ પરસંબંધીનું જ્ઞાન અહીં પરિણમ્યું છે એમ નહીં. એના ખ્યાલમાં આવ્યો છેને કે પંચાસ્તિકાય છે, તો પંચાસ્તિકાયને સમજાવે છે. આવ્યું છે તે કઈ રીતે આવ્યું હશે? પંડિતજી! એ ભગવાન પોતે જાગીને ઉઠ્યો છે પોતાથી. આહાહા! ચૈતન્ય સ્વભાવથી ભરેલો એકલો જ્ઞાનના પુંજનું નૂર, એનો પૂર એકલો આત્મા એમાંથી પ્રગટેલું.

શ્રોતા : અકેલે આચાર્યકી આત્મા ઐસી ભરી હોગી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એકેક આત્માકી એકેક પર્યાય ઐસી ભરી હૈ. આહાહા!

આચાર્યના કળશો તો જુઓ! ઓહો! અમૃતથી ભર્યા છે કળશો. થોડું પણ છે તેમ તેને બેસવું જોઈએ. સમજાણું કાંઈ? તે પણ તેના પોતાના આશ્રયે, એમ કહે છે. **વિપુલ અચંચળ યોગમાં જેની બુદ્ધિ નિપુણ છે**... જુઓ! એમાં નિપુણ છે. એમ કે આ પંચાસ્તિકાયને સમજાવે છે એટલે એનું જાણપણું તો છે એને. એ છે, પણ આ તો વિપુલ અચંચળ યોગ... યોગ એટલે સમાધિ, શાંતિ. આનંદ.. આનંદની લહેર જ્યાં ઉઠે છે, અતીન્દ્રિય આનંદની મોજમાં પડ્યા આચાર્ય, આહાહા! જેની અચંચળ–ફરે નહીં એવી યોગ એટલે સમાધિ એમાં નિપુણ છે. વિપુલ છેને વિપુલ. 'વિપુલ અચંચળ યોગમાં' એમ કીધુંને. એનો અર્થ કર્યો. વિપુલનો અર્થ કર્યોને નિપુણ. કોનો અર્થ કર્યો એ? એ તો બીજો કર્યો છે.

**चंचज्ज्ञानबलप्रपंचितमहापंचास्तिकायस्थितीन् स्फारा**... વિપુલ. **स्फार** એટલે વિપુલ. અચંચળ યોગ... **चंचज... चंचज** એટલે શું? નિપુણ. એને નિપુણ કહ્યું. **चंचज**–નિપુણ. એમાં નિપુણ છે એમ કહે છે, એમાં એ ડાહ્યો થયો છે. આહાહા! પોતાની અનંત શાંતિ, સમાધિ.. સમાધિ.. સમાધિ.. અનંત શાંતિ ને અનંત આનંદની સમાધિમાં જે નિપુણ છે. વળી કોઈ કહે કે એકલું પંચાસ્તિકાયનું જ્ઞાન એને પ્રગટ્યું છે (એટલું) તો નહીં, પણ આ તો આમાં નિપુણ છે પાછો. સમજાણું કાંઈ? **વિપુલ અચંચળ યોગમાં જેની બુદ્ધિ નિપુણ છે અને જેમને ગુણો ઉછળે છે**... આવે છેને સર્વવિશુદ્ધમાં. જ્ઞાનાદિ ગુણો ઉછળે છે. એ ગુણ શબ્દે વિશેષ દશા. એ ગુણો જે અનંત છે, અનંત ગુણનો દરિયો ભગવાન ઉછળે છે પર્યાયમાં. વર્તમાન પર્યાય, જેમ દરિયાને કાંઠે પાણીની ભરતી આવે છે આમ મારછોળ કરતા, એમ ભગવાન અનંત ગુણનો દરિયો પ્રભુ એની વર્તમાન દશામાં ઉછળી રહ્યો છે. આહાહા!

એના ગુણેય સાંભળ્યા નથી કોઈ દિ' કે આવડો છે. આ કરું ને આ કરું. ભાઈ! દયા પાળો ને વ્રત પાળો ને તપ કરો ને અપવાસ કરો. કર્તા.. કર્તા.. કર્તાબુદ્ધિ જ્ઞાતાપણાનો તો સંહાર કરનારી છે. આ તો બાપુ! લોકો એમ કહે છે, વ્રત ને તપ કરી તો જુઓ! અરે ભગવાન! એવું તો અનંતવાર કર્યું છે. સમજાણું કાંઈ? એ કાંઈ નવી ચીજ નથી. એવું કર્યું છતાં સમ્યગ્જ્ઞાનનું કરવું થયું નહીં. મહત્તા કોની છે એમાં? એમાં જ અનંત પુરુષાર્થ છે. **જેમને ગુણો ઉછળે છે**...

આહાહા! અનંત આનંદ, અનંત શાંતિ, અનંત જ્ઞાનની પર્યાય, ભલે મતિ-શ્રુત હો, પર્યાયમાં અનંતા ગુણો જેટલા સંખ્યાએ છે એ બધાય પર્યાયમાં એટલે વર્તમાનદશામાં પ્રગટ થઈને પરિણમી રહ્યા છે, ઉછળી રહ્યા છે. કહો, આને આચાર્ય કહીએ. સમ્યગ્દૃષ્ટિ પણ આવા આચાર્યને વંદે ને માને. સમજાણું કાંઈ?

**તે આચાર્યોને...** હવે પોતે કહે છે. પોતે મુનિ છેને. **ભક્તિક્રિયામાં કુશળ એવા અમે...** પાછું એમ. આવા આચાર્યોના વિનયમાં ભક્તિનો વિકલ્પ ઉઠાવનારા અમે, આવું બહુમાન આવતું હોય તો અમને આવે છે કહે છે. વ્યવહારે પણ **ભક્તિક્રિયામાં કુશળ એવા અમે ભવદુઃખરાશિને ભેદવા માટે...** લ્યો, ભક્તિથી... એ વાત તો એમ થાયને. ભવના દુઃખો ભેદી નાખ્યા છે જેણે એવા સંતોને, બીજા સંત પણ એવા છે એ એમ કહે છે કે **ભવદુઃખરાશીને ભેદવા...** અરે! ભવના દુઃખનો ઢગલો ચોરાશીના અવતારનો. ઢગલો-રાશિ કીધીને? એકેન્દ્રિયના અનંતા ભવ, બેઇન્દ્રિય, ત્રેન્દ્રિય, ચૌઇન્દ્રિય, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ ને વનસ્પતિ. અરે! એવા ભવના દુઃખનો રાશિ એને ભેદવા માટે... અમારી ભૂમિકામાં એ દશા છે એમ કહે છે મૂળ તો. એવા ભૂમિકાવાળાને અમે વંદન કરીએ છીએ, એમ કહે છે. આહાહા! સમજાય છે? અભ્યાસ જોઈએને અભ્યાસ.

**તે આચાર્યોને ભક્તિક્રિયામાં કુશળ એવા અમે...** સંતોની સાચી ભક્તિ હોય તો સમકિતીને જ હોય. સાચી એટલે? છે વ્યવહાર. સમજાણું કાંઈ? વળી એને સાચી કીધીને તમે.... ભક્તિ તરીકે સાચી છેને. સ્વભાવ તરીકે એ રાગ છે એ અભૂતાર્થ છે. પણ એ રાગની હયાતી છે કે નહીં એને? આહાહા! અમે... જુદા કેમ પડો છો? અહીં કહે છે, અમે પોતે પોતાના ભાનવાળા... આવા ભાનવાળા ને શાંતિવાળા આચાર્યોને **ભવદુઃખરાશિને ભેદવા...** ભવના દુઃખની રાશિ... આહાહા! ભવના દુઃખનો ઢગલો... ચોરાશીના અવતાર કરવા એ તો ભવના દુઃખનો ઢગલો છે ભાઈ! આહાહા! **ભેદવા માટે પૂજીએ છીએ.** 'તદ્ગુણલબ્ધયે' આવે છેને? પછી એમ કહે, જુઓ! એના ગુણની પ્રાપ્તિ માટે અમારું વંદન છે. પણ એ કઈ અપેક્ષાએ?

નેમચંદભાઈ ત્યાં કહેતાને ૯૫માં. ગિરનાર. નેમચંદભાઈ ને? ડોક્ટર થયા.... વીરચંદભાઈના ભાઈ એ કહેતા. મહારાજ! તમે એમ કહો છો, પણ અમે ભગવાનની ભક્તિ કરીએ છીએ એમાં અમારે ક્યાં રાગ જોઈએ છે? અમારે તો વીતરાગતા જોઈએ છે. પણ તું ભક્તિ કરે છો એ જ રાગ છે. અમે તો વીતરાગતાથી કરીએ છીએ. ઓળખતા હતા? રતિભાઈ! નેમચંદભાઈ હતા. આ વીરચંદભાઈ નહોતા ડોક્ટર? આપણે રાજકોટ હતા, પછી જામનગર ગયા. ગુજરી ગયા. એના મોટા ભાઈ હતા. અરેરે! પ્રભુ! તારી ક્યાં મોટપ છે અને તું ક્યાં બીજેથી મોટપ લેવા માગે છે? એમ કે ભક્તિ કરીએ ભગવાનની, એમાં વીતરાગતા છે અમારે.

વીતરાગતા માટે જ કરીએ છીએ. એ વિકલ્પ છે, રાગ છે ભાઈ! હોય અશુભથી ટળવા, એ ભૂમિકાને યોગ્ય એ કાળે હોય, પણ એની મર્યાદા તો પુણ્યબંધની છે.

એવા આચાર્યોને ભવદુઃખની રાશિને ભેદવા માટે... લ્યો એક કળશ થયો. ૫૦ મિનિટ થઈ. ઓલા કહે, ચાલીસ મિનિટ..... અહીં ખબર પણ નથી પડતી. સામું જુએ છે કે આઘું એનું ધ્યાન નથી. અહીં ધ્યાનમાં આડું-અવળું...... આહાહા! એકે બેડો પાર છે. એક જ છેને પોતે ત્યાં. **વળી (આ ૭૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :** ઓલો તો વાદિરાજનો આધાર આપ્યો હતો.

**सकलकरणग्रामालंबाद्विमुक्तमनाकुलं**
**स्वहितनिरतं शुद्ध निर्वाणकारणकारणम्।**
**शमदमयमावासं मैत्रीदयादममंदिरं**
**निरुपमिदं वंद्यं श्रीचन्द्रकीर्तिमुनेर्मनः ॥१०४॥**

મારા ગુરુ આચાર્ય એને હું વંદન કરું છું, એના મનને વંદન કરે છે. મનનો અર્થ પરિણતિ છે. આવી જે પરિણતિ છે સંતોની–આચાર્યની એને હું આદર ને વંદન કરું છું. શબ્દ 'મન' વાપર્યો છે.

**શ્લોકાર્થ : સકળ ઇન્દ્રિયસમૂહના આલંબન વિનાનું...** લ્યો. કોનું? અમારા ગુરુનું પરિણમન. ચૈતન્યનું પરિણમન એટલે એનું મન. ભાવબંધ એટલે આ વિકલ્પવાળું નહીં, નિર્વિકલ્પ પરિણતિવાળું જેનું મન... **સકળ ઇન્દ્રિયસમૂહના આલંબન વિનાનું...** એના જ્ઞાનનું પરિણમન તો ઇન્દ્રિયસમૂહના આધાર ને અવલંબન વિનાનું એનું પરિણમન છે. આહાહા! ઇન્દ્રિયો છે અને સાંભળે છે માટે ત્યાં અંદર જ્ઞાન થાય છે એમ નથી. સમજાણું કાંઈ? એ ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવથી ભરેલો છે એમાંથી જ્ઞાન થાય છે. **સકળ ઇન્દ્રિયસમૂહના આલંબન વિનાનું, અનાકુળ...** આચાર્યનું મન–મારા ગુરુનું મન અનાકુળ છે, એમ પોતે મુનિ કહે છે. લ્યો, મન અનાકુળ. આમ ભાવમનને સંકલ્પ-વિકલ્પવાળું કહ્યું, દ્રવ્યમનને જડ કહ્યું. આ ત્રીજું મન ક્યાંથી આવ્યું? આ ત્રીજું મન પરિણતિને લીધું. આહાહા! શબ્દને પકડવો જોઈએ કે એનો ભાવ શું છે એને પકડવો જોઈએ?

**અનાકુળ** છે. અમારા ગુરુ જે છે આચાર્ય એનું પરિણમન અનાકુળ છે. એમાં આકુળતા નથી જરીએ. આહાહા! અરે! છદ્મસ્થ છેને, પંચમ આરાના આચાર્ય છેને? એ પંચમ આરાના છે એટલે શું? એમ કે આ બધી વાતું ચોથા આરા માટે છે. તારા આત્મા માટે છે. તારો આત્મા એવડો સદાકાળ એવડો છે. આહાહા! એવો જે ભગવાન આત્મા એનું અનાકુળ પરિણમન (કે) જે મન છે આચાર્યનું... જોયું! એને પાંચ મહાવ્રતના પરિણામ છે, ઢીંકણા છે એ વાત રાખી જ નથી. આહાહા! ગજબ વાત છે! વસ્તુની સ્થિતિ, વસ્તુની મર્યાદામાંથી ઉપાડી છે એકદમ. બાહ્યને અડી જ નથી, સ્પર્શતો નથી. એલા! વંદન કરું છું એમાં કાંઈક તો થોડું તો નાખ. ભલે

વંદનનો વિકલ્પ છે, પણ જેને વંદુ છું એ તો અનાકુળભાવને હું વંદું છું, એનો હું આદર કરું છું. મોટા રાજાના દીકરા હતા, મોટી રાજાની રાણીનો મોટો ભાણેજ હતો—એમ કરીને ઓળખાવવું આચાર્યને એ વસ્તુ નથી, એમ કહે છે. એ તો અંતર આનંદના સ્વરૂપમાં રમણતા કરનારા હતા. આહાહા! એવા આચાર્યનું મન-પરિણમન અનાકુળ હતું.

**સ્વહિતમાં લીન** હતા. ભાષા જુઓ! કોઈ કહે કે આચાર્ય છેને, એ પરના ઉપકાર... આમાં બહુ આવે શ્વેતામ્બરમાં. આચાર્ય જે થાય, એ પરને માટે કરે તો એને ત્રણ ભવમાં મુક્તિ થાય, સાધુને વાર લાગે. અરે! સાંભળને ભાઈ! આવું ક્યાંથી કાઢ્યું? હજી આચાર્યપદમાં હોય ત્યાં સુધી એને કેવળજ્ઞાન થાય જ નહીં. વિકલ્પ છોડી દે છે અંદરથી. મને પૂછવાનો અધિકાર હવે રહ્યો નથી, હું કહું એવો પણ (રહ્યો) નથી, મારી દશા સાધુની થઈ ગઈ છે. સ્વરૂપને સાધે. આચાર્ય પણ ત્યાં પાછા આવી જાય છે. આહાહા! એથી કહે છે, સ્વહિતમાં જે લીન છે. પરના હિતને માટે, પરોપકાર માટે રોકાઉં કાંઈક. પરોપકાર કરો, દુનિયાનું કલ્યાણ કરો, ભલે ભવ કરવો પડે એકાદ. જેને આવો ભાવ છે એને તો અનંતા ભવ છે. આહાહા! આચાર્યો સ્વહિતમાં લીન છે.

**શુદ્ધ** છે. લ્યો, પર્યાયમાં નિર્મળાનંદ દશા પ્રગટ થઈ છે. એમનું નિર્મળ શુદ્ધ પરિણમન **નિર્વાણના કારણનું કારણ** છે. **(-મુક્તિના કારણભૂત શુક્લધ્યાન,** એનું આ નિમિત્ત કારણ. સમજાણું કાંઈ? આહાહા! નિર્વાણનું કારણ તો મુક્તિ છે. એનું પણ શુક્લધ્યાન કારણ. નિર્મળ પરિણતિ લેવી છેને. **શમ-દમ-યમનું નિવાસસ્થાન** છે. એ તો ભાષા થઈ. **મૈત્રી-દયા-દમનું મંદિર (ઘર)** છે. એ તો ... નિવાસ ને મંદિર છે. એમનું પરિણમન.. આહાહા! શુક્લધ્યાનનું કારણ છે અને શુક્લધ્યાન મુક્તિનું કારણ, પાછું એમ. એમનું પરિણમન તો શુક્લધ્યાનનું જ કારણ છે એમ કહે છે. **શમ** નામ શાંતિ, ઉપશમ. એનું તો ક્ષેત્ર છે, એ નિવાસસ્થાન છે પરિણમન. ઉપશમરસ પ્રગટ્યો છે એમાં જ એનો વાસ છે.

**દમ**–ઇન્દ્રિયોનું દમન એમાં જ એનો વાસ છે. અતીન્દ્રિયમાં એનો પરિણમનનો વાસ છે. ઇન્દ્રિયનો વાસ જ નથી, ઇન્દ્રિયનો જ્યાં આશ્રય જ નથી એવું એનું પરિણમન-મન. અને **યમ**–સંયમ, સ્વરૂપની લીનતા. એનું નિવાસસ્થાન તે પરિણમન છે. આહાહા! **મૈત્રી-દયા-દમનું મંદિર છે**.... છે તો આત્માના મૈત્રી, આત્માની દયા, આત્માનું દમન, એનું એ ઘર છે. પોતાની દયા, અહિંસા-વિકલ્પનું ન થવું, પોતાના સ્વરૂપની સાથે મૈત્રી અને દમન-અતીન્દ્રિયમાં આવવું ને ઇન્દ્રિયનું દમન. નાસ્તિથી વાત કરી. એનું ઘર. **એવું આ શ્રી ચંદ્રકીર્તિ-મુનિનું નિરુપમ મન...** જેને ઉપમા નથી. આહાહા! એવું **(ચૈતન્યપરિણમન) વંદ્ય છે.** નિશ્ચય બતાવે છે, વ્યવહાર બતાવે છે, વ્યવહાર કરનારો નિશ્ચય દૃષ્ટિવાળો હોય છે, એમ બધી વાત કરી. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**જયેષ્ઠ વદ ૧૪, મંગળવાર, તા. ૮-૮-૧૯૭૨**
**ગાથા-૭૪, પ્રવચન નં. ૬૪**

આ નિયમસાર, વ્યવહારચારિત્ર અધિકાર. આચાર્યનો અધિકાર આવી ગયો. વ્યવહાર ચારિત્ર છેને એટલે પરદ્રવ્ય–વસ્તુ, પંચ પરમેષ્ઠી છે એ આત્માથી પરદ્રવ્ય છે. એને વંદન કરવું એ વ્યવહારભાવ છે. વ્યવહારચારિત્ર છે, વ્યવહારભાવ છે. એથી એમાં પાંચ પરમેષ્ઠી લીધા છે. પાંચ પરમેષ્ઠી છે નિશ્ચયસ્વરૂપ, પણ એને વંદન કરનારને આ પાંચ પરમેષ્ઠી અન્ય દ્રવ્ય બીજા છે માટે એને વ્યવહાર કહેવામાં આવે છે. એથી આ વ્યવહારનો અધિકાર મૂક્યો છે. ઉપાધ્યાયનું સ્વરૂપ. 'આચાર્ય' કળશમાં એ આવ્યું હતુંને કે ચૈતન્ય પરિણમનને વંદે. ચેતનજી! આ ચૈતન્ય પરિણમનને વંદે. પર્યાય આવી. આને વિકલ્પ છે એ પર્યાય છે ને એને નિર્મળ... ...રચના તે રચના છે ને! ઓહોહો! જેને પરિણમનમાં અંદર નિર્મળ, નિર્દોષ, નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ થઈ ગઈ છે એને આચાર્ય કહીએ.

વસ્તુ તો છે એ છે, પણ પરિણમનમાં–વર્તમાનદશામાં જેને આવી શુદ્ધતા પ્રગટી, એનું જ્ઞાનનું પરિણમન અથવા શુદ્ધ પરિણમન વંદનિક છે. એમ કહીને તો ઘણું કહ્યું. એને વિકલ્પ આદિ છે એ વંદનિક નથી, નિશ્ચયપરિણતિ એ જ એનું સ્વરૂપ છે, વંદનારો એ પરદ્રવ્ય છે માટે એને વંદના કરનારનો વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ કળશનો અન્વયાર્થ કરવા, એમ કોઈ કહે છે. પંડિતજી! આ કળશ છેને આમાં. એ કોણ કરે? હિંમતભાઈ કરે તો ચાલે. .... કરેલા છે? આપણને કાંઈ ખબર નથી. આપણને કોઈકે કહ્યું હતું એ વાત કરી. આપણે તો જેમ હોય... અહીં સહેલું તો લાગતું નથી કાંઈ. જેમ છે એમ ઠીક જાણ્યું. આહાહા! ઉપાધ્યાયનું વર્ણન. જૈનના ઉપાધ્યાય કેવા હોય? એમાં જ હોય, બીજે તો હોય નહીં. ઉપાધ્યાય નામ આપે છે બીજામાં, બ્રાહ્મણ ઉપાધ્યાય ને બધા. આ તો વાસ્તવિક તત્ત્વના... 'ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં' એવા ઉપાધ્યાય, જેની પાસે ભણવું છે એ ભણાવનાર ઉપદેશક–ઉપાધ્યાય કેવા છે એનું વર્ણન કહે છે.

**रयणत्तयसंजुत्ता जिणकहियपयत्थदेसया सूरा ।**
**णिक्कंखभावसहिया उवज्झाया एरिसा होंति ॥ ७४ ॥**
**રત્નત્રયે સંયુક્ત ને નિઃકાંક્ષભાવથી યુક્ત છે,**
**જિનવરકથિત અર્થોપદેશે શૂર શ્રી ઉવઝાય છે. ૭૪.**

**ટીકા : આ, અધ્યાપક (અર્થાત્ ઉપાધ્યાય) નામના પરમગુરુના સ્વરૂપનું કથન છે.** એમ શબ્દ વાપર્યો છે ટીકાકારે ઓલામાં 'પરમગુરુ' વાપર્યો નહોતો આચાર્યમાં. આ તો ઉપદેશમાં

શૂરવીર છેને એથી એને વિશેષતા (આપી). **પરમગુરુના સ્વરૂપનું કથન છે. કેવા છે ઉપાધ્યાય?** પોતાનું જે ચિદ્રૂપ છે શુદ્ધ ત્રિકાળ, જ્ઞાનરૂપ ત્રિકાળીસ્વરૂપ સર્વજ્ઞસ્વરૂપ... ચિદ્જ્ઞાનરૂપ કહો કે 'જ્ઞ' સ્વરૂપ કહો, સર્વજ્ઞસ્વરૂપ કહો. સર્વજ્ઞસ્વરૂપ તો અનંત આત્મામાં પ્રત્યેકમાં છે. અભવિમાં પણ છે. સર્વજ્ઞસ્વરૂપી જ આત્મા છે. પર્યાયમાં ફેર છે એ અહીં કહેશે. આની પર્યાય ફરી ગઈ છે. સમજાણું કાંઈ?

'સર્વ જીવ છે સિદ્ધસમ..' 'સર્વજીવ છે જ્ઞાનમય' આવે છેને યોગસારમાં. એ ચિદ્રૂપ. બધા આત્માઓ એવા જ છે. અભવિ હો કે ભવિ હો, અનંત સંસારી હો કે એકાવતારી હો કે પ્રાપ્ત થયેલી પર્યાયવાળા હો—એ બધા **(૧) અવિચલિત...** વસ્તુ જે છે અંદર આત્મા ચિદ્રૂપ... એ તો એનું સ્વરૂપ કહ્યું. એ તો અવિચળ છે–ચળે નહીં એવી ચીજ છે અંદર. અવિચળ અને **અખંડ** છે–ખંડ નથી. પર્યાયનો જે ભેદ છે એ એમાં નથી. આ રત્નત્રય જે કહેશે એ એમાં નથી. આહાહા! ભગવાન આત્મા દરેકનો એવો છે. **અવિચલિત અખંડ...** ચળે નહીં માટે અખંડ. અખંડ માટે **અદ્વૈત...** ખંડ નથી માટે એક. આવું એનું જીવનું–આત્માનું સ્વરૂપ છે. કહો, સમજાણું કાંઈ?

**અવિચલિત અખંડ...** ચળે નહીં એવું, ભેદ ને ખંડ ન પડે એવું તેથી તે અદ્વૈત અર્થાત્ એકરૂપ ત્રિકાળ છે. શું? ચિદ્રૂપ–જ્ઞાનરૂપ. આત્માને આમ જોઈએ. આહાહા! અભેદ કહીને ન્યાં ચોખ્ખું કર્યું કે એકરૂપ છે, એમ. દરેક આત્માને સમ્યગ્દર્શન–શ્રદ્ધા કરવાલાયક ચીજ આ છે. સમજાણું કાંઈ? એવો જે **પરમ ચિદ્રૂપનાં શ્રદ્ધાન...** આ પર્યાય આવી. સમ્યગ્દર્શન અથવા શ્રદ્ધાન એમ આવે છેને, એટલે શ્રદ્ધાન શબ્દ વાપર્યો જુઓ! આવું અવિચળ અખંડ અદ્વૈત એકરૂપ ચિદ્રૂપ એની શ્રદ્ધા. જેઠાભાઈ! આ દેવ-ગુરુની શ્રદ્ધાની કાંઈ વાત લીધી નહીં આમાં. તું આવડો છો એવી શ્રદ્ધા (કર). આહાહા! સમ્યગ્દર્શન, એનો વિષય (એટલે) એને શ્રદ્ધવાલાયક ચીજ એ અખંડ ચૈતન્યમૂર્તિ પ્રભુ છે, અભેદ ને એકરૂપ છે. એનું શ્રદ્ધાન... શુદ્ધ નિશ્ચય સ્વભાવરત્નત્રય એનું નામ.

ભગવાન આત્મા અવિચળ અખંડ ને અદ્વૈત એવું ચિદ્રૂપ, ધ્રુવરૂપ, જ્ઞાયકરૂપ, સ્વભાવ ત્રિકાળી સ્વભાવરૂપ... આમાંય તે સ્વભાવ તો કહેશે. પણ આ ત્રિકાળી સ્વભાવરૂપ એનું શ્રદ્ધાન.. એનું શ્રદ્ધાન.. એ કેવું? કે શુદ્ધ. કેવું? કે નિશ્ચય. એનું શ્રદ્ધાનરૂપ શુદ્ધ નિશ્ચય સ્વભાવરત્ન.. રત્ન.. સ્વભાવરત્ન એ સમ્યગ્દર્શન. આહાહા! સમજાય છે કાંઈ? એક તો સમ્યગ્દર્શનને પણ સ્વભાવ કહ્યો અને શુદ્ધ નિશ્ચયસ્વભાવરત્ન એમ કીધું એને–પર્યાયને. આહાહા! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અખંડ અભેદ આનંદધામ પ્રભુ આત્મા, નિજ ચિદ્રૂપ ત્રિકાળી, એનું શ્રદ્ધાનરૂપ શુદ્ધ નિશ્ચય સ્વભાવરત્ન, એને સમ્યગ્દર્શન કહીએ. કહો, સમજાય છે કાંઈ?

પોતાનો નિજસ્વભાવ ત્રિકાળી એકરૂપ ચિદ્રૂપ એનું શ્રદ્ધાન... એનું શ્રદ્ધાન ક્યારે થાય? કે એની સન્મુખ થાય ત્યારે થાય. કહો, સમજાય છે કાંઈ?

એવા **ચિદ્રૂપના શ્રદ્ધાન**... ચિદ્રૂપના શ્રદ્ધાનરૂપ.. શ્રદ્ધાનસ્વરૂપ.. ...તો એક ભાષા મેળવવા માટે કરી. શુદ્ધ નિશ્ચયસ્વભાવરત્ન... એ સમ્યગ્દર્શન જ એવું છે કે શુદ્ધ નિશ્ચય સ્વભાવરત્ન છે. પર્યાયની વ્યાખ્યા છે આ. આહાહા! કહો, સમજાય છે કાંઈ? કોઈ તો કંઈક માને સમ્યગ્દર્શનને—દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા, ભગવાને કહ્યું એમ માનીએ શ્રદ્ધા. ભગવાને કહ્યું એવું માનવું, તો ભગવાને તો આ કહ્યું છે. અવિચળ, અખંડ, અદ્વૈત એટલે એકરૂપ, એવું જે ચિદ્રૂપ–જ્ઞાનરૂપ... ચિદ્રૂપમાં બધા ગુણો–રૂપ આવી ગયા. જ્ઞાનની પ્રધાનતાથી વાત છે. જ્ઞાન પોતે આખું સ્વરૂપ જ આત્માનું છે. કેમકે જ્ઞાન બીજા બધા ગુણોને જાણે છે, બીજા ગુણો જાણતા નથી કે અમે છીએ કે નહીં. જેમ જડ ચીજો છે એ જાણતી નથી, એમ શ્રદ્ધાદિ ગુણો છે એ જાણતાં નથી કે અમે છીએ. એને જાણનારું તો જ્ઞાન છે. જ્ઞાનમાં બધું જણાણું એથી જ્ઞાનસ્વરૂપ જ આત્મા છે.

એનું શ્રદ્ધાન... 'રૂપ' છેને ઓલું. **શ્રદ્ધાન, જ્ઞાન અને અનુષ્ઠાનરૂપ...** ત્રણને મેળવીને વાત કરી. એવું **શુદ્ધ નિશ્ચય-સ્વભાવરત્નત્રય...** લ્યો, આને સમકિત કહ્યું. શુદ્ધ નિશ્ચય સ્વભાવરત્ન... આહાહા! રતન-બતન એટલા બધા દુનિયા પાસે નહીં હોય. આ તો અનંતા રત્નનું ચિદ્રૂપ. અનંતા આત્માઓ, અનંતા પરમાણુઓ, એમાં અનંતા ગુણો—એ બધાને જાણનારી એક સમયની પર્યાય, એવી અનંતી પર્યાયનું એકરૂપ ચિદ્રૂપ, એનું શ્રદ્ધાન એમ કહે છે. આહાહા! આત્માની પ્રગટ એક પર્યાય જ્ઞાનની... અનંત-અનંત આત્માઓ, અનંત પરમાણુઓ અને એમાં એકેકમાં અનંતા ગુણો. આખો લોક એકલો જ્ઞાનનો પિંડ પડ્યો છે. અનંત આત્માઓ છે એ જ્ઞાનરૂપ છે. અનંત આત્માઓ ચૌદ બ્રહ્માંડમાં જ્ઞાનસૂર્યરૂપ આખું પડ્યું છે. એથી અનંતગુણા પરમાણુઓ છે અને એથી પણ અનંતગુણા એકેક દ્રવ્યના ગુણો છે. એ બધાને જ્ઞાનની એક સમયની પર્યાય એનું માપ (કરે) છે.

'જ્ઞેય પ્રમાણે જ્ઞાન' આવે છેને? પ્રવચનસાર. આવું તો જેનું એક સમયનું રૂપ. ઓહોહો! એવા-એવા અનંતા પર્યાયનો પિંડ એક ગુણ અને એવા અનંતા ગુણનું એકરૂપ એક ચિદ્રૂપ. સમજાણું કાંઈ? કાયરના કાળજા તો બેસી જાય એવી વાત છે. શું છે આ? તું છે એવડો તું ભાઈ! આવો પ્રભુ મોટો પરમેશ્વરરૂપ જ છે. એ પરમાત્મસ્વરૂપ જ છે. એનું શ્રદ્ધાન.. એનું શ્રદ્ધાન કેમ થાય? કે એના સન્મુખ થાય તો થાય. સમજાણું કાંઈ? એવું શુદ્ધ નિશ્ચય સ્વભાવરત્ન એવું સમ્યગ્દર્શન. શુદ્ધ નિશ્ચય સ્વભાવરત્ન, પર્યાયની વાત છે આ. ચિદ્રૂપ એ દ્રવ્યની વાત હતી. આહાહા!

એનું જ્ઞાન. એવો અવિચલિત અખંડ અદ્વૈત પરમ ચિદ્રૂપ એનું જ્ઞાનરૂપ શુદ્ધ નિશ્ચય સ્વભાવરત્ન, એ જ્ઞાનની પર્યાયને શુદ્ધ નિશ્ચય સ્વભાવરત્ન કહે છે. આહાહા! અને એને જ જ્ઞાન કહે છે. મહાપ્રભુ ચૈતન્ય ભગવાન આત્મા... અનંતા ભગવાનોને પણ જે જ્ઞાનની એક પર્યાયમાં જાણે, એવી અનંતી પર્યાયનું આખું એકરૂપ ને એવું અનંતગુણનું એકરૂપ આહાહા! એવા ભગવાનના પૂર્ણ રૂપને જે જાણે.. એમ કીધુંને. એવા **ચિદ્રૂપના જ્ઞાન,** એમ કીધું. એવા **ચિદ્રૂપનાં જ્ઞાન...** આહાહા! શાસ્ત્રજ્ઞાન કે કુજ્ઞાન એ વાત નથી લીધી. આહાહા! એકલી પર્યાયની...

આવી રીતે શુદ્ધ નિશ્ચય સ્વભાવરત્ન... સમ્યગ્દર્શન પણ શુદ્ધ નિશ્ચય સ્વભાવરત્ન, જ્ઞાન પણ શુદ્ધ નિશ્ચય સ્વભાવરત્ન. આહાહા! ભગવાનજીભાઈ! તમારા બધા આ પૈસા-બૈસા, રતનની કાંઈ કિંમત ન મળે. પણ આમાં આવીને કિંમત. જ્ઞાનની પર્યાય બધા જ્ઞેય છે એમ જાણે છે. બધા પૈસા હોય, શરીર હોય, ધૂળ હોય, પાંચ-દસ પચ્ચીસ કરોડ એની પાસે હોય, પણ આખી દુનિયા છેને. આખી દુનિયા જ્ઞાનનું જ્ઞેય છે અને જ્ઞેય પ્રમાણે અહીં જ્ઞાન થયું છે, એક સમયની પર્યાયમાં હોં. આહાહા! જ્ઞેય અનંત છે માટે ટાળવા જેવા છે, રાખવા જેવા છે— એમ છે? ટાળવા જેવા શું? એ તો ધ્રુવ છે. રાખવા જેવા શું, એ તો ઉત્પાદ થયા જ કરે સમય-સમયની પર્યાયમાં. નાશ કરવા જેવા છે એમેય ક્યાં છે? એ તો સમય-સમયની પર્યાય વ્યય થયા કરે છે. સમજાણું કાંઈ?

અવિચલિત અખંડ–અભેદ એકરૂપ... અભેદનો અર્થ..... અખંડનો અર્થ અભેદ કર્યો છે, ભેદ નથી. પર્યાયનો ભેદ નથી. એક સમયની જે પર્યાય છેને સાધકની કે સિદ્ધની એ પણ એમાં નથી, ભેદ નથી. અભેદસ્વરૂપ અખંડ એકરૂપ. ઓહોહો! એને શ્રદ્ધાનમાં લે તો નિશ્ચય શુદ્ધ સ્વભાવરત્ન કહેવાય એનું, કે જે રત્નથી મુક્તિ મળે. પૈસા-બૈસા આપે તો માલ મળે છેને. સુજાનમલજી! આહાહા! શુદ્ધ નિશ્ચય સ્વભાવરત્ન. એની શ્રદ્ધાની પર્યાયને આટલા વિશેષણ આપ્યા. આહા! વસ્તુને એટલું આપ્યું 'અવિચળ, અખંડ, અદ્વૈત, એકરૂપ' બસ. એનું શ્રદ્ધાન... એ પરમ ચિદ્રૂપ છેને. એના પર્યાયમાં, એ પરમ એકરૂપ પર્યાયમાં આવ્યું નથી, પર્યાયથી ક્યાંય ભિન્ન રહી ગયું છે. પરમ ચિદ્રૂપ છે. આહાહા! વાતું તે શું? આ તો હજી સમ્યગ્દર્શન જે ધર્મની પહેલી પર્યાય છે એ કોને આશ્રયે થાય અને એનો વિષય કેટલો ને કેવડો એ વાત છે. શોભાલાલજી! આહાહા!

તારામાં તો અનંતા રત્નના હારડા પડ્યા છે સ્વભાવના હોં. અનંત-અનંત રત્ન—જ્ઞાન, દર્શન, ચારિત્ર (આદિ). એવું પરમ ચિદ્રૂપ એની શ્રદ્ધા. આહાહા! એનો વિશ્વાસ. ઓલામાં મળે છેને... ..... આવું ન હોય તો આશ્વાસન ન મળે, આશ્વાસન ન હોય તો વિશ્વાસ ન થાય. એ ઉપાદાનની વ્યાખ્યા કરતા આવે છે. આત્મા... ઉપાદાન પોતાથી છે અને પોતે જ પોતાથી પ્રગટ

થાય છે. એવું ન હોય તો એનો વિશ્વાસ જ આવતો નથી. આવો ભગવાન પૂર્ણ ચિદ્રૂપનું જ્ઞાન... આહાહા! ભારે....! આટલું શાસ્ત્રનું જ્ઞાન, આચારાંગનું, સૂયગડાંગનું, ઠાણાંગનું, સમવાયાંગનું... કહો, જેઠાભાઈ! કર્મ કાંઈ નુકશાન કરતા નથી, એમ આવા જે પરના જ્ઞાન એ પણ લાભ કરતા નથી. આહા!

એવો ભગવાન એનું જે જ્ઞાન, એ શુદ્ધજ્ઞાન છે, એ નિશ્ચયજ્ઞાન છે, એનું સાચું છે અને એ સ્વભાવજ્ઞાન છે. એ પર્યાયમાં પ્રગટ્યું, ત્રિકાળી ભગવાન પરમાત્મા પોતે એનું જ્ઞાન તે સ્વભાવજ્ઞાન છે. આહાહા! એ સિવાય બધો વ્યવહાર રત્નત્રય ને બધા શ્રદ્ધા-જ્ઞાન એ કાંઈ નથી. એ વસ્તુ જ નથી એમ કહે છે. એને ઠેકાણે અહીં તો કહે કે વ્યવહાર હોય તો નિશ્ચય થાય. આવું પરમસ્વરૂપ હોય તો નિશ્ચય થાય એમ કહેને. અને એ છે. વ્યવહાર હોય તો આ થાય એમ રહેવા દે ને. આવો હોય તો અથવા આવો છે. અવિચળ, અખંડ, અદ્વૈત ચીજ છે એવી એને પ્રતીત કરે તો સમ્યક્ થાય. કહો, ગિરધરભાઈ! આહાહા!

તત્ત્વાર્થશ્રદ્ધાન એ શ્રદ્ધાન અને એ શ્રદ્ધાન શુદ્ધનિશ્ચય. એ મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો એ વ્યવહાર છે, એમ કહે છે કેટલાક. એ વ્યવહાર છે. તત્ત્વાર્થશ્રદ્ધાનને વ્યવહાર કહે છે. ખોટી વાત છે. નિશ્ચય છે, પણ આ. આહાહા! સુજાનમલજી! કહે છે, ગોખે કોણ? એને ગણવું ન મળે, વિકલ્પ ન મળે. આહાહા! આમાં પૂછ્યું હતું ભાઈને, નહીં? સવારમાં પૂછ્યું હતું, અભવિને સર્વજ્ઞશક્તિ હોય? ..... અભવિને સર્વજ્ઞશક્તિ હોય? ત્યારે ચિદ્રૂપ છે એ શું છે? એ 'જ્ઞ' સ્વરૂપ છે, એ સર્વજ્ઞસ્વરૂપ જ છે. અભવિ હો કે ભવિ હો, પર્યાયમાં અનંત સંસાર હો કે પ્રગટેલ સિદ્ધપર્યાય હો. આહાહા! અરે! એ એને કેમ બેસે? અને બેસે તો રત્નત્રયથી એની મુક્તિ મળે. એ જેઠાભાઈ! આવું સમકિત છે એ સાંભળ્યું છે ન્યાં? આહાહા!

કહે છે, અવિચળ... આવા આચાર્યો, એમ કહે છે હોં અહીંયા. આચાર્યને આવું શ્રદ્ધાન, આવું જ્ઞાન હોય. આહાહા! નિશ્ચય ભગવાન અવિચલિત, અખંડ ને અદ્વૈત એવું પરમ શુદ્ધ ચિદ્રૂપ... પરમ ઉત્કૃષ્ટમાં આવી ગયું. એવું-એવું સ્વરૂપ એનું જ્ઞાન, એ જ્ઞાનને અહીંયા શુદ્ધ નિશ્ચય સ્વભાવરત્નત્રય કહે છે. આહાહા! એ રતનનો ધરનારો રતનીયો. આહાહા! ભગવાનના રત્ન છે એ બધા.... આહા! તે જ્ઞાનને શુદ્ધ કહીએ, તે સ્વથી થયેલું છે એટલે નિશ્ચય કહીએ, એ સ્વભાવથી થયેલું છે માટે સ્વભાવ કહીએ અને એ રત્ન છે. આહાહા! આવા રત્ન એનું ફળ અનંત મુક્તિ, એવી મુક્તિનું રત્ન, એવી અનંતી મુક્તિના રત્નો જેના સ્વભાવમાં પડ્યા છે એવા ચિદ્રૂપના રત્નને શું કહેવું! જેની શ્રદ્ધા-જ્ઞાનને પણ રત્ન કહીએ તે કેવું? શુદ્ધ નિશ્ચય સ્વભાવરત્ન. તો એ રત્નના મૂળમાં મળેલી મુક્તિ એ તો મહારત્ન. એવા-એવા મહારત્નો અનંતા-અનંતા-અનંતા ચિદ્રૂપ પાસે છે. સમજાણું કાંઈ? માળે ભારે એ વાત.

નાને મોઢે મોટી વાત એમ તો નથીને આ? આત્મા નાનો છે ને આ મોટો... તારો આત્મા નાનો છે ને મોટો કહે, મનાવે છે? ભાઈ! તને ખબર નથી. અરે! કેટલું ... કહે. આહાહા! એક વ્યાખ્યા તો જુઓ! હવે આ મુનિની વ્યાખ્યા છે એ સ્પષ્ટ છે એટલે ગોઠતું નથી કેટલાકને. આચાર્યનું જોઈએ. હવે આચાર્યોનો (મર્મ) પણ આમાં આવી જાય. આહાહા! પરમાગમ છે આ. એના મુખથી પરમાગમ ઝરે છે, એમ કહે છે. પણ માણસને પોતાને પોતાની મોટપની ખબર નથીને એટલે મોટપના અર્થવાળા કહેનારા એને બેસતા નથી. પોતાની દૃષ્ટિમાં બેસતા નથી. ચીમનભાઈ! આહાહા!

શ્રોતા : ખબર તો જબ પડે, મહારાજ! જબ મધ્યસ્થ હોકર સમજ લે.

પૂજ્ય ગુરુદેવશ્રી : મધ્યસ્થ... કારણ કે ભાઈ! તારું સ્વરૂપ જ મધ્યસ્થ છે. અનંતા જ્ઞેયોને, તારામાં રહીને એને સ્પર્શ્યા વિના (જાણે). એની હયાતી છે માટે જાણે છે એવું પણ છે નહીં. આહાહા!

હો રાગાદિ એને ઘરે, દેહાદિની ક્રિયા હો એને ઘરે. એ બધા જ્ઞાનના જ્ઞેય છે. એમ કહે છેને. એનુંય જ્ઞાન અહીં કીધું નથી. આહાહા! છદ્મસ્થ છે, વ્યવહારરત્નત્રયના વિકલ્પ પણ છે. પંચાચાર આ તો નિશ્ચય કીધા, પણ વ્યવહારનો વિકલ્પ છેને. એનું જ્ઞાન એને જ્ઞાન ન કહ્યું. એમ એની પર્યાય પ્રગટી છે એનું જ્ઞાન એ જ્ઞાન ન કહ્યું. ત્રિકાળીસ્વરૂપનું જ્ઞાન તે જ્ઞાન છે. સમજાણું કાંઈ? આહાહા! અરે! આવો વિરલો તેં કાંકરામાં વેંચી નાખ્યો. કાકરાના મૂલ્યે તને ચૈતન્યના રત્નની કિંમત ન આવી. આહાહા! એક જરીક અનુકૂળતા જ્યાં બહાર દેખે, પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ, પાંચ કરોડ, ધૂળ કરોડ, દસ કરોડ હોય, એક વિકલ્પ થાય તો આહાહા... અરે! આત્માને તેં વેંચી નાખ્યો. આ કાંકરામાં તેં આવા અનંતા હીરા એને વેંચી નાખ્યા, તને ખબર નથી હોં.

ઇન્દ્રિયના વિષયના ભોગમાં, જરીક આહ્લાદિક વિકલ્પ થાય, અરેરે! એમાં આખો આત્મા હણાઈ ગયો, કહે છે. એમ કહે છે. એવા આત્માનું જ્ઞાન એ જ્ઞાન એમ કહે છે. ઓલો વિકલ્પ થયો એનું જ્ઞાન એ ન કહ્યું, 'વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે' એમ આવેને. આહાહા! એ પણ અહીં ન લીધું. આહાહા! જ્ઞાનીને જે રાગાદિ આવે, અરે! એનું જ્ઞાન તે 'વ્યવહારે જાણેલો પ્રયોજનવાન' એ પણ અહીં તો ન કહ્યું. અહીં તો ભગવાન નિશ્ચય શુદ્ધ ત્રિકાળી ચિદ્રૂપનું જ્ઞાનરૂપ, ચિદ્રૂપનું જ્ઞાનરૂપ... છેને પણ એ આવ્યુંને. રૂપ, શ્રદ્ધાનરૂપ, જ્ઞાનરૂપ, અનુષ્ઠાનરૂપ. આહાહા! એવું શુદ્ધ નિશ્ચય સ્વભાવરત્ન, બસ. રત્ન ત્યાં સુધી... એકેકને લઈએને. હવે ત્રીજું ભળે છે.

એવો જે ભગવાન અવિચળ અખંડ–અભેદ ચિદ્રૂપ એનું **અનુષ્ઠાન**... દેખો! '**ચિદ્રૂપના અનુષ્ઠાન**' એમ લેવુંને. જેમ ચિદ્રૂપના શ્રદ્ધાન, પરમ ચિદ્રૂપનું જ્ઞાન, પરમ ચિદ્રૂપના અનુષ્ઠાન. આહાહા! પરમ ચિદ્-ભગવાન પૂર્ણાનંદનો નાથ, અનંતા પરમાત્માને પણ એક સમયની પર્યાયમાં ગળી જાય. એવા અનંતા-અનંતા પર્યાય જેના ગર્ભ–પેટ–શક્તિમાં પડ્યા છે, એવું જે

પરમાત્મરૂપ એનું આચરણ, આવડા મોટાનું આચરણ, એનું અનુષ્ઠાન, એનું આચરણ. નીચે અર્થ કર્યો છે. **અનુષ્ઠાન** કહો, **આચરણ** કહો. **ચારિત્ર** કહો, **વિધાન** કહો, અમલમાં મૂકવાની ચીજ હતી તે અમલમાં મૂકી. આહાહા! શ્રદ્ધા-જ્ઞાને જેની કિંમત કરી હતી એને અમલમાં મૂક્યું. સ્થિરતા અંદર જામી. આનંદનો નાથ ભગવાન પૂર્ણાનંદ.. પૂર્ણાનંદરૂપ પરમ ચિદ્રૂપ એ તો જ્ઞાનથી કીધું, પણ પરમ આનંદરૂપ ત્રિકાળ... અવિચલિત, અખંડ અદ્વૈત એક પરમાનંદરૂપ...

જ્ઞાનને મુખ્ય કેમ કહ્યું? કે જ્ઞાન મુખ્ય વસ્તુ છે. અને એનો અંશ પ્રગટ છે. આનંદનો પ્રગટ અંશ છે નહીં. પ્રગટ અંશમાં અનાદિનું તો દુઃખ છે. સમજાણું કાંઈ? એટલે એક તો પ્રગટ અંશ પણ છે અને એ જ્ઞાનની પ્રધાનતા બધા ગુણોને જાણવાથી છે. એથી એમ લીધું. બાકી નિત્યાનંદ પ્રભુ, નિત્યાનંદરૂપ એવું સ્વરૂપ એનું અનુષ્ઠાન, આનંદના ધામનું અનુષ્ઠાન... આહાહા! એના આચરણ એને ચારિત્ર કહીએ. જેઠાભાઈ! આહાહા! એવો જે પરમ આનંદરૂપ ભગવાન એનું અનુષ્ઠાન... 'અનુષ્ઠાન' શબ્દ વાપર્યો છેને. આચરણ કહો, એનું ચારિત્ર કહો. આ ચારિત્ર હોં. શરીરની નગ્નદશા અને પંચમહાવ્રતના વિકલ્પ એ તો અહીં યાદેય કર્યા નથી. એ તો જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણવામાં પર્યાય આવી છે એ પોતાની જ્ઞાનપર્યાય છે. સમજાય છે કાંઈ?

રાગ અને શરીરાદિની ક્રિયાઓ એ પરજ્ઞેયનું જ્ઞાન છે, સ્વજ્ઞેયના જ્ઞાનમાં એકાગ્ર થતાં સ્વ-પરપ્રકાશક પર્યાય પ્રગટી છે, એમાં એ સંબંધીનું જ્ઞાન એ પોતાનું જ્ઞાન છે એ આવી ગયું, એથી આનું જ્ઞાન કીધું. એનું આચરણ... એવો ચિદ્રૂપ આનંદરૂપ ભગવાન એનું ચારિત્ર, આનંદનું ચારિત્ર, આનંદની રમણતા, આનંદનું વિધાન એ જ વિધાન છે. વિધિવિધાનમાં આ વિધાન છે કહે છે. વિધિ આ. એય ચેતનજી! શ્વેતામ્બરમાં બહુ કહે, વિધિથી આ કરવું. મિચ્છામિ દુક્કડમ્ કહેશે. એ વિધિ કરે છે એ બધો વિકલ્પ છે. આહાહા! એ પોતે આત્મા જ નથી. આહાહા! અરેરે! ક્યાં આત્મા ને ક્યાં માનીને બેઠા? વિધિ કરતા અવિધિ થઈ, મિચ્છામિ દુક્કડમ્, એવું બહુ આવે શ્વેતામ્બરમાં. વિધિથી કરવું આ બધું આચરણ. એમાં અવિધિ.. પણ વિધિથી કરવું એવો વિકલ્પ જ આત્મા નથી. એ આત્માનું જ્ઞાન નહીં, આત્માનું શ્રદ્ધાન નહીં, આત્માનું આચરણ નહીં. આહાહા! વિધિવિધાનને બરાબર આજ્ઞા પ્રમાણે કરવા. નિયમસારમાં આગળ કહેશે, પણ આવા વસ્તુના સ્વરૂપમાં વિધિનો નિષેધ છે હોં. આહાહા!

અરે ભગવાન! ચૈતન્યરત્નાકર, એમ કહ્યો છેને એને. પર્યાયને સ્વભાવરત્ન કીધા, ઓલો ચૈતન્યરત્નાકર. આહાહા! એને શું ઉપમા આપે! એવો અતીન્દ્રિય આનંદનો રસકંદ, અતીન્દ્રિય આનંદનો રસકંદરૂપ ભગવાન એમાં અનુષ્ઠાન કરવું, એમાં લીન થવું, એમાં રમણતા કરવી, ઊંડે-ઊંડે જઈને એમાં રમવું, આહાહા! એવું અનુષ્ઠાનરૂપ શુદ્ધ નિશ્ચય સ્વભાવરત્ન... એકેકને લાગુ પડે છે. એવું જ અનુષ્ઠાન હોય છે કે જે શુદ્ધ હોય છે. આહાહા! પરમ પરમાત્મા ભગવાન પૂર્ણ અનંત રત્નાકર છે એનું આચરણ ને એનું ચારિત્ર, એનું વિધાન

એ શુદ્ધ હોય છે અને એ નિશ્ચય હોય છે, આહાહા! અને એ સ્વભાવ હોય છે. એ ચારિત્ર શુદ્ધ નિશ્ચય સ્વભાવ એવો રત્ન. ત્રણને થઈને રત્નત્રયવાળા એમ કીધું છે. લ્યો, શુદ્ધ નિશ્ચય સ્વભાવરત્ન. ત્રયવાળા એટલે આવા ત્રણ રત્નવાળો. એવા ઉપાધ્યાય હોય છે. એવા ઉપાધ્યાય જૈનના વસ્તુસ્વરૂપના છે. સમજાણું કાંઈ?

જૈન કોઈ સંપ્રદાય નથી. જૈન તો વસ્તુનું સ્વરૂપ પરમાનંદમૂર્તિ જિનસ્વરૂપે વીતરાગ-સ્વરૂપ તે આત્મા છે અને એનું ભાન થઈને સ્થિરતા કરવી એ જૈનશાસન છે. એ જૈનશાસન પર્યાય છે. એ પર્યાયનું આ સ્વરૂપ છે. આહાહા! સમજાણું કાંઈ? આવા ગુણોવાળા આચાર્ય, ઉપાધ્યાય એ સમકિતીને વંદનલાયક છે. તેથી અહીં વ્યવહારમાં નાખ્યા છે. એ પોતે નિશ્ચયમાં છે. પણ વંદન કરનારને (માટે) પર છેને, એથી વ્યવહાર થઈ ગયો. આહાહા! એવા **શુદ્ધનિશ્ચય સ્વભાવરત્નત્રયવાળા**... ત્રણેવાળા એ છે. કહો, સમજાણું કાંઈ? સ્વભાવરત્નત્રય, બસ એટલું છે. એ 'વાળા' પછી થયુંને એમ સમજાવવા માટે. નિશ્ચય સ્વભાવરત્નત્રયવાળા. એક શબ્દની વ્યાખ્યા થયો. **रयणत्तयसंजुत्ता**... પહેલા પદની વ્યાખ્યા થઈ. આચાર્ય આવા હોય. આહાહા! સાંભળ્યુંય નહીં હોય કોઈ દિ'. ભગવાનજીભાઈ! લૂગડાં ફેરવ્યા ને આ કર્યા, નાગા થયા, થઈ ગયા આચાર્ય ને થઈ ગયા સાધુ મહારાજ. આહાહા!

મહા તારી શોભા, પ્રભુ! તારી શોભાનો પાર નથી એટલે એને મહારાજ કહેવાય છે. એ મહાપ્રભુ એને તો તેં જાણ્યો નથી, ક્યાંથી આવ્યું તને આચાર્યપદ ને મુનિપદ? સિદ્ધનેય મહારાજ કહે છે હોં સિદ્ધ મહારાજ. મહારાજ એટલે પોતાના પૂર્ણ શુદ્ધસ્વભાવની પરિણતી એનાથી શોભિત થઈ ગયો, એ એનો શણગાર. રાજાધિરાજ પોતાના પૂર્ણ પદમાં અનુષ્ઠાન કરીને પડ્યા છે, ન્યાં આસનમાં પડ્યા છે નિજાસનમાં એને અહીંયા આચાર્ય કહીએ છીએ. આહા! ભગવાન! વ્યવહારવાળા તો એકેય યાદ કર્યા નથી તમે? વ્યવહાર ઉપાધ્યાય કહ્યા છે... પ્રવચનસારમાં એમ કહ્યું ચરણાનુયોગમાં. વ્યવહારરત્નત્રય ને પાંચ વ્યવહાર પંચાચાર! તારા પ્રસાદથી મુક્તિને પામું, લ્યો ત્યાં એમ કહે છે. આ ચરણાનુયોગનું કથન છે નિમિત્તથી. પ્રવચનસાર. આતા હૈ ન?

અરે! જ્ઞાનાચાર, દર્શનાચાર! એ છે વિકલ્પવાળું હોં. ચરણાનુયોગનું કથન છે વ્યવહારનું. તારા પ્રસાદથી જ્યાં સુધી મુક્તિ ન પામું ત્યાં સુધી તને સેવશું. આહાહા! એ તો કથનની શૈલી છે વ્યવવહારનયની. વસ્તુસ્થિતિ આ છે. નિશ્ચય છે તે યથાર્થને સમજાવે, વ્યવહાર એ ઉપચાર ને કથન બધું છે. આહાહા! સમજાણું કાંઈ? એવા રત્નત્રયવાળા ભગવાન આચાર્ય... લ્યો, પોણો કલાક તો આમાં ગયો. ઓલા કહે ૫૦ મિનિટ વાંચ્યું. આહાહા! આ તો કાંઈ ખબર પણ નથી કે પચાસ કોને કહેવું? આવો ભગવાન છેને ભાઈ! એ ઉપાધ્યાય કેવા છે?

**(૨) જિનેન્દ્રના મુખારવિંદથી નીકળેલા...** જિનેન્દ્રના મુખરૂપી અરવિંદ–કમળ. એક ઉપમા આપી, બાકી નીકળે છે તો એના આખા આત્માના પ્રદેશથી. પણ દુનિયા આમ માને છેને કે મુખથી નીકળે, એથી એવી શૈલીથી વાત કરી. આખો આત્મા એમાંથી એકદમ ધ્વનિ ઉઠે છે. ૐ એવો ધ્વનિ જિનેન્દ્રના આખા આત્મામાંથી (નીકળે). એને મુખારવિંદ કહીને સમજાવ્યું છે. **જિનેન્દ્રના મુખારવિંદથી...** એક તો જિનેન્દ્રને મુખ જ ન હોય. ભાષા તો શું થાય? અને આમ ભાષા નીકળે છે એ મુખથી નીકળતી નથી. મુખ ન હોય એ જુદી વસ્તુ, પાછી મુખથી નીકળતી નથી. પણ લોકો એમ સમજેને કે ભાષા મુખથી બોલાય. એનું મુખ જ, આખા આત્મામાંથી નીકળે એ મુખ છે એનું.

મુખરૂપી અરવિંદ–કમળથી **નીકળેલા જીવાદિ સમસ્ત પદાર્થસમૂહને...** જીવાદિ સમસ્ત પદાર્થસમૂહને, લ્યો. નવ તત્ત્વ, અનંતા પરમાણુઓ, અનંતા જીવો, અનંતા સિદ્ધો વિગેરે બધાને.

શ્રોતા : આસ્રવનું સ્વરૂપ સમજાવે?

પૂજ્ય ગુરુદેવશ્રી : બધું-બધું આસ્રવનું, બંધનું, ઝેરનું બધું સમજાવે. ..... સમજાવે ને. સમજાવવામાં શું છે? આસ્રવને સમજાવે, બંધને સમજાવે, મિથ્યાત્વને સમજાવે. મહાસંસારનું કારણ મિથ્યાત્વ એને પણ ઉપાધ્યાય સમજાવે છે. બીજી વાત. **સમસ્ત પદાર્થસમૂહને..** એમ લીધું પાછું. શ્રીમદ્માં તો એમ આવે, '(જે સ્વરૂપ) સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં (તે પણ શ્રી ભગવાન જો).' અહીં તો, ઉપાધ્યાય બધા પદાર્થને કહી શકે છે એમ કહ્યું. સમજાણું કાંઈ?

**જીવાદિ**—જીવ, અજીવ, આસ્રવ, પુણ્ય, પાપ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ—**સમસ્ત પદાર્થસમૂહને ઉપદેશવામાં શૂરવીર** છે. શૂરવીર છે. એવું જેને જ્ઞાન ખીલ્યું છે અંદર પોતાના સ્વાશ્રયે.... વાણી તો વાણીને કારણે. ઓલું વાણીનું આમ નિમિત્ત છેને એટલે ઉપદેશે એમ કહેવામાં આવે છે. **શૂરવીર...** આહાહા! **જીવાદિ સમસ્ત પદાર્થ(સમૂહ)ને ઉપદેશવામાં શૂરવીર** છે. આચાર્યમાં પાંચ આચાર કીધા એ આચાર પણ આની પાસે છે. એનાથી જુદું પાડવા જરી ઉપદેશવામાં સમર્થ છે (એમ કહ્યું). અહીં ઉપાધ્યાય કીધાને. એ ઉપ-અધ્યાય—જેના સમીપે ભણવું, અધ્યનન કરવું. **जिणकहियपयत्थदेसया सूरा...** બીજા પદની વ્યાખ્યા થઈ. **णिक्कंखभावसहिया...** ત્રીજા પદની વ્યાખ્યા છે.

**(૩) સમસ્ત પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ જે નિરંજન નિજ પરમાત્મતત્ત્વ...** આહાહા! સમસ્ત પરિગ્રહ એટલે વિકલ્પથી પણ રહિત પરિત્યાગ સ્વરૂપ જ એનું છે. રાગાદિ સમસ્ત વસ્તુનો ત્યાગભાવસ્વરૂપ જ એ તો છે. 'અપોહસ્વરૂપ' આવ્યું હતુંને. એવું **જે નિરંજન નિજ પરમાત્મતત્ત્વ...** નિરંજન નિજ પરમાત્મતત્ત્વ... પોતાનું.. પોતાનું પરમાત્મતત્ત્વ, એમ પાછું. ભગવાનનું પરમતત્ત્વ એની વાત નથી. એથી નિજ પરમાત્મતત્ત્વ... ત્યાં સુધી વસ્તુ કીધી.

**નિરંજન નિજ પરમાત્મતત્ત્વ તેની ભાવનાથી ઉત્પન્ન...** એની એકાગ્રતાથી ઉત્પન્ન... જુઓ! આ ભાવના એટલે કલ્પના, ચિંતવના એમ નથી.

ઘણા કહે.. શ્રાવકને સામાયિકમાં શુદ્ધોપયોગની ભાવના હોય છે એનો અર્થ એ કરે છે. એ ભાવના એટલે એ વિચારે છે કે આવું હોય, આવું હોય, એમ. પ્રવચનસારમાં આવે છેને. શ્રાવકના સામાયિકમાં જયસેનાચાર્ય(ની ટીકા). આહાહા! અરે પ્રભુ! પણ તને શું થાય છે? આવી ભાવના તને ગોઠતી નથી. સામાયિકમાં ભાવના આવી હોય, શુદ્ધોપયોગ આવી જાય, થઈ જાય. એ ભાવના એટલે વિકલ્પથી વિચાર, શુભભાવ કરે છે એમ નહીં. એ એમ કહે છે, એ વિકલ્પમાં એક ચિંતવના.... આવો શુભભાવ હોય, આવો શુભભાવ હોય. એમ નથી. ભાવનાનો અર્થ જ, ત્રિકાળી આનંદકંદ પ્રભુમાં લીનતા તે ભાવના છે. ભાવમાં ભાવના.. ભાવસ્વરૂપ ભગવાન પૂર્ણ એની ભાવના, ભાવની ભાવના. સમજાણું કાંઈ?

તેથી પહેલું કહ્યુંને. નાસ્તિથી પહેલી વાત કરી કે **સમસ્ત પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ નિરંજન નિજ પરમાત્મતત્ત્વ તેની ભાવનાથી ઉત્પન્ન...** ઉપાધ્યાય એની ભાવના કરે છે. આહાહા! સમજાણું કાંઈ? નિરંજન નિજ પરમાત્મતત્ત્વ એવો જે ત્રિકાળીભાવ એની એકાગ્રતા તે ભાવના. એવી ભાવનાથી ઉત્પન્ન થયેલ... વિકલ્પથી ઉત્પન્ન થાય આ સુખામૃત? ચિંતવના કરે છે.. ચિંતવના કરે છે. સામાયિકમાં શ્રાવક ચિંતવના કરે છે. શુભભાવ હોય એને. અરેરે! એનું સ્વરૂપ જ શુદ્ધભાવ છે. એનું સ્વરૂપ શુભભાવ છે જ નહીં. ...... એને એ નથી.

સૂરજમાં મલિનતા નથી, એમ ઉપયોગમાં મલિનતા નથી. એ તો શુદ્ધોપયોગસ્વભાવી જ વસ્તુ છે. શુદ્ધ ઉપયોગ પર્યાય હોં. શુદ્ધ ઉપયોગ પર્યાયસ્વભાવવાળો જ આત્મા છે. શુભવાળો આત્મા છે જ નહીં. હવે એ શુભમાં સંવર-નિર્જરા કહે છે. કાલ આવ્યું હતું થોડું. શુભભાવમાં સંવર-નિર્જરા. ઓલા ભાઈ જુગલકિશોર દિલ્હીવાળા ગુજરી ગયાને. ... જૂનું નાખે, બધું ગોતે ક્યાંકથી. ..... સોનગઢથી વિરુદ્ધ કરનારા, એમ. ભગવાન! વિરોધ કોનો કરે? ભાઈ!

કહે છે કે એ નિજપરમાત્મતત્ત્વ... ઓહો! એ નિરંજન–અંજન વિનાનું, મેલ વિનાનું છે. **તેની ભાવનાથી ઉત્પન્ન...** એની અંતર લીનતા, પરમાત્મા પોતે એમાં લીનતાથી ઉત્પન્ન થયેલું... ઉત્પન્ન થયેલું છેને. નવી પર્યાય છેને. ઓલું નિજ પરમાત્મતત્ત્વ તો ધ્રુવ છે, એની ભાવનાથી ઉત્પન્ન **થતાં પરમ વીતરાગ સુખામૃતના પાનમાં સન્મુખ...** આહાહા! ઉપાધ્યાય કેવા છે? મુનિ એવા છે, બધાની વ્યાખ્યા એવી છે. ફક્ત અહીં ઉપદેશમાં શૂરવીરની વિશેષતા છે. આહાહા! એવી **ભાવનાથી ઉત્પન્ન થતાં...** ઉત્પન્ન થતાં... પોતાના આનંદસ્વરૂપની ભાવનાથી ઉત્પન્ન થતી પર્યાય... ઉપાધ્યાય મુનિ છદ્મસ્થ છે એને. ઓલા કહે છે કે એ તો આઠમેથી શુક્લધ્યાન હોય. .......

**પરમ વીતરાગ સુખામૃતના પાનમાં સન્મુખ...** લ્યો, ઉત્પન્ન થયેલું. શું? પરમ વીતરાગદશા. એમાં જે સુખામૃત-સુખરૂપી અમૃત એના પીવામાં સન્મુખ છે. એ પીવાના અનુભવમાં સન્મુખ છે. રાગ ને પરમાં સન્મુખ નથી, આહાહા! એનાથી વિમુખ છે. આહાહા! અરે! એક જ ગાથા ને એક જ વાત સાંભળેને (એનો બેડો પાર). આહા! એવો પરમ વીતરાગ... પર્યાયને વર્ણવી હોં. ત્રિકાળી ભગવાન સુખામૃતસ્વરૂપ એની ભાવનાથી ઉત્પન્ન થયેલું પરમ વીતરાગ સુખામૃત... એકલી વીતરાગદશા ન લીધી. વીતરાગ તો સમ્યગ્દર્શન-જ્ઞાન (પણ) છે. અને અહીં તો ચારિત્ર છેને.

**પરમ વીતરાગ સુખામૃતના પાનમાં...** આહાહા! પરમ વીતરાગ સુખ અમૃત.. વીતરાગી અમૃત પરમ, એમ. વીતરાગી પરમ વીતરાગી સુખ એવું જે અમૃત એના પાનમાં... એ તો આનંદના પીણામાં સન્મુખ છે. અતીન્દ્રિય આનંદનું પીણું કરે છે, એમ કહે છે. 'પાન' છેને પાન. પીતે હૈં. નિર્વિકલ્પરસ પીતે હૈં એમ કહે છે. નિકાંક્ષની વ્યાખ્યા કરે છે. આ કારણે એને કાંક્ષા નથી એમ કહે છે. આહાહા! જે આ પરમાનંદરૂપ એની ભાવનાથી ઉત્પન્ન થયેલું પરમ સુખામૃત, એના પાનમાં સન્મુખ **હોવાથી જ નિષ્કાંક્ષભાવના સહિત** છે લ્યો. આહાહા!

આ ઇચ્છાનિરોધ કહે છેને માણસ. 'ઇચ્છા નિરોધ તપ'. પણ ઇચ્છાનિરોધ કોને હોય? આવા પરમાનંદ અમૃતસ્વરૂપ એની પરમ ભાવનામાં લીન છે એને ઇચ્છા ન હોય, એ ઇચ્છાનિરોધરૂપી તપ કહેવામાં આવે છે. ઇચ્છા કહો કે આકાંક્ષા કહો. સમજાણું કાંઈ? .... ઇચ્છાને રોકી છે માટે તપ છે. અરે! પણ કઈ, કોને? આકાંક્ષા-ઇચ્છા કોને અંદરથી ...? આવા પરમ વીતરાગ સુખરૂપી અમૃતના પીણાની સન્મુખ છે એને કાંક્ષા નથી, ઇચ્છા નથી. સમજાણું કાંઈ? આહાહા! ઘણું ભર્યું છે. પરમ વીતરાગ સુખામૃતના પાનમાં પીણું-નિર્વિકલ્પરસ પીજીએ. એના **હોવાથી જ નિષ્કાંક્ષભાવના સહિત** છે. કાંક્ષા રહિત છે ને નિઃકાંક્ષાભાવના સહિત છે. નિઃકાંક્ષાભાવના..... ઇચ્છાની ભાવના નથી એનું કારણ શું? નિઃકાંક્ષ છે. નિઃકાંક્ષ છે એનું કારણ શું? વીતરાગી અમૃતના સ્વાદમાં પડ્યા છે એથી એને કાંક્ષા છે નહીં. આહાહા!

**—આવાં લક્ષણથી લક્ષિત, તે જૈનોના ઉપાધ્યાયો હોય છે.** લ્યો. બીજા ઉપાધ્યાય પણ હોય છે એ અજ્ઞાની હોય. જૈનના ઉપાધ્યાય આવા હોય છે. આ 'ણમો લોએ સવ્વ આયરીયાણં, ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં'માં નાખે છે બીજા બધાને. ન્યાં 'ણમો લોએ સવ્વ સાહૂણં'માં ક્યાં કહ્યું છે કે જૈનના (સાધુ જ લેવા)? ત્રણેયમાં એક જ છે. જૈનોના 'ણમો લોએ સવ્વ આયરીયાણં, ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ સાહૂણં' ત્રણે છે એ. આવા જૈનના ઉપાધ્યાય હોય છે. આહાહા! કહો, આચાર્ય ને ઉપાધ્યાય આવા હોય છે. જેઠાભાઈ! સમુચ્ચય ગાથા આવી.. આગળ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## શ્રાવણ સુદ ૧, ગુરુવાર, તા. ૧૦-૮-૧૯૭૨
## શ્લોક-૧૦૫, ગાથા-૭૫, પ્રવચન નં. ૬૫

આ નિયમસાર, વ્યવહારચારિત્ર અધિકાર. કળશ છે ૧૦૫. ઉપાધ્યાયનું સ્વરૂપ.

**रत्नत्रयमयान् शुद्धान् भव्यांभोजदिवाकरान् ।**
**उपदेष्ट्दनुपाध्यायान् नित्य वंदे पुनः पुनः ॥१०५॥**

કેવા હોય છે ઉપાધ્યાય? 'ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં.' **શ્લોકાર્થ : રત્નત્રયમય** છે. પોતાનો જ્ઞાયક પરમાત્મસ્વભાવ એને આશ્રયે દર્શન, જ્ઞાન ને ચારિત્રની પરિણતિમય અભેદ થઈ છે જેને. પોતાનો સ્વભાવ શુદ્ધ, બુદ્ધ પરમપારિણામિકસ્વભાવ છે એના આશ્રયે, એના અવલંબે, એનાથી પ્રગટેલું જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મય છે. અભેદ પર્યાય છે એ. લ્યો, આવા ઉપાધ્યાય હોય છે. એ તો એને ખબર હશે. મહા-મહા ઉપાધ્યાય કહેવાય છેને. મહા-મહા ઉપાધ્યાય. આ તો આવા હોય છે. જૈનના ઉપાધ્યાય ત્યાં જ હોય, બીજે હોતા નથી. જેનું સ્વરૂપ પૂર્ણ આનંદ છે, જ્ઞાન છે, પરમાત્મ છે, એને અવલંબીને, અંતર્મુખ થઈને જેણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમય દશા પ્રગટ કરી છે એવા ઉપાધ્યાય, 'ણમો લોએ સવ્વસાહૂણં'માં આવા ઉપાધ્યાયને વંદન કરવામાં આવે છે, એમ કહ્યું છે. વ્યવહાર છેને. વંદન, આવા ઉપાધ્યાયને વંદન કરવું એ વ્યવહાર છે.

**શુદ્ધ** છે–પવિત્ર છે. જેની દશા તદ્દન–એકલી અતીન્દ્રિય આનંદમાં વિકસાવેલી જેની દશા છે. **ભવ્યકમળના સૂર્ય...** ભવ્યરૂપી કમળના એ સૂર્ય છે. **અને (જિનકથિત પદાર્થોના) ઉપદેશક** છે, એમ. એવો અર્થ કર્યો. ભવ્યકમળનો સૂર્ય છે આમ તો. **જિનકથિત પદાર્થોના ઉપદેશક છે**. ભવ્યકમળના સૂર્ય એનો અર્થ કે જિનકથિત પદાર્થના ઉપદેશક, એમ. સર્વજ્ઞે કહેલા જે પદાર્થો છે એના ઉપદેશક છે. **એવા ઉપાધ્યાયોને...** મુનિ પોતે કહે છે કે એને **હું નિત્ય ફરી ફરીને વંદું છું.** વંદું છે એ પર્યાય છે. આ ઉપાધ્યાયની દશા...

શ્રોતા : પર્યાયમાં વળી હું(પણું) કરાય? દ્રવ્યમાં હું(પણું) કરે એમાં આવી ગયું.

પૂજ્ય ગુરૂદેવશ્રી : બધું કરાય. એ ચેતનજી! કઈ અપેક્ષા છે? રત્નત્રયમય દશાવાળાને હું નિત્ય વંદું છું એમ કહ્યુંને. એ તો ઉપાધ્યાયની પર્યાયનું વર્ણન છેને અહીં તો. મોક્ષમાર્ગનો આ અધિકાર છેને. નિયમસાર એટલે મોક્ષમાર્ગ. મોક્ષમાર્ગ જેને આ રીતે પરિણમ્યો છે એ પર્યાય, એને મુનિ કહે છે કે નિત્ય હું ફરી ફરીને વંદું છું. સમજાણું કાંઈ? આમનો વંદવાનો–વંદન કરવાનો વિકલ્પ છે, પણ જેને કરે છે એની તદ્દન નિર્વિકલ્પદશા છે, એને ઉપાધ્યાય કહ્યા છે. એક ઉપદેશક તરીકે ઉપાધ્યાય છે એમ કહેવામાં આવ્યા છે વ્યવહારે.

હવે સાધુ. 'ણમો લોએ સવ્વ સાહૂણં' એ સાધુ કેવા હોય? સમ્યગ્દષ્ટિને આવાની શ્રદ્ધા હોય છે. આગમથી વિરુદ્ધ આચરણ અને આગમથી વિરુદ્ધ શ્રદ્ધાદિ હોય એની એને શ્રદ્ધા (હોતી નથી)—એને માનતા નથી, એમ કહે છે. આગમથી વિરુદ્ધ જેનું આચરણ છે વ્યવહારનું અને નિશ્ચયથી જેની વિરુદ્ધ શ્રદ્ધા છે એને સમ્યગ્દષ્ટિ માનતા નથી. **वावारविप्पमुक्का...** સાધુ, આવા દિગંબર સાધુ હોય છે. પણ એની બાહ્યની વાત ન લેતાં અંતરની લે છે.

**वावारविप्पमुक्का चउव्विहाराहणासयारत्ता।**
**णिग्गंथा णिम्मोहा साहू दे एरिसा होंति॥७५॥**

પણ પોતે શાસ્ત્ર રચવાના વિકલ્પમાં તો બેઠા છે. એ વિકલ્પમાં નથી. એ તો એની રત્નત્રયની પરિણતિમાં છે. આહાહા! સમજાણું કાંઈ? અંતર્મુખની પરિણતિમાં એ છે, બહિર્મુખના વિકલ્પમાં એ નથી. છે, છતાં નથી. ભગવાન પોતાનો સ્વભાવ પરિપૂર્ણ પરમાત્મા પોતે અંદર બિરાજમાન છે. એવા પરિપૂર્ણના આશ્રયે લીધેલી દશા... એને 'પરિપૂર્ણ' કીધીને 'સમગ્ર'માં. પરિપૂર્ણ દશા થઈ છે. આહાહા!

**નિર્ગ્રંથ છે, નિર્મોહ છે, વ્યાપારથી પ્રવિમુક્ત છે,**
**ચૌવિધ આરાધન વિષે નિત્યાનુરક્ત શ્રી સાધુ છે. ૭૫.**

એનો **અન્વયાર્થ : વ્યાપારથી વિમુક્ત (-સમસ્ત વ્યાપાર રહિત)...** વિમુક્ત છેને? ક્યો વ્યાપાર? પોતાનો વ્યાપાર નહીં, આમ બહારનો. આહાહા! ........ ૪૧૨ ગાથા, સમયસાર. 'નહિ વિહર પરદ્રવ્યો વિષે.' આહાહા! વિકલ્પમાં પણ ન વર્ત. એવો માર્ગ મોક્ષનો છે. ગૃહસ્થાશ્રમમાં પણ ઉપદેશ એવો જ હોય છે. કહો, સમજાણું કાંઈ? ગૃહસ્થાશ્રમમાં કાઢી નાખે છે કે એ ગૃહસ્થાશ્રમમાં ન હોય. શુદ્ધતા તો મુનિ થાય ને સાતમે-આઠમે હોય. કહો, એ સાતમા સુધી લીધું. આહાહા! ભગવાન આત્મા અંતર્મુખ જોતાં એ શુદ્ધોપયોગે જ પ્રાપ્ત થાય છે. સમજાણું? આઠમે હોય એટલે થઈ રહ્યું, નીચે કાંઈ ન રહ્યું. અહીં તો ચોથે સમ્યગ્દર્શનમાં પ્રથમ પ્રાપ્તકાળમાં શુદ્ધોપયોગથી જ પ્રાપ્ત થાય છે. આહાહા! કેમકે એનું સ્વરૂપ જ શુદ્ધોપયોગસ્વરૂપ છે, એનો સ્વભાવ જ એ છે.

અલિંગગ્રહણનું કહ્યું હતુંને રાત્રે. ઉપયોગ છે એમાં મલિનતા નથી. આહાહા! એમ ઉપયોગમાં જેને મલિનતા નથી એટલે કે શુભભાવ પણ નથી. એવા ઉપયોગમય–શુદ્ધોપયોગવાળો તે જીવ કહેવામાં આવે છે. આહાહા! આકરું કામ જૈનનું. વસ્તુસ્વરૂપ એવું છે. લોકોને આમ બહારથી વ્યવહારથી એવું લાગેને. વ્યવહાર હોય, કારણ હોય, સાધન હોય. પણ કહેવાય એ સાંભળ તો ખરો! નિશ્ચય જેને આવો સ્વભાવ પ્રગટ્યો છે એ હવે વિકલ્પની મંદતાની ભૂમિકામાં આવે છે, તેને વ્યવહાર સાધનનો આરોપ આપવામાં આવે છે. અહીં તો ના

પાડી છે. વ્યાપારથી તો વિમુક્ત છે. જોયું! 'વિ' એમ કહે છે. 'સમસ્ત' એનો... અર્થ કર્યો. સમસ્ત વ્યાપાર રહિત છે.

**ચતુર્વિધ આરાધનામાં સદા રક્ત** છે... ઓલાથી વિમુક્ત છે તો આમાં રક્ત છે. ચતુર્વિધ આરાધના—જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ. અંતરની નિર્વિકલ્પદશા—જ્ઞાનની નિર્વિકલ્પદશા, સમ્યગ્દર્શનની નિર્વિકલ્પદશા, ચારિત્રની... દર્શનની, ચારિત્ર ને તપ... અહીંયા તો ચાર લીધા છેને. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ તેમાં **સદા રક્ત છે**... સદાય લીન છે એને અહીંયા સાધુ કહીએ. આહાહા! જ્ઞાન, દર્શન, આનંદ, ચારિત્ર ને તપ એ ચાર. આનંદ આવી ગયો તપમાં. એ ચારને આરાધે છે એમાં લીન છે, એને સાધુપદ પરમેષ્ઠીપદ એને કહેવામાં આવે છે. એ **નિર્ગ્રંથ** છે. કોઈ જાતના રાગની ગાંઠ નથી. એ રીતે અહીં લેવું છે હોં. વસ્ત્રાદિ છે એ તો પ્રશ્ન જ નથી. અલિંગગ્રહણમાં એમ કહ્યું છે.. એક શબ્દ એવો છે. 'યતિની બાહ્યક્રિયાનો જેને અભાવ છે.' અલિંગગ્રહણ, ૧૭મો બોલ છે ૧૭મો.

યતિની બાહ્ય ક્રિયા એટલે વ્રતાદિના વિકલ્પથી રહિત જ આત્મા છે. પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ આદિ વિકલ્પથી રહિત, યતિની બાહ્યક્રિયાથી રહિત જ આત્મા છે એમ કહ્યું. અલિંગગ્રહણ છે. લિંગ નામ ૨૮ મૂળગુણ ને પંચ મહાવ્રત એનાથી રહિત યતિસ્વરૂપ છે, આત્માનું એવું સ્વરૂપ છે. આહાહા! કાયરના તો કામ નથી આમાં. .....ના સાવધાને ચડેલો, કહે છે, એને રાગાદિ સાવધાની હોતી નથી. આહાહા! સમસ્ત... **विप्रमुक्ताः** છેને **विप्रमुक्ताः**. ઓહોહો! સંસારના વ્યાપારની અહીં વાત નથી. એનો જે વિકલ્પનો વેપાર છે એનાથી મુક્ત છે. રાગ વ્યવહારથી તો મુક્ત છેને. સમકિતી મુક્ત છે, તો ચારિત્ર(વંત)ની વાત શું કરવી? એની પરિણતિ શુદ્ધ છે, બસ. આ તો અન્વયાર્થ-ગાથાર્થ ચાલે છે. અર્થ પછી આવશે. નિર્ગ્રંથ છે **અને નિર્મોહ** છે. જેને પર તરફનો મોહ કાંઈ રહ્યો નથી. તદ્દન સ્વરૂપની સાવધાની છે. 'સમય વર્તે સાવધાન.' આત્મારૂપી સમય એમાં વર્તે છે એ સાવધાન છે. આહાહા! **આવા, સાધુઓ હોય છે.** એટલો અન્વયાર્થ થયો.

**ટીકા : આ, નિરંતર અખંડિત પરમ તપશ્ચરણમાં નિરત (-લીન)...** લ્યો, હવે ટીકા આવી. **આ નિરંતર**... આહાહા! ભગવાન આનંદસ્વભાવ... કહો, **આ નિરંતર**-અંતર પડ્યા વિના **અખંડિત પરમ તપશ્ચરણ**... ચારિત્રની અખંડ વીતરાગદશા છે. અખંડ પરમ તપશ્ચરણ એટલે સ્વરૂપમાં રમણતા. એમાં **લીન**... નિશ્ચય તપસ્યાની વાત છે હોં. અનશન, અવમોદર્ય, વૃત્તિપરિસંખ્યાન એની વાત નથી. **અખંડિત નિરંતર પરમ તપશ્ચરણ**... નિરંતર—સમયનો વિરહ પડ્યા વિના. આહાહા! આપણે ત્યાં તપસ્યાની વ્યાખ્યા આવી ગઈ છે. **સહજ-નિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપ**. (ગાથા ૫૧ થી ૫૫). ૧૦૭ પાને આવી ગયું. ૧૦૭ પાને. વ્યાખ્યા બધી જુદી જાતની. આહાહા! આટલા ઉના પાણી પીધા,

આ ... કરી, ઉપધાન કર્યાં, આટલા અપવાસ કર્યાં. ૧૦૭ પાને છેલ્લેથી બે લીટી ઉપર. **સહજ-નિશ્ચયનયસ્વરૂપ પરમસ્વભાવસ્વરૂપ...** દેખો! એવો પરમાત્મા પોતે એમાં પ્રતપન, એમાં લીનતા તે તપ છે. છે ભીખાભાઈ? નથી જડતું? ૧૦૭ પાને નીચે.

**સહજનિશ્ચયનયસ્વરૂપ...** પોતે સ્વરૂપ જ એવું છે. આહાહા! નય ને નયનો વિષય બે જુદા નહીં. સ્વભાવિક નિશ્ચયનય અને એનો વિષય બે જુદા નહીં, એમ કહે છે. **સહજ-નિશ્ચયનયસ્વરૂપ પરમસ્વભાવસ્વરૂપ...** લ્યો. આહાહા! એવો પરમાત્મા. પ્રતપન–એમાં વિશેષે તપન–ઉગ્રપણે સ્થિરતાની રમણતા તે તપ છે. એ તો કહે, ચારિત્ર આવાને હોય છે એમ કહે છે. નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજનિશ્ચયચારિત્ર આ તપથી હોય છે. આવા તપથી ચારિત્ર હોય છે. આહાહા! ગજબ વાત છે. ભગવાનના કેડાયતો ભગવાનપણું પામવાને તૈયારીવાળા છે. આહાહા! એકેક વાત... એ તો નિશ્ચય છે, પણ પામવું શી રીતે? વ્યવહાર...... એમ કહે છે. એ પામવાની જ આ વાત છે. પૂર્ણાનંદનો નાથ નિશ્ચયનય પરમાત્માસ્વરૂપ એની પ્રાપ્તિ, શુદ્ધપરિણતિથી જ એની પ્રાપ્તિ થાય છે. તદ્દન વીતરાગ નિર્વિકલ્પદશા(રૂપ) પરિણતિ એને અહીંયા તપ અને એના વડે નિશ્ચય ચારિત્ર કહેવાય છે. આવું નથી એને ચારિત્ર હોતું નથી એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ?

**સાધુઓ કેવા હોય છે?** જુઓ! આ **સર્વ સાધુઓના સ્વરૂપનું કથન છે**. 'ણમો લોએ સવ્વ સાહૂણં' છેને. સર્વ સાધુ આવા હોય. ઓલો જે તે અન્યમતિના નાખવા અંદરમાં. એમ કે 'ણમો લોએ સવ્વ સાહુણં' ત્યાં ક્યાં કીધું છે કે 'જૈનના સાધુ'? પણ સાધુ, જૈનના એ જ સાધુ હોય, બીજા અન્યમતના બાવા નાગા ફરે, ગમે એટલા જંગલમાં રહે, બધા મિથ્યાદૃષ્ટિ છે, સાધુ નથી. આહાહા! આ તો વસ્તુ એવી છે, જેવી ભગવાનને પ્રગટ કરી એ જિનસ્વરૂપે જ છે. વીતરાગસ્વરૂપ છે, અકષાયસ્વરૂપ છે, અનાકુળસ્વરૂપ છે. એવા સ્વરૂપની તત્પરતા–અંદરની લીનતા **એવા સર્વ સાધુઓના સ્વરૂપનું કથન છે.** એમ કહે છે. ભગવાનજીભાઈ! ત્યાં તો ઓલા જતિ આવ્યા હતા. જય નારાયણ કરતા હતા. જોયા નહોતા એટલે. જતિ આવ્યા હતાને ત્યાં ભગવાનજીભાઈ શેઠિયાને ઘેર પગલા કરવા. ૧૫૦ રૂપિયા મૂક્યા. ૧૫૦ રૂપિયા. જતિ.. જતિ ગયા હતા ત્યાં આફ્રિકામાં. આ બધા શેઠિયાઓએ ભાળ્યા નહોતા શરૂઆતમાં. એ આવે, પગે લાગે... જતિના... પહેલાં પગલા કરાવ્યા.... આ બધા શેઠિયાઓએ પગલા કરાવ્યા. ૧૫૦ રૂપિયા મૂક્યા. ....... આહાહા!

**એવા સર્વ સાધુઓના સ્વરૂપનું કથન છે**. જૈનના સાધુ આવા હોય. એ સિવાય ક્યાંય હોય નહીં. સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા કહ્યો, એવો કોઈએ જોયો નથી સર્વજ્ઞ સિવાય. એવા આત્મામાં 'પરમાનંદ'... કહ્યુંને. નિશ્ચયનયસ્વરૂપ, ઓલામાં આવ્યું હતુંને, નિશ્ચયનયસ્વરૂપ પરમસ્વભાવરૂપ પરમાત્મા પોતે. આહાહા! એનું પ્રતપન, એમાં પ્ર–વિશેષે તપન, વિશેષે

લીનતા, નિર્વિકલ્પ સમાધિમાં જામી ગયેલા. આહાહા! ... ઘી જામેને, એમ જામી ગયેલા અંદરમાં. ....... મૂળ ત્યાંથી કાઢવું હતું થોડું એટલું. એ તો કહે, શુધ્ધ ઉપયોગ નિશ્ચળ દશા. ઉપયોગને નિશ્ચળદશા કેમ કહ્યું? એ સિવાય નીચે પણ ઉપયોગ હોય છે માટે આને શુદ્ધનિશ્ચયદશા કહ્યું. એને કાઢવું હતું એટલે. જરીક ફેર છે. ફેર છેને. છેને. પાંચમે પણ... નિયમસારમાં ન કહ્યું? આમાંય ન કહ્યું છેલ્લું સમયસારમાં? ગૃહસ્થ અને પાખંડી એટલે મુનિ બેય મોક્ષમાર્ગમાં છે. છેલ્લી ગાથાઓ ૪૧૦. ગૃહસ્થો અને મુનિઓ. પાખંડીનો અર્થ ત્યાં મુનિ કર્યો છે. પાખંડની જેણે તોડી નાખ્યું છે, પાપનો ખંડ કરી નાખ્યો જેણે. પુણ્ય-પાપ બેય પાપ જ છે. એને તોડીને જેણે આત્માના આનંદને ઉછાળ્યા બહાર... આહાહા! સમજાણું કાંઈ? ધન્ય ભાગ્ય!

રાત્રે ચાર વાગ્યે એક સ્વપ્નું આવ્યું એક. બે ભરવાડના છોકરા હતા બાર-તેર વર્ષના અને એક હતો ભરવાડ. ત્રણ નીકળ્યા. મારે જવું હતું.... પાછળ. છોકરો એક બોલ્યો, ઓહો! અંદરમાં જા.. અંદરમાં જા.. અંદરમાં જા. ધન્ય ભાગ્ય તારા! કીધું. આવું તને આટલી ઉંમરે યાદ આવે છે! ભરવાડના હતા. .... બકરાને ચારે એ. એનો બાપ હતો. એક છોકરો.... અંદરમાં ઉતરી જા, માંહ્યલાને જો, અંદરમાં જો. અરે ભગવાન! કીધું, ધન્ય તારા મા-બાપને! કોણ છો તું? આટલી ઉંમરે તને આ વાત યાદ આવે છે! ધન્ય ભાગ્ય તારા! એમ કરીને બીજો છોકરો ...... આહાહા! અંતરમાં જોવાની વાત જેણે આટલી ઉંમરે કીધી ભરવાડના ભવમાં. એય! હવે અહીં બહારના મોટા-મોટા સાધુને (ખબર ન હોય કે) અંતરમાં જોવું એટલે શું? લ્યો.

આ વ્રતને પાળવા એમાંથી.... એ તો ભેદજ્ઞાન સંભળાવો એટલું કીધું. લ્યો, આ ચેતનજીના સાધુ, નહીં? પ્રેમચંદજી ને? પ્રેમચંદજી. એ છેલ્લે-છેલ્લે (કહેતા), ભેદવિજ્ઞાન સંભળાવો. પણ કોઈ દિ' કર્યું નહોતું? રામવિજયના ગુરૂ. ભેદજ્ઞાન સંભળાવો. આહાહા! અરે! ભેદવિજ્ઞાન વિનાનો સમકિતી કેવો? ગૃહસ્થ કેવો? તો પછી સાધુની તો વાત શું કરવી? આહાહા! ધન્ય અવતાર જેને ભેદજ્ઞાન સહિત સ્વરૂપની ચારિત્રદશા છે! એ પણ વિશેષ ભેદજ્ઞાન, એમ કહ્યું છેને ચારિત્રમાં. એમ કહ્યું હતુંને? ભેદ-અભ્યાસમાં ચારિત્ર પ્રાપ્ત થાય છે. આહાહા! કારણ કે રાગની અસ્થિરતા હતી એનાથી જુદો તો પાડ્યો પહેલો, પણ અસ્થિરતા હતી એમાંથી જુદો પડે ને ઠરે એનું નામ ચારિત્ર. આહાહા! આવા સમય અને એ ભાવ. કહો, પંડિતજી! ધન્યને પાત્ર છેને. પ્રશંસાપાત્ર છે. આવી ચીજ હોય.

શ્રોતા : એમાં નહીં મળે ત્યારે શું કરવું?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ન મળે તો એના ઉપર ધ્યાન કરવું. ... આહાહા! ત્યાં, પોતે પરમાત્મા.., કહ્યુંને પહેલું. નિશ્ચયનયસ્વરૂપ પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મા પોતે બિરાજે છે. આહા! અરે! પણ બેસતું નથી, રાંકો થઈને ફરે છે. સરખી દાળ અડદની ન થઈ હોય ત્યાં

કષાય કરે. પચ્ચીય હજાર, પચાસ હજાર ક્યાંક મળ્યા ત્યાં હરખના... આહાહા! કરો આજ તો લાપસી, દૂધપાકને પૂરી કરો આજ. ... જાઓ, સૌને આઈસ્ક્રીમ ખવરાવો. પાંચસો, પાંચસો, હજાર આપશું. પચાસ હજાર પેદા થયા છે. બૈરાને આપે, વહુને આપે. ઘરમાં હરખ.. હરખ. શેના હરખ થયા? સાંભળને! ઝેર છે બધા. આહાહા! અંતર્મુખ થઈને જે દશા પ્રગટ કરે, એ રળ્યો ને એ કમાણો. આહાહા! જગતથી બહુ જુદી જાત છે આ ભાઈ! એને મેળ ખાય એવું નથી દુનિયા સાથે. કોને કહેવું? કેટલા દેખ્યા સાધુ. નિશ્ચયની વાતું બાપા! નિશ્ચયના ભાસી ક્યારે કહેવાય? કે સ્વરૂપનો આશ્રય લઈને આનંદ ન આવ્યો હોય અને એકલો એમ નિશ્ચયની વાતું કરે અને વ્યવહાર ન હોય એને નિશ્ચયાભાસી કહીએ. સમજાણું કંઈ? આહાહા!

**સર્વ સાધુના સ્વરૂપનું કથન છે** એમ કીધું છેને. આહાહા! .... તેથી કહ્યું છેને. તેથી 'સર્વ' નાખ્યા છે. છે તો બધાને સહજ. **[સાધુઓ કેવા હોય છે?] (૧) પરમસંયમી મહાપુરુષો હોવાથી...** પરમસંયમી મહાપુરુષ હોવાથી... ઓહો! **ત્રિકાલનિરાવરણ નિરંજન પરમ પંચમભાવની ભાવનામાં પરિણમેલા હોવાને લીધે...** જે અંતર્મુખ પરમપારિણામિકસ્વભાવ ભગવાન આત્મા એવો ત્રિકાળ નિરાવરણ (અર્થાત્) જેને ત્રણે કાળ આવરણ નથી. વસ્તુને આવરણ શું? પરમસ્વભાવ પરમાત્મા ત્રિકાળી પોતે છે એને આવરણ શા? **ત્રિકાલનિરાવરણ નિરંજન પરમ પંચમભાવ**... મેલ વિનાનો... નિરાવરણ કહ્યુંને ત્યારે નિરંજન-અંજન વિનાનો. પરમ પંચમભાવ... એકલો સ્વભાવભાવ. વસ્તુ છેને. વસ્તુ છે એ શું છે? વસ્તુ છે એ એકલો સ્વભાવભાવ છે, અપૂર્ણતા ને પર્યાય પણ નહીં. એવી ચીજ પોતે છે ભગવાન પોતે.

**નિરંજન પરમ પંચમભાવ...** ત્યાં સુધી વસ્તુ લીધી. એ વસ્તુ. એ વસ્તુની ભાવનામાં પરિણમેલા... ભાષા જુઓ! **ભાવનામાં પરિણમેલા**... એ સ્વરૂપ પૂર્ણાનંદ પરમાત્મસ્વભાવ એમાં અંતર્મુખ થઈને એની એકાગ્રતાથી પરિણમેલા, એમ કીધું. આહાહા! **ભાવનામાં પરિણમેલા હોવાને લીધે**... આ કારણે... બેય આવ્યું. મોક્ષમાર્ગ આવ્યો ને મોક્ષમાર્ગનો આશ્રય ત્રિકાળ પરમપારિણામિકભાવ—બેય વાત આવી. કહો, સમજાણું કાંઈ? **ત્રિકાલનિરાવરણ**... આહાહા! વસ્તુ તે વસ્તુ છે. એ વસ્તુ તો શું કહીએ! એના વખાણ ને પ્રશંસા પણ કેટલી કરવી! આહાહા!

એકલો ચૈતન્યરત્નાકર-ચૈતન્યરૂપી રત્નથી ભરેલો દરિયો. એવો ભગવાન આત્મા પંચમભાવ એની ભાવનામાં.. ભાવની ભાવનામાં... એમાં એકાગ્ર થયેલો, પરિણમેલો, ભાવનાની એકાગ્રતામાં પરિણમેલો. આ ભાવના એટલે વિકલ્પ કે આમ, આવો, આવો—એમ નથી. અંતરસ્વરૂપ ભાવસ્વરૂપ એની એકાગ્રતારૂપી ભાવના એમાં પરિણમેલો એ દશા થઈ. પારિણામિકભાવની પરિણતિ દશા થઈ. એવો હોવાને લીધે... દેખો! આ સાધુ. આહાહા! શોભાલાલજી! આ તો સાધુ પોતપોતાના વાડાના દેખે અને નગ્નપણું દેખે, આ દંડ દેખે, આ

મુહપત્તિ દેખે. સૌના લક્ષણ. જય મહારાજ. આ બધા ચોપડાના તપાસનારા પણ બધા ત્યાં ને ત્યાં સલવાઈ ગયા. આહાહા!

સમ્યક્-દ્રષ્ટિમાં પંચમ પારિણામિકભાવની અલ્પતા છે, સમજાણું? અને આ ભાવનાની ઉગ્રતા છે. એવો **હોવાને લીધે જ**, એમ પાછું. **સમસ્ત બાહ્યવ્યાપારથી વિમુક્ત,** એમ. આવા કારણે બાહ્ય વ્યાપાર વિકલ્પથી વિમુક્ત છે. પંચમહાવ્રતના વિકલ્પથી પણ આવા કારણે જ (મુક્ત છે), ત્રિકાળી પરમસ્વભાવભાવની ભાવનાથી પરિણમ્યો એટલે ઓલા વિકલ્પથી મુક્ત છે. સમજાણું કાંઈ? કોણ જાણે આ ક્યાંની વાત નાખી છે અંદર? કેવળીની હશે કે આ સિદ્ધની હશે? આ તો ભાઈ! તારા ઘરની વાત છે. સમજાણું કાંઈ? પણ એવો મોટો ભાસતો નથી. આવી મોટી ચીજ? કે અનંતગુણો મોટો. આહાહા! એવા ભગવાનની ભાવનાથી પરિણમેલા એને કારણે, એમ કહ્યુંને? **હોવાને લીધે જ સમસ્ત બાહ્ય વ્યાપારથી વિમુક્ત** છે. આવું છે તો આ નથી, એમ. આવું છે એટલે વિકલ્પ એમાં નથી. એવી જેની પરિણતિ નિર્વિકલ્પ ઉગ્ર થઈ ગઈ છે એને અહીંયા સાધુ કહેવામાં આવે છે. ૨૮ મૂળગુણ પાળે ને પંચ મહાવ્રત પાળે એમ વાત લીધી નથી.

પાછા શ્વેતામ્બર સાધુ બોલે ખરા ઓલામાં ચોથા શ્રમણસૂત્રમાં. અસંયમી પરિણામી.... આવે છે કે નહીં? હા, એ. ...... કોને કહેવું એ ખબર નથી. સાંજ સવાર બોલે જૂઠું. પડિકમણુંમાં આવે છેને ચોથું શ્રમણસૂત્ર. '...... અસંયમી પરિણામી સંયમી...' અસંયમને છોડું છું ને સંયમને ગ્રહું છું. 'અકલ્પી પરિણામી...' અકલ્પને છોડું છું, કલ્પ એવું... કલ્પ-અકલ્પ.... આહાહા! સાંજ-સવાર. ભાવ ન દે.... ૫૦-૫૦ વર્ષના સાધુ હોય, સવાર ને સાંજ આવું જૂઠું બોલે. .... આહાહા! આચાર્ય ભગવંતો એમ કહે છે. 'અસંયમી ને અકલ્પી.....' એમ આવે છેને. ....... મિથ્યાત્વને છોડ્યું છે ને સમકિતને અગીકાર કર્યું છે. લ્યો એમ કહે. પાંચમું શ્રમણસૂત્ર. સાંભળ્યું હતું કોઈ દિ'? કેમ? સાધુ કરાવે ત્યારે એ કરે. સ્થાનકવાસીમાં કરાવે નહીં. શ્રાવકેય કરે છે, દેરાવાસીના શ્રાવક કરે છે. ........ આહાહા!

**સમસ્ત બાહ્ય વ્યાપારથી વિમુક્ત**... **પ્રવિમુક્ત** કહ્યું હતુંને. સમસ્ત બાહ્ય વ્યાપાર... યતિની બાહ્યની વ્યવહારની ક્રિયા એ બધો બાહ્ય વ્યાપાર છે. આહાહા! ભગવાન પૂર્ણાનંદ-સ્વરૂપ એમાં જેની લીનતા છે, નિર્વિકલ્પ જેની પરિણતિએ પરિણમેલી દશા છે, એથી વિકલ્પનો ભાવ એને હોતો નથી એમ કહે છે. **(૨) જ્ઞાન, દર્શન, ચારિત્ર અને પરમ તપ નામની ચતુર્વિધ આરાધનામાં સદા અનુરક્ત** છે. આરાધના છેને એટલે પહેલું જ્ઞાન લીધું. જ્ઞાનમાં આરાધના, અંતર જ્ઞાનમાં લીનતા એ આરાધના. સ્વરૂપમાં જ્ઞાનની લીનતા, વીતરાગદશા જ્ઞાનની એ એનું આરાધન. એમ દર્શન. સમ્યગ્દર્શન એ પણ વીતરાગી પરિણતિ, એનું સમ્યગ્દર્શનનું આરાધન. ચારિત્ર, નિર્વિકલ્પ પરિણતિ એ આરાધન. તપ, પરમતપ એ પણ... પહેલા કહી દીધું એ.

નિશ્ચયનયાત્મક પરમસ્વભાવરૂપ પરમાત્મા એમાં પ્રતપન (એટલે) પ્ર–વિશેષે શોભા, શાંતિની શોભા, આનંદની શોભા. એનાથી શોભે એને અહીંયા તપ કહેવામાં આવે છે. આ બધા અપવાસ-અપવાસ કરે ભાન વિનાના એને લાંઘણું કહેવામાં આવે છે.

**આરાધનામાં સદા અનુરક્ત**, એમ. નિરંતર અંદરમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ પરિણતિરૂપે પરિણમી રહેલો છે એમ કહે છે. સમજાય છે કાંઈ? આજ અપવાસ કર્યો ને પછી કાલ ખાધું, વળી પાછો અપવાસ કર્યો—એમ નહીં. નિરંતર જે સ્વરૂપની સાવધાનીમાં છે, આનંદના ધામમાં નિરંતર જેનું પરિણમન અતીન્દ્રિય આનંદનું વર્તે છે, એ આરાધે છે લ્યો. જ્ઞાન, દર્શન, ચારિત્ર ને તપને આરાધે છે. નિશ્ચયની વ્યાખ્યા હોય તો આ લોકો એમ બોલે છે, વ્યવહારની વાત કરતાય નથી, જાણે અભડાઈ જશું. એમ બોલે છે. વિમુક્ત છે એમ તો કીધું. આખો દિ' કરવો વ્યવહાર ને માનવું કે વ્યવહાર.... આહાહા! કોણ કરે? સાંભળને ભાઈ!

શ્રોતા : ...

પૂજ્ય ગુરૂદેવશ્રી : છોડાવ્યો જ છે. 'જયતુ' નથી આવ્યું છેલ્લે? એ અર્થમાં કર્યો છે. છોડાવ્યો નથી, મમતા છોડાવી છે. છોડાવ્યો જ છે. વ્યવહાર છોડવાયોગ્ય જ છે. સમકિતીને વ્યવહાર જે છે એ વ્યવહારથી મુક્ત છે. વ્યવહાર છે એને, એમ નથી. એમ કહે છે. વાત એવી છે. આહાહા! આવો માર્ગ વીતરાગનો. આહાહા! ગણધરો, સંતો, ઇન્દ્રો એક-એક ભવતારી જ્યાં બેઠા હોય, એમાં જે વાત નીકળતી હોય એ કેવી વાત હોય? ત્યાં કાંઈ રાંકા ગલુડિયા જેવા માણસ ભેગા થયા ન હોય. આહાહા! લોકના સ્વામી ઇન્દ્ર, અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર એવા અનેક ઇન્દ્રો જેની સભામાં અને ગણધર–સાધુના ઇન્દ્ર (હોય). અને એના ઇન્દ્ર પોતે ભગવાન. આહાહા! અરે! એની વાણી કેવી હોય? ભાઈ! એ ભાવ કેવા હોય? સમજાણું કાંઈ?

કહે છે કે આવા સાધુ હોય છે. અહીં તો કાંઈ ભાન ન મળે ને લૂગડાં ફેરવ્યા, થઈ ગયા સાધુ. પંચમહાવ્રત પાળે છે. વ્રત કેવો ત્યાં? આહાહા! આકરું કામ બાપુ! વીતરાગના માર્ગને ઓળખીને શ્રદ્ધવો એ અલૌકિક વાત છે. જેમાં જન્મ-મરણના અંતના ભણકારા વાગે છે, ભવના અભાવની નિર્વાણની ભૂમિકાની પ્રાપ્તિના ભણકારા વાગે છે, એ માર્ગ કેવો હોય? કહે છે કે એ ચારમાં સદા અનુરક્ત છે.

**(૩) બાહ્ય-અભ્યંતર સમસ્ત પરિગ્રહના ગ્રહણ રહિત હોવાને લીધે નિર્ગ્રંથ** છે. જુઓ! બાહ્ય ને અભ્યંતર બેય. અભ્યંતરમાં રાગરહિત, બાહ્યમાં વસ્ત્ર આદિના ટુકડા રહિત. મુનિને વસ્ત્રનો ટુકડોય ન હોય. સમજાણું કાંઈ? આ વસ્ત્ર સહિત મુનિપણું મનાવે છેને એ તો બધા મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની છે અને એને સાધુ માને એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! એય ચેતનજી! હવે એણે બધું ફેરવી નાખ્યું. શું હોય પણ? બાપા! આહા!

વેશ્યાને ઘેર જાય તો સારા લૂગડાં ને દાગીના હોય? .... અમારે ત્યાં ઉમરાળામાં નાની ઉંમરમાં ઓલા આવતા હીજડા–પાવૈયા. એ બધા લૂગડાં બહુ ઊંચા પહેરે. ઠાકોરની જ્યારે ભક્તિ કરેને. ..... ભગવાન... કાળુભારને કાંઠે. .... આપે બાવાને. ત્યાં આવે એ લોકો હીજડા. બરાબર એ વખતે ભજન–ભક્તિ કરવાનું હોય. એવા લૂગડાં પહેરે નવા, લોકો ભેગા થાય જોવા. અમે ગયા હતા છોકરા નાની ઉંમરમાં. મોટો ઘાઘરો પહેરો, ફરે ઠાકરની સામું. .... એવી માળા ભક્તિ કરે. .... લોકો જોવા આવે. એય! છોકરાઓને.... નાટક જેવું દેખાય. લૂગડાં ઊંચા પહેરે બહુ. આ ઓલા ભેષ ઊંચા ધારે અને ભગવાનની પાસે નાચે, જાણે સાધુ છીએ અમે. એને જોવા જાય એ બધા આવા છે. આહાહા! આ તો ઘણા વખતની વાત છે. આહાહા!

**બાહ્ય-અભ્યંતર સમસ્ત પરિગ્રહ...**, જોયું! એક દોરાનો ધાગો નહીં બહારમાં ને અંતરમાં રાગનો કણ નહીં. આહાહા! એવો સમસ્ત પરિગ્રહમાં ગ્રહણ રહિત–ગ્રહવા રહિત હોવાને લીધે.. આને કારણે નિર્ગ્રંથ છે એમ કહે છે. મોટા પોટલા માથે બાંધ્યા હોય, પાછળ માણસને પોટલા હોય, નિર્ગ્રંથી કહેવાય એ. .... નિર્ગ્રંથ-નિર્ગ્રંથી બેય આવે છેને શ્વેતામ્બરમાં. એ તો ઓલાએ બતાવ્યું. આહાહા! ઉપકરણ.. મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું કે નિભાવમાં નિમિત્ત હોય એને ઉપકરણ (કહે). આ તો બધા ઉપકરણ નથી, અપકરણ છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છે. કહો, સમજાણું? હોવાને લીધે નિર્ગ્રંથ છે. આહાહા! વસ્તુ નિર્ગ્રંથ છે, અહીં પરિણતિમાં નિર્ગ્રંથતા છે એમ કહે છે. વસ્તુમાં રાગ ને રાગના નિમિત્તો છે ક્યાં? એવી ચીજનો આશ્રય કરીને જે પરિણતિ પ્રગટ કરી, એમાં આ બાહ્ય ને અભ્યંતર પરિગ્રહ હોતા નથી. વીતરાગનું નિર્ગ્રંથ મુનિપણું અલૌકિક વાત છે. લોકોએ સાંભળી નથી. જ્યાં-ત્યાં ફરે ભટકે. નિર્ગ્રંથ છે. પછી નિર્મોહ છે. કેમ નિર્મોહ છે?

**તથા (૪) સદા નિરંજન નિજ કારણસમયસારના સ્વરૂપનાં સમ્યક્ શ્રદ્ધાન...** આહાહા! ..... એવો વર્ણવ્યો છે ત્યાં. એટલે ઓલા રતનચંદજીને ઠીક નથી લાગતુંને. આમાં આવા વ્યવહારના તો ભૂકા ઉડે છે. આહાહા! **સદા નિરંજન...** ભગવાન આત્મા અંદર પૂર્ણ અનાકુળ આનંદનો નાથ, અનંત-અનંત જ્ઞાનાદિ પુંજનો પ્રભુ સદા નિરંજન છે (એટલે) ત્રણે કાળે અંજન એમાં નથી. એવો **નિજ કારણસમયસાર...** લ્યો. ઓલામાં પંચમભાવ હતું, આમાં કારણસમયસાર. પોતાનો નિજ કારણસમયસાર... ત્રિકાળી સ્વભાવને નિજ કારણસમયસાર કહ્યો છે.

એના **સ્વરૂપનાં સમ્યક્ શ્રદ્ધાન...** એના સ્વરૂપનું સમ્યક્ શ્રદ્ધાન એનું નામ સમ્યગ્દર્શન. આહાહા! પરમભાવસ્વભાવ નિત્યાનંદ ધ્રુવ, આદિ-અંત વિનાનો નિજ કારણપ્રભુ પોતે ધ્રુવ ત્રિકાળ એને કારણજીવ કહીએ, કારણસમયસાર કહીએ, પરમપારિણામિકભાવ કહીએ—બધું એક જ છે. સામાન્ય કહીએ, ધ્રુવ કહીએ, અભેદ કહીએ, એકરૂપ કહીએ. આનું નામ

સમ્યગ્દર્શન છે. આ તો અમને ગુરુ માનો, ભગવાનને દેવ માનો, ચોપડી અંગીકાર કરો, વ્રતની ચોપડી અંગીકાર કરો, જાઓ થઈ ગયો ધર્મી. મરી જશો ચોરાશીના અવતારમાં. ન્યાં ક્યાં એમાં દર્શન છે? દર્શન તો વસ્તુ છે આ. આહાહા!

**સદા નિરંજન નિજ કારણસમયસાર**... બે વાર 'નિજ નિજ' નાખ્યું. જોયું! નિજ–પોતાનો, એમ. પોતાનો કારણસમયસાર. એના સ્વરૂપનું સમ્યક્ શ્રદ્ધાન... પૂર્ણસ્વરૂપ ભગવાન આત્મા કારણસમયસાર એના સ્વરૂપનું શ્રદ્ધાન... સમ્યક્ શ્રદ્ધાન અહીં લીધું છેને. એને લીધે એ નિર્મોહ છે એમ કહે છે. નિર્મોહ આ કારણે–આ માટે. બાયડી, છોકરા છોડ્યા, લોંચ કરે છે માટે નિર્મોહી છે, ઉઘાડે પગે ચાલે છે, પાણી ઉના પીવે છે.—એ તો બધી બહારની વાતું છે. એ ક્યાં નિર્ગ્રંથની છે? એવા સ્વરૂપનું **સમ્યક્ પરિજ્ઞાન...** દેખો ભાષા! સદા નિરંજન નિજ પરમાત્મા પારિણામિકભાવ, કારણસમયસાર એના સ્વરૂપનું સમ્યક્ પરિજ્ઞાન... એના સ્વરૂપનું સમ્યગ્જ્ઞાન, એના સ્વભાવના સ્વરૂપનું સમ્યક્ પરિજ્ઞાન, આહાહા! આને જ્ઞાન કહીએ. કહો, સમજાણું કાંઈ?

ત્રિકાળ કારણસમયસાર પ્રભુ એના સ્વરૂપનું પરિજ્ઞાન–સમ્યક્ પરિજ્ઞાન. દરેકને સમ્યક્ (શબ્દ) લાગુ પડ્યો છે. એનું નામ જ્ઞાન કહીએ. ભણ્યો હોય, વાતું કરતા આવડતી હોય, લાખો માણસો સમજાવે—એ જ્ઞાન નહીં. આહાહા! વીતરાગનો માર્ગ ભારે! એ પ્રકાશચંદજી! કહો, આવો માર્ગ છે. આહા! ભણી-ભણીને ગોખે શાસ્ત્રોને, મહેનતું કરે, સ્વાધ્યાય કરે આઠ-આઠ કલાક, દસ-દસ કલાક—એ જ્ઞાન નહીં. મહારાજ તીર્થંકર પ્રભુ તો કહે, નહીં વદ્દું.. નહીં વદ્દું.

ઓલો નાચતો હતોને માથે. એલચી.. એલચી.. એલાચીકુમાર. એક નટણી રૂપાળી હશે તો એને પરણવા માટે, નાચ બરાબર થાય તો તને આપું. એ કહે, રાજા એને મોહેલો છે. રાજાને ખુશી કર તું. પણ રાજા આને મોહેલો. એટલે ઓલો નાચી-નાચીને મરી જાય તો પણ ખુશી થાય નહીં. રાજા ખુશી થાય નહીં. જે કોઈ રીસાય તો થઈ રહ્યું. ...નટણી... એલાચીકુમારની કથામાં આવે છે. મુનિને વહોરાવતા જોયા... પણ એ ખોટી વાતું કલ્પિત. ઉપર કેવળજ્ઞાન પામ્યા, દોરડે નાચતાં-નાચતાં. અરે! કેવળજ્ઞાન તે શું હશે ચીજ? ગિરધરભાઈ!

રૂપાળી નટણી હશે. નટણી દેખીને શું મોહી રહ્યો... ....એલાચીકુમાર ગચ્છાધિપતિ. બહુ રૂપાળી હતી તે એને પરણવાનો ભાવ થયો. એના બાપે કહ્યું, નાચીને એકવાર રાજાને રાજી કર તો તને પરણાવીએ. ..... શેઠિયાનો દીકરો. દોરડે નાચે.. નાચે. એવા નાચે કે લોકો ફીદા થઈ જાય. રાજા ખુશી ન થાય. મુનિ આહાર લેતાં હશે, એમાં વળી દોરડા ઉપરથી જોયું. મુનિને આહાર દેતી હશે બાઈ. આવો મહારાજ! ઓલો સામું જોતો નથી. આહાહા! ધન્ય રે ધન્ય અવતાર... એમ ....લોકોને સારું લાગે. સાધુને જોવે છે ઉપરથી–દોરડા ઉપરથી. એના વિચારમાં

ચડી જાય છે ને કેવળજ્ઞાન થઈ જાય છે. એમ કેવળજ્ઞાન ન હોય. એ શેઠ! કાંઈ ખબર ન મળે. લોકો રાજી થઈ જાય. અરે! કેવળજ્ઞાન કોને કહેવા? બાપુ! આહાહા!

આમ જામી ગયેલો, શરીર સ્થિર થઈ ગયેલું હોય, એમાં અંદર જામી ગયેલો હોય, ત્યારે એને શક્તિમાંથી પૂર્ણ દશા પ્રગટ થાય. આહાહા! પૂર્ણ સ્વભાવ છે એમાં એટલી લીનતા થઈ ગઈ, જામી ગયો.. જામી ગયો. ભાઈ કહે છેને, 'જામી છે.' આવી જામી, એવી જામી હોય કે કેવળજ્ઞાન. 'અડોલ આસન ને મનમાં નહીં ક્ષોભતા..' એકલું આસને અડોલ થઈ જાય. દરિયામાં મહાલતો હોય ને ધ્યાનમાં કેવળજ્ઞાન થઈ જાય એમ ન હોય. આહાહા! થાય છેને. સાધુને ઉપાડીને .... નાખે છે દરિયામાં. ત્યાં તો જામી જાય અંદરમાં... આહાહા! બહુ .... છેને દરિયામાં સાધુને. ધ્યાનમાં ન હોય, પ્રમત્તમાં હોય ત્યારે ઉપાડે.

વિરોધી દેવો.. વિરોધી દેવો નાખે દરિયામાં. ધ્યાનમાં ચડી જાય. દેહ છૂટો થઈ ગયો, કેવળજ્ઞાન પામી ગયા. દરિયામાંથી મોક્ષ. આહા! ...... પણ આ તો પહેલો.... દૃષ્ટિ, લક્ષ ઠરી જાય... એટલું જાણી લ્યે. દરિયાની મુંઝવણના પાણીમાં પડ્યો, ઓહોહો! બાહ્ય ઉપર લક્ષ જ નથી ન્યાં બાહ્ય મુંઝવણ કેવી? પાણીમાં બૂડતો હોય ને કેવળજ્ઞાન પામે, દરિયામાં આમ પડી જાય હેઠે. આવી દશા આહાહા! જેને અંતર આનંદની સમાધિમાં એટલી.. એટલી આનંદદશા આવે છે કે બહારની ખબર જ નથી. એને કેવળજ્ઞાન થાય. સમજાણું કાંઈ? સમ્યક્ પરિણામ આનું નામ કહેવાય છે.

**અને સમ્યક્ આચરણથી પ્રતિપક્ષ એવાં મિથ્યા દર્શન...** સમ્યક્ આચારણ એટલે ચારિત્ર, સ્વરૂપમાં રમણતા. એ ત્રણેનું પ્રતિપક્ષ કોણ? મિથ્યાદર્શન. સમ્યક્ શ્રદ્ધાનનું વિપરીત મિથ્યાદર્શન, સમ્યક્ જ્ઞાનનું વિપરીત **મિથ્યાજ્ઞાન**, સમ્યક્ આચરણનું વિપરીત **મિથ્યા ચારિત્રનો અભાવ હોવાને લીધે નિર્મોહ** છે. આ સાધુની વ્યાખ્યા ચાલે છે. સર્વ સાધુ.. આહાહા! સર્વ સાધુનું કહ્યું છેને. ..... એ નહીં. એવા સાધુને નિર્મોહ કહેવામાં આવે છે. એવા સંતને, આવા હોય એને ઓળખીને સમકિતી વંદન કરે એમ કહે છે. એથી એને વ્યવહાર કહેવામાં આવે છે. સાધુ પોતે નિશ્ચયમાં છે. સમ્યગ્દૃષ્ટિ એને વંદન કરે છે એટલે વ્યવહારચારિત્રમાં આ ... નાખ્યું. પાંચેય પદ પર છેને. એનામાં ભલે આત્મારૂપે નિશ્ચય હો, પણ આનાથી પર છે એટલે એને વ્યવહાર કહેવામાં આવે છે. એને પણ 'વંદન આવાને કરું' એ વ્યવહાર વિકલ્પ છે એમ કહે છે. આહાહા! પુણ્યબંધનું કારણ છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ સુદ ૨, શુક્રવાર, તા. ૧૧-૮-૧૯૭૨**
**ગાથા-૭૫-૭૬, શ્લોક-૧૦૬-૧૦૮, પ્રવચન નં. ૬૬**

૭૫ ગાથા, સાધુનું સ્વરૂપ. અહીં સુધી આવ્યું છે, નિર્મોહ. **(૪) સદા નિરંજન નિજ કારણસમયસારના સ્વરૂપનાં...** ત્રિકાળ નિરંજન નિજ કારણસમયસાર કારણપરમાત્મા ધ્રુવસ્વરૂપ એની શ્રદ્ધા... **સમ્યક્ શ્રદ્ધાન, સમ્યક્ પરિજ્ઞાન અને સમ્યક્ આચરણથી પ્રતિપક્ષ એવાં મિથ્યા દર્શન, મિથ્યા જ્ઞાન અને મિથ્યા ચારિત્રનો અભાવ હોવાને લીધે નિર્મોહ** છે. આમ સાવધાનીનો અભાવ છે અને સ્વરૂપ પૂર્ણ છે એમાં સાવધાનીનો તો સદ્ભાવ છે, માટે નિર્મોહ છે. આહા! જેની સાવધાની પરમ શુદ્ધ પારિણામિકભાવ ઉપર હોય છે. એ કારણસમયસાર એના વિના... 'સાધ્યતે ઇતિ સાધુ' છેને. સ્વરૂપને સાધે છે. પૂર્ણ શુદ્ધસ્વરૂપનું સ્વસન્મુખ થઈને સાધવું, એને લઈને એને નિર્મોહ કહેવામાં આવે છે. જુઓ! આ સાધુની વ્યાખ્યા. ૨૮ મૂળગુણ કે પંચમહાવ્રત પાળે એમ અહીં લીધું નથી. એથી સાધુપણું નથી

**આવા, પરમનિર્વાણસુંદરીની સુંદર સેંથીની શોભારૂપ કોમળ કેસરના રજ-પુંજના સુવર્ણરંગી અલંકારને (કેસર-રજની કનકરંગી શોભાને)...** એટલે પોતાની પૂર્ણ આનંદદશાને અવલોકવામાં તત્પર છે એમ કહે છે. **અવલોકવામાં..** છેને? **કૌતૂહલબુદ્ધિવાળા તે બધાય સાધુઓ હોય છે.** કુતુહલબુદ્ધિ છે. આહાહા! અંતર પૂર્ણાનંદની દશા અને પૂર્ણ નિર્મળદશા—**મુક્તિસુંદરીની અનુપમતા અવલોકવામાં આતુર બુદ્ધિવાળા...** કહો! એકદમ કેવળજ્ઞાન ને સિદ્ધપદ થાય એવી આતુરબુદ્ધિવાળા છે એમ કહે છે. **પૂર્વોક્ત લક્ષણવાળા મુક્તિસુંદરીની અનુપમતા...** પૂર્ણાનંદની મુક્તિ એની અનુપમતા... એની ઉપમા શી? એના અવલોકવામાં, એમ. અનુપમ મુક્તિ સિદ્ધદશા એને **અવલોકવામાં આતુર બુદ્ધિવાળા...** એટલે પ્રાપ્ત કરવામાં આતુર બુદ્ધિવાળા એને અહીંયા સાધુ કહેવામાં આવે છે. આહાહા!

**હવે ૭૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :**

**भविनां भवसुखविमुखं त्यक्तं सर्वाभिषंगसंबंधात्।**
**मंक्षु विमंक्ष्व निजात्मनि वंद्यं नस्तन्मनः साधोः ॥ १०६ ॥**

**શ્લોકાર્થ : ભવવાળા જીવોના ભવસુખથી જે વિમુખ છે...** આહાહા! ભાષા જુઓ! ભવવાળા જીવોના ભવસુખ... ભવમાં રખડનારા જીવોનું ભવસુખ એટલે રાગમાં જે સુખબુદ્ધિ છે... આહાહા! ભવવાળા જીવોને વિષયસુખમાં સુખબુદ્ધિ છે અને એને શુભભાવમાં સુખબુદ્ધિ છે. એવા **ભવસુખથી જે વિમુખ છે...** એનો અર્થ કે પોતાનો પૂર્ણ આનંદસ્વભાવ તેમાં સન્મુખ છે. એને ઇન્દ્રના ઇન્દ્રાસનો, વિષયો, ભોગો એમાં ક્યાંય સુખ ભાસતું નથી. આહાહા! સ્વર્ગમાં

પણ બહુ સુખ છે, ચક્રવર્તીપદમાં સુખ છે, દેવલોકમાં સુખ છે—એ ભવવાળા જીવોએ માન્યું છે, રખડનારા જીવોએ માન્યું છે. આહાહા!

એવા **ભવવાળા જીવોના ભવસુખથી જે વિમુખ છે**... ક્યાંય પુણ્ય ને પાપના વિકલ્પમાં સુખ ભાસતું નથી. અજ્ઞાનીને એમાં સુખ ભાસે છે. ભવવાળા રખડતા જીવોને એમાં સુખ ભાસે છે ભવસુખ.

શ્રોતા : સુખ તો હૈ?

પૂજ્ય ગુરુદેવશ્રી : ધૂળમાંય સુખ નથી, દુઃખ છે. આહાહા! દેવો, ઇન્દ્રો, કરોડો અપ્સરાઓનું... ધાનના ઢીંગલાની સ્ત્રીઓ એવી નથી એને. ... એને હોતું નથી. એ પણ દુઃખના અંગારાથી બળી રહ્યા છે. એ ભવસુખ.. ભવસુખ.. આહાહા! ભવવાળા જીવોનું ભવસુખ, એમ લીધું છેને. રખડનારા ભવમાં–ચોરાશીના અવતારમાં... એવા ભવવાળા જીવોનું ભવસુખ, એમાં (સુખ) માન્યું છે. એનાથી ધર્મી વિમુખ છે. કહો, સમજાય છે કાંઈ? ૯૬ હજાર સ્ત્રીઓમાં પડ્યો હોય ચક્રવર્તી, પણ ક્યાંય એને સુખ ભાસતું નથી. એ ભવવાળા જીવોનું ભવસુખ એનાથી વિમુક્ત જ્ઞાની છે. આ તો ચારિત્રવંત છે એટલે વિશેષમાં લીધું છે.

ધર્મી ભવવાળા જીવોના ભવસુખથી વિમુક્ત છે. ભવમાં રખડનારા ભવવાળા એવા સંસારીજીવો, એમ કહે છે. એણે માનેલું જે ભવસુખ–કલ્પના, એવા ભવસુખથી મુનિઓ તો વિમુખ છે. અજ્ઞાનીઓ તે ભવસુખમાં સન્મુખ છે. આહાહા! બહુ ચોખ્ખી વાત અને છે ટૂંકું સ્વરૂપ એનું. **અને સર્વ સંગના સંબંધથી જે મુક્ત છે**... સર્વ સંબંધ જ જેને છૂટી ગયો છે. વિકલ્પનો પણ સંગ નથી જ્યાં, એમ કહે છે. પંચમહાવ્રતના વિકલ્પ, ૨૮ મૂળગુણનો વિકલ્પ એનોય સંગ નથી નિશ્ચયે. ભિન્ન છે એ તો. શુભોપયોગમાંય સુખ ભાસતું નથી એમ કહે છે. પાંચ મહાવ્રતના પરિણામ એમાં સુખ ભાસતું નથી. એથી એ સર્વસંગથી વિમુક્ત થયા છે. **સર્વ સંગના સંબંધથી**... 'સંબંધથી' છેને. **જે મુક્ત છે એવું તે સાધુનું મન** એટલે શુદ્ધ પરિણતિ... એ ચેતનજી! સાધુનું મન નાખ્યું. પહેલાં પણ આવ્યું છે. મનની સખી પરિણતિ. સ્વભાવ સહજ પ્રભુતા એવી શુદ્ધ પરિણતિ એવું જે મન **અમને વંદ્ય છે**. પોતે મુનિ કહે છે કે અમને તો આવા ગુણની પરિણતિ તે વંદ્ય છે. આહાહા!

પછી જરી કહેશે પોતાને અને બીજાને ઉદ્દેશીને કે **હે સાધુ! તે મનને શીઘ્ર નિજાત્મામાં મગ્ન કરો.** ભાષા તો શી રીતે સમજાવવી? એ શુદ્ધ પરિણતિને અંતરમાં મગ્ન કરો, એમ. મન શબ્દે તો વિકલ્પ છે. મન છે એને અંદર વાળવું એમ કાંઈ નથી. ભાષા તો શું કરે? ભાઈ! તું આનંદનું મંદિર મહાપ્રભુ છો, એમાં તારી પરિણતિને વાળ. હે સાધુ! આહાહા! તારે સાધવાનું હોય તો આ સાધવાનું છે. પૂર્ણ જ્ઞાયક ચિદાનંદ ધ્રુવ સમયસાર પરમાત્મા, તારી વર્તમાન પરિણતિને ત્યાં વાળ. **શીઘ્ર નિજાત્મામાં**... ભાષા બધે 'નિજાત્મા' કહે છે. કોઈ સિદ્ધમાં,

અરિહંતમાં, પરદ્રવ્યમાં મગ્નતા કરવી—એમ નથી. **શીઘ્ર નિજાત્મામાં મગ્ન કરો**. ઓહોહો! આ તો પરમાર્થ સાધુનું સ્વરૂપ.

આ ચરણાનુયોગમાં તો એકલો ક્રિયાનો અધિકાર આવે બધો, એ તો અહીં યાદેય કર્યું નથી. એ વ્યવહાર જે આવે... વ્યવહાર આવે પણ એની ચીજ નથી. એની ચીજ તો પરમસ્વભાવભાવ, એની સન્મુખની લીનતાનું આચરણ એ એનું સાધુપદ છે. એ સાધુપદની નિર્મળ પર્યાયને હું વાંદું છું, એમ કહે છે. કહો! શૈલી તો જુઓ! દિગંબર મુનિઓની આહા! કથની.. કથની.. ભાવ તો પાછળ રહ્યો, પણ એ કથન કેટલા જોરદાર છે! પંચમહાવ્રતને પાળ અતિચાર રહિત, એ તો વાત જ કરી નથી. અહીં તો કહે, પંચમહાવ્રત પાળ્યા કુંદકુંદાચાર્યે અને અહીં સોનગઢવાળા નિષેધ કરે છે, એ તો આસ્રવ છે. આસ્રવ હોય તો પાળ્યા? ભગવાને પાંચ મહાવ્રતનો ઉપદેશ શું કરવા કર્યો? રખડવા માટે? લ્યો એમ કહે છે.

અરે! ભગવાને કહેલી વાણી... ભાઈ! આજ આવ્યું હતું. ભગવાનના વચન તો એ છે કે રાગ એ આત્મા નથી. એમ ભગવાનના આગમમાં તો આવ્યું. પણ એ ભૂમિકામાં વ્યવહારનયના આશ્રયે જેટલા રાગનો પરિણામ થાય એને જણાવે, જાણવાલાયક છે એમ જણાવે. આદરવાલાયક એ વસ્તુસ્થિતિ નથી. એ સાધુપદનો અધિકાર થયો. છેલ્લી ગાથા રહી વ્યવહારની. એ પાંચ પદ જીવને પર તરીકે છેને, માટે પર તરીકેનું વંદન એ વ્યવહાર છે એમ સિદ્ધ કરવું છે. એ વસ્તુ પોતે છે આત્મા પાંચેય—અરિહંત, સિદ્ધ... એ આવ્યું હતું કાલે આપણે યોગસારમાં. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ જીવપદ છે. કહ્યું હતું. આ બાજુ છે. એ બધા જીવપદ છે. જીવપદ છે એમાં આ વિકલ્પે વર્તવું એ ક્યાંથી આવે? આહાહા! અને મુનિઓ પણ શુદ્ધ ઉપયોગને ગ્રહણ કરે છે એમ આવ્યું હતું લ્યો. પંચમહાવ્રત અંગીકાર કરે છે એ બધી વ્યવહારની વાતું છે.

અંગીકાર તો શુદ્ધ ઉપયોગ—સ્વભાવ પૂર્ણ નિર્મળ આનંદ એના તરફનો પરિણામનો વેપાર, એ પરમશુદ્ધ ઉપયોગને ધરનારા છે. એને અહીંયા.... વિશેષતા છે એમ કહે છે. વિશેષતા છે એમ કહે છે. પરિણતિ જે ઉઠી છે એને એકદમ અંદરમાં વાળે છે.

શ્રોતા : એ તો વિકલ્પ છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : વિકલ્પ ક્યાં છે એ? અંતરમાં વળે છે એ સમજાવવું શી રીતે? અંદરમાં અંતર પરિણતિને વાળ. છે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ચારિત્રવંત, સ્વરૂપની નિર્મળ પરિણતિવાળો, પણ છતાં (કહે છે કે) શીઘ્ર આમ વાળ કે જેથી મુક્તિ એકદમ થાય એમ કહે છે. પણ પંચમ આરામાં મુક્તિ નથી ને તમે પંચમ આરાના સાધુને આમ કેમ કહો છો? મુક્તિ જ છે, સાંભળને! સમતા રાખી, એ રીતે થવું હશે તો એ રીતે થશે. આહાહા! ૭૬ ગાથા છેલ્લી.

**एरिसयभावणाए ववहारणयस्स होदि चारित्तं ।**
**णिच्छयणयस्स चरणं एत्तो उड्ढं पवक्खामि ॥७६॥**
**આ ભાવનામાં જાણવું ચારિત્ર નય વ્યવહારથી;**
**આના પછી ભાખીશ હું ચારિત્ર નિશ્ચયનય થકી. ૭૬.**

'**આ ભાવનામાં..**' જોયું! ત્યાં એ લીધું ભાવના. **ટીકા : આ, વ્યવહારચારિત્ર-અધિકારનું જે વ્યાખ્યાન તેના ઉપસંહારનું...** અહીં પૂરું કરે છે. **અને નિશ્ચયચારિત્રની સૂચનાનું કથન છે.** નિશ્ચયચારિત્ર શું છે એ વાત હવે પછી વિસ્તારથી કરશે. **આવી જે પૂર્વોક્ત પંચમહાવ્રત...** લ્યો, એ બધો વ્યવહાર છે. **પંચસમિતિ, નિશ્ચય-વ્યવહાર ત્રિગુપ્તિ...** ભેદ તરીકે ગણ્યો એને પણ વ્યવહાર. **અને પંચપરમેષ્ઠીના ધ્યાનથી સંયુક્ત...** લ્યો, પંચપરમેષ્ઠીના ધ્યાનથી સહિત... **અતિપ્રશસ્ત શુભ ભાવના...** અતિ ભલી શુભભાવના **તેમાં વ્યવહારનયના અભિપ્રાયે પરમ ચારિત્ર છે...** લ્યો, વ્યવહારનયનું ચારિત્ર શુભવિકલ્પ છે એ કહેવામાં આવે છે. શુભોપયોગ છે એ બધો. પરમચારિત્ર છે, પરમ આમ (નિશ્ચય) ચારિત્ર છે એની ઉપમા આપી–આરોપ આપ્યો. વ્યવહારનયે પરમ કીધુંને. નિશ્ચયનયે તો સ્વરૂપમાં રમણતારૂપ પરમચારિત્ર તે ચારિત્ર છે. એને અહીંયા વ્યવહારને પરમચારિત્રનો આરોપ આપ્યો. 'વ્યવહારનયે' એમ કીધું છેને.

નિશ્ચયનય પરમચારિત્ર—સ્વરૂપની રમણતા, આનંદની કિલ્લોલ, જેમાં અતીન્દ્રિય આનંદના ઝરણા ઝરતા હોય, નિર્વિકલ્પરસ અંદર શાંતિથી પીતો હોય એ પરમચારિત્ર. આવું ભારે! ગૃહસ્થને માટે પણ આવું? શાસ્ત્રમાં એમ કહ્યું, જેટલો મુનિને હોય શુદ્ધ (એનો) એકદેશભાગ ગૃહસ્થાશ્રમમાં પણ હોય છે. એમ કીધું છે પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. ત્યાં એકદેશવાળાને શુદ્ધોપયોગ પરમ છે, તો આને પણ કોઈ વખતે શુદ્ધ ઉપયોગ આવે છે એમ કહેવું છે. આહાહા! એને ઠેકાણે (કહે કે) શુદ્ધોપયોગ ચોથે ને પાંચમે હોય જ નહીં, એ તો આઠમે જ હોય. એક ઠેકાણે કહે કે શુભ સાતમે હોય. બીજે ઠેકાણે કહે કે સાતમે શુદ્ધ હોય. પૂર્વાપર વિરોધ છે એમાં–ખાણિયાચર્ચામાં. શુભ નથી, પાછું શુદ્ધ નથી એમ કહ્યું. સાતમેથી..... ધ્યાન ક્યાં રાખ્યું છે કે આગળ-પાછળ શું કીધું?

**હવે કહેવામાં આવનારા...** અત્યાર સુધી વ્યવહારની વાત કરી. વ્યવહારચારિત્ર અધિકાર હતોને? એ વ્યવહાર પણ જેને નિશ્ચય અંતર હોય એને હોય. જેને નિશ્ચયનો સ્વભાવનો અનુભવ અને આનંદની પરિણતિની અનુભૂતિભાવ નથી પ્રગટ્યો એને એ વ્યવહાર હોય નહીં. કહો, જેઠાભાઈ! આ કહે નિશ્ચય વિનાનો વ્યવહાર હોય નહીં. આ તો એકલો વ્યવહાર, વિધિએ વ્યવહાર કરો, આ કરો. વિધિ-અવિધિ... વિધિ-અવિધિ થવાથી.. શું કીધું?

શ્રોતા : વિધિ કરતા અવિધિ થઈ હોય.

પૂજ્ય ગુરૂદેવશ્રી : વિધિ કરતાં (અવિધિ) થઈ હોય... આહા! વિધિ તો આ છે, વિધાન. ભગવાને આત્માનો અનુભવ કરવો એ વિધાન કહ્યું છે. અનુભવ તે એક જ મોક્ષનો માર્ગ છે. એક જ મોક્ષનો માર્ગ છે. બીજો માર્ગ મોક્ષમાર્ગ છે જ નહીં. આહાહા!

શ્રોતા : મહારાજ! પરમચારિત્ર ઉપચારથી કહ્યું?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ઉપચારથી કહ્યુંને. વ્યવહારનય થઈ ગયુંને. અહીં જ્યારે ઉત્કૃષ્ટ ચારિત્ર છે નિશ્ચય, ત્યારે વ્યવહારનય પરમચારિત્ર... એ પરમચારિત્રની પ્રસિદ્ધિ બતાવે છે અંદરની, (જ્યાં) હોય ત્યાં.

**હવે કહેવામાં આવનારા પાંચમા અધિકારને વિષે, પરમ પંચમભાવમાં લીન...** આહાહા! એકલો વર્ણવ્યો છે તો આકરો લાગે માણસને. લગભગ કોઈ ગાથા છોડી નથી પંચમભાવ... ઓલામાં અંદર ટીકામાં પંચમચારિત્ર છે. પછી ખુલાસો કરવો પડ્યોને. પંચમચારિત્રને બદલે ઘણું કરીને પરમચારિત્ર હોવું જોઈએ. પરમ ચારિત્ર જોઈએ. પંચમ ચારિત્રને બદલે પરમચારિત્ર, એમ. છેને અંદર. પંચમ ચારિત્ર છે. ટીકા છે. પંચમચારિત્ર–પાંચમું ચારિત્ર છે. ... એ અહીં વાત નથી. પરમચારિત્ર. આહાહા! પંચમભાવમાં લીન, સમ્યગ્દર્શન પણ પંચમભાવની લીનતા છે, સમ્યગ્જ્ઞાન પણ પંચમભાવની લીનતા છે અને ચારિત્ર તે પંચમભાવની લીનતા છે. તદ્દન નિરાલંબી–પરની અપેક્ષા વિનાનો, દ્રવ્યના સ્વરૂપની હયાતી પંચમભાવ.. અસ્તિ છેને. વસ્તુ છેને. વસ્તુ છે એને આદિ-અંત શા? એના સ્વભાવમાં તો એકલો પંચમપરમપારિણામિકભાવ જ ભર્યો છે. આહાહા! એવો જે **પંચમભાવમાં લીન**... પંચમભાવ એ ધ્રુવ છે, પણ લીનતા એ પર્યાય છે. પંચમભાવ ધ્રુવ, આ પર્યાય. પર્યાય અંદરમાં લીન, એકાગ્ર થાય છે એ પર્યાય.

**પંચમગતિના હેતુભૂત...** પંચમગતિ એ પર્યાય છે, એના કારણભૂત **શુદ્ધનિશ્ચયનયાત્મક પરમ ચારિત્ર...** શુદ્ધ નિશ્ચયસ્વરૂપ જ, અહીં તો કહે છે જોયું! શુદ્ધનિશ્ચયનયાત્મક—શુદ્ધનિશ્ચયનયસ્વરૂપ પરમ ચારિત્ર... આહાહા! વસ્તુના સ્વભાવમાં જામી ગયેલો, લીન થઈ ગયેલો... એવું જે શુદ્ધ નિશ્ચયસ્વરૂપ પરમ ચારિત્ર... એ ચારિત્ર શુદ્ધ નિશ્ચયસ્વરૂપ જ છે એમ કહે છે. નિશ્ચયનયસ્વરૂપ, એમ. પરમ ચારિત્ર **દ્રષ્ટવ્ય (દેખવાયોગ્ય) છે.** જગતને જાણવાયોગ્ય છે, દેખવાયોગ્ય એ છે એમ કહે છે. સમજાણું? **एत्तो उड्ढं पवक्खामि** કીધુંને. હું કહીશ. ત્યારે કોઈને દેખવાયોગ્ય છે, એને કહે છેને. ભાઈ! તારે તો આ દેખવાયોગ્ય છે. આહા! માર્ગ એવો છે વીતરાગનો.

વ્યવહારની વિકલ્પની જાળ એનાથી ભિન્ન સ્વરૂપમાં ગુપ્ત થઈને ઠરે. સંસારીને–બાહ્ય પ્રાણીને ખબરેય ન હોય કે આ શું કરે છે? ક્યાં છે ને શું કરે છે?

શ્રોતા : મુનિની વાત છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ ગૃહસ્થની પણ એમાં છે. કીધીને વાત કરીને. જેટલી મુનિની છે એની એકદેશ ગૃહસ્થોને છે. એ ગૃહસ્થ આવ્યાને.... ૭૪ ગાથા. મૂળ ગાથા છે પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. જેટલું વર્ણન આચાર્યનું કર્યું, એનો બધો એકદેશ ગૃહસ્થોને પણ હોય છે. એ દેખવાયોગ્ય છે. પહેલું આ વસ્તુ કે જગતના પ્રાણીને આવું પરમ ચારિત્ર હોય એ દેખવાયોગ્ય છે. દેખે ક્યારે એને? આહાહા! અંતર્મુખ થાય, એવી પરિણતિ થાય તો દેખવાયોગ્ય છે, એમ કીધું. ભારે ભાઈ!

**એવી રીતે માર્ગપ્રકાશમાં (શ્લોક દ્વારા) કહ્યું છે કે :**

**कुसूलगर्भस्थितबीजसोदरं**
**भवेद्विना येन सुदृष्टिबोधनम् ।**
**तदेव देवासुरमानवस्तुतं**
**नमामि जैनं चरणं पुनः पुनः ॥**

'જૈન' શબ્દ વાપર્યો છે અંદર. ભડકે છે માણસો. જૈનધર્મ જુદો ને જૈન...? વીતરાગ સ્વભાવમાં રમણતા તે જૈનધર્મ. એ તો પદાર્થનું સ્વરૂપ છે. પદાર્થ જિનસ્વરૂપ છે, વીતરાગસ્વરૂપ છે. એમાં રમણતા વીતરાગભાવે એ જૈનધર્મ છે. ભગવાનના મંદિરમાં જઈને દર્શન કરવા, સ્તુતિ કરવી એ શું હશે? એ વખતે શુભભાવ આવે. એ શુભભાવ હોય છે ખરો, પણ હેયબુદ્ધિએ હોય છે એમ કહે છે. .... નિશ્ચયમાં વ્યવહાર નહીં, ત્યાં તો સ્વ-પરના યથાર્થ શ્રદ્ધાન-જ્ઞાનમાં નિશ્ચય સમકિત ગર્ભિત, એમ છે ત્યાં. એય! સ્વ-પરના યથાર્થ શ્રદ્ધાનમાં નિશ્ચય સમકિત ગર્ભિત છે એમ છે ત્યાં. શું કહેવાય? રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. એ પછી 'વ્યવહાર' શબ્દ મૂક્યો... કહ્યું હતું.... રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ને? (મોક્ષમાર્ગપ્રકાશક પાનું ૩૪૭-૩૪૮).

**ચેતન પદાર્થ અનાદિ(કાળ)થી મિથ્યાદૃષ્ટિ છે, ત્યાં સ્વ-પરના યથાર્થરૂપી વિપરીત શ્રદ્ધાનનું નામ મિથ્યાત્વ છે. વળી જે કાળે કોઈ જીવને દર્શનમોહના ઉપશમ-ક્ષય-ક્ષયોપશમથી સ્વ-પરના યથાર્થશ્રદ્ધાનરૂપ તત્ત્વાર્થશ્રદ્ધાન થાય ત્યારે તે જીવ સમકિતી થાય છે. માટે સ્વ-પરના શ્રદ્ધાનમાં શુદ્ધાત્મશ્રદ્ધાનરૂપ નિશ્ચયસમકિત ગર્ભિત છે. વળી જો સ્વ-પરનું શ્રદ્ધાન નથી અને જૈનમતમાં કહેલા દેવ-ગુરુ-ધર્મ એ ત્રણેને માને છે**... અન્યમતમાં કહેલા ન માને, એ **કેવળ વ્યવહારસમકિત વડે સમકિતી નામને પામે નહીં**. જોયું! ઓલું લીધું. (સમયસાર ગાથા) ૧૪૪. શું કીધું ન્યાં? નામસંજ્ઞા પામે. નામ પામે.. નામ પામે. વ્યપદેશ—નામ ત્યારે પામે. આહાહા! ... પણ ભારે. ૧૪૪માં કહ્યું છે. એકલા દેવ-ગુરુ-શાસ્ત્રને માને અને કુદેવ-કુગુરુને ન માને—એવા કેવળ વ્યવહાર સમકિત (દ્વારા) સમકિતી નામ જ પમાય નહીં. પંડિતજી! આહાહા! જુઓ આ ટોડરમલનું.

વસ્તુ યથાર્થ છે, ટોડરમલ કહે કે બનારસીદાસ કહે. ગૃહસ્થોનું છે. મોક્ષમાર્ગમાં છે કે બહાર છે? ત્યાં તો એમ કીધું. ગ્રહસ્થો મોક્ષમાર્ગે છે, ગ્રહસ્થાશ્રમમાં પણ મોક્ષમાર્ગ છે, રાગથી ભિન્ન દૃષ્ટિ ને જ્ઞાનમાં રમે એને. આહાહા! સ્થિરતામાં ફેર છે એટલો ભાગ. બાકી દૃષ્ટિ-જ્ઞાન તો સરખાં છે ને સ્થિરતામાં ફેર છે. છતાં મુનિને જે સ્થિરતા છે એ માંહ્યલી સ્થિરતા અહીંયા અંશે હોય જ છે, એથી એને પણ મોક્ષમાર્ગી કહ્યો લ્યો. ... મોક્ષમગ્ગો. સમયસારમાં પણ એ કહ્યું છેલ્લે. પાષંડી જીવ દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગમાં બેય છે. ત્રણેમાં બેય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—ત્રણેમાં બેય છે. કોણ બે? ગૃહસ્થી અને મુનિ. યોગસારમાં કહ્યું અઢાર ને પાંચ ગાથામાં, નહીં? ગૃહસ્થાશ્રમમાં રહીને હેયાહેયનું જ્ઞાન... એ અઢારમાં લીધું. પાંચમાં એ લીધું, આત્મામાં લીન. ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં આત્મામાં લીન છે. આહાહા! એ ગૃહસ્થના વાક્ય છે. ગૃહસ્થને પણ...

આવા શેનું વાક્ય છે આ સમયસાર... નિયમસારના ભક્તિ (અધિકાર)માં લીધું છે લ્યો. ગૃહસ્થી ને મુનિ બેયને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ભક્તિ હોય છે. બેયને ત્રણેય હોય છે, એમ કહે છે. નિયમસાર ભક્તિ (અધિકાર). અરેરે! આવા ક્યાં વાદવિવાદ.... વસ્તુસ્થિતિને જોને. આવો કાળ ચાલ્યો જાય છે. ક્યાંથી નીકળીને આવ્યો છે એકેન્દ્રિય, નિગોદ... આહાહા! ભવનું પરિભ્રમણ ગતિ, વેગે ગતિ ચડી છે. એ વેગ ગતિમાં આ ગતિ મળી ગઈ છે. આહાહા! વેગ એટલે સમજાણું? આ બધો વેગ છેને પર તરફનો. ગતિમાં રખડવાનો વેગ છે.

માણસ આમ ફેરફુદરડી ફરે છેને. વેગ થઈ જાય આમ... એકદમ ન રોકી શકે. એને ચકરે... ન હોય તોય રોકી ન શકે. સમજાણું કાંઈ? વેગે ચડ્યો.. વેગે ચડ્યો છે. આહાહા! મિથ્યાત્વની એકતામાં વેગે ચડ્યો છે. ...માં ટોડરમલે કહ્યું છે. એ તો સ્પષ્ટ કર્યું છે. કૈલાસચંદજી કહેતા એક ફેરી. ટોડરમલજીમાં લખેલું છે એના આધાર શાસ્ત્રમાં જો ગોતાય..... ક્યાં પાર આવે? એક-એક પદમાં શાસ્ત્ર-આધાર...... ટોડરમલે તો સામાન્ય વાત ક્યાંક હોય એને વિશેષ કહી છે અને એનો અર્થ સ્પષ્ટ કર્યો છે. શાસ્ત્રનો જ કર્યો છે, ઘરનું કાંઇ છે નહીં એમાં. આ શ્લોક છે માર્ગપ્રકાશનો.

**શ્લોકાર્થ : જેના વિના (જે ચારિત્ર વિના)...** હવે ચારિત્રને વજન દેવું છેને. આહાહા! ચારિત્ર વિના... આ શ્લોક આપે છે બધા સામેવાળા વારંવાર ભાઈ! આહા! વાત સાચી.... એ સમ્યગ્દર્શન-જ્ઞાનની કિંમત વઈ જાય છે? આવા જીવે એમાં જાણ્યું ને માન્યું.... **જેના વિના...** સ્વરૂપની રમણતારૂપ ચારિત્ર, સંયમનું રમણ હોં. એના વિના **સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કોઠારની અંદર પડી રહેલાં બીજ (અનાજ) જેવાં છે...** બીજ તો છેને. એ બીજ ફાટવાના જ. ઉગ્યા વિના રહે જ નહીં. વૃક્ષ ફળશે, બીજમાંથી વૃક્ષ ફળશે. વડ ફાટશે, વડનું બીજ છે એમાંથી વડ ફાટશે. **જેના વિના સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કોઠારની અંદર પડી રહેલા બીજ (અનાજ)**

**જેવાં છે**... પણ અનાજ છેને? કે કાંકરા છે? કાંકરામાંથી... આહા! કાંકરા નથી, આ વસ્તુ છે. પણ એને ચારિત્ર હોય ત્યારે, ફાટીને વૃક્ષ થાય ત્યારે ફળ કહેવાય બીજને. વાત સાચી છે.

**સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કોઠારની અંદર પડી રહેલા બીજ જેવાં છે**... પણ પાછા એ માને શું? કે આ જે અમે વ્રત તપ કરીએ છીએને, એ બધું ચારિત્ર છે. આહાહા! એ અહીંયા વાત ક્યાં છે? અહીં તો અંદર પૂર્ણ સ્વરૂપની પ્રતીત ને જ્ઞાન થયું છે એમાં રમણતા કર્યા વિના એમને એમ બીજ પડ્યું છે હજી, એમ. ફાલ નથી આવ્યો અંદરથી. રમણતા.. રમણતા.. રમણતા.. રમણતા. ચિદાનંદની રમણતા એ વિના સમ્યગ્દર્શન-જ્ઞાન બીજ–અનાજ જેવું છે. છે અનાજ, એ કંઈ કાંકરા નથી. બીજ છેને આ. બીજ છે બીજ. **કોઠારની અંદર પડી રહેલા બીજ જેવા છે**... સાચવેલા બીજ છે, એમ કહે છે. ખુલ્લાં પડ્યા નથી, કોઠારમાં પડ્યા છે આમ અંદર.

**તે જ દેવ-અસુર-માનવથી સ્તવવામાં આવેલા**... ચારિત્ર... **જૈન ચરણને (એવું જે સુર-અસુર-મનુષ્યોથી સ્તવવામાં આવેલું જિનોક્ત ચારિત્ર તેને)**... વીતરાગ ભગવંતે વર્ણવ્યું પરમભાવમાં રમણતારૂપ ચારિત્ર, એને **હું ફરીફરીને નમું છું.** જિનોક્ત ચારિત્ર, એમ. અજ્ઞાનીઓએ કહેલા વ્રત, તપ એ ચારિત્ર નહીં. એ તો આવે છે પ્રવચનસારમાં. અજ્ઞાનીઓએ કહેલા વ્રત-તપ આદિ કરે, શુભભાવ થાય, સ્વર્ગાદિ મળે. એ કાંઈ વસ્તુ નથી. આહાહા! આ તો જિન ઉક્ત–કહેલું ચારિત્ર. નિશ્ચયચારિત્રની વાત છે. સુર ને અસુર ને મનુષ્ય ત્રણેય. નારકી તો કરી શકતા નથી. પશુ.... **સ્તવવામાં આવેલું**... ત્રણ શબ્દ પડ્યા છેને અંદર. દેવ, અસુર અને માનવ. ....નાખવું છે....

**જિનોક્ત ચારિત્ર તેને) હું ફરી ફરીને નમું છું**. વારંવાર મારું પરિણમન એ તરફ જ ઝુકે છે એમ કહે છે. પદ્મપ્રભમલધારિદેવ લ્યો. આ તો પર્યાયને વંદુ.. પર્યાયને વંદુ.. એ બહુ આવ્યું આમાં. જાણવા જેવું બધું નથી? જાણવા જેવી પર્યાય નથી? પર્યાયનું અસ્તિત્વ નથી? પર્યાય પોતે સિદ્ધ છે, પર્યાય પોતે મોક્ષમાર્ગ છે ને પર્યાય પોતે સંસાર છે. ધ્રુવ તો ત્રણેયથી રહિત છે. '**ફરીફરીને નમું છું**' એમ છેને અહીં? વારંવાર મારું નમન પરમ પરિણતિમાં જાય છે. આહાહા! એવા સંતોની પરિણતિને નમું છું.

**વળી (આ વ્યવહારચારિત્ર અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :-** પોતે શ્લોક કહે છે મુનિ.

**शीलमपवर्गयोषिदनंगसुखस्यापि मूलमाचार्याः।**
**प्राहुर्व्यवहारात्मकवृत्तमपि तस्य परंपरा हेतुः ॥ १०७॥**

લ્યો, આ પરંપરા કહ્યું. ત્યારે ઓલા કહે, વ્યવહાર, આ વ્યવહાર આવ્યુંને પરંપરા હેતુ. એ તો નિશ્ચયવાળાને વ્યવહાર પરંપરાહેતુ કહ્યો. એ (નિશ્ચય) છે નહીં ત્યાં? આહાહા!

**શ્લોકાર્થ : આચાર્યોએ શીલને...** લ્યો, એમણે 'શીલ' શબ્દ વાપર્યો નિશ્ચયચારિત્રને. નિશ્ચયચારિત્ર તે અપવર્ગનું–મોક્ષનું કારણ છે એમ કહે છે. **મુક્તિસુંદરીના અનંગ (અશરીરી) સુખનું મૂળ કહ્યું છે...** આચાર્યોએ નિશ્ચયશીલ (અર્થાત્) બ્રહ્માનંદમાં–બ્રહ્મમાં રમણતા. બ્રહ્મ એવો ભગવાન બ્રહ્માનંદસ્વરૂપ એમાં રમણતારૂપી શીલ–ચારિત્ર એ મુક્તિસુંદરીના અનંગ... મુક્તિરૂપી સ્ત્રી એનું અનંગ એટલે અશરીરી સુખનું એ મૂળ છે. આ ચારિત્ર મુક્તિનું કારણ છે એમ કહે છે. મૂળ કહ્યું છે, લ્યો ઠીક! 'ચરિત્તં ખલુ ધમ્મો.' ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન, મોક્ષનું મૂળ ચારિત્ર. નિશ્ચયચારિત્રને સુખનું મૂળ કીધુંને.

**વ્યવહારાત્મક ચારિત્ર પણ તેનું પરંપરા કારણ છે.** નિશ્ચયચારિત્રવંતને વચમાં જે વિકલ્પો આવે શુભ જોગ આદિ, એ બધા પરંપરા કારણ છે, એટલે તાત્કાલિક એનાથી મુક્તિ ન થાય. એને છોડીને થશે. અને એ છોડશે જ. આહા! એથી એને પરંપરા-કારણ કહેવામાં આવે છે. અભાવરૂપ. કરશેને, અભાવ કર્યા વિના રહેશે જ નહીં. નિયમ છે કે એ મારું સ્વરૂપ જ નથી. રમવું છે અહીં, રમતા એ છૂટી જશે. અત્યારે છે, છતાં ....

**આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) વ્યવહારચારિત્ર અધિકાર નામનો ચોથો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.** જીવ, અજીવ, શુદ્ધભાવ ને (વ્યવહારચારિત્ર) એ ચાર થયા, ચાર અધિકાર થયા. પહેલો જીવ અધિકાર, પછી અજીવ અધિકાર, શુદ્ધભાવ અધિકાર ને વ્યવહારચારિત્ર અધિકાર. હવે એકલો નિશ્ચય આવશે બધો. .... અધિકાર આવશે. પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર. પ્રતિક્રમણની વ્યાખ્યા હવે.

**અધિકારના પ્રારંભમાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્રી માધવસેન આચાર્યદેવને શ્લોક દ્વારા નમસ્કાર કરે છે :**

**नमोऽस्तु ते संयमबोधमूर्तये**
**स्मरेभकुंभस्थलभेदनाय वै ।**
**विनेयपंकेजविकाशभानवे**
**विराजते माधवसेनसूरये ॥१०८॥**

(ટીકાકાર **માધવસેન આચાર્યદેવને શ્લોક દ્વારા નમસ્કાર કરે છે**). **શ્લોકાર્થ : સંયમ અને જ્ઞાનની મૂર્તિ** હતી એ તો, કહે છે. બીજાની ખબર પડી જાય? લ્યો, બીજાની ખબર ન પડે (એમ) કહે છે. હીરાનંદજી આવ્યા હતાને. ક્યું ગામ? મંદસોર. ગયા હતાને તમે, બધે ગયા હતા ભટકતા. પછી રામજીભાઈએ ઠપકો આપ્યો અને બેસાડ્યા. ન્યાં ગયા હતા એની પાસે હોં.

અમે ગામમાં હતા, એ આવ્યા હતા છેલ્લા... પરીક્ષા શું કરવી હતી? કોની? ... એ કહે કે... આમણે બીજાએ પ્રશ્ન કર્યો કે શ્રીમદ્દને સમકિત હતું કે નહીં? ત્યારે કહે, કુંદકુંદાચાર્યને સમકિત હતું એ પરદ્રવ્યની આપણને શી ખબર પડે? કહો! સ્વામીજીને પૂછજો. આ જરી એના આશ્રિત છેને, એને પૂછ્યું. કુંદકુંદાચાર્ય જેવા... અહીં કહે છે કે અમારા ગુરુ સંયમ ને જ્ઞાનની મૂર્તિ હતાં. આચાર્ય પોતાના.... કહો, આમાં ખબર પડી કે નહીં? બેય છદ્મસ્થ છે કે નહીં? ગુરૂ બીજા (-પર) છે કે નહીં? એ પોતાનો આત્મા... છેને અત્યારે. એ ... છે, પર છે. આહાહા!

**સંયમ અને જ્ઞાનની મૂર્તિ**... સંયમ અને જ્ઞાનના સ્વરૂપે જ રમી રહ્યા છે. એનું સ્વરૂપ જ જ્ઞાન ને સંયમરૂપ છે, કહે છે, પર્યાયમાં હોં. **કામરૂપી હાથીના કુંભસ્થળને ભેદનાર...** ઇચ્છારૂપી વિષયનો હાથી, એનું કુંભસ્થળ, એને ભેદનાર... હાથી જેમ કુંભને ભેદી–છેદી નાખે. આહાહા! સિંહ.. સિંહ.. હાથીના આમ માથે ચડે અને ઓલો કુંભ મોટો હોયને.... ઘડો થાય.. ઘડો થાય... કુંભ થાય એવું હોયને માથે. ...... જુગલિયાએ ભગવાનને પૂછ્યું.... હાથીના ઓલા..... એના ઉપર માટી કરી... શું કહેવાય?

શ્રોતા : ગંડસ્થળ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા. .... ક્યાં હતા? કંઈ ન હતું. હાથી તો ઘણા હતા. હાથીનું કુંભસ્થળ... એ માટી ચીકણી લાવી..... એમ બનાવેલા વાસણો. ત્યારે વળી એમ કહેતા આ લોકો કે ભગવાન જેવાએ પણ પહેલી નીતિ શીખવી, લોકોને આ શીખવ્યું અને તમે પાધરા ધર્મી છો? પણ એને એ વખતનો એ પ્રસંગ હતો. કહો, સમજાણું કાંઈ? એથી વિકલ્પ આવ્યો. વિકલ્પ આવ્યો, બાકી બહારની ક્રિયા તો ......

શ્રોતા : આપને હાથીકી બાત કહી, પર કુછ સમજમેં નહીં આયી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : વહ હાથીકા ગંડસ્થળ હૈ ન. એને સિંહ આવીને આમ તોડી નાખે. રૂષભદેવ ભગવાને તેના ઉપર કુંડા... માટીના કુંડા હોયને.... લાકડા જેવું હતું નહીં. હાથી એના ઉપર માટી લાવે, એને શીખવે ઓલા ગોવળીયાને. કુંડું.. કુંડું અંદરનું... સાધન નહોતું તે શું કરે? પણ એ વખતે એ જ ક્રિયા થવાની હોય છે. એમાં એ પ્રશ્ન.... શું થાય? કોણ કરે? આહાહા! **સંયમ ને જ્ઞાનની મૂર્તિ, કામરૂપી હાથીના કુંભસ્થળ**... કુંભસ્થળ કીધુંને. ઘડા જેવું હોય ન્યાં. એને કુંભસ્થળને ભેદનાર.. આહાહા! વિષયની વાસનાની જાળ–પુષ્ટપણું તોડી નાખે. આનંદની પુષ્ટિ કરતા વિષયવાસનાની પુષ્ટિ તૂટી જાય છે. સમજાણું કાંઈ?

**અને શિષ્યરૂપી કમળને વિકસાવવામાં સૂર્ય સમાન...** ગુરુ મારા આવા છે. મુનિરાજ પોતે કહે છે. કુંદકુંદાચાર્યે કહ્યુંને કે અમારા ગુરુએ અમને શુદ્ધાત્માનો ઉપદેશ કહ્યો. અમારા ગુરુ કેવા હતા? જે અંતર્મગ્ન–લીન હતા. એ પાંચમી ગાથામાં આવ્યુંને. સર્વજ્ઞ ભગવાનથી માંડીને અત્યાર સુધીના બધા અંતરમાં લીન સરખા જ... સર્વજ્ઞ હો, પોતાના ગુરુ છદ્મસ્થ બધા

અંતર્મગ્ન–લીન જ હતા. આહાહા! એક તો સર્વજ્ઞથી માંડીને પોતાના ગુરુ સુધીનાને ઓળખી લીધા અને એ બધા લીન હતા. એમાં લીનતાનો થોડો ફેર, એ ત્યાં કહ્યું નથી.

એવા ગુરુએ અમને આ ઉપદેશ આપ્યો. પ્રભુ! તું શુદ્ધ આત્મા છો નાથ! આહાહા! તારા સ્વરૂપમાં તો શુદ્ધાત્મ આનંદ જ ભર્યો છે. એવો અમારા ગુરુએ અમને ઉપદેશ આપ્યો. આવો ઉપદેશ આપ્યો. બીજો કાંઈ આપ્યો નહીં હોય? .... આપ્યો હોય, આ સમજાવવા માટે આપ્યો છે. શુદ્ધાત્મા ભગવાન.. આહા! એમને ખબર પડી ગઈ કે સર્વજ્ઞથી માંડીને એમના ગુરુ સાચા હતા? એય! આહાહા! કેવળી જાણે? પરનું કેવળી જાણે. કેવળી તો જાણે એમાં પ્રશ્ન શું છે? તું એની જાતનો છો કે નહીં? આહાહા! **શિષ્યરૂપી કમળને વિકસાવવામાં સૂર્ય**... લ્યો. એટલો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છેને. જેમ કમળ ખીલે એમાં સૂર્યનું નિમિત્ત છે, એમ શિષ્ય ખીલે એમાં મારા ગુરુનો ઉપદેશ નિમિત્ત છે એમ કહે છે.

ગુરુ પોતે શિષ્યરૂપી કમળને વિકસાવવામાં સૂર્ય સમાન છે, **એવા હે વિરાજમાન...** જોયું! વિરાજમાનનો અર્થ **(શોભાયમાન). માધવસેનસૂરિ! તમને નમસ્કાર હો.** આહાહા! અમે ઓળખ્યા છે અમારા ગુરુને. જુઓ! આવા હતા. અરે! છદ્મસ્થ છોને તમે? કઈ રીતે ઓળખ્યા? છદ્મસ્થ કોણ છે? વસ્તુ પોતે છદ્મસ્થપણે છે જ નહીં. છદ્મ આવરણમાં રહેલું, એમ છેને એનો અર્થ. આવરણમાં રહેલો આત્મા છે જ નહીં. છદ્મસ્થ છેને. છદ્મ એટલે આવરણ, સ્થ એટલે રહેલ. આત્મા આવરણમાં રહેલો જ નથી. પર્યાયની અપેક્ષાએ સમજાવ્યું છે. આહાહા! **એવા હે વિરાજમાન માધનસેનસૂરિ!** એ આચાર્ય છે. પોતે મુનિ છે. **તમને નમસ્કાર હો**. મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવ પોતાની ભૂમિકાને સંભારતા, ભાનમાં જાણતા, આવા ગુરુને ઓળખીને એને વંદન કરે છે. નિશ્ચય અધિકાર શરૂ કરે છેને....

**હવે, સકળ વ્યાવહારિક ચારિત્રથી...** ભાષા જુઓ! ટીકા છે હોં. **સકળ વ્યવહારચારિત્ર**... જેટલી શુભક્રિયાના પરિણામ અને એનું ફળ બંધ. **તેના ફળની પ્રાપ્તિથી પ્રતિપક્ષ...** વ્યવહારચારિત્ર અને એના ફળથી પ્રતિપક્ષ–વિરુદ્ધ. ઉભયનયવિરોધધ્વંસીનિ... બેય નય વિરોધવાળું છે. આહાહા! આવું વસ્તુનું સ્વરૂપ સર્વજ્ઞ સિવાય હોય નહીં. **સકળ વ્યવહારચારિત્ર,** પાછું એમ. જેટલા વ્યવહારચારિત્રના ભેદ, એ બધાય ભેદથી અને તેના ફળની પ્રાપ્તિ... એનું ફળ રાગ છે, બંધન છે. **પ્રતિપક્ષ એવું જે શુદ્ધનિશ્ચયનયાત્મક...** લ્યો, એ આવ્યું. શુદ્ધ નિશ્ચયનયસ્વરૂપ... નયનો વિષય એમ નહીં. શુદ્ધનિશ્ચયનયસ્વરૂપ... આત્મા કીધે સ્વરૂપ ખ્યાલમાં આવે. એવું **પરમ ચારિત્ર**... સમ્યગ્દૃષ્ટિ આવા પરમ ચારિત્રને જાણે છે. એવા ચારિત્રવંતને પણ ઓળખે છે એમ કહે છે. ઓળખીને એને વંદન કરે છે. અહીં તો ફક્ત સ્વરૂપ કહેવું છે–એ વર્ણવવું છે. ઓલું વ્યવહારમાં ગયું.

**તેનું પ્રતિપાદન કરનારો...** વ્યવહાર ને વ્યવહારના ફળથી પ્રતિપક્ષ એવો નિશ્ચય અને એનું ફળ મુક્તિ. વ્યવહાર રાગાદિ એનું ફળ બંધ. એવા પ્રતિક્રમણાદિ પરમ ચારિત્રને... બધું એ રીતથી લેશે. પડિકમણું, આલોચના એ બધું શુદ્ધનયસ્વરૂપ છે. **પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર કહેવામાં આવે છે.** લ્યો. ખરેખરું પ્રતિક્રમણ કોને કહેવું? આ મિચ્છામિ દુક્કડમ્ સાંજ-સવાર કહે છેને. સ્થાનકવાસીમાં બહુ પડિકમણું કરે. નાગનેશમાં થાય લ્યો. મૂલચંદભાઈ ને બધા ભેગા થાય, ઉં.. ઉં.. કરીને પડિકમણું કરે. પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર, **ત્યાં શરૂઆતમાં...** અધિકારની શરૂઆતમાં **પંચરત્નનું સ્વરૂપ કહેવામાં આવે છે.** પંચરત્ન ગાથા. પ્રવચનસારમાં છેલ્લે પાંચ રત્ન ગાથા છે. આ પ્રતિક્રમણની શરૂઆતમાં પાંચ રત્ન ગાથા છે. એ કહેશે વિશેષ.

(પ્રમાણ વચન ગુરુદેવ)



Vitragvani

: પ્રકાશક :
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

: સહપ્રકાશક :
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ

info@vitragvani.com vitragvani.com /vitragvani /c/vitragvani